ॐ

श्री सिद्ध परमात्मने नमः।
श्री सीमंधरदेवाय नमः।
श्री सद्‌गुरुदेवाय नमः।
श्री निजशुद्धात्माने नमः।

# પરમાત્મપ્રકાશ પ્રવચન

## ભાગ-૮

**અધ્યાત્મ યુગપુરુષ પ.પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી પરમાત્મપ્રકાશ ગાથા ૧૬૪ થી ૨૧૪ સુધીના**
**સ્વાનુભવ મુદ્રિત ૩૧ અક્ષરશઃ પ્રવચનો**

**પ્રકાશન તથા પ્રાપ્તિસ્થાન**
**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
''સ્વરુચિ'' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ,
સવાણી હોલવાળી શેરીમાં-યોગી નિકેતન પ્લોટ,
રાજકોટ-૩૬૦૦૦૭
મો.૯૩૭૪૧૦૦૫૦૮, ૯૪૨૮૦૦૪૯૭૨

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
| --- | --- | --- |
| ૨૫૪૭ | ૨૦૭૭ | ૨૦૨૧ |

**પ્રકાશન**

**શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ આચાર્ય પદારોહણ દિવસ**
**માગશર વદ ૮, તા.૬-૧-૨૦૨૧**

**પ્રથમ આવૃતિ : ૫૦૦**
**કિંમત : સ્વાધ્યાય**

## પ્રાપ્તિસ્થાન

(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ
જી. ભાવનગર - ૩૬૪૨૫૦, ફોન-(૦૨૮૪૬)૨૪૪૩૩૪

(૨) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૧

(૩) શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ, રાજકોટ
'સ્વરુચિ' બંગલો, નિર્મલા કોન્વેન્ટ રોડ, સવાણી હોલની શેરીમાં,
યોગી નિકેતન પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૭, મો.૯૩૭૪૧૦૦૫૦૮

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
પ્લોટ નં.૧૯૨૪/બી-૬,
શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણીસર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડો. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
મો.૯૮૨૫૦૭૫૦૬૧

# પ્રસ્તાવના

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ તીર્થંકર દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામી દ્વારા પ્રવર્તમાન જિનશાસન અખંડ મોક્ષમાર્ગથી આજે પણ સુશોભિત છે. તેમની દિવ્યધ્વનિમાં પ્રકાશિત થયેલ મોક્ષમાર્ગ ત્યારબાદ થયેલ અનેક આચાર્યો તથા સંતો દ્વારા અખંડપણે પ્રકાશિત થઈ રહ્યો છે. આચાર્યોની પરંપરાનો ઈતિહાસ જોવામાં આવે તો શ્રી યોગીન્દુદેવ ઈ.સ.ની છઠ્ઠી શતાબ્દીમાં થયા. તેઓશ્રીએ સ્વયંની સાતિશય અનુભવલેખની દ્વારા અનેક મહાન પરમાગમોની રચના કરી. તેઓશ્રીએ સ્વાનુભવદર્પણ, પરમાત્મપ્રકાશ, યોગસાર, દોહાપાહુડ ઈત્યાદિ અનેક વીતરાગી ગ્રંથોની રચના કરી છે. પરમાત્મ પ્રકાશ ગ્રંથ તેઓશ્રીની જ કૃતિ છે. આ ગ્રંથમાં તેઓશ્રીની સ્વરૂપની ભાવના તથા તેના આશ્રયે ઉત્પન્ન થયેલ સ્વસંવેદનજ્ઞાન, વીતરાગી અતીન્દ્રિય સુખનો રસ પ્રત્યેક ગાથામાં નીતરે છે. ભવ્ય જીવોના હિતાર્થે થયેલ ગ્રંથરચના પાઠકવર્ગને પણ અત્યંત રસ ઉત્પન્ન થવાનું નિમિત્ત થાય છે. તેઓશ્રીની લેખનીમાં દ્રવ્યદૃષ્ટિનું જોર દર્શાવતી અનેક ગાથાઓ ગ્રંથમાં જોવામાં આવે છે.

પરમાત્મ પ્રકાશ ગ્રંથના ટીકાકાર શ્રી બ્રહ્મદેવજી પણ અધ્યાત્મરસિક મહાન આચાર્ય હતા. તેઓનું મૂળ નામ 'દેવ' અને બાલબ્રહ્મચારી હોવાથી બ્રહ્મચર્યનો ઘણો રંગ હોવાને લીધે 'બ્રહ્મ' એની ઉપાધિ જતાં 'બ્રહ્મદેવ' નામ પડેલ હતું. તેઓ ઈ.સ. ૧૦૭૦થી ૧૧૧૦ના અરસામાં થયેલ હોવાનું માનવામાં આવે છે. પંડિત દૌલતરામજીએ સંસ્કૃત ટીકાનો આધાર લઈ અન્વયાર્થ તથા તેમના સમયની પ્રચલિત દેશભાષા ઢુંઢારીમાં સુબોધ ટીકા રચેલ છે. ગ્રંથ બે મહાઅધિકારોમાં વિભાજીત થયેલ છે. આત્મા પરમાત્મા કઈ રીતે થાય તેનું અત્યંત સુંદર વર્ણન જોવામાં આવે છે. પ્રથમ અધિકારમાં ભેદવિવિક્ષાથી આત્મા-બહિર્આત્મા, અંતરઆત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. દરેક સંસારી જીવે ભેદજ્ઞાન નિરંતર ભાવવું જોઈએ તેનું વિસ્તારથી વર્ણન કરી પરમાત્મા થવાની ભાવના બતાવી છે. દ્વિતીય અધિકારમાં પ્રથમ મોક્ષ અને મોક્ષના ફળની રુચિ થવા અર્થે સર્વપ્રથમ મોક્ષ અને મોક્ષના ફળનું સ્વરૂપ બતાવેલ છે.

પ્રવર્તમાન શાસનમાં આપણા સૌના પરમતારણહાર ભાવિતીર્થાધિનાથ શાસન દિવાકર અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ લુપ્તપ્રાયઃ થયેલ અખંડ મોક્ષમાર્ગને ફરીને

જાગૃત કરી ભરતક્ષેત્રના જીવો પર અવિસ્મરણીય અનંત ઉપકાર કર્યો છે. જન્મ-મરણથી મુક્ત થવું અને સાદિઅનંત સ્વરૂપસુખમાં બિરાજમાન થવાનો માર્ગ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંબુદ્ધત્વ યોગ પ્રગટ કરી પ્રકાશિત કર્યો છે. તેઓશ્રીનો આ કાળમાં ઉદય એ એક એવી અપૂર્વ ઘટના છે, જેમ સૂર્ય પ્રકાશિત થતાં કમળો ખીલી ઉઠે છે, તેવી જ રીતે ભવ્ય જીવોનો આત્મા રસવિભોર થઈ પુલકિત થઈ ખીલી ઉઠે છે. અનેક જીવો મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવા પ્રત્યે પ્રયત્નશીલ બન્યા છે. અને પંચમ કાળના છેડા સુધી તેમના દ્વારા પ્રસ્થાપિત મોક્ષમાર્ગ અખંડપણે ચાલતો રહેશે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક અધ્યાત્મ શાસ્ત્રો ઉપર અનુભવરસ ઝરતા પ્રવચનો કરેલ છે. તેમાંનો એક ગ્રંથ છે-પરમાત્મ પ્રકાશ. પ્રસ્તુત ગ્રંથ ઉપરના પ્રવચનો ડી.વી.ડી.માં આજે મોજૂદ છે, તે સાંભળતા તેઓશ્રીની અમીરસ ઝરતી વાણીના દર્શન થાય છે. તેઓશ્રીના પ્રત્યેક પ્રવચનોમાં અનેક પડખેથી આત્મસ્વરૂપને પ્રકાશતું તત્ત્વ પ્રકાશમાન થાય છે. તેઓશ્રીના ઉગ્ર અધ્યાત્મપરિણતિના દર્શન વાણી દ્વારા થઈ શકે છે. પૂર્વાપર અવિરોધ વાણી, અનુભવશીલપણું, આત્માને સતત જાગૃત કરનાર વાણીનો લ્હાવો જેમણે પ્રત્યક્ષ લીધો છે તેઓ ધન્ય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ કોઈપણ પ્રકારના સંસ્કૃત, વ્યાકરણના અભ્યાસ વિના આચાર્યોના હૃદય ખોલીને જે અનુપમ ભાવો તેમણે જગત સમક્ષ પ્રકાશિત કર્યા છે તે અલૌકિક છે! સ્વલક્ષે સ્વયંના ભાવો સાથે મેળવીને તેને સમજવામાં આવે તો તે એક અપૂર્વ કલ્યાણનું કારણ છે. પૂજ્ય ગુરુદેવશ્રી માટે કે તેમની વાણી માટે કંઈ પણ કહેવું, લખવું કે બોલવું તે સૂર્યને દીપક બતાવવા સમાન છે. તેમ છતાં તેઓશ્રીનો અમાપ ઉપકાર હૃદયગત થતાં શબ્દો તેની મેળાએ જ ભક્તિભાવથી નીકળી પડે છે. તેઓશ્રીના ઉપકારનો બદલો તો કોઈ રીતે વાળી શકાય તેમ નથી, માત્ર તેમના દ્વારા પ્રકાશિત પંથ ઉપર શુદ્ધ ભાવનાથી પ્રયાણ કરીએ તે જ ભાવના છે.

પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સ્થાપિત અનેક જિનમંદિરોમાં આજે તેમના પ્રવચનો નિમયિતપણે સંભળાઈ રહ્યાં છે. અનેક મુમુક્ષુઓ તેનો લાભ લઈ મોક્ષમાર્ગમાં આરૂઢ થવા પ્રયત્નશીલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી ગ્રંથારૂઢ થાય તેવી સૌ કોઈની ભાવના હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનોને શબ્દશઃ ગ્રંથારૂઢ કરવાના નિર્ણયના ફળસ્વરૂપે પરમાત્મ પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનોનો પ્રથમ ભાગ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આવું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેનું શ્રેય પણ પૂજ્ય ગુરુદેવશ્રીને જ જાય છે.

તેઓશ્રીની સાતિશય વાણી નિત્ય શ્રવણ કરવી તે અપૂર્વ સૌભાગ્ય છે. આજે અનેક જિનમંદિરોમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સી.ડી. પ્રવચનો સાંભળતી વખતે મુમુક્ષુઓ તેમના અક્ષરશઃ પ્રવચનોને સાંભળવાનો લાભ લઈ રહ્યા છે. અનેક મુમુક્ષુજીવોની ભાવના હોવાથી પરમાત્મ

પ્રકાશ ગ્રંથ ઉપરના પ્રવચનો પ્રકાશિત કરવાનો અમારા ટ્રસ્ટે નિર્ણય લીધો. પૂજ્ય ગુરુદેવશ્રીના આ ગ્રંથ ઉપર બે વખત પ્રવચનો થયા છે. તેમાંના ઈ.સ. ૧૯૭૬-૭૭માં થયેલાં કુલ ૨૪૫ પ્રવચનોને આઠ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રવચનોને સૌપ્રથમ સાંભળીને કમ્પ્યુટરમાં ઉતારી લેવામાં આવે છે. ત્યારબાદ તેને સાંભળીને જ્યાં વાક્યો પૂર્ણ જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. જે ગાથા ઉપરના પ્રવચન ઉપલબ્ધ ન હોય અથવા ખૂટતા હોય તો તેને આ પહેલાં ચાલેલા પ્રવચનોમાંથી લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં થયાં છે તેમને ગુજરાતીમાં અનુવાદિત કર્યા છે. આ પ્રવચનોના પ્રથમ પ્રુફને તપાસતી વખતે ફરીથી તેને સાંભળીને તપાસવામાં આવે છે. ત્યારબાદ પ્રેસ ઉપર પ્રકાશન અર્થે મોકલવામાં આવે છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ભાવો તથા યથાવત જળવાઈ રહે તેની પૂર્ણ ચીવટ રાખવાનો પ્રયત્ન કરેલ છે. તેમ છતાં પ્રમાદવશ ક્યાંય ચૂક રહી જવા પામી હોય તો વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમા યાચીએ છીએ. પાઠકવર્ગને કોઈ ક્ષતિ લક્ષગોચર થાય તો તેઓને વિનંતી છે કે તેની જાણ કરે, જેથી બીજી આવૃત્તિના પ્રકાશન વખતે તે ચૂક નિવારી શકાય.

આ અક્ષરશઃ પ્રવચનો ડી.વી.ડી. ઉપરથી કમ્પ્યૂટરાઈઝડ કરવાનું કાર્ય **શ્રી નિલેષભાઈ જૈન-ભાવનગર** દ્વારા તથા દરેક પ્રવચનોને સાંભળી-વાંચીને ચેક કરવાનું કાર્ય **શ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ** દ્વારા પૂર્ણ થયેલ છે.

આ પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપરના સંપૂર્ણ પ્રવચન છપાવવા માટેની દાનરાશી **શ્રી ખારા પરિવાર – વિશાખાપટ્ટનમ દ્વારા સ્વ. શ્રી શશીકાંતભાઈ ખારાના સ્મરણાર્થે આપવામાં આવેલ છે.** તેની આવી ઉદાર ભાવના અને પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની સમર્પણતા બદલ ટ્રસ્ટ તેમનો આભાર વ્યક્ત કરે છે.

અંતમા જિનેન્દ્ર પરમાત્મા, સર્વ આચાર્ય ભગવંતો, જ્ઞાની સદ્‌ગુરુ પરમપુરુષના ઉપકારને હૃદયગત કરી, તેમના ચરણોમાં ફરી ફરી વંદન કરી તેઓશ્રીના ચરણોમાં નતમસ્તક થઈએ છીએ. સર્વ જીવો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીને વાંચી, સાંભળી આત્મકલ્યાણને પ્રાપ્ત થાય અને શાશ્વત સાદિઅનંત સમાધિસુખને પ્રાપ્ત થાય તે જ ભાવના.

આ પુસ્તક atmadharma.com તથા vitragvani.com. પર મૂકવામાં આવેલ છે.

લિ. ટ્રસ્ટીગણ

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ,**

રાજકોટ

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | ગાથા | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૨૧૫ | ૧૩–૨–૧૯૭૭ | ૧૬૪ | ૦૦૩ |
| ૨૧૬ | ૧૪–૨–૧૯૭૭ | ૧૬૫ થી ૧૬૬ | ૦૧૫ |
| ૨૧૭ | ૧૫–૨–૧૯૭૭ | ૧૬૬ થી ૧૬૭ | ૦૨૮ |
| ૨૧૮ | ૧૬–૨–૧૯૭૭ | ૧૬૮ થી ૧૭૦ | ૦૪૨ |
| ૨૧૯ | ૧૭–૨–૧૯૭૭ | ૧૭૦ થી ૧૭૧ | ૦૫૬ |
| ૨૨૦ | ૧૮–૨–૧૯૭૭ | ૧૭૪ થી ૧૭૫ | ૦૬૮ |
| ૨૨૧ | ૧૯–૨–૧૯૭૭ | ૧૭૨ થી ૧૭૩ | ૦૮૩ |
| ૨૨૨ | ૨૦–૨–૧૯૭૭ | ૧૭૩ થી ૧૭૪ | ૦૯૬ |
| ૨૨૩ | ૨૧–૨–૧૯૭૭ | ૧૭૫ | ૧૦૮ |
| ૨૨૪ | ૨૨–૨–૧૯૭૭ | ૧૭૬ થી ૧૮૧ | ૧૨૧ |
| ૨૨૫ | ૨૩–૨–૧૯૭૭ | ૧૭૮ થી ૧૮૨ | ૧૩૫ |
| ૨૨૬ | ૧૯–૩–૧૯૭૭ | ૧૮૩ થી ૧૮૪ | ૧૪૮ |
| ૨૨૭ | ૨૦–૩–૧૯૭૭ | ૧૮૫ | ૧૬૩ |
| ૨૨૮ | ૨૧–૩–૧૯૭૭ | ૧૮૫ થી ૧૮૭ | ૧૭૪ |
| ૨૨૯ | ૨૨–૩–૧૯૭૭ | ૧૮૭ થી ૧૮૮ | ૧૮૯ |
| ૨૩૦ | ૨૩–૩–૧૯૭૭ | ૧૮૯ થી ૧૯૦ | ૨૦૪ |
| ૨૩૧ | ૨૪–૩–૧૯૭૭ | ૧૯૦ થી ૧૯૧ | ૨૧૭ |
| ૨૩૨ | ૨૫–૩–૧૯૭૭ | ૧૯૨ | ૨૩૨ |
| ૨૩૩ | ૧૧–૪–૧૯૭૭ | ૧૯૩ | ૨૪૬ |
| ૨૩૪ | ૧૦–૫–૧૯૭૭ | ૧૯૪ | ૨૫૮ |
| ૨૩૫ | ૧૧–૫–૧૯૭૭ | ૧૯૫ થી ૧૯૬ | ૨૭૦ |
| ૨૩૬ | ૧૨–૫–૧૯૭૭ | ૧૯૭ | ૨૮૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૩૭ | ૧૩–૫–૧૯૭૭ | ૧૯૭ થી ૧૯૯ | ૨૯૪ |
| ૨૩૮ | ૧૪–૫–૧૯૭૭ | ૧૯૯ થી ૨૦૧ | ૩૦૬ |
| ૨૩૯ | ૧૫–૫–૧૯૭૭ | ૨૦૨ થી ૨૦૩ | ૩૨૨ |
| ૨૪૦ | ૧૬–૫–૧૯૭૭ | ૨૦૩ થી ૨૦૪ | ૩૩૪ |
| ૨૪૧ | ૧૮–૫–૧૯૭૭ | ૨૦૫ થી ૨૦૬ | ૩૪૭ |
| ૨૪૨ | ૧૯–૫–૧૯૭૭ | ૨૦૭ થી ૨૦૮ | ૩૬૦ |
| ૨૪૩ | ૨૦–૫–૧૯૭૭ | ૨૦૯ થી ૨૧૦ | ૩૭૩ |
| ૨૪૪ | ૨૧–૫–૧૯૭૭ | ૨૧૧ થી ૨૧૩ | ૩૮૬ |
| ૨૪૫ | ૨૨–૫–૧૯૭૭ | ૨૧૩ થી ૨૧૪ | ૩૯૯ |

# શ્રી સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

ॐ

।। श्री परमात्मने नमः ।।

श्रीमद्ययोगीन्दुदेवविरचितः

# પરમાત્મપ્રકાશ પ્રવચન

(ભાગ–૮)

## (અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમાત્મપ્રકાશ ગ્રંથ ઉપરના શબ્દશઃ સળંગ પ્રવચનો)

### ગાથા–૧૬૪

अथ–

२९५) जो आयासइ मणु धरइ लोयालोय-पमाणु।
तुट्टइ मोहु तडत्ति तसु पावइ परहँ पवाणु।।१६४।।

यः आकाशे मनो धरति लोकालोकप्रमाणम्।
त्रुट्यति मोहो झटिति तस्य प्राप्नोति परस्य प्रमाणम्।।१६४।।

जो इत्यादि। जो यो ध्याता पुरुषः आयासइ मणु धरइ यथा परद्रव्यसंबन्धरहितत्वेनाकाशमम्बरशब्दवाच्यं शून्यमित्युच्यते तथा वीतरागचिदानन्दैकस्वभावेन भरितावस्थोऽपि मिथ्यात्वरागादिपरभावरहितत्वन्निर्विकल्पसमाधिराकाशमम्बरशब्दवाच्यं शून्यमित्युच्यते। तत्राकाशसंज्ञे निर्विकल्पसमाधौ मनो धरति स्थिरं करोति। कथंभूत मनः। लोयालोयपमाणु लोकालोकप्रमाणं लोकालोकव्याप्तिरुपं अथवा प्रसिद्धलोकालोकाकाशे व्यवहारेण ज्ञानापेक्षया न च प्रदेशपेक्षया लोकालोकप्रमाणं मनो [1]मानसं धरति तुट्टइ मोहु तडत्ति तसु त्रुट्यति नश्यति। कोऽसौ। मोहु मोहः। कथम्। झटिति तस्य ध्यानात्। न केवलं मोहो नश्यति। पावई प्राप्नोति। किम्। परहं पवाणु परस्य परमात्मस्वरुपस्य प्रमाणम्। कीदृशं तत्प्रमाणमिति चेत्। व्यवहारेण रुपग्रहणविषये चक्षुरवि सर्वगतः। यदि पुनर्निश्चयेन सर्वगतो भवति तर्हि चक्षुणो [2]अग्निस्पर्शात्दाहः प्राप्नोति न च तथा। तथात्मनोऽपि परकीयसुखदुःखविषये तन्मयपरिणामत्वेन

१. પાઠાન્તર :-मानसं=मानसं ज्ञानं

२. પાઠાન્તર :-अग्निस्पर्शात् दाहः=अग्निस्पर्शदाह

परकीयसुखदुःखानुभवं प्राप्नोति न च तथा। निश्चयेन पुनर्लोकमात्रासंख्येयप्रदेशोऽपि सन् व्यवहारेण पुनः शरीरकृतोपसंहारविस्तार-वशाद्विवक्षितभाजनस्थप्रदीपवत् देहमात्र इति भावार्थः।।१६४।।

आगे फिर निर्विकल्पसमाधिका कथन करते हैं-

गाथा-१६४

अन्वयार्थः- [यः] जो ध्यानी पुरुष [आकाशे] निर्विकल्पसमाधिमें [सनः] मन [धरति] स्थिर करता है, [तस्य] उसीका [मोहः] मोह [झटिति] शीघ [त्रुटयति] टूट जाता है, और ज्ञान करके [परस्य प्रमाणम्] लोकालोकप्रमाण आत्माको [प्राप्नोति] प्राप्त हो जाता है।

भावार्थः- आकाश अर्थात् वीतराग चिदानंद स्वभाव अनंत गुणरुप और मिथ्यात्व रागादि परभाव रहित स्वरुप निर्विकल्पसमाधि यहाँ समझना। जैसे आकाशद्रव्य सब द्रव्योंसें भरा हुआ है, परंतु सबसे शून्य अपने स्वरुप है, उसी प्रकार चिद्रूप आत्मा रागादि उपाधियोंसे रहित है, शून्यरुप है, इसलिए आकाश शब्दका अर्थ यहाँ शुद्धात्मस्वरुप लेना। व्यवहारनयकर ज्ञान लोकालोकका प्रकाशक है, और निश्चयनयकर अपने स्वरुपका प्रकाशक है। आत्माका केवलज्ञान लोकालोकको जानता है, इसी कारण ज्ञानकी अपेक्षा लोकालोकप्रमाण कहा जाता है, प्रदेशोंकी अपेक्षा लोकालोकप्रमाण नहीं है। ज्ञानगुण लोकालोकमें व्याप्त है; परन्तु परद्रव्योंसे भिन्न है। परवस्तुसे जो तन्मयी हो जावे, तो वस्तुका अभाव हो जावे। इसलिए यह निश्चय हुआ, कि ज्ञान गुणकर लोकालोकप्रमाण जो आत्मा उसे आकाश भी कहते हैं, उसमें जो मन लगावे, तब जगत्से मोह दूर हो और परमात्माको पावे। व्यवहारनयकर आत्मा ज्ञानकर सबको जानता है, इसलिए सब जगत्में हैं। जैसे व्यवहारनयकर नेत्र रुपी पदार्थको जानता है; परन्तु उन पदार्थोंसे भिन्न है। जो निश्चयकर सर्वगत होवे, तो परपदार्थोंसे तन्मयी हो जावे, जो उसे तन्मयी होवे तो नेत्रोंको अग्निका दाह होना चाहिए, इस कारण तन्मयी नहीं है। उसी प्रकार आत्मा जो पदार्थोंको तन्मयी होके जाने, तो परके सुख-दुःखसे तन्मयी होनेसे इसको भी दूसरेका सुख-दुःख मालूम होना चाहिए, पर ऐसा होता नहीं है। इसलिए निश्चयसे आत्मा असर्वगत है, और व्यवहारनयसे सर्वगत है, प्रदेशोंकी अपेक्षा निश्चयसे लोकप्रमाण असंख्यातप्रदेशी है, और व्यवहारनयकर पात्रमें रखे हुए दीपककी तरह देहप्रमाण है, जैसा शरीर-धारण करे, वैसा प्रदेशोंका संकोच विस्तार हो जाता है।।१६४।।

હવે, ફરી નિર્વિકલ્પ સમાધિનું કથન કરે છે :-

ભાવાર્થઃ-જેવી રીતે પરદ્રવ્યના સંબંધથી રહિત હોવાથી 'અંબર' શબ્દથી વાચ્ય આકાશને 'શૂન્ય' કહેવાય છે તેવી રીતે એક (કેવળ) વીતરાગ ચિદાનંદમયસ્વભાવથી પરિપૂર્ણ હોવા છતાં મિથ્યાત્વ, રાગાદિ પરભાવોથી રહિત હોવાથી 'અંબર' શબ્દથી વાચ્ય આકાશને નિર્વિકલ્પ સમાધિને-શૂન્ય કહેવામાં આવે છે. તે આકાશ જેની સંજ્ઞા છે એવી નિર્વિકલ્પ સમાધિમાં લોકાલોકવ્યાપ્તિરૂપ લોકાલોક પ્રમાણ અથવા વ્યવહારનયથી પ્રસિદ્ધ લોકાલોકાકાશમાં જ્ઞાન અપેક્ષાએ વ્યાપ્ત પણ પ્રદેશની અપેક્ષાએ વ્યાપ્ત નહિ એવા મનને જે ધ્યાતા પુરુષ સ્થિર કરે છે તેનો મોહ શીઘ્ર તેના ધ્યાનથી નાશ પામે છે. માત્ર મોહ નાશ પામે છે એટલું જ નહિ પણ પરમાત્મસ્વરૂપનું પ્રમાણ પણ પામે છે.

પ્રશ્ન :-કેટલું તે પ્રમાણ છે?

ઉત્તર :-વ્યવહારથી જેમ ચક્ષુ રૂપગ્રહણની બાબતમાં સર્વગત છે તેમ તે સર્વગત છે પણ જો નિશ્ચયથી સર્વગત હોય તો ચક્ષુને અગ્નિના સ્પર્શની બળતરા થાય, પણ તેમ થતું નથી, તેવી રીતે જો આત્મા નિશ્ચયથી સર્વગત હોય તો પરકીય સુખ-દુઃખમાં આત્માના તન્મય પરિણામ હોવાથી પરના સુખ-દુઃખનો અનુભવ પ્રાપ્ત થાય, પણ તેમ થતું નથી. (તેથી વ્યવહારથી જ્ઞાન અપેક્ષાએ આત્માને સર્વગતપણું છે, પ્રદેશ-અપેક્ષાએ નહિ.)

વળી, નિશ્ચયનયથી આત્મા લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશવાળો હોવા છતાં પણ વ્યવહારનયથી વિવક્ષિત ભાજનમાં રાખેલા દીવાની પેઠે શરીરકૃત સંકોચવિસ્તારને કારણે દેહ પ્રમાણ છે, એવો ભાવાર્થ છે. (દીવો જે જે ભાજનમાં રાખવામાં આવે તે તે પ્રમાણે તેનો પ્રકાશ ફેલાય છે તેવી રીતે આત્મા ચાર ગતિમાં જેવું શરીર ધારણ કરે તે તે પ્રમાણે આત્મપ્રદેશો સંકોચ વિસ્તાર પામે છે. ૧૬૪.

---

**વીર સંવત ૨૫૦૨, મહા વદ ૧૦, રવિવાર**
**તા. ૧૩-૦૨-૧૯૭૭, ગાથા-૧૬૪, પ્રવચન નં. ૨૧૫**

પરમાત્મપ્રકાશ. ૧૬૪.

૨૯૫) जो आयासइ मणु धरइ लोयालोय-पमाणु।
तुट्टइ मोहु तडत्ति तसु पावइ परहँ पवाणु।।१६४।।

'**નિર્વિકલ્પસમાધિ કા કથન કરતે હૈં.**' આ તો છેલ્લા અધિકાર છે ને? ઊંચી ચીજ છે. જેને આત્મા શુદ્ધચૈતન્ય વસ્તુ, એની સમીપતાથી, સમીપથી જેને જ્ઞાન થયું છે એના જ્ઞાનમાં આત્મા પવિત્ર પૂર્ણ છે તેમ પ્રતીત અને જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાણું છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનની જે પર્યાય છે, એ છે તો જ્ઞાનગુણની. જે પર્યાય પરતરફ જાણવામાં જે છે એ પર્યાય મિથ્યા છે. આહાહા..! જે પર્યાય અંતર જ્ઞેય, જ્ઞાયક સ્વરૂપને જાણવાવાળી જે પર્યાય છે, છતાં તે સ્વતરફ

ઢળતી નથી, એથી તે મિથ્યાજ્ઞાન જ્ઞાનની પર્યાયને કહેવામાં આવે છે. ચાહે તો જ્ઞાનનું ભણતર નવપૂર્વનું, અગિયાર અંગનું હોય, રાગ છે એ તો બંધનું કારણ છે, પણ જ્ઞાનની પર્યાય એ સ્વસન્મુખ ન થતાં પરસન્મુખમાં એ વળેલું જ્ઞાન છે એમાં વસ્તુ ન આવી. જેની પર્યાય છે તે ન ચીજ આવી. આવે તો છે પર્યાયમાં પણ એને દૃષ્ટિ નથી એટલે વસ્તુ ન આવી. આહાહા..! આવું છે.

એથી જેણે, '**જો ધ્યાની પુરુષ નિર્વિકલ્પ...**' આકાશ શબ્દે નિર્વિકલ્પ સમાધિ. આહાહા..! જેમાં રાગની શૂન્યતા છે, પર તરફના વલણનો પણ જેમાં અભાવ છે. આહાહા..! નિર્વિકલ્પ સમાધિ એટલે કે શાંતિ. એનો સ્વભાવ જ અભેદ નિર્વિકલ્પ શાંતસ્વરૂપ છે. આહાહા..! એમાં જેણે દૃષ્ટિ લગાવી તેને અભેદ નિર્વિકલ્પ શાંતિ જે પ્રગટી છે એ આકાશની પેઠે, જેમ આકાશ પરના મલિન ભાવથી રહિત છે, એમ એ નિર્વિકલ્પ સમાધિ રાગના મેલથી રહિત છે. આહાહા..! આવી વાતું. સમજાણું? એ અહીં કહે છે. '**નિર્વિકલ્પસમાધિ મેં મન સ્થિર કરતા હૈ,...**' એકદમ સાર છે ભાઈ! આહાહા..! જેણે પર તરફના વલણની દશાને છોડી જેણે નિર્વિકલ્પ શાંતિસ્વરૂપ ભગવાનઆત્મા એમાં નિર્વિકલ્પ સમાધિ જેણે જોડી દીધી છે. આહાહા..! એ આકાશમાં, નિર્વિકલ્પ સમાધિમાં આકાશ કહે છે. આહાહા..! આકાશ જેમ પરપદાર્થથી શૂન્ય છે એમ ભગવાન આત્માનું ધ્યાન નિર્વિકલ્પ શાંતિમાં વિકલ્પથી શૂન્ય છે. એમાં જે સ્થિત થાય છે એનું મન સ્થિર થઈ જાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**મન સ્થિર કરતા હૈ, ઉસીકા મોહ શીઘ્ર ટૂટ જાતા હૈ,...** ' આહાહા..! એટલે? સ્વતરફના પરિણમનના કાળે પરતરફના રાગની ઉત્પત્તિ ત્યાં થતી નથી. આહાહા..! એમ વાત છે. સ્વવસ્તુ શું છે અને એનો આશ્રય કેમ લેવો એ વાતમાં આખો અત્યારે ફેરફાર થઈ ગયો એટલે લોકોને લાગે કે આ તે, બાપુ! તારી ચીજ જ એ છે. આહાહા..! અને પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એની કબુલાત નથી એટલે એને એ દેખાતું નથી. આહાહા..! એના કબુલાતમાં અલ્પજ્ઞ અને રાગાદિને જાણનારું જ્ઞાન તે હું. એ મિથ્યા કબુલાત છે—વિશ્વાસ. સમ્યક્ વિશ્વાસ થાય એને ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ છે, અસ્તિ છે. એની સન્મુખ થતાં નિર્વિકલ્પ સમાધિ થાય છે. આહાહા..! રાગ વિનાની શાંતિરૂપી સમાધિ થાય છે. શાંત... શાંત... એને મન તૂટી જાય છે. જે પરતરફના વિકલ્પ ઉત્પન્ન થતાં નથી, તૂટી જાય છે. આહાહા..! આવી વાતું. હવે આ બધા કહે. આમાં ઓલા તો વળી કહે, બારમા ગુણસ્થાન સુધી, આવે છે ને લેખ આવે છે. ભાઈ નથી આવ્યા, ગયા હશે ત્યાં. બારમા ગુણસ્થાન સુધી એમ કે પંચમહાવ્રત આદિ (હોય), એવું આવે છે શાસ્ત્રમાં. એ તો અંદરમાં મહાવ્રતનું સ્થિરપણું તે મહાવ્રત છે. આ શુભઉપયોગરૂપી મહાવ્રત એ બારમે ક્યાં હતા? ત્યાં તો વીતરાગતા છે. પણ ત્યાં આવે છે એક ઠેકાણે શાસ્ત્રમાં. પણ એ તો નિર્વિકલ્પ અંદર વીતરાગી પરિણતિને મહાવ્રત કહેવામાં આવ્યું છે. ત્યાં કહે છે કે મહાવ્રતના પરિણામ અને સમિતિ-ગુપ્તિથી કેવળજ્ઞાન પામી શકાય છે. એમ કહે છે અહીં. અહીં કહે છે કે પણ

ત્યાં મહાવ્રતના પરિણામ જે શુભ છે એ તો છે જ નહિ ને. એ શુભ નથી વીતરાગના પરિણામ. આહાહા..!

અહીં તો મન તૂટતા '**મોહ શીઘ્ર ટૂટ જાતા હૈ...**' આ કારણે હોં. આહાહા..! ભગવાન પૂર્ણ શુદ્ધ સ્વરૂપનો આશ્રય લેતા નિર્વિકલ્પ શાંતિ ઉત્પન્ન થતાં એનાથી વીતરાગી પરિણતિ ઉત્પન્ન થઈ, એમાંથી મોહ નામ પરતરફના સાવધાનમાં વિકલ્પો ઉત્પન્ન થતા નથી એટલે મોહ તૂટી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ઔર જ્ઞાન કરકે લોકાલોકપ્રમાણ આત્માકો પ્રાપ્ત હો જાતા હૈ.**' એટલે કે એનું જ્ઞાન લોકાલોકને જ જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? અંદર પર્યાય એવી ઉત્પન્ન થાય કે લોકાલોકને જાણે. એને લોકાલોક પ્રમાણે જ્ઞાન થયું એમ કહેવામાં આવે છે. આહાહા..! છે? '**લોકાલોકપ્રમાણ આત્મા કો પ્રાપ્ત હો જાતા હૈ.**' બીજા એમ કહે, લોકાલોક પ્રમાણ આત્મા થઈ જાય છે. શબ્દનો આશય શું છે એ જાણવો જોઈએ ને.

'**ભાવાર્થઃ- આકાશ અર્થાત્ વીતરાગ ચિદાનંદ સ્વભાવ અનંત ગુણરૂપ ઔર મિથ્યાત્વ રાગાદિ પરભાવ રહિત સ્વરૂપ નિર્વિકલ્પસમાધિ યહાં સમજના.**' અહીં આકાશનો અર્થ એ લેવો એમ કહે છે. રાગરહિત ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વભાવ અનંતગુણરૂપ મિથ્યાત્વ રાગાદિ પરભાવ રહિત આ અસ્તિ છે, આ આનાથી રહિત છે. એવું જે સ્વરૂપ નિર્વિકલ્પ સમાધિ, પર્યાયમાં શાંતિ ઉત્પન્ન થઈ રાગરહિત અને વીતરાગ પરિણતિ... આહાહા..! એને અહીંયાં આકાશ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? જેની જ્ઞાનની દશા એટલી વિસ્તાર પામેલી શક્તિ છે એની પરિણતિમાં વિસ્તાર પામેલી શક્તિ એટલી પ્રગટ થાય છે કે લોકાલોકને જાણ્યું છે એટલે જાણે વ્યાપી ગયું છે. ખરેખર તો લોકાલોકને જાણે છે. એટલી તાકાત છે એમ કહે છે. કેવળજ્ઞાન હોં! આહાહા..!

'**જૈસે આકાશદ્રવ્ય સબ દ્રવ્યોં સે ભરા હુઆ હૈ,...**' આકાશ દ્રવ્ય છે ને લોકાલોક પ્રમાણ? એમાં બધા દ્રવ્યો રહ્યા છે. બધા દ્રવ્યો રહ્યા છે. '**પરંતુ સબસે શૂન્ય અપને સ્વરૂપ હૈ,...**' આહાહા..! આકાશ બધા પદાર્થોથી ભરેલો છે છ દ્રવ્યોથી, પણ પોતે પરથી શૂન્ય છે. આહાહા..! '**ઉસી પ્રકાર ચિદ્રૂપ આત્મા...**' જ્ઞાનસ્વરૂપી આત્મા ભગવાન ચિદાનંદ પ્રકાશ એ '**રાગાદિ ઉપાધિયોંસે રહિત હૈ, શૂન્યરૂપ હૈ,...**' વિકલ્પથી શૂન્ય છે એટલે શૂન્ય છે એમ. એ પ્રવચનસારમાં આવ્યું છે. સ્વથી અશૂન્ય છે અને પરથી શૂન્ય છે. સપ્તભંગી ચાલી છે. આહાહા..! શું એ અશૂન્ય છે, ભાઈ! ભાષા નહિ. પોતાથી તે અશૂન્ય છે, ભરપુર સ્વભાવથી ભરેલો ભગવાન છે. પરથી શૂન્ય છે. જેમ સ્વથી અસ્તિ છે, પરથી નાસ્તિ છે. એ સપ્તભંગી જેમ લીધી છે એમાં આમ ઉતાર્યું છે. આહાહા..! સ્વથી અશૂન્ય એટલે છે પદાર્થમાં અને વિકલ્પથી શૂન્ય છે, રાગાદિથી શૂન્ય છે. એ અસ્તિ-નાસ્તિપણે જે બિરાજે છે તે ભગવાનઆત્મા છે. આહાહા..! એમાં સંસારનો વિકલ્પનો અભાવ છે અને સ્વભાવની પરિપૂર્ણતાનો સદ્ભાવ છે. આહાહા..! વ્યાખ્યા તો બીજી શું થાય? એની સામું જોવું, એનો આદર કરવો, સ્વીકાર કરવો. સત્કાર આદર ક્યારે થાય? એ સન્મુખ વળે તો, સ્વસન્મુખ થાય તો. એને અહીંયાં લોકાલોકને જાણે છે એમ કહેતા શૂન્યરૂપ છે

પરથી એમ.

'**ઈસલિયે આકાશ શબ્દકા અર્થ યહાં શુદ્ધાત્મસ્વરૂપ લેના. વ્યવહારનયકર જ્ઞાન લોકાલોક કા પ્રકાશક હૈ...**' વ્યવહારથી લોકાલોક પ્રમાણે પ્રકાશે છે. કારણ કે લોકાલોકમાં કાંઈ તન્મય થતું નથી જ્ઞાન. આહાહા..! '**નિશ્ચયનયકર અપને સ્વરૂપકા પ્રકાશક હૈ.** ' લ્યો! આહાહા..! એમાંય વાંધા કાઢે કે સર્વજ્ઞ છે એ વ્યવહારે છે. એમકે સર્વ આવ્યું ને? બીજું બધું ઘણું આવ્યું ને? પણ એ બીજું બધું નહિ, એ તો પોતાનો સર્વજ્ઞસ્વભાવ શક્તિરૂપે પ્રગટ્યો એમાં સ્વપરનો પ્રકાશક એવું સર્વજ્ઞપણું એટલે આત્મજ્ઞપણું (પ્રગટ્યું છે). આહાહા..! ઝીણી વાતું, બાપુ! આહાહા..! સર્વને જાણતા પરમાં તન્મય થાય છે? પોતાની પર્યાયમાં જાણતા તન્મય થઈને જાણે છે. માટે તે પોતાને જાણે છે. એ છે તો પોતાનું જ્ઞાન. પર લોકાલોક સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી થયું છે. લોકાલોક છે માટે થયું છે એમ નથી. આહાહા..!

'**નિશ્ચયનયકર અપને સ્વરૂપ કા પ્રકાશક હૈ.**' પોતે જ જ્ઞાન, પોતે જ જ્ઞાતા અને પોતે જ્ઞેય. આવે છે ને કળશ? સમયસારમાં. આહાહા..! પોતાને જ પ્રકાશે છે. પોતે જ્ઞાતા-જાણનાર, પોતાનું જ્ઞાન એ જ્ઞાન અને પોતે જ્ઞેય, જ્ઞાતા ને જ્ઞાનનું જ્ઞેય. આહાહા..! એમાં લોકાલોકનું જ્ઞાન પોતાનું પોતાથી પરની અપેક્ષા વિના થયું છે. આહાહા..! એને વ્યવહારથી પરને જાણે એમ કહેવામાં આવે છે. આહાહા..! ચૈતન્યસૂર્ય ભગવાન અંદર. આહાહા..! એને નમાલો કરીને માન્યો. જેને સિદ્ધની ઉપમા પણ પર્યાયની અપેક્ષાએ અપાય, એની વસ્તુ છે એને ઉપમા શું? આહાહા..! ચૈતન્ય હીરલો અંદર પડ્યો છે મોટો પ્રભુ. આહાહા..! જેમાં અતીન્દ્રિય આનંદ ભરચક ભર્યો છે. આહાહા..! એને પર્યાય દ્વારા કાઢે તો એને અનુભવ થાય. આહાહા..! અને અનુભવ થાય એમાં પ્રતીતિ આવે એને સમ્યગ્દર્શન કહેવાય. આવી વાત છે. સમજાણું કાંઈ? આવી વસ્તુ છે. આ તો એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિયને ન હણવા, દયા પાળવી એવું સમજાય. કેમકે એ કરી શકે છે એમ માને છે. આહાહા..! અહીં તો તારી દયા પાળ. તું જેવડો છે તેવો પ્રતીતમાં લે. એ નિર્વિકલ્પ પ્રતીતિમાં એ આવી શકે છે. એ રાગમાં વિકલ્પમાં એ આવી શકતો નથી. આહાહા..! મોટી તકરારું.

દેહની સ્થિતિ તો જુઓ! આહાહા..! આ તાબુત મોટો, આહાહા..! હજી તો આહાર કરવા વખતે ત્યાં આવ્યા વ્હોરવા. આખું ઘર. જોડે બેઠા. બેઠા જરી આમ કર્યું. મને વહેમ પડ્યો કે આ તે શું કાંઈ નબળાઈ લાગે છે? પણ શરૂ થઈ ગઈ. વહોરાવ્યો આહાર ઊભા થઈને. આહાર કર્યો. પછી મન નબળું હશે તે મોટરમાં ગયા. ગયા ને દેહ છૂટી ગયો. પણ એ છૂટેલો જ છે, એ તો ક્ષેત્રથી જુદો પડે ત્યારે છૂટ્યો કહે છે લોકો. અહીં છૂટો જ છે. દેહ અને આત્મા કોઈ દિ' એક ત્રણકાળમાં ક્યાંય થયા નથી. આહાહા..! ક્ષેત્રથી જ્યાં આત્મા ભિન્ન પડ્યો એટલે એને લાગ્યું આ જુદા પડ્યો. પણ જુદો જ છે અંદર. આહાહા..! કહો હવે એક ક્ષણમાં. પહેલા એક ફેરી મંદવાડ થઈ ગયો હતો. એમાંથી વળી બચી ગયા. આહાહા..! આયુષ્ય હોય ત્યાં સુધી શું થાય? આયુષ્ય પૂરું થાય પછી એને

કેવો કાળ અને કઈ દવા લાગુ પડે એને? આહાહા..!

મુમુક્ષુ :- એની દવા શું હોય?

ઉત્તર :- દવા છે નહિ, બાપુ શું થાય? આહાહા..! માંસ અને હાડકાથી ભરેલું આ શરીર, અનંતગુણથી ભરેલો ભગવાન એમાં રહેવું. આહાહા..! એમાં છે જ નહિ. એ માને છે કે હું આમાં રહ્યો છું. એ તો પોતે ભગવાન વીતરાગ સમાધિમાં રહેનારો છે. સ્વભાવથી જણાય એવો કીધું છે ને? આહાહા..! દુનિયા સાથે લાગુ પડે, ન પડે. શાસ્ત્રના અર્થો કાઢીને, અરે! ભગવાન! બાયડી, છોકરા, કુટુંબ ને કાંઈ સંબંધ કોને છે કાંઈ? આહાર વખતે વહોરાવે છે. ઘરે જાય ત્યાં દેહ છૂટી જાય છે. આવી નાશવાન ચીજ છે. એનાથી જેણે રુચિ ફેરવી નાખી છે. આહાહા..! અને જેને રુચિમાં ભગવાન પોષાણો છે એના ધંધા-વેપારમાં ભગવાન પોષાણો છે. આહાહા..! એવો જે નિર્વિકલ્પ સમાધિમાં આવતા એને કેવળજ્ઞાન લોકાલોકને જાણે, આત્મા જાણે, આત્મા લોકાલોકને જાણે છે એવી શક્તિ પ્રગટ થઈ જાય છે. આહાહા..!

સ્વની અપેક્ષાએ તો શરીર કે વાણી કે કર્મ જે છે એ વસ્તુ જ નથી. એની અપેક્ષાએ છે ઈ. ભગવાન જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચિદ્‌ઘન એને જ્યાં અંદર રાગરહિત નિર્વિકલ્પ શાંતિથી જાણવામાં આવ્યો કે આ તો હું એક જ છું. બીજી ચીજ મારાથી છે જ નહિ. પોતાની અપેક્ષાએ કર્મ અને રાગ ને શરીર તે અદ્રવ્ય છે. આહાહા..! જૈનદર્શનના શબ્દો છે ટૂંકા, પણ એમાં બહુ ભાવ ભરેલો છે. એના આશયને પહોંચવું. આહાહા..! કહે છે કે લોકાલોકને જાણે છે એમ કહેવું, લોકાલોકને તો અડતો પણ નથી. આહાહા..! અને લોકાલોક તો સ્વની અપેક્ષાએ પરવસ્તુ અવસ્તુ છે. સમજાણું કાંઈ? પોતાના કેવળજ્ઞાન અને ભાવની અપેક્ષાએ તો બીજી ચીજો બધી અભાવસ્વરૂપ છે. દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્યસ્વરૂપ છે, ક્ષેત્રની અપેક્ષાએ અક્ષેત્રસ્વરૂપ છે, સ્વકાળની અપેક્ષાએ બધી ચીજો અકાળ, પરકાળસ્વરૂપ છે. આહાહા..! એવું જ્યાં અંતરમાં કહે છે કે પર્યાયમાં નિર્વિકલ્પ શાંતિ દ્વારા કેવળજ્ઞાન પ્રગટ થયું તો એના અસ્તિત્વમાં કેવળજ્ઞાનમાં લોકાલોકને જાણવું એવું અસ્તિત્વ આવ્યું. લોકાલોકનું અસ્તિત્વ ન આવ્યું. સમજાણું કાંઈ? ઓલા દયા પાળવાનું કહે. ઓલા ભગવાનની પૂજા, ભક્તિ, જાત્રાનું કહે. આમાં વળી લૂગડા કાઢી નાખો, નાગા થઈને ફરો એમ કહે. આ ચીજ, નાગો છે, વિકલ્પથી ખાલી એ છે. આહાહા..! દિગંબર છે આ તો. દિગ—આકાશ કીધો ને? આહાહા..! આકાશની પેઠે. જેમ પરથી શૂન્ય છે આકાશ, એમ ભગવાન દિગંબર છે. આહાહા..! પોતાના અનંતગુણથી ભરેલો ભગવાન પોતાથી અસ્તિ છે અને પરથી નાસ્તિ છે. છતાં પરનું જ્ઞાન છે એ પરને કારણે નથી. આહાહા..! પોતાના અસ્તિત્વને લઈને છે. પોતાનું અસ્તિત્વ જ એવડું છે. સ્વ ને પરને પોતાની પર્યાયમાં (પ્રકાશે તે) આત્મજ્ઞપણું છે એ સર્વજ્ઞપણું છે. આહાહા..! એને અહીંયાં લોકાલોકને પ્રકાશે છે, પ્રસર્યો છે આત્મા એમ કહેવામાં આવે છે.

**'પ્રદેશોંકી અપેક્ષા લોકાલોકપ્રમાણ નહીં હૈ.'** છે ને? આહાહા..! એના પ્રદેશો છે એ કાંઈ આઘા જરીએ જતા નથી ત્યાં. આહાહા..! પ્રદેશો જે અસંખ્ય છે એ તો રાગમાં જતા નથી ને.

આહાહા..! એક સમયની પર્યાયના પ્રદેશમાં પણ ત્રિકાળી વસ્તુ તો જતી નથી. આહાહા..! ત્રિકાળી પર્યાય છે જે જાણનારી એ દ્રવ્યમાં જતી નથી, પરમાં જતી નથી, છતાં એ સામર્થ્ય એવું છે કે આવડો હું છું અને આ હું નહિ, આખો લોકાલોક હો કે ન હો એને કારણે, મારે કારણે છે નહિ કાંઈ. આહાહા..! આવી વાતું ઝીણી છે બાપુ! જૈનધર્મને લોકોએ અન્ય ધર્મ જેવો કરી નાખ્યો. આ દયા પાળો ને આ કરો, આ કરું ને રાગ કરું. ભાઈ! તું કોણ છો બાપુ? તું તો એકલો જ્ઞાનનો પિંડ અને ભંડાર છો ને. એ જ્ઞાનના ગોદામમાં બીજું અલ્પપણું અને રાગપણું આવે ક્યાંથી? આહાહા..!

જ્ઞાનગુણ લોકાલોકને વ્યાપે છે, પ્રદેશની અપેક્ષાએ નહિ. '**જ્ઞાનગુણ લોકાલોકમેં વ્યાપ્ત હૈ; પરંતુ પરદ્રવ્યોં સે ભિન્ન હૈ.**' લોકાલોકથી ભગવાન તો ભિન્ન છે અને લોકાલોકને વ્યાપે છે એમ કહેવું એટલે કે પોતાના જ્ઞાનમાં એના સંબંધે એમાં વ્યાપે છે. આહાહા..! '**પરવસ્તુ સે જો તન્મયી હો જાવે,...**' દ્રવ્ય ભિન્ન હૈ. '**પરવસ્તુ સે જો તન્મયી હો જાવે, તો વસ્તુ કા અભાવ હો જાવે.**' આહાહા..! શું કહે છે? પોતે અસંખ્ય પ્રદેશી અનંતગુણનો પિંડ પ્રભુ જ્યાં પર્યાયમાં જણાણો, એ પર્યાય પર તરફમાં પરને જાણવા જતાં પરમાં જાય તો સ્વનો અભાવ થઈ જાય છે. આહાહા..! બહુ વાત સરસ કરી છે. આહા..! '**પરવસ્તુ સે જો તન્મયી હો જાવે, તો વસ્તુ કા અભાવ હો જાવે.**' પરવસ્તુમાં ભળી જાય પોતાની સત્તા તો પોતાની સત્તા ભિન્ન રહેતી નથી. આહાહા..! મોટી ચર્ચા થઈ હતી (સંવત) ૧૯૮૩માં. દામોદર શેઠ અને વીરજીભાઈ બેય હતા ને. વીરજીભાઈ. મોટી ચર્ચા માથે થઈ. પછી આવ્યા મારી પાસે નીચે ઉતરીને. શેઠ આમ કહે છે, વીરજીભાઈ આમ કહે છે. લોકાલોક છે તો આ જ્ઞાન જાણે છે. આ કહે, જ્ઞાન જાણે છે એ લોકાલોક છે માટે એને જાણે છે એમ નહિ. આહાહા..! ૮૩ની વાત છે ૮૩. કેટલા વર્ષ થયા? ૫૦. અડધો સૈકો. આહાહા..!

મુમુક્ષુ :- પહેલેથી જ...

ઉત્તર :- પહેલેથી જ. કીધું, અહીં છે જે સ્વપરને જાણવાનું છે એ પોતાની સત્તામાં છે, પોતાની સત્તાથી છે કે પરની સત્તાથી છે? આહાહા..! પોતે લોકાલોકને જાણવાની સત્તાવાળો ભાવ એ પરની સત્તાને લઈને આ અસ્તિત્વ છે? કે આ અસ્તિત્વ પોતાને લઈને છે? આહાહા..! પણ લોકોને બહારની, અંતરની વાતું, બહારના મોટા પડાવ નાખ્યા. આ દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, થઈ રહ્યું. રોકાઈ ગયો ત્યાં.

ઓલા વળી એમ કહે છે, વેદાંતી. એ પ્રશ્ન કર્યો ૮૪માં. એક હતા. શું કહેવાય એ? ખત્રી. નારણભાઈના ઘર પાસે હતા ખત્રી. નારણભાઈ નહિ આપણા રૂગનાથ? એ કહે, મહારાજ! પરમાણુ જો તમે કહો તો એનું અહીંયાં જ્ઞાન થાય તો પરમાણુમાં પ્રવેશ કરે તો જ્ઞાન થાય. તે વિના ક્યાંથી થાય? એ ૮૪ની વાત છે. રાણપુર ચોમાસું હતું ને. એ કહે, પરમાં પેસે તો એનું જ્ઞાન થાય. વેદાંતી ખરા ને? એટલે બધું વ્યાપક જ્ઞાન માનવું. ભાઈ! એમ નથી. અગ્નિને જાણે છે તો અગ્નિમાં પ્રવેશીને અગ્નિને જાણે છે? એ પોતાની સત્તામાં રહીને, પરની સત્તામાં પ્રવેશ કર્યા વિના, પર ને

પોતાનું જ્ઞાન, પોતાના અસ્તિત્વથી પોતામાં થાય છે. આહાહા..!

**'વસ્તુ કા અભાવ હો જાવે.'** શું કીધું એ? કે લોક અને અલોક જે પરવસ્તુ છે એને જાણવા જાય ત્યાં અંદર, તો એ પરસત્તામાં પોતે સ્વસત્તા ભળી જાય. તો સ્વસત્તાનો તો અભાવ થઈ જાય. પરને જાણતા પણ પોતાની સત્તામાં રહી અને તે સંબંધીનું પોતાનું એ સંબંધીનું કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! પોતાના જ્ઞાનની પર્યાયનો એવો જ સ્વભાવ છે. સ્વપરપ્રકાશક એટલે આત્મજ્ઞ સર્વજ્ઞસ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઈસલિયે યહ નિશ્ચય હુઆ, કિ જ્ઞાન ગુણકર લોકાલોકપ્રમાણ જો આત્મા ઉસે આકાશ ભી કહતે હૈં,...'** જોયું! **'જ્ઞાન ગુણકર લોકાલોકપ્રમાણ જો આત્મા...'** એટલે જાણનાર. **'ઉસે આકાશ ભી કહતે હૈં,...'** આહાહા..! આકાશની વ્યાખ્યા એમ કરી. લોકાલોકને જાણે છે ને? આકાશ છે ને એવડું મોટું? એટલે એને લોકાકોશને જાણતા પોતે પોતામાં રહે છે એમ આત્મા પોતે પોતામાં રહીને પરને જાણે છે. પરને જાણે છે એ કહેવું એ વ્યવહાર છે. આવી વાત. સમજાણું કાંઈ? **'ઉસમેં જો મન લગાવે,...'** આહાહા..! **'લોકાલોક પ્રમાણ જો આત્મા ઉસે આકાશ ભી કહતે હૈં, ઉસમેં જો મન લગાવે,...'** આહાહા..! સ્વપરપ્રકાશક સામર્થ્ય સ્વનું સ્વથી છે. સ્વપરપ્રકાશક સામર્થ્ય સ્વનું સ્વથી છે. સ્વપરપ્રકાશક સામર્થ્ય પરને લઈને છે એમ નથી. એક જ જાણે ભગવાન લોકાલોકમાં હું એકલો આત્મા. બસ! કારણ કે એ આત્મા છે એ પરના અભાવસ્વરૂપ છે. અને પોતાના દ્રવ્ય-ગુણના પરિપૂર્ણ સ્વભાવવાળો છે. સમજાણું કાંઈ? આવી વાતું હવે આમાં. દયા પાળવી ને વ્રત કરે, એય! જયંતિભાઈ! અરે! બાપુ! દયા તો એને કહેવી, આહાહા..! અહિંસા એને કહેવી કે રાગની ઉત્પત્તિ ન થાય. અને સ્વભાવ શુદ્ધચૈતન્ય છે એની ઉત્પત્તિ પર્યાયમાં થાય એને અહિંસા ધર્મ કહેવામાં આવે છે. છે ને પુરુષાર્થસિદ્ધિઉપાયમાં?

મુમુક્ષુ :- अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति।
तेषामेवोत्पत्तिर्हिंसेति जिनागमस्य संक्षेपः।।४४।।

ઉત્તર :- હા. રાગની ઉત્પત્તિ એ પરની છે. અહીંયાં આત્માના આનંદની ઉત્પત્તિ. આહાહા..! એને આનંદની ઉત્પત્તિ એને અહિંસા (કહે છે). કેમ? કે જેવું એનું સ્વરૂપ છે તેવું પર્યાયમાં આવ્યું એને દયા પાળી એની. એને પોતાની દયા પાળી. જેવડો છે એવો અનુભવમાં, પ્રતીતમાં આવ્યો એ એણે દયા પાળી જીવની. દયા એટલે તું આવડો છો એ અમે માનીએ છીએ. લીલાધરભાઈ! આવી ઝીણી વાતું, લ્યો, હવે ઓલા સાઈબાબામાં કાંઈ... મારી નાખ્યા જગતને. અરે! વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનવરદેવના માર્ગમાં બાપુ, એમાં પ્રવેશ કરવા એ મહા અલૌકિક વાતું છે. આહાહા..! જોયું! શું કીધું?

**'લોકાલોકપ્રમાણ જો આત્મા...'** આ અપેક્ષાએ હોં. **'ઉસે આકાશ ભી કહતે હૈં,...'** કેમકે લોકાલોકનું જ્ઞાન છે ને અહીંયાં. લોકાલોક સંબંધીનું જ્ઞાન પોતાનું પોતામાં છે ને? એથી એને આકાશ પણ કહીએ. આહા..! **'ઉસમેં મન લગાવે, તબ જગત સે મોહ દૂર હો...'** મહા

અસ્તિ પ્રભુ, એમાં મન લગાવે તો પરની નાસ્તિ થઈ જાય અંદરથી. એટલે મોહનો નાશ થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ? પોતાનો જે અસ્તિસ્વભાવ, આવે છે ને કાંઈક નહિ? ઓલા સીમંધર ભગવાનમાં આવે છે. અસ્તિસ્વભાવ છે એમ આવે છે. સીમંધર ભગવાનની સ્તુતિમાં આવે છે. અસ્તિ સ્વભાવ જે આપણો રે.. એમ આવે છે. આહાહા..! આપણે ભજનમાં આવે છે. સ્તવન મંજરીમાં, નહિ?

અસ્તિસ્વભાવ આપણો એટલે? જેવડી સત્તાવાળું એનું હોવાપણું છે એ પોતાનો સ્વભાવ છે. એ સ્વભાવ અસ્તિપણું પોતાનું સ્વરૂપ, સ્વ-પરને જાણવું એવી શક્તિ છે અને એ શક્તિ પર્યાયમાં પ્રગટી ત્યારે સ્વપરપ્રકાશક જાણે છે એ તો આત્મજ્ઞ દશા છે. આહાહા..! જ્યારે આવો આત્મા લોકાલોકને જાણનારો, લોકાલોકને સ્પર્શ્યા વિના લોકાલોકના અસ્તિત્વને અડ્યા વિના પોતાના અસ્તિત્વમાં લોકાલોકનું જ્ઞાન છે. આકાશ જેમ સર્વને રહેનારું છે, એમ ભગવાન પણ સર્વને જાણનારો છે. સમજાણું કાંઈ? આકાશ જેમ સર્વને રાખનારું છે, એમ ભગવાન સર્વના જ્ઞાનને પોતાથી પોતામાં રાખે એવું છે. આવું છે માટે તેને આકાશ કહેવામાં આવે છે.

'**લોકાલોકપ્રમાણ જો આત્મા ઉસે આકાશ ભી કહતે હૈં, ઉસમેં જો મન લગાવે...**' આહાહા..! '**તબ જગત સે મોહ દૂર હો...**' જાય. પરપદાર્થ પ્રત્યેનું સાવધાનપણું સ્વ તરફના સાવધાનમાં પર તરફનું સાવધાનપણું આથમી જાય, નાશ થઈ જાય. આહાહા..! પરમાત્મપ્રકાશે પણ.. એક એક ગાથા. '**મોહ દૂર હો ઔર પરમાત્મા કો પાવે.**' પરમાત્મા નામ પરમસ્વરૂપ જે આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ તેને પામે. સમજાણું કાંઈ?

વળી ત્યાં એ દાખલો આપે છે. સમાધિશતકમાં આવે છે ને? પરમાત્માનું ધ્યાન કરતા કરતા પણ આત્મા પરમાત્મા થઈ જાય અને પોતાનું ધ્યાન કરતાં ઝાડ ઘસાઈને જેમ પોતાથી અગ્નિ થાય, એમ પોતામાં એકાગ્ર થઈને ધ્યાનાગ્નિ પ્રગટે એમાં પણ કર્મનો નાશ થાય. જુઓ! પરના ધ્યાનથી નાશ થાય છે. એ તો નિમિત્તથી કથન છે. છે ને? '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' ભગવાનની પર્યાય કેવળજ્ઞાન છે એ પર્યાયનું હોવાપણું પૂર્ણપણું છે, આત્મજ્ઞ છે તે સર્વજ્ઞ કથનભેદથી કહેવામાં આવે છે વિવિક્ષાભેદથી, પરને જાણવું એમાં આવતું નથી. પરને જાણવું કહેવું એ તો અશુદ્ધવ્યવહારનયનું વચન છે. આહાહા..! સમજાણું કાંઈ? આમાં કેટલું યાદ રહે આમાં? એ વસ્તુ જ એવી છે કે એ યાદ રાખી શકે. આહાહા..! એનો પર્યાયનો ધર્મ જ એવો છે. ધારણા કીધું ને? મતિજ્ઞાનનો ધારણા. એ તો એનો મતિજ્ઞાનનો પર્યાયનો સ્વભાવ છે. આહાહા..! અને પાંચ સેકન્ડ પછી જે પર્યાય થવાની છે એ પર્યાય આ પર્યાયમાં નથી. અને એ પર્યાય પર્યાયથી છે, એવું પર્યાયનું જ્ઞાન થતાં એને (પાંચ સેકન્ડ) પછી વિશેષ થશે એને અહીંયાં યાદ રાખવાની જરૂર નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. કારણ કે એ પર્યાયમાં ભવિષ્યની પર્યાય થશે. વર્ષ બે વર્ષ પછી, એ પર્યાયમાં એનું જ્ઞાન છે. એ અહીં નથી, એ આમાં નથી, પણ એનામાં જ્ઞાનમાં છે કે આવી પર્યાય થશે. એને ધારવાની જરૂર નથી. આહાહા..! એ ધારણા સહજ થઈ જાય છે. આહાહા..!

સમજાણું કાંઈ? એથી એને યાદ રાખું તો આ બધું રહે (એમ નથી). આહાહા..! આવી વાતું છે. અવગ્રહ, ઈહા, અવાય ધારણા છે ને? અવાય એ તો મતિજ્ઞાનનો પર્યાય છે. એ તો મતિજ્ઞાનનો ધારણા એ તો એનો સ્વભાવ છે. ધારી રાખવું એવું ક્યાં છે? એ તો એનો સ્વભાવ છે ને. સોગાનીમાં આવે છે. સમજાણું કાંઈ?

'**વ્યવહારનયકર આત્મા જ્ઞાનકર સબકો જાનતા હૈ,...**' પર થઈ ગયું ને એ? પરઆશ્રય વ્યવહાર, સ્વઆશ્રય નિશ્ચય. પરને જાણવું એ વ્યવહાર છે. પરને સ્વને જાણનારું પોતાનું જ્ઞાન એને જાણવું એ સ્વનિશ્ચય છે. સમજાણું કાંઈ? આહાહા..! એનામાં તાકાત છે. એમ ન માનવું કે અમને આવી વાત કેમ બેસે? અરે! કેવળજ્ઞાન લઈ શકે એવી તાકાત છે ને. આહાહા..! કેવળજ્ઞાનનો પિંડ પ્રભુ છે ને. એને આ ન ધારી શકાય અને ન પ્રગટ કરી શકાય એ એનામાં છે ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ? આત્માની જ્યાં પ્રતીત આવી ત્યારે તો આત્મામાંથી કેવળજ્ઞાન થશે એ પણ પ્રતીતમાં આવી ગયું છે. હેં! આવી ગયું છે એ તો. આહાહા..!

'**વ્યવહારનયકર આત્મા જ્ઞાનકર સબકો જાનતા હૈ,...**' વ્યવહારથી હોં એ. '**ઈસલિયે સબ જગત મેં હૈં.**' એમ વ્યવહારથી કહેવામાં આવે છે. કોણ? જાણનારો આત્મા જગતમાં છે એમ કહેવું એ વ્યવહાર છે. એમ. લોકાલોકમાં કીધું ને. પોતામાં છે એ નિશ્ચય છે. '**જૈસે વ્યવહારનયકર નેત્ર રૂપી પદાર્થ કો જાનતા હૈ; પરંતુ ઉન પદાર્થોંસે ભિન્ન હૈ.**' રૂપી પદાર્થ છે, મૂર્ત છે, અગ્નિ છે લ્યો ને. એ જ્ઞાન જાણે છે. પણ જ્ઞાન અગ્નિમાં પેસીને જાણે છે? તો તો જ્ઞાન ઊનું થઈ જાય. જ્ઞાન છે અરૂપી છે એ જડ થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ?

નેત્ર જેમ રૂપી પદાર્થને જાણે. અરૂપી જ્ઞાન રૂપીને જાણે છે. આહાહા..! એ જ્ઞાન પોતામાં રહીને રૂપી અને બીજી ચીજ જે પોતે, એને જાણવાની શક્તિવાળું પોતાનું જ્ઞાન પોતામાં છે તેને એ જાણે છે. આહાહા..! રૂપી પદાર્થ તો અહીંયાં આવતા પણ નથી. અગ્નિને એમ જાણે છે કે આ અગ્નિ છે. તે અગ્નિ અહીંયાં આવે છે? અને જ્ઞાનની પર્યાય અગ્નિમાં જાય છે? સમજાણું કાંઈ? વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એમ કીધું છે ને? એનો અર્થ એ છે—રાગમાં જ્ઞાન જાતું નથી, તેમ રાગ જ્ઞાનમાં આવતો નથી. એથી એને જાણવું એ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ કીધું છે. આહાહા..! શું શૈલી છે એની! આહાહા..! વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. એટલે કે જ્ઞાનની પર્યાયમાં રાગ જે બાકી છે અને અપૂર્ણ છે એને જાણેલો પ્રયોજનવાન છે. એ અલ્પજ્ઞાનમાં અને રાગમાં આખું જ્ઞાન કાંઈ તન્મય થઈ જતું નથી. આહાહા..! આખો ગુણ તેમાં તન્મય થઈ જાય છે? પર્યાયમાં પણ તન્મય થતો નથી ગુણ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાય પર્યાયમાં તન્મય છે, પર્યાય ગુણમાં તન્મય નથી અને ગુણ પર્યાયમાં તન્મય નથી. આહાહા..! આવી વાત બાપુ! આ તો માર્ગ એવો ઝીણો છે ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા,..

આ પરમાત્મપ્રકાશ છે ને. એટલે પરમાત્મા પ્રકાશે છે લોકાલોકને એમ કહેવું એ એક રીતે પોતાને પ્રકાશે છે એમાં લોકાલોક આવી જાય છે. લોકાલોક એટલે? લોકાલોકની સત્તા અહીંયાં આવતી નથી, પણ એ સત્તા સંબંધીનું પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન એમાં આવી જાય છે. આહાહા..!

જેમ અગ્નિને આંખ દેખતા આંખ કાંઈ અગ્નિમાં પેસતી નથી, પણ આંખ આંખમાં, જ્ઞાન જ્ઞાનમાં રહીને અગ્નિનું જ્ઞાન કરે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! અને અગ્નિને જાણવાનો સ્વપર સ્વભાવ જે જ્ઞાનમાં છે એને અગ્નિના અસ્તિત્વને અડ્યા વિના, એવા જ્ઞાનનું અસ્તિત્વ છે તેને જાણે છે તે નિશ્ચય છે. પોપટભાઈ! આવી વાતું છે. આવી બધી ઝીણી મુંબઈમાં ન મુકાય. આ બધા આ તો ... ઓલા કહે છે, આ શું કહે છે? શું આ માંડી છે? બાપુ! તારા ગુણની પ્રભુતાની માંડી છે આ.

જ્ઞાનની પર્યાયમાં એટલી તાકાત છે. એટલું સામર્થ્ય છે કે લોકાલોકને અડ્યા વિના અને લોકાલોકનું અસ્તિત્વ છે માટે એનું જ્ઞાન થાય છે એમ નથી. આહાહા..! એક રીતે જોઈએ તો એક સમયની પર્યાય દ્રવ્ય-ગુણને, બધી પર્યાયોને અને આને (જાણે) એ પર્યાયનો સ્વપર (પ્રકાશક સ્વભાવ) પોતાને લઈને એવો સ્વભાવ છે. પછી થશે કેવળજ્ઞાન માટે અહીંયાં જણાય છે એમ પણ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- એક પર્યાયનું સામર્થ્ય એટલું છે.

ઉત્તર :- પર્યાયનું સામર્થ્ય એટલું છે. આહાહા..!

શ્રુતજ્ઞાનમાં પણ પરોક્ષ જાણે છે એનો અર્થ શું? ભવિષ્યની પર્યાય પણ શ્રુતજ્ઞાનની પર્યાયમાં આવી જાય છે જાણવામાં. આહાહા..! પણ છતાં એ પર્યાય એમાં આવી નથી. એ સંબંધીનું જ્ઞાન પોતાનું જે છે તે પોતાનું જ્ઞાન તેમાં આવ્યું છે. આહાહા..! એટલે એક તો એકવાર એમ વિચાર આવ્યો હતો કે એ પર્યાય એકલી છે એ જ ચીજ છે, બસ. આહાહા..! જેમાં દ્રવ્ય-ગુણનું પણ જ્ઞાન, પોતાનું જ્ઞાન, પોતાનું લોકાલોકનું (જ્ઞાન) ઈ લોકાલોકને લઈને નહિ, દ્રવ્ય-ગુણને લઈને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવી જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે. એવડી સત્તા છે તેટલી સામર્થ્યની પ્રતીતિ કરે તો પર્યાયની પ્રતીતિ કરી કહેવાય. સમજાણું કાંઈ? આહાહા..!

**'જૈસે વ્યવહારનયકર નેત્ર...'** રૂપી પદાર્થનો દાખલો બહુ સરસ આપ્યો છે. પ્રવચનસારમાં છે. આંખ તો આ નહિ પણ અંદર જાણનાર છે એ તો અરૂપી છે અને આ અગ્નિ છે એ તો રૂપી છે, હવે એને જાણે છે એનો અર્થ શું? અગ્નિમાં જઈને જાણે છે? અગ્નિ અહીં આવે છે એટલે જણાય છે? સમજાય એવું જ છે. ભાષા હો ભલે, આહાહા..! આ અધિકાર ગાથાઓ છેલ્લી, આકાશ નામનો પદાર્થ છે, એમ તું પણ એ આકાશ છે એમ સિદ્ધ કરે છે. આહાહા..! એવડું વ્યાપક લોકાલોકને પોતે પોતાથી જાણે, બીજાની અપેક્ષા રાખ્યા વિના નિશ્ચયથી એવડું જેનું સામર્થ્ય છે એમાં જેની એકાગ્રતા થાય એનો મોહ તૂટ્યા વિના રહે નહિ, કહે છે. આહાહા..!

**'નિશ્ચયકર સર્વગત હોવે,...'** શું કહે છે? નિશ્ચયથી જો સર્વને જાણનારું હોય એને સર્વગત.

નિશ્ચયથી સર્વગત **'તો પરપદાર્થોં સે તન્મયી હો જાવે,...'** આહાહા..! અહીંયાં મોટો વાંધો પડે છે, સર્વજ્ઞ અને આત્મજ્ઞમાં. ખાણિયા ચર્ચા. સર્વજ્ઞપણું છે એ વ્યવહારનયે છે. નિશ્ચયનયે નહિ. આહાહા..! અરે પ્રભુ! નિશ્ચયનયે જ સર્વગત એટલે પોતાની પર્યાયનું બધાને જાણવું એવી તાકાત તો છે એ સર્વગત એ છે. સર્વગત આમ જાય છે ને પ્રવેશ કરે માટે સર્વગત છે એમ નહિ. આહાહા..! એક સમયની પર્યાયનું સામર્થ્ય જ સર્વગત છે. આહાહા..! વખત ક્યાં મળે છે એને. દુનિયામાં ઓલી બહારની મોહજાળે બાંધી માર્યા. આહાહા..! જેમાં જન્મ્યા એના પ્રમાણમાં એનો મોભો રાખવો પડે કે નહિ એટલો? અરે! આ મોભો..?

મુમુક્ષુ :- મનુષ્ય તરીકે જન્મવાની ક્યાં વાત છે અહીં તો આત્મા તરીકે...

ઉત્તર :- પણ મનુષ્યપણે છે જ ક્યાં એ? મનુષ્યપણે જન્મ્યો છે જ કે દિ'? આહાહા..! એ તો એની પર્યાયનો ઉત્પાદ જે છે એ એનો જન્મ છે. આહાહા..! એ પર્યાયની તાકાત શ્રુતજ્ઞાનની પર્યાયની તાકાત પણ સ્વપરને પ્રકાશે એ પરની અપેક્ષા વિના પ્રકાશે. એ તો પરોક્ષ અને પ્રત્યક્ષનો ફેર છે કેવળજ્ઞાનમાં. આહાહા..! સમજાણું કાંઈ? ટીકા ઠીક કરી છે પણ, હોં! આહાહા..!

**'નિશ્ચયકર સર્વગત હોવે,...'** એટલે શું કીધું? નિશ્ચયથી સર્વમાં વ્યાપક જો હોય, પોતાના પ્રદેશ અને સત્તાને છોડીને પરની સત્તામાં પ્રવેશ કરે તો પરપદાર્થ (સાથે) તન્મય થઈ જાય. આહાહા..! **'તો પરપદાર્થોંસે તન્મયી હો જાવે, જો ઉસે તન્મયી હોવે તો નેત્રોં કો અગ્નિ કા દાહ હોના ચાહિયે,...'** આંખ આમ અગ્નિને દેખે છે એ આંખ જો તન્મય થઈને જાણતી હોય તો અહીં ઉષ્ણ થઈ જાય તો બળી જાય. આહાહા..! સમજાણું કાંઈ? **'તન્મયી હોવે તો નેત્રોં કો અગ્નિ કા દાહ હોના ચાહિયે, ઈસ કારણ તન્મયી નહીં હૈ.'** અગ્નિને જાણતા છતાં અગ્નિમાં તન્મય (નથી થતો). એમ લોકાલોકને જાણવા છતાં આત્મા લોકાલોકમાં તન્મય નથી. આહાહા..! પોતાની પર્યાયમાં તન્મય છે. તન્મય-તત્સ્વરૂપે. આહાહા..! સમજાણું?

**'તો પરકે સુખ-દુઃખસે તન્મયી હોનેસે...'** આહાહા..! પરને જાણતાં પરમાં તન્મય થતાં પરના સુખ પોતાનામાં આવી જાય. **'ઈસકો ભી દૂસરે કા સુખ-દુઃખ માલૂમ હોના ચાહિયે, પર ઐસા હોતા નહીં હૈ.'** શું કહે છે એ? જેમ આંખ છે એ અગ્નિને જાણતાં અગ્નિમાં તન્મય જો થાય તો આત્મામાં અગ્નિપણું આવે તો બળી જાય પર્યાય. ફક્ત અગ્નિને અડ્યા વિના અગ્નિનું અસ્તિત્વ છે તેને જ્ઞાન જાણે છે કે આ ઉષ્ણ છે. એ ઉષ્ણ છે એ જ્ઞાન જાણે છે. એ પોતાના જ્ઞાનથી જાણે છે. અગ્નિમાં ઉષ્ણતા છે માટે જાણે છે એમ નહિ. આહાહા..!

**'પર કે સુખદુઃખ સે તન્મયી હોનેસે...'** એમ જ્ઞાન પણ અગ્નિની પેઠે જો નેત્ર ત્યાં દેખે તો અહીં બળી જાય. એમ આત્મા પરને તન્મય થઈને જાણે તો નારકીના દુઃખોમાં તો તન્મય થઈ જાય તો એનું દુઃખ ભોગવવું પડે. આહાહા..! **'પર ઐસા હોતા નહીં હૈ. ઈસલિયે નિશ્ચય સે આત્મા અસર્વગત હૈ,...'** લ્યો ઠીક! **'ઔર વ્યવહારનયસે સર્વગત હૈ.'** સર્વને જાણવાની અપેક્ષાએ ઉપચારનયથી. વ્યવહારનય એટલે ઉપચારનય.

'प्रदेशोंकी अपेक्षा निश्चय से लोकप्रमाण असंख्यातप्रदेशी है,...' પ્રદેશની અપેક્ષાએ અસંખ્યપ્રદેશી છે. 'व्यवहारनयकर पात्र में रखे हुए दीपककी तरह देहप्रमाण है,... ' વ્યવહારથી દેહપ્રમાણ કહેવામાં આવે છે. નિશ્ચયથી તો અસંખ્ય પ્રદેશી પ્રમાણ છે એ આત્મા. આહાહા..! 'जैसे शरीर धारण करे, वैसा प्रदेशों का संकोच विस्तार हो जाता है.' 'जैसे शरीर धारण करे, वैसा प्रदेशों का संकोच विस्तार हो जाता है.' એ પોતાને કારણે હોં એ. સંકોચ-વિકાસ થાય એ શરીરને કારણે નહિ. સંકોચ વિકાસની પર્યાય એ પ્રમાણે થાય, એ પોતાની થાય પોતાથી, પરને લઈને નહિ. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**ગાથા-૧૬૫**

अथ-

२९६) देहि वसंतु वि णवि मुणिउ अप्पा देउ अणंतु।
अंबरि समरसि मणु धरिवि सामिय णट्ठु णिभंतु।।१६५।।

देहे वसन्नपि नैव मतः आत्मा देवः अनन्तः।
अम्बरे समरसे मनः धृत्वा स्वामिन् नष्टः निर्भ्रान्तः।।१६५।।

देहि वसंतु वि इत्यादि। देहि वसंतु वि व्यवहारेण देहे वसन्नपि णवि मुणिउ नैव ज्ञातः कोऽसौ। अप्पा निजशुद्धात्मा। किंविशिष्टः। देउ आराधनायोग्यः केवलज्ञानाघनन्तगुणाधारत्वेन देवः परमाराध्यः। पुनरपि किंविशिष्टः। अणंतु अनन्तपदार्थपरिच्छित्तिकारणत्वादविनश्वरत्वादनन्तः। किं कृत्वा। मणु घरिवि मनो धृत्वा। क्व अंबरि अम्बरशब्दवाच्ये पूर्वोक्तलक्षणे रागादिशून्ये निर्विकल्पसमाधौ। कथंभूते। समरसि वीतरागतात्त्विकमनोहरानन्दस्यन्दिनि समरसीभावे साध्ये। सामिय हे स्वामिन्। प्रभाकरभट्टः पश्चात्तापमनुशयं कुर्वन्नाह। किं ब्रुते। णट्ठु णिभंतु इयन्तं कालमित्थंभूतं परमात्मोपदेशमलभमानः सन् निर्भ्रान्तो नष्टोऽहमित्यभिप्रायः।।१६५।। एवं परमोपदेशकथनमुख्यत्वेन सूत्रदशकं गतम्।

आगे फिर प्रश्न करता है-

**गाथा-१६५**

अन्वयार्थः- [स्वामिन्] हे स्वामी, [देहे वसन्नपि] व्यवहारनयकर देहमें रहता हुआ भी [आत्मा देवः] आराधने योग्य आत्मा [अनंतः] अनंत गुणोंका आधार [नैव मतः] मैंने अज्ञानतासे नहीं जाना। क्या करके [समरसे] समान भावरुप [अंबरे] निर्विकल्पसमाधिमें [मनः धृत्वा] मन लगा कर। इसलिए अब तक [नष्टो निर्भ्रांतः] निस्संदेह नष्ट हुआ।

भावार्थः- प्रभाकरभट्ट पछताता हुआ श्री योगीन्द्रदेवसे बिनंती करता है, कि हे स्वामिन् मैंने अब तक रागादि विभाव रहित निर्विकल्पसमाधिमें मन लगाकर आत्म-

देव नहीं जाना, इसलिए इतने काल तक संसारमें भटका निजस्वरुपकी प्राप्तिके बिना मैं नष्ट हुआ। अब ऐसा उपदेश करें कि जिससे भ्रम मिट जावे।।१६५।।

इस प्रकार परमोपदेशके कथनकी मुख्यतासे दस दोहे कहे हैं।

---

હવે, શિષ્ય પશ્ચાત્તાપ કરે છે :-

ભાવાર્થઃ- વ્યવહારે દેહમાં રહ્યો હોવા છતાં, નિજશુદ્ધાત્માને કે જે કેવળ જ્ઞાનાદિ અનંતગુણનો આધાર હોવાથી 'દેવ' અર્થાત્ પરમ આરાધ્ય છે અને અનંત પદાર્થોની જ્ઞપ્તિના કારણભૂત હોવાથી તથા અવિનશ્વર હોવાથી 'અનંત' છે, તેને-મેં સાધ્યરૂપ જે વીતરાગ-તાત્ત્વિક-મનોહર-આનંદઝરતો સમરસીભાવ તે સમરસીભાવસ્વરૂપ એવી 'અંબર' શબ્દથી વાચ્ય પૂર્વોક્ત-લક્ષણવાળી, રાગાદિશૂન્ય, નિર્વિકલ્પ સમાધિમાં મનને લગાડીને જાણ્યો નહિ. પ્રભાકરભટ્ટ પશ્ચાત્તાપ કરતો કહે છે કે હે સ્વામી! આટલા કાળ સુધી આવો પરમાત્માનો ઉપદેશ પ્રાપ્ત ન કરીને નિઃસંદેહ હું નષ્ટ થયો. ૧૬૫.

---

## વીર સંવત ૨૫૦૨, મહા વદ ૧૧, સોમવાર
## તા. ૧૪-૦૨-૧૯૭૭, ગાથા-૧૬૫-૧૬૬, પ્રવચન નં. ૨૧૬

પરમાત્મપ્રકાશ. ૧૬૫ ગાથા. 'આગે ફિર પ્રશ્ન કરતા હૈ—'

२९६) देहि वसंतु वि णवि मुणिउ अप्पा देउ अणंतु।
अंबरि समरसि मणु धरिवि सामिय णट्ठु णिभंतु।।१६५।।

શિષ્યનો અંદરનો ધખશનો પ્રશ્ન છે. આહાહા..! '**હે સ્વામી, વ્યવહારનયકર દેહ મેં રહતા હુઆ...**' વ્યવહારથી દેહમાં છે. ખરેખર તો પોતે પોતામાં છે. આહાહા..! દેહ અને આત્માને કાંઈ સંબંધ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એનો અર્થ કે કાંઈ છે નહિ. આહાહા..! આત્મા આત્મામાં છે, દેહ દેહમાં છે. દેહ આત્મામાં નથી, આત્મા દેહમાં નથી. વ્યવહારથી દેહમાં છે એમ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહારથી એટલે?

ઉત્તર :- દેહમાં છે એ ઉપચારથી કહેવામાં આવે છે. વ્યવહાર એટલે ઉપચાર. અયથાર્થદૃષ્ટિથી કહેવામાં આવે છે. આહાહા..! વાસ્તવિક તો આત્મા આત્મામાં છે, દેહમાં છે નહિ. આહાહા..!

'**देहे वसन्नपि**' '**વ્યવહારનયકર દેહ મેં રહતા હુઆ ભી આરાધને યોગ્ય જો આત્મા...**' આહાહા..! સેવવા યોગ્ય તો આ આત્મા છે. જુઓને! શિષ્યનો પ્રશ્ન એ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા અને એ તો બધો શુભભાવ છે. શિષ્યનો પ્રશ્ન જ આ છે કે આ સેવવાયોગ્ય જે ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એ આરાધવાયોગ્ય એ દેવ છે. આહાહા..! કેવો છે? '**અનંત ગુણોં**

કા આધાર...' અનંત અનંત ગુણનો આધાર એ વસ્તુ છે.

**'મૈંને અજ્ઞાનતા સે નહીં જાના.'** છે વસ્તુ, વ્યવહારથી શરીરમાં છે, પરમાર્થે પોતામાં છે. એ મેં પોતાનો અનંતગુણ સ્વરૂપ. આત્મા કેવો છે? કે અનંતગુણ સ્વરૂપ છે. એવા આત્માને મેં ન જાણ્યો. આહાહા..! **'અજ્ઞાનતા સે નહીં જાના.'** એમ લખ્યું છે, હોં! કર્મને કારણે ન જાણ્યો એમ નથી લખ્યું. છે ને? **'अनन्तपदार्थपरिच्छित्तिकारणत्वादविनश्वरत्वादनन्तः '** એમ લખ્યું છે. અનંતનો ખુલાસો એવો કર્યો છે. અનંતગુણથી અવિનશ્વર તત્ત્વ છે. આ તો બધા નાશવાન ક્ષણમાં ફૂ થઈને ઊડી જાય છે. આહાહા..! અનંતગુણ અને અવિનશ્વર એવો હું છું, આત્મા છે. ત્રિકાળ નિત્ય શાશ્વત અંદર પ્રભુ બિરાજે છે. એને **'મૈંને અજ્ઞાનતા સે નહીં જાના.'** એમ લખ્યું છે. છે ને? આહાહા..! મારા સ્વરૂપની શક્તિ અને સામર્થ્ય કેટલું, કેવડું છે? એના અજ્ઞાનને લઈને મેં એને ન જાણ્યો. કર્મને લઈને ન જાણ્યો અને મોહકર્મ નડતર (હતું) માટે ન જાણ્યો એમ નથી લખ્યું. સમજાણું કાંઈ?

**'ક્યા કરકે સમાન ભાવરૂપ નિર્વિકલ્પસમાધિ મેં મન** લગા કર.' આહાહા..! જેટલા વિકલ્પો છે વ્યવહારના એ બધા વિષમભાવ છે. વ્યવહારરત્નત્રય છે એનો વિકલ્પ જે છે રાગ એ પણ વિષમભાવ છે. પણ સમરસીભાવ—વિકલ્પથી રહિત થઈને સમરસીભાવ એ નિર્વિકલ્પ સમાધિથી મેં મન લગાવ્યું નહિ, જોયું નહિ. આહાહા..! આવી વાત છે. **'સમાન ભાવરૂપ નિર્વિકલ્પસમાધિ...'** સમરસ એટલે વીતરાગભાવ, નિર્વિકલ્પપણું. એમાં એમ કહ્યું કે વિકલ્પ જેટલા છે વ્યવહારરૂપ, એનાથી પણ મેં આત્માને ન જાણ્યો. એવા વિકલ્પ કર્યા અનંતવાર, પણ એનાથી જણાણો નહિ. હું તો મારા નિર્વિકલ્પ સમતાભાવથી જણાઉં એ રીતે મેં ન જાણ્યો. આહાહા..! લ્યો, એ મોક્ષમાર્ગમાં આવે છે ને? કે આત્મા પરથી ભિન્ન છે, આ પરને જાણનારો તે હું છું ત્યાં સુધી તો આવ્યો છે જીવ, પણ હું જે છું અનંતગુણનો ધણી ત્યાં નથી ગયો આગળ. આહાહા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. પ્રવચનસાર. આહાહા..! આ આત્મા જેમ આ જાણે છે આ બધી ચીજ એ જાણનારો હું છું. એ જાણનારો હું છું ત્યાં સુધી તો આવ્યો હતો, કહે છે. પણ એ વિકલ્પથી જાણનારો હું છું અને પરને જાણનારો હું છું, પણ મારું સ્વરૂપ જ પરને જાણવાનો એ સ્વને જાણવાનો મારો સ્વભાવ છે. આહાહા..! એને મેં ન જાણ્યો, મારું મન એમાં લાગ્યું નહિ. છે ને?

**'મન લગા કર. ઈસલિયે અબ તક નિઃસંદેહ નષ્ટ હુઆ.'** **'नष्टो निर्भ्रांतः'** આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ અંદર જ્ઞાયકસ્વરૂપ એ સમભાવથી નિર્વિકલ્પથી જણાય એ રીતે મેં જાણ્યો નહિ તેથી નષ્ટ થયો હું. આહાહા..! એનો અર્થ એ થયો કે વ્યવહારરત્નત્રયના વિકલ્પથી પણ હું તો નષ્ટ થાઉં છું. આહાહા..! નિર્ભ્રાંત દર્શન છે આ. આહાહા..! સમજાણું કાંઈ? છેલ્લા શ્લોકો છે તો એકદમ થોડા શબ્દોમાં પણ સત્યને જાહેર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અનંતગુણનો ધણી આરાધના યોગ્ય એને મેં મારા અજ્ઞાનથી ન જાણ્યો. એટલે કે મેં સમરસી

નિર્વિકલ્પ સમાધિમાં મન લગાવ્યું નહિ. આહાહા..! મારું મન ત્યાં બહારમાં ને બહારમાં ભટક્યા કર્યું. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષય, પાંચ ઇન્દ્રિયના વિષયો અને આ પરદ્રવ્ય તરફના વલણમાં મારો જુકાવ અનાદિથી રહ્યો, એમ કહે છે. આહાહા..! પણ મારો પ્રભુ અનંતગુણનો ધણી એવા જે વાચક છે શબ્દો એનું વાચ્ય, અનંતગુણનો ધણી પ્રભુ, એને મેં સમરસીભાવે નિર્વિકલ્પ સમાધિ દ્વારા કદી ન જાણ્યો, તેથી હું નિર્ભ્રાંત નષ્ટ છું. આહાહા..! જુઓ! નવમી ગ્રૈવેયક ગયો ત્યારે અનંતવાર એવા પંચમહાવ્રત લીધા હતા. કહે છે કે એ મહાવ્રતના વિકલ્પથી તો હું નષ્ટ થયો છું. એનાથી હું પ્રાપ્ત થયો નહિ. જે પ્રાપ્ત થવાની દશા જોઈએ સમરસ.. સમરસ.. સમતા વીતરાગ પર્યાય, નિર્વિકલ્પ રાગરહિત શાંતિ એમાં (ઉપયોગ) લગાવીને મેં ન જાણ્યો આત્માને. આહાહા..! તેથી નિઃસંદેહ નષ્ટ છું. આહાહા..! બહુ જ ટૂંકું અને સારી વાત ભરી છે અંદર. ગાગરમાં સાગર છે. આહાહા..! એમ નથી કહ્યું કે મેં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરી નથી, એને મેં માન્યા નથી માટે હું રખડ્યો. આહાહા..!

હું મારું સ્વરૂપ છે, નિર્વિકલ્પ વીતરાગી પર્યાયથી જણાય એવો. કેમકે એ પોતે અનંતગુણનો સાગર વીતરાગસ્વરૂપ છે. એને વીતરાગી પર્યાય દ્વારા—નિર્વિકલ્પ સમાધિ દ્વારા મેં એમાં મનને લગાવ્યું નહિ. એથી હું નિઃસંદેહ ભ્રષ્ટ છું. આહાહા..! એટલો તો ખ્યાલ શિષ્યને હોય એના પ્રશ્ન છે અને એને ઉત્તર દે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! દેવાધિદેવ છે ભગવાન. આહાહા..! અનંતગુણનો સાગર વસ્તુ છે. સ્વપણે છે અને પરના અનંતપણે નથી. એવા તો અનંતધર્મો એને અપેક્ષિત પડ્યા છે. અને સ્વતઃ સામાન્ય જે ગુણો છે, વિશેષ છે એ તો સ્વતઃ એવા અનંતગુણનો સાગર, એને જાણવા માટે તો સમતાભાવરૂપી નિર્વિકલ્પ સમાધિ જોઈએ. આહાહા..! એમ ન કહ્યું કે આટલું એને શાસ્ત્રનું જ્ઞાન જોઈએ, એટલી એને આચરણની ક્રિયા જોઈએ. સમજાણું કાંઈ? એને યોગ્ય થાય ત્યારે જિનેશ્વરદેવની ભક્તિ હોય છે, એને નવતત્ત્વની શ્રદ્ધા હોય છે વિકલ્પવાળી, એવું હો, પણ એ કાંઈ સાધન નથી. આહાહા..! અહીં તો સમરસી નિર્વિકલ્પ સમાધિ તે સાધન છે. સમજાણું કાંઈ?

માણસ કહે, પણ હજી જ્યાં પાપમાંથી બચે નહિ, પુણ્યમાં આવ્યા વિના આ ક્યાં લઈ જવો છે? બાપુ! આ તો ધર્મની વાત છે. ધર્મ કરવો હોય તો આ રીતે થાય. બાકી તો આખી દુનિયા કરે છે બધું. એ એમ કહેતા હતા. અમે ચોવીસે કલાક સંસારમાં પાપમાં પડ્યા છીએ. એને પાપથી છોડાવીને (પુણ્યમાં તો લાવો) પણ મિથ્યાત્વ એ પાપ નથી? તારા અઘાતિના શુભભાવને કરવા છે અને અઘાતિના અશુભને ટાળવા છે, એનાથી બચવું છે પણ એ કાંઈ વસ્તુ નથી. આહાહા..! એથી અહીં સમભાવ લીધો છે. છે ને?

'**समरसे अंबरे**' સમરસીરૂપી નિર્વિકલ્પ શાંતિ. આહાહા..! એ વડે મેં આત્માને જાણ્યો નહિ. આહાહા..! આટલી ક્રિયા ન કરી શક્યો માટે ન જાણ્યો કે શાસ્ત્રનું જ્ઞાન નથી કર્યું માટે નથી જાણ્યો એમ નથી કહ્યું. આહાહા..! સમરસીભાવ, સમતાભાવ, વીતરાગી પર્યાય જે નિર્વિકલ્પ શાંતિ છે એ

વડે મેં આત્માને ન જાણ્યો. આમ તો શાસ્ત્રમાં આવે છે તો આત્માને જાણ્યો છે. નથી જાણ્યો આત્માને? સમજાણું? શાસ્ત્રમાં આવે કે આત્મા આવો છે. અગિયાર અંગ ભણી ગયો એમાં નથી આવતું? આહાહા..! અભવિને પણ નથી અગિયાર અંગમાં આવતું આત્મા એના જ્ઞાનમાં? આહાહા..! એ શુભ-અશુભ વિકલ્પથી, રાગથી રહિત સમરસ, શાંતરસ, ઉપશમરસ એવો અકષાયભાવ નિર્વિકલ્પ શાંતિ, એનાથી મેં ન જાણ્યો. એથી હું '**નષ્ટો નિર્ભ્રાંતઃ**' એ શુભભાવથી પણ હું નષ્ટ છું એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અનંતવાર શુભભાવ કર્યા, પણ સમભાવથી જાણ્યો નહિ એટલે (શુભભાવમાં) પણ આ નિર્ભ્રાંત આત્મા નષ્ટ થાય છે. આહાહા..! શૈલી તે શૈલી તો જુઓ! સમજાણું કાંઈ? આમ તો શાસ્ત્ર જ્ઞાન કરે, વાંચે તો નવતત્ત્વ વાંચે તો એમાં આત્મા કેવો છે એ નથી આવતું એને? પણ એ આત્માને જાણવાને સમરસી નિર્વિકલ્પ દૃષ્ટિ જોઈએ તે કરી નહિ. આહાહા..! જાણનારને જાણ્યો નહિ. આહાહા..! ભગવાન ચૈતન્યમૂર્તિ આરાધવાયોગ્ય, સેવવાયોગ્ય પ્રભુતાની દૃષ્ટિએ તેનું સેવન કરવું કહે છે. આહાહા..! સમરસભાવે. એ મેં કર્યું નહિ (તેથી) નષ્ટ થયો છું. આહાહા..! કર્મેથી નષ્ટ થયો છું એમ પણ નથી કહ્યું. આહાહા..! શૈલી તો જુઓ!

મુમુક્ષુ :- પુણ્ય-પાપથી...

ઉત્તર :- એ એમ કહે છે ને ઘણા મને કહે છે. ફૂલચંદજી લખે છે. એ એમ કહે છે, કરણાનુયોગના જાણનારા.. પોતે પછી બિચારા લખે કે વાત તમે જાણતા હો એવું હું નથી જાણતો. પણ આ કરણાનુયોગમાં આનો અર્થ આવો છે એ તમે વાંચો. એમ કહ્યું ફૂલચંદજીએ. ફૂલચંદજી અત્યારે એકદમ શાસ્ત્રમાં ઘણા નિપુણ છે. બહુ એણે વાંચેલું એમાં. ઓલા લોકો ઠરાવે કે તત્ત્વાર્થસૂત્રમાં આમ છે. ... ઠર્યા છે. અને તમે કહો છો કે કર્મના ક્ષયથી કેવળ ન થાય. કર્મ તો અજ્ઞાનમાં નિમિત્ત હતું એ નિમિત્ત ટળ્યું એટલે એ અજ્ઞાન ટળ્યું. વ્યય થયો. પણ ઉત્પાદ થયો જે કેવળજ્ઞાનનો... ભાઈ! એ લખ્યું હતું ને? એમ કે કર્મનો અભાવ છે તો કેવળ થયું એમ તમે કેમ ન માન્યું? કર્મનો ભાવ છે તો અજ્ઞાન છે અને કર્મનો અભાવ છે તો કેવળજ્ઞાન છે. એમ લેવું જોઈએ ને? આહાહા..! આણે જવાબ આપ્યો, બાપુ! કર્મનો અભાવ છે એ બરાબર છે. પણ કર્મનો અભાવ થઈને થયું શું પરમાણુમાં? અકર્મરૂપે (પરિણમન) થયું. એ તો પરમાણુમાં થયું ભાવાંતર પલટીને. સમજાણું? આનું ભાવાંતર પલટ્યો એ બીજી રીતે થયો. આહાહા..! અજ્ઞાનભાવમાંથી પલટીને જ્ઞાનભાવમાં આવ્યો એ તો પોતાના ઉપાદાનથી આવ્યો છે. સમજાણું કાંઈ? અરે! આવી વાતુમાં ઝઘડામાં રોકાય ને એના જવાબ દેવા અને એના ઉત્તર દેવા. આહાહા..! પરમસત્ય જ આ છે. આહા..! ત્રણે કાળનો આ એક સિદ્ધાંત. શિષ્યના મુખમાંથી નીકળ્યો છે. એ શિષ્ય સાંભળવાને લાયક છે અને એ પૂછે છે.

મેં મારા સમભાવથી આત્માને ન જાણ્યો. મેં મારા વીતરાગી નિર્વિકલ્પ શાંતિથી આત્માને ન જાણ્યો અને તેથી વિકલ્પમાં મારો આત્મા નિર્ભ્રાંત ભ્રષ્ટ છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય કર્મને લઈને, મોહનીય કર્મને લઈને ભ્રષ્ટ છે એમ ન કહ્યું. આવા વાંધા તે વાંધા, અરે! પ્રભુ શું કરવું

છે તારે ભાઈ? આહાહા..! 'અપને કો આપ ભૂલકે હેરાન હો ગયા.' પોતે આવી ચીજ છે એને ન જાણી એ તો તારો પોતાનો અપરાધ છે. ત્યારે એ લોકો કહે છે કે નહિ, કર્મને લઈને અપરાધ છે. એવું છે. વાતે વાતે ફેર છે. ઘણો ફેર ભાઈ!

ખરેખર તો પોતાની પર્યાય જે છે અલ્પજ્ઞ એનો વ્યય થઈને કેવળજ્ઞાનનો ઉત્પાદ થયો છે. તે સમકાળે છે. સમજાણું કાંઈ? કર્મનો અભાવ થઈને થાય એ તો પરદ્રવ્યની અપેક્ષા થઈ. આહાહા..! ઓલું લખ્યું છે ને, જૈન તત્ત્વ મિમાંસામાં. કારણક્ષયા એ છે. ઉપાદાન-કારણનો ક્ષય થતાં ઉપાદેય થાય છે. એમ કહે છે. ઉપાદાનથી સીધું થાય છે એમ નહિ. કાર્યક્ષયા. આહાહા..! એટલે એનો અર્થ કે પૂર્વની પર્યાયના ક્ષયથી કાર્ય થાય છે પર્યાયમાં. આહાહા..! હવે એને ઠેકાણે કર્મના ક્ષયથી પર્યાય કેવળ થાય છે એ તો બધી વ્યવહારની વાતું છે ઉપચારિક. આહાહા..! સમજાણું કાંઈ? આ પ્રશ્નમાં જ ગંભીરતા છે.

ઉત્પન્ન કેમ થાય? અને રખડ્યો કેમ? બેય વાત સિદ્ધ થાય છે આમાંથી. આહાહા..! રખડ્યો કેમ? સમરસી નિર્વિકલ્પ સમાધિથી મેં ન જાણ્યો તેથી હું રખડ્યો. અને તે નિર્વિકલ્પ સમાધિ પ્રગટે કેમ? કર્મની મંદતા થાય કે કષાય મંદ હોય એ વાત નથી લીધી. સીધો સમભાવથી જાણવો જોઈએ, વિકલ્પરહિતથી જાણવો જોઈએ. આહાહા..! વ્યવહારના વિકલ્પ છે એનાથી પણ રહિત થઈને જાણવો જોઈએ. એના સહિતથી જણાય એ વાત તો છે નહિ. આહાહા..! અરેરે! શાસ્ત્રના ભાવને પણ પોતાની દૃષ્ટિને પોષવા અર્થ કરવા બીજા, એમ હોય નહિ, ભાઈ! ભગવાનને તો આમ કહેવું છે. આહા..! એના શિષ્ય કેવા અને ગુરુ કેવા જુઓને. એની વાત કબુલ રાખે કે વાત સાચી છે તારી. અજ્ઞાનપણે સમરસીભાવથી આત્માને જાણવો જોઈએ, એનાથી જણાય એ રીતે તેં જાણ્યો નથી. તું કહે છે એ વાત બરાબર છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ભાવાર્થઃ- પ્રભાકર ભટ્ટ પછતાતા હુઆ...**' છે ને? પશ્ચાતાપ કરતા હુઆ. સંસ્કૃતમાં છે. '**प्रभाकरभट्टः पश्चात्तापमनुशयं कुर्वन्नाह।**' શું કહે છે? શિષ્યને પશ્ચાતાપ થયો છે એથી આ પ્રશ્ન કરે છે એમ કહે છે. આહાહા..! અરેરે! મારા સમભાવથી મેં મને ન જાણ્યો અને એથી ભ્રષ્ટ થઈને હું ચાર ગતિમાં રખડું છું. આહાહા..! અરે! મને કર્મે રખડાવ્યો અને કર્મ ખસે તો મને લાભ થાય, તો હું આત્માને જાણી શકું એમ પ્રશ્નમાં નથી એને. આહાહા..! કહો, ચેતનજી! આ છે કે નહિ? પ્રશ્નમાં તો આ છે. આમાં કોની સાથે? ભાઈ! તારી ભૂલથી તું રખડ્યો છો. ભૂલ કર્મે કરાવી છે એમ નથી. ભૂલનો કર્તા, કર્મ, કરણ પોતે જીવની પર્યાય છે. આહાહા..! એમાં જ્યારે સમરસીભાવથી જણાય ત્યારે ઓલો વિષમભાવ વ્યય થઈ જાય છે. સમજાણું કાંઈ? અને પરના અભાવથી થયું એ તો ક્યાંય રહી ગયું, પણ વ્યયથી ઉત્પાદ થયો એ પણ વ્યવહારની વાતું છે. આહાહા..! મારા વિષમભાવને કારણે મને ઉત્પન્ન ન થયું આત્માનું જ્ઞાન, એમ કહે છે. આહાહા..!

આ તો એકદમ સમ્યગ્દર્શન અને એનો વિષય આત્મા એની વાત છે. સમજાણું કાંઈ? એ કોઈ બીજી રીતે પમાય, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરતાં એની કૃપા થઈ જાય તો પમાય, મોટા પુરુષની

કૃપા થઈ જાય તો પમાય. એમ નહિ હોય? આહાહા..! મોટો પુરુષ તો તું છો. આહાહા..! એ મોટપની માન્યતા તને આવે તો એ મોટપની તારી મોટપ સાચી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, હરજીવનભાઈ! હરજીવન છે—હરેક સમયે જીવતી જાત છે. આહાહા..! એને સમભાવથી જણાય એવી એ ચીજ છે. વિકલ્પથી અને વ્યવહારથી, ગુરુથી જણાય, તો આમાં આમ ન આવ્યું? વાણીથી જણાય નહિ, દેવ-ગુરુ અને શાસ્ત્રથી જણાય નહિ. આહાહા..! એય! તમે ભગવાનની વાણીથી ન જણાય એમ કહો છો. અરે! પ્રભુ! સાંભળને ભાઈ! એ બધા વ્યવહારના કથન ઘણા હોય અને દિવ્યધ્વનિ પણ અનંતવાર સાંભળી. સમવસરણમાં ભવે ભવે પૂજા કરી ભગવાનની. ભાઈ! એ વસ્તુ નથી, એ પામવાની વસ્તુ નથી. પામવાની વસ્તુ તો રાગથી ખસી અને સમભાવરૂપી નિર્વિકલ્પ દૃષ્ટિથી જણાય એવો છે એ. આહાહા..! કારણ કે નિર્વિકલ્પ વીતરાગી સ્વરૂપ છે એ તો. આહાહા..! સમજાણું કાંઈ?

**'યોગીન્દ્રદેવ સે બિનંતી કરતા હૈ,...'** **'પ્રભાકર ભટ્ટ પછતાતા હુઆ,...'** પશ્ચાતાપપૂર્વક **'યોગીન્દ્રદેવ સે બિનંતી કરતા હૈ, કિ હે સ્વામિન્ મૈંને અબ તક રાગાદિ વિભાવરહિત નિર્વિકલ્પ સમાધિ મેં મન લગાકર આત્મદેવ નહીં જાના,....'** આહાહા..! શું પણ? થોડા શબ્દોમાં (ઘણું ભર્યું)! શિષ્યને એટલી કબુલાત પોતાથી આવી છે એમ કહે છે. આહાહા..! પ્રભુ! મેં મારા આત્માને મારા સમભાવથી એટલે કે વિકલ્પથી રહિત ... છે ને પહેલું? નિર્વિકલ્પ સમાધિ, ઓલાથી રહિત, આનાથી સહિત. આહાહા..! રાગાદિ વિભાવરહિત, નિર્વિકલ્પ સમાધિસહિત મેં નિર્વિકલ્પમેં મન લગાવીને, આહાહા..! **'આત્મદેવ નહીં જાના,...'** એનો અર્થ એ કે એ પોતે વીતરાગી પર્યાય દ્વારા જ જણાય એવો છે. આહાહા..! વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગી પર્યાય છે. આહાહા..! એનાથી પ્રભુ જણાય એવો છે. કોઈ શાસ્ત્રજ્ઞાનથી પણ જણાય નહિ, દિવ્યધ્વનિથી જણાય નહિ. આહાહા..! બાહ્યના સત્સંગથી પણ જણાય નહિ. એનું પરમ સત્ છે તેનો સંગ કરે સમભાવે તો જણાય. આહાહા..!

મુમુક્ષુ :- બધા બાહ્યના સાધનો ઉડાવી દે છે, એક પણ રહેવા ન દે.

ઉત્તર :- વાત સાચી. કહો, ફૂલચંદજી! આ બધા સાધન તમારા જાત્રા-બાત્રાના અંતરિક્ષના, અંતરિક્ષ નહિ એને શું કહેવાય? મક્ષી. મક્ષીના મંત્રી છે ને? આહાહા..!

મેં મારા પ્રભુને સમરસીભાવે એટલે કે રાગરહિત અને સમરસી અસ્તિ. રાગની નાસ્તિ અને સમરસની અસ્તિ, એ વડે મેં ન જાણ્યો. આહાહા..! અને એ વડે જ જણાય એમ પાછું, એમ કે એ વડે ન જણાય એનો અર્થ? એ વડે જ જણાય, બીજી રીતે જણાય નહિ. આહાહા..!

**'ઈસલિયે ઈતને કાલ તક...'** આહાહા..! અનાદિથી કાળ અત્યાર સુધી પ્રભુ અનંતકાળ. આહાહા..! **'સંસાર મેં ભટકા...'** બધા શબ્દાર્થ અંદર.. તાત્વિક શબ્દ પડ્યો છે ને એમાં? સમરસીનો અર્થ કર્યો છે, નહિ? વીતરાગતા. 'वीतरागतात्त्विकमनोहरानन्दस्यन्दिनि' આહાહા..! બધા શબ્દો નથી નાખ્યા એણે. 'वीतरागतात्त्विक' છે ને? 'मनोहरानन्दस्यन्दिनि' એવો

સમરસીભાવ. જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એવો સમરસીભાવ. આહાહા..! રાગના સ્વાદથી રહિત સમરસીના ભાવથી જાણવામાં આવે એ સમરસી આનંદના સ્વાદવાળી દશા છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પરમાત્મપ્રકાશે તો ગજબ કર્યું છે કામ! આહાહા..!

**'મન લગાકર આત્મદેવ નહીં જાના,...'** પરદેવ નહિ જાણ્યા અને પર ગુરુ નથી જાણ્યા એમ નથી કહ્યું. આહાહા..! આત્મદેવ 'દિવ્યશક્તિમાન જેથી જંજીરેથી નીકળે.' આહાહા..! આવે છે ને શ્રીમદ્‌માં? 'બહુ પુણ્ય...' દિવ્યશક્તિ એટલે લીધું ને, અનંતગુણનો આધાર? દિવ્ય શક્તિઓનો આધાર અનંતગુણનો નાથ પ્રભુ, અરે! એની શું વ્યાખ્યા અને એની શું ટીકા! એ વસ્તુ તો અલૌકિક વસ્તુ છે! આહાહા..! વાણીમાં આવે નહિ, વિકલ્પથી જણાય નહિ, મનના સંબંધે જણાય નહિ, શુભવિકલ્પથી જણાય નહિ, દેવ-ગુરુની વાણીથી જણાય નહિ. આહાહા..! લોકો બિચારા એમ કહે, હોં! ખરેખર...

મુમુક્ષુ :- એકેય સાધન ન રહ્યું.

ઉત્તર :- સાધન હતું જ ક્યાં પણ એ? આહાહા..!

સાધન તો રાગરહિત સમરસીભાવ એ સાધન. સાધન અને સાધ્ય બેય એક સમયમાં છે. એ પર્યાય સાધન અને પર્યાય કર્મ—કાર્ય એક સમયમાં જ છે. આહાહા..! દ્રવ્યને કારણ કહેવું એ પણ એક ઉપચારિક કથન છે. આહાહા..! બાકી તો પર્યાય અને સમરસીની પર્યાય, આહાહા..! એનાથી જણાણો એ સમરસીની પર્યાય કર્તા થઈને કાર્ય તે સમયે લીધું છે. તે સમયે સાધન થઈને સાધ્ય જે પર્યાય એ વખતે પ્રગટી છે. આહાહા..! આવી વાતું છે. આહાહા..! સત્યના ભાવો કોઈ જુદી જાતના જગતથી, ભાઈ! ક્યાં વયો જાય આત્મા દેહ છોડીને. આહાહા..! કોઈ ક્ષેત્ર, કાળ, ભાવ ... આહાહા..! કોઈ ન મળે. આહાહા..! એને માટે પાપ કર્યા, રોકાણો એ પણ પડ્યા રહ્યા એમાં.

મુમુક્ષુ :- એની ભેગા જાય છે?

ઉત્તર :- એને જીવતા તો મારું સેવન કરે ત્યાં સુધી તો ભાવ હોય. આહાહા..! કોણ કરે પ્રભુ સેવા? શરીરની કરે કે તારી કરે? શરીર એ જડ છે એની શું થાય? અને તું અરૂપી છે, તારી સેવા શું થાય? તારી સેવા તો સમરસીભાવની સેવા થાય એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- એ તો પોતાથી થાય.

ઉત્તર :- એ તો અહીં કહે છે, મેં મારા દેવને સેવ્યો નહિ. સમરસી નિર્વિકલ્પ સમાધિથી સેવવો જોઈએ એ મેં સેવ્યો નહિ. આહાહા..!

મુમુક્ષુ :- એમ કીધા કરે તો તેથી કાંઈ...

ઉત્તર :- કીધા કરે નહિ, અંદર ભાવમાં જ આવે. વાણીમાં શું છે? વાણી તો વાચક છે. આહાહા..! એના ભાવમાં આવે એમ કહે છે અહીં. વાચક તો શબ્દ છે એની સાથે શું સંબંધ છે? વાચ્ય જે છે સમરસી, એને હજી શ્રદ્ધામાં પણ વાંધા, વિકલ્પથી જણાય અને આનાથી એ તો હજી શબ્દનો વાચક છે એનામાં પણ એના વાંધા. આહાહા..! ત્યાં રોકાણો એને અંદરમાં જઈ શી રીતે

શકે? આહાહા..! સમજાણું કાંઈ?

**'ઈસલિયે ઈતને કાલ તક સંસાર મેં ભટકા...'**

મુમુક્ષુ :- શું કારણે પોતે ભટક્યો એ તો પોતે જાણી લીધું.

ઉત્તર :- જાણી લીધું પણ ત્યારે હવે જાણીને કર્યું નથી ને પાછું. એ તો ખ્યાલમાં આવી વાત. સમજાણું? પણ સમરસી ભાવ કર્યો નથી માટે ભટક્યો એમ કહે છે. આહા..!

મુમુક્ષુ :- પછી કાંઈ કહેવાનું રહેતું નથી એણે જ કીધું કે સમરસી ભાવથી થાય.

ઉત્તર :- કાંઈ નહિ. એ તો કહે છે. એ તો એણે સમરસીથી જાણ્યો નથી માટે મને હવે જણાવો એમ કહે છે. બીજી વાત કાંઈ જોઈતી નથી મારે. આહાહા..! એમ તો એનો પ્રશ્ન જ એ છે જુઓને. આહાહા..! શું કીધું જુઓ.

**'નિજસ્વરૂપકી પ્રાપ્તિ કે બિના મૈં નષ્ટ હુઆ.'** આહાહા..! મારા સ્વરૂપને સમજ્યા વિના હું (રખડ્યો). શ્રીમદ્‌માં પણ એમ આવ્યું ને? 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' એમાં એ આવ્યું છે. એમ નથી કે મેં ક્રિયા કરી નથી વ્યવહારની, ગુરુની સેવા કરી નથી કે મેં સાંભળ્યું નથી. એમ નથી. આહાહા..! સ્વરૂપને સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત. સમજાવ્યું એ નિમિત્તથી કથન છે. સમજાયું એ ઉપાદાનથી. આહાહા..! 'સમજાયું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ...' સત્‌-ગુરુ પોતે ભગવાન છે. આહાહા..! એને .. સમજાણું કાંઈ?

**'નિજસ્વરૂપકી પ્રાપ્તિ કે બિના મૈં નષ્ટ હુઆ. અબ ઐસા ઉપદેશ કરે...'** દેખો! જાણ્યું છે, મેં આમ કર્યું, પણ મને હવે એવો ઉપદેશ એવો દ્યો કે એ મને સમભાવ પ્રગટ થાય. ગુરુ નિમિત્તથી વાત કરે છે ને? **'જિસસે ભ્રમ મિટ જાવે.'** એવો ઉપદેશ કરો કે ભ્રમ મટી જાય. એક કોર કહે છે ઉપદેશથી પણ મળે નહિ, સમરસીથી મળે. શૈલી જ એવી હોય વ્યવહારની. આહાહા..! મેં સમરસભાવ ન કર્યો માટે નષ્ટ થયો. ત્યારે એવો ઉપદેશ મને આપો.. આહાહા..! કે **'ભ્રમ મિટ જાવે.'** કહો, સમજાણું? **'જિસસે ભ્રમ મિટ જાવે.'** દેખો ભાષા એમ છે. **'ઐસા ઉપદેશ કરે કિ જિસસે ભ્રમ મિટ જાવે.'** એની પોતાની ભાવનામાં એમ છે કે ભ્રમ મટી જાય એવો ભાવ જોઈએ છે મારે. સમજાણું કાંઈ? આહાહા..! ઉપદેશ તો સાંભળવાની વાત છે. આહાહા..!

**'ઈસપ્રકાર પરમોપદેશકે કથનકી મુખ્યતા સે દસ દોહે કહે હૈં.'** લ્યો!

---

## ગાથા-૧૬૬

अथ परमोपशमभावसहितेन सर्वसंगपरित्यागेन संसारविच्छेदं भवतीति युग्मेन निश्चिनोति–

२९७) सयल वि संग ण मिल्लिया णवि किउ उवसम-भाऊ।
सिव-पय-मग्गु वि मुणिउ णवि जहिँ जोइहिँ अणुराउ।।१६६।।

२९८) घोरु ण चिण्णउ तव-चरणु जं णिय-बोहहं सारु।
पुण्णु वि पाउ वि दड्ढु णवि किमु छिज्जइ संसारु।।१६७।।
सकला अपि संगाः न मुक्ताः नैव कृत उपशमभावः।
शिवपदमार्गोडपि मतो नैव यत्र योगिनां अनुरागः।।१६६।।
घोरं न चीर्णं तपश्चरणं यत् निजबोधस्य सारम्।
पुण्यमपि पापमपि दग्धं नैव किं छिघति संसारः।।१६७।।

सयल वि इत्यादि। सयल वि समस्ता अपि संग मिथ्यात्वदिचतुर्दशभेदभिन्ना आभ्यन्तराः क्षेत्रवास्तवादिबहुभेदभिन्ना बाह्या अपि संगाः परिग्रहाः ण मिल्लिया न मुक्ताः। पुनरपि किं न कृतम्। णवि किउ उवसम-भाऊ जीवितमरणलाभालाभसुखदुःखा-दिसमताभावलक्षणो नैव कृतः उपशमभावः। पुनश्च किं न कृतम्। सिव-पय-मग्गु वि मुणिउ णवि ''शिवं परमकल्याणं निर्वाणं शान्तमक्षयम्। प्राप्तं मुक्तिपदं येन स शिवः परिकीर्तितः।।'' इति वचनात् शिवशब्दवाच्यो योडसौ मोक्षस्तस्य मार्गोडपि न ज्ञातः। कथंभूतो मार्गः। स्वशुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुचरणरुपः। यत्र मार्गे किम्। जहिं जोहहिं अणुराउ यत्र निश्चयमोक्षमार्गे परमयोगिनामनुरागस्तात्पर्यम्। न केवलं मोक्षमार्गोडपि न ज्ञातः। घोरु ण चिण्णउ तव-चरणु घोरं दुर्धरं परीषहोपसर्गजयरुपं नैव चीर्णं न कृतम्। किं तत्। अनशनादिद्वादशविधं तपश्चरणम्। यत्कथंभूतम्। जं णिय-बोहहं सारु यत्तपश्चरणं वीतरागनिर्विकल्पस्वसंवेदनलक्षणेन निजबोधेन सारभूतम्। पुनश्च किं न कृतम्। पुण्णु वि पाउ वि निश्चयनयेन शुभाशुभनिगलद्वयरहितस्य संसारिजीवस्य व्यवहारेण सुवर्णलोह-निगलद्वयसदृशं पुण्यपापद्वयमपि दड्ढु णवि शुद्धात्मद्रव्यानुभवरुपेण ध्यानाग्निना दग्धं नैव। किमु छिज्जइ संसारु कथं छिघते संसार इति। अत्रेदं व्याख्यानं ज्ञात्वा निरन्तरं शुद्धात्मद्रव्यभावना कर्तव्येति तात्पर्यम्।।१६६-१६७।।

आगे परमोपदेस भाव सहित सब परिग्रहका त्याग करनेसे संसारका विच्छेद होता है, ऐसा दो दोहेमें निश्चय करते हैं-

गाथा-१६६-१६७

अन्वयार्थः- [सकला अपि संगाः] सब परिग्रह भी [न मुक्ताः] नहीं छोडे, [उपशमभावः नैव कृतः] समभाव भी नहीं किया [यत्र योगिनां अनुरागः] और जहाँ योगीश्वरोंका प्रेम है, ऐसा [शिवपदमार्गोडपि] मोक्ष-पद भी [नैव मतः] नहीं जाना, [घोरं तपश्चरणं] महा दुर्धर तप [न चीर्णं] नहीं किया, [यत्] जो कि [निजबोधेन सारम्] आत्मज्ञानकर शोभायमान है, [पुण्यमपि पापमपि] और पुण्य तथा पाप ये दोनों [नैव दग्धं] नहीं भस्म किये, तो [संसार] संसार [किं छिघते] कैसे छूट सकता है?

भावार्थः- मिथ्यात्व, (अतत्त्व श्रद्धान) राग, (प्रीतिभाव दोष) दोष, (वैरभाव)

वेद, (स्त्री, पुरुष, नपुंसक) क्रोध-मान-माया-लोभरुप चार कषाय, और हास्य, रति, अरति, शोक, भय, ग्लानि-ये चौदह अंतरंग परिग्रह, क्षेत्र, (ग्रामादिक) वास्तु, (गृहादिक) हिरण्य, (रुपया, पैसा, मुहर आदि) सुवर्ण, (गहने आदि) धन, (हाथी, घोड़ा, आदि) धान्य, (अन्नादि) दासी, दास, कुप्य (वस्त्र तथा सुगंधादिक), भांड (बर्तन आदि) ये दस तरहके बाहरके परिग्रह, इसप्रकार बाह्य अभ्यंतर परिग्रहके चौबिस भेद हुए, इनको नहीं छोड़ा। जीवित, मरण, सुख, दुःख, लाभ, अलाभादिमें समान भाव कभी नहीं किया, कल्याणरुप मोक्षका मार्ग सम्यग्दर्शन ज्ञान चारित्र भी नहीं जाना। निजस्वरुपका श्रद्धान, निजस्वरुपका ज्ञान और निजस्वरुपका आचरण निश्चयरत्नत्रय तथा नव पदार्थोंका श्रद्धान, नव पदार्थोंका ज्ञान और अशुभ क्रियाके त्यागरुप व्यवहाररत्नत्रय-ये दोनों ही मोक्षके मार्ग हैं, इन दोनोंमेंसे निश्चयरत्नत्रय तो साक्षात् मोक्षका मार्ग है, और व्यवहाररत्नत्रय परम्पराय मोक्षका मार्ग है। ये दोनों मैंने कभी नहीं जाने, संसारका ही मार्ग जाना। अनशनादि बारह प्रकारका तप नहीं किया, बाईस परीषह नहीं सहन की। तथा पुण्य सुवर्णकी बेड़ी, पाप लोहेकी बेड़ी, ये दोनों बंधन निर्मल आत्मध्यानरुपी अग्निसे भस्म नहीं किये। इन बातोंके बिना किये संसारका विच्छेद नहीं होता, संसारसे मुक्त होनेके ये ही कारण हैं। ऐसा व्याख्यान जानकर सदैव शुद्धात्मस्वरुपकी भावना करनी चाहिए।।१६६-१६७।।

એ પ્રમાણે પરમ ઉપદેશના કથનની મુખ્યતાથી દસ ગાથાસૂત્રો સમાપ્ત થયાં.

હવે, પરમ ઉપશમભાવ રહિત સર્વસંગના ત્યાગ વડે સંસારનો નાશ થાય છે, એમ બે ગાથાસૂત્રોથી નક્કી કરે છે :-

ભાવાર્થઃ- જો મિથ્યાત્વ, રાગ, દ્વેષ, ચાર કષાય, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, ગ્લાનિ અને વેદ એ ચૌદ પ્રકારના ભેદથી ભેદવાળા અભ્યન્તર પરિગ્રહો તથા ક્ષેત્ર, વાસ્તુ આદિ અનેક પ્રકારના ભેદથી ભેદવાળા (ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, દાસી, દાસ, કુપ્ય, ભાંડ એ દશ પ્રકારના) બાહ્ય પરિગ્રહો-એ રીતે સમસ્ત પરિગ્રહોને પણ છોડ્યા નહિ. જીવિત-મરણ, લાભ-અલાભ, સુખ-દુઃખાદિમાં સમતાભાવ જેનું લક્ષણ છે એવો ઉપશમભાવ ન કર્યો ''शिवं परमकल्याणं निर्वाणं शान्तमक्षयम्। प्राप्तं मुक्तिपदं येन स शिवः परिकीर्तितः।।'' ( આપ્ત સ્વરૂપ ૨૪) [અર્થ :-શિવરૂપ, (પરમકલ્યાણરૂપ, નિર્વાણરૂપ, શાંત અને અક્ષય મુક્તિપદ જેણે પ્રાપ્ત કર્યું છે તે શિવ છે) એ વચનાનુસારે 'શિવ' શબ્દથી વાચ્ય જે મોક્ષ છે તેના સ્વશુદ્ધ આત્માનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુચરણરૂપ માર્ગને પણ-કે જે નિશ્ચયમોક્ષમાર્ગમાં પરમયોગીઓને અનુરાગ-તાત્પર્ય છે તેને પણ જાણ્યો નહિ, કેવળ મોક્ષમાર્ગને જાણ્યો નહિ એટલું જ નહિ પણ જે વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જેનું લક્ષણ છે એવા

**નિજબોધથી સારભૂત ઘોર, દુર્ધર પરિષહ, ઘોર, દુર્ધર ઉપસર્ગના જયરૂપ અનશનાદિ બાર પ્રકારનું તપશ્ચરણ કર્યું નહિ અને નિશ્ચયનયથી શુભાશુભ બન્ને બેડીથી રહિત એવા સંસારીજીવનાં, વ્યવહારનયથી સોનાની અને લોઢાની બે બેડી જેવાં પુણ્ય અને પાપ બન્નેને પણ શુદ્ધ આત્મદ્રવ્યના અનુભવરૂપ ધ્યાનની અગ્નિ વડે બાળ્યાં નહિ તો સંસાર કેવી રીતે છેદાય?]**

**અહીં, આ વ્યાખ્યાન જાણીને નિરંતર શુદ્ધ આત્મદ્રવ્યની ભાવના કરવી જોઈએ, એવું તાત્પર્ય છે. ૧૬-૧૬૭.**

## ગાથા-૧૬૬-૧૬૭ ઉપર પ્રવચન

'**આગે પરમોપદેસ ભાવસહિત...**' એ શબ્દ ફેર પડી ગયો છે. ઉપશમ જોઈએ. ત્યાં પરમોપદેશભાવ છે ને, ત્યાં પરમ ઉપશમ જોઈએ. '**परमोपशमभावसहितेन**' સંસ્કૃતમાં છે. પણ ઓલું ઉપદેશ ઉપદેશ લખેલું છે ને એટલે ઉપદેશ કરી નાખ્યું છે. '**આગે પરમોપદેસ ભાવસહિત સબ પરિગ્રહ કા ત્યાગ કરને...**' એકદમ મુનિપણાની વાત કરે છે. ચારિત્ર છે એ મુક્તિનું સીધું કારણ છે ને. એથી ચારિત્રની પ્રાપ્તિ કેમ થાય? સમ્યગ્દર્શન હોવા છતાં એ ચારિત્રની પ્રાપ્તિની વ્યાખ્યા છે. '**પરમોપદેસ (ઉપશમ) ભાવસહિત સબ પરિગ્રહ...**' એકલો પરિગ્રહનો ત્યાગ કરે એમ નહિ એમ કહે છે. પરમઉપશમભાવ સહિત. આહાહા..! સમજાણું કાંઈ? ઓલા કહે, એ પરિગ્રહનો ત્યાગ કરે એટલે અહીં ઉપશમભાવ થાય, સમભાવ થાય. પ્રતિક્રમણમાં આવ્યું ને? દ્રવ્યનો ત્યાગ કરે તો ભાવનો ત્યાગ થાય. આ તો એમ કહે છે, ભાવના ત્યાગ માટે પરના ત્યાગનું કથન છે. ત્યાં તો એમ છે. આહાહા..! અરે! શાસ્ત્રની શૈલીને પણ પલટાવી નાખવી. ભગવાનનો આશય શું છે સંતોનો, એની રીતને ફેરવી નાખવી એ જીવનું સાહસ કેટલું છે!

'**પરમઉપશમભાવ સહિત સબ પરિગ્રહ કા ત્યાગ કરને સે...**' એમ કરીને એમ કહ્યું કે બાહ્ય ત્યાગ તો કર્યો અનંતવાર પણ ઉપશમભાવ સહિત અસદ્ભુત વ્યવહારે પરનો ત્યાગ થયો નહિ એને. ઉપશમભાવ થયો તો પરનો ત્યાગ અસદ્ભુત વ્યવહારનયે કહેવાય. પણ જ્યાં ઉપશમભાવ થયો જ નથી ત્યાં પરનો ત્યાગ ઉપશમભાવે ક્યાં છે એને? આહાહા..! બધામાં એમ છે.

મુમુક્ષુ :- ઉપદેશ છે.

ઉત્તર :- ઉપદેશ છે? બધામાં નવામાં પણ? ઉપશમ જોઈએ.

પરમ ઉપશમભાવ સહિત '**સબ પરિગ્રહ કા ત્યાગ...**' પરિગ્રહ શબ્દે રાગાદિ, મિથ્યાત્વાદિ છે ને? ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ અને દસ પ્રકારનો બાહ્ય, બધો. આહાહા..! પરમ ઉપશમભાવ સહિત રાગાદિ પરિગ્રહનો ત્યાગ. એમ. અંદરમાં. બાહ્યથી નિમિત્ત સ્ત્રી, કુટુંબ કે પરિવાર એ હેતુ બાહ્ય. '**ત્યાગ કરને સે સંસારકા વિચ્છેદ હોતા હૈ, ઐસા દો દોહેમેં નિશ્ચય કરતે હૈં —**'

२९७) सयल वि संग ण मिल्लिया णवि किउ उवसम-भाऊ।
सिव-पय-मग्गु वि मुणिउ णवि जहिं जोइहिँ अणुराउ।।१६६।।
२९८) घोरु ण चिण्णउ तव-चरणु जं णिय-बोहहं सारु।
पुण्णु वि पाउ वि दड्ढु णवि किमु छिज्जइ संसारु।।१६७।।

આ તો સંસ્કૃત પણ નથી. ચાલતી ભાષા નહિ એની? સંસ્કૃત પણ નથી. એની પોતાની જે ભાષા હશે ને એમાં કરી નાખી.

**અન્વયાર્થ :—** ગુરુ ઉત્તર આપે છે. '**સબ પરિગ્રહ ભી નહીં છોડે,...**' આહાહા..! '**ઔર સમભાવ ભી નહીં કિયા ઔર જહાં યોગીશ્વરોં કા પ્રેમ હૈ, ઐસા મોક્ષ-પદ ભી નહીં જાના,...**' આહાહા..! સંતોનો પ્રેમ તો મોક્ષમાં છે કહે છે. મુનિઓનો પ્રેમ મોક્ષમાં છે. મુનિઓનો પ્રેમ પરદ્રવ્યમાં નથી, રાગમાં નથી, વ્યવહારરત્નત્રયમાં નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઉપશમભાવ '**સમભાવ ભી નહીં કિયા...**' '**यत्र योगिनां अनुरागः**' '**ઔર જહાં યોગીશ્વરોં કા પ્રેમ હૈ, ઐસા મોક્ષ-પદ ભી નહીં જાના,...**' સંતોને તો મોક્ષમાર્ગનો પ્રેમ છે એમ કહે છે. આહાહા..! સંતોને રાગનો, વ્યવહારરત્નત્રયનો પ્રેમ નથી. આહાહા..! અને વ્યવહારરત્નત્રય આવે છે એનો પ્રેમ નથી, રુચિ નથી. આહાહા..! તો એના ફળ તરીકે સ્વર્ગ છે તેની રુચિ નથી. દેવપદ મળશે એનો પણ પ્રેમ નથી. અને એનો જેને પ્રેમ છે તેનું કારણ શુભરાગનો પણ પ્રેમ છે, તેને વીતરાગભાવનો પ્રેમ નથી. આહાહા..!

શ્રીમદ્‌માં તો એમ આવે છે, જેવો સ્ત્રી, કુટુંબ, ધંધા પ્રત્યે પ્રેમ છે એના કરતા વિશેષ પ્રેમ જેને દેવ-ગુરુ-શાસ્ત્રમાં નથી આવતો એ અનંતાનુબંધીનો ઉદય છે. જેવો પૈસામાં પ્રેમ, દીકરાનો પ્રેમ, બૈરા, છોકરાની વહુને દેખીને પણ રાજી થાય. હેં! નામ બોલાવે તો રાજી થાય. આહાહા..! એનો જેને પ્રેમ છે એને દેવ-ગુરુ-શાસ્ત્રનો પ્રેમ નથી. અથવા જેટલો ત્યાં પ્રેમ છે એટલો પ્રેમ અહીં જોઈએ, એથી વિશેષ જોઈએ તે નથી. એ તો બેમાંથી દશા પલટાવાની વાત છે. બાકી તો દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પ્રેમ જેને નથી, સંતોને તો મોક્ષ પ્રત્યે પ્રેમ છે એમ કહે છે અહીં તો. આહાહા..! હવે આ તે બધું છૂટે ક્યારે? આખો દિ' કામ કરવા, બાયડી-છોકરાને રાખવા, આ તો બાવા થાય તો થાય, જંગલમાં જાય તો. એ બાવો છે, એ જંગલમાં છે, એ ક્યાં પરની સાથે સંબંધમાં છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ... પર્યાયમાં તો રાગ છે.

ઉત્તર :- એ રાગનો રાગ છે એનો પ્રેમ નથી. બીજી રીતે કહીએ તો આસ્રવતત્ત્વ વ્યવહારરત્નત્રય છે તેના ઉપર પણ એને પ્રેમ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રેમ નથી. આહાહા..! આવી તો સ્પષ્ટ વાત છે ચોખ્ખી. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મીને તો પ્રેમ છે મોક્ષનો એમ કહે છે. આહાહા..! કેમકે એ ધ્યેય એને છે. સાધ્ય છે. ધ્યેય દ્રવ્ય

છે, સાધ્ય છે મોક્ષ. આહાહા..! આખી દૃષ્ટિ પલટતા એને પરનો પ્રેમ છૂટી જાય છે. આહાહા..! અને પરનો જ્યાં સુધી હજી એને વ્યવહારરત્નત્રયનો રાગ છે એ રાગ છે, શુભયોગ છે એનો પણ પ્રેમ છે ત્યાં સુધી તેને મોક્ષનો પ્રેમ નથી. આહાહા..!

'**મહા દુર્ધર તપ નહીં કિયા,...**' એટલે? એ ખુલાસો કર્યો છે પાછો. '**જો કિ...**' '**निजबोधेन सारम्**' જોયું! ઘોર તપ ન કિયા એટલે? આ અપવાસની એ વાત નથી ત્યાં. '**निजबोधेन सारम्**' '**આત્મજ્ઞાનકર શોભાયમાન હૈ,...**' એવું જે તપ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ઘોર તપસ્યા, '**દૂર્ધર તપ નહીં કિયા,...**' કદી અનંતકાળમાં. કેવું? '**કિ આત્મજ્ઞાનકર શોભાયમાન હૈ,...**' એવું એમ. એને આત્મજ્ઞાન નથી એ તપસ્યા એ તપસ્યા જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! પરમાત્મપ્રકાશમાં પણ થોડા શબ્દોમાં ઘણું ભર્યું છે!

'**આત્મજ્ઞાનકર શોભાયમાન હૈ,...**' જોયું! '**निजबोधेन सारम्**' તપસ્યા છે એ નિજબોધનો સાર છે. એ તો એની સ્થિરતા થઈ. સમજાણું કાંઈ? આહાહા..! ચારિત્ર—સ્વરૂપની રમણતા અને ઇચ્છાનો નિરોધ એવી તપસ્યા જેની છે એ '**निजबोधेन सारम्**' એ આત્મજ્ઞાનનો સાર છે. આહાહા..! આત્મજ્ઞાન થયું છે, એની ઉગ્રતા સ્થિરતા કરી એ આત્મજ્ઞાનનો સાર છે. આહાહા..! અપવાસ કરવા ને એ તપસ્યા સાર, એ નહિ. તે પણ જ્ઞાન વિના એ નહિ. '**निजबोधेन**' એ પણ '**આત્મજ્ઞાનકર શોભાયમાન હૈ,...**' એમ. દેવ-ગુરુ-શાસ્ત્રના જ્ઞાનથી શોભાયમાન એમ પણ નહિ. આહાહા..! '**निजबोधेन सारम्**' પોતાના આત્મામાં જ્ઞાનસહિતનો જે છે ભાવ તે શોભાયમાન છે. આત્મજ્ઞાન વિનાની તપસ્યા એ બધી અશોભનીક નિંદનીક છે. આહાહા..! વાત તે. જ્યાં આત્મજ્ઞાન સમરસીભાવથી થયું ત્યાં સ્થિર થવાનો ભાવ એને આવે છે. કારણ કે શ્રદ્ધામાં જ આવ્યું છે કે આમાં સ્થિર થાવું એટલો કર્મનો, અશુદ્ધતાનો નાશ થશે. આટલા અપવાસ કરીએ તો અશુદ્ધતાનો નાશ થશે એમ નથી ત્યાં. એ સ્વરૂપમાં જેટલો સ્થિર થઈશ, શ્રદ્ધામાં એમ આવે છે. (સમયસાર) ૧૭-૧૮માં આવ્યું છે ને. ૧૭-૧૮ ગાથામાં. એની સન્મુખ થઈને સ્થિર જેટલો થઈશ એટલી અશુદ્ધતા ટળશે. સમજાણું કાંઈ? આહાહા..! ઘોર તપસ્યા (કરે), પંચમહાવ્રત લ્યે, નગ્ન થઈ જાય એ નહિ. આત્મજ્ઞાન સહિતની સ્થિરતાની ઉગ્રતા વધી ગઈ છે એને અહીંયાં ઘોર તપસ્યા કહેવામાં આવે છે. આહાહા..!

'**पुण्यमपि पापमपि**' '**ઔર પુણ્ય તથા પાપ યે દોનોં નહીં ભસ્મ કિયે,...**' આહાહા..! આ રીતે જેણે આત્મજ્ઞાનસહિત સ્થિરતા ચારિત્ર કર્યું નથી અને આત્મજ્ઞાન સહિત જેણે પુણ્ય અને પાપનો નાશ કર્યો નથી. જોયું! આહાહા..! '**તો સંસાર કૈસે છૂટ સકતા હૈ?**' આહાહા..! જેણે ભગવાનઆત્માનું જ્ઞાન સ્વસન્મુખ થઈને કર્યું નથી અને એમાં સ્થિરતા છે જે એની શોભા છે એ કરી નથી તો તેને સંસારનું ભટકવું કેમ મટશે? આહાહા..! સમજાણું કાંઈ? પુણ્ય અને પાપનો નાશ થયો નથી, કર્યો નથી. બેયનો નાશ કરવાનું અહીં તો કહે છે. ભલે વ્યવહારનો શુભરાગ હો કે લૌકિક

રાગનો અશુભ હો, બેયને જેણે નાશ કર્યા નથી... આહાહા..! એ '**સંસાર કૈસે છૂટ સકતા હૈ?**' આહાહા..! હવે એ પરિગ્રહની વ્યાખ્યા કરે છે. પાછા કોઈ પરિગ્રહ એમ જ સમજે કે આ પૈસા, બાયડી, છોકરા પરિગ્રહ એ તો બાહ્યની વાત છે. પણ અભ્યંતરમાં મિથ્યાત્વ એ પરિગ્રહ છે મોટો. છે? અસત્ય શ્રદ્ધા, મિથ્યાત્વ એ અભ્યંતર પરિગ્રહ છે. આહાહા..! એ પરિગ્રહનો ત્યાગ કરીને આત્મબોધ કર્યો નથી એને આત્માની સ્થિરતારૂપી આત્મબોધનો સાર પ્રગટ થતો નથી. આવી વાત છે. બાહ્યમાં લોકોને મીઠાશ છે ને?

'**મિથ્યાત્વ,...**' '**(अतत्त्व श्रद्धान)**' '**રાગ, પ્રીતિભાવ...**' કોઈપણ પ્રત્યે પ્રીતિભાવ એ રાગ એ પરિગ્રહ છે. આહાહા..! એ બધો ચોવીસ પ્રકારના પરિગ્રહમાં અભ્યંતર પહેલો લીધો. સમજાણું? '**દ્વેષ,...**' '**(वैरभाव)**' પર પ્રત્યે જે વિરોધભાવ એ દ્વેષ, એ પરિગ્રહ છે. અંતરનો પરિગ્રહ એ દ્વેષ અંતરનો પરિગ્રહ છે. '**વેદ,...**' '**स्त्री, पुरुष, नपुंसक**' આહાહા..! વેદનો રાગ એ અભ્યંતર પરિગ્રહ છે. આહાહા..! જે વિષય-વાસનામાં, રાગમાં પડ્યો છે, જે રાગ એણે છોડ્યો નથી એને સંસારથી કેમ છૂટે? આહાહા..! સમજાણું કાંઈ? આની શૈલી જ એવી છે, જોઈ? એ અભ્યંતર પરિગ્રહ છે એનો ત્યાગ. આહાહા..! સમજાણું કાંઈ? '**ક્રોધ-માન-માયા-લોભરૂપ ચાર કષાય,...**' ચૌદ પ્રકારનો છે ને? '**ઔર હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, ગ્લાનિ-યે ચૌદહ અંતરંગ પરિગ્રહ,...**' છે. એ પરિગ્રહનો જેણે ત્યાગ કર્યો નથી, આહાહા..! એને શિવમાર્ગની કદી પ્રાપ્તિ થતી નથી. આની નાસ્તિ કરી નથી, એની અસ્તિ શિવમાર્ગની થતી નથી. એનો વ્યય કર્યો નથી, એને ઉત્પાદ મોક્ષનો થતો નથી, એમ કહે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે ને? પોતામાં ને પોતામાં છે ને વ્યય અને ધ્રુવ? પરની સાથે શું સંબંધ છે? એ અભ્યંતર પરિગ્રહનું વિશેષ આવશે.. (શ્રોતા :- પ્રાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, મહા વદ ૧૨, મંગળવાર
## તા. ૧૫-૦૨-૧૯૭૭, ગાથા-૧૬૬-૧૬૭, પ્રવચન નં. ૨૧૭

પરમાત્મપ્રકાશ, ૧૬૬-૧૬૭. શિષ્યનો પ્રશ્ન એ છે કે પરમ ઉપશમભાવ સહિત. ગુરુ કહે છે શિષ્યના પ્રશ્નનો ઉત્તર. આત્મા શુદ્ધચૈતન્ય વસ્તુ જ્ઞાયક વસ્તુ, એની દૃષ્ટિ અને એમાં એકાગ્રતારૂપી ઉપશમભાવ એટલે કે સમભાવ એટલે કે વીતરાગી પર્યાય, એ સહિત '**સબ પરિગ્રહ કા ત્યાગ કરનેસે સંસાર કા વિચ્છેદ હોતા હૈ,...**' એકલા પરિગ્રહના ત્યાગથી નહિ. એકલા સંસારના વ્યવહારરત્નત્રય આદિનો આદર કરે એનાથી નહિ. ઉપશમભાવ સહિત વ્યવહારરત્નત્રય હો તો એને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પણ શરત આ—સમભાવ. નિર્વિકલ્પ આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ એનો મુખ્ય ભાવ. એ સહિત જેને વ્યવહારરત્નત્રય હોય તો એને મોક્ષનો માર્ગ વ્યવહાર અને ઉપચારથી કહે, નિશ્ચયને યથાર્થથી કહે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થઃ- મિથ્યાત્વ, (અતત્ત્વ શ્રદ્ધાન)**...' એટલે કે જે પુણ્યભાવ છે તે પુણ્યતત્ત્વ છે એને ધર્મની શ્રદ્ધાનું કારણ છે એમ માનવું એ પણ મિથ્યાત્વભાવ છે. અતત્ત્વ શ્રદ્ધાન છે ને? આહાહા..! એ લોકો એમ જ કહે છે કે વ્યવહાર મુનિના વ્રતો અને શ્રાવકના વ્રતો અને અપવાસ એ બધું સાધન છે સમ્યગ્દર્શન વિના. અને સમ્યગ્દર્શનની તો ખબર ન પડે એમ કહે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન વિના મુનિપણું કેમ આવે?

ઉત્તર :- આ વ્રત લે છે, ચારિત્ર કરે છે તે શું છે? એ કંઈ મુનિપણાના સમકિત વિના એ ચારિત્ર હોય?

મુમુક્ષુ :- એવું તો અભવિને પણ હોય છે.

ઉત્તર :- અભવિ પણ અનંતવાર એવું કરે છે.

અહીં તો શરત પહેલી એ જ મુકી જુઓને. '**परमोपशमभावसहितेन**' આહાહા..! ઉપદેશ શબ્દ છે ને? એ ફેર છે. '**परमोपशमभावसहितेन**' આહાહા..! વસ્તુનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય વીતરાગ સ્વભાવ એવા શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, એની રમણતા સિવાય સમતાસહિત હોય તો પરિગ્રહનો ત્યાગ, રાગનો ત્યાગ એ યથાર્થ કહેવામાં આવે. એ રાગનો ત્યાગ એમાં એ ચૌદ પરિગ્રહ છે ને ચૌદ પ્રકારમાં? મિથ્યાત્વ પરિગ્રહ છે એ છે ને અતત્ત્વશ્રદ્ધાન? એનો ત્યાગ પણ ક્યારે થાય? કે સ્વભાવની દૃષ્ટિ કરે ત્યારે મિથ્યાત્વરૂપી પરિગ્રહનો ત્યાગ થાય. આરે આવી વાત છે.

વિપરીત શ્રદ્ધા એટલે પુણ્યને ધર્મ માનવો અને ધર્મને નિશ્ચય ધર્મનું રાગ છે તે કારણ માનવું એવું જે અતત્ત્વશ્રદ્ધાન, એ પરિગ્રહ છે. એનો ત્યાગ ઉપશમભાવથી હોય છે. સમજાણું કાંઈ? ખરેખર તો એ અતત્ત્વ શ્રદ્ધાન છે, ઉદયભાવ છે મિથ્યાત્વ. એનો ત્યાગ તો આત્મા શુદ્ધચૈતન્યઘન છે, વીતરાગસ્વરૂપે પ્રભુ છે. એવી જે દૃષ્ટિમાં સમકિત, સમભાવ ઉત્પન્ન થવો. આહાહા..! એ સહિત રાગનો ત્યાગ હોય, મિથ્યાત્વનો ત્યાગ હોય તે ત્યાગ ઠીક છે. બહારનો ત્યાગ પછી. પહેલો તો હજી મિથ્યાત્વ અને રાગનો ત્યાગ પણ છે ને? ચૌદ પ્રકારનો પરિગ્રહ અભ્યંતર અને દસ બાહ્ય. આહાહા..! બાહ્ય તો એણે ગ્રહ્યો જ નથી એટલે છોડવું એ તો પ્રશ્ન એમાં છે નહિ. પણ જ્યારે રાગનો ત્યાગ થાય છે ઉપશમભાવથી ત્યારે એ મિથ્યાત્વ અને રાગના ત્યાગના નિમિત્તો છે એનો પણ ત્યાં ત્યાગ થઈ જાય છે. આહાહા..! આવી શરતું.

નિશ્ચય-વ્યવહારનયનું છે ને આમાં? ખાણિયા ચર્ચામાં. એમ તો એક જ વાત કરે છે. મુનિ અને સાધુની જે ચર્યા વ્રતાદિ છે એ સાધન છે. એને તમે પુણ્ય કહીને ઉડાવી દ્યો છો. તમે આગમનો વિરોધ કરો છો. આગમ એમ નથી કહેતું એમ કહે. ઠીક હવે. આહા..! એ અહીં કહે છે. અંતરમાં વીતરાગ સ્વભાવની પરિણતિ એ સ્વને આશ્રયે થાય તેના સહિતમાં રાગનો અને મિથ્યાત્વનો ત્યાગ અને બાહ્યથી વસ્ત્ર-પાત્રનો ત્યાગ એ અસદ્‌ભૂત વ્યવહારનય. સમજાણું કાંઈ? આહા..! રાગનો ત્યાગ એ અશુદ્ધ નિશ્ચયનયે, પણ ત્યારે એને ત્યાગ કહેવાય. આહાહા..!

ઉપાદેય આત્મા શુદ્ધ પરમસ્વભાવ પરમપારિણામિકભાવ. આહાહા..! એવી વાત ઝીણી પડે

એટલે લોકો બિચારા બહારથી પ્રથા ચલવી છે ને એને, સામે આ વાત આવી એટલે. કહે છે કે અતત્ત્વ શ્રદ્ધાનરૂપી પરિગ્રહ એનો ત્યાગ ક્યારે હોય? કે ઉપશમભાવ અહીંયાં કરે તો એનો ત્યાગ હોય. સમજાણું કાંઈ? આહાહા..! એ ઘરમાં વીતરાગતા ભરી છે અંદર. એ વીતરાગતાની સન્મુખ થાય ત્યારે અતત્ત્વ શ્રદ્ધાનરૂપી પરિગ્રહનો ત્યાગ થાય. એના વિના ત્યાગ થાય નહિ. આહાહા..! આવી વાત છે.

'રાગ (**પ્રીતિભાવ દોષ**)...' એ પણ પરિગ્રહ છે. ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હોય. એ આગંતુકભાવ છે, એનો સ્વભાવભાવ નથી. એનો ત્યાગ પણ ક્યારે થાય? કે સ્વભાવનો ઉપશમભાવ પ્રગટ કરે તો. ઉપશમ શબ્દે અહીં સમભાવ છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ સમભાવ પ્રગટ કરે ત્યારે તે રાગ ને પ્રીતિના ભાવનો ત્યાગ થાય. એ વિના ત્યાગ છે એ બધો મિથ્યા ત્યાગ છે. આહાહા..! આવું છે.

'**દોષ, (વૈરભાવ)**...' પણ એ દ્વેષ પણ ત્યારે ત્યાગ થાય. નાસ્તિ છે ને એ ત્યાગ થવો. પણ જેને અસ્તિપણે પરમાત્મસ્વરૂપ અનુભવમાં આવ્યું છે સમભાવમાં, એને એ દ્વેષનો ત્યાગ થાય. સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિ આવી છે પણ માણસે ગડબડ કરી નાખી. ચોર કોતવાલને દંડે એવું કર્યું. પ્રભુ! આ માર્ગ તારા હિતનો છે ભાઈ. ખોટે રસ્તે નહિ એ માર્ગ આવે. પ્રભુ પાસે જવું હોય તો તો રાગથી ભિન્ન થઈને જવાશે. રાગને હાથમાં—જ્ઞાનમાં રાખીને જવાશે ત્યાં? આહાહા..! વ્યાખ્યા તો સરસ પણ ભાવ એને સમજવો અંદર. આહાહા..!

ભગવાનઆત્મા સમભાવનો તો પિંડ છે. સમભાવ કહો કે વીતરાગભાવ કહો, ચારિત્રભાવ કહો, એનો તો એ પિંડ છે. એને આશ્રયે જે સમભાવ પ્રગટે—ઉત્પાદ, એને દ્વેષનો વ્યય થાય છે. આહાહા..! એ દરેકમાં લેવું. આ તો જુદી ભાષામાં નાખીને આવ્યું છે. અતત્ત્વશ્રદ્ધાનનો નાશ, ત્યાગ પણ ત્યારે થાય છે કે ધ્રુવ સ્વભાવના આશ્રયે સમભાવની ઉત્પત્તિ કરે ત્યારે તેને અતત્ત્વશ્રદ્ધાનનો વ્યય થાય છે. આ બધું જરી વિચારવું પડશે, મંથન કરવું પડશે. એમ નહિ ચાલે ત્યાં. હોથા નીકળી જશે. ત્યાં કાંઈ માશીબા (નથી).

મુમુક્ષુ :- હોથા તો નીકળતા નથી.

ઉત્તર :- આ હોથા તો નીકળે છે અત્યાર સુધી એ તો કહે છે. શિષ્ય પૂછે છે કે મરી ગયા પ્રભુ અત્યાર સુધી સંસારમાં. અમે એનો છેદ ન કર્યો. આહાહા..! કાગડા-કૂતરાના ભવો. એ મોટો માણસ હોય અબજોપતિ, મરીને કૂતરાની કૂંખે કૂતરીનું બચ્ચું થાય. આહાહા..! એનું ફળ જ એ છે બીજું ફળ શું હોય? આહાહા..! દારૂ, માંસ ખાતા ન હોય, માછલા એથી એને એ ફળમાં નરક તો ન હોય. સમજાણું કાંઈ? દારૂ, માંસ ખાનારા છે એ તો મરીને નરકે જ જવાના. ભલે અહીં મોટા અમલદાર અધિકારી કરોડો રૂપિયાની પેદાશવાળા હોય કે ગૃહસ્થ હોય કરોડોની પેદાશવાળો. દારૂ, માંસ આદિ હોય તો તે મરીને નરકે જવાનો. આહાહા..!

મુમુક્ષુ :- ત્યાં મોટી પાર્લામેન્ટ ભરાય.

ઉત્તર :- મોટી પાર્લામેન્ટ ભરાય છે ત્યાં. પાપીઓની પાર્લામેન્ટ. આહાહા..! એ બાપુ વાતું સહેજ આકરી છે. એ જીવ શું છે અને ત્યાં દુઃખ શું છે અને દુઃખની સ્થિતિ શું છે? ઝીણી વાતું બાપા. આહાહા..! એને આ વર્તમાનમાં કાંઈક શરીર, માણસને પાંચ, પચાસ લાખ, બે લાખ, પાંચ-દસ લાખ મળ્યા હોય તો એમ જાણે કે આપણે કાંઈક ઠીકમાં છીએ. ધૂળમાં પણ નથી. અગ્નિમાં કષાયથી સળગી રહ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- આપની જોવાની દૃષ્ટિ જ જુદી છે.

ઉત્તર :- પણ એ દૃષ્ટિનું વસ્તુસ્વરૂપ જ આવું છે ને ત્યાં. આહાહા..! કષાય-અગ્નિથી બળી રહ્યો ધગધગતી. શું કહેવાય એ? જમશેદપુર. બસ એ કહેતા હતા. જમશેદપુરની ભઠ્ઠી. મોટા હંમેશા ત્યાં ઓલા થાય છે ને? મોટરું થાય. મોટા શું કહે? ખટારા. એ બધા ત્યાં થાય છે. ગયા હતા ને એક ફેરી. સામે બહુ મળે નવા. ખટારા નવા, એકલા ખોખા હોં ખોખા. સંચો અને ખોખું. માથે ઓલું ન નાખ્યું હોય. ઘણા તૈયાર થાય ખોખા. અને એ લોઢાને ધગધગતા હોય એના પાછા. એટલે એની અગ્નિ તો ઘણી સખત હોય ને? જમશેદપુર. જોવા ગયા હતા એક ફેરી. ભાઈ સાથે હતા નરભેરામભાઈ, નરભેરામભાઈ. ગુજરી ગયા બધાય. આહાહા..!

એ ભઠ્ઠીમાં જે અગ્નિનું દુઃખ છે ને એમાં પણ પચ્ચીસ વર્ષનો રાજકુમાર જુવાન અવસ્થામાં પરીક્ષામાં અનેક પ્રકારના વિજ્ઞાનના લોકોમાં પાસ થયો હોય અને એ ઉંમરે જ્યારે રાજકુમારી પણ એ પણ કરોડો, અબજપતિ હોય એની દીકરી આવી હોય અને બે-પાંચ કરોડ લઈને આવી હોય. આહાહા..! એના લગનને દિવસે એને જે હરખ હોય એને જીવતો અગ્નિમાં શેકી નાખે. એના દુઃખથી પ્રભુ નારકીના, પહેલી નરકના દસ હજાર વર્ષની સ્થિતિએ અનંતગણું દુઃખ છે. અરેરે! એ દુઃખ છે એની સવળી દશા કહો તો પ્રભુ! એમાં અનંતુ સુખ છે. પણ એની ઊંધી દશા થઈ છે તો અનંતુ દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે! એને ભવનો ત્રાસ પણ નથી, ભવના દુઃખો શું કર્યા? આહાહા..! એમાં અહીં સલવાઈ ગયો પાછો બાયડી, છોકરા, કુટુંબ ને ધંધો. મુસાફર ચાલતો હતો એમાં વચ્ચે આવ્યા ઝાડ. એ ઝાડને પકડ્યા કે આ મારા ઝાડ. પણ એ તો રસ્તામાં આવ્યા છે, એ તો ઓળંગવા માટે છે. આહાહા..!

અહીંયાં કહે છે કે દોષનો ત્યાગ ક્યારે થાય? છે? કે જ્યારે સમભાવ આત્માનો પ્રગટાવે વિકલ્પથી રહિત આહાહા..! ત્યારે દોષરૂપી પરિગ્રહનો ત્યાગ થાય. એમ વેદ '**(સ્ત્રી, પુરુષ, નપુંસક)**...' વેદ. એની વાસના એ અભ્યંતર પરિગ્રહ છે. આહાહા..! એ સ્ત્રીવેદની પુરુષની સાથે રમત, પુરુષની સ્ત્રી સાથે અને નપુંસકને બેય સાથે, એવી જે વિકલ્પની ધખધખતી ભઠ્ઠી. આહાહા..! એનો ત્યાગ કેમ થાય? કે અંદર ઉપશમભાવ પ્રગટે તો તેને લઈને ત્યાગ થાય. આહાહા..! સમજાણું કાંઈ? છે?

એમ '**ક્રોધ**...' ક્રોધનો ત્યાગ કેમ થાય? આહાહા..! એટલે કે એનો વ્યય કેમ થાય? આહાહા..! કે સમભાવની ઉત્પત્તિ કરે તો ક્ષમાની ઉત્પત્તિ. ક્ષમા એટલે? અંદર આત્માના ધર્મનો

આશ્રય લઈને જે ક્ષમા એ સમભાવ છે. એને સમભાવને લઈને ક્રોધનો ત્યાગ થાય. આહાહા..! એમ '**માન,...**'નો. ઉત્પાદવ્યય અને ધ્રુવયુક્તં સત્ છે ને? તો ધ્રુવ સ્વરૂપ ભગવાન સમભાવી પ્રભુ, ધ્રુવસ્વભાવી વીતરાગી આનંદસ્વરૂપ પ્રભુ, એના આશ્રયે જે સમભાવ પ્રગટ થાય ઉત્પાદ, ત્યારે તે રાગાદિનો વ્યય થાય. આહાહા..! પરની સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? આવી વસ્તુ હવે એમાં.

એમ '**માયા-કપટ-લોભરૂપ ચાર કષાય, ઔર હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, ગ્લાનિ-યે ચૌદહ અંતરંગ પરિગ્રહ, ક્ષેત્ર (ગ્રામાદિક)...**' ક્ષેત્ર એટલે જમીન આદિ. '**વાસ્તુ, (ગૃહાદિક)...**' મકાન, મહેલ આદિ. આહાહા..! એનો ત્યાગ ક્યારે થાય? આહાહા..!

મુમુક્ષુ :- નવા મકાનમાં રહેવા જાય ત્યારે.

ઉત્તર :- નવા અનાદિ-અનંતનું મકાન જે આત્માનું આનંદ સ્વરૂપ પ્રભુ, એમાં સમભાવે વસવા જાય ત્યારે એ પરિગ્રહનો ત્યાગ થાય. આહાહા..! આ તો બે-પાંચ-દસ લાખનું મકાન કરાવ્યું હોય અને કાર્યકર્તાઓને બોલાવ્યા હોય મોટા માન દેવા. આવે માન માટે. ફલાણાને બોલાવ્યા છે, મુખ્ય અતિથિ આ છે. આવે છે ને છાપામાં?

મુમુક્ષુ :- અતિથિ વિશેષ.

ઉત્તર :- અતિથિ વિશેષ. આહાહા..! ધૂળેય નથી અતિથિ હવે સાંભળને. અતિથિ તો એને કહીએ કે જેની તિથિનું માપ નથી કે આ દિને તારે ત્યાં લેવા આવવું આહાર. એવા અતિથિને અતિથિ કહેવાય. અતિથિ સંવિભાગ છે ને ભાઈ! અતિથિ સંવિભાગ નહિ બહારમાં? એનો અર્થ આ છે. આહાહા..! ધન્ય મુનિરાજ! આત્માના આનંદમાં ઝુલતા, શુદ્ધઉપયોગરૂપી સમભાવમાં આનંદમાં મહાલતા. આહાહા..! એ મુનિરાજ જ્યારે આહાર લેવા આવે આહાહા..! અને એને આપે તો એ તો શુભવિકલ્પ છે. સમજાય છે? આહાહા..! એનો ત્યાગ ક્યારે થાય? અંતર નિર્વિકલ્પ દૃષ્ટિમાં જતાં સમભાવની સમાધિ પ્રગટતા એનો ત્યાગ થાય. આહાહા..! સમજાણું કાંઈ? અતિથિ છે એ. એનો કાંઈ તિથિનો મેળ નથી કે આ ઘરે ને આ દિવસે અહીંયાં આવવું. અકસ્માત્ આવી પડે છે. આહાહા..! ઋષભદેવ ભગવાન અતિથિ. રાજા.

મુમુક્ષુ :- શ્રેયાંસ કુમાર.

ઉત્તર :- એમાં જઈ ચડ્યા શ્રેયાંસ કુમારને ત્યાં. સ્વપ્નું આવ્યું હતું રાજકુમારને. કલ્પવૃક્ષ સુકાય છે એવું સ્વપ્નું આવ્યું. સમજાણું કાંઈ? પરમ દિ' એક સ્વપ્નું આવ્યું હતું. કોણ જાણે શું થયું. સાત, સવા સાતે. .. એક રાજા હતા અને રાજાને કાંઈ .. હતો. પછી બહુ યાદ ન રહ્યું. એ વાતમાં રાજા નથી એમ ધારીને કહેતો હતો. ત્યાં આમ નજર કરી તો એ રાજા બેઠા હતા, સૂતા હતા. અરે! તમે વાત મારી કરો છો. એવું આવ્યું હતું કાંઈક સવા સાતે આવ્યું હતું. દિવસના સાંજે. ઘડિયાળમાં . આમ આંખ મીચી. રાજા હતા. અને એની વાત હું કરતો હતો કાંઈક. હલકી વાત. એટલે કોઈ એની કોઈ વહુ કે એની દીકરી એ ગમે તે હોય બરાબર યાદ નથી. એ જાણે કે હું નથી

એમ ધારીને હું વાત કરતો હતો ત્યાં આમ જોયું તો રાજા તો ઊભા છે. બેઠા છે, સૂતા છે. એ બોલ્યો. હું અહીં છું ને. મેં કીધું, ભાઈ કાંઈ કહેવાની વાત. એવું છે. કોણ જાણે ક્યાંની કલ્પનાની વાત હશે શી ખબર પડે? આહાહા..!

અહીંયાં કહે છે કે પ્રભુનો.. આહાહા..! શ્રેયાંસકુમારને સ્વપ્નું આવ્યું ભગવાન પધારશે. ભગવાન પધારશે અને કલ્પવૃક્ષ સુકાય છે. નિમિત્તથી એને પૂછયું પ્રભુ! આ શું છે મારે ત્યાં? કે આજે કોઈ તમારે ત્યાં મુનિ પધારશે એમ લાગે છે. આહાહા..! એને પ્રમોદ આવ્યો અંદરથી. હવે ત્યાં કાંઈ નક્કી નહોતું કે અહીં મારે ત્યાં આવશે ને અહીં આવશે. અતિથિ છે ને એ તો. આહાહા..! એ અતિથિ કહેવાય. આ લોકો તો અતિથિને બોલાવ્યા (કે) મુખ્ય અતિથિ આ છે. એય! પોપટભાઈ!

મુમુક્ષુ :- લૌકિક કામ તો ગપ્પાવાળું જ હોય ને.

ઉત્તર :- લૌકિક. આહાહા..! ધન્ય અવતાર! અતિથિ તો એને કહીએ. આહાહા..! જેને કોઈ આ ઘરે જાવું, સધનને ત્યાં જાવું, નિર્ધનને ત્યાં ન જાવું, જ્યાં આહાર ઠીક મળે ત્યાં જાવું અને ઠીક ન મળે ત્યાં ન જાવું એવું કાંઈ નથી. આહાહા..! એવા મુનિઓ પધારે અને એને જ્યારે આપે છે. આહાહા..! ઉપરથી વૃષ્ટિ વરસે છે—ફૂલ વૃષ્ટિ વરસે છે. પહેલું વહેલું હતું. અસંખ્ય અબજ વર્ષે પહેલો વહેલો એ જોગ ભરતક્ષેત્રમાં તીર્થંકરના વખતમાં (થયો). આહાહા..!

અહીં તો કહે છે કે એ સંબધીનો જે રાગ થાય છે આહાહા..! અને મુનિને પણ જે આહાર દેવાનો વિકલ્પ સંયમના હેતુએ છે, એનો પણ ત્યાગ ક્યારે થાય? આહાહા..! આત્મા આનંદનો નાથ પ્રભુ છે એના સમભાવમાં જ્યારે .. થાય ત્યારે આહાહા..! ત્યારે તે રાગનો નાશ થાય—ત્યાગ થાય છે. નહિતર એ સિવાય ત્યાગ થતો નથી. આહાહા..! જુઓ! સમજાણું?

એ '**સુવર્ણ, ધન (હાથી, ઘોડા આદિ),...** ' ત્યાં પહેલું આવ્યું ને? '**(ગ્રામાદિક) વાસ્તુ,** (**ગૃહાદિક**)...' જે ક્ષેત્ર છે એ બહારના ક્ષેત્રો કે જમીન હોય ને એ ગામાદિ. વસ્તુમાં ઘર-ઘર, મહેલ. '**હિરણ્ય, (રૂપયા, પૈસા, મુહર આદિ),...** ' આહાહા..! એનો ત્યાગ ક્યારે કહેવાય? જેને ઉપશમભાવ પ્રગટે છે સમભાવ, ત્યારે તેનો ત્યાગ થાય છે. આ વાત છે. આહાહા..! એ સદ્ભુતવ્યવહારનયે ત્યાગ છે. રાગનો અશુદ્ધ નિશ્ચયનયથી ત્યાગ છે. શુદ્ધ નિશ્ચયના સ્વભાવને આશ્રયે આદર કરે છે એટલે. આહાહા..! આવી વાતું છે એને ઘણી ઓલી કરી નાખી. આવશે નીચે.

'**ધન, (હાથી, ઘોડા આદિ)...**' ઠીક! ઓલા સુવર્ણ અને હિરણ્યમાં પૈસા નાખ્યા. ગૃહાદિક. '**ધન, (હાથી, ઘોડા આદિ) ધાન્ય, (અન્નાદિ) દાસી, દાસ, કુપ્ય (વસ્ત્ર તથા સુગંધાદિક),...**' આહાહા..! '**ભાંડ (બર્તન આદિ)...**' વાસણો. '**યે દસ તરહ કે બાહર કે પરિગ્રહ, ઈસપ્રકાર બાહ્ય અભ્યંતર પરિગ્રહ કે ચૌબીસ ભેદ હુએ, ઈનકો નહીં છોડા.** ' શિષ્ય પૂછે છે પ્રભુ! આ ન છોડ્યું મેં. આહા..! મારા સમભાવમાં આવીને આ ન છોડ્યું મેં. માટે આ સંસાર મારો રખડવાનો ઊભો થાય છે. આહાહા..! હવે એ રખડવું બંધ થાય એ પ્રભુ ઉપદેશ

આપો મને. મારે તો બીજું કાંઈ જોઈતું નથી. આહાહા..! નથી જોઈતું સ્વર્ગ ને નથી જોઈતા પૈસા, નથી જોઈતી આબરૂ. આહાહા..! અમારે તો ભવભ્રમણનો નાશ થઈ અને ભગવાનઆત્મા પ્રાપ્ત થાય એ ઉપદેશ આપો. અમારે બીજું કાંઈ કામ નથી. આહાહા..! છે.

'**ઈનકો નહીં છોડા.**' સમભાવ કરીને છોડ્યું નહિ. અનંતકાળમાં આમ તો છોડ્યું હતું અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો ત્યારે, પણ એ સમભાવથી છોડ્યું નથી તો છોડ્યું જ નથી. આહાહા..! અંદર મિથ્યાત્વની પક્કડ છે અને તેથી અસદ્‌ભુતનયે પહેલી એ વસ્તુ મારી છે એની પણ પક્કડ છે. શરીરની ક્રિયા હું કરી શકું છું. એ જડની છે અને રાગ થાય છે એ મને કલ્યાણનું કારણ થાય છે. એ તો મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :- મંદરાગ તો કલ્યાણનું કારણ થાય છે ને?

ઉત્તર :- બિલકુલ જરીએ નથી. એ માટે તો આ વાત સ્પષ્ટ કરવા માગે છે. રાગમાત્ર સમભાવથી ત્યાગ થઈ શકે છે. રાગથી રાગનો ત્યાગ થાય એમ ત્રણકાળમાં નથી. શુભરાગથી અશુભનો ત્યાગ થાય એમ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? નિશ્ચયથી તો વીતરાગસ્વભાવને આશ્રયે જ શુભ-અશુભભાવનો ત્યાગ થાય છે. આહાહા..! આવી અંતરની વાતું કોઈ દિ' ગમ્ય કરી નહિ. જેના વિચારના મંથનમાં પણ કદી આવ્યું નહિ. આ હોળી આખો દિ' સંસારની. આહાહા..! અરે! પ્રભુ! તારે ક્યાં જાવું છે? આહાહા..! ક્ષણમાં ચાલ્યા જાય જુઓને આ.

'**જીવિત, મરણ, સુખ, દુઃખ, લાભ, અલાભાદિમેં સમાન ભાવ કભી નહીં કિયા,...**' દેખો! જીવતર હો કે મરણ હો, મેં જ્ઞાતા-દૃષ્ટારૂપી સમભાવ કદી ન કર્યો. સુખ-દુઃખ અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય. લાભ અબજોની પેદાશ અને દીકરા-દીકરીનો લાભ હોય, અલાભ કંઈ પણ ન મળે એવી સ્થિતિ હોય એમાં સમભાવ કદી ન કર્યો. આહાહા..! પુત્ર થાય તોપણ શું અને ન થાય તોપણ શું? આહાહા..! અહીં તો જ્યાં પુત્ર થાય ત્યાં તો, આહાહા..! જાણે શું થયું અમારે ઘરે? હોળી સળગી છે ત્યાં તારે ઘરે.

મુમુક્ષુ :- પેંડાની લ્હાણી કરે.

ઉત્તર :- પેંડાની લ્હાણી કરે.

અહીં તો કહે છે કે લાભ અને અલાભ, એ પુત્રનો લાભ, કે પુત્રનો અલાભ. આહાહા..! સમજાણું કાંઈ? દીકરો ન થાતો હોય પચાસ વર્ષ સુધી તો ચારેય કોર ભટકે પછી. અહીં માનીએ, અહીં માનીએ, અહીં માનીએ, આહાહા..! કહે છે કે એ તો એને હોય કે ન હોય. એવો જે સમભાવ મેં કદી ન કર્યો. આહાહા..! એથી એ વસ્તુ છૂટી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પરમાત્મ પ્રકાશ છે ને તો એકદમ પરમાત્માની દૃષ્ટિ અને સમભાવ પ્રગટ્યા વિના કોઈપણ દોષનો ત્યાગ નહિ થઈ શકે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ કે જેને સમભાવ થયો નથી એને આ બાહ્યનો ત્યાગ છે એ ત્યાગ જ નથી.

મુમુક્ષુ :- એ તો એને કારણે ગયો છે.

ઉત્તર :- હા, એ તો એને મળવાનું નહોતું અંતરાયને લઈને માટે એ ચીજ નથી મળી. સમજાણું કાંઈ?

'**કલ્યાણરૂપ મોક્ષ કા માર્ગ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ભી નહીં જાના.**' પરમ આનંદનો નાથ ચૈતન્ય રત્ન પ્રભુ જેની કિંમત ન થાય એવી ચીજ પ્રભુ, એની કિંમત કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થવા જોઈએ તે મેં કદી ન કર્યા. એની કિંમતું ન કરી. આહાહા..! શુભ-અશુભભાવ અને એના ફળ જે આ ધૂળ બહારની, એની કિંમતું કરીને રોકાઈ ગયો, પ્રભુ! આહાહા..! એમ શિષ્ય કહે છે. જુઓ! ભગવાનજીભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- શું કરવું જોઈએ એ તો શિષ્ય જાણતો હતો.

ઉત્તર :- જાણતો હતો પણ પરિણમવું કેમ એ પૂછે છે હવે. આહાહા..! ખરેખર તો પરિણમવું કેમ? એ એમ પૂછે છે. આહાહા..! એ સમભાવરૂપે પરિણમવું કેમ કે જેનાથી આ ત્યાગ કહેવાય? આહાહા..! આમ તો સમભાવ વિનાનો ત્યાગ તો મેં અનંતવાર કર્યો એ કહે છે. પણ એ ત્યાગ એને કહેવાય નહિ. અસ્તિરૂપે મહાપ્રભુનો જ્યાં આદર નથી આહાહા..! ત્યાં બીજાનો ત્યાગ કર્યો એ એને કહેવાઈ શકતું નથી. આહાહા..!

'**કલ્યાણરૂપ મોક્ષકા માર્ગ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ભી નહીં જાના.**' હવે એ સમ્યગ્દર્શન મોક્ષના માર્ગની બે વ્યાખ્યા કરે છે. '**નિજસ્વરૂપ કા શ્રદ્ધાન,...**' નિજસ્વરૂપ કા શ્રદ્ધાન. પોતાનો જ્ઞાયકભાવ. એ છઠ્ઠી ગાથામાં કીધું ને? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**'. એનો નિષેધ કર્યો. અસદ્ભુત ઉપચાર અને અનુપચારનય એનો નિષેધ કર્યો. અને રાગને જાણે છે એવું જે જ્ઞાયકમાં આવે છે કે જ્ઞાયક તો આમ જાણે છે ને? એવો ધ્વનિ ઉઠે છે એ સદ્ભુત ઉપચારનો પણ નિષેધ કર્યો. સદ્ભુત વ્યવહાર. પણ આ જ્ઞાન તે આત્મા એવો ભેદ પાડીને ખ્યાલમાં આવે એ સદ્ભુત અનુપચાર. એ પણ નિષેધ કર્યો. આહાહા..! એકલો જ્ઞાયકભાવ વસ્તુ આખી ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એને પકડતા જે જ્ઞાયકભાવનો અનુભવ થાય ત્યારે બધાનો નિષેધ થઈ જાય છે. આહાહા..! ત્યારે તેનો ત્યાગ થઈ જાય છે. એમ. સમજાણું કાંઈ? આહાહા..!

'**નિજસ્વરૂપ કા શ્રદ્ધાન, નિજસ્વરૂપ કા જ્ઞાન...** ' જોયું! શાસ્ત્રજ્ઞાન પણ નહિ. આહાહા..! નિજસ્વરૂપનું જ્ઞાન ભગવાનઆત્મા, નિજ પોતાનું સ્વરૂપ જ્ઞાયકભાવ એ જ્ઞાયકભાવનું જ્ઞાન. '**ઔર નિજસ્વરૂપ કા આચરણ...**' એવું '**નિશ્ચયરત્નત્રય...**' કદી ન કર્યું અને એની સાથે વ્યવહારરત્નત્રય પણ કબુલ ન કર્યું. નિશ્ચય હોય તો વ્યવહાર હોય, નિશ્ચય નથી ત્યાં વ્યવહાર પણ છે નહિ. વ્યવહાર પણ કર્યો નહિ એણે. એકલો વ્યવહાર નહિ. આહાહા..! એ લોકો એવું કહે છે કે શુદ્ધ પર્યાય અને અશુદ્ધ પર્યાય બે થઈને અખંડ પર્યાય થઈને વ્યવહારનય કહીએ છીએ. એ એમ કહે છે. શુદ્ધ પર્યાયનો અંશ છે. એ પર્યાય છે ને એમ કહે. અને રાગ અંશ છે. બે ભેગા થઈને શુભરાગ કહીએ. એને વ્યવહારનય અંશ કહીએ. એને ક્યાં વ્યવહાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકલાની વાત છે એ તો. એકલો જેટલો શુભરાગ કરે છે ને એમાં જરી શુદ્ધનો અંશ છે એમ કહે છે. એ તો રાગનો અંશ છે એ બંધનું કારણ છે. પણ એ બેયને થઈને વ્યવહારનય કહીએ. એ વ્યવહારનય પણ મોક્ષનો માર્ગ અંદર ઠરે છે એમ કહે છે. ઘણી વાતું ફેર ઘણી ભાઈ! આહાહા..! એને વ્યવહાર કહીએ, એના બે પ્રકાર. જેને અંતર આશ્રય થયો છે વસ્તુનો એને જે નિશ્ચય થયો તેને જે કાંઈ અશુદ્ધતાની પર્યાય અપૂર્ણ છે અને અશુદ્ધતાનો રાગ છે એ બેયને જાણવો એનું નામ વ્યવહાર છે. કરવું એનો વ્યવહાર એમ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જાણેલો પ્રયોજનવાન છે. એમાં પણ વાંધા કાઢે છે બારમી ગાથામાં. **'ववहारदेसिदा पुण जे'** હિંમતલાલ સોનગઢના એણે લખ્યું છે આ પુસ્તકમાં લ્યો. એમાં આ લખ્યું છે. વ્યવહાર નથી નાખ્યો ઓલા જયચંદ્ર પંડિતે? નાખ્યો છે. એમ કહે કે જુઓ! સમકિત પહેલા પણ આવો વ્યવહાર કર્યો નહિ. એ વ્યવહારથી નિશ્ચય થાય. શું થાય ભાઈ!

મોટામાં ભૂલ પડી હવે એને સમજાવે કોણ? આહાહા..! આ ચર્ચા અને વાદવિવાદથી કાંઈ મળે એવું નથી પ્રભુ! આહાહા..! અંદર ચીજ જેવી છે તેવી એની દૃષ્ટિમાં ન આવે અને વાત વ્યવહારથી થાય એ જ અહીં કહે છે. વ્યવહારનો ત્યાગ થાય ક્યારે? એ પ્રશ્ન. અહીં છે એ ટાણે નિશ્ચય સાથે વ્યવહાર હોય છે. છતાં વ્યવહારનો ત્યાગ ક્યારે થાય? કે અહીં સમભાવ પ્રગટ કરે એ પ્રમાણે ત્યાગ થાય. જેટલો જેટલો વિજ્ઞાનઘન થાય આવ્યું છે ને? તેટલો તેટલો રાગ ઘટતો જાય. એ નિશ્ચય છે. અને જેટલો જેટલો રાગ ઘટતો જાય તેટલું અજ્ઞાન ઘટે એ વ્યવહાર છે. પરની અપેક્ષા આવી ને ત્યાં નાસ્તિની? શું કહ્યું એ?

મુમુક્ષુ :- અસ્તિ-નાસ્તિ નિશ્ચય-વ્યવહાર.

ઉત્તર :- પણ અસ્તિ-નાસ્તિમાં અસ્તિ છે તે નિશ્ચય છે અને નાસ્તિ છે તે વ્યવહાર છે. આહાહા..! મહાપ્રભુ અસ્તિત્વ મહા પૂર્ણ, પૂર્ણ, પૂર્ણ. આ ભાવને સમજ્યા ભાષા વિના આ શું કહે છે આ તે. આહાહા..! ભાઈ! તું પૂર્ણસ્વરૂપ છો. તારી પૂર્ણતામાં અલ્પજ્ઞતા નથી. રાગ તો નથી પણ અલ્પજ્ઞતા નથી. આહાહા..! એવા પૂર્ણ સ્વરૂપને જે આદરે છે એને સમભાવ પ્રગટે છે. અને એ સમભાવથી વ્યવહારનો આશ્રય આવે એમ નહિ. સમભાવ વખતે એ હોય પણ એનો આશ્રય છે એમ નહિ. હોય છે એને જાણવા લાયક છે. અને છતાં બે નયનું કથન સાથે લેવું હોય તો એમ કહેવાય કે વ્યવહાર પણ મોક્ષમાર્ગ છે. એ તો નિશ્ચય મોક્ષમાર્ગનો ત્યાં સહચર નિમિત્ત દેખીને આરોપથી કથન છે. નહિતર વ્યવહાર મોક્ષમાર્ગનું ફળ એ બીજો વ્યવહાર મોક્ષ હશે? નિશ્ચય મોક્ષમાર્ગનું ફળ નિશ્ચય મોક્ષ, બે મોક્ષ હશે? નહિતર બે મોક્ષમાર્ગ (હોય) તો એના બે ફળ આવવા જોઈએ. એમ મોક્ષમાર્ગ તો બે નથી, પણ કથન બે પ્રકારે છે તેથી એનો ખુલાસો કરવો પડ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

નિરૂપણમાં કથન છે બે પ્રકારે. વસ્તુના સ્વભાવમાં તો નિશ્ચય મોક્ષમાર્ગ એ એક જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર મોક્ષમાર્ગ કોની પર્યાય છે? એ તો રાગની છે. શુભરાગ છે એ વ્યવહારરત્નત્રય છે.

રાગની પર્યાય છે એ મોક્ષનું કારણ થાય? હા. એને જેના નિશ્ચય પ્રગટ્યો છે એને ઓલો રાગ બાકી છે એનાથી પરંપરા થાય એમ આરોપથી કથન (કરવામાં આવે). જેમ વસ્તુ જે આરોપથી વ્યવહાર કીધો એમ એનાથી મોક્ષ થાય એ પણ આરોપથી કથન છે. આહાહા..! એવી વાત છે. શું થાય?

હવે? નવ પદાર્થોનું શ્રદ્ધાન એ વ્યવહાર છે, એ વિકલ્પ છે, શુભરાગ છે. પણ જેને નિશ્ચય સમ્યગ્દર્શન થયું છે, નિશ્ચય જ્ઞાન આદિ સ્થિરતા, એને આ વ્યવહાર શ્રદ્ધા હોય છે એમ કહેવામાં સાથે આવે છે. તેથી એ પણ મોક્ષમાર્ગ છે આરોપથી એમ કહેવામાં આવે છે. આવી રીત છે. આહાહા..! '**નવ પદાર્થોં કા શ્રદ્ધાન...**' જોયું! હજી જેવા પૃથક્ નવ છે તેની તે રીતે શ્રદ્ધા એ હજી વિકલ્પ અને શુભરાગ છે. શું કીધું? નિશ્ચયમાં તો એકલો ભગવાન જ્ઞાયકસ્વભાવનો અંદર અનુભવ અને શ્રદ્ધા, એને શ્રદ્ધા કહીએ. વ્યવહારશ્રદ્ધા નવપદાર્થના ભેદરૂપ ભાવ છે ને? કે આ જીવ છે અને આ અજીવ છે ને એની પર્યાય, એ વિકલ્પ છે. પણ એ વિકલ્પને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન સાથમાં હોવાથી આરોપથી તેને મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગ તો એક જ છે. છતાં કહેવું નિરૂપણ એનું નામ બે પ્રકારે કહ્યું. બે પ્રકારે નિરૂપણ છે. આરોપિત સાથે કરીને કથન એવું છે. આહા..! એવું લાંબુ કોણ વિચારે? એ પણ મોક્ષનું કારણ. લખે છે ચોખ્ખું આમાં. પ્રશ્ન છે ને? મોક્ષનો માર્ગ તો એ જ છે. વ્યવહાર તપ ક્રિયાઓ કરવી, એનાથી નિશ્ચય પમાશે. આહાહા..!

મુમુક્ષુ :- એના આશ્રયે કરવું.

ઉત્તર :- આશ્રય કરવા જાશે ત્યાં આગળ લાભ છે એમ માનીને કરે તો મિથ્યાત્વ છે. આહાહા..! આવો માર્ગ છે વીતરાગનો. આહાહા..!

'**નવ પદાર્થોંકા શ્રદ્ધાન,...**' છે? '**નવ પદાર્થોંકા જ્ઞાન,...**' જોયું! જેમ જીવ છે તેમ, સંવર છે તેમ, આસ્રવ છે તેમ. આહાહા..! એવી તો હજી વ્યવહારશ્રદ્ધા એને વ્યવહારજ્ઞાન કહેવાય છે. આહાહા..! એ નિશ્ચય હોય તો હોં. '**અશુભ ક્રિયાકે ત્યાગરૂપ વ્યવહારરત્નત્રય-યેં દોનોં હી મોક્ષકે માર્ગ હૈં,...**' અશુભ ક્રિયાનો ત્યાગ, પણ સમ્યગ્દર્શન સહિતની આ વાત છે. એકલો અશુભ ક્રિયાનો ત્યાગ એ વ્યવહાર માર્ગ મિથ્યાદષ્ટિને છે જ નહિ. આહાહા..! આવી વાતું ઝીણી. અરે! ક્ષણમાં દેહ છૂટી જાય. કોણ છે તારા? તને રાજી રાખે અને તું રાજી થા. ક્યાં છો તું? આહાહા..! જાય દેહ છૂટીને ક્યાંય. અજાણ્યે ક્ષેત્રે, અજાણ્યે ભાવે. આહાહા..! આંખની ઓળખાણ પણ ન હોય એવામાં જઈને ઊપજે. આહાહા..!

મુમુક્ષુ :- ત્યાં પાછા એને મારા મારા માને છે.

ઉત્તર :- ત્યાં એને એ બધું સળગ્યું છે. મારા માનીને ગયો છે ને. પરના મારા માનીને ગયો છે એ સંસ્કારે જે આવે એને મારા માને છે. આહાહા..! અનંતભવ કર્યા એ મારા માનીને કર્યા છે. આહાહા..!

નવતત્ત્વનું જ્ઞાન અને નવ અશુભનો ત્યાગ અને શુભનું ગ્રહણ '**વ્યવહારરત્નત્રય-યે-દોનોં**

**હી મોક્ષકે માર્ગ હૈં,...**' જોયું! મોક્ષમાર્ગ તરીકે સિદ્ધ કરવું છે ને? એક ઉપચારી છે, એક વાસ્તવિક છે. પણ એનું સત્ત્વ છે કે નહિ? વ્યવહાર મોક્ષ પણ અસ્તિ છે કે નાસ્તિ? છે ને? એ તો ત્રિકાળની અપેક્ષાએ તેને અસત્યાર્થ કહીએ, પણ પોતાની અપેક્ષાએ તો છે, સત્ય છે. સત્ય છે એટલે? સાધન છે એમ નહિ. છે. આહાહા..! ભાષાએ ભાવે ભાવે ફેર બહુ પડે છે. આહાહા..! છે?

'**યે-દોનોં હી મોક્ષકે માર્ગ હૈં,...**' '**દોનોં હી...**' નિશ્ચય થઈ જશે. બેય છે ને? એમ કહે છે. ભલે નિરૂપણની અપેક્ષાએ પણ બે છે ને? છે એ કાંઈ અસત્ય નથી. ત્રિકાળીની અપેક્ષાએ તે વ્યવહાર અસત્ય છે. પણ પોતાના પરિણામ જે જાતના વ્યવહાર છે તે જાતનો છે ત્યાં. આહાહા..! અને એ બંધનું કારણ છે. છતાં એને નિમિત્તનું સહચર દેખીને મોક્ષના માર્ગ તરીકે વ્યવહારને કહેવામાં આવ્યો છે. આમ વાત છે. છે તો બંધમાર્ગ એ. રાગ છે એ તો બંધમાર્ગ છે નિશ્ચયની સાથે. પણ એને એ મોક્ષનો માર્ગ આરોપ કરીને કહેવામાં આવે. મોટા વાંધા, વાંધે વાંધા.

હવે કહે છે. બેયનું ફળ બતાવે છે હવે. '**દોનોંમેં સે નિશ્ચયરત્નત્રય તો સાક્ષાત્ મોક્ષકા માર્ગ હૈ,...**' નિશ્ચયરત્નત્રય અભેદ સ્વભાવ પ્રગટ્યો એ તો સાક્ષાત્ મોક્ષનું કારણ, સીધું મોક્ષનું કારણ એમ. '**ઔર વ્યવહાર રત્નત્રય પરંપરા મોક્ષકા માર્ગ હૈ.**' પણ કોને? આહાહા..! એ ત્યાં વળગાડ એ કરે છે કે વ્યવહાર પરંપરા મોક્ષનું કારણ છે, વ્યવહાર પરંપરા. પણ કોનો વ્યવહાર? વ્યવહાર તરીકે જેણે જાણ્યો છે એવા નિશ્ચય-વ્યવહારનો વ્યવહાર. અજ્ઞાનીનો વ્યવહાર તો અંધકાર છે. વ્યવહાર છે એવું એને જ્ઞાન પણ ક્યાં છે? જેને આત્માનું જ્ઞાન થયું તેને જાણે છે કે આ વ્યવહાર છે. કારણ કે પરાશ્રિતભાવ બધો વિકારી છે. એમ. આને તો ખબરેય નથી આત્માને આશ્રયે શું અને પરના આશ્રયે શું? આહાહા..! કોણ જાણે શું છે અંદર?

મુમુક્ષુ :- આપે એક એક ખુલાસો કરી નાખ્યો.

ઉત્તર :- એ વિના તો આ બેસે એવું નથી. વાંધા ઉઠે ને. બેય વસ્તુ સાથે છે. એથી એને વ્યવહારને પરંપરા. એકલા સમ્યક્ વિનાના વ્યવહાર એ વ્યવહાર જ નથી ને. આ વ્યવહાર છે એવું જ્ઞાન નિશ્ચય વિના થાય કોને? આહાહા..! મારાથી ભિન્ન ચીજ છે આ. એને સ્વના ભાન વિના ભિન્ન છે એમ ભાન ક્યાંથી થાય? સમજાણું કાંઈ આમાં? આ મારાથી ભિન્ન છે. વ્યવહાર ભિન્ન છે ને સ્વભાવથી? પણ એ કોને ભાન થાય? જેને જ્ઞાન થયું છે એને. સ્વનું જ્ઞાન થયું એને છે કે આ હું, આ નહિ. એ નહિ કહેતા એ વ્યવહાર છે એમ કીધું. કથન છે વ્યવહારનું. આહાહા..!

'**વ્યવહારરત્નત્રય પરંપરાય મોક્ષ કા માર્ગ હૈ, યે દોનોં મૈંને કભી નહીં જાને,...**' એ કઈ? ઓલા નિશ્ચયસહિતની અપેક્ષાએ વાત છે હોં. નહિતર તો આમ કહ્યું નિયમસારમાં ભાઈ! નિયમસારમાં કહ્યું, કથનમાત્ર એવો જે વ્યવહારનય એ અનંતવાર કર્યો છે. આવે છે. આહાહા..! કથનમાત્ર વ્યવહાર. જ્ઞાનમાં જાણેલો વ્યવહાર એ નહિ. આહાહા..! કહેવામાત્ર વ્યવહાર. દયા પાળી, વ્રત, તપસ્યા ને ત્યાગ ને ભક્તિ ને. આહાહા..! જંગલમાં ચાલ્યો ગયો એકલો નગ્ન થઈને. આહાહા..! વસ્તુ છે એની દૃષ્ટિની તો ખબર નથી. અસ્તિસ્વભાવ જે આપણો એ વસ્તુની ખબર

નથી અને આનો ત્યાગ કર્યો એ તો નાસ્તિથી થયું. નાસ્તિ ક્યારે થાય એની? અસ્તિથી ભાન હોય એને નાસ્તિથી પરિણમન થાય યથાર્થ. સમજાણું કાંઈ? પણ એકલા પરના ત્યાગની નાસ્તિથી જ આત્માને ધર્મ થાય એમ કોઈ દિ' બનતું નથી. આહાહા..! જેમાં ભગવાનનું અસ્તિત્વ ભળ્યું નથી. સમજાણું? કહો, ભગવાનજીભાઈ! આ ભગવાન આવ્યા ભગવાન આ તો અંદર.

પ્રભુ! '**યે દોનોં મૈને કભી નહીં જાને,...**' કઈ અપેક્ષાએ કીધું? ઓલા નિશ્ચય સહિતનો વ્યવહાર એ રીતે મેં નથી જાણ્યું. એ બે લીધા ને ભેગા? '**સંસારકા હી માર્ગ જાના.**' હું તો સંસારના માર્ગમાં ડાહ્યો થયો. જાણ્યો કીધું ને? આહાહા..! કેમ પૈસા રળવા એમાં જાણવામાં ડાહ્યો એ. આહાહા..! એક ફેરી અમારે ત્યાં થયું હતું પાલેજમાં કીધું ને. એ ભાવનગરના એક કંદોઈ હતા ભરૂચમાં. માલ લેવા જઈએ તો ત્યાં લઈએ. ટાણું હોય ને દસ, સાડા દસનું એટલે .. પાણી આપે એ બધું કરે બિચારો. એટલે એક ફેરી આવ્યા ઘણીવાર અમે ત્યાં જમવા જતાં ભરૂચ માલ લેવા. એ આવ્યા, એક ફેરી સાધુ ત્યાં હતા બરવાળાના. એ દર્શન કરવા આવ્યા હતા ભાવનગરના કંદોઈ. સ્થાનકવાસી હોં. એટલે મેં નીચેથી કીધું કે મોટી બહેન! કંદોઈ આવ્યા છે. આહાર કરવામાં ધ્યાન રાખજો. અહીં કાંઈ એટલી બધી નહિ કે મહેમાન છે માટે લાપસી કરજો ને એવું ન બોલ્યો. નીચેથી કીધું, મહેમાન આવ્યા છે આપણા કંદોઈ ભાવનગરથી. એટલે આહાર કરવા બેઠા ત્યાં લાપસી ન મળે અને કુંવરજીભાઈ ભેગા બેઠેલા. કોણ કહેવા આવ્યું હતું? કોઈ નહોતું? કે આ ભગત કહેવા આવ્યા હતા. ભગતને કાંઈ ખબર પડે નહિ કે આ મહેમાન છે એને લાપસી કરવી. હવે એ તો તમારે જાણવું. એવું છે. ત્યારે થયું હતું. વાત સાચી મહેમાન એવું હતું કહે. કોક દિ' આવે. અમારે સાધુ હતા ને બરવાળાના? ભાવનગરના કહેવાય ને કંદોઈ. એટલે એને લાપસી, ત્યાં કાંઈ એને તૂટો નહોતો દુકાનમાં. બધું સાધન હતું ઘણું. પણ મહેમાન આવ્યા છે એટલું મેં તો કીધું. અહીંયાં કાંઈ લાપસો કરવો કે ન કરવો એ ખબર નહિ. સાથે જમવા બેઠા એમાં. બુદ્ધિ તો બારદાન જેવી હતી કુંવરજીની. પણ ઓલો પુણ્યની પ્રકૃતિ ને ધંધો સારો ચાલ્યો બહાર એટલે જાણે ડાહ્યા કહેવાય બધા.

મુમુક્ષુ :- શેઠ હતા.

ઉત્તર :- શેઠ હતા. લોકોએ કીધું શેઠ તો.. જેવા છે. અમારે ગામમાં કુંવરજીભાઈને ગાંડા તરીકે કહેતા. બાલુજીવા હતા ને જીવાપાના. બોલતા પણ ન આવડે કાંઈ. પણ પુણ્યને લઈને દુકાન ચાલી અને પેદાશ વધી ગઈ. બે રૂપિયાનું, ત્રણ રૂપિયાનો હતો લયો મહિને. એ દર બે લાખની પેદાશ થઈ ગઈ. એ મર્યા ત્યારે હોં બે લાખની વર્ષની. પછી તો આ છોકરા .. એ ઠીક. પણ લોકોને એ ન જોવે. વિશેષ હોય ત્યારે ડાહ્યો કહેવાય એ. ટાણે ટાણે જોઈએ એ બરાબર જાણીને કહે તો ડાહ્યો કહેવાય. અહીં કહે છે, એ બધા સંસારના ડહાપણ હોળી મૂકવાના છે. આહાહા..! છે?

'**સંસાર કા હી માર્ગ જાના હૈ.**' એમ કીધું ને? સંસારનો માર્ગ જાણ્યો આમ થાય ને આમ થાય ને આમ થાય. આહાહા..! અરેરે! ચોર્યાસીના અવતારમાંથી ઉગરવાના આરા. પ્રભુ! એ આરે હું ન આવ્યો ત્યાં કહે છે. એ બૂડવાના પંથે પગલા ભર્યા મેં. આહાહા..! '**અનશનાદિ બારહ પ્રકાર**

**કા તપ નહીં કિયા,...**' એ સમકિતસહિતની વાત હોં.નિશ્ચય હોય તો વ્યવહાર હોય ને. '**બાઈસ પરિષહ નહીં સહન કી.**' સમ્યગ્દર્શનને પરિષહ કહેવાય ને. એ વિના પરિષહ કેવા? સહન કરી શકે જ્ઞાતા તરીકે એને પરિષહ કહેવાય છે.

'**તથા પુણ્ય સુવર્ણકી બેડી,...**' જુઓ આવ્યું. પુણ્ય છે એ સોનાની બેડી, '**પાપ લોહેકી બેડી, યે દોનોં બંધન નિર્મલ આત્મધ્યાનરૂપી અગ્નિ સે ભસ્મ નહીં કિયા.**' લ્યો હવે આવ્યું પાછું. ઓલામાં બે મોક્ષમાર્ગ ન કહ્યા. બીજો મોક્ષમાર્ગ એ તો રાગ છે. સમજાણું કાંઈ? બેયને મોક્ષમાર્ગ ન કહ્યા છતાં ઓલો વ્યવહાર તો રાગ છે. પણ '**યે દોનોં બંધન નિર્મલ આત્મધ્યાનરૂપી અગ્નિ...**' આહાહા..! એનાથી '**ભસ્મ નહીં કિયા. ઈન બાતોંકે બિના સંસાર કા વિચ્છેદ નહીં હોતા,...**' આ સમભાવથી રાગ-દ્વેષનો નાશ કર્યા વિના એ પરિગ્રહનો અભાવ કર્યા વિના સંસારનો વિચ્છેદ હોતો નથી.

'**સંસાર સે મુક્ત હોને કે યે હી કારણ હૈં.**' '**સંસાર સે મુક્ત હોને કે યે હી કારણ હૈં.**' સ્વભાવના સમભાવથી રાગનો ત્યાગ કરવો એ એક મોક્ષનો ઉપાય છે. '**ઐસા વ્યાખ્યાન જાનકર...**' જુઓ પાછો સરવાળો. '**સદૈવ શુદ્ધાત્મસ્વરૂપકી ભાવના કરની ચાહિયે.**' શુભ વ્યવહાર કહ્યો તોપણ પાછું કરવું આ કહે છે. આહાહા..! છે ને સંસ્કૃતમાં? સદાય શુદ્ધાત્મભાવના. શુદ્ધાત્મસ્વરૂપ પવિત્ર સ્વરૂપ પરમાત્મસ્વરૂપ, નિજાનંદ સ્વરૂપ એની એકાગ્રતા. ભાવના નામ એકાગ્રતા કરની ચાહિયે. જુઓ! કરવા જેવું તો આ છે. સમજવામાં ભલે બધું આવે. સમજાણું કાંઈ? ભગવાન શુદ્ધ જ્ઞાયક સ્વભાવ, આનંદ પ્રભુ શુદ્ધાત્મસ્વરૂપ, એની ભાવના. શુદ્ધાત્મભાવસ્વરૂપ તેની ભાવના, એટલે એકાગ્રતા. એટલે સન્મુખતા એ કરવાલાયક છે. આહાહા..! છે ને? '**યહી કરની ચાહિયે.**' બીજુ કરવા લાયક છે નહિ.

હવે '**આગે દાન, પૂજા ઔર પંચપરમેષ્ઠીકી વંદના, આદિ પરંપરા મુક્તિ કા કારણ...**' એ સમકિત સહિતની વાત છે શ્રાવકને. શ્રાવકને, સમકિતીને આત્મજ્ઞાન અને દર્શન હોવા છતાં એને આ વ્યવહાર એવો આવે છે. સમજ્યાને? વ્યવહાર મોક્ષમાર્ગ હોય છે એને શ્રાવકને એ વાત અહીં સિદ્ધ કરે છે. અને એનાથી મોક્ષ થાય એમ વાત પણ ભેગી આવે. પણ ખરેખર તો એ નિરૂપણ કથન છે. વ્યવહાર મોક્ષમાર્ગ એ કથન છે અને એનું ફળ મોક્ષ નથી. આહાહા..! પણ છતાં વ્યવહારનયથી એમ કહેવાય કે આવું આવું કરે તો શ્રાવકને પણ પરંપરા મોક્ષનું કારણ થાય. એ વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૧૬૮

अथ दानपूजापश्चपरमेष्ठिवन्दनादिरुपं परंपरया मुक्तिकारणं श्रावकधर्मं कथयति-

२९९) दाणु ण दिण्णउ मुणिवरहँ ण वि पुज्जिउ जिण-णाहु।

पंच ण वंदिय परम-गुरु किमु होसइं सिव-लाहु।।१६८।।

दानं न दत्तं मुनिवरेभ्यः नापि पूजितः जिननाथः।

पञ्च न वन्दिताः परमगुरवः किं भविष्यति शिवलाभः।।१६८।।

दाणु इत्यादि। दाणु ण दिण्णउ आहाराभयभैषज्यशास्त्रभेदेन चतुर्विधदानं भक्तिपूर्वकं न दत्तम्। केषाम्। मुणिवरहं निश्चयव्यवहाररत्नत्रयाराधकानां मुनिवरादिचतुर्विधसंघस्थितानां पात्राणां ण वि पुज्जिउ जलधारया सह गन्धाक्षतपुष्पाद्यष्टविधपूजया न पूजितः। कोऽसौ। जिण-णाहु देवेन्द्रधरणेन्द्रनरेन्द्रपूजितः केवलज्ञानाद्यनन्तगुणपरिपूर्णः पूज्यपदस्थितो जिननाथः पंच ण वंदिय पञ्च न वन्दिताः। के ते। परम-गुरु त्रिभुवनाधीशवन्द्यपदस्थिता अर्हत्सिद्धाः त्रिभुवनेशवन्द्यमोक्षपदाराधकाः आचार्योपाध्यायसाधवश्चेति पञ्च गुरवः, किमु होसइ सिव-लाहु शिवशब्दवाच्यमोक्षपदस्थितानां तदाराधकानामाचार्यादीनां च यथायोग्यं दानपूजावन्दनादिकं न कृतम्, कथं शिवशब्दवाच्यमोक्षसुखस्य लाभो भविष्यति न कथमपीति। अत्रेदं व्याख्यानं ज्ञात्वा उपासकाव्याख्यानं ज्ञात्वा उपासकाध्ययनशास्त्रकथितमार्गेण विधिद्रव्यदातृपात्रलक्षणविधानेन दानं दातव्यं पूजावन्दनादिकं च कर्तव्यमिति भावार्थः।।१६८।।

---

आगे दान, पूजा और पंचपरमेष्ठीकी वंदना, आदि परम्परा मुक्तिका कारण जो श्रावकधर्म उसे कहते हैं–

## गाथा-१६८

अन्वयार्थः- [दानं] आहारादि दान [मुनिवराणां] मुनिश्वर आदि पात्रोंको [न दत्तं] नहीं दिया, [जिननाथः] जिनेन्द्रभगवानको भी [नापि पूजितः] नहीं पूजा, [पंच परमगुरवः] अरहंत आदिक पंचपरमेष्ठी [न वंदिताः] भी नहीं पूजे, तब [शिवलाभः] मोक्षकी प्राप्ति [किं भविष्यति] कैसे हो सकती है?

भावार्थः- आहार, औषध, शास्त्र और अभयदान-ये चार प्रकारके दान भक्तिपूर्वक पात्रोंको नहीं दिये, अर्थात् निश्चय व्यवहाररत्नत्रयके आराधक जो यती आदिक चार प्रकार संघ उनको चार प्रकारका दान भक्तिकर नहीं दिया, और भूखे जीवोंको करुणाभावसे दान नहीं दिया। इन्द्र, नागेन्द्र, नरेन्द्र आदिकर पूज्य केवलज्ञानादि अनंतगुणोंकर पूर्ण जिननाथकी पूजा नहीं कीं; जल, चन्दन, अक्षत, पुष्प, नैवेघ, दीप, धूप फलसे पूजा नहीं की; और तीन लोककर वंदने योग्य ऐसे अरहंत, सिद्ध, आचार्य, उपाध्याय, साधु इन पाँचपरमेष्ठियोंकी आराधना नहीं की। सो हे जीव, इन कार्योंके बिना तुझे मुक्तिका लाभ कैसे होगा? क्योंकि मोक्षकी प्राप्तिके ये ही उपाय हैं। जिनपूजा, पंचपरमेष्ठीकी वंदना, और चार संघको चार प्रकारका दान, इन बिना मुक्ति

नहीं हो सकती। ऐसा व्याख्यान जानकर सातवें उपासकाध्ययन अंगमें कही गई जो दान, पूजा, वंदनादिककी विधि वही करने योग्य है। शुभ विधिसे न्यायकर उपार्जन किया अच्छा द्रव्य वह दातारके अच्छे गुणोंको धारणकर विधिसे पात्रको देना, जिनराजकी पूजा करना, और पंचपरमेष्ठीकी वंदना करना, ये ही व्यवहारनयकर कल्याणके उपाय हैं।।१६८।।

---

હવે, દાન, પૂજા અને પંચપરમેષ્ઠીઓની વંદના આદિરૂપ પરંપરાએ મુક્તિનું કારણ એવા શ્રાવકધર્મનું કથન કરે છે :-

ભાવાર્થઃ- નિશ્ચય વ્યવહારરત્નત્રયના આરાધક મુનિવરાદિ ચતુર્વિધ સંઘમાં સ્થિત પાત્રોને આહારદાન, અભયદાન, ઔષધદાન અને શાસ્ત્રદાન એ ચાર પ્રકારના દાન આપ્યાં નહિ, દેવેન્દ્ર, ધરણેન્દ્ર અને નરેન્દ્રથી પૂજિત, કેવળજ્ઞાનાદિ અનંત ગુણોથી પરિપૂર્ણ, પૂજ્યપદમાં સ્થિત જિનનાથને જલધારા સહિત, ગંધ, અક્ષત, પુષ્પ આદિ અષ્ટવિધ પૂજાથી (જલ, ચંદન, અક્ષત, ફળ, નૈવેધ, દીપ, ધૂપ, ફળથી) પૂજ્યા નહિ, અને ત્રણ ભુવનના અધિપતિથી વંધપદમાં સ્થિત એવા અર્હંત, સિદ્ધ અને ત્રણ ભુવનના ઈશથી વંધ મોક્ષપદના આરાધક, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ ગુરુઓને વંદન કર્યું નહિ, 'શિવ' શબ્દથી વાચ્ય એવા મોક્ષપદમાં સ્થિત અર્હંત અને સિદ્ધને અને તેમના આરાધક આચાર્યાદિને યથાયોગ્ય દાન, પૂજા, વંદના આદિ કર્યાં નહિ તો કેવી રીતે 'શિવ' શબ્દથી વાચ્ય એવા મોક્ષસુખની પ્રાપ્તિ થશે? કોઈ પણ રીતે થશે નહિ.

અહીં, આ વ્યાખ્યાન જાણીને ઉપાસકાધ્યયન શાસ્ત્રમાં કહેલા માર્ગ પ્રમાણે વિધિ, દ્રવ્ય, દાતા, પાત્રના લક્ષણાનુસારે દાન દેવું જોઈએ અને પૂજાવંદનાદિ કરવા જોઈએ, એવો ભાવાર્થ છે. ૧૬૮.

---

## વીર સંવત ૨૫૦૨, મહા વદ ૧૩, બુધવાર
## તા. ૧૬-૦૨-૧૯૭૭, ગાથા-૧૬૮ થી ૧૭૦, પ્રવચન નં. ૨૧૮

પરમાત્મપ્રકાશ. ૧૬૮ ગાથા. મથાળાનો અર્થ કર્યો જ નથી નીચે તો. એમાં પહેલો અર્થ કર્યો પાધરો. ટીકામાં નથી. મથાળુ બાંધ્યું ને એમાં કર્યું.

२९९) दाणु ण दिण्णउ मुणिवरहँ ण वि पुज्जिउ जिण-णाहु।
पंच ण वंदिय परम-गुरु किमु होसइं सिव-लाहु।।१६८।।

પાઠમાં તો આ છે. 'દાન, પૂજા, પંચપરમેષ્ઠીકી વંદના, આદિ...' છે શુભભાવ. પણ

સ્વનો આશ્રય થઈને જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છે એને વ્યવહાર આવો હોય છે. અને તેથી વ્યવહાર મુક્તિનું કારણ છે પરંપરાએ એમ કહેવામાં આવે છે. એકલો જ્યાં નિશ્ચય સમ્યગ્દર્શન નથી, સ્વનો આશ્રય જ નથી એનો જે વ્યવહાર છે એ તો એકલો સંસારનું કારણ છે. વ્યવહાર જ નથી. છતાં વ્યવહાર કહેવાય વ્યવહારાભાસ તરીકે, વ્યવહાર તરીકે. અવ્રત આવે છે ને બંધ અધિકારમાં? જિનાજ્ઞાએ કહેલો અભવિ પણ વ્યવહાર કરે છે. એ તો ભાષા છે બધી. વ્યવહાર કરવાની ભાષા. આહાહા..! પણ આ તો નિશ્ચયપૂર્વક સાચો વ્યવહાર આવો હોય છે ઉપાસક અધ્યયના કથનની શૈલીએ એ વાત કરવા માગે છે. ઓલા ગયા લાગે છે હિન્દી. નથી.

'**જો શ્રાવકધર્મ ઉસે કહતે હૈં :—**' દેખો! '**દાન, પૂજા ઔર પંચપરમેષ્ઠીકી પૂજા, વંદના આદિ પરંપરા મુક્તિ કા કારણ જો શ્રાવકધર્મ કહતે હૈં—**' જુઓને, શ્રાવકધર્મની વ્યાખ્યા છે ને? આહાહા..! '**આહારાદિ દાન...**' મુનિઓને—સત્ય મુનિ તેને આહારાદાન દે શ્રાવક સમકિતી છે, જેને આત્મજ્ઞાન થયું છે, હું શુદ્ધચૈતન્ય સમ્યક્ સ્વને આશ્રયે સમ્યગ્દષ્ટિ થયો તેને આવો ભાવ આવે છે એમ વાત કહે છે. આહાહા..! ઝીણી વાત.

'**દાન, પૂજા...**' '**આહારાદિ દાન મુનિશ્વર આદિ પાત્રોં કો નહીં દિયા,...**' મુનિશ્વર પણ પાત્ર જીવ મહા જેને આનંદની ધારા વહે છે એવા મુનિ. શુદ્ધઉપયોગ જેને વર્તે છે તે મુનિ. આહાહા..! એવા મુનિને સમ્યગ્દષ્ટિ થઈને શુભભાવ ન આવે તો તેને પરંપરા મુક્તિનું કારણ થતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**જિનેન્દ્રભગવાન કો ભી નહીં પૂજા,...**' સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા એની જેણે નિશ્ચય સમ્યગ્દર્શનસહિત પૂજા ન કરી તો તેને વ્યવહાર હોતો નથી, તો વ્યવહાર જે મોક્ષનું પરંપરા કારણ છે એ તો છે નહિ. સમજાણું કાંઈ? પણ સમ્યગ્દષ્ટિસહિતની વાત હોં. એકલા આત્મજ્ઞાન વિનાના વ્રત, તપ બધું એકડા વિનાના મીંડા છે. બાળતપ અને બાળવ્રત. આહાહા..!

અહીંયાં તો આત્મજ્ઞાન સમ્યગ્દર્શન, સ્વસંવેદનજ્ઞાન થયું આત્માનું આહાહા..! તેને પૂર્ણ દશા વીતરાગાદિ છે નહિ, તો તેને આવો શુભભાવ આવ્યા વિના રહેતો નથી. તો વ્યવહારનયથી કહેવાય છે કે એ કરે. દાન કરે, પૂજા કરે એમ કહેવામાં આવે છે. એ છે શુભભાવ. પણ નિશ્ચય સમ્યગ્દર્શન હોય એની આ વાત છે. જેને હજી સમ્યગ્દર્શનની ખબર નથી શું ચીજ છે.

મુમુક્ષુ :- એ કરે એને હોય જ.

ઉત્તર :- ધૂળેય ન હોય. એવું તો અનંતવાર કરે છે. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપ અધિકારમાં આવ્યું નહિ? વ્રત ને નિયમ ને તપ તો અનંતવાર કર્યા. સમ્યગ્દર્શન વિના પરમાર્થ, જ્ઞાનના આશ્રય વિના એકલો ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એના આશ્રય વિના, એના આધાર વિના જેટલા વ્રત, તપ આદિ છે એ તો બાળવ્રત સંસાર ખાતે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જિનેન્દ્ર ભગવાનકો ભી નહીં પૂજા,...**' પંચ પરમગુરુ '**અરહંત આદિ પંચપરમેષ્ઠી ભી નહીં પૂજે, તબ મોક્ષકી પ્રાપ્તિ કૈસે હો સકતી હૈ?**' નિશ્ચયપૂર્વક જો વીતરાગ ન હોય તો

એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી અને વ્યવહાર ન હોય તો મુક્તિ કેમ થાય? એમ કહે છે. નિશ્ચય તો થોડો છે. વીતરાગતા છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

'**ભાવાર્થઃ- આહાર, ઔષધ, શાસ્ત્ર ઔર અભયદાન-યે ચાર પ્રકાર કે દાન ભક્તિપૂર્વક પાત્રોંકો નહીં દિયે,...**' આ સિદ્ધાંત. આહા..! એ સમ્યગ્દૃષ્ટિને જ સાચી ભક્તિ હોય છે. મિથ્યાદૃષ્ટિને સાચી ભક્તિ હોતી નથી. એક વાત. અને '**પાત્રોંકો નહીં દિયે,...**' પાત્ર જે સામે છે. સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શનસહિત જેને ચારિત્ર અંદર આનંદ, ચારિત્ર નામ આનંદની શુદ્ધ ઉપયોગ ધારા વહે છે એવા મુનિને પાત્ર કહે છે. સમજાણું કાંઈ? એટલે ભક્તિપૂર્વક અને પાત્રોને. બે શબ્દો ઉપર વજન છે. છે ને?

સમ્યગ્દૃષ્ટિની ભક્તિ, ભક્તિ સાચી હોય છે. રાગના રસવાળાને ગુરુની સાચી ભક્તિ હોતી નથી. આહાહા..! એ કહ્યું ને ભગવાન સમંતભદ્રાચાર્યે. પ્રભુ! તમને અભવિ નહિ પૂજે. કેમકે એ અભવિ આદિ મિથ્યાદૃષ્ટિ રાગની રુચિવાળા છે. રાગની રુચિ જેને છે એ વીતરાગને નથી પૂજી શકતા. આહાહા..! એ પૂજે તો બહારથી રાગને પૂજે છે. આહાહા..! સૂક્ષ્મ વાત ભારે ભાઈ! એ કહે છે. આહારદાન, ઔષધદાન, અભયદાન, શાસ્ત્રદાન '**ભક્તિપૂર્વક પાત્રોંકો નહીં દિયે,...**' જેને સમ્યગ્દર્શનસહિત ભક્તિ સાચી હોય છે. આહાહા..! તેને ન દીધા.

'**નિશ્ચય વ્યવહારરત્નત્રયકે આરાધક જો યતી...**' કેવા છે પાત્ર મુનિ? હવે પાત્ર કેવા છે? કે જેને નિશ્ચય આત્મજ્ઞાન આનંદનો અનુભવ થયો છે. આહાહા..! નિશ્ચયરત્નત્રય અને વ્યવહારરત્નત્રય અને એની પાસે પંચમહાવ્રતાદિનો શાસ્ત્ર જ્ઞાનનો વિકલ્પ છે એ વ્યવહાર છે. નિશ્ચય સ્વભાવ આનંદનો અનુભવ છે એ નિશ્ચય છે. તો તેને સાચા મુનિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિશ્ચય વ્યવહારરત્નત્રય કે આરાધક...** ' આહાહા..! '**જો યતી...**' મુનિ '**આદિક ચાર...**' યતી આદિ એટલે શ્રાવકો. એને પણ અપેક્ષાથી. '**ચાર પ્રકાર સંઘ ઉનકો ચાર પ્રકાર કા દાન ભક્તિકર નહીં દિયા, ઔર ભૂખે જીવોંકો કરૂણાભાવ સે દાન નહીં દિયા.** ' સમજાય છે? એ પોતે નાખ્યું છે ને? નથી. પાઠમાં નથી. ટીકામાં નથી, ટીકામાં નથી. કરૂણાનું વ્યવહારનું ટીકામાં નથી. આત્મજ્ઞાન, આત્માના આનંદનો અનુભવ એ અનુભવસહિત સમ્યગ્દર્શનસહિત જેણે મુનિવર આદિની પૂજા ન કરી '**ઔર ભૂખે જીવોં કો કરૂણાભાવ સે દાન નહીં દિયા.**' શુભભાવ.

'**ઈન્દ્ર, નાગેન્દ્ર, નરેન્દ્ર આદિકર પૂજ્ય...**' જિનનાથ. જિનેન્દ્રદેવ તો ઈન્દ્ર, નરેન્દ્ર ને નાગેન્દ્ર એનાથી પૂજનિક. આહાહા..! આદિ બધાથી પૂજ્ય એવા '**કેવલજ્ઞાનાદિ અનંતગુણોંકર પૂર્ણ જિનનાથકી પૂજા નહીં કી;...**' કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ એવા '**અનંતગુણોંકર પૂર્ણ જિનનાથકી પૂજા નહીં કી;...**' આહાહા..! વિશેષ કહે છે. ચંદનને અંદર વિશેષ નાખ્યું છે. '**જલ, ચંદન, અક્ષત,...**' ચોખા '**પુષ્પ, નૈવેદ્ય, દીપ, ધૂપ, ફલ સે પૂજા નહીં કી; ઔર તીન લોકકર વંદને યોગ્ય ઐસે અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ઈન**

**પાંચ પરમેષ્ઠીયોંકી આરાધના નહીં કી. સો હે જીવ, ઈન કાર્યોં કે બિના તુજે મુક્તિ કા લાભ કૈસે હોગા?'** પરંપરા મુક્તિનો લાભ એને કેમ થશે? આહાહા..! સમજાણું કાંઈ? કેમકે મોક્ષની પ્રાપ્તિનો એ ઉપાય છે. એ વ્યવહાર ઉપાય છે. નિશ્ચયની સાથે.

'**જિનપૂજા, પંચપરમેષ્ઠીકી વંદના, ઔર ચાર સંઘકો ચાર પ્રકાર કા દાન,...**' કીદું હતું ને? યતિ આદિ શબ્દ હતો ને? એમાં એ નાખ્યું પછી. શ્રાવક નાખ્યા. અરિહંત, '**સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ઈન પાંચ પરમેષ્ઠીયોંકી આરાધના નહીં કી, સો હે જીવ, ઈન કાર્યો કે બિના તુજે મુક્તિ કા લાભ કૈસે હોગા? જિનપૂજા, પંચપરમેષ્ઠીકી વંદના, ઔર ચાર સંઘકો ચાર પ્રકાર કા દાન,...**' પછી સંઘમાં મુનિ પણ લેવા. ચાર સંઘમાં, ચાર પ્રકારના મુનિ પણ આવે છે ને.

મુમુક્ષુ :- મુનિ, આર્જિકા, શ્રાવક, શ્રાવિકા.

ઉત્તર :- ના એ નહિ. મુનિ, યતિ, અણગાર એવા મુનિના ચાર ભેદ છે. પંચપરમેષ્ઠી છે ને, પ્રવચનસારમાં. અને શ્રાવક, શ્રાવિકા આર્જિકા, મુનિ એ ચાર સંઘ શ્રાવકસહિતના છે. મુનિમાં એ ચાર સંઘ છે. મુનિને ચાર સંઘ હોય છે.

'**ઈન બિના મુક્તિ નહીં હો સકતી. ઐસા વ્યાખ્યાન જાનકર સાતવેં ઉપાસકાધ્યયન અંગમેં કહી ગઈ જો દાન, પૂજા, વંદનાદિકકી વિધિ વહી કરને યોગ્ય હૈ.**' વ્યવહારનયથી છે ને? '**શુભ વિધિ સે ન્યાયકર ઉપાર્જન કિયા અચ્છા દ્રવ્ય...** ' લક્ષ્મી સુવિધિથી હોં. અનીતિથી, અન્યાયથી નહિ. '**વહ દાતાર કે અચ્છે ગુણોં કો ધારણકર વિધિ સે પાત્ર કો દેના, જિનરાજકી પૂજા કરના, ઔર પંચપરમેષ્ઠીકી વંદના કરના, યે હી વ્યવહારનયકર કલ્યાણ કે ઉપાય હૈ.**' દેખો! છે ને છેલ્લે? આહા..! એ તો પોતે નાખ્યો છે ખુલાસો. વ્યવહારનય હતું ને, નિશ્ચયનું કારણ પરંપરા કહ્યું હતું ને? એટલે એ વ્યવહારનયથી છે. વ્યવહારનયનો વિષય છે. જેમ નિશ્ચયનો વિષય આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાયકભાવ છે એનો અનુભવ નિશ્ચય, અને નિશ્ચયની સાથે પંચપરમેષ્ઠીની વંદના, પૂજા આદિનો ભાવ એ વ્યવહાર. એ વ્યવહાર પણ છે, નિશ્ચય પણ છે. વ્યવહાર પરંપરા ઉપાય કહેવામાં આવે છે. નિશ્ચય સાક્ષાત્ ઉપાયનું કારણ છે. આહાહા..! એ આવ્યું ને પુણ્ય-પાપ અધિકારમાં, વિદ્વજન 'ભૂતાર્થ ત્યજી વ્યવહારમાં વર્તન કરે.'

નિશ્ચય પોતાનું સ્વરૂપ આનંદનો નાથ પ્રભુ એના આશ્રય વિના. આહાહા..! વ્યવહારનું વર્તન કરે તેને મુક્તિ નહિ થાય. સમજાણું કાંઈ? વિદ્વાનો એમાં શાસ્ત્રમાંથી એમ કાઢે, નિશ્ચયની વાત છોડીને વ્યવહારની વાત કાઢે તો તેને મુક્તિ નહિ થાય. છે ને પુણ્ય-પાપ અધિકારમાં. અહીંયાં તો નિશ્ચય સ્વભાવનો આશ્રય છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદનો અનુભવ છે પણ પૂર્ણ વીતરાગતા નથી તો આવો શુભભાવ આવ્યા વિના રહે નહિ. આહાહા..! વ્યવહાર આવે છે. છે બંધનું કારણ, પણ અહીંયાં મોક્ષના કારણનો આરોપ આપીને મોક્ષનું કારણ વ્યવહારથી કહ્યું. આહાહા..! ભારે આકરી વાત. સમજાણું કાંઈ? છે તો બંધનું કારણ. પોતાનો આત્મા નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત છે તો

એ નિશ્ચય વસ્તુ છે એનો આરોપ દીધો તેને. એ વ્યવહારથી મોક્ષનું કારણ છે. છે બંધનું કારણ તેને મોક્ષનું કારણ કહેવું એ વ્યવહારનય છે. આહાહા..! ભારે વિરોધ ગડબડ ચાલે છે અત્યારે. આહાહા..!

## ગાથા-૧૬૯

अथ निश्चयेन चिन्तारहितध्यानमेव मुक्तिकारणमिति प्रतिपादयति चतुष्कलेन-

३००) अद्धुम्मीलिय-लोयणिहिँ जोउ कि झंपियएहिँ।
एमुह लब्भइ परम-गइ णिच्चिंतिं ठियएहिँ।।१६९।।

अर्धोन्मीलितलोचनाभ्यां योगः किं झंपिताभ्याम्।
एवमेव लभ्यते परमगतिः निशिचन्तं स्थितैः।।१६९।।

अद्धुम्मीलिय-लोयणिहिं अर्धोन्मीलितलोचनपुटाभ्यां जोउ किं योगो ध्यानं किं भवति अपि तु नैव। न केवलमर्धोन्मीलिताभ्याम्। झंपियएहिं झंपिताभ्यामपि लोचनाभ्यां नैवेति। तर्हि कथं लभ्यते। एमुइ लब्भइ एवमेव लभ्यते लोचनपुटनिमीलनोन्मीलननिरपेक्षैः। का लभ्यते। परम-गइ केवल ज्ञानादिपरमगुणयोगात्परमगतिर्मोक्षगतिः। कैः लभ्यते णिच्चिंतिं ठियएहिं ख्यातिपूजालाभप्रभृतिसमस्तचिन्ताजालरहितैः पुरुषैश्चिन्तारहितैः स्वशुद्धात्मरुपस्थितैश्चत्यभिप्रायः।।१६९।।

---

आगे निश्चयसे चिन्ता रहित ध्यान ही मुक्तिका कारण है, ऐसा कहते हैं-

## गाथा-१६९

अन्वयार्थः- [अर्धोन्मीलितलोचनाभ्यां] आधें ऊघड़े हुए नेत्रोंसे अथवा [झंपिताभ्याम्] बंद हुए नेत्रोंसे [किं] क्या [योगः] ध्यानकी सिद्धि होती है, कभी नहीं। [निश्चिंतं स्थितैः] जो चिन्ता रहित एकाग्रमें स्थित हैं, उनको [एवमेव] इसी तरह [लभ्यते परमगतिः] स्वयमेव परमगति (मोक्ष) मिलती है।।

भावार्थः- ख्याति (बड़ाई) पूजा (अपनी प्रतिष्ठा) और लाभ इनको आदि लेकर समस्त चिन्ताओंसे रहित जो निश्चिंत पुरुष हैं, वे ही शुद्धात्मस्वरुपमें स्थिरता पाते हैं, उन्हींके ध्यानकी सिद्धि है, और वे ही परमगतिके पात्र हैं।।१६९।।

---

હવે નિશ્ચયથી ચિંતા રહિત ધ્યાન જ મુક્તિનું કારણ છે, એમ ચાર ગાથાસૂત્રોથી કહે છે :-

## ગાથા-૧૬૯ ઉપર પ્રવચન

'હવે નિશ્ચયથી ચિંતા રહિત ધ્યાન જ મુક્તિનું કારણ છે,...' જુઓ હવે. એ બધા

વિકલ્પ છોડીને અંદરમાં ધ્યાનમાં જાય છે તો મુક્તિનું કારણ છે. વ્યવહાર કહ્યો વચ્ચે આવે છે તો. પણ જ્યારે અંતર આત્મધ્યાનમાં બધી ચિંતા છોડીને અંતરમાં જઈને આનંદનો અનુભવ ન કરે ત્યાં સુધી મુક્તિ થતી નથી. ૧૬૯.

३००) अद्धुम्मीलिय-लोयणिहिँ जोउ कि झंपियएहिँ।
एमुह लब्भइ परम-गइ णिच्चिंतिं ठियएहिँ।।१६९।।

આહાહા..! જેને બધી ચિંતા છોડીને. વિકલ્પ છોડીને એમ કહે છે. પહેલા કહ્યું. નિશ્ચય આત્માનો અનુભવપૂર્વક વ્યવહાર આવે છે, પણ જ્યાં સુધી વિકલ્પ છોડીને ચિંતારહિત ધ્યાનમાં ન જાય ત્યાં સુધી મુક્તિ નહિ થાય. આહાહા..! આવો માર્ગ ભારે ઝીણો ભાઈ! કેવી રીતે ધ્યાન કરવું? **'આધે ઉઘડે હુએ નેત્રોં સે...'** આમ અડધી (ઉઘાડી). એથી કાંઈ ધ્યાન નથી થતું એમ કહે છે. પણ એવી ચેષ્ટા ત્યાં થાય છે. **'નેત્રોં સે અથવા બંધ હુએ નેત્રોં સે ક્યા ધ્યાનકી સિદ્ધિ હોતી હૈ, કભી નહીં.'** અંદરમાં રાગરહિત ચિંતા છોડીને ધ્યાન કરે તો ધ્યાન થાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત બહુ ભાઈ. શુભ અને અશુભ, શુભ અને અશુભ જે રાગ છે તેને છોડીને ધ્યાન કરે તો આત્મા અનુભવમાં આવી શકે છે. આંખ અડધી બંધ કરે અને એક આંખ બંધ કરે. બંધ કરે એટલે ધ્યાન થઈ જાય? આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત ભારે ભાઈ! **'ધ્યાનકી સિદ્ધિ હોતી હૈ, કભી નહીં.'**

**'જો ચિંતા રહિત એકાગ્રમેં સ્થિત હૈં,... '** આહાહા..! એ શુભ જે વિકલ્પ કહ્યો દાનાદિનો, એ શ્રાવકની અપેક્ષાએ નિશ્ચયસહિત વ્યવહાર કહ્યો. પણ મુક્તિ પામે છે ત્યારે તો વિકલ્પને છોડીને, બધી ચિંતા છોડીને એકલા ભગવાનઆત્માના અસ્તિત્વમાં ધ્યાન લગાવી દે ત્યારે મુક્તિ થશે. આહાહા..! સમજાણું કાંઈ? ધ્યાન શું? ધ્યાનનો અર્થ જ્ઞાયકભાવ છે, શુદ્ધભાવ પરિપૂર્ણ છે એમાં એકાગ્ર થવું એ ધ્યાન.

કાલે કહ્યું હતું નહિ? ધ્રુવના ધ્યાનની ધુણી ધખતી. પાંચમો શબ્દ હતો કાંઈક. રાતે હતું ને? પાંચ શબ્દ હતા. ધ્રુવધામ ઠીક હા. ધ્રુવધામના ધ્યાનની ધુણી ધખાવ. શું કહે છે? ભગવાન આનંદનો કંદ પ્રભુ નિત્યાનંદ, ધ્રુવધામ વસ્તુ એના ધ્યાનની ધુણી ધખતી નિર્મળ વીતરાગ પરિણતિથી ધખતી એ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! વચ્ચે બતાવ્યો શ્રાવકનો અધિકાર. પણ કહે છે કે એ શ્રાવકની દશામાં મુક્તિ નહિ થાય. આહાહા..! એને તો આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપથી ભર્યો પડ્યો પ્રભુ આહાહા..! એને ધ્યેય બનાવીને. આહાહા..! ધ્યાનમાં ધ્યેય બનાવીને એની એકાગ્રતાની ધુન લગાવવી. આહાહા..! એ જ એક મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? બીજું કારણ કહ્યું હતું પણ એ વ્યવહારથી કહ્યું હતું. આ પરમાર્થ તો આ છે. આહાહા..!

એ તો આવે છે ને શ્રાવકમાં નથી આવતું એ? યોગસારમાં આવે છે ને. ગૃહકામ કરતા છતાં, ગૃહકામ કરતા છતાં હેયાહેયનું જ્ઞાન. હું ત્રિકાળી આનંદસ્વરૂપી આદેય ઉપાદેય છે અને રાગાદિ હેય છે. આહાહા..! એવું ગૃહસ્થાશ્રમમાં પણ ગૃહકામ કરતા છતાં હેયાહેયનું જ્ઞાન. બે શ્લોક છે. એક

૧૪મી અને એક ૬૫મી. આહાહા..! યોગસારમાં છે. યોગીન્દ્રદેવ. છે એમાં? આહાહા..! ૧૮. '**गिहि-वावार-परिट्ठिया हेयाहेउ मुणंति।**' લ્યો ઈ. '**ગૃહકામ કરતાં છતાં, હેયાહેયનું જ્ઞાન;**' ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ પૂર્ણ ઉપાદેય છે અને રાગાદિ હેય છે. આહાહા..! છે? '**अणुदिणु सायहिं**' નિરંતર ધ્યાન કરે છે. '**अणुदिणु**' નિરંતર. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં રહે છે પણ અંતરમાં ધ્યાન કરે છે. '**अणुदिणु सायहिं दोउ जिणु लहु णिव्वाणु लहंति।।**' '**अणुदिणु सायहिं दोउ**' આ દેવ પોતાનો આત્મા ભગવાન. '**लहु णिव्वाणु लहंति।।**' '**શીઘ્ર નિર્વાણને પામે છે.**' બીજી છે ને એ? ૬૫. આ છે ને.

'**सागारु वि णागारु कु वि जो अप्पाणि वसेइ।**' આહા..! જુઓ! યોગીન્દ્રદેવ. આ યોગીન્દ્રદેવ છે ને. પરમાત્મપ્રકાશ (બનાવ્યું) એ. '**सागारु वि णागारु**' શ્રાવક હો કે મુનિ હો. '**अप्पाणि वसेइ।**' ભગવાન આનંદસ્વરૂપમાં વસે છે અંદર, ઠરે છે. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં અનુભવ ન થઈ શકે એવી અહીં ના પાડે છે. બીજે ના પાડે એ તો મુનિપણાનો જે અનુભવ આનંદનો વિશેષ છે એ થતો નથી એટલું. બાકી અહીં તો તે કહ્યું જુઓ. ગૃહસ્થ હોય કે મુનિ હોય, જે કોઈપણ નિજઆત્મામાં વાસ કરે છે. આહાહા..! વ્યવહારનો વિકલ્પ છોડીને જેટલો આત્મામાં નિવાસ કરે છે. આહાહા..! છે? '**તે શીઘ્ર જ મોક્ષના સુખને પામે છે એમ જિનવર કહે છે.**' છે ને? '**जिणवरु एम भणेइ।**' ત્રણલોકનો નાથ જિનવર એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

૧૮માં તો હિન્દી ન હોય. ગાથા ઉપરથી વાંચી લઈએ. ૧૮-૧૮. '**જેઓ ગૃહસ્થના કાર્યોમાં પ્રવર્તવા છતાં પણ હેય-ઉપાદેયને જાણે છે અને રાત-દિવસ (નિરંતર) જિનદેવને ધ્યાવે છે,...**' એમ લીધું છે જરી. '**अणुदिणु सायहिं दोउ जिणु**' '**શીઘ્ર નિર્વાણને પામે છે.**' આહાહા..! શ્રાવકની દશા પણ કેવી? જેને સમ્યગ્દર્શન છે, જેને સર્વાર્થસિદ્ધના દેવ સમકિતી એકભવતારી છે તેનાથી પણ જેની અંતર દશા શાંતિની વૃદ્ધિ થઈ ગઈ છે અંદર. આહાહા..! પંચમગુણસ્થાન જેને આત્મજ્ઞાન ઉપરાંત શાંતિ સ્થિરતા અંતર વધી ગઈ. આહાહા..! શુદ્ધિની વૃદ્ધિ થઈ ગઈ એનું નામ શ્રાવક અને પંચમ ગુણસ્થાનનો ગૃહસ્થાશ્રમ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. શું થાય? ઓલા તો એ નાખે કે વ્યવહારથી થાય, વ્યવહારથી થાય, નિશ્ચય વિના વ્યવહાર આવ્યો ક્યાંથી? પણ નિશ્ચય હજી સમ્યગ્દર્શનની ખબર નથી. આહાહા..! નિર્વિકલ્પ આનંદ પ્રભુ, જેનો નિર્વિકલ્પ આનંદનો ભાવ તો આવ્યો નહિ, આનંદ વેદ્યો નથી, આનંદની પ્રતીતિ થઈ નથી. આહાહા..! તો એના વ્રત ને તપ ક્યાંથી આવ્યા એને? નિશ્ચય વિનાના મીંડા છે એકલા. આહાહા..! એ અહીં કહે છે. કેવી ચિંતા? હવે એ ખુલાસો કરે છે.

'**ભાવાર્થઃ- ખ્યાતિ પૂજા...**' ખ્યાતિ એટલે બડાઈ. બધાથી હું મોટો છું એવી મોટાઈની ચિંતા છોડી દે. '**પૂજા (અપની પ્રતિષ્ઠા)...**' અમારું બહારમાં બહુ માન છે, અમે દુનિયામાં ગણાઈયે છીએ. એ પૂજાની ચિંતા છોડી દે. સમજાણું કાંઈ? '**ઔર લાભ ઈનકો આદિ...**' પૈસા મળ્યા, પુત્ર થયો, ૬૦ વર્ષે દીકરો આવ્યો તો એ કર્યું. એ તો ચિંતા છે, રાગ છે બધો. પૈસા મળ્યા

પાંચ-પચ્ચીસ લાખ. લાભ થયો. શું ધૂળ-લાભ છે? આહાહા..! એની પણ ચિંતા છોડીને ધ્યાન લગાવી દે અંદરમાં. આહાહા..! આવી વાત છે.

**'સમસ્ત ચિંતાઓંસે રહિત...'** સમસ્ત ચિંતાથી રહિત. અરે! ગુણગુણીના ભેદનો વિકલ્પ પણ ચિંતાથી રહિત. આહાહા..! આવી વાતું. રાગ આવે છે પૂજા, ભક્તિનો. અરે! અશુભ પણ થાય છે સમકિતીને. રાગ આવે છે. રાગ છૂટે નહિ તો રાગ આવે તો છે અને એવી ક્રિયા પણ થાય છે, પણ અંતરમાં સ્વનો આશ્રય જેટલો છે એટલું મોક્ષનું કારણ છે. આહાહા..! એટલી સંવર-નિર્જરા છે. બાકી બધો આસ્રવ અને બંધ છે. આહાહા..! લ્યો!

**'સમસ્ત ચિંતાઓંસે રહિત જો નિશ્ચિંત પુરુષ હૈં,...'** **'નિશ્ચિંત પુરુષ હૈં,...'** ઓલું આવ્યું હતું ને આપણે નહિ? નિભ્રત, નિભ્રત. ચિંતા કોઈ નથી. આહાહા..! બાહ્યની કોઈપણ પ્રકારની ચિંતા એ વિકલ્પ છે, રાગ છે. આહાહા..! અંતરમાં ધ્યાન કરવામાં તો વિઘ્ન છે. એ કહે છે. **'નિશ્ચિંત પુરુષ હૈં,...'** ચિંતા વિનાનો જે આત્મા છે. ચિંતા... શરીરનું શું થશે? કુટુંબનું શું થશે? આબરૂનું શું થશે? બધી ચિંતા છોડી દે, કહે છે. આહાહા..! ત્યારે ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ એમાં જઈ શકે. આહાહા..!

**'નિશ્ચિંત પુરુષ હૈં, વે હી શુદ્ધાત્મસ્વરૂપમેં સ્થિરતા પાતે હૈં,...'** આહાહા..! પોતાના સિવાય બાહ્ય કોઈપણ પદાર્થની ચિંતા છોડી દે, તો આત્મામાં સ્થિરતા થાય છે. એ દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. આત્મામાં દર્શન, જ્ઞાન સ્થિરતા એ જ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! ઓલા કારણની વિકાર છે એની મોટી ચર્ચા લીધી છે. વિકાર છે એ પરાધીન છે, પરાધીનનું કારણ નહિ. પરાધીનનું કારણ કર્મ છે. પરાધીન પોતે કરે છે એમાં કારણ છે, નિમિત્ત કારણ છે એમ કહે છે. એમ કે કર્મથી આત્મા પરાધીન થાય છે. એમ છે નહિ. તો ચિંતા છોડી દે એ ક્યાંથી આવ્યું? કર્મથી ચિંતા હોય તો કર્મ તો છૂટે નહિ, પોતાની સજ્જનતા છૂટે નહિ. સમજાણું કાંઈ? ચિંતા કરે છે અહીં તો છોડી દે એમ કહે છે. છોડી દે તો એની ચિંતા પોતાથી કરતો હોય, નિમિત્ત કારણ હોય તેને કારણ કહે છે પણ પરાધીન તો પોતાની પર્યાય પરને આધીન હોય છે. એવો પુરુષાર્થ સમજે તો ચિંતા છોડીને અંદરમાં આવી શકે. પણ કર્મ જ અમને વિકાર કરાવે છે. તો કર્મ છૂટે તો તારો વિકાર છૂટે. તો તારાથી પુરુષાર્થથી કંઈ થયું નહિ. તારા અધિકારમાં તો ધર્મ કરવો રહ્યો નહિ. આહાહા..! દરેકના અર્થમાં ફેર બહુ.

શાસ્ત્રમાં એવું આવ્યું, કર્મનું કારણ—પરાધીનનું કર્મ કારણ છે. પણ એનો અર્થ શું? આહાહા..! એ તો નિમિત્ત કારણ છે. ઉપાદાન તો પોતાથી પરાધીન કરે છે. પરાધીન કરે છે તો એમાં નિમિત્તકારણ કર્મ છે. કર્મ પરાધીન કરાવે છે. બિલકુલ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? શું કરે? અમારે કર્મનું જોર છે માટે રાગ મટતો નથી. એ વાત છે. એવી વાત કોણ કરે છે? તને વિકારનું જોર છે તો એમાં કર્મ નિમિત્ત કહેવામાં આવે છે. કારણ કે નિમિત્ત નિમિત્તકર્તા નથી. નિમિત્ત કારણ કહો, પણ એ નિમિત્ત વિકારનો કર્તા નથી. આહાહા..! વિકારને કરનાર તો જીવ સ્વતંત્ર છે. આહાહા..!

એની ખબર ન મળે. પૂજામાં નથી આવતું? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' કર્મ બિચારા શું કરે? એ તો જડ છે, માટી, ધૂળ છે. એની પણ ખબર નહિ કાંઈ કે ક્યો વિકાર કેમ થાય છે? એ તો કર્મને લઈને વિકાર થાય છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ.' લોહમાં અગ્નિ પેસે તો ઘણ પડે. એકલી અગ્નિ છૂટી (હોય તો ઘણ ન પડે.) એમ ભગવાનઆત્મા પરનો સંગ કરે તો પરાધીન થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ? એક એક વાતમાં ફેર, માન્યતામાં ફેર, કર્મ ટળે ત્યારે રાગ ટળે. એ તો પોતાને આધીન રહ્યો નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ત્યારે કહે છે કે તમે એમ માનો છો તો નિયત ક્રમમાં આવવાનું હોય તે આવે છે. એમાં આત્મા રાગથી ભિન્ન કઈ રીતે કરે? ક્રમબદ્ધમાં આવવાનો હોય તે આવે છે. પણ ક્રમબદ્ધમાં આવનારો રાગ આવે છે તેનો નિર્ણય કોના આશ્રયે થાય છે? આહાહા..! સમજાણું કાંઈ? આવે છે તો ક્રમબદ્ધ, પણ ક્રમબદ્ધ સમય સમયની પર્યાયમાં જે ભાવ જે આવવાનો હોય તે આવે છે, તો તેનો નિર્ણય કોણે કર્યો? અને નિર્ણય કોના આશ્રયે થાય છે? એ જ્ઞાયક ભગવાનઆત્મા પૂર્ણાનંદના આશ્રયે ક્રમબદ્ધનો નિર્ણય થાય છે. ત્યારે કર્તાબુદ્ધિ ટળે છે અને અકર્તાબુદ્ધિ જ્ઞાતાદૃષ્ટા થાય છે. આહાહા..! પુરુષાર્થ નથી એમ નથી. ક્રમબદ્ધમાં ભગવાને દીઠું હોય તેમ થાય, અમે શું પુરુષાર્થ કરીએ? ક્રમબદ્ધમાં થવાનું હો તે થાય, અમે શું કરીએ? પણ ક્રમબદ્ધ જેણે માન્યું અને સર્વજ્ઞે જોયું તેમ થાય છે એમ માન્યું, એનો પુરુષાર્થ તો સ્વભાવસન્મુખ થઈ જાય છે. આહાહા..! કાંઈ વાત ખબર નહિ એને. જાવ થઈ ગયો ધર્મ. ધંધા, વેપાર આડે નવરા ન મળે, મજૂરી આખા. એય! પોપટભાઈ! મોટા મજૂર. એમાં આ નિર્ણય કરવાના ટાણા ક્યાં? કઈ રીતે હું માનું છું? અને કઈ રીતે હોય? ભગવાન શું કહે છે અને હું શું માનું છું? તુલના કરવાનો ટાઈમ પણ નથી. આહાહા..! જિંદગી એમ ને એમ ઓઘે ચાલી જાય. એ અહીં કહે છે. આહાહા..!

'**ચિંતાઓસે રહિત જો...**' એ આવ્યું ને? '**વે હી શુદ્ધાત્મસ્વરૂપ મેં સ્થિરતા પાતા હૈં,...**' આહાહા..! ચિંતાનું કારણ કર્મ છે તો કર્મ છૂટે તો હું ચિંતા છોડી શકું, એવી વાત નથી. આહાહા..! કર્મ તો બિચારા જડ છે, ધૂળ છે, અજીવ છે, તેને તો ખબર પણ નથી કે અમે કર્મ છીએ કે નહિ? અને હું પરને નુકસાન કરું એ કોણ માને છે એની પણ ખબર નથી. આહાહા..! કર્મને ખબર છે? એ તો જડ છે, માટી, ધૂળ. આ શરીર જેમ માટી ધૂળ છે એમ કર્મ જડ છે. કર્મને તો ખબર પણ નથી હું તેને નુકસાન કરું છું એમ માનનારો આત્મા છે એની પણ તેને ખબર નથી. આહાહા..!

જે જ્ઞાન પરને આ કર્મ છે, શરીર છે, ઘટ્ટ છે, મઠ છે, રાગ છે, તેને જે જ્ઞાન આમ પ્રત્યક્ષ કરે છે એ જ્ઞાન સ્વમાં પ્રત્યક્ષ કેમ ન કરી શકે? સમજાણું કાંઈ? જે જ્ઞાનની પર્યાય પરને પ્રત્યક્ષ કરે છે કે આ રાગ છે, આ ઘટ છે, આ મઠ છે, આ સ્ત્રી છે, આ કુટુંબ છે. જે જ્ઞાનની પર્યાય-અવસ્થા પરને 'આ છે' એમ જાણવામાં કામ કરે છે એ જ્ઞાનની પર્યાયમાં જાણનાર હું છું એવું સ્વનું કામ

કેમ ન કરી શકે? આહાહા..! સમજાણું કાંઈ?

જે જ્ઞાનની દશા, આ ચિંતા નિરોધની વાત ચાલે છે, જ્ઞાન જે આત્માની વર્તમાન દશા છે એ ઘટ છે, પટ છે, મકાન છે, ભગવાન છે, પરમેશ્વર છે, મંદિર છે એને જ્ઞાન પ્રત્યક્ષ જાણે છે કે નહિ આમ? કે કોઈના આશ્રયે જાણે છે? આહાહા..! એ જ્ઞાન સ્વ બાજુ વળે છે તો પોતાને પ્રત્યક્ષ કરે. કેમકે પર્યાયમાં આત્મા જ જણાય છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાનની વર્તમાન દશામાં પરને જાણવાનું પ્રત્યક્ષ કરે છે કે આનું અસ્તિત્વ છે, આનું અસ્તિત્વ છે, આ છે, આ છે, એ જ્ઞાનની પર્યાય સ્વનું અસ્તિત્વ સિદ્ધ ન કરી શકે? અરે! આહાહા..! સમજાણું કાંઈ? રાજેન્દ્રજી! ન્યાય લોજિકથી તો વાત ચાલે છે. એવી કંઈ ગડબડ નથી. આહાહા..!

જે જ્ઞાન પરને પ્રત્યક્ષ કરે છે, ચિંતાવાળી વાત એ તો છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનની પર્યાય પરને પ્રત્યક્ષ કરે એ સ્વને કેમ ન કરે? કારણ કે સ્વનો પ્રકાશક એ તો એનો મૂળ સ્વભાવ છે. પરનો પ્રકાશ તો એકલા સ્વ વિના તો એનો મૂળ સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ? ચીમનભાઈ! ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે એ તો પોતાના અસ્તિત્વથી છે. તો જે પરપ્રકાશનું જે જ્ઞાન પોતામાં રહીને પરની પ્રત્યક્ષતા અસ્તિત્વ છે એમ માને છે, આહાહા..! એ જ્યાં પોતાના સ્વભાવમાં જાણે છે, પર્યાયમાં જ્ઞાન આત્મા જ જાણવામાં આવે છે. તો આ બાજુ જાણીને આ આત્મા પર્યાયમાં જાણે છે અને એ પર્યાય આત્માને જાણે છે એવો નિર્ણય કેમ ન કરી શકે? ન્યાય સમજાય છે? આહાહા..!

રાગ છે, પાપનો રાગ આવે છે તેને જાણે છે કે નહિ? એ જેમ છે એમ જાણે છે કે નહિ જ્ઞાન કે આ રાગ છે? રાગને એમ માને છે કે આ ગધેડો છે? ગધેડાને જાણે છે એમ માને છે કે આ રાગ છે? સમજાણું કાંઈ? શું કહે છે? આ ચિંતા છોડી દે એનો અર્થ એ છે કે જ્ઞાનની પર્યાય પરને જાણવામાં રોકાય છે તો ચિંતા થાય છે. તો તેને પણ પ્રત્યક્ષ કરે છે અને છે આ જ્ઞાન છે એ પરને જાણનાર છે અને પર પણ છે એવો નિર્ણય કરે છે. હવે જે જ્ઞાન પોતાની પર્યાયનું છે એ પરવસ્તુનું એ જ્ઞાન નથી. તેને પણ અસ્તિત્વથી માને છે તો જે જ્ઞાનની પર્યાય જેની છે તેના અસ્તિત્વનો નિર્ણય કેમ ન કરી શકે? નવલચંદભાઈ! આહાહા..! શબ્દોની વાત નથી, ભાઈ આ તો ભાવની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

અને તેથી ૧૭-૧૮ ગાથામાં કહ્યું ને કે પોતાની જે જ્ઞાનપર્યાય છે વર્તમાન અવસ્થા, એમાં જ્ઞાયકને જ જાણે છે. સમજ્યા? પણ એની દૃષ્ટિ ત્યાં નથી. આ પર્યાય જ્ઞાયકને જાણે છે એવી દૃષ્ટિ નથી. પણ એ પર્યાય આને જાણે છે એ દૃષ્ટિ છે. ઘટને, પટને, સ્ત્રીને, કુટુંબને, વેપારને, ધંધાને આ પર્યાય જાણે છે એ ત્યાં દૃષ્ટિ છે એની. એ જૂઠી દૃષ્ટિ છે.

મુમુક્ષુ :- ઇન્દ્રિયજ્ઞાન બધું પરમાં જ જાય.

ઉત્તર :- પર ઉપર જ લક્ષ જાય છે એનું. જ્ઞાનની પર્યાય એ તો. ભલે ઇન્દ્રિય તો નિમિત્ત છે પણ ભાવેન્દ્રિયની જે પર્યાય છે એ તો પરને જાણવામાં વલણ છે એનું. આહા..! તો જે સ્થૂળ

વસ્તુ જગતની અને રાગ પણ સ્થૂળ શુભ, અશુભ. સ્થૂળ છે ને એ? કહ્યું ને પુણ્ય-પાપ? આહાહા..!

મુમુક્ષુ :- પુણ્ય અને પાપ બેયને સ્થૂળ કહ્યા છે.

ઉત્તર :- બેયને સ્થૂળ કહ્યા છે ભગવાને. તો જે સ્થૂળ જે સૂક્ષ્મ જ્ઞાન પરતરફના જુકાવમાં પર છે ભલે એકમેક ન થાય, પણ છે એવો નિર્ણય કરવામાં એનું અસ્તિત્વ છે, પરનું એમ એ માને છે, જાણે છે. આહાહા..! એ જ્ઞાનની પર્યાય સ્વને જાણવામાં કેમ ન જાણી શકે? આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં ચિંતાની વાત જ નથી અંદર એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષ :- ચિંતા છોડવી એની વાત છે.

ઉત્તર :- હા, આ વાત છે. ત્યાં સુધી પર ઉપર છે. ચિંતાને જાણે છે, રાગને જાણે. આહાહા..! એ જે કોઈ ચિંતાને રાગને... આવ્યું ને એ? વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. એ પણ વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એ કોને? કે પરને જાણે છે, પણ પહેલા સ્વને જાણ્યું ત્યારે પરને જાણે છે એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! આવું ભારે ભાઈ! એ જ્ઞાનની કળા છે. એ જ્ઞાનની કળા ખીલે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે જુઓ!

**'ઔર વે હી પરમગતિ કે પાત્ર હૈં.'** છે? આહાહા..! **'ઉન્હી કે ધ્યાનકી સિદ્ધિ હૈ, ઔર વેહી પરમગતિ કે પાત્ર હૈં.'** મોક્ષને પાત્ર તો એ જીવ છે. પરતરફનું જ્ઞાન, ચિંતા રાગાદિની કરે છે એ જ જ્ઞાનની પર્યાય, ભલે એ સમયની પર્યાય નહિ પણ બીજી, પણ પોતાનું જ્ઞાન કરી શકે એમાં શું છે? આહાહા..! ત્યારે એ લોકોએ એ આપ્યો છે પ્રશ્ન કે જે સ્વને જાણી શકે છે ત્યારે એના માટે કાળનું શું કામ છે અર્ધપુદ્ગલનું? એમ કહે છે. ભાઈ! કઈ અપેક્ષાએ? અર્ધપુદ્ગલપરાવર્તન જ્યારે સંસારનું છે ત્યારે જ સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે છે. એ પર્યાયનો સ્વભાવ જ એટલો છે. આહાહા..! એમ. એમ કે આમ જાણી શકે છે તો આમ જાણવામાં કાળની શું જરૂર છે? કાળની જરૂર છે નહિ પણ કોને? જેને અર્ધપુદ્ગલ સંસાર રહ્યો છે તેને એમ થાય છે એમ કહે છે. આહાહા..! ભારે કામ ભાઈ!

એકલો જ્ઞાનનો વિષય છે ભાઈ આ તો. આહાહા..! જ્ઞાને સ્વનો વિષય કર્યો. એ સમ્યગ્દર્શનને લાયક અર્ધપુદ્ગલ સંસાર રહે ત્યારે જ થશે. તો એ માનતા નથી કે નહિ. કાળલબ્ધિ એનું નામ નથી. કાળલબ્ધિ આદિ.. આદિ શબ્દ પડ્યો છે. આદિનો અર્થ એ ભાવની યોગ્યતા થઈ ને? ભાવની યોગ્યતા એ જ દ્રવ્ય-ક્ષેત્રનું નિમિત્ત એમ છે. આહાહા..! દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ અને ભાવ આવ્યો ને? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ. તો ભાવ તો પોતાની યોગ્યતા જ એવી છે ત્યાં. આહાહા..! ભારે વાતું ભાઈ આ બધી. ક્યાં ફેર પડે છે એવી લોકોને ખબર પડતી નથી. આહાહા..!

ભગવાનઆત્મા પોતાના પુરુષાર્થથી જ્ઞાનની પર્યાય રાગને અને પરને જાણે છે. વીર્યશક્તિ છે ને સાથે? આહાહા..! તો જેમાં પરને જાણવાની સહજ શક્તિ છે તો એ તો જેની પર્યાય છે તેને જાણવામાં સહજશક્તિ છે. સમજાણું કાંઈ? એને એમ ન જોવું પડે કે કાળ પાક્યો છે કે (નહિ)? એને ક્યાં ત્યાં જોવું છે? આહાહા..!

મુમુક્ષુ :- કાળલબ્ધિને તો હેય કીધું.

ઉત્તર :- હેય છે. પણ કાળલબ્ધિનું જ્ઞાન પણ કોને થાય છે? આ બાજુ ઢળ્યો અને પછી જાણે કે, વાતમાં બહુ ફેર ભાઈ! ભગવાને દીઠું તેમ થાશે. એમાં અમે શું કરી શકીએ? એમ છે જ નહિ. ભગવાને દીઠું એવો જેને નિર્ણય થયો એ તો પોતાના પુરુષાર્થથી થયો છે, સ્વના આશ્રયે થયો છે. આહાહા..! સમજાણું કાંઈ? થોડી ઝીણી વાત આવી ગઈ. ચિંતા આવી ને ચિંતા. ચિંતા તો છૂટી જાય એવો એનો સ્વભાવ છે એમ કહેવું છે અહીં. ચિંતા રાખવી એવો એનો સ્વભાવ નથી. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાન...

ઉત્તર :- હા એ. પરનું જાણવું સહેલું અને સ્વનું જાણવું કઠણ એમ માને છે. પરને જાણનાર છે એ પર્યાય જ્યારે જેની છે એ પ્રત્યક્ષ કરે છે કે આ છે... છે... છે... છે... છે... તો એ પોતાના અસ્તિત્વને પ્રત્યક્ષ ન કરી શકે? સૂક્ષ્મ વાત છે ભાઈ! આહાહા..! એને કાળલબ્ધિની સામું જોવું નથી. ભગવાને દીઠું માટે થાશે એ પણ એને જોવું નથી. આહાહા..! જુઓને, સાર તો એ આવે છે જ્યાં ત્યાં સ્વનો આશ્રય, સ્વનો આશ્રય. આખા બાર અંગને કહેવું છે, પોકાર આ છે. કોઈપણ વાત, કોઈપણ વ્યવહાર, કોઈપણ નિશ્ચય એ સ્વનો આશ્રય કરે તો યથાર્થ છે એમ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'और वे ही परमगति के पात्र हैं.'** આહાહા..! નિશ્ચય છે પોતાનો અનુભવ, પણ જ્યાં સુધી હજી વ્યવહાર ચિંતા છે ત્યાં સુધી એ વ્યવહારનું ફળ સ્વર્ગાદિ મળશે. સમજાણું કાંઈ? પણ જે ચિંતા છોડીને અંતર ધ્યાનમાં લીન થઈ ગયો આહાહા..! તેની પરમગતિ તરત થાય છે. પરમગતિ નામ સિદ્ધ. કહો, સમજાય છે કે નહિ. લોજિકથી તો વાત ચાલે છે ભાઈ, પણ માણસને એને વિચારમાં મંથન જોઈએ થોડું. એમ ને એમ ચાલે ઓઘે ઓઘે એ શું ચાલે? આહાહા..! એ ૧૬૯ થઈ.

## ગાથા-૧૭૦

अथ–

३०१) जोइय मिल्लहि चिन्त जइ तो तुट्टइ संसारु।
चिंतासत्तउ जिणवरु वि लहइ ण हंसाचारु।।१७०।।
योगिन् मुञ्चसि चिन्तां यदि ततः त्रुटयति संसारः।
चिन्तासक्तो जिनवरोऽपि लभते न हंसाचरम्।।१७०।।

जोइय इत्यादि। जोइय हे योगिन् मिल्लहि मुञ्चहि। काम्। चिन्तारहिता-दिशुद्धज्ञानदर्शनस्वभावात्परमात्मपदार्थाद्विलक्षणां चिन्त जइ यदि चेत् तो ततश्चिन्ताभावात्। किं भवति। तुट्टइ नश्यति। स कः। संसारु निःसंसारात् शुद्धात्मद्रव्याद्विलक्षणो

द्रव्यक्षेत्रकालादिभेदभिन्नः पञ्चप्रकारः संसारः। यतः कारणात्। चिंतासत्तउ जिणवरु वि छद्मस्थावस्थायां शुभाशुभचिन्तासक्तो जिनवरोऽपि लहइ ण लभते न। कम्। हंसाचारु संशयविभ्रमविमोहरहितानन्तज्ञानादिनिर्मलगुणयोगेन हंस इव हंसः परमात्मा तस्याचारं रागादिरहितं शुद्धात्मपरिणाममिति। अत्रेदं व्याख्यानं ज्ञात्वा दृष्टश्रुतानुभूतभोगाकांक्षा प्रभृतिसमस्तचिन्ताजालं त्यक्त्वापि चिन्तारहिते शुद्धात्मतत्त्वे सर्वतात्पर्येण भावना कर्तव्येति तात्पर्यम्।।१७०।।

आगे फिर भी चिन्ताका ही त्याग बतलाते हैं-

गाथा-१७०

अन्वयार्थः- [योगिन्] हे योगी, [यदि] जो तू [चिंतां मुंचसि] चिन्ताओंको छोड़ेगा [ततः] तो [संसारः] संसारका भ्रमण [त्रुट्यति] छूट जायेगा, क्योंकि [चिंतासक्तः] चिन्तामें लगे हुए [जिनवरोऽपि] छद्मस्थ अवस्थावाले तीर्थंकरदेव भी [हंसाचारम् न लभते] परमात्माके आचरणरुप शुद्ध भावोंको नहीं पाते।

भावार्थः- हे योगी, निर्मल ज्ञान दर्शन स्वभाव परमात्मपदार्थसे पराङ्मुख जो चिंताजाल उसे छोड़ेगा, तभी चिंताके अभावसे संसार भ्रमण टूटेगा। शुद्धात्मद्रव्यसे विमुख द्रव्य, क्षेत्र, काल, भव, भावरुप पाँच प्रकारके संसारसे तू मूक्त होगा। जब तक चिंतावान् है, तब तक निर्विकल्प ध्यानकी सिद्धि नहीं हो सकती। दूसरोंकी तो क्या बात है, जो तीर्थंकरदेव भी केवल अवस्थाके पहले जब तक कुछ शुभाशुभ चिन्ताकर सहित हैं, तब तक वे भी रागादि रहित शुद्धोपयोग परिणामोंको नहीं पा सकते। संशय विमोह विभ्रम रहित अनंत ज्ञानादि निर्मलगुण सहित हंसके समान उज्जवल परमात्माके शुद्ध भाव हैं, वे चिंताके बिना छोड़े नहीं होते। तीर्थंकरदेव भी मुनि होके निश्चिंत व्रत धारण करते हैं, तभी परमहंस दशा पाते हैं, ऐसा व्याख्यान जानकर देखे, सुने, भोगे हुए भोगोंकी वाँछा आदि समस्त चिंता-जालको छोड़कर परम निश्चिंत हो, शुद्धात्मकी भावना करना योग्य है।।१७०।।

હવે, ફરી પણ ચિંતાનો જ ત્યાગ કરવાનું કહે છે :-

ભાવાર્થઃ- વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા, ચિંતારહિત પરમાત્મપદાર્થથી વિલક્ષણ ચિંતાને જો તું છોડીશ તો ચિંતાના અભાવથી નિઃસંસાર શુદ્ધાત્મદ્રવ્યથી વિલક્ષણ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળાદિ પાંચ પ્રકારના ભેદથી ભેદવાળો સંસાર નાશ પામે છે. કારણ કે છદ્મસ્થ અવસ્થામાં શુભાશુભ ચિંતાસક્ત જિનવર પણ સંશય, વિભ્રમ, વિમોહરહિત અનંતજ્ઞાનાદિ નિર્મળ ગુણવાળા હોવાથી જે હંસ જેવો છે એવો જે પરમાત્મા તેના આચારને રાગાદિ રહિત શુદ્ધાત્મપરિણામને-પામતા નથી.

## ગાથા-૧૭૦ ઉપર પ્રવચન

'આગે ફિર ભી ચિંતા કા હી ત્યાગ બતલાતે હૈં -' ૧૭૦.

૨૦૧) जोइय मिल्लहि चिन्त जइ तो तुट्टइ संसारु।
चिंतासत्तउ जिणवरु वि लहइ ण हंसाचारु।।१७०।।

આહાહા..! 'हंसाचारु' 'હે યોગી,...' યોગીન્દ્રદેવ મુનિ દિગંબર. ૧૩૦૦ વર્ષ પહેલાં થયા છે, ૧૩૦૦ વર્ષ પહેલાં. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં (થયા) દિગંબર સંત વનવાસી એ યોગીન્દ્રદેવનું પરમાત્મપ્રકાશ છે. એ યોગીને ઉદ્દેશીને કહે છે. આહાહા..! જેને પોતામાં જોડાણ કરવું છે તેણે કેવી રીતે જોડાણ કરવું? એની વાત કરે છે. આહાહા..!

**'હે યોગી, જો તૂ ચિંતાઓ કો છોડેગા...'** વિકલ્પને છોડીશ. આહાહા..! શુભ હો કે અશુભ. **'તો સંસાર કા ભ્રમણ છૂટ જાયેગા,...'** સિદ્ધ કર્યું પાછું. ત્યાં ઓલું કહ્યું હતું, પરંપરા મોક્ષનું કારણ એ તો અભાવ કરશે માટે. અહીં કહ્યું કે એ ચિંતામાત્ર સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ? એ દાન, પૂજા આદિ બધી ચિંતા વિકલ્પ છે. આહાહા..! જ્યાં સુધી ચિંતા ત્યાં સુધી સંસાર. **'ચિંતાઓ કો છોડેગા...'** હવે ચિંતાને છોડે એવો ઉપદેશ કરવો અને એક બાજુ એમ કહેવું કે કર્મને લઈને વિકાર, ચિંતા થાય છે તો ચિંતા છોડ એવો ઉપદેશ જ નિરર્થક કરે છે. આહાહા..! તું ચિંતા સ્વતંત્રપણે કર્તાકર્મ થઈને કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! ચિંતા વિકલ્પ પણ કર્તા, કર્મ, કરણ, છ કારકથી વિકલ્પ પોતાથી થાય છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. તો કહે છે કે કર્તા થઈને કરે છે તો છોડી દે. આહાહા..! તારાથી થાય છે કર્તાથી, છોડી દે. આહાહા..!

**'ચિંતા મેં લગે હુએ...'** આહાહા..! પહેલાં તો એ કીધું, **'ચિંતાઓ કો છોડેગા તો સંસાર કા ભ્રમણ છૂટ જાયેગા, ક્યોંકિ ચિંતામેં લગે હુએ છદ્મસ્થ અવસ્થાવાલે તીર્થંકરદેવ ભી...'** આહાહા..! ગૃહસ્થાશ્રમમાં રહ્યા ત્યારે ચિંતા ઘણી થાય છે, વિકલ્પ હતો. આહાહા! **'તીર્થંકરદેવ ભી પરમાત્મા કે આચરણરૂપ શુદ્ધ ભાવોં કો નહીં પાતે.'** એ ચિંતા જ્યાં સુધી ગૃહસ્થાશ્રમની છે, કુટુંબની છે, ગૃહસ્થાશ્રમમાં રહેવાના વિકલ્પની છે. આહાહા..! એ મુનિ ચિંતા છોડવા માટે કહે છે. એ ચિંતા ઉપર લીધું છે ને. ગૃહસ્થાશ્રમમાં પણ ચિંતા છે ને એટલી? કહે છે. આહાહા..!

શિષ્યે કહ્યું ને કે ભાઈ! તીર્થંકર એ ભવે મોક્ષ જવાના છે. ધ્રુવ સિદ્ધો. ધ્રુવ નિશ્ચય સિદ્ધિ એ ભવમાં છે. એ પણ વસ્ત્ર, પાત્ર છોડીને, ચિંતા છોડીને મુનિપણું લે છે. આહાહા..! આનંદમાં રહેવું એ. એકલું બહારનું છોડે એ છૂટ્યું નથી. પરથી નાસ્તિ તો જ્યારે પોતાની પૂર્ણ અસ્તિના અનુભવમાં જ્યારે ઠરે છે ત્યારે પરને છોડ્યું એમ વ્યવહારે કહેવામાં આવે છે. આહાહા..! અરેરે! માર્ગ ભાઈ આવો છે. છે?

**'શુદ્ધ ભાવોં કો નહીં પાતે.'** જ્યાં સુધી તીર્થંકર પણ ગૃહસ્થાશ્રમમાં રહે. આદિનાથ

ભગવાન ચોર્યાસી લાખ પૂર્વ, ત્ર્યાંશી લાખ પૂર્વ ગૃહસ્થાશ્રમમાં રહ્યા. વિકલ્પ હતો. તો એને પણ જ્યાં સુધી ચિંતા છે ત્યાં સુધી કેવળજ્ઞાન તેને પણ થતું નથી. આહાહા..! નક્કી સિદ્ધ છે. આ ભવમાં મોક્ષ જવાના છે એ તો નિશ્ચય છે. ભગવાને કહ્યું અને એ માને પણ છે. હું તો તીર્થંકર છું અને આ ભવે મોક્ષ જવાનો છું. પણ જ્યાં સુધી ચિંતા નહિ છોડે ત્યાં સુધી મોક્ષ નહિ થાય. આહાહા..! અહીં તો પરપદાર્થની ચિંતા છોડે તો સ્વપદાર્થમાં એકાગ્ર થાય એમ કહે છે. ત્યાં એકાગ્ર છે તો આમ એકાગ્ર કરે. આહાહા..! આકરી વાતું બહુ ભાઈ! દિગંબર સંતોની કથની અલૌકિક છે. લૌકિકમાં મેળ ન ખાય એવી વાત છે. તીર્થંકર પણ મોક્ષ નહિ જાય. આહાહા..! જ્યાં સુધી ચિંતા રહે ત્યાં સુધી બંધનનું કારણ છે. આહાહા..! મુનિપણું અને મુનિપણામાં પણ ચિંતાનો વિકલ્પ છોડીને, એને પણ પંચમહાવ્રતાદિનો વિકલ્પ છે. આહાહા..! એને છોડીને અંદર ધ્યાનમાં જ્યારે જાય છે ત્યારે મુક્તિ થાય છે. એ સિવાય મુક્તિ થતી નથી. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, મહા વદ ૧૪, ગુરુવાર
## તા. ૧૭-૦૨-૧૯૭૭, ગાથા-૧૭૦-૧૭૧, પ્રવચન નં. ૨૧૯

'હે યોગી,...' હે ધર્માત્મા એમ કહીને .. કથન છે. '**નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ પરમાત્મપદાર્થસે...**' ભગવાનઆત્મા નિર્મળ જ્ઞાન, દર્શન અને શાંતિ આદિ સ્વભાવ, પરમાત્મ પદાર્થ એનાથી '**પરાઙ્મુખ જો ચિંતા...**' આહાહા..! ચાહે તો શુભ હો કે અશુભ વિકલ્પની ચિંતા એ આત્મા અનંત નિર્મળ દર્શન, જ્ઞાનસ્વરૂપ એનાથી વિકલ્પો ચિંતા વિરૂદ્ધ છે. આહાહા..! અહીં તો છેલ્લી ઉત્કૃષ્ટ વાત લેવી છે ને? પ્રથમ સમ્યગ્દર્શનમાં પણ બધી વિકલ્પની વૃત્તિઓને હઠાવી અને સ્વભાવમાં દૃષ્ટિ કરવી એ પ્રથમ. પણ આ તો વિકલ્પમાત્ર ન રહે આહાહા..! એની વિધિ આ છે.

'**નિર્મલ જ્ઞાન દર્શન સ્વભાવ...**' મલિન પણ નહિ અને અલ્પજ્ઞ નહિ એવો જે નિર્મળ જ્ઞાન દર્શન સ્વભાવ પરમાત્મા પોતે. પરમાત્મપ્રકાશ છે ને? એનાથી '**પરાઙ્મુખ જો ચિંતા જાલ...**' આહાહા..! '**ઉસે છોડેગા, તભી ચિંતાકે અભાવ સે સંસાર ભ્રમણ ટૂટેગા.**' આહાહા..! ચાહે તો શુભ ચિંતા, અશુભ એ સંસાર છે. આહાહા..! વીતરાગસ્વરૂપ ભગવાનઆત્મા, એ ચિંતા છે એ તો આત્માના સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે, એને છોડીને સ્વરૂપનું ધ્યાન કરશે આહાહા..! ત્યારે '**ભ્રમણ ટૂટેગા.**'

'**શુદ્ધાત્મદ્રવ્ય સે વિમુખ...**' હવે વિશેષ સ્પષ્ટ કરે છે કે આ શુદ્ધાત્મા પરમાત્મસ્વરૂપ એનાથી '**વિમુખ દ્રવ્ય,...**' વસ્તુ પરમાણુ આદિ પદાર્થો બીજા પરમાત્માઓ આદિ, '**ક્ષેત્ર, (પર)કાલ, (પર)ભવ, ભાવરૂપ...**' જુઓ! ભાવમાં શુભાશુભભાવ. એ '**પાંચ પ્રકારકે સંસાર સે તૂ મુક્ત હોગા.**' આહાહા..! ચિંતાનો ત્યાગ કરીશ તો તારો સંસાર છૂટશે. અને પાંચ પ્રકારનો સંસાર. જુઓ! એ ભાવરૂપ સંસાર. આહાહા..! શુભભાવ છે ને શુભ? એ સંસાર છે એમ

કહે છે. અશુભભાવથી? પણ અશુભભાવથી અનંત સંસાર કર્યા. આહાહા..! એ ભાવથી રહિત **'પાંચ પ્રકારકે સંસાર સે...'** સંસાર કીધો ને? દ્રવ્ય સંસાર, ક્ષેત્ર સંસાર, કાળ સંસાર, ભવ સંસાર, ભાવ સંસાર. આહાહા..! એનાથી રહિત **'તૂ મુક્ત હોગા.'** પરતરફની ચિંતા છોડીશ તો સ્વભાવતરફમાં એકાગ્ર થઈશ તો તારી મુક્તિ થશે. આહાહા..!

**'જબ તક ચિંતાવાન હૈ,...'** કોઈપણ વિકલ્પની ચિંતા છે **'તબ તક તો નિર્વિકલ્પ ધ્યાનકી સિદ્ધિ નહીં હો સકતી.'** આહાહા..! સમ્યગ્દર્શનમાં પણ કોઈપણ ચિંતા હોય બુદ્ધિપૂર્વક ત્યાં સુધી આત્મધ્યાન અને સમ્યગ્દર્શન નથી થતું. આહાહા..! સમજાણું કાંઈ? આ તો કહે છે વ્યવહારથી નિશ્ચય થાય.

મુમુક્ષુ :- એ વ્યવહાર શુભ ભાવરૂપ છે.

ઉત્તર :- શુભભાવથી નિશ્ચય થાય. શુભભાવ તો સંસાર છે. પાંચ પ્રકારના સંસાર ભાવ છે એનાથી મોક્ષનો માર્ગ થાય? નિર્મળ જ્ઞાન, દર્શન સ્વભાવ પરમાત્મા પોતાનું સ્વરૂપ છે એ અનાદિ અનંત એવું જ એનું સ્વરૂપ છે દ્રવ્યસ્વરૂપ, દ્રવ્યસ્વભાવ. એમાં પરની ચિંતા રોકીને જો અંદર જા તો સંસાર તૂટશે, એ વિના સંસાર નહિ છૂટે. આહાહા..! ત્યારે કોઈ એમ કહે છે કે જે ગૃહસ્થાશ્રમમાં મહાપાપમાં પડ્યા છે, વેપાર, ધંધા, કુટુંબમાં પાપ આખો દિ' એને કાંઈક પુણ્ય કરવાનું કહો. સમજાણું કાંઈ? પણ એ તો તમે કહો છો બધી દુકાન ચાલે છે. આ તો ધર્મની દુકાન છે. સમજાય છે કાંઈ? એમ કહે છે. આખો દિ' પાપ, બાયડી, છોકરા, કુટુંબ, ધંધો. નવરો નથી. ૨૨ કલાક, કલાક, બે કલાક મળે તો જાય ક્યાંક પોતાના માનેલા સ્થાને, એમાં એ માથે કહે એ હા પાડીને ચાલ્યા જાય. થઈ રહ્યું. આહાહા..! તો એને એમ કહે છે કે કાંઈ આ કહો. પણ બાપુ આ તો ધર્મની વાત છે. ધર્મ કેમ થાય એ ધર્મસ્થાનકે ન કહેવાય તો ક્યાં કહેવાય? આહાહા..! પુણ્યના પરિણામ તો કરે છે, છે એ અનાદિના છે, નવા કાંઈ નથી. આહાહા..! હવે એને સંસારનો અંત કેમ આવે? અને ભગવાન આનંદસ્વરૂપની પ્રાપ્તિ કેમ થાય? એના ઉપર આ તો ધર્મની કથા છે. પુણ્યથી લાભ થાય પુણ્ય કરો તો. પણ એ તો જે શુભભાવ કુશીલ છે, સંસારમાં દાખલ કરે છે એને ભલો કરીને કેમ કહેવું? આહાહા..! સમજાણું કાંઈ?

**'દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવરૂપ પાંચ પ્રકારકે સંસાર સે તૂ મુક્ત હોગા. જબ તક ચિંતાવાન હૈ, તબ તક નિર્વિકલ્પ ધ્યાનકી સિદ્ધિ નહીં હો સકતી. દૂસરોંકી તો ક્યા બાત હૈ, જો તીર્થંકરદેવ ભી કેવલ અવસ્થાકે પહલે...'** આહાહા..! **'કેવલ અવસ્થાકે પહલે...'** જોયું! **'જબ તક કુછ શુભાશુભ ચિંતાકર સહિત હૈં,...'** શુભ-અશુભ ચિંતાકર સહિત હૈ. આહાહા..! **'તબ તક વે ભી રાગાદિ રહિત શુદ્ધોપયોગ પરિણામોંકો નહીં પા સકતે.'** આહાહા..! સમજાણું કાંઈ? ગૃહસ્થાશ્રમમાં તીર્થંકર ... લે છે કે આઠ વર્ષે પંચમ ગુણસ્થાન (ધારણ) કરે એ પણ અણુવ્રતની ચિંતા વિકલ્પ છે, આહાહા..! અને મુનિ થાય ત્યારે પણ હજી પંચમહાવ્રતાદિના વિકલ્પ અને ચિંતા છે. એને પણ છોડ એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? એને છોડીને સ્વરૂપમાં

આવ અંદર જ્ઞાન દર્શનની શક્તિ પડી છે મોક્ષરૂપ. આહાહા..! એ મોક્ષસ્વરૂપ જ્ઞાન, દર્શન સ્વભાવ એવો પરમાત્મા એ પોતે મોક્ષસ્વરૂપ છે. મોક્ષસ્વરૂપમાં સમીપમાં જા. આહાહા..! એ .. ત્યાં જશે એને મુક્તિ થશે. આહાહા..! મુંબઈમાં મોહમયી કહ્યું હતું.

મુમુક્ષુ :– મોહમયી.

ઉત્તર :– મોહમયી. ઉપાધિ... ઉપાધિ... ખટારા, મોટરું આહાહા..! રસ્તા હોય. તોડનારા બેસે છે મારા. સંચો લઈને. વજન. એ રસ્તામાં લઈને બેસે મારા ભારે. એવું હોય છે ને? ત્યારે જોયા હતા એક ફેરી અમે નીકળ્યા ત્યારે. ભગવાનના દર્શન કરીને આમ નીકળ્યાને ત્યાં એક માણસ વજનકાંટો લઈને બેઠો હતો. ટોળે વળીને. ... ... દસ પૈસા. કારણ કે એ તો ઘણા ..

મુમુક્ષુ :– મશીનમાં હોય એવું દસ પૈસા નાખે તો વજન થઈ જાય.

ઉત્તર :– એમ? એની મેળે થઈ જાય? માણસ ન હોય તોય? ઓહોહો..! કહો હવે આવા ઉપાધિના કેટલા .. માલ તો મકાન માલિક .. એનો તોલ થાય.. આહાહા..! એને પછી ચિંતા થાય. પહેલેથી કરાવ્યું હોય બે-ચાર મહિના પહેલા. એને કહે ઘટ્યું કે વધ્યું ઓય મારા. કાંઈક ખાવામાં ફેર પડ્યો, પચવામાં ફેર પડ્યો. લોહી ન થયું. અરેરે! માર્યા. એકફેરી રસ્તામાં જોયું હતું. માણસ બેઠો હતો હોં. માણસ બેઠો હતો. છે ને મંદિરથી આમ જતાં રોડે છે. ત્યાં એક બેઠો હતો. આહાહા..! કેટલી ઉપાધિ આ તે કાંઈ! ત્યાં બેઠો હતો લઈને ઓલું. તોળાવતા હશે માણસો નીકળતા હોય એ. આહાહા..! આ જડને સાચવવાનું. એમ આત્માનું તોલ-માપ કેટલું એને એ કરવું નથી.

મુમુક્ષુ :– સંચાદિ નીકળ્યા.

ઉત્તર :– આ સંચા કહેવાય છે ને આ. આહાહા..! એનો તોલ કરાવવો છે અને ઠીક થાય તો રાજી થાવું છે. પણ આ ભગવાનઆત્માનો તોલ માપ કટેલું છે એની ખબર નથી એને. આહાહા..! એ જ કહ્યું. એ તો અનંત જ્ઞાન, દર્શન, નિર્મલ સ્વભાવરૂપ પરમાત્મા છે. એનો તોલ તો, એનું માપ તો ક્યાં થાય એવું છે. આહાહા..! એ પણ ક્યારે કહે છે? આહાહા..! બીજી ચિંતાઓને છોડીને તે તરફમાં જા, તને ચિંતા છૂટી જશે, મુક્તિ થશે. આહાહા..! અનંત આનંદ તને પ્રાપ્ત થશે. આહાહા..! આવો લાભનો વેપાર વાણિયા કરે બહારમાં (તો) આ આત્માનો વેપાર કેમ ન કરી શકે? આહાહા..! દેશ મૂકી પરદેશ જાય. કોઈ સગા નહિ, વ્હાલા નહિ ત્યાં જાય.

અહીંયાં કહે છે કે રાગાદિને છોડીને અંદરમાં જા ને બાપુ! આહાહા..! એ પરદેશ છે. પર નામ પ્રધાન દેશ છે. એમ. પર એટલે બીજો એમ નહિ. આહાહા..! રાગમાં વસવું એ પરદેશમાં વસવું છે અને આ પ્રદેશ છે. પ્રધાનદેશ છે ભગવાન જ્ઞાનસ્વરૂપ પરમાત્મા. એક ઠેકાણે આવ્યું હતું ભાઈ! ધામ-ધામ. ચૈતન્યને ધામ કહ્યું છે હોં! શબ્દ આવ્યો હતો ને કાલે. આમાં આવ્યો હતો. ખાણિયા ચર્ચા નહિ? બીજો ભાગ. આત્માને ચૈતન્યધામ (કહ્યું છે). ત્યાં શ્રીમદ્‌માં આવે છે. 'સ્વયં જ્યોતિ સુખધામ' 'સ્વયં જ્યોતિ સુખધામ'. એમ આ આત્મા ચૈતન્યધામ એવો શબ્દ છે. આહાહા..! ચૈતન્યનો દેશ છે એ, ચૈતન્યનું સ્થાન છે આ. આહાહા..! ચૈતન્ય ભગવાન નિર્મળાનંદ તેનું એ ધામ

છે. આહાહા..! એને અંતરમાં દૃષ્ટિમાં લઈને બીજી ચિંતાને છોડીને સ્વરૂપમાં લાવ, ત્યાં વેપાર જોડી દે. આહાહા..! તને પરમાત્મપદ મળશે એટલે મુક્તિ થશે. આહાહા..!

ભગવાન '**ભી કેવલ અવસ્થા કે પહલે જબ તક કુછ શુભાશુભ ચિંતાકર સહિત હૈં, તબ તક વે ભી રાગાદિ રહિત શુદ્ધોપયોગ પરિણામોં કો નહીં પા સકતે.**' આહાહા..! તીર્થંકર દેવ આદિનાથ પરમાત્મા લ્યો. કેટલું બધાને ... લાભ માટે ખતવ્યું હશે ને? પોતાને માટે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વિકલ્પની જાળ. આહાહા..! એ વિકલ્પની જાળ પણ છોડી જ્યારે મુનિ થયા, પછી પણ જ્યારે વિકલ્પની મહાવ્રતાદિની ચિંતા છોડીને ઠર્યા ત્યારે કેવળજ્ઞાન થયું છે. ઓલામાં આવે છે ને? ઉપાદાન-નિમિત્તમાં નહિ? એમ કે મહાવ્રત આવે છે ને વચમાં? તમે બધી ના ના પાડો છો પણ.

મુમુક્ષુ :- ઉપાદાન-નિમિત્તના દોહરા.

ઉત્તર :- દોહરા ઉપાદાન-નિમિત્તના. મહાવ્રત ને આવે છે ને બધું? અરે! મહાવ્રત, બહાવ્રત છોડને મારા. એમ કે મહાવ્રત પણ હોય છે ને અંદર નિમિત્ત તરીકે? એ નિમિત્તને છોડ. ઉપાદાન-નિમિત્તની વાત છે ને? મહાવ્રત, પંચમહાવ્રત આ, તેમ ને સાધુ પાળે છે ત્યારે એનો મોક્ષમાર્ગ થાય. પાળે એ વિકલ્પ પાળે એ મોક્ષમાર્ગ નથી. આહાહા..! એ ચિંતાથી ભિન્ન પડીને જેટલો સ્વનો આશ્રય લીધો છે, પરમાનંદ મૂર્તિ પ્રભુ પરમાત્મસ્વરૂપ બિરાજમાન છે એનો જેણે એટલો આશ્રય લીધો છે જેટલો, તેટલી તેને મુક્તિના માર્ગની દશા છે. અહીં તો છેલ્લી ઉત્કૃષ્ટ વાત કરે છે ને.

'**શુદ્ધોપયોગ પરિણામોં કો નહીં પા સકતે.**' ભાષા જુઓ ચોખ્ખી વાત છે. શુભ ઉપયોગ પણ ચિંતા છે એમ કહે છે. આહાહા..! એમાં રહે ત્યાં સુધી શુદ્ધોપયોગ નહિ પામી શકે અને શુદ્ધોપયોગ એ જ મોક્ષનું કારણ છે. શુભ ઉપયોગ તે મોક્ષનું કારણ નથી. આહાહા..! સત્ય તો આ છે. પછી બીજાને કહે ભક્તિ કરો ગુરુની, દેવની, આની તો તમારે મુક્તિ ઝટ થશે. એ વાતમાં માલ કાંઈ નથી. એવું કહે તો લોકોને ઠીક પણ પડે. આ વ્યવહારથી પણ લાભ માને છે. નય નહિ એમાં. આ એક જ નયને માનવું. ચિંતા છોડીને ઠરવું એ મુક્તિનો માર્ગ છે. આહાહા..!

વ્યવહારનયનો વિષય છે એ ચિંતા. આહાહા..! અને પરલક્ષી જ્ઞાન પણ છે. સ્વના ભાન વિના જેટલું પરલક્ષી જ્ઞાન કરે એ બંધનું કારણ છે. આહાહા..! એ મોક્ષના કારણનો .. એમ કહે છે. એ પણ એક ચિંતા છે શાસ્ત્રની. આહાહા..! આવી વાતું છે. શાસ્ત્રમાં બુદ્ધિ જાય એને વ્યભિચારિણી કીધી છે ને? પદ્મનંદિપંચવિંશતિ. સમજાણું? વ્યભિચારિણી. શાસ્ત્ર અભ્યાસ ન કરતા હોય એને કહે વ્યભિચારિણી તો કહે છોડી દઈએ અમે. આ તો જે બહુ ઘણો અભ્યાસ કરીને ત્યાં રોકાઈ ગયેલા છે એને કહે વ્યભિચારિણી છે એને છોડ અને અંદરમાં જા. આવી વાતું છે. જુઓને આચાર્યે કહ્યું. શિષ્યને કહે છે ત્યારે એક બીજો સમીપ છે મનુષ્યપણે એને કહે છે ને? આહાહા..! તો આવો ઉપદેશ એને કહે? આહાહા..! સંસારમાં તો આ બધું હોળી જાળ ભરી પડી છે. આહાહા..! બાયડી, છોકરા,

કુટુંબ ને પરિવારને.. આહાહા..!

એ ચિંતા તો છોડ પણ અહીંયાં તો કહે છે કે અંદર મુનિ થયો ત્યારે પણ હજી પંચમહાવ્રતના વિકલ્પ એ ચિંતા છોડ. આહાહા..! છેલ્લી ગાથાઓ છે ને? ૭૦ છે ને? ૧૪. ૩૦ ને ૫૪. ૧૪ છે ને હવે તો. ૫૪ છે આ. આહાહા..! પહેલે દિ'થી બીજે દિ' થી શરૂ કર્યું છે. જેઠ સુદ આઠમ આવ્યા હતા. બપોરે સમયસાર લીધું છે. જેઠ સુદ નોમથી શરૂ કર્યું છે. જેઠ સુદ નોમ. આ નોમે નવ મહિના થાશે. નોમે નવ મહિના. નોમે હોં! આહાહા..! કેમકે ચિંતા એ સ્વરૂપમાં ક્યાં છે? એ સ્વરૂપથી તો વિમુખ છે એમ કીધું ને? આહાહા..! એ શુભભાવ છે એ પણ સ્વરૂપથી વિમુખ છે. આહાહા..!

'**તીર્થંકરદેવ ભી કેવલ અવસ્થાકે...**' આહાહા..! .. લાખ પ્રવૃત્તિ.. ત્રણ જ્ઞાન ક્ષાયિક સમકિત હોં. એ બધા ઉપદેશ દેવામાં વિકલ્પો બધા... આહાહા..! પરને સરખા રાખવા માટે એ શુભવિકલ્પ હશે ને? અસ્તિ નાસ્તિ કરી બતાવી એ શું હશે? આ શુભ છે.

મુમુક્ષુ :- લોકોને આ ઉપદેશ...

ઉત્તર :- એ ધંધો જ કર્યો છે. પરને માટે આ કરો... આ કરો... આ કરો... આ વાસણ બનાવો. આવો આહાર બનાવો. વાસણો જ્યારે નહોતા પછી ..નું હોય ને ઉપર? શું કહેવાય?

મુમુક્ષુ :- કુંભસ્થળ.

ઉત્તર :- કુંભસ્થળ. કુંભસ્થળ. ત્યાં બીજું સાધન નહોતું તો ત્યાં માટીના ઓલા લઈને ત્યાં નાખો માથે. આમ સરખા કરો. બનાવો એવા. હાથીના કુંભસ્થળમાં.

મુમુક્ષુ :- તાવડી ને ઘડો...

ઉત્તર :- તાવડીને માટી બધા કરો. તો એવું .. હતું. એ જાતનો વિકલ્પ હતો. આહાહા..! ભારે ગજબ વાત છે! એ તો છોડ પણ મહાવ્રતમાં આવ્યો એ વિકલ્પને પણ છોડ એમ કહે છે. એ બતાવ્યું એમાં લાભ થયો હશે કે નહિ આત્માને કાંઈ? તેમ ઘણાંને આજીવિકા કરી આપી. આમ રાંધવું ને, આમ દળવું એ બધું શિખવ્યું હતું. ક્યાં એને આવડતું હતું? કોઈ જુગલિયાને કાંઈ આવડતું નહોતું. ઘંટી આ પથરા વાળો બે મોટા. જુઓ આને આમ કરો. એમાં પછી જાર નાખીને પછી આમ કરો. ઓલાને કોઈ દિ' આવડતું નહોતું એને તો. ઘઉંને પીસવા પછી એનો લોટ થાય એમાં પાણી નાખી આમ મસળવું. કાંઈ ખબર નહોતી. જુગળિયાને હતું કે દિ'? એ તો ઓલા કલ્પવૃક્ષમાંથી ખાતા હતા. આહાહા..! એ કાળે એ જાતનો વિકલ્પ હોય છે. આહાહા..! મુનિને એવો વિકલ્પ હોય?

એ અહીંયાં કહે છે કે કોઈપણ જાતનો વિકલ્પ છે પ્રભુ! એ દુઃખદાયક સંસાર છે. આહાહા..! એ તીર્થંકર જેવા પણ શુદ્ધોપયોગને પામી ન શક્યા જ્યાં સુધી ચિંતામાં હતા ત્યાં સુધી. આહાહા..! '**સંશય વિમોહ વિભ્રમ રહિત...**' '**સંશય વિમોહ વિભ્રમ રહિત અનંત જ્ઞાનાદિ નિર્મલગુણ સહિત...**' આહાહા..! એમાં સંશય નથી કે આ છે કે તે છે, વિમોહ નથી, વિપરીતતા નથી, વિભ્રમ નથી. તો એને શું? એવું ટળી ગયું છે જેને. આહાહા..! '**અનંત જ્ઞાનાદિ નિર્મલગુણ સહિત હંસકે સમાન ઉજ્જ્વલ પરમાત્માકે શુદ્ધ ભાવ હૈં,...**' આહાહા..! હંસલાની ચાંચથી જેમ

નિર્મળ દૂધ થઈ જાય. આહાહા..! એમ આ ભગવાન હંસની સમાન છે. અન્યમતિમાં આવે છે આ હંસ ને પરમહંસને. નામ આપે. ખરેખર તો પરમહંસ એટલે કે સંસારથી ભિન્ન પડ્યો આત્મા એનું નામ પરમહંસ કહેવાય. સમજાણું કાંઈ? એ પરમહંસ એ નહિ પરમહંસ આ. જેને ચિંતા છૂટીને કોઈપણ ચિંતા છૂટીને અસ્તિત્વમાં, ધ્યાનમાં જાય છે ત્યારે તે આત્માને આનંદ આવે છે, તેને અહીંયાં પરમહંસ કહેવામાં આવે છે. આ જૈનના પરમહંસ. સમજાણું કાંઈ? ઓલામાં તો નામના પરમહંસ છે. વસ્તુ તો કાંઈ છે નહિ. થોથા છે. આહાહા..! તેથી હંસ શબ્દ નાખ્યો છે.

'**હંસકે સમાન ઉજ્જ્વલ પરમાત્મા...**' હંસલા તો ધોળા હોય છે, બહુ ઉજળા હોય છે. આહાહા..! એવો ઉજળો પરમાત્મા એ શુદ્ધભાવ છે. આહાહા..! '**વે ચિંતાકે બિના છોડે નહીં હોતા.**' '**ચિંતાકે બિના છોડે નહીં હોતે.**' આહાહા..! ચિંતા છોડ્યા વિના આ ઉજ્જ્વળ પરમાત્મા નહિ થાય. આહાહા..! એવો માર્ગ છે આ. ભાઈ દુનિયાનું ભલું કરવા માટે આપણે. ભલે એકાદ ભવ કરવો પડે પણ દુનિયાના ભલા માટે જન્મીએ. એમ કહે છે ને. લોકોને સુધારવા, એના દુઃખને ટાળવા એકાદ ભવ ભલે કરવો પડે. એ રાગને ભાવે છે. એ મિથ્યાદૃષ્ટિ છે. વર્તમાન ચિંતાને છોડતો નથી અને ભવિષ્યની ચિંતા આમ થાય ત્યારે હું જગતનો ઉદ્ધાર કરું. એ ભવિષ્યની ચિંતા પણ હો એવી તો ભાવના છે એને. કેમ? અમરચંદભાઈ! આવ્યું હતું ને એ? ગાંધીમાં આવ્યું હતું. ખબર છે. ભલે એક કરવો પડે. એક ભવ નહિ. જેને ચિંતાથી લાભ થશે મને કે પરને એ તો મિથ્યાત્વભાવ છે. એય! આહાહા..! માર્ગ એવો ભાઈ! આ દુનિયાથી આખી જાત જુદી.

અહીં તો પરમહંસ સંત કહે છે. આહાહા..! કહે છે કે આ શાસ્ત્ર લખવાનો જે વિકલ્પ છે એ પણ હજી ચિંતા ત્યાં .. આહાહા..! .. છે કે નહિ? ચિંતા જ છે ને એ જાતની એક? આહાહા..! બીજાને લાભ થશે માટે શાસ્ત્ર બનાવું તો તો એ ચિંતામાં લાભ નથી? પણ બીજાને લાભ થાય માટે જ કરે છે ને એ. આહાહા..! બાપુ! કાંઈક ભગવાનને સાંભળનારા પણ પોતે જ્યારે સ્વતરફ ગયા અને સ્વરૂપની .. આવી, ભગવાનથી કાંઈ થયું નથી. આહાહા..! માર્ગ એવો ભાઈ જગતથી જુદી જાતનો. આહાહા..!

'**ચિંતા કે બિના છોડી નહીં હોતી. તીર્થંકરદેવ ભી મુનિ હોકે નિશ્ચિંત વ્રત ધારણ કરતે હૈં,...**' એ અર્થમાં લખ્યું છે વિશેષ. ટીકામાં નથી. ટીકામાં નથી ને ભાઈ? '**તીર્થંકરદેવ ભી મુનિ હોકે...**' આહાહા..! '**નિશ્ચિંત વ્રત ધારણ કરતે હૈં, તભી પરમહંસ દશા પાતે હૈં,...**' નિશ્ચિંત વ્રત પણ સ્થિરતા અંદરમાં એ નિશ્ચિંત વ્રત છે. નિશ્ચય વ્રત. વિકલ્પ છે એ વ્યવહાર વ્રત છે. આહાહા..! સમજાણું કાંઈ? નિશ્ચય .. ચિંતા તને આમાં સ્વરૂપમાં સ્થિર થઈ જવું. આહાહા..! એ નિશ્ચય વ્રત. જેમાં ચિંતાનો વિકલ્પ પણ છે નહિ. આહાહા..!

'**મુનિ હોકે નિશ્ચિંત વ્રત ધારણ કરતે હૈં, તભી પરમહંસ દશા પાતે હૈં,...**' પરમહંસ. આહાહા..! અતીન્દ્રિય આનંદના ભેટા આત્મા, અતીન્દ્રિય આનંદ વેદે છે ત્યારે એમ કહે છે. સમજાણું કાંઈ? જેને સમ્યગ્દૃષ્ટિ હતી ગૃહસ્થાશ્રમમાં, વિષયો રાણી આદિ હજારો હતી, છતાં

વિષયબુદ્ધિ, સુખબુદ્ધિ ઊડી ગઈ હતી. સમજાણું? પણ જ્યાં વિકલ્પની ચિંતા હતી અસ્થિરતાની. આહાહા..! પરમાં સુખ છે એ બુદ્ધિ તો સમ્યગ્દર્શન થતાં જ ઊડી જાય છે. આહાહા..! છતાં એને રાગ આવે છે. તો એ કહે છે કે એ તો ચિંતા છે. આહાહા..!

'**ઐસા વ્યાખ્યાન જાનકર...**' આ વ્યાખ્યાન જાણીને. એમ છે ને? 'ચિંતા રહિત યહ શુદ્ધાત્મતત્ત્વકી .. ભાવના કરતે હુએ..' વ્યાખ્યાન શરૂ થાય એની ઉપર સમજવા માટે. '**ઐસા વ્યાખ્યાન જાનકર દેખે, સુને, ભોગે હુએ...**' આહાહા..! આંખથી દેખેલા, કાનથી સાંભળેલા અને શરીરથી ભોગવેલા મનથી. મનથી. ભોગાદિ. આહાહા..! એના '**ભોગે હુએ ભોગોંકી વાંછા આદિ...**' એ ઈચ્છા. એ પૂર્વે થયું એને યાદ ન કરવું કહે છે હવે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ ઝેરને યાદ કરવા જેવું છે. ઓલામાં આવે છે ને. સર્પ કરડ્યો હોય, પણ જ્યાં સુધી યાદ ન કરે ત્યાં સુધી ચડતો નથી. સાંભળ્યું છે? હા. હા. છે. સર્પ કરડ્યો હોય એને પછી ભૂલી જાય. યાદ કરે પાછું કે, અરે! આને કરડ્યો હતો, આ મરી ગયો. એ આમ. જાન છૂટી જાય. નથી સાંભળ્યું? પોપટભાઈ! લે આ તો બધી ઘણી પ્રસિદ્ધ છે વાત.

એક માણસને સર્પ કરડેલો. યાદ નહોતો કરતો બહુ અને બીજાને કોકનો કરડ્યો ને મરી ગયો તો યાદ કર્યું તો ઝેર ચડી ગયું. એમ પૂર્વના ભોગોના મીઠાશના જે ભોગ વેદ્યા હોય એને જો યાદ કરવા જાય તો એને રાગ ચડશે ઝેર. આહાહા..! આવો માર્ગ છે ભાઈ! આહાહા..! ઓલામાં નથી આવતું ભાવનામાં, પૂર્વના ભવ સંભાર્યા નહિ. આવે છે. પૂર્વના ભવ સંભારવા નહિ. નહિ એમાં? અતિચારમાં આવે છે. અતિચારમાં આવે છે. આહાહા..! પાંચ અતિચાર છે ને આ? ચોથા.. ભૂલી ગયા.

મુમુક્ષુ :- નવ ભાગમાં છે.

ઉત્તર :- હા, નવ ભાગમાં અતિચાર છે ને. ચોથામાં એ આવે છે.

મુમુક્ષુ :- પાંચ પાંચ

ઉત્તર :- પાંચ પાંચ ભાવના છે ને એમાં આવે છે.

મુમુક્ષુ :- અષ્ટપાહુડમાં આવે છે.

ઉત્તર :- હા આવે છે ને. હા એ આવે છે. બાર વ્રત. ..૬૫. અતિચાર. એમાં આવે છે. આહાહા..! ઝેરને યાદ ક્યા કરું? કહે છે. આહાહા..!

એ કહ્યું ને? કે '**દેખે, સુને, ભોગે હુએ...**' આ તો ગંભીર શબ્દો છે ને. એવી '**ભોગોંકી ઈચ્છા આદિ સમસ્ત ચિંતા-જાલકો છોડકર પરમ નિશ્ચિંત હો,...**' આહાહા..! અહીં તો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ. હા એ. આવે છે.

'**પરમ નિશ્ચિંત હો,...**' આહાહા..! આ તો રૂની જેમ પૂણી સાંધે રેંટિયામાં. રેંટિયો.. રેંટિયો... એક પૂણી પૂરી થાય ત્યાં બીજી, બીજી થાય ત્યાં ત્રીજી એમ ને એમ દોરો ચાલ્યે જ જાય.

એમ એક વિકલ્પમાંથી બીજો અને બીજામાંથી ત્રીજો એક સંકલ્પ-વિકલ્પની જાળ ચાલે જ જાય છે. આહાહા..! ધારાવાહી જેમ શુદ્ધ અંદર પડ્યો છે, પ્રભુ, એમ વિકલ્પની જાળ, અજ્ઞાનીની જાળ ધારાવાહી ચાલી જાય. ક્યાંય વિકલ્પને તોડે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અશુભ વિકલ્પ જાય તો શુભની ચિંતા, શુભ જાય તો અશુભની ચિંતા એમ છે ને આ પ્રકારની ચિંતા? આહાહા..!

એ '**છોડકર પરમ નિશ્ચિંત હોકર, શુદ્ધાત્મકી ભાવના કરના યોગ્ય હૈ.**' કરવાનું તો આ છે. આહાહા..! ભગવાન નિર્મળાનંદ પ્રભુ એની ભાવના એટલે એકાગ્રતા કરવા લાયક છે બસ. આહાહા..! સમજાણું કાંઈ? બીજાને ઉપદેશ દેવાનો વિકલ્પ છે એથી પોતાને લાભ છે એમ નથી. અને સાંભળનારને લાભ થાય એ તો એના કારણે થાય છે. આહાહા..! એ ચિંતા છોડ કહે છે. આહાહા..! '**શુદ્ધાત્મકી ભાવના કરના યોગ્ય હૈ.**' એકલો પ્રભુ વીતરાગ સ્વરૂપે બિરાજમાન મહા બાદશાહ. જગતનો નાથ, ત્રિલોકનાથ પરમાત્મા પોતે. આહાહા..! ત્રિલોકનાથ તો ભગવાન હશે કેવળી. કેવળી પણ તું ત્રિલોકનાથ જ છો. એ ત્રિલોકનાથ થયા, ત્રિલોકનાથ થયાનો અર્થ ત્રણકાળ ત્રણલોકને જાણ્યું. આત્મા શું કાંઈ ધણી છે એ ત્રણલોકનો? એમ તું પણ ત્રણલોકનો નાથ છો એને લાયક જ તારી શક્તિ છે. આહાહા..! પામરપણે રહે એવો કોઈ ગુણ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પૂર્ણતાને પ્રાપ્ત કરે એવો તારામાં ગુણ છે. આહાહા..!

જે ભાવનો અભાવ છે તેનો ભાવ કરે એવો એનામાં ગુણ છે. ૪૭ શક્તિ. આહાહા..! પ્રભુ! તારામાં જે વર્તમાન ભાવ છે એનો અભાવ કરે એવો તારામાં ગુણ છે. અને ભવિષ્યની પર્યાયનો વર્તમાન અભાવ છે, આહાહા..! એને ભાવ વર્તમાનમાં કરે એવો તારામાં ગુણ છે. આહાહા..! શું વાક્યો! અને શું વાણી વીતરાગની! આહાહા..! એવો જે આત્મા પામે કે જે માર્ગ આ વર્તમાનમાં અભાવ છે તેનો ભાવ કરું. સમજાણું? ભાવ છે તેનો અભાવ કરીને અભાવ છે તેનો ભાવ કરી. એવો આત્માનો સ્વભાવ અગમ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું સમજવી આમાં.

અહીં તો એ શુદ્ધાત્માની ભાવના છે ને. શુદ્ધાત્મામાં ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી, તેને વર્તમાનમાં લાવશે એવો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? હવે બહારના એકલા દયા પાળી, વ્રત પાળે, અપવાસ કરવા એ વાડાને ભારે લાગે આ. એવી તો ક્રિયાઓ અનંતવાર કરી સાંભળને હવે. થોથા. કહ્યું હતું ને જામનગર જ્યારે ગયા ને પહેલા. ૮૨ની સાલની વાત છે. એ રાજકોટ પણ શાસ્ત્ર લઈને સાથે ભાઈ આવ્યા. તારાચંદભાઈ. વીરજીભાઈના બાપ. ઉતર્યા હતા લોકાશાના અપાસરે. ૮૨ની સાલ. ૧૮ ને ૩૩, ૫૧ થયા. પહેલાવહેલાં આવ્યા હતા. ૫૧ વર્ષ થયા. આ લોકાશાનો અપાસરો નથી? ત્યાં ઉતર્યા હતા. ઓલામાં મેડી થઈને.

એમાં આ પ્રરૂપણા ચાલી કે ભાઈ શુભભાવ એ બંધનું કારણ છે. મનની સરળતા, વચનની સરળતા, કાયાની સરળતા અવિસંવાદ ઊભો કરવો નહિ એવો જે શુભભાવ પણ પુણ્યબંધનું કારણ છે. ધર્મ નહિ. એ જરા વીરચંદભાઈ, તારાચંદભાઈ સાધુને વંચાવતા. સાધુને વંચાવે હોં. વીરજીભાઈ ત્યારે નહોતા. આ તો સાધુને વંચાવે. .. કહેવાતા સ્થાનકવાસીમાં. આવું કાંઈક.. સાંજના આવ્યા

એકલા. મહારાજ! આમાં તો લોકોને વિરોધ લાગે એવું છે. શું છે? અહીં તમારા જ્ઞાનસાગર પૂનાતરે છપાવ્યું છે. જ્ઞાનાવરણ છે. જ્ઞાના શું કહેવાય? જ્ઞાનસાગર. જ્ઞાનસાગર છે. પૂનાતરે છપાવ્યું છે. પહેલાનું છપાવ્યું છે. એ વાંચ્યું હતું. આ તમારે જ્ઞાનસાગર અહીંથી છપાણું છે. એમાં શું લખ્યું છે જુઓ. ચાર પ્રકારે શુભનામકર્મ બંધાય. આ શું લખ્યું છે? કીધું. એ મનની સરળતાથી પુણ્યબંધ થાય. ધર્મ થાય એમ નહિ. તારાચંદભાઈને નહિ જોયા હોય. વીરજીભાઈના બાપ. શાસ્ત્ર બહુ ભણેલા. માણસ નરમ હોં પાછા બહુ નહિ. માર્ગ બાપુ આવો છે. આહાહા..! મનની ક્રિયા કરે સરળ કષાય મનની. આ સામાયિકની બધી. ધર્મ છે. બિલકુલ નહિ. આહાહા..! જ્ઞાનસાગરમાં તો લખ્યું છે. એ તો પહેલેથી ૬૮ની સાલથી વાંચ્યું છે. ૬૮ની. આહાહા..! પણ એથી દરકાર નહિ. લોકોને મારું શું થશે? અને ક્યા ભાવમાં હું છું? તો એ ભાવનું શું ફળ આવશે? અને ક્યા ભાવમાં જતાં ફળ બીજું આવે એનો વિચાર જ નથી. આખો દિ' હોળી સળગી હોય. આહાહા..!

એકવાર દેહ તો છૂટશે. હાય.. હાય.. વસ્તુનો નિર્ણય સમ્યક્ થયા વિના દેહ છૂટશે. આહાહા..! એ વંટાળિયાનું ટોળું, પાંદડું ઊડીને કંઈક જઈને પડશે. આહાહા..! મોટા કરોડોપતિ, અબજોપતિ મરીને ઢોર, કાગડા ને કાગડીને કૂખે જાશે. આહાહા..! એના .. હોય માળો. લીંબડા ઉપર માળો હોય. આહાહા..! એમાં ત્યાં પાછું આંખ ફોડી નાખી હોય કોઈએ આવીને. હવે એ ઊડી શકે નહિ. ત્યાં ને ત્યાં બિચારા મરે. આહાહા..! કારણ કે એ જાય ક્યાં ઊડીને? આંખ નહિ. એને કોઈ વિરોધી એવા આવ્યા હોય. આહાહા..! કોયલ છે ને કોયલ. કોયલનું કામ એ છે બચ્ચાને ત્યાં કાગડાનું જ્યાં હોયને ઓલામાં ત્યાં મૂકી આવે. કાગડાનું હોય ને શું કહેવાય એ માળો. એ કોયલ પોતે માળો ન કરે. એવો. કાગડાને માળો હોય ત્યાં મૂકી આવે. કાગડીને ખબર ન પડે કે આ મારું બચ્ચું છે કે નહિ. પણ જ્યારે એ મોટું થાય. એને એમ થાય. ઓહો..!

અહીંયાં આપણે નથી થતાં લીંબડે. અહીં. આ તો ખેતર હતું ને પહેલું આપણે. ત્યાં કોયલ મૂકી ગયેલી કાગડાએ જોયું મોટું થયા પછી મારીને .. ભાગી જાય. આહાહા..! એવા પણ કોઈએ જો આંખ ફોડી નાખી હોય એમાં. આહાહા..! ઊડીને જાવું ક્યાં? મા-બાપ ક્યાં સુધી લઈને આવે. થોડું થોડું તો લાવે ખાવાનું. ક્યાં સુધી લાવે. નાનું હોય ત્યાં સુધી. જુઓ આ બધી દશા. આહાહા..! એ બધી ચિંતાનો ફળ છે કહે છે.

એથી '**શુદ્ધાત્માકી ભાવના કરના યોગ્ય હૈ.**' અંતર્મુખ વલણ કરીને શુદ્ધાત્માની ભાવના કરવી એમ કહે છે. ભાવના શબ્દે આમ વિકલ્પ આમ ભાવવું એમ નથી આ. આત્મભાવના ભાવતા શિવ લહે કેવળજ્ઞાન આવે છે ને. શ્રીમદ્‌માં. ભાવના એટલે આત્મા જે છે એવું જાણ્યું, જાણી ત્યાં સુધીમાં એકાગ્ર ન થાય ત્યાં સુધી એની ભાવના ન કહેવાય. આહાહા..! સમજાણું? છે? '**શુદ્ધાત્માકી ભાવના...**' બે શબ્દમાં તો શુદ્ધાત્મા તે દ્રવ્ય છે, ભાવના એ પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. એ '**શુદ્ધાત્માની ભાવના કરના યોગ્ય હૈ.**' ૧૭૦ થયો.

ગાથા-૧૭૧

अथ–

३०२) जोइय दुम्मइ कवुण तुहँ भवकारणि ववहारि।
बंभु पवंचहिँ जो रहिउ सो जाणिवि मणु मारि।।१७१।।
योगिन् दर्मतिः का तव भवकारणे व्यवहारे।
ब्रह्म प्रपंचैर्यद् रहितं तत् ज्ञात्वा मनो मारय।।१७१।।

जोइय इत्यादि। जोइय हे योगिन् दुम्मइ कवुण तुहं दुर्मतिः का तवेयं भवकारणि ववहारि भवरहितात् शुभाशुभमनवचनकायव्यापाररुपव्यवहारविलक्षणाच्च स्वशुद्धात्मद्रव्यात्प्रतिपक्षभूते पञ्चप्रकारसंसारकारणे व्यवहारे। तर्हि किं करोमिति चेत्। बंभु ब्रह्मशब्दवाच्यं स्वशुद्धात्मानं ज्ञात्वा। कथंभूतं यत्। पवंचहि जो रहिउ प्रपंचैर्मायापाखण्डैः यद्रहितम्। सो जाणिवि तं निजशुद्धात्मानं वीतरागस्वसंवेदनज्ञानेन ज्ञात्वा। पश्चात्किं कुरु। मणु मारि अनेकमानसविक्लपजालरहिते परमात्मनि स्थित्वा शुभाशुभविकल्पजालरुपं मनो मारय विनाशयेति भावार्थः।।१७१।।

---

आगे श्रीगुरु मुनियोंको उपदेश देते हैं, कि मनको मारकर परब्रह्मका ध्यान करो–

गाथा–१७१

अन्वयार्थः– [योगिन्] हे योगि, [तव का दुर्मतिः] तेरी क्या खोटी बुद्धि है, जो तू [भवकारणे व्यवहारे] संसारके कारण उधमरुप व्यवहार करता है। अब तू [प्रपंचैः रहितं] मायाजालरुप पाखंडोंसे रहित [यत् ब्रह्म] जो शुद्धात्मा है, [तत् ज्ञात्वा] उसको जानकर [मनो मारय] विकल्प–जालरुपी मनको मार।

भावार्थः– वीतराग स्वसंवेदनज्ञानसे शुद्धात्माको जानकर शुभाशुभ विकल्प–जालरुप मनको मारो। मनके बिना वश किये निर्विकल्पध्यानकी सिद्धि नहीं होती। मनके अनेक विकल्प–जालोंसे जो शुद्ध आत्मा उसमें निश्चलता तभी होती है, जब कि मनको मारके निर्विकल्प दशाको प्राप्त होवे। इसलिये सकल शुभाशुभ व्यावहारको छोड़के शुद्धात्माको जानो।।१७१।।

---

વળી (હવે શ્રીગુરુ મુનિઓને ઉપદેશ આપે છે કે મનને મારીને પરબ્રહ્મનું ધ્યાન કરો):-

ભાવાર્થઃ- હે યોગી! તારી આ કેવી દુર્બુદ્ધિ છે કે ભવરહિત અને શુભાશુભ

**મનવચનકાયાના વ્યાપારરૂપ વ્યવહારથી વિલક્ષણ એવા શુદ્ધ આત્મદ્રવ્યથી પ્રતિપક્ષભૂત પાંચ પ્રકારના સંસારના કારણરૂપ વ્યવહારમાં પ્રવર્તે છે! હવે શું કરું? એવા પ્રશ્નના જવાબમાં શ્રીગુરુ કહે છે કે ''બ્રહ્મ'' શબ્દથી વાચ્ય એવા સ્વશુદ્ધ આત્માને જાણીને-જે પ્રપંચથી-માયા પાખંડથી-રહિત છે તે નિજશુદ્ધાત્માને વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાનથી જાણીને મનના અનેક વિકલ્પજાળથી રહિત પરમાત્મામાં સ્થિત થઈને શુભાશુભ વિકલ્પજાળરૂપ મનને મારો-મનનો વિનાશ કરો, એ ભાવાર્થ છે. ૧૭૧.**

## ગાથા-૧૭૧ ઉપર પ્રવચન

'**આગે શ્રીગુરુ મુનિયોં કો ઉપદેશ દેતે હૈં,...**' મુનિઓને વિશેષ આગળ છે ને વધેલો એને. કે '**મનકો મારકર પરબ્રહ્મકા ધ્યાન કરો...**' આહાહા..! પરમાત્મા સ્વરૂપ ભગવાનથી વિરૂદ્ધ જે સંકલ્પ-વિકલ્પ એને મારીને. આહાહા..! શુદ્ધ સ્વભાવ પરમાત્મા એને ધ્યાનમાં લે. આહાહા..! એ તારું ધામ એ છે. ચૈતન્યધામ કહ્યું છે હોં. એ કોઈ શ્લોક છે. આમાં.

મુમુક્ષુ :- ભરતમાં પણ આવે છે.

ઉત્તર :- ધામ. આ ચૈતન્યધામ એવા શબ્દો. ધામ આ તો સુખધામ કહ્યું છે ને. છે ને? ધામ એટલે સ્થાન. આનંદનું સ્થાન છે ભગવાન, ચૈતન્યનું ધામ છે. આહાહા..! ૧૭૧.

૩૦૨) जोइय दुम्मइ कवुण तुहुँ भवकारणि ववहारि।
बंभु पवंचहिँ जो रहिउ सो जाणिवि मणु मारि।।१७१।।

આહાહા..! '**હે યોગી,...**' '**तव का दुर्मतिः**' '**તેરી ક્યા ખોટી બુદ્ધિ હૈ,...**' આહાહા..! '**જો તૂ...**' '**भवकारणे व्यवहारे**' આહાહા..! એ વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ ભવનું કારણ છે એમ કહે છે. આહાહા..! પદ્મનંદિપંચવિંશતિંમાં આવ્યું છે ને વ્યવહાર પૂજ્ય છે. ભાઈ! વ્યવહાર પૂજ્ય છે. પદ્મનંદિમાં શ્લોક છે. એણે નાખ્યું હવે. વ્યવહાર હેય છે કે પૂજ્ય છે? પૂજ્ય છે અમારે. કઈ અપેક્ષાએ? એ વ્યવહાર નિશ્ચયને બતાવે છે એ અપેક્ષાએ. પણ વ્યવહારનું અનુસરણ કરવું એમ નહિ. વ્યવહાર સ્થાપવા યોગ્ય છે એમ કીધું. આઠમી ગાથામાં ન કીધું. વ્યવહાર નિશ્ચયને બતાવે છે. પણ સાંભળનારને અને કહેનારને વ્યવહારનું અનુસરણ કરવું નહિ. આહાહા..! એ અપેક્ષાએ વ્યવહાર બતાવે એ અપેક્ષાએ એને પૂજ્ય કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં પાઠ છે જુઓ! અરે! '**तव का दुर्मतिः**' '**તેરી ક્યા ખોટી બુદ્ધિ હૈ,...**' આહાહા..! '**સંસારકે કારણ ઉદ્યમરૂપ વ્યવહાર કરતા હૈ.**' આહાહા..! એ વ્યવહારમાત્ર, વિકલ્પમાત્ર સંસારનું કારણ એ એનો ઉદ્યમ વ્યવહાર કરે છે. આહાહા..! ગજબ દિગંબર સંતોની વાણી પણ. આહાહા..! આ વ્યવહાર એટલે એકલો બાયડી, કુટુંબ એમ નહિ. પુણ્ય અને પાપાદિનો

..રૂપ વ્યવહાર. આહાહા..! વિદ્વાનો નિશ્ચયને છોડીને વ્યવહારમાં વર્તન કરે, પણ નિશ્ચયને આશ્રયે .. મુક્તિ થાય એ પાઠ. તમે બધા વાંચી વાંચીને વિદ્વાનોએ આ કાઢ્યું? એમ કહે છે. એ વખતે કહે છે. જુઓ! પંડિતો ભણી ભણીને તમે આ કાઢ્યું? કે વ્યવહારમાં વર્તવું અને એનાથી નિશ્ચય થશે. એમ કહ્યું છે ને?

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્યના સમયમાં પણ આવા પંડિતો હતા.

ઉત્તર :- હશે એવા. એ માર્ગ તો સદાય એવો જ હોય છે ને. આહાહા..! ભગવાનના સમવસરણમાં બિરાજે ત્યાં માર્ગમાં એવા જીવો છે મિથ્યાદૃષ્ટિ મૂઢ. એ નરકમાં જનારા છે. આહા..! અહીં તો હજી સાતમી નરકે જનારા નથી અત્યારે. મહાવિદેહમાં સાતમી નરકમાં જનારા જીવો છે. માર્ગ એમાં જમીન શું કરે? તીર્થંકરની હાજરી શું કરે? આહાહા..! એણે પોતાના ઉપાદાનના ઠેકાણા નથી. આહાહા..! અહીં સાતમી નરકે જનારા અત્યારે ન હોય. કારણ કે એટલા કલિષ્ટ પરિણામ. ઓહોહો..! જેના ફળમાં ૩૩ સાગર સુધી એ દુઃખ સાંભળ્યા ન જાય, એ વેદ્યા જાય એનાથી. આહાહા..! એ બધા મિથ્યાત્વના ફળ. આહાહા..! એવા નરકમાં અનંતવાર ગયો. આહાહા..! એ મિથ્યાત્વના ખોળે ગયો છે. આહાહા..!

અહીં કહે છે કે '**જો તૂ સંસાર કે કારણ ઉદ્યમરૂપ વ્યવહાર કરતા હૈ. અબ તૂ...**' '**प्रपंचैः रहितं**' આહાહા..! '**માયાજાલરૂપ પાખંડોસે રહિત...**' વિકલ્પની માયાજાળ એટલે કે વિકલ્પમાં લાભ થાય એવી જે માયા જાળ તારી છોડ. વ્યવહારથી મને લાભ થાશે ને આમ થાશે એવી પ્રપંચની માયા છોડ. '**જો શુદ્ધાત્મા હૈ ઉસકો જાનકર...**' ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ શુદ્ધાત્મા પરમાત્મા એ પણ શુદ્ધાત્મા થાય ત્યારે ને. અહીં તો ત્રિકાળ શુદ્ધાત્મા છે. અહીં તો પર્યાયની વાત છે. આહાહા..! પર્યાયમાં શુદ્ધાત્મા થશે ક્યાંથી? જે શુદ્ધાત્મા છે ત્રિકાળી તો એમાંથી થશે. આહાહા..! કેવળજ્ઞાન અને કેવળદર્શન એવી પર્યાય પ્રગટી એનું એને માહાત્મ્ય આવે, પણ એ (કેવળજ્ઞાન) જેમાંથી આવ્યું છે એમાં તો એવું અનંત અનંત પડ્યું છે બધું. એવો શુદ્ધાત્મા ભગવાન છે એનું માહાત્મ્ય એને આવતું નથી.

અહીં તો વ્યવહારનું માહાત્મ્ય આવે અને શુદ્ધાત્માનું આવતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એમ લખ્યું ને? '**जोइय दुम्मइ कवुण**' '**दुर्मतिः का तव**' આહાહા..! આ યોગીન્દ્રદેવ કહે છે. યોગી! '**दुम्मइ कवुण**' દુર્મતિ ક્યાંથી આવી તારી આવી? આહાહા..! એ વ્યવહારથી તને ધર્મ થાય એ કુમતિ ક્યાંથી આવી તને? ચિંતાનો ત્યાગ બતાવે છે ને? આહાહા..! '**અબ તૂ...**' હવે ભલે કર્યું અત્યાર સુધી કહે છે. '**प्रपंचैः रहितं**' '**માયાજાલરૂપ પાખંડોસે રહિત...**' આહાહા..! '**જો શુદ્ધાત્મા હૈ,...**' એ માયાજાળરહિત જ પ્રભુ છે. આહાહા..! '**ઉસકો જાનકર...**' '**ज्ञात्वा**' '**मनो मारय**' એ મનને મારે. મન શબ્દે વિકલ્પ-જાળ તે મન. એમ. શુભાશુભરૂપ વિકલ્પરૂપી મન એને માર. આહાહા..! એટલે કે એવી સંકલ્પ-વિકલ્પની જાળનો વ્યય કર અને પરમાત્માને લક્ષે તું પરમાત્મપર્યાય ઉત્પન્ન કર. સંકલ્પ-વિકલ્પની જાળનો

વ્યય કર, માર અને એના સ્થાનમાં ઉત્પન્ન પરમાત્માના અવલંબે અનંત જ્ઞાનાદિ ઉત્પન્ન કર. આહાહા..! એ તારું કર્તવ્ય છે કહે છે. બહારનો ગજરથ ચાલતા હોય. જુઓ ચાલે છે ને અત્યારે દ્રોણગીરીમાં. બે ઠેકાણે ગજરથ. મોટો હાથી. મોટો.. હો...હા..હો..હા.. થાય છે. ધર્મ કર્યો ધર્મ કર્યો.

અહીં તો કહે છે કે હે દુર્મતિ! તારી આવી બુદ્ધિ ક્યાંથી આવી કે વ્યવહારમાં લાભ છે એમ કહે છે. આહાહા..! એ સંસારનું કારણ છે, એમાં પુરુષાર્થ કેમ કરી રહ્યો છો તું? આહાહા..! એને છોડ અને '**વિકલ્પ-જાલરૂપી મનકો માર.** '

'**ભાવાર્થઃ- વીતરાગ સ્વસંવેદનજ્ઞાન સે શુદ્ધાત્માકો જાનકર...**' જાણીને વ્યાખ્યા કરી. આત્માને જાણ એમ કીધું ને? '**तत् ज्ञात्वा**' જાણીને એટલે શું? કે '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાન સે શુદ્ધાત્માકો જાનકર...**' એમ. જાણીને વ્યાખ્યા કરી આ. વીતરાગ સ્વસંવેદન જ્ઞાનથી જાણ. એકલા ધારણાના જ્ઞાનથી નહિ એમ કહે છે. આહાહા..! આત્માને જાણે '**यत् ब्रह्म तत् ज्ञात्वा**' છે ને? '**यत् ब्रह्म तत् ज्ञात्वा**' જે શુદ્ધાત્મા છે તેને જાણીએ એમ. આહાહા..! એટલે કે જેવો આત્મા છે એને વીતરાગી સ્વસંવેદન જ્ઞાનથી જાણ. શાસ્ત્રથી નહિ જણાય, દેવ-ગુરુથી નહિ જણાય, વ્યવહારરૂપ પરના લક્ષવાળું જ્ઞાન છે એનાથી નહિ જણાય, વિકલ્પથી નહિ જણાય. આહાહા..! શાસ્ત્રના જ્ઞાન છે વિકલ્પવાળા, એનાથી જણાય એવો નથી કહે છે. એથી વીતરાગ શબ્દ વાપર્યો છે. '**વીતરાગ સ્વસંવેદનજ્ઞાન સે શુદ્ધાત્માકો જાનકર શુભાશુભ વિકલ્પ-જાલરૂપ મનકો મારો.**' શુભાશુભ વિકલ્પ એમ નથી કીધું અશુભરૂપી મન. શુભ અને અશુભ બેય વિકલ્પની જાળને માર તું કહે છે. આહાહા..! ભગવાન નિર્વિકલ્પમાં જા. આહાહા..! ત્યારે તને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ થશે. ત્યારે મોક્ષ થશે. વિશેષ કહેશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, મહા વદ ૧૫, શુક્રવાર
## તા. ૧૮-૦૨-૧૯૭૭, ગાથા-૧૭૪-૧૭૫, પ્રવચન નં. ૨૨૦

પરમાત્મપ્રકાશ. ૧૭૪ ગાથાનો ભાવાર્થ છે. '**નિજ શુદ્ધાત્માકી ભાવના સે ઉત્પન્ન હુઆ...**' શું કહે છે? જીવને કરવાલાયક હોય તો સ્વસન્મુખની એકાગ્રતા. અને તે એકાગ્રતાનું પ્રસિદ્ધપણું શી રીતે થાય? કહે છે. કે આત્મા પોતાના સ્વભાવમાં એકાગ્ર થયો એનું લક્ષણ અને એની પ્રસિદ્ધિ શી રીતે થાય? આહાહા..! કે '**નિજ શુદ્ધાત્માકી ભાવના...**' ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાયકભાવ એવો જે પ્રભુ અનાદિ-અનંત દેવસ્વરૂપ. એની એકાગ્રતા. એનાથી '**ઉત્પન્ન હુઆ જો પરમ આનંદ...**' આ એની પ્રસિદ્ધિ. આહાહા..! સમજાય છે કાંઈ?

આત્મા જાણ્યો એ આત્માના સ્વભાવની ભાવના કરી કે આત્માના સ્વભાવમાં એકાગ્રતા કરી, એનું પ્રસિદ્ધ ફળ શું? કે પરમ આનંદ આવે. જુઓ કેટલું ભર્યું છે એમાં! આહાહા..! પુણ્ય અને

પાપના ભાવ એમાં એકાગ્રતાનું ફળ શું? કે દુઃખ. આહાહા..! બાહ્ય ચીજ તો ક્યાંય ભિન્ન, પણ અંદરમાં શુભ અને અશુભભાવ થાય, એમાં એકાગ્રતા થતા તેને દુઃખનું વેદન થાય છે. શાંતિભાઈ! આ બધા તમે પૈસાવાળા સુખી છે એ અહીં ના પાડે છે. દુઃખના ઢગલામાં.

મુમુક્ષુ :- ત્યાગીને એમ જ હોય ને.

ઉત્તર :- આ તો વસ્તુના સ્વરૂપનું વર્ણન છે. આમાં ત્યાગીની વાત નથી. આહાહા..! આ ધર્મીએ ધર્મ કર્યો અને શુદ્ધાત્માનું એને જ્ઞાન થયું, એનું સ્વરૂપ શું? લક્ષણ છું? કે જેને અંદર આત્મા પરમાનંદ સ્વરૂપ છે પ્રભુ એ પરમાત્મા જ પોતે છે. આહાહા..!

આવ્યું નહોતું સવારમાં કાલે કહ્યું હતું. અંતરાત્માના ઉપાય વડે પરમાત્માને સાધવો. આહાહા..! અંતરાત્મા જે જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પ્રભુ, અનાકુળ આનંદનો રસકંદ આત્મા છે. જેમ ઓલા મોહ એક કંદ આવ્યું હતું ને? આહાહા..! ભાઈ! માર્ગ બહુ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જેને ત્રિકાળ જ્ઞાન જાણ્યા ત્રિકાળ. આહાહા..! એની પર્યાયનું સ્વરૂપ જ એવું છે કે ત્રિકાળ જાણે. એ કહેશે હમણાં. આહાહા..!

એવી કેળવજ્ઞાનની પ્રગટ થાય, એવું કેવળજ્ઞાનમય ન હોય તો પ્રગટ ક્યાંથી થશે? આહાહા..! સમજાણું કાંઈ? એ પછી કહેશે. અહીંયાં તો એટલું કે નિજશુદ્ધાત્મા. ભગવાન પરઆત્મા નહિ, પર દેવ, ગુરુ અને દેવ અરિહંત ત્રિલોકનાથ હો, એની પણ ભક્તિમાં તો શુભભાવ જ હોય છે. ધર્મ ન હોય. આહાહા..! અને સ્વ ભગવાન નિજશુદ્ધાત્મા પવિત્ર પ્રભુ આત્મા છે. પર્યાયમાં દુઃખ અને વિકાર. વસ્તુમાં ક્યાં છે? વસ્તુ તો આનંદકંદ છે પ્રભુ. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયમાં પ્રગટ થાય અને પર્યાયમાં દુઃખ વેદાય, બધું પર્યાયમાં છે. આ કહે ને ભાવનાથી ઉત્પન્ન થયેલું એ પર્યાય છે આનંદ. અને સંસારના દુઃખ છે એ પર્યાયમાં છે. કાંઈ બહારમાં નથી દુઃખ. આહાહા..!

કહે છે કે '**નિજશુદ્ધ...**' એમ પહેલો અર્થ કર્યો. નિજ એટલે પોતાનો શુદ્ધઆત્મા. ભગવાનનો થયો એ ભગવાન પાસે રહ્યો. એ કાંઈ ભગવાન દેતા નથી અને ભગવાન પાસેથી માગતા નથી આત્મા. માગે તો એ પણ શુભભાવનો એક વિકલ્પ છે. પુણ્ય છે રાગ છે, ધર્મ નહિ. આહાહા..! એથી કહે છે કે નિજશુદ્ધાત્મા. જે પુણ્ય અને પાપના વિકલ્પની પાછળ વિકલ્પાતીત છે, દુઃખાતીત છે. આહાહા..! એકદમ અહીંયાં તો સત્યનો સાર શું છે એ સિદ્ધ કરે છે. આહાહા..! વાદવિવાદ કરે ભાઈ પાર આવે એવું નથી. પ્રભુ! એ પોતે એ એવો છે. આહાહા..! એ તો નિજશુદ્ધાત્માના સ્વભાવથી જણાય એવો એ તો આત્મા છે. એનું સ્વરૂપ એવું છે. એ રાગથી કે દેવ-ગુરુ-શાસ્ત્રથી, શાસ્ત્રના જ્ઞાનથી જણાય એવું એનું સ્વરૂપ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિજ શુદ્ધાત્મા...**' એ ત્રિકાળી. ત્રિકાળી આનંદકંદ પ્રભુ, એની ભાવના. એની સન્મુખતા અને એમાં એકાગ્રતા એનાથી ઉત્પન્ન થયેલું. એમ કહીને એમ કહે છે કે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ હો, પણ એનાથી આ પરમાનંદ ઉત્પન્ન થતો નથી. આહાહા..! સમ્યગ્દર્શન અને ધર્મની ઉત્પત્તિ પરમાનંદની દશામાં જે થાય છે. એ દશામાં પરનું કોઈ કારણ છે નહિ. આહાહા..! આવી વાતું છે.

'**ભાવના સે જો ઉત્પન્ન હુઆ...**' જોયું એ પર્યાય છે. શું? કે '**જો પરમ આનંદ...**'

દુનિયાના માનેલા, વિષયના પૈસાના, ધૂળમાં સુખ છે એ તો બધું દુઃખની કલ્પનાની જાળ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો પરમાનંદ જે આત્માનો સ્વભાવ છે તે પરમાનંદ પ્રગટ થાય છે એમ કહે છે. આહાહા..! આવી વાતું હવે લોકોને એવી લાગે. વ્રત કરવા, તપ કરવા, આ કરવા એના કરતા ધર્મ થાશે. એ નથી ભાઈ એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? લ્યો આ પ્રશ્ન શાંતિભાઈ લાવ્યા હતા. ૧૦૦ આત્મધર્મ મોકલ્યા હશે એને એના ગામમાં. સ્થાનકવાસીઓમાં. પછી વાંચીને એમાંથી એવું આવ્યું છે કે આ તો અમે કરીએ છીએ એ બધું ધર્મ નથી, પુણ્ય છે આવું આ તો લખાણ આમાં.

મુમુક્ષુ :- એમ જ છે.

ઉત્તર :- એ શાંતિભાઈ લાવ્યા હતા આજે. કે બધાના લખાણ આમ આવે. તમે અમને સમજાવો અહીં આવીને. એમ કહે. કારણ કે જે કાંઈ દયા ને દાન ને વ્રત ને અપવાસ ને કરે એ તો બધા પુણ્ય તમે કહો છો, ધર્મ નહિ. હવે અમે કરીએ છીએ એ. અમારા સાધુ પણ એ કરે છે બિચારા.

મુમુક્ષુ :- તો પછી કરવું શું? એમ કહે છે.

ઉત્તર :- ના ના એ કહો છો પણ ધર્મ તો એ નહિ તો ધર્મ ક્યો? આહાહા..! છોકરાઓમાં પણ એવા છે ને અત્યારે કેટલાક આપણા? સ્થાનકવાસી છોકરાઓ હોય એને એમ કહે કે એલા અમારા મહારાજ તો મુહપતિ રાખે, અમારા મહારાજ તો,

મુમુક્ષુ :- રજોણું રાખે.

ઉત્તર :- રજોણું રાખે ઓલું. મોટરમાં બેસે નહિ. આપણા છે ને આમાં. શું કહેવાય આ તમારી બોર્ડિંગ બોર્ડિંગ. લ્યો. એય! ક્યાં ગયા નાનાભાઈ! આ નાનુભાઈના છોકરાઓ છે ને બધા વિદ્યાર્થી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ થાય એ આવ્યું હતું કાલે. આમ કરે. બાપુ! એ તને ખબર નથી ભાઈ! આહાહા..! જૈનધર્મ શું છે એની ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો આજે ભાઈ લાવ્યા હતા. ૧૦૦ આપ્યા હશે આત્મધર્મ. પાલનપુર વાંચવા માટે. લોકો વાંચે કાંઈક. નહિતર પછી સમજાવા આવો અમને. આ તો બધું અમે કરીએ એને પુણ્ય પુણ્ય કરે છે. ધર્મ તો નહિ. સમજાવો. ત્યારે આ કહે ભાઈ સમજવું હોય તો સોનગઢ આવો. ભારે બાપુ મારગડા જુદા ભાઈ! આહાહા..!

અહીં એ કહે છે કે નિજપરમાત્મા પોતે પ્રભુ સ્વરૂપ પ્રભુ છે કે નહિ? અને જેમાંથી કેવળજ્ઞાન થાય, અનંત આનંદ પ્રગટે એ પ્રગટે એનું સત્ત્વ શું છે? એ તો પર્યાય થઈ. એ પર્યાય ક્યા સત્ત્વમાંથી અને ક્યા તત્ત્વમાંથી આવે? એ પુણ્યતત્ત્વમાંથી આવે? આહાહા..! દયા, દાનના વિકલ્પ જે પુણ્ય તત્ત્વ છે એમાંથી કેવળજ્ઞાન અને અનંત આનંદની દશા આવે? એ માટે પહેલેથી કહે નિજઆત્માની ભાવનાથી પરમ આનંદ. આહાહા..!

**'ઉસકે અનુભવ મેં ક્રિડા કરને સે દેવ કહા જાતા હૈ,...'** આહાહા..! ભગવાનઆત્મા

પોતાનો અતીન્દ્રિય સ્વભાવ આનંદ છે. દાખલો ઘણીવાર આપીએ છીએ નહિ? ઓલા શક્કરકંદનો. એ આ શક્કરકંદનો દિવસ ગયો મહા વદ ચૌદશનો. શક્કરિયા બાફીને ખાય ને? શિવરાત્રી. એ શક્કરકંદ છે એ પોણોશેર, શેર, અધશેરનું એક હોય શક્કરકંદ. એની ઉપરની છાલ છોલી નાખો અને છાલનું લક્ષ ન કરો તો એકલો શક્કરપિંડ છે. શક્કરકંદ એટલે સાકરનો પિંડ છે એ તો. આહાહા..! મીઠાશનો પિંડ. એથી શક્કરકંદ કહે છે. અમારે આપણી કાઠિયાવાડી ભાષામાં શક્કરિયા, શક્કરિયા એમ કહે છે. મૂળ તો શક્કર-સાકર છે. આહાહા..! એ બેસે એને.

એકલો અધશેરનું એક શક્કરિયું હોય. ઉપરની એક જરીક છાલ છે એ વાસણમાં મૂક્યું હોય એ વાસણ તો કાંઈ શક્કરિયાનું નથી? એની છાલ પણ એ શક્કરકંદનું સ્વરૂપ નથી. આહાહા..! એમ આ દેહ, વાણીમાં દેખાય છે દેહમાં રહેલો, આ તો વાસણ છે. એ કાંઈ દેહમાં રહ્યો નથી. એ તો ભિન્ન ચીજ છે. અને અંદરમાં પુણ્ય અને પાપની લાગણીઓ ઊભી થાય છે એ બધી શક્કરકંદની લાલ છાલ જેવી છાલ છે. એ પ્રભુ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઓલી વાત બેસે. શક્કરિયા ખાધા હોય બાફીને. વળી એમાં સાકર નાખીને. હોય તો મીઠાશ પણ વધારે સાકર નાખે. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તું કોણ છો અને કેવડો છો અને ક્યાં છો? આહાહા..! કહે છે કે એ નિજઆત્મામાં પરમઆનંદ ભર્યો છે. સમજાણું કાંઈ? પણ એણે સાંભળ્યું નથી, કોઈ દિ' વિચાર્યું નથી. આહાહા..! ધર્મને નામે પણ આ દયા પાળવી, વ્રત કરવા, આ કરવા, વિકલ્પના રાગમાં ધુંચાઈ ગયો, મરી ગયો બિચારો. આહાહા..! ભગવાનઆત્મા નિજ આત્માની ભાવનાથી પરમાનંદ. '**ઉસકે અનુભવ મેં ક્રિડા કરને સે...**' આહાહા..! એને આત્મા કહીએ કહે છે. સમજાણું કાંઈ?

બીજી ગાથા છે ને '**चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**' આ એ વાત કહે છે. આહાહા..! જે કોઈ ભગવાનઆત્મા પોતાની સન્મુખ થઈને, આનંદમાં એકાગ્ર થઈને જેને વર્તમાનમાં અતીન્દ્રિયઆનંદ પ્રગટ્યો એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એમાં થયો એને આત્મા કહીએ. આહાહા..! અને પુણ્ય અને પાપના વિકલ્પની લાગણીમાં ઠરે, ટકે એને અણાત્મા કહીએ. જડ છે એ અરેરે! આહાહા..! પ્રભુ પોતાના ચેતનનું પદ ગુમાવી બેઠો એ. આહાહા..! શુભ અને અશુભ હોં. શરીર, વાણી, મન તો જડ રહી ગયા, બાયડી, છોકરા તો ક્યાંય દૂર રહી ગયા. એ ક્યાં એની પાસે હતા અને એના હતા કોઈ દિ'? આહાહા..!

અહીં તો એનામાં પુણ્ય અને પાપની લાગણીઓ જે વૃત્તિઓ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે એ પણ લાલ છાલ જેવી છાલ છે. એ કાંઈ શક્કરકંદનું સ્વરૂપ નથી, એમ આત્માનું સ્વરૂપ નથી. આહાહા..! અરેરે! એને પણ કેમ સાંભરે? આહાહા..! આખો દિ' ગોથા મારે અહીંથી સુખ લઉં... અહીંથી સુખ લઉં, અહીંથી સુખ લઉં, આબરૂમાંથી લઉં, બાયડીમાંથી લઉં, છોકરામાંથી લઉં, સારા પાક્યા એવું સાંભળવાથી લઉં. અરે પ્રભુ! તને ખબર નથી. આહાહા..! એ તો કલ્પનાના

દુઃખ છે.

ભગવાનઆત્મા નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ છે. આહાહા..! સારમાં સાર વાતું કરી છે એકદમ. એની અંતરમાં ભાવના ક્યારે કરે? કે એ સ્વરૂપ શું છે એવી દૃષ્ટિમાં આવ્યું હોય, એની સત્તાનો સ્વીકાર થયો હોય. જેટલી, જેવડી એની સત્તા છે. એવડો જેને અંતર સમ્યક્જ્ઞાનમાં, શ્રદ્ધામાં સ્વીકાર થયો હોય એ એમાં એકાગ્ર થાય. સમજાણું કાંઈ? આ મારગડા જુદા બધા પોપટભાઈ! આહાહા..!

મિલન શું કેવું તમારા મકાનને કહે છે ને?

મુમુક્ષુ :- નિલાંબર.

ઉત્તર :- ભાઈ તું કહેતો હતો ને કાલે કાંઈક. નીચે ગરે ત્યાં કાંઈક ઓલું ભીંતમાં લખ્યું છે ને બધું? મુંબઈ મુંબઈ. આહાહા..! આ તો ત્રણલોકનો નાથ આનંદનું ઘર અંદર પડ્યું છે અતીન્દ્રિય. એના ઘરમાં પેસે તો તેને અતીન્દ્રિયઆનંદ આવે એમ કહે છે. પરઘરમાં જાય તો તને વ્યભિચારી દુઃખ થશે તને. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં ઊંઘમાંય દુઃખી છે. આહાહા..! કૂતરાને ઉંઘ આવી જાય રસ્તામા નહિ. આ તો વળી બંગલામાં છે, ઓલો તો આમ મોટરું જાતી હોય તો આનીકોર પડ્યા હોય સૂતા હોય કૂતરા લ્યો. જોયું નથી? તડકે પડ્યા હોય. અને પછી એને કૂતરા જેવી ઊંઘ. નથી કહેતા કે જરી કાંઈક ખડખડાટ થાય આમ કરી જાય. વળી સૂઈ જાય. આહાહા..! સૂઈ જાય એટલે શું? એ કૂતરા પણ સૂવે છે અને ભૂંડ પણ સૂવે છે અને ઢોર પણ જરી ઝોલા ખાઈને સૂવે છે. એ બેમાં ફેર શું છે એમ કહે છે.

એક બાવો હતો ને, બાવો હતો એક. બહુ વખણાય લોકમાં. અને એક બહાર પડ્યો હતો. ચુલ હસે ને કોઈ ચુલ ખુલ્લી આ કંદોઈની. અને ટાઢ્યો દિવસ આ શિયાળાની પોષ મહિનાની ટાઢ. એટલે એ અંદર જરી પછી મોટી હશે ઓલી ચુલ. અંદરમાં સૂવે. .. નગ્ન માણસ એટલે સૂવે. એક દરબાર જોઈ ગયા ઉપરથી. દરબાર ત્રીજે માળે હશે ઉપર. બત્તી એ બત્તી ત્યાં ગઈ. જોયું. એક સાધુ અહીં સૂવે છે. આમ કેમ? બોલાવો એને. સાધુને બોલાવો. પુરુષને મોકલ્યા. આ કહે અમારે શું કામ છે રાજા પાસે. રાજા પોતે આવ્યા. ઘોડાગાડી લઈને. ઋષિરાજ મારી પાસે આવો, મારે કાંઈક પૂછવું છે. શું છે એને? સાહેબ આપને સુખ ક્યાં છે? કહે છે કે અમને સુખ છે. અમે સુઈએ ત્યારે બહારની ખબર નથી. એમાં અમે સુખમાં છીએ. તું સૂવે ત્યારે બહારના સાધનની તને ખબર નથી. સૂવે ત્યારે સરખા અને જાગતા જ્યારે છીએ ત્યારે અમે અમારા આનંદમાં છીએ અને તું જાગતો થા એટલે તને પાપમાં આ કરું ને આ કરું. પાપમાં. શાંતિભાઈ! બાવાએ જવાબ આપ્યો. સૂઈએ ત્યારે સરખા. પછી તું પલંગમાં સૂતો હો રેશમી ગાદલામાં અને હું ન્યાં ઓલા રાખમાં. કાંઈ ખબર ન મલે આ રાખ છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા ભાન વિનાના, બધા અક્કલ વિનાના છે. રેશમી ગાદલા. રેશમીની ખબર છે એની? પોતાને ખબર છે કે રેશમી ગાદલા છે? અને પગ ચાંપતા હોય કોક છોકરા. ઓલા નોકર. અને કેટલાકને તો દિવસે સૂતા હોય તો માખી ન આવે એટલે એક માણસ રાખ્યો હોય તે પંખો નાખે. અમથો બહુ પવન નહિ એને પાછી ઉંઘ પણ આવે અને જરી માખી ઓલી માખી ન આવી જાય. ઓઢે તો ઉંઘ ન આવે અને કપડું રાખે તો માખી આવે એક પછી એક. એટલે એક માણસ રાખ્યો હોય ધીમેથી આમ જોડે. આ બધું જોયેલું છે હોં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નેમીચંદ પાટની ભાઈએ કર્યું હતું એના ઘરમાં. પાટની ગૃહસ્થ માણસ છે. સુવાળું શરીર. સૂતા હતા તો એક માણસ માથે પંખો આમ હલાવે કેવો? ઓલી માખી ન આવે એટલું. એમાં હું નીકળેલો, જોયું. ઓહોહો..! મારા સૂતા વખતે પણ પંખા નાખે. આ તો બધું જગતનું જોયું છે ને. સૂતા વખતે રાજા તું અને હું બે સરખા છીએ. આ જાગતા વખતે તને પળોજણ વળગી દુઃખી છો અને અમે જાગતા પણ સુખી છીએ લે. આહાહા..! શાંતિભાઈ બરાબર છે? સૂતા વખતે કાંઈ ખબર છે કે અમે પૈસાવાળા છીએ. આમ છે ને ઢીંકણું છે, ગાદલા રેશમના છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કનુભાઈ છે ને આપણે એ પૂછતા હતા એક ફેરી. હરિભાઈના નહિ કનુભાઈ ભાયાણી. કાંતિભાઈના ભાઈ. કાંતિભાઈ ગયા? આપણા નહિ તમારા કનુ. એકફેરી અહીં ૯૪માં આવ્યો હતો. ત્યારે પરણ્યો નહોતો. નાની ઉંમર હતી. આઠ વર્ષની ઉંમર. ૮૬માં જન્મ્યો છે એ. ખબર છે અમને. ૮૬માં ત્યાં હતા ને અમે. એ પછી ત્યાં એ પેટમાં હતો, એ પછી જન્મ્યો. ૮૬ અને ૯૪ અહીં મકાન થયું ને ત્યાં આવ્યો. બહાર હું બેઠો. મહારાજ અમે નીચે સુઈએ, ગાદલે સાધારણમાં, તોપણ તમે કહો તમે ધર્મી નથી. અને ઓલા બબ્બે પલંગમાં સૂવે, તળાયું ત્રણ ત્રણ નાખીને રેશમની. એમાં સૂવે અને એ ધર્મી! કાંતિભાઈ! એ તમારે કનુભાઈએ પ્રશ્ન કર્યો હતો. ૯૪ની વાત છે. ૩૯ વર્ષ થયા. બહાર બેઠા હતા. આપણા છે ને. આહાહા..!

ભાઈ! એ સૂવાની ચીજ નથી. જેને રાગથી ભિન્ન પડ્યો છે એ ભગવાનઆત્માને અનુભવે છે. એને એ તળાઈની ખબર પણ નથી. એ બે તળાઈ નાખી હોય તો એને ખબરું પણ નથી ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? અને તમે એક ગાદલે સૂવો તોપણ આ મારી શાન છે અને આમાં મને સુખ છે. એવી માન્યતા કરીને સૂતા છો. આહાહા..!

મુમુક્ષુ :- શરીરને સુખ.

ઉત્તર :- દુઃખી છે. આહાહા..!

અહીં તો એટલું કહેવું હતું કે ભાઈ ધર્મી હોય એને બે ગાદલા રેશમના પાથરે. ચક્રવર્તી હોય. ભરત ચક્રવર્તી જેને છન્નું હજાર રાણીઓ. એક રાણી તો હજાર દેવ એની સેવા કરે. હજાર દેવ જેની

સેવા કરે. આહાહા..! એના પલંગ અબજોના, હિરા, માણેકથી ભરેલા, શણગારેલા. એના મકાનો હિરા-માણેકના હોય. એ નિલમણી જે થાય છે ને એ નિલમણીની તો લાદી હોય ત્યાં. નિલમણીની લાદી હોય નીચે મકાનમાં. એવું તો આખું મકાન. અબજો રૂપિયાની કિંમતનું. એવા તો કંઈક ઓરડા અને કંઈક ધમાલ બધી હોય, પણ એ પોતે એને ક્યાંય એની નજરું નથી. જાણે ખરો, પણ નજરમાં આત્મા ટળવળે અંદર એનું ઉપાદેયપણું એને માન્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! એમાં હું નથી, મારામાં એ નથી, એ નિરંતર દૃષ્ટિનું ધોરણ ચાલ્યું જાય છે. આહાહા..!

એ દૃષ્ટિના ધોરણે પાસ થઈ ગયો છે. આહાહા..! અને એને સૂવાના ગાદલા ઊંચા હોય, દેવ સેવા કરે. સોળ હજાર તો દેવ સેવા કરે. અંગરક્ષક. અંગની સંભાળ કરનારા બે હજાર દેવ ઊભા હોય. દેવ ઊભા હોય. હવે એ કેવા હશે! કાંઈ ખબર નથી. એને પર ઉપર ક્યાંય દૃષ્ટિનો આશ્રય નથી. જ્ઞાન હોય, જ્ઞાન કરે. આશ્રયમાં, આધારમાં, અવલંબનમાં ત્રણલોકનો નાથ વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે. આહાહા..!

પુણ્યનો ઉદય હોય સમકિતીને તો મોટું રાજ હોય, ચક્રવર્તી હોય, ઈન્દ્રપદ હોય. અને મિથ્યાદૃષ્ટિને કાંઈ સાધન ન હોય એવા. મિથ્યાદૃષ્ટિ મોટા રાજા હોય અને સમકિતી હોય એ રંક ભિખારી પણ હોય. આહાહા..! પણ એને અંતરમાં રાગથી ભિન્ન મારો નાથ છે. આહાહા..! એનો આધાર કોઈ દિ' ટળતો નથી એને. અને એ કોઈ દિ' નિમિત્ત ને રાગ ને પર્યાયનો આધાર લેતો નથી. આહાહા..! એથી એને પરમાં સુખનો ક્રિડા કરનાર. જુઓ એમાં ક્રિડા કરનારો એ દેવ છે. આહાહા..!

કહ્યું છે ને કે ચંડાળ પણ શ્રાવકરત્નકરંડાચાર. અગ્નિને દાબેલી રાખ હોય અગ્નિ અંદર હોય. એમ ચંડાળના શરીર મેલા, કાળા, અંદર સમકિતની ઝળહળ જ્યોતિ પ્રગટી છે અંદર. આહાહા..! એ બહારથી કાળા કૂબડા એવા મકાન પણ સમજણ શું કહેવાય? કુબા. કુબામાં રહેતા હોય બિચારા બહાર. અને આ મોટા બંગલામાં રહેતા હોય ચાર ચાર આઠ માથે. ભિખારી મિથ્યાદૃષ્ટિ ત્યાં સૂતા હોય અને ઓલો સમકિતી બાદશાહ ત્યાં સૂતો હોય. માગણ છે અને આ લાવ, આ લાવ, આ લાવ, આ લાવ, માગણ છે મોટો.

કહ્યું નહોતું દરબાર આવ્યા હતા ને. કૃષ્ણકુમાર. ગુજરી ગયા. એનો દીકરો છે. અહીં આવ્યા હતા વ્યાખ્યાનમાં. કહ્યું દરબાર! જેને પાંચ હજાર મહિને માગે એ નાનો માંગણ, લાખ માગે મોટો માંગણ, કરોડ માગે એ મોટો માંગણ ભિખારો. ધર્મી જીવને આત્માના આનંદ આગળ કોઈ માગણી જ નથી જેને. આહાહા..! ભાવના છે ઘણી એ માગે છે એ. સમજાણું કાંઈ? અજ્ઞાનીને તો વિકલ્પની જાળ, સળગ્યા જ કરે. સૂતો હોય તો રાતે અને જાગતો હોય તો પણ. આહાહા..! જાગતાને પાછો લોહવાટ બહુ હોય. રાત્રે સ્વપ્નામાં બધું આવે એને. આજે આમ કર્યું, આજે આમ દીધું છે, પાંચ લાખની પેદાશ થઈ છે અને નોટું આટલી આવી છે અને ધૂળ આવી છે. આહાહા..! એ અમારે હતા ને મોહનજી ભગત ભગત. બિચારા રાણપુર. નારણભાઈ નહિ નારણભાઈ કરશન. એ ના પાડતા. પણ નોકરી એવી કરે કે શેઠિયા પણ ન કરી શકે એવી એની તન્મય થઈને કરે. બહુ

ભગત માણસ. એ રાત્રે મોઢા આગળ આપે બધું, કપડાનો વેપાર હતો એના શેઠને. પોતે શેઠ જ પોતે. શેઠ એ કરે એટલે, ઓહોહો..! ભગતજી! ભગતજી! કરે બસ. શેઠિયા. નારણભાઈના બાપ. આ નારણ કરશનજી કહેતા હતા. રાતે પાંચ હાથ, પાંચ હાથ, પાંચ હાથ, સૂતા હતા. કહો, જયંતિભાઈ! આ બધા તમારા લોહવાટિયાની વાતું ચાલે છે આ. રાતે સ્વપ્ના આવતા હોય, અહીં ગયા છે ને, અહીં ગયા છે, અહીં માલ લીધો છે. ભાઈ તું બે આના ઓછા તો કર, ઓછા તો કર. પોપટભાઈ! આહાહા..! એને ભાવના પરવસ્તુની માગણીની છે પ્રભુ. ધર્મીને તો આત્માની માગણી, આત્મામાં એકાગ્ર થવાની ભાવના છે. આહાહા..! કે જેમાંથી પરમઆનંદ આવે. આહાહા..! સારમાં સાર માખણ વાત કરી છે. ફલાણું થાય, ઢીંકણાથી થાય એ વાત બધી છોડી દે. આહા..! સમજાણું કાંઈ?

**'અનુભવ મેં ક્રિયા કરને સે દેવ...'** આહાહા..! દેવ શક્તિની પ્રગટતા પરમદેવપણું પ્રગટ્યું તેને દેવ કહીએ છીએ. ઓલાને દેવ કહે છે ને ચંડાળને. ઢાંકેલી અગ્નિ છે, અંદર અગ્નિ છે. બહાર રાખ દેખાય છે. અંદર ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિનો અનુભવ છે. આમ ચંડાળ છે, કાળુ શરીર છે, કુબામાં રહે છે. આહાહા..! એ સુખી છે. એને દેવ કહ્યો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા દેવ. દેવ કહ્યો છે એ. પંડિતજીને ગાથા મોઢે હોય ને. શ્રાવક રત્નકરંડાચાર. આહાહા..! અને આને ભિખારી કહ્યા છે. શાસ્ત્રમાં વરાંકા કહ્યા છે. વરાંકા એટલે રાકા. મોટા ચક્રવર્તી હોય પણ બ્રહ્મદત્ત જેવા ભિખારા છે રાંકા. જેને સ્વલક્ષ્મીની ખબર નથી અને સ્વલક્ષ્મીને ખોદાય કેમ? પ્રગટ કેમ થાય એની ખબર નથી. એ તારા ડાહ્યાના ડહાપણ શું કામના તારા? આહાહા..! સમજાણું કાંઈ?

**'યહી આરાધને યોગ્ય હૈ.'** છે? પરમાનંદનો નાથ એમાં એકાગ્ર થઈને એમાં પરમાનંદ થાય એ કરવા જેવું છે. એ સેવવા જેવું છે. આહાહા..! ભારે ભાઈ આ તો આકરું કામ. ફલાણું કરવું, દયા પાડવી, દાન કરવા કે જાત્રા કરવી કે ભક્તિ કરવી. બાપુ! એ તો શુભવિકલ્પ હોય, રાગ છે ત્યાં એ થવાનું હોય તો થાય. એ કાંઈ ધર્મ નથી. આહાહા..! વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં ઇન્દ્રો સાંભળતા ત્યારે આ કહેતા ભગવાન. આહાહા..! સમજાણું કાંઈ? પ્રભુ! તારી પાસે નિધાન છે ને. અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયઆનંદ અને અતીન્દ્રિયઈશ્વરતા, અતીન્દ્રિયશ્રદ્ધા, અતીન્દ્રિયઆનંદ અને અતીન્દ્રિયવીર્ય. એવી ખાણનો ધરનાર તું પ્રભુ છો. આહાહા..! એની પર્યાયમાં એકાગ્ર થતાં અનુભવમાં ક્રિડા કરે તે દેવ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જો આત્મદેવ...'** હવે ત્રિકાળની વાત કરે છે. **'શુદ્ધ નિશ્ચયનયકર ભગવાન કેવલી કે સમાન હૈ.'** છે? આહાહા..! આઠ વર્ષની બાલિકા હોય, ચંડાળની દિકરી હોય, કૂબામાં રહેતી હોય, પણ જો સમ્યગ્દર્શન પામે છે ને. આહાહા..! દેવ છે દેવ. આહાહા..! રોટલા માંડ મળતા હોય માગવા જાય ત્યાં. હો તે શું થઈ ગયું? આહાહા..! અંદર ભગવાનઆત્મા એ કહે છે એ **'શુદ્ધ નિશ્ચયનયકર**

**ભગવાન કેવલી કે સમાન હૈ.**' ભગવાન કેવલી. આહાહા..! એ સમાન પ્રભુ છે. આહાહા..! 'ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' આ તો સર્વજ્ઞના અંતરતત્ત્વની વાતું છે ભાઈ! બહારના ચુંથણા કરીને મરી ગયો એમ કરીને. પાપના કર્યા અનંતવાર, નિયમસારમાં તો એમ આવે કથનમાત્ર વ્યવહારરત્નત્રય અનંતવાર કર્યા. વ્યવહારરત્નત્રય હોં, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રના જ્ઞાન, પંચમહાવ્રતના પરિણામ. એ કથનમાત્ર જે વ્યવહારરત્નત્રય એને કથનમાત્ર કહ્યું જુઓ. આહાહા..! ઉપચાર ઉપચારના મોટા વાંધા આવે છે આમાં. ખાણિયા ચર્ચામાં.

ઉપચાર કહેવાય. પર્યાય છે એ વ્યવહાર છે અને દ્રવ્ય છે તે નિશ્ચય છે. તમે વ્યવહારને ઉપચાર કહો છો. કઈ અપેક્ષાએ પ્રભુ! પર્યાય પણ ત્રિકાળ સત્યાર્થની અપેક્ષાએ અસત્યાર્થ છે. સમજાણું કાંઈ? માણસો આવે છે છોકરાઓ. આહાહા..! શું કહે છે? શુદ્ધસત્યદૃષ્ટિથી ભગવાનને જુઓ તમે કહે છે. આહાહા..! શું નીકળ્યું છે આ તો. શુદ્ધ નિશ્ચયનયકર, શુદ્ધનિશ્ચયનયકર. આહાહા..! અહીં તો એમ કહેવું છે ભૂતાર્થ ત્રિકાળી વસ્તુ છે ને એને સત્ય કહ્યું. તો એની પર્યાયને પણ એ અપેક્ષાએ તો અસત્ય કીધી. વ્યવહાર કર્યો, અસત્ય કહ્યો. આહાહા..! એને બધા બોલ નાખ્યા છે ૨૧. નિર્વિકલ્પને નિશ્ચય કહે, સવિકલ્પને વ્યવહાર કહે, દ્રવ્યને નિશ્ચય કહે, પર્યાયને વ્યવહાર કહે. એ બધા બોલ નાખ્યા છે ઘણાં. આહાહા..! અહીં તો કહે છે કે પર્યાય છે એમ એને સિદ્ધ કરવી છે. વ્યવહાર કહેતા નથી વ્યવહાર અને ઘટની છે એમ સિદ્ધ કરવું.

મુમુક્ષુ :- પર્યાય અપેક્ષાએ પર્યાય છે.

ઉત્તર :- પર્યાય અપેક્ષાએ પર્યાય છે, પણ ત્રિકાળની અપેક્ષાએ અસત્ય છે. વ્યવહાર છે એ તો. આહાહા..!

અહીંયાં તો કહે છે એકવાર સાંભળ તો ખરો પ્રભુ! તારો આત્મા કોને કહીએ? આહાહા..! અંદર ભગવાન બિરાજે છે. ચૈતન્યસ્વરૂપ છે પ્રભુ તને ખબર નથી તારી. આહાહા..!

'**નિશ્ચયનયકર ભગવાન કેવલી કે સમાન હૈ.**' આહાહા..! આ તો હાડકા, ચામડા છે પ્રભુ! જડ છે. એમાં ભગવાનઆત્મા બિરાજે છે એ તો ભગવાન કેવળી સમાન છે. આહાહા..! અરે! કેમ બેસે? એક છાણનો પોદળો મળે ત્યાં રાજી થઈ જાય. અને એમાં પાંચ-પચાસ હજાર રૂપિયા થઈ જાય ત્યાં તો એમ જાણે કે, ઓહોહો..! આકાશે પાટુ માર્યું જાણે. આહાહા..! ભગવાન! તને ખબર નથી પ્રભુ! તારામાં અનંત આનંદ પડ્યો છે પ્રભુ તું કોણ છો ? આહાહા..! છે?

'**શુદ્ધ નિશ્ચયનયકર ભગવાન કેવલી કે સમાન હૈ.**' ભગવાન કોને લાગુ પડે? કેવળીને. ભગવાન કેવળીને સમાન આત્મા અંદર છે. આહાહા..! આત્મામાં દેહમાં બિરાજમાન ભગવાન કેવળજ્ઞાન સ્વરૂપ જો ન હોય, તો કેવળજ્ઞાનની પર્યાય વખતે ક્યાંથી આવશે? આહાહા..! છે? '**જો દેહમેં ન હોવે તો કેવલજ્ઞાન કે સમય કૈસે પ્રગટ હોવે.**' જ્યારે કેવળજ્ઞાન પરમાત્મા થાય છે ઝળહળ જ્યોતિ. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક જાણે એવા પરમાત્મા કહે છે કે જો પરમાત્મા થયા અને દેહમાં એ ભગવાન શક્તિરૂપે ન હોય તો ક્યાંથી પરમાત્મા થશે?

આહાહા..! પીપરમાં ચોસઠ પહોરી તિખાશ ન હોય, આ પીપર, લીંડીપીપર. તો પર્યાયમાં ચોસઠ પહોરી તિખાશ આવશે ક્યાંથી? આહાહા..! અરેરે! આવી વાતુંની ખબરું ન મળે. અને દુનિયાના ડાહ્યા થઈને ફરે. આહાહા..!

કહે છે, થોડા શબ્દોમાં પણ માખણ ભર્યું છે. ભગવાન એકવાર સાંભળને. કે '**શુદ્ધ નિશ્ચયનયકર ભગવાન કેવલી કે સમાન હૈ.**' આત્મા અંદરમાં છે. જો આ દેહમાં શક્તિરૂપે, સ્વભાવરૂપે, સામર્થ્યરૂપે, પરમાત્મા પોતે દેહમાં ન હોય, પોતે પરમાત્મા હોં! આહાહા..! અહીં પરમાત્મપ્રકાશ છે ને એટલે. આહાહા..! '**તો કેવલજ્ઞાન કે સમય કૈસે પ્રગટ હોવે.**' કેવળજ્ઞાની પરમાત્મા, ત્રણકાળ ત્રણલોક જાણે પરમેશ્વર. એ પરમેશ્વરનું કેવળજ્ઞાન આવ્યું ક્યાંથી? એ પ્રગટ ક્યાંથી થયો? આહાહા..! સમજાણું કાંઈ?

ચોસઠ પહોરી તિખાશ જો લીંડીપીપરમાં ન હોય. આ લીંડીપીપર છે ને આવડી નાની. એની શક્તિમાં ચોસઠ પહોરી તિખાશ ન હોય તો ઘૂંટતા ચોસઠ પહોરી ક્યાંથી આવશે? આહાહા..! સમજાણું કાંઈ? શક્તિની વ્યક્તતા છે. પરમાત્મા જે થાય છે એ શક્તિમાંથી પરમાત્મા વ્યક્ત થાય છે. આહાહા..! એમ કહીને તો નિમિત્તથી નહિ, વ્યવહારથી નહિ. આહાહા..! મોક્ષમાર્ગની પર્યાયથી પણ નહિ. આહાહા..! શક્તિ ભગવાનઆત્માની અનંત જ્ઞાનદર્શન આનંદ જેનું સ્વરૂપ છે. એવી શક્તિરૂપે આ દેહદેવળમાં સ્ત્રી હોય, પુરુષ હોય, નપુંસક હોય, પશુ હોય, એના અંદરમાં શક્તિરૂપે પરમાત્મા પોતે બિરાજે છે. આહાહા..! પોતે હોં. પર્યાયમાં પછી એન્લાર્જ થાય છે એનું. શક્તિમાંથી વ્યક્તતા આવે છે. આહાહા..! પ્રવિણભાઈ! અંદરમાં પૂર્ણ પ્રવિણતા ન હોય તો પર્યાયમાં પ્રવિણતા ક્યાંથી આવશે એમ કહે છે. આહાહા..! ભારે વાત ભાઈ!

આ દેહ તો માટી છે, બાપા રાખ થઈ જશે. પણ અંદર ઓલો અંદર બિરાજે આત્મા એ કાંઈ રાખ થાશે? એ તો નિત્ય છે. નિત્ય તો છે પણ કેવી એની શક્તિ છે! દેહમાં શક્તિરૂપે, સામર્થ્યરૂપે, સત્ત્વરૂપે, તત્ત્વરૂપે પરમાત્મા પોતે ન હોય તો કેવળજ્ઞાન સમયે જે પરમાત્મા થાય એ ક્યાંથી થાશે? આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે બાપુ અહીં તો. આહાહા..! જગતના (ભાગ્ય છે).

મુમુક્ષુ :- આ રીતે જ સાંભળવા જેવું છે.

ઉત્તર :- આહાહા..! અહીં તો એમ કહે છે કે શક્તિરૂપે દેહમાં ભગવાન ન હોય, સામર્થ્યરૂપે, શક્તિરૂપે. એનું સત્ છે એ એનું સત્ત્વ જે છે. સત્ છે એનું સત્ત્વ છે શક્તિરૂપે કેવળજ્ઞાન પરમાત્મા પોતે શક્તિરૂપે છે. આહાહા..! હવે આવી વાતું સાંભળવી મળે નહિ અને બહારથી કરે, આ કરે ને ધૂળ કર્યા ને આ કર્યા. આહાહા..! પછી શાંતિભાઈને પૂછે ને ઓલા મોકલે ત્યાંથી. કે તમે સમજાવો. તમે તો આત્મધર્મમાં માંડી છે એ બધા પુણ્ય પુણ્યની વાતું કરે છે. અમે તો આ બધું એ જ કરીએ છીએ, અમારા સાધુ પણ એ જ કરે છે. શાંતિભાઈ! આહાહા..! એને પૂછાવ્યું છે.

આ તો ક્યાં છે બાપા ક્યાંય. આહાહા..! અરેરે! તારા તળિયે પરમાત્મા બિરાજે છે એ તળિયામાંથી કાઢવો છે. સમજાણું કાંઈ? પાતાળમાં જેમ પાણી પડ્યા હોય ને કાઢવા હોય એમ અંદર

પાતાળમાં શક્તિ પરમાત્મા પોતે પડ્યો છે. આહાહા..! આરે! આવી વાતું કઈ જાતની? આહાહા..! દેશની સેવા કરવી, ફલાણું આ કરવું, ઢીંકણું આ કરવું. મા-બાપની સેવા કરવી, છોકરાને મોટા શીખવીને કેળવણીમાં આગળ વધારવા. આવી બધી વાતું સંસારની રખડવાની. આહાહા..! ખુબી શું કીધી છે? પ્રભુ! તું જે સર્વજ્ઞ થાય છે કેવળી પરમાત્મા, દેહમાં જો એ શક્તિરૂપે ન હોય, આ દેહમાં શક્તિરૂપે ન હોય ભિન્ન, તો એ પરમાત્મા કેવળજ્ઞાન થાશે ક્યાંથી? આહાહા..! કહો, આ તો સમજાય એવી વાત છે. ભગવાનજીભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અને આ વાત સીધી છે. ઓહોહો..! તારી વર્તમાન દશામાં અલ્પજ્ઞતા છે અને વિકાર પણ છે. પણ એનું શક્તિરૂપે સત્ત્વ છે એ તો નિર્વિકારી નિર્દોષ આનંદકંદ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ક્યાંના હતા બધા એ? ... આહાહા..!

શક્તિમાં જો શક્તિરૂપે પરમાત્મા ન હોય એમ શક્કરકંદમાં શક્તિરૂપે મીઠાશનો કંદ ન હોય તો મીઠાશ પર્યાયમાં આવશે ક્યાંથી? આહાહા..! સોનું અંદર સોળ વલે શક્તિરૂપે પૂર્ણ ન હોય તો પર્યાયમાં સોળવલું થાશે ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? એવી શક્તિ છે એવા આત્માના સામર્થ્યની પ્રતીત કરાવે છે અહીં તો. એ તારી પ્રતીતિ રાગમાં, નિમિત્તમાં, પરમાં જાય છે. આહાહા..! એક સમયની પર્યાયની અવસ્થાની પણ પ્રતીત કરે છે એ પણ વિભ્રમ છે. આહાહા..! જ્યારે એને પર્યાયને પરદ્રવ્યનું પ્રત્યક્ષપણાની પ્રતીત કરવાનો ભાવ છે, તો પછી એ ભાવ એને સ્વપ્રત્યક્ષ કરે એ કામ કેમ ન કરી શકે? આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે બાપુ! આત્મધર્મ. આહાહા..! ઓહોહો..!

'**ઐસા પરમાત્મદેવ શક્તિરૂપ સે...**' સામર્થ્યરૂપે, સ્વભાવરૂપે દેહમાં છે. દેહમાં છે ભગવાન. ત્યાંથી શક્તિની વ્યક્તિ થાય. આહાહા..! આવી પ્રતીતિ એને ક્યારે થાય? એ અંતર દૃષ્ટિ કરે ત્યારે થાય. આહાહા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' વસ્તુ તરીકે હોં. આહાહા..! '**જો દેહમેં ન હોવે, તો કેવલજ્ઞાન કે સમય કૈસે પ્રગટ હોવે.**' આહાહા..! ૧૭૪ થઈ.

---

## ગાથા-૧૭૫

अथ तमेवार्थं व्यक्तीकरोति–

३०६) जो परमप्पा णाणमउ सो हउँ देउ अणंतु।
जो हउँ सो परमप्पु परु एहउ भावि णिभंतु।।१७५।।
यः परमात्मा ज्ञानमयः स अहं देवः अनन्तः।
यः अहं स परमात्मा परः इत्थं भावय निर्भ्रान्तः।।१७५।।

जो परमप्पा इत्यादि। जो परमप्पा यः कश्चित् प्रसिद्धः परमात्मा सर्वोत्कृष्टानन्त–

ज्ञानादिरुपा मा लक्ष्मीर्यस्य स भवति परमश्चासावात्मा च परमात्मा णाणमउ ज्ञानेन निवृतः ज्ञानमयः सो हउं यद्यपि व्यवहारेण कर्मावृतस्तिष्ठामि तथापि निश्चयेन स एवाहं पूर्वोक्तः परमात्मा। कथंभूतः। देउ परमाराध्यः। पुनरपि कथंभूतः। अणंतु अनन्तसुखादिगुणास्पदत्वादनन्तः। जो उं सो परमप्पु योऽहं स्वदेहस्थो निश्चयेन परमात्मा स एव तत्सदश एव मुक्तिगतपरमात्मा। कथंभूतः। परु परमगुणयोगात् पर उत्कृष्टः एहउ भावि इत्थंभूतं परमात्मानं भावय। हे प्रभाकरभट्ट। कथंभूतः सन्। णिभंतु भ्रान्तिरहितः संशयरहितः सन्निति। अत्र स्वदेहेऽपि शुद्धात्मास्तीति निश्चयं कृत्वा मिथ्यात्वाद्युपशमवशेन केवलज्ञानाद्युत्पत्तिबीजभूतां कारणसमयसाराख्यामागमभाषया वीतरागसम्यक्त्वादिरुपां शुद्धात्मैकदेशव्यक्तिं लब्ध्वा सर्वतात्पर्येण भावना कर्तव्येत्यभिप्रायः।।१७५।।

---

आगे इसी अर्थको प्रगटपनेसे दृढ़ करते हैं-

गाथा-१७५

अन्वयार्थः- [यः परमात्मा] जो परमात्मा [ज्ञानमयः] ज्ञानस्वरुप है, [स अहं] वह मैं ही हूँ, जो कि [अनंत देवः] अविनाशी देवस्वरुप हूँ, [य अहं] जो मैं हूँ [स परः परमात्मा] वही उत्कृष्ट परमात्मा है। [इत्थं] इसप्रकार [निर्भ्रांतः] निस्संदेह [भावय] तू भावना कर।

भावार्थः- जो कोई एक परमात्मा परम प्रसिद्ध सर्वोत्कृष्ट अनंतज्ञानादिरुप लक्ष्मीका निवास है, ज्ञानमयी है, वैसा ही मैं हूँ। यधपि व्यवहारनयकर मैं कर्मोंसे बँधा हूँ, तो भी निश्चयनयकर मेरे बंध मोक्ष नहीं है, जैसा भगवान्‌का स्वरुप है, वैसा ही मेरा स्वरुप है। जो आत्मदेव महामुनियोंकर परम आराधने योग्य है, और अनंत सुख आदि गुणोंका निवास है। इससे यह निश्चय हुआ कि जैसा परमात्मा वैसा यह आत्मा और जैसा यह आत्मा है, वैसा ही परमात्मा है। जो परमात्मा है। वह मैं हूँ, और जो मैं हूँ, वही परमात्मा है। अहं यह शब्द देहमें स्थित आत्माको कहता है। और सः यह शब्द मुक्ति प्राप्त परमात्मामें लगाना। जो परमात्मा वह मैं हूँ, और मैं हूँ सो परमात्मा-यही ध्यान हमेशा करना। वह परमात्मा परमगुणके संबंधसे उत्कृष्ट है। श्रीयोगीन्द्राचार्य प्रभाकरभट्टसे कहते हैं, कि हे प्रभाकरभट्ट, तू सब विकल्पोंको छोड़कर केवल परमात्माका ध्यान कर। निस्संदेह होके इस देहमें शुद्धात्मा है, ऐसा निश्चय कर। मिथ्यात्वादि सब विभावोंकी उपशमताके वशसे केवलज्ञानादि उत्पत्तिका जो कारण समयसार (निज आत्मा) उसीकी निरन्तर भावना करनी याहिये। वीतराग सम्यक्त्वादिरुप शुद्ध आत्माका एकदेश प्रगटपनेको पाकर सब तरहसे ज्ञानकी भावना योग्य है।।१७५।।

હવે, તે જ અર્થને પ્રગટ કરે છે :-

ભાવાર્થઃ- 'પરા' અર્થાત્ સર્વોત્કૃષ્ટ-અનંતાજ્ઞાનાદિરૂપ 'મા' અર્થાત્ લક્ષ્મી જેને છે તે 'પરમ' છે, અને પરમ એવો આત્મા તે 'પરમાત્મા છે' કે જે 'જ્ઞાનમય' અર્થાત્ જ્ઞાનથી રચાયેલ છે; જો કે હું વ્યવહારથી કર્મ વડે અવરાયેલો છું તોપણ, નિશ્ચયથી પૂર્વોક્ત પ્રસિદ્ધ (જ્ઞાનમય) પરમાત્મા છું કે જે 'દેવ' અર્થાત્ પરમ આરાધ્ય છે અને અનંત સુખાદિ ગુણોનું સ્થાન હોવાથી 'અનંત' છે-તે જ હું છું. સ્વદેહમાં રહેલો હું નિશ્ચયથી પરમાત્મા છું, તેના જેવા જ મુક્તિપ્રાપ્ત પરમાત્મા છે જે પરમગુણયુક્ત હોવાથી 'ઉત્કૃષ્ટ' છે-આવા પરમાત્માને, હે પ્રભાકરભટ્ટ! તું સંશયરહિત થયો થકો ભાવ.

અહીં, પોતાના દેહમાં પણ શુદ્ધ આત્મા છે એવો નિર્ણય કરીને મિથ્યાત્વાદિ ઉપશમના વશે કેવળજ્ઞાનાદિની ઉત્પત્તિના બીજરૂપ, આગમભાષાએ કારણસમયસાર નામની વીતરાગ સમ્યક્ત્વાદિરૂપ શુદ્ધાત્માની એકદેશવ્યક્તિ પામીને સર્વતાત્પર્યથી ભાવના કરવી જોઈએ, એવો અભિપ્રાય છે. ૧૭૫.

## ગાથા-૧૭૫ ઉપર પ્રવચન

૧૭૫. 'આગે ઈસી અર્થ કો પ્રગટપનેસે દઢ કરતે હૈં-'

૩૦૬) जो परमप्पा णाणमउ सो हउँ देउ अणंतु।
जो हउँ सो परमप्पु परु एहउ भावि णिभंतु।।१७५।।

આહાહા..! એ ગાથા પરમાત્મપ્રકાશમાં એકલા માખણ ભર્યા છે. '**જો પરમાત્મા જ્ઞાનસ્વરૂપ હૈ, વહ મૈં હી હૂં,...**' એકલો જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, જ્ઞાનસ્વભાવી સ્વરૂપે એ તે હું આત્મા. છે? '**જો કિ અવિનાશી દેવસ્વરૂપ હૂં,...**' જ્ઞાનસ્વભાવી તે હું તે અવિનાશી દેવસ્વરૂપ છું. અવિનાશી દેવસ્વરૂપ છું. આહાહા..! અંતર્મુખ દૃષ્ટિનો વિષય શું એ બતાવે છે. આહાહા..! બહારમાં ગોથા માર્યા અહીં કરું ને અહીં કરું ને અહીં કરું. આહાહા..! હેરાન હેરાનને રસ્તે ચાલ્યો જાય છે. જ્યાં આનંદના પંથ છે ત્યાં જાતો નથી પ્રભુ. આહાહા..! સમજાણું કાંઈ?

'**જો કિ અવિનાશી દેવસ્વરૂપ જો મૈં હૂં, વહી ઉત્કૃષ્ટ પરમાત્મા હૈ.**' છે? '**ઈસ પ્રકાર નિઃસંદેહ તૂ ભાવના કર.**' યોગીન્દ્ર મહારાજ નગ્નમુનિ દિગંબર વનવાસમાં વસેલા કહે છે. હે પ્રભુ! એ જ્ઞાનસ્વરૂપે, જ્ઞાનસ્વરૂપે, જ્ઞાનસ્વભાવે તે પરમાત્મા તે હું છું. એવી ભાવના કર. આહાહા..! સમજાણું કાંઈ? અરે! આવી વાતું ભારે ભાઈ!

મુમુક્ષુ :- ભાવના કર એમ કહે છે.

ઉત્તર :- એકાગ્ર થા એમાં એમ કહે છે. એને માન અને માનીને એકાગ્ર થા. આહાહા..!

'स परः परमात्मा' છે ને? **'જો મૈં હૂં, વહી ઉત્કૃષ્ટ પરમાત્મા હૈ. ઈસ પ્રકાર નિઃસંદેહ તૂ ભાવના કર.'** આહાહા..! વિશ્વાસ, વિશ્વાસ, વિશ્વાસ, સમ્યગ્દર્શનની પ્રતીતિમાં હું પૂર્ણાનંદ છું, પરમાત્મસ્વરૂપ છું, જ્ઞાનની ઉત્કૃષ્ટ શક્તિવાળું તત્ત્વ છું. જ્ઞાનસ્વભાવરૂપ અવિનાશી તે આત્મા પરમાત્મા છે તે હું છું. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની ભાવના કહે છે. આહાહા..! હું શરીરવાળો છું, રાગવાળો છું એ તો કાઢી નાખ. પણ હું અલ્પજ્ઞ છું એ પણ કાઢી નાખ એમ કહે છે. હું તો જે જ્ઞાનસ્વભાવ છે ને જેનો જ્ઞાનસ્વભાવ, વસ્તુ વસ્તુ, વસ્તુ છે એનો જ્ઞાનભાવ છે ને જ્ઞાનભાવ, એ જ્ઞાનભાવ તે અવિનાશી છે. અને અવિનાશી તે ઉત્કૃષ્ટ પરમાત્મસ્વરૂપ તે હું છું. આહાહા..! પર્યાયમાં પ્રગટ થાય છે પરમાત્મા તે જ હું છું. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે ભાઈ! લોકોને દુઃખ લાગે શું થાય? આવી જેને ખબર નથી એ ધર્મ શી રીતે કરે?

જેનો પૂર્ણ કેવળજ્ઞાન એકલું જ્ઞાન, એકલું જ્ઞાન, પૂર્ણ જ્ઞાન એકલું જ્ઞાન સ્વભાવ ઉત્કૃષ્ટ છે, એવી જેને પ્રતીતિમાં, જ્ઞાનમાં જ્ઞેય આવ્યું નથી એ ક્યાં ઠરશે? ક્યાં કરશે? શું કરશે ધર્મ? આવી વાતું છે. અત્યારે તો મળવી મુશ્કેલ છે. આહાહા..! મોરના પીછાને ચિતરામણ ન હોય. મોરના પીંછા ચિતરામણથી થાય? એ ચિતરામણની પર્યાયની શક્તિવાળા જ એ મોરના પીંછા છે. એ ઉત્પન્ન થાય ત્યાંથી એવી શક્તિવાળા થઈને મોર આમ. લીલો થોડો ભાગને અને ઉપર આમ રૂંવાટીવાળી. આહાહા..! કોઈએ કર્યો છે? એમ આ ચિતરામણ ભગવાનનું આનંદ અને જ્ઞાનરૂપી પૂર્ણ ચિતરામણ એણે કોઈએ કર્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

થોડું છે પણ સત્ય છે. લાગે એને ભલે લૂખ્ખું પણ છે વીતરાગતાના ભાવથી ભરેલું છે એ. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગસ્વરૂપે જો હું ન હોવ. દેહમાં વીતરાગસ્વરૂપે, શક્તિસ્વરૂપે ન હોઉ તો વીતરાગની પર્યાય થશે ત્યારે ક્યાંથી થશે? આહાહા..! જ્ઞાને ઈશ્વરથી, જ્ઞાનમાં ઈશ્વરથી પરિપૂર્ણ વર્તમાનમાં અંદર ન હો તો કેવળજ્ઞાનની પર્યાય પૂર્ણ પ્રગટ થશે એ ક્યાંથી થશે? બહારના સાધનથી થશે? આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ એટલે લોકોને સંતોએ તો આ જ પોકાર કર્યો છે. દિગંબર મુનિઓએ તો ભગવાનના કેડાયત છે. એ કેડે કેડે જાય છે અને પરમાત્મા થાશે. એ પરમાત્માની શક્તિરૂપ છે તો પરમાત્મા થાશે એ ભરોસો કરાવે છે. આહાહા..!

**'ભાવાર્થઃ- જો કોઈ એક પરમાત્મા પરમ પ્રસિદ્ધ સર્વોત્કૃષ્ટ અનંતજ્ઞાનાદિરૂપ લક્ષ્મી કા નિવાસ હૈ, જ્ઞાનમયી હૈ, વૈસા હી મૈં હૂં.'** પરમાત્મા આહાહા..! વર્તમાન કોઈ એક પરમાત્મા પરમ પ્રસિદ્ધ સર્વોત્કૃષ્ટ અનંતજ્ઞાનાદિરૂપ લક્ષ્મી કા નિવાસ હૈ, જ્ઞાનમયી હૈ, વૈસા હી મૈં હૂં. સિદ્ધ, પ્રસિદ્ધ આવે છે ને? સિદ્ધ નથી આવતું પ્રસિદ્ધ?

મુમુક્ષુ :- સુસિદ્ધ પ્રસિદ્ધ.

ઉત્તર :- સુસિદ્ધ પ્રસિદ્ધં. આહાહા..! એ પ્રસિદ્ધ છે ભગવાન કહે છે. આહાહા..!

અનંત પરમાત્મા નમો લોએ સવ્વ સાહુણં. નમો લોએ ત્રિકાળવર્તી સવ્વ સાહુ સિદ્ધાણં. એ તો પ્રસિદ્ધ છે ને કહે છે. આહાહા..! પ્રગટ થયેલા પ્રસિદ્ધ છે. એવો જ હું છું. સમજાણું કાંઈ? આ

જૈનદર્શનના અંતરના ભાવ છે આ. એ ભાવ સાંભળવા ન મળે એ સમજે કે દિ'? એની જિંદગી જાય છે એમ ને એમ ખલાસ થઈને. આહાહા..! બહારમાં એમ થાય કે પાંચ-પચાસ લાખ મળ્યા ને અમે કાંઈક વધ્યા, છોકરા સારા ઠેકાણે વર્યા. ધૂળેય નથી મરી ગયો છે બાપા ભાઈ તું. તારી મોટપની કિંમત તને કરતા ન આવડી. આહાહા..!

જેવા સર્વોત્કૃષ્ટ પ્રસિદ્ધ સિદ્ધ ભગવાન છે એવો હું છું. આહાહા..! કેમ બેસે? શક્તિનું દઢતા એ. જે શિથિલ દઢતા હતી કે હું તો પર્યાય જેટલો છું અને હું રાગ જેટલો છું. આહાહા..! એ '**અનંત જ્ઞાનાદિરૂપ લક્ષ્મી કા નિવાસ હૈ, જ્ઞાનમયી હૈ, વૈસા હી મૈં હૂં. યદ્યપિ વ્યવહારનયકર મૈં કર્મોં સે બંધા હુઆ હૂં.**' નિમિત્તથી. '**તો ભી નિશ્ચયનયકર મેરે બંધ મોક્ષ નહીં હૈ,...**' આહાહા..! જુઓ! પર્યાયદૃષ્ટિએ બંધમોક્ષ છે. આહાહા..! બંધાયેલો છૂટે અને છૂટેલો છૂટે એ તો બંધાયેલી પર્યાય છે એની વાત. દ્રવ્ય બંધાયેલું જ નથી. દ્રવ્ય તો છૂટું જ છે. દ્રવ્યનો મોક્ષ થતો નથી. આહાહા..! દ્રવ્ય તો મોક્ષસ્વરૂપ જ છે. આહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**જૈસા ભગવાન કા સ્વરૂપ હૈ, વૈસા હી મેરા સ્વરૂપ હૈ. જો આત્મદેવ મહામુનિયોંકર પરમ આરાધને યોગ્ય હૈ,...**' એ મુનિઓને તો આ આત્મા આરાધવાયોગ્ય છે કહે છે. આહાહા..! પંચમહાવ્રત પાળવા યોગ્ય છે એ બધી વ્યવહારું વાતું કરી પણ કરવાનું તો આ છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૭૨

अथ–

३०३) सव्वहिँ रायहिँ छहिँ रसहिँ पंचहिँ रुवहिँ जंतु।
चित्तु णिवारिवि झाहि तुहुँ अप्पा देउ अणंतु।।१७२।।
सर्वैः रागैः षड्भीः रसैः पञ्चभिः रुपैः गच्छत्।
चितं निवार्य ध्याय त्वं आत्मानं देवमनन्तम्।।१७२।।

सव्वहिं इत्यादि। झाहि ध्याय चिन्तय तुहुँ त्वं हे प्रभाकरभट्ट। कम्। अप्पा स्वशुद्धात्मानम्। कथंभूतम्। देउ वीतरागपरमानन्दसुखेन दीव्यति क्रीडति इति देवस्तं देवम्। पुनरपि कथंभूतम्। अणंतु केवलज्ञानाघनन्तगुणाधारत्वादनन्तसुखास्पदत्वादविन–श्वरत्वाच्चानन्तस्तमनन्तम्। किं कृत्वा पूर्वम्। चित्तु णिवारिवि चित्तं निवार्य व्यावृत्य। किं कुर्वन् सन्। जंतु गच्छत्परिणममानं सत्। कैः करणभूतैः सव्वहिं रायहिं वीतरागात्स्वशुद्धात्मद्रव्याद्विलक्षणैः सर्वशुभाशुभरागैः। न केवलं रागैः छहिं रसहिं रसरहिताद्वीतरागसदानन्दैकरसपरिणतादात्मनो विपरीतैः गुडलवणदधिदुग्धतैलघृतषड्रसैः। पुनरपि कैः। पंचहिं रुवहिं अरुपात् शुद्धात्मतत्त्वात्प्रतिपक्षभूतैः कृष्णनीलरक्तश्वेतपीतपञ्चरुपैरिति तात्पर्यम्।।१७२।।

आगे यही कहते हैं, कि सब विषयोंको छोड़कर आत्मदेवको ध्यावो–

गाथा–१७२

अन्वयार्थः– हे प्रभाकरभट्ट, [त्वं] तू [सर्वैः रागैः] सब शुभाशुभ रागोंसे, [षड्भिः रसैः] छहों रसोंसे, [पंचभिः रसैः] पाँच रसोंसे [गच्छत् चित्तं] चलायमान चित्तको [निवार्य] रोककर [अनंतम्] अनंतगुणवाले [आत्मानं देवम्] आत्मदेवका [ध्याय] चिंतवन कर।

भावार्थः– वीतराग, परम आनंद सुखमें क्रीड़ा करनेवाले केवल ज्ञानादि अनंतगुणवाले अविनाशी शुद्ध आत्माका एकाग्र चित्त होकर ध्यान कर। क्या करके? वीतराग शुद्धात्मद्रव्यसे विमुख जो समस्त शुभाशुभ राग, निजरससे विपरीत जो दधि, दुग्ध, तेल, घी, लोंन, मिस्त्री, ये छह रस और जो अरुप शुद्धात्मद्रव्यसे भिन्न काले, सफेद, पीले, लाल, पाँच तरहके रुप इनमें निरन्तर चित्त जाता है, उसको रोककर आत्मदेवकी आराधना कर।।१७२।।

---

વળી, હવે ફરી એ જ વાત કહે છે કે સર્વ વિષયોને છોડીને આત્મદેવને ધ્યાવો :-

ભાવાર્થઃ- વીતરાગ સ્વશુદ્ધાત્મદ્રવ્યથી વિલક્ષણ એવા શુભાશુભ સર્વ રોગોથી રસ રહિત એક (કેવળ) વીતરાગ સદાનંદરૂપ રસમાં પરિણત આત્માથી ગોળ, લવણ, દૂધ, દહીં, ઘી અને તેલ એ છ રસોથી અને રૂપ રહિત એવા શુદ્ધાત્મતત્ત્વથી પ્રતિપક્ષભૂત કાળા, નીલ, રાતા, સફેદ, પીળા એ પાંચ રૂપોથી પરિણમતા મનને રોકીને, કેવળજ્ઞાનાદિ અનંતગુણનો આધાર હોવાથી, અનંતસુખનું સ્થાન હોવાથી અને અવિનશ્વર હોવાથી અનંત છે એવા, વીતરાગ પરમાનંદરૂપ સુખથી જે શોભે છે, રમે છે, તે દેવ છે, એવા શુદ્ધાત્માને હે પ્રભાકરભટ્ટ! તું ધ્યાવ-ચિન્તવન કર. ૧૭૨.

---

## વીર સંવત ૨૫૦૨, ફાગણ સુદ ૧, શનિવાર
## તા. ૧૯-૦૨-૧૯૭૭, ગાથા-૧૭૨-૧૭૩, પ્રવચન નં. ૨૨૧

પરમાત્મપ્રકાશ. ૧૭૨ ગાથા. 'આગે કહતે હૈં કિ, કિ સબ વિષયોં કો છોડકર આત્મદેવ કો ધ્યાવો–' જ્યાં સુખ છે ત્યાં ધર્મ છે. આહાહા..! પાંચ ઈન્દ્રિયના વિષયો તરફનો જુકાવ એ છોડીને અણીન્દ્રિય એવો ભગવાનઆત્મા, સમ્યગ્દર્શન કે જ્ઞાન, ચારિત્ર કરવું હોય એને ત્રિકાળી આત્મા ઉપર ધ્યાન કર. ત્યારે એ સમ્યગ્દર્શન જ્ઞાન સુખરૂપ દશા પ્રગટ થશે. આહાહા..! ૧૭૨.

૩૦૩) सव्वहिँ रायहिँ छहिँ रसहिँ पंचहिँ रुवहिँ जंतु।
चित्तु णिवारिवि झाहि तुहुँ अप्पा देउ अणंतु।।१७२।।

આહાહા..! '**હે પ્રભાકરભટ્ટ,...**' ચોર્યાસીના અવતારના પરિભ્રમણથી મટવું હોય તો એને પરસન્મુખ જતાં પાંચ ઇન્દ્રિયના વિષયો તરફનું જવું રોકી દે. એકદમ સાર લીધો છે ને? અને સ્વભાવ જે અતીન્દ્રિય આનંદ કહેશે એવો જે પરમાત્મા દેવ કીધો હતો ને? પાઠમાં એ છે. '**अप्पा देउ अणंतु।**' ભગવાન અનંતસ્વરૂપે દેવ છે. અનંત જીવતરશક્તિ, અનંત આનંદશક્તિ, અનંત ઈશ્વરશક્તિ, એવી અનંતી શક્તિવાળું એ દેવસ્વરૂપ છે. આહાહા..! એ દેવનું ધ્યાન કર કહે છે. પામરના ધ્યાનમાં તું ચોંટ્યો છો અનાદિથી. એમાં મરી ગયો તું. આહાહા..! એને છોડીને પરતરફના ભાવને છોડીને. આહાહા..! એ જુવાની શરીરની હાડકાની, માંસની. કહે છે કે એ તરફનું લક્ષ છોડી દે. એ તો હાડકા, માંસ, ચામડા છે. આહાહા..!

અને પાંચ ઇન્દ્રિય તરફના વલણના વિષયો તે પણ પરપદાર્થ છે. આહાહા..! એ પરપદાર્થના આશ્રયે કે લક્ષે તને દુઃખ થશે. દુઃખ થાય છે. એ રીતે દુઃખી અનંતવારથી થઈ રહ્યો છે. હવે ધર્મ કરવો અને સુખી થવું હોય તો એ પાંચ ઇન્દ્રિયોના વિષયોથી પાછો વળ. રોક એને રોક. છે? '**સબ શુભાશુભ રાગોંસે,...**' રહિત છે. આહાહા..! છે ને? સબ રાગમાં બેય લીધા શુભ અને અશુભ બેય. કેમકે શુભ-અશુભ રાગ બેય પુણ્ય-પાપ બંધનના કારણ છે. એનાથી તું અંદરમાં રાગરહિત થઈને અને '**છહોં રસોસે,...**' અર્થમાં આવશે. દહીં, દૂધ આદિ. અને પાંચ પ્રકારના રૂપ. રસ શબ્દ છે ને ત્યાં રૂપ જોઈએ. રસ તો છ પ્રકારના આવી ગયા છે. પાંચ પ્રકારના રસ. આહાહા..! રૂપ રૂપ.

એનાથી '**ચલાયમાન ચિત્તકો...**' આહાહા..! શરીરની નમણાઈ ને ચતુરાઈ શરીરની, રૂપાળી દશા આદિ દેખીને જીવ ચલાયમાન થાય છે કહે છે. આહાહા..! એનું ચલાયમાન થવું એ દુઃખમાં જાય છે. આહાહા..! એમાંથી ખસી. અર્થમાં કરશે વિશેષ. પાંચરૂપથી ખસી '**ચલાયમાન ચિત્તકો રોકકર...**' પાંચ રસ. આહાહા..! એનાથી રોકી '**અનંતગુણવાલે આત્મદેવકા ચિંતવન કર.**' ચિંતવનનો અર્થ વિકલ્પથી નહિ અહીંયાં. અનંતગુણવાળો ભગવાનઆત્મા તું પોતે હોં. ભગવાનઆત્મા પરમેશ્વર એ નહિ. આહાહા..! એનું ચિંતવન કર એટલે ધ્યાન કર. આહાહા..!

ભગવાન અનંતગુણની ધીકતી પેઢી છે. ત્યાં જા. એમ કહે. આહાહા..! એનું ધ્યાન કર ત્યાં. આહાહા..! કરે છે એ કહે છે કે નહિ અને આ કરું. દયા પાળે, વ્રત પાળે, અપવાસ કરે, એ તો પાંચ ઇન્દ્રિયના વિષયના ભાવ છે એ તો. પરતરફનો ભાવ એ તો રાગ છે. એ તો પહેલેથી કહ્યું હતું. શુભાશુભ રાગને રોકી, છ રસને છોડી, પાંચ ઇન્દ્રિય ભગવાન અરૂપી છે એનાથી ભિન્ન રૂપી પંચેન્દ્રિય રસ છોડી આત્માનું ધ્યાન કર. આહાહા..! જો ધર્મ કરવો હોય અને હિત કરવું હોય, પરિભ્રમણને ટાળવો હોય તો આ ઉપાય છે. આહા..! સમજાણું કાંઈ? '**આત્મદેવ કા ચિંતવન કર.**'

હવે પહેલી અનંતની વ્યાખ્યા કરે છે. '**વીતરાગ, પરમ આનંદ સુખ મેં ક્રિડા કરનેવાલે કેવલ જ્ઞાનાદિ અનંતગુણવાલે અવિનાશી...** ' આહાહા..! ભગવાનઆત્મા તો વીતરાગી

પરમાનંદમાં રમનાર, ક્રિડા કરનાર એ ભગવાન છે કહે છે. આહાહા..! પાંચ ઇન્દ્રિયના વિષયમાં રમે છે એ તો દુઃખ છે, ઝેર છે. એ તો સવિકલ્પમાં રાગના પ્યાલા ઝેરના પીવે છે. આહાહા..! **'વીતરાગ, પરમ આનંદ સુખ મેં ક્રિડા કરનેવાલે...'** આહાહા..! **'કેવલ જ્ઞાનાદિ અનંતગુણવાલે અવિનાશી...'** વસ્તુ હોં. આ આત્મા કેવો છે? આત્મા કોને કહેવો? આહાહા..! અરેરે! **'વીતરાગ, પરમ આનંદ...'** જેમાં વીતરાગી આનંદ, પરમાનંદ પડ્યો છે. ઇન્દ્રિયના આનંદમાં તો કલ્પનાની રાગની કલ્પના છે.

ભગવાનઆત્મા **'વીતરાગ, પરમ આનંદ સુખ મેં ક્રિડા કરનેવાલે...'** આહાહા..! એ તો આનંદની સુખની ક્રિડા કરવાવાળો ભગવાન અંદર છે. દુઃખમાં રમે એ આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અલિંગગ્રહણમાં તો કહ્યું છે. ઇન્દ્રિયના વિષયને ભોગવનારો એ આત્મા નહિ. વિશ્વને ભોગવનારો ઇન્દ્રિયને એ આત્મા નહિ. આહાહા..! એ એને ભોગવતો નથી. એને આત્મા કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો બહુ આકરી જુદી જાતની એટલે માણસને એવું લાગે. આ માર્ગ આવો નિશ્ચયથી નિશ્ચયથી ક્યાંથી કાઢ્યો કહે? કાઢે ક્યાં એ તો અનાદિનો છે. આહાહા..! વચ્ચે શુભરાગ આવે, એને વ્યવહાર કહેવામાં આવે, પણ એ નિશ્ચય હોય એને. જેને નિશ્ચય આત્મા પરમ આનંદ સુખમાં રમત ક્રિડા કરનાર પ્રભુ. આહાહા..! અને કેવળજ્ઞાનાદિ અનંતગુણવાળું. પહેલો એ અર્થ છે. છેલ્લું છે ને છેલ્લું? **'अप्पा देउ अणंतु।'** એની વ્યાખ્યા કરી. ચોથું પદ. **'अप्पा देउ अणंतु।'** આત્મા દેવ અનંત છે. આહાહા..! અરે! એક વાક્ય પણ એનો ભાવ એને બેસે. **'अप्पा देउ अणंतु।'** ભગવાનઆત્મા દેવ છે એ અનંતગુણવાળો દેવ છે.

દિવ્ય શક્તિનો દેવ ભંડાર ભગવાન વીતરાગ પરમાનંદની રમતમાં રમનાર. આહાહા..! અનાદિથી સુખમાં રમે છે કહે છે. રમે છે એટલે પરિણતિની વાત નથી. સુખ શક્તિનો ભંડાર ભગવાન છે. આહાહા..! એવો જે અનંતદેવ, આહાહા..! એ કેવળજ્ઞાનાદિ પર્યાયની વાત નથી. ત્રિકાળી કેવળ એકલો ભગવાન. એકલું દર્શન, એકલો આનંદ, એકલી સ્થિરતા, ચારિત્ર, એકલી સ્વચ્છતા, એકલી પ્રભુતા, એકલું કર્તાગુણ, કર્મ ગુણ, કરણ ગુણ, એકલું એક એક સ્વરૂપ પૂર્ણ. એવા અનંતગુણો કેવળજ્ઞાનાદિ ગુણનો ભંડાર.

**'કેવલ જ્ઞાનાદિ અનંતગુણવાલે અવિનાશી...'** આહાહા..! કોઈ દિ' નાશ ન થાય એવો નિત્ય પ્રભુ છે. આહાહા..! અનંતગુણની મૂર્તિરૂપ પ્રભુ આત્મા છે. આહાહા..! અને બહારના અનુકૂળ વિષયોમાં રાજીમાં રમવું. આહાહા..! ઝેર પીવે છે. આત્માના આનંદને છોડી. આહાહા..! આવો જે ભગવાનઆત્મા... આહાહા..! **'અવિનાશી શુદ્ધ આત્મા કા એકાગ્ર ચિત્ત હોકર...'** આ કરવાનું આ છે કહે છે. ગમે તે ભણ્યો હોય અને ગમે તે જાણ્યો હોય. વીતરાગી પરમ સુખમાં રમનાર પ્રભુ, અનંતગુણ સંપન્ન દેવ, એમાં એકાગ્ર થઈને ધ્યાન કરવું એ ધર્મ અને એ સુખનો ઉપાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ક્યા કરકે? વીતરાગ શુદ્ધાત્મદ્રવ્ય સે વિમુખ... '** ઓલી અસ્તિ કરી પહેલી. હવે

એનાથી વિમુખ (તેના) ઉપરથી છોડી દે લક્ષ એમ કહે છે. અહીં ધ્યાન કર, અહીંથી ધ્યાન છોડી દે. આહાહા..! ધર્મ એવી ચીજ છે સૂક્ષ્મ. આહાહા..! આઠ આઠ વર્ષના રાજકુમારો, ચક્રવર્તીના પુત્રો, તીર્થંકરના પુત્રો. આહાહા..! એના આનંદના સ્વાદ લેવા જંગલમાં ચાલ્યા જાય છે. આહાહા..! વાઘ અને સિંહ જ્યાં ત્રાડુ મારતા હોય છે. આનંદમાં સિંહ પોતે અતીન્દ્રિય આનંદ. આહાહા..! આવે છે ને ઓલા. ચરણાનુયોગમાં નહિ? આહાહા..! હે શરીરને રમાડનારી રમણીય. તું મારા આત્માને રમાડી ન શકી? આહાહા..! હું હવે મારી જ્ઞાનશક્તિ પ્રગટ થઈ છે. હું પ્રભુ છું. એવું મને હવે ભાન થયું છે. તું રજા દે. આહાહા..! મારી અનાદિ અનુભૂતિ જે રમણીય અનાદિ સ્વભાવ, પરમ વીતરાગ... એની પાસે હું જવા માગુ છું. એ ૩૨-૩૨ વર્ષના જુવાન અને હજારો સ્ત્રીઓ પદમણી જેવી રોતી રઝળતી મૂકીને ચાલ્યા જાય છે. બાપુ! મારા સંસારના નાશનો ઉપાય તો આ છે. મારા સ્વરૂપમાં રમવું, આ બધા રમણતાના લક્ષ છોડવા. આહાહા..!

કહો, આ પૈસા ફૈસામાં લક્ષ જાય છે તો દુઃખી છે કહે છે. આહાહા..! એનું લક્ષ છોડ હવે. લક્ષ્મી અહીં (અંદર) પડી છે ત્યાં જા. આહાહા..! પાંચ ઇન્દ્રિયના વિષયો, પરતરફનો જુકાવ. ભગવાન એને રોક. પ્રભુ તું ત્યાં પડ્યો છો ત્યાં અનંત આનંદ છે ને. આહાહા..! એ સુખ સાગરમાં ઝૂલે છે ને પ્રભુ! આહાહા..!

**'વીતરાગ શુદ્ધાત્મદ્રવ્ય સે વિમુખ...'** પહેલી વ્યાખ્યા કરી આત્માની. આહાહા..! એવો જે ભગવાનઆત્મા પરમ સુખમાં રમનારો પ્રભુ, અતીન્દ્રિય આનંદમાં, અરે! આ વિષયના સુખની રમતની ચિંતા શું માંડી છે તે? આહાહા..! સુખબુદ્ધિ માંડીને તું એમાં પડ્યો છો. આહાહા..! અહીં સુખસાગરમાં ડોલે છે ને પ્રભુ અંદર ત્યાં જા ને. તને સુખ થાય એવું છે. આ તો દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પરમાત્મા **'વીતરાગ શુદ્ધાત્મદ્રવ્ય સે વિમુખ સમસ્ત શુભાશુભ રાગ,...'** લ્યો અહીં તો શુભરાગ એ પરમાત્મદ્રવ્યથી વિમુખ છે એમ કહ્યું. હવે એ શુભરાગથી આત્મા તરફ જવાય? આહાહા..! એ મોટી તકરારું આ. વ્યવહાર, વ્યવહાર ધર્મ છે, વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને એ તો શુભભાવ છે ભાઈ એ તો આસ્રવ છે. એને તો આસ્રવ કહ્યું છે ને. આહાહા..! એ આસ્રવ ઉત્પન્ન થાય છે પરને આશ્રયે લક્ષે, પણ હવે છોડ તારે સંવર અને નિર્જરા કરવી હોય તો. આહાહા..! એકદમ માખણ વલોવ્યું છે ને આ તો પરમાત્મપ્રકાશ છે.

ભાઈ! તું કોણ છો? પ્રભુ! તારી કિંમત ટાંકતા તને આવડી નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! તારી જ્ઞાનની વર્તમાન પર્યાયમાં આ વીતરાગી આનંદમાં ઝુલે છે એ ભગવાન છે તે જ્ઞાનમાં કોઈ દિ' જ્ઞેય તરીકે તે લીધો જ નથી. આહાહા..! પરમાત્મ વીતરાગ શુદ્ધાત્મવસ્તુ. જુઓ વીતરાગ શુદ્ધાત્મદ્રવ્ય વીતરાગ સ્વરૂપ જ છે. આહાહા..! 'જિન સોહીએ આત્મા અન્ય સોહીએ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' આહાહા..! આમાં કોઈ વિદ્વતાની જરૂર નથી. આમાં કોઈ શરીરની અનુકૂળતા હોય તો થઈ શકે એવી એ ચીજ નથી. બહારના સાધન ખાવા, પીવાના, રળવાના સરખા હોય, તો આ આત્મામાં જઈ શકાય એવું છે નહિ. એ કહે છે. છે એમાંથી

લક્ષ છોડ તો સાધન થાય.

સવારમાં એક આવ્યું હતું ભાઈ ઓલામાં. મોક્ષ પાહુડમાં. કે આત્માના ત્રણ પ્રકાર કહ્યા હતા ને ભાઈ! બહિરાત્મા, અંતરાત્મા. અને એ શબ્દ કેવો લીધો હતો? અંતરંગ બાહ્યથી પરમાત્માને સાધવો. આહાહા..! વિકલ્પથી અને વ્યવહારથી અંતર આત્મા જે જ્ઞાનાનંદ, સહજાનંદ પ્રભુ, અંતરાત્માથી પરમાત્માને પામવાનો અંતરાત્માનો ઉપાય છે. આવ્યું હતું ને સવારે? આહાહા..! અને એક તો વાત એવી હતી રાત્રે. ઉઠતા. ઓહો..! '**जदि दाएज्ज पमाणं**' આહાહા..! પ્રભુ! શું કહે છે તું આ? કુંદકુંદાચાર્ય કહે છે મારા આનંદના નિજવૈભવથી હું સમયસાર કહીશ.

**तं एयत्तविहित्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण धेत्तव्वं।।५।।**

આવી ગઈ વાત અને તને સાંભળવા મળે, અહીં સુધી તું આવ્યો. '**जदि दाएज्ज पमाणं**' આહાહા..! ગજબ વાત છે. ત્યાં એને એમ નથી કહેતા કે તને કાળલબ્ધિ પાકશે ત્યારે સમજીશ. આહાહા..! આવે છે ને? ત્રીજું પદ. ઓહોહો..! શું એના વચનો! શું એના ભાવ! પ્રભુ! તું કહીશ .. વાત પણ પ્રમાણ કરજે હોં! અનુભવથી પ્રમાણ કરજે. સાંભળીને એકલો રહીશ નહિ. આહાહા..! પણ પ્રભુ મારે કાળલબ્ધિ પાકી ન હોય તમે આટલું બધું કહો. અરે! સાંભળને. આહા..! સમજાણું કાંઈ? એ કાળલબ્ધિ હેય છે. આહાહા..! પર્યાય છે ને? કાળલબ્ધિ પ્રાપ્ત થાય કાળે. આહાહા..!

ભગવાનનો અનુભવ કર દ્રવ્યસ્વભાવનો. ત્યાં આગળ અનુભવમાં તને આત્મા જણાશે. આહાહા..! એ તો એકદમ શબ્દ કીધો. '**जदि दाएज्ज**' પ્રભુ! હું કહેવા માગુ છું. અને જો કહેવામાં આવ્યું. આહાહા..! '**जदि दाएज्ज पमाणं**' આહાહા..! ગજબ કર્યો છે. પોતે પોતાના અનુભવને આનંદમાં ઝુલતા એ વાત આવી ગઈ છે. તો કહે છે પ્રભુ હું કહું ને આ વાત બહાર આવે ને, આ વાત કાને પડે ને. આહાહા..! તું એટલો પુણ્યશાળી છો કે અહીં સુધી આવ્યો અને આ વાત છેકની તને મળી. આહાહા..! પ્રમાણ કરજે. એટલે? અનુભવ કરીને પ્રમાણ કરજે. એમ નહિ. આહાહા..! પ્રભુ! તારે શું કહેવું છે?

જોકે ઓલામાં એક આવ્યું મોક્ષમાર્ગપ્રકાશકમાં. સબ અવસર આ ગયા હૈ. છે ને? આ તો કહે છે અનુભવ કરજે. આહાહા..! આવી વાત જો દેખાડું ને તને કાને પડે. આહાહા..! એટલો પુણ્યવંત તું કે તને આ દેખાડી છે એ કાને પડશે તને. તું એ બધું લક્ષ છોડી દઈને અનુભવ કરજે. આહાહા..! જેઠાભાઈ! આવી વાતું છે. ભગવાનભાઈ. આહાહા..! શું કહે છે એ? ઓહોહો..! જ્યારે એ શબ્દો આવ્યા હશે ત્યારે ભાવમાં કેટલી ઉગ્રતા પુરુષાર્થની! પોતાને માટે તો છે. આહાહા..!

કાળે થશે, કાળે થશે, પણ એ કાળે થશેનો પુરુષાર્થ છે. અંદરમાં પુરુષાર્થ કરીને અનુભવ કર. એ તને કાળ આવી ગયો તારો. સમજાણું કાંઈ? આવી વાત છે. ઓલા દેવે નથી ગાયું? જુગલિયામાં જુગલિયામાં નથી આવતું? ઋષભદેવ ભગવાનના જેવો છે, જુગલિયા થયા છે. દેવ આવે છે, ઉતરે છે. ઉપદેશ કરે જુગલિયા તો એટલા પુણ્યવંત. કલ્પવૃક્ષના ફૂલો, કલ્પવૃક્ષના ઝાડો, કલ્પવૃક્ષના બધા

જે જોઈતી ચીજ હોય એ મળે. મળે એટલે જે કાંઈ એમા .. એ મળે. પણ એમાં કોઈ બીજી ચીજની જરૂર પડે નહિ. એટલી ચીજો કલ્પવૃક્ષમાં છે.

જુગલિયાને કહે છે, દેવ! હું કહેવા માગુ છું વાત, તારી કાળલબ્ધિ પાકી ગઈ, સમકિત.. આહાહા..! પ્રભુ એને દેવને શી ખબર પડી? મુનિ આવે છે મુનિ ઉપરથી. આહાહા..!

મુમુક્ષુ :- મુનિ પોતે આવે એ...

ઉત્તર :- એમ કહે છે. મુનિ આવે છે એમ કહે છે. કે ભાઈઓ! પ્રભુ તને કાળલબ્ધિ પાકી ગઈ છે હવે. આહાહા..! પ્રભુ! તમે કેમ જાણ્યું પણ આટલુ બધું? સમજાણું કાંઈ? તમે છદ્મસ્થ છો ને. તમે અલ્પજ્ઞાની છો ને. ઓલાનો પરિચય તમને નથી ને. તમે તો મુનિ ક્યાંકથી જતા અને ઉતર્યા અહીંયાં. અમને એમ જ આવ્યું અંદરમાં કે અહીં જતા આ ભાવ મને આવ્યો, આની પાસે જાવ તો તારો કાળ પાકી ગયો હતો. ઓહોહો..! કથામાં પણ કેટલો ન્યાય મૂક્યો છે! એ કથા તો બધી તત્ત્વની મૂકી છે બધી. આહાહા..! મુનિઓ છદ્મસ્થ છે, કેવળજ્ઞાની નથી. એમ કોઈ પાસે સાંભળીને આવ્યા છે એમ પણ નથી. આ સિંહને માટે તો સાંભળીને આવેલા છે.

શું કહ્યું? ભગવાન મહાવીર. છે અહીં ક્યાંય? પાછળ છે. સિંહ સિંહ. સિંહના ભવમાં મુનિ ઉપરથી ઉતરે છે. ઓલુ હરણ થાપો મારે છે. અરે! પ્રભુ! તું કોણ છો? એકદમ પણ તમે કોણ? ક્યાં સિંહ, જંગલ અને તમારી ભાષા એ સમજી ગયા, આ સિંહ શું છે? એ બાપુ એ મેળ જ એવો હોય છે. આહાહા..! દસમે ભવે તીર્થંકરનો જીવ છો તું ભાઈ! આહાહા..! દસમે ભવે ત્રણલોકનો નાથ મહાવીર તું થવાનો છો ભાઈ! આ શું? આ સ્થિતિ શું છે આ? આહાહા..! એને તો કેવળીએ કહેલું કે આ જીવ છે સિંહનો એ દસમે ભવે મોક્ષ જશે. એવું સાંભળેલું. એટલે મુનિઓ ઉપરથી ત્યાં ઉતર્યા. ઉતર્યા ને સિંહને એમ થયું. ઓહો..! મારી નજીક આવતા પ્રાણી પણ આઘા ભાગે. એ આ ઉપરથી ઉતરીને મારી નજીક આવ્યા. આમ જ્યાં જોયું વિસ્મયથી.. છે. આહાહા..!

નજીક અજાણ્યો માણસ કે હરણ આવી ગયું હોય નજીક. આડી હોય. આમ મરી જાય ઓલો ભાગે. ઉપરથી જાય છે એ આવે છે નીચે. આહાહા..! મેળ તો જુઓ એક નિમિત્ત-નિમિત્તનો! તમને આ ન શોભે. આહાહા..! આંખમાંથી આંસુની ધારા ચાલી જાય છે. સિંહ એટલે! આ વનનો સિંહ. અંદરનો સિંહ જાગ્યો છે ને હવે. અરેરે! આ શું! આહાહા..! અરે! હું તીર્થંકર થવાનો, અને આ જીવ મારો તીર્થંકરનો. અને આ સ્થિતિએ મુનિરાજ આવીને કેવળ પાસેથી સાંભળીને કહે છે. એ તો છદ્મસ્થ છે. એટલી બધી એને ખ્યાલમાં આવી ગઈ વાત. આહાહા..! એકદમ સમ્યક્ત્વ પામી જાય છે. આહાહા..! લ્યો.

સિંહને આહાર પછી ક્યાં? એવું ક્યાં? ભગવાનઆત્મા જામી જાય છે. રાગ બાકી છે. સ્વર્ગમાં ચાલ્યા ગયા. કહો, સિંહ મરીને સ્વર્ગ. સિંહ તો મરીને નરકે જાય માંસ ખાયને. આહાહા..! અને હજી તો હરણને મારે છે તો એનું માંસ પણ પેટમાં હશે થોડું. અરે! હો તે એને આત્મામાં ક્યાં એ નડે છે? આહાહા..! મારો નાથ પરમાત્મા વીતરાગી આનંદમાં રમતો પ્રભુ. હું ત્યાં રમવા ગયો.

આહાહા..! એનો એને પશ્ચાતાપ થાય છે. છે તો એ શુભભાવ પશ્ચાતાપ એ. એને લઈને અહીં આંસુની ધારા. આહાહા..! આ માર્ગ! પણ એને તો એમ પણ થયું કે આ તો જરી મુનિ છે અને આ વાત કોઈ સર્વજ્ઞે કહી છે એવો એને ખ્યાલ આવી ગયો. આ તો છદ્મસ્થ છે અને આટલાબધા ઉપરથી આવ્યા. એ કોઈ મારા પ્રાણ બચાવવા માટે આવ્યા છે. આના પ્રાણ તો હરણ ખાય છે. આહાહા..!

ભાઈ! તું સમકિત પામ. આહાહા..! તારું લક્ષ અંદરમાં જા હવે. આહાહા..! .. છે. અંદરમાં જાય છે, સમ્યક્ પામે છે. સમાધિમરણે દેહ છોડે છે. સિંહ સિંહ. એને રોટલા રોટલી નહિ. આહાહા..! એ તો શું છે? આહાહા..! હજી તો અત્યાર સુધી તો માંસ ખાતો હતો. એ શું છે એમાં? એક ક્ષણમાં પલટે છે ને ભગવાન. આહાહા..! સમજાણું કાંઈ? એમ અહીંયાં જુગલિયાને કહે છે, કાળલબ્ધિ પાકી ગઈ છે, પ્રભુ તમે કોઈ પાસે સાંભળ્યું હતું? ઓલાએ તો સાંભળ્યું હતું. આહાહા..! બાપુ! એ યોગ જ એવો છે. અમને ઉપર જતાં નીચે આવવાનું મન થયું અને તે અહીં જ આવવાનું મન થયું. જ્યાં સાધુનો યોગ નથી એવું ક્ષેત્ર. આહાહા..! એવા મને ઉતરવાની અમને વૃત્તિ થઈ. એ સૂચવે છે કે તારો કાળલબ્ધિ પાકી ગયો છે. સમકિત ગ્રહણ કર, અંદર જા. અંદર ઉતર... અંદર ઉતર... પ્રમાણ કર હવે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

વીતરાગના સિદ્ધાંતો કથામાં પણ તત્ત્વ ભર્યું છે. કથાનુયોગમાં એ હતું કે ગૌણપણે એમાં પણ મોક્ષનો માર્ગ ભર્યો છે. મુખ્યપણે દ્રવ્યાનુયોગમાં છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે. આહાહા..! પ્રભુ! તું એકવાર પાંચઇન્દ્રિયના તરફનું લક્ષ છોડી દે અને આ તું અંદરમાં વીતરાગ પરમાનંદનો નાથ સુખસાગરમાં ઝુલે છે એનું ધ્યાન કર. આહાહા..! અહીં આચાર્ય કહે છે અમે આટલી વાત સુધી તને સાંભળવા અને તને મળી હવે. આહાહા..! સમજાણું કાંઈ? પણ પ્રભુ! અમારો કાળ પાક્યો ન હોય તો અમે ધ્યાન શી રીતે કરીએ? એવો તર્ક નથી ઉઠતો એના પોતાને. આહાહા..! એનું તો ધ્યાન ફેરવી નાખીને અંદર આત્માનું ધ્યાન કર કહે છે. એ કહ્યું ને?

**'પરમ આનંદ સુખ મેં ક્રિડા કરનેવાલે કેવલ જ્ઞાનાદિ અનંતગુણવાલે અવિનાશી શુદ્ધ આત્મા કા એકાગ્ર ચિત્ત હોકર ધ્યાન કર.'** આહાહા..! હવે ચિત્તને ક્યાંથી ફેરવે છે એની વાત આ અસ્તિથી કરી. હવે ફેરવે ક્યાંથી એની વાત કરે છે. આહાહા..! **'વીતરાગ શુદ્ધાત્મદ્રવ્ય સે...'** ભગવાનના એક એક વાક્યમાં આખું પડ્યું છે બધું. શ્રીમદ્ કહે છે ને. સંતોના એક વાક્યમાં અનંત આગમ ભર્યા છે. શ્રીમદ્‌માં આવે છે. એક એ વંદન.. નરમ છે ... છે. આહાહા..!

**'એકાગ્ર ચિત્ત હોકર ધ્યાન કર.'** પણ પ્રભુ તમે કેટલી વાતો બીજી બધી છે એ ભૂલી એકદમ ધ્યાન કર, ધ્યાન કર. આ પહેલા વ્રત પાળવા, પહેલા આ કરવું... આ કરવું... હવે સીધી વાત આ છે બાપુ! એ વ્રત, તપના વિકલ્પ તો ધ્યાન કર્યા પછી આત્માનો અનુભવ થયા પછી આગળ શાંતિ વધે ત્યારે વ્રતના વિકલ્પ આવે એ પણ આસ્રવ છે. નિશ્ચય વ્રત થાય અંદર ત્યારે વ્યવહાર વ્રત આવે. આહાહા..! અહીં તો સીધી વાત. અહીં તો આવ્યું શું આ બેય ઓલા

દાખલામાં? કે અહીં તો કહે છે કે તું એકદમ ધ્યાન કર. પંચમ આરાના સાધુ જીવને કહે છે. પાંચમા આરાના જીવને કહે છે. કહેનાર પાંચમા આરાના સાધુ છે. આહાહા..!

બેયને કેવળજ્ઞાનીના વિરહ છે. છતાં વાત કરે છે તે એવી. આહાહા..! ભાઈ! તું આટલા સુધી અહીં આવ્યો ને. આવી વાત તને સાંભળવા મળે ને. હવે તું અંદરમાં ધ્યાન કર પ્રભુ! જે આત્મા વસ્તુ છે એ મહાપ્રભુ છે. આ એને ધ્યાનમાં, ધ્યેયમાં લઈ. આહાહા..! ચૈતન્યધામ ભગવાન છે. એમ કહેતા ને ફલાણું ધામ છે, આ તીર્થનું ધામ છે. આ નથી કહેતા બહારમાં?

મુમુક્ષુ :- તીર્થ ધામ.

ઉત્તર :- તીર્થ ધામ, ફલાણું ધામ. એ તીર્થધામ આ છે. સમજાણું કાંઈ? આહાહા..! કેવળજ્ઞાનની ઉત્પત્તિનું ધામ ભગવાન છે અહીં. એ ખેતરમાં (ક્ષેત્રમાં) કેવળજ્ઞાન ઊપજે એવું એનું ધામ ખેતર (ક્ષેત્ર) છે. આહાહા..!

પરમાત્મપ્રકાશ છે આ. આહાહા..! કહે છે કે તું બધી વાત છોડી દે. પરમાત્માથી વિમુખ. છે ને? આહાહા..! '**સમસ્ત શુભાશુભ રાગ,...**' પહેલા તો કીધું. શુભ-અશુભ રાગનું લક્ષ છોડી દે. આહાહા..! તું એકદમ પણ. તને નીચલા માણસ, સાધારણ માણસ, પંચમઆરાના. અને હજી પાપમાં પડ્યા છીએ, વેપાર-ધંધા આદિમાં અને એકદમ અમને આ વાત. સાંભળને પ્રભુ! હવે કરવા જેવું તો ઉગ્રપણે આ છે. આહાહા..! શુભાશુભ રાગને છોડી દે. આહાહા..! લ્યો! પહેલું આ કર અને પછી આ કર એમ કીધું નથી. આહાહા..!

આજે શું આવ્યું હતું ઓલું '**जदि दाएज्ज पमाणं**' પછી '**तं एयत्तंविहित्तं दाएहं अप्पणो जदि दाएज्ज पमाणं**' છઠ્ઠીમાં એ ક્રમ આપ્યો. પ્રમત્ત અપ્રમત્ત પર્યાયથી વિભક્ત છે અને સ્વભાવમાં આ જ્ઞાયક સમયે એકત્વ છે. '**तं एयत्तंविहित्तं दाएहं अप्पणो**' '**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं**' બીજા શાસ્ત્રોની અનેક વાતું હોય. તર્ક, વ્યાકરણ આદિના. એ ઉપર અમારું અત્યારે જોર નથી, લક્ષ નથી. આહાહા..! અમારું અત્યારે તો આત્માના ધ્યાનમાં જાવું એ લક્ષ છે. શેમાં? વિભક્ત થઈને એકત્વમાં જાવું. પ્રમત્ત-અપ્રમત્તની પર્યાય છે તેને વિભક્ત કરીને, ભિન્ન કરીને એકત્વમાં જાવું. આહાહા..! ત્યાં એકત્વ-વિભક્તનો ત્યાંથી સાર લાવ્યા. એ કહ્યું હતું. '**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे। बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।**' ભગવાનઆત્મા દ્રવ્ય સ્વભાવમાં જાતા. સર્વત્ર સુંદર છે દ્રવ્ય સ્વભાવ.

બંધકથા. કથા શબ્દે તો શબ્દવાચક છે. પણ રાગના સંબંધની વાત, સંબંધનો ભાવ. પ્રભુ નિરાળો છે એને રાગના સંબંધનો ભાવ વિખવાદ ઊભો કરે છે. આહાહા..! હવે અહીં કહે છે કે એ રાગથી કલ્યાણ થાય. અરે પ્રભુ! સાંભળ ભાઈ! એ આગમોના રીતની વાતું બહુ અલૌકિક છે. આહાહા..! પહેલે ધડાકે વાત કરે છે. આહાહા..! કે અંદર સ્વરૂપ જે ભગવાન દ્રવ્યસ્વભાવ એકત્વ છે ભાવ, દ્રવ્ય સાથે જ્ઞાયકભાવનું એકત્વપણું ત્રિકાળ છે. એમાં રાગની પર્યાયનો તેમાં અભાવ છે ને. પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય જેમાં નથી. આહાહા..! ત્યાં એમ કહ્યું ... વ્યવહાર નિશ્ચય એટલે કે

પ્રમત્ત-અપ્રમત્ત છે એ વ્યવહાર છે. નથી અંદરમાં એ નિશ્ચય છે. છે એને ના પાડી છે વ્યવહારની ભેદ છે ચોથા, પાંચમા, છઠ્ઠા.. ગુણસ્થાન ભેદ, માર્ગણસ્થાન ભેદ એ વસ્તુ છે કે નહિ? એમ નહિ કે એ તીર્થ છે તે સાધન છે. વ્યવહારતીર્થ છે એ સાધન છે. મોટો ફેર.

અહીં તો ના પાડી જુઓને. '**સમસ્ત શુભાશુભ રાગ, નિજરસસે વિપરીત...**' હવે એ તો થયેલું '**વીતરાગ શુદ્ધાત્મદ્રવ્ય સે વિમુખ સમસ્ત શુભાશુભ રાગ,...**' એની સામે કહ્યું. એક બોલ કહ્યો. ક્યો? પાઠમાં છે ને? '**सव्वहिँ रायहिँ**' છોડીને. છે ને? આહાહા..! એ એની વ્યાખ્યા કરી એટલી કે '**વીતરાગ શુદ્ધાત્મદ્રવ્ય સે વિમુખ સમસ્ત શુભાશુભ રાગ,...**' એક વાત. હવે બીજી વાત. '**छहिँ रसहिँ**' ભિન્ન. છે ને? હવે એનો અર્થ કરે છે. એ શબ્દનો અર્થ.

'**નિજરસ સે વિપરીત...**' આહાહા..! છે ને? ભગવાનઆત્માનો આનંદરસ પ્રભુ એ અતીન્દ્રિય આનંદના રસથી વિમુખ. આહાહા..! વિપરીત, દહીંનો, દૂધનો. ઠીક! આહાહા..! ખોટું દહીં હોય ને ખોટું આમ. ખોટું એટલે સમજ્યા ને? કઠણ. પાણી(વાળું) થોડું .. ખોટું દહીં કહે છે. પછી દળ હોય. એ પછી આમ ખાતો હોય તો એને જાણે આહાહા..! એમાં ઘીમાં તળેલી પૂરી હોય અને એમાં દહીં ખોટું હોય. અને તે મીઠું હોય. ખાટું નહિ. પ્રભુ! એ રસ તો જુદો છે ને એમ કહે છે. નિજરસથી એ રસ જુદો છે. એના રસનું લક્ષ છોડી દે. આહાહા..!

'**દધિ, દુગ્ધ,...**' દૂધ લ્યો. કઢેલું દૂધ હોય એકલું ઊનું. મીઠું... મીઠું... મીઠું લાગે જાણે. એ દૂધ આત્માના રસથી ભિન્ન રસ છે પ્રભુ! આહાહા..! ચૈતન્યનો રસ તો અરૂપી છે અને આ રસ છે તે રૂપી જડ છે. અરૂપી તેથી લેશે. પાંચમો બોલ. રૂપી નથી એમ કહ્યું છે ને? '**रुवहिँ**' પંચરૂપ નથી એમ કહેશે. આહાહા..! '**દુગ્ધ, તેલ,...**' લ્યો! તેલનો રસ આમ. ભજીયા તળ્યા હોય તેલમાં સરખા અને આમ મોટા ઊંચા ચણાના લોટના પોચા. ખાય એને જાણે એમાં કેરીનો રસ હોય. કેરીની ચીરું. ઊંચી કેરી ને આ શું કહેવાય તમારે હાફુસ હાફુસ. હાફુસની કેરીની ચીરીયું અને એ ભજીયા. અરે! બાપુ! એ રસ જડના છે પ્રભુ! નિજરસથી એ વિમુખ રસ છે. આહાહા..! અરે! વાતું કરી જુઓને. વીતરાગ સ્વભાવથી શુભાશુભ રાગ ભિન્ન છે. અને નિજરસથી આ રસ છે એ ભિન્ન છે. આહાહા..! એ રસમાં રસને છોડ. રસમાં રસને છોડ. ત્યાં તને રસ લાગ્યો છે એ છોડી દે. આહાહા..! પોપટભાઈ! આવી વાતું છે. ક્યાં ગયા હીરાભાઈ? અહીં બેઠા છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે! એ વાત ક્યાં છે ભાઈ!

નિજઘરમાં અવલંબન લેવું બાપુ! આહાહા..! એ વિના બધી વાતું. હો વ્યવહાર હો એથી શું? એ વ્યવહારનું અવલંબન તો પરમાં છે, પરનું છે. આહાહા..! અહીં તો નિજ અવલંબન લેવા માટે, નિજરસથી વિરૂદ્ધ '**દહીં, દુગ્ધ, તેલ, ઘી,...**' ઘી. આહાહા..! '**લોન,...**' મીઠું. અને '**મિશ્રી...**' સાકર. છ રસ કીધા. એ છ રસ. હવે ઓલો શબ્દ છે ને? '**पंचहिँ रुवहिँ** ' એમ છે ને? ત્યાં ગચ્છતે. આમાં જાતા રોક એમ કહે છે. પાઠ છે ને એ? '**सर्वैः रागैः षड्भीः रसैः पञ्चभिः रुपैः गच्छत्।**' તેને રોક. આહાહા..! છેલ્લો છે ને શબ્દ. પાઠની ગાથા. '**जंतु**' '**छहिँ रसहिँ**

**पंचहिँ रुवहिँ जंतु**' પાઠ છે ને જુઓને. આહાહા..! અર્થમાં '**गच्छत्**' પાઠમાં ત્યાં '**जंतु**' છે. સંસ્કૃતમાં '**गच्छत्**' છે. અને એનો અર્થ સંસ્કૃતમાં જ લીધો છે. મૂળ પાઠના શબ્દ નથી લીધા. સંસ્કૃતની છાયા છે ને એ શબ્દ લીધા છે અંદર. જુઓ છે ને અંદર? '**गच्छत् चित्तं**' '**ચલાયમાન ચિત્તકો...**' આહાહા..! એમાં જતા ચિત્તને રોક. આહાહા..! સમજાણું કાંઈ?

હવે રૂપની વાત કરે છે. અરૂપી એવું શુદ્ધાત્મદ્રવ્ય. ભગવાન તો અરૂપી છે. આહાહા..! જેને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, છે નહિ. એવો જે ભગવાન અંદર અરૂપી ચિદ્દ્ઘન પરમાત્મા પોતે. આહાહા..! એનાથી ભિન્ન. '**કાલે, સફેદ, પીલે, લાલ, પાંચ તરહ કે રૂપ ઈનમેં નિરંતર ચિત્ત જાતા હૈ,...**' છે ને? '**गच्छत्**' કહેવું છે ને પાછું? ત્યાં જાય છે એને રોક. આહાહા..! '**ઉસકો રોકકર આત્મદેવકી આરાધના કર.**' આહાહા..! નિજના આશ્રય વિના કોઈ દિ' ત્રણકાળમાં ધર્મ થાય નહિ. આહાહા..! એટલે પરતરફના વલણમાં શુભાશુભ રાગને, રસને, રૂપને. શુભાશુભ રાગરહિત વીતરાગ પરમાનંદ સ્વરૂપમાં નિજરસથી વિરૂદ્ધ એવા નિજરસમાં અને અરૂપી ભગવાન શુદ્ધાત્મામાંથી ભિન્ન એનાથી અહીં આવ્યા અરૂપમાં. જાય છે ખરું ચિત્ત. સમજાય છે કાંઈ?

અનાદિથી પોતાનું અરૂપી નિજરસ અને વીતરાગ આનંદમાંથી ખસીને રાગમાં જાય છે, રસમાં જાય છે લક્ષ. લક્ષ હોં. રસ ...આહાહા..! અને રૂપમાં લક્ષ જાય છે. આમ સુંદર રૂપ દેખે. આહાહા..! અરે! બાપુ! એ સુંદર નથી ભાઈ! એ સ્મશાનના લાકડા જેમ સળગે એમ સળગશે. આ સ્મશાનના લાકડા છે આ તો. આહાહા..! 'હાડ બળે જેમ લકડી, ઘાસ બળે જેમ...' ઘાસ બળે .. હાડ બળે જેમ લકડી. આહાહા..! લાકડી બળે એમ હાડકા બળશે આ. હળ... હળ... હળ... અને ઘાસ મળે આ મોટા ચોટલા કર્યા હોય લાંબા લાંબા. હવે તો જુવાનિયા રાખે છે ને અત્યારે ભરવાડ જેવા. મોટા. આટલું બધું જુવાનને નહોતું. આ ભરવાડ જેવું થઈ ગયું છે બહુ જુવાનોમાં. વાળ બધા મોટા લપસંદર જેવા.

મુમુક્ષુ :- નવી ફેશન થઈ.

ઉત્તર :- નવી ફેશન થઈ ભરવાડ જેવી. ભરવાડો રાખતા. આહાહા..!

અહીં કહે છે કે પ્રભુ એકવાર ત્યાંથી લક્ષને છોડ. અને આત્મદેવની આરાધના કર પ્રભુ! ભગવાનને પ્રસન્ન કર હવે. તું દેવી-દેવલાને પસંદ કરે છે ને? નૈવેદ્ય ચડાવીને. ત્રણલોકનો નાથ પરમાત્મા તું છો પ્રભુ એની સેવા કર, એને પ્રસન્ન કર હવે. આવી વાત છે. પણ એનું સાધન? એ પાછું એ માણસ વાત કરે. કહ્યું નહિ આ. અંતરાત્મા ઉપાય અને પરમાત્મા તેનું ફળ. અંતરાત્મા સાધન, અંતરાત્મા જ્ઞાયક દૃષ્ટિનું સાધન એ સાધન છે. ભાઈએ અર્થ કર્યો છે નીચે. અંતર ઉપાય છે. એમાં નીચે અર્થ કર્યો છે. નથી ને અહીં. પુસ્તક એમાં નીચે અર્થ કર્યો છે.

અંતર ઉપાય એ પરમાત્મા... અંતર ઉપાય એટલે અંતરાત્માનું સાધન છે એમ નાખ્યું છે નીચે નોટમાં. સવારે સજ્ઝાય કરીને એમાં. સમજાણું કાંઈ? એમ ને એમ વાંચી જવું એમ નહિ.

એમાં એનો ભાવ શું છે એ ધ્યાનમાં રાખીને સજ્ઝાય કરવાનો હેતુ છે. આહાહા..! જેથી આચાર્યોના અભિપ્રાય લક્ષમાં આવે. એનો અભિપ્રાય શું છે? અંતરાત્માનો ઉપાય કરીને અને પરમાત્માની.. એવો પાઠ આવ્યો હતો. ઉપાય નામ સાધન. એ શુદ્ધચૈતન્યઘન શ્રદ્ધા, જ્ઞાન કરવું એ જ એનું સાધન છે. મોક્ષનું સાધન એ છે. વ્યવહાર સાધન એ તો સાધનનો ઉપચાર કરી નિશ્ચય સાધનની સાથે સહચર દેખી અને તે નિમિત્તથી એ જણાય છે એવી પ્રતીતિ જાણીને એને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! એ ૧૭૨ થઈ.

---

ગાથા-૧૭૩

अथ येन स्वरुपेण चिन्त्यते परमात्मा तेनैव परिणमतीति निश्चनोति–

३०४) जेण सरुविं झाइयइ अप्पा एहु अणंतु।
तेण सरुविं परिणवइ जह फलिहउ-मणि मंतु।।१७३।।

येन स्वरुपेण ध्यायते आत्मा एषः अनन्तः।
तेन स्वरुपेण परिणमति यथा स्फटिकमणिः मन्त्रः।।१७३।।

जेण इत्यादि। तेम सरुविं परिणवइ तेन स्वरुपेण परिणमति। कोडसौ कर्ता। अप्पा आत्मा एहु एष प्रत्यक्षीभूतः। पुनरपि किंविशिष्टः। अणंतु वीतरागानाकुलत्व-लक्षणानन्तसुखाघनन्तशक्तिपरिणतत्वादनन्तः। तेन केन। जेण सरुविं झाइयइ येन शुभाशुभशुद्धोपयोगरुपेण ध्यायते चिन्त्यते। दृष्टान्तमाह। जह फलिहउ-मणि मंतु यथा स्फटिकमणिः जपापुष्पाघुपाधिपरिणतः गारुडादिमन्त्रो वेति। अत्र विशेषव्याख्यानं तु– ''येन येन स्वरुपेण युज्यते यन्त्रवाहकः। तेन तन्मयतां याति विश्वरुपो मणिर्यथा।।'' इति श्लोकार्थकथितदृष्टान्तेन ध्यात्व्यः। इदमत्र तात्पर्यम्। अयमात्मा येन येन स्वरुपेण चिन्त्यते तेन तेन परिणमतीति ज्ञात्वा शुद्धात्मपदप्राप्त्यर्थिभिः समस्तरागादिविकल्पसमूहं त्यक्त्वा शुद्धरुपेणैव ध्यातव्य इति।।१७३।।

---

आगे आत्माको जिसरुपसे ध्यावो, उसीरुप परिणमता है, जैसे स्फटिकमणिके नीचे जैसा डंक दिया जाये, वैसा ही रंग भासता है, ऐसा कहते हैं–

गाथा-१७३

अन्वयार्थः– [एषः] यह प्रत्यक्षरुप [अनंतः] अविनाशी [आत्मा] आत्मा [येन स्वरुपेण] जिस स्वरुपसे [ध्यायते] ध्याया जाता है, [तेन स्वरुपेण] उसी स्वरुप [परिणमति] परिणमता है, [यथा स्फटिकमणिः मंत्रः] जैसे स्फटीकमणि और गारुड़ी आदि मंत्र है।

भावार्थः– यह आत्मा शुभ, अशुभ, शुद्ध इन तीन उपयोगरुप परिणमता है। जो अशुभोपयोगका ध्यान करे, तो पापरुप परिणवे, शुभोपयोगका ध्यान करे, तो पुण्यरुप

परिणवे, और जो शुद्धोपयोगको ध्यावे, तो परमशुद्धरुप परिणमन करता है। जैसे स्फटिकमणिके नीचे जैसा डंक लगाओ, अर्थात् श्याम, हरा, पीला, लालमेंसे जैसा लगाओ, उसी रुप स्फटिकमणि परिणमता है, हरे डंकसे हरा और लालसे लाल भासता है। उसी तरह जीवद्रव्य जिस उपयोगरुप परिणमता है, उसीरुप भासता है। और गारुड़ी आदि मंत्रोमेंसे गारुडीमंत्र गरुड़रुप भासता है, जिससे कि सर्प डर जाता है। ऐसा ही कथन अन्य ग्रंथोंमें भी कहा है, कि जिस जिस रुपसे आत्मा परिणमता है, उस उस रुपसे आत्मा तन्मयी हो जाता है, जैसे स्फटिकमणि उज्जवल है, उसके निचे जैसा डंक लगाओ, वैसा ही भासता है। ऐसा जानकर आत्माका स्वरुप जानना चाहिये। जो शुद्धात्मपदकी प्राप्तिके चाहनेवाले हैं, उनको यही योग्य है, कि समस्त रागादिक विकल्पोंके समूहको छोड़कर आत्माके शुद्ध रुपको ध्यावें और विकारों पर दृष्टि न रक्खें।।१७३।।

---

હવે, પરમાત્મા જે સ્વરૂપે ચિંતવવામાં આવે છે તે જ સ્વરૂપે તે પરિણમે છે, એમ નક્કી કરે છે :-

ભાવાર્થઃ- જેવી રીતે સ્ફટિકમણિ જપાપુષ્પાદિની ઉપાધિથી તે ઉપાધિરૂપે પરિણમે છે અને જેવી રીતે ગારુડાદિમંત્ર ગારુડાદિરૂપ ભાસે છે તેવી રીતે વીતરાગ અનાકુળતા જેનું લક્ષણ છે એવા અનંતસુખાદિ અનંતશક્તિરૂપે પરિણત હોવાથી જે અનંત છે એવો આ પ્રત્યક્ષગોચર આત્મા જે શુભ, અશુભ, શુદ્ધઉપયોગરૂપે ચિન્તવવામાં આવે તે સ્વરૂપે પરિણમે છે.

અહીં, વિશેષ વ્યાખ્યાન પણ છે- ''येन येन स्वरुपेण युज्यते यन्त्रवाहकः। तेन तन्मयतां याति विश्वरुपो मणिर्यथा।।'' (અમિતગતિ યોગસાર ૯. ૫૧.) [અર્થ :- વિશ્વરૂપધારી સ્ફટિકની જેમ (જેવી રીતે સ્ફટિકમણિ સર્વ પદાર્થોના રંગરૂપે પરિણમે છે તેવી રીતે) જે જે સ્વરૂપે આત્મા પરિણમે છે તે તે રૂપે આત્મા તન્મયી થઈ જાય છે.]

એ શ્લોકાર્થમાં કહેલા દૃષ્ટાંતથી (આત્મા) ધ્યાવવા યોગ્ય છે (ચિંતવવા યોગ્ય છે).

અહીં, તાત્પર્ય એમ છે કે આ આત્મા જે જે સ્વરૂપે ચિંતવવામાં આવે છે તે તે સ્વરૂપે પરિણમે છે એમ જાણીને શુદ્ધઆત્મપદની પ્રાપ્તિના અર્થીએ સમસ્ત રાગાદિ વિકલ્પના સમૂહને છોડીને (આત્માને) શુદ્ધરૂપે જ ધ્યાવવો જોઈએ. ૧૭૩.

---

## ગાથા-૧૭૩ ઉપર પ્રવચન

૧૭૩. 'આગે આત્મા કો જિસરૂપ સે ધ્યાવો,...' આત્માનું જે રીતે ધ્યાન કરો એ રૂપે તમને દેખાશે. રાગનું ધ્યાન કરો તો રાગી દેખાશે, દ્વેષનું ધ્યાન કરો તો દ્વેષી દેખાશે, વિષયનું ધ્યાન

કરો તો વિષયવાળો દેખાશે અને આત્માનું ધ્યાન કરો તો આત્મા દેખાશે. શુભનું ધ્યાન કરો તો શુભ દેખાશે, અશુભનું કરો તો અશુભ અને શુદ્ધનું કરો તો શુદ્ધ દેખાશે. સ્પષ્ટીકરણ આપશે. આહાહા..! ૧૭૩ છે ને?

**૩૦૪) जेण सरुविं झाइयइ अप्पा एहु अणंतु।**
**तेण सरुविं परिणवइ जह फलिहउ-मणि मंतु।।१७३।।**

'**જૈસે સ્ફટિકમણિ કે નીચે જૈસા ડંક દિયા જાયે,...**' લીલા, પીળા ફોડા નહિ? '**વૈસા હી રંગ ભાસતા હૈ,...**' આહાહા..! '**યહ પ્રત્યક્ષરૂપ,...**' ભગવાનઆત્મા જોયું! ભાષા છે ને? '**एषः**' એટલે '**પ્રત્યક્ષરૂપ, અવિનાશી આત્મા...**' આહાહા..! પ્રત્યક્ષ ભગવાન છે કહે છે. આહા..! સત્ છે ને? સત્નું પૂર્ણ અસ્તિત્વ છે ને? અસ્તિ મહાપ્રભુનું અસ્તિત્વ છે. આહાહા..! એવો પ્રત્યક્ષ ભગવાનઆત્મા. અવિનાશી આત્મા. ત્રિકાળી આત્મા છે એ તો. આહાહા..! અનંતનો અર્થ એ કર્યો અવિનાશી. ઓલામાં અનંતનો અર્થ કર્યો જ્ઞાનાદિ ગુણ.

'**જિસ સ્વરૂપ સે ધ્યાયા જાતા હૈ,...**' આહાહા..! '**ઉસી સ્વરૂપ પરિણમતા હૈ,...**' આહાહા..! એ લોકોમાં એક પ્રશ્ન ઉઠ્યો હતો, ભાઈ! શ્રાવક થાય છે ને. શ્રાવકની જે પરિણતિ છે એ જ્યારે મુનિ થાય ત્યારે એ પરિણતિ એમાં ભળી જાય છે. જવાબ આપ્યો છે કે એમ છે નહિ. પરિણતિ છે એ પરિણતિમાં ભળે છે એમ નથી. પરિણતિનો નાશ થઈ જાય છે. શુદ્ધ પરિણતિ અલ્પ જે છે તે પૂર્ણમાં ભળી જાય છે એમ નથી. છે તો વ્યય થાય છે. દ્રવ્યમાં ભળી જાય છે. પરિણતિ પર્યાયમાં ભળે છે એમ નથી. આહાહા..! વાતે વાતે ફેર. સમજાણું કાંઈ?

એમ કહેવું છે કે શુદ્ધ પરિણતિ છે એનો વ્યય થાય છે, પછી શુદ્ધ પરિણતિ. એમ નહિ. એ શુદ્ધ પરિણતિ થાય છે શ્રાવકનો વિકલ્પ આદિ એ બધી અંદર ભળે છે પરિણતિ નિર્મળમાં. સાતમા ગુણસ્થાને. કેટલાકના મત છે ને કેવળજ્ઞાન ચાર જ્ઞાન છે અંદર. મતિશ્રુત જ્ઞાન ગયા ક્યાં એમ? શ્વેતાંબરમાં એમ આવે છે. ચાર જ્ઞાન તો પર્યાય અંદરમાં ગઈ છે. અને ઉત્પાદ ત્યારે થયો છે કેવળજ્ઞાનનો. આહાહા..! સમજાણું કાંઈ?

મૂળ તત્ત્વ જે આ શું છે? ઉત્પાદવ્યયધ્રુવની મર્યાદામાં જ આખું તત્ત્વ છે. એને પરની સાથે કાંઈ સંબંધ નથી. વિકાર કરે તોપણ પોતાની મર્યાદામાં રહીને નિમિત્તને લક્ષે અને ધર્મ કરે તો સ્વને લક્ષે પોતાની મર્યાદામાં રહીને, રાગની મર્યાદા છોડી દઈને. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ એવી છે.

'**ઉસી સ્વરૂપ પરિણમતા હૈ, જૈસે સ્ફટીકમણિ ઔર ગારુડી આદિ મંત્ર હૈ.**' જુઓ. એનો વિશેષ ભાવાર્થમાં કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, ફાગણ સુદ ૨, રવિવાર
## તા. ૨૦-૦૨-૧૯૭૭, ગાથા-૧૭૩ થી ૧૭૫, પ્રવચન નં. ૨૨૨

(ગાથા ૧૭૩નો) '**ભાવાર્થઃ- યહ આત્મા શુભ, અશુભ, શુદ્ધ ઈન તીન ઉપયોગરૂપ પરિણમતા હૈ.**' પોતે જ ભગવાનઆત્મા શુભ, અશુભ અને શુદ્ધરૂપે ત્રણ પ્રકારે પરિણમે છે. કર્મને લઈને નહિ.

મુમુક્ષુ :- ..લઈને આમા લખ્યું નથી.

ઉત્તર :- એ એમાં છે ૭૪માં. પરિણમે છે એમ કહ્યું ને. શુભપણે, ઉત્પાદપણે પરિણમે છે એ એનો પોતાનો પરિણામી છે. ઉત્પાદપણે પરિણમે છે, ઉત્પાદપણે પરિણમે છે એ પોતાનો ઉત્પાદ છે. અને બીજાને લઈને ઉત્પાદ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નિમિત્તના કથન કરવા. વ્યવહારનો ઉપચાર. એકલો પોતાથી થાય છે. એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવા બેથી થાય એમ કહેવામાં આવે છે. પણ પ્રમાણજ્ઞાનમાં નિશ્ચયનું જ્ઞાન તો એની દૃષ્ટિમાં પહેલું હોવું જોઈએ. પછી એને પ્રમાણમાં બીજા વ્યવહારની અપેક્ષાથી જ્ઞાન ભેળવાય. શું કહ્યું એ? સમજાણું?

નિશ્ચયથી તો સ્વરૂપથી પરિણમન પોતાનું છે. એવું જે નિશ્ચયથી નિર્ણય કર્યો હોય એને તો નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારને ભેળવીને પ્રમાણનું જ્ઞાન કર. એટલે બેથી થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવી વાતું એટલે તકરાર થાય લોકોને સાધારણ બાબતમાં. ઉત્પાદ સ્વતંત્ર છે એનો ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્. એ ઉત્પાદ તો એનો પોતાનો ભલે શુદ્ધપણે ઉત્પન્ન થાઓ, અશુભપણે ઉત્પન્ન થાઓ કે શુભપણે ઉત્પન્ન થાઓ. આહાહા..! એ લોકો શુભયોગની વ્યાખ્યા એવી કરે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ જે શુદ્ધ છે એની સાથે અશુદ્ધ છે એ શુભ બેય થઈને શુભ.. માટે શુભયોગમાં નિર્જરા પણ છે અને રાગ બાકીનો બંધ છે. એમ કહે છે. ખાણિયા ચર્ચામાં આવ્યું છે. આહાહા..! એમ નથી.

એમ તો ક્ષયોપશમભાવ છે, જ્ઞાનનો ક્ષયોપશમભાવ, એમાં જેટલો ઉઘાડ છે એ તો પોતાની સ્વતંત્ર પર્યાયમાં છે. અને એમાં જેટલો બાકી ઉદય છે એ ઉદય કાંઈ શુભ નથી. ક્ષયોપશમ, સમકિત મોહનીયનો ઉદય. એને મિશ્ર કહેવાય પણ એ કાંઈ શુભ નથી. એ તો અંદર કેવળીગમ્ય એવો વિકલ્પનો ભાવ છે સમકિત મોહનીયનો. ઝીણી વાતું બહુ. અને સ્વનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન થયું છે એ જ્ઞાન એ તો ક્ષયોપશમ છે. અને એ ક્ષયોપશમમાં ક્ષાયિક નથી એટલે જરી ઉદય છે, પણ એ ઉદય કાંઈ શુભ નથી કે બેને મિશ્ર શુદ્ધનો અંશ અને શુભનો અંશ કરીને શુભયોગ કહેવો એ વસ્તુ નથી ત્યાં. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આ તકરારનો અંત કે દિ' આવે?

ઉત્તર :- અંત એ પોતે (સમજણ) કરે તો અંત આવે. આહાહા..! સ્વતંત્ર જેટલો પોતાનો આશ્રય કરે એટલી એને મુક્તિનો ઉપાય થાય અને તે કાળે પણ જેટલો પરાશ્રય કરે એ ગાથા આવશે સમયસારમાં. કર્તાકર્મ. અધ્યવસાય. આહાહા..! એટલું એને સ્વતંત્ર સિદ્ધ કરવું જોઈએ પહેલું. કે જે આત્મા છે એ ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ છે. તો એમાં જેટલા અનંતગુણો છે એનો તે તે સમયે ઉત્પાદ પોતાને કારણે થાય છે. જો ઉત્પાદ પરને કારણે થાય તો ઉત્પાદ વિનાની વસ્તુ થઈ જાય. આહાહા..!

મુમુક્ષુ :- બેયના કારણે થાય.

ઉત્તર :- એક જ કારણે છે. બીજું કારણ તો એનું જ્ઞાન કરાવવા પ્રમાણમાં ભેળવ્યું. પણ પ્રમાણમાં પહેલો આ નિશ્ચય કરે પછી નિમિત્ત અને પર્યાયના વ્યવહારને ભેળવે તો યથાર્થ જ્ઞાન કહેવાય. આહાહા..! આવી વાતું. વાણિયાને નવરાશ ન મળે.

મુમુક્ષુ :- અમે તો અહીંયાં આટલા બધા નવરા થઈને અહીં આવ્યા છીએ.

ઉત્તર :- હવે પણ આવ્યા છે ને. અત્યાર સુધી તો થોથા કર્યા આખી જિંદગી. ધંધા ને વેપાર આદિ. ભગવાનજીભાઈ! દુનિયાનો રસ્તો જ અનાદિનો... આહાહા..! પોતે શું છે અને કેમ પરાધીન છે? એ કહેશે ત્યાં ૭૪માં. એ અર્થ કર્યો નથી ટીકાકારે. ટીકામાં લખ્યું છે. ટીકામાં છે જુઓ. ૭૪. સંસ્કૃતની ત્રીજી લીટી. '**व्यवहारनयेनादिकर्मबन्धनविशेषेण स्वकीयबुद्धिदोषेण जात उत्पन्नः**' પોતાની બુદ્ધિને દોષને કારણે શુભ-અશુભભાવ કરે છે. આહાહા..! કર્મ તો એને નિમિત્ત તરીકે છે એટલે એને સમજાવે છે.

અરે પ્રભુ! તું નિર્દોષ છો. તારો સ્વભાવ એ નિર્દોષને પ્રગટ કરતો નથી. સ્વદોષને પ્રગટ કરે છે અને એને અહીંયાં પરાધીન કહેવામાં આવે છે. એ શબ્દ છે. છે જુઓ. છે? '**जात उत्पन्नः कथंभूतो जातः जाप्यः पराधीनः जामइं**' પરનો જાપ કરે છે એ. જાપ શબ્દ પડ્યો છે ને એમાં? ૧૭૪માં. પાઠમાં છે ને. આહાહા..! '**विसेसें जायउ जप्पा**' આહાહા..! એ જાપ પોતાને ભૂલીને પરનો જાપ કરે છે એ પોતે જાપ પોતાનો કરે છે અને પરનો કરે. એ પોતે પોતાથી કરે છે. આહાહા..! કહો, ચેતનજી! આ તમારે બધું શ્વેતાંબરમાં તો બધું આ છે. કર્મથી થાય, કર્મથી થાય, કર્મથી થાય, જેઠાભાઈ સાથે એ ચર્ચા બધી ચાલી. રામવિજય સાથે. ૫૦ પ્રશ્ન કાઢ્યા હતા. આ શું છે જુઓ. આપણામાંથી નીકળે તો આપણે ફરવું નહિ. શ્વેતાંબર. આવ્યા છે કે નહિ? આવ્યા છે. અહીં છે ને વચ્ચે પરિચયમાં હતા. એને પ્રશ્ન ઉઠ્યા ૫૦. કર્યા જવાબ આપ્યો કોકે પણ ઠેકાણા વિનાનો. તો રામવિજય સાથે ચર્ચા કરો હવે. રામવિજય કહે જુઓ પહેલી વાત એ કે, કર્મથી વિકાર થાય એ કબુલાત છે તમને? પછી ચર્ચા. કહો, વ્યવહાર સિદ્ધાંત જુઓને અરેરે!

અહીં કહે છે કે એ પોતાથી.. છે? કાલે પ્રશ્ન થયો હતો કે ભાઈ સ્ફટિકમણીમાં તો લાલ, ગુલાબી હોય તો લાલ દેખાય છે. એમ જીવમાં કર્મ હોય તો વિકાર દેખાય. એમ કેમ ન માનવું? પ્રશ્ન તો

કોઈનો ... એનામાં એમ છે કે સ્ફટિકરત્નમાં પોતાની પર્યાયની યોગ્યતા છે. એ લાલ ફુલ છે માટે લાલ થયું છે અંદર. એમ નહિ. જુઓ લાલ અને એનાથી થાય. આના નીચે મૂકો લાલ ફૂલ. તેમાં લાલ ઝાંય નહિ પડે. આની યોગ્યતા જ નથી. આહાહા..! આ વાત તો ઘણા વર્ષથી કરી છે. એટલે શાસ્ત્રમાં એ શરણ છે. યોગ્યતા એ જ શરણં. એ પોતાની વિકાર થવાની યોગ્યતા છે. આહાહા..! કર્મને લઈને બિલકુલ એ કિંચિત્ એક દોકડો પણ નહિ. આહાહા..! આવો ધર્મ! એ લોકો એમ માને છે. કર્મને લઈને વિકાર થાય.

એમ કે યોગ્યતા ઘણા પ્રકારની છે પણ જેવું નિમિત્ત આવે એને તાબે થઈને. તાબે થાવું જ પડે એને. નિમિત્તને તાબે થાવું જ પડે. કર્મનું નિમિત્ત એવું છે. અહીં કહે છે પોતાની પર્યાયનો સ્વકાળ જે શુભનો, શુદ્ધનો કે શુદ્ધનો, અશુભનો કે શુદ્ધનો .. તે પોતાથી સ્વતંત્ર થાય છે. અને કર્તા એને કહીએ, સ્વતંત્રપણે કરે તે કર્તા. પરની અપેક્ષા રાખે તો સ્વતંત્ર કર્તા કહેવામાં આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે જુઓ. '**જો અશુભઉપયોગકા ધ્યાન કરે,...**' જો પોતે અશુભનું ધ્યાન એટલે એમાં એકાગ્ર થાય તો અશુભપણે પરિણમે. ધ્યાન કરે એમ કહ્યું છે ને? '**જો પાપરૂપ પરિણમે, શુભોપયોગ કા ધ્યાન કરે, તો પુણ્યરૂપ પરિણમે,...**' આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, શુભપણે પરિણમે પોતે એમાં એકાગ્ર થાય. '**ઔર જો શુદ્ધોપયોગ કો ધ્યાવે,...**' છે? ધ્યાવે છે ને. શુદ્ધોપયોગ. દયા, દાન, વ્રતના પરિણામ એ શુભઉપયોગ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસનાના પરિણામ અશુભ ઉપયોગ, બેયને છોડીને શુદ્ધઉપયોગરૂપે પરિણમે, ધ્યાવે તો શુદ્ધ ઉપયોગ થાય.

શુભ અશુભમાં જેમ કર્મનું નિમિત્ત નથી અસ્તિપણે, એને લઈને એમ શુદ્ધમાં કર્મના અભાવનું પણ અસ્તિત્વપણાનો નકાર છે. હો અભાવ, પણ એને લઈને શુદ્ધ ઉપયોગે પરિણમે છે એમ નથી. સમ્યગ્દર્શનપણે થાય જીવ એ પણ પર્યાયમાં સ્વતંત્ર કર્તા થઈને થાય છે. એને દર્શનમોહનો અભાવ હોય તો અહીં શુદ્ધપણે પરિણમે એવી સ્થિતિ છે નહિ. આહાહા..! આવું વસ્તુનું ઝીણું તત્ત્વ. એથી તો કહ્યું પ્રવચનસારમાં. જ્ઞેય અધિકાર. પ્રવચનસારનો બીજો અધિકાર છે એ જ્ઞેય અધિકાર છે. પહેલો અધિકાર જ્ઞાન અધિકાર અને બીજો જ્ઞેય અધિકાર. તો એમ કહે છે કે સર્વજ્ઞે જે જોયું અને દિવ્ય ધ્વનિમાં આવ્યું એ અમે પ્રવચનસારમાં કહીએ છીએ. દિવ્યધ્વનિ એટલે પ્ર-વચન, એનો સાર કહે છે. જ્ઞેયનો એવો સ્વભાવ છે. કોઈપણ જડ હોય કો ચૈતન્ય હો. એ જ્ઞેયનો એવો સ્વભાવ છે. જે ક્ષણે જે જન્મક્ષણે ઉત્પન્ન થવાની પર્યાય તે ક્ષણ. તે જ્ઞેયનો સ્વભાવ છે. આહાહા..! વિકારપણે થાઓ, શુભપણે થાઓ કે અશુભપણે થાઓ એ એનો પોતાનો જ્ઞેયનો પર્યાયનો સ્વતઃ સ્વભાવ છે. આ જૈનમાં આટલું .. કર્મને લઈને થાય.

મુમુક્ષુ :- કર્મની વાત જ જૈનમાં છે.

ઉત્તર :- કર્મ એ તો જડ છે. એ તો નિમિત્ત છે એમ જણાવ્યું છે. વસ્તુ છે બીજી એટલું. કર્મે

આવે છે ને. 'કર્મે રાજા કર્મે રંક...' સંપ્રદાયમાં બોલે એ પહેલી સ્તુતિ બોલે દસ મિનિટ. એમાં એ આવે છે પહેલી સ્તુતિમાં. અને સાંભળનારા હોય આ બધા એવી જાતના. જય નારાયણ કહે એને ક્યાં નિર્ણય કરવાનું ઠેકાણું છે.

મુમુક્ષુ :- ગુરુમાં તો વિશ્વાસ હોય જ ને.

ઉત્તર :- પણ એને કઈ રીતે કહ્યું એનો નિર્ણય પોતાના ભાવથી તો કાંઈક કરવો પડે કે નહિ? એમ કે 'કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જુદી વાત છે. એ તો કર્મને લઈને નિમિત્ત તરીકે આવે છે એ પણ ઘાતિકર્મના ઉદયે એને ઘાત કરે છે રાગમાં. એમ નથી એમાં. સમજાણું કાંઈ? આહાહા..! એવી વસ્તુ અને પદાર્થની મર્યાદા છે. વસ્તુની જે રીતે તેની મર્યાદાની ભૂમિકામાં વર્તે છે. એ રીતે ન જાણે અને અમર્યાદિત વાત જાણે એ કાંઈ સત્ કહેવાય? આહાહા..! વસ્તુ પોતાની મર્યાદામાં વિકારપણે પરિણમે છે એ એની મર્યાદા છે. એ મર્યાદા ઓળંગીને કર્મને લઈને પરિણમે છે એમ છે નહિ. આહાહા..! એનો નિર્ણય કરવાનો વખત ક્યાં છે? જેને આત્માનું કાંઈ આ ચોર્યાસીના અવતારમાં એ દુ:ખી, દુ:ખી, દુ:ખી, ઘણો કાળ તો દુ:ખી છે. અશાતાના ઉદયમાં. કોઈ કાળે શાતાનો ઉદય થોડો હોય તો બહારની કલ્પનાના સુખનું કારણ દેખાય. કલ્પનાના સુખનું. વાસ્તવિક સુખ તો છે જ ક્યાં એને? આહાહા..! મોટો રાગ નરક અને નિગોદ. આહાહા..! દુ:ખ અશાતાના દુ:ખના વેદનમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? ઘણો કાળ તો એણે કષ્ટમાં વેઠ્યો છે. થોડો કાળ માણસપણાનો મળે એમાં કાંઈ પુણ્યનો ઉદય દેખાય એટલે એમ માને કે અમે સુખી છીએ.

અહીં કહે છે કે આત્મા શુભપણે પરિણમો કે અશુભપણે પરિણમો. એ પોતાના પરિણામની સ્વતંત્રતાથી તેના શુભભાવ થાય છે.

મુમુક્ષુ :- બીજો ખરાબ શબ્દ કહે કે અપમાન કરે માટે નહિ?

ઉત્તર :- બિલકુલ નહિ. આ તો કર્મ જ્યાં નથી નિમિત્ત પછી નોકર્મની વાત તો શું કરવી? સમજાણું? જ્યાં વિકાર અને નિમિત્તનો સંબંધ છે, એનાથી નથી તો તો નોકર્મ તો દૂર રહ્યા. એને ગાળ આપી માટે મારું અપમાન થયું અને મને ક્રોધ થયો, બિલકુલ જૂઠી વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- પછી કોઈનું અપમાન કરે એમાં કાંઈ વાંધો નથી?

ઉત્તર :- કરે કોણ? એ તો બીજો કરે કરે કરવો હોય તો એ કાળે એ ભાષા. નિંદાની ભાષા એ હોય તો આવ્યું નથી ૩૮૨માં નિંદા, પ્રશંસા એ તો ભાષાનું પરિણમન છે એનું. એમાં તને ક્યાં નિંદા તારી કરી એણે? આહાહા..! સર્વવિશુદ્ધમાં છે. નિંદા, પ્રશંસા એ તો ભાષાની પર્યાય જડની. એ તો કરનાર પણ ક્યાં કરી શકે છે? આહાહા..! એનો ભાવમાં એ ભલે પાપ હો, પણ એ ભાષા કરી શકે છે એમ છે નહિ. આહાહા..! ભાઈ! આ તો માર્ગ એવો છે પ્રભુનો. નિમિત્ત સંબંધે થાય છે, નિમિત્ત સંબંધે થાય છે એનો અર્થ? પોતાથી થાય છે ત્યારે નિમિત્ત હતું એટલે નિમિત્તથી ઉત્પન્ન

થાય છે એમ કહેવામાં આવે છે. વાસ્તવિક તો પોતાથી થયું છે.

જુઓને દૃષ્ટાંત આપે છે. '**પુણ્યરૂપ પરિણમે, ઔર જો શુદ્ધોપયોગકો ધ્યાવે, તો પરમશુદ્ધરૂપ પરિણમન કરતા હૈ.**' આહાહા..! ભગવાન શુદ્ધચૈતન્ય આનંદકંદ પ્રભુ, એનું જો ધ્યાન કરે તો એને શુદ્ધરૂપ પરિણમન થાય. પરના લક્ષમાં જાય તો એને શુભઅશુભભાવ થાય. આહાહા..! સમજાણું કાંઈ? '**જૈસે સ્ફટિકમણિ કે નીચે જૈસા ડંક લગાઓ, અર્થાત્ શ્યામ, હરા, પીલા, લાલમેં સે...**' છે ને? કાળા, લીલા, પીળા, '**લાલમેં સે જૈસા લગાઓ, ઉસી રૂપ સ્ફટિકમણિ પરિણમતા હૈ, હરે ડંક સે હરા ઔર લાલ સે લાલ ભાસતા હૈ.**' એમાં એમ કહ્યું જુઓ પછી ઓલા .. લાભ થાય.

મુમુક્ષુ :- નિમિત્ત જેવું આવે એમ પરિણમે.

ઉત્તર :- એમ વાત નથી. એ તો દૃષ્ટાંત એમ આપે છે કે ઓલું નિમિત્ત છે પણ પરિણમે છે પોતાથી. લાલપણે પરિણમન પોતાથી પરિણમે છે. સ્ફટિક. લાકડું કેમ પરિણમતું નથી? લાલ છોડ મૂકે તો? એની પોતાની પર્યાયની યોગ્યતા નથી, પોતાની યોગ્યતા છે એમ કહે છે. આહાહા..! એ સમયસારમાં આવે છે ને સ્ફટિકમણિ પરદ્રવ્યને લઈને એમ આત્મા પરદ્રવ્યને લઈને રાગ કરે છે. કઈ અપેક્ષાએ વાત છે? પરદ્રવ્યને લક્ષે કરે છે, પરદ્રવ્યથી કરે છે એમ નહિ. આહાહા..! બહુ વાત. એક તત્ત્વની વાતમાં. હવે આસ્રવ તત્ત્વ કે પુણ્ય-પાપ તત્ત્વ કેમ ઉત્પન્ન થાય? એમાં કર્મને લઈને થાય, તો એ તત્ત્વ તો સ્વયંસિદ્ધ તો રહ્યું નહિ. અજીવતત્ત્વને લઈને આમાં થયું, તો અજીવતત્ત્વ અને આ બે એક તત્ત્વ થઈ ગયું. સમજાણું કાંઈ? કોને પણ આ પડી? જાશું ક્યાં? આ ભવ મીઠો, પર ભવ દીઠો જાવ. ગોલણ ગાડા ભરે. .. દેખાય છે ઠીક છે એમ. મીઠો ધૂળમાંય નથી મીઠો પણ માને છે ને. આહાહા..!

દિલ્હીમાં છે ને. મોટા મોટા માણસો પાસે સોનાના ઓલા હોય છે બેસવાની ખુરશી. સોનાની. ગયા હતા ને એકવાર. મોટા માણસો હોય ને. જ્યોર્જ એડવર્ડ કે એવા મોટા હોય. એક અમારી સાથે ભાઈ હતા. ..ભાઈના જમાઈ જયંતિભાઈ. જયંતિભાઈ ત્યાં હતાં. અંદર બધુ બતાવ્યું. જેલ ખાના લાગે અહીંયાં તો. આહાહા..! આખું અંદર .. હતું. સોનાના. ... ઠીક લાગે દુનિયાને. આહાહા..! અરે! એમાં કષાયથી બળી જાય છે એની એને ખબર નથી. આહાહા..!

અહીં કહે છે કે '**સ્ફટિકમણિ કે નીચે જૈસા ડંક લગાઓ, ઉસી રૂપ સ્ફટિકમણિ પરિણમતા હૈ,...**' પણ એનો અર્થ એટલો નથી કે સ્ફટિકમણિ લાલના કારણે પરિણમે છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જે રીતે વસ્તુની સ્થિતિ છે તેને તે રીતે સત્ય ન સમજે. એ દુઃખથી ક્યારે છૂટે? આહાહા..! ઓલો દાખલો એક ઠેકાણે આપ્યો છે ને. કોઈ અગ્નિ પેસતી હોય મોઢામાં. જ્વાળા. કોઈ નકાર કરે તો એની સાથે લડે. એમ પુણ્યને લઈને કષાયની અગ્નિ અંદર ઊભી થાય છે. પુણ્યના સાધનનો નિષેધ કરે તો એની સાથે લડે. આવે છે. અગ્નિની જ્વાળા હોય ને આમ. અગ્નિને કોઈ રોકે. પણ આ અગ્નિ સળગે છે ત્યાં સાંભળને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો સદાયની અગ્નિ છે. પુણ્ય અને પાપના ફળ જે સામે દેખીને ખુશી થાય છે એ અગ્નિના લાવા પડ્યા છે અંદર. એને કોઈ પુણ્યના સાધનનો અભાવ કરે એની સાથે લડે. આહાહા..!

મુમુક્ષુ :- વેદન છે ને.

ઉત્તર :- વેદન, કષાયનું વેદન બાપુ! ભગવાન તો શાંતરસ, અકષાયરસ તત્ત્વ છે. શાંત, શાંત, શાંત. અવિકારી અકષાયસ્વરૂપે પ્રભુ બિરાજે છે. આહાહા..! એની પેઢી તો શાંતરસની છે. એ પેઢીને છોડીને, સવારમાં આવ્યું નહોતું એક પુદ્ગલોનું? અનેક જાતના પુદ્ગલોને મારા માનીને છોડીએ છીએ. મિથ્યાત્વથી બંધ, મિથ્યાત્વ મહાકષાય છે. આહાહા..! પુદ્ગલના અનેક પ્રકારના ઠાઠમાઠ બહાર દેખી અને એને આશ્ચર્ય અને વિસ્મયતા લાગે છે. આહાહા..! મારા પુણ્ય બહુ પડ્યા છે. પાણી માગે ત્યાં આમ મોસંબી આપે. રોટલો માગે ત્યાં મૈસુબ આપે. લૂગડું ઓઢવાનું સાધારણ માગે તો મખમલ આપે. આહાહા..! અને એ કોઈ ... પણ હોળી કષાય છે એની સામું જોતા નથી. કષાય અગ્નિ .. તને ખબર નથી. અને એ કષાય અગ્નિ તે ઉત્પન્ન કરી છે. એ બહારની ચીજને કારણે નહિ. આહાહા..! માર્ગ ઝીણો બાપુ બહુ. અને ફળ પણ જેના અપૂર્વ ફળ છે. આહાહા..! એને જેમ છે તેમ બરાબર જાણીને સત્યને શરણે જાવું પડશે ભાઈ! ત્યાં પ્રભુ સત્ય બિરાજે છે. આહાહા..!

અહીં તો ઈષ્ટ શબ્દ હતો ને. .. ઈષ્ટ છે એમ હું જરી બોલ્યો હતો. ઈષ્ટ એટલે પ્રત્યક્ષપણું છે ને. ૭૪માં આવશે. '**एषः आत्मानं**' આમાં છે. આહાહા..! '**ઉસીરૂપ ભાસતા હૈ.**' આહાહા..! દાખલો આપ્યો છે. '**ઔર ગારુડી આદિ મંત્રોમેં સે ગારુડીમંત્ર ગરુડરૂપ ભાસતા હૈ,...** ' ગારુડીરૂપ મંત્ર ગરુડરૂપ ભાસે છે. '**જિસસે કિ સર્પ ડર જાતા હૈ.**' આહાહા..! આમ સર્પ લાગે આમ. એવો મંત્ર હોય છે ને સર્પને ગારુડ અંદરથી ડરી જાય. ગારૂડ. જીવતા ગરૂડ હોય એને મારી નાખે છે. .. હોય એને. સર્પ ગમે તેવા ફુફાડા મારતો હોય પણ ગરૂડ દેખે.. આહાહા..! એમ ગરુડી મંત્ર એવો હોય છે કે એને દેખીને સર્પ ડરી જાય છે. આહાહા..!

'**ગારુડી આદિ મંત્રોમેં સે ગારુડીમંત્ર ગરુડરૂપ ભાસતા હૈ,...** ' .. ગરુડરૂપ ભાસે. '**જિસસે કિ સર્પ ડર જાતા હૈ. ઐસા હી કથન અન્ય ગ્રંથોમેં ભી કહા હૈ. કિ જિસ જિસ રૂપસે આત્મા પરિણમતા હૈ, ઉસ ઉસ રૂપસે આત્મા તન્મયી હો જાતા હૈ,...**' એ તો એમાં આવ્યું ને પ્રવચનસારમાં નહિ આવ્યું? શુભાશુભ પરિણમે છે. પ્રવચનસારમાં ૯મી ગાથા. શુભે પરિણમતો શુભ, અશુભે પરિણમતો અશુભ. આહાહા..! એ જ્ઞેયનું સ્વરૂપ જ એનું છે. અરે! પણ ક્યાં એને વખત? આહાહા..! આમ વાળ મોટા આવડા લાંબા હોય, એને આમ તેલ બેલ ચોપડતા હોય તો વાળને એક એક છૂટા પાડીને જાણે. તેલ ચોપડે તેલ. બાયુને એને મોટા વાળ હોય.

મુમુક્ષુ :- બાયુય ચોપડે ને ભાઈઓ પણ ચોપડે.

ઉત્તર :- ભાઈઓ હવે તો બધા બાયડી જેવા વાળ રાખે છે મોટા આવડા આવડા. અહીં સુધી. પણ એ વાળે વાળે ન કરી શકે. એવા હોય છે કે વાળે વાળે મોતી પરોવે. નવરા માણસ હોય ને રાજા

અને રાણીઓ બધા. એ વાળે વાળ છૂટો પાડી અને એમાં ઝીણા મોતી ઉંચા હોય તે નાખે. હોળી સળગે છે કહે છે. હું કેવો રૂપાળો લાગું છું. આ તમારા વાળ બાળ મોવાળા નહિ મોટા સોનાના રાખે. આવ્યા છે. આહાહા..! મડદાને શણગારે છે. રાજીપો પાછો માને. એ રાજીપાપણે પરિણમવું અશુભપણે એ પોતાથી થાય છે. એ દાગીના છે અને એને કારણે છે નહિ. આહાહા..!

'**જૈસે સ્ફટિકમણિ ઉજ્જ્વલ હૈ, ઉસકે નીચે જૈસા ડંક લગાઓ, વૈસા હી ભાસતા હૈ. ઐસા જાનકર આત્મા કા સ્વરૂપ જાનના ચાહિયે.**' આહાહા..! આવું જાણીને ભગવાનઆત્મા અંદર કોણ છે? ચૈતન્યમૂર્તિ અતીન્દ્રિય આનંદસ્વરૂપ, શાંતરસનો સાગર, વીતરાગી શક્તિઓનો સંગ્રહાલય, આહાહા..! જેની નજરુમાં નિધાન વીતરાગ સ્વરૂપ આવે એણે આત્માને જાણ્યો કહેવાય. આહાહા..!

જેની પર્યાયમાં જ્ઞાનની દશામાં પરવસ્તુ આમ પ્રત્યક્ષ દેખાય છે. આ છે, આ છે, આ છે. એ તો પરતરફના વલણવાળું જ્ઞાન તો દુઃખરૂપ છે. એ જ્ઞાન પરતરફ વળી શકે છે અને કરી શકે છે એ જ્યાં સ્વતરફ વળીને પોતાના આનંદનું કેમ વેદન ન કરે? આહાહા..! એવું તો પરાધીન પરને વશ થાય છે અને ત્યારે આ પર જણાય છે. આ તો સ્વાધીન વસ્તુ છે ને પ્રભુ કહે છે ને. આહાહા..! ભાઈ! તને એ વાત બેસતી નથી પણ વસ્તુ સ્વાધીન છે. વિકાર વિકાર કરવામાં સ્વાધીન છે તો ઉપયોગ કરવામાં સ્વાધીન છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! વિશ્વાસ ક્યાંથી લાવવો? વિશ્વાસે વહાણ ચાલે એમ કહે છે ને માણસ? એમ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ. એ કહ્યું ને જુઓ.

'**ઐસા જાનકર આત્મા કા સ્વરૂપ જાનના ચાહિયે.**' બધું બધું જાણવું માટે છોડીને આને જાણ એમ કહે છે. આહાહા..! અંદર ભગવાનઆત્મા છે વસ્તુ, પરમાત્મસ્વરૂપે બિરાજે છે. એને જાણવું જોઈએ. આહાહા..! એવું લાગે કે આ મારો આત્મા, આત્મા છે બાપુ! તું તે કોણ છે ભાઈ! તારી પર્યાયની અનંત આનંદની દશા જ્યાં વાણી દ્વારા હોઈ શકે નહિ. આહાહા..! એવી તારી ચીજ છે. એવી અનંતી નિર્મળ પર્યાયનો પિંડ છે. ભાઈ! તારું તત્ત્વ છે તેટલું તારે માનવું પડશે ને. આહાહા..! રાગ એનું તત્ત્વ છે? એક સમયની પ્રગટ પર્યાય તેટલું એ તત્ત્વ છે? આહાહા..! માર્ગ એવા ઝીણા ભાઈ! આ બહારવાળાને બહારમાં આ મુંબઈ, લંડન ને જાય. આહાહા..! મોટા મકાનો, પોતે બેસે એમ. ત્યાં ખુરશી રાખે મોટા માટે ઊભા રહેવું પડે એટલે. ૨૫-૩૦ માળ જાવું હોય. ત્યાં રાખે. ખુરશી રાખે છે ને. આ મુંબઈમાં રાખે છે. પાંચ-સાત-દસ માળ જાવું હોય તો ત્યાં ઊભા રહેવું એ કરતા ખુરશી રાખે. આહાહા..! એને એવી મજા લાગે. આહાહા..! ક્યાંય ઊડીને જાય છે નરકમાં. એ તો માને કે સુખમાં છે. એમ માને. આહાહા..!

ભાઈ! તું તારા ઘર છોડીને ક્યાં જા છો? એ તો ઊંચે ઊડે જાય તો ઘર છોડીને વિકલ્પમાં જાય. આહાહા..! એ ઊડે તો છે પણ વિકલ્પથી ઊડે છે. અને ઠરે ત્યારે નિર્વિકલ્પથી ઠરે છે. આહાહા..! અને એ તો એનો સ્વસ્વભાવ છે. સ્વરૂપમાં ઠરવું એ તો એનો સ્વસ્વભાવ છે. વિભાવ થવો એ તો કોઈ શક્તિ અને ગુણનો કોઈ સ્વભાવ નથી. આહાહા..! શું કહ્યું એ? શુભ-અશુભપણે પરિણમવું

એ કાંઈ એનો ગુણ એવો નથી. પર્યાયનો ધર્મ છે. પરને લઈને નહિ પણ એ પર્યાયનો ધર્મ છે. અને શુદ્ધપણે પરિણમવું એ તો એના ગુણનો ધર્મ છે, શક્તિનો ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શુદ્ધપણે પરિણમે એ પર્યાયનો ધર્મ?

ઉત્તર :- પર્યાય એ તો પર્યાય છે, પણ આ તો ગુણનો ધર્મ છે એટલે શુદ્ધપણે પરિણમવું એમ. પર્યાયનો ધર્મ એકલો વિકારીપણે પરિણમવું એટલો જ પર્યાયનો ધર્મ છે. શુદ્ધપણે પરિણમવું એ તો પણ શક્તિ છે એથી ગુણને લઈને પરિણમવું છે એનું. અને પર્યાયમાં શુદ્ધપણે પરિણમે એ પણ પોતાની શક્તિથી પરિણમે છે. અહીં તો સિદ્ધ કરવું છે કે વસ્તુનું શુદ્ધપણે પરિણમવું એવી શુદ્ધતા તો ભરી પડી છે એમ કહે છે. અને અશુદ્ધતા પરિણમે એ છે તો એનો પોતાનો ધર્મ. પણ એ અશુદ્ધતા કોઈ ધર્મ અને ગુણ નથી પડ્યો અંદર. સમજાણું કાંઈ? આહાહા..!

શુદ્ધપણે પરિણમવું એ પર્યાયનો ધર્મ છે, પણ એ તો ગુણનો પણ ધર્મ છે. અશુદ્ધપણે પરિણમવું એ તો પર્યાયનો જ ધર્મ છે. ગુણનો ધર્મ કોઈ છે જ નહિ. આહાહા..! આવી વાત છે. ભાઈ! વીતરાગ માર્ગ આત્માનો એ ચૈતન્ય હીરો અંદર કોણ છે બાપુ એને જાણવા માટે ઘણું એણે જ્ઞાન કેળવવું પડશે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વસ્તુનો સ્વભાવ છે.

ઉત્તર :- સ્વભાવ છે એનો. અશુદ્ધપણે પર્યાયનો ધર્મ પરિણમી ગયો. ગુણનો ધર્મ નથી. પછી પર્યાયનો ધર્મ છે એ જુદી વસ્તુ થઈ. તો ગુણમાં છે એ પર્યાયનો ધર્મ બહાર આવ્યો. પર્યાયપણે શુદ્ધપણે આવ્યો એ એનો ધર્મ બહાર આવ્યો. અને કોઈ અશુદ્ધપણે પરિણમનારું કોઈ ગુણ છે અને અશુદ્ધપણે પરિણમે પર્યાયનો એટલો ધર્મ એવો છે. આહાહા..! ભારે વાતું બાપુ! આવું હવે સમજે નહિ. સામાયિક કરી, પોષા કર્યા, પડિક્કમણા કર્યા, થઈ ગયો ધર્મ. ધૂળેય નથી ધર્મ સાંભળને. બાપુ! તને પ્રભુ! આ જુઓ એ કહ્યું ને?

**'જાનકર આત્મા કા સ્વરૂપ જાનના.'** આ બધું આવું જાણીને શુભપણે પરિણમે પોતે અશુભપણે પરિણમે એમ કરીને એણે જણાણું, આત્માનું સ્વરૂપ જાણવું જોઈએ. આહાહા..! **'જો શુદ્ધાત્મપદકી પ્રાપ્તિ કે ચાહનેવાલે હૈં, ઉનકો યહી યોગ્ય હૈ,...'** આહાહા..! જેને ભગવાનની પ્રાપ્તિ આત્માની કરવાની ચાહના છે એને તો આનંદનો ભગવાન છે એને જાણવું જોઈએ. આહાહા..! લૂખું લાગે લૂખું. ધમાલ ધમાલ થાય લ્યો બધે. ૨૫-૨૫ હાથી, ૩૦-૪૦-૫૦ ઘોડા. છોકરાઓ માથે બેઠા હોય. આમ ચાલે. જયપુરમાં નહિ ૨૫ હાથી. ૨૧ નહિ? ૨૧ હાથી વરઘોડે. એક ફેરી ૧૮ અને એક ફેરી ૨૧ બે વાર. એ વખતે ૪૦ હજાર માણસ. એ જાણે કે આહાહા..! ભારે ધર્મ થઈ ગયો. એ તો એક શુભભાવ છે. આહાહા..! પોતાના આશ્રય વિના ધર્મ ક્યાંથી થાય? ભલે લાખો-કરોડો બીજા ખર્ચ્યા હોય એમાં.

**'આત્મા કા સ્વરૂપ જાનના ચાહિયે. જો શુદ્ધાત્મપદકી પ્રાપ્તિ કે ચાહનેવાલે હૈ, ઉનકો યહી યોગ્ય હૈ,...'** જેને શુદ્ધાત્માની પ્રાપ્તિ કરવી છે એને માટે આ યોગ્ય છે કે એને જાણવો

આત્મા છે. જેને પ્રાપ્તિ કરવી જ નથી. એ ગમે તે કરે છે રખડે છે મરીને. આહાહા..! એમાં શરીરની યુવાની હોય, લાલચોળ શરીર ફાટ ફાટ. આંખ એવી, કાન એવા, નાક એવા. આહાહા..! જંઘા-સાથળ એવા, હાથ એવા. એમાં આહાહા..! એના .. શું ક્યાં છો? સુખમાં છે. અરે! મારી નાખ્યા. એ તો માંસનો પિંડ છે જુવાની. આહાહા..! એ શક્તિ તો સ્વયંની છે. કાંઈ આત્માની શક્તિ નથી. આહાહા..!

અહીં તો શુદ્ધાત્મા જાણવું જોઈએ. શરીરને જાણવું આવું છે, તેવું છે એ તો મૂક પડતું. આહાહા..! '**શુદ્ધાત્મપદકી પ્રાપ્તિ કે ચાહનેવાલે હૈ, ઉનકો યહી યોગ્ય હૈ, કિ સમસ્ત રાગાદિક વિકલ્પોં કે સમૂહો કો છોડકર...**' આહાહા..! સમસ્ત વિકલ્પાદિ રાગ કા સમૂહ. અસંખ્ય પ્રકારના વિકલ્પો શુભ-અશુભને છોડકર '**આત્મા કે શુદ્ધ સ્વરૂપ કો ધ્યાવે...**' એ '**આત્મા કે શુદ્ધ સ્વરૂપ કો ધ્યાવે...**' આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં ઉપયોગ એના આત્માનું ધ્યાન કરે. આહાહા..! '**ઔર વિકારોં પર દૃષ્ટિ ન રખેં.**' છે ને? એ તો પછી એનો અર્થ કર્યો છે. '**સમસ્ત રાગાદિક વિકલ્પોં કે સમૂહો કો છોડકર આત્મા કે શુદ્ધ સ્વરૂપ કો ધ્યાવે...**' પછી એમાં છોડવો એટલે એના ઉપર લક્ષ ન કરવું. આહાહા..!

---

## ગાથા-૧૭૪

अथ चतुष्पादिकां कथयति-

३०५) एहु जु अप्पा सो परमप्पा कम्म-विसेसेँ जायउ जप्पा।
जामइँ जाणइ अप्पें अप्पा तामइँ सो जि देउ परमप्पा।।१७४।।

एष यः आत्मा स परमात्मा कर्मविशेषेण जातः जाप्यः।
यदा जानाति आत्मना आत्मानं तदा स एव देवः परमात्मा।।१७४।।

एहु इत्यादि। एहु जु एष यः प्रत्यक्षीभूतः अप्पा [१]स्वसंवेदनप्रत्यक्ष आत्मा। स कथंभूतः। सो परमप्पा शुद्धनिश्चयेनानन्तचतुष्टयस्वरुपः क्षुधाघष्टादशदोषरहितः स निर्दोषिपरमात्मा कम्म-विसेसें जायउ जप्पा व्यवहारनयेनादिकर्मबन्धनविशेषेण स्वकीयबुद्धिदोषेण जात उत्पन्नः कथंभूतो जातः जाप्यः पराधीनः जामइं जाणइ यदा काले जानाति। केन कम्। अप्पें अप्पा वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानपरिणतेनात्मना निजशुद्धात्मानं तामइं तस्मिन् स्वशुद्धात्मानुभूतिकाले सो जि स एवात्मा देउ निजशुद्धात्मभावनोत्थवीतरागसुखानुभवेन दीव्यति क्रीडतीति देवः परमाराध्यः किंविशिष्टो देवः। परमप्पा शुद्धनिश्चयेन मुक्तिगत-परमात्मसमानः। अयमत्र भावार्थः। यधेवंभूतः परमात्मा शक्तिरुपेण देहमध्ये नास्ति तर्हि केवलज्ञानोत्पत्तिकाले कथं व्यक्तिभविष्यतीति।।१७४।।

---

૧. અહીં 'स्वसंवेदन ज्ञान प्रत्यक्ष' હોવું જોઈએ.

आगे चतुष्पदछंदमें आत्माके शुद्ध स्वरुपको कहते हैं-

गाथा-१७४

अन्वयार्थः-[एष यः आत्मा] यह प्रत्यक्षीभूत स्वसंवेदनज्ञानकर प्रत्यक्ष जो आत्मा [स परमात्मा] वही शुद्धनिश्चयनयकर अनंत चतुष्टयस्वरुप क्षुधादि अठारह दोष रहित निर्दोष परमात्मा है, वह व्यवहारनयकर [कर्मविशेषेण] अनादि कर्मबंधके विशेषसे [जाप्यः जातः] पराधीन हुआ दूसरेका जाप करता है; परंतु [यदा] जिस समय [आत्मना] वीतराग निर्विकल्प स्वसंवेदनज्ञानकर [आत्मानं] अपनेको [जानाति] जानता है, [तदा] उस समय [स एव] यह आत्मा ही [परमात्मा] परमात्मा देव है।

भावार्थः- निज शुद्धात्माकी भावनासे उत्पन्न हुआ जो परम आनंद उसके अनुभवमें क्रीडा करनेसे देव कहा जाता है, यही आराधने योग्य है। जो आत्मदेव शुद्ध निश्चयनयकर भगवान् केवलीके समान है। ऐसा परमात्मदेव शक्तिरुपसे देहमें हैं, जो देहमें न होवे, तो केवलज्ञानके समय कैसे प्रगट होवे।।१७४।।

---

હવે, ચતુષ્પદોનું કથન કરે છે :-(હવે ચાર સૂત્રો કહે છે) :-

ભાવાર્થઃ- આ સ્વસંવેદનપ્રત્યક્ષ આત્મા શુદ્ધ નિશ્ચયનયથી અનંતચતુષ્ટયસ્વરૂપ ક્ષુધાઆદિ અઢાર દોષ રહિત નિર્દોષ પરમાત્મા-તે વ્યવહારનયથી અનાદિકર્મબંધનના વિશેષથી પોતાની બુદ્ધિના દોષથી પરાધીન થયો છે.

પરંતુ જ્યારે વીતરાગનિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનરૂપે પરિણત આત્મા વડે નિજશુદ્ધ-આત્માને જાણે છે ત્યારે તે સ્વશુદ્ધઆત્માની અનુભૂતિના સમયે તે જ આત્મા નિજ-શુદ્ધઆત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ સુખાનુભવથી શોભે છે, ક્રીડા કરે છે તે દેવ છે કે જે પરમઆરાધ્ય છે; તે દેવ શુદ્ધનિશ્ચયનયથી મુક્તિગત પરમાત્મા સમાન છે.

અહીં, ભાવાર્થ એમ છે કે જો આવો પરમાત્મા શક્તિરૂપે દેહમાં ન હોય તો કેવળજ્ઞાનની ઉત્પત્તિકાળે તેની વ્યક્તિ કેવી રીતે થાય? ૧૭૪.

---

## ગાથા-૧૭૪ ઉપર પ્રવચન

૧૭૪. 'ચતુષ્પછંદ મેં આત્મા કે શુદ્ધ સ્વરૂપકો કહતે હૈં—' ૧૭૪.

३०५) एहु जु अप्पा सो परमप्पा कम्म-विसेसेँ जायउ जप्पा।
जामइँ जाणइ अप्पें अप्पा तामइँ सो जि देउ परमप्पा।।१७४।।

દેવ પરમાત્મા. એક જણા કહે ભગવાનઆત્મા. કહે અરે! અત્યારે ભગવાનઆત્મા હોય? અહીં તો ક્ષણે ક્ષણે ત્રિકાળી પરમાત્મા છો બાપુ! પર્યાયની દૃષ્ટિ છોડી દે ત્રિકાળી પરમાત્મા જ છો. અરેરે! કેમ બેસે? આહાહા..! એક છાણનો પોદળો સારો મળી જાય ત્યાં રાજી રાજી થઈ જાય.

આખો ટોપલો ભરાઈ જાય. મોટી ભેંસ હોય અને બહુ ખવરાવ્યું હોય. મોટું કોળું એક આખું. ટોપલો ભરાય. અરે! ચક્રવર્તી જ્યારે થાય તો એને બળખો છોડી દે એમ છોડી દે બધું. એ અહીંયાં આહાહા..! સ્ત્રીનો દેહ અને ગરીબ ઘર, એને પોદળો મળે ઓલો ત્યાં આહાહા..! વિષ્ટા છે જડની. ભેંસની વિષ્ટા છે ને એ? શું કરે છો પ્રભુ તું? ક્યાં જા છો? આહાહા..! ઓલાને પૈસાના પોદળા.

પેલી બાયુ નહિ પટારા રાખતા. અત્યારે આપતા હશે. લગનમાં પટારો આપે પિયરથી. વાસણ ભર્યું હોય. આ ને તે ફલાણું. આહાહા..! એને એમ થાય કે વાહ વાહ મારો પટારો મને આપ્યો મારા પિયરમાંથી. આ પટારો તો ધૂળનો છે. આ ભગવાને પટારો અહીં કર્યો છે ને. આહાહા..! અહીંયાં કહે છે જુઓ! 'एष यः आत्मा' છે ને? 'एष'ની વ્યાખ્યા કરી. '**યહ પ્રત્યક્ષીભૂત સ્વસંવેદનજ્ઞાનકર પ્રત્યક્ષ જો આત્મા...**' આહાહા..! એ આત્મા તો પોતાના સ્વસંવેદન જ્ઞાનથી પ્રાપ્ત છે એવો આત્મા છે. આહાહા..! એ રાગથી પ્રાપ્ત ન થાય અને પરલક્ષી શાસ્ત્રજ્ઞાનથી પણ પ્રાપ્ત ન થાય. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ દેવ-ગુરુની વાણીથી પ્રાપ્ત ન થાય. અરે! દેવ-ગુરુએ કહ્યું શાસ્ત્રનું જ્ઞાન એને ખ્યાલ આવ્યું, એનાથી પ્રાપ્ત ન થાય એમ કહે છે. આવી વાતું.

એ તો કેવો છે? '**પ્રત્યક્ષીભૂત સ્વસંવેદનજ્ઞાનકર પ્રત્યક્ષ જો આત્મા...**' આહાહા..! અરે! એને શ્રદ્ધામાં હજી ઠેકાણા નથી. હું તો મારો ભગવાન સ્વસંવેદન જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થઈ શકે એવો હું છું. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયથી તો નહિ, પણ શાસ્ત્રજ્ઞાનથી પણ નહિ. આહાહા..! આવી વાત છે. ધર્મચંદજી! આવી વાત છે. આહાહા..! ..નો તો પોકાર વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થાય. વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય. અરે! પ્રભુ શું કહે છે તું? પ્રભુ તને તારી મોટપની ખબર નથી. આહાહા..! તારી મોટપ પરને આશ્રયે પ્રગટે એ છે નહિ એટલી.

સ્વ પોતાના સ્વં પ્રત્યક્ષવેદનથી પ્રાપ્ત થાય એવો ભગવાનઆત્મા છે. આહાહા..! અરેરે! સમ્યગ્દૃષ્ટિની પ્રતીતિમાં એ વર્તે છે કે હું તો મારા પ્રત્યક્ષ જ્ઞાનથી પ્રત્યક્ષ પ્રાપ્ત થાય એ છું. બીજી કોઈ રીતે પ્રાપ્ત થાય એવો હું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાંક કહેવામાં આવ્યું હોય શુભોપયોગ સાધન છે ને આ છે. એ તો એનું જ્ઞાન કરાવ્યું. બાપુ! આહાહા..! શુભોપયોગથી રહિત, શુદ્ધ પર્યાયથી પણ રહિત ભગવાન ત્રિકાળ જે છે એને વર્તમાન સ્વસંવેદનજ્ઞાનથી પ્રત્યક્ષ થઈ શકે એવો આત્મા છે. આવી વાતું છે. આ તો પરમાત્મપ્રકાશની છેલ્લી ગાથાઓ છે. ૭૪ છે ને. ૬ અને ૧૪ એટલી રહી. આહાહા..! ૨૦ ગાથા રહી.

શું કહે છે? પ્રભુ તું છો કે નહિ? અને છો તો શેનાથી પ્રાપ્ત થાય એવો તું છો? એ પોતાના સ્વના જ્ઞાનથી સં પ્રત્યક્ષ વેદન કરે તેનાથી પ્રાપ્ત થાય એવો છે. આહાહા..! .. ઢોરમાં પણ પ્રાપ્ત થાય તો એ આત્મા પોતાથી થાય છે. આહાહા..! પશુમાં જેને હજાર હજાર યોજનના શરીર, મોટા લાંબા પૂંછડા મત્સના. આહાહા..! ઓલું કહ્યું હતું રાતે સાધુ મુનિ આવ્યા ત્યારે સમજ્યો ને? એને લઈને સમજ્યો કે નહિ? મુનિ આવ્યા સિંહ પાસે ભગવાનના દસમા ભવમાં. બાપુ! એ બધી વાતું બહારની

છે. સમજ્યો છે એ સ્વસંવેદનથી પોતે પ્રાપ્ત થયું છે. એણે નજરું બહારમાંથી કાઢીને અંદરમાં નાખી છે. આહાહા..! ત્યારે તેને આત્મા જણાય છે અને ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! આવી વાત છે. 'एष' શબ્દ પડ્યો છે ને? 'एष' એટલે પ્રત્યક્ષ બધા. '**પ્રત્યક્ષીભૂત સ્વસંવેદનજ્ઞાનકર પ્રત્યક્ષ જો આત્મા...**' આહાહા..!

'स परमात्मा' '**વહી શુદ્ધનિશ્ચયનયકર અનંત ચતુષ્ટયસ્વરૂપ...**' ત્રિકાળી હોં. '**ક્ષુધાદિ અઠારહ દોષ રહિત નિર્દોષ પરમાત્મા હૈ,...**' કારણ કે એમાંથી ક્ષુધાદિ અઢાર દોષરહિત પરમાત્મા પ્રગટ થાય છે ને? તે વસ્તુ પરમાત્મા એ અઢાર દોષરહિત પરમાત્મા પોતે જ છે અંદર ત્રિકાળ. આહાહા..! સમજાણું કાંઈ? આવું હવે એક આટલા શરીરમાં આવા હાડકા ને ચામડા માંસ, ભગવાન આવો ચૈતન્ય રતન. આહાહા..! કહે છે કે '**શુદ્ધનિશ્ચયનયકર અનંત ચતુષ્ટયસ્વરૂપ...**' અનંતચતુષ્ટય એ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતસત્તા અર્થાત્ અનંતવીર્ય. જેનો જ્ઞાનસ્વભાવ અનંત છે. દર્શન સ્વભાવ અંનત છે. શક્તિ હોં સ્વભાવ. જેનો આનંદ સ્વભાવ અનંત છે, જેનો પુરુષાર્થ વીર્ય સ્વભાવ અનંત છે, એવી શક્તિરૂપ સ્વભાવનું સામર્થ્યરૂપ અનંતચતુષ્ટયરૂપ તે ભગવાન ક્ષુધાદિ આદિ દોષથી રહિત છે. વસ્તુ પોતે એવી છે એમ કહે છે. આહાહા..! એટલે એનો આશ્રય કરીને કેવળજ્ઞાન થાય એ પણ ક્ષુધાદિ દોષરહિત જ હોય છે. આહાહા..! આ કહે છે ને ભાઈ કેવળી થયા પછી આહાર લે. તો પણ એનો કોઈ શક્તિનો એવો સ્વભાવ છે. અહીં તો શક્તિનો સ્વભાવ એવો છે ક્ષુધા, તૃષારહિત એવો એનો સ્વભાવ છે. આહાહા..! એ .. નાખ્યું હતું. કેવળીની વાત .. આદિની. આહાહા..!

અનંતચતુષ્ટયસ્વરૂપ, અનંતચતુષ્ટયસ્વરૂપ. છે ને? જે અંદર જ્ઞાન છે તે અનંત શક્તિવાળું છે. આનંદનું શક્તિસ્વરૂપ છે. વીર્ય અને દર્શન એ '**ક્ષુધાદિ અઠારહ દોષ રહિત નિર્દોષ પરમાત્મા હૈ,...**' એ નિર્દોષ ભગવાનઆત્મા છે અંદર. આહાહા..! કારણ કે આસ્રવ ને બંધ ને પુણ્ય-પાપના તત્ત્વથી તો એ ભિન્ન તત્ત્વ જ્ઞાયક છે. એ તો નિર્દોષ સ્વરૂપ છે ભગવાન. આહાહા..! એને અહીંયાં પરમાત્મા કહે છે. પરમાત્પ્રકાશ છે ખરું ને.

'**વહ વ્યવહારનયકર...**' નિશ્ચયથી તો આ સત્ય છે કહે છે. પણ હવે પર્યાયમાં વ્યવહારનયકર. આહાહા..! '**कर्मविशेषेण**' '**અનાદિ કર્મબંધ કે વિશેષસે...**' 'जाप्यः जातः' '**પરાધીન હુઆ દૂસરે કા...**' આહાહા..! છે ને? 'जाप्यः जातः' '**પરાધીન હુઆ દૂસરે કા જાપ કરતા હૈ;...**' આહા..! ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ સ્વસંવેદનથી જણાય, એના જાપ છોડી દઈને બીજાનો જાપ કરે છે. આહાહા..! અહીં તો કહે છે કે બીજા ભગવાન છે એનો જાપ કર એ પણ તારું પરાધીનપણું છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે ભાઈ! નિશ્ચયની વાતું એકલી કરે. વ્યવહાર સાધન છે એ તો વાત કરતા જ નથી. પણ સાધન નથી ભાઈ! વ્યવહાર છે ખરો.

મુમુક્ષુ :- વ્યવહારનયની વાત તો આવે છે.

ઉત્તર :- વ્યવહાર નથી. પણ એ સાધન નથી, એનાથી પમાતો નથી અને નિશ્ચયથી પામ્યા

પછી પણ વ્યવહાર હોય તો એ વ્યવહાર નિશ્ચયની પુષ્ટિ કરે છે એમ નથી. નિશ્ચયની પુષ્ટિ તો પોતાના સ્વ આશ્રયથી જ થાય છે. ઉત્પન્ન એમ થયો પછી પુષ્ટિ વિશેષ વૃદ્ધિ પણ એ સ્વને આશ્રયે થાય છે. શુભને કારણે એ કાંઈ પુષ્ટિ થતી નથી. આહાહા..! શું કહે છે આ? આહાહા..! દાંતમાં સોના જડ્યા હોય. સોના જડે છે ને? દાંત બાત પડી જાય તો સોનું. આહાહા..! અને બોલતા હોઠ ઉંચા થાય એમ દેખાય. બીજાને દેખાડે કે જુઓ અમારે સોનાનો દાંત છે. અરે! પ્રભુ તું કોણ છો એ દેખ્યો તે? એ તે દેખાડ્યો કોકને કે આવી વાતું કરે છે આવી. આહાહા..!

અંદર ભગવાનઆત્મા સુવર્ણ સમાન વર્ણ. આ વર્ણ વિનાનો સુવર્ણ સમાન. આહાહા..! એવો ચૈતન્ય ભગવાન ક્ષુધાદિ દોષરહિત એ અનાદિ પરાધીન થયો. પરનો જાપ કરે. આહાહા..! ત્યાં સુધી લઈ ગયા વાત. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... એ તો પરાધીન હુઆ જાપ છે તારો. શુભરાગનો જાપ પરાધીન છે. ત્યાં સુધી લઈ ગયા.

નિશ્ચયથી મારું સ્વરૂપ અખંડ સત્ સ્વભાવથી ભરેલો સ્વસંવેદનથી જણાય એવી હું ચીજ છું, પણ એમાં તો પોતાનો જાપ આવ્યો સ્વસંવેદનમાં. એને છોડીને. આહાહા..! આ પાલિતાણે ગયા, સોનગઢ આવ્યા. આહાહા..! એ કહેતા હતા નહિ આપણે કેશુભાઈ છે ને. વઢવાણમાં એક કેશુભાઈ. બીજા કહે તમે પણ નિમિત્તનો નિષેધ કરો પણ જાવ છો પાછા ત્યાં વારંવાર. ભાઈ! અમે જાઈએ છીએ એ નિમિત્તથી નથી થતું એમ દઢ કરવા અમે જઈએ છીએ. કેશુભાઈ નથી? આપણે દશાશ્રીમાળી નહિ? છોકરાઓ નવી પરણ્યા છે. છોકરાઓ. .. એને ... ભાઈ અમે તો ત્યાં જઈએ છીએ નિમિત્તથી થતું નથી એની વિશેષ દઢતા માટે. થાય છે માટે નહિ. વારંવાર એમ. ઓલો કહે ત્યારે એને ઠીક. આહાહા..!

અહીં તો કહે છે કે પરમાત્માના બીજાનો જાપ કરે છે એ પોતાના પરમાત્માની ખબર નથી એ બીજાનો જાપ કરે છે એમ કહે છે. અસ્થિરતાનો શુભરાગ આવે એ જુદી વાત છે, પણ આ તો તદ્દન આત્મા .. જાય છે અને ભગવાન ભગવાન કરીને બીજાને મળી જાશે. માળાઓ ગણે. આહાહા..! એવો ભગવાનઆત્મા નથી. જે સમયે વીતરાગ નિર્વિકલ્પ સંવેદન જ્ઞાન કર. ત્યાં એમ લેવું. પાઠમાં છે ને. '**स्वकीयबुद्धिदोषेण जात उत्पन्नः**' એ વિકારાદિ ઉત્પન્ન થયો છે એ સ્વકીય દોષબુદ્ધિને કારણે છે. કર્મને કારણે નહિ. એ પાઠમાં છે. એ વિશેષ કહેવાશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, ફાગણ સુદ ૩, સોમવાર
## તા. ૨૧-૦૨-૧૯૭૭, ગાથા-૧૭૫, પ્રવચન નં. ૨૨૩

પરમાત્મપ્રકાશ. ગાથા-૧૭૫. ભાવાર્થ. થોડું ચાલ્યું છે. ભાવાર્થ-૧૭૫.

'**ભાવાર્થઃ- જો કોઈ એક પરમાત્મા પરમ પ્રસિદ્ધ સર્વોત્કૃષ્ટ અનંતજ્ઞાનાદિરૂપ લક્ષ્મી કા નિવાસ હૈ,...**' પરમાત્મા સિદ્ધ. કેવા છે પરમાત્મા? કે પરમ પ્રસિદ્ધ. સર્વોત્કૃષ્ટ અનંત જ્ઞાનાદિ જેને પ્રગટ થયા છે. એવા પરમાત્મા. કર્તા કોઈ નથી. અનાદિ પરમાત્મા સિદ્ધ ભગવાન છે. એ સર્વોત્કૃષ્ટ જ્ઞાનાદિ જેને પ્રગટ થયા છે. એવા અનંત જ્ઞાનાદિ પરમાત્મા.. છે? એ '**અનંત જ્ઞાનાદિરૂપ લક્ષ્મી કા નિવાસ હૈ,...**' આ લક્ષ્મી. આ તમારા પૈસાની લક્ષ્મી ધૂળની એ તો બધી માટી છે. કહો, શાંતિભાઈ!

અનંતજ્ઞાન, અનંત આનંદ એવી અનંતી જ્ઞાન લક્ષ્મી જેને પ્રગટ થઈ છે એવા પરમાત્મા. છે? એ જ્ઞાનમય છે. '**લક્ષ્મી કા નિવાસ હૈ,...**' વાસ છે. દેહ છે એ તો આ જડ, માટી, ધૂળ છે. કર્મ અંદર છે એ પણ જડ છે, અજીવ છે અને દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય છે એ પણ ખરેખર તો અચેતન જડ છે. એ ચૈતન્યની જાત નથી. આહાહા..! તો ચૈતન્ય જે પરમાત્મા પ્રસિદ્ધ પ્રગટ થયા એ જ્ઞાનમય, પોતાની લક્ષ્મીમાં નિવાસ કરે છે.

'**વૈસા હી મૈં હૂં.**' જરી ઝીણી કોઈ દિ' ક્યાંય સાંભળ્યું નથી, વિચાર્યું નથી તે આ તે કોણ છે અંદર પ્રભુ? સમજાય છે કાંઈ? અંદર જેવા અનંત જ્ઞાનાદિ લક્ષ્મીથી નિવાસરૂપ પરમાત્મા સિદ્ધ છે એવો હું છું. સમજાણું કાંઈ? પોતામાં અને પરમાત્મામાં કાંઈ ફેર નથી. આહાહા..! શક્તિ એનો સ્વભાવ એવો છે. સચ્ચિદાનંદ પ્રભુ, સત્ શાશ્વત ચિદ્ જ્ઞાન અને આનંદ, એની લક્ષ્મી છે એમાં પરમાત્માનો નિવાસ છે. હું પણ એવો છું. આહાહા..! સમજાણું કાંઈ?

'**યદ્યપિ વ્યવહારનયકર મૈં કર્મોં સે બંધા હૂં,...**' નિમિત્તથી કર્મ જે જડ છે એના સંબંધે હું છું. મારી ચીજ છે પરમાર્થે તો ભિન્ન આનંદકંદ છે. આહાહા..! સમજાણું કાંઈ? નિશ્ચયથી '**વ્યવહારનયકર મૈં કર્મોં સે બંધા હૂં,...**' કર્મ જડ છે એના સંબંધે નિમિત્ત હું છું. એમ. '**કર્મોં સે બંધા હૂં,...**' એ પણ નિમિત્તનું કથન છે. પોતાની અજ્ઞાનદશા સ્વરૂપનું ભાન નથી એવી પોતાની અજ્ઞાનદશાથી બંધાયેલો છે. કર્મ તો જડ, ધૂળ છે, માટી છે. આહાહા..! સમજાણું કાંઈ? પોતાના સ્વભાવને ભૂલીને જે અજ્ઞાન છે, રાગ, દ્વેષ અને અજ્ઞાન એનાથી બંધાયેલો છે. કર્મથી બંધાયેલો એ તો જડનું નિમિત્તથી કથન છે. આહાહા..!

'**તો ભી નિશ્ચયનયકર મેરે બંધ મોક્ષ નહીં હૈ,...**' આહાહા..! વસ્તુ જે છે એમાં બંધ શું અને વસ્તુનો મોક્ષ શું? સચ્ચિદાનંદ સ્વરૂપ વસ્તુ દ્રવ્ય મોક્ષ સ્વરૂપ છે એ તો આત્મા. કેમ બેસે પણ અનાદિ કોઈ દિ' અભ્યાસ નથી. આહાહા..! દેહ દેવળમાં ભગવાન અંદર આત્મા દિવ્યશક્તિનો ભંડાર ભરેલો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? કદી અભ્યાસ નહિ, કદી એનો વિશ્વાસ શક્તિ નહિ. સમ્યગ્દર્શન. શું ચીજ છે? હું કોણ છું? એ સમજ્યા વિના. અહીંયાં તો કહે હું એવો જ છું. જેવા પરમાત્મા છે, આનંદકંદ પ્રભુ એવો હું છું. આહાહા..! છે? આહાહા..!

'**મેરે બંધ મોક્ષ નહીં હૈ, જૈસા ભગવાન કા સ્વરૂપ હૈ, વૈસા હી મેરા સ્વરૂપ હૈ.**' શુદ્ધચૈતન્યઘન આત્મા, આનંદકંદ એવા પરમાત્મા છે એવો હું છું. એવી દષ્ટિ કર્યા વિના તેને ધર્મની

શરૂઆત કદી ત્રણકાળમાં થતી નથી. સમજાણું કાંઈ? હું પરમાત્મસ્વરૂપ જ છું. આ પરમાત્મપ્રકાશ છે ને? યોગીન્દ્રદેવ દિગંબર મુનિ ૧૩૦૦ વર્ષ પહેલાં કહે છે. પંચમઆરાના પ્રાણીને. પ્રભુ! તું કેવો છો? આહાહા..! જેવું સોળ વલું સોનું છે એવું જ તારું સ્વરૂપ સોળ વલું સોનું નિર્મળાનંદ અંદર છે. આહાહા..!

મુમુક્ષુ :- પ્રગટરૂપે જ છે ને?

ઉત્તર :- શક્તિરૂપે પ્રગટ જ છે. શક્તિરૂપે પ્રગટ છે. પર્યાયરૂપે નહિ. પર્યાયરૂપે પ્રગટ કરવાનો તો ઉપાય બતાવે છે. શક્તિરૂપે પ્રગટ છે. સત્તા સ્વભાવ પોતાનો અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ એ શક્તિરૂપે તો પ્રગટ જ છે. એ પર્યાયમાં પ્રગટ કરવો એનો પુરુષાર્થ આ છે. વર્તમાનમાં પ્રગટ કરવો, હું અનંત જ્ઞાનમય છું, આનંદ છું, શુદ્ધ પરિપૂર્ણ હું છું. આહાહા..! મારામાં તો આ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ છે એ પણ મારામાં નથી. અને હું અલ્પજ્ઞ પણ નથી. એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ?

લીંડીપીપર હોય છે ને નાની લીંડીપીપર? તો એમાં ચોસઠ પહોરી શક્તિ પડી છે અંદર. ચોસઠ પહોરી છે તો પ્રગટ થાય છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે એમાંથી મળે છે. ઘૂંટે છે ને? ચોસઠ પહોરી તિખાશ ક્યાંથી આવી? બહારથી આવે છે? પત્થરથી આવે છે? પત્થરમાંથી આવે તો કાંકરા ઘૂંટે નહિ. એમાં ચોસઠ એટલે રૂપિયો, સોળ આના, ચોસઠ પૈસા એમ પૂર્ણ, બધું એક કહો. ચોસઠ કહો, સોળ આના કહો, રૂપિયો કહો, પૂર્ણ કહો એ શક્તિ, નાની છે પણ શક્તિ તો પૂર્ણ અંદર પડી છે. એમ આ ભગવાનઆત્મામાં શરીરનો સંબંધ હોય, રાગનો સંબંધ હોય, પણ એ ચીજ જે છે. આહાહા..! પૂર્ણ પરમાત્મશક્તિથી ભરેલો આત્મા છે. કેમ બેસે? એક બીડી વિના ચાલે નહિ અને એના વિના ચાલે નહિ. એમાં બહારમાં તું મરી ગયો. શું મારી ચીજ છે એની એને ખબર નથી. આહાહા..!

એ અહીં કહે છે. યોગીન્દ્રદેવ મુનિ, દિગંબર મુનિ. ૧૩૦૦ વર્ષ પહેલાં એમ કહેતા હતા કે પ્રભુ! તું તો પરમાત્મા છો ને. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! તારી શક્તિ અને સત્વનો સ્વભાવ જ પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! અરે! કેમ બેસે? આહાહા..! કહે છે કે '**જૈસા ભગવાન કા સ્વરૂપ હૈ, વૈસા હી મેરા સ્વરૂપ હૈ. જો આત્મદેવ મહામુનિયોંકર પરમ આરાધને યોગ્ય હૈ,...**' સંત તો તેને કહીએ કે જેમાં પરમાત્મા આનંદસ્વરૂપ છે એનું આરાધન, સેવન કરે એનું નામ સંત છે. આહાહા..! સમજાણું કાંઈ? પંચમહાવ્રત પાળે, નગ્નપણું એ કોઈ સંતપણું નથી. આહાહા..!

ભગવાન અનંત આનંદ સ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર પરમાત્મા પોતાનું સ્વરૂપ પરમસ્વરૂપ એનું મહામુનિ સેવન કરે છે. આરાધન એનું કરે છે. આનંદનું સેવન કરે છે. આહાહા..! આવી વાતું ઝીણી પડે માણસને. ઓલું વ્યવહારથી થાય, વ્યવહારથી થાય, ધૂળેય ન થાય સાંભળને. વ્યવહારથી પુણ્ય બંધાય રાગ મંદ હોય તો. અહીંયાં તો અબદ્ધસ્વરૂપ ભગવાન શક્તિરૂપે પૂર્ણતા છે એની સેવના મુનિઓ કરે છે. મુનિઓ પંચમહાવ્રત પાળે છે કે નગ્ન થાય એમ નહિ. હોય નગ્નપણું

નિમિત્ત તરીકે. પણ એ પાળે છે પોતે શુદ્ધચૈતન્યનો અનુભવ સેવન એ કરે છે. આહાહા..! આ વ્યવહાર ઊડી જાય છે એની ભાષામાં. આહાહા..!

'**આત્મદેવ મહામુનિયોંકર પરમ આરાધને યોગ્ય હૈ,...** ' પરમ આરાધને યોગ્ય હૈ. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર પરમાત્મા એ સેવવા યોગ્ય છે એ તો શુભભાવ છે, એ ધર્મ નથી. આહાહા..! તીર્થંકર પરમાત્માની ભક્તિ, પ્રતિમા, મંદિર આદિ, પૂજા આદિ એ તો એક પુણ્યભાવ છે. એ તો પાપથી બચવા એ ભાવ આવે છે. પણ એ ધર્મ નથી. આહાહા..! જ્યાં નજર કરવાથી પરમાત્માસ્વરૂપ નજરમાં આવે અને એની સેવના કરવી એ ધર્મ છે. આહાહા..! આવી વાત લોકોને એવી લાગે. કોઈ દિ' કરી નથી. દુનિયામાં એક તો પાપમાં ૨૨ કલાક, ૨૪ કલાક ગાળે. પણ બાયડી, છોકરા, રળવું, પૈસા ધૂળ ને ધમાહા. એકલા પાપના પોટલા. પુણ્યના ઠેકાણા નથી ત્યાં ધર્મ ક્યાંથી આવ્યો એને?

શ્રવણ, મનન, ચિંતવન, શાસ્ત્ર વાંચન, એ બધા પુણ્યભાવ, શુભભાવ છે. જેને શુભભાવના ઠેકાણા નથી, આહાહા..! એને આ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ પુણ્ય-પાપના રાગથી ભિન્ન છે. સમજાણું કાંઈ? એ મુનિઓને આરાધન છે. '**ઔર અનંત સુખ આદિ ગુણોં કા નિવાસ હૈ.** ' માથે આવ્યું હતું ને? '**સર્વોત્કૃષ્ટ અનંત જ્ઞાનાદિરૂપ લક્ષ્મી કા નિવાસ હૈ,...** ' પરમાત્મા. પ્રગટ પરમાત્મા. પ્રગટ પરમાત્મા અનંત જ્ઞાનાદિરૂપ લક્ષ્મીનું નિવાસ છે. એમ આ દેહ અનંત જ્ઞાનાદિ ગુણનો નિવાસ છે. આહાહા..!

'**અનંત સુખ આદિ ગુણોં કા નિવાસ હૈ. ઈસસે યહ નિશ્ચય હુઆ કિ જૈસા પરમાત્મા વૈસા યહ આત્મા...**' આહાહા..! પરમાત્માની પ્રગટ દશા અનંત આનંદ જ્ઞાનાદિ પ્રગટી. તારામાં શક્તિરૂપે પૂર્ણ. એ પરમાત્માના આત્મામાં સ્વભાવ ને શક્તિ ને સામર્થ્યમાં ફેર નહિ. આહાહા..! આ ક્યાં બેસે? સમજાણું કાંઈ? '**જૈસા પરમાત્મા વૈસા યહ આત્મા...**' એવો આ આત્મા. આહાહા..! '**ઔર જૈસા યહ આત્મા હૈ વૈસા હી પરમાત્મા હૈ.**' '**જૈસા યહ આત્મા હૈ વૈસા હી પરમાત્મા હૈ.**' આહાહા..! પરમાત્મા સર્વજ્ઞ અરિહંત પરમેશ્વર એ પૂર્ણ જ્ઞાન આનંદ પ્રાપ્ત થયા એ દશા આવી ક્યાંથી? બહારથી આવે છે? આહાહા..!

અનંત અનંત અપરિમિત હદ વિનાની જેની એક એક જ્ઞાનશક્તિ છે. એક એક શક્તિ શ્રદ્ધા અનહદ બેહદ સ્વભાવથી ભરેલી શક્તિ છે. એવી આનંદ શક્તિ, બેહદ શક્તિથી ભરેલો છે. એવી અનંત શક્તિઓનો નિવાસ જેમાં છે. આહાહા..! અનંત શક્તિ એમાં રહે છે. નિવાસ એટલે આત્મામાં અનંતશક્તિ રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં વાસ્તુ કર. આ મકાન ધૂળના બનાવે બે, પાંચ લાખના અને વાસ્તુ કરે આમ જાણે ઓહોહો..! બે-પાંચ હજાર ખર્ચે. મંત્રી, ઢીકણા, મોટાને બોલાવે ત્યારે. ઓહોહો..! શું કર્યું ધૂળ કરી સાંભળને હવે. આહાહા..! આ વસ્તુ જે અનંતગુણનો વાસ જેમાં છે. નિવાસ છે ને? ત્યાં વસ. બહારથી ખસ, ટૂંકું ટચ એટલું બસ. આહાહા..! અરેરે! એને કાંઈ સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ટૂંકું ટચ કરે પણ સમજે છે કાંઈ?

ઉત્તર :- ટૂંકુ ટચ એટલે બહુ થોડું છે. પરથી ખસ, સ્વમાં વસ, અલ્પવાતમાં બધું ભર્યું છે બસ. આહાહા..! એનો અર્થ એ થયો વ્યવહાર અને પર્યાયથી ખસ હઠી જા. આહા..! ત્યાં તે તંબુ તાણ્યા છે મારે. વિકલ્પો જે રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, રળવું, ભોગ, વિષય, પાપના ભાવ એમાં તે તારા તંબુ નાખ્યા છે. અરરર! આહાહા..! એ બધા રખડવાના, નરક અને નિગોદમાં જવાના રસ્તા છે. આહાહા..! એ ત્યાંથી ખસી જા. જ્યાં અનંત જ્ઞાનનો નિવાસ છે ત્યાં જા ને પ્રભુ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. લોકોને એવું નડે છે આ બધું કે વ્યવહાર કરતા કરતા થાય. દયા, દાન ને વ્રત, ભક્તિ કરતા પણ એ તો રાગથી કરતા કરતા પણ વસ્તુમાં ક્યાં છે તો એનાથી થાય? આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

'**ઈસસે યહ નિશ્ચય હુઆ કિ જૈસા પરમાત્મા વૈસા યહ આત્મા હૈ ઔર જૈસા યહ આત્મા હૈ, વૈસા હી પરમાત્મા હૈ. જો પરમાત્મા હૈ. વહ મૈં હૂં, ઔર જો મૈં હૂં, વહી પરમાત્મા હૈ.**' એનો શબ્દમાં હવે ઉકેલ કરે છે. '**અહં યહ શબ્દ દેહ મેં સ્થિત આત્મા કો કહતા હૈ.**' અહં. અહં એ દેહમાં બિરાજમાન ભગવાન ભિન્ન. આહાહા..! એક ભવમાંથી બીજા ભવમાં જાય છે ત્યાં દેહ સાથે રહે નહિ. આત્મા અને કર્મ બાંધેલા પરમાણુઓ. તેજસ શરીર. બેય સાથે અત્યારે છે. દેહ છૂટે પછી આ તો સ્મશાનની માટી. આહાહા..! જાશે એકલો અહીંથી છૂટીને. આહાહા..!

રસ્તામાં એકલો રહે છે કે નહિ? શરીર પણ નથી ત્યાં તો. અહીંથી જાય બીજે ભવે. દેહ છૂટીને નરકમાં જાય, તિર્યંચમાં જાય, પશુમાં જાય. આહાહા..! એકલો પણ ત્યાં રહી શકે છે ને? કર્મનો સંબંધ છે એટલો છે. પણ એ કર્મના સંબંધે ત્યાં જાય છે એમ પણ નથી. એ પોતાની યોગ્યતાને લઈને ત્યાં જાય છે. આહાહા..! બધી વાતમાં ફેર, ફેર બહુ બાપુ. તારા સત્યને તે સાંભળ્યું નથી. '**श्रुतपरिचत**' કહ્યું ને? ચોથી ગાથા. '**श्रुतपरिचतानुभूता**' એ દયા, દાન, વ્રત અને કામ, ક્રોધના ભાવરૂપી રાગ એ વાત તો તે અનંતવાર સાંભળી. અનંતવાર પરિચયમાં આવી અને અનંતવાર તારા અનુભવમાં આવી છે. પણ એ રાગના વિકલ્પથી ભિન્ન ભગવાન આહાહા..! એ વાત તને સાંભળવામાં આવી નથી. આહાહા..! જે સાંભળવા જેવું છે એ સાંભળવામાં આવ્યું નથી. અને સાંભળવાની નથી જરૂર એને સાંભળી સાંભળીને કાન ફૂટ્યા એના. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે એ '**અહં યહ શબ્દ દેહ મેં સ્થિત આત્મા કો કહતા હૈ.**' અહં હું એ હું કોને લાગુ પડે છે? એ ભગવાન ચૈતન્યમૂર્તિ એને અહં લાગુ પડે છે. દેહને અહં લાગુ પડે છે? દેહ તો પર છે આ જડ માટી. '**ઔર સઃ યહ શબ્દ મુક્તિ પ્રાપ્ત પરમાત્મા મેં લગાના.**' '**अहं सः**' સોહમ્ છે ને? '**अहं सः**' એમ લગાવ્યું અહીં. સો અહં. છે ને સો અહં. '**જો પરમાત્મા વહ મૈં હૂં,...**' અહીં કીધું '**अहं सः**' એના જેવો હું છું. સમજાણું કાંઈ? સોહમ્... સોહમ્... સોહમ્... શબ્દ નહિ હોં. '**अहं**' એ પોતાનું અસ્તિત્વ બતાવે છે. '**अहं**' એ પોતાની હયાતી-મોજુદગી બતાવે

છે. હું છું. આહાહા..! હું ચૈતન્ય ભગવાન આનંદકંદ પ્રભુ છું. એવો '**अहं**' પોતાની મોજુદગી બતાવે છે, અસ્તિત્વ બતાવે છે. અને '**सः**' '**अहं सः**' સોહમ્ સોહમ્ કરી નાખી ને '**अहं सः**' કરી નાખ્યું. સોહમમાં છે ને '**अहं सः**' તે હું એમ નહિ પણ '**अहं सः**' તે. આહાહા..! સમજાણું કાંઈ? એવી વાત છે બાપુ!

ભગવાનને સંભાળવા અને જેની જેટલી શક્તિ છે એટલી શક્તિવાન અંતરમાં માનવું એ અલૌકિક વાત છે. આહાહા..! '**अहं यह शब्द देहमें स्थित आत्मा को कहता है.**' આહાહા..! '**अहं**' કોણ જાણે છે? સ્ત્રી જાણે છે અહં? વાણી જાણે છે? જડ છે એ તો. '**अहं**' જેને જ્ઞાન છે કે '**अहं**' આ હું '**सः**' તે. એ પરમાત્મા જેવા છે એવા '**अहं सः**' આહાહા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો, ચેતનરૂપ અરૂપ (અનૂપ) અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો. મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો, જ્ઞાન કળા ઊપજી અબ મોકુ કહું ગુણ નાટક આગમ કેરો. તાસુ પ્રસાદ સધે શિવ મારગ વેગે મિટે ઘટ વાસ વસેરો.' આ સડેલા શરીરમાં વસવું ભગવાનને. આહાહા..! મરી ગયેલા સડેલા ગધેડાના શરીર હોય, એમાં મેસુબને વીંટવો, મેસુબ મેસુબ. આહાહા..! મૈસુબ સમજો છો? મૈસુબ કહે છે ને.

મુમુક્ષુ :- એનામાં મેસુર કહે. બ ન બોલે ર બોલે.

ઉત્તર :- આપણે અહીંયાં મેસુબ કહે. અમારી દીક્ષામાં પચાસ મણ મેસુબ કર્યો હતો. માગશર સુદ નોમ. ૭૦માં. તે પચાસ મણમાં મણના દસ રૂપિયા, અત્યારે ક્યાં ઠેકાણા? પચાસ મણમાં પાંચસો રૂપિયાનો ખર્ચ હતો. ખુશાલભાઈએ કરેલોને ઘરે દીક્ષા. ૭૦ ૭૦ ૬૪ વર્ષ થયા.

મુમુક્ષુ :- દસ રૂપિયે મણ

ઉત્તર :- તે દિ' તો દસ રૂપિયે. તે દિ' તો સોંઘુ હતું. બાર આના શેર બદામ હતી. તે દિ' ક્યાં હતું? આ તો બધું ફરી ગયું અત્યારે અને પૈસા આ તો વધી ગયા છે ને. આટલા પૈસા પણ કે દિ' હતા? દસ લાખ, વીસ લાખ, પચ્ચીસ લાખ, કરોડ, બે કરોડ. દસ હજાર રૂપિયા હોય ત્યાં તો કહે ઓહોહો..! તે દિ' તો એવું હતું. ૨૦નો પચ્ચીસ ગુણો ભાવ. એકમાં તો કેટલા હતા? આ પૈસે શેર ગાયનું દૂધ મળતું. અત્યારે એક રૂપિયાનું શેર. ચોસઠ ગણું થઈ ગયું.

મુમુક્ષુ :- એક રૂપિયાનો ... ધોતિયાનો. આજે એના ૬૦ રૂપિયા.

ઉત્તર :- ધોતિયાના. આહાહા..! પણ આ તો અમારા કણબીવાડમાં મકાનને ત્યાં. મહેમાન આવે મહેમાન તો મારી બા તો ત્યાંના ખરા ના. ઉમરાળાના. દૂધ લેવા જાય. પૈસાનું શેર. ઉજમબા પૈસા નહિ લઈએ હોં. લઈ જાવ શેર. શેર દૂધ અમથુ મફત આપે. અમારા ઘર છે ને એની સામે કણબીના ઘર છે. એ આપતા બિચારા. આ તો પોણો સો વર્ષ પહેલાની વાતું છે. એક પૈસે શેર ગાયનું. હમણા કોકને પૂછયું હતું.

મુમુક્ષુ :- પણ તે દિ' પૈસો મોંઘો હતો.

ઉત્તર :- એક પૈસો. અત્યારે એક રૂપિયાનું શેર ગાયનું. સારી ગાયનું હોં. નહિતર બાર આનાનું.

મુમુક્ષુ :- તે દિ' દૂધ ખાતા એનાથી આજ દૂધ ખાનારા.

ઉત્તર :- દૂધ પણ બધા સમજવા જેવા અત્યારના. એ વખતે દૂધ તો ચોખ્ખા. એમ ભાવ એનો વધી ગયો એમ પૈસાની કિંમત ઘટી ગઈ. એમ અહીંયાં આત્માનો ભાવ જે છે જો વધી જાય તો પરની કિંમત એને ઘટી જાય. આહાહા..! ભગવાન આનંદના લક્ષ્મીનો નિવાસ પ્રભુ છે અંદર. ચૈતન્ય જ્યોતિ ઝળહળ જ્યોતિ આનંદકંદ પ્રભુ. આહાહા..!

એનું જેને અંતરમાં માહાત્મ્ય આવ્યું અને એનો જેને વિશ્વાસ આવ્યો એને પરનું તો માહાત્મ્ય જાય, રાગનું માહાત્મ્ય જાય, એક સમયની પર્યાયનું માહાત્મ્ય ઊડી જાય. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે ઓહો..! ભાષા કેવી વાપરી જુઓને. સોહમને ઠેકાણે 'अहं सः' ગુલાંટ મારીને વાત કરી. તે હું એટલે પરથી એમ ન લેવું. 'अहं' તે. હું તેવો છું. આહાહા..! શું કીધું સમજાણું. સોહમમાં તે હું આમ બહારથી લેતા પણ આ હું તે. આહાહા..! ગજબ વાત છે ને. દિગંબર સંતોની શૈલી તો જુઓ! સર્વજ્ઞના કેડાયતો મુનિઓ. પ્રભુ! તું કોણ છો? 'अहं' તને થાય છે કે નહિ ક્યાંય? 'अहं'? એ કઈ ભૂમિકામાં 'अहं' થાય તને? એ જ્ઞાનસ્વરૂપી ભૂમિકા ભગવાન એમાં તને 'अहं' થાય છે. આહાહા..! એ શરીર હું એમ ત્યાં નથી આવતું કહે છે. તેમ દયા, દાન, વ્રતના, કામ, ક્રોધના રળવાના ભાવ એ 'अहं' એમ નથી આવતું. કારણ કે એ જાણતા નથી. આહાહા..! 'अहं' એ જાણનાર ભગવાન છે એમાં 'अहं'નું જાણવું થાય છે. આહાહા..! શું કહ્યું સમજાય છે કાંઈ?

'अहं' 'अहं' એવું જે જ્ઞાન થાય છે કોને? એ આત્માને. રાગને જ્ઞાન છે 'अहं'નું? આહાહા..! આ શરીર, માટી, જડ, ધૂળ છે આ તો. આમાં છે 'अहं'નું જ્ઞાન? આહાહા..! જે સ્થળમાં, ભૂમિકામાં 'अहं' એવું જે જ્ઞાન થાય તે પરમઆત્મા તું છો. સમજાણું કાંઈ? આહાહા..! બહારના આ ભભકા મારી નાખ્યા મારાને. શરીરના, પૈસાના, આબરૂના, ધૂળના, મરીને એ પાડા થાય મરીને આ બધા પૈસાવાળા હોય એ. અહીં મજુરી કરે છે ધંધાની. ત્યાં મજુરી કરવાની પાડાની. માથે નાખશે ઓલા. ગધેડા થાશે તો કુંભાર નાખશે. આ ઓલા થાય છે ને શું અત્યારે? ધૂળુ ખોદનારા નથી થાતા? બીજા થાય છે ને. આપણે ભાળ્યા હતા ને. ધુવડને, અહીં તો આપણે બીજા જોયા હતા. રખડતા હોય ને ૨૫-૫૦ સાથે ગધેડાને. ધૂળ નાખે માથે ગધેડાને. આહાહા..!

મુમુક્ષુ :- વણજારા.

ઉત્તર :- વણજારા આ હોય છે ને અત્યારે. ઓલા મકાનમાં ભર્યા હોય છે ગધેડા. એમાં ધૂળની. આહાહા..! એ ગધેડા ઉપર ભાર ભરે અને ખાવાનું પોતે ન આપે, ખાવાનું જંગલમાંથી ખાઈ લ્યો. આહાહા..! પૈસા અહીં તો રોજી આપે અને પૈસા આપે. એને તો રોજી પણ ન મળે બિચારાને. આહાહા..! અને મારા માર મણ, દોઢમણ ધૂળ નાખે.

મુમુક્ષુ :- ડફરા મારે.

ઉત્તર :- ડફરા મારે ડફરા. આહાહા..! ભાઈ! તું કોણ છો એની તને ખબર વિના તે બધી માયાચાર સેવા, આહાહા..! પાપના સેવન કર્યા, પ્રભુ એના ફળમાં ગધેડા, આ પાડા બધાય એના

ફળમાં થયા છે. માંસ, દારૂ ન ખાતા હોય વાણિયા એટલે નરકે તો ન જાય. આહાહા..! અને રાજા, મહારાજા તો સરખાયના જાય. નીચે પાર્લામેન્ટ ભરાય ત્યાં નરકમાં. નરકગતિમાં જાય એ તો. આહાહા..!

મુમુક્ષુ :- એકબીજાને મારે.

ઉત્તર :- મારે શું મારે આમ માર ધડાધડ કાપી નાખે.

મુમુક્ષુ :- એવી પાર્લામેન્ટ.

ઉત્તર :- હા એ પાર્લામેન્ટ. આહાહા..! બાપુ! તારું સ્વરૂપ છે એવું સત્યસ્વરૂપ છે. '**अहं**'. એ નિજસત્તાને અહંપણું લાગુ પડે છે. પરસત્તામાં અહંપણું લાગુ પડતું નથી. અને એક સમયની પર્યાયને '**अहं**' લાગુ નથી પડતું અહીં તો કહે છે. આહાહા..! ધર્મચંદજી! આહાહા..! '**अहं**' એ ચૈતન્યકંદ પડ્યો છે પ્રભુ, આનંદકંદ પ્રભુ એ સત્તાને '**अहं**' લાગુ પડે છે. વિકલ્પ ઊઠે એ જુદો પણ '**अहं**'નું જે જ્ઞાન થાય છે એ સત્તાને જ્ઞાન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? બીજી વાતું છે બાપુ આ તો. ઓલા કહે ભગવાનની ભક્તિ કરો, પૂજા કરો, આ કરો. ધર્મ થાશે. ધૂળમાંય નથી અહીં તો કહે છે. તારા પુણ્ય પણ નહિ સરખા બંધાય. આહાહા..! તારો નાથ પરમાત્મા અંદર બિરાજે એ ઘરમાંથી નીકળીને એંઠા ચાંટવા જા બહાર. આહાહા..! એવું છે.

'**अहं सः**' કરીને ભારે કરી. સોહમ '**सः**' તે મેં એમ નહિ પણ હું તે એના જેવો એમ. ભગવાન ત્રણલોકનો નાથ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતો થયા, તીર્થંકરો થયા, પરમાત્મા થયા, એ કહે છે કે '**अहं**' હું એ પરમાત્મા જેવો છું. કહો, શાંતિભાઈ! આહાહા..! સ્તુતિમાં આવે છે નહિ ભક્તિમાં નહિ? જેવો હું તેવા ભગવાન છે. ભક્તિમાં આવે છે. દેહમાં છે તેવો ભગવાન, તેવો જ ભગવાન છે અને ભગવાન છે તેવો આ દેહમાં છે.

મુમુક્ષુ :- જિનપદ દેખતા

ઉત્તર :- એ જુદું છે. આ તો આપણે ભક્તિમાં. સ્તવન મંજરીમાં આવે છે. જેવો અહીં છે તેવો ત્યાં છે, જેવો ત્યાં છે એવો અહીં છે. અહીં ને ત્યાંમાં કાંઈ ફેર નથી એવું આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીંયાં બસે એ. હા એ. હું તું માં ફેર કરી નાખ્યો. આહાહા..! એ વાત બેસવી બાપુ, અનંતકાળમાં એ બેસતું નથી. બાકી તો ત્યાગીએ કર્યા, મહાવ્રત પાળ્યા, બ્રહ્મચર્ય પાળ્યા, દયાઓ પાળી. એ બધા થોથા નીકળ્યા. પૈસા મળે, સ્વર્ગ મળે, પાછા મરીને નીચે નરકમાં જાય ઢોરમાં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

શેનો એક ફેર જુઓ '**जो परमात्मा है. वह मैं हूं,...**' પહેલો શબ્દ છે. '**और जो मैं हूं, वही परमात्मा है.**' એને પાછું અહીં ચાલ્યું આવે છે. '**अहं**' હું આ એ નિજસત્તા જ્ઞાન ને આનંદની હોવાપણાની શક્તિ એને '**अहं**' એવું લાગુ પડે છે. સમજાણું કાંઈ? '**अहं**' '**अहं**' ગોખે એ નહિ હોં. એ તો ૐ સોહમ સોહમ કરે છે નહિ ઓલા? માથે બેસીને. સોહમ સોહમ કરે. ભાષા

ઓલા ઓલા હોય છે ને. એ નહિ આ તો સોહમ. હું, જે મારી મોજુદગી, હયાતી, મારું અસ્તિત્વ જેવડું જે છે એ હું છું. આહાહા..! અને તે હું

'**યહ શબ્દ મુક્તિ પ્રાપ્ત પરમાત્મા મેં લગાના.**' ઠીક! આહાહા..! '**જો પરમાત્મા હૈ વહ મૈં હૂં.**' ફરી લીધું પાછું જોયું? પહેલા આવી ગયું હતું ને એ? '**ઔર મૈં હૂં સો પરમાત્મા-યહી ધ્યાન હમેશા કરના.**' આહાહા..! કહો, નમો અરિહંતાણં અને ફલાણાનું ધ્યાન કરે. પંચ પરમેષ્ઠીનું. એ તો બધો વિકલ્પ છે, શુભ રાગ છે. ધર્મ ધ્યાન નહિ. ભગવાન અહં પરમાત્મસ્વરૂપ પૂર્ણાનંદનો નાથ પૂર્ણમિદં હું તો પૂર્ણ છું. આહાહા..! એનું ધ્યાન લગાવવું. સમજાણું કાંઈ?

ધ્રુવના ધામમાં ધ્યાનને ધખતી ધુણી લગાવી દેવી કહે છે. એનું નામ ધર્મ. એનું નામ ધર્મ. આહાહા..! આવી વાત છે. આપે તો આ મંદિર બધા બનાવ્યા એમાં ધર્મ નહિ હોય? આ ઓલા ૨૬-૨૬ લાખના મકાન. મંદિર જુઓ હિન્દુસ્તાનમાં નથી એવું. આહાહા..! બાપુ! એ તો પરચીજ છે ભાઈ! એ તો એને કારણે બની છે. એને કોઈ બનાવે એ નથી. એ તો એના કાળે થાય અને તેને ભાવ હોય ભક્તિવાળાનો તો શુભભાવ હોય પુણ્ય. જન્મ-મરણ મટવાની ચીજ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ધર્માનુરાગ એને કહેવાય.

ઉત્તર :- એ ધર્માનુરાગનો અર્થ ઈ કે, ધર્મ જે છે તેનો પ્રેમ છે એમ. એટલે કીધું. રાગ નથી. ધર્માનુરાગ એમ. આહાહા..! સમજાણું કાંઈ? અરેરે! એક તો સંસારના કામ આડે નવરો ન થાય. કલાક, બે કલાક નવરો થાય તો મળે એવા કહેનારા બધા બિચારા. આ કરો, આ કરો, તો થાશે. જિંદગી ચાલી જાય. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે. પરમાત્મા કહે છે એ સંતો કહે છે. સંતો એ આડતિયા છે. પરમાત્માના માલના. સમજાણું કાંઈ? આહા..! ઓલામાં આવે છે દુનિયાના આડતિયા ઘરમાં માલ ન રાખે. માલ બીજેથી અપાવે, અહીંનો અહીંયાં એમ કરીને. આ આડતિયા ઘરમાં માલ રાખીને વેંચે છે. આહાહા..! અંદર ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ એનું શરીર પ્રમાણે ક્ષેત્ર હોવા છતાં એની શક્તિ, મર્યાદા વિનાની શક્તિ છે. આહાહા..! એવી આત્માની શક્તિ છે. આહાહા..!

'**ઔર મૈં હૂં સો પરમાત્મા-યહી ધ્યાન હમેશા...**' જોયું પછી એ હંમેશા. આહાહા..! '**ભાવય**' એમ છે ને. '**ભાવય**'. પરમાત્મા '**ભાવય**' અંતરમાં ભગવાન પૂર્ણ આનંદ, જેમ બરફની મોટી શું કહેવાય? શીલાઓ છે મુંબઈમાં નહિ? પંદર પંદર મણની, વીસ વીસ મણની બરફની શીલાઓ. એમ ભગવાન શીતળ શીલા આનંદ અને શાંતિની શીલા છે અંદર. આહાહા..! અરેરે! એનો કોઈ દિ' એને વિશ્વાસ ન આવ્યો. એને સન્મુખ જોવાને વખત ન મળ્યો અને વિમુખ થવાને એને વખત બધા મળ્યા. આહાહા..!

મોટો પુરુષ આવ્યો હોય કોઈ કરોડપતિ, અબજોપતિ. ખાસ મળવા આવ્યો હોય. એ આમ બેસે પા કલાક, અડધો કલાક. ત્યારે અહીં છોકરો હોય છ વર્ષનો, બે વર્ષનો હોય એની સાથે રમતમાં ચડી જાય ઓલો વાણિયો. ઓલો મોટો ઊભો થઈને ચાલ્યો જાય. કે માળાનું ઠેકાણું નથી આનું. એમ

ભગવાન ચૈતન્યમૂર્તિ, એની સામું જોઈને રમત માંડવી જોઈએ એ ભૂલીને પરની સાથે, બાળક સાથે, રાગ ને પુણ્ય ને પાપ ને એની સાથે રમતું માંડી ઓલી ચીજ ખોવાઈ ગઈ. ભગવાનજીભાઈ! આવી વાતું છે બાપુ આ તો. આહાહા..! જેનાથી જન્મ-મરણ ન મટે એ ધર્મ નહિ. આહાહા..! જેનાથી અવતાર એળે જાય અને અવતારનો અભાવ થઈને સફળ ન થાય એ ધર્મ નહિ. ધર્મ ઝીણી વાત છે બાપુ! એક પાંચ-પચ્ચીસ લાખ ખર્ચી નાખ્યા માટે ધર્મ થઈ જાય, મંદિર બનાવ્યા માટે ધર્મ થઈ જાય. આહાહા..! એમ નથી ભાઈ! તને ખબર નથી. આહાહા..!

જેમાં ધર્મના પૂર્ણ સ્વભાવ ભગવાનઆત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, એવી અનંતી શાંતિની શક્તિનો ભંડાર ભગવાન. અહીં સરખી બીડી મળે ત્યાં રાજી થઈ જાય. એક છીંકણી ચપટી જરી હોય છીંકણી છીંકણી. છીંકણી સમજો છો? તમાકુ. આહાહા..! મારા ગાંડા તે પાગલના ગામ જુદા હોય છે? મગજતર થઈ ગયો. આહાહા..! તો છીંકણીના ઓલામાં આખો બોળી દે તો તરબોળ થઈ જતો હશે અંદર જીવતો. આહાહા..!

દાખલો આપ્યો છે નહિ? કે જો ભાઈ તને એમ લાગતું હોય કે તારી પ્રશંસા કરે એમાં જો તને સુખ લાગતું હોય તો પ્રશંસા કરનારને એવા બે .. બનાવી દે તારા પ્રશંસક. કે ચોવીસ કલાક બોલ્યા જ કરે તારી પ્રશંસા. એ જ્યાં રાતનો આઠ વાગે, નવ વાગે તો ના પાડે હવે નહિ. કેમ? તારી પ્રશંસા તને સુખરૂપ લાગતી હતી ને? હવે સુખની ના પાડે છે તું? ભગવાનજીભાઈ! આ બારોટ હોય ને બારોટ? બહુ વખાણ કરે એ તો. આહાહા..! ચડાવી દે ફુલેકે. એને પૈસા જોતા હોય, એને રોટલા જોતા હોય લાડવા, દાળ, ભાત અને વળી પૈસા જોતા હોય પાંચ-પચ્ચીસ રૂપિયા. તમારા બાપુ આવા હતા અને તમારા બાપુ આવા હતા. આહાહા..!

મુમુક્ષુ :- બધા સાંભળે એમ બોલે.

ઉત્તર :- બોલે. અમને ખબર હતી ને. અમારે એક બારોટ હતા મોતી બારોટ. વહુ હતી જબરી, પોતે ગાતા હતા. બારોટ આવે એવા બોલે એવા બોલે. અમારે રૂપચંદભાઈના બા. .. બારોટ છે. અમારે કુંવરજીભાઈ. આહાહા..! આ તો બધી પોણો સો વર્ષ પહેલાંની વાતું છે. એ એમ કહે. એમ તને જો પ્રશંસાથી તને સુખ ઊપજતું હોય, તારા વખાણથી તને.. વખાણ સમજો છો? પ્રશંસા. પ્રશંસાથી તને ઠીક પડતું હોય તો પ્રશંસા કર્યા જ કરે. એક માણસ રાખી દે બે રૂપિયાનો મજુર. એને લખી દે બક્યા કરે. આઠ વાગ્યા, દસ વાગ્યા સુધી. હવે બંધ કર. કેમ? પ્રશંસામાં સુખ છે ને? સુખનો નકાર? સુખ નથી, ભગવાન! એમાં દુઃખ છે. પ્રશંસા સાંભળવામાં રાજી થવું એ દુઃખ છે. આહાહા..!

**'વહ પરમાત્મા પરમગુણ કે સંબંધ સે ઉત્કૃષ્ટ હૈ.'** પહેલા આવ્યું હતું ને એનું. એ આત્મા **'પરમગુણ કે સંબંધ સે ઉત્કૃષ્ટ હૈ.'** કોઈ બહારની લક્ષ્મી, પૈસાથી અને કુટુંબથી ઉત્કૃષ્ટ છે એમ નથી. આહાહા..! ભગવાનઆત્મા **'પરમાત્મા પરમગુણ કે સંબંધ સે ઉત્કૃષ્ટ હૈ. શ્રી યોગીન્દ્રાચાર્ય...'** મુનિ છે, ધ્યાનિ આનંદમાં મસ્ત. આહાહા..! વનવાસી સંતો દિગંબર મુનિઓ

એ '**પ્રભાકરભટ્ટ સે કહતે હૈ,...**' આહાહા..! '**શ્રી યોગીન્દ્રાચાર્ય પ્રભાકરભટ્ટ સે કહતે હૈ, હે પ્રભાકરભટ્ટ,...**' આહાહા..! '**તૂ સબ વિકલ્પોંકો છોડકર...**' એ પરતરફની લાગણીઓને છોડીને. વિકલ્પ એટલે રાગ. વૃત્તિ ઉત્થાન થાય છે. એ ઉત્થાન વૃત્તિનું થાય એને છોડી દે. આહાહા..! ભગવાનમાં જા અંદર. આહાહા..! આવું કહે, પણ આ જવામાં ત્યાં કોઈ સાધન હશે કે નહિ? કે આ જ સાધન? આ જ સાધન છે. બીજા કોઈ સાધન છે નહિ. ગપ્પા મારશે બધાય. સમજાણું કાંઈ? જાત્રા કરીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ, એ સાધન છે. એ તો પાપથી બચવાના શુભભાવ આવે પણ એ કાંઈ ધર્મના સાધન છે. આકરી વાતું પડે લોકોને. આહાહા..!

અહીંયાં તો વિકલ્પને છોડી દે જેને તું સાધન માને છો વ્રત ને તપ ને ભક્તિને. એ તો વિકલ્પની લાગણી, રાગની વૃત્તિ ઉઠે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**છોડકર કેવલ પરમાત્મા કા...**' એટલે? કોઈપણ વિકલ્પ છે એને છોડી દે. બધા વિકલ્પ છોડી દે. એકકોર સબ વિકલ્પો છોડ એકકોર '**કેવલ પરમાત્મા કા ધ્યાન કર.**' જુઓ! ગુલાંટ મારે છે. પરતરફના બધા વિકલ્પોને છોડી દે. આહાહા..! ત્યારે છોડીને જાવું. '**કેવલ પરમાત્મા કા ધ્યાન કર.**' એકલો પરમાત્મા ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, એનું ધ્યાન કર સમ્યગ્દર્શન જ્ઞાન એનું ધ્યાન છે. સમજાણું કાંઈ? આવી નિશ્ચયની વાત. એટલે ઓલા વ્યવહાર આચરણ કરનારાઓને એમ કે એ વ્યવહાર આચરણથી કાંઈ માનતા નથી નિશ્ચયાભાસી છે એમ કહીને. પ્રભુ! તને ખોટું લાગે છે એટલે તું આમ કરે છે હોં. આહાહા..! કેવલ એક બાજુના સર્વ વિકલ્પને છોડી, બીજી બાજુમાં એકલો પરમાત્મા છે ત્યાં જા. આહાહા..! એનું ધ્યાન કર. તારા ધ્યાનમાં એને ધ્યેય બનાવ. આહાહા..!

'**નિઃસંદેહ હોકે ઈસ દેહ મેં શુદ્ધાત્મા હૈ,...**' નિઃસંદેહ જાણે કે ભગવાન પરમાત્મ સ્વરૂપ હું છું. કેમ બેસે? જેની શક્તિ, જેનું સ્વરૂપ જ સ્વતંત્ર છે. આનંદ, જ્ઞાન, શાંતિ, પ્રભુતા, એ શક્તિનો ભંડાર ભગવાન છે. આહાહા..! એને હીણો માનવો, એ એની હિંસા છે. એને આવો પૂર્ણ માનવો એનું નામ એની દયા છે. આવી વાતું છે આ. દુનિયાથી ફેર છે બધો. આહાહા..! '**નિઃસંદેહ હોકે ઈસ દેહમેં શુદ્ધાત્મા હૈ, ઐસા નિશ્ચય કર.**' નિઃસંદેહ નામ સંદેહ છોડી દઈને. આહાહા..!

'**મિથ્યાત્વાદિ સબ વિભાવોંકી ઉપશમતા કે વશસે...**' દેખો! પરતરફના ભ્રાંતિ, રાગ, વિકલ્પ સબ વિભાવોંકી.. વિભાવ એટલે વિકાર. એનાથી ઉપશમતા કહીને ઠરીને '**વશસે કેવલજ્ઞાનાદિ ઉત્પત્તિ કા જો કારણ સમયસાર...**' આહાહા..! એક સમયમાં કેવળજ્ઞાન, અનંત આનંદ, અનંત કેવળજ્ઞાન. એવું જે પરમાત્મસ્વરૂપ એટલે '**કારણ સમયસાર (નિજ આત્મા)...**' આ જુઓ કારણ સમયસાર લાવ્યા. '**(નિજ આત્મા) ઉસીકી નિરંતર ભાવના કરની ચાહિયે.**' આહાહા..! એને નજરુંમાંથી કદી દૂર ન કરો. આહાહા..! સમજાણું કાંઈ? આંખથી ઓજલ ન કરો એને આંખમાં અંદરમાં. આહાહા..!

ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, અવિકારી સ્વભાવ, શાંતરસનો કંદ પ્રભુ, એની એક ક્ષણ પણ તેની નજરથી દૂર ન રહેવું. આહાહા..! સમ્યગ્દર્શનમાં નિરંતર તેનું અવલંબન હોય છે. નિરંતર.

ભલે કોઈ વિકલ્પ આવે બાહ્યના પાપના. એનું નિજ અવલંબન છે એ છૂટે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભલે ગૃહસ્થાશ્રમમાં હો. ભગવાન પૂર્ણાનંદનું જે અવલંબન લીધું છે એ નિરંતર રહે. એમાં કાંઈ ભેદ પડે નહિ. આહાહા..! એ એમ કહે છે.

**'નિરંતર ભાવના કરની ચાહિયે. વીતરાગ... '** હવે એ ભાવનાનું સ્વરૂપ કહે છે. **'વીતરાગ સમ્યક્ત્વાદિરૂપ શુદ્ધ આત્માકા એકદેશ પ્રગટપને કો પાકર... '** ભાવના કીધી ને? ભાવનાનું સ્વરૂપ કહે છે. **'વીતરાગ સમ્યકત્વાદિ રૂપ શુદ્ધ આત્મા કા એકદેશ પ્રગટ...'** ભગવાન પૂર્ણાનંદ છે એની પ્રતીતિ, એનું જ્ઞાન, એની રમણતા એ વીતરાગી પર્યાય છે. આહાહા..! **'વીતરાગ સમ્યક્ત્વાદિરૂપ... '** પ્રગટ હોં. **'શુદ્ધ આત્મા કા એકદેશ પ્રગટપનેકો... '** એક ભાગ અંદર નિર્મળ પ્રગટ થયો. બીજ ઊગી બીજ. એ બીજ પછી પૂનમને પ્રગટ કરશે, લાવશે. આહાહા..! બીજ થઈને પછી પૂનમ ન થાય એમ બને નહિ. આહાહા..! એમ ભગવાનઆત્મા પૂર્ણ રીતે પ્રતીતમાં સમ્યગ્દર્શન-જ્ઞાનની વીતરાગી પર્યાયમાં જતો એ પૂર્ણ પર્યાયની અપેક્ષાએ એકદેશ પ્રગટ છે. વસ્તુ પૂર્ણ છે. પણ એની પ્રતીતિ અને અનુભવ કર્યો એમાં એકદેશ પ્રગટ છે. આહાહા..!

વિશેષ તો એ છે કે **'એકદેશ પ્રગટપને કો પાકર સબ તરહસે જ્ઞાનકી ભાવના યોગ્ય હૈ.'** **'સબ તરહ સે જ્ઞાનકી ભાવના યોગ્ય હૈ.'** આહાહા..! પ્રગટ થયો એમાં પણ જ્ઞાનની હવે ભાવના પૂર્ણ કરવા માટે હોય છે. આહાહા..! મારી વાતું લૂખી લાગે. પ્રભુ આ તો વીતરાગ સ્વરૂપે બિરાજે છે અંદર. આખી દુનિયા લોકાલોકથી ભિન્ન. પાણીના લોટામાં પાણી ભર્યું છે અને લોટો છે. પણ એ પાણી પાણીને આધારે રહ્યું છે, લોટાને આધારે નહિ. આ વાત કેમ બેસે? કેમકે પાણીમાં પણ કર્તાકર્મકરણ આદિ શક્તિઓ છે. એમ ભગવાનઆત્મામાં પણ કર્તા, કર્મ, સાધન આ શક્તિઓ એ શરીરમાં પણ ભિન્ન પોતાને આધારે રહેલો છે. આહાહા..! એનામાં અધિકરણ નામનો ગુણ છે. આહાહા..! આ આવું દેખાય કે આ થાંભલાના આધારે રહ્યું છે. ના. એ ચીજ જે રહી છે એ પોતાના આધારે રહી છે. આ થાંભલાના આધારે નહિ. કેમકે એ પરમાણુમાં રજકણ છે એનામાં પણ કર્તા, કરણ, શક્તિ કરણ, વિભક્તિ એ શક્તિઓ એમાં પરમાણુમાં પણ છે. પરમાણુ પોતાને આધારે ત્યાં રહ્યા છે. ભગવાન અહીંયાં પોતાના અધિકરણના સાધનથી અહીંયાં રહ્યા છે. શરીરને આધારે અહીં રહ્યો જ નથી. શરીર ભિન્ન છે, આ ભિન્ન છે. આહાહા..! વાતે વાતે ફેર. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક ત્રાંબિયાના તેર.' એમ પરમાત્મા કહે છે કે તારે ને મારે વાતે વાતે ફેર છે બાપા! તું ઊંધે રસ્તે દોરાઈ ગયો છો. આહાહા..! બહુ સરસ વાત હતી હોં. **'શુદ્ધ આત્મા એકદેશ પ્રગટપનેકો પાકર સબ તરહ સે જ્ઞાનકી ભાવના યોગ્ય હૈ. '** આહાહા..! સ્વરૂપની એકાગ્રતા એકલી એ જ ભાવના કરવાલાયક છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**ગાથા-૧૭૬**

अथामुमेवार्थं दृष्टान्तदार्ष्टान्ताभ्यां समर्थयति-

३०७) णिम्मल-फलिहहँ जेम जिय भिण्णउ परकिय-भाउ।
अप्प-सहावहँ तेम मुणि सयलु वि कम्म-सहाउ।।१७६।।
निर्मलस्फटिकाद् यथा जीव भिन्नः परकृतभावः।
आत्मस्वभावात् तथा मन्यस्व सकलमपि कर्मस्वभावम्।।१७६।।

भिण्णउ भिन्नो भवति जिय हे जीव जेम यथा। कोऽसौ कर्ता। परकिय-भाउ जपापुष्पाद्युपाधिरुपः परकृतभावः। कस्मात्सकाशात्। णिम्मल-फलिहहं निर्मलस्फटिकात् तेम तथा भिन्नं मुणि मन्यस्व जानीहि। कम्। सयलु वि कम्म-सहाउ समस्तमपि भावकर्मद्रव्यकर्मनोकर्मस्वभावम् कस्मात्। सकाशात्। अप्प-सहावहं अनन्तज्ञानादिगुणस्वभावात् परमात्मनः इति भावार्थः।।१७६

---

आगे इसी अर्थको दृष्टान्त दार्ष्टान्तसे पुष्ट करते हैं-

गाथा-१७६

अन्वयार्थः- [जीव] हे जीव [यथा] जैसे [परकृतभावः] नीचेके सब डंक [निर्मलस्फटिकात्] महा निर्मल स्फटिकमणिसे [भिन्नः] जुदे हैं, [तथा] उसी तरह [आत्मस्वभावात्] आत्मस्वभावसे [सकलमपि] सब [कर्मस्वभावम्] शुभाशुभ कर्म [मन्यस्व] भिन्न जानो।

भावार्थः- आत्मस्वभाव महानिर्मल है, भावकर्म, द्रव्यकर्म, नोकर्म ये सब जड़ हैं, आत्मा चिद्रूप है। अनंत ज्ञानादि गुणरुप जो चिदानंद उससे तू सकल प्रपंच भिन्न मान।।१७६।।

---

હવે, આ જ અર્થનું દષ્ટાંત-દાષ્ટાંતથી સમર્થન કરે છે :-

ભાવાર્થઃ- જેવી રીતે જપાપુષ્પાદિની ઉપાધિરૂપ પરકૃત ભાવ નિર્મળસ્ફટિકથી ભિન્ન છે તેવી રીતે સમસ્ત ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મસ્વભાવને અનંતજ્ઞાનાદિગુણ-સ્વભાવમય પરમાત્માથી ભિન્ન જાણ, એ ભાવાર્થ છે. ૧૭૬.

## વીર સંવત ૨૫૦૨, ફાગણ સુદ ૪, મંગળવાર
## તા. ૨૨-૦૨-૧૯૭૭, ગાથા-૧૭૬ થી ૧૮૧, પ્રવચન નં. ૨૨૪

પરમાત્મપ્રકાશ. ૧૭૬ ગાથા. '**આગે ઈસી અર્થ કો દૃષ્ટાંત દાર્ષ્ટાન્ત સે પુષ્ટ કરતે હૈં-**-' દૃષ્ટાંતથી અને એનો સિદ્ધાંત. એ બેને પુષ્ટ કરે છે.

૩૦૭) णिम्मल-फलिहहँ जेम जिय भिण्णउ परकिय-भाउ।
अप्प-सहावहँ तेम मुणि सयलु वि कम्म-सहाउ।।१७६।।

'**હે જીવ જૈસે નીચે કે સબ ડંક...**' સ્ફટિકમણી, સ્ફટિકમણી. એને ડંક આપતા આમ લીલા, પીળા ફૂલનો સંબંધ થતાં '**મહા નિર્મલ સ્ફટિકમણિ સે...**' એ ડંક છે અને ડંકથી .. જુદા છે. નિર્મળ સ્ફટિકમણિથી એ ડંક અને ડંકથી થતી પ્રતિછાયા અંદર લાલ, પીળી. એ નિર્મળ સ્ફટિકથી ભિન્ન ચીજ છે. આ તો દૃષ્ટાંત છે. '**નીચે કે સબ ડંક મહા નિર્મલ સ્ફટિકમણિ સે સબ જુદે હૈં,...**' આહાહા..! ડંક તો જુદા છે પણ એ ડંકનો જે પ્રભા પડે છે ને અંદર? છે તો પોતાની યોગ્યતા સ્ફટિકમણિની, છતાં એ બધા ભાવો સ્ફટિકમણિ નિર્મળાનંદ નિર્મળ એનાથી ડંક અને ડંકના નિમિત્તે થતી પ્રભા લાલ આદિ એ જુદી ચીજ છે. સમજાણું કાંઈ?

'**ઉસી તરહ...**' એની પેઠે '**આત્મસ્વભાવ સે સબ શુભાશુભ કર્મ ભિન્ન જાનો.**' ડંકને ભિન્ન જાણો એમ અહીં કર્મને ભિન્ન જાણો. ભિન્ન જાણો એમ કહે છે. અર્થાત્ જેમ ડંક અને ડંકના નિમિત્તે થતી લાલ આદિ જે છાયા એ નિર્મળ સ્ફટિકથી ભિન્ન જાણો. એમ ભગવાનઆત્મા શબ્દ પડ્યો છે કર્મનો. જેમ ઓલો ડંક એકલો નથી. એમ આ ભગવાનઆત્મા નિર્મળ આત્મસ્વભાવ સ્વરૂપ એ આત્માથી કર્મ અને કર્મના સંગે થયેલી વિકલ્પદશા એને અહીંયાં આત્માના નિર્મળ સ્વભાવથી ભિન્ન જાણો. તો તને સુખ થશે. આહાહા..! સમજાણું કાંઈ? તો તને ધર્મ થશે. સમજાણું કાંઈ?

ડંક અને ડંકથી ઉત્પન્ન થયેલી લાલ, પીળી છાયા. એ બધાને નિર્મળ સ્ફટિકસે ભિન્ન જાણો. એવા ભગવાનઆત્મા પોતાનો સ્વભાવ શુદ્ધચૈતન્ય જ્ઞાન, આનંદ રસ. આહાહા..! નિર્મળાનંદ પ્રભુ શુદ્ધઆત્મસ્વભાવ, એનાથી વિકારી પરિણામ અને કર્મ. સિદ્ધાંતથી લીધું ને એ વિકારી પરિણામ એ કર્મમાં જાય છે. જેમ ડંકથી ઉત્પન્ન થયેલી લાલ, પીળી છાયા પણ ડંકમાં જાય છે એમ. આહાહા..! તારે આત્મા જોઈએ તો આત્મા નિર્મળાનંદ પ્રભુ અંદર છે એમ કહે છે. આહાહા..!

શુદ્ધ વીતરાગ સ્વભાવથી ભરેલો પ્રભુ આત્મા છે. કેમ બેસે? ઓલો કહે આત્મા શરીર વિના રહી શકે નહિ. એ કાલે આવ્યા હતા. બરવાળાવાળા. શરીર વિના રહી શકે આધાર વિના. એ વાત જ કાંઈક ગુપ્ત થઈ ગઈ. એ પોતે જ જ્યાં નિરાધાર, સત્‌ના આધાર વિના અંદર પ્રભુ છે. ખરેખર તો એને શરીરનો આધાર નથી, તેમ અહીંયાં આકાશનો આધાર પણ તેને નથી. આહાહા..!

આકાશને આત્માનો આધાર નથી. આત્મા પોતાના કર્તા કર્મ કરણને આધારે ટક્યો છે. આવી વાતું હવે માણસને પ્રપંચમાં પડ્યા હોય આખો દિ' એને હવે આ પુણ્યના ભાવથી પણ જુદો છે. અથવા પુણ્યભાવ પણ તારાથી જુદા છે. આહાહા..!

'**ભિન્ન જાનો.**' કર્મ સ્વભાવ શુભાશુભ કર્મથી આત્મસ્વભાવ, આત્મસ્વભાવ, આત્મા એનો ભાવ, જાણન, દેખન, આનંદ એ આનંદ શક્તિનો સ્વભાવ, એવા આત્મસ્વભાવથી ભિન્ન જાણો એ વસ્તુને. અહીંયાં તો વ્યવહારત્નત્રય પણ આત્મસ્વભાવથી ભિન્ન જાણો એમ કહે છે. એમ નાળિયેર નાળિયેર હોય છે ને શ્રીફળ? એની અંદરમાં જે ગોળો હોય છે ને સફેદ મીઠો. શેર, દોઢશેર શ્રીફળ મીઠું. એ શ્રીફળથી ઉપરની લાલ છાલ જે છે એ શ્રીફળથી ભિન્ન છે. અને કાચલી જે છે. શું કહે છે તમારે?

મુમુક્ષુ :- નરેઠી નરેઠી.

ઉત્તર :- એ પણ શ્રીફળની મીઠાશ અને સફેદાઈથી ભિન્ન છે. આહાહા..! એમ પ્રભુ આત્મા આ શરીરરૂપી અને કર્મરૂપી કાચલી અને પુણ્ય અને પાપના વિકલ્પની લાગણીઓ. આહાહા..! એનાથી પ્રભુ અંદર ભિન્ન છે. અરે! ક્યાં પ્રભુ એને ખબર પણ ન મળે બિચારાને. આહાહા..! સમજાણું કાંઈ? જેમ એ નાળિયેર છે નાળિયેર એ કાચલીથી, છાલાથી અને કાચલીકોરની લાલ છાલ એનાથી ધોળો, સફેદ, મીઠો ગોળો ભિન્ન છે. અને એ સફેદ ધોળા મીઠા ગોળાથી લાલ છાલ, કાચલી અને છાલા એ ભિન્ન છે. આહાહા..! એમ ભગવાનઆત્મા શરીરરૂપી બહાર ચીજ છાલા અને કર્મરૂપી કાચલી અને અંદર પુણ્ય-પાપના વિકલ્પરૂપી છાલ. આહાહા..! અરે! ક્યાં એને કાંઈ પત્તો નથી કે હું કોણ છું? એવો જે ભગવાનઆત્મા એ છાલ છે પુણ્ય-પાપની એ આત્માથી ભિન્ન છે. કર્મ છે એ આત્માથી ભિન્ન છે અને શરીર પણ આત્માથી ભિન્ન છે. જગતની ચીજ. આહાહા..!

એવા આત્માને શુભાશુભ કર્મથી ભિન્ન જાણો. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન છે. ધર્મની પહેલી સીઢી. સુખના પંથે જવાને પહેલી સીઢી. આહાહા..! ભગવાનઆત્મા કહ્યું ને સ્વભાવ છે. સ્વભાવ. સ્વભાવ જેનો નિર્મળ છે. સમજાણું? ૧૭૬ છે ને? '**स्वभावात्**' એ તો શબ્દ પડ્યો છે ભાવાર્થમાં. ભાવાર્થ લઈએ જુઓ.

'**આત્મસ્વભાવ...**' ભગવાન આત્મસ્વભાવ જેમ એ શ્રીફળનો સ્વભાવ સફેદ અને મીઠો સ્વભાવ છે એવા ભગવાનઆત્મા અંદર સફેદ નામ નિર્મળ અને મીઠો નામ આનંદ. આહાહા..! એવો જે એનો સ્વભાવ છે. મહા નિર્મળ છે. '**ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ યે સબ જડ હૈં,...**' આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ જડ છે. ઓલા બિચારા રાડ પાડે. એય! એ જડની ક્રિયા કહે છે પણ એ જડ છે સાંભળને પ્રભુ! શરીર જડની ક્રિયા ભિન્ન છે અને એ દયા, દાન, વ્રતના પરિણામ જડ છે એ ક્રિયા ભિન્ન છે. આહાહા..!

ભાઈને કહ્યું ને. ..ભાઈને આજે કાગળ આવ્યો છે. ચર્ચા કરવા આવીએ ચોવીસમી તારીખે. પંડિતજી છે અહીં આવવું હોય તો.

મુમુક્ષુ :- એ પોતે જ પોતાને સાથે ચર્ચા ભલે ને કરી લે.

ઉત્તર :- અહીં ૨૪મી તારીખે ભાવનગર જાવું છે. અહીં કોની સાથે બાપુ ચર્ચા કરે? ભાઈ! આ વસ્તુ ચર્ચાનો વિષય નથી. આહાહા..! અહીંયાં તો એ લોકો જે કહે છે એ એને કહેવું છે કે નિમિત્તથી થાય છે, વ્યવહારથી નિશ્ચય થાય છે. મોટો ઝઘડો. અહીંયાં તો કહે છે કે નિમિત્ત જે ચીજ છે એ તો પોતાના સ્વભાવથી તો તદ્દન ભિન્ન છે. અને પોતામાં પુણ્ય અને દયા, દાન, વ્રત, વ્યવહારરત્નત્રયનો જે રાગ ઉત્પન્ન થાય છે એનાથી ભગવાન ભિન્ન છે અને આત્માથી એ ભિન્ન છે. ભિન્ન છે એનાથી શું લાભ થાય? આ તકરાર મોટી આ છે અત્યારે. ઉપાદાનથી થાય એમાં નિમિત્ત પણ વાસ્તવિક કારણ છે. વાસ્તવિક કારણ છે એ વાસ્તવિક કારણ તો ..ની અપેક્ષાએ. આત્માની અપેક્ષાએ તો અવાસ્તવિક આરોપિત કારણ છે. આહાહા..! શું થાય? નિજઘર જેણે જોયા નથી. નિજઘર કઈ ચીજમાં છે?

એ તો અહીંયાં કહે છે કે '**આત્મસ્વભાવ મહાનિર્મલ હૈ, ભાવકર્મ,...**' એટલે? દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ ભાવ કર્મ છે. શુભરાગરૂપી કર્મ છે એ તો. આહાહા..! '**દ્રવ્યકર્મ,...**' જડ. '**નોકર્મ...**' શરીર '**યે સબ જડ હૈં,...**' છે? આહાહા..! રાગ શું જાણે છે? ભગવાનની ભક્તિ, પૂજા, વ્રતનો જે વિકલ્પ છે એ તો રાગ છે. રાગમાં જાણવાની શક્તિ છે? રાગ તો આંધળો છે. જ્ઞાન વિનાના રાગમાં ભાવ છે તો આંધળો જડ છે. આકરી વાત પડે છે. શરીરની ક્રિયા તો જડ છે. પણ ચૈતન્ય સ્વભાવ જે શુદ્ધચૈતન્ય ભગવાન એની અપેક્ષાએ દયા, દાન, વ્રતના પરિણામ પણ જડ આ ચૈતન્યનો એમાં અભાવ છે. અને એ જડનો ચૈતન્ય સ્વભાવમાં અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**આત્મસ્વભાવ મહાનિર્મલ હૈ, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ યે સબ જડ હૈં,...** ' આત્મા તો ચિદ્રૂપ છે. ભગવાન તો જ્ઞાનરૂપ છે. જ્ઞાનની પ્રધાનતાથી કથન છે ને. જ્ઞાનરૂપ, શ્રદ્ધારૂપ, શાંતિરૂપ, આનંદરૂપ, સ્વચ્છતારૂપ, પ્રભુતારૂપ એ બધામાં જ્ઞાનરૂપ છે. જ્ઞાનરૂપ છે. આહાહા..! ચિદ્રૂપોહં. અને આ જડરૂપો તે. આહાહા..! આકરી વાત ભાઈ! લોકોને એ મળી નહોતી બિચારાને. એને બેસે નહિ. કઠણ પડે. આહાહા..! અરે! જન્મ-મરણના આટા ફેરા મારે બાપા! એ મરી મરીને અવતાર ધારણ કરે. આહાહા..!

એક અમારે ત્યાં સ્વાધ્યાય મંદિરમાં એક ચકલાનું બચ્ચું એકલું રહ્યું ..માં. ત્યાં નીચે પડ્યું ત્યાં કોકનો પગ આવી ગયો. ઓલું છે ને શું કહેવાય એ? પુસ્તક મુકવાનો કબાટ કબાટ. અંદર છે ને કબાટ ઓલીકોરનો? ત્યાં નીચે પડ્યું. .. આટલું જરીક હવે ક્યાંથી આવ્યું હશે? એ આત્મા છે અંદર. આહાહા..! ક્યાંથી આવ્યો હશે? કેટલો વખત એના ચકલીના પેટમાં રહ્યો અને જ્યાં બહાર નીકળ્યું ત્યાં પડી ગયું નીચે. પડ્યું ત્યાં પગ આવ્યો કોકનો. આહાહા..! વળી બીજા શરીરમાં. આમ અનંતકાળથી પોતાના સ્વભાવના માહાત્મય ને કિંમત વિના પરની માહાત્મ્ય ને કિંમતું ટાંકતા મરી ગયો છે એ. આહાહા..! સમજાણું કાંઈ? પોતાની શું કિંમત છે એની ખબર નથી. રાગ અને રાગનું

ફળ ધૂળ ને એની કિંમતું એને. આહાહા..! મણિરત્ન. એની કિંમત. આહાહા..!

મુમુક્ષુ :- ચેતન પોતે રતન છે

ઉત્તર :- આહાહા..! એની ખબર ન મળે.

રાત્રે કહ્યું હતું ને જરી, પાંચ મિનિટમાં જરીક જોલું આવ્યું એમાં એક લઈને આવ્યો ... મોટા ઘણા પેદા કર્યા છે. મહારાજ! અડધા લ્યો અડધા. જોલું આવ્યું પાંચ મિનિટ. સાંજે સાડા છ, પોણા સાતે. કોઈ લઈને આવ્યો. બહુ પેદા કર્યું છે, બહુ પેદા કર્યું છે. એય! લઈ લ્યો ભાઈ અમારે કામ છે એ રત્નનું.

મુમુક્ષુ :- સ્વપ્નામાં આવ્યું.

ઉત્તર :- સ્વપ્નું આવ્યું. પોણા સાતે. ઓલા નાખ્યા ખોળામાં નાખી દીધું. અરે અમારે એ શું કામનું? એય! લીલા હતા લીલા. આ નીલમ હોય છે ને એવા.

મુમુક્ષુ :- પન્ના.

ઉત્તર :- પન્ના નહિ નિલમ. આ નહિ અમારે બાપુ. અમારે તો .. આવો ચૈતન્યરત્ન એમાં શું કરીએ અમારે એને. આહાહા..! .. કેમ આવ્યું? આહાહા..!

અહીં કહે છે કે મારો નાથ એ ચૈતન્ય સ્વભાવે જાગતી જ્યોત છે. અને રાગ ને પુણ્ય-પાપના ભાવ એ જડ અંધારા અચેતન છે. આહાહા..! શરીરની ક્રિયા તો જડ છે, પણ અહીંયાં તો દયા, દાન અને વ્રતના ભાવ છે એ જડ છે. આહાહા..! એ લોકો એમ કહે, એય! એ તો બધી જડની ક્રિયા કરીને.. આ શું કીધું અહીંયાં? એ માટે તો ઊભા રહે અહીં.

એ શરીરના રજકણો છે એવી એ ચીજ નહિ. એ જાતનું પરમાણુની જડતારૂપી એવી નહિ. પણ એ અરૂપી પણ જેમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે, નાસ્તિ છે, એવું એ અચેતન જડ છે. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અચેતન જડ છે. આહાહા..! એની ચૈતન્ય ચમત્કારિક વસ્તુથી તો એ ભિન્ન છે. આહાહા..!

'**આત્મા ચિદ્રૂપ છે.**' જ્યારે એ જડ છે રાગ અને દયા, દાનના વિકલ્પો ને શરીર ને કર્મ જડ છે ત્યાં ભગવાનઆત્મા ચિદ્રૂપ, જ્ઞાનરૂપ, આનંદરૂપ. આહાહા..! એ ચૈતન્યના સ્વભાવનો સૂર્ય પ્રભુ છે. ચૈતન્યસ્વભાવનો સૂર્ય છે. આહાહા..! એ ક્યાં પામર તરીકે બેઠો એણે કોઈ દિ' સાંભળ્યું નથી. એની મોટપને કોઈ દિ' જોઈ નથી. આ બહારની ધૂળમાં ધમાહા. એમાં બે-પાંચ અબજ પૈસા થઈ જાય એટલે જાણે અમે શું કર્યું અમે? ધૂળમાંય નથી શું થયું? રાંકો ભિખારો છો માળા. જડને માગણી કરે જડની લાવ, લાવ, લાવ. પણ ત્રણલોકના નાથ અનંત આનંદની લક્ષ્મીનો નિવાસ પ્રભુ છે. આહાહા..! પોપટભાઈ! આવી વાતું છે અહીં તો. આહાહા..! આપણે આવી ગયું છે નહિ?

આત્મા અનંતજ્ઞાનાદિ લક્ષ્મીનો નિવાસ છે. આહાહા..! ચિદ્રૂપ એટલે આમ ભાષા એમ ન જોવું. એનું જ્ઞાનરૂપ, જ્ઞાનસ્વરૂપ, ઝળહળ જ્યોતિ જ્ઞાનભાવ એ છે. આહાહા..! આનંદ સ્વરૂપ, આનંદરૂપ, આનંદ ચૈતન્યની જાત, જાતની ભાત પડી છે અંદર કહે છે. એવો ભગવાનઆત્મા રાગ

એનાથી રાગાદિ ભિન્ન છે. આહાહા..! અને રાગાદિથી તારી ચીજ ભિન્ન છે. આહાહા..!

'**અનંત જ્ઞાનાદિ...**' ગુણ સ્વભાવત્વાત. એમ શબ્દ છે એક શબ્દ રહી ગયો છે. ગુણ સ્વભાવવત્ વાત. ગુણ સ્વભાવવત્ વાત. સંસ્કૃતમાં. તો અહીંયાં લેવું '**અનંત જ્ઞાનાદિ ગુણરૂપ...**' સ્વભાવ. '**જો ચિદાનંદ...**' આહાહા..! અંતરમાં પ્રભુ આત્મા તું અનંત જ્ઞાનાદિ ગુણરૂપ સ્વભાવ. આહાહા..! જ્ઞાનાદિ ગુણરૂપ સ્વભાવ '**જો ચિદાનંદ...**' ગુણી એ પ્રભુ આત્મા, ગુણીમાં જેમ આ ગુણી નથી કહેતા ચોખાની ગુણી, ઘઉંની ગુણી, એ નહિ. એ ગુણીમાં જેમ ચોખા અને ઘઉં રહે, ચોખાની ગુણુ હોય છે ને. એમ આ ગુણી પ્રભુ, એમાં અનંત જ્ઞાનાદિ ગુણ રહેલા છે. એય! અરેરે! આહાહા..!

એની આગળ તીર્થંકરગોત્ર બંધાય જે ભાવ એની પણ અહીં કિંમત નથી. આહાહા..! રાગ જડ છે એમ કહે છે. આહાહા..! માણસને ચૈતન્યની જાત ઝળહળ જ્યોતિ પ્રભુ બિરાજે છે એની એને ખબરું ન મળે. આંધળા એને દેખાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? દેખનારો, જાણનારો કોણ છે? એ રાગરૂપે નથી, શરીરરૂપે નથી, કર્મરૂપે પણ નથી. આહાહા..! એ તો ચિદાનંદ ચિદ્રૂપ અનંત જ્ઞાનાદિ સ્વભાવસ્વરૂપ, અનંત જ્ઞાનાદિ ગુણસ્વભાવસ્વરૂપ. છે ને? '**अनन्तज्ञानादिगुणस्वभावात परमात्मनः**' એમ. જોયું! એ તો પછી શબ્દ છે એમ. '**જ્ઞાનાદિ ગુણરૂપ જો ચિદાનંદ...**' એ પરમાત્મા. '**ઉસસે તૂ સકલ પ્રપંચ ભિન્ન માન.**' એનાથી તારો સકળ પ્રપંચ... આહાહા..!

ગુણગુણીના અંદર ગુણી વસ્તુ અને એનો ગુણ અનંત. એવો ભેદનો વિકલ્પ ઉઠે રાગ એ પણ તારા સ્વરૂપથી ભિન્ન જાણ. આહાહા..! અને જે ભિન્ન છે તેનાથી તારું અભિન્ન તત્ત્વ જણાય એવું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? મોટા આ વાંધા છે. ચર્ચાઓમાં આ મોટા વાંધા. એ વ્રત ને નિયમ ને અપવાસ ને ત્યાગ કરીએ છીએ એનાથી સમકિત થશે. એમાંથી નિશ્ચય થશે. અરે! ભગવાન! જડમાંથી ચૈતન્ય આવશે. સમજાણું કાંઈ? એ રાગાદિની ક્રિયા તો જડ છે. અરે! આકરી વાતું બહુ. આહાહા..!

હજી આ શરીર હું છું એ કહેશે. એમાંથી એને ખસવું ગોઠતું નથી, એમાંથી રાગથી.. આહાહા..! ચાર ગાથા આવશે ને. '**અનંત જ્ઞાનાદિ ગુણરૂપ જો ચિદાનંદ ઉસસે તૂ સકલ પ્રપંચ ભિન્ન માન.**' આહાહા..! એ ૧૭૬ થઈ.

---

## ગાથા-૧૭૭

अथ तामेव देहात्मनोर्भेदभावनां द्रढयति–

३०८) जेम सहाविं णिम्मलउ फलिहउ तेम सहाउ।
भंतिए म.इलु म मण्णि जिय मइलउ देक्खवि काउ।।१७७।।

यथा स्वभावेन निर्मलः स्फटिकः तथा स्वभावः।
भ्रान्त्या मलिनं मा मन्यस्व जीव मलिनं दृष्ट्वा कायम्।।१७७।।

जेम इत्यादि। जेम सहाविं णिम्मलउ यथा स्वभावेन निर्मलो भवति। कोडसौ। फलिहउ स्फटिकमणिः तेम तथा निर्मलो भवति। कोडसौ कर्ता। सहाउ विशुद्धज्ञानरुपस्य परमात्मनः स्वभावः भंतिए मइलु म मण्णि पूर्वोक्तमात्मस्वभावं कर्मतापन्नं भ्रान्त्या मलिनं मा मन्यस्व जिय हे जीव। किं कृत्वा। मइलउ देक्खवि मलिनं दृष्ट्वा। कम् काउ निर्मलशुद्धबुद्धैकस्वभावपरमात्मपदार्थाद्विलक्षणं कायमित्यभिप्रायः।।१७७।।

---

आगे देह और आत्मा जुदे-जुदे हैं, यह भेद-भावना दृढ़ करते हैं-

गाथा-१७७

अन्वयार्थः- [यथा] जैसे [स्फटिकः] स्फटिकमणि [स्वभावेन] स्वभावसे [निर्मलः] निर्मल है, [तथा] उसीतरह [स्वभावः] आत्मा ज्ञान दर्शनरुप निर्मल है। ऐसे आत्मस्वभावको [जीव] हे जीव, [कायम् मलिनं] शरीरकी मलिनता [दृष्ट्वा] देखकर [भ्रांत्या] भ्रमसे [मलिनं] मैला [मा मन्यस्व] मत मान।

भावार्थः- यह काय शुद्ध-बुद्ध परमात्मपदार्थसे भिन्न है, काय मैली है, आत्मा निर्मल है।।१७७।।

---

હવે, તે જ દેહ અને આત્માની ભેદભાવના દઢ કરે છે (હવે દેહ અને આત્મા જુદા છે, એવી ભાવના કરે છે) :-

---

**ગાથા-૧૭૭ ઉપર પ્રવચન**

'આગે દેહ ઔર આત્મા જુદે-જુદે હૈં,...' એ ભાષાની વાત નથી. અહીંયાં તો ભાવનો અંદર રણકાર છે આ તો. આહાહા..! આમ દેહ અને આત્મા એક માનવા એ વ્યવહારનયથી. તો કહે જુઓ એ વ્યવહારનય છે કે નહિ? પણ એનો અર્થ શું છે? આહાહા..! વ્યવહારનય પણ સત્યાર્થ છે કે નહિ? નય સત્યાર્થ છે, એનો વિષય સત્યાર્થ છે. એની નયની દૃષ્ટિ. નિશ્ચયની દૃષ્ટિએ એ અસત્યાર્થ છે. આહાહા..! દાખલો આપે છે. ૧૭૭.

૩૦૮) जेम सहाविं णिम्मलउ फलिहउ तेम सहाउ।
भंतिए मइलु म मण्णि जिय मइलउ देक्खवि काउ।।१७७।।

આહાહા..! એ ભ્રાંતિથી મેલો ન જાણ.

'જૈસે સ્ફટિકમણિ...' સ્ફટિકમણિ હોય છે ને. જોયું છે અમે ત્યાં જામનગર. સ્ફટિક

આપણા ડોક્ટર છે ને. ૧૦૦મી ગાથા ચાલતી હતી ને એ. ૯૧ની સાલ.

મુમુક્ષુ :- મંદિરમાં છે સ્ફટિકની મૂર્તિ.

ઉત્તર :- હા એ. આ પણ સ્ફટિકની છે. સ્ફટિક સ્ફટિક આમ ધોળું સફેદ. જોડે કોઈપણ હોય એની પ્રભા અંદર પડે. 'જેમ સ્ફટિક નિર્મળતા રે સ્ફટિકની.' આવે છે ને? 'જેમ નિર્મળતા રે સ્ફટિકતણી તેમ જ જીવ સ્વભાવ રે. આહાહા..! શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો પ્રબળ કષાય અભાવ રે, જેમ નિર્મળતા રે સ્ફટિકતણી. તેમ જ જીવ સ્વભાવ રે.' એવો સ્વભાવ સ્ફટિક જેવો 'શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો.' ત્રણલોકના નાથ વીર જિનેશ્વર પરમાત્મા એને વાણી દ્વારા ધર્મ કહ્યો. 'પ્રબળ કષાય અભાવ રે.' એ પુણ્ય અને પાપના વિકારના ભાવથી અભાવ સ્વરૂપ ભગવાન એને જાણવો એ ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું એટલે માણસને. નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચય એટલે યથાર્થ.

ઉત્તર :- એ જ કીધું ને નિશ્ચય યથાર્થ અને વ્યવહાર ઉપચાર. એ પહેલેથી કહ્યું એમાં સાતમા અધ્યાયમાં. મોક્ષમાર્ગપ્રકાશક શરૂઆતમાં. ભાઈએ જવાબ એ આપ્યો છે. નિશ્ચય એટલે યથાર્થ. વ્યવહાર તો ઉપચાર. આહાહા..! આરોપિત વસ્તુ છે. આહાહા..!

અહીં એ કહે છે કે '**જૈસે સ્ફટિકમણિ સ્વભાવ સે નિર્મલ હૈ,...**' નિર્મળ કરી છે એમ નથી. આહાહા..! '**ઉસીતરહ આત્મા જ્ઞાનદર્શનરૂપ નિર્મલ હૈ. ઐસે આત્મસ્વભાવ કો...**' ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન સ્વભાવથી નિર્મળ છે. પુણ્ય-પાપના મેલ અને કાયા મેલી એને એમાં ન નાખ. આહાહા..! નિર્મળાનંદમાં મલિનને ન નાખ. આહાહા..! પુણ્ય-પાપના ભાવ તો મલિન છે. વ્યવહારરત્નત્રયનો ભાવ પણ મલિન છે. ભગવાન તો નિર્મળ સ્વભાવ છે. તો શું વ્યવહારરત્નત્રય મલિનથી પણ નિર્મળ થાય છે? આહાહા..! આ વાત આકરી પડે લોકોનો. પણ એ તો લોકો કહે છે ને. ખાણિયા ચર્ચામાં બધું પડ્યું છે. વ્યવહાર-નિશ્ચયનું, નિમિત્ત-ઉપાદાનનું ઘણું છે. એ ખોટું છે. અમારે સીધું .. અરે! ભગવાન બાપુ! તે સાંભળ્યું નહોતું ને, તને ખબર નહોતી. આહાહા..!

'**આત્મા જ્ઞાન દર્શનરૂપ નિર્મલ હૈ.**' નિર્મળ, નિર્મળ, નિર્મળ પ્રભુ છે. '**ઐસે આત્મસ્વભાવ કો હૈ જીવ, શરીરકી મલિનતા દેખકર...**' આહાહા..! હાડકા, ચામડા, પેશાબ, વિષ્ટા, વીર્ય, આંસુ, મેલ બધું. એવા મેલથી ભગવાનને મેલો ન દેખ. આહાહા..! '**હે જીવ,...**' '**कायम् मलिनं दृष्ट्वा**' શરીર અને રાગાદિની મલિનતા દેખીને '**भ्रम से मैला मत मान.**' આહાહા..! ભ્રમણાથી... આહાહા..! ભગવાનઆત્મા તો નિર્મળ જ્ઞાન, દર્શન, સ્વભાવવંત છે. તેને પુણ્ય-પાપની મલિનતા અને શરીરની મલિનતાથી મલિન ન દેખ. ભ્રાંતિથી મલિન ન દેખ. આહાહા..! સમ્યગ્દર્શનથી નિર્મળ દેખ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે ભાઈ! વીતરાગનો માર્ગ ઝીણો બહુ બાપુ!

મુમુક્ષુ :- આવી વાત જ જાણવા જેવી છે.

ઉત્તર :- લોકોએ બહારથી ફેરવી નાખ્યું છે. આ સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો,

વ્રત કરો. .. મોટી આવડી મોટી આવી છે. ગુજરાતી દ્રોણગીરી.

ભાઈ! બધું હો, એને કારણે થવા કાળે થાય છે. અને શુભરાગ પણ તેને કાળે હોય છે. કાળ સાથે. પણ એની સાથે જો ઓલું નિશ્ચયનું ભાન હોય તો તેને વ્યવહાર કહેવામાં આવે છે અને એ વ્યવહાર પણ નિશ્ચયને સૂચવે છે. કે અંદર એક નિશ્ચય વસ્તુ છે ત્યારે તેને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! વ્યવહાર નિશ્ચયને પ્રાપ્ત કરતું નથી. વ્યવહાર નિશ્ચયને સૂચવે છે. એક પાલી અનાજ ભર્યું હોય પાલીમાં. તો એ પાલી સૂચવે છે કે આમાં પાલી અનાજ છે. એટલું. સમજાણું કાંઈ? પાલી સમજો છો? શું કહે છે? માપ. દાણાનું માપ. શું કહે છે? અમારે માણુ કહે માણુ માપ. પાલી હોય છે ને દસ શેરની પાલી. એ એમ સૂચવે છે કે આમાં એક પાલી અનાજ છે. એ પાલી એમ સૂચવે છે. પાલી અનાજને બતાવે છે, પણ પાણી અનાજરૂપ થતી નથી અને અનાજને લઈને પાલીને લઈને અનાજ પડ્યું છે અંદર એમ નથી. સમજાય છે કાંઈ? આવી વાતું છે.

આપણે પાલી કહે છે ને? ઓલું માણું દસ શેરનું. માણુ એટલે માપ. માણુમાંથી માપ થયું. મોટું માપ. માણુ એટલે માપ. દસ શેરનું. છેક સુધી ભરે ને .. માણાને. દાણો છળવે એને. એક માણુ, બે માણુ, માપ માપ છે એ. એમ ભગવાનનું માપ, સ્ફટિકમણિ રતન જેવું એનું માપ છે. એને નિર્મળ પરિણતિએ માપે તો તેની ખબર પડે એવું છે. મલિનતાથી માપે તો એની ખબર પડે એવું નથી. આહાહા..! શુભભાવથી એનું માપ આવતું નથી એમ કહે છે.

'**દેખકર ભ્રમ સે મૈલા મત માનો.**' આહાહા..! '**યહ કાય...**' અર્થમાં પડ્યું રહ્યું છે ભાઈ ઘણું એમાં. '**યહ કાય શુદ્ધ-બુદ્ધ નિર્મળ...**' એમ છે શબ્દાર્થ. '**निर्मलशुद्धबुद्धैकस्वभावपरमात्म-पदार्थाद्विलक्षणं**' એમ છે. નિર્મળ શબ્દ પડ્યો રહ્યો છે, એક સ્વભાવ પડ્યો રહ્યો છે. '**શુદ્ધ-બુદ્ધ નિર્મળ એક સ્વભાવ પરમાત્મપદાર્થ...**' એ આખું એમ જોઈએ. સમજાય છે કાંઈ? શુદ્ધ એ પવિત્રતા બતાવે છે, નિર્મળતા શુદ્ધતા એને સૂચવે છે. શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ નિર્મળ. એવો જે આ પરમાત્મા. આહાહા..! એવી રાગાદિ ચીજથી ભિન્ન દેખ. કાયા, શરીર, મેલું ભિન્ન. આહાહા..! નિર્મળાનંદનો નાથ, મલિન શરીરમાં ઢંકાઈ ગયો છે. સમજાણું કાંઈ? પરસેવો ઉતરે. નવદ્વાર તો આ છે. બે ને બે ચાર ને બે છ બે આઠ ને એક નવ. પેશાબ અને વિષ્ટા. એ સિવાય તો વાળના પ્રકાર લાખો છે. એમાંથી પરસેવો નીકળે છે ને. અહીં પરસેવો નીકળે છે એ ક્યાંથી નીકળે છે? એ વાળમાંથી ઝીણો પરસેવો. આહાહા..! આવી મલિનતાનું ભરેલું શરીર અશુચિ છે. એમ પુણ્ય અને પાપભાવ પણ મલિન, અશુચિ છે. આહાહા..! એ ૭૨ ગાથામાં આવી ગયું છે.

એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ શુભ. એ અશુચિ છે. ભગવાન શુચિ નિર્મળ છે. આહાહા..!

મુમુક્ષુ :- આસ્રવ છે ને આસ્રવ.

ઉત્તર :- આસ્રવ છે ને. ત્યાં આસ્રવનો અધિકાર ૭૨. બહુ ઘણું તો આવ્યું છે બહાર પણ. આહાહા..! ત્યારે હવે રાડું પાડે છે ને. ૪૨ વર્ષ થયા. ફાગણ વદ ૩ અહીં આવ્યા છીએ. ૧૪ દિ' રહ્યા અહીંયાં ૪૨ વર્ષને. ૯૧ ફાગણ વદ ૩. આજે ચોથ થઈ. ૧૪ દિ' રહ્યા. ૪૨ વર્ષ તો અહીં

થાશે. આહાહા..! હવે રાડું પાડવા હવે નીકળ્યા. આહાહા..!

ભાઈ! આમાં તકરાર ને પ્રભુ! તારે નિશ્ચય કરવો પડશે. જો તારે સત્‌પંથે આગમે કર્યા એ પંથે જાવું હોય તો દ્રવ્યનો આશ્રય લેવો પડશે. આહાહા..! અને સારા આગમનો સાર એ વીતરાગતા છે. સારા આગમ બાર અંગનો સાર વીતરાગતા છે. વીતરાગતા ઉત્પન્ન કેમ થાય? વીતરાગતા ઉત્પન્ન કેમ થાય? કે સ્વદ્રવ્યના આશ્રયે. બાર અંગ સ્વદ્રવ્યના આશ્રયની વાત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં આવ્યું છે ને? ચારેય અનુયોગનો શાસ્ત્રનો સાર વીતરાગતા છે. આહાહા..! વીતરાગી ધર્મ, વીતરાગી આત્મા અને એ વીતરાગી પર્યાયનો ધર્મ, વીતરાગી ચારેય અનુયોગનો સાર છે. એ વીતરાગ સાર ક્યારે પ્રગટે? અહીં આવ્યું ભાઈ. વાંચવા જેવું છે એક. ઓલા સામે આવ્યું છે મોટું. જૈન સંદેશ સામે. સર્વજ્ઞતા અને નિયતિવાદ, એના ઉપર એક આવ્યું. મોટું લખાણ. વિરૂદ્ધ. એની સામે. નિયતિવાદ સર્વજ્ઞ એમ શબ્દ ન વાપરવો જોઈએ. પણ એણે એ વાપર્યો એટલે વિરોધ આવ્યો મોટો. મોટું લખાણ છે.

સર્વજ્ઞ ભવિષ્યની પણ વાત જાણે છે. એ તો અમે પણ જાણીએ છીએ. તો અમે પણ સર્વજ્ઞ છીએ. તો અમે થોડું જાણીએ છીએ એ વધારે જાણે છે. નિશ્ચયથી છે તેને જાણે એનું નામ સર્વજ્ઞ કહેવાય છે. નિયત છે એને જાણે એ તો અમે પણ જાણીએ છીએ ભવિષ્યમાં આવી પર્યાય થાશે. પણ આ તો અનિયત, નથી નક્કી કરી પર્યાય એને જાણે છે. આ માર્ગ. મોક્ષ .. ઘણો આ કઠણ પડી જાય. આહાહા..! તો પછી એનો નિયત થવો હશે તો થાશે અમે આ રાવણે નિયત હતું નરકમાં જવાનું, રામને નિયત હતું મોક્ષ જવાનું. એને એમાં પુરુષાર્થ કામ ન કરે. નિયત.. એમ બધા પ્રશ્ન મૂક્યા છે ભાઈ સાથે સામે. એ શબ્દની જરી ઓલી હતી. વાત સાચી. સર્વજ્ઞતા, .. નિયતતા એમ લખ્યું હતું ને?

સર્વજ્ઞે તો નિયતતાની સાથે તેનો પુરુષાર્થ તે કાળે આવો હોય, સ્વભાવ આવો હોય, નિમિત્તનો અભાવ એ બધું ભેગું જ હોય છે. આહાહા..! અને નિયત છે, દરેક પર્યાય નિશ્ચય છે એમ જો નિર્ણય કરવા જાય તો એને સર્વજ્ઞનો નિર્ણય થાય છે અને સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય તેને દ્રવ્યનો આશ્રય થાય છે. એમ ત્યાં એનો પુરુષાર્થ આવે છે. આહાહા..! .. કર્યું છે. વાંચવા જેવું છે. ઘણું લખાણ છે. કોકે પૂછયું છે જૈનસંદેશની સામે. આવશે માંહોમાંહે જવાબ. કેમકે નિયત .. કર્મ પ્રમાણે થાય અને આ પ્રમાણે થાય તો મારે કાંઈ કરવાનું રહ્યું જ નહિ. અરે! ભાઈ! પણ નિયત છે. જે જે સમયે જ્યાં જ્યાં થવાની તે નિયત. ત્યારે નિયત કરી છે કોણે? કર્યા વિના નિયત ક્યાંથી આવી ગયું? એમ કહે છે. એય! ચેતનજી! વાંચ્યું છે. જૈનગેજેટમાં આવ્યું છે. અરે! ઠીક પણ હવે ઉખળ્યું તો ખરું. આહાહા..! અહીં તો અમારે ૭૨ની સાલ આ તો વાત છે. ઓલા કહે કે થવાનું હતું એમ થયા કરે, આપણે શું કરીએ પુરુષાર્થ? અરે! સાંભળને સર્વજ્ઞ જગતમાં છે પ્રભુ, એણે ત્રણકાળ, ત્રણલોક જોયા એવી પર્યાયની શક્તિ છે. શક્તિ છે, સામર્થ્ય છે એ પર્યાયનું પૂર્ણ સ્વરૂપ છે એ પ્રતીતિ કોને થાય? કે જો જાણે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એને આત્મા જાણે.

એમ કહે છે એ તો. આહાહા..!

જેણે કેવળજ્ઞાન ... વીતરાગ અરિહંત દેવ એક સમયમાં એવા પરમાત્માની શ્રદ્ધા કરવા જાય છે. ત્યાં પોતાનો સ્વભાવ સર્વજ્ઞ છે એના ઉપર દૃષ્ટિ પડે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું બહુ બાપુ! ચાલતી વાતથી. આહાહા..! આ તો જૈનની પ્રોફેસરની કોલેજ છે આ તો. બાપુ! આ તો પરમાત્માની કોલેજ સભા છે. આહાહા..! પરમાત્મા જગતની અંદર એક ગુણની એક પર્યાય. આહાહા..! ત્રિકાળી શક્તિ ગુણ એની એક સમયની દશા અનંતા કેવળીને જાણે. આહાહા..! એ અનંતા કેવળીઓથી અનંતગુણા અનંતા નિગોદ જીવને જાણે. આહાહા..! જેનો અંત નથી. એના એક એક જીવના અનંતગુણો જેનો અંત નથી આકાશનો અંત નથી એથી અનંતગુણા આકાશના ગુણો. આહાહા..! એવા એ ગુણોની પર્યાય ભગવાનને પૂર્ણ પ્રગટ થઈ, એનો નિશ્ચય કરવા જાય છે તો પોતાના આત્મામાં ઘુસી જાય છે. આહાહા..! એ સાધ્ય કહેવાનો અર્થ છે. સમજાણું કાંઈ? આવી વાત છે.

બહુ ચાલ્યુ હતું અમારે ૭૨માં. ૭૨ ૭૨. ૬૧ વર્ષ થયા. ૭૦ ને ૨ સંવત્. એ પહેલા તો તમારો જન્મ પણ નહોતો. મોટી ચર્ચા સંપ્રદાયની. એક દિ' તો છોડી ચાલી ગયા હતા નહિ. વસ્તુની સ્થિતિ શું છે? ગડબડ છે, વિપરીત છે. આહાહા..! ભગવાનઆત્મા સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દેખે છે. એવા સર્વજ્ઞની હયાતી જગતમાં છે, એના અસ્તિત્વની શ્રદ્ધા, મોજુદગીની શ્રદ્ધા, ત્યાં જાણે છે. પણ પર્યાયને આશ્રયે શ્રદ્ધા નથી હોતી. સમજાણું કાંઈ? આહાહા..! એ ત્રિકાળી સર્વજ્ઞ સ્વભાવ, દ્રવ્યસ્વભાવ કહો કે સર્વજ્ઞ સ્વભાવ કહો. આહાહા..!

વસ્તુ અંદર સર્વજ્ઞ સ્વભાવે બિરાજમાન પરમાત્મા પોતે પરમાત્મા એનો આશ્રય લેવા જાય છે ત્યારે એને નિયતનો અને પર્યાયનો પૂર્ણતાનો નિશ્ચય થાય છે. સમજાણું કાંઈ? અને એ નિશ્ચયનું ફળ આનંદનું વેદન થવું એ નિશ્ચયનું ફળ છે. આહાહા..! સર્વજ્ઞ એણે દીઠું એમ થાય એવી સત્તા સર્વજ્ઞ જગતમાં છે. એ સર્વજ્ઞની પર્યાય એને પ્રગટી એ કાંઈ બહારથી આવી છે? આહાહા..! અંતર સર્વજ્ઞ સ્વભાવમાંથી આવી છે. તો જેની પર્યાયની શ્રદ્ધા કરવા જાય, પર્યાય તો પર છે. પોતે સર્વજ્ઞ છે નહિ. એ સર્વજ્ઞની પર્યાયમાં નિર્ણય કરે છે પોતાની અલ્પજ્ઞ પર્યાયમાં સર્વજ્ઞનો નિર્ણય ક્યાંથી થાય? સમજાણું કાંઈ?

એ સર્વજ્ઞ સ્વભાવ ભગવાનઆત્મા અને કહેવાનો આશય પણ આચાર્યનો એ છે. વીતરાગતા એનો કોઈપણ શબ્દ જૈન સિદ્ધાંતનો એનું વીતરાગતા તાત્પર્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્ય મણિરત્ન અનંતગુણના પાસાવાળું ચૈતન્યરતન, એમાં સન્મુખ થતાં એને સર્વજ્ઞની અને નિયતની શ્રદ્ધા ત્યારે તેને સાચી થાય છે. એ પુરુષાર્થ આવી ગયો, સ્વભાવ આવી ગયો, બધું પાંચેય સમવાય આવી ગયા. આહાહા..! ઝીણી વાતું બહુ ભાઈ! ન્યાય પકડવાથી.

અહીંયાં આવ્યું ને? **'યહ કાય શુદ્ધ-બુદ્ધ નિર્મલ એક પરમાત્મપદાર્થ સે ભિન્ન હૈ,...'** એટલું નાખવું અંદર. નિર્મળ અને શુદ્ધસ્વભાવ. નિર્મળ અને સ્વભાવ. નિર્મળ એક સ્વભાવ.

આહાહા..! એ હર વખતે એકનું કાઢી નાખે છે. નિયતમાં અભેદ છે. એમાં અભેદ છે, એમાં અભેદ છે. પર્યાય અનેક, વિકલ્પ અનેક નહિ એક છે. આહાહા..! સામાન્ય કહો એક કહો, અભેદ કહો, નિશ્ચય કહો. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા અને આ પ્રરૂપણા. એય! ધર્મચંદજી! હવે આવી આત્માની. એક કલાકમાં કેવી અગમ-નિગમની વાતું આવે હવે એને.

મુમુક્ષુ :- ન્યાયયુક્ત છે ને.

ઉત્તર :- લોજિક છે તો ન્યાયથી તો કહેવાય છે. આહાહા..!

**'યહ કાય શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ પરમાત્મપદાર્થ ભિન્ન હૈ, કાય મૈલી હૈ, આત્મા નિર્મલ હૈ.'** બહુ ટૂંકું કરી નાખ્યું.

---

## ગાથા-૧૭૮ થી ૧૮૧

अथ पूर्वोक्तभेदभावनां रक्तादिवस्त्रदृष्टान्तेन व्यक्तिकरोति चतुष्कलेन-

३०९) रत्तेँ वत्थेँ जेम बुहु देहु ण मण्णइरत्तु।
देहिं रत्ति णाणि तहँ अप्पु ण मण्णइ रत्तु।।१७८।।

३१०) जिण्णिं वत्थिं जेम बुहु देहु ण मण्णइ जिण्णु।
देहिं जिण्णि णाणि तहँ अप्पु ण मण्णइ जिण्णु।।१७९।।

३११) वत्थु पणट्ठइ जेम बुहु देहु ण मण्णइ णट्ठु।
णट्ठे देहे णाणि तहँ अप्पु ण मण्णइ णट्ठु।।१८०।।

३१२) भिण्णउ वत्थु जि जेम जिय देहहँ मण्णइ णाणि।
देहु वि भिण्णउँ णाणि तहँ अप्पहँ मण्णइ जाणि।।१८१।।

रक्तेन वस्त्रेन यथा बुधः देहं न मन्यते रक्तम्।
देहेन रक्तेन ज्ञानी तथा आत्मनं न मन्यते रक्तम्।।१७८।।
जीर्णेन वस्त्रेण तथा बुधः देहं न मन्यते जीर्णम्।
देहेन जीर्णेन ज्ञानी तथा आत्मानं न मन्यते जीर्णम्।।१७९।।
वस्त्रे प्रणष्टे यथा बुधः देहं न मन्यते नष्टम्।
नष्टे देहे ज्ञानी तथा आत्मानं न मन्यते नष्टम्।।१८०।।
भिन्नं वस्त्रमेव यथा जीव देहात् मन्यते ज्ञानी।
देहमपि भिन्नं ज्ञानी तथा आत्मनः मन्यते जानीहि।।१८१।।

यथा कोऽपि व्यवहारज्ञानी रक्ते वस्त्रे जीर्णे वस्त्रे नष्टेऽपि स्वकीयवस्त्रे स्वकीयं देहं रक्तं जीर्णं नष्टं न मन्यते तथा वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानी देहे रक्ते जीर्णे नष्टेऽपि

सति व्यवहारेण देहस्थमपि वीतरागचिदानन्दैकपरमात्मानं शुद्धनिश्चयनयेन देहाद्भिन्नं रक्तं जीर्णं नष्टं न मन्यते इति भावार्थः। अथ मण्णइ मन्यते। कोऽसौ। णाणि देहवस्त्रविषये भेदज्ञानि। किं मन्यते। भिण्णउ भिन्नम्। किम्। वत्थु जि वस्त्रमेव जेम यथा जिय हे जीव। कस्माद्भिन्नं मन्यते। देहहं स्वकीयदेहात्। दृष्टान्तमाह। मण्णइ मन्यते। कोऽसौ। णाणि देहात्मनोर्भेदज्ञानी तहं तथा भिन्नं मन्यते। कमपि देहु वि देहमपि। कस्मात्। अप्पहं निश्चयेन देहविलक्षणाद्व्यव्यवहारेण देहस्थात्सहजशुद्धपरमात्मनन्दैकस्वभावान्निजपरमात्मनः जाणि जानीहीति भावार्थः।।१७८-१८१।।

---

आगे पूर्वकथित भेदविज्ञानकी भावना रक्त पीतादि वस्त्रके दृष्टांतसे चार दोहोंमें प्रगट करते हैं-

गाथा-१७८-१८१

अन्वयार्थः- [यथा] जैसे [बुधः] कोई बुद्धिमान् पुरुष [रक्ते वस्त्रे] लाल वस्त्रसे [देहं रक्तम्] शरीरको लाल [न मन्यते] नहीं मानता, [तथा] उसी तरह [ज्ञानी] वीतराग निर्विकल्प स्वसंवेदनज्ञानी [देहे रक्ते] शरीरके लाल होनेसे [आत्मानं] आत्माको [रक्तम् न मन्यते] लाल नहीं मानता। [यथा बुधः] जैसे कोई बुद्धिमान् [वस्त्रे जीर्णे] कपड़ेके जीर्ण (पुराने) होने पर [देहं जीर्णम्] शरीरको जीर्ण [न मन्यते] नहीं मानता, [तथा ज्ञानी] उसी तरह ज्ञानी [देहे जीर्णे] शरीरके जीर्ण होनेसे [आत्मानं जीर्णम् न मन्यते] आत्माको जीर्ण नहीं मानता, [यथा बुधः] जैसे कोई बुद्धिमान् [वस्त्रे प्रणष्टे] वस्त्रके नाश होनेसे [देहं नष्टम्] देहका नाश [न मन्यते] नहीं मानता, [तथा ज्ञानी] उसी तरह ज्ञानी [देहे नष्टे] देहका नाश होनेसे [आत्मानं] आत्माका [नष्टम् न मन्यते] नाश नहीं मानता, [जीव] हे जीव, [यथा ज्ञानी] जैसे ज्ञानी [देहाद् भिन्नं एव] देहसे भिन्न ही [वस्त्रम् मन्यते] कपड़ेको मानता है, [तथा ज्ञानी] उसी तरह ज्ञानी [देहमपि] शरीरको भी [आत्मनः भिन्नं] आत्मासे जुदा [मन्यते] मानता है, ऐसा [जानीहि] तुम जानो।

भावार्थः- जैसे वस्त्र और शरीर मीले हुए भासते हैं, परंतु शरीरसे वस्त्र जुदा है, उसी तरह आत्मा और शरीर मिले हुए दिखते हैं, परंतु जुदा हैं। शरीरकी रक्ततासे, जीर्णतासे और विनाशसे आत्माकी रक्तता, जीर्णता और विनाश नहीं होता। यह निसंदेह जानो। यह आत्मा व्यवहारनयकर देहमें स्थित है, तो भी सहज शुद्ध परमानंदरुप निजस्वभावकर जुदा ही है, देहके सुख-दुःख जीवमें नहीं हैं।।१७८-१८१।।

---

હવે, પૂર્વોક્ત ભેદભાવનાને રક્તાદિ વસ્ત્રના દૃષ્ટાંતથી ચાર ગાથાસૂત્રો દ્વારા પ્રગટ કરે છે.

ભાવાર્થઃ- જેવી રીતે કોઈપણ વ્યવહારજ્ઞાની (વ્યવહારમાં કુશળ મનુષ્ય) સ્વકીય વસ્ત્ર લાલ હોતાં, વસ્ત્ર જીર્ણ થતાં, અને વસ્ત્ર નષ્ટ થતાં, સ્વકીય દેહને લાલ, જીર્ણ અને નષ્ટ માનતો નથી તેવી રીતે વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનવાળો જ્ઞાની દેહ લાલ હોતાં, દેહ જીર્ણ અને નષ્ટ થતાં, વ્યવહારથી દેહમાં રહેવા છતાં પણ શુદ્ધ નિશ્ચયનયથી દેહથી ભિન્ન, એક (કેવળ) વીતરાગ ચિદાનંદમય પરમાત્માને લાલ, જીર્ણ કે નષ્ટ માનતો નથી.

હે જીવ! જેવી રીતે દેહ અને વસ્ત્રનો ભેદજ્ઞાની વસ્ત્રને સ્વકીય દેહથી જુદું જાણે છે તેવી રીતે દેહ અને આત્માનો ભેદજ્ઞાની દેહને નિશ્ચયથી દેહથી વિલક્ષણ, વ્યવહારથી દેહસ્થ (વ્યવહારે દેહમાં સ્થિત) સહજ શુદ્ધ પરમાનંદ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માથી ભિન્ન જાણે છે, એમ તું જાણ એવો ભાવાર્થ છે. ૧૭૮-૧૮૧.

## ગાથા-૧૭૮ થી ૧૮૧ ઉપર પ્રવચન

હવે 'આગે પૂર્વકથિત ભેદવિજ્ઞાનકી ભાવના રક્ત પીતાદિ વસ્ત્ર કે દૃષ્ટાંત સે ચાર દોહોં મેં પ્રગટ કરતે હૈં—'

३०९) रत्तें वत्थें जेम बुहु देहु ण मण्णइ रत्तु।
देहिं रत्ति णाणि तहँ अप्पु ण मण्णइ रत्तु।।१७८।।
३१०) जिण्णिं वत्थिं जेम बुहु देहु ण मण्णइ जिण्णु।
देहिं जिण्णि णाणि तहँ अप्पु ण मण्णइ जिण्णु।।१७९।।
३११) वत्थु पणट्ठइ जेम बुहु देहु ण मण्णइ णट्ठु।
णट्ठे देहे णाणि तहँ अप्पु ण मण्णइ णट्ठु।।१८०।।
३१२) भिण्णउ वत्थु जि जेम जिय देहहँ मण्णइ णाणि।
देहु वि भिण्णउँ णाणि तहँ अप्पहँ मण्णइ जाणि।।१८१।।

'**અન્વયાર્થ :- જૈસે કઈ બુદ્ધિમાન પુરુષ લાલ વસ્ત્ર સે શરીર કો લાલ નહીં માનતા,...**' શું કહે છે? વસ્ત્રના લાલ વસ્ત્રથી શરીરને લાલ માનતો નથી. વસ્ત્રના રાતા રંગને કારણે શરીરને રાતું માનતો નથી. કહો, બરાબર છે? '**શરીર કો લાલ નહીં માનતા, ઉસી તરહ વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાની...**' જોયું! પાછું જ્ઞાની શબ્દ આટલો કર્યો. આહાહા..! રાગરહિત આત્મા વીતરાગ સ્વસંવેદનજ્ઞાની, પોતાનો સ્વભાવ વીતરાગ સ્વરૂપ છે, તેને સ્વ નામ પોતાના વેદનથી જેને જાણ્યો એવો વીતરાગી સ્વસંવેદન જ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..!

જ્ઞાની કોને કહીએ? અને ધર્મી કયા પ્રકારે તેને ધર્મી કહેવો? આહાહા..! '**વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાની...**' આહાહા..! શાસ્ત્રજ્ઞાની કે આ બધા બહારના જ્ઞાની આ જાણપણાવાળા એને

અહીં જ્ઞાની કહ્યા નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી.

રાગરહિત નિર્વિકલ્પ અભેદ તેનું સ્વ નામ પોતાનું પ્રત્યક્ષ વેદન, તેને જ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..! આઠ વર્ષની બાળિકા પણ સમ્યગ્દર્શન પામી હોય. આહાહા..! શરીર તો માટી, જડ છે. પણ જ્યારે એ સમ્યગ્દર્શન વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી પ્રાપ્ત કરે છે. આહાહા..! કહો, અહીં કહે વીતરાગી જ્ઞાની એટલે વીતરાગી કેવળી એને લેવા છે અહીં? અહીં તો વસ્ત્રને જેમ લાલને શરીરને લાલ જાણતો નથી, એમ શરીરની જે સ્થિતિ છે તેમ આત્માને એ રીતે જાણતો નથી. આહાહા..!

જ્ઞાની '**શરીર કે લાલ હોને સે...**' શરીર લાલ હોય છે ને ઘઉંવર્ણે શરીર લાલ. '**આત્મા કો લાલ નહીં માનતા.**' આહાહા..! એક દૃષ્ટાંત થયું. વસ્ત્રને લાલ દેખીને શરીરને લાલ લૌકિક ડાહ્યા માણસ માનતા નથી. એમ શરીરનો લાલ દેખીને લોકોત્તર જ્ઞાની આત્માને લાલ માનતા નથી.

'**જૈસે કોઈ બુદ્ધિમાન કપડે કે જીર્ણ હોને પર...**' શરીર જીર્ણ, કપડું જીર્ણ થયું. '**શરીર કો જીર્ણ માનતે નહીં.**' આહાહા..! '**કપડે કે જીર્ણ હોને પર શરીર કો જીર્ણ માનતે નહીં, ઉસી તરહ જ્ઞાની...**' એ વ્યાખ્યા આવી ગઈ પહેલી વીતરાગ સ્વસંવેદન. '**શરીર કે જીર્ણ હોને સે આત્મા કો જીર્ણ નહીં માનતા.**' શરીર જીર્ણ થઈ ગયું, ચામડા આમ લટકે, આમ આંખ આમ થાય એ તો શરીરની સ્થિતિ છે. જેમ વસ્ત્રની સ્થિતિ વસ્ત્રમાં છે અને શરીરની સ્થિતિ શરીરમાં છે. આત્માને લઈને એમાં કાંઈ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા તો શરીરની સ્થિતિની મર્યાદાથી હયાતીથી જુદી હયાતી છે. આહાહા..! વસ્ત્રની હયાતીથી શરીરની હયાતી જુદી છે, તેમ શરીરની હયાતીથી ભગવાનઆત્માની સ્થિતિ જુદી છે. આહાહા..! આ તો શરીર હું, શરીર હું, થઈ રહ્યું જાવ. મારું શરીર, મારું શરીર, મારું શરીર, મારે મારી નાખ્યા આત્માને. વસ્ત્ર મારું, વસ્ત્ર મારું. એમ શરીર મારું. આહાહા..!

'**આત્મા કો જીર્ણ નહીં માનતા. જૈસે કોઈ બુદ્ધિમાન વસ્ત્ર કા નાશ હોને સે દેહ કા નાશ નહીં માનતા,...**' વસ્ત્ર જીર્ણ થયું તો દેહનો નાશ થાય છે? આહાહા..! '**તથા જ્ઞાની દેહ કા નાશ હોને સે આત્મા કા નાશ નહીં માનતા.**' આહાહા..! દેહ તો નાશવાન જ છે, ભિન્ન છે. એમાં દેહના નાશથી આત્માનો નાશ થાય છે? ભગવાન તો સચ્ચિદાનંદ પ્રભુ જીવતી જ્યોત નિત્યાનંદનો નાથ ભગવાન તો જીવતો સદાય છે. આહાહા..! દેહના નાશથી પોતાને .. હું મરી જાવ છું એ મરીને વયો જાય. બહુ પિડા થાય તો હું મરી જાવ છું. હું મરી જાવ છું એટલે કોણ પણ?

મુમુક્ષુ :- હું જાવ છું.

ઉત્તર :- એ જાવ છું કહે તો શું? એ તો વળી આત્મા જાવ છું. આ તો હું મરી જાવ છું. આહાહા..! મને ક્યાંય સખ નથી આવતું. મને ક્યાંય સખ નથી એટલે કોને પણ? આહાહા..! આ

કરડે છે ને શું કહેવાય? ગાયને ને આ કૂતરા. હડકાયું કૂતરું એનો જ્યારે એને આવે છે હડકાયુ કૂતરું. એ વેદન સહ્યું ન જાય એવું છે. સમજાણું કાંઈ? હડકાયું કૂતરું એટલે પાગલ પાગલ કૂત્તા. તમારે પાગલ કહે છે ને. આહાહા..!

એક છોડી હતી જુવાન કુંવારી. હડકાયુ કૂતરું કરડ્યું. પ્રેમચંદભાઈના મિત્રની દીકરી હતી. .. પ્રેમચંદભાઈ રાણપરવાળા. એ કહે કાકા મને ક્યાંય સખ નથી. ૪૮ કલાક સુધી પાણી નહિ, હવા નહિ, અનાજ નહિ. પંખો નખાય નહિ, પાણી પીવાય નહિ અને અંદર પીડા, પીડા, પીડા. શરીર ૪૮ કલાકે સુકાઈ ગયું. દેહ છોડીને વયો ગયો આત્મા. આહાહા..! ત્યારે દેહના નાશથી કાંઈ આત્માનો નાશ થાય છે? એ ત્રણ કહ્યું.

**'આત્મા સે જુદા માનતા હૈ, ઐસા તુમ જાનો.'** એમ આચાર્ય મહારાજ કહે છે. વિશેષ ભાવાર્થમાં... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, ફાગણ સુદ ૫, બુધવાર
## તા. ૨૩-૦૨-૧૯૭૭, ગાથા-૧૭૮ થી ૧૮૨, પ્રવચન નં. ૨૨૫

પરમાત્મપ્રકાશ. ૧૭૮ થી ૧૮૧નો ભાવાર્થ છે. **'જૈસે વસ્ત્ર ઔર શરીર મિલે હુએ ભાસતે હૈં,...'** દાખલો સીધો છે. **'પરંતુ શરીર સે વસ્ત્ર જુદા હૈ,...'** ભિન્ન છે. જુદું છે. ક્યારે? અત્યારે જુદા છે. શરીર જુદું, ચૈતન્ય જુદું. આહાહા..! **'ઉસી તરહ આત્મા ઔર શરીર મિલે હુએ દિખતે હૈં,...'** આત્મા અને શરીર જાણે એક જગ્યાએ એકઠા થયેલા એમ દેખાય, પરંતુ જુદા છે. આહાહા..! વસ્ત્ર અને શરીર અત્યારે જુદા છે. એમ શરીર અને આત્મા અત્યારે જુદા છે. આહાહા..!

મુમુક્ષુ :- મરી જાય ત્યારે જુદા.

ઉત્તર :- મરે કોણ? દેહ છૂટે એ ક્ષેત્રાંતર થાય. દેહ તો છૂટો જ છે અંદર. આહાહા..!

શરીરની રક્તતાથી. વસ્ત્ર પહેલું લે ને. એમ **'શરીરકી રક્તતા સે, જીર્ણતા સે ઔર વિનાશ સે આત્માકી રક્તતા, જીર્ણતા ઔર વિનાશ નહીં હોતા.'** જુઓ! રાતું શરીર, જીર્ણ શરીર, નાશવાન શરીર એ આત્મા એવો નથી. આત્મા તો એનાથી જુદો છે. આહાહા..! ઓલું તો સચેત શરીર છે એમ કહે છે ને? પ્રશ્ન છે ને એ? સચેત શરીરથી ધર્મ થાય નહિ. એ ખાણિયા ચર્ચામાં પ્રશ્ન છે ને. કહો, આવા પ્રશ્ન અરેરે! સચેત શરીર એ તો ચીજ છે એ અપેક્ષાએ એને નિમિત્તથી, શરીર તો અચેતન જડ છે. એમ કે શરીર આપણે જાઈએ જવા માગીએ ત્યાં શરીર જાય આમ ધ્યાન રાખીએ તો. કહો, અરે! ભગવાન! આહાહા..! એ તો માટી છે, જડ છે, એની તે સમયની જે પર્યાય ઉત્પન્ન થવાની તે તેને કાળે તેને કારણે તેમાં થાય છે. આત્માને કારણે એ ચાલે ને

બોલે. આહાહા..!

મુમુક્ષુ :- આત્માને ઈચ્છા હોય ત્યારે ચાલે તો છે.

ઉત્તર :- બિલકુલ ઈચ્છા હોય તો ચાલતું નથી. ઈચ્છા હોય તો આ પક્ષઘાત થાય ને. ઘણી ઈચ્છા હોય છે. પક્ષઘાત થાય. ઈચ્છા તો ઘણી હલાવાની આમ કાંઈ હલે નહિ જરીએ. એની પર્યાયનો કાળ જ એવો છે ત્યાં હલે શેનો? આહાહા..! અને અત્યારે ચાલે છે એ એને કારણે છે. આહાહા..!

'**આત્મા** ...' એ રીતે '**નિઃસંદેહ જાનો.**' એમ કહે છે. આહાહા..! શરીરના નાશથી જીવનો નાશ નહિ, શરીરની જીર્ણતાથી આત્માની જીર્ણતા નહિ, આત્માના રક્ત રંગ શરીરથી રંગથી આત્માને રંગ નહિ. આહાહા..! .. છે. આહાહા..! '**યહ આત્મા વ્યવહારનયકર દેહમેં સ્થિત હૈ,...**' નિમિત્ત અપેક્ષાએ જાણે વ્યવહારથી અંદર છે એમ. '**તો ભી સહજ શુદ્ધ પરમાનંદરૂપ એક નિજસ્વભાવકર...**' એ શબ્દ નાખવો જોઈએ એમાં. આહાહા..! સ્વભાવિક '**શુદ્ધ પરમાનંદરૂપ એક નિજસ્વભાવકર જુદા હી હૈ,...**' શરીરથી. આહાહા..! એ જુદાની જુદી દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને દ્રવ્યદૃષ્ટિ છે. આહાહા..!

એ ચૈતન્ય દ્રવ્ય શરીરના રજકણથી તદ્દન ભિન્ન એ ક્યારે યથાર્થપણે જણાય? ભિન્ન છે પણ ભિન્નપણાનું અંદર ભાન કરે. આહાહા..! શરીરના લક્ષને છોડી, શરીરનો આશ્રય છોડી અને જ્ઞાનની પર્યાયના આધારે અંતરનો આશ્રય લે. આહાહા..! ત્યારે એ આત્મા શરીરથી જુદો છે એનું ... આહાહા..! સમજાણું કાંઈ? સહજ એ વસ્તુ સ્વભાવિક વસ્તુ છે. એ કોઈ કરેલી છે કે કૃત્રિમ છે એમ નથી. સ્વભાવિક વસ્તુ જ એવી છે. શુદ્ધ સહજ ચિદાનંદ એક સ્વભાવરૂપ ભગવાનઆત્મા. જોયું! એક સ્વભાવરૂપ. પર્યાયના અનેક પ્રકાર એ રૂપ નહિ. એ તો એક સ્વભાવરૂપ જ છે. આહાહા..! એક શબ્દ જોઈએ અંદર. પડ્યો રહ્યો છે.

'**સહજ શુદ્ધ પરમાનંદરૂપ એક નિજસ્વભાવકર...**' એક નિજસ્વભાવ. જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી નિજવસ્તુ, શરીરથી ભિન્ન ત્યારે જાણવામાં આવે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે તેને ધર્મ દૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ થાય. આહાહા..! એ વિના એ સમ્યગ્દૃષ્ટિ નથી. શરીરની ક્રિયા થાય દેહાદિની એ મારી છે અને એ ક્રિયાથી મને લાભ થાય ત્યાં સુધી એને શરીરને પોતાનું માન્યું એ તો મિથ્યાદૃષ્ટિ છે. માણસ નથી કહેતા કે શરીરનો સદુપયોગ કરો. દયામાં, દાનમાં કોઈ જગતની સેવામાં એને લગાવો સદુપયોગ થાય. પોપટભાઈ! સદુપયોગ શરીરનો થાય? શરીર આદ્યમ ખલુ ધર્મ સાધન. આહાહા..!

અહીં તો બીજું કહે છે. ભાઈ! આ શરીર એકકોર ભગવાનઆત્મા બે તદ્દન નિરાળી ચીજ, નિરાળીપણે ભિન્ન પડી છે. તને જોવાની આળસે એ જુદી દેખાતી નથી. સમજાણું કાંઈ? અન્યમતિમાં તો કહે છે ને. 'મારી નયણને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' મારી નયણને આળસે રે મેં નિરખ્યા ન હરિ, આત્મા. આત્માને હરિ કહે છે. કેમકે અજ્ઞાન અને દોષનો હરનાર માટે પ્રભુ આત્મા

હરિ છે. આહાહા..! એવા આત્માને 'નયણને આળસે રે...' આહાહા..! મારી આંખુમાં જ્ઞાનના નેત્રના આળસુને કારણે, આહાહા..! એ નેત્ર પરને જોવે છે પણ પોતાને જોવા માટે કામ કરતું નથી. એ નેત્ર આળસુ છે. આહાહા..!

ધર્મ ચીજ એવી સૂક્ષ્મ છે કે એને અંદરમાં દેહથી ભિન્ન અંદર છે એવું ભિન્નપણું ક્યારે ભાસે? કે શરીર ઉપરના લક્ષને છોડી અને લક્ષને ચૈતન્ય દ્રવ્ય ઉપર જોડે. આહાહા..! ત્યારે ભિન્ન છે તેવું ભાન ભિન્નનું થાય. આહાહા..! કહો, આવું છે.

હવે કહે છે '**દેહ કે સુખ-દુઃખ જીવમેં નહીં હૈ.**' એ શું કહે છે? દેહમાં પ્રતિકુળતા આવે એ જીવને નહિ. જે આ શરીરની અનુકૂળતા હોય બધી એ જીવને નહિ. શરીર નિરોગ હોય, અને હીરાની ભસ્મુ ખાધી હોય અને શરીર સુંદરની આકૃતિ અને સુંદર રહે તો કહે છે કે એ અનુકૂળતા એટલે સુખ. એ અનુકૂળતા જીવમાં નથી. આહાહા..! સુખ-દુઃખ માનવું એ બીજી વાત છે. આ જીવમાં અનુકૂળતા બધી પાંચ ઈન્દ્રિય સરખી, શરીર નિરોગી, આયુષ્ય લાંબુ અને શરીરની એકે એક ઈન્દ્રિય પુષ્ટ. કહે છે કે એ શરીરની અનુકૂળતા જેને જગત કહે છે એ આત્મામાં નથી. આહાહા..!

જડ છે આ માટી આ તો. એની અનુકૂળતા એટલે એની અનુકૂળતા એટલે શરીરની નિરોગતા, શરીરની પાંચેય ઈન્દ્રિય પરવડી. પ્રત્યેક ઈન્દ્રિય પૃથક્ પૃથક્ પોતાનું કામ કરે. આહાહા..! એવી બધી જે સગવડતા શરીરની એ જીવને નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? અને શરીરની સગવડતા, આ અગવડતાઓ રોગ, ક્ષય. ક્ષય થઈ જાય તો ખેં ખેં થઈ જાય અંદર. હાય.. હાય.. આમ થઈ જાય શરીર. એ બધી અગવડતા શરીરને છે. આત્માને નથી. આહાહા..! કડ વળી જાય ચાલતા. બહેનને છે ને ભાઈના. ઝવેરભાઈની બા નહિ આમ. આમ બહુ બિચારા લાકડીથી આમ ચાલે. પણ એ વંકાઈ ને તેઢાઈ એ શરીરમાં છે. આત્મામાં એ વંકાઈ અને તેઢાઈ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ આવ્યું ને? આવ્યા બહેન લ્યો હવે. શરીરની સ્થિતિ છે.

અમારે બહેન હતા ઉમરાળામાં. અમારા બાપથી મોટા ભાઈ અને એના મોટાભાઈની દીકરી. અમારીથી મોટી ઘણી ઉંમર. પણ આમ વળી ગયેલા. આમ જ ચાલે. બીજા સાથે વાત કરવી હોય તો આમ કરીને ઊભા થાય માંડ. ત્યારે સીધા થઈને વાત કરે. અમારા બાપથી મોટા ભાઈ હતા. એની દીકરી આ તો હેમચંદને એ મુંબઈ. એનાથી મોટા હતા. એને દીકરો નહોતો. દીકરી હતી. ઉમરાળામાં હતા. બહુ શરીર. પ્રેમાળ બહુ હતા. પણ શરીર એવું જીર્ણ ને આમ. આમ વાત કરવી હોય તો ઊભા થાય ત્યારે આમ કરીને ઊભા થાય ત્યારે વાત કરે. એ બધી શરીરની સ્થિતિ છે, દશા છે. એ આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત ને બેસવી. આખો લોચો શરીરનો હું છું અને એને અનુકૂળતા તો મને સુખ, એને પ્રતિકુળતા તો મને દુઃખ. આહાહા..!

.. નથી ઓલો નિશાળનો નહિ? 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે.' નહિ નિશાળમાં આવતુ નિશાળમાં. હા એ. એ તો આ 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે.' એવું આવતું. ધૂળેય નથી. સુખીની વ્યાખ્યા શું? શરીરની અનુકૂળતા એને અહીંયાં સુખ કહે છે. એ જીવને નથી. આહાહા..! સમજાણું

કાંઈ? સુખ-દુઃખની માન્યતા છે એ જીવમાં છે. મિથ્યાદષ્ટિમાં. સમજાણું કાંઈ? પણ શરીરની અનુકૂળતા-પ્રતિકુળતાના ગંજ હો. આહાહા..! એ જીવમાં નથી. એટલા સંબંધમાં તો ઓહોહો..! શરીરની એટલી સામગ્રી સાધન, નિરાંતે છ કલાક, સાત કલાક સૂવે અને સૂતા પણ ઘરડિયો ચાલે આમ નાખે. ઘરડિયો કહે છે ને? નસકોરા. નસકોરા બોલે સરખાયના. આહાહા..! એ શરીરની દશા છે એ તો. એ દશા જીવમાં નથી. આહાહા..! જડની દશા ચૈતન્યમાં નથી. આહાહા..!

એ ટુકડાની એવી વ્યાખ્યા છે. '**દેહ કે સુખ-દુઃખ...**' એટલે કે અગવડતા-સગવડતા એમ. જીવમાં નથી. આહાહા..! દેહ બગડ્યો તો જીવ બગડતો નથી. શરીર રોગી થાય તો જીવ રોગી થતો નથી. આહાહા..! શરીર જીર્ણ વૃદ્ધાવસ્થા થાય, જીવ વૃદ્ધાવસ્થા થતી નથી. આહાહા..! આ નિરાળા તત્ત્વની નિરાળી ચીજ એમ કહે છે. આહાહા..! એ રીતે એને જાણવામાં આવે યથાર્થ, ત્યારે તેને આનંદનો લાભ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આ ઓલું ત્યારે કહે ને 'પહેલું સુખ તે જાતે નર્યા.' જાતે નિરોગી સુખ. ધૂળેય નથી સાંભળને. એ તો શરીરની દશા. 'બીજું સુખ સુકુળની નાર. ત્રીજું સુખ ઘરના સારા પુત્ર, ચોથું સુખ કોઠીએ જાર.' અનાજ હોય ઘરમાં બાર મહિને, પાંચ-છ વર્ષ બે વર્ષ પહોંચે. આ મૂરખના સાધન, સુખના સાધન.

મુમુક્ષુ :- ગામડામાં એવું આવે.

ઉત્તર :- આવે છે ને બધી ખબર છે ને. શરીરે સુખી તે સુખી સર્વ વાતે. અને પહેલું સુખ તે જાતે નર્યા. નિરોગતા ઈ સુખ. અધિક સુકુળની નાર મળે સારી એ સુખ. ધૂળેય નથી સાંભળને એ તો શરીર સંયોગના છે. સમજાણું કાંઈ? એ કહે છે અહીંયાં. આહાહા..!

મુમુક્ષુ :- ચાર તો જોઈએ ને.

ઉત્તર :- ચાર જોવે ઉપાડનારા. એ તો કહેતા હતા ને અમારે હીરાભાઈને છ છોકરા છે ને. આપણે હીરા ભાઈના મકાનમાં ઉતર્યા ને ત્રણ વર્ષ. હીરાચંદ ત્રિભુવન. ત્રણ વર્ષ ત્યાં રહ્યા હતા. કહે છ છોકરા છે. ચાર ઉપાડનાર એક મોઢા આગળ અગ્નિ લેનાર અને એક ઘાસનો પૂળો લેનાર. દોણી લઈને ચાલે ને એક. આહાહા..! એ તો બધા શરીરને માટેની વાત છે કહે છે. આત્મામાં એ કાંઈ છે નહિ. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપે બિરાજમાન નિરોગી જેનું શરીર છે, જેને રાગનો રોગ નથી તો શરીરનો રોગ તો ક્યાંથી આવ્યો? સમજાણું? એ કહે છે જુઓ! છે? એ કીધું ને?

'**તો ભી સહજશુદ્ધ પરમાનંદરૂપ એક નિજસ્વભાવકર...**' છે. એને તો અલ્પપર્યાય અલ્પ સ્વભાવ પણ નથી એમ કહે છે. રોગ તો નથી, રાગનો રોગ તો નથી. શરીરની અનુકૂળતાનું એને સુખ નથી, પ્રતિકુળતાનું એને દુઃખ નથી. આહાહા..! પણ એ એને રાગનો રોગ નથી એમ અલ્પજ્ઞતા પણ એનામાં નથી. આહાહા..! આહોહો..! સમજાણું? સહજ સ્વભાવિક પવિત્રતાનો પિંડ પ્રભુ. તને હાથ આવ્યો નથી. તું ગોતવા જા છો રાગ ને પર્યાય ને પરને એમાં હાથ ક્યાંથી આવે? આહાહા..! જ્યાં ખોવાઈ ગયો છે અજ્ઞાનમાં ત્યાં ગોત તો હાથ આવે. આહાહા..! સમજાણું કાંઈ?

ઓલી ડોશીની વાત નથી કહેતા? ડોશી હતા તે સોય ખોવાણી અંધારે. ગોતવા લાગ્યા હાથ

ન આવી અડધો કલાક, કલાક. હવે ચાલો ત્યારે પ્રકાશમાં ગોતીએ. એમાં જુવાન કોક નીકળ્યો હશે. બા શું કરો છો માજી? કે આ સોય ખોવાણી. તો કહે ક્યાં ખોવાણી બા? કહે અંધારે ખોવાણી હતી, પણ હાથ નથી આવતી. પણ હાથ નથી આવતી તો અજવાળે ક્યાં છે? ખોવાણી છે ત્યાં. એમ અજ્ઞાનમાં ખોવાણી છે. ભગવાન અજ્ઞાનમાં ખોવાણો છે. એને જ્યાં છે ત્યાં ગોતવા જા એવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

---

## ગાથા-૧૮૨

अथ दुःखजनकदेहघातकं शत्रुमपि मित्रं जानीहीति दर्शयति–

३१३) इहु तणु जीवड तुज्झ रिउ दुक्खइँ जेण जणेइ।
सो परु जाणहि मित्तु तुहुँ जो तणु एहु हणेइ।।१८२।।
इयं तनुः जीव तव रिपुः दुःखानि येन जनयति।
तं परं जानीहि मित्रं त्वं यः तनुमेतां हन्ति।।१८२।।

रिउ रिपुर्भवति। का। इहु तणु इयं तनुः कर्त्री जीवड हे जीव तुज्झ तव। कस्मात्। दुःक्खइं जेण जणेइ येन कारणेन दुःखानि जनयति सो परु तं परजनं जाणहि जानीहि। किम्। मित्तु परममित्रं तुहुं त्वं कर्ता। यः परः किं करोति। जो तणु एहु हणेइ यः कर्ता तनुमिमां प्रत्यक्षीभूतां हन्तीति। अत्र यदा वैरी देहविनाशं करोति तदा वीतरागचिदानन्दैकस्वभावपरमात्मतत्त्वभावनोत्पन्नसुखामृतसमरसीभावे स्थित्वा शरीरघातकस्योपरि यथा पाण्डवैः कौरवकुमारस्योपरि द्वेषो न कृतस्तथान्यतपोधनैरपि न कर्तव्य इत्यभिप्रायः।।१८२।।

---

आगे दुःख उत्पन्न करनेवाला शत्रुरुप यह देह है, उसको तू मित्र मत समझ, ऐसा कहते हैं–

## गाथा–१८२

अन्वयार्थः– [जीव] हे जीव, [इयं तनुः] यह शरीर [तव रिपुः] तेरा शत्रु है, [येन] क्योंकि [दुःखानि] दुःखोंको [जनयति] उत्पन्न करता है, [यः] जो [इमां तनुं] इस शरीरका [हंति] घात करे, [तं] उसको [त्वं] तुम [परं मित्रं] परममित्र [जानीहि] जानो।

भावार्थः– यह शरीर तेरा शत्रु होनेसे दुःख उत्पन्न करता है, इससे तू अनुराग मत कर और जो तेरे शरीरकी सेवा करता है, उससे भी राग मत कर, तथा जो तेरे शरीरका घात कर देवे, उसको शत्रु मत जान। जब कोई तेरे शरीरका विनाश करे, तब वीतराग

चिदानंद ज्ञानस्वभाव परमात्मतत्त्वकी भावनासे उत्पन्न जो परम समरसीभाव, उसमें लीन होकर शरीरके घातक पर द्वेष मत कर। जैसे महा धर्मस्वरुप युधिष्ठिर पांडव आदि पाँचो भाइयों ने दुर्योधनादि पर द्वेष नहीं किया। उसी तरह सभी साधुओंका यही स्वभाव है, कि अपने शरीरका जो घात करे, उससे द्वेष नहीं करते, सबके मित्र ही रहते हैं।।१८२।।

---

હવે, દુઃખજનક, દેહઘાતક એવા શત્રુને પણ તું મિત્ર જાણ, એમ દર્શાવે છેઃ-

ભાવાર્થઃ- અહીં જ્યારે વેરી દેહનો વિનાશ કરે છે ત્યારે વીતરાગ ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન સુખામૃતરૂપ સમરસીભાવમાં સ્થિર થઈને, જેવી રીતે શરીરના હણનાર કૌરવકુમાર ઉપર પાંડવોએ દ્વેષ ન કર્યો તેવી રીતે, શરીરના ઘાતક ઉપર અન્ય તપોધનોએ પણ દ્વેષ ન કરવો જોઈએ, એ અભિપ્રાય છે. ૧૮૨.

---

## ગાથા-૧૮૨ ઉપર પ્રવચન

૧૮૨. **'આગે દુઃખ ઉત્પન્ન કરનેવાલા શત્રુરૂપ યહ દેહ હૈ,...'** આહાહા..! જુઓ! દેહ છે એ શત્રુ છે કહે છે. એટલે કે તારી જાતથી તે વિરૂદ્ધ જાત છે. એનાથી તો દુઃખ ઉત્પન્ન થશે, તારાથી સુખ ઉત્પન્ન થશે એમ. તારું ચૈતન્ય આનંદ શરીર એનાથી તો અતીન્દ્રિય આનંદ ઉત્પન્ન થશે, જડ શરીર, માટી. આહાહા..! આ રોગ થાય છે ને જુઓને છોકરા નાની ઉંમરના. આ ઉધરસ આવે ને મોટી શું કહેવાય એ? મોટી ઉધરસ. આંખમાંથી આંસુ ચાલ્યા જાય તોપણ એ.. આહાહા..! એમ આ મોટાને પણ પછી જુઓને આ શ્વાસના રોગ હોય છે દમના બિચારાને. એક હતો ત્યાં. મરી ગયા બિચારા. અહીં હતા. પણ એ તો ખટખટ આખો દિ' ને રાત. આહાહા..! એ દેહની અગવડતા એ જીવને નથી. એમ અહીં કહે છે. માટે તે દેહ તારાથી દુશ્મન છે એ તો. આહાહા..! એ દુશ્મનને મિત્ર તરીકે (ન) માન. આહાહા..! મોટું મિથ્યાત્વનું ભ્રમ છે એમ કહે છે. એ કહે છે જુઓ.

**'ઉસકો તૂ મિત્ર મત સમજ, ઐસા કહતા હૈં—'** એને મત સમજ એમ. ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ એ તો આનંદની ઉત્પત્તિનું કારણ છે. એનાથી વિરોધ શરીર એ તો દુઃખની ઉત્પત્તિનું કારણ છે. આહાહા..! એવું જે શરીર પ્રભુ તારાથી વેરી દુશ્મન એને મિત્ર ન સમજ. આહાહા..! આ તો હજી સવારથી તે સાંજ એને આમ છે, તેમ છે. આહાહા..! દેહ છૂટે ત્યારે આનંદઘનજી કહે છે ને 'ચલો હમારી સાથે ચૈતન્ય કહે છે કાયાને. ચલો હમારી સાથે.' બહુ મેં તારી જતના કરી છે. મારો કાળ બધો તને ખવરાવવામાં, પીવરાવવામાં, સુવરાવવામાં, ભોગમાં. અરે! પ્રભુ! મારો વખત તારામાં ઘણો ગયો છે. હવે હું જાવ છું ભાઈ! આવને.

કાયા કહે છે કે તું મૂરખ છો ખબર નથી તને. અમે કોઈની પાછળ ગયા છીએ સાથે? આહાહા..! 'ચલો હમારી સાથે કાયા ચલો હમારી સાથે.' અમે બહુ ધ્યાન રાખ્યા છે. આહાહા..! પટીયા પાડ્યા છે અંદર. મોઢામાં સોના નાખ્યા છે દાંતમાં. અહીં ફૂલ પહેરાવ્યા છે. પગમાં તોડા, સોનાના કંદોરા કડમાં. સોનાના નાખે છે ને. રાજા રાણીઓને સોનાના કંદોરા હોય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય છે. સોનાની શું કિંમત હતી ત્યાં. સોનાના કંદોરા. આદમી સોનાના કંદોરા વળી ધોતિયાને જરી વળ નાખીને રાખે એમ અંદર કંદોરો. મોટા હોય ઈ. આહાહા..! બાપુ! એ દુશ્મન છે એને તું શણગારે છો? દગો દેશે એક દિ'. આહાહા..!

આચાર્ય છેલ્લી ગાથાઓમાં એકદમ દેહ અને ભગવાન જુદા એમ ખુબ સ્પષ્ટિકરણ કરે છે. આહાહા..! એટલે એમ કહે કે દેહની ક્રિયા જો દયામાં વપરાય, દાનમાં વપરાય તો આપણને, પણ એ દેહ છે એ દુશ્મન છે સાંભળને. આહાહા..! એનો સદુપયોગ કરવો શરીરનો. ધૂળેય થતો નથી સાંભળને. આહાહા..! મિત્ર માનીને હણાઈ ગયો છો તું. શત્રુ છે. આહાહા..! સારું શરીર હોય તો આપણને ધર્મ થઈ શકે, દયા પાળી શકીએ, આંખ ઠીક હોય તો જોઈ શકીએ, તો દયા પળે. એમ કરીને તે દેહને મિત્ર માન્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- મૂળમાં ભૂલ

ઉત્તર :- મૂળમાં ભૂલ છે.

૩૧૩) इहु तणु जीवड तुज्झ रिउ दुक्खइँ जेण जणेइ।
सो परु जाणहि मित्तु तुहुँ जो तणु एहु हणेइ।।१८२।।

શત્રુ. 'रिउ' એટલે શત્રુ. આહાહા..! આ કહે શરીરને લઈને, ભોગને લઈને સુખી થાય ને મજા પડે. સાંભળને. આહાહા..!

મુમુક્ષુ :- માંદો થાય તો ખબર પડે.

ઉત્તર :- માંદો શું ત્યાં જરીક આમ પગ લપસી જાય, ફટકી જાય તો તૂટી જાય હાડકા. આહાહા..! અને રાડે રાડ પાડે. તૂટી જાય છે ને હાડકા? પછી બાંધે બબ્બે મહિના સુધી, દોઢ મહિના સુધી આમ રાખે પ્લાસ્ટિક. પ્લાસ્ટિક શું કહે?

મુમુક્ષુ :- પ્લાસ્ટર.

ઉત્તર :- પ્લાસ્ટર. આહાહા..! અહીંથી આપણે લ્યોને આ તિર્થેશને. પ્રેમચંદભાઈના દીકરીના દીકરાને. કાલ તો આવ્યો હતો હોં. ત્યાં આવ્યો હતો. આહાહા..! મેં કીધું ગુંજુ બુજું છે કે નહિ. એ કહે ફલાણી ચીજને ગુંજુ ન હોય એ કાંઈક એમ બોલ્યો. ચીજને કંઈક કહેતો હતો. પહેરેલું લૂગડું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું કીધું? .. આપણને ભારે ખબર નથી. એ બોલ્યો હતો. મેં કીધું ગુંજુ બુજું છે કે નહિ? આને ગુંજું ન હોય એમ બોલ્યો હતો. .. એવું કાંઈક. એને ગુંજુ ન હોય.

અહીં કહે છે '**હે જીવ,...**' '**इयं तनुः**' આ શરીર '**तनुः**' એટલે શરીર. '**तव रिपुः**' '**तेरा शत्रु है,...**' એ શરીર કાયા, તારો શત્રુ છે. આહાહા..! જાણે શરીરને શું કરું અને શરીરમાંથી શું લઈ લઉં? માટી, ધૂળ શત્રુ, ચૈતન્યમૂર્તિથી વિરૂદ્ધ એ શત્રુ છે. આહાહા..! છે? '**क्योंकि दुःखों को उत्पन्न करता है,...**' એ શરીર તો દુઃખને ઉત્પન્ન કરે છે. આહાહા..! ઠાકરિયો વીંછી કરડ્યો હોય જ્યારે. ઠાકરિયો વીંછી સમજો છો? વીંછીનો ઠાકોર હોય છે. મોટો ઊંચો. અમે જોયો હતો એક વખત બહાર જતો. આવડો મોટો લાંબો. ડબો જેમ ચાલતો હોય. મેં કીધું આ ઠાકરિયો વીંછી કહે છે આ લાગે છે. કોઈ હતું નહિ. આ રસ્તે ગયા હતા ને જાતા. માઈલ છેટે. એ વીંછી કરડે અને પછી રાડ નાખે. આહાહા..! અહીં કહે છે, પ્રભુ! એ શરીરની અગવડતા છે. તને નથી. આહાહા..!

'**दुःखों को उत्पन्न करता है,...**' આહાહા..! '**जो ईस शरीर का घात करे, उसको तुम परम मित्र जानो.**' આહાહા..! શ્રીમદ્‌માં આવે છે નહિ? 'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.' આહાહા..! શું છે એની પહેલા? 'એકાકી વીચરતો વળી સ્મશાનમાં,...' ૨૯ વર્ષે પોકાર કરે છે. 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો, અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા.' આહાહા..! 'જાણે પામ્યા પરમ મિત્રનો યોગ જો.' એ ચીજ મારે જોતી નથી અને મારે નીકળે તો ભલે નીકળે. એ લેનારો જાય મારો મિત્ર છે. આહાહા..! જુઓ વીતરાગતા અને જુઓ સમભાવ! આહાહા..! અહીં તો જરી (કાંઈક થાય ત્યાં) ઓય.. ઓય.. ઓય.. કરે. જરીક કાંઈક થાય ત્યાં અમારે મૂળજીભાઈ હતા ૯૯ તાવ આવે સાડા નવ્વાણુ ત્યાં. કોઈ છે નથી? લાખાણી. ગયા બધા. કાલે આવ્યા હતા. કાલે બેય આવ્યા હતા અરૂણ અને નગીન. આહાહા..! પછી પાછળથી તો એને આહાહા..! શેઠિયા માણસ પૈસાવાળા. જરીક નવ્વાણું, સાડી નવ્વાણું થાય ત્યાં છેવટે જ્યારે દેહ છૂટવાના ટાણા આવ્યા બોલાવો ડોક્ટરને. લોકો એમ કહે. આ કહે બોલાવો લાલભાઈને. લાલચંદભાઈ ઉપર બહુ જ પ્રેમ એને. લાલચંદભાઈ ઉપર બહુ એને.

એકફેરી તો ખાનગી કહ્યું હતું અમે મોટરમાં બેઠીને આવતા હતા. મહારાજ તમારી પાછળ કોને મુખ્ય રાખશું કહે. એક લાલચંદભાઈ પાત્ર છે બહુ હો. એમ ત્યાં સુધી કહ્યું હતું. મૂળજીભાઈ. લાલચંદભાઈ આવ્યા. ભાઈ! આ શરીરના રોગ છે એ તો આત્મા જાણનારો છે એનો. એ એનો જાણનાર છે. પોતે બોલ્યા મૂળજીભાઈ. શું લાલચંદભાઈ! આ શરીરને જાણનારો આત્મા છે? કે પોતાને જાણનારો છે? એ વખતે એટલા બધા પૈસા નહોતા ને. હવે બધા થયા. તે દિ' સોળ લાખ કે અઢાર લાખ મુંબઈથી લઈ આવેલા. બે ભાઈઓ. પેદા થયા એકદમ બંધ કરીને ધંધા. હવે તો સોળ, દસ, અઢાર લાખની કિંમત ક્યાં છે? આ તો કેટલા વર્ષ પહેલાંની વાત છે.

એમ આ મરતા બોલ્યા કહે. લાલચંદભાઈ કહે. ઓલા શ્રીમદ્‌માં આવે છે ને. જીવ પદમાં જણાય છે. એના પહેલા.

મુમુક્ષુ :- દેહનો સ્વભાવ જીવપદમાં જણાય છે.

ઉત્તર :- હા દેહનો સ્વભાવ જીવપદમાં જણાય છે. એથી એમ કહ્યું એટલે બોલ્યા એ. એ

આને દુઃખ છે એમ જાણવું? આને રોગ છે એમ જાણવું? કે જાણનારને જાણવું? છેલ્લી સ્થિતિ હોં ભગવાનજીભાઈ! પૈસા પૈસાને ઘરે રહ્યા. બાયડી બાયડીને ઘરે છોકરા. આહાહા..! એક છોકરો તો મરી ગયો છે નહિ પહેલા? મોટો મરી ગયો હતો. આહાહા..! જુવાન પરણેલો મોટા ગૃહસ્થમાં. ત્યાં પોરબંદર આહાહા..! મરી ગયો ત્યાં. બૈરા કહે છે કે આ છોકરો જાય છે. જુવાની કાળે જાય છે એની સ્થિતિ થાય છે. કોઈથી રાખ્યું રહે એમ છે? આહાહા..!

ખરે ટાણે એની કસોટી ખબર પડે. સમજાણું કાંઈ? એવી પ્રતિકુળતાના ગંજ આવે. આહાહા..! એ અહીં કહેશે. સમજાણું કાંઈ? કહે છે, **'યહ શરીર તેરા શત્રુ હોને સે દુઃખ ઉત્પન્ન હોતા હૈ, ઈસસે તૂ અનુરાગ મત કર...'** જોયું એને અનુસરીને પ્રેમ મત કર. આહાહા..! આ તો ઠેઠની વાતું છે ભાઈ! સમ્યગ્દષ્ટિને શરીરની અનુકૂળતાથી એને પ્રેમ પણ નથી, પ્રતિકુળતાથી એને દ્વેષ પણ નથી. આહાહા..!

**'ઔર જો તેરે શરીર કી સેવા કરતા હૈ, ઉસસે ભી રાગ મત કર,...'** બાયડી, છોકરા, બધા બાપુજી પગ દાબીએ, પગ દાબીએ. હવે સાંભળને. પગ દાબીને મારી નાખ્યા છે. એ સેવા કરનાર ઉપર રાગ ન કર. આના ઉપર રાગ હોય તો એની સેવા કરનાર ઉપર રાગ થયા વિના રહે નહિ.

મુમુક્ષુ :- સમકિતીની વાત છે ને.

ઉત્તર :- અરે! ઘરની બધાયની વાત છે. સમકિતીની વાત છે. એને શરીર ઠીક છે માટે રાગ ન થાય. એની સેવા કરનાર છે માટે રાગ જ્ઞાનીને ન થાય. નબળાઈને લઈને રાગ થાય એ જુદી વસ્તુ છે. આહાહા..! મુનિને તો એ પણ રાગ નથી નબળાઈનો. સમજાણું કાંઈ? છેક ઘા માર્યા છે. શરીર અને આત્મા વચ્ચે. આહાહા..! બે કટકા જેમ કરે એક છરીથી એમ એ ભેદજ્ઞાન જુદું જ્ઞાનથી બે કટકા કરી નાખ્યા છે. આહાહા..! ભગવાન! તારા ભાગે આત્મા આવ્યો છે કટકાવાળો. શરીર તારા ભાગનું નથી એ તો પર છે. સમજાણું કાંઈ? ઓલું આવે છે ને પ્રજ્ઞાએ જુદો કર્યો પણ ક્યાંથી ગ્રહવો? આવે છે ને? પ્રજ્ઞાએ જુદો પડ્યો પ્રજ્ઞાથી ગ્રહણ કરવો. આહાહા..! શું કહે છે એ?

પ્રજ્ઞા જ્ઞાનની ચીજ, ભેદજ્ઞાનની છીણી દ્વારા રાગથી, શરીરથી ભિન્ન કર્યો. હવે એને ગ્રહવો શી રીતે? એ પ્રજ્ઞાથી ગ્રહાય. પ્રજ્ઞાથી જુદો પડ્યો તે પ્રજ્ઞાથી ગ્રહાય છે. આહાહા..! પ્રજ્ઞાથી ગ્રહાય. રાગથી ગ્રહાય નહિ. આહાહા..! ... રાગની ભિન્ન જ્ઞાનની પ્રજ્ઞાછીણીએથી ભિન્ન કર્યો. એને પ્રજ્ઞાથી ગ્રહ. અને ઠર એમાં. આહાહા..! એમાં તને સુખની પ્રાપ્તિ થશે. જુદા કરીને એમાં જો બહારમાં પાછો રહ્યો તો દુઃખની ઉત્પત્તિના કારણ થશે. આ તો ઠેઠની વાતું છે. આહાહા..! શરીરનો એક રજકણ પણ તારો નથી. એ રજકણનો બીજો રજકણ નથી. એ રજકણ તારો નથી. આહાહા..! તું તે રજકણનો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

પરમાણુના સ્કંધના જથ્થામાં એક એક પરમાણુ સ્વતંત્ર પરિણમશે. પોતાની પર્યાયથી ત્યાં જુદો જ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી તો જુદો છે જ પણ પર્યાયથી પણ જુદો જ છે. આહાહા..! તો

ભગવાનઆત્મા શરીર છે એનાથી ભગવાન તો તદ્દન જુદો છે. આહાહા..! શાંતિભાઈ! આવી રમતું છે બાપુ!

મુમુક્ષુ :- વૈરાગ્ય આવી જાય.

ઉત્તર :- વૈરાગ્ય પરથી ભિન્ન પાડવું એ જ વૈરાગ્ય છે. જ્ઞાન શક્તિ પોતાના અસ્તિત્વને ભિન્ન રાખે અને રાગથી ભિન્ન કરવું એ વૈરાગ્ય છે. જ્ઞાન શક્તિ અને વૈરાગ્ય શક્તિ ન આવી નિર્જરામાં? આહાહા..! આ તો કાલે આવ્યું હતું કે સમયસાર મેં બહુ વાંચ્યું પણ એમાં ક્રમબદ્ધ ક્યાંય નીકળતું નથી. ક્રમબદ્ધ તો આ ચોખ્ખું નીકળે છે એમાં. .. બધા ટીકામાં પાઠમાં ભર્યું. ક્રમ નિયમિત. .. ક્રમ પર્યાયનું નિશ્ચયથી... ક્રમ કરી અને નિયમિત નિશ્ચિત. પછી ભાઈએ ભેગું કર્યું ક્રમબદ્ધ. ચોખ્ખું ભર્યું છે સમયસારમાં. ૩૦૮-૯ ગાથામાં. કહેશે કાલે.

કૈલાસચંદજીએ .. સર્વજ્ઞતા .. નિયત .. એમ ન કરવું. ...સમયસાર મેં વાંચ્યું આખું. ક્યાંય ક્રમબદ્ધ નીકળતું નથી. ક્રમબદ્ધની વ્યાખ્યા મેં તો સાંભળેલું જ છે. પણ ૩૦૮, ૯, ૧૦, ૧૧માં લખ્યું છે ચોખ્ખું પાઠ. નિયમિત. ક્રમે અને નિશ્ચયથી તે જ પર્યાય, તે કાળે થાય એનું નામ ક્રમબદ્ધ. આહાહા..! ભાઈ કહેતા હતા દેવચંદજી. આપણે હતા. આવું તમે કાંઈક કીધું હતું. ક્રમ નિયમિત અને ક્રમ નિશ્ચય. આહાહા..! ક્રમથી તે નિશ્ચય ક્રમબદ્ધ. વાત તો સાચી છે. .. કહ્યું હતું. એણે પંચાધ્યાયીના અર્થ કર્યા. બાપુ! એ વસ્તુસ્થિતિ છે. આહાહા..!

અહીં કહે છે '**ઉસસે ભી રાગ મત કર,...**' સ્વની સેવા કરનારનો પણ રાગ ન કર. '**તથા જો તેરે શરીર કા ઘાત કર દેવે, ઉસકો શત્રુ મત જાન.**' કેમકે તારી ચીજ નથી, તારામાં એ નથી, એમાં તું નથી. પછી એની સેવા કરે એના ઉપર રાગ ન કર, અને ઘાત કરે એના ઉપર દ્વેષ ન કરે. કેમકે તું તેમાં નથી. આહાહા..! જુઓ! પગ કળે છોકરા આવે બે ચાર જણા. કલાક અડધો કલાક પગ દાબે જાવ છોકરાઓ. રાતે .. જાવ ...શેઠિયાના પગ દાબે તો .. ત્યાં આવ્યું હતું એક. નાટક આવે છે. સરકસ. સરકસ. હાથીને. અમારે ત્યાં બહુ આવતું. વેપારી મોટા મોટા. ગામ નાનું હતું. વેપારી મોટા હતા. સરકસ હતું આ પૈસા બહુ કાઢ્યા હતા. બધું જોયું છે બધું. ત્યાં ઓલા .. બધા ઘર જોવા જાય. .. થાય. .. સૂવા ન દે.

'**શરીર કા વિનાશ કરે, તબ વીતરાગ ચિદાનંદ જ્ઞાનસ્વભાવ પરમાત્મતત્ત્વકી ભાવના સે ઉત્પન્ન...**' આહાહા..! જ્યારે એ અનુકૂળતા-પ્રતિકુળતા હો, એમ કહે છે. ત્યારે વીતરાગ ચિદાનંદ જ્ઞાનસ્વભાવ, '**પરમાત્મતત્ત્વકી ભાવના સે ઉત્પન્ન...**' જોયું! '**વીતરાગ ચિદાનંદ જ્ઞાનસ્વભાવ...**' એવું જે પરમાત્મતત્ત્વ, એ સ્વભાવ અને તત્ત્વ. એવું જે સ્વભાવવાળું તત્ત્વ ભગવાન પરમાત્મ તત્ત્વ. આહાહા..! એની ભાવના, એની સન્મુખની એકતાથી ઉત્પન્ન થયેલો આનંદ. આહાહા..! છે? '**પરમ સમરસીભાવ...**' એની ભાવનાથી ઉત્પન્ન થયેલો પરમ સમરસીભાવ. આહાહા..!

'**ઉસમેં લીન હોકર શરીર કે ઘાતક પર દ્વેષ મત કર.**' આહાહા..! દાખલો આપે છે.

**'જૈસે મહા ધર્મસ્વરૂપ યુધિષ્ઠિર...'** યુધિષ્ઠિર ધર્મરાજા. પાલિતાણા. પાંચ પાંડવો ધ્યાનમાં હતા, આનંદમાં. પાંચેય ભાઈઓ. એમાં દુર્યોધનનો ભાણેજ આવ્યો. **'ધર્મસ્વરૂપ યુધિષ્ઠિર...'** ... પોતે. ધર્મસ્વરૂપ ધર્મી ધર્મરાજા. જેવું નામ હતું એવું સ્વરૂપ પ્રગટ કર્યું. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ, નકુલ. ઓહો..! કેવો આ તીર્થંકરની તો હયાતી હતી. એ તદ્દન ... ક્ષેત્ર ... ઓહોહો..! એની ભક્તિ .. પાંચ પાંડવો .. લોઢાના દાગીના ઉના કરી, અગ્નિ ત્યાં લાવ્યા હશે. કોઈ જોનાર નહિ હોય? આ શું કરવા કરે છે લોઢાના ઉના? કેવો આ કાળ છે. એ પાંચ ધ્યાનમાં દિગંબર સંત આનંદકંદમાં ઝુલનારા. એથી ધર્મસ્વરૂપ કહ્યું ને?

**'આદિ પાંચો ભાઈઓ ને દુર્યોધનાદિ પર દ્વેષ નહીં કિયા.'** દુર્યોધન આદિ ઉપર દ્વેષ ન કર્યો. અમને આવીને દાગીના પહેરાવ્યા લોઢાના ધગધગતા. **'દ્વેષ નહીં કિયા. ઉસી તરહ...'** જુઓ આ મુનિઓની સમદશા. આહાહા..! જેને સમ અમૃતરસ જેને પ્રગટ્યો છે ને. સમામૃત. આવ્યું ને ઓલામાં? 'રાગ દાહ અગ્નિ દાહ' 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેવીએ.' કોઈ વેરી વિરોધી હોય તો સમતા રાખ. વ્યક્તિ પ્રત્યે દ્વેષ કરવા જેવું નથી. આહાહા..! એમ અનુકૂળતા પ્રશંસા કરનાર ઉપર રાગ ન કર. આહાહા..!

**'સાધુઓં કા યહી સ્વભાવ હૈ,...'** છે? જેમ પાંડવોએ એમ કર્યું **'ઉસી તરહ સભી સાધુઓં કા યહી સ્વભાવ હૈ.'** આહાહા..! જેમાં જ્ઞાતાદૃષ્ટા ભગવાન જાગૃત થઈને ઉત્પન્ન થઈ છે દશા સમભાવની. આહાહા..! જે વિષમભાવની દશા હતી તેને ટાળીને સમભાવની દશા પ્રગટ થઈ છે. એવા ધર્મસ્વરૂપ પાંડવો. આહાહા..! ... આહાહા..! આ .. જેવા લોઢા ... ધ્યાનમાં આનંદમાં. અમને કોણ આ પ્રતિકુળ કરે છે? કરતું નથી કોઈ. એ તો થવા ટાણે થાય છે. મને જાણનારો હું જાણું. આહાહા..! એવો જેને સમભાવ છે. એને વીતરાગતા પ્રગટી છે તેને અમૃતના સ્વાદ આવે છે. આહાહા..! સમામૃત સેવીએ કહ્યું ને? તમે વીતરાગ સ્વરૂપી અમૃતને સેવો. આહાહા..!

બહારના ઓલા શેરડી ખાતો હોય કે રસ પીતો હોય ત્યારે એને લાગે આમ મીઠાશ. ત્યારે એ મીઠાશ તો રાગની છે, શેરડીની નથી.

મુમુક્ષુ :- એને તો એ અડી શકતો નથી.

ઉત્તર :- એને લાગે કે આ ખાઈએ છીએ. રાગની મીઠાશ છે તો પછી આ બાજુ ઢળ્યો ત્યારે વીતરાગની મીઠાશ થઈ કે નહિ? આહાહા..! ચાહે તો અનુકૂળ હો કે પ્રતિકુળ હો, નિંદા કરનારા હો કે પ્રશંસા કરનારા. એની સામું ન જોવું, પ્રભુ! તું સમામૃતને સેવને. આહાહા..! વીતરાગભાવનો સમભાવ બધા સાધુઓનો એ સ્વભાવ એમ કહેશે. આહાહા..!

**'કિ અપને શરીર કા જો ઘાત કરે,...'** છેલ્લે .. લઈ ગયા છે હવે. **'ઉસસે દ્વેષ નહીં કરતે, સબકે મિત્ર હી રહતે હૈં.'** આહાહા..! સત્વેષુ મૈત્રી. ઘાત કર્યો માટે વેરી છે એ ક્યાં? એ આત્મા ભગવાન છે ને આનંદનો નાથ પ્રભુ અંદર. વચમાં ગડબડ થાય એ પણ તારી નહિ અને

રાગની. આહાહા..! કે તે પણ રાગને શરીરથી જુદો જાણ્યો હતો એના આત્માને તું એમ જાણ ને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ મિત્ર એટલે વિરોધ નહિ એમ. સત્ત્વેષુ મૈત્રી. કીધું નહિ? ... મિત્ર એટલે અનુકૂળતા એમ નથી. સત્ત્વેષુ મૈત્રી. બધા ભગવાન. એમ. સમજાણું કાંઈ? દુશ્મન છે એને મિત્ર માનવો એમ અહીં નથી. મિત્રનો અર્થ સર્વ જીવ સત્ત્વેષુ મૈત્રી ... ... નથી આવતું? બાર ભાવનામાં? એ સત્ત્વેષુ સત્ત્વ આત્મા છે. આહાહા..! એના પ્રત્યે વેર વિરોધ ગમે તે. માથું કાપનારો હોય કે શરીર છે તો છેદવાની ક્રિયા તો જડની તે કાળે થવાની હતી. એમાં એણે શું કર્યું છે? એનો ભાવ તો એની પાસે રહ્યો. સમજાય છે કાંઈ?

**'सबके मित्र ही रहते हैं.'** મિત્ર આ. સત્ત્વેષુ મૈત્રી. આહાહા..! બહુ સરસ ગાથા છે છેલ્લી. પાંડવોનો દૃષ્ટાંત છે. અહીં બંને દૃષ્ટાંત છે. મુનિઓ બિરાજે છે સિદ્ધપદમાં તે સિદ્ધક્ષેત્ર. સિદ્ધક્ષેત્ર ઉપર છે કે જ્યાં કેવળ પામ્યા અને ત્યાંથી સીધા ગયા છે. આહાહા..! જાત્રાનો હેતુ તો આટલો છે. જે ક્ષેત્રથી મોક્ષ પધાર્યા તે ક્ષેત્રની યાદ આવે. ઓહો..! પરમાત્મા સિદ્ધ ભગવાન બિરાજે છે. અહીંથી સીધા ગયા છે. સમશ્રેણી જાય છે ને? કેવળજ્ઞાન અહીં થાય અને જાય ત્યાંથી. એમ નથી. આહાહા..! એવા જીવ ઉપર પ્રતિકુળના કરનાર ઉપર તું મૈત્રી રાખ. વેર વિરોધ ન કરો ભાઈ! આહાહા..! આવો સમ્યગ્દર્શનનો સ્વભાવ છે. સમ્યગ્દૃષ્ટિમાં જરી અસ્થિરતા આવી જાય. પણ એ એને લઈને ન આવે, પણ આને તો આવે જ નહિ મુનિને તો. સમભાવ... સમભાવ.. સમભાવ... સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૮૩

अथ उदयागते पापकर्माणि स्वस्वभावो न त्याज्य इति मनसि संप्रधार्य सूत्रमिदं कथयति-

३१४) उदयहँ आणिवि कम्मु मइँ जं भुंजेवउ होइ।
तं सह आविउ खविउ मइँ सो पर लाहु जि कोइ।।१८३।।

उदयमानीय कर्म मया यद् भोक्तव्यं भवति।
तत् स्वयमागतं क्षपितं मया स परं लाभ एव कश्चित्।।१८३।।

जं यत् भुंजेवउ होइ भोक्तव्यं भवति। किं कृत्वा। उदयहं आणिवि विशिष्टात्मभावनाबलेनोदयमानीय। किम्। कम्मु चिरसंचितं। कर्म। केन। मइं मया तं तत् पूर्वोक्तं कर्म सह आविउ दुर्धरपरीषहोपसर्गवशेन स्वयमुदयमागतं सत् खविउ मइं

निजपरमात्मतत्त्वभावनोत्पन्नवीतरागसहजानन्दैकसुखरसास्वादद्रवीभूतेन परिणतेन मनसा क्षपितं मया सो स परं नियमेन लाहु जि लाभ एव कोइ कश्चिदपूर्व इति। अत्र केचन महापुरुषा दुर्धरानुष्ठानं कृत्वा वीतरागनिर्विकल्पसमसमाद्यौ स्थित्वा च कर्मोदयमानीय तमनुभवन्ति, अस्माकं पुनः स्वयमेवोदयागतमिति मत्वा संतोषः कर्तव्य इति तात्पर्यम्।।१८३।।

---

आगे पूर्वोपार्जित पापके उदयसे दुःख अवस्था आ जावे उसमें अपना धीरपना आदि स्वभाव न छोड़े, ऐसा अभिप्राय मनमें रखकर व्याख्यान करते हैं-

गाथा-१८३

अन्वयार्थः- [यत्] जो [मया] मैं [कर्म] कर्मको [उदयम् आनीय] उदयमें लाकर [भोक्तव्यं भवति] भोगने चाहता था, [तत्] वह कर्म [स्वयम् आगतं] आप ही आ गया, [मया क्षपितं] इससे मैं शांत चित्तसे फल सहनकर क्षय करुँ, [स कश्चित्] यह कोई [परं लाभः] महान् ही लाभ हुआ।

भावार्थः- जो महामुनि मुक्तिके अधिकारी हैं, उदयमें वे नहीं आये हुए कर्मोंको परम आत्म-ज्ञानकी भावनाके बलसे उदयमें लाकर उसका फल भोगकर शीघ्र निर्जरा कर देते हैं। और जो वे पूर्वकर्म बिना उपायके सहज ही बाईस परीषह तथा उपसर्गके वशसे उदयमें आये हों, तो विषाद न करना बहुत लाभ समझना। मनमें यह मानना कि हम तो उदीरणासे इन कर्मोंको उदयमें लाकर क्षय करते, परंतु ये सहज ही उदयमें आये, वह तो बड़ा ही लाभ है। जैसे कोई बड़ा व्यापारी अपने ऊपरका कर्ज लोगोंको बुला बुलाके देता है, यदि कोई बिना बुलाये सहज ही लेने आया हो, तो बड़ा ही लाभ है। उसी तरह कोई महापुरुष महान दुर्धर तप करके कर्मोंको उदयमें लाके क्षय करते हैं, लेकिन वे कर्म अपने स्वयमेव उदयमें आये हैं, तो इनके समान दूसरा क्या है, ऐसा संतोष धारणकर ज्ञानीजन उदय आये हुए कर्मोंको भोगते हैं, परंतु राग-द्वेष नहीं करते।।१८३।।

---

હવે, ઉદયમાં આવેલા પાપકર્મમાં સ્વભાવનો ત્યાગ ન કરવો એવો અભિપ્રાય મનમાં રાખીને આ ગાથાસૂત્ર કહે છે.

ભાવાર્થઃ- જે ચિરસંચિત કર્મને વિશિષ્ટ આત્મભાવનાના બળથી ઉદયમાં લાવીને મારે ભોગવી લેવા યોગ્ય છે તે પૂર્વોક્ત કર્મ દુર્ધર પરિષહ, ઉપસર્ગના વશથી સ્વયં ઉદયમાં આવ્યું અને નિજ પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન એક (કેવળ) વીતરાગ

સહજાનંદમય સુખરસાસ્વાદરૂપે દ્રવીભૂત-પરિણમેલ-મન વડે મેં તેને ક્ષય કર્યું તે નિયમથી કોઈ અપૂર્વ લાભ જ છે.

અહીં, કોઈ મહાપુરુષો દુર્ધર અનુષ્ઠાન કરીને અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને કર્મને ઉદયમાં લાવીને તેને અનુભવે છે, ત્યારે અમને તો કર્મ સ્વયમેવ ઉદયમાં આવ્યાં એમ જાણીને સંતોષ કરવો, એવું તાત્પર્ય છે. ૧૮૩.

---

**વીર સંવત ૨૫૦૨, ફાગણ સુદ ૧૫, શનિવાર**
**તા. ૧૯-૦૩-૧૯૭૭, ગાથા-૧૮૩-૧૮૪, પ્રવચન નં. ૨૨૬**

પરમાત્મપ્રકાશ. ૧૮૩ ગાથા. ૧૮૨ ચાલી ગઈ છે પહેલી. ગુજરાતી અહીં ચાલે છે. અહીં બધા ગુજરાતી છે. ગુજરાતી ચાલે છે. થોડી હિન્દી સાથે આવે છે. હિન્દી પુસ્તક છે ને.

**'આગે પૂર્વોપાર્જિત પાપ કે ઉદય સે દુઃખ અવસ્થા આ જાવે...'** શું કહ્યું સમજાણું? અહીંયાં ધર્મીની વાત છે કે આત્મા પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન, પોતાનું નિજ આનંદ સ્વરૂપ, એનું જેને ભાન થયું હોય, તેને સમ્યગ્દૃષ્ટિ ધર્મની શરૂઆતવાળા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ધર્મીને પ્રતિકુળ કર્મનો ઉદય આવે તો સમતા રાખવી, સ્વભાવનું શરણ લેવું એમ કહે છે. **'स्वस्वभावो न त्याज्य'** પોતાના સ્વભાવનો ત્યાગ ન કરવો પણ રાગનો ત્યાગ કરવો. એમ. આહાહા..! ઝીણી વાત છે. છેલ્લી ગાથાઓ છે ને તો એકદમ આત્મા આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ, વીતરાગસ્વરૂપ એવી અંતર દૃષ્ટિ થઈ. સમ્યગ્દૃષ્ટિ. એ પુણ્યની ક્રિયાને હેય માને છે. આવે છે. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ સમ્યગ્દૃષ્ટિને પણ આવે છે. પણ માને છે કે હેય બંધનું કારણ. ઝીણી વાત છે ભાઈ! એથી સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનચેતના પ્રગટ થઈ છે એમ કહે છે.

એટલે કે આત્મા જે જ્ઞાયકસ્વરૂપ છે ચૈતન્યસ્વરૂપ. એનું અંતરમાં વેદન, જ્ઞાનમાં ચેતાઈ ગયો છે, જ્ઞાનમાં એકાગ્ર થયો છે. એ જ્ઞાન ચેતના પ્રગટી છે. એ મિથ્યાદૃષ્ટિને જ્ઞાન ચેતના હોય નહિ. જેની દૃષ્ટિમાં આ બાહ્ય વ્રત, તપ આદિ ક્રિયાના જે પરિણામ છે એના ઉપર જેની દૃષ્ટિ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એને એ જ્ઞાન ચેતના હોતી નથી. એને રાગની ચેતના છે. આહાહા..! ઝીણી વાત ભાઈ!

ભગવાનઆત્મા રાગથી રહિત છે. જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર કેવળજ્ઞાનમાં દેખ્યું એ આત્મા છે અંદર. આહાહા..! એવું જેને ભાન થયું. એને કહે છે કે કોઈ પૂર્વના કર્મને લઈને શરીરમાં આદિ પ્રતિકુળતા સંયોગ આવે તો એણે ધીરજથી સ્વભાવથી સહન કરવું. સમજાણું કાંઈ? એ કહે છે. છે ને?

'**પૂર્વોપાર્જિત પાપ કે ઉદય સે...**' પૂર્વના પાપ કોઈ કર્યા હોય છે એના ઉદયથી. શરીરમાં દુઃખ આવે, વ્યાધિ આવે, બહારમાં નિંદા આદિના પ્રસંગ આવે એ '**દુઃખ અવસ્થા આ જાવે ઉસમેં અપના...**' પાઠમાં તો એ છે. '**स्वस्वभावो न त्याज्य**' '**उदयागते पापकर्माणि स्वस्वभावो न त्याज्य**' પોતાનો સ્વભાવ જાણવું, દેખવું, આનંદ એમાં એનો ત્યાગ ન કરવો એણે. ઝીણી વાત છે, બાપુ! ધર્મ ઝીણી વાત છે બહુ. લોકો અત્યારે માની બેઠા છે ને. એ ધર્મ બહારમાં જાણે ક્રિયા કરીએ ને વ્રત પાળીએ ને તપસ્યા કરીએ એ ધર્મ નથી. એ તો રાગની મંદની ક્રિયા પુણ્યની છે. અને એમાં ધર્મ માને છે તો મિથ્યાત્વનું મહા પાપ લાગે છે. આવી વાત છે ઝીણી ભાઈ! અત્યારે તો આખી લાઈન ફેરફાર થઈ ગયો છે.

એથી અહીં કહે છે જેને એ આત્મજ્ઞાન અને આત્મદર્શન થયું છે એને કોઈ પૂર્વના કર્મને લઈને શરીરમાં અવસ્થા દુઃખની આવે રોગની. બહારમાં કોઈ પ્રતિકુળતાનો સંયોગ એવો આવે તો એ વખતે સ્વભાવનો ત્યાગ ન કરવો. અર્થ એટલો લીધો. ધીરપણું આદિ એમ. પાઠમાં સ્વભાવ છે. '**स्वस्वभावो न त्याज्य**' એટલે કે જ્ઞાતાદષ્ટાપણું છોડવું નહિ એણે. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રતિકુળ સંયોગો મુનિને પણ આવે છે ને? સાચા સંત મુનિ આનંદકંદમાં ઝુલનારા. એને ઘાણીમાં પીલી નાખ્યા છે. ઘાણીમાં. પણ આનંદમાં છે એ તો. આહાહા..!

મુમુક્ષુ :- શરીર પીલાઈ ગયું.

ઉત્તર :- શરીરમાં જડમાં છે એ તો જ્ઞેય છે, પરજ્ઞેય છે. સ્વજ્ઞેયમાં એ નથી થતું. પરજ્ઞેયમાં છે એ તો જાણવાનો વિષય રહ્યો. આહાહા..! એ અહીંયાં આચાર્ય કહે છે. પરમાત્મપ્રકાશ છે આ.

'**અપના ધીરપના સ્વભાવ આદિ ન છોડે,...**' આહાહા..! ગમે તેટલો પ્રતિકુળ સંયોગ શરીરમાં અને બહારમાં આવે, તો ધર્મીએ પોતાના જ્ઞાતાદષ્ટાપણાનો સ્વભાવ છોડવો નહિ. આહાહા..! ધીરજપણું એટલે કે જાણવું, દેખવું એવું સ્વરૂપ આત્માનું જાણ્યું છે એ જાણવા-દેખવાવાળો રહે. પરની દુઃખની અવસ્થા મને થાય છે એમ એ ન માને. સમ્યગ્દષ્ટિ જીવ. આહાહા..! સમજાણું કાંઈ? '**ઐસા અભિપ્રાય મન મેં રખકર વ્યાખ્યાન કરતે હૈં—**' છે? ૧૮૩.

**३१४) उदयहँ आणिवि कम्मु मइँ जं भुंजेवउ होइ।**
**तं सह आविउ खविउ मइँ सो पर लाहु जि कोइ।।१८३।।**

આહાહા..! અરે! '**જો મૈં કર્મ કો ઉદયમેં લાકર ભોગને ચાહતા થા,...**' આહાહા..! ધર્મી તો પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં રહેનારા છે. ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હોય સમકિતી. સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છે કે પૂર્વના કર્મને લઈને, ઉદીરણા કરીને હું કર્મ ખપાવવા માગુ છું. પોતાના સ્વરૂમાં આનંદમાં રહેવા માટે કર્મના ઉદયની ઉદીરણા કરકે હું ખપાવવા ચાહુ છું તો સહેજે ઉદય આવ્યો. લેણદાર આવ્યો. લેણદારને બોલાવીને હું દઉં છું તો લેવા આવ્યો તો બહુ લાભનું કારણ છે. આહાહા..! શું કહે છે? ઝીણી વાત ભાઈ! જિનવરનો માર્ગ બહુ ઝીણો પ્રભુ. વીતરાગે આ લોકો માની બેઠા છે ને બહારથી આ વ્રત કરવા ને તપ કરવા ને એ જાણે ચારિત્ર છે. ધૂળેય ચારિત્ર નથી.

ચારિત્ર કોને કહેવું એની ખબરું નથી એને. સમજાય છે કાંઈ?

અહીંયાં તો કહે છે કે હું આત્મા, પરમાત્મસ્વરૂપ છે ને આ વ્યાખ્યાન? હું તો પરમાત્મસ્વરૂપ છું. જેણે દૃષ્ટિમાં નિમિત્ત અને પુણ્ય-પાપના વિકલ્પો પણ જેની દૃષ્ટિમાંથી છૂટી ગયા છે અને વર્તમાન પર્યાય પ્રગટ જે અંશ છે એની રુચિ પણ જેને છૂટી ગઈ છે. આહાહા..! એને ધર્મી કહીએ. એ ધર્મીને સહનશીલતા રાખવી કેવે ટાણે? એમ કહે છે. સમજાય છે કાંઈ?

'**જો મૈં કર્મ કો ઉદય મેં લાકર ભોગને ચાહતા થા,...**' આહાહા..! '**વહ કર્મ આપ હી આ ગયા,...**' એની મેળે ઉદય આવ્યો. શરીરમાં કોઈ રોગ આવ્યો, પ્રતિકુળતાની નિંદા થઈ જગતમાં. સમજાણું કાંઈ? જે કર્મને ઉદીરણા કરીને હું ટાળવા માગતો હતો એ કર્મ એની મેળાએ ઉદય આવ્યો. આહાહા..! છે? '**વહ કર્મ આપ હી આ ગયા,...**' આહાહા..! '**ઈસસે મૈં શાત ચિત્ત સે...**' છે ને? સ્વસ્વભાવ ત્યાગ ન કરવો એ આવ્યું. અર્થમાં ધીરપણા આદિ સ્વભાવ લીધો હતો. આમાં એ લીધું. '**શાંત ચિત્ત સે ફલ સહનકર...**' એ પ્રતિકુળતાના સંયોગમાં દ્વેષ ન કર. અને અનુકૂળતાના સંયોગમાં પ્રેમ ન કર. આહાહા..!

જ્ઞાતા દૃષ્ટાના શાંત સ્વભાવથી સહન કરી. આહાહા..! જાણવું-દેખવું એ સહન કરવું એમ. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત ભાઈ! વીતરાગ જિનેશ્વર, પરમેશ્વરનો માર્ગ જગતથી જુદો છે. આહાહા..! સંપ્રદાયમાં એ વાત ચાલતી બહારની ક્રિયાકાંડ તે ધર્મ અને એને ચારિત્ર માને એ બધા. જેને હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી. સમ્યગ્દર્શન શું ચીજ છે. આહાહા..! એ વિના આ વ્રત ને તપ ને બધા ક્રિયા ચારિત્ર છે. એ મિથ્યાદૃષ્ટિએ અનંતવાર એવું કર્યું છે. 'મુનિ વ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એ છ ઢાળામાં આવે છે. છ ઢાળા છે ને? 'મુનિવ્રત ધાર...' નગ્નમુનિ થયો અનંતવાર. 'અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' નવમી ગ્રૈવેયક છે ત્યાં અનંતવાર ગયો. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ એ પુણ્યની ક્રિયાથી પાર આત્મા એના આનંદનો સ્વાદ એને ન આવ્યો.

'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? કે પંચમહાવ્રત પાળ્યા, પાંચ સમિતિ-ગુપ્તિ પાળ્યા એ બધું દુઃખ છે. રાગ છે, આસ્રવ છે, દુઃખ છે, સુખ નહિ. આહાહા..! સાંભળવી વાત કઠણ પડે. લોકો એક જ માને કે સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન કર્યા કરો છો પણ ચારિત્રની વાત? પણ ચારિત્ર કોને કહેવું એ તને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા..! બાપુ! ચારિત્ર થાય એ તો પરમેશ્વર થયો. એ ચારિત્ર તો આનંદસ્વરૂપમાં રમણતા થાય એ ચારિત્ર છે. સમજાણું કાંઈ? પણ હજી આનંદસ્વરૂપ છે એવું જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભાસ્યું નથી. આહાહા..! એને અંતરમાં રમણતારૂપ ચારિત્ર ક્યાંથી હોય? ભાઈ! આ તો હિતની વાત છે, પ્રભુ! એ એને એવું લાગે, નિશ્ચય લાગે નિશ્ચય એમ. આહાહા..! અજ્ઞાનીને અનાદિકાળથી તત્ત્વની ખબર જ નથી. એવા વ્રત ને તપ ને અનંતવાર કર્યા. ભગવાનની પૂજાઓ પણ સમવસરણમાં જઈને અનંતવાર કરી. એ કાંઈ વસ્તુ નથી. એ તો રાગ છે. આહાહા..!

રાગથી ભિન્ન ભગવાનઆત્મા એવું જેને સ્વરૂપનું ભાન થયું. એ જીવ એમ કહે છે કે હું તો કર્મના પ્રકારપણાના ઉદીરણા લઈને. ઉદીરણાનો અર્થ પાછો એમ નથી કે એને એ વખતે ખપવાને લાયક નહોતી ને ખપાવ્યા. એ કર્મ એ વખતે ટળવાની યોગ્યતાવાળા હતા. એને ઉદીરણા કરીને ખપાવ્યા એમ કહેવામાં આવે છે. આહાહા..! ઝીણી વાત ભાઈ! મારગડા ઝીણા પ્રભુ! જન્મ-મરણથી રહિત થવાની રીતું.

કહે છે કે એ પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન ભગવાન, એનો જેને સમ્યગ્દર્શન સાથે આત્મજ્ઞાનમાં સ્વાદ આવ્યો. એને અહીંયાં સમ્યગ્દષ્ટિ અને ધર્મની શરૂઆતવાળો કહેવામાં આવે છે. બાકી ગમે તે પંચમહાવ્રત પાળે અને પાંચ સમિતિ, ગુપ્તિ, નગ્નપણું અનંતવાર લીધું, હજારો રાણીને છોડી. એ કાંઈ ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયાં કહે છે કે હું તો, મુનિની મુખ્યતાથી વાત છે ને આમાં અત્યારે તો? છેલ્લી ગાથાઓ છે. આત્મજ્ઞાન સહિત જેને આનંદ પ્રગટ્યો છે મુનિને. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આવી ગયો છે ઉત્કૃષ્ટ. પ્રચુર સ્વસંવેદન એને કહે છે. સમ્યગ્દર્શનમાં સ્વસંવેદન આનંદનું અલ્પ હોય છે. મુનિને પ્રચુર સ્વસંવેદન હોય છે. પ્રચુર નામ ઘણો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે તેને મુનિપણું કહીએ. આહાહા..! એ કહે છે કે હું તો કર્મના ઉદયને ઉદીરણા કરીને ખપાવવા માગતો હતો એના એની મેળાએ આવ્યું મારે. સમજાણું કાંઈ? આહાહા..!

સનતકુમાર ચક્રવર્તી દીક્ષિત થયા ને ૭૦૦ વર્ષ સુધી ગળત કોઢ, પાંચ આંગળા અને પાંચ બે પગના દસ ગળે. ચક્રવર્તી. દીક્ષિત થયા પછી તો ૭૦૦ વર્ષ તો ગળત કોઢ રહ્યો. તે શરીરનો સ્વભાવ છે એ થયું. એ મને કોઈ ઉપદ્રવનું કારણ નથી. આહાહા..! એ તો પરચીજ પરજ્ઞેય છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ વખતે એ એમ માને છે એ લ્યો વાદિરાજ લ્યો. વાદિરાજ મુનિ આવે છે ને કોઢ. કોઢ વાદિરાજ મુનિને કોઢ હોય છે. શરીરમાં કોઢ. જાણે છે કે, આહાહા..! જેને હું ટાળવા માગું છું એ આવ્યા છે પ્રગટ, માટે મારે તો સમતા રાખવી, ધીરજ રાખવી. અને ધીરજથી સહન એટલે જ્ઞાતાદષ્ટાપણે રહેવું. આહાહા..! સમજાણું કાંઈ? મારગડા જુદા ભાઈ! દુનિયા તો બહારની આ કરો ભક્તિ ભગવાનની કરી, જાત્રા કરી, પૂજા કરી, ધર્મ થઈ ગયો. અરે બાપા! એવા તો અનંતવાર કર્યા છે ભાઈ! તને ખબર નથી. આહાહા..!

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એની સ્વસન્મુખ થઈને અનુભવ થવો, એવી દશામાં ધર્માત્માને. અહીં તો મુનિની વિશેષ વાત છે ને. મુનિ એમ કહે છે કે મને જ્યારે મારી આનંદદશામાં હું રમું છું એ મુનિપણું છે. પંચમહાવ્રતના વિકલ્પને એ તો બધો આસ્રવ અને રાગ છે. એ કાંઈ મુનિપણું નથી. આહાહા..! આવી વાતું આકરી ભારે. બિચારાને સાંભળવા મળ્યું નથી. એટલે લોકો એમ માનીને બેસે કે આ તો બધું ઓહો..! નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય કરે વાતું, પણ આ વ્યવહાર? વ્યવહાર ક્યાં હતો તારે હવે સાંભળને. હજી સમ્યગ્દર્શન વિના વ્યવહાર કેવા? સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે સમ્યગ્દષ્ટિને પણ જ્યારે પ્રતિકુળતા આવી પડે છે તો કહે છે આ તો એ આવ્યું. **'ઈસસે મૈં શાંતિ સે ફલ સહનકર...'** એટલે કર્મનું ફળ આવ્યું એને જ્ઞાતાદષ્ટાપણે

જાણીને '**ક્ષય કરું,...**' કહો, સમજાણું કાંઈ? આ પહેલું એનું જ્ઞાન તો કરે કે વસ્તુનું સ્વરૂપ આવું છે. આ માર્ગ આ છે. આહાહા..! અનંતકાળ, અનંત ચોવીસી, અનંત પુદ્ગલ પરાવર્તન નવમી ગ્રૈવેયકના કર્યા. ભવિ અને અભવિએ બેયે અનંતવાર. દિગંબર નગ્ન મુનિ થઈ પંચમહાવ્રત કેવા? કે જે અત્યારે તો એવા છે નહિ. એવા પંચમહાવ્રત પાંચ સમિતિ, ગુપ્તિ, વ્યવહાર ચોખ્ખો. એના માટે કરેલો ચોકા બોકા કરે તો પ્રાણ જાયતો, મરી જાય તો ન લે. એવી જેની ક્રિયા સ્વર્ગે ગયા, પણ આતમજ્ઞાન વિના સંસાર કટ થયો નહિ. આહાહા..! ગ્રંથિભેદ વિના ગાંઠ તૂટી નહિ, ભવ ખસ્યો નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે. ઓહો..! '**મૈં શાંતિ સે ફલ સહનકર ક્ષય કરું, યહ કોઈ મહાન હી લાભ હુઆ.**' દેખો! કર્મનો ઉદય આકરો આવ્યો એ મારે સહન કરવો એ તો મને લાભનું કારણ છે. આહાહા..!

ભાવાર્થ. એ શબ્દાર્થ કર્યો. '**જો મહામુનિ...**' એને મુનિથી મુખ્ય વાત લીધી છે ને. '**મુક્તિ કે અધિકારી હૈ.**' દેખો! આહાહા..! જેને નવતત્ત્વમાં મોક્ષતત્ત્વની પ્રતીતિ થઈ છે. અને તેથી તે મોક્ષનો અધિકારી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આનંદના સ્વાદમાં આવેલો મુનિ એને નવતત્ત્વમાં મોક્ષતત્ત્વની પ્રતીતિ થઈ છે. અને એ મોક્ષનો જે મહામુનિ અધિકારી. આહાહા..! '**ઉદયમેં વે નહીં આયે હુએ કર્મોં કો પરમ આત્મ-જ્ઞાનકી ભાવના કે બલ સે...**' છે ને? '**પરમ આત્મ-જ્ઞાનકી ભાવના...**' અંદર બધું ઓલું નથી નાખ્યું. ક્યાં જોઈએ બધું? પછી જોઈએ હોં. પાઠમાં ઘણું છે ભાઈ અંદર. પણ અર્થમાં નથી નાખ્યું.

પાઠમાં તો એમ છે '**પરમ આત્મ-જ્ઞાનકી ભાવના...**'નો અર્થ ટીકામાં નાખ્યો છે. '**निजपरमात्मतत्त्वभावनोत्पन्नवीतरागसहजानन्दैकसुखरसास्वादद्रवीभूतेन परिणतेन मनसा क्षपितं मया**' શું કહે છે જરી? કે નિજપરમાત્મા. મારો પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો આ આત્મા પરમાત્મસ્વરૂપ જ આ આત્મા છે. જો પરમાત્મસ્વરૂપ શક્તિએ અને સ્વભાવે ન હોય તો પરમાત્મા ક્યાંથી થાશે? ક્યાંય બહારથી આવે એવું છે? એવો જે નિજપરમાત્મા. સર્વજ્ઞ પરમાત્મા એ પર રહ્યા, એની ભક્તિ અને એને માનવામાં તો શુભરાગ થાય. નિજપરમાત્મા. ટીકામાં છે સંસ્કૃત. '**निजपरमात्मतत्त्व**' છે ને? '**निजपरमात्मतत्त्व**' એના '**भावनोत्पन्न**' આહાહા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા સહજાનંદ સ્વરૂપ. એવો જે પરમાત્મા નિજસ્વરૂપતત્ત્વ એની ભાવના, એની એકાગ્રતા.

'**निजपरमात्मतत्त्व**' એ દ્રવ્ય સ્વભાવ લીધો ત્રિકાળી. અને ભાવના એ વર્તમાન પર્યાય લીધી. આહાહા..! શું કહ્યું એ? '**निजपरमात्मतत्त्व**' પરમ આત્મતત્ત્વ. ઉત્કૃષ્ટ સ્વરૂપ ભગવાન પરમાનંદનો નાથ પ્રભુ પોતે, વર્તમાન પરમાત્મા પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા છે અંદર. આહાહા..! સમજાણું કાંઈ? એ નિજપરમાત્મતત્ત્વની ભાવના, એની અંતર એકાગ્રતા. એનાથી ઉત્પન્ન. છે? નિજાત્મ પરમાત્મસ્વરૂપની ભાવનાથી ઉત્પન્ન. શું ઉત્પન્ન? '**वीतरागसहजानन्दैकसुख-**

**रसास्वादद्रवीभूतेन**' આહાહા..! મુનિ કહે છે કે મને આ દશા પ્રગટી છે. એ દશા વડે હું કર્મને ખપાવું છું. આહાહા..! સમજાણું કાંઈ? છે?

'**निजपरमात्मतत्त्वभावनोत्पन्न**' એનાથી ઉત્પન્ન. પંચમહાવ્રતના અને ફલાણાથી ઉત્પન્ન થતો વીતરાગીભાવ એ નહિ. એ તો રાગ છે. આહાહા..! '**निजपरमात्मतत्त्वभावनोत्पन्नवीतराग-सहजानन्द**' આહાહા..! વર્તમાન હોં. રાગરહિત સ્વભાવિક આનંદ. એક. આનંદનું સ્વરૂપ એકરૂપ જેનું વર્તમાન પણ. સુખરસાસ્વાદ. એવો જે સુખના રસનો આસ્વાદ, અનુભવ '**द्रवीभूतेन**' આમ પરિણમ્યું એ આખું. આખો ભગવાનઆત્મા '**द्रवीभूतेन**' પરિણમ્યો એ આનંદરૂપે. આહાહા..! સમજાણું કાંઈ?

'**सुखरसास्वादद्रवीभूतेन परिणतेन**' આહાહા..! વીતરાગી સુખના આનંદના સ્વાદરૂપે આત્મા પરિણમ્યો. દ્રવ્યો એટલે પરિણમ્યો એ. આહાહા..! થયો. વીતરાગી પરમ આનંદના સુખના સ્વાદરૂપે અંદર થયો. '**परिणतेन मनसा**' અંતરથી. '**क्षपितं मया**' હું તે કર્મને આ રીતે ખપાવું છું. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું બાપુ બહુ ઝીણું ભાઈ! લોકોને જાણે બહારથી મળી જશે. આહાહા..! આ વ્રત પાળવા ને અપવાસ કરવા અને આ કરવા એ ચારિત્ર માને. એ ચારિત્ર કેવું એ તો બધો વિકલ્પ રાગ છે. આહાહા..! લોકોને તત્ત્વની વીતરાગ માર્ગની ખબર જ નથી અને માર્ગ ક્યાંયનો ક્યાંય. અને એ વીતરાગ સિવાય ક્યાંય આ વાત છે? બીજે ક્યાંય નથી. આહાહા..!

જિનવરદેવ ત્રિલોકનાથ સીમંધર ભગવાન તો બિરાજે છે મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. ત્યાંથી આ કુંદકુંદાચાર્ય ગયા હતા. સંવત ૪૯. બે હજાર વર્ષ થયા. કુંદાકુંદાચાર્ય. ત્યાં રહ્યા હતા. આઠ દિન રહ્યા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું છે બધું. આહા..! એમાંથી બધાના આ બીજડા એનાથી છે આ બધા પરમાત્મપ્રકાશના. સમયસારમાંથી. આહાહા..! ઓહોહો..! શબ્દ કેટલો ભર્યો છે જોયું! આ વડે ખપાવ્યું મેં.

'**स परं नियमेन लाहु जि लाभ एव**' કોઈ અપૂર્વ મને લાભ થયો એમ કહે છે. છે ને અંદર ભાઈ? અપૂર્વ છે ને અંદર? '**कश्चिदपूर्व इति लाभ**' આહાહા..! જંગલમાં મુનિ આત્માના ધ્યાનમાં મસ્ત હોય. આહાહા..! એમાં વાઘ આવીને કરડે, બટકા ભરે. આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... મિત્ર આવ્યો મિત્ર. મારે શરીર જોતું નથી અને એને જોવે છે. મિત્ર છે લઈ જાવ. વીતરાગ... વીતરાગ... વીતરાગ... વીતરાગ... એવા ભાવ વડે કરીને કર્મ જે આવ્યા તેને હું ખપાવું છું. આહાહા..! આવા ભાવ વડે. નિર્જરા આવા ભાવથી થાય. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આ તપ આ. આહાહા..!

અહીંયાં આવ્યું. '**પરમ આત્મ-જ્ઞાનકી ભાવના કે બલ સે...**' એમાં ટીકામાં. '**પરમ આત્મ-જ્ઞાનકી ભાવના...**' પરમ આત્મજ્ઞાન. આહાહા..! શાસ્ત્રજ્ઞાન એ નહિ. આત્મ પરમ.

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એવો પરમાત્મ જ્ઞાન. એની ભાવનાના બળથી. એની એકાગ્રતાના બળથી. આહાહા..! '**ઉદય મેં લાકર ઉસકા ફલ ભોગકર શીઘ્ર નિર્જરા કર દેતે હૈં.**' લ્યો! આ નિર્જરા. '**પરમ આત્મ-જ્ઞાનકી ભાવના કે બલ સે ઉદય મેં લાકર ઉસકા ફલ ભોગકર શીઘ્ર નિર્જરા કર દેતે હૈં. ઔર જો વે પૂર્વકર્મ વિના ઉપાય સહજ હી બાઈસ પરીષહ તથા ઉપસર્ગ કે વશસે ઉદય મેં આયે હોં,...**' એમ. જોયું ને હવે. આ રીતે મુનિ કર્મને ખપાવે છે, પણ એમાં કહે છે કે કર્મનો ઉદય એવો આવ્યો. આહાહા..! બાવીશ પરીષહ. એમાં બધું આવ્યું લ્યો. ક્ષુધા, તૃષા, રોગ, ઉપસર્ગ, મનુષ્યના, તિર્યંચના, દેવના.

'**ઉદય મેં આયે હોં, તો વિષાદ ન કરના બહુત લાભ સમજના.**' જોયું. આહાહા..! '**લાભ સમજના.**' કહે છે. જે કર્મને મારા આત્મજ્ઞાનના બળથી ખપાવું છું. ઉદીરણા કરીને. પુરુષાર્થની ઉગ્રતાથી અંતરમાં એ કર્મ એની મેળાએ આવ્યું. ઘણા લાભનું કારણ છે કહો, ભગવાનજીભાઈ! આ તો લાભનું કારણ છે એમ કહે છે. ક્ષુધા, તૃષા, રોગ, બાવીશ પરિષહ છે ને. આહાહા..! આક્રોશ વચનનું પછી કહેશે. આક્રોશ વચનની ગાથા પછી કહેશે. ૧૮૪મી. આહાહા..!

'**પરંતુ યહ સહજ હી ઉદય મેં આયે, વહ તો બડા હી લાભ હૈ.**' આહાહા..! '**જૈસે કોઈ બડા વ્યાપારી...**' દાખલો આપ્યો ટીકાકારે. આ ટીકા અર્થકારે. જેમ મોટો વેપારી હોય '**અપને ઊપર કા કર્જ લોગોં કો બુલા બુલાકે દેતા હૈ,...**' બોલાવે ભાઈ લઈ જાવ પૈસા તમારા લ્યો આ કેટલા લેણા છે? પાંચ હજાર, દસ હજાર. '**યદિ કોઈ બિના બુલાયે સહજ હી લેને આવે...**' લ્યો છે ને? બોલાવ્યા વિના આપે છે. આ તો '**બિના બુલાયે સહજ હી લેને આયા હો, તો બડા હી લાભ હૈ.**' લઈ જાવ ભાઈ તમને બોલાવવા માણસ મોકલ્યો. ત્યાં તો તમે આવ્યા. લઈ જાવ લઈ જાવ. શું કેટલું? પરદેશમાંથી હું લાવ્યો છું. બોલાવ્યા વિના આપવું એના કરતા લેવા આવ્યો હોય એને આપવું. વખત ઓછો બચ્યો એમ લઈ જશે લાભનું કારણ છે. એમ કર્મના ઉદયે એને લાવીને ખપાવું છું એને ઠેકાણે એની મેળાએ ઉદય આવ્યા એ તો લાભનું કારણ છે કહે. આવી વાત છે. આહાહા..!

કોઈ પ્રત્યે ખેદ નહિ, કોઈ પ્રત્યે દ્વેષ નહિ. આહાહા..! ૧૮૨માં આવી ગયું છે એ. શરીરની સેવા કરે એના પ્રત્યે રાગ નહિ. શરીરને મારે એના ઉપર દ્વેષ નહિ. ૧૮૨માં. આવી ગયું છે એ. ગાથા નહિ. '**શરીર તેરા શત્રુ હોને સે દુઃખ ઉત્પન્ન કરતા હૈ. ઈસસે તું અનુરાગ મત કર, ઔર જો તેરે શરીરકી સેવા કરતા હૈ ઉસસે ભી રાગ મત કર. ઔર તેરે શરીર કા ઘાત કરે ઉસે શત્રુ મત જાન.**' આહાહા..! શરીર તો જડ, માટી, ધૂળ છે આ તો. અજીવ છે. પુદ્ગલ છે. આ કાંઈ આત્મા છે નહિ. એની સેવા કરનાર ઉપર રાગ ન કર. અને મારનાર ઉપર દ્વેષ ન કર. આવો માર્ગ છે, બાપુ! આહાહા..! શરીર શત્રુ કીધું હતું ને? શરીર ત્યારે શત્રુ છે. આહાહા..! પહેલી લીટી. આહાહા..! દાખલો આપ્યો હતો ને. ધર્મસ્વરૂપ યુધિષ્ઠિર. ૧૮૨-૧૮૨.

ધર્મરાજા પાંડવ ને અર્જુન. પાંચ પાંડવો. આ શેત્રુંજય. ધ્યાનમાં હતા. શેત્રુંજય અહીં છે ૧૯

માઈલ. આનંદના ધ્યાનમાં હતા. બસ, એમાં દુર્યોધનના ભાણેજ આવીને લોઢાના આભુષણો પહેરાવ્યા મુગટ, દાગીના, દાગીના, દાગીના. આહાહા..! એક તો પાંડવો જોતા રાજકુમાર, એમાં મુનિ થયા નગ્ન દિગંબર, આત્મધ્યાનમાં મસ્ત અને ઓલાએ આવીને પહેરાવ્યા લોઢાના. શાંત, શાંત... શાંત... એ વખતે આવ્યો ઉદય તો છે એ તો જાણ. જાણ તો તને જાણ એમાં આને જાણવાનું ભેગુ આવી જાય. લ્યો! બે મુનિને સહદેવ અને નકુલ બે નાના ભાઈ. એને જરી વિકલ્પ આવ્યો, શુભરાગ આવ્યો. અરે! મુનિને શું થતું હશે? સહોદર છે. એક માતાના પેટમાં ઉત્પન્ન થયેલા અને મુનિ પાછા ધર્માત્મા મુનિ છે દિગંબર સંત. આનંદકંદમાં ઝુલે છે અંદર. એમાં એને થઈ ગયું બે મુનિને. એક વિકલ્પ આવ્યો. શેત્રુંજય ઉપર. આહાહા..!

અરે! મુનિઓને શું થતું હશે? એટલો જરીક વિકલ્પ આવ્યો. કેવળજ્ઞાન અટકી ગયું. સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બંધાઈ ગયું. કેવળજ્ઞાન દૂર થઈ ગયું. આ શુભભાવ. શુભભાવ હતો કે અશુભ હતો એ? તે મુનિઓને માટે. પાંચેય મુનિ હતા, ધર્માત્મા આનંદકંદમાં ઝુલનારા. એક માતાના ઉદરમાં ઉત્પન્ન થયેલા સહોદર, સાધર્મી અને મોટા. પોતાથી મોટા હતા ને ત્રણેય વડીલ હતા. એને આ લોઢાના પહેરાવ્યા. આહાહા..! શાંત, શાંત. ત્રણ તો કેવળ પામ્યા. આ બેને એવો વિકલ્પ જરી આવી ગયો. આયુષ્ય બંધાઈ ગયું સર્વાર્થસિદ્ધનું. ૩૩ સાગરનું આયુષ્ય. ૩૩ સાગર કેવળજ્ઞાન દૂર થઈ ગયું. અને પાછો મનુષ્ય ભવ આવે ત્યારે હજી ક્યારે કેવળ પામે એ એટલુ દૂર થઈ ગયું. કેમકે આઠ વર્ષ પહેલાં તો પામે નહિ. એ હતો શુભભાવ, પણ પુણ્યનું કારણ, બંધનું કારણ થઈ ગયું. આહાહા..! એનાથી નુકસાન થયું, લાભ ન થયો. સમજાણું કાંઈ? એ ૧૮૨માં આવી ગયું છે. પાંચેય ભાઈઓએ દુર્યોધન 'દ્વેષ નહીં કિયા...' દ્વેષ ન કર્યો લ્યો. આહાહા..!

એમ અહીંયાં કહે છે. '**તો બડા હી લાભ હૈ. ઉસી તરહ કોઈ મહાપુરુષ મહાન દુર્ધર તપ કરકે કર્મોંકો ઉદય મેં લાકે ક્ષય કરતે હૈં,...**' ઓલા બોલાવીને જેમ આપે એમ. '**લેકિન કર્મ અપને સ્વયમેવ ઉદયમેં આયે હૈં, તો ઈનકે સમાન દૂસરા ક્યા હૈ,...**' આહાહા..! એ લોઢાના પહેરાવ્યા છે એની સામું ન જોવું એણે. એના ઉપર દ્વેષ ન કરવો. એ તો જ્ઞેય છે જગતના પ્રાણી એને. આહાહા..! વીતરાગભાવ રાખવો. વીતરાગભાવથી સહન કરવું એમ કહે છે. આહાહા..!

'**લેકિન વે કર્મ અપને સ્વયમેવ ઉદય મેં આયે હૈં, તો ઈનકે સમાન દૂસરા ક્યા હૈ, ઐસા સંતોષ ધારણકર...**' ટીકામાં છે એ. સંતોષ છે ને? માથે. '**संतोषः कर्तव्य**' સ્વભાવને ન છોડવો એનો અર્થ એ સંતોષ કરવો. વીતરાગતા રાખવી. આહાહા..! સંતોષે આનંદમાં રહેવું. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે' હમણા લાવ્યા હતા કોઈ. સ્તવન લાવ્યા હતા ને. સ્તવન આવ્યું હતુ નહિ? અખંડાનંદમાં. અખંડાનંદ છે ને ચોપાનિયું અમદાવાદ. એમાં કોઈ લાવ્યું હતું. આ તો અમારે પોણો સો વર્ષ પહેલાંની વાત છે. એ અમારે પાડોશી હતા. મૂળજી ભટ્ટ, પણ અમે એને મામા કહેતા. અમારા બાના મોસાળના હતા એ. અમારી બા હતા એનું મોસાળ હતું ભુંભલી. ભુંભલીના એ બ્રાહ્મણ હતા. અને ઉતારામાં નોકર હતા

કારકુન. પછી ન્હાતા. નાહીને જ્યારે ફેરવે જરી. એ મકાન છે જરી. એ ગાતા. પોણો સો વર્ષ પહેલાંની વાત છે. બાર વર્ષની ઉંમર હતી ત્યારે. 'અનુભવીને એકલું રે આનંદમાં રહેવું રે. ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.' રાજેન્દ્રભાઈ! બ્રાહ્મણ હતા. પોણો સો વર્ષ પહેલાની વાત છે. કીધું આ શું કહેતા હશે? યાદ તો રહ્યું તે દિ'નું હોં. શું કહેતા હશે? અનુભવીને એકલું રે..

એ અહીં કહે છે. ધર્માત્મા મુનિઓને પ્રતિકુળતાના કાળે પોતે આનંદમાં રહેવું. ભજવા પરિબ્રહ્મ. પરમબ્રહ્મ ભગવાનઆત્માનું ભજન કરવું. ભગવાનનું ભજન કરવા જશો તો રાગ થશે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઐસે સંતોષ ધારણકર જ્ઞાનીજન ઉદય આયે હુએ કર્મોં કો ભોગતે હૈં, પરંતુ રાગ-દ્વેષ નહીં કરતે.'** આહાહા..! ઝીણી વાતું બહુ બાપુ! ગાળુ દેનારા, પ્રતિકુળ કરનારા. આહાહા..! એના ઉપર દ્વેષ ન કરવો. અને અનુકૂળ બોલનારા, પ્રશંસા કરનારા એના ઉપર રાગ ન કરવો. સમજાણું કાંઈ? આહાહા..! ૧૮૩ થઈ.

---

## ગાથા-૧૮૪

अथ इदानीं परुषवचनं सोढुं न याति तदा निर्विकल्पात्मतत्त्वभावना कर्तव्येति प्रतिपादयति–

३१५) णिट्ठुर-वयणु सुणेवि जिय जइ मणि सहण ण जाइ।
तो लहु भावहि बंभु परु जिं मणु झत्ति विलाइ।।१८४।।
निष्ठुरवचनं श्रुत्वा जीव यदि मनसि सोढुं न याति।
ततो लघु भावय ब्रह्म परं येन मनो झटिति विलीयते।।१८४।।

जइ यदि चेत् सहण ण जाइ सोढुं न याति। क्व मणि मनसि जिय हे मूढ जीव। किं कृत्वा। सुणेवि श्रुत्वा। किम् णिट्ठुरवयणु निष्ठुरं हृदयकर्णशूलवचनं तो तद्वचनश्रवणानन्तरं लहु शीघ्रं भावहि वीतरागपरमानन्दैकलक्षणनिर्विकल्पसमाधौ स्थित्वा भावय कम्। बंभु ब्रह्मशब्दवाच्यनिजदेहस्थपरमात्मानम्। कथंभूतम्। परु परमानन्तज्ञानादि गुणाधारत्वात् परमुत्कृष्टं जिं येन परमात्मध्यानेन। किं भवति। मणु झत्ति विलाइ वीतरागनिर्विकल्पसमाधिसमुत्पन्न परमानन्दैकरुपसुखामृतास्वादेन मनो झटिति शीघ्र विलयं याति द्रवीभूतं भवतींति भावार्थः।।१८४।।

---

आगे यह कहते हैं कि जो कोई कर्कश (कठोर) वचन कहे, और यह न सह सकता हो तो अपने कषायभाव रोकनेके लिये निर्विकल्प आत्म-तत्त्वकी भावना करनी चाहिए–

गाथा-१८४

अन्वयार्थः- [जीव] हे जीव, [निष्ठुरवचनं श्रुत्वा] जो कोई अविवेकी किसीको कठोर वचन कहे, उसको सुनकर [यदि] जो [न सोढुं याति] न सह सके, [ततः] तो कषाय दूर करनेके लिये [परं ब्रह्म] परमानंदस्वरुप इस देहमें विराजमान परमब्रह्मका [मनसि] मनमें [लघु] शीघ्र [भावय] ध्यान करो। जो ब्रह्म अनंत ज्ञानादि गुणोंका आधार है, सर्वोत्कृष्ट है, [येन] जिसके ध्यान करनेसे [मनः] मनका विकार [झटिति] शीघ्र ही [विलीयते] विलीन हो जाता है।।१८४।।

---

હવે, જો આ કઠોર વચન સહન ન થાય તો (પોતાનો કષાયભાવ રોકવા માટે) નિર્વિકલ્પ આત્મતત્ત્વની ભાવના કરવી, એમ કહે છે :-

ભાવાર્થઃ- હે મૂઢ જીવ! જો નિષ્ઠુર, હૃદય અને કાનમાં શૂળ જેવું ખૂંચનારું વચન સાંભળીને મનમાં તારાથી સહન ન થઈ શકે તો તે વચન સાંભળ્યા પછી શીઘ્ર વીતરાગ પરમાનંદ જેનું એક લક્ષણ છે એવી નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને પરમ અનંતજ્ઞાનાદિ ગુણોનો આધાર હોવાથી ઉત્કૃષ્ટ એવા 'બ્રહ્મ શબ્દથી વાચ્ય એવા નિજદેહસ્થ પરમાત્માને ભાવ (ધ્યાવ) જે પરમાત્માના ધ્યાનથી વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન એક (કેવળ) પરમાનંદમય સુખામૃતના આસ્વાદથી મન તુરત જ નાશ પામે-દ્રવીભૂત થાય (પીગળી જાય). ૧૮૪.

---

ગાથા-૧૮૪ ઉપર પ્રવચન

૧૮૪. 'આગે યહ કહતે હૈં કિ જો કોઈ કર્કશ (કઠોર) વચન કહે,...' છે ને? 'इदानीं परुषवचनं सोढुं न याति' આહાહા..! 'ઔર યહ ન સહ સકતા હો તો અપને કષાયભાવ રોકને કે લિયે નિર્વિકલ્પ આત્મતત્ત્વકી ભાવના કરની ચાહિયે—' આહાહા..! એમાં ઘણું છે હો અંદર. એમાં એ છે. 'हृदयकर्णशूलवचनं' 'हृदयकर्णशूलवचनं' હૃદય અને કાનના શૂળ જેવા વચનો કોક બોલે. પાપી, પ્રાણી આવા પુરુષોને બોલે તો દુનિયા શું છે? દુનિયા તો બોલે. એ વચનો સાંભળીને પણ ધર્માત્માએ 'वीतरागपरमानन्दैकलक्षणनिर्विकल्पसमाधौ स्थित्वा भावय कम्।' આહાહા..! ભગવાનઆત્મા નિર્વિકલ્પ આનંદ સ્વરૂપ પ્રભુ. આહાહા..! આકરી વાતું ભારે આકરું કામ.

પહેલું શું કરવું એને માણસને કહે છે. પણ આવી વાત, પહેલા આ કરવું સમ્યગ્દર્શન. આહાહા..! પુણ્ય-પાપના રાગથી ભિન્ન સહજાનંદ પ્રભુ આત્મા એ તો કહે છે. એનું ધ્યાન કરવું. એવી પ્રતિકુળતા વખતે આત્માને ભાવવો એમ કહે છે. આહાહા..! કઠોર વચનો હોય, આકરા

વચનો હોય, ત્યાં સુધી લીધું છે ને. '**हृदयकर्णशूल**' હૃદયને કાનમાં શૂલ સમાન વચનો એવા આકરા. સાંભળવા. સાંભળીને શું છે એ તો જ્ઞેય છે. આવ્યું છે ને આમાં? સર્વવિશુદ્ધમાં નહિ? નિંદા-પ્રશંસા. નિંદા-પ્રશંસા એ તો જડની પર્યાય છે. એમાં તને ક્યાં નિંદા થઈ? તારી ક્યાં પ્રશંસા થઈ? આહાહા..! નિંદા છે એ જડની પર્યાય છે અવસ્થા. પરમાણુની અવસ્થા છે એ તો. અને પ્રશંસા કોઈ કરે એ જડની, પરમાણુની અવસ્થા એમાં તારે એમાં શું આવ્યું?

મુમુક્ષુ :- પ્રશંસા કરનાર તો ડાહ્યો કહેવાય.

ઉત્તર :- ડાહ્યો કહેવાય તો એને માટે. તારે શું છે? તારે તો પ્રશંસાના શબ્દો જડની પર્યાય છે એમ જાણ. કહો, સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગ માર્ગ, વીતરાગતાની ઉત્પત્તિ બતાવે છે અહીં તો. રાગની ઉત્પત્તિ થાય એ તો બંધનું કારણ, ચાહે તો શુભરાગ હો. દયા, દાનનો, વ્રતનો, તપનો, ભક્તિનો, પૂજાનો પણ એ બંધનું કારણ છે. એ ધર્મ નથી. આહાહા..! આકરી વાતું લાગે માણસને. કોઈ દિ' સાંભળ્યું નથી બિચારાએ. જૈનના નામે થોથા સાંભળ્યા. જૈન પરમેશ્વર શું કહે છે એની ખબરું ન મળે.

મુમુક્ષુ :- ક્યાંય આ દુકાન જ નહોતી.

ઉત્તર :- માર્ગ પણ બાપુ માર્ગ તો આ છે ભાઈ! આહાહા..! જુઓને શું કીધું?

'(કઠોર) **વચન કહે,...**' '**નિર્વિકલ્પ આત્મતત્ત્વકી ભાવના કરની ચાહિયે--**' આહાહા..! સમાધિશતકમાં કહ્યું છે ને? કોઈ વખતે એવો પ્રસંગ આવે ત્યાં આત્મભાવના લેવી. પ્રતિકુળતા સાંભળીને, આ અંતર જવું. એને ભૂલી જવું. આહાહા..! તારા કામ સાથે કામ છે કે પરની સાથે કામ છે તારે? એ તો હોય, દુનિયા તો અનેક પ્રકારની છે. ઠીક લાગે તો પ્રશંસા કરે, ઠીક ન લાગે તો નિંદા કરે, એમાં તારે શું એની સાથે સંબંધ છે? આહા..! લ્યો એ કહે છે.

'**આત્મ-તત્ત્વકી ભાવના કરની ચાહિયે—**' કેવો આત્મા? નિર્વિકલ્પ. છે? આહાહા..! આત્મા તો ભેદરહિત અભેદ છે. એને નિમિત્તનું લક્ષ છોડી દેવું, શુભરાગનું લક્ષ છોડી દેવું, ભેદનું લક્ષ છોડી દેવું. અભેદ નિર્વિકલ્પ, આત્મતત્ત્વની ભાવના કરવી. આહાહા..! એ વખતે પુણ્યભાવ આમ કરવો અને ફલાણું આમ કરવું એમ નથી અહીં લીધું. ભાઈ! એ તો એના કર્મનો મારો ઉદય આવ્યો એ તો બધી વિકલ્પની વાતું. અહીં તો પાધરું અહીં કીધું '**નિર્વિકલ્પ આત્મતત્ત્વકી ભાવના કરની ચાહિયે—**' આહાહા..! માર્ગ ઝીણો બાપુ! જન્મ-મરણરહિત એવું જે સમ્યગ્દર્શન એ જ મોંઘી ચીજ છે અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર ફારિત્ર મીંડા એકડા વિનાના. આહા..! હજી સમ્યગ્દર્શનની જ ખબર નથી કોને કહેવું? આહાહા..!

અહીં એ કહે છે. જેને નિર્વિકલ્પ આત્માનું ભાન થયું છે એ જીવે એવા કઠોર વચનને કાળે પોતાની ભાવના કરની જોઈએ. આહાહા..! એ શ્લોક છે. ૧૮૪.

૩૧૫) णिट्ठुर-वयणु सुणेवि जिय जइ मणि सहण ण जाइ।
तो लहु भावहि बंभु परु जिं मणु झत्ति विलाइ।।१८४।।

એને જીવ કીધો. ટીકામાં હે મૂઢ જીવ એમ નાખ્યુ છે. ટીકામાં. આહાહા..! 'હે જીવ,...' '**निष्ठुरवचनं**' '**જો કોઈ અવિવેકી કિસીકો કઠોર વચન કહે, ઉસકો સુનકર જો ન સહ સકે, તો કષાય દૂર કરને કે લિયે...**' આહાહા..! એવી આકરી ભાષા નિંદા કરે. આહાહા..! '**परं ब्रह्म**' લ્યો આવ્યું નહિ ઓલામાં. 'અનુભવીને એટલું...' '**परं ब्रह्म**' 'અનુભવીને એટલું આનંદમાં રહેવું ભજવા પરમ બ્રહ્મ.' આનંદમાં રહેવું ભજવા પરમ બ્રહ્મ એટલે આ આત્મા. છે ને '**परं ब्रह्म**' પરમાનંદ. બ્રહ્મ એટલે આનંદ.

'**પરમાનંદસ્વરૂપ ઈસ દેહમેં વિરાજમાન પરમબ્રહ્મ કા મનમેં શીઘ્ર ધ્યાન કરો.** ' આહાહા..! આત્મા શું એની તો ખબરું ન મળે. અને વાતું એટલે ધર્મ થઈ ગયો અમારે. આહાહા..! જાત્રાઓ કરી સમ્મેદશિખરની, શેત્રુંજયની ને ગિરનારની થઈ ગઈ. ધૂળેય નથી ધર્મ ત્યાં. એ તો બધી શુભરાગની ક્રિયા છે. ત્યાં ક્યાં ધર્મ હતો? અહીંયાં આત્મા ભગવાન અંદર બિરાજે છે. આહાહા..! એવો પરમબ્રહ્મ ભગવાન પરમાનંદ સ્વરૂપ '**ઈસ દેહ મેં વિરાજમાન...**' લ્યો! ભિન્ન દૂર નથી અહીં છે અંદર. આહાહા..! આવું આકરું. આ તો બધી નિશ્ચયની વાતું. વ્યવહાર નહિ? પણ વ્યવહાર તો બંધનું કારણ સાંભળને. નિશ્ચય આ છે એ જ મોક્ષનું કારણ છે. આહાહા..! શું થાય? જગત લૂંટાણું છે અને લૂંટનારા મળ્યા છે એને. અને લૂંટાતા રાજી થાય પાછા. આહાહા..! આ બરાબર, આ બરાબર. અહીં તો વ્યવહારને બંધનું કારણ કહીને છોડાવે છે.

'**ન સહ સકે,...**' એટલે શું? કે સાંભળવામાં બહુ આકરું આમ લાગે જરીક તને. ત્યાં ધ્યાન છોડી દે અંદરમાં જા. એમ કહે છે. આકરી નિંદા હોય, આકરા વચનો હોય. સહન ન થાય. એમ કહ્યું છે ને સહન ન થાય. એટલે કે ત્યાંથી લક્ષ છોડી દે એનું શું કામ છે? એમ. ભગવાન નિર્વિકલ્પ આનંદ. આહાહા..! '**પરમાનંદસ્વરૂપ ઈસ દેહમેં બિરાજમાન...**' આ દેહ દેવળમાં ભગવાન બિરાજમાન છે પરમાત્મા તારું તત્ત્વ. અરેરે! કેમ બેસે? બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, સવારમાં ચા એક દોઢ પાશેર ન પીવે તો માથુ ફરી જાય. હવે એને કહેવું કરે તું પરમબ્રહ્મ પરમાત્મા છો અંદર. બાપુ! એને ખબર નથી. આહાહા..!

જ્ઞાનીને પરમાં સુખ ક્યાંય ભાસતું નથી અને પરમાં સુખ જેને ભાસે તે તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ઈન્દ્રના ઈન્દ્રાસનોમાં અને અબજોપતિ પૈસા લક્ષ્મી સ્ત્રી, કુટુંબ, પરિવાર મોટું બધું પાંચ-પાંચ કરોડ, બબ્બે કરોડની ઊપજ હોય. એ બધા ધૂળના ઢગલા છે. આહાહા..! એ બધા દુઃખના નિમિત્ત છે. એમાં દુઃખ છે. દુઃખ જ કીધું છે ને? આઠેય કર્મનું ફળ દુઃખ કીધું ને? એમ કહ્યું ને? તો શાતાવેદનીયના ફળ અપેક્ષાએ મળ્યા એ દુઃખ છે એમ કહે છે અહીં તો. કેટલામી ૪૫મી? ૪૫મીની આવીને ગાથા સમયસાર. આઠેય કર્મનું ફળ દુઃખ છે. તેમાં એમ ન આવ્યું શાતાનું ફળ પણ દુઃખ છે એમ આવ્યું એમાં તો. આવ્યું કે નહિ? આહાહા..! બે-પાંચ કરોડ મળ્યા, બાયડી સારી, છોકરા સારા માટે સુખ. ધૂળેય નથી હવે સાંભળને એ તો પર વસ્તુ જડ છે. એ બધા કર્મના ફળ દુઃખ છે. એને સુખ માને છે અજ્ઞાની મૂઢ. એ મિથ્યાદૃષ્ટિ જૈન જ નથી. એને જૈનની ખબર જ નથી.

આહાહા..! સમજાણું કાંઈ? કહો, હસમુખભાઈ! આ બધા પૈસાવાળા સુખી થાય. માણસ એમ કહે છે ને. પહેલી ખુરશી મળે મોઢા આગળ. આહાહા..!

'**परं ब्रह्म**' ભાષા દેખો! ઓહોહો..! પ્રભુ તું કોણ છો? '**પરમાનંદસ્વરૂપ ઈસ દેહમેં બિરાજમાન...**' આહાહા..! ભાઈ! તારું લક્ષ ત્યાં ગયું નથી. તે ચીજ અવ્યક્તપણે પણ તને લક્ષમાં આવી નથી. આહાહા..! ભગવાન પરમાનંદ સ્વરૂપ જ છું. એવી જે વ્યવહારશ્રદ્ધા જે પાત્રતા એ પણ જેને નથી. આહાહા..! એને પરમાનંદ સ્વરૂપની પ્રાપ્તિ જ ક્યાંથી થાય? આહાહા..! યશોકીર્તિનું ફળ પણ દુઃખ? આઠેય કર્મમાં તો એ આવ્યું. આઠેય કર્મનો પાક દુઃખ. એમાં યશોકીર્તિ હો, તીર્થંકરગોત્રનું ફળ. આહાહા..! શાતાવેદનીય. આહારકશરીર, ઔદારિક શરીર મળે, દેવનું વૈક્રિયિક શરીર મળે લ્યો. ઔદારિક શરીર મળે એ દુઃખ. મનુષ્યનું ઔદારિક શરીર મળે લ્યો. ઘણી ટૂંકી શૈલીમાં એ બધું દુઃખ છે કહે છે. મનુષ્યપણું હોય એ દુઃખ છે. કેમકે એનો આશ્રય લક્ષ જાશે તો એને રાગ જ થાશે. આહાહા..! હવે એ મનુષ્યપણાને મોક્ષનું સાધન કહેવું પાછું. એકકોર આમ કહેવું કે એ કર્મનું ફળ બધું દુઃખ છે. બીજીકોર એમ કહેવું કે શરીર આદ્યં ખલું ધર્મ સાધનં. આહાહા..!

ભગવાનઆત્મા બાળ-ગોપાળ, આહાહા..! ૧૭-૧૮માં ન કહ્યું? જ્ઞાનની જે તારી વર્તમાન પર્યાય છે ઝીણી વાત. એ જ્ઞાનમાં જ્ઞેય જ જણાય છે, પરમાનંદ જ જણાય છે. આ જ્ઞાનની પર્યાય છે ને? પર્યાય એટલે અવસ્થા. ક્ષયોપશમ. જ્ઞાનનો પ્રગટ અંશ છે ને. એ પ્રગટ અંશમાં તો શાસ્ત્રકાર એમ કહે છે સિદ્ધાંત કે જ્ઞેયસ્વરૂપ જે પૂર્ણ છે એ જણાય છે. અજ્ઞાનીને એમ જ જણાય છે. પણ એની દૃષ્ટિ કરતો નથી એટલે એને જણાતું નથી. આહાહા..!

અહીં પરમબ્રહ્મસ્વરૂપ બિરાજે છે એ એની જ્ઞાનની પર્યાયમાં આવવું જોઈએ ને? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! પર્યાય શું ને દ્રવ્ય શું એ પણ કોને? આહાહા..! અગીયાર અંગના જાણપણા અનંતવાર કર્યા. પંચમહાવ્રતના પાલન અનંતવાર કર્યા. એ કોઈ ચીજ નથી. આહાહા..! પરમબ્રહ્મ ભગવાનઆત્મા જ્ઞાનની સમયની પર્યાયમાં, એક સમયની પર્યાયમાં, અવસ્થામાં આખો જ્ઞેય જણાય છે. અજ્ઞાનીને પણ પર્યાયમાં સ્વપરપ્રકાશકપણાને લઈને વસ્તુ જણાય છે. પણ તેની દૃષ્ટિ ત્યાં નથી એટલે જણાતો નથી. દૃષ્ટિ રાગ ને પુણ્ય ને પર્યાયમાં દૃષ્ટિ છે એની. સાધુ થયો દિગંબર મુનિ હજારો તોપણ દૃષ્ટિ ત્યાં રાગ અને ક્રિયા ઉપર છે. આત્મજ્ઞાન ન કર્યું એણે. જે પર્યાયમાં આત્મા આવે છે, જણાય છે તે આત્માનું જ્ઞાન ન કર્યું. આહાહા..!

એવો પરંબ્રહ્મ બિરાજમાન '**મન મેં શીઘ્ર ધ્યાન કરો.**' આત્મા તરફ વળો એમ કહે. સહન ન થાય તો અંતર વળો એમ કહે. આહાહા..! '**જો બ્રહ્મ અનંત જ્ઞાનાદિ ગુણોંકા આધાર હૈ,...**' બ્રહ્મ શબ્દ વાચ્ય છે ને અંદર. '**निजदेहस्थपरमात्मानम्**।' '**परमानन्तज्ञानादि गुणाधारत्वात् परमुत्कृष्टं**' ઉત્કૃષ્ટ લેવું છે ને? '**સર્વોત્કૃષ્ટ હૈ,...**' સર્વોત્કૃષ્ટ ભગવાનઆત્મા અંદર છે. પરમાત્મા અરિહંતથી પણ આત્મા સર્વોત્કૃષ્ટ પરથી ભિન્ન છે. '**જિસકે ધ્યાન કરને સે મનકા વિકાર શીઘ્ર**

હી વિલીન હો જાતા હૈ.' આહાહા..! અંતર વળવાથી બહારના પરિણામનો નાશ થઈ જાય છે. માટે આત્મતત્ત્વનો વિચાર કરવો. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**ગાથા-૧૮૫**

अथ जीवः कर्मवशेन जातिभेदभिन्नो भवतीति निश्चिनोति–

३१६) लोउ विलक्खणु कम्म-वसु इत्थु भवंतरि एइ।
चुज्जु कि जइ इहु अप्पि ठिउ इत्थु जि भवि ण पडेइ।।१८५।।
लोकः विलक्षणः कर्मवशः अत्र भवान्तरे आयाति।
आश्चर्यं किं यदि अयं आत्मनि स्थितः अत्रैव भवे न पतति।।१८५।।

लोउ इत्यादि। विलक्खणु षोडशवर्णिकासुवर्णवत्केवलज्ञानादिगुणसदृशो न [1]सर्वजीवराशिसद्दशात् परमात्मतत्त्वद्विलक्षणो विसद्दशो भवति। केन। ब्राह्मणक्षत्रियवैश्य-शूद्रादिजातिभेदेन। कोऽसौ। लोउ सोको जनः। कथंभूतः सन्। कम्म-वसु कर्मरहित शुद्धात्मानुभूतिभावनारहितेन यदुपार्जितं कर्म तस्य कर्मण अधीनः कर्मवशः। इत्थंभूतः सन् किं करोति। इत्थु भवंतरि एइ पञ्चप्रकारभवरहिताद्वीतरागपरमानन्दैकस्वभावात् शुद्धात्मद्रव्याद्विसद्दशे अस्मिन् भवान्तरे संसारे समायाति चुज्जु किं इदं किमाश्चर्यं किंतु नैव, जइ इहु अप्पि ठिउ यदि चेदयं जीवः स्वशुद्धात्मनि स्थितो भवति तर्हि इत्थु जि भवि ण पडेइ अत्रैव भवे न पततीति इदमप्याश्चर्यं न भवतीति। अत्रेदं व्याख्यानं ज्ञात्वा संसारभयभीतेन भव्येन भवकारणमिथ्यात्वादिपञ्चास्त्रवान् मुक्त्वा द्रव्यभावस्त्रवरहिते परमात्मभावे स्थित्वा च निरन्तरं भावना कर्तव्येति तात्पर्यम्।।१८५।।

---

आगे जीवके कर्मके वशसे भिन्न-भिन्न स्वरुप जाति-भेदसे होते हैं, ऐसा निश्चय करते हैं–

**गाथा-१८५**

अन्वयार्थः- [विलक्षणः] सोलहवानीके सुवर्णकी तरह केवलज्ञानादि गुणकर समान जो परमात्मतत्त्व उससे भिन्न जो [लोकः] ब्राह्मण, क्षत्रिय, वैश्य, शूद्र आदि जाति-भेदरुप जीव-राशी वह [कर्मवशः] कर्मके वश उत्पन्न है, अर्थात् जाति-भेद

---

૧. સંસ્કૃત ટીકામાં ભૂલ લાગે છે. કદાચ આ પ્રમાણે પણ હોય : सर्वजीवराशिसद्दशात्=सर्वजीवराशिःसद्दशात्

कर्मके निमित्तसे हुआ है, और वे कर्म आत्म-ज्ञानकी भावनासे रहित अज्ञानी जीवने उपार्जन किये हैं, उन कर्मोंके आधीन जाति-भेद है, जब तक कर्मोंका उपार्जन है, तब तक [अत्र भवांतरे आयाति] इस संसारमें अनेक जाति धारण करता है, [अयं यदि] जो यह जीव [आत्मनी स्थितः] आत्मस्वरुपमें लगे, तो [अत्रैव भवे] इसी भवमें [न पतति] नहीं पड़े-भ्रमण नहीं करे, [किं आश्चर्यं] इसमें क्या आश्चर्य हैं, कुछ भी नहीं।।

भावार्थः- जबतक आत्मामें चित्त नहीं लगता, तब तक संसारमें भ्रमण करता है, अनेक भव धारण करता है, लेकिन जब यह आत्मदर्शी हुआ तब कर्मोंको नहीं उपार्जन करता, और भवमें भी नहीं भटकता। इसमें आश्चर्य नहीं है। संसार-शरीर-भोगोंमें उदास और जिसको भव-भ्रमणका भय उत्पन्न हो गया है, ऐसा भव्य जीव उसको मिथ्यात्व, अव्रत, कषाय, प्रमाद, योग, इन पाँचों आस्रवोंको छोड़कर परमात्मतत्त्वमें सदैव भावना करनी चाहिये। जो इसके आत्म-भावना होवे तो भव-भ्रमण नहीं हो सकता।।१८५।।

---

હવે, જીવ કર્મના વશથી જાતિભેદથી ભિન્ન-ભિન્ન સ્વરૂપે થાય છે (કર્મના વશે જીવ ભિન્ન-ભિન્ન જાતિઓ પામે છે) એમ નક્કી કરે છે :-

ભાવાર્થઃ- આ જનસમુદાય કર્મરહિત એવા શુદ્ધ આત્માની અનુભૂતિની ભાવનાના અભાવથી જે કર્મ ઉપાજર્યું છે તે કર્મને આધીન થતો થકો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રાદિ જાતિના ભેદથી, સોળવલા સુવર્ણની જેમ કેવળજ્ઞાનાદિ ગુણે કરીને સર્વજીવરાશિ સદશ નથી, સદશ એવા પરમાત્મતત્ત્વથી વિલક્ષણ-વિસદશ છે(?) આવો (જનસમુદાય) શું કરે છે? પાંચ પ્રકારના ભવથી રહિત વીતરાગ પરમાનંદ જેનો એક સ્વભાવ છે એવો શુદ્ધ આત્મદ્રવ્યથી વિસદશ આ ભવાન્તરમાં-સંસારમાં આવે-પડે એમાં શું આશ્ચર્ય છે? કંઈપણ આશ્ચર્ય નથી. જો આ જીવ શુદ્ધાત્મામાં સ્થિત થાય તો આ ભવમાં ન જ પડે તો પણ તેમાં આશ્ચર્ય નથી.

અહીં, આ વ્યાખ્યાન સાંભળીને સંસારભયથી ભયભીત ભવ્યજીવે ભવના કારણરૂપ મિથ્યાત્વ આદિ પાંચ આસ્રવોને છોડીને અને દ્રવ્યાસ્રવ, ભાવાસ્રવ, ભાવાસ્રવ રહિત પરમાત્મભાવથી સ્થિત થઈને નિરંતર (આત્મ) ભાવના કરવી જોઈએ, એવું તાત્પર્ય છે. ૧૮૫.

## વીર સંવત ૨૫૦૨, ચૈત્ર સુદ ૧, રવિવાર
## તા. ૨૦-૦૩-૧૯૭૭, ગાથા-૧૮૫, પ્રવચન નં. ૨૨૭

પરમાત્મપ્રકાશ. ૧૮૫ ચાલે છે. ૧૮૪ થઈ ને? ૧૮૪માં એમ કહ્યું કે કોઈ કઠોર વચન આદિ પ્રતિકુળ કહે તો એ સમયે પરમાત્મસ્વરૂપ જે દેહમાં બિરાજમાન છે. બિરાજમાન છે સાક્ષાત. કોણ પરમાત્મા? આ પરમાત્મા. આહાહા..! છે ને આવી ગયું ને એ? '**પરમાનંદ સ્વરૂપ ઈસ દેહમેં બિરાજમાન...**' '**परं ब्रह्म**' અહીંયાં સવારમાં આવ્યું હતું ને નિશ્ચય સ્વ. એ સ્વ કોણ? એ વાત અહીંયાં છે. કે પરમાનંદ સ્વરૂપ આત્મા એ સ્વ છે. આહાહા..! શરીર નહિ, વાણી નહિ, મન નહિ, કર્મ નહિ, પુણ્ય અને પાપના ભાવ પણ નહિ. એક સમયની પર્યાય પણ નહિ.

પરમાનંદ સ્વરૂપ ભગવાનઆત્મા એનું ધ્યાન કરવું. પ્રતિકુળતાના સમયે કર્મનો ઉદય આકરો આવે, શરીરમાં રોગ હોય, બાહ્યમાં પ્રતિકુળતા હો, એ સમયે સ્વરૂપ ચૈતન્ય ભગવાન દેહમાં બિરાજમાન અસ્તિ પદાર્થ છે. શુદ્ધ વિજ્ઞાન આનંદઘન, એનું ધ્યાન કરવું, એના તરફ વલણ કરવું એમ કહે છે. જયંતિભાઈ! આવી ઝીણી વાત ભારે ભાઈ આવી. આહાહા..! પ્રતિકુળતાના સમયે ધર્માત્માએ શું કરવું? કે પોતાનું પરમાનંદસ્વરૂપ શક્તિએ, સ્વભાવે પરમાનંદ સ્વરૂપ આત્મા તેના તરફનો જુકાવ કરવો. તેના સન્મુખ થવું એમ કહે છે. આહાહા..! એ સન્મુખ કોઈ થઈ શકે? જેણે પહેલા આત્મા પરમાનંદસ્વરૂપ સમ્યગ્દર્શન અને અનુભવમાં પ્રતીતમાં આવ્યું હોય. સમજાણું કાંઈ?

દિઠ મગ્ગે રાત્રે કહ્યું હતું ને? દિઠ મગ્ગે રાત્રે કહ્યું હતું. માર્ગ જેણે દેખ્યો છે. ધવલમાં પાઠ છે. ધવલ છે ને? જય ધવલ, ધવલ, મહા ધવલ. એમાં પાઠ છે કે આ માર્ગ જે આત્મા પુણ્ય-પાપના રાગથી પણ ભિન્ન અને પોતાની પર્યાયમાં પર્યાયવાનનો અનુભવ જેણે કર્યો છે એણે માર્ગ દીઠો છે કે આ આત્માનો માર્ગ છે. આહાહા..! એ દીઠ મગ્ગેણં. માર્ગ જે જોયો છે કે આ આત્મા આનંદ સ્વરૂપ. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ તો બધો વિકાર, એ દૃષ્ટિનો વિષય નથી અને એ આત્મામાં નથી. આહાહા..! એવો જે ભગવાન પરમાનંદ પ્રભુ દેહમાં દેહથી ભિન્ન બિરાજે છે. દેહમાં દેહથી ભિન્ન. આહાહા..! એના તરફનો જુકાવ જેણે પ્રથમ કર્યો હોય એ પ્રાણી ધર્માત્માને પ્રતિકુળતાના સમયે તે તરફનો જુકાવ કરવો. સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

અહીંયાં તો હવે વિશેષ કહે છે. '**આગે જીવ કે કર્મ કે વશ સે ભિન્ન-ભિન્ન સ્વરૂપ જાતિ-ભેદસે હોતા હૈં,...**' બ્રાહ્મણ ને ક્ષત્રિય ને વૈશ્ય અને ક્ષુદ્ર એ બધા કર્મના વશે ઉત્પન્ન થાય છે. એ આત્માનો કોઈ સ્વભાવ નથી. સમજાણું કાંઈ? એ '**ભિન્ન-ભિન્ન સ્વરૂપ જાતિ ભેદસે હોતા હૈં, ઐસા નિશ્ચય કરતે હૈં—**' ૧૮૫.

૩૧૬) लोउ विलक्खणु कम्म-वसु इत्थु भवंतरि एइ।
चुज्जु कि जइ इहु अप्पि ठिउ इत्थु जि भवि ण पडेइ।।१८५।।

ભગવાનઆત્મા '**સોલહવાની કે સુવર્ણકી તરહ...**' સોળવલું કહે છે? હિન્દીમાં શું કહે છે? સોલહવલું સોનું. એ '**સોલહવાની કે સુવર્ણકી તરહ...**' ભગવાનઆત્મા. છે? '**કેવલજ્ઞાનાદિ ગુણકર સમાન...**' આહાહા..! સોળવલું સોનું જે છે એ સોળવલું સોનું લાખ, કરોડ, અબજ હોય તો બધું સરખું સોળવલું છે. એમ ભગવાનઆત્મા આહાહા..! દરેક આત્મા સોળવલા સોનાની સમાન કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એટલે? પર્યાયની વાત નથી. કેવળ પર્યાય એ નહિ. કેવળજ્ઞાન એકલું જ્ઞાન, એકલો આનંદ, એકલી શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા '**કેવલજ્ઞાનાદિ ગુણકર સમાન...**' એ કેવળજ્ઞાનાદિ ગુણ કરીને બધા આત્માઓ અંદરમાં સમાન છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**જો પરમાત્મતત્ત્વ...**' જ્ઞાનસ્વભાવ, દર્શનસ્વભાવ, આનંદ સ્વભાવ, વીર્યસ્વભાવ, સ્વચ્છ સ્વભાવ એવા '**કેવલજ્ઞાનાદિ ગુણકર સમાન જો પરમાત્મતત્ત્વ ઉસસે ભિન્ન...**' આહાહા..! આ પરમાત્મતત્ત્વ હોં. પરમસ્વરૂપ જે ધ્રુવ ચિદાનંદ પ્રભુ એવો પોતાનો આત્મા સમ્યગ્દર્શનનો જે વિષય એ સ્વસ્વરૂપ એક સમાન અનંતગુણસહિત એક સમાન બધા આત્માઓ છે. આહાહા..! ક્યારે?

મુમુક્ષુ :- ત્રણે કાળે.

ઉત્તર :- ત્રણે કાળે. આહાહા..! આ આત્મા પૂર્ણાનંદ, પૂર્ણાનંદ સ્વરૂપ. વિકાર તો એમાં નથી, પણ પોતાની વર્તમાન પ્રગટ વ્યક્ત અવસ્થા-દશા એટલો પણ આત્મા નથી. આહાહા..! પરમાનંદ સ્વરૂપ કેવળજ્ઞાનાદિક ગુણકર બિરાજમાન પ્રભુ, અરે! કેમ બેસે? પામર પ્રાણીને. એવી પ્રભુતાની પ્રતીતિ કેમ થાય? સમજાણું કાંઈ? અનંતજ્ઞાન, દર્શન આદિ અનંત સ્વભાવ સહિત પ્રભુ બધા આત્મા પરમાત્મસ્વરૂપે સમાન છે.

છે? '**ઉસસે ભિન્ન,...**' આ '**બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર આદિ જાતિ ભેદરૂપ જીવ-રાશી...**' એ પરમાત્મતત્ત્વથી, કર્મથી ઉત્પન્ન થયેલી ભિન્ન જાતિ એ જાતિભેદ કર્મના નિમિત્તે થયો છે. આહાહા..! પોતાના સ્વરૂપમાં એ જાતિ નથી. કે ભાઈ આ બ્રાહ્મણ છે ને અને આ વૈશ્ય છે આ. એ તો કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલી ભેદજાતિ છે. એ પોતાનું સ્વરૂપ નથી. આહાહા..! કોઈ કહે કે ભાઈ બ્રાહ્મણની જાત હોય તો તેને આત્માનું ભાન હોય. તો કહે છે એ તો કર્મના કારણે મળેલી ભિન્ન ભિન્ન જાતિ એ ચૈતન્ય સોળવલા સોનાની સમાન પ્રભુ એથી તો ભિન્ન જાત છે એ. આહાહા..!

'**બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર આદિ જાતિ ભેદરૂપ જીવ-રાશી વહ કર્મ કે વશ ઉત્પન્ન હૈ,...**' પોતાના સ્વભાવમાં એ નથી. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મની પહેલા પગથિયા, પ્રથમ સીઢી એવા સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના પૂર્ણ પરમાનંદ અને અનંતગુણ આદિ સહિત સમાન સરખા આત્માને માને છે. સમજાણું કાંઈ? બાહ્ય જાતિભેદ આદિ છે એ તો પર્યાયનો ભેદ એ તો જાણવા લાયક છે. પોતાની ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**વે કર્મ આત્મ-જ્ઞાનકી ભાવના સે રહિત...**' હવે શું કહે છે કે પહેલી તો એ ચીજ કહી

કે પોતાનો આત્મા અનંતજ્ઞાન, દર્શન, આનંદસહિત સદશ્ય સ્વરૂપ એક સમાન આત્મા છે. એનાથી ભિન્ન જાતિ ધર્મ આદિ. એ જાતિ ઉત્પન્ન કેમ થઈ? કે કર્મથી થઈ. તો કર્મ કેમ ઉત્પન્ન થયા? સમજાણું કાંઈ? એ કહે છે જુઓ. '**જાતિ-ભેદ કર્મ કે નિમિત્ત સે હુઆ હૈ, ઔર વે કર્મ આત્મ-જ્ઞાનકી ભાવના સે રહિત...**' આહાહા..! ભગવાન અનંત જ્ઞાન સંપન્ન પ્રભુ, અતીન્દ્રિય અનંત આનંદસ્વરૂપ, અનાદિથી અજ્ઞાની આત્માને પર્યાયમાં દુઃખ છે. એ કર્મના સંગે દુઃખ છે. એનો સ્વભાવ દુઃખ નથી. એનો સ્વભાવ તો આનંદ છે. એ તો કહ્યું બિરાજમાન અંદર. તો પરમાનંદ સ્વરૂપમાં દુઃખ જે ભાસે છે એ અબુદ્ધિપૂર્વક હોય. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયના બધા પ્રાણી અસંજ્ઞી સંજ્ઞી એ દુઃખને વેદે છે. કેમ? કે આત્માના આનંદનો એમાં અભાવ છે. એ શું કહ્યું?

અજ્ઞાનીને આત્મા તો છે એ છે. પણ પર્યાયમાં આનંદનો અભાવ છે એ કારણે દુઃખને જ વેદે છે. એકલા દુઃખી જ છે. સમજાણું કાંઈ? આ અબજોપતિ ને રાજા ને દેવો એ બધા દુઃખી છે. કેમકે આત્માના આનંદનો જ્યાં અભાવ છે ત્યાં દુઃખ છે. આહાહા..! સવારમાં કહ્યું નહોતું? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એ દુઃખી છે. પંચમહાવ્રત પાળનારા દુઃખી છે. કેમ કે મહાવ્રતના પરિણામ રાગ છે અને દુઃખ છે. આહાહા..! આવી વાત. કેમકે જ્યાં આત્મા આનંદ પ્રભુ છે, અતીન્દ્રિય આનંદ, એ અતીન્દ્રિય આનંદનો જેની પર્યાયમાં અભાવ છે, એની પર્યાયમાં રાગ અને દ્વેષનું દુઃખ(નું) વેદન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આત્મા જે છે. પહેલાં પરમાનંદ કહ્યું ને? પરમાનંદ બિરાજમાન અંદર છે. આહાહા..! એ પરમાનંદના આનંદનો પોતાની વર્તમાન પર્યાયમાં જેને અભાવ છે એને રાગ અને દ્વેષના દુઃખની સદ્ભાવ દશા છે. કહો, ભગવાનજીભાઈ! આહાહા..! એને દુઃખ છે એ સિદ્ધ શી રીતે થાય છે? પંચાધ્યાયીમાં લીધું હતું ને ભાઈ? કે આ અજ્ઞાની પ્રાણી મોટા રાજા હોય, દેવ હોય, અબજોપતિ હોય એ બધા પ્રાણી એકેન્દ્રિય હોય. પૃથ્વી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ પ્રાણી દુઃખી છે એ કઈ રીતે સિદ્ધ કર્યું? અને પંચમહાવ્રતના પાળનારા પણ પ્રાણી આત્મજ્ઞાન નથી માટે દુઃખી છે. એ સિદ્ધ કેમ કર્યું તે? કે એ સિદ્ધ એમ કર્યું કે જેને અતીન્દ્રિય આનંદનો અભાવ છે તેને દુઃખનો સદ્ભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ભાઈ! આ બધા અબજોપતિ અને કરોડોપતિ એ બિચારા દુઃખી છે.

અહીંયાં તો ત્યાં સુધી દુઃખી કહ્યો કે અનંતવાર મુનિપણું લીધું, દિગંબર મુનિ થયો. પંચમહાવ્રત પાળ્યા, સમિતિ, ગુપ્તિ, બ્રહ્મચર્ય જાવજીવ શરીરનું બાળબ્રહ્મચર્ય, પણ એ બધો વિકલ્પ છે, રાગ છે, આત્મજ્ઞાન નથી ત્યાં. આહાહા..! આત્મજ્ઞાનનો જ્યાં અભાવ છે ત્યાં આનંદનો અભાવ છે. આનંદનો અભાવ છે ત્યાં દુઃખનો સદ્ભાવ છે. ભગવાનજીભાઈ! ન્યાય સમજાય છે? આહાહા..! પ્રભુ આત્મા પરમાનંદ પ્રભુ એનું જેને સમ્યગ્દર્શન આનંદનો સ્વાદ નથી. આહાહા..! એનું જેને પરમાનંદનું વ્યક્ત શક્તિરૂપે તો છે, પણ વ્યક્તમાં જ્યાં સમ્યગ્દર્શન, આત્મજ્ઞાનનો સ્વાદ નથી એ સુખ નથી ત્યાં એની બુદ્ધિમાં રાગ, દ્વેષ અને મિથ્યાત્વ અને દુઃખી છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ શરીર, વાણી, આ તો જડ, માટી, ધૂળ છે. અંદર કર્મ જે છે એ અજીવ, જડ છે અને જે અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય છે એ પણ વિકાર છે, એ પણ જડ છે, અચેતન છે. એમાં ચૈતન્યપણાનો અભાવ છે. તો એમાં આનંદનો પણ અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ ઝીણો છે ભગવાન! વીતરાગનો માર્ગ પ્રથમ સમ્યગ્દર્શન એ ચીજ કોઈ અલૌકિક ચીજ છે. સમજાણું કાંઈ? ચારિત્ર તો ક્યાં? એ તો પછી બીજી દશા છે.

અહીંયાં તો પ્રથમ કહે છે કે આનંદનો અભાવ એટલે પંચમહાવ્રત પાળે, સમિતિ, ગુપ્તિ પાળે, જાવજીવ બ્રહ્મચર્ય પાળે, હજારો રાણી છોડીને મુનિ દિગંબર થાય, પણ એને દુઃખ છે એમ કઈ રીતે સિદ્ધ કર્યું? કે એને આત્મજ્ઞાનના આનંદનો સ્વાદ અને અનુભવ નથી. જયંતિભાઈ! આવી વાતું છે. આહાહા..! અહીં ૫૦-૫૦ લાખના બંગલા ને સ્ત્રીઓ અનુકૂળ ને કુટુંબ અનુકૂળ. કહે છે પ્રભુ સાંભળ તો ખરો નાથ એક વાત. તારો સ્વભાવ તો પરમાનંદ છે ને પ્રભુ! એ પરમાનંદના સ્વાદનો જ્યાં અભાવ ત્યાં દુઃખનો સદ્‌ભાવ, દુઃખી પ્રાણી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

એ અહીં કહે છે. કે જ્યાં આગળ પરમાનંદ પ્રભુનો અભાવ ત્યાં કર્મની ઉત્પત્તિ કરે છે એ. છે ને? શું કહ્યું જુઓ. '**કર્મ આત્મ-જ્ઞાનકી ભાવના સે રહિત...**' છે? આહાહા..! કર્મ કેમ થયા? અને કર્મને કારણે બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ જાતિ કેમ થઈ? આહાહા..! દુનિયાની જાત જુદી. એ '**આત્મ-જ્ઞાનકી ભાવના સે રહિત...**' શું કહ્યું? પહેલી વાત તો એ કરી સોળવલું સોનું એમ પરમાત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદથી પરિપૂર્ણ ભરેલો સોળવલા સોના સમાન આત્મા પરમાત્મા છે. તેને આ જાતિ આદિ કેમ મળી? બ્રાહ્મણ આદિ, ક્ષત્રિય આદિ જાત. નરકગતિ, દેવગતિ આદિ કેમ મળી? કે કર્મને કારણે મળી. કર્મ કેમ થયા? કે આત્મજ્ઞાનની ભાવનાથી રહિત જેને ભગવાન પરમાનંદ પ્રભુ, એની જેને દૃષ્ટિ થઈ નથી. સમ્યગ્દર્શન નથી. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન એટલે આત્મા આનંદ સ્વરૂપનો સ્વાદ આવવો, અનુભવ આવવો એ સમ્યગ્દર્શન જેમાં નથી, એ આત્મજ્ઞાનની ભાવનાથી રહિત છે. આહાહા..! ભારે ભાઈ! છે કે નહિ? આત્મજ્ઞાન, ભગવાનઆત્મા તો કહ્યું કે પરમાનંદ સ્વરૂપ, એનું જ્ઞાન, એની ભાવના. આહાહા..! આત્મજ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા પરમાનંદ અને અનંત જ્ઞાનાદિ સંપન્ન એ અનંતગુણની સંપદાવાળો પ્રભુ. આહાહા..! એમાં આવે છે. 'ચેતન રૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો. ચેતનરૂપ અનુપ અમૂરત.' જેને કોઈ ઉપમા નથી એવા પ્રભુ અમૂરત 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' ઓહોહો..! 'મોહ મહાતમ આતમ અંગ.' પણ સ્વરૂપની દૃષ્ટિ વિના, પરતરફની સાવધાનીના મિથ્યાત્વભાવને કારણે 'મોહ મહાતમ આતમ અંગ કીયો પરસંગ.' મેં તો પુણ્ય અને પાપના રાગનો સંગ કર્યો. 'કીયો પરસંગ.' આહાહા..! 'મહાતમ ઘેરો.' અજ્ઞાનનો ઘેરો થયો. આહાહા..!

'જ્ઞાન કલા ઊપજી અબ મોકુ.' બનારસીદાસ કહે છે. સમયસાર નાટક. 'જ્ઞાનકળા ઊપજી અબ મોકુ કહુ ગુણ નાટક આગમ કેરો.' અડધા કલાક પછી આવે મગનભાઈ. પાછળથી ૧૫ મિનિટ, ૨૦ મિનિટ આવે થોડું દેખાડવા. આ રામજીભાઈ એમ કહેતા હતા. રામજીભાઈને ખબર

હોય ને. શું કીધું સમજાણું કાંઈ આમાં? આહાહા..! 'ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો. મોહ મહાતમ.' આ કર્મ કેમ થયા? મોહ. પરતરફની સાવધાની. સ્વરૂપની અસાવધાની. ભગવાન આનંદનો નાથ પ્રભુ, એ તરફની અસાવધાની અને પુણ્ય-પાપ આદિના ભાવ અને એના ફલ તરફની સાવધાની. શુભ-અશુભ રાગ પુણ્ય-પાપની સાવધાની અને એનું ફળ, પુણ્યનું ફળ આ ધૂળ, પૈસા, લક્ષ્મી, આબરૂ કીર્તિ, એમાં જેની સાવધાની. આહાહા..!

રોટલાને ઠેકાણે પોટલા છે મોટા કંઈક પડ્યા છે અંદર. તોપણ મોહ કર્યા જ કરે છે. આહાહા..! ભગવાનજીભાઈ! આની પાસે તો પૈસા ઘણા છે. રોટલા, પોટલા મોટા છે. આહાહા..! આજે આવ્યો નહોતો અમારો દીનેશ-દીનેશ ને? મનહરનો દીકરો આવ્યો હતો. કેમ છે જોવા આવ્યો હતો. પૈસા ઘણા છે એની પાસે. તબિયત જોવા આવ્યો હતો. એ વયો ગયો સવારમાં જઈને પાછો શિહોર. ધંધો છે ને ઓલો? શેનો એ કહેવાય? ભંગાર ભંગાર. આ વાસણનો ધંધો. શિહોર ગયો હશે. જાય. કેટલા પૈસા છે એની પાસે અને એના બાપ પાસે. ૭૦ લાખ. એનો ભાણિયો તો વળી કહેતો હતો અમારે રસિક. એય! મહેન્દ્ર! તારો ભાઈ રસિક તો કહેતો હતો કે મારા મામા પાસે કરોડ રૂપિયા છે. એમ કહેતો હતો. ભેગા રહે છે ને ત્યાં. પણ પૈસા તો છે. ૬૦-૭૦ લાખ તો. આહાહા..! ધૂળમાં પણ એમાં ક્યાંય નથી મરી ગયો સલવાઈને ત્યાં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સનેપાતિયા બધા ભેગા થઈને બેસાડે મોઢા આગળ. આહાહા..! સનેપાત સમજ્યા ને? વાત, પિત્ત અને કફ. સનેપાત થઈ જાય છે. આહાહા..! એમ પાગલ છે આ બધા. આહાહા..! મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યારાગ-દ્વેષનું આચરણ એ સનેપાત છે. આહાહા..! જગતથી જુદી વાત છે બાપુ! આહાહા..!

અહીં કહે છે કે આત્મજ્ઞાનની ભાવનાથી રહિત. આત્મજ્ઞાનની ભાવનાસહિત હોય એને કર્મબંધન હોતું નથી. સમ્યગ્દષ્ટિને કર્મબંધન પરમાર્થે મિથ્યાત્વનું બંધન હોતું નથી. આહાહા..! સમ્યગ્દર્શન થયું સમકિત શ્રેણિક રાજા ગૃહસ્થાશ્રમમાં રાજમાં હતા. હજારો રાજા ચામર ઢાળતા હતા. સમ્યગ્દર્શન પામ્યા એક. ચારિત્ર નહિ, વ્રત નહિ કોઈ હજી અંદરમાં રમણતા નહિ. સમ્યગ્દર્શન. આત્મઅનુભવ શ્રેણિક રાજા. પણ સમ્યક્ પ્રાપ્ત થયા પહેલાં મુનિની અશતાના કરી હતી. તો સાતમી નરકનું આયુષ્ય બંધાયું. પછી સમ્યગ્દર્શન પામ્યા, તો ૩૩ સાગરના આયુષ્યનો બંધ પડ્યો હતો તે તોડીને ૮૪ હજાર વર્ષ રહી ગયા. પહેલી નરકમાં છે અત્યારે. શ્રેણિક રાજા પહેલી નરક છે નીચે. ૮૪ હજાર વર્ષની સ્થિતિમાં છે. ત્યાંથી નીકળીને પહેલા તીર્થંકર થશે. આહાહા..! જેમ મહાવીર પરમાત્મા તીર્થંકર છેલ્લા એમ આગામી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. આહાહા..! સમ્યગ્દર્શન પામ્યા અને તીર્થંકરગોત્ર પ્રાપ્ત કર્યું. અત્યારે પહેલી નરકમાં છે. ૮૪ વર્ષની સ્થિતિ છે. તો અઢી હજાર તો વર્ષ ગયા. સાડી એક્યાશી હજાર વર્ષ બાકી ત્યાંથી નીકળીને પહેલાં તીર્થંકર થશે. ચારિત્ર નથી, વ્રત નથી, તપ નથી, રાગનો તીવ્ર ત્યાગ મિથ્યાત્વ સહિતમાં અનંતાનુબંધીનો ત્યાગ છે, પણ

બીજા ત્રણ કષાયના રાગનો ત્યાગ નથી. આહાહા..! પણ આત્માનુભવ થયો, આત્મજ્ઞાન કર્યું. એ કારણે તેને મિથ્યાત્વનો બંધ નથી પડતો. મિથ્યાત્વ એ જ સંસાર, અનંત સંસારનું કારણ એ બંધ નથી એને. આહાહા..! સમજાણું કાંઈ?

નરકમાં ગયા ૮૪ હજાર વર્ષ સ્થિતિ છે. આહાહા..! આયુષ્ય બંધાયું એ આયુષ્યનો અભાવ નથી થતો. આયુષ્ય બંધાયું એનો અભાવ નથી થતો. જેના લાડુ બન્યા લાડુ. દાળ, સાકર, ઘી ને લોટ. તો એમાંથી લાડુ બની ગયા એમાંથી ઘી કાઢીને પૂરી નહિ બને, એમાંથી લોટ કાઢીને રોટલી નહિ થાય. એ તો ખાધે છૂટકો એને. આહાહા..! એમાં થોડું ઘી નાખે અથવા થોડું સૂકવે, પણ લાડવા તો ખાવા પડશે. એમ આયુષ્ય બંધાઈ ગયું જેને એ સ્થિતિ ઘટી ગઈ, સાતમી નરકની સ્થિતિ હતી એ ઘટી ગઈ, પણ નરકના આયુષ્યનો અભાવ નથી થયો. પહેલી નરકે ગયા પણ આત્મજ્ઞાનસહિત છે અત્યારે ત્યાં. આહાહા..!

પંચમહાવ્રત અને સમિતિ, ગુપ્તિનો વ્યવહાર પાળીને નવમી ગ્રૈવેયક જાય તો મિથ્યાદૃષ્ટિ છે ત્યાં. આહાહા..! આ નરકમાં ગયા અને સમ્યગ્દૃષ્ટિ છે. પણ સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર જ નથી. બસ દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા કરો, વ્રત પાળો, બધા ગપ્પા છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'આત્મજ્ઞાનકી ભાવના સે રહિત અજ્ઞાની જીવ...'** જોયું! આત્મા પરમાનંદ પ્રભુ, એનું જ્ઞાન નહિ, એની શ્રદ્ધા નથી, એની સન્મુખતા નથી, તો એ ભાવનાથી રહિત, ભાવના શબ્દે સન્મુખની એકાગ્રતા. સમજાણું કાંઈ? આતમજ્ઞાન વસ્તુ ભગવાન પરમાનંદ પ્રભુ, એનું જ્ઞાન અને એની એકાગ્રતા ભાવના અંદરમાં. આહાહા..! રાગની એકાગ્રતા છોડીને આત્મજ્ઞાનની એકાગ્રતા છે એ વાસ્તવિક ધર્મ છે અને વાસ્તવિક મોક્ષનો માર્ગ છે. એનાથી રહિત. આહાહા..! આત્મજ્ઞાન પ્રભુ જ્ઞાનાનંદ, સહજાનંદ પ્રભુ, એનું જ્ઞાન, એનું સમ્યગ્દર્શન, એના રહિત એટલે કે એની એકાગ્રતા રહિત. સમ્યગ્દર્શન અને જ્ઞાન એ આત્માના એકાગ્રતાનો ભાવ છે. વ્યવહારરત્નત્રય છે એ રાગની એકાગ્રતાનો ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આત્મ-જ્ઞાનકી ભાવના સે રહિત અજ્ઞાની જીવને ઉપાર્જન કિયે હૈં,...'** સમ્યગ્દૃષ્ટિએ ઉપાર્જન કર્યું એની અહીં વાત લીધી જ નથી. આહાહા..! અહીં તો સમ્યગ્દર્શન એ બંધનું કારણ નથી. અને મિથ્યાત્વ એ જ બંધનું કારણ એ સિદ્ધ કરવું છે. આહાહા..! આ આત્મા ભગવાન અંદર જે કાંઈ અરિહંત પરમાત્મા થયા, એ સર્વજ્ઞ અને કેવળજ્ઞાન પામ્યા એ ચીજ આવી ક્યાંથી? કાંઈ બહારથી આવે છે કોઈ? અંદરમાં પડી છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેમ લીંડીપીપર હોય છે ને? છોટી પીપર. તો એ રંગે કાળી છે અને તીખાશમાં બહારથી અલ્પ છે, પણ અંદરમાં શક્તિની તીખાશ તો ચોસઠપહોરી છે. ચોસઠ પહોરી સમજો છો સોળ આના. ચોસઠ-ચોસઠ. એ ઘૂંટે છે ને એ ચોસઠ પહોરી બહાર આવે છે એ ક્યાંથી આવી? પત્થરથી આવી? તો પત્થરથી લાકડા અને પત્થર ઘૂંટ ને? ક્યાંથી આવ્યું? એમાં છે. એ લીંડીપીપરમાં ચોસઠ એટલે રૂપિયો સોળ આના તીખાશ ભરી છે. અને લીલો રંગ અંદરમાં પડ્યો છે. આહાહા..! એ છે

એની પ્રાપ્તિ છે. સમજાણું કાંઈ? એમ કેવળજ્ઞાની પરમાત્મા કેવળજ્ઞાન અનંત આનંદ, અનંત વીર્ય પ્રગટ્યું એ ક્યાંથી થયું? એ આત્માના સ્વભાવમાં ચોસઠ પૂર્ણ આનંદ, પૂર્ણ શક્તિ, પૂર્ણ શાંતિ પડી છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાંથી કાઢીને પરમાત્મા થયો. તો પરમાત્મા શક્તિએ છે તો વ્યક્તિએ પ્રગટ પરમાત્મા થયો. સમજાણું કાંઈ? એવો આ આત્મા શક્તિએ, સ્વભાવે તો પરમાત્મા છે. એના જ્ઞાનરહિત જીવ, એનું જ્ઞાન ન મળે, બીજું જ્ઞાન કર્યું, શાસ્ત્રનું કર્યું, ભણતર કર્યા, હજારો માણસને રિજવવાની વ્યાખ્યા શૈલી આવડી. એમાં શું થયું? સમજાણું કાંઈ?

આત્મજ્ઞાન રહિત પોતાનો ચૈતન્ય ભગવાન પૂર્ણ શુદ્ધસ્વરૂપ એની જ્ઞાન અને શ્રદ્ધા રહિત અર્થાત્ એનું જ્ઞાન અને અંદર શ્રદ્ધાની ભાવના, એકાગ્રતા રહિત. આહાહા..! '**અજ્ઞાની...**' છે? '**અજ્ઞાની જીવને...**' ભાષા એ લીધી છે. જ્ઞાનીને થોડો રાગ રહે છે, પણ એ અનંત સંસારનું કારણ નથી. સમકિતી આત્મજ્ઞાન થયા પછી ત્રણ કષાયનો રાગ છે. પણ એ કાંઈ અનંત સંસારનું કારણ નથી. આહાહા..! મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાન અનંત સંસારનું કારણ છે. અને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ અનંત સંસારને છેદવાનું કારણ છે. આહાહા..! આવી વાતું હવે. જુઓ આ પરમાત્મપ્રકાશ. યોગીન્દ્રદેવ મુનિ થયા છે.

સવારમાં જે સમયસાર હતું એ કુંદકુંદાચાર્ય. દિગંબર મુનિ બે હજાર વર્ષ પહેલાં. આ દિગંબર મુનિ છે. ૧૩૦૦ વર્ષ પહેલાં યોગીન્દ્રદેવ વનવાસમાં રહેતા હતા. એમના શિષ્ય હતા પ્રભાકરભટ્ટ. એને માટે આ બનાવ્યું. સમજાણું કાંઈ? આહાહા..! આત્મજ્ઞાનથી રહિત '**આત્મ-જ્ઞાનકી ભાવના સે રહિત...**' આત્મા શું ચીજ છે એની દૃષ્ટિ થઈ નથી અને ભાવના ક્યાંથી કરે અંદર? જે ચીજ ભાસી હોય એની ભાવના કરે કે આ ચીજ આવી છે. આહાહા..!

કોઈ કહેતું હતું એવું. પરદેશમાં છે ને? કેરી પાકે છે. કેરી-કેરી. કેરી હોય છે ને. એ કોક દેશમાં છે એવું સાંભળ્યું. કેરી પાકતી નથી. પછી આવડા આવડા મોટા બોર આવે ને બોર. બોર હોય ને બોર. બોરને શું કહે છે. બોરી. બૈર. તો એને કેરી માની લે. પણ ક્યાં કેરી અને ક્યાં બોર? જોયા નથી કોઈ દિ' બોર કેવા અને કેરી કેવી? સમજાણું કાંઈ? અહીંયાં ભગવાનઆત્મા પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી રહિત અને પરિપૂર્ણ સ્વભાવથી સહિત એવી જ્ઞાનની ભાવના વિના... આહાહા..! એણે ભાવના કરી પુણ્ય અને પાપ અને અલ્પજ્ઞદશાની. તો તેને '**અજ્ઞાની જીવને ઉપાર્જન કિયે હૈં,...**' અજ્ઞાનીએ કર્મ ઉપાર્જ્યા એવો સિદ્ધાંત કર્યો અહીંયાં તો. આહાહા..!

'**ઉન કર્મોં કે આધીન...**' એ કર્મને આધીન '**જાતિ-ભેદ હૈ,...**' આહાહા..! આ બ્રાહ્મણ અને આ ક્ષત્રિય એ તો કર્મને આધીન જાતિ ભેદ છે. ભગવાનઆત્મામાં એ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**જાતિ-ભેદ હૈ, જબ તક કર્મોં કા ઉપાર્જન હૈ,...**' આહાહા..! આત્મજ્ઞાનની એકાગ્રતા રહિત કર્મનું જ્યાં સુધી ઉપાર્જન છે '**તબ તક સંસાર મેં અનેક જાતિ ધારણ કરતા હૈ,...**' આહાહા..! બ્રાહ્મણ હોય છે, ક્ષત્રિય હોય છે. એ તો બધું કર્મનું ફળ છે. જેને આત્મજ્ઞાન નથી, આત્માનું ભાન નથી, તેને અજ્ઞાનપણે જે કર્મ ઉપાર્જન કર્યા, એ કર્મને કારણે જાતિ આદિ

મળે છે. ભવાંતર. ભવાંતર એટલે ભવમાં રખડે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને?

**'તબ તક...'** **'अत्र भवांतरे आयाति'** **'संसार में अनेक जाति धारण करता है, जो यह जीव आत्मस्वरूप में लगे,...'** આહાહા..! હવે ગુલાંટ ખાય છે વાત. આનંદ સ્વરૂપ ભગવાન એની દૃષ્ટિ રહિત અજ્ઞાની કર્મ ઉપાર્જે છે એમાં જાતિભેદ આદિ મળે છે અને ભવમાં રખડે છે. ભવમાં પડે છે. છે ને? **'अत्र भवांतरे आयाति'** **'अयं यदि'** **'જો યહ જીવ...'** **'आत्मनी स्थितः'** **'આત્મસ્વરૂપ મેં લગે,...'** આહાહા..! અજ્ઞાની આત્માના સ્વભાવની ભાવનારહિત રાગમાં લાગ્યો, પુણ્ય-પાપની ક્રિયામાં લાગ્યો અને અજ્ઞાનથી કર્મ ઉપાર્જન થયું. આહાહા..!

પરમાત્મપ્રકાશ છે. દિગંબર મુનિ. યોગીન્દ્રદેવ. ૧૩૦૦ વર્ષ પહેલાં થયા. આહાહા..! જંગલમાં રહેનારા વનશાસ્ત્ર છે આ. વનમાં બનાવ્યું. મુનિ તો વનમાં રહેતા હતા ને. જંગલમાં રહેતા હતા. દિંગબર મુનિ જે આત્મજ્ઞાન અને ધ્યાન આનંદ. તેને બહારનો પરિચય છે નહિ. જંગલમાં રહેતા હતા. ભીક્ષા માટે આવે ગામમાં, ભીક્ષા લઈને ચાલ્યા જાય પાછા. આહાહા..! અંતરના આનંદના સ્વાદમાં બીજી કોઈ ચીજ ઉપર એની પ્રીતિ અને રુચિ હોતી નથી. મહાવ્રતના પરિણામ આવે તો રુચિ અને પ્રીતિ નથી થતી. કેમ કે રાગ છે એ. આહાહા..! દુઃખ છે.

આત્મજ્ઞાન વિના જેટલો રાગ છે એ બધું દુઃખ છે. અને ધર્મી જીવને પણ આત્મજ્ઞાનસહિતમાં પણ જેટલો રાગ થાય છે એ દુઃખ છે. તો દુઃખની રુચિ નથી. રુચિ તો આનંદની છે. આહાહા..! નબળાઈને લઈને રાગ આવે છે, પણ એ દુઃખ છે. આહાહા..! એ પંચમહાવ્રત આસ્રવ છે, દુઃખ છે. આહાહા..! આ તો કહ્યું હતું ને. ૮૫ની સાલમાં. કેટલા વર્ષ થયા? ૧૫ ને ૩૩, ૫૦ મેં બે ઓછા. ૪૮ વર્ષ થયા. એમાં હતા ને અમે. તો બોટાદ હતા ને બોટાદ. અમારી તો પ્રતિષ્ઠા પહેલેથી બહુ જ હતી ને. તો માણસો તો હજારો આવે વ્યાખ્યાન સાંભળવા. આખું અપાશ્રય ખીચોખીચ ભરાઈ જાય. એમાં તો સમાય નહિ પણ પાછળ શેરી શું કહે છે? ગલી? ગલી. ખીચોખીચ માણસ. આ તો ૫૦ વર્ષ પહેલાંની વાત છે. ૪૦ ને ૮, ૪૮ વર્ષ પહેલાંની વાત છે. સભા મોટી હતી. એમાં એમ કહ્યું પહેલાં. એ સમયે હોં! કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ ધર્મ નથી. ખળભળાટ ખળભળાટ. ૫૦ માં બે ઓછા. બોટાદ.

અને જે ભાવથી પંચમહાવ્રત થાય છે એ આસ્રવ છે, રાગ છે. ૪૮ વર્ષ પહેલાં સભામાં સ્થાનકવાસીમાં. એમાં હતા ને અમે તો પહેલાં. તો કહ્યું તો ખળભળાટ, ખળભળાટ થઈ ગયો. કરો ખળભળાટ કરો કીધું માર્ગ આ છે. સમજાણું કાંઈ? માણસો તો સાંભળતા હતા. માણસોને અમારા ઉપર પ્રેમ હતો ને. નાની ઉંમરમાંથી લોકો હજારો આવતા. બબ્બે હજાર, ત્રણ ત્રણ હજાર માણસો. તો એક સાધુ બેઠા હતા એને રુચ્યું નહિ. તો એ કહે વોસરે, વોસરે, આ અમારે ન જોઈએ. એનું કોઈ માનતું નહોતું તે દિ'. માણસો મોટી સભા ભરાણી. માર્ગ આ છે. જે ભાવે તીર્થંકરગોત્ર ષોડશકારણ ભાવના. એ ભાવ પણ બંધનું કારણ છે તો રાગ ધર્મ નથી. તીર્થંકર પ્રકૃતિ બંધાય એ તો ભાવ છે. ભાવથી બંધાય છે. તો શું એ ધર્મભાવ છે? ધર્મભાવથી બંધ થાય છે? એ તો રાગ

છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? અને પંચમહાવ્રત છે એ આસ્રવ છે કીધું. મુનિ આત્મજ્ઞાની એમાં તો એ વાત છે નહિ. શ્વેતાંબરમાં તો શાસ્ત્રમાં જ કલ્પના બધી છે. એ વાત તો એમાં છે નહિ. આ તો દિગંબર સંતોએ આ વાત કરી છે. સમજાણું કાંઈ? યથાર્થ વસ્તુની સ્થિતિ આ છે. સમજાણું કાંઈ?

એક સાધુ હતા એ કહે વોસરે.. વોસરે... કોઈ માને નહિ. કાંઈ ખબર નહિ. પછી પૂરું થયા પછી કહે પણ બેસી રહેવું હતું ને તમારે ત્યાં. તમે શું કહ્યું એ લોકો જાણે છે? અને તમે કીધું આ શેઠિયા બધા બેઠા હતા મોટા મોટા શેઠિયા. ૫૦-૫૦ હજારની પેદાશવાળા વર્ષની. કોઈ તમારું માને નહિ મફતના શું કરવા? આ લોકોને બેસે નહિ ને એટલે અમારી શ્રદ્ધા બરાબર છે એમ કહે. ધૂળમાંય નથી. એ પંચમહાવ્રતના પરિણામથી ધર્મ માને એ મિથ્યાદૃષ્ટિ શ્રદ્ધા મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? પ્રરૂપણા પણ એવી કરે છે. વ્રત કરો, આમ કરો, તો વ્રતથી સંવર થાય છે. ધૂળેય નથી થતું સાંભળ તો ખરા. સંવર તો પોતાનો આત્મા આનંદનો નાથ પ્રભુ એની દૃષ્ટિ થઈને એકાગ્ર થાય એનું નામ સંવર છે. કદી સાંભળ્યું નથી. એકેય તત્ત્વની વાત સાંભળી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં એ કહે છે. અજ્ઞાની '**आत्मनी स्थितः**' તો પહેલાં કહ્યું કે આત્માની ભાવનારહિત એનાથી કર્મ ઉપાર્જ્યા તો એ કર્મને કારણે જાતિભેદ મળ્યો. આહાહા..! હવે આત્મામાં સ્થિત છે. આહાહા..! છે? '**आत्मस्वरूपमें लगे,...**' સ્થિતનો અર્થ કર્યો. ભગવાન સ્વરૂપ આનંદ અવિકારી સ્વભાવ ત્રિકાળી ભગવાનઆત્માનો એ આત્મામાં સ્થિત છે. દૃષ્ટિ ત્યાં લાગી છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ આત્મસ્વભાવમાં લાગી છે. ભલે ગૃહસ્થાશ્રમમાં હોય, શ્રેણિક રાજા. કહ્યું ને. નરકમાં છે અત્યારે. પણ આત્મસ્વભાવમાં દૃષ્ટિ ત્યાં છે. આહાહા..! આગામી કાળે ત્યાંથી નીકળીને પહેલા તીર્થંકર થશે. હજી તો છ મહિના પહેલા ઈન્દ્રો આવીને એની માતાને સાફ કરશે. હજી તો નરકમાં હશે. છ મહિના પહેલાં. માનું ઉદર સાફ કરે. જ્યાં જેમ મોટા પુરુષ આવે ને મકાન સાફ કરે ને વાળે છે ને? આ તો ત્રણલોકનો નાથ તીર્થંકર. આહાહા..! નરકમાંથી આવવાનો છે. શ્રેણિક રાજા. ઈન્દ્રો આવીને માતાનું પેટ સાફ કરશે. આહાહા..! અને નવ મહિના, છ મહિના, પંદર મહિના રત્નની વૃષ્ટિ. નરકમાંથી નીકળે એની પણ રત્નની વૃષ્ટિ. આહાહા..! એ પ્રતાપ બધો આત્મ સમ્યગ્દર્શનનો છે. બાપુ! સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી લોકોને. બસ આપણે ભગવાનને માનીએ, દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ. વ્રત લ્યો, તપ લ્યો એ ચારિત્ર. ધૂળેય નથી સાંભળને. આહાહા..! આવી વાતું. માર્ગ તો આવો છે. આહાહા..!

કહ્યું હતું ને પદ્મનંદી પંચવિંશતિં છે ને. પદ્મનંદિ આચાર્ય થયા છે દિગંબર. પદ્મનંદિ. મહા વનવાસી. ૨૬ અધ્યાય છે. પણ નામ પંચવિંશતિં આપ્યું છે. પદ્મનંદિ પંચવિંશતિં. જેને શ્રીમદ્ રાજચંદ્રે વનશાસ્ત્ર કહ્યું છે. વનશાસ્ત્ર. કે મુનિઓ દિગંબર વનમાં લખતા હતા તાડપત્ર ઉપર. એને કાંઈ કોઈની પડી નહોતી. આહાહા..! એમાં આ આવ્યું છે એક. ૨૬મો અધિકાર છે. બ્રહ્મચર્યનો અધિકારક છે બ્રહ્મચર્યનો. એવું બ્રહ્મચર્યનું વર્ણન કર્યું, એવું વર્ણન કર્યું કે લોકોને એકવાર તો એમ

થાય કે આહાહા..! આ શું? બ્રહ્મ નામ આનંદનો નાથ પ્રભુ એમાં ચરવું નામ રમવું એનું નામ બ્રહ્મચર્ય છે. કાયાથી શરીરથી સ્ત્રીનું સેવન ન કરવું એ કાંઈ બ્રહ્મચર્ય નથી. આહાહા..! બ્રહ્મ નામ આત્મા આનંદનો નાથ પ્રભુ, એમાં ચરવું, રમવું, આનંદનો અનુભવ કરવો એનું નામ બ્રહ્મચર્ય, ઘણો ખુલાસો કર્યો છે. પછી એમ કહ્યું મુનિ દિગંબર સંત હતા વનવાસી. હે યુવાનો! એમ લખ્યું છે અંદર. પાઠ છે. હે યુવાનો! હું જે બ્રહ્મચર્યની વાત કરું છું એ તમને ન રુચે તો ક્ષમા કરજો હું તો મુનિ છું. આહાહા..! જુવાન શરીર હોય લઠ જેવું, રૂપાળું એવું અને સ્ત્રી, કુટુંબ બધું. એને આવી બ્રહ્મચર્યની વાત સાંભળીને હે યુવાનો! એમ લખ્યો છે પાઠ. મુનિ કહે છે હોં! આહાહા..!

એ બ્રહ્મચર્યની વાત તને ન રુચે, તો પ્રભુ હું તો મુનિ છું, માફ કરજો એ. આહાહા..! એમ અહીંયાં આચાર્ય કહે છે અમે મોક્ષનો માર્ગ જે વર્ણન કરીએ છીએ એ ભગવાન કહે છે એમ કહીએ છીએ. અમે તો મુનિ છીએ. તમને ન રુચે તો માફ કરજો. આહાહા..! ભગવાનજીભાઈ! ઘણા એમ કહે છે ને કે એ આ નિશ્ચય છે. આમ તો નિશ્ચયની વાત કરે છે. વ્યવહારનો તો લોપ કરી નાખ્યો છે. સાંભળને હવે. નિશ્ચય શું અને વ્યવહારની ખબર વિના તને. આહાહા..! વ્યવહારનો લોપ કરીને સ્વભાવનો આશ્રય બતાવ્યો છે. એ વાત તમને ન રુચે અને ન ગમે ક્ષમા કરજો પ્રભુનો માર્ગ તો એવો છે એમ અમે કહીએ છીએ. આહાહા..! જુઓ તો મુનિરાજ દિગંબર સંત જંગલમાં વસનારા એ બહુ આ લખીને પછી છેવટે આમ કહે છે. માર્ગ તો આ છે પ્રભુ. બાપુ! તને ન રુચે અને બીજી રીતે સાંભળ્યું હોય તો તને એમ લાગે કે આ તો નિશ્ચયાભાસ છે. એ તો નિશ્ચય અને વ્યવહારની વાત ઉડાવી દે છે. વ્યવહાર હોય છે, પણ વ્યવહાર બંધનું કારણ છે. ભગવાનઆત્માને આશ્રયે નિશ્ચય પ્રગટ થયો એ અબંધનું કારણ છે. કેમકે અબંધ સ્વરૂપી પ્રભુ આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે આત્મા અબદ્ધસ્પૃષ્ટ છે. રાગ અને પર્યાયથી બંધ નથી એવું ભિન્ન છે. એ અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ કરે છે, જૈન શાસનનો અનુભવ કરે છે. આહાહા..! એ ૧૪-૧૫ ગાથામાં આવ્યું છે. સમજાણું કાંઈ? તો એ અબદ્ધ આત્માનું પરિણામ જે અબદ્ધ છે. અબદ્ધસ્વરૂપ છે એના પરિણામમાં અબદ્ધ પરિણામ હોય સમ્યગ્દર્શન આદિ એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! ભારે વાતું ભાઈ!

'**आत्मनी स्थितः**' આહાહા..! જે કોઈ પ્રાણી, ભગવાનઆત્મા વિકલ્પ આવે, હોય પણ એને છોડીને અંતરમાં સ્થિર થાય છે. ભગવાન આનંદનો નાથ પ્રભુ પૂર્ણઆનંદ સ્વરૂપી પરમાત્મસ્વરૂપ પોતાનું એમાં જે દૃષ્ટિ કરીને સ્થિર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**अत्रैव भवे न पतति**' એ જીવ ભવમાં પડશે નહિ. તેને ભવ મળશે નહિ. આહાહા..! આત્મજ્ઞાનની ભાવનારહિત અજ્ઞાની કર્મ બાંધે તેને ભવ મળશે. અને આત્મામાં જે જ્ઞાનસ્વરૂપ આનંદ છે એવી દૃષ્ટિ કરીને સ્થિર થાય છે એ ભવમાં નહિ આવે. આહાહા..! આવો માર્ગ છે ભગવાનજીભાઈ! આહાહા..! એવી વાતું છે. એટલે લોકોને આકરું પડે, પણ એનું કાંઈ સાધન? એમ પૂછે છે. પણ એ જ સાધન છે સાંભળ તો ખરો. પહેલો વ્યવહાર કરવો, આ કરો, આ કરો એ સાધન છે. બિલકુલ જૂઠ છે. અનંતવાર એવું સાધન કર્યું. સમજાણું કાંઈ?

શ્રીમદ્‌માં આવે છે ને એ 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લયો, વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો, સબ શાસ્ત્રન કે નયધારી હયે, મત મંડન, ખંડન ભેદ લિયે, વહ સાધન વાર અનંત કિયો, તદપી કછુ હાથ ન હજુ ન પડ્યો.' આહાહા..! 'અબ ક્યોં ન વિચારત હૈ મન સે કછુ ઓર રહ્યા ઉન સાધન સે.' એ યમ-નિયમ પાળ્યા અનંતવાર મહાવ્રતાદિ એ સાધન-ફાધન નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'વહ સાધનવાર અનંત કિયો, તદપી કછુ હાથ હજુ ન પડ્યો. અબ ક્યોં ન વિચારત હૈ મન સે કછુ ઓર રહ્યા ઉન સાધન સે. બિન સદ્‌ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગળ હૈ કહ બાત કહે.' ભગવાન અંદર પડ્યો છે ને મુખ્ય. આહાહા..! છે? આહાહા..!

એમાં જે સ્થિત થાય તે ભવમાં ન પડે. છે ને? '**નહીં પડે-ભ્રમણ નહીં કરે,...**' '**किं आश्चर्यं**' '**ઈસમેં ક્યા આશ્ચર્ય હૈ?**' એમ કહે છે. આહાહા..! એમાં આશ્ચર્ય શું? જો આત્મા વસ્તુ ભગવાનઆત્મામાં દૃષ્ટિ સમ્યક્ કરીને એમાં રમે છે એ ભવમાં નથી પડતા એમાં આશ્ચર્ય શું? એને ભવ છે જ નહિ. એકાદ બે ભવ છે એ પણ ભવ જ્ઞાતાનું જ્ઞેય છે. આહાહા..! એ ભવ અને ભવના ભાવને પોતાના માનતા નથી. પોતાનો તો અનંત જ્ઞાન, દર્શન, સ્વભાવ ભગવાનઆત્મા એને પોતાનો માને છે. સમ્યગ્દૃષ્ટિ. ભલે પંચમગુણસ્થાન હજી ન હોય, મુનિ ન હોય. આત્મજ્ઞાનના આનંદના અનુભવસહિત મુનિ ચારિત્રવંત પણ ન હો, પણ આ જેને આત્મની દૃષ્ટિ થઈ એ નવા કર્મ નહિ બાંધે અને ભવમાં નહિ રખડે એમ કહે છે. સમજાણું કાંઈ? આવી વાત હવે. એટલે પછી માણસો તો એમ જ કહે ને એ સોનગઢવાળાનું એકાંત છે. એ બધી ખબર નથી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ભગવાન શું કહે છે આ? મુનિરાજ શું કહે છે? આહાહા..! ભાઈ! તને ખબર નથી. પ્રભુ તારા પંથની, રીતની તને ખબર નથી. આહાહા..!

અહીંયાં કહે છે '**આત્મસ્વરૂપમેં લગે, તો ઈસી ભવમેં નહીં પડે-ભ્રમણ નહીં કરે, ઈસમેં આશ્ચર્ય ક્યા હૈ?**' આહાહા..!

'**ભાવાર્થઃ- જબતક આત્મા મેં ચિત્ત નહીં લગતા,...**' આહાહા..! જ્યાં સુધી પુણ્ય અને પાપમાં ચિત્ત લાગેલું છે ત્યાં સુધી ચાર ગતિમાં રખડશે. આહાહા..! છે? '**જબતક આત્મા મેં ચિત્ત નહીં લગતા, તબ તક સંસાર મેં ભ્રમણ કરતા હૈ,...**' આહાહા..! આત્મા શું ચીજ છે અને આત્મધર્મને મૂકીને બધી વાત હવે. આહાહા..! '**અનેક ભવ ધારણ કરતા હૈ, લેકિન જબ યહ આત્મદર્શી હુઆ...**' છે? આત્મદર્શી થયો, આત્માનું સમ્યગ્દર્શન થયું. આહાહા..! આત્મદર્શી. રાગદર્શી, નિમિત્તદર્શી, પર્યાયદૃષ્ટિ નહિ.

મુમુક્ષુ :- આત્મદર્શી.

ઉત્તર :- આત્મા તો સવારમાં આવ્યું હતું સ્વ. આત્માનો આશ્રય એટલે સ્વનો આશ્રય, સ્વ એટલે ત્રિકાળી જ્ઞાયકભાવ તે. આહાહા..! સમજાણું કાંઈ?

'**આત્મદર્શી હુઆ તબ કર્મોં કો નહીં ઉપાર્જન કરતા,...**' જુઓ અહીં તો ત્યાંથી જ ઉપાડ્યું છે. સમ્યગ્દર્શન થયું તો કર્મોપાર્જન કરતા નથી જાવ. આહાહા..! '**ઔર ભવ મેં ભી નહીં ભટકતા. ઈસમેં આશ્ચર્ય નહીં હૈ.**' આશ્ચર્ય શું? આહાહા..! ભવ અને ભવના ભાવરહિત ભગવાનઆત્મા, એની જેને દૃષ્ટિ થઈ એ ભવમાં નહિ રખડે. એને ભવ છે જ નહિ. આહાહા..! છે? એમાં આશ્ચર્ય શું છે? એમ કહે છે. એમાં નવીન વાત શું છે? એ તો પૂર્વનો સત્ય સિદ્ધાંત છે એ પ્રમાણે કહ્યું એણે. આહાહા..! સમજાણું કાંઈ? એ વિશેષ વાત છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, ચૈત્ર સુદ ૨, સોમવાર
## તા. ૨૧-૦૩-૧૯૭૭, ગાથા-૧૮૫ થી ૧૮૭, પ્રવચન નં. ૨૨૮

પરમાત્મપ્રકાશ. ૧૮૫ ગાથા. આવ્યું છે ત્યાં. ફરીને ભાવાર્થ. '**જબતક આત્મા મેં ચિત્ત નહીં લગતા,...**' શું કહે છે? જેનું ચિત્ત અંદર પુણ્ય ને પાપ અને એના ફળમાં ચિત્ત વળગ્યું છે એ મિથ્યાદૃષ્ટિ સંસારના ભ્રમણમાં પરિભ્રમણ કરશે. એમ કહે છે. આહાહા..! જેનું ચિત્ત આત્મામાં વળ્યું છે. શુદ્ધ ચિદ્ઘન આનંદ જ્ઞાયકભાવ. એવો જે નિજસ્વભાવભાવ એમાં જેનું ચિત્ત વળગ્યું છે. છે ને એ? '**ચિત્ત નહીં લગતા, તબતક સંસાર મેં ભ્રમણ કરતા હૈ, અનેક ભવ ધારણ કરતા હૈ, લેકિન જબ યહ આત્મદર્શી હુઆ...**' લ્યો! આત્મદર્શી ભગવાનઆત્મા જ્ઞાયક સ્વભાવની અંદર અનુભવમાં દૃષ્ટિ થઈ.

'**આત્મદર્શી હુઆ તબ કર્મોં કો નહીં ઉપાર્જન કરતા,...**' ત્યાંથી એને ઉપાર્જ્યું. કર્મને ઉપાર્જન કરતો નથી. મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન કરે છે. સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન કરતો નથી. આહાહા..! '**ઔર ભવ મેં ભી નહીં ભટકતા. ઈસમેં આશ્ચર્ય નહીં હૈ.**' આહાહા..! જેનું ચિત્ત દૃષ્ટિ વસ્તુના સ્વભાવ ઉપર પડીને આદર કર્યો એને ભવભ્રમણ હવે હોઈ શકે નહિ. આહાહા..! એમ કહે છે. ત્યાં સુધી આવ્યું હતું. પાઠમાં તો એટલું છે '**संसारभयभीतेन**' સંસ્કૃત. એનો અર્થ લાંબો જરી થોડોક થયો છે. સંસાર, શરીર અને ભોગો ત્રણ શબ્દ વાપર્યા છે. ટીકામાં '**संसारभयभीतेन**' જેને સંસારનો ભય લાગ્યો છે. ચોર્યાશીના અવતારમાં રખડવું એનો જેને ડર લાગ્યો છે. આહાહા..! ચાહે તો સ્વર્ગનો ભવ હો, કે મનુષ્યનો પણ એ ભવ દુઃખદાયક છે. એમ જેને સંસારનો ભય લાગ્યો છે. આહાહા..!

એ '**સંસાર-શરીર-ભોગોં સે ઉદાસ...**' ઉદયભાવ શરીર અને ભોગ ત્રણેથી ઉદાસ, પરથી ઉદાસ થઈ. આહાહા..! '**જિસકો ભવ-ભ્રમણ કા ભય ઉત્પન્ન હો ગયા હૈ,...**' ભવ ભ્રમમનો ભય. ત્રણે ભભા. ભવ, ભ્રમણનો ભય. '**ઐસા ભવ્ય જીવ...**' આહાહા..! એ ચોથો ભ. સમજાય

છે કાંઈ? આહાહા..! કોઈપણ ભવ કરવો એ દુઃખદાયક છે. ચાહે તો સ્વર્ગનો હો કે મનુષ્યનો હો કે રાજનો શેઠાઈનો હો. આહાહા..! પુણ્યના ફળ તરીકે શેઠાઈ અને સ્વર્ગ મળે એ પણ દુઃખરૂપ છે. એવા ભવભ્રમણના ભયથી. ભવ જેને ભ્રમણનો ભય ઉત્પન્ન થયો છે એવો ભવ્યજીવ. આહાહા..! એને '**મિથ્યાત્વ, અવ્રત, કષાય, પ્રમાદ, યોગ, ઈન પાંચો આસ્રવ...**' પાંચના આસ્રવથી રહિત પરમાત્મતત્ત્વ છે પોતાનું. આહાહા..! અત્યારે હોં. આહાહા..!

'**મિથ્યાત્વ, અવ્રત, કષાય, પ્રમાદ, યોગ,...**' પાંચેય આસ્રવના કારણો એ આસ્રવના કારણથી રહિત આસ્રવને છોડી દઈને, દૃષ્ટિમાંથી પાંચેય આસ્રવને છોડી દઈને સ્વરૂપમાં એકાગ્ર થતાં, '**પરમાત્મતત્ત્વમેં સદૈવ ભાવના કરની ચાહિયે.**' લ્યો! આહાહા..! એ સમયસારમાં આવે છે ને ભાવાર્થમાં? એટલો યોગ પણ છૂટી જાય છે. શું કહે છે? જેટલો આત્મા જ્ઞાયકસ્વભાવ છે તેનો આશ્રય લે છે ત્યારે તો તેને મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગનો પણ અંશ છે એ છૂટી જાય છે. એટલો. આહાહા..! ભાવાર્થમાં છે. સમજાણું કાંઈ? આહાહા..!

એમ કહેવાનો આશય કે જેને આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એવી જેને અંદર લગની લાગી એ તરફના ભાવનાની ભાવમાં પાંચ આસ્રવનો એમાં અભાવ છે. આહાહા..! આસ્રવ તત્ત્વ છે એ તો આસ્રવરૂપ છે. એ આત્મામાં નથી. અહીં તો યોગને પણ છોડી દઈને. કંપન્ન છે ને શુભાશુભભાવ છે એને છોડી દઈને પરમાત્મતત્ત્વ પોતાનું સ્વરૂપ તેની જે ભાવના કરે છે. એ '**ભાવના કરની ચાહિયે.**' આ કરવા જેવું છે. બાકી બધું થોથાં. આહાહા..! ત્યારે પછી આ ધંધો ક્યારે કરવો અમારે? આ પાપના ધંધા આખો દિ'. ચોવીસ કલાક. કલાક, બે કલાક સાંભળવામાં જાતો હોય લ્યો ને ૨૦-૨૨ કલાક.

અરે! પ્રભુ કહે છે અહીં તો સાંભળને ભાઈ! એવા ભાવ તો સંસારમાં રખડવાના, અનંતવાર, અનંતભવમાં અનંતવાર કર્યા. એ કોઈ નવી ચીજ નથી. આહાહા..! વસ્તુ તારી અંદર ભવ અને ભવના ભાવ વિનાની, વસ્તુ જે અંદર છે પરમાત્મતત્ત્વ, પોતે પરમાત્મતત્ત્વ, એ ભવ અને ભવના કારણના ભાવ વિનાની વસ્તુ છે. આહાહા..! એને ઓળંગે ક્યારે એ? કે એવા પરિણામ આસ્રવના હોવા છતાં તેને ન ગણતા જ્ઞાયકભાવ ઉપર જતાં તેને પાંચેય આસ્રવનો તેમાં અભાવ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એમાં એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ આસ્રવમાં આવી ગયા. સમજાણું કાંઈ?

એ '**પાંચો આસ્રવો કો છોડકર પરમાત્મતત્ત્વમેં...**' વિકારી પર્યાયમાં પાંચ પ્રકારના જે આસ્રવો છે એને છોડીને, એનું લક્ષ છોડીને પાંચ આસ્રવનું લક્ષ છોડી દઈને પરમાત્મતત્ત્વમાં ભાવના કરવી. આહાહા..! આવો માર્ગ એટલે લોકોને બીજું કાંઈ સાધન હોય તો એને સહેલું પડે, પણ બીજું કોઈ સાધન છે નહિ. આહાહા..! એ તો જ્ઞાયકસ્વરૂપ ચિદ્દઘન. જેમાં ભવ અને ભવનો ભાવ તો નથી, પણ જેમાં વર્તમાન જ્ઞાનની પર્યાય આદિ ગુણની અનંતગુણની વ્યક્ત પર્યાય પણ જેની વસ્તુમાં નથી. આહાહા..! એની ભાવના કરવી જોઈએ. એમ કહે છે. છે ને?

'**પરમાત્મતત્ત્વ મેં...**' એટલે ઓલા પાંચ આસ્રવતત્ત્વ છે એનું લક્ષ છોડી દઈને. પર્યાયબુદ્ધિ છે એ. એને આત્મ પરમાત્મતત્ત્વમાં ભાવના કરવી જોઈએ. આહાહા..! આવી વાત છે. '**જો ઈસકે આત્મ-ભાવના હોવે તો ભવભ્રમણ નહીં હો સકતા.**' આહાહા..! એને આવું ભવભ્રમણ હોઈ શકે નહિ. ૧૮૫ થઈ. ભવભયથી ડરી ચિત્ત આવે છે ને? યોગસારમાં આવે છે દોહરામાં. પહેલા અને પછી છેલ્લે. ભવભયથી ડરીને. આ લખ્યું છે. પહેલું ભવભયથી ડરીને. આહાહા..! ડરીને અર્થ? એમાંથી ખસી જઈને. પરમાત્મતત્ત્વ આનંદનો કંદ પ્રભુ, પૂર્ણ શાંતિ અને પૂર્ણ સ્વચ્છતા અને પૂર્ણ ઈશ્વર શક્તિઓનો સાગર એની ભાવના કરવી જોઈએ. આહાહા..! એ ભાવના એ ધર્મ છે. પરમાત્મતત્ત્વ છે એ તો ત્રિકાળી. સમજાય છે કાંઈ? એની ભાવના કરવી એ વર્તમાન પર્યાય વીતરાગી. આહાહા..! પકડવું કઠણ એને. શું કહે છે આ? ભાઈ! એ માર્ગ આ છે. જ્યાં પ્રભુ આત્મા બિરાજે છે, જે સ્વરૂપે સચ્ચિદાનંદ પ્રભુ છે. એની લગની લગાવ. આહાહા..! એનું ચિત્ત ત્યાં જોડી દે. અને આસ્રવ પ્રત્યેના ચિત્તને ત્યાંથી ખસેડી દે. અસ્તિ-નાસ્તિ કરી. પૂર્ણાનંદના નાથમાં ચિત્તને જોડ, આસ્રવતત્ત્વથી ચિત્તને તોડ, છોડ. આહાહા..! આવો માર્ગ છે.

બધા પછી એમ કહે છે. પણ એ બધું આવું પહેલું એનું સાધન શું? આ જ સાધન છે ભાઈ! આહાહા..! સ્વસન્મુખ થવું, પરથી વિમુખ થવું એ સાધન છે. આહાહા..! લોકોને આ બહારનું હોય ને વ્રત ને તપસ્યા ને અપવાસ આમ. ધમાધમ જાણે, ઓહોહો..! દુઃખી પ્રાણીઓને આપવું, બીજાના આંસુ લુછવા. તો એમાં એને સમજાય પણ ખરું કાંઈક. પૈસાનો સદુપયોગ કરવો, શરીરનો સદુપયોગ કરવો. અમારે ઢેબરભાઈ કહેતા હતા તે દિ' અહીં. આવ્યા હતા ને એક ફેરી? ઝાડ નીચે બેઠા હતા આનીકોર. ઘણા વર્ષ. વિનુબા હતા અહીં. એના માટે આવ્યા હતા. એ કહે કે અમારે કરવું તો પડે ને પરને માટે? આહાહા..! અમારે નિમિત્ત તો થાવું ને. આહાહા..! એ ચાલ્યા ગયા લ્યો. કોણ કરે બાપુ? પરદ્રવ્યને કોણ કરે? આહાહા..!

અરે! પરદ્રવ્યને તો નહિ પણ પરદ્રવ્યના લક્ષે થયેલા આસ્રવોને એને કોણ કરે પ્રભુ? એ આસ્રવ તો વિકાર અને દુઃખ છે. આહાહા..! એને પંચઆસ્રવને છોડી, પંચમ પારિણામિક સ્વભાવભાવમાં ભાવના કરવી. આહાહા..! કહો, સમજાય છે આમાં? મનુભાઈ! આવું ઝીણું છે. હવે આમાં ધંધા આડે કાંઈ સૂઝ પડતી નથી આમાં. એય! રતિભાઈ! એ મોટા છે, આ નાના છે. આહાહા..!

મુમુક્ષુ :- સૂજ પડે એવી વાત છે.

ઉત્તર :- સાદી જ વાત છે. સૂજ પડે એવી જ વાત છે આ તો. આહાહા..!

પ્રભુ! તું કોણ છો? કેવડો છો? કે તું છો પરમાત્મતત્ત્વ છો. અને પુણ્ય-પાપ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય એ તો આસ્રવતત્ત્વ, દુઃખતત્ત્વ, વિકારતત્ત્વ છે. આહાહા..! એ બેમાંથી વિકારતત્ત્વનું લક્ષ છોડીને નિર્વિકારી પરમાત્મતત્ત્વની ભાવના કરવી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપ તો બધી અજાણી વાત કરો છો.

ઉત્તર :- જાણેલો માર્ગ નથી એને માટે તો અજાણ્યો લાગે. પણ એણે જાણવો પડશે ને? અજાણ્યાને જાણવો પડશે ને? જાણ્યા વિના ક્યાંથી થઈ શકશે? આહાહા..! એ પંચમ, પાંચઆસ્રવ એવા જે વિકારી પરિણામ, તેને છોડી દઈને નિર્વિકારી પરમાત્મતત્ત્વ, આત્મા એ પરમાત્મતત્ત્વ છે. એની ભાવના કરવી. આહાહા..! એનું નામ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ?

---

## ગાથા-૧૮૬

अथ परेण दोषग्रहणे कृते कोपो न कर्तव्य इत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं प्रतिपादयति–

३१७) अवगुण-गहणइँ महुतणइँ जइ जीवहँ संतोसु।
तो तहँ सोक्खहं हेउ हउँ इउ मण्णिवि चइ रोसु।।१८६।।
अवगुणग्रहणेन मदीयेन यदि जीवानां संतोषः।
ततः तेषां सुखस्य हेतुरहं इति मत्वा त्यज रोषम्।।१८६।।

जइ जीवहं संतोसु यदि चेदज्ञानिजीवानां संतोषो भवति। केन। अवगुण-गहणइं निर्दोषिपरमात्मनो विलक्षणा ये दोषा अवगुणास्तेषां ग्रहणेन। कथंभूतेन महुतणइं मदीयेन तो तहं सोक्खहं हेउ हउँ यतः कारणान्मदीयदोषग्रहणेन तेषां सुखं जातं ततस्तेषामहं सुखस्य हेतुर्जातः इउ मण्णिवि चउ रोसु केचन परोपकारनिरताः परेषां द्रव्यादिकं दत्त्वा सुखं कुर्वन्ति मया पुनर्द्रव्यादिकं मुक्त्वापि तेषां सुखं कृतमिति मत्वा रोषं त्यज। अथवा मदीया अनन्तज्ञानादिगुणा न गृहीतास्तैः किंतु दोषा एव गृहीता इति मत्वा च कोपं त्यज, अथवा ममैते दोषाः सन्ति सत्यमिदमस्य वचनं तथापि रोषं त्यज, अथवा ममैते दोषा न सन्ति तस्य वचनेन किमहं दोषी जातस्तथापि, क्षमितव्यम्, अथवा परोक्षे दोषग्रहणं करोति न च प्रत्यक्षे समीचीनोडसौ तथापि क्षमितव्यम्, अथवा वचनमात्रेणैव दोषग्रहणं करोति न च शरीरबाधां करोति तथापि क्षमितव्यम्, अथवा शरीरबाधामेव करोति न च प्राणविनाशं तथापि क्षमितव्यम्, अथवा प्राणविनाशमेव करोति न च भेदाभेदरत्नत्रयभावनाविनाशं चेति मत्वा सर्वतात्पर्येण क्षमा कर्तव्येत्यभिप्रायः।।१८६।।

---

आगे जो कोई अपने दोष ग्रहण करे तो उस पर क्रोध नहीं करना, क्षमा करना, यह अभिप्राय मनमें रखकर व्याख्यान करते हैं–

## गाथा-१८६

अन्वयार्थः– [मदीयेन अवगुणग्रहणेन] अज्ञानी जीवोंको परके दोष ग्रहण करनेसे हर्ष होता है, मेरे दोष ग्रहण करके [यदि जीवानां संतोषः] जिन जीवोंको हर्ष होता है,

[ततः] तो मुझे यही लाभ है, कि [अहं] मैं [तेषां सुखस्य हेतुः] उनको सुखका कारण हुआ, [इति मत्वा] ऐसा मनमें विचारकर [रोषम् त्यज] गुस्सा छोड़ो।

भावार्थः- ज्ञानी गुस्सा नहीं करते, ऐसा विचारते हैं, कि जो कोई परका उपकार करनेवाले परजीवोंको द्रव्यादि देकर सुखी करते हैं, मैंने कुछ द्रव्य नहीं दिया, उपकार नहीं किया, मेरे अवगुण ही से सुखी हो गये, तो इसके समान दूसरी क्या बात है? ऐसा जानकर हे भव्य, तू रोष छोड़। अथवा ऐसा विचारे, कि मेरे अनंत ज्ञानादि गुण तो उसने नहीं लिये, दोष लिये वो निस्संक लो। जैसे घरमें कोई चोर आया, और उसने रत्न सुवर्णादि नहीं लिये माटी पत्थर लिये तो लो, तुच्छ वस्तुके लेनेवाले पर क्या क्रोध करना, ऐसा जान रोष छोड़ना। अथवा ऐसा विचारे, कि जो यह दोष कहता है, वे सच कहता है, तो सत्यवादीसे क्या द्वेष करना। अथवा ये दोष मुझमें नहीं हुआ वह वृथा कहता है, तो उसके वृथा कहनेसे क्या मैं दोषी हो गया, बिलकुल नहीं हुआ। ऐसा जानकर क्रोध छोड़ क्षमाभाव धारण करना चाहिये। अथवा यह विचारो कि वह मेरे मुँहके आगे नहीं कहता, लेकिन पीठ पीछे कहता है, सो पीठ पीछे तो राजाओंको भी बुरा कहते हैं, ऐसा जानकर उससे क्षमा करना कि प्रत्यक्ष तो मेरा मानभंग नहीं करता है, परोक्षकी बात क्या है। अथवा कदाचित् कोई प्रत्यक्ष मुँह आगे दोष कहे, तो तू यह विचार की वचनमात्रसे मेरे दोष ग्रहण करता है, शरीरको तो बाधा नहीं करता, यह गुण है, ऐसा जान क्षमा ही कर। अथवा जो कोई शरीरको भी बाधा करे, तो तू ऐसा विचार, कि मेरे प्राण तो नहीं हरता, यह गुण है। जो कभी कोई पापी प्राण ही हर ले, तो यह विचार कि ये प्राण तो विनाशक हैं, विनाशीक वस्तुके चले जानेकी क्या बात है। मेरा ज्ञानभाव अविनश्वर है, उसको तो कोई हर नहीं सकता, इसने तो मेरे बाह्य प्राण हर लिये हैं; परंतु भेदाभेदरत्नत्रयकी भावनाका विनाश नहीं किया। ऐसा जानकर सर्वथा क्षमा ही करना चाहिये।।१८६।।

---

હવે, જો બીજા કોઈને પોતાનો દોષ ગ્રહણ કરવાથી સંતોષ થાય છે તો (તેના પર) કોપ ન કરવો, એવો અભિપ્રાય મનમાં રાખીને આ સૂત્ર કહે છે :-

ભાવાર્થઃ- નિર્દોષ પરમાત્માથી વિલક્ષણ જે મારા દોષો છે તેમના ગ્રહણથી જો અજ્ઞાની જીવોને સંતોષ થાય છે તો મારા દોષ ગ્રહણ કરવાથી તેમને સુખ થયું તેથી તેમના સુખનો હેતુ હું થયો. કેટલાક પરોપકારમાં રત પુરુષો તો બીજાઓને ધનાદિક આપીને સુખી કરે છે, અને મેં તો તેમને ધનાદિક આપ્યા સિવાય સુખી કર્યા એમ માનીને રોષ છોડ અથવા મારા અનંતજ્ઞાનાદિ ગુણો તો તેમણે લીધા નથી, પરંતુ મારા દોષો જ ગ્રહ્યા છે એમ માનીને પણ કોપ છોડ, અથવા આ દોષો મારામાં છે એવું એનું

**વચન સત્ય છે, એમ માનીને રોષ ત્યજ અથવા આ દોષો મારામાં નથી તો તેના વચનથી શું હું દોષી થઈ ગયો? એમ માનીને ક્ષમા કરવી, અથવા મારા દોષ પીઠ પાછળ કહે છે, પણ મારી સમક્ષ નથી કહેતો તે સમીચીન છે (સારું છે) એમ માનીને ક્ષમા કરવી, અથવા (કોઈ પ્રત્યક્ષ પોતાની સામે દોષ કહે તો) વચનમાત્રથી મારા દોષ ગ્રહણ કરે છે પણ મારા શરીરને બાધા કરતો નથી એમ માનીને ક્ષમા કરવી, અથવા શરીરને જ બાધા કરે છે, પ્રાણનો વિનાશ કરતો નથી એમ માનીને ક્ષમા કરવી, અથવા પ્રાણનો જ વિનાશ કરે છે પણ ભેદાભેદ રત્નત્રય ભાવનાનો વિનાશ કરતો નથી એમ માનીને સર્વ તાત્પર્યથી ક્ષમા કરવી જોઈએ, એ અભિપ્રાય છે. ૧૮૬.**

## ગાથા-૧૮૬ ઉપર પ્રવચન

૧૮૬. **'આગે જો કોઈ અપને દોષ ગ્રહણ કરે તો ઉસ પર ક્રોધ નહીં કરના,...'** વિશેષ લેતા જાય છે ને? આહાહા..! કોઈ અપમાન કરે, દોષ ગ્રહણ કરે, દોષ જ ગ્રહણ કરે અને દોષની જ વાત કરે. એના ઉપર ક્રોધ ન કરવો. એ તો એને જેમ ગોઠે તેમ કરે, એમાં તને નુકસાની શું છે? આહાહા..! એ **'ક્રોધ નહીં કરના, ક્ષમા કરના, યહ અભિપ્રાય મન મેં રખકર વ્યાખ્યાન કરતે હૈં—'** લ્યો ૧૮૬.

૩૧૭) अवगुण-गहणइँ महुतणइँ जइ जीवहँ संतोसु।
तो तहँ सोक्खहं हेउ हउँ इउ मण्णिवि चइ रोसु॥१८६॥

**'અન્વયાર્થ :- અજ્ઞાની જીવોં કો પર કે દોષ ગ્રહણ કરને મેં હર્ષ હોતા હૈ,... '** અજ્ઞાનીને બીજાના દોષ જોઈને હરખ થાય છે. આહાહા..! પોતાના ગુણને જોવા માટે નવરો નથી. જેને જાણનારો જાણનારો જાણવો જોઈએ એને નવરાશ નથી, એને દોષ ગ્રહણની ઈચ્છા છે. આહાહા..! કારણ કે એની દોષ બુદ્ધિ છે. અજ્ઞાનીને પરમાત્મતત્ત્વની બુદ્ધિ નથી. પુણ્ય-પાપના દોષોની બુદ્ધિ એટલે બીજાના દોષને ગ્રહણ કરે. આહાહા..! સમજાણું કાંઈ?

દોષ ગ્રહણ ન કરવા કહે છે. એટલે કે કોઈ દોષ ગ્રહણ કરે તો ક્રોધ ન કરવો. આહાહા..! કોણ ક્રોધ ન કરી શકે? જેને ધર્મ આત્મા આનંદ સ્વરૂપ છે, જ્ઞાયકસ્વરૂપ છે, નિર્દોષ સ્વરૂપ છે. જેમાં વિકાર જ નથી. એવા સ્વભાવની દૃષ્ટિવાળો બીજા દોષ ગ્રહણ કરે તો તેના પ્રત્યે ક્રોધ ન કરે. આહાહા..! સમજાણું કાંઈ? દોષને ગ્રહણ કરનારો જે અજ્ઞાની, જે નિર્દોષ આત્મસ્વભાવનો ગ્રહણ કરનારો જ્ઞાની. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે જે નિર્દોષ ભગવાનઆત્માના અનંતગુણનો પિંડ છે તેનો આદર કરતો હોય તે. સમજાણું કાંઈ? એ ધર્મની શરૂઆતવાળો એને કહીએ. આહાહા..! એવો જે ધર્મ આત્માનો સ્વભાવ, પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી રહિત. કેમકે એ પરિણામ પણ

આસ્રવ છે. આસ્રવ કહ્યું ને? આહાહા..! એ આસ્રવના પરિણામથી રહિત જેને નિર્દોષ ભગવાન આત્મતત્ત્વ. દૃષ્ટિમાં અને આશ્રયમાં આવ્યો છે એવા જે ધર્મી એ બીજા અજ્ઞાની દોષને તારા ગ્રહણ કરે, ક્રોધ ન કરવો. આહાહા..! ઝીણું બહુ બાપુ! વીતરાગ માર્ગ ઝીણો બહુ. બહારથી લોકો માની બેઠા છે ને. જાણે આ વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા કરવી, એ જાણે ધર્મ છે. અટકી ગયા ત્યાં બિચારા. અનાદિથી અટક્યા.

અહીં તો કહે છે કે એક વાર '**मदीयेन अवगुणग्रहणेन**' '**અજ્ઞાની જીવોં કો પરકે દોષ ગ્રહણ કરને સે હર્ષ હોતા હૈ, મેરે દોષ ગ્રહણ કરે...**' ઓહો..! '**यदि जीवानां संतोषः**' '**જિન જીવોં કો હર્ષ હોતા હૈ, તો મુજે હી લાભ હૈ,...**' બીજા મારા દોષ ગ્રહણ કરીને સુખી થાઓ તો ભલે. સમજાણું કાંઈ? આહાહા..! ઝીણી વાત ભાઈ! મારાથી એ દોષ મારા ગ્રહણ કરીને સુખ હો કે ન હો, પણ ગ્રહણ કરીને એ સુખી થતા હોય તો એટલો લાભ છે. સુખી થાય છે ને બિચારા. આહાહા..! ભારે વાત! મારાથી બધા પ્રાણીઓ સુખી થાઓ. મારાથી કોઈ દુઃખી ન થાઓ. એમ કરતા દોષને ગ્રહણ કરીને પણ તમે જો સુખી થતા હો તો થાવ. પંડિતજી! આહાહા..!

'**મેરે દોષ ગ્રહણ કરકે જીવો કો...**' સંતોષ. પાઠ છે ને? પાઠમાં સંતોષ છે. '**હર્ષ હોતા હૈ, તો મુજે હી લાભ હૈ, કિ મૈં ઉનકો સુખ કારણ હુઆ,...**' આહાહા..! કેટલી સમતા છે ત્યાં! આત્મા આનંદ પ્રભુ, શુદ્ધ આનંદ અને વીતરાગ મૂર્તિ એવું જ્યાં અંદર ભાન થયું એને કહે છે કે કોઈ તારા દોષ હોય એને જો, ગ્રહણ ન હોય ને માને અને હોય એને જાણે, ભલે જાણે. સુખી થાય છે ને એ જીવ. આહાહા..! વીતરાગભાવ છે. જ્યાં આગળ આત્મા વીતરાગસ્વરૂપી છે પ્રભુ, એની દૃષ્ટિમાં વીતરાગતા તરવરે છે ધર્મીને તો. આહાહા..! ધર્મી જીવને તો વીતરાગી સ્વરૂપ આત્માનું તે તરવરે છે. આહાહા..! દયા, દાન, વ્રતના પરિણામ આવે પણ એ તો આસ્રવ અને વિકાર ને દુઃખ છે. આહાહા..! ત્યાં એની દૃષ્ટિ હોતી નથી. તેથી એ નિર્દોષ વસ્તુને જોનાર પ્રાણી, એના કોઈ દોષ ગ્રહણ કરે તો શાંતિ રાખવી. સુખી તો થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ કઈ જાતની રીત છે?

એ સુખી થાય છે એ તો રાગના હરખને લઈને છે. પણ પોતે કહે છે કે ભલે એ એમ હોય. એ રીતે મારાથી ખુશી તો થાય છે ને. દોષ ગ્રહણ કરીને ખુશી થાય છે ને. એમાં મને શું છે? આહાહા..! હું તો આત્મા આનંદસ્વરૂપ મારું છે ધર્મી જીવને, પોતાના આત્માના આનંદસ્વરૂપનું ભાન હોવાથી એના દોષને ગ્રહણ કરનાર પ્રત્યે તેને એ સંતોષ પામે છે એવી એની બુદ્ધિ છે. ભલે દોષ ગ્રહણ કરીને સંતોષ પામે છે ને કહે. આહાહા..!

'**મૈં ઉનકો સુખ કા કારણ હુઆ.**' લ્યો ઠીક! એણે માનેલું સુખ તો રાગનું છે, પણ એનામાં નિમિત્ત હું થયો, મારા દોષથી સુખી થાય. હું તો જાણનાર-દેખનાર છું. આહાહા..! એ દોષ ગ્રહણ કરનાર પ્રત્યે પણ જેને દ્વેષ નથી. આહાહા..! પણ દોષ ગ્રહણ કરીને સુખી થાય છે એમ તેને સમભાવ બુદ્ધિ છે. કોઈ એમ કહે કે દોષ ગ્રહણ કરીને એ સુખી થાય છે તો થાવ. એનો અર્થ શું

થયો? એને હરખથી સુખી થાય છે એ થાઓ એમ? એમ નહિ. એનો અર્થ એ થાય છે, હો. મને એમાં શું નુકસાન છે? સમજાણું કાંઈ? આહાહા..! ઝીણી વાત છે. પરમાત્મપ્રકાશ છે. યોગીન્દ્રદેવ દિગંબર સંત ૧૩૦૦ વર્ષ પહેલાં થયા. એ જગતને જાહેર કરે છે, પ્રભુ! તું જો આત્મા પરમાત્મતત્ત્વને તે જાણ્યો હોય સમ્યગ્દર્શનમાં. આહાહા..!

એ એમાં લીધું છે ને પંચાધ્યાયીમાંથી. ભાઈ એકલી શાસ્ત્રથી શ્રદ્ધા કરવી એ પણ શ્રદ્ધા નથી. આહાહા..! સમજાણું કાંઈ? શું કીધું એ? શાસ્ત્રથી સાંભળીને શ્રદ્ધા કરી એ કાંઈ શ્રદ્ધા નથી, એ સમ્યગ્દર્શન નથી. આહાહા..! પણ જેમાં ગુણી સ્વરૂપ ભગવાનઆત્મા ગ્રહણ થયો છે તે સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! લીધું છે ને એમાં શ્રદ્ધા ને પ્રતીતિ ને રુચિ. એ તો બધી એમ કે જ્ઞાનની પર્યાય છે. એ કાંઈ સમ્યગ્દર્શન નથી. આહાહા..! ફક્ત અનુભૂતિની સાથે હોય તો તેને ગુણ કહેવાય. અનુભૂતિનો ત્યાં પ્રસંગ લીધો છે. એમ નથી લીધું કે શાસ્ત્રની શ્રદ્ધા એ શ્રદ્ધા છે. આહાહા..!

આત્મા અંતર જ્ઞાયકસ્વરૂપ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો નાથ સાગર ભગવાન, એવો જેને જ્ઞાનમાં ભાસ્યો છે, અનુભવ્યો છે. જાણીને પ્રતીત કરી છે. વસ્તુને જાણીને પ્રતીત કરી છે. શાસ્ત્રથી પ્રતીત કરી છે એ પ્રતીત નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે શાસ્ત્રથી નવતત્ત્વને જાણવા કે આત્મા પરમાત્મા જેવો છે એવું શાસ્ત્રથી જાણ્યું ને પ્રતીતિ એ પ્રતીતિ નથી. આહાહા..! જેના જ્ઞાનની દશામાં વસ્તુ જે છે એ ભાસી નથી. વસ્તુ આવતી નથી. જ્ઞાનમાં વસ્તુ આવતી નથી. આખી ચીજ પરમાત્મતત્ત્વ ભગવાનઆત્મા છે. પણ એનું જ્ઞાન જેની પર્યાયમાં નથી આવ્યું એની પ્રતીતિ કેવી એને સાચી? કહે છે. આહાહા..!

એવી જેને અંતરમાં જ્ઞાયક સ્વરૂપ ભગવાન, એનો જ્યાં અનુભવ અને ભાન થઈને પદાર્થને જાણ્યો છે, એવા જીવને કોઈ દોષ ગ્રહણ કરે તો કહે હો, સંતોષ ન કરો, પ્રભુ! મારે એના પ્રત્યે કાંઈ દ્વેષની જરૂર નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું બહુ બાપુ! વીતરાગ જિનેશ્વરનો માર્ગ બહુ ઝીણો. લોકોને બિચારાને વાડામાં મળ્યો નથી. 'વાડા બાંધી બેઠા રે પોતાનો પંથ કરવાને.' ઓલા કહે કે દયા, દાન કરીએ તો ધર્મ થાય. ઓલા કહે ભક્તિ ને જાત્રા કરીએ તો ધર્મ થાય. એ બધા વાડા છે. એ ધર્મ વીતરાગનો માર્ગ એ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

વીતરાગ જિનવરનો માર્ગ તો એ પુણ્યપાપની ક્રિયા છે એનાથી ભિન્ન એનો આસ્રવ છે ને કીધું? અને એ આસ્રવ હોય થોડો અને બીજા દોષ ગ્રહણ કરે પણ તેનાથી તું સંતોષ રાખજે. કારણ કે તારામાં દોષનો ભાગ છે અને એ જોવે અને અજ્ઞાની તો નાના દોષને મેરુ જેટલો કરીને જોવે. થોડો દોષ હોય એને મોટો કરીને દેખે. સંતોષ કર ને. તારે શું છે? આહાહા..! પાંચ-દસ લાખની મૂડી હોય અને એને કરોડપતિ કહે, તો ખુશી થાય છે ને. કે ના પાડે કે ના ભાઈ એટલા બધા મારી પાસે પૈસા નથી. મૌન રહે. બે-પાંચ લાખ હોય છતાં એને કરોડપતિ કહે કે આની પાસે કરોડરૂપિયા છે અને પાંચ-દસ લાખની પેદાશ છે. મૌન રહે. પોપટભાઈ!

એમ કહે છે કે તારા દોષ થોડા હોય અને જોનાર હોય અને મોટા દોષ કરીને માને. સુખી છે ને એ? સંતોષ પામને એ સંતોષ રાખ. તને શું છે? આહાહા..! કેટલો ભાવ! સમભાવમાં કેટલી સિદ્ધિ છે! આહાહા..! આનું નામ સમભાવ અને એનું નામ ધર્મ છે. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહારે ક્ષમા કહેવાય.

ઉત્તર :- એ વ્યવહાર નહિ યથાર્થ ક્ષમા છે. આ તો એક કલ્પનાથી એમ કહે છે એટલે. યથાર્થ વ્યવહાર છે. એ તો વાત કરે છે કે એ જાતનો સુખી થાય છે ને એટલો એક વાત કરે છે, પણ અંદરમાં તો વીતરાગતા છે. આહાહા..! સમ્યગ્દર્શન એટલે જ વીતરાગતા. આહાહા..! અને એ વીતરાગતા, વીતરાગ સ્વરૂપે પ્રભુ, જિનસ્વરૂપી પ્રભુ આત્મા, વીતરાગસ્વરૂપ જ આત્મા છે. વીતરાગની મૂર્તિ જ પ્રભુ આત્મા છે. કેમ બેસે? આહાહા..! એવો જે પરમાત્મા વીતરાગસ્વરૂપ જ્યાં બેઠો અંદર દૃષ્ટિમાં. કહે છે કે એની દશામાં વીતરાગતા આવી, એથી એનામાં કોઈ દોષ હોય અને બીજા કહે તો વીતરાગતા રહે છે, એને શાંતિ રહે છે. એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો ધર્મ હવે.

હવે અહીં જરી પ્રતિકુળતા કાંઈક બોલે તો દ્વેષ કરે, અનુકૂળતા બોલે તો એના ઉપર રાગ, પ્રેમ કરે. આહાહા..! બાપુ! મારગડા જુદા પ્રભુ! આ વીતરાગમાર્ગ છે. વીતરાગતા જેમાં ઉત્પન્ન થાય, આવા દોષ જોનારને પણ સુખી થાય છે ને એમ માનીને વીતરાગતા સેવે છે એમ કહે છે. આહાહા..! છે? '**ઉનકો સુખ હુઆ, ઐસા મનમેં વિચારકર ગુસ્સા છોડે.**' ગુસ્સો ન થવા દે.

'**ભાવાર્થઃ- જ્ઞાની ગુસ્સા નહીં કરતે,...**' ધર્મી ગુસ્સો, ક્રોધ કરતો નથી. આહાહા..! ધર્મી જીવને તો દયા, દાન, વ્રત ને ભક્તિ ને તપસ્યાના ભાવ, એનો એ કર્તા નથી ધર્મી. એને ધર્મી કહીએ. આહાહા..! કેમકે એ રાગની ક્રિયા છે, રાગને કરે એ મિથ્યાદૃષ્ટિ છે એને ધર્મની ખબર નથી. આહાહા..! અહીં તો કહે છે કે જેને '**જ્ઞાની ગુસ્સા નહીં કરતે,...**' શુભભાવ કરતો નથી કર્તાબુદ્ધિએ તો ગુસ્સો તો કેમ કરે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ, સાંભળવા મળે નહિ બિચારાને. ને આમ ને આમ ધર્મ થાય આખો દિ'. જિંદગી વઈ જાય ૫૦-૫૦, ૬૦, ૭૦ વર્ષ, જાવ. એકાદ જાત્રા કરી સમ્મેદશિખરની, એકાદ ગીરનારની, શેત્રુંજયની બે-ચાર એક બાર મહિનામાં એકવાર કરે પૂનમની. થઈ રહ્યું જાવ ધર્મ થઈ ગયો. પાપ ધોવાઈ ગયું. ધૂળેય નથી હવે સાંભળને. એવા તો અનંતવાર કર્યું છે. ભગવાનની સાક્ષાત્ સમવસરણમાં સાક્ષાત્ પરમાત્માની પૂજા પણ અનંતવાર કરી છે. એ કાંઈ ધર્મ નથી. એ તો શુભભાવ પુણ્ય છે. પાપથી બચવા પૂરતું પુણ્ય છે.

પણ જેને પુણ્યના આસ્રવનો પણ જ્યાં ત્યાગ છે દૃષ્ટિમાં. આહાહા..! એવા ધર્મીના કોઈ દોષ જોવે તોપણ સંતોષ રાખે છે એમ કહે છે. એને સંતોષ થાય છે ને? આહાહા..! છે? '**જ્ઞાની ગુસ્સા નહીં કરતે, ઐસા વિચારતે હૈં, કિ જો કોઈ પરકા ઉપકાર કરનેવાલે પરજીવોં કો દ્રવ્યાદિ દેકર સુખી કરતે હૈં,...**' લોકમાં લૌકિક પ્રાણી બીજાને આહાર દઈ, પૈસા દઈને એને જરી

અનુકૂળ દે છે. હું તો કોઈને દેતો નથી, મને મારા દોષ જોઈને સુખી થાય છે. તો થાવ. આહાહા..! છે? '**મૈંને કુછ દ્રવ્ય નહીં દિયા,...**' શું કહે છે? જુઓ. જે કોઈ પરનો ઉપકાર કરે છે. વ્યવહારથી વાત છે. પરજીવોની દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ '**દ્રવ્યાદિ દેકર સુખી કરતે હૈં, મૈંને કુછ દ્રવ્ય નહીં દિયા,...**' મેં તો કાંઈ દીધું નથી એને. દોષ ગ્રહણ કરીને સુખી થાય તો થાવ ને. આહાહા..! સમજાણું કાંઈ?

એનો સિદ્ધાંત એમ ન લેવો કે કોઈ ઉપકાર કરવાવાળા પરજીવને સુખી કરે છે. અહીં તો દૃષ્ટાંત છે. સમજાણું કાંઈ? પર જીવોને સુખ કરવાની બુદ્ધિ જ જૂઠી છે. હું પરને આહાર આપુ, પાણી આપુ, પૈસા આપુ, લક્ષ્મી આપુ તો સુખી થાય એ દૃષ્ટિ જ મિથ્યા છે. કારણ કે પરપદાર્થની ક્રિયા મારાથી થાય અને હું કરું છું એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાનીની છે. અહીંયાં તો ફક્ત દૃષ્ટાંતનો અંશ લેવો છે. દૃષ્ટાંતને સારું દૃષ્ટાંત અહીં લાગુ પાડવું નથી. દૃષ્ટાંતનો અંશ નથી આવતું ક્યાંક? આવે છે ને દૃષ્ટાંત? એકદેશ ગ્રહણ કરે છે. દૃષ્ટાંતનો એક દેશ જાણવો કે બીજાને પૈસા આપે, આહાર આપે, પાણી આપે માટે સુખી થાય છે એ. એ તો સુખી તો રાગ છે એને. અને દેનારા જે કાંઈ ક્રિયા કરે કે મેં આ દીધું એ તો મિથ્યા અહંકાર, મિથ્યાભાવ છે. આ તો એમાંથી એક દૃષ્ટાંતનો એકદેશ લેવો. કે એ પ્રાણી કોઈને પૈસા આપે, પાંચ, દસ લાખ, બે-પાંચ હજાર, પૈસા, મકાન રહેવાને, રોગીને ઔષધ આપે અને એ માને છે કે અમે સુખી છીએ. એ માન્યતા અજ્ઞાનીની છે. અને દેનાર પણ હું દઉં છું એ પણ માન્યતા અજ્ઞાનીની છે. પણ આમાંથી દાખલો તો એટલો લેવો કે એ દે છે અને એ સુખી થાય છે. હું કોઈને દેતો નથી ને સુખી થાય છે. પંડિતજી! આવી વાત છે. મારગડા જુદા બાપુ આ. જન્મ-મરણ રહિત થવાના માર્ગ, વીતરાગ પરમેશ્વરનો માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..!

કહે છે કે '**પરજીવોં કો દ્રવ્યાદિ દેકર સુખી કરતે હૈં,...**' પણ એનો સિદ્ધાંત ન લેવો કે એ સુખી કરે છે અને દઈ શકે છે. આ તો એમાંથી દૃષ્ટાંતનો એક અંશ લેવો. સમજાય છે કાંઈ? એ તો આપણે આવી ગયું છે. પરજીવને હું સુખી કરું કે દુઃખી કરું, પર જીવની દયા પાળુ એ ભાવ બધો મિથ્યાદૃષ્ટિનો મિથ્યાભાવ છે. આહાહા..! પરની કોણ દયા પાળી શકે? એનું આયુષ્ય હોય તો બચે અને ન હોય તો ન બચે. તું કહે મેં એને બચાવ્યો. એ દૃષ્ટિ મિથ્યાત્વની, અજ્ઞાનીની છે. આહાહા..! સમજાણું કાંઈ? વાતે વાતે ફેર.

કહો,પોપટભાઈ! તમારો દાખલો આપ્યો હતો એકફેરી તમારા સાળાનો. એમણે કહ્યું હતું જરી. ભાઈ હવે પૈસા ઘણા થયા અને હવે ન કરો તો. શાંતિલાલ ખુશાલ. એમના સાળા. ગોવા. ગોવા. બે અબજ ચાલીસ કરોડ. ધૂળ. બે અબજ ચાલીસ કરોડ. ૨૪૦ કરોડ. ગુજરી ગયો હમણા. દોઢ વર્ષ પહેલા. આ પોપટભાઈના સાળા. ગોવામાં. ગોવામાં. પાણશણા ને? પાણશણા. પછી ઘણા પૈસા પોપટભાઈએ કહ્યું એના બનેવી છે ને આ તો એણે શું કહ્યું કે પણ હવે શું કરવા તમે આ કરો છો બધું? આટલા પૈસા, બે અબજ ચાલીસ કરોડ, દશાશ્રીમાળી વાણિયો. આહાહા..!

ત્યારે એનો જવાબ આપ્યો સામે. કે શું અમે એના માટે ધંધો કરીએ છીએ? હજારો માણસો નભે છે. જુઓ આ બધા પૈસાવાળાના અભિમાનીઓ. આહાહા..! એમ કહ્યું ને ભાઈ? પોપટભાઈએ કહ્યું. પોપટભાઈ કહેતા હતા. બધાને નભાવીએ છીએ. એના માટે આ ધંધો કરીએ છીએ. એના માટે કરતો હશે? મમતા કરે છે.

મુમુક્ષુ :- નભાવે છે, નિમિત્તથી નભે છે.

ઉત્તર :- નભ્યા. ધૂળેય નહિ. આવા ને આવા બધા. પૈસાના અભિમાનીઓ એ બીજાને નભાવી દે છે. વીતરાગ કહે છે કે એ મિથ્યાદૃષ્ટિ એ મિથ્યાત્વને અનંત સંસારને સેવે છે. આહાહા..! આવો માર્ગ. સમજાણું કાંઈ? આ મીલવાળા, જીનવાળા હોય છે ને? ઘણા એમ કહે છે. બધાને નભાવીએ છીએ. પાપ કરે છે તારા ભાવથી એની તને ભાન નથી અને નભાવીએ છીએ ધૂળમાં. આહાહા..!

એકફેરી અમારે દામોદર શેઠ હતા દામનગર. હવે પૈસા ઘણા પાસે થયા. તે દિ' પૈસા આપણા વાણિયામાં નહોતા બહુ. એની પાસે તે દિ' દસ લાખ, તે દિ' ૬૦ વર્ષ પહેલાં. ૪૦ હજારની ઊપજ. પછી એકવાર એવી વાત નીકળી કે શેઠ તમે આ જીન કેમ કરતા નથી? ઘરે ખેડ મોટી, મોટી ખેડ. ચામડ ને મોટા. ખેડુ મોટા. ઘરે આરબ, ઘરે ઘોડા.. પછી કોકે પૂછયું કે શેઠ તમે.. શું કીધું? જીન કેમ કરતા નથી? ત્યારે એણે એવો જવાબ આપ્યો તે દિ' હોં કે અમારા એટલા પુણ્ય નથી કે જીન કરીએ અને બચે પુણ્ય. આહાહા..! એય! રતિભાઈ! ઓળખતા કે નહિ દામોદરશેઠ દામનગર. એ તો ૨૦૦૦માં ગુજરી ગયા બિચારા. પણ એ પહેલાં ઘણી. ૪૦ હજારની ઊપજ હતી. એક ગામ ઘરે હતું. ૧૦ હજારનું ગામ. તે દિ' ૬૦ વર્ષ પહેલાંની વાત છે. પછી આટલું એણે કહ્યું હોં કે અમે જીન કરીએ અને પુણ્ય બચે એટલા અમારા પુણ્ય નથી. જીન કરવામાં પુણ્ય બળી જાય છે. પાપમાં પુણ્ય બળી જાય છે એટલા પુણ્ય અમારા નથી. એવો જવાબ આપ્યો હતો ત્યારે. આહાહા..!

અરેરે! જગત ક્યાં વળગ્યું છે? ક્યાં છે? મોટા કારખાના કરે જાણે ઓહોહો..! પૈસા કાંઈક હોય ૫૦-૫૦ લાખ. પછી પાંચલાખનું અહીં કારખાનું કરે, પાંચ લાખનું અહીં કરે, પાંચ લાખનું અહીં કરે અને ભાગીદાર રાખે. એક ટકાનું વ્યાજ લે. મહિને મહિને તપાસ કરવા આવે. અડધો ભાગીદાર આપે, અડધો પેદાશ આપે અને એક ટકાનું વ્યાજ લે અને માને અમે બીજાને નભાવીએ છીએ. મૂઢ છો. એકલા પાપનું સેવન છે તારું. આહાહા..!

અહીં તો દૃષ્ટાંતનો એક અંશ લેવાનો છે કે બીજાને જેમ આપીને એ પ્રાણી જેમ સુખી થાય એમ માને છે તો હું તો કોઈને કાંઈ આપતો નથી અને મારા દોષ દેખીને સુખી થાય તો ભલે થાઓ. આહાહા..! ભારે વાત બાપુ! આવી સમતા કહે છે. આવો માર્ગ છે. આહાહા..! છે? **'મેરે અવગુણ હી સે સુખી હો ગયે, તો ઈસકે સમાન દૂસરી ક્યા બાત હૈ? ઐસા જાનકર હૈ ભવ્ય, તૂ રોષ છોડ.'** આહાહા..! બીજા પ્રત્યે, બીજાને કારણે રોષ છોડ. સમજાય છે કાંઈ? આહાહા..! કમજોરીથી જરી રોષ આવે એ જુદી ચીજ છે. અને આણે આમ કર્યું માટે રોષ આવ્યો એ જુદી

ચીજ છે. એ મિથ્યારોષ છે એમ કહેવું છે. શું કહ્યું સમજાણું કાંઈ? આહાહા..!

પોતાની કમજોરીને લઈને જરી દ્વેષ આવી જાય, રાગ આવી જાય. પણ આણે આ મારા દોષ ગ્રહણ કર્યા માટે આવે એ મિથ્યાદોષ છે. કારણ કે આણે મારા દોષ ગ્રહણ કર્યા માટે મને એ દોષ આવ્યો છે. વાત જૂઠી છે. સમજાણું કાંઈ? આહાહા..! કોઈએ મને ગાળ દીધી માટે ક્રોધ આવ્યો, મિથ્યા શ્રદ્ધા છે. પોતાની નબળાઈને લઈને જરી આવે તો એનો કાંઈ સ્વામી નથી. એ દોષ છે. જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ પરને કારણે મને આ આવ્યું. બહુ ગાળ્યુ દેતો હતો અને બહુ તડાફડી કરતો હતો પછી ક્રોધ થયા વિના રહે મને? આહાહા..! મૂરખ છો સાંભળને. પરને કારણે ક્રોધ થાય એ માન્યતા જ મિથ્યાદષ્ટિની છે. એને જૈનની ખબર જ નથી. આહાહા..!

'**હે ભવ્ય, તૂ રોષ છોડ. અથવા ઐસા વિચારે, કિ મેરે અનંત જ્ઞાનાદિ ગુણ તો ઉસને નહીં લિયે,...**' દોષ ગ્રહણ કરીને સુખી છે. પણ મારો ગુણ તો નથી લઈ લીધો. આહાહા..! છે? '**અનંત જ્ઞાનાદિ ગુણ તો ઉસને નહીં લિયે,...** ' મારા જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણ છે. શક્તિમાંથી પ્રગટ થયેલા ગુણ છે અનંત. સમજાણું કાંઈ? એ દોષ ગ્રહણ કર્યા એણે પણ મારા ગુણ લીધા નથી એણે. આહાહા..! '**ગુણ તો ઉસને નહીં લિયે, દોષ લિયે વો નિઃશંક લો.**' મારે દોષ છોડવાના છે અને એ લે તો ભલે લો. આહાહા..! આવો માર્ગ વીતરાગનો.

'**જૈસે ઘરમેં કોઈ ચોર આયા, ઔર ઉસને રત્ન, સુવર્ણ આદિ નહીં લિયે...**' ઘરમાં ચોર આવ્યો અને રત્ન, સોનું ન લીધું. '**માટી પત્થર લિયા તો લો.**' કોઈ માટી લઈ ગયો, ભલે લઈ જાય. રત્ન ને સુવર્ણ ન લીધું. આહાહા..! લો. '**તુચ્છ વસ્તુ કે લે જાને પર ક્યા ક્રોધ કરના, ઐસા જાન રોષ છોડના.**' જ્ઞાતા-દૃષ્ટા મારો સ્વભાવ છે, હું તો જાણનાર-દેખનાર એવું ભાન છે એને આ વાત કરે છે. સમજાણું કાંઈ? કે મારા ગુણ તો લીધા નથી, દોષ લીધા છે તો લો. આહાહા..! '**અથવા ઐસા વિચારે, કિ જો યહ દોષ કહતા હૈ, વે સચ કહતા હૈ, તો સત્યવાદી સે ક્યા દ્વેષ કરના.**' આહાહા..! મારામાં જરી દોષ છે રાગાદિ. એ દે તો ગ્રહણ કરે એ તો સત્યવાદી છે. એના પ્રત્યે દ્વેષ શેનો? આહાહા..! સમજાય છે કાંઈ?

'**સચ કહતા હૈ, તો સત્યવાદી સે ક્યા દ્વેષ કરના.** ' આહાહા..! '**અથવા યે દોષ મુજમેં નહીં હુઆ વહ વૃથા કહતા હૈ, તો ઉસકે વૃથા કહને સે ક્યા મૈં દોષી હો ગયા,...**' આહાહા..! કેટલો ન્યાય મૂક્યો છે! એ દોષ ગ્રહણ કરે તો સંતોષ પામો. એ પામે તો તું પણ સમતા રાખ. મારા ગુણ તો લીધા નથી. આહાહા..! અને એ દોષ જો મારામાં હોય તો એ તો સત્યવાદી છે કહે છે એમાં દ્વેષ શું કરવો? અને મારામાં ન હોય અને કહે એના પ્રત્યે દ્વેષ શેનો કરવો? વૃથા કહે છે એમાં. આહાહા..! આ સમતાને પ્રગટ કરવાની આ એક કળા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**બિલકુલ નહીં હુઆ. ઐસા જાનકર ક્રોધ છોડ ક્ષમાભાવ ધારણ કરના ચાહિયે. અથવા યહ વિચારો કિ વહ મેરે મુંહ કે આગે તો નહીં કહતા,...**' મારી સામે તો કહેતો નથી, પાછળથી કહે તો એમાં શું. રાજાના પણ પાછળથી દોષ કાઢે લોકો. '**વિચારો કિ વહ મેરે મુંહ કે**

**આગે તો નહીં કહતા, લેકિન પીઠ પીછે કહતા હૈ, સો પીઠ પીછે તો રાજાઓં કો ભી બુરા કહતે હૈં,...**' આહાહા..! સમજાય? '**ઐસા જાનકર ઉસે ક્ષમા કરના કિ પ્રત્યક્ષ તો મેરા માનભંગ નહીં કરતા હૈ,...**' આહાહા..! પ્રત્યક્ષ તો મારા માનભંગ આવીને કરતો નથી, પાછળથી કરે તો કરો એમાં મારે શું છે? આહાહા..! '**પરોક્ષકી બાત ક્યા હૈ.**'

'**કદાચ કોઈ પ્રત્યક્ષ મુંહ આગે દોષ કહે,...** ' આહાહા..! '**તો તૂ યહ વિચાર કી વચનમાત્ર સે મેરે દોષ ગ્રહણ કરતા હૈ, શરીર કો તો બાધા નહીં કરતા,..**' આહાહા..! શરીરથી તો મારતો નથી. વચનથી ગ્રહણ કરે તો કરો. આહાહા..! '**શરીર કો તો બાધા નહીં કરતા, યહ ગુણ હૈ,...**' એ મને લાભ છે. સમજાણું? '**ઐસા જાન ક્ષમા હી કર.**' આહાહા..! '**અથવા કોઈ શરીર કો ભી બાધા કરે, તો તુ ઐસા વિચાર, કિ મેરે પ્રાણ તો નહીં હરતા,...**' મારી તો નથી નાખતો શરીરને. આહાહા..! '**મેરે પ્રાણ તો નહીં હરતા, યહ ગુણ હૈ.**' એ લાભ છે. શરીરને બાધા કરે તો કરો. આહાહા..!

'**જો કભી કોઈ પાપી પ્રાણ હી હર લે,...**' પાંચ ઇન્દ્રિયને મારે. આહાહા..! '**તો યહ વિચાર કિ યે પ્રાણ તો વિનાશક હૈં,, વિનાશીક વસ્તુ કે ચલે જાનેકી ક્યા બાત હૈ.** ' આહાહા..! શ્રીમદ્‌માં ન આવ્યું? જંગલમાં પ્રાણી સિંહ સિંહ. 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં.' આહાહા..! 'વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો.' આહાહા..! પછી? 'અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ-સંયોગ જો.' સિંહ આવ્યો તો મિત્ર મળ્યો. શરીર મારું નથી. મારે રાખવું નથી અને એ લઈ જાય છે તો ભલે લે. આહાહા..! આવી વીતરાગતા ક્યારે પ્રગટશે? એવી ભાવના કરી છે. શ્રીમદ્દે. સમ્યગ્દર્શન ભાનસહિતમાં આવી ભાવના કરી છે. આહાહા..! ક્યારે એ ક્ષમા આવી થશે, આહાહા..!

અહીં એમ કહે છે પ્રાણ હરે તોપણ વિચાર કરે કે એ તો નાશવાન છે તો હરિ લે. આહાહા..! '**વિનાશીક વસ્તુ કે ચલે જાનેકી ક્યા બાત હૈ. મેરા જ્ઞાનભાવ અવિનશ્વર હૈ, ઉસકો તો કોઈ હર નહીં સકતા,...**' મારી જ્ઞાન શક્તિ આદિ છે એ તો શાશ્વત વસ્તુ છે. એને તો એ ગ્રહી શકતો નથી. આહાહા..! '**ઉસકો તો કોઈ હર નહીં સકતા, ઇસને તો મેરે બાહ્ય પ્રાણ હર લિયે હૈં;...**' પણ પોતાનું જે જ્ઞાન, દર્શન અને આનંદ પ્રાણ આત્માનો, એને તો એ હરતો નથી. આહાહા..!

'**પરંતુ ભેદાભેદરત્નત્રયકી ભાવના કા વિનાશ નહીં કિયા.**' આહાહા..! શું કહે છે? હું જે આત્મા એનું જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર નિશ્ચય એને તો હરતો નથી. આત્મા વસ્તુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની અભેદ દૃષ્ટિ, વસ્તુના સ્વભાવનું સમ્યક્ અભેદ દૃષ્ટિ, વસ્તુનું જ્ઞાન અને વસ્તુની સ્થિરતા એ અભેદ. ભેદમાં વિકલ્પ જરી છે. દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ આદિ હોય. એ '**ભેદાભેદરત્નત્રયકી ભાવના કા વિનાશ નહીં કિયા. ઐસા જાનકર સર્વથા ક્ષમા હી કરના ચાહિયે.**' લ્યો! 'સર્વતાત્પર્યેણ' એમ છે. 'સર્વતાત્પર્યેણ ક્ષમા કર્તવ્યેત્યભિપ્રાયઃ'

સર્વથા. સમજાણું? '**સર્વથા ક્ષમા હી કરના...**' અને સર્વથા તાત્પર્ય ક્ષમા કરના. એનું તાત્પર્ય આ છે એમ. સર્વથા ક્ષમા કરવી એ તો જરી વિશેષ છે. સંસ્કૃત એટલું છે. '**सर्वतात्पर्येण क्षमा**' આનું તાત્પર્ય એ ક્ષમા કરવી એમ. સમજાણું કાંઈ? આહાહા..! ૧૮૬ થઈ. ભેદાભેદ રત્નની ભાવના થઈ હો એકાગ્રતા. છે ને? નિશ્ચયની સાથે વ્યવહાર લીધો.

અભેદરત્નત્રય મોક્ષનો માર્ગ જે આત્મા પૂર્ણાનંદ પ્રભુની સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની નિર્વિકલ્પ વીતરાગી દશા એ મોક્ષનો માર્ગ, અભેદ નિશ્ચય. એની સાથે જરી વિકલ્પ આવે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પંચમહાવ્રત એની સાથે એ વ્યવહાર. એ એની ભાવનાને તું નથી લૂંટતો. એમ કહે છે. સમજાણું કાંઈ? ૧૮૬ થઈ.

---

**ગાથા-૧૮૭**

अथ सर्वचिन्तां निषेधयति युग्मेन-

३१८) जोइय चिंति म किं पि तुहुँ जइ बीहउ दुक्खस्स।
तिल-तुस-मित्तु वि सल्लडा वेयण करइ अवस्स।।१८७।।
योगिन् चिन्तय मा किमपि त्वं यदि भीतः दुःखस्य।
तिलतुषमात्रमपि शल्यं वेदनां करोत्यवश्यम्।।१८७।।

चिंति म चिन्तां मा कार्षीः किं पि तुहुं कामपि त्वं जोइय हे योगिन्। यदि किम्। जइ बीहउ यदि बिभेषि। कस्य। दुक्खस्स वीतरागतात्त्विकानन्दैकरुपात् पारमार्थिकसुखात्प्रतिपक्षभूतस्य नारकादिदुःखस्य। यतः कारणात् तिल-तुस-मित्तु वि सल्लडा तिलतुषमात्रमपि शल्यं वेयण करइ अवस्स वेदनां बाधां करोत्यवश्यं नियमेन। अत्र चिन्तारहितात्परमात्मनः सकाशाद्विलक्षणा या विषयकषायादिचिन्ता सा न कर्तव्या। काण्डादिशल्यमिव दुःखकारणत्वादिति भावार्थः।।१८७।।

---

आगे सब चिन्ताओंका निषेध करते हैं-

गाथा-१८७

अन्वयार्थः- [योगिन्] हे योगी, [त्वं] तू [यदि] जो [दुःखस्य] वीतराग परम आनंदके शत्रू जो नरकादि चारों गतियोंके दुःख उनसे [भीतः] डर गया है, तो तू निश्चिंत होकर परलोकका साधन कर, इस लोकको [किमपि मा चिंतय] कुछ भी चिंता मत कर। क्योंकि [तिलतुषमात्रमपि शल्यं] तिलके भूसे मात्र भी शल्य [वेदनां] मनको वेदना [अवश्यम् करोति] निश्चयसे करती है।

भावार्थः- चिन्ता रहित आत्म-ज्ञानसे उलटे जो विषय कषाय आदि विकल्पजाल

उनकी चिन्ता कुछ भी नहीं करना। यह चिन्ता दुःखका ही कारण है, जैसे बाण आदिकी तृणप्रमाण भी सलाई महा दुःखका कारण है, जब वह शल्य निकाले, तभी सुख होता है।।१८७।।

---

હવે, બે ગાથાસૂત્રો દ્વારા સર્વ ચિંતાઓનો નિષેધ કરે છે :-

ભાવાર્થઃ- હે યોગી! તું જો વીતરાગ તાત્ત્વિક આનંદમય જેનું એકરૂપ છે એવા પરમાર્થિક સુખથી પ્રતિપક્ષભૂત નારકાદિ દુઃખથી ડરતો હો તો વિષયકષાયની લેશ માત્ર પણ ચિંતા ન કર, કારણ કે તલના ફોતરા જેટલું શલ્ય પણ અવશ્ય (નિયમથી) વેદના-બાધા-ઉત્પન્ન કરે છે.

અહીં, ચિંતા રહિત પરમાત્માથી વિલક્ષણ જે વિષયકષાયાદિની ચિંતા છે તે ન કરવી, કારણ કે જેમ બાણાદિ શલ્ય દુઃખનું કારણ છે તેવી રીતે ચિંતા દુઃખનું કારણ છે, એ ભાવાર્થ છે. ૧૮૭.

---

## ગાથા-૧૮૭ ઉપર પ્રવચન

'આગે સબ ચિંતાઓ કા નિષેધ કરતે હૈં-' 'ચિંતા બડી અભાગણી ચિંતા આગ સમાન.' નથી આવતું? આવે છે.

મુમુક્ષુ :- ચિતા સમાન.

ઉત્તર :- ચિતા સમાન. પહેલો શબ્દ આવે છે કાંઈક એનો. ૧૮૭.

३१८) जोइय चिंति म किं पि तुहुँ जइ बीहउ दुक्खस्स।
तिल-तुस-मित्तु वि सल्लडा वेयण करइ अवस्स।।१८७।।

આહાહા..! 'હે યોગી,...' યોગી એટલે કે આત્માનો સ્વભાવ, આનંદનું જેણે જોડાણ કર્યું છે સમ્યગ્દર્શનમાં. તેને યોગી કહેવામાં આવે છે. અન્યમતિના જે બાવા યોગી એની વાત નથી આ. આહાહા..! આત્મા જે અનંતગુણનો પિંડ છે, પરમાત્મસ્વરૂપ એમાં જેણે વર્તમાન પરિણતિ પર્યાયને જોડી દીધી છે એ યોગ કરે છે એને અહીંયાં યોગી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'હે યોગી, તૂ જો વીતરાગ પરમ આનંદ કે શત્રુ જો નરકાદિ ચારોં ગતિયોં કે દુઃખ...' આહાહા..! 'ઉનસે જો ડર ગયા હૈ,...' વીતરાગી પરમાનંદ એવો ભગવાનઆત્માનો સ્વભાવ અને એની પ્રગટતા વીતરાગ પરમાનંદ સ્વરૂપ, એ મોક્ષનો માર્ગ. એના શત્રુ નરકાદિ ગતિઓમાં દુઃખ કરનારા એનાથી જો ડરી ગયો હોય. આહાહા..! નરકાદિમાં ચારેય ગતિ લીધી હોં! સ્વર્ગમાં પણ દુઃખ છે. પૈસા મોટા અહીં પાંચ, પચાસ લાખ હોય કરોડ ત્યાં વિશેષ છે. પણ બધા દુઃખી, દેવો દુઃખી છે. રાગના બળ્યા, જળ્યા દુઃખી છે એ પ્રાણી. અને આ અબજોપતિ, કરોડોપતિ

જે કહેવાય એ બિચારા દુઃખી છે. રાગમાં જળ્યા, બળ્યા રહે છે એ. આહાહા..! સમજાણું કાંઈ?

એ જો તને. આહાહા..! વીતરાગ પરમાનંદના શત્રુ એવા નરકાદિ ચાર ગતિ. જોયું! સ્વર્ગ પણ વીતરાગ પરમાનંદનો શત્રુ છે સ્વર્ગ. આહાહા..! એ સ્વર્ગનો ભવ પણ પરમાનંદના વીતરાગથી વેરી છે એ તો. આહાહા..! અને આ અબજોપતિ બધા ભવ શેઠિયા જે કહેવાય. ધૂળના શેઠિયા. એ બધા દુઃખી છે. એ વીતરાગ પરમાનંદના શત્રુ છે એ બધા. આહાહા..! માણેકલાલજી! કેમ હશે? એમ હશે? આ દુનિયા તો ભાઈ એમ કહે કે બે કરોડ, પાંચ કરોડ હોય તો સુખી છે લ્યો. દુનિયા એમ કહે ગાંડા. પાગલ બધા ભેગા થઈને એવા પાગલોને સુખી કહે. આહાહા..!

અહીં તો કહે છે કે વીતરાગ પરમાનંદ પ્રભુ આત્મા, એવો જેને ભાવ પ્રગટ્યો છે. વીતરાગી પરમાનંદની દશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા છે. એ જીવે એના શત્રુ ચાર ગતિના દુઃખ તે એનો શત્રુ છે. આહાહા..! અહીં તો જરી પાંચ, પચાસ લાખ મળે તો એમ થાય કે અમે સુખી છીએ. ધૂળમાંય નથી. દુઃખી છે. આત્માના સમ્યગ્દર્શનના આનંદ વિના એ બધા પ્રાણી એકલા દુઃખી છે. આહાહા..! અને દુઃખનું લક્ષણ એ. ત્યાં એમ કહ્યું હતું ને? કહ્યું હતું. પંચાધ્યાયીમાં. કે જ્યાં આનંદનો અભાવ ભગવાનના આનંદનો અભાવ છે તે બધા પ્રાણી દુઃખી છે. આહાહા..!

સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના આત્માનો આનંદ હોય નહિ. અને એ આત્માના આનંદ વિના બધા પ્રાણી રાગની એકતાબુદ્ધિમાં દુઃખી છે. આહાહા..! આમ તો કહે છે ને 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે.' ધૂળમાંય નથી હવે સાંભળને સારા મૂર્ખાઈનો પાર છે તારો? શરીર તો માટી, જડ છે, આ તો ધૂળ છે, પુદ્‌ગલ માટી છે અજીવ માટી. આહાહા..! તો શરીરે સુખી તે સુખી સર્વ વાતે. અથવા પહેલું સુખ તે જાતે નર્યા. શરીરની નિરોગતા એ પહેલું સુખ. બીજું સુખ ઘરે ચાર દીકરા. આઠ દીકરા હોય, છ. ઉપાડનારા ચાર અને એક અગ્નિ લે. આહાહા..! ત્રીજું સુખ ઘરે સુકુળની નાર. ચોથું કોઠીએ જાર. આ અજ્ઞાનીના સુખ. આહાહા..! એને કહે છે મૂઢ જીવ! મૂકી દે આ વાત એ તો બધા દુઃખ છે. વીતરાગ પરમાનંદના વેરી છે. એવા દુઃખથી જો ડર્યો હોય તો '**કુછ ભી ચિંતા મત કર.**' એ વિશેષ લેશે હવે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, ચૈત્ર સુદ ૩, મંગળવાર
## તા. ૨૨-૦૩-૧૯૭૭, ગાથા-૧૮૭-૧૮૮, પ્રવચન નં. ૨૨૯

પરમાત્મપ્રકાશ. ૧૮૭ ગાથા છે. થોડું ચાલ્યું. ફરીને. '**આગે સબ ચિંતાઓ કા નિષેધ કરતે હૈં–**' પોતાનો જે પરમાત્મ જ્ઞાયકસ્વભાવ એની સાધના સિવાય જેટલા વિકલ્પો એ બધા છોડવા જેવા છે. જેને પરલોક એટલે આત્માનું સાધન કરવું હોય, તેણે બીજી ચિંતા છોડી દઈને આત્માનું ધ્યાન કરવા જેવું છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'અન્વયાર્થ : હે યોગી, તૂ વીતરાગ પરમાનંદ કે શત્રુ...'** આત્માનો સ્વભાવ વીતરાગ પરમાનંદ છે. અને એને આશ્રયે થતી દશા એ વીતરાગ પરમાનંદરૂપ દશા છે. સમ્યગ્દર્શન દશા એ વીતરાગી પરમાનંદ દશા છે. એ દશાથી વેરી શત્રુઓ ચાર ગતિના દુઃખ તે આનંદના વેરી બધા છે. આહાહા..! ચાહે તો સ્વર્ગનો ભવ હો. સમજાણું કાંઈ? ભાઈ ગયા લાલુભાઈ.

મુમુક્ષુ :- ડોક્ટરને બતાવવા

ઉત્તર :- ઠીક ડોક્ટરને.

યોગી શબ્દે એના શિષ્યને કહે છે. પણ બીજા આત્માઓને એમાં ગર્ભિત સમાવેશ છે. કે જેને ભગવાનઆત્મા પૂર્ણાનંદ વીતરાગ મૂર્તિ પ્રભુ આત્માનું સ્વરૂપ, એમાં જેનું જોડાણ થયું છે. વર્તમાન વીતરાગ પરિણતિ દ્વારા જેણે ત્રિકાળી વીતરાગ પરમાનંદમાં જોડાણ કર્યું છે. યોગ કર્યો છે. એને અહીંયાં યોગી કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું હવે. બહારના બધા ઠાઠ-માઠ હાલે, ગજરથ કરે મોટા દસ-દસ લાખ માણસ ભેગા થાય હવે એને આ કહે કે એ બધો ધર્મ નહિ. આકરું પડે બિચારાને. આ માર્ગ તો એ છે કહે છે.

પરમાત્મસ્વરૂપ વીતરાગ પરમાનંદની મૂર્તિ પ્રભુ છે. એનો આશ્રય કરતા વીતરાગી પરમાનંદદશા પ્રગટ થાય. એનાથી વેરી એ ચાર ગતિની દશાએ દુઃખરૂપ એ આનંદથી વેરી દશા છે બધી શત્રુ. આહાહા..! ચાહે તો શેઠાઈની દશા મળે અબજોપતિ, કરોડોપતિ કે રાજા થાય કે મોટા દેવ થાય. પરમાનંદસ્વરૂપ ભગવાન એને આશ્રયે થતી વીતરાગી પરમાનંદદશા એનાથી એ બધા ચાર ગતિના દુઃખો વેરી-શત્રુ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચાર ગતિયોં કે દુઃખ ઉનસે ડર ગયા હૈ,...'** જો તને એનો ભય થયો હોય પ્રભુ! આહાહા..! બહુ ટૂંકામાં. આત્મા આનંદસ્વરૂપ ભગવાન, એનાથી વિરૂદ્ધ ચાર ગતિના દુઃખો, આ દેવના, ઈન્દ્રાણીના દુઃખો અને ઈન્દ્રના દુઃખો એ સુખ એ દુઃખ છે એમ કહે છે. આહાહા..! આ તો શરીર ધાનનું ઢીંગલું. જેને ધાન નથી જેને કંઠે. હજારો વર્ષે અમૃત નીકળે એવા દેવ ને દેવીઓ, ઈન્દ્ર ને ઈન્દ્રાણીઓ. એના સુખ એ આત્માની શાંતિના વેરી છે. આહાહા..! કહો, પોપટભાઈ! બહુ ટૂંકું કર્યું. જે ભાવથી સ્વર્ગ મળે એ ભાવ એ આત્માના વીતરાગી આનંદથી વેરી, એનું બંધ પડે પ્રકૃતિ એ વેરી અને એનું ફળ આવે એ વેરી. આહાહા..!

એ જો ચાર ગતિના દુઃખો. પ્રભુ પણ આ દુનિયા સુખી કહે છે ને આ પૈસાવાળાને. રાજા સુખી. શરીર જેની સુંદર દશા, આ સુંદર શરીર અને સુંદર સામગ્રી. આહાહા..! મણિભાઈ ગયા નહિ? કાલે આવ્યા હતા ને. ગયા છે. રસીકભાઈના બનેવી કાલે આવ્યા હતા.

મુમુક્ષુ :- પાલિતાણા ગયા.

ઉત્તર :- પાલિતાણા ગયા છે? ગયા હશે. કાલે આવ્યા હતા. શાંતાબેનના બનેવીના બનેવી છે. પૈસા પાંચ કરોડ રૂપિયા. કાલે આવ્યા હતા. એને ત્યાં આહાર કરવા ગયા હતા ને. પોર પોર ને? (ગયા વર્ષે) ત્યાં એના મકાનમાં જુઓ તો મખમલ પાથરેલા. કાલે આવ્યા હતા. કાલે એનો આહાર

હતો. આજનો. ત્યાં આવે તો આવે. સાંભળવા આવે. પણ પૈસા એટલા બધા ને. પાંચ કરોડ રૂપિયા કહે મોટી પેદાશ છે પ્રદેશમાં, આફ્રિકામાં. મોટી દુકાન છે. આમ બધે પગલા કર્યા. બધે મખમલ પાથરેલા. લગભગ પાંચ લાખની તો સામગ્રી હશે. ફર્નીચર ને એ. અરર! પગલા મેં કીધું અરેરે! આમાંથી નીકળવું મુશ્કેલ પડશે ભારે.

તે દિ' ભાઈ ત્યાં ગયા હતા ને. ઓલા વિજયકુમારને જોવા ગયા હતા. એની પાસે દર્શન દેવા. એક વિજયકુમાર હતો ને. ગુનાનો ક્યાંકનો હતો. બહુ છોકરો. અહીંનો રસ બહુ એને. જુવાન છોકરો, પરણેલો. વર્ષનું લગન. ઓલાને કાંઈક ભાણેજના. ઈંદોરમાં નહિ આપણો પ્રકાશ પંડ્યા. પ્રકાશ પંડ્યા એની બહેનની દીકરી, બાર મહિનાનું પરણેતર. કાંઈક કીડનીનું આ શું કહેવાય? કીડની. કીડની. આહા..! છોકરો એવો. સાંજે આહાર આને ત્યાં હતો મણિભાઈને ત્યાં. એનાથી આઘું મકાન હતું, દર્શન કરવા છેટે બહુ હતું. આનુ બહુ છેટે અને એનું છેટે. તાતાનું. જમશેદપુરનું તાતાનું છે મોટું કારખાનું. એમાં એ નોકર હતો. નાની ઉંમર ૨૫-૨૭ વર્ષ. આહાહા..! કીડનીની વ્યાધિ. છેલ્લે દર્શન કરવા આવ્યો હતો પાછો બીજને દિ' ત્યાં. દાદર. પછી કીડનીનું કર્યું ઓલું શું કહેવાય? ઓપરેશન. એની માએ કીડની આપી એક. લાગુ ન પડ્યું મરી ગયો છોકરો. જોવા ત્યાં ગયા હતા. દર્શન દેવા બિચારાને બહુ લાગણી. છોકરો બહુ નરમ હતો. અહીં ૧૫-૧૫ દિ' રહી જતો. મહિનો-મહિનો. પરણ્યા પહેલા અને પરણ્યા પછી. ઊડી ગયો એક ક્ષણમાં. એને ત્યાં આ ભાળ્યું અહીં. પાંચ લાખની બધી ઓલી સામગ્રી. અરરર! આ બધા. બાપુ! ક્યાંય સુખ નથી ભાઈ! એના તરફનો વલણનો ભાવ એ આત્માના આનંદનો શત્રુ છે. આહાહા..!

ભગવાન આનંદની મૂર્તિ પ્રભુ અતીન્દ્રિય અનાકુળ શાંત રસનો કંદ છે પ્રભુ. આહાહા..! એનાથી આ બધા ભોગના ને સામગ્રીના ને શું આ કીધું એ? ફર્નીચર. આહાહા..! પાંચ લાખનું તો ફર્નીચર હશે. પાટણીજી! કાલે આવ્યા હતા ને ભાઈ આ. આપણે બહેન શાંતાબહેન છે ને એના બનેવી છે રાજકોટ, એના બનેવી છે એ. આવ્યા હતા બિચારા કાલે. આવે. પણ બહારની વાતમાં ભભકામાં મારી નાખ્યા. પોપટભાઈ! આહાહા..!

અહીં કહે છે નરકના દુઃખ, પશુમાં દુઃખ, મનુષ્યમાં દુઃખ, દેવમાં દુઃખ. આહાહા..! ચાર ગતિ તો દુઃખ છે. એ ભવમાં દુઃખ છે. એ દુઃખનું તને આનંદ સ્વરૂપ ભગવાન શત્રુ છે એ. એનો જો તને ડર લાગ્યો હોય. આહાહા..! દુનિયાની દુનિયા જાણે. આહાહા..! કહો, માણેકલાલભાઈ! એને હમણા વ્યાધિ થઈ ગઈ છે. જુઓને મોઢુ થઈ ગયું છે ઓલું. એ જડ શરીર છે આ તો. આહાહા..! જો તને ડર લાગ્યો હોય. છે? આ એની શરત છે. ચાર ગતિના દુઃખોનો ડર લાગ્યો, દુઃખ લાગ્યુ હોય તને એનો ડર લાગ્યો હોય, અરેરે! ક્યાં જઈશ? શું થશે? દેહ છૂટીને ક્યા અવતાર ભવસિંધુ, ભવનો મોટો દરિયો. ચોર્યાસીલાખ યોનિના અનંત અવતાર. એ બધા દુઃખના દરિયામાં ડૂબકી મારવી છે. આહાહા..!

એનો તને જો ડર લાગ્યો હોય.. આહાહા..! '**તો તૂ નિશ્ચિંત હોકર...**' બધી ચિંતા છોડી

દે. થાવું હોય એ થાય શરીરનું, વાણીનું, જગતનું. આહાહા..! '**નિશ્ચિંત હોકર પોરલોક કા સાધન કર,...**' એ આત્માનું સાધન કર. આહાહા..! આત્માનો આસ્તિક થઈને આત્માનું સાધન કર. આહાહા..! એ બધું આસ્તિકપણું આનું છે એ છોડી દે. એમાં સુખ છે અને સ્વર્ગ ગતિમાં આ છે. આહાહા..! મનુષ્યગતિને દુઃખની કીધી. હવે એ મનુષ્યગતિ ધર્મનું સાધન! મોક્ષના ધર્મનું સાધન લ્યો! આહાહા..! એ મનુષ્યપણાનું લક્ષ કરતા પણ દુઃખ થાય છે કહે છે તને. કારણ કે એ પરવસ્તુ છે. આહાહા..! એવા દુઃખના ડુંગરે ડોલી રહ્યો છે અનંતકાળથી. આહાહા..! ભગવાન! તને એકવાર જો દુઃખનો ડર લાગે, આનું સાધન કરને પ્રભુનું. એમ કહે છે. આહાહા..! છે?

'**નિશ્ચિંત હોકર પરલોક કા સાધન કર,...**' આહાહા..! પરલોક નામ આત્મા આનંદ સ્વરૂપ ભગવાન, એનું સાધન કર એ પરલોકનું સાધન છે. આહાહા..! આલોક ને પરલોક ને ચિંતામાં આવે છે ને સાત ભયમાં? એ બધો પરલોક છે. એ નહિ. એનાથી આ છે એ પરલોક છે. આહાહા..! જાણનારને જાણ, જોનારને જો, દેખનારને દેખ, રમણ કરનારમાં રમણ કર. આહાહા..! દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની વ્યાખ્યા થઈ. આહાહા..! '**जीवो चरित्तदंसणणाणठिदो**' ભગવાન પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદમાં ઠરે તે આત્મા. એને સ્વસમય કહીએ ને બીજી ગાથામાં. '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण**' સ્વસમય એટલે આ આત્મા. અને રાગમાં સ્થિર થાય તે અણાત્મા જડ છે. આહાહા..!

રાગ એટલે ચાહે તો શુભ હો એ અજીવ છે, અશુચિ છે, દુઃખરૂપ છે. આહાહા..! એવા દુઃખનો તને જો ડર લાગે તો ભગવાન પાસે જા. આહાહા..! ત્યાં તને આનંદ મળશે. સમજાણું કાંઈ? ભગવાન એટલે આ આત્મા હોં. ભગ નામ અનંત આનંદ અને દર્શન આનંદની લક્ષ્મીવાન પ્રભુ છે. આ બધા લક્ષ્મીવાળા કરોડપતિ, અબજપતિ એ તો બધા ધૂળના પતિ. આ તો અનંત લક્ષ્મીનો પતિ પ્રભુ છે. આહાહા..! ભગવાન. ભગ નામ આનંદ અને જ્ઞાન અને શાંતિ એવી લક્ષ્મી, એનો વાન એટલે એનું સ્વરૂપ એનું છે. એની ચિંતા કરને હવે. આહાહા..! એનું સાધન કરને. એમ કહે છે. સમજાણું કાંઈ?

'ક્યોંકિ...' '**तिलतुषमात्रमपि शल्यं**' શું કહે છે? '**તિલ કે ભૂસા માત્ર ભી શલ્ય...**' તલ-તલ. એનો ભૂસો. એનો એક અંશરૂપી શલ્ય '**મનકો વેદના નિશ્ચય સે કરતી હૈ.**' આહાહા..! સૂક્ષ્મ રાગ માત્રની ભાવના અંદર છે એ મનને પીડા ઘા મારે છે દુઃખને. આહાહા..! એમ કહે છે. ચાહે તો શુભ-અશુભ વિકલ્પ હો, સૂક્ષ્મ શુભવિકલ્પ હો. આહાહા..! કે ભગવાન પૂર્ણાનંદ છે વસ્તુ અને એમાં અનંત આનંદ છે, એવા ગુણીગુણના ભેદનો વિકલ્પ સૂક્ષ્મ શલ્ય છે કહે છે. આહાહા..! એ સૂક્ષ્મ '**તિલ કે ભૂસા માત્ર ભી શલ્ય મનકો વેદના...**' આહાહા..! શું કહેવા માગે છે? મનના સંબંધે થતો સૂક્ષ્મ રાગ, એ પણ શલ્ય છે કહે છે. આહાહા..! પિડા આપે છે. દાખલો આપશે. સમજાણું કાંઈ? કે વ્યવહારનો રાગ એ મનનું દુઃખ છે એમ કહે છે. અને એ શલ્ય છે, કે આ મને લાભ કરશે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાયક ચિદાનંદ પ્રભુ એને છોડીને જેટલો વિકલ્પ શુભરાગ હો, પણ એ શલ્ય છે એનાથી મને લાભ થશે, મોટું શલ્ય છે. આહાહા..! એ શલ્ય તને દુઃખ કરશે. સમજાણું? કોની પેઠે? નિશ્ચયથી. ખુલાસો કરશે અંદર. '**तिलतुषमात्रमपि शल्यं वेयण करइ अवस्स**' આહાહા..!

'**ભાવાર્થઃ- ચિંતારહિત આત્મ-જ્ઞાન સે ઊલટે જો વિષય કષાય...** ' જેટલો પરને આશ્રયે થતા વિકલ્પો એ બધા વિષય-કષાય છે. આહાહા..! ચિંતારહિત ભગવાન તો એ વિકલ્પરહિત છે. અંદર નિર્વિકલ્પ આનંદનો નાથ પ્રભુ છે. એવી વિકલ્પની ચિંતારહિત આત્મા. આહાહા..! એવા '**ચિંતા રહિત આત્મ-જ્ઞાન સે ઊલટે...**' શું કીધું એ? વિકલ્પરહિત આત્મજ્ઞાન, એનાથી ઊલટું. એ શૈલી છે ને. જયસેનાચાર્યની શૈલી એ છે. એ શૈલી આમાં લીધેલી છે. જે કાંઈ કહેવું હોય કે રાગ એ કેવો? કે આત્માના સ્વભાવથી વિરૂદ્ધ એવો જે રાગ. સમજાણું? આહાહા..!

એમ આ એમ કહે છે '**ચિંતા રહિત આત્મ-જ્ઞાન સે ઊલટે વિષય કષાય આદિ વિકલ્પ...**' આદિ નામ ભેદ પડે અંદરમાં, એ પણ એક વિકલ્પ સૂક્ષ્મ શલ્ય છે તે દુઃખ છે, મનને પીડા ઊપજાવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ આકરો પડે માણસને. પણ માર્ગ બાપા આ છે. આ કર્યે છૂટકો છે. બીજો કોઈ રસ્તો નથી. આહાહા..! જેને સુખની પ્રાપ્તિ કરવી હોય એને આવા વિકલ્પો દુઃખની જાળ એકલી છે. એને છોડીને આત્માનું સાધન કરવું પડશે. આહાહા..! આવી વાતું લ્યો. છે?

'**વિષય કષાય આદિ વિકલ્પ...**' આદિ એટલે એ ગુણગુણીનો ભેદ પડે એવો પણ વિકલ્પ મનનો સંબંધ, એ મનને પિડા કરનાર છે. આહાહા..! '**ઉનકી ચિંતા કુછભી નહીં કરના. યહ ચિંતા દુઃખ કા હી કારણ હૈ,...**' આહાહા..! શરીરની ચિંતા, કુટુંબની ચિંતા, રળવાની ચિંતા, પાલનપોષણ કરવું કુટુંબીનું એવી ચિંતા એ બધું દુઃખદાયક છે કહે છે. આહાહા..! એને છોડીને. આહાહા..!

દાખલો આપે છે. '**જૈસે બાણ આદિકી તૃણપ્રમાણ ભી સલાઈ...**' બાણ વાગ્યુ હોય ને બાણ લોઢાનું. એટલો કણ રહી ગયો હોય લોઢાનો અંદર જો બાણનો શરીરમાં. એ સડો કરે. આહાહા..! આ બાણ વાગે ને બાણ લોઢાનું. અને ઝીણો અંદર કટકો રહી જાય અને બાણ નીકળી જાય. એટલો જરી કટકો. લોઢાનો. એ શલ્ય અંદર સડે. આહાહા..! એમ કહે છે સૂક્ષ્મ વિકલ્પ જે છે. આહાહા..! એ સડો છે, શલ્ય છે. આહાહા..! એ ગુણગુણીના ભેદનો વિકલ્પ પણ મનને પીડા ઊપજાવે એવું શલ્ય છે કહે છે. આહાહા..! આવું આકરું પડે ને માણસને પછી. બાબુભાઈ! પછી બધા હા હો... હા હો.. કરે. આ વ્રત પાળવા, આ કરે એનો લોપ કરી નાખે. પ્રભુ! તું કહે ગમે તે રીતે હોં! પણ માર્ગ તો બીજો નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા તો ચિંતા રહિત છે. એમ કહ્યું ને? ચૈતન્ય ચિંતા રહિત છે. ચૈતન્યમાં ચિંતાનો ત્રિકાળ અભાવ છે. કેમકે આસ્રવ અને ભાવબંધ એ ચિંતા એનો તો તત્ત્વ જ્ઞાયકમાં અભાવ છે. નહિતર એ તત્ત્વ જુદા હોઈ શકે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ચિંતાનો વિકલ્પ જે શુભનો

હોય, તોપણ એ રાગ અને આસ્રવ છે. અને એ આસ્રવનો તો અભાવ સ્વભાવમાં છે. આહાહા..! એ આસ્રવની ચિંતા છોડ. અને ભગવાનમાં જા ને અંદર ભાઈ! આહાહા..! મૂકને દુનિયાની પડતી તારી. આવું કહે છે.

**'ચિંતા દુઃખ કા કારણ હૈ, જૈસે બાણ આદિ...'** બાણ વાગ્યું હોય, લોઢું વાગ્યું હોય કાંઈ. શલ્ય રહી ગયું અંદર થોડું. ઉપર ચામડી આવી જાય. અંદર સડો રહી જાય કટકી. પછી સડે. સડી સડીને બહાર આવે. આહાહા..! **'તૃણપ્રમાણ ભી સલાઈ મહા દુઃખ કા કારણ હૈ,...'** આહાહા..! **'જબ યહ શલ્ય નિકાલે, તભી સુખ હોતા હૈ.'** એમ જ્યારે રાગની ચિંતા છૂટે અને ભગવાનઆત્માની એકાગ્રતા કરે ત્યારે દુઃખ છૂટે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો માખણની વાત છે છેલ્લી. પરમાત્મપ્રકાશ છે ને. પરમાત્મપ્રકાશ છે ને એટલે પરમાત્મસ્વરૂપ પોતાનું છે એના સિવાય જેટલી ચિંતા તે દુઃખદાયક છે એમ કહે છે. આહાહા..! આ ભગવાનની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ બધો વિકલ્પ ચિંતા દુઃખરૂપ છે એમ કહે છે. આહાહા..! આવે, ધર્મીને પણ એ શુભભાવ આવે પણ છે દુઃખરૂપ. આહાહા..! આવી વાતું આકરી બહુ. સમજાણું કાંઈ?

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એની ભક્તિ, વાત્સલ્યતા. એ અશુભથી બચવા ભાવ આવે, અસ્થાનથી દૂર થવા તે ભાવ આવે, પણ છે તો દુઃખ. આહાહા..! ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદનો રસકંદ. આહાહા..! એવા ભગવાનઆત્માનું સાધન કરને હવે કહે છે. આ બધા સાધનો બીજા વિકલ્પ આદિ છે. લ્યો અહીં તો સાધનને ના પાડે છે. અહીં વિકલ્પ આદિ વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. આહાહા..! પણ શાસ્ત્રમાં કહ્યું છે ને પંચાસ્તિકાયમાં. ભિન્ન સાધ્યસાધન ભાવ. ઘણે ઠેકાણે આવે છે. ભિન્ન સાધ્યસાધન. રાગ છે એ ભિન્ન વ્યવહાર અને એનું સાધ્ય છે નિશ્ચય ભિન્ન. પંચાસ્તિકાયમાં આવે છે, પરમાત્મપ્રકાશમાં આવે છે. એ શું કહેવાય? ઘણે ઠેકાણે આવે છે.

ભિન્ન સાધ્યસાધન. ત્યાં વળગે છે એ. એ તો આરોપિત વાસ્તવિક સાધન જેણે આત્માનું આત્મા તરફનું વલણ પ્રગટ કર્યું છે એવા સાધનવાળાને રાગની જાત બંધની શું છે તેને આરોપ કરીને, સાધન કરીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! લખાણ એવા ઘણા છે. શું કહેવાય ઓલી બીજી નહિ? પુસ્તક નહિ બીજું? ઘણું વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી આવે છે ને.

મુમુક્ષુ :- છ ઢાળા.

ઉત્તર :- છ ઢાળા નહિ આ બીજું પુસ્તક.

મુમુક્ષુ :- આત્માવલોકન.

ઉત્તર :- આત્માવલોકન નહિ. આચાર્ય સાધુનું કરેલું નહિ મુનિનું. તરંગિણી. તત્ત્વજ્ઞાન તરંગિણી. તત્ત્વજ્ઞાન તરિંગિણી. એમાં આવે છે બહુ. તત્ત્વજ્ઞાન તરંગિણીમાં આવે છે વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. લ્યો. વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એવું આવે છે. લ્યો. એ બીજી વાત છે. એ અંદર સ્વરૂપનું જેણે સાધન કર્યું છે. છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકા જેને થઈ છે એને જે રાગ બાકી છે તેને સાધનનો આરોપ આપીને વ્યવહાર સાધ્યસાધન કીધું છે. આહાહા..! એ રાગને

સાધન કહીને નિર્વિકલ્પદશાને સાધ્ય કીધી છે આત્માની. આત્માને. પણ પહેલેથી રાગ સાધન અને નિશ્ચય સમ્યક્ સાધ્ય એમ છે જ નહિ ક્યાંય. સમજાણું કાંઈ? આહાહા..!

'**વહ શલ્ય નિકાલે, તભી સુખ હોતા હૈ.**' એમ ભગવાનઆત્મામાંથી બધી ચિંતાઓના શુભના વિકલ્પો નીકળે ત્યારે એ સુખી થાય. આહાહા..! ત્યારે એ સમ્યગ્દર્શન-જ્ઞાનને પામે. આહાહા..! ૧૮૭.

---

**ગાથા-૧૮૮**

किंच-

३१९) मोक्खु म चिंतहि जोइया मोक्खु ण चिंतिउ होइ।
जेण णिबद्धउ जीवडउ मोक्खु करेसइ सोइ।।१८८।।
मोक्षं मा चिन्तय योगिन् मोक्षो न चिन्तितो भवति।
येन निबद्धो जीवः मोक्षं करिष्यति तदेव।।१८८।।

मोक्खु इत्यादि। मोक्खु म चिंतहि मोक्षचिन्तां मा कार्षीस्त्वं जोइया हे योगिन्। यतः कारणात् मोक्खु ण चिंतिउ होउ रागादिचिन्ताजालरहितः केवलज्ञानाधनन्त गुणव्यक्तिसहितो मोक्षः चिन्तितो न भवति। तर्हि कथं भवति। जेण णिबद्धउ जीवडउ येन मिथ्यात्वरागादिचिन्ताजालोपार्जितेन कर्मणा बद्धो जीवः सोइ तदेव कर्म शुभाशुभविकल्पसमूहरहिते शुद्धात्मतत्त्वस्वरुपे स्थितानां परमयोगिनां मोक्खु करेसइ अनन्तज्ञानादिगुणोपलम्भरुपं मोक्षं करिष्यतीति। अत्र यधपि सविकल्पावस्थायां विषयकषायाद्यपध्यानवञ्चनार्थं मोक्षमार्गे भावनादृढीकरणार्थं च ''दुक्खक्खओ कम्मक्खओ बोहिलाहो सुगईगमणं समाहिमरणं जिणगुणसंपत्ती होइ मज्झं'' इत्यादि भावना कर्तव्या तथापि वीतरागनिर्विकल्पपरमसमाधिकाले न कर्तव्येति भावार्थः।।१८८।।

---

आगे मोक्षकी भी चिन्ता नहीं करना, ऐसा कहते हैं-

गाथा-१८८

अन्वयार्थः- [योगिन्] हे योगी, अन्य चिन्ताकी तो बात क्या रही, [मोक्षं मा चिंतय] मोक्षकी भी चिन्ता मत कर, [मोक्षः] क्योंकि मोक्ष [चिंतितो न भवति] चिन्ता करनेसे नहीं होता, वाँछाके त्यागसे ही होता है, रागादि चिन्ताजालसे रहित केवलज्ञानादि अनंतगुणोंको प्रगटता सहित जो मोक्ष है, वह चिंताके त्यागसे होता है। यही कहते हैं- [येन] जिन मिथ्यात्व-रागादि चिन्ता-जालोंसे उपार्जन किये कर्मोंसे [जीवः] यह जीव [निबद्धः] बँधा हुआ है, [तदेव] वे कर्म ही (कर्मक्षय) [मोक्षं] शुभाशुभ विकल्पके

समूहसे रहित जो शुद्धात्मतत्त्वका स्वरुप उसमें लीन हुए परमयोगियोंकी मोक्ष [करिष्यति] करेंगे।

भावार्थः- वह चिन्ताका त्याग ही तुझको निस्संदेह मोक्ष करेगा। अनंत ज्ञानादि गुणोंकी प्रगटता वह मोक्ष है। यधपि विकल्प सहित जो प्रथम अवस्था उसमें विषय कषायादि खोटे ध्यानके निवारण करनेके लिये और मोक्ष-मार्गमें परिणाम दृढ करनेके लिये ज्ञानीजन ऐसी भावना करते हैं, कि चतुर्गतिके दुःखोंका क्षय हो, अष्ट कर्मोंका क्षय हो, ज्ञानका लाभ हो, पंचमगतिमें गमन हो, समाधि मरण हो, और जिनराजके गुणोंकी सम्पत्ति मुझको हो। यह भावना चौथे, पाँचवें, छठ्ठे गुणस्थानमें करने योग्य है, तो भी ऊपरके गुणस्थानोंमें वीतराग निर्विकल्पसमाधिके समय नहीं होती।।१८८।।

---

હવે, મોક્ષની પણ ચિંતા ન કરવી તેમ કહે છે :-

ભાવાર્થઃ- હે યોગી! તું મોક્ષની પણ ચિંતા ન કર, કારણ કે રાગાદિ ચિંતાજાળરહિત અને કેવળજ્ઞાનાદિ અનંત ગુણોની વ્યક્તિ સહિત મોક્ષ, ચિંતા કરવાથી થતો નથી. તો કેવી રીતે થાય છે? તે આ રીતે થાય છે. મિથ્યાત્વ, રાગાદિચિંતાજાળથી ઉપાર્જિત જે કર્મથી જીવ બંધાયો છે, તે જ કર્મ [તે જ કર્મનો છૂટકારો] શુભાશુભવિકલ્પસમૂહથી રહિત અને શુદ્ધઆત્મસ્વરૂપમાં સ્થિત પરમયોગીઓને અનંત જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિરૂપ મોક્ષ કરશે.

અહીં, જોકે સવિકલ્પ અવસ્થામાં વિષયકષાયાદિ અપધ્યાનના વંચનાર્થે અને મોક્ષમાર્ગમાં ભાવનાને દઢ કરવા માટે

''दुक्खक्खओ कम्मक्खओ बोहिलाहो
सुगईगमणं समाहिमरणं जिणगुणसंपत्ति होइ मज्झं।।''

(શ્રી કુંદકુંદાચાર્ય પ્રાકૃત સિદ્ધ ભક્તિ) (અર્થઃ-ચાર ગતિના દુઃખ નાશ પામો, કર્મનો ક્ષય થાઓ, બોધિલાભ થાઓ, સુગતિમાં (પંચમગતિમાં, મોક્ષમાં) ગમન થાઓ; સમાધિમરણ થાઓ અને જિનગુણની સંપત્તિ મને મળો.) ઈત્યાદિ ભાવના કરવી યોગ્ય છે તોપણ, વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિકાળે તે કરવી યોગ્ય નથી, એવો ભાવાર્થ છે. ૧૮૮.

---

## ગાથા-૧૮૮ ઉપર પ્રવચન

૧૮૮. '**આગે મોક્ષકી ભી ચિંતા નહીં કરના, ઐસા કહતે હૈં**-' ત્યાં લઈ ગયા હવે. મોક્ષની ચિંતા કરશો તો એ રાગ છે. આહાહા..! '**મોક્ષકી ભી ચિંતા નહીં કરના, ઐસા કહતે હૈં**-' ૧૮૮.

३१९) मोक्खु म चिंतहि जोइया मोक्खु ण चिंतिउ होइ।
जेण णिबद्धउ जीवडउ मोक्खु करेसइ सोइ।।१८८।।

હે મુનિ, 'હે યોગી, અન્ય ચિંતાકી તો બાત ક્યા રહી,... ' **'मोक्खु म चिंतहि'** **'મોક્ષકી ભી ચિંતા મત કર,...'** આહાહા..! પંચાધ્યાયીમાં તો એમ લીધું છે કે કોઈપણ અભિલાષા તે મિથ્યાત્વભાવ છે. એવું લીધું છે. અભિલાષા. કોઈપણ જાતની અભિલાષા. એનાથી તું લાભ માને છે તે મિથ્યાત્વ છે એમ કહે છે. આહાહા..! ત્યાં તો ત્યાં સુધી લીધું છે. શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિની ઇચ્છા, અભિલાષા એ સમકિતીને છે શુદ્ધાત્મતત્ત્વ. એને અભિલાષ શેની? અને મિથ્યાદૃષ્ટિને નથી એને અભિલાષા શેની? આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો મોક્ષ નથી એ જીવો મોક્ષની ઇચ્છા કરે તોપણ મોક્ષ દૂર થાય છે. આહાહા..! મોક્ષની ઇચ્છા. દેવ-ગુરુ-શાસ્ત્રની ઇચ્છા, પ્રસંગ, સત્સંગ, ભક્તિ એ તો રાગ. આહાહા..! આવી વાત લોકોને આકરું પડે. ભક્તિવાળાને મોક્ષ માનવા અને આ દયા, દાનના પરિણામથી મોક્ષ માનવો. બધી એક જાત છે. આહાહા..! અહીં તો કહે છે કે **'मोक्खु म चिंतहि जोइया'** મોક્ષની ચિંતા ન કર, પ્રભુ! આહાહા..! યોગી કરીને કીધું છે ને. શિષ્યને બોલાવ્યો. પ્રભુ તું યોગી છો ને. ભગવાન આનંદના તરફના વલણવાળી તારી દશા, એ પરની ચિંતા મોક્ષની પણ છોડી દે. આહાહા..! છેલ્લી ગાથાઓ છે ને. બસ ૧૮૮, ૧૨ ને ૧૪. ૨૬ રહી છે. ૨૧૪ છે. આહાહા..!

**'मोक्षः चिंतितो न भवति'** મોક્ષની ચિંતાથી મોક્ષ નહિ થાય. આહાહા..! સ્વરૂપમાં લીન થવાથી મોક્ષ થશે. આહાહા..! આવું આકરું કામ. ઓલા તો હજી વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થશે માટે પહેલાં, એમ ન માને એ એકાંત છે. એમ રાડું પાડે લ્યો બધા. આહાહા..! ઓલી જ્ઞાનમતિ છે ને એના કોઈ ભાઈ આવ્યો હતો કહે છે અહીં. જ્ઞાનમતિ નથી ઓલી દિલ્હી? જંબુદ્વીપ કરે છે ને. એ પછી ચારેય અનુયોગનું કાઢે છે ને છાપું. ચારેય અનુયોગનું નાખે બધું. બધાને લાભ માને. ચરણાનુયોગમાં લાભ. પણ એ તો કથન છે. આહાહા..! આ એને માટે એકાંત કહે છે. કારણ કે આ બધા આચરણો અમે કરીએ છીએ એ સાધન નહિ? આ સાધન ક્યાં છે? ધૂળમાંય સાધન નથી ભાઈ! તને ખબર નથી. કહ્યું હતું તે દિ' મેં ત્યાં એને દિલ્હી. અભ્યાસ છે એને આ બધો. ગણિતનો બહુ અભ્યાસ છે. 'તિલોયપણ્ણતી' સંસ્કૃતમાં કહ્યું છે. 'અષ્ટસહસ્રી'નું સંસ્કૃતમાંથી હિન્દી કર્યું છે. એને અભ્યાસ છે. એ બધા મંદિર છે ને ત્યાં દર્શન કરવા. એને ખબર કે આ અત્યારે આવશે અહીં. એટલે ત્રણ આર્જિકા બેઠા હતા અને બે સાધુ હતા બિચારા નરમ હતા. ગણિતની ભાષા બોલે બસ, કોઈ એકેય નહોતું માણસ. મારી પાસે પછી બધા શેઠ હતા શાહુજી, કોણ? કૈલાશચંદજી. રમકડાવાળો. રમકડા નહિ વેચે છે. કૈલાસચંદજી. એને વહુને પ્રેમ છે અહીં આવે છે બિચારા. બધા આવતા. ગણિતની વાતું કરે મોટી મોટી.

માતા! સમકિત જુદી ચીજ છે કીધું. એટલું કહ્યું. શું કહીએ પણ એને બિચારાને એક બે મિનિટ આવ્યા હોય એને. ઓલા સાધુ બિચારા બેય નરમ હતા હોં. બરાબર ધ્યાન રાખતા. શું કહે

છે. અને આ બધાને ભાવલિંગી સાધુ ઠરાવે. અરે! બાપુ! એમાં નુકસાન છે, પ્રભુ! એ નુકસાનને પંથે જાય, ભાઈ લાભ થાય એમ નહિ બને. એમ તારા આત્માને મનાવી દે અને દુનિયા માને એટલે કાંઈ અંદર વસ્તુ થશે. આહાહા..!

એનું તત્ત્વ ભગવાન ભિન્ન છે, એની સન્મુખ થઈને સત્‌મુખ થઈને, સત્‌ની મુખ, સત્‌મુખ થઈને અને પર્યાયને રાગાદિ વિમુખ થઈને સાધન કર તો થશે. આહાહા..! એ સાધન છે. એ કોઈ વ્યક્તિને માટે નથી, પ્રભુ નુકસાન થાશે તો એ જીવને તેના પરિણામનું ફળ આવશે. બીજાને એનું કાંઈ આવતું નથી. પણ વસ્તુનું સ્વરૂપ આવું છે, ભાઈ! તારા આત્માને માટે પણ આનંદનો નાથ એમાં નહિ જા ત્યાં સુધી તારું કલ્યાણ નથી. લાખ શાસ્ત્ર ભણને, પઢને. અને શાસ્ત્ર બનાવે મોટા મોટા લ્યોને. આહાહા..! એથી શું છે?

અહીં તો કહે છે કે મોક્ષની ચિંતા પણ છોડી દે. '**વાંછા કે ત્યાગ સે હી હોતા હૈ,...**' વાંછાના ત્યાગથી મોક્ષ થાય છે. એ ચિંતાના અભાવથી મોક્ષ થાય છે, ચિંતાથી થાતો નથી. આહાહા..! '**રાગાદિ ચિંતાજાલ સે રહિત કેવલજ્ઞાનાદિ અનંતગુણો કો પ્રગટતા સહિત જો મોક્ષ હૈ,...**' આહાહા..! જુઓ મોક્ષની વ્યાખ્યા કરી. '**રાગાદિ ચિંતાજાલ સે રહિત કેવલજ્ઞાનાદિ અનંતગુણો કો પ્રગટતા સહિત જો મોક્ષ હૈ,...**' લ્યો આ મોક્ષ. સવારમાં આવ્યું હતું ને? અભવિ મોક્ષને શ્રદ્ધતો નથી. કેમકે શુદ્ધ જ્ઞાનમય આત્મા એને એ માનતો નથી અને મોક્ષમાં તો શુદ્ધજ્ઞાનમય આત્મા જ રહે છે. સવારમાં આવ્યું હતું ને. શુદ્ધજ્ઞાનમય આત્મા. એકલો જ્ઞાયક આત્મા. આહાહા..! જેમાં કોઈ વિકલ્પ નથી, ચિંતા નથી કાંઈ નથી. સમાધિ આનંદ છે. એવા મોક્ષને ચિંતાથી મોક્ષ નહિ મળે, કહે છે. આહાહા..! તો પછી વ્યવહાર સાધનથી નિશ્ચય મળે. એમ આવે કે નહિ? આહાહા..! એ ચિંતા વિકલ્પ છે ભાઈ! પ્રભુ! આ તો હિતનો માર્ગ છે આવો અનંતકાળે. આહાહા..! માંડ એને મનુષ્યપણું મળ્યું, ક્ષયોપશમનો કાંઈક ભાગ આવ્યો છે. બહારથી નિગોદમાંથી નીકળીને ક્યાં આવ્યો છે અત્યારે? આહાહા..! સમજાણું કાંઈ? પણ કોઈ કહે કે આ પંચમઆરાની વાત છે અને મોક્ષની ચિંતા છોડવાની વાત કરો છો તમે? પંચમઆરાના સાધુ તો કહે છે આ.

મુમુક્ષુ :- મોક્ષની તૈયારી તો કરો.

ઉત્તર :- એ તૈયારી મોક્ષસ્વરૂપ ભગવાનઆત્મા છે. એના સન્મુખ થયો તો સમ્યગ્દષ્ટિ મોક્ષસ્વરૂપ જ છે. પર્યાયમાં મોક્ષ થશે. પણ વસ્તુ તો મોક્ષ છે એમ ભાન છે અબદ્ધસ્પૃષ્ટ. આહાહા..! અબદ્ધસ્પૃષ્ટ છે ને આત્મા? અને એને જે જાણે તે જૈનશાસનને જાણે એમ કહ્યું છે. વ્યવહારને જાણે, રાગવાળાને જાણે, આત્માનું મોક્ષસ્વરૂપ અબદ્ધસ્વરૂપનું અસ્તિત્વ જે છે એવા અસ્તિત્વને જે અનુભવે તેને જૈનશાસન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આસ્તિક ગુણ છે ને પાંચ. નથી આવતા? સમ, સંવેગ, નિર્વેગ, અનુકંપા અને આસ્થા. ખરેખર તો એ આસ્થાની વ્યાખ્યા આવી છે કે એ પરમ આનંદસ્વરૂપ, પૂર્ણસ્વરૂપ પોતે હોં. પરમાત્મા અહીંયાં વાત નથી. આહાહા..! એ કહ્યું ને? '**કેવલજ્ઞાનાદિ અનંતગુણોકો પ્રગટતા**

સહિત...' આ પ્રગટતાની વાત છે મોક્ષની. અને વસ્તુ તરીકે કેવળજ્ઞાનાદિ ગુણનો પિંડ પ્રભુ આત્મા છે. એ પ્રગટ થયું ક્યાંથી? એ વસ્તુમાંથી. આહાહા..! આવી વ્યાખ્યા છે. કહો, ચીમનભાઈ! ચીમનભાઈ કહે સવારમાં એવી વાત આવે છે એટલે એ વખતે જાણે.. આહાહા..! ભગવાન તો જુદો પડ્યો છે ને પ્રભુ! આહાહા..! તને એની આસ્થાનો વિશ્વાસ નથી. આહાહા..!

તાવ આવ્યો હોય ને ક્વિનાઈન થોડી લે એ એની આસ્થા. તાવ મટી જશે એનાથી. આહાહા..! અહીં થાય નાનું ઓલું છે. આવડો મોટો કોળિયો લઈને નાખે તો સલવાશે? એમ નહિ એની આસ્થા છે એને કે એ બધું ઉતરી જશે. કાણું નાનું છે ને અંદર? મોટો આવો કોળિયો લે સારો લાડવો-બાડવો હોય ને સરખો. અહીં શું થશે એની ખબર છે એને જોયું છે? કેટલું કાણું છે નાનું-મોટું. આ નાખતા નાખતા ક્યાં સલવાઈ જશે? પણ એને વિશ્વાસ છે. નથી દેખાતું તોપણ એનો વિશ્વાસ! આહાહા..!

અહીં કહે છે કે પ્રભુ તારી આસ્થાનો વિશ્વાસ તો એકવાર લાવ. તું મોક્ષસ્વરૂપ જ છો. આ ઓલી ૩૨૦ ગાથામાં નથી આવ્યું? એ શક્તિ નામ મોક્ષની વ્યાખ્યા નથી અહીં તો વ્યક્તિ અને મોક્ષની વ્યાખ્યા છે. ૩૨૦માં આવે છે. જયસેનાચાર્યની ટીકામાં નહિ? બંધ-મોક્ષના પરિણામનો પણ આત્મા કર્તા નથી. મોક્ષ અને મોક્ષના કારણના પરિણામનો પણ પ્રભુ કર્તા નથી. **'जीवो न बंधो मोक्खो करेई'** આહાહા..! ભગવાન આનંદ ને જ્ઞાનનો પિંડ પ્રભુ ધ્રુવ, એ ધ્રુવ જે વસ્તુ છે તે મોક્ષ અને મોક્ષના પરિણામને, પર્યાયને કેમ કરે એ? આહાહા..!

બંધ અને બંધના કારણ, મોક્ષ અને મોક્ષના કારણ જીવ ન કરે. એને જીવ કહીએ. આહાહા..! ગજબ છે ને? ધ્રુવ વસ્તુ જે પરમસ્વભાવભાવ એક સમયની પર્યાય એનું લક્ષ કરે છે પણ એ પર્યાય પર્યાયનું લક્ષ નથી કરતી. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત બાપુ! આખા જન્મ-મરણના અંતની વાત છે. એ અલૌકિક છે. કોઈ બહારથી માની બેસે છે એમ એ વસ્તુ નથી, ભાઈ! આહાહા..! એની આસ્થામાં વસ્તુ જે છે પૂર્ણ આનંદસ્વરૂપ, જ્યાં બંધ અને મોક્ષના પરિણામ પણ જ્યાં નથી. અને મોક્ષના કારણરૂપ માર્ગના પરિણામ પણ જ્યાં નથી. આહાહા..! એવા ભગવાનની આસ્થા એ આસ્થા છે પર્યાય. પણ એ પર્યાયમાં આસ્થા આવી કોની? પર્યાયની પર્યાયની નહિ, ત્રિકાળની. આહાહા..! સમજાણું કાંઈ? આવું ક્યાં મળે બિચારાને. સાંભળવા મળે નહિ અને કંઈ કંઈ રોકાઈ જાય.

એક તો સંસારના કામ આડે નવરાશ ન મળે, નવરો થાય તો મળે વાંચવા 'દ્રવ્ય ક્રિયા રુચિ, જિવડા ભાવધર્મ રુચિ હીણ, ઉપદેશક પણ તેહવા શું કરે જીવ નવીન?' બિચારો શું કરી શકે? એને જેને પુણ્ય-પાપના પરિણામ, વ્યવહારની રુચિ છે. ૧૧મી (ગાથા સમયસાર)માં કીધું છે ને. ભેદની તો અનાદિની રુચિ છે. વ્યવહારની. અને પરસ્પર એ વાત પણ કરી કહે છે. ગુરુ એ કહે અને શિષ્ય એ કહે હા. માર્ગ એ બરાબર, રાગથી થાય, વ્યવહારથી થાય, ભગવાનની ભક્તિથી થાય એ કહેનાર કહે અને ઓલો સાંભળનારને રુચ્યું છે. આહાહા..! 'દ્રવ્યક્રિયા રુચિ જીવડા ભાવધર્મ રુચિ હીણ.'

ત્રિકાળી આનંદના નાથની રુચિનો જેને અભાવ. 'ઉપદેશક પણ તેહવા.' એને ઉપદેશ એવા મળ્યા. 'શું કરે જીવ નવીન?' નવું શું કરે અનંતકાળમાં કર્યું નથી એવું શું કરે? જે કર્યું છે તે એને સાંભળવાનું મળે છે. અને એવું કરવાનું કહે છે એને. બાબુભાઈ! આહાહા..! થોડું પણ પૂર્ણ સત્ય હોવું જોઈએ. શશીભાઈ! આહાહા..! એ અહીં કહે છે જુઓ. આહાહા..!

'**રાગાદિ ચિંતાજાલસે રહિત કેવલજ્ઞાનાદિ...**' એકલું જ્ઞાન-દર્શન-આનંદ એવા અનંતગુણો, ગુણો નામ પ્રગટ પર્યાયની વાત છે હોં. ગુણોની પ્રગટતા છે ને અહીંયાં? પર્યાયની વાત છે. વસ્તુ છે એ કેવળજ્ઞાન અનંતગુણ શક્તિનો પિંડ છે. છે? પણ મોક્ષ એ અનંતગુણની પ્રગટતા સહિત છે. પર્યાય છે એ. છે? '**અનંતગુણો કો પ્રગટતા સહિત જો મોક્ષ હૈ, વહ ચિંતા કે ત્યાગ સે હોતા હૈ.**' આહાહા..! અનંત આનંદ ને અનંત જ્ઞાન, અનંત શાંતિ, સમાધિ સુખ એવી મોક્ષદશા એ ચિંતાના ત્યાગથી થાય છે. ચિંતાથી તે મોક્ષ થતો નથી. આહાહા..! મોક્ષની ચિંતાથી મોક્ષ થતો નથી તો વ્યવહારથી મોક્ષ થાય? આહાહા..! એ ઓલા ગયા? આની સાથે ગયા હશે. સમજાણું કાંઈ? આવી વાતું ઝીણી પડે માણસને. બાપુ! માર્ગ તો આ છે ભાઈ! એની તને આસ્થા પહેલી.

જે વસ્તુ અસ્તિત્વપણે પરિપૂર્ણ છે, પરિપૂર્ણ બાદશાહ ભગવાન આનંદનો નાથ છે, એની પર્યાયની પાછળ આખું તત્ત્વ છે અને તારી રમતું બધી એક સમયની પર્યાયમાં અનાદિથી રમતું છે. એથી પર્યાયના અંશની પાછળ આખું તત્ત્વ છે એનો તને ભરોસો, ભાવ આવતો નથી. અને એ ભાવના ભાસન વિના, ભાસન નામ જ્ઞાન. આહાહા..! સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થતું નથી. આ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ચિંતા કે ત્યાગ સે...**' એ કહે છે. એ ને '**મિથ્યાત્વ રાગાદિ ચિંતા-જાલોં સે ઉપાર્જન કિયે કર્મોં સે...**' આહાહા..! રાગથી ધર્મ થશે, વિકલ્પથી ધર્મ થશે એવો જે મિથ્યાત્વભાવ. આહાહા..! '**મિથ્યાત્વ રાગાદિ ચિંતા...**' આહાહા..! એનાથી '**ઉપાર્જન કિયે કર્મોં સે યહ જીવ બંધા હુઆ હૈ,...**' એવા કર્મથી બંધાયેલો છે. ચિંતાથી ઉત્પન્ન થયેલું બંધન એનાથી બંધાયેલો છે. આહાહા..! સમજાણું કાંઈ? ખરેખર તો ચિંતા છે એ ભાવબંધ છે અને તેના નિમિત્ત પામીને કર્મ બંધાય એ જડબંધ છે, દ્રવ્યબંધ છે. સમજાણું કાંઈ?

એ '**બંધા હુઆ હૈ,...**' આહાહા..! '**વે કર્મ હી શુભાશુભ વિકલ્પ કે સમૂહ સે રહિત જો શુદ્ધાત્મતત્ત્વ કા સ્વરૂપ ઉસમેં લિન હુએ...**' આહાહા..! શુભ-અશુભ વિકલ્પના સમૂહથી રહિત. અશુભ તો ઠીક પણ શુભના વિકલ્પથી રહિત. આહાહા..! દયા, દાન, ભક્તિ, પૂજા એ બધો રાગ છે. આહાહા..! આવું બેસવું ભારે. એ '**શુભાશુભ વિકલ્પ કે સમૂહ સે રહિત જો શુદ્ધાત્મતત્ત્વ કા સ્વરૂપ ઉસમેં લીન હુએ...**' જે શુભ-અશુભ વિકલ્પ છે એનાથી રહિત શુદ્ધાત્મતત્ત્વના સ્વરૂપમાં લીન થયા. આહાહા..! '**પરમયોગિયોંકી મોક્ષ કરેંગે.**' એ સંતોનો, આ સંતોનો મોક્ષ થશે. આહાહા..! શુભાશુભ વિકલ્પથી રહિત થઈ અને શુદ્ધચૈતન્યની રમતમાં રમશે એવા સંતોનો મોક્ષ થશે. વ્યવહારવાળાનો મોક્ષ થશે નહિ. આહાહા..! વ્યવહારનો નિષેધ આવ્યો

એમાં. એ તો સવારમાં અધિકાર ચાલે છે ને. આહાહા..! લ્યો. '**પરમયોગિયોંકી મોક્ષ કરેંગે.**'

'**ભાવાર્થઃ- વહ ચિંતા કા ત્યાગ હી તુજકો નિઃસંદેહ મોક્ષ કરેગા.** ' આહાહા..! મોક્ષની પણ વિકલ્પની ચિંતાનો ત્યાગ. આહાહા..! નિઃસંદેહ તારી દશામાં મોક્ષ થશે. આહાહા..! ચિંતાનો ત્યાગ સમજાય એવું છે. અહીં સ્થિર થાય છે એટલે ચિંતાની ઉત્પત્તિ થતી નથી એ ચિંતાનો ત્યાગ કહેવામાં આવે છે. વાસ્તવિક તો આમ છે પણ સમજાવાની શૈલી શું કરવી? ચિંતા મોક્ષની છોડ, તો આ ચિંતા છે છોડું એમ છે? આહાહા..!

વસ્તુના સ્વરૂપમાં ઠરતા ચિંતા છૂટી જાય છે. ઉત્પન્ન થતી નથી. એ ચિંતાને છોડવાથી તારી દશા મોક્ષને પામશે. એમ કહે છે. આહાહા..! લુખ્ખી વાતું છે આ. વીતરાગભાવની. રાગમાં ચિકાશ, મીઠાશ આવે. ઓલા છ ઢાળા વંચાય છે ને? છ ઢાળા નહિ. એ તમારા છ ઢાળા એ નહિ. ઢાળ સાગર આવશે. ઢાળ સાગર એક ગ્રંથ આવે છે. એમાં રાવણ ને રામનું મોટું. એ લોકો અષાઢ સુદ પૂનમથી બપોરે વાંચે. માણસ ભેગા થાય. સવારે શાસ્ત્રનું વ્યાખ્યાન અને બપોરે આ ઢાળ સાગર છે. પણ એવી વાત મૂકે ને એમાં કે કાલે રામ રાવણને મારશે. એમ કરીને છોડે એટલે બીજે દિ' માણસો બહુ સાંભળવા આવે. અષાઢ સુદ પૂનમથી તે ભાદરવા સુદ પાંચમ સુધી વાંચે. ૭૦ની સાલની વાત છે. પહેલી દીક્ષા થઈ ને? તે દિ' નાની ઉંમર અને કંઠ મીઠો એટલે કહેવા આવેલા ભાવસાર. રતનસિંહ ભાવસાર. મહારાજ! આપ વાંચવા આવો ને બહુ માણસો ભેગા થાય છે. શું છે પણ બાપુ? એમાં તો વિકથા છે બધી. આ રાવણ ને રામ ભેગો લક્ષ્મણે માર્યું બાણ ને પછી મૂર્છા આવી ગઈ. લક્ષ્મણને મૂર્છા આવી એમ આવે છે ને? રાવણે બાણ માર્યું તો મૂર્છા આવી ગઈ. રામચંદ્રજી કહે છે અરે! આવ્યા હતા ત્યારે ત્રણ જણાને જાશું એકાએક. રામ, સીતા ને લક્ષ્મણ ત્રણ આવ્યા. સીતા તો લઈ ગયો. આ તમે હવે પડ્યા મૂર્છામાં. માતાજી ખબરું પૂછશે. માતા પૂછશે કે ભાઈ શું થયું? શું ખબર દઈશ કહે. એ લોકો એવું જોડાણ. લોકોને આમ રાજી રાજી થઈ જાય સાંભળનાર. આહાહા..!

એવી વાતમાં મૂકે કે આ રીતે રાવણ આવ્યા છે. હવે એ રાવણે મારી મૂર્છા, એ મૂર્છા ઉતરી જાય છે. ઉતરીને ક્યાં ગયો રાવણ? એમ બોલે છે પાછો. હવે રાવણને કાલે મારશે એટલું મૂકીને કાલે બપોરે આવે માણસો. મહારાજ! આ વાંચવા આવો ને નીચે. મેં કીધું ભાઈ! આ બધી વિકથાઓ છે. કે તમારા ગુરુ વાંચે છે ને. ગુરુ વાંચે તોપણ શું? આ તો ૭૦ની સાલ. જેમાં આત્માનો વૈરાગ્ય નથી એવી વાત શું બધી? દુનિયાને રાજી રાખીને ભેગા કરવા. આહાહા..! અહીં તો મોક્ષની ચિંતાનો ત્યાગ. આહાહા..! એવી વિકથાઓ આણે આમ કર્યું, આણે આમ કર્યું. આહાહા..! લ્યો!

'**અનંત જ્ઞાનાદિ ગુણોંકી પ્રગટતા વહ મોક્ષ હૈ.**' ભાવાર્થમાંથી. પર્યાય છે ને? અનંત જ્ઞાનાદિગુણ જે શક્તિરૂપ હતા એની પર્યાયમાં પ્રગટતા એનું નામ મોક્ષ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' શ્રીમદ્‌માં આવે છે ને. 'તે પામે તે પંથ. સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' નિર્ગ્રંથ માર્ગ વીતરાગે આ સમજાવ્યો છે કહે. આહાહા..! એ '**ગુણોંકી પ્રગટતા વહ મોક્ષ હૈ. યદ્યપિ વિકલ્પ સહિત જો પ્રથમ અવસ્થા ઉસમેં વિષય કષાયાદિ ખોટે ધ્યાન કે નિવારણ કરને કે લિયે**

**ઔર મોક્ષ-માર્ગ મેં પરિણામ દઢ કરને કે લિયે જ્ઞાનીજન ઐસી ભાવના કરતે હૈં.'** જોયું! આવી ભાવના કરે. એ કુંદકુંદાચાર્ય મૂકે છે. કુંદકુંદાચાર્યની ભક્તિ છે ને?

કુંદકુંદાચાર્યકૃત પ્રાકૃત સિદ્ધ ભક્તિ છે. સિદ્ધ ભક્તિનો શ્લોક છે. જુઓ. '**મોક્ષ-માર્ગ મેં પરિણામ દઢ કરને કે લિયે જ્ઞાનીજન ઐસી ભાવના કરતે હૈં, કિ ચતુર્ગતિ કે દુઃખોં કા ક્ષય હો,...**' ''**दुक्खक्खओ कम्मक्खओ**' કુંદકુંદાચાર્યનું છે હોં! '**बोहिलाहो**' જ્ઞાનનો લાભ થાઓ. આહાહા..! '**પંચમ ગતિમેં ગમન હો.**' છે ને? '**सुगईगमणं**' '**सुगई**' જે '**सुगई**' છે મોક્ષ. બાકી '**सुगई**' છે નહિ. ચાર ગતિ દુર્ગતિ છે. '**सुगईगमणं**' અમને સુગતિનું ગમન થાઓ.

મુમુક્ષુ :- સમાધિમરણ હો.

ઉત્તર :- સમાધિમરણ હો. દેહ છૂટતા આનંદની લહેરમાં દેહ છૂટે. આહાહા..! સમાધિ-સમાધિ. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત સમાધિ. કહ્યું હતું ને એક ફેરી? સમ-આધિ, વ્યાધિ, આધિ, ઉપાધિ, સમાધિ એ ત્રણેમાં આધિ આધિ છે. એક તો મનનો સંકલ્પ-વિકલ્પ એ આધિ. આધિ, વ્યાધિ, વિ-વિશેષે આ જે શરીરનો રોગ આદિ વ્યાધિ. ઉપાધિ-ઉપ સમીપે જે બધી એ બધી ઉપાધિ. એનાથી રહિત સમ-આધિ. બધામાં આધિ. સમજાણું કાંઈ? આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત સમાધિ. લોગસ્સમાં આવે છે. 'ક્ષમાહિવર મિતુ' લોગસ્સમાં. આહાહા..!

આ ભાવના કરે છે હોં. શું? સમાધિમરણ હો. આનંદની લહેરમાં અનુભવમાં દેહ છૂટો. આહાહા..! સમજાણું કાંઈ? ભલે વિકલ્પ હો કદાચિત. પણ સમાધિમરણ હો. નિર્વિકલ્પ અનુભવમાં હો, અને ક્યારેક વિકલ્પ પણ હોય, પણ મરણ સમાધિ શાંતિ... શાંતિ... શાંતિ... જેણે સમાધિમરણના સાધન કર્યા છે તેને સમાધિ થશે. સમજાણું કાંઈ? આવી ભાવના કરે. '**ઔર જિનરાજ કે ગુણોં કી સંપત્તિ મુજકો હો.**' સર્વજ્ઞ ભગવાનને જેટલા ગુણોની પર્યાય પ્રગટ થઈ છે, એ મને પ્રગટ થાઓ, મને એ મળો. આહાહા..! છે ને પાઠ? '**समाहिमरणं जिणगुणसंपत्ति**' જિન વીતરાગગુણની પર્યાયની સંપત્તિ, એ સંપદા મને હો. આહાહા..! આ લખે છે ને સવારમાં વાણિયા? લાભ સવાયા. અભય, અભયકુમારની બુદ્ધિ હજો. શાળીભદ્રની ઋદ્ધિ હજો.

મુમુક્ષુ :- અભયકુમારની..

ઉત્તર :- હા અભયકુમારની. શાળીભદ્રની ઋદ્ધિ હજો. અહીં કહે છે કે અમારી આત્મઋદ્ધિ હજો અમને. આહાહા..! ભગવાનના ગુણો જે પર્યાય પ્રગટ્યા એ અમને હજો. આ ચોપડાના નામા આ છે. આહાહા..! ચોપડામાં લખે છે ને ઓલા? આહા..!

'**યહ ભાવના ચૌથે, પાંચવે, છઠ્ઠે ગુણસ્થાન મેં કરને યોગ્ય હૈ,...**' જોયું! ચોથે, પાંચમે ને છઠ્ઠે એ સમકિતમાં કરવા યોગ્ય છે. '**તો ભી ઊપર કે ગુણસ્થાનો મેં વીતરાગ નિર્વિકલ્પ સમાધિકે સમય નહીં હોતી.**' એ ભાવના સાતમા પછી હોતી નથી. ચોથે, પાંચમે, છઠ્ઠા સુધી આ ભાવના હોય. મારું મન આમ થવાથી. વિશેષ કહેશે...

ગાથા-૧૮૯

अथ चतुर्विंशतिसूत्रप्रमितमहास्थलमध्ये परमसमाधिव्याख्यानमुख्यत्वेन सूत्रषट्कमन्तर स्थलं कथ्यते। तद्यथा-

३२०) परम-समाहि-महा-सरहिँ जे बुड्डुहिँ पइसेवि।
अप्पा थक्कइ विमलु तहँ भव-मल जंति वहेवि।।१८९।।
परमसमाधिमहासरसि ये मज्जन्ति प्रविश्य।
आत्मा तिष्ठति विमलः तेषां भवमलानि यान्ति ऊढ्वा।।१८९।।

जे बुड्डुहिं ये केचना पुरुषा मग्ना भवन्ति। क्व। परम-समाहि-महा-सरहिं परमसमाधिमहासरोवरे। किं कृत्वा मग्ना भवन्ति। पइसेवि प्रविश्य सर्वात्मप्रदेशैरवगाह्य अप्पा थक्कइ चिदानन्दैकस्वभावः परमात्मा तिष्ठति। कथंभूतः। विमलु द्रव्यकर्मनोकर्ममतिज्ञानादिविभावगुणनरकादिविभावपर्यायमलरहितः तहं तेषां परमसमाधिरत- पुरुषाणां भव-मल जंति भवरहितात् शुद्धात्मद्रव्याद्विलक्षणानि यानि कर्माणि भवमलकारणभूतानि गच्छन्ति। किं कृत्वा। वहेवि। शुद्धपरिणामनीरप्रवाहेण ऊढ्वेति भावार्थः।।१८९।।

---

आगे चौबीस दोहोंके स्थलमें परमसमाधिके व्याख्यानकी मुख्यतासे छह दोहा-सूत्र कहते हैं-

गाथा-१८९

अन्वयार्थः- [ये] जो कोई महान पुरुष [परमसमाधिमहासरसि] परमसमाधिरुप सरोवरमें [प्रविश्य] घुसकर [मज्जन्ति] मग्न होते हैं, उनके सब प्रदेश समाधिरसमें भींग जाते हैं, [आत्मा तिष्ठति] उन्हीके चिदानंद अखंड स्वभाव आत्माका ध्यान स्थिर होता है। जो कि आत्मा [विमलः] द्रव्यकर्म, भावकर्म, नोकर्मसे रहित महा निर्मल है, [तेषां] जो योगी परमसाधिमें रत हैं, उन्हीं पुरुषोंके [भवमलानि] शुद्धात्मद्रव्यसे विपरीत अशुद्ध भावके कारण जो कर्म हैं, वे सब [(ऊढ्वा) बहित्वा यांति] शुद्धात्म परिणामरुप जो जलका प्रवाह उसमें बह जाते हैं।

भावार्थः- जहाँ जलका प्रवाह आवे, वहाँ मल कैसे रह सकता है, कभी नहीं रहता।।१८९।।

---

હવે, ચોવીશ સૂત્રોના મહાસ્થળોમાં પરમ સમાધિના વ્યાખ્યાનની મુખ્યતાથી છ દોહાસૂત્રોનું અન્તરસ્થળ કહે છે. તે આ પ્રમાણે :-

ભાવાર્થઃ- જે કોઈ પુરુષો પરમસમાધિરૂપ મહાસરોવરમાં, સર્વઆત્મપ્રદેશોથી

**અવગાહીને, મગ્ન થાય છે તે પરમસમાધિમાં રત પુરુષોમાં દ્રવ્યકર્મ, નોકર્મ, મતિજ્ઞાનાદિ વિભાવગુણ અને નરનારકાદિ વિભાવપર્યાયરૂપ મળથી રહિત એક ચિદાનંદ સ્વભાવરૂપ પરમાત્મા સ્થિર થાય છે, અને ભવરહિત શુદ્ધઆત્મદ્રવ્યથી વિલક્ષણ ભવમળના કારણભૂત જે કર્મો તે શુદ્ધપરિણામરૂપી જળના પ્રવાહમાં તણાઈ જાય છે-ધોવાઈ જાય છે, એ ભાવાર્થ છે. ૧૮૯.**

## વીર સંવત ૨૫૦૨, ચૈત્ર સુદ ૪, બુધવાર
## તા. ૨૩-૦૩-૧૯૭૭, ગાથા-૧૮૯-૧૯૦, પ્રવચન નં. ૨૩૦

પરમાત્મપ્રકાશ. ૧૮૯ ગાથા છે. '**આગે ચૌબીસ દોહોં કે સ્થલ મેં પરમસમાધિકે વ્યાખ્યાનકી મુખ્યતા સે છહ દોહા-કહતે હૈં-**' સમાધિ. સમાધિ. સમ્યગ્દર્શન એ સમાધિ છે. સમ્યગ્જ્ઞાન, મતિશ્રુતજ્ઞાન એ પણ સમાધિ છે. જેમાં શાંતિ પ્રાપ્ત થાય એનું નામ સમાધિ. શુભાશુભભાવમાં અશાંતિ પ્રાપ્ત થાય છે. એથી એ અસમાધિ છે. સમાધિ નામ શાંતિ. રાગરહિત આત્માની દશા વીતરાગી એને અહીંયાં સમાધિ કહે છે. કાલે કહ્યું હતું ને? આધિ, વ્યાધિ, ઉપાધિરહિત સમાધિ. આધિ એટલે મનમાં ઉઠતા પુણ્ય-પાપના વિકલ્પો એને આધિ કહે છે. શરીરના રોગાદિને વ્યાધિ કહે છે અને સંયોગી ચીજને ઉપાધિ કહે છે. આધિ, વ્યાધિ, ઉપાધિરહિત સમાધિ. આહાહા..! અરે! આવી વ્યાખ્યા છે.

સમાધિ ઓલા બાવા લગાડે અન્યમતિ એ નથી આ. આહાહા..! આ તો આત્મા આનંદસ્વરૂપ ભગવાન એમાં દૃષ્ટિ લગાડીને એમાં ઘુસી જાવું એનું નામ સમાધિ છે. આહાહા..! પુણ્ય-પાપમાં અનાદિથી ઘૂસેલો છે એ અસમાધિ છે, દુઃખ છે. એનાથી ખસીને એ કહે છે જુઓ.

૩૨૦) परम-समाहि-महा-सरहिँ जे बुड्डुहिँ पइसेवि।
अप्पा थक्कइ विमलु तहँ भव-मल जंति वहेवि।।१८९।।

'**જો કોઈ મહાનપુરુષ...**' આત્મા '**परमसमाधिमहासरसि**' '**પરમસમાધિરૂપ સરોવર...**' આહાહા..! અહીં તો એકદમ મોક્ષનો માર્ગ વર્ણવવો છે ને. '**પરમસમાધિરૂપ સરોવર...**' ભગવાનઆત્મા પરમસમાધિસ્વરૂપ જ છે. એને અવલંબે પરમસમાધિસ્વરૂપ પર્યાય, શાંતિની અવિકારી નિર્દોષ સમભાવની પરિણતિ પ્રગટ થવી તેને અહીંયાં સમાધિ કહે છે. તેને અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અથવા તેને અહીંયાં ધર્મ કહે છે. આહાહા..! આવી વાત છે. એ પરમસમાધિ એવો જે મહાસરોવર. આહાહા..! '**પરમસમાધિરૂપ સરોવર...**' આત્માનો સ્વભાવ શીતળ અવિકારી નિર્દોષ વીતરાગ સ્વભાવથી ભરેલો પરમ ઉપશમરસ, એ એનું સ્વરૂપ છે. એ એના સ્વરૂપમાં પ્રવેશ કરે, શાંતિથી એમાં ઘૂસી જાય અંદરમાં. આહાહા..! આવો માર્ગ. લોકોને...

પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત નિર્વિકલ્પ શાંતિ સ્વરૂપ ભગવાનઆત્મા, એના તરફની સન્મુખ થઈને, જુકાવ કરીને, અંદરમાં લીન ઘૂસી જાય. આહાહા..! એમાં '**ઘૂસકર મગ્ન હોતે હૈં,...**' આહાહા..! એક સમયની પર્યાયમાં પુણ્ય-પાપ અને વિકાર દેખાય છે. એને છોડીને નિર્વિકારી ચૈતન્ય શાંતિનો સાગર, વીતરાગ સ્વભાવની શાંતિરસનો સાગર એમાંથી એકાગ્ર ઘૂસી જાય તો એ સરોવર થયું. શાંતિનું સરોવર આવ્યું. આહાહા..! સ્વભાવ તો શાંતિનો સાગર છે.

'**परमसमाधिमहासरसि**' '**ઘૂસકર મગ્ન હોતે હૈં,...**' આહાહા..! એવી પરમસમાધિ સ્વરૂપ ભગવાનઆત્મા એમાં જે મગ્ન ઘૂસી જાય, લીન થાય છે. આહાહા..! આ સમ્યગ્દર્શન. શ્વેતાંબરમાં આવે છે એ ચિત્સમાધિ હુવે દસ બોલે. એ એક શબ્દ કહ્યો હતો. ૭૮. એ ચિત્સમાધિ છે. સમ્યગ્દર્શન એ જ્ઞાનની શાંતિ છે. આહાહા..! એ લોકોનું કાંઈ દશાસૂત્ર છે. એના દસ બોલ આવે છે. ચિત્સમાધિ હુએ દસ બોલે, સમ્યગ્દર્શન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન, જાતિસ્મરણજ્ઞાન એ બધાને સમાધિમાં ગણી લીધું છે. શાંતિમાં. આહાહા..!

અહીંયાં તો કહે છે કે પરમસમાધિ એવું જે મહાસમાધિરૂપ સરોવર. એ તો દરિયો છે મોટો અંદર કહે છે. એમાં ઘૂસકર, એમાં એકાગ્ર થઈને મગ્ન થાય છે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને એને સમાધિ પ્રાપ્ત થાય છે. આહાહા..! આવી વાત હવે. ઓલા બાવા લગાવે એ સમાધિ એ નહિ હોં. આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે આત્મા જેને કહ્યો. ભાઈ એક નથી આવ્યા? સવારમાં આવતા. બે-ત્રણ દિવસથી. ક્યાંકથી નવા ભાઈ હતા એ ખરા. ત્રણ-ચાર દિવસથી હતા હોં. અત્યારે નથી? અજાણ્યા હતા. પ્રેમથી સાંભળતા હતા. આ તો આ ઘરની વાત છે. અને આવી વાત મળતી નથી અત્યારે એટલે. આહા..!

આ સરોવર જ પરમશાંતિનું સરોવર પ્રભુ છે. જેમ પાણી પીવા માણસ જાય. પશુ પણ જાય અને માણસ પણ જાય. આહાહા..! એમ પરમશાંતરસ અકષાયસ્વભાવ એટલે? કે જે વર્તમાન સમાધિ વીતરાગ પરિણતિ પ્રગટ થાય તો એ આત્મા વીતરાગ સમાધિસ્વરૂપ જ છે. એમાંથી પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? પ્રાયશ્ચિતમાં નથી કહ્યું નિયમસારમાં? પ્રાયશ્ચિત. પ્રાયશ્ચિત કોને કહેવું? કે વર્તમાનમાં વીતરાગી પરિણતિ પ્રગટ થાય અને રાગને છેદે તેને પ્રાયશ્ચિત, પણ એ પ્રાયશ્ચિત આત્મા પ્રાયશ્ચિત સ્વરૂપ જ છે એમ કહ્યું ત્યાં. પ્રાયશ્ચિત પુષ્ટ બહોળતાથી, ચિત્ત એટલે જ્ઞાનસ્વરૂપી ભગવાન છે. આહાહા..! હવે એ.

પ્રાયશ્ચિત. પ્રાય એટલે બહોળતાથી, ચિત્ત એટલે જ્ઞાનસ્વરૂપ. પોતે આત્મા પ્રાયશ્ચિત સ્વરૂપ છે. અહીં કહેવું છે શું? કે જે કાંઈ પ્રાયશ્ચિત પરિણતિમાં વીતરાગીદશા આવે છે એ સ્વરૂપ પોતે છે. આહાહા..! આવી તે વાત અંદરમાં બાપુ ધીરજની વાતું છે આ તો. આ કાંઈ કોઈ વાદવિવાદ ને શાસ્ત્રમાં આ છે ને તેમ છે. આહાહા..! ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, અહીં પરમસમાધિસ્વરૂપ લેવું છે. સમાધિનો અધિકાર છે ને. પરમસમાધિ સ્વરૂપ જ પોતે, સરોવર છે, દરિયો છે. આહાહા..! એમાં જે ઘૂસી જઈને એટલે સન્મુખ થઈને પ્રવેશ કરે. આહાહા..! જેમ રાગમાં પ્રવેશ છે એ

સ્વરૂપમાં પ્રવેશ કરે. પ્રવેશનો અર્થ કાંઈ ધ્રુવમાં ઘૂસી જતો નથી. પણ ધ્રુવ તરફની સન્મુખતા કરે એ ધ્રુવમાં પ્રવેશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા હવે. ચંદુભાઈ!

લોકો બિચારા રાડું પાડે. ચારેકોર હોં. આહાહા..! અંદરની ચીજનું માહાત્મ્ય આવ્યું નથી અને પર ચીજનું કાંઈક કરીએ. એમાંથી કષાય કરતા કરતા અકષાય સ્વભાવ પ્રગટે (એમ માને છે). અહીં કહે છે કે પરમસમાધિસ્વરૂપ પ્રભુ છે તને બેસે છે? આહાહા..! જેનો સ્વભાવ જ શાંત, અવિકારી. 'જેમ નિર્મળતા સ્ફટિકતણી તેમ જીવ સ્વભાવ.' સ્ફટિક જેમ નિર્મળ છે એ કોઈથી નથી. એ તો એનું સ્વરૂપ જ નિર્મળ છે. 'જેમ નિર્મળતા સ્ફટિકતણી તેમ જીવ સ્વભાવ.' ભગવાનનો સ્વભાવ સ્ફટિકની જેમ નિર્મળનું પછી કહેશે, પણ અત્યારે તો સમાધિસ્વરૂપ જ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

પરતરફથી વલણ બધું છોડી દઈ અને ભગવાન પરમ સમાધિનો સરોવર ભગવાન પડ્યો છે, એમાંથી નિર્વિકલ્પ પાણી પી. આહાહા..! આવી વાતું છે કહે. તારા જન્મ-મરણ મટશે. આહાહા..! એમાંથી તને પરમ આનંદમૂર્તિ મોક્ષની પ્રાપ્તિ થશે. આમ છે, ભાઈ! આહાહા..! એમાં ઘૂસી જઈને મગ્ન થાય છે. જોયું! આમ વિકલ્પો જે છે દયા, દાન, વ્રત, ભક્તિ એમાં પ્રવેશ કર્યો છે તે અનાદિનો વિભાવ છે. આહાહા..! ટીકામાં તો એમ લીધું છે.

'**દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ...**' મતિજ્ઞાનાદિ વિભાવગુણ. શું કીધું? એનાથી રહિત પ્રભુ છે. આહાહા..! દ્રવ્યકર્મ એટલે જડકર્મ, નોકર્મ એટલે વાણી અને શરીર. દ્રવ્યકર્મ, નોકર્મ છે ને? અને મતિજ્ઞાનાદિ વિભાવગુણ. એમ લીધું જોયું! આહાહા..! મતિજ્ઞાનાદિ શ્રુતજ્ઞાનની પર્યાય જે નિર્મળ છે એને વિભાવ ગુણ કહ્યા છે. ટીકામાં છે. સમજાણું કાંઈ? છે પર્યાય પણ કર્મના નિમિત્તનો સંગ છે ને તેથી ચાર જ્ઞાન મતિશ્રુત નિર્મળ. આહાહા..! એને વિભાવગુણ કહ્યા છે. નિયમસારમાં કહ્યું છે ને ભાઈ ચાર જ્ઞાન. વિભાવજ્ઞાન છે. કેવળજ્ઞાન સ્વભાવજ્ઞાન છે. આહાહા..!

અહીંયાં તો કહે છે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયનું જ્ઞાન જે છે વિભાવિકપર્યાય છે જ્ઞાન. એનાથી રહિત ભગવાન નિર્મળ સમાધિ શાંતસ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને નરનારકાદિ વિભાવપર્યાય. એને પર્યાય લીધી. ઓલાને ગુણ લઈને છે તો એ પર્યાય. ચાર જ્ઞાન છે એ વિભાવિક પર્યાય છે, પણ એને ગુણ ગણ્યા, ઓલા નિર્મળ છે એ. અને નરનારકાદિ વ્યંજનપર્યાય છે તે વિભાવિક પર્યાય ગણી. એનાથી રહિત. આહાહા..! છે? એ અહીં કહે છે જુઓ.

'**પરમસમાધિરૂપ સરોવર મેં ઘુસકર મગ્ન હોતે હૈં, ઉનકે સબ...**' એટલે કે મતિજ્ઞાનાદિની પર્યાય છે, આહાહા..! એનાથી પણ રહિત ધ્રુવ ચિદાનંદ સ્વરૂપ છે. આહાહા..! છે તો એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાય. અંદર ઘૂસીને સ્થિર થાય છે. પણ એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાયનું લક્ષ છોડીને અંદર જાય છે ત્યારે જે મતિજ્ઞાન થાય છે, શ્રુતજ્ઞાન થાય એ સમાધિ છે. આહાહા..! આવી વાતું હવે. ઓલા કહે એકેન્દ્રિયની દયા પાળવી, છકાયની દયા પાળવી લ્યો. ભાઈ! મારા તું

પ્રભુ તારી દયા પાળ ને. તું જેવડો છો તેવડો માન તો દયા પાળી કહેવાય. અને જેવડો છો એનાથી ઊણો-અધિકો માન તો હિંસા કરી કહેવાય. જેનું જીવતર છે જગતનું આયુષ્યનું, એને એ રીતે એ એને જાણે અને રાખે તો એનું જીવતર કર્યું કહેવાય. એમ ભગવાનનું જીવતર. જીવતર શક્તિ લીધી છે ને પહેલી? પહેલી જીવતરશક્તિ લીધી છે. એ ક્યાંથી? કે **'जीवो चरित्तदंसणणाणठिदो'** બીજી ગાથામાં ઉપાડ્યું છે. ત્યાંથી ઉપાડ્યું એટલે જીવતરશક્તિ ૪૭માં પહેલી લીધી.

જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણથી જીવતો, ટકતો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, એને એ રીતે સ્વીકારવો અને એ રીતે સત્કારવો અને એ રીતે એકાગ્ર તેમાં થવું, ત્યારે એનું માહાત્મ્ય આવ્યું ત્યારે એમાં લીન થયો, ત્યારે તેણે જીવની, આત્માની દયા પાળી. આહાહા..! પરની દયા તો પાળી શકતો નથી, પ્રભુ એ તો આયુષ્ય હોય તો. સમજાણું કાંઈ? આવી ભાષા છે. લે પરની દયા! કે એ તો રાગ છે. સ્વની દયા આ રીતે તે અરાગ છે. આહાહા..!

ભાઈ એ બેઠા છે. હમણા આવ્યા? ઠીક! એ તમારી વાત કરતા હતા. આવો મોઢા આગળ આવો મોઢા આગળ. સાંભળવામાં પ્રેમ છે. એના મોઢા ઉપર દેખે છે ને. માર્ગ આવો છે, બાપા બહુ માર્ગ. છે ગુજરાતી પણ થોડું થોડું સમજાય. આહાહા..! અહીં તો પરમાત્મા યોગીન્દ્રદેવ ૧૩૦૦ વર્ષ પહેલાં દિગંબર સંત. એ એમ કહે છે એકવાર સાંભળ તો ખરો પ્રભુ! તારી ચીજ કેવડી છે? કે પરમસમાધિસ્વરૂપ તેવડી છે. આહાહા..! રાગવાળી તો નથી, પુણ્યપાપવાળી તો ચીજ નથી. કર્મવાળી નથી, પણ મતિજ્ઞાનાદિ નિર્મળ પર્યાય છે તેટલી પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ મતિજ્ઞાનાદિ નિર્મળ પર્યાય ચાર. આહાહા..! એનાથી પ્રભુ નિર્મળ સમાધિ શાંતિથી ભરેલો પદાર્થ છે. એને એટલો ને એવડો છે એમ માનીને સ્થિર થવું એણે આત્માની દયા પાળી. આહાહા..! એ આત્માને રાગથી લાભ થાય એમ માનીને હિંસા કરી જીવની. એને મતિજ્ઞાનાદિ નિર્મળ પર્યાય જેટલો માનવો, એ પણ પર્યાય જેટલો માનવો એણે દ્રવ્યના સ્વભાવની હિંસા કરી. આહાહા..! આવી વાતું છે ભાઈ! આહાહા..! માણસને એવું લાગે પક્ષપાત લાગે. નિશ્ચય નિશ્ચય. બાપુ! સત્ય આ છે ભાઈ! વ્યવહાર હોય છે. મતિજ્ઞાનાદિ કીધું ને. છે તો ખરું. આહાહા..!

રાગ પણ હોય છે, પણ એનાથી રહિત પ્રભુ પોતે પૂર્ણાનંદનો સમાધિ શાંત... શાંત.. શાંત... એ ઉપશમરસનો દરિયો છે. આહાહા..! એમાં ઘૂસીને પ્રવેશ કર. એ બાજુ ઢળ. રાગમાં નહિ, વર્તમાન પર્યાયમાં પણ નહિ. આહાહા..! આવી વાતું છે. એમ દિગંબર સંત આચાર્ય કેવળીના કેડાયતો છે. એ આમ કહે છે, પ્રભુ તારો રસ્તો આ છે. સમજાણું કાંઈ? આહા..! જુઓ! **'मज्जन्ति'** છે ને! પ્રવેશ કરીને **'मज्जन्ति'** સ્નાન કરે છે એટલે મગ્ન થાય છે. આહાહા..! **'ઉનકે સબ પ્રદેશ...'** આહાહા..! કારણ કે સર્વજ્ઞ સિવાય અસંખ્ય પ્રદેશ જીવના કોઈએ માન્યા જ નથી. કેવળી જિનેશ્વર, પરમેશ્વરે એક એક આત્માના અસંખ્ય પ્રદેશ છે. એ એવા પ્રદેશની વ્યાખ્યા સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. આહાહા..!

એથી કહે છે કે તારા આત્મામાં મગ્ન થતાં તારા સર્વ પ્રદેશ **'સમાધિ રસ મેં ભીંગ જાતે**

**હૈં,...**' આહાહા..! થોડું લખ્યું ઘણું કરીને જાણજો. એવું છે આ. આહાહા..! ભગવાનઆત્મા અરે! એને કેમ બેસે? કેમકે સાધુ થયો, દિગંબર મુનિ થયો, પણ અનાદિની-અનાદિની એની બધી રમતું પર્યાયમાં અને રાગમાં. નવમી ગ્રૈવેયક ગયો અનંતવાર દિગંબર સાધુ, પંચમહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ, પણ એ બધી રમતું રાગ અને પર્યાયની રમતું. પર્યાયબુદ્ધિની રમત, એ અહીં પર્યાયબુદ્ધિને છોડાવીને દ્રવ્યબુદ્ધિની રમત કરાવે છે. આહાહા..! ભારે આકરી વાતું.

'**સબ પ્રદેશ સમાધિરસ મેં ભીંગ જાતે હૈં,...**' જીવડું પડી જાય છે. આહાહા..! અથવા આ પૂરણપોળી નથી થાતી? રોટલી રોટલી. પૂરણપોળી કહે છે? ક્યા કહતે હૈં? આ રોટલી નથી હોતી પૂરણ નાખીને? પૂરણપોળી. એ ઊની ઊની પૂરણપોળી હોય અને ઘીનું તપેલું ભર્યું હોય એમાં નાખે અને ઊંચું કરે તો રસબોળ થઈ જાય આમ. આહાહા..! પહેલા રિવાજ એવો હતો. નાની ઉંમરના છોકરા મરી જાય ને તો એને મહેમાનોને સુખડી ન ખવરાવાય. આ તો ઘરમાં જોયું હતું તે દિ'. ૫૭ની વાત છે. ઘર સાધારણ હોય તોપણ એને સુખડી ન દેવાય. કારણ કે મરી ગયો છે. પણ ઊની ઊની રોટલી કરી, ઘીની તપેલીમાં નાખી એમાં કેટલો ખર્ચ થાય એનું કાંઈ નહિ. પણ સુખડી નહિ. સુખડી સમજ્યા? સુખડીને શું કહે છે? મિષ્ટાન નથી હોતું ગોળ, ઘઉં ને ઘી. એ ઘીની ઊની ઊની રોટલી ઘીમાં નાખે. તે દિ' તો સોઘું હતું. પણ આ તો. તે દિ' તો ૨૦ રૂપિયાનું મણ.

અહીં કહે છે કે તરબોળ થઈ જાય અંદર જ્યાં જાય છે ત્યાં. એમ કહે છે. એના અસંખ્ય પ્રદેશ શાંતિથી તરબોળ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? છે? '**સબ પ્રદેશ સમાધિરસ સે...**' સમાધિરસથી. આહાહા..! જે પુણ્યના પરિણામના રસે રોકાઈને વિકારના રસે તરબોળ થતો. આહાહા..! એ અંતર ભગવાનઆત્મા સ્વરૂપનું જે સ્વરૂપ છે, આત્માનું જે સ્વરૂપ શુદ્ધચૈતન્યઘન સમાધિ, શાંતિરસ એમાં મગ્ન થતાં અસંખ્ય પ્રદેશ સમાધિરસથી તરબોળ થઈ જાય છે. આહાહા..! એમ કહીને એમ કહે છે કે એ અસંખ્ય પ્રદેશ છે અને એમાં શાંતિ આવે તો અમુક પ્રદેશમાં શાંતિ અને અમુક પ્રદેશમાં શાંતિ નહિ એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આખો આત્મા અસંખ્ય પ્રદેશી અને પ્રદેશ-પ્રદેશમાં અનંતી શાંતિથી ભરેલું તત્ત્વ આખું. એમાં જે પ્રવેશ કરે છે એના અસંખ્ય પ્રદેશ સમાધિરસથી તરબોળ થાય છે. આહાહા..! આ વ્યાખ્યા. કહો, આનું નામ ધર્મ. હવે આ શું કહે છે? આહાહા..! છે?

'**જો કિ આત્મા...**' '**ભીંગ જાતે હૈં, ઉન્હીંકે ચિદાનંદ અખંડ સ્વભાવ આત્મા કા ધ્યાન સ્થિર હોતા હૈ.**' આહાહા..! છે? બહુ થોડા શબ્દો. '**ઉન્હી કે ચિદાનંદ અખંડ સ્વભાવ આત્મા કા...**' દેખો આત્માની વ્યાખ્યા. આત્મા કેવો છે? ચિદાનંદ અખંડ સ્વભાવ. આહાહા..! જ્ઞાનાનંદ અને તે પણ અખંડ, એકરૂપ સ્વભાવ. પર્યાયનો ભેદ પણ જેમાં નથી. આહાહા..! કેવો છે ભગવાનઆત્મા અંદર? '**ચિદાનંદ અખંડ સ્વભાવ આત્મા...**' એ તો વસ્તુની સ્થિતિ કીધી. એનું ધ્યાન. પ્રવેશ કર્યો ને અંદર એકાગ્ર? એ પર્યાય થઈ. એ '**ધ્યાન સ્થિર હોતા હૈ.**' એનું ધ્યાન સ્થિર થાય છે.

અખંડ ચિદાનંદ સ્વભાવ ધ્રુવ અનાદિ અનંત પ્રભુ અખંડ જ્ઞાનાનંદ સ્વભાવ, એમાં તેની પરિણતિ પર્યાય સ્થિર થાય છે. આહાહા..! ધ્યાન સ્થિર થાય કીધું ને? ધ્યાન કહો કે પર્યાય કહો. આહાહા..! ભારે આકરી (વાત). કોઈપણ કહે આ તો પાધરું નિશ્ચયની વાત, પણ એનું સાધન? સાધન જ આ છે. આહાહા..! ભાઈ! તને ખબર નથી. રાગને સાધન માનવા જાઈશ પ્રભુ કલંક લાગશે તને. તારી જાતથી વિજાતથી કજાતથી સજાત પ્રગટે એ તો કલંક છે. આહાહા..! ઓલામાં નથી આવ્યું? ચંડાળણીને પેટે બે દીકરા. પછી એક રહ્યો બ્રાહ્મણને ત્યાં અને એક રહ્યો ચંડાળમાં. પણ છે તો ચંડાળણીના પુત્ર બેય. પુણ્ય-પાપ અધિકારમાં. આમાં પણ છે આગળ ક્યાંક. સમજાણું કાંઈ? એમ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ અને હિંસા, જૂઠું, ચોરી, ભોગ, વિષયનો વિકલ્પ બેય ચંડાળણીના પુત્ર, વિભાવના પુત્ર છે બેય. આહાહા..! વિભાવિકરૂપી ચંડાળણી. અહીં તો મતિજ્ઞાનને વિભાવ કહ્યો છે. ઓલી વાત તો એકકોર રાખી. આહાહા..!

'**દ્રવ્યકર્મ,...**' એનું ધ્યાન સ્થિર થાય છે. '**જો કિ આત્મા...**' '**विमलः**' છે. '**દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મસે રહિત...**' એટલે મતિજ્ઞાનાદિ પર્યાયથી રહિત. '**મહા નિર્મલ હૈં,...**' આહાહા..! ભગવાન તો અંદર જડકર્મ, ભાવ વિકલ્પરૂપી ભાવકર્મ અને શરીર ને વાણી નો કર્મ. અને મતિજ્ઞાનાદિ વિભાવગુણ અને નરકાદિ મનુષ્ય ગતિ આદિ વિભાવી પર્યાયથી રહિત નિર્મળ છે. આહાહા..! '**મહા નિર્મલ હૈં,...**' એમ છે ને? '**विमलः**' છે ને? '**विमलः**' આહાહા..! મળ રહિત છે નિર્મળ.

'**જો યોગી પરમસમાધિ મેં રત હૈં,...**' જે કોઈ ધર્માત્મા આનંદસ્વરૂપ ભગવાન. આહાહા..! આઠ વર્ષની બાળિકા પણ સમ્યગ્દર્શન પામે છે. આહાહા..! ત્યારે આત્માના આનંદમાં રસમાં એ લીન થાય છે. આહાહા..! એને સમ્યગ્દર્શન સમાધિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એક વાત આવી હતી આમાં કે ભાઈ આ તો બધી નિશ્ચયની વાત છે. પણ પાછું વ્યવહારે પણ કીધું છે ને બીજે? નય બે છે ને? પણ જ્યારે નિશ્ચયથી કહ્યું છે એ સત્ય છે અને વ્યવહારથી કહ્યું છે તે ઉપચારથી કહ્યું છે. એમ એનો અર્થ જોઈએ. એ ઘણા એમ કહે છે. કે આ થાય, આનાથી થાય એ તો બધી નિશ્ચયની વાત છે. આ નિશ્ચયનયનો અધિકાર છે, પણ વ્યવહારનયનો અધિકાર આવે. ત્યાં પણ વ્યવહારનયનો અધિકાર આવે ત્યાં ઉપચારથી એને સાધન કહ્યું છે. ખરેખર નથી. આહાહા..! વ્યવહારથી કહ્યું ને?

મુમુક્ષુ :- જે ખરેખર સાધન ન હોય તેને સાધન કહેવાય?

ઉત્તર :- કહેવાય. વ્યવહારનય છે ને. એ માટે તો અહીં વાત છે. કોઈ કહે કે આ અધિકાર. સવારનું આવ્યું હતું ને કે ભાઈ એ તો નિશ્ચયની વાત છે. પણ બીજે ઠેકાણે વ્યવહારથી કહ્યું. પણ વ્યવહારથી કહ્યું એનો અર્થ શો? નિશ્ચયથી કહ્યું છે તે યથાર્થ છે, વ્યવહારથી કહ્યું તે આરોપિત કથન છે. આહાહા..! એમ કહે છે એ. કે આમાં નિશ્ચય કહ્યું છે પણ બીજે વ્યવહાર કહ્યો છે ને. વ્યવહાર કહ્યો એટલે શું? એ ઉપચારથી કથન કર્યું છે. આહાહા..! સમજાણું? ભિન્ન સાધ્યસાધન. આવે છે

ને? પંચાસ્તિકાય ઓલા તત્ત્વજ્ઞાનતરંગિણી, આમાં પરમાત્મપ્રકાશમાં પહેલું આવ્યું છે. એ તો વ્યવહારના સાધનો નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવ્યું છે. સાધન નથી તેને સાધન કહીને વ્યવહારનયથી એનું કથન કર્યું છે. આહાહા..! આ ઝઘડા બેના. એમ કે નિશ્ચય પણ પાછો વ્યવહાર છે કે નહિ? પણ વ્યવહાર છે એટલે શું? વ્યવહાર છે એ ઉપચારીક કથન છે. અને નિશ્ચયકથન છે એ યથાર્થ કથન છે.

મુમુક્ષુ :- ત્યારે જ અનેકાંત થાય ને.

ઉત્તર :- ત્યારે જ અનેકાંત થાય. આહાહા..!

મુમુક્ષુ :- બેય સરખા માને તો અનેકાંત થાય.

ઉત્તર :- બે સરખા તો બે નય શું કરવા રહી? બે સરખા માને તો બે કેમ રહ્યા? અને બે છે એ વિરોધ છે. નિશ્ચય છે એ આદરણીય છે અને વ્યવહાર તે હેય છે. નિશ્ચય છે તે અબંધ પરિણામ છે અને વ્યવહાર છે તે બંધ પરિણામ છે. બેય વિરોધ છે. આહાહા..! એમ કહે છે એ લોકો કે આ અધ્યાત્મની અધ્યાત્મની તમે વાતું કરો એ તો નિશ્ચયની પણ પાછું વ્યવહારથી ચરણાનુયોગમાં કહ્યું છે ને વ્રત આમ કરવા, ભક્તિ આમ કરવી. પણ એ કહ્યું છે એ વ્યવહારે ઉપચારથી કથન છે. આહાહા..! સમજાણું કાંઈ? આનાથી વિરૂદ્ધ હોય તત્ત્વ તો વિરૂદ્ધ થઈ ગયું. આહાહા..! ન્યાય સમજાય છે? આહાહા..!

એ ધર્માત્મા '**પરમસમાધિ મેં રત હૈં,...**' આનંદ જળથી ભરેલો ભગવાન, અતીન્દ્રિય અમૃતના સાગરથી ભરેલો ભગવાન. આહાહા..! એમાં જે સન્મુખ થઈને લીન થાય છે. આહાહા..! '**ઉન્હીં પુરુષોં કે શુદ્ધાત્મદ્રવ્ય સે વિપરીત...**' '**भवमल**' '**भवमल**' ની વ્યાખ્યા કરે છે. આહાહા..! નિર્મળાનંદમાં લીન થાય છે તેના ભવમળનો નાશ થાય છે. ભવમળ એ નિર્મળ આનંદની પરિણતિમાં ચાલી જાય છે, નાશ થઈ જાય છે. આહાહા..! પાણીમાં જેમ પગ ચાલ્યો જાય એમ આ જડ પ્રવાહમાં ચાલ્યો જાય, નાશ થઈ જાય. આહાહા..!

'**વિપરીત અશુદ્ધભાવ કે કારણ જો કર્મ હૈં, વે સબ...**' '**बहित्वा यांति**' '**શુદ્ધાત્મ પરિણામરૂપ જો જલકા પ્રવાહ ઉસમેં બહ જાતે હૈં.**' આહાહા..! પાણીના ધોધ સમ્યક્ શાંતિની પ્રગટી તેમાં રાગનો નાશ થઈ જાય છે. આહાહા..! આમ કહે છે. આહા..! એ વહી જાય છે. નાશ કરે છે એમ પણ નથી કહ્યું. અહીંયાં આમ ઠર્યો એટલે રાગ ઉત્પન્ન થતો નથી અને રાગ નાશ થાય છે, વયો જાય છે, જળ પ્રવાહમાં. એમ કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાતું બાપુ આવી વાતો. આ તો સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરના દરબારની વાતું છે. આહાહા..! ત્રણલોકના નાથના વિરહ પડ્યા ભરતમાં. અને ઝઘડા ઊભા થયા બધા. આહાહા..!

બાપ મરી જાય, લક્ષ્મી નાશ થાય, છોકરા વઢે પછી. આહાહા..! એક જ ઓટલે મકાન હોય બધાના. બે બે થાંભલા રાખે છે ને? બે થાંભલા રાખે એટલે વચ્ચે પછી દિવાલ નાખી દે. એક ઓસરીએ ચાર છોકરા હોય તો આઠ ઓરડા કર્યા હોય આમ. બબ્બે રાખ્યા હોય. પહેલેથી રાખ્યા

હોય. જુદા પડે ત્યારે બે બે થાંભલાને છેડો... બારણા ન રાખે મોટી ઓસરી હોય. વચ્ચે એનું બારણું જુદું, એનું બારણું જુદું. એની પહેલેથી વહેંચણી કરે. આ પહેલેથી વહેંચણી કરી નાખે છે. આહાહા..! એ રાગ અને મતિજ્ઞાનની પર્યાયથી રહિત. આહાહા..! નિર્મળાનંદ પ્રભુ, એના ધ્યાનથી **'भवमलानि बहित्वा'** ભવનો મેલ જે રાગાદિ છે એ ચાલ્યો જાય છે. મેલ ચાલ્યો જાય છે. આહાહા..! વ્યાખ્યા આવી.

ભવ અને ભવના ભાવરહિત પ્રભુ પરમસમાધિ સ્વરૂપ તેમાં લીન થતાં. આહાહા..! ભવનો મેલ વયો જાય છે કહે છે. પાણીના ધોધના ધોરે જેમ મેલ કાંકરા હોય એ પણ આમ ખસી જાય જરી. પાણીનો પ્રવાહ ઝાઝો હોય તો. આહાહા..! એમ ભગવાનઆત્મા અપવાસ કરે તો કર્મ ખસે, એમ નથી અહીંયાં કહ્યું. હા કહ્યું અહીંયાં પણ ઉપવાસનું કહ્યું. જે પરમસમાધિ શાંતરૂપ ઉપ નામ સમીપે, વાસ નામ વસે. તો એનાથી ભવનો મેલ નાશ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? વાતે વાતે ફેર લાગે એટલે પછી શું થાય? આહાહા..!

અને આ તો આમાં છે એનું સ્પષ્ટીકરણ થાય છે. એટલે આવા સ્પષ્ટીકરણને એમ કહે કે ઘરનો અનુવાદ કર્યો. લાલભાઈ! એમ કહે છે એ. પ્રભુ! એમ રહેવા દે બાપા! ભગવાન આ તો ભગવાનની વાતું, ભગવાનના સંદેશા છે. આહાહા..! ભાઈ! તને અનંતકાળથી ચોર્યાસીના અનંત અવતાર કર્યા પણ તારા પ્રભુનું માહાત્મ્ય તને ન આવ્યું. પ્રભુના માહાત્મ્ય કર્યા, પરમેશ્વરના, વીતરાગના એના. પણ તારું માહાત્મ્ય ન આવ્યું. આહાહા..! કેમકે એ માહાત્મ્યવાળી ચીજ છે એ પર્યાયમાં આવતી નથી. આહાહા..! અને પર્યાયમાં રમતું એની અનાદિની ત્યાં રુચિમાં પડ્યો છે એ. આહાહા..! **'पज्जयमूढा हि परसमया'**

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા દ્રવ્ય, ગુણ, પર્યાયની તકરાર કરતા હતા એક ફેરી. ઈંદોરમાં ચાલતું હતું. શિબિરમાં. દ્રવ્ય, ગુણ અને પર્યાય આ ત્રણ શું અરે! એ પણ સાંભળ્યું નહિ. જે જૈનના એકડા હજી. એકડાના મીંડા. દ્રવ્ય, ગુણ. દ્રવ્ય એટલે વસ્તુ. અનંત શક્તિનો સાગર તે દ્રવ્ય અને એની શક્તિઓ તે ગુણ અને તેની વર્તમાન દશા તે પર્યાય.

મુમુક્ષુ :- એ વાત ચાલતી જ નહોતી.

ઉત્તર :- ચાલતી. આહાહા..! પણ અહીં તો હવે ચાલે છે ઘણાં વર્ષથી. ૪૨ વર્ષ તો અહીંયાં થયા. ફાગણ વદ ૩, ૯૧માં આવ્યા છીએ અને આ ફાગણ વદ ૩, ૪૨ પૂરા થઈ ગયા. આહાહા..! અહીંયાં તો પહેલેથી આ માંડી છે. આહાહા..! ભાઈ! તું કોણ છો જો તને. તારી તને જેટલી કિંમત છે એ કિંમત તે ટાંકી નથી. આહાહા..! એક લાકડાનો ભારો લઈને આવે અને એને એમ થાય કે જો આનો એક રૂપિયો લેવાશે. ઓલો કહે કે આઠ આને લેવું છે? હાલ, હાલ, તને કિંમત કરતા આવડતી નથી. એ કોળી હોય એ કહે શેઠિયાને.

મુમુક્ષુ :- લીધા લીધા.

ઉત્તર :- લીધા લીધા હવે. શેઠાણીને કહે ઓલીયું શેઠાણીયું બોલી હોય ને. આઠ આને આપો આઠ આના. અત્યારે મોંઘુ થઈ ગયું છે ને આ લાકડાને. ભારો ઉપાડીને લાવ્યા હોય બિચારા મણનો ક્યાંક આઘેથી. પાછા આમ ગોઠવ્યા હોય પાછા પોલા અને પોચાને અંદર. પણ એક રૂપિયેથી ઓછો ન હોય. બોલ આઠ આના દેવું છે? લીધા લીધા કહે.

એમ અહીં પરમાત્મા કહે છે કે પરમાત્મા પૂર્ણ આનંદનો નાથ એને પુણ્ય પરિણામથી મને મળે એવું છે? કે લીધા લીધા ચાલ. આહાહા..! એની પર્યાયને લક્ષે મળે એવો છે. હાલ, હાલ. આઘો ચાલ. અહીં તો એ કહે છે. એ બધો મેલ નાશ થાય જાય છે. આહાહા..! '**શુદ્ધાત્મ પરિણામરૂપ જો જલકા પ્રવાહ ઉસમેં બહ જાતે હૈં.**'

'**ભાવાર્થઃ- જહાં જલકા પ્રવાહ આવે, વહાં મલ કૈસે રહ સકતા હૈ,...**' આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખીચડો ચાલ્યો જાય બધો. કાં કાંઠે કાઢી નાખે, કાં દરિયા ભેગો કરી નાખે. આહાહા..!

ઓલી નદી નથી? વૈચાક પર્વતમાં બે નદી છે. ભગવાને વૈચાક પર્વત છે ને? એમાં વચ્ચે નદી છે બે. એક ઉન્મગ્ન અને નિમગ્ન. એક નદી એવી છે કોઈપણ વસ્તુ અંદર પડે તો નીચે લઈ જાય. અને એક નદી એવી છે કે કોઈપણ વસ્તુ અંદર પડે તો બહાર કાઢી નાખે. સમજાણું કાંઈ? આહાહા..! એમ મિથ્યાત્વ અને અજ્ઞાનભાવ છે એ સંસારને ઊંડો લઈ જાય છે એને. અને આ સમ્યગ્દર્શન ભાવ છે એ તારી નાખે છે. નદી છે એ શાસ્ત્રમાં લખી છે. એ નદીનો જ એવો સ્વભાવ છે. એમાં જે કોઈ માણસ પડે તો ઊંડામાં લઈ જાય. અને એક બીજી નિમગ્ન છે એમાં પડે તો પાણીનો પ્રવાહનો સ્વભાવ છે કે કાઢી નાખે એને. આહાહા..! એમ જીવનો સ્વભાવ એવો પ્રવાહ છે. આહાહા..! એય!

એ કહે છે ને જુઓને. '**भवमलानि बहित्वा यांति**' '**શુદ્ધાત્મ પરિણામરૂપ જો જલકા પ્રવાહ ઉસમેં બહ જાતે હૈં.**' આહાહા..! એ ગાથા. ૧૮૯ થઈ ને?

---

## ગાથા-૧૯૦

अथ-

**३२१) सयल-वियप्पहँ जो विलउ परम-समाहि भणंति।**
**तेण सुहासुह-भावडा मुणि सयल वि मेल्लंति।।१९०।।**
सकलविकल्पानां यः विलयः (तं) परमसमाधिं भणन्ति।
तेन शुभाशुभभावान् मुनयः सकलानपि मुञ्चन्ति।।१९०।।

भणंति कथयन्ति। के ते। वीतरागसर्वज्ञाः। कं भणन्ति। परम-समाहि वीतरागपरमसामायिकरुपं परमसमाधिं जो विलउ यं विलयं विनाशम्। केषाम्। सयल-वियप्पहं निर्विकल्पात्परमात्मस्वरुपात्प्रतिकूलानां समस्तविकल्पानां तेण तेन कारणेन

मेल्लंति मुञ्चन्ति। के कर्तारः। मुणि परमाराध्यध्यानरतास्तपोधनाः। कान् मुञ्चन्ति। सुहासुह-भावडा शुभाशुभमनोवचनकाय व्यापार रहितान् शुद्धात्मद्रव्याद्विपरीतान् शुभाशुभभावान् परिणामान्। कति संख्योपेतान्। सयल वि समस्तानपि। अयं भावार्थः। समस्तपरद्रव्याशारहितात् स्वशुद्धात्मस्वभावाद्विपरीता या आशापीहलोकपरलोकाशा यावत्तिष्ठति मनसि तावद् दुःखी जीव इति ज्ञात्वा सर्वपरद्रव्याशारहितशुद्धात्मद्रव्यभावना कर्तव्येति। तथा चोक्तम्-''आसापिसायगहिओ जीवो पावेइ दारुणं दुक्खं। आसा जाहं णियत्ता ताहं णियत्ताइं सयलुदुक्खाइं।।''।।१९०।।

---

आगे परमसमाधिका लक्षण कहते हैं-

गाथा-१९०

अन्वयार्थः- [यः] जो [सकलविकल्पानां] निर्विकल्पपरमात्मस्वरुपसे विपरीत रागादि समस्त विकल्पोंका [विलयः] नाश होना, उसको [परमसमाधिं भणंति] परमसमाधि कहते हैं, [तेन] इस परसमाधिसे [मुनयः] मुनिराज [सकलानपि] सभी [शुभाशुभविकल्पान्] शुभ-अशुभ भावोंको [मुंचंति] छोड़ देते हैं।

भावार्थः- परम आराध्य जो आत्मस्वरुप उसके ध्यानमें लीन जो तपोधन वे शुभ-अशुभ मन, वचन, कायके व्यापारसे रहित जो शुद्धात्मद्रव्य उससे विपरीत जो अच्छे-बुरे भाव उन सबको छोड़ देते हैं, समस्त परद्रव्यकी आशासे रहित जो निज शुद्धात्मस्वभाव उससे विपरीत जो इस लोक परलोककी आशा, वह जब तक मनमें स्थित है, तबतक यह जीव दुःखी है। ऐसा जानकर सब परद्रव्यकी आशासे रहित जो शुद्धात्मद्रव्य उसकी भावना करनी चाहिये। ऐसा ही कथन अन्य जगह भी है- आशारुप पिशाचसे धिरा हुआ यह जीव महान् भयंकर दुःख पाता है, जिन मुनियोंने आशा छोड़ी, उन्होंने सब दुःख दूर किये, क्योंकि दुःखका मूल आशा ही है।।१९०।।

---

વળી, (હવે પરમસમાધિનું લક્ષણ કહે છે) :-

ભાવાર્થઃ- નિર્વિકલ્પ પરમાત્મ સ્વરૂપથી પ્રતિકૂળ સમસ્ત વિકલ્પોનો વિનાશ થવો તેને વીતરાગસર્વજ્ઞદેવ, વીતરાગ પરમ સામાયિકરૂપ પરમ સમાધિ કહે છે, તે કારણે પરમઆરાધ્યધ્યાનરત તપોધનો સમસ્ત શુભાશુભ મનવચનકાયવ્યાપારથી રહિત એવા શુદ્ધઆત્મદ્રવ્યથી વિપરીત શુભાશુભ પરિણામોને છોડે છે.

ભાવાર્થ એમ છે કે સમસ્તપરદ્રવ્યની આશાથી રહિત એવા સ્વશુદ્ધ આત્મસ્વભાવથી વિપરીત જે આ લોક અને પરલોકની આશા જ્યાં સુધી મનમાં રહે છે ત્યાં સુધી જીવ દુઃખી છે, એમ જાણીને સર્વપરદ્રવ્યની આશા રહિત એવા શુદ્ધ આત્મદ્રવ્યથી ભાવના

કરવી જોઈએ. વળી કહ્યું છે કે-

''आसापिसायगहिओ जीवो पावेइ दारुणं दुक्खं।
आसा जाहं णियत्ता ताहं णियत्ताई सयलुदुक्खाइं।।''

(અર્થઃ- આશારૂપી પિશાચથી ગ્રહાયેલો જીવ દારુણ દુઃખ પામે છે. જેમણે આશા છોડી તેઓ સર્વ દુઃખોથી મુક્ત થયા છે.) ૧૯૦.

## ગાથા-૧૯૦ ઉપર પ્રવચન

૧૯૦. '**આગે પરમસમાધિ કા લક્ષણ કહતે હૈં-**' હવે લક્ષણ કહે છે.

**૩૨૧) सयल-वियप्पहँ जो विलउ परम-समाहि भणंति।**
**तेण सुहासुह-भावडा मुणि सयल वि मेल्लंति।।१९०।।**

આહાહા..! '**જો...**' '**सकलविकल्पानां**' '**નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ સે વિપરીત...**' વિકલ્પની વ્યાખ્યા કરે છે. વિકલ્પ એટલે પુણ્ય-પાપના વિકલ્પ છે કેવા? કે નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વથી વિપરીત છે એ તો. સમજાણું કાંઈ? '**सकलविकल्पानां**' '**નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ...**' વ્યાખ્યા કરી પહેલી. કેવો છે ભગવાનઆત્મા? આ પરમાત્માની વ્યાખ્યા છે ને? આ પરમાત્મસ્વરૂપ છે ને? એ પરમાત્મસ્વરૂપ જ નિર્વિકલ્પ આત્મા છે. આહાહા..! નિર્વિકલ્પ એટલે રાગ વિનાની ચીજ અને અભેદ પરમાત્મતત્ત્વ સ્વરૂપ એવો પ્રભુ, એનાથી વિપરીત '**સમસ્ત રાગાદિ સમસ્ત વિકલ્પોં કા...**' લ્યો! આહાહા..!

અહીં તો વ્યવહારરત્નત્રયને તો પરમાત્મતત્ત્વથી વિપરીતભાવ કહ્યો. વિપરીતભાવથી આ આત્મા પ્રાપ્ત થાય? બહુ આકરું પડે લોકોને. સૂઝ પડી નથી, મળ્યું નથી સાંભળવા. એટલે બિચારા બહારની ક્રિયાકાંડમાં ધર્મ કરીએ છીએ. એ પણ બાહ્ય ક્રિયાદિ વ્યવહાર શાસ્ત્ર કહે છે એ પણ અત્યારે ક્યાં છે? આહાહા..! નવમી ગ્રૈવેયક ગયો ત્યારે જે ક્રિયા કરી હતી એવી ક્રિયા તો અત્યારે છે ક્યાં? આહાહા..! એવી બધી ક્રિયાઓના વિકલ્પથી રહિત પ્રભુ નિર્વિકલ્પ છે અંદર. આહાહા..!

'**સમસ્ત વિકલ્પોં કા નાશ હોના,...**' આહાહા..! ત્રણ વાત કરી. પરમાત્મતત્ત્વ નિર્વિકલ્પ છે, અભેદ છે, સામાન્ય શુદ્ધચૈતન્ય. એનાથી વિપરીત વિકલ્પ. આહાહા..! એનો નાશ થવો. આહાહા..! છે? '**ઉસકો પરમસમાધિ કહતે હૈં,...**' નિર્વિકલ્પ ભગવાન, એનાથી વિપરીત વિકલ્પો, એનો નાશ થવો. આહાહા..! એને પણ એને ધર્મ કહે છે. આહાહા..! આવું છે. એને પછી હવે એમ થાય કે અરેરે! ખબર નથી. પાખંડ ધર્મ છે એ પાખંડ. અરે! પ્રભુ! ભાઈ! તને આ ન શોભે પ્રભુ ભાઈ! આહાહા..! પાખંડ છે ખરો. પણ પાપને ખંડે એ પાખંડ. આવે છે ને પાખંડી નહિ? સમયસારની છેલ્લી ૧૩ ગાથા. પાખંડી. પાખંડી એને કહ્યા છે કે મુનિને પાખંડી કીધા છે. આહાહા..! આનંદના નાથમાં ઝૂલે છે તે પાખંડી, પાપના ખંડ કરનારા. પાપ શબ્દે સંસારનો વિકારીભાવ બધો. આહાહા..! માર્ગ તો આવો છે, પ્રભુ! તું એવો છો. તું પણ એવો છો. એને તું હીણો ન માન, એને

તું રાગથી લાભ થાય એમ ન માન ભાઈ! આહાહા..! તને કલંક લાગે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ઓલા શેઠ હતા ને શેઠ દીપચંદજી શેઠિયા. એ સાંભળ્યું દીપચંદજી શેઠિયા. ત્યાંના બધા માણસ આવ્યા હતા કહે છે. ત્યાં હતા તમે? ભાઈએ કહ્યું હતું બાબુભાઈએ. બધું કુટુંબ આવ્યું હતું ત્યાં. હતા ને તમે? શેઠ કહી ગયા છે ચાર દિ' પહેલાં. તમે બરાબર જાજો. .. અમારે દર્શન કરવા છે એટલો જરીક કંઈક ભાવ બાર મહિને સાંભળ્યા હોય અત્યાર સુધી સાંભળ્યા નહોતા. આહાહા..! એમના જે મામા હતા. એને ઘણા પૈસા. અત્યારે તો પૈસાની કિંમત રહી નહિ. દસ કરોડ તો તે દિ' હતા. દસ કરોડ. અત્યારે તો પૈસાની કિંમત ઘટી ગઈ છે ને. એટલે દસ કરોડના પૈસા એકલું અંદર સોનું ને રતન ને હીરા ઘરે. સરદારશહેર. સરદાર શહેરના. તેરાપંથી હોં. એ એને પૈસા ઘણા. પછી એકવાર એના મામાને કોકે કીધું કે તમે પૈસા તમારા ગયા છે અને નાશ થઈ ગયા પૈસા તમારા. એવું લખી ગયા કોક બહાર લખી ગયા.

મુમુક્ષુ :- દેવાળુ કાઢ્યું.

ઉત્તર :- દેવાળુ કાઢ્યું. શેઠે દેવાળુ કાઢ્યું. ભાઈ! ત્યાં બહાર લખે શું અહીં આવીને લખે દાદરે. મારી પાસે શું છે એ એને ક્યાં ખબર છે? એને ક્યાં ખબર છે? પૈસા દસ કરોડ હોં આ તો તે દિ'ની વાત છે. ૨૫-૩૦-૪૦ વર્ષ પહેલાં. એકલા હીરા ને માણેક સંગ્રહેલા. સોનું, હીરા ને માણેક. આહાહા..! એને પછી કોક કહે દેવાળુ કાઢ્યું શેઠે. બહાર લખ્યું એણે. અંદર ન લખ્યું. પણ અહીંયાં આવીને દાદરે લખે નહિ. મારી પાસે છે એ મને ખબર નથી?

એમ અહીંયાં કહે છે કે આત્મા રાગવાળો છે. દેવાળુ કાઢ્યું એણે. બાપુ! એ નથી. આહાહા..! એ તો દિવસને વાળનારો એવી દિવાળી છે એ. આહાહા..! ભગવાન અમૃતનો સાગર, જેમાં અમૃતનો રસ ઠાંસોઠાંસ ભર્યો છે. અમૃત રસવાળો આત્મા, અનંતજ્ઞાનવાળો આત્મા, જે ગુણથી કહો તે ગુણવાળો આખો આત્મા. આહાહા..! બેસવું કઠણ ભાઈ! એણે બેસાડવું પડશે ભાઈ! હીતને માટે કરવું હોય તો. બાકી તો કરે છે.

કહે છે કે '**સમાધિસે મુનિરાજ સભી શુભ-અશુભ ભાવોં કો છોડ દેતે હૈં.**' એમ આવે. શુભ અને અશુભ બેય ભાવને છોડે છે. આહાહા..! એમ નથી કે શુભભાવથી એને લાભ થાય નિશ્ચયનો માટે શુભભાવ કરે છે. આહાહા..! આવી વાતું પ્રભુની. વીતરાગમાર્ગ વીતરાગભાવથી પ્રગટે એ એની ખબર નથી. આહાહા..! મુનિઓ પરમાતત્વ સે વિપરીત વિકલ્પો રાગ, એનો નાશ કરે છે. એને પરમસમાધિ કહીએ. એ '**પરમસમાધિ સે મુનિરાજ સભી શુભ-અશુભ ભાવોં કો છોડ દેતે હૈં.**' આહાહા..! '**મુંચંતિ**' છૂટી જાય છે ને એને છોડે છે એમ કહેવામાં આવે છે. બાકી આ શુભ-અશુભ છોડું છું એ ત્યાં ક્યાં છે? આનંદસ્વરૂપમાં મગ્ન થતાં શુભાશુભભાવ ઉત્પન્ન થતાં નથી તેને છોડે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! એવી વાતું છે. '**શુભ-અશુભ ભાવોં કો છોડ દેતે હૈં.**'

'**ભાવાર્થઃ- પરમ આરાધ્ય જો આત્મસ્વરૂપ...**' આહાહા..! ભાષા દેખો. છે? મુનિ. '**परमाराध्यध्यानरतास्तपोधनाः**' છે ને? સંસ્કૃતમાં છે. '**परमाराध्यध्यानरतास्तपोधनाः**' આહાહા..! કેવા છે મુનિઓ? '**પરમ આરાધ્ય જો આત્મસ્વરૂપ...**' આહાહા..! એ સેવવાલાયક, આરાધવાલાયક ભગવાનનું સ્વરૂપ આત્માનું પોતાનું છે. દેવ-ગુરુને આરાધવા છે એ તો વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ? પરમ આરાધ્ય, પરમ સેવવા લાયક, આરાધન કરવા લાયક એવો જે ભગવાનઆત્મા. આહાહા..! આ પરમ આરાધ્ય, ઉત્કૃષ્ટ આરાધવાયોગ્ય હોય તો પ્રભુ આત્મા છે એમ કહે છે. દેવ-ગુરુ ને શાસ્ત્રને આરાધવા અને જાત્રા ને ડુંગરાને આરાધવા એ તો બધો શુભ વિકલ્પ છે. આહાહા..! આવી વાતું છે. આમાં છે એનું સ્પષ્ટીકરણ છે. છે?

'**પરમ આરાધ્ય જો આત્મસ્વરૂપ ઉસકે ધ્યાન મેં લીન...**' એના ધ્યાનમાં લીન એ તપોધન છે. એ મુનિ છે. આહાહા..! જેને તપરૂપી ધન છે. એટલે? વીતરાગી આનંદની દશારૂપી જેને ધન છે. તપ એટલે એ. આહાહા..!

મુમુક્ષુ :- તપોધન તો બ્રાહ્મણો પણ હોય છે.

ઉત્તર :- બ્રાહ્મણ પણ તપોધન હોય છે. અમારે ગઢડામાં છે. વકીલ છે એક. તપોધન છે. આ તપોધન જુદા. એ નાતના તપોધન. આ જાતના તપોધન. એની જાત જ તપોધન છે. આહાહા..! મુનિ બાપા! કોને કહેવા? ગજબ વાતું ભાઈ! મુનિ એટલે પરમેશ્વર. પંચપરમેષ્ઠી તે મુનિ છે. આહાહા..! એ પરમ આરાધ્ય આત્માને આરાધે છે. પર્યાયને આરાધતા નથી, રાગને આરાધતા નથી, નિમિત્તને આધીન નથી. આહાહા..!

'**ધ્યાન મેં લીન જો તપોધન વે શુભ-અશુભ મન, વચન, કાય કે વ્યાપાર સે રહિત...**' લ્યો! કારણ કે શુભ-અશુભભાવ તો બંધના કારણ છે. આત્માનું આરાધન તે અબંધનું કારણ છે. આહાહા..! સ્વઆશ્રય. સ્વ અધિકારી. પંચાધ્યાયીમાં આવ્યું હતું ને કહ્યું છે. એ શબ્દ છે સ્વઅધિકારી. સ્વ આત્માનો અધિકારી આત્મા. આહાહા..! જેનો સ્વ, સ્વ એટલે દ્રવ્યસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ, નિર્વિકલ્પસ્વરૂપ તેનો અધિકાર સમકિતી છે. આહાહા..! સ્વનો અધિકારી સમકિતી છે. પરનો અધિકારી પર્યાયનો અધિકારી આત્મા નહિ. આહાહા..!

ઓલું આવ્યું છે ને ૧૭-૧૮માં નહિ? એવી ગાથા લીધી અહીં. કે જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. છે ને ૧૭-૧૮? છે અહીં નથી આવ્યું? નથી આવ્યું. એમાં એ ગાથા આવી છે. ભાઈને બતાવી હતી. આવી. આબાળ-ગોપાળ આત્માને અનુભવ આત્મા જ આવે છે. પંચાધ્યાયી. આ તો ૧૭-૧૮ ગાથા સમયસારની. એમાં આવે છે. એ વાત ત્યાં મૂકી છે એણે. એ લોકો પૂર્વના પંડિતો તો શાસ્ત્રમાં પૂછે તેનું સ્પષ્ટીકરણ કર્યું છે. ઘરનું કાંઈ નહિ. બધા શાસ્ત્ર જુઓ તો શાસ્ત્રમાંથી વાત કાઢી. આ ગાથા છે. ત્યાં લીટી કરી છે. બતાવી છે એમને ચંદુભાઈને. .. એમ કરીને છે કાંઈક. સ્વતંત્રપણે... એટલે આબાળ-ગોપાળ. ત્યાં આબાળ-ગોપાળ છે ને? ત્યાં અહીં વૃદ્ધ થી બાળ એ બધા જીવોને આત્મા જ અનુભવમાં આવે છે. આહાહા..! પણ દૃષ્ટિમાં વિપરીતને

લઈને એ જ્ઞાનમાં આનંદ આવે છે, આત્મા જણાય છે એ એને આવતું નથી. આહાહા..! જુઓને. પંચાધ્યાયીકારે શાસ્ત્રના આધારની વાતું સમયસારની ૧૭-૧૮ની વાત છે એમાં લ્યો. આહાહા..! આજે આવ્યું હતું. કે જુઓ આમાં આચાર્યો જે કહે છે એ વાતને નાખે એ લોકો. ઘરનું પંડિત કાંઈ નહિ. એનું સ્પષ્ટિકરણ કરે. આહાહા..! આબાળ-ગોપાળને આત્મા અનુભવમાં જ આવે છે. છતાં મિથ્યાદષ્ટિ, ભ્રાંતિને લઈને એને એ ભગવાન ભાસતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. એવું કાંઈ ચાલે. લ્યો. નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય એટલે પરમસત્ય પ્રભુ. એની વાત છે આ. આહાહા..!

પરમસત્ય સાહેબો મહા પરમસત્ય જગતનું તત્ત્વ પોતે છે. આહાહા..! અને પોતાની અપેક્ષાએ તો બીજી કોઈ ચીજ છે જ નહિ. એની અપેક્ષાએ ભલે હો, આની અપેક્ષાએ બધા અસત્ છે. પોતે જ પરમસત્ય છે. આહાહા..! સ્વયં પોતે પરમસત્ય પ્રભુ. આહાહા..!

કહે છે '**પરમ આરાધ્ય જો આત્મસ્વરૂપ ઉસકે ધ્યાન મેં લીન જો તપોધન શુભ-અશુભ મન, વચન, કાયકે વ્યાપાર સે રહિત...**' આહાહા..! '**શુદ્ધાત્મદ્રવ્ય ઉસસે વિપરીત...**' હવે શુદ્ધાત્મદ્રવ્યથી વિપરીત શું? '**જો અચ્છે-બુરે ભાવ...**' એ શુભ-અશુભભાવ શુદ્ધાત્માના દ્રવ્યથી વિપરીત છે. છે ને? ચાહે તો તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ શુદ્ધાત્મતત્ત્વથી વિપરીત છે. આહાહા..! આવી વાતું. '**અચ્છે-બુરે ભાવ ઉન સબકો છોડ દેતે હૈં,...**' આ શુભ છે અને આ સારા છે એ કાંઈ નથી. બેય છોડી દે. આહાહા..! ત્યારે એને આત્માનું ધ્યાન નામ લીનતા થાય છે. એ લીનતા તે ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સમસ્ત પરદ્રવ્યકી આશા સે રહિત...**' લ્યો! '**જો નિજ શુદ્ધાત્મસ્વભાવ ઉસસે વિપરીત જો ઈસ લોક પરલોકકી આશા, વહ જબ તક મન મેં સ્થિત હૈ, તબતક યહ જીવ દુઃખી હૈ.**' એની વિશેષ વ્યાખ્યા આવશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, ચૈત્ર સુદ ૫, ગુરુવાર
## તા. ૨૪-૦૩-૧૯૭૭, ગાથા-૧૯૦-૧૯૧, પ્રવચન નં. ૨૩૧

પરમાત્મપ્રકાશ. ૧૯૦નો છેલ્લો કળશ છે ને બાકી થોડો? થોડું લીધું હતું. ફરીને થોડું. '**આશારૂપ પિશાચ સે ઘિરા હુઆ...**' શું કહે છે? જેને આત્મા આનંદસ્વરૂપ છે એવો અનુભવ નથી, એની એને ભાવના નથી. એ આશા પરની આશાથી ઘેરાઈ ગયેલો છે. છે? '**આશારૂપ પિશાચ...**' ઈચ્છા. શુભ-અશુભભાવની ઈચ્છા એ પોતે પિશાચ છે. આહાહા..! ભગવાન તો આશારહિત સ્વરૂપ છે એનું. એવા સ્વરૂપને વિકલ્પ વિનાની ચીજ છે એનું જેને ધ્યાન ને શ્રદ્ધા ને જ્ઞાન નથી, એ જીવ પરની આશામાં ઘેરાઈ ગયા છે.

એ '**આશારૂપ પિશાચ સે ઘિરા હુઆ યહ જીવ મહાન ભયંકર દુઃખ પાતા હૈ, જિન મુનિયોંને આશા છોડી,...**' મુનિ એને કહીએ કે જેને શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો છે. સમજાણું કાંઈ? મહાવ્રત આદિના વિકલ્પ છે એ કાંઈ મુનિપણું નથી. જેને શુદ્ધસ્વભાવનો શુદ્ધ ઉપયોગ પ્રગટ્યો છે તે મુનિને. એમ કહે છે. આશા છોડી છે એણે. પરની આશા છોડી છે. સ્વની ભાવનામાં રહેલો પરની આશા છોડી છે. આહાહા..! મુનિ એટલે તો ચારિત્રવંત. ચારિત્રવંત એટલે સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત એટલે કે શુદ્ધઉપયોગી. આહાહા..! એને શુદ્ધઉપયોગમાં પોતાની ભાવના છે. પરની આશા છે નહિ. આહાહા..!

'**ઉન્હોંને સબ દુઃખ દૂર કિયે,...**' જેણે પરતરફની આશા, વિકલ્પ છોડ્યો એણે બધા દુઃખને દૂર કર્યા. કારણ કે વિકલ્પ પોતે આશા એ દુઃખ છે. આહાહા..! '**ક્યોંકિ દુઃખ કા મૂલ આશા હી હૈ.**' આહાહા..! સ્વપદાર્થ સિવાય પરપદાર્થની કોઈપણ આશા. આહાહા..! એ દુઃખરૂપ છે. પૈસા, આબરૂ, કીર્તિ એ તો ધૂળ છે બહારની. એની આશા તો પાપ છે. પણ અહીં તો કહે છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની આશા રાખવી, આહાહા..! એ આશા દુઃખ છે. અને એ આશાનો જેણે નાશ કર્યો એણે દુઃખનો નાશ કર્યો. આહાહા..!

મુમુક્ષુ :- શિષ્યોને ગુરુની આશા તો હોય ને.

ઉત્તર :- કાંઈ આશા કોઈને નહિ. કોણ ગુરુ અને કોણ શિષ્ય છે ક્યાં? કોણ કોનો ગુરુ? ગુરુ પોતે પોતાનો છે. આહાહા..! પર્યાયમાં પોતાને આનંદસ્વરૂપનો ભેટો કર્યો એ પર્યાયનો પિતા આત્મા એ ગુરુ છે. આમ વાત છે. બાહ્ય તો પછી નિમિત્તથી ગુરુ કહેવામાં વ્યવહારથી કહે છે. જે પોતાને પોતાના આનંદસ્વભાવથી રમતમાં રમે એ એને ગુરુ કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ જુદી જાતનો છે ભાઈ આ તો.

મુમુક્ષુ :- ભગવાને બે નય કહ્યા છે.

ઉત્તર :- બે નય તો બીજો નય છે. એની ક્યાં ના છે? પણ એ તો ઉપચારિક છે. આરોપિત છે. વાસ્તવિક નથી. અને વ્યવહારનયને તો લૌકિક નય કીધો છે દ્રવ્યસંગ્રહમાં. લૌકિક નય છે. ખરેખર નય તો શુદ્ધ છે તે નય છે. આહાહા..! ત્યાં આવે છે ને આસ્રવ અધિકારમાં? નયચ્યુતા. નયથી ચ્યુત થાય છે. એટલો જ પાઠ છે. એ નય એટલે શુદ્ધનય. આહાહા..! આસ્રવમાં છે.

પરમાનંદસ્વરૂપ પ્રભુ, પૂર્ણ અનાકુળ આનંદનો સ્વામી પ્રભુ, એને નય કહીએ અને એને જાણે એને નય કહીએ. આહાહા..! એને જ નય કહેવામાં આવે છે. આહાહા..! પાઠ તો એવો લીધો કે નય પરિચ્યુતા. એમ નથી કે વ્યવહાર અને નિશ્ચયનય. એ નય જ વાસ્તવિક છે. વ્યવહારનય તો ઉપચારિક લૌકિક. જાણવા માટે છે એટલું. આહાહા..! એ અહીં કહે છે. જેણે આશા દૂર કરી તેણે દુઃખ દૂર કર્યા. એને આશા જ નથી જરીએ.

ગાથા-૧૯૧

अथ–

३२२) घोरु करंतु वि तव-चरणु सयल वि सत्थु मुणंतु।
परम-समाहि-विवज्जयउ णवि देक्खइ सिउ संतु।।१९१।।
घोरं कुर्वन् अपि तपश्चरणं सकलान्यपि शास्त्राणि मन्यमान।
परमसमाधिविवर्जितः नैव पश्यति शिवं शान्तम्।।१९१।।

करंतु वि कुर्वाणाडपि। किम्। तव-चरणु समस्तपरद्रव्येच्छावर्जितं शुद्धात्मानुभूतिरहितं तपश्चरणम्। कथंभूतम्। घोरु घोरं दुर्धरं वृक्षमूलातापनादिरुपम्। न केवलं तपश्चरणं कुर्वन्। सयल वि सत्थ मुणंतु शास्त्रजनितविकल्पतात्पर्यरहितात् परमात्मस्वरुपात् प्रतिपक्षभूतानि सर्वशास्त्राण्यपि जानन्। इत्थंभूतोडपि सन् परम-समाहि-विवज्जयउ यदि चेद्रागादिविकल्परहितपरमसमाधिविवर्जितो भवति तर्हि णवि देक्खइ न पश्यति। कम्। सिउ शिवं शिवशब्दवाच्यं विशुद्धज्ञानदर्शनस्वभावं स्वदेहस्थमपि च परमात्मानम्। कथंभूतम्। संतु रागद्वेषमोहरहितत्वेन शान्तं परमोपशमरुपमिति। इदमत्र तात्पर्यम्। यदि निजशुद्धात्मैवोपादेय इति मत्वा तत्साधकत्वेन तदनुकूलं तपश्चरणं करोति तत्परिज्ञानसाधकं च पठति तदा परंपरया मोक्षसाधकं भवति, नो चेत् पुण्यबन्धकारणं तमेवेति। निर्विकल्पसमाधिरहिताः सन्तः आत्मरुपं न पश्यन्ति। तथा चोक्तम्-''आनन्दं ब्रह्मणो रुपं निजदेहे व्यवस्थितम्। ध्यानहीना न पश्यन्ति जात्यन्धा इव भास्करम्।।''।।१९१।।

---

आगे ऐसा कहते हैं, कि जो परमसमाधिके रहित है, वह शुद्ध आत्माको नहीं देख सकता–

गाथा-१९१

अन्वयार्थः- [घोरं तपश्चरणं कुर्वन् अपि] जो मुनि महा दुर्धर तपश्चरण करता हुआ भी और [सकलानि शास्त्राणि] सब शास्त्रोंको [जानन्] जानता हुआ भी [परमसमाधिविवर्जितः] जो परमसमाधिसे रहित है, वह [शांतम् शिवं] शांतरुप शुद्धात्माको [नैव पश्यति] नहीं देख सकता।।

भावार्थः- तप उसे कहते हैं, कि जिसमें किसी वस्तुकी इच्छा न हो। सो इच्छाका अभाव तो हुआ नहीं, परंतु कायक्लेश करता है, शीतकालमें नदीके तीर, ग्रीष्मकालमें पर्वतके शिखर पर, वर्षाकालमें वृक्षकी मूलमें महान् दुर्धर तप करता है। केवल तप ही नहीं करता शास्त्र भी पढ़ता है, सकल शास्त्रोंके प्रबंधसे रहित जो निर्विकल्प परमात्मस्वरुप उससे रहित हुआ सीखता है, शास्त्रोंका रहस्य जानता है, परंतु परमसमाधिसे रहित है, अर्थात् रागादि विकल्पसे रहित समाधि जिसके प्रगट न हुई, तो वह परमसमाधिके

बिना तप करता हुआ और श्रुत पढ़ता हुआ भी निर्मल ज्ञान दर्शनस्वरुप तथा इस देहमें बिराजमान ऐसे निज परमात्माको नहीं देख सकता। जो आत्मस्वरुप राग द्वेष मोह रहित परमशांत है। परमसमाधिके बिना तप और श्रुतसे भी शुद्धात्माको नहीं देख सकता। जो निज शुद्धात्माको उपादेय जानकर ज्ञानका साधक तप करता है, और ज्ञानकी प्राप्तिका उपाय जो जैनशास्त्र उनको पढ़ता है, तो परम्परा मोक्षका साधक है। और जो आत्माके श्रद्धान बिना कायक्लेशरुप तप ही करे, तथा शब्दरुप ही श्रुत पढ़े, तो मोक्षका कारण नहीं है, पुण्यबंधके कारण होते हैं। ऐसा ही परमानंदस्तोत्रमें कहा है, कि जो निर्विकल्प समाधि रहित जीव हैं, वे आत्मस्वरुपको नहीं देख सकते। ब्रह्मका रुप आनंद है, वह ब्रह्म निज देहमें मौजूद है; परंतु ध्यानसे रहित जीव ब्रह्मको नहीं देख सकते, जैसे जन्मका अंधा सूर्यको नहीं देख सकता है।।१९१।।

---

વળી, (હવે એમ કહે છે કે પરમસમાધિ વિના શુદ્ધ આત્મા દેખી શકાતો નથી) :-

ભાવાર્થઃ- સમસ્ત પરદ્રવ્યોની ઇચ્છાથી રહિત અને શુદ્ધાત્માની અનુભૂતિથી રહિત એવું, વૃક્ષના મૂળમાં કે આતપનાદિરૂપ (વર્ષાકાળમાં વૃક્ષના મૂળની સમીપમાં, શીતકાળમાં નદીકિનારે અને ગ્રીષ્મકાળમાં પર્વતના શિખર પર) દુર્ધર તપશ્ચરણ કરવા છતાં પણ, વળી શાસ્ત્રજનિત વિકલ્પોના-તાત્પર્યથી રહિત એવા-પરમાત્મસ્વરૂપથી પ્રતિપક્ષભૂત સર્વ શાસ્ત્રોને જાણવા છતાં પણ-(આવો હોવા છતાં પણ) જો મુનિ રાગાદિવિકલ્પથી રહિત એવી પરમસમાધિથી રહિત છે, તો તે રાગદ્વેષમોહસહિત હોવાથી પરમોપશરૂપ શાંત, 'શિવ' શબ્દથી વાચ્ય એવા વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા અને સ્વદેહમાં સ્થિત પરમાત્માને દેખી શકતો નથી.

અહીં, તાત્પર્ય એમ છે કે જો નિજ શુદ્ધ આત્મા જ ઉપાદેય છે એમ જાણીને તેના સાધકપણે તેને અનુકૂળ તપશ્ચરણ કરે છે અને તેના જ્ઞાનના સાધક શાસ્ત્રને ભણે છે તો તે પરંપરાએ મોક્ષનું સાધક છે, નહિ તો તે (તપપશ્ચરણ અને શાસ્ત્રઅધ્યયન) માત્ર પુણ્યબંધનું જ કારણ છે. જેઓ નિર્વિકલ્પ સમાધિ રહિત છે તે સંતો આત્મરૂપને દેખી શકતા નથી. વળી કહ્યું છે કે ''आनन्दं ब्रह्मणो रुपं निजदेहे व्यवस्थितम्। ध्यानहीना न पश्यन्ति जात्यन्धा इव भास्करम्।।'' અર્થ :- બ્રહ્મનું રૂપ આનંદ છે, તે પોતાના દેહમાં રહેલો છે. જેવી રીતે જન્માંધ પુરુષો સૂર્યને દેખી શકતા નથી તેવી રીતે ધ્યાનથી રહિત પુરુષો તેને જોઇ શકતા નથી. ૧૯૧.

## ગાથા-૧૯૧ ઉપર પ્રવચન

હવે ગાથા આવી છે ૧૯૧.

३२२) घोरु करंतु वि तव-चरणु सयल वि सत्थु मुणंतु।
परम-समाहि-विवज्जयउ णवि देक्खइ सिउ संतु।।१९१।।

'**આગે ઐસા કહતે હૈં, કિ જો પરમસમાધિકે રહિત હૈ, વહ શુદ્ધ આત્મા કો નહીં દેખ સકતા...**' આહાહા..! શુદ્ધઉપયોગ પુણ્ય અને પાપના રાગથી રહિત એ શુદ્ધઉપયોગ તે સમાધિ છે. એના વિના આત્માને દેખી શકતો નથી, જાણી શકતો નથી. આહાહા..! આવી વાતું. કહે છે ને? '**જો મુનિ મહા દુર્ધર તપશ્ચરણ કરતા હુઆ...**' બાર-બાર મહિના, છ-છ મહિનાના અપવાસ કરે. મહાવ્રત પાળે, બધો એ ક્લેશ છે, રાગ છે. આહાહા..! મહા દુર્ધર તપશ્ચરણ. જોયું! '**ઔર સબ શાસ્ત્રોં કો જાનતા હુઆ ભી...**' શાસ્ત્રને જાણે અગિયાર અંગ અને નવપૂર્વ. આહાહા..! એથી શું થયું? એ કોઈ વસ્તુ નથી. આહાહા..!

વસ્તુ દુર્ધર કરે, રસ પરિત્યાગ કરે, ગોળ, ખાંડ, સાકર, પકવાન જાવજીવ ન લે. પણ એ તો બહારની ક્રિયાકાંડ છે. આત્માના આનંદરસ આગળ.. સમજાણું કાંઈ? '**શાસ્ત્રોં કો જાનતા હુઆ...**' આહાહા..! પાઠ કેવો લીધો છે? '**सकलानि शास्त्राणि**' બધા શાસ્ત્રો. દ્રવ્યાનુયોગના, ચરણાનુયોગના, કરણાનુયોગના. આ સમયસાર ને એ ભણ્યો. આહાહા..! '**સબ શાસ્ત્રોં કો જાનતા હુઆ...**' ઓલામાં શું કીધું? '**घोरं तपश्चरणं**' એટલે એ શબ્દ વાપર્યો. દુર્ધર તપસ્યા અને અહીંયાં સબ શાસ્ત્ર બેય પૂરું કર્યું. બેય પૂરા. આહાહા..!

'**દુર્ધર તપશ્ચરણ કરતા હુઆ...**' આહાહા..! જંગલમાં વસે, મહિના-મહિનાના અપવાસ કરે. અપવાસને પારણે રસનો ત્યાગ. એક રોટલી ખપે, દાળ જ ખપે. આહાહા..! એવી દુર્ધર તપસ્યા અને '**સબ શાસ્ત્રોં કો જાનતા હુઆ ભી જો પરમસમાધિ રહિત હૈ,...**' આહાહા..! '**જો પરમસમાધિસે રહિત હૈ,...**' આહાહા..! એ વિકલ્પની શાસ્ત્રની અને દુર્ધરતપની ક્રિયાનો જે વિકલ્પ છે એ તો. આહાહા..! એના વિનાનો નિર્વિકલ્પ ભગવાનઆત્મા, એની દૃષ્ટિમાં અને અનુભવમાં ન આવે એને ધર્મ ન થાય. આહાહા..! આવી વાતું છે. એ તો આપણે સવારે ચાલે છે ને એ. એ ચાલ્યું. એ આમાં આવ્યું. આહાહા..! વ્રત ને તપ ને.

વાત એ છે કે પ્રભુ આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે, એમાં જે વિકલ્પ ઉઠાવવો કે આ અપવાસ કરું, આ કરું ને તે કરું, વ્રત પાળું. એ બધો શુભરાગ દુઃખરૂપ બંધનું કારણ છે. આહાહા..! એ પરમશાંતરૂપ સમાધિ એટલે કે વિકલ્પથી રહિત નિર્વિકલ્પ દૃષ્ટિજ્ઞાનરૂપી સમાધિ. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સમાધિ છે. આહાહા..! જેમાં શાંતિની પ્રાપ્તિ છે, એ શાંતિની પ્રાપ્તિ વિના અને એ શાંતિની પ્રાપ્તિમાં શાંતસ્વરૂપ ભગવાન પ્રાપ્ત થાય છે. આહાહા..! એને જે આ કરે છતાં... આહાહા..! છે?

**'જો પરમસમાધિસે રહિત હૈ,...'** આહાહા..! બહુ ટૂંકું અને ઘણું થોડું. આહાહા..! સમ્યગ્દર્શનમાં આત્મા શાંતરૂપ અનુભવમાં ન આવે. ત્યાં સુધી બધી એની ક્રિયાઓ ઘોરતપસ્યાઓ અને શાસ્ત્રના ભણતર સંસાર દુઃખ ખાતર છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો એ કહે છે કે **'શાંતમ્ શિવં નૈવ પશ્યતિ'** છે ને? ભગવાનઆત્માને નહિ દેખે ત્યાં. એમ કહે છે. છે ને? **'ણવિ દેક્ખઇ સિઉ સંતુ।'** આહાહા..! શિવ સંત એવો પ્રભુ શાંત આત્મા. એને પરમસમાધિ શુદ્ધ ઉપયોગ વિના જણાય એવો નથી. **'સિઉ સંતુ' 'શાંતરૂપ શુદ્ધાત્મા કો...' 'શાંતમ્ શિવં'** એમ. શાંતરૂપ શિવ. શિવ એટલે શુદ્ધાત્મા પોતે. આહાહા..! **'નૈવ પશ્યતિ' 'નહીં દેખ સકતા.'**

ઘોર તપસ્યા કરે, બધા શાસ્ત્રને ભણે, વાંચે, પણ શિવ શાંત એવો ભગવાનઆત્મા તેને દેખી નહિ શકે એમાં. આહાહા..! પરને દેખે એ તો પરાધીન વસ્તુ, પરપ્રકાશક વસ્તુ મિથ્યા છે. આહાહા..! શિવ શાંત. આત્માની વ્યાખ્યા કરી. આત્મા શાંત શિવ છે. નિરૂપદ્રવ્ય, સુખરૂપ અને શાંત છે. આહાહા..! એને નહિ દેખી શકે. આવી ઘોર તપસ્યાથી, એનો અર્થ એ આવી ગયો ને? આપણે તપની વ્યાખ્યામાં તો આવી ગયું. શિવમં, તપં, પરિપૂર્ણમ. ૨૭૨, ૭૩. તો તપમાં તો વિનય આવે છે ને? અનશન, ઉણોદરી, રસ ત્યાગ, કાયક્લેશ, પ્રાયશ્ચિત, વિનય. દેવ, ગુરુ અને શાસ્ત્રનો અધિક બહુ જ વિનય કરે. ઘોર વિનય કરે. પરિપૂર્ણ કરે એમ આવ્યું હતું ને? શિલ તવં પરિપૂર્ણં. આહાહા..!

તોપણ અંતર નિર્વિકલ્પ શાંતિ વિના શિવશાંત આત્માને નહિ દેખી શકે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? સાધારણ માણસ બિચારા હજી નિવૃત્તિથી. ચોવીસ કલાકમાં કલાક, બે કલાક પૂજા, ભક્તિ, શ્રવણ કરવું એ લઈ શકતા ન હોય. કે જે પુણ્ય છે. આ દુનિયાના ધંધા, ચંદુભાઈ! આખો દિ' ત્યાં બાવીસ કલાક રોકાય, છ-સાત કલાક ઉંઘમાં જાય, છ-સાત કલાક બીજા જાય. એમ કરતા કલાક, બે કલાક ખાવામાં જાય. આહાહા..! કુટુંબ ને સ્ત્રી આદિને રાજી રાખવામાં જાય. કલાક મળે, સાંભળવા જાય તો એને પુણ્ય બાંધે. શુભભાવ છે. આહાહા..!

મુમુક્ષુ :- એનાય વાંધા છે.

ઉત્તર :- એના પણ વાંધા. આહા..!

હવે એ જેને ધર્મના-પુણ્યના ઠેકાણા નથી એ ધર્મ કે દિ' કરે? આહાહા..! અહીં તો કહે છે કે પુણ્યના ભાવ કર્યા. ઘોર તપસ્યામાં એ આવી જાય છે. આહાહા..! છતાં એનાથી પડખું ફેરવીને નિજ પડખે નિર્વિકલ્પ શાંતિથી જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એને શિવશાંત આત્માને નહિ જાણી શકે. આહાહા..! આવી વાતું છે. આહાહા..! આ દિગંબર સંતો કહે છે. આહાહા..!

**'શાંતરૂપ શુદ્ધાત્મા...'** આહાહા..! એ શાંતરૂપ નિરૂપદ્રવ, આનંદરૂપ આત્મા એમ. **'શાંતમ્ શિવં'** શાંતરૂપ શિવ એટલે નિરૂપદ્રવ એટલે આનંદરૂપ. શાંતરૂપ આનંદરૂપ શુદ્ધાત્મા એ આનંદરૂપ એ શુદ્ધાત્મા. આહાહા..! સમજાણું કાંઈ? પોતાના સ્વને નહિ પામી શકે. એવી વિકલ્પની ક્રિયાઓ અનંતવાર કરે એ સંસાર ખાતુ છે એ તો. આહાહા..! વિકલ્પ વિનાની નિર્વિકલ્પ દૃષ્ટિ ને નિર્વિકલ્પ

ઉપયોગ એ વિના પરમ શાંત, **'शांतम् शिवं'** શાંત અકષાય સ્વરૂપ અને શિવ આનંદરૂપ, ઉપદ્રવ વિનાનું આનંદરૂપ એવો જે ભગવાનઆત્મા નિર્વિકલ્પ સમાધિ વિના પામી શકશે નહિ, દેખી શકશે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આવી વાતું છે. આકરી ભારે. એથી સોનગઢને નામે લોકો બિચારા એય! ત્યાં તો વ્યવહારનો લોપ કરે છે. કહે બાપા! બાપુ! વસ્તુ એવી છે ભાઈ! પણ એને એ ગોઠતું નથી. વ્યવહાર તો, તમે આ વ્યવહાર નથી કરતા? આખો દિવસ આ. તમે આ વાંચવું, સાંભળવું, મંદિર, પૂજા, બાપુ! એ વચ્ચે આવે એ તો વિકલ્પ છે. એ હેયરૂપે છે. એનાથી લાભ થાય એરૂપે એ નથી. અંદરમાં ઠરી શકે નહિ ત્યારે એ ભાવ આવ્યા વિના રહે નહિ. છતાં એ ભાવથી આત્માને ધર્મ થાય, આહાહા..! એમ નથી. દુનિયા માનો, ન માનો, ગોઠે, ન ગોઠે વસ્તુ આ છે.

ભગવાન અંદર આનંદનો મોટો ડાબલો પડ્યો છે કહે છે. એને ખોલવા માટે નિર્વિકલ્પ શાંતિ જોઈશે. એ એની કુંચી છે એ. આહાહા..! દુનિયાને દેખાડવું નથી આમાં કાંઈ. પોતાને દેખવો છે. આહાહા..! અને આમાં કોઈ ધનનો વ્યય, શરીરનું જીર્ણ થવું એવું આમાં કાંઈ છે નહિ. અહીંયાં તો વિકલ્પનો પણ જ્યાં આધાર નથી. આહાહા..! એવો જે ભગવાન શાંત શિવ, અકષાય આનંદરૂપ એને શુદ્ધાત્મા કીધો. અકષાય આનંદરૂપ. નમોત્થુણંમાં આવે છે નહિ? શિવ. શિવમય.. સ્થાનકવાસી શ્વેતાંબરમાં આવે છે. આપણે આવે છે પણ એ બહુ પ્રચાર નથી દિગંબરમાં. નમોત્થુણં આવે છે સામાયિકમાં. નમોત્થુણં અરિહંતાણં. આવે છે. પણ આ શ્વેતાંબરમાં વધારે. ગડિયાનો. વસ્તુની તો ખબર ક્યાં ત્યાં? આહાહા..! અને ત્યાં આ માર્ગ પણ ક્યાં છે? આહાહા..!

દિગંબર સંતોએ જે કહ્યો એ માર્ગ તો બીજે ક્યાંય નથી. આ ભાષા તો જુઓ સંતોની. આહાહા..! જેને સમાજ સમતોલ રહેશે કે નહિ? આ કહેતા અને સાંભળતા સમાજમાં ગડબડી થશે કે નહિ. દરકાર નથી. માર્ગ આ છે. સમજાણું? **'शांतम् शिवं' 'नहीं देख सकता.'** આહાહા..! ભગવાનને ભાળવો હોય તો નિર્વિકલ્પદૃષ્ટિથી ભળાશે. ભગવાનને દેખવા હોય, દર્શન કરવા હોય આત્માના તો વિકલ્પથી નહિ દેખાય. આહાહા..! જે જે સમકિતી થયા અનંતા એણે નિર્વિકલ્પ દૃષ્ટિથી આત્માને દેખ્યો છે. આહાહા..! આવી વાત છે. એટલે વ્યવહારવાળાને આ બહુ લાગે આકરું. એ હતી નહિ વાત. વાત જ બધી વ્યવહારથી ચાલતી હતી. આ કરો.. આ કરો... આ કરો... વ્રત કરો... દાન કરો, મંદિર બનાવો. ગજરથ કરો. હવે એ બધી રાગની ક્રિયાની વાતું હતી. એ તો એને કાળે થયા શુભભાવ હોય છે, પણ એ કાંઈ સાધન નથી અંદર. આહાહા..! પાપથી બચવા માટે એવા શુભભાવ હોય, પણ એ કોઈ ધર્મનું સાધન નથી. આહાહા..!

**'ભાવાર્થઃ- તપ ઉસે કહતે હૈં,...'** જુઓ! હવે તપની વ્યાખ્યા કરે છે. **'કિ જિસમેં કિસી વસ્તુકી ઈચ્છા ન હો.'** ઈચ્છા જ માત્ર ન મળે કોઈ. આહાહા..! **'ઈચ્છા કા અભાવ તો હુઆ નહીં,...'** ઈચ્છાનો અભાવ, વૃત્તિનો ઈચ્છા વિકલ્પ ઉઠે એનો તો અભાવ થયો નથી. આહાહા..! **'પરંતુ કાયક્લેશ કરતા હૈ,...'** આહાહા..! અપવાસ ને છઠ ને આઠમ, આઠ આઠ દિ'ના

અપવાસ, મહિનાના અપવાસ, રસત્યાગ છે. એ કાયક્લેશ છે. ઈચ્છાનો તો અભાવ થયો નથી. આહાહા..! ઈચ્છા નિરોધ તપ. આવે છે ને? ઈચ્છા એટલે કે પુણ્ય ને પાપ બેયની ઈચ્છા વિનાની ચીજ. આહાહા..!

સોનું જેમ ગેરુથી ઓપે અને શોભે છે એમ ભગવાનઆત્મા ઈચ્છા વિનાની નિર્વિકલ્પ દૃષ્ટિથી, નિર્વિકલ્પ શાંતિથી શોભે એને અહીંયાં તપ કહેવામાં આવે છે. આહાહા..! સોનું એક તો પોતે જ પ્રકાશવાળું છે અને એમાં ગેરુ લગાવે તો વધારે પ્રકાશ થાય. એમ જેને આત્માનો સ્વભાવ ચૈતન્યમૂર્તિ શાંતશીલ એનો દૃષ્ટિ ને અનુભવ કર્યો, એમાં સ્થિરતા થઈ, એ ઉપરાંત જેણે ઈચ્છાનો નિરોધ કર્યો એ ઘણો ઓપ્યો આત્મા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો હોય તેને તપ હોય. ચારિત્ર એટલે સમ્યગ્દર્શન હોય તેને ચારિત્ર હોય. હજી સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર નહિ. કરો વર્તન, કરો વર્તન, કરો સદાચરણ. આહાહા..!

મુમુક્ષુ :- સદાચાર કરે.

ઉત્તર :- સદાચાર કરો આ બાપુ! શું સદાચાર બાપુ? આહાહા..! એ તો ઓલો સદાવ્રત નથી આપતા? આ નથી લેવા આવતા બાવા સાધુ? સદાવ્રત. એમ એ વ્રત ને ક્રિયા બધી સદાવ્રત, સદાચરણ, સદાવ્રત જેવો વ્યવહાર છે. એ સદાચરણ છે જ નહિ. આહાહા..! સદાચરણ તો સત્‌સ્વરૂપ ભગવાનઆત્મા શિવશાંત વીતરાગી મૂર્તિ પ્રભુ, એને નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ શાંતિથી અનુભવવો તેને અહીંયાં તપ કહેવામાં આવે છે. આહાહા..! વ્યાખ્યા બહુ ફેર. દરેક વાતમાં ફેર.

'**કાયક્લેશ કરતા હૈ, શીતકાલ મેં નદી કે તીર,...**' બેસે. આમ હીમ પડ્યો હોય હીમ. સરોવર પાણીથી આમ ઉછળતું હોય કાંઠે બેસે મુનિ નગ્ન થઈને. એથી શું કહે છે? એ બધો કાયક્લેશ છે. આહાહા..! આકરું લાગે માણસને? શું થાય પણ બાપુ! મારગડા આવા છે એની તને ખબર પણ નથી. આહાહા..! નદીને તીરે જઈ, આહાહા..! અને તપસ્યા કરે. ખુલ્લે ડિલે એમાં નદીનો પાણીનું પૂર ચાલતું હોય એની હવા, બહાર બેસે એની હવા ઠંડી આમ ઝપટ વાગતી હોય. આહાહા..! અને એમાં પણ જ્યારે શીત અંદર પડ્યું હોય વિશેષ. શું કહેવાય એ? હીમ-હીમ. હીમ પડ્યું હોય. કહે છે કે એ તો ક્રિયા છે. અંદર આનંદના નાથને જાણ્યા વિના. આહાહા..!

શિવશાંત પ્રભુ શાંત શિવ. આહાહા..! અરાગી અકષાયસ્વરૂપ અને શિવસ્વરૂપ પ્રભુ. આનંદસ્વરૂપ એને ઓળખ્યા વિના, એનો અનુભવ વિના, સમ્યક્ વિના એ બધા થોથા છે. આહાહા..! આવું આકરું પડે માણસને. માણસ માર્ગ તો આવો છે બાપુ હજી. જ્યાં આત્મા મૂળ ધર્મ. ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. વસ્તુ ભગવાનઆત્મા એનો સ્વભાવ શું? એનો ધર્મ શું? એ તો આનંદ અને જ્ઞાન એનો ધર્મ ત્રિકાળી હોં ત્રિકાળી. વસ્તુ હવે એ ત્રિકાળી જ્ઞાન અને આનંદની દૃષ્ટિમાં, અનુભવમાં આવે નહિ ત્યાં સુધી આનંદ અને શાંતિ ન આવે નિર્વિકલ્પ, ત્યાં સુધી ધર્મ નથી. વસ્તુનો સ્વભાવ તે ધર્મ પર્યાયમાં આવવો જોઈએ. પર્યાયમાં રાગ આવે એ કાંઈ ધર્મ છે? આહાહા..!

એ કહે છે કે એવા નદીના કાંઠે ભલે પડ્યો હોય. તીર હોં. આહાહા..! આ તો એક વાત આવી હતી મગજમાં ઓલી. રામ-લક્ષ્મણજીએ રાવણને માર્યો છે ને આમ? લક્ષ્મણે રાવણને માર્યો. પછી રામ ને લક્ષ્મણ બેય એના ઓલામાં ગયા છે. જે બાળે છે ને રાવણને જ્યાં ત્યાં સાથે ગયા છે. પુરુષોત્તમ પુરુષો છે ને. ધર્માત્મા છે. આહાહા..! એ તો પદવી છે એટલે જરી. સરોવરને કાંઠે બેઠા છે રામચંદ્રજી અને લક્ષ્મણ બેય. રાવણને બાળે છે તો ગયા હતા સાથે. એટલે મારી નાખ્યો તમે એને. બાપુ! પણ બીજું શું થાય? આ પદવી જ એવી છે બળદેવ, વાસુદેવની કે પ્રતિકુળ કોઈ રહી શકે નહિ સામે. એ પદવીને કારણે આ થયું. અમારો કાંઈ વેરી નથી. આહાહા..! છે? લાલચંદભાઈ! આ તો આમાંથી. આહાહા..!

રામચંદ્રજી લક્ષ્મણ આનંદસ્વરૂપી ભગવાનઆત્માના અનુભવી છે. આહાહા..! આમ રાવણને મારે છે અને બાળવા સાથે જાય છે. મંદોદરી પાસે જાય છે. બા! તું અમારી માતા છો, તું અમારી બહેન છો. આ થયું છે એ આ પ્રમાણે પદવીનું કારણ છે અને આ સ્થિતિ ઊભી થઈ. માતા! અમે બાળવા સાથે આવ્યા. આહાહા..! અંદરમાં એના પ્રત્યે વેર નહોતું. એકતાબુદ્ધિનો રાગ હતો. અને પદવી અમારી આવડી છે એમાં આ ન હોઈ શકે. અમારા સિવાય શું કહેવાય ત્રણ ખંડ. એનો સ્વામી કોઈ હોઈ શકે નહિ બાપુ! એ તો અમારા પુણ્ય એટલા છે ને એ કારણે આ થયું છે. પણ અમે ખેદમાં છીએ અત્યારે. આહાહા..! બાળે છે ને રાવણને. રામ ને લક્ષ્મણ બેઠા હતા. સરોવરને તીરે બેઠા છે. આહાહા..!

ધર્માત્મા જ્ઞાની છે ને? હજી રાગ છૂટ્યો નથી એટલે આ ક્રિયાઓમાં બધી આવી ગયા પણ અંતરમાં એનું સ્વામીપણું રાગનું નથી. આહાહા..! આ કહે છે કે એનાથી વિરૂદ્ધ આત્માના જાણનાર નથી. એ તો આત્માના જ્ઞાની હતા. આહાહા..! એ જાણનાર નથી એ નદીને તીરે બેસે એ પાણીના લોઢ ચાલતા હોય દરિયાની જેવા. વહાણ ચાલતા હોય અને એની હવા લાગે. એ શું? એ તો બહારની ક્રિયા છે કહે છે. આહાહા..! ભગવાનને સ્પર્શ્યો નથી અંદર. અને તે ભગવાનઆત્માનો સ્પર્શ તો નિર્વિકલ્પ અનુભવથી થાય. આહાહા..!

એ કરે તો શું થાય કહે છે. '**ગ્રીષ્મકાલ મેં પર્વત કે શિખર પર,...**' નીચે નહિ. ધોમ તડકો ૧૦૮-૧૦-૧૦ ડિગ્રી અને પર્વત ઉપરથી .. થઈ જાય, તપી જાય. આહાહા..! તો એ શું બાપુ? એ કાંઈ વસ્તુ છે? આહાહા..! ત્રણલોકનો નાથ આનંદનો કંદ પ્રભુ એને તું અંદર સ્પર્શ્યો નથી, એને વેદનમાં આવ્યો નથી. એ તારા જ્ઞાનમાં જ્ઞેય થઈને જણાણો નથી. આહાહા..! ભલે પર્યાયમાં એ વસ્તુ આવતી નથી, પણ પર્યાયમાં એનું જ્ઞાન પર્યાયમાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે બાપુ શું થાય? આ મોટાના કહેણ તો આ છે. આહાહા..! વધાવી લે ભાઈ! સારા ઘરની કન્યા આવતી હોય તો કેમ મોટાના ઘરે આવે તો વધાવે છે. છોકરો સાધારણ હોય પણ કરોડપતિ પોતે હોય અને સામે કરોડપતિ હોય અને દીકરો બીજો ન હોય અને એક જ દીકરી હોય, વાને જરી મોળી-પાતળી હોય તોપણ વધાવી લે. કરોડપતિ છે, અત્યારે દસ લાખ આપશે. મરી

જાશે તો આ ક્યાંય એના છે નહિ અહીં આવશે. અરે! એ મોટાના કહેણ ત્યાં તો સ્વીકાર. પ્રભુ! આ તો ત્રણલોકના નાથના કહેણ આવ્યા છે ને તારે ઘરે. આહાહા..!

આવી તપસ્યા કરતા છતા ધોમ તડકો, લાલ નીચે પત્થર. એવો તપ્યો હોય અને ખુલ્લું શરીર, નગ્ન શરીર. આહાહા..! 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં વળી પર્વતમાં વાઘ ને સિંહ સંયોગ જો.' એ તો ભાનસહિતની ભાવના કરે છે. આહાહા..! 'અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા.' એ કહે છે. એવા સ્થાનમાં પણ આનંદના નાથને જ્યાં અનુભવે છે. આહાહા..! એના વિનાનો કાયક્લેશ એ કાંઈ લાભ કરે એવું નથી. આહાહા..!

**'ગ્રીષ્મકાલ મેં પર્વત કે શિખર પર,...'** એમ પાછું એ પર્વત અને એનું શિખર. આહાહા..! ચારેકોરનું ક્યાંય ઝાડ પાલો નહિ કાંઈ નહિ. આહાહા..! છાંયો નહિ જ્યાં એકદમ તડકો, સૂર્યના કિરણો આમ. એથી શું થયું કહે છે. આહાહા..! પ્રભુ અંદર છે આનંદનો નાથ વીતરાગમૂર્તિ શાંત શિવ. શાંત શિવ. આહાહા..! વીતરાગી આનંદમૂર્તિ પ્રભુ શુદ્ધાત્મા છે ને. એને અંદરમાં નિર્વિકલ્પ સમાધિ દ્વારા એટલે કે નિર્વિકલ્પ શાંતિ શાંતિ દ્વારા, વિકલ્પ છે એ તો અશાંતિ છે. એના રહિત અંદર નિર્વિકલ્પ શાંતિ દ્વારા એને ન દેખે, ત્યાં એ બધું ક્લેશ બધું એકડા વિનાના મિંડા છે કહે. આહાહા..! સમજાણું કાંઈ?

આવું વ્યાખ્યાન કેવું? આવું બાપુ! માર્ગ આ છે ભાઈ! ચોર્યાશીના અવતારના આરા લેવા હોય તો આ આરો છે. ભગવાનની પાસે જાવું એ આરો છે. રાગ પાસે જાવું એ તો ઉતરવું છે સંસારમાં. આહાહા..! સમજાણું કાંઈ? જેના જ્ઞાન અને શ્રદ્ધાના હજી ઠેકાણા ન મળે. આહાહા..! એને સંસારનો પાર ક્યારે આવે ભાઈ! આહાહા..! ભવસિંધુ. એકકોર ચૈતન્ય સિંધુ. આહાહા..! 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હૂં.' કહે વિચિક્ષણ જ્ઞાની કહે કે સદા હું એકરૂપે આનંદ શાંત શિવ છું. 'કહે વિચિક્ષણ સદા અપને રસ સે ભર્યો અનાદિ ટેક હું.' હું તો અતીન્દ્રિય આનંદની શક્તિના રસથી ભરેલો અનાદિનો છું. આહાહા..!

'મોહકર્મ મમ નાહીં નાહીં ભ્રમકૂપ હૈ. શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' 'મોહકર્મ મમ નાહીં.' રાગની, વિકલ્પની ભ્રાંતિ તો ક્યાં રહી? પણ વિકલ્પનો જ્યાં અવકાશ નથી. મોહરૂપી કૂપળ મોટો કૂવો. આહાહા..! એટલે? પરમાં સાવધાનીનો મોટો કૂવો એ હું નહિ. આહાહા..! 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' અમે આત્મા શુદ્ધચૈતન્ય સિંધુના સ્વરૂપે રૂપવાળા છીએ. આહાહા..! એનાથી અમે રૂપાળા છીએ કહે. આહાહા..! ભારે વાતું ભાઈ! એ ગરમીમાં આવા હોય તોપણ શું કહે છે.

**'વર્ષાકાલ મેં વૃક્ષ કે મૂલમેં...'** આહાહા..! ઝાડ મોટા વડના, પીપળાના નીચે બેસે. માથેથી પાણીના ધોધ પડે, ધારા પડે પાણીમાં. એવા ટાણે સાધુ બેઠા હોય કહે છે. આહાહા..! એથી શું? એ તો કાયક્લેશ છે. આહાહા..! જેને ભગવાન અંદર વીતરાગમૂર્તિ શાંત એનો જેને સ્પર્શ થયો નથી, વેદનમાં આવ્યો નથી, જાણ્યો નથી, જોયો નથી, દેખ્યો નથી. એને આ બધું કાયક્લેશ છે કહે. આહાહા..! લ્યો ઓલા માને ધર્મ તો આ કહે છે કે કાયક્લેશ છે. છે ને?

'**વર્ષાકાલ મેં વૃક્ષ કે મૂલમેં મહાન દુર્ધર તપ કરતા હૈ.**' મૂળમાં બેઠો હોય અંદર. માથેથી પાણી, પાંદડા ઉપર પાણી ભરાઈને ધડાક ધડાક. આહાહા..! એથી શું કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એવું તપ કરે. '**કેવલ તપ હી નહીં કરતા...**' હજી તો તપ કરે તોપણ કહે છે કે એટલો નહિ પણ સાથે શાસ્ત્રનું ભણતર છે એને. આહાહા..! '**કેવલ તપ હી નહીં કરતા શાસ્ત્ર ભી પઢતા હૈ,...**' આહાહા..! શાસ્ત્ર વાંચે, લાખો કરોડો શ્લોકો કંઠસ્થ કરે, ફેરવે, પણ એ તો બાપુ બધી વિકલ્પદશા છે. એકલી આવી તપસ્યા નથી, પણ સાથે શાસ્ત્રનું ભણતર પણ છે કહે છે. આહાહા..!

'**સકલ શાસ્ત્રોં કે પ્રબંધ સે રહિત...**' આહાહા..! '**નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ ઉસસે રહિત હુઆ...**' આહાહા..! '**રહિત હુઆ સીખતા હૈ,...**' છે ને વજન? આહાહા..! ભગવાનને પકડ્યો નથી, આનંદનો નાથ એને નિર્વિકલ્પ દૃષ્ટિથી, પકડ્યા વિના આ બધું શાસ્ત્ર ભણે. આહાહા..! આવી વ્યાખ્યા છે. જુઓ આ દિગંબર સંતો ૧૩૦૦ વર્ષ પહેલાં યોગીન્દ્રદેવ થયા. કુંદકુંદાચાર્ય ૨૦૦૦ વર્ષ પહેલાં. બધા સંતોની એક જ વાત છે. દિગબંર સંત હોં. બીજે ક્યાંય એ વાત છે નહિ. આહાહા..! એના ઘરમાં જન્મ્યા એને પણ ખબર નથી. કહો, ..ભાઈ! તમે તો બીજે જન્મ્યા હતા. આહાહા..! વાત તો બાપુ આવી. આહાહા..! ઠરીને હીમ થઈ જાય એવી વાત છે.

વિકલ્પની લાગણીઓ બધી અશાંત છે. એનાથી પ્રભુ શિવશાંત અને શાંતિ દ્વારા દેખ્યો નથી. એટલે કે જાણ્યો નથી. અનુભવ્યો નથી. તેનું આ બધું ભણતર ને તપસ્યા નિરર્થક છે. આહાહા..! ચાર ગતિમાં રઝળવા માટે છે. એમાં જાત્રા પણ આવી જતી હશે ને. આ બધી. સમ્મેદશિખરની જાત્રા કરે. આહાહા..! ઓલો કૂતરો નીકળ્યો હતો ને હમણા એક. મુંબઈથી જાત્રા નીકળી છે ને એક શ્વેતાંબરમાં. એમાં એક સાથે કૂતરો ક્યાંક થાણામાં ભળી ગયો હશે. ઓઘે હશે જરી સંજ્ઞા એમાં વળી સાધુએ એને .. બરાબર આપે ખાવાનું એક ટંક સરખું અને પાણી પાય. પછી શું કરે? અને પાછું એને એક .. બીજી .. એને મોટી પદવી આપી. એનો વિરોધ કર્યો છે અહીં આવ્યો હતો. જૈન નથી જૈન સંદેશ? અહીં આવે છે ને શ્વેતાંબરનું. આવે છે અહીં. એ આપણે આવ્યું હતું એમાં વિરોધ કર્યો છે એનો. એને એટલી બધી પદવી શું છે એના માટે. પણ દુનિયા બહારથી, બહારના ભભકામાં. આહાહા..! એણે પાછા વખાણ કર્યા છે કૂતરાના. સાથે છે જાત્રા. મુંબઈથી નીકળ્યા છે. હવે આવશે. મોહનવિજયના શિષ્ય પ્રતાપવિજય. ભાઈ જાણે છે. હું પણ ત્રણેને જાણું છું. મેં તો ૬૯ સાલમાં ત્રણેને જોયેલા છે. મોહનવિજય, એનો શિષ્ય પ્રતાપવિજય, એનો શિષ્ય ધર્મવિજય. ધર્મવિજય તો અહીં આવતા. અહીં આવે ને ત્યારે આવે. વઢવાણમાં આવ્યા હતા. ત્યાં ઉતર્યા હતા ને ઓલામાં? કેવા કહેવાય એ? સોમપરા. વઢવાણ સોમપરા. કેવા?

મુમુક્ષુ :- ઉદયભાઈ સોમપરા.

ઉત્તર :- સોમપરા નહિ પાછા? એમાં ઉતર્યા હતા ને અમે. ૯૯ની. આ તે દિ' તમારે પૈસાનો ખર્ચ હતો એ. એ બધાને પૈસા ખર્ચ્યા હતા ને તે દિ'? જમાડવાના ઘણાં ખર્ચ્યા હતા એણે.

ચંદુભાઈ. એણે. તે દિ' મળવા આવતા. આવતા બિચારા. અહીં આવે તો આવે અહીં. હવે એ નીકળ્યા છે અત્યારે માણસ ઘણા લઈને. એમાં એક કૂતરો આવ્યો છે તો વખાણ કર્યા છે. કાંઈક પૂર્વનું અધૂરું રહ્યું હશે. પણ અધૂરું હજી તને ઠેકાણું નથી. એમાં અધુરું ક્યાં? આહાહા..! એવી તો ક્રિયાઓ કરે ચડી ગયો હોય એ જાતનું લક્ષ. આહાહા..! અરેરે! અહીંયાં તો કહે છે કે આવું શાસ્ત્રના ભણતરવાળો આવી તપસ્યા કરે છે. એકલો અજાણ અને અભણ એમ નહિ. એમ કહે છે. આહાહા..! '**પરંતુ...**' આહાહા..! '**શાસ્ત્રોં કા રહસ્ય જાનતા હૈ,...**' એમ લખ્યું છે જોયું!

મુમુક્ષુ :- આત્માનું રહસ્ય જાણતા નથી.

ઉત્તર :- નથી. શાસ્ત્રનું રહસ્ય જાણે છે. આહાહા..! શાસ્ત્રજનિત વિકલ્પ તાત્પર્ય. '**मुणंतु शास्त्रजनितविकल्पतात्पर्य**' છે ને એ? આહાહા..! પણ ભગવાનઆત્મા શાંતશીલ અકષાય સ્વરૂપ અને આનંદસ્વરૂપ, એવો જે ભગવાનઆત્મા છે એને એ દેખતો નથી. આ બધી ક્રિયાકાંડને દેખે પણ વસ્તુને દેખતો નથી તો વ્યર્થ છે બધું. વર વિનાની જાન જોડી દીધી. આહાહા..! એ જાન પણ ન કહેવાય. માણસના ટોળા. કીડીના નગરા હોય ને કીડીના? કરોડો કીડી નથી નીકળતી નગરામાં? એમ એ વર વિનાની જાન નહિ એ તો માણસના ટોળા કહેવાય. આહાહા..! અહીંયાં તો કહે છે કે આત્માના અનુભવના વિના આ બધા ટોળા વર વિનાની જાન. આત્માનો અનુભવ કરીને હોય પછી વિકલ્પ, તો એ પુણ્યને વ્યવહાર કહેવામાં આવે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

આંખું મીંચાઈ જશે જુઓને ચાલ્યા જાશે. આહાહા..! ઓલા ગાદીએ બેઠો આજ કોક કહે છે ઓલા મોરારજી. રાજી રાજી થઈ જાય છે. ૮૨ વર્ષે. મોટી ઉંમર છે. કોક કહેતું હતું આજે. આજે ત્યાં આવી ગયો છે. ઈન્દિરાને ઠેકાણે ત્યાં હવે એ બેઠા. ત્યાં આમ રાજી, રાજી. આહાહા..! થઈ જાય. કોનું રાજ બાપા! રાજ્યતે ઈતિ શોભતે ઈતિ રાજા. આવે છે ને. ભગવાનઆત્મા વીતરાગ સ્વભાવથી શોભે એ રાજા, એ રાજ. આવે છે ને રાજાનું? ૧૭-૧૮માં નહિ? રાજાની સેવા કરે નથી આવતું? રાજા એને ઓળખે પણ આ બધું વૃદ્ધિવાળો છે ને એમ. એમ ભગવાન રાજાને જે ઓળખે, બાપુ! એની કિંમતું બહુ જુદી છે. આહાહા..! એ કાંઈ શાસ્ત્રના ભણતરથી જણાય એવો નથી. આવી ક્રિયાકાંડથી જણાય એવો નથી. આહાહા..! એ તો એના સન્મુખની શાંતિની અવિકારી પરિણતિ દ્વારા તે જણાય એવો છે. આહાહા..! એમ કહીને એમ કહે કે આ બધું મોંઘુ કરી દીધું. વળી એક જણો એમ કહે છે. સોનગઢવાળાએ સમકિત મોંઘુ કરી નાખ્યું. એને સોંઘુ હતુ એના ઘરે. સોંઘું-મોંઘુ બાપા તને. આહાહા..! ભાઈ! જિંદગી જાય છે આખી. એની કિંમતું કરતા ન આવડે, એ કિંમત બહારની કરશે, તો જેની કિંમત કરશે તેમાં એ જાશે. રખડશે. આહાહા..!

પણ એ '**સકલ શાસ્ત્રોં કે પ્રબંધ સે રહિત જો નિર્વિકલ્પ પરમાત્મસ્વરૂપ ઉસસે રહિત હુઆ સીખતા હૈ, શાસ્ત્રોં કા રહસ્ય જાનતા હૈ, પરંતુ પરમસમાધિ સે રહિત હૈ,...** ' આહાહા..! સમાધિ એટલે આધિ, વ્યાધિ, ઉપાધિ રહિતનો વિકલ્પ રહિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્ર એને અહીં સમાધિ કહે છે. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને અહીં સમાધિ કહે છે. છે ને? વળી કોઈ સમાધિ કહે શું હશે? આહાહા..! **'પરમસમાધિ સે રહિત હૈ, અર્થાત્ રાગાદિ વિકલ્પ સે રહિત સમાધિ...'** રાગાદિ વિકલ્પ સે રહિત સમાધિ **'જિસકે પ્રગટ ન હુઈ,...'** આહાહા..! નથી એમાં?

મુમુક્ષુ :- થોડાક પાના વચમાં નથી.

ઉત્તર :- રહી ગયા હશે ઠીક.

**'તો વહ પરમસમાધિ કે બિના તપ કરતા હુઆ ઔર શ્રુત પઢતા હુઆ ભી નિર્મલ જ્ઞાન દર્શનસ્વરૂપ...'** નિર્મલ જ્ઞાનદર્શનરૂપ ભગવાન દેહમાં બિરાજે છે. આહાહા..! **'નિર્મલ જ્ઞાન દર્શનરૂપ તથા ઈસ દેહ મેં બિરાજમાન ઐસે નિજ પરમાત્મા કો નહીં દેખ સકતા.'** આહાહા..! ભગવાન પરમાત્મા બીજાને દેખે એ પ્રશ્ન નથી અહીં તો. આ નિર્મળ જ્ઞાન બિરાજમાન દેહમાં પ્રભુ. આહાહા..! એને દેખતો નથી. એને આત્મા હેય છે. જ્ઞાનીને રાગ હેય છે, આત્મા ઉપાદેય છે. છે? ટીકામાં આવી ગયું છે. અજ્ઞાનીને રાગ ઉપાદેય છે વિકલ્પ, ભગવાનઆત્મા હેય છે. પહેલું આવી ગયું છે ૩૬-૩૭ ગાથા. આહાહા..!

આત્મા હેય છે એવું બીજે ક્યાંય આવ્યું નથી. વ્યવહાર હેય છે એ તો આવ્યું હતું. ધર્મીને વ્યવહાર હેય છે. ત્યારે અજ્ઞાનીને આત્મા હેય છે. આહાહા..! શુભ-અશુભભાવ જેને ઉપાદેય છે. છે ને આમાં એ? કેટલામું છે એ? સંસ્કૃત ૩૬. નીચે સાધારણ અર્થ કર્યો છે. **'વીતરાગ નિર્વિકલ્પ સમાધિ મેં લીન સાધુઓં કો તો પ્રિય હૈ, કિંતુ મૂંઢો કો નહીં.'** પણ સંસ્કૃતમાં એમ છે. કે સદૈવ પરમાત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિ રતાંનામ ઉપાદેયોભવતિ અદેશાં હેય. છે ને સંસ્કૃત? આહાહા..! ચંદુભાઈ! હેય તો કર્યો. જ્ઞાનીએ વ્યવહારને હેય કર્યો, અજ્ઞાનીએ આત્માને હેય કર્યો. આહાહા..! એની તો કાંઈ ગણતરી જ નહિ કાંઈ. આહાહા..! પુણ્ય કર્યા ને દાન કર્યા ને દયા કરી ને વ્રત પાળ્યા. આહાહા..! એ બધું એણે ઉપાદેય માન્યું. એને ભગવાન હેય થઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

મોટો પુરુષ આવ્યો હોય કોઈ કરોડપતિ, બે અબજપતિ. એ આમ આવ્યો ને પા કલાક બેઠો હોય. એમાં બે વર્ષનો છોકરો આવ્યો હોય એની સાથે રમતે ચડી ગયો. તો ઓલો ઊઠીને ચાલ્યો જાય. આહાહા..! એમ ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે, મહાન પ્રભુ એની સમીપમાં ન જતાં અહીં શુભ અને અશુભ વિકલ્પની રમતમાં ચડી ગયો. બાળબુદ્ધિએ ત્યાં ચડી ગયો. આહાહા..! ઓલી વસ્તુ પડી રહી. આહાહા..!

**'નિર્મલ જ્ઞાનસ્વરૂપ તથા ઈસ દેહ મેં બિરાજમાન ઐસે નિજ પરમાત્મા કો નહીં દેખ સકતા. જો આત્મસ્વરૂપ...'** કેવું છે? જોયું! **'રાગ દ્વેષ મોહ રહિત પરમશાંત હૈ.'** રાગ દ્વેષ મોહ રહિત પરમ શાંત. ઓલું શાંત હતું ને વ્યાખ્યા? શાંત શિવં. રાગ, પુણ્ય પાપના વિકલ્પ અને ભ્રાંતિરહિત પરમશાંત. **'પરમસમાધિ કે બિના તપ ઔર શ્રુત સે ભી શુદ્ધાત્મા કો નહીં**

**દેખ સકતા.'** આહાહા..! ભારે! અંતર સન્મુખની દૃષ્ટિ વિના બહિર્મુખની ક્રિયા દ્વારા એ નહિ દેખી શકે. આહાહા..! કેમ કે એ વ્રત ને તપની ક્રિયાની દિશા, દશાની દિશા પર ઉપર છે. અને આત્માની દશા એની દિશા સ્વ ઉપર છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે. હવે ઓલા કહે કે ચર્ચા કરો, વાત કરો. લ્યો. કરો ભાઈ, ભાઈ સાથે. હુકમચંદજી અને અમારે ફુલચંદજી. અને એ ચર્ચા થઈ ગઈ છે નહિ? ખાણિયા ચર્ચા. વાંચી લ્યો એમાંથી તમે. ભાઈ! આ માર્ગનો મેળ નહિ ખાય બાપુ! એમ વાદવિવાદે આ નહિ પકડાય. આહાહા..!

૧૧મી ગાથામાં તો એ આવ્યું કે અનાદિનો ભેદનો તો જેને પક્ષ છે, વ્યવહારનો. પરસ્પર પણ વ્યવહારની વાતું કરે છે. બે. ત્રીજી વ્યવહારની વાતુંનું જૈનમાં પણ વીતરાગે પણ હસ્તાવલંબ નિમિત્તની ઘણી કરી છે. આહાહા..! હવે એ દાખલા આપે તો ત્યાં.. પણ એનું ફળ સંસાર છે એમ લખ્યું છે. ૧૧મી ગાથામાં. વીતરાગે કહેલો વ્યવહાર. તેથી એમાં આવી ગયું ને અભવિનું? જિનવરે કરેલો વ્યવહાર. આહાહા..! શીલ અને તપમાં પરિપૂર્ણ, ગુપ્તિ અને સમિતિમાં સાવધાન એ વીતરાગ સર્વજ્ઞે કહ્યો એ વ્યવહાર. આહાહા..! પણ એ વ્યવહાર સંસાર છે. આહાહા..! એમાં ૧૧માં કહ્યું છે એ. ત્રણેનું ફળ તો સંસાર. હવે એ વીતરાગમાં ઘણું હસ્તાવલંબ જાણીને બહુ કર્યું છે. હવે એ ચર્ચામાં એ વાત મોઢા આગળ મૂકે. લાલચંદભાઈ! કે આ છે. પણ કીધું હતું ને પહેલેથી. આ જો ભગવાને કહ્યું. ભગવાને કઈ અપેક્ષાથી કહ્યું? વ્યવહારથી કહ્યું છે કે ખરેખરથી કહ્યું છે? આહાહા..! ઘણું તો એ લખાણ આવે. કહ્યું છે, ખુલાસો કર્યો છે. આહાહા..!

**'પરમસમાધિ કે બિના તપ ઔર શ્રુત સે ભી શુદ્ધાત્માકો નહીં દેખ સકતા. જો નિજ શુદ્ધાત્મા કો ઉપાદેય જાનકર જ્ઞાનકા સાધક તપ કરતા હૈ,...'** વ્યવહાર. વ્યવહાર સાધક હો એ વિકલ્પ, આવે છે, હોય છે. **'ઔર જ્ઞાનકી પ્રાપ્તિ કા ઉપાય જો જૈનશાસ્ત્ર ઉનકો પઢતા હૈ, તો પરંપરા મોક્ષ કા સાધક હૈ.'** પરંપરા મોક્ષનું સાધન. ખરેખર મોક્ષનું સાધન તો હજી આ છે. અધૂરું જ્ઞાન અને અધૂરી ચારિત્ર દશા એ પરંપરા કારણ છે. પણ આ સાધન અને પરંપરા કારણનો ઉપચાર કહ્યો છે. એ વ્યવહારના વચન છે. આહાહા..! લખ્યું છે પણ કઈ અપેક્ષા અને કઈ નયનું વાક્ય છે? આહાહા..!

**'સાધક હૈ. સાધક તપ કરતા હૈ, ઔર જ્ઞાનકી પ્રાપ્તિ કા ઉપાય જો જૈનશાસ્ત્ર ઉનકો પઢતા હૈ, તો પરંપરા મોક્ષ કા સાધક હૈ.'** એમ કીધું ને? આહાહા..! એ વિના આત્માની **'શ્રદ્ધા બિના કાયક્લેશરૂપ તપ હી કરે, તથા શબ્દરૂપ હી શ્રુત પઢે, તો મોક્ષ કા કારણ નહીં હૈં, પુણ્યબંધ કે કારણ હોતે હૈં. '** આહાહા..! પુણ્યબંધનું કારણ છે. **'ઐસા હી પરમાનંદસ્તોત્ર મેં કહા હૈ,...'** લ્યો. શાસ્ત્ર છે ને એ? પરમાનંદ સ્તોત્ર છે.

**'નિર્વિકલ્પ સમાધિ રહિત જીવ હૈં, વે આત્મસ્વરૂપ કો નહીં દેખ સકતે. બ્રહ્મ કા રૂપ આનંદ હૈ, વહ બ્રહ્મ નિજ દેહ મેં મૌજૂદ હૈ; પરંતુ ધ્યાનસે રહિત જીવ...'** **'आनन्दं ब्रह्मणो रुप'** છે ને? **'निजदेहे व्यवस्थितम्। ध्यानहीना न पश्यन्ति जात्यन्धा इव भास्करम्।।'**

'ધ્યાન સે રહિત જીવ બ્રહ્મ કો નહીં દેખ સકતે, જૈસે જન્મકા અંધા સૂર્ય કો નહીં દેખ સકતા હૈ.' આહાહા..! વિશેષ કહેવાશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

अथ–

३२३) विषय-कसाय वि णिद्दलिवि जे ण समाहि करंति।
ते परमप्पहँ जोइया णवि आराहय होंति।।१९२।।
विषयकषायानपि निर्दल्य ये न समाधि कुर्वन्ति।
ते परमात्नः योगिन् नैव आराधका भवन्ति।।१९२।।

जे ये केचन ण करंति न कुर्वन्ति। कम्। समाहि त्रिगुप्तिगुप्त परमसमाधिम्। किं कृत्वा पूर्वम्। णिद्दलिवि निर्मूल्य। कानपि विषय-कसाय वि निर्विषयकषायात् शुद्धात्मतत्त्वात् प्रतिपक्षभूतान् विषयकषायानपि ते णवि आराहय होंति ते नैवाराधका भवन्ति जोइया हे योगिन्। कस्याराधका न भवन्ति। परमप्पहं निर्दोषिपरमात्मन इति। तथाहि। विषयकषायनिवृत्तिरुपं शुद्धात्मानुभूतिस्वभावं वैराग्यं, शुद्धात्मोपलब्धिरुपं-तत्त्वविज्ञानं, बाह्याभ्यन्तरपरिग्रहपरित्यागरुपं नैर्ग्रन्थ्यं, निश्चितात्मानुभूतिरुपा वशचित्तता, वीतरागनिर्विकल्पसमाधिबहिरङ्गसहकारिभूतं जितपरिषहत्वं चेति पञ्चैतान् ध्यानहेतून् ज्ञात्वा भावयित्वा च ध्यानं कर्तव्यमिति भावार्थः तथा चोक्तम्-''वैराग्यं तत्त्वविज्ञानं नैर्ग्रन्थ्यं वशचित्तता। जितपरिषहत्वं च पञ्चैते ध्यानहेतवः।।''।।१९२।।

---

आगे विषय कषायोंका निषेध करते हैं–

गाथा–१९२

अन्वयार्थः– [ये] जो [विषयकषायानपि] समाधिको धारणकर विषय कषायोंको [निर्दल्य] मूलसे उखाड़कर [समाधि] तीन गुप्तिरुप परमसमाधिको [न कुर्वंति] नहीं धारण करते, [ते] वे [योगिन्] हे योगी, [परमात्माराधकाः] परमात्माके आराधक [नैव भवंति] नहीं है।

भावार्थः– ये विषय कषाय शुद्धात्मतत्त्वके शत्रु हैं, जो इनका नाश न करे, वह स्वरुपका आराधक कैसा? स्वरुपको वही आराधता है, जिसके विषय कषायका प्रसंग न हो, सब दोषोंसे रहित जो निज परमात्मा उसकी आराधनाके घातक विषय कषायके सिवाय दूसरा कोई भी नहीं है। विषय कषायकी निवृत्तिरुप शुद्धात्माकी अनुभूति वह वैराग्यसे ही देखी जाती है। इसलिये ध्यानका मुख्य कारण वैराग्य है। जब वैराग्य हो तब तत्त्वज्ञान निर्मल हो, सो वैराग्य और तत्त्वज्ञान ये दोनों परस्परमें मित्र हैं। ये ही ध्यानके कारण हैं, और बाह्याभ्यन्तर परिग्रहके त्यागरुप निर्ग्रन्थपना वह ध्यानका

कारण है। निश्चित आत्मानुभूति ही है स्वरुप जिसका ऐसे जो मनका वश होना, वह वीतराग निर्विकल्पसमाधिका सहकारी है, और बाईस परीषहोंको जीतना, वह भी ध्यानका कारण है। ये पाँच ध्यानके कारण जानकर ध्यान करना चाहिये। ऐसा दूसरी जगह भी कहा है, कि संसार शरीरभोगोंसे विरक्तता, तत्त्वविज्ञान, सकल परिग्रहका त्याग, मनका वश करना, और बाईस परिषहोंका जीतना-ये पाँच आत्म-ध्यानके कारण हैं।।१९२।।

---

વળી (હવે વિષયકષાયનો નિષેધ કરે છે) :-

ભાવાર્થઃ- હે યોગી! જે કોઇ વિષયકષાય રહિત-શુદ્ધ-આત્મતત્ત્વથી પ્રતિપક્ષભૂત વિષયકષાયોને પણ નિર્મૂળ કરીને (મૂળમાંથી ઉખેડીને) ત્રણ ગુપ્તિથી ગુપ્ત પરમસમાધિને કરતા નથી, તેઓ નિર્દોષ પરમાત્માના આરાધકો જ નથી.

ભાવાર્થઃ- (૧) વિષયકષાયની નિવૃતિરૂપ અને શુદ્ધઆત્માની અનુભૂતિ-સ્વભાવવાળો વૈરાગ્ય, (૨) શુદ્ધ આત્માની ઉપલબ્ધિરૂપ તત્ત્વવિજ્ઞાન, (૩) બાહ્ય અભ્યંતર પરિગ્રહના ત્યાગરૂપ નિર્ગ્રંથપણું, (૪) નિશ્ચિત આત્માની અનુભૂતિરૂપ ચિત્તવશતા (મનોજય) અને (૫) વીતરાગ નિર્વિકલ્પ સમાધિના બહિરંગ સહકારીભૂત પરિષહજય એ પાંચ ધ્યાનના હેતુ જાણીને અને તેને ભાવીને ધ્યાન કરવું. વળી કહ્યું છે કે :-‘‘वैराग्यं तत्त्वविज्ञानं नैर्ग्रन्थ्यं वशचित्तता। जितपरिषहत्वं च पञ्चैते ध्यानहेतवः।।’’ (અર્થઃ-(૧) વૈરાગ્ય, (૨) તત્ત્વવિજ્ઞાન, (૩) નૈર્ગ્રંથ્ય, (૪) ચિત્તનું વશપણું અને (૫) પરિષહજય એ પાંચ ધ્યાનના હેતુઓ છે.) ૧૯૨.

---

**વીર સંવત ૨૫૦૨, ચૈત્ર સુદ ૬, શુક્રવાર**
**તા. ૨૫-૦૩-૧૯૭૭, ગાથા-૧૯૨, પ્રવચન નં. ૨૩૨**

પરમાત્મપ્રકાશ. ૧૯૨ ગાથા. ‘આગે વિષય કષાયોં કા નિષેધ કરતે હૈં-’ સમાધિનો અધિકાર છે ને? સમાધિનો અર્થ સ્વ ચૈતન્યને આશ્રયે ઠરવું એ સમાધિ. જેમાં આધિ, વ્યાધિ, ઉપાધિનો અભાવ. તો અહીંયાં વિષય કષાયનો નિષેધ કરે છે. પ્રથમ વિષયકષાયના પરિણામ સમ્યગ્દર્શન હોય એને હોય. પણ અહીં તો વિશેષ વિષયકષાયનો ત્યાગ કરીને શાંતિ કરવી. એનો અધિકાર છે ને? કારણ કે સમ્યગ્દર્શનનો અધિકાર તો ચાલ્યો હતો અંદર. વિષયકષાયના પરિણામ હોય એથી સમ્યગ્દર્શનને દોષ થાય એમ નથી. પણ વિષયકષાયના પરિણામ હોય ત્યાં સમાધિમાં સ્થિર ન થાય. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં, અરે! કષાયની મંદતા હોય, અનંતાનુબંધી આદિ. છતાં ત્યાં સમ્યગ્દર્શન ન હોય. કેમકે સમ્યગ્દર્શન તો સ્વના આશ્રયે થતી નિર્વિકલ્પ દૃષ્ટિ એનું નામ સમ્યગ્દર્શન. એમાં પરિણામમાં મંદતા કષાયની હોય કોઈને છતાં એને સમ્યગ્દર્શનનો આશ્રય ન હોય. કષાયની અશુભતાની તીવ્રતા હોય છતાં તેને ક્ષાયિક સમકિત હોય. આહાહા..! એ ઉપરાંત અહીં તો સમાધિની વાત લેવી છે ને? સમજાણું કાંઈ? આહાહા..!

ઉપયોગ કષાયની મંદતામાં વર્તતો હોય, છતાં એ અનંતાનુબંધીનું મંદપણું હોય, છતાં સ્વચૈતન્ય દ્રવ્યનો આશ્રય નથી, તેથી તેને સમ્યગ્દર્શન હોતું નથી. અને તીવ્ર કષાયના પરિણામ હોય તો એ રાગ છે એ કાંઈ સમકિતને નુકસાન કરતું નથી. સ્વના આશ્રયે જે દૃષ્ટિ થઈ છે એને એ નુકસાન કરતા નથી. એ નુકસાન કર્તા સ્વરૂપની સમાધિ અને સ્થિરતામાં નુકસાન કરતા છે. એ વાત વર્ણવે છે. સમજાણું કાંઈ?

ક્ષાયિક સમકિત હોય આત્માને આશ્રયે થયેલું, એને જ્ઞાન પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું થોડું હોય. એથી એના ક્ષાયિક સમકિતને વાંધો નથી. સમજાણું? જુઓ કષાય મંદ-તીવ્રતાની વાત કરી, હવે જ્ઞાનના ઉપયોગની વાત. જ્ઞાન ઘણું હોય અગિયાર અંગનું કે નવ પૂર્વનું. એ કાંઈ સમકિતનું કારણ નથી. આહાહા..! ક્ષાયિક સમકિત હોય અને જ્ઞાનની પંચ સમિતિ, ગુપ્તિ જેટલું હોય અને ક્ષયોપશમ જ્ઞાન હોય, ક્ષયોપશમ સમકિત અને બાર અંગનું જ્ઞાન હોય એટલે એની સાથે કાંઈ સમકિતને ને એને સંબંધ નથી. કે ભાઈ વિશેષ જ્ઞાન હોય તો સમકિત એનું નિર્મળ. આહાહા..! કે થોડું જ્ઞાન હોય માટે એને સમકિતની કમી છે એમ એની સાથે એને સંબંધ નથી. ચંદુભાઈ! પેલો રાગની મંદતા-તીવ્રતાથી કહ્યું ને પછી જ્ઞાનની ઉગ્રતા અને મંદતા સાથે... આહાહા..! વસ્તુ છે સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ એનો જ્યાં આશ્રય આવ્યો છે. આવ્યું હતું સવારમાં સમ્યગ્દર્શનનું કારણ આત્મા છે. આત્મા કારણ છે. એ કાંઈ ઉપયોગમાં મંદતા-તીવ્રતા કે રાગની મંદતા-તીવ્રતા એ કોઈ કારણ નથી. સવારમાં. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આહાહા..! ઘણું આવડે ને ઘણું બોલતા આવડે અને ઘણો ઉઘાડ હોય, માટે તેને સમકિતની નિર્મળતા છે એમ નથી. આહાહા..! અને ઓછું જ્ઞાન હોય માટે સમકિત મલિન છે એમ નથી. આહાહા..! એ તો વસ્તુ સ્વતંત્ર ચૈતન્ય સ્વભાવ વસ્તુ પરિપૂર્ણ જેમાં... આહાહા..! એક એક શક્તિ અનંત સામર્થ્ય લઈને પડી એવી અનંતી શક્તિના સામર્થ્યરૂપ આત્મા તે સમ્યગ્દર્શનનું કારણ છે. એમ આવ્યું ને? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

હવે અહીંથી એનાથી ઉપરાંત લઈ જવું છે અહીં તો. જે કાંઈ વિષયકષાયના પરિણામ છે એ સમાધિમાં અંતર સ્થિરતાને રોકે છે. સમ્યગ્દર્શનને નુકસાન નથી કરતું, પણ અંદર સ્થિરતાને રોકે માટે વિષય કષાયને છોડીને સમાધિ સ્વરૂપમાં સ્થિર થવું ઉગ્રપણે મુનિની અપેક્ષાથી વાત છે. સમજાણું કાંઈ? એ કહ્યું જુઓ! **'विषय-कसाय वि णिद्दलिवि'** **'जे ण समाहि करंति। ते परमप्पहँ जोइया णवि आराहय होंति।'** જે કોઈ સમાધિને ધારણ કરીને અંતરમાં એકાગ્ર થવાનું ધારણ કરીને **'વિષય કષાયોં કો મૂલ સે ઉખાડકર...'** આહાહા..! વિશેષ સમાધિ ને શાંતિ લેવું

છે? વિશેષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉગ્રતા એ અહીં સમાધિ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપરાંત સ્વજ્ઞેયનું જ્ઞાન છે, સ્વ આશ્રયમાં દર્શન છે, પણ તેમાં હજી આસક્તિનો જે ભાવ છે પરતરફના વલણવાળી એ સ્વરૂપમાં સ્થિરતા ચારિત્રરૂપ શાંતિ પ્રગટ કર્યા વિના એ સમાધિ પ્રગટ થાય નહિ એટલે મોક્ષનું કારણ પ્રગટ ન થાય. સમજાણું કાંઈ? ઝીણી વાતું બહુ ભાઈ આ તો. આહાહા..!

'**मूल से उखाडकर...**' ભાષા છે ને. '**निर्दल्य**' '**निर्दल्य**' દળી નાખે વિશેષે. આહાહા..! સ્વરૂપમાં ઠરવા માટે શાંતિ... શાંતિ... શાંતિ... સમાધિ એટલે કે ચારિત્ર વીતરાગ ચારિત્ર. એમાં ઠરવા માટે વિષયકષાયને મૂળથી ઉખાડીને નથી ધારણ કરતો, '**तीन गुप्तिरूप समाधि को नहीं धारण करते,...**' જોયું! આહાહા..! બહારથી બધું સંકેલી દઈને અંતર આનંદ પ્રભુનો નાથ ભગવાન, એમાં જે વિષયકષાયને છોડીને સ્થિર થતો નથી. આહાહા..! '**हे योगी, परमात्मा के आराधक नहीं है.**' એ પરમાત્મા એવો ભગવાનઆત્મા એનો આ સેવનાર નહિ. આહાહા..! સમજાણું કાંઈ? વિષયકષાય પરતરફના વલણવાળી દશા એ છોડીને સ્વરૂપમાં ઠરતો નથી, તે આત્માનો પરમાત્માનો પોતે-આત્મા પરમાત્માનો આરાધક નથી. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને...

ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિની તો પહેલી વાત કરી. હજી એને વિષયકષાય છે. આ તો એનાથી ત્યાગની હવે વિશેષ. સમ્યગ્દર્શનમાં સમ્યગ્જ્ઞાન છે. સ્વરૂપ આચરણ છે, પણ એટલેથી મુક્તિનું આરાધન પરમાત્માનું નથી એમ કહે છે. ભેગું ચારિત્ર જોઈએ એ ચારિત્ર અહીં સમાધિને કહે છે. આહાહા..! કેમ? કે 'ચરિતં ખલુ ધમ્મો.' પ્રવચનસાર. ચારિત્ર તે ધર્મ છે. પણ એ ચારિત્ર ધર્મ છે એ '**दंसणं मुलो धम्मो**' શું કહ્યું એ? વીતરાગતા એવી ચારિત્રદશા તે ધર્મ. પણ એ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન. '**दंसणं मुलो धम्मो**' ધર્મ નામ ચારિત્ર જે વીતરાગતા એ આ સમાધિ લેવી છે. એ સમાધિરૂપી ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન. એ તો પહેલી વાત કરી. સમજાણું કાંઈ? પણ સમ્યગ્દર્શન મૂળ ધર્મનું હોવા છતાં ધર્મને કેમ ચારિત્ર કેમ પ્રગટ કરવું એની વાત છે. આહાહા..! કારણ કે ખરેખર તો ચારિત્ર તે ધર્મ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન એ ધર્મનું કારણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કારણ હોય ત્યાં કાર્ય હોય ને.

ઉત્તર :- એ કારણ હોય તો એટલું કાર્ય હોય સ્વરૂપાચરણ જેટલું. પણ અહીં તો વિશેષ કાર્ય લેવું છે.

ભાઈએ પ્રશ્ન કર્યો હતો ને વારિયાએ? ત્રિભુનભાઈ. ત્રિભુવન વારિયા. વીરજીભાઈનો દિકરો. કે તમે જ્યારે એમ કહો કે આત્મા કારણ પરમાત્મા છે. આત્મા કારણ પરમાત્મા છે તો એનું કાર્ય તો આવવું જોઈએ. કાર્ય તો આવતું નથી. તો કારણ પરમાત્મા ક્યાં ગયો? સમજાણું કાંઈ? પ્રશ્ન કર્યો. કારણ પરમાત્મા પોતે ભગવાન છે તો પછી કાર્ય તો આવવું જોઈએ. એને કારણ પરમાત્મા હોય ને કારણ હોય ને કાર્ય ન આવે. બાપુ! કાંઈ આવતું નથી. કારણ પરમાત્મા તો છે બધા. ભાઈ!

પણ કારણ પરમાત્મા જેણે સ્વીકાર્યો એને કારણ પરમાત્મા છે ને?

મુમુક્ષુ :- બીજાને કારણ પરમાત્મા નથી?

ઉત્તર :- નથી. એને કે દિ' કારણ પરમાત્મા હતો? એ તો ભગવાન ને બીજા જ્ઞાની એમ કહે કે આને કારણ પરમાત્મા છે. એને ક્યાં છે? કારણ પરમાત્મા એટલે વસ્તુ ભગવાનઆત્મા પૂર્ણ સ્વરૂપ એની અસ્તિનો છે એનો સ્વીકાર કરે એને છે.

મુમુક્ષુ :- ન સ્વીકાર કરે તો

ઉત્તર :- ન સ્વીકાર કરે તો એને કારણ પરમાત્મા નથી. ચંદુભાઈ! આહાહા..! માટે કારણ પરમાત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ સ્વરૂપ એ જેનો સ્વીકાર કર્યો દૃષ્ટિમાં તેને એ છે. અને તેને છે તો કાર્ય સમ્યગ્દર્શન થયા વિના રહે જ નહિ એને. સમજાણું કાંઈ? એમ કહ્યું ને? સવારમાં એમ કહ્યું ને? સમ્યગ્દર્શન, આત્મા તે સમ્યગ્દર્શન છે. એટલે સમ્યગ્દર્શનનું કારણ તે આત્મા છે. એનો અર્થ શું થયો? હેતુ કહો, કારણ કહો, આશ્રય કહો, નિમિત્ત કહો, પણ એ સમ્યગ્દર્શનમાં એણે કબલ્યું છે ત્યારે એને કારણ થયું છે. કબુલ્યા વિના પણ એને ક્યાં આવ્યો છે આત્મા?

મુમુક્ષુ :- ક્યાં વયો ગયો છે?

ઉત્તર :- વયો ગયો છે એની દૃષ્ટિમાંથી. એ તો કીધું નહોતું તમારે? ભગવાનજીભાઈ પૂછતા હતા એમના મિત્ર હતા ને વકીલ-વકીલ. કે મહારાજ આવો આત્મા, આવો આત્મા તમે કહો, ધોયેલ મૂળા જેવો એ ગયો ક્યાં કહે. એમ પૂછયું હતું. જાડી બુદ્ધિ વકીલ પણ બધા. લાખો રૂપિયા ભેગા કર્યા, પુણ્યને લઈને ભેગું થાય.

અહીં કહે છે કે પણ એ ધોયેલ મૂળો ગયો ક્યાં? એ છે તેને માન્યો નથી માટે ગ્યો ક્યાં એમ થઈ ગયું છે. દૃષ્ટિમાંથી ગ્યો છે એ. કેમકે દૃષ્ટિમાં તો પર્યાયનો, રાગનો, નિમિત્તનો સ્વીકાર છે. એટલે એ ધોયેલ મૂળા જેવો એને છે જ નહિ એને. ધોયેલ મૂળા નથી દાખલો આપતા આપણે? આ મૂળા હોય ને મૂળા? કાઢીને કાદવવાળા હોય. પછી પાણીમાં ધોવે. પછી લાવે અહીં વેચવા. મૂળા. એના કાંદા હોય ને ધોળા પાંદડા. એ ગારાવાળા હોય, એટલે એ પાણીમાં ધોઈને લાવે. એ ધોયેલ મૂળો કહેવાય.

મુમુક્ષુ :- ... કાઢે ખરું ને.

ઉત્તર :- હા કાઢે તો મેલ ભેગો હોય છે. કારણ કે ધોળાઈ દેખાય નહિ મેલ માથે. એને ધોવે, ધોઈને પછી નદીમાંથી લાવે વેચવા. એમ છે તો ભગવાન ધોયેલ મૂળા જેવો કારણ પરમાત્મા. પણ જેણે દૃષ્ટિમાં સ્વીકાર્યું છે તેને એ છે. જેનો સ્વીકાર જ જેના ઉપર નથી. આહાહા..! જેને રાગની મંદતા કે તીવ્રતાની હોંશું છે. આહાહા..! જેનો ઉલ્લાસ બહારની અનુકૂળ-પ્રતિકુળ સામગ્રીમાં ઉલ્લાસ અને ખેદ થઈ જાય છે. એને તો ભગવાન દૃષ્ટિમાં છે જ નહિ. દૃષ્ટિમાં તો આ છે. આહાહા..! અનુકૂળ શરીર હોય, સુંદર, રૂપાળુ, સ્ત્રી, કુટુંબ, પૈસા, આબરૂ, ઘરવખરો બે-પાંચ-દસ લાખનો. એ નજરું ત્યાં ઠરે ઉત્સાહિત વીર્ય. એનો સ્વીકાર કર્યો છે અને આનો તો સ્વીકાર કાંઈ કર્યો નથી.

આહાહા..!

જેને પોતાના સ્વભાવથી ભિન્ન ચીજની અધિકતા ભાસે છે એને સ્વસ્વભાવની પ્રતીતિ નથી. લાલચંદભાઈ! આહાહા..! આમ છે. '**णाणसहावाधियं**' એ શાસ્ત્રની ભાષા છે ને. ૩૧મી ગાથા. ૩૧મી ગાથા ભાઈ. '**णाणसहावाधियं मुणदि आदं**' આચાર્યે તો બહુ સરળ અને સીધું કર્યું છે. જેને આ આત્મા રાગથી, નિમિત્તથી અને પર્યાયથી જુદો અધિક ભિન્ન ભાસે છે તેને જિતેન્દ્રિય અને સમકિતી કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ આત્મા જ્ઞાનસ્વભાવથી અધિક નામ જુદો છે એમ ન ભાસતા પોતાના સ્વભાવથી ભિન્ન રાગાદિક અલ્પજ્ઞતામાં પોતાના સ્વભાવથી અધિકતા, વિશેષતા, આશ્રયતા, વિસ્મયતા એમાં લાગે. આહાહા..!

શ્રીમદ્‌નું એક વાક્ય છે. અરે! ઉલ્લસિત વીર્ય વિના આ વાત કેમ તને બેસશે? આહાહા..! ત્યાં ભગવાને એમ કહ્યું '**णाणसहावाधियं**' અધિક એટલે જુદો. એક સમયની પર્યાય જેટલો નહિ, રાગ જેટલો, વ્યવહાર જેટલો, નિમિત્તમાં તો છે નહિ એ. આ તો એની પર્યાયમાં તો આટલું છે. રાગની મંદતા, પર્યાયનો ક્ષયોપશમનો અંશ, એ તો એના અસ્તિત્વમાં છે, પણ એટલા અસ્તિત્વથી પણ કંઈ આત્માનું અધિકપણું ભિન્ન ન પડ્યું. એ અસ્તિત્વને સ્વભાવથી અધિક માન્યો અને પૂર્ણ એને માન્યું. આહાહા..! ચંદુભાઈ! આવી વાતું છે. લોકોને પસંદ પડે, ન પડે ભાઈ! બાપુ આ તો પસંદ પડે એવી વાતું છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- અમૃત જેવી વાત છે.

ઉત્તર :- આ વાત છે બાપુ! આ વાત નથી ઉપદેશને કરવો એની ખાતર આ નથી આ તો તત્ત્વ આવું છે. જેને જ્ઞાયકસ્વભાવ સ્વરૂપ પ્રભુ એનાથી જેને એક સમયની પર્યાયનો ક્ષયોપશમ વિશેષ એનું જેને અધિકપણું ભાસે છે એને એનાથી જુદો આત્મા ભાસતો નથી. આહાહા..! એ પર્યાયમાં ક્ષયોપશમ ઘણો ભાસ્યો. અગિયાર અંગ ભણ્યો ને આ ભણ્યો આ ભણ્યો. ઓહોહો..! ભાઈ! એ ભણ્યા બધા ભણતર પરના આશ્રયના. એ તો શબ્દશ્રુત. કહ્યું ને સવારમાં? એ તો શબ્દશ્રુત, શબ્દનું જ્ઞાન છે. એ શબ્દો છે એનું જ્ઞાન છે. આત્માનું નહિ. આહાહા..! ઝીણી વાતું બહુ ભાઈ! આ તો પરમસત્ય વીતરાગ પરમાત્માના ઘરની વાત છે. આહાહા..!

કહે છે જેને આત્મા પરમાત્મસ્વરૂપ અહીં એ કહે છે ને. વિષયકષાયને છોડીને એટલે કે પરની આસક્તિની અધિકતા છે એને પણ છોડીને. સ્વરૂપમાં ઠરતો નથી, એને આત્માનો આરાધક કહેવાતો નથી. એ પરમાત્માનો સેવક કહેવાતો નથી. આહાહા..! એ તો રાગ ને પુણ્ય-પાપના પરિણામ ને એક સમયની પર્યાયનો સેવક-દાસ છે. આહાહા..! દાસોહં. ત્યાં પણ એ છે. પ્રભુ! તમે પૂર્ણ છો. હું એક દાસ છું. દાસ છું કાઢી નાખે તો અહં. દાસ છું એમ નથી કહેતા? દાસોહં. દાસ કાઢી નાખે તો અહં છું. સોહં છે ને? પણ દાસોહં. દાસોહં, દાસ કાઢી નાખે તો સોહં રહ્યું. તે હું છું. તે કાઢી નાખે તો અહં હું છું. આહાહા..! એવું જેને અંતરમાં સ્વરૂપની એકતા અહંતા, પરિપૂર્ણતા એને સેવવી છે, આરાધવી છે એણે તો પરતરફના વલણવાળા વિષયકષાયને છોડવા પડશે.

આહાહા..! સામગ્રીની વાત નથી. એ પરિણામ છે તે છોડવા પડશે. આહાહા..! કેમકે ચારિત્ર તે ધર્મ છે અને ચારિત્ર તે મોક્ષનું કારણ છે. મોક્ષનું કારણ ચારિત્ર છે. ધર્મ તે મોક્ષનું કારણ છે. ધર્મ એ ચારિત્ર છે અને સમ્યગ્દર્શન એ તો ચારિત્રનું કારણ મૂળ છે. '**दंसणं मुलो धम्मो**' આહાહા..! પણ એ દર્શનપૂર્વક જ્ઞાન સ્વપૂર્વક અંતરમાં વિષય-કષાયની આસક્તિનો ત્યાગ નહિ કરે તો એ પરમાત્માનો આરાધક નહિ થઈ શકે. આહાહા..! સમજાણું કાંઈ?

જેને વિષય સુખોમાં સુખ ભાસે છે એ તો અહીંયાં લીધો નથી. એ તો મિથ્યાદષ્ટિ છે. આહાહા..! જેને આત્મામાં આનંદ ભાસે છે એને કોઈ ઇન્દ્રના ઇન્દ્રાસનોને ઇન્દ્રાણીઓના ભોગ પણ જેને સુખરૂપ દેખાતા નથી. આહાહા..! એવી જેને દૃષ્ટિ સ્વરૂપ તરફની સુખબુદ્ધિ સ્વની પ્રગટી છે, પરમાંથી સુખબુદ્ધિ જેની ઊડી ગઈ છે, એ જીવે સુખની બુદ્ધિ ઊડી ગયા પછી પણ આસક્તિના જે પરિણામ છે તેને છોડશે તો આરાધક થશે. વિશેષ લેવું છે ને? આહાહા..!

મુમુક્ષુ :- મુનિપણું લીધું.

ઉત્તર :- મુનિપણું લીધું છે. વાત તો એ છે. આહાહા..! આ મુનિપણું એટલે કે આ બાહ્યથી નગ્ન થાય એ મુનિપણું નથી કાંઈ. પંચમહાવ્રતના પરિણામ છે એ કાંઈ મુનિપણું નથી. આહાહા..! મોહ નામ મિથ્યાત્વ અને ક્ષોભ નામ અસ્થિરતાના પરિણામ, એનાથી રહિત થયેલી, આહાહા..! સ્વ સાવધાની અને શાંતિ, સ્વસાવધાની અને શાંતિ અંતરમાં વીતરાગતાનું પ્રત્યક્ષ અનુભવ વેદન એને મુનિપણું કહે છે. આહાહા..! લોકોને એવું લાગે કે આ અમે બધા કરીએ છીએ. બાપુ! તારી માટે નથી. આ તો વસ્તુની સ્થિતિ છે. આ તારે માટે નથી કે તું આવું કર માટે એની નિંદા છે આ. એમ નથી.

જેમાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સુખરૂપ છે, તેવો જેને સ્વાદ અને ભાન આવ્યું નથી. આહાહા..! એને તો આ ઠરવાની સમાધિ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! શુભરાગથી માંડીને જગતની અનુકૂળ ચીજોમાત્ર ઇન્દ્રના ઇન્દ્રાસન જેવા સાધનો, એમાંથી પણ ધર્મીને સુખબુદ્ધિ ઊઠી ગઈ છે. કેમકે એનાથી અધિક જુદો, ભગવાન ભાળ્યો છે, એમાં સુખ છે એટલે પરમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! આ તો અંતરની વાતું છે. બહારથી છોડી દીધું બાયડી, છોકરા, કુટુંબ માટે એ તો સંયોગ છે. આહાહા..! સમજાણું કાંઈ? પરકારણો મને હિતના કારણ છે, સુખના કારણ છે એમ માનનારને પણ પરમાં સુખબુદ્ધિ પડી છે. આહાહા..! એ અહીં હવે ઠરવાની વાત કરે છે. એ સુખબુદ્ધિ પણ જેણે ઉડાડી છે. ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ સચ્ચિદાનંદ જ્ઞાન, બ્રહ્મ આનંદ એવી જેને પ્રતીતિ ને પર્યાય ને રાગથી ભિન્ન જેને ભાસ્યો છે એને જે હવે વિષય કષાયના પરિણામ રહ્યા છે આ એને પણ એને છોડશે તો પરમાત્માનો આરાધક થશે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પૂરતો આરાધક ભલે, પણ અહીં તો ત્રણનું પૂર્ણરૂપ લઈને આરાધક કરવો છે. છેલ્લી ગાથાઓ છે ને આ તો. પરમાત્મપ્રકાશની. આહાહા..!

'**હે યોગી, પરમાત્માકે આરાધક નહીં હૈ.**' જેને હજી પરતરફના વલણવાળી સુખબુદ્ધિ

છે એની તો અહીં વાત છે નહિ. આહાહા..! એ તો એણે ઘર જોયું નથી અને ઘરમાં સુખ છે એમ ભાળ્યું નથી એટલે જ્યાં ત્યાં ઝાંવા નાખે છે. પૈસામાં સુખ, બાયડીમાં સુખ, આબરૂમાં સુખ, ભોગમાં સુખ, રમવું સ્ત્રી આદિમાં સુખ, પ્રભુ! એ બધા ઝેરના પ્યાલા છે. આહાહા..! એવી દૃષ્ટિ અને સ્વનો આશ્રય થયા છતાં જેને આસક્તિના પરિણામ છે તેને આરાધક પૂર્ણ નહિ થઈ શકે. એથી એણે છોડવું પડશે ભાઈ! આસક્તિ પણ જે વિષયકષાયની છે, છોડવું એટલે કે આત્મામાં તત્પર વિશેષ થતાં એ વિષયકષાયના પરિણામ ઉત્પન્ન થતાં નથી એ એણે છોડ્યા એમ કહેવામાં આવે છે. આમ છે.

આ તો ઓલું બહારમાં ધમાધમ કરે. જુઓને બબ્બે હજાર માણસ નીકળેલા. પહેલાં બે હજાર માણસ આવ્યા હતા કચ્છમાંથી. સંઘ આવ્યો હતો અહીં. ઉતર્યા હતા. માણસો આવતા બહુ. એ બધા સમજે કે, આહાહા..! આમ ચાલીએ છીએ ને એકવાર ખાઈએ છીએ. છરી કાંઈ કહેવાય છે. છ-છરી. એ ચેતનજી કહેતા હતા. એને ખબર હશે. એકલવિહારી, બ્રહ્મચારી એમ એવું કાંઈ છ બોલ છે. એ છ પાળે. આ સંઘ નીકળ્યો મુંબઈથી. હવે અહીંયાં આવે કે ન આવે. નીકળ્યો છે. અહીં ઘાંઘળી સુધી તો આવ્યો છે કહે છે. એ બધા કાલે છોકરા આવ્યા હતા એ કહે. જાણે કે, આહાહા..! કેવા અમે ધર્મ કરીએ છીએ! ઉત્સાહ અને હોશું જાણે. અરે! ભાઈ! એ તો પરતરફની હોંશુ તો રાગ છે. આહાહા..!

'**ભાવાર્થઃ- યે વિષયકષાય શુદ્ધાત્મતત્ત્વ કે શત્રુ હૈં,...**' છે? ભાવાર્થ. આહાહા..!

મુમુક્ષુ :- મુનિને વિષયકષાય શું હોય?

ઉત્તર :- ન હોય માટે છોડાવે છે ને. હોય નહિ એટલે તો છોડાવે છે અહીં તો. મુનિપણું કરાવવા માગે છે ને.

વિષયકષાય આ શુદ્ધાત્મતત્ત્વનો શત્રુ છે. આહાહા..! પરમા રસબુદ્ધિ એ તો સમકિતનો શત્રુ છે અને પરમાં આસક્તિ તે ચારિત્રનો વેરી છે. ચારિત્રનો શત્રુ છે. આહાહા..! '**જો ઈનકા નાશ ન કરે, વહ સ્વરૂપ કા આરાધક કૈસા?**' આહાહા..! સ્વરૂપ જે ભગવાનઆત્મા, પરતરફના આસક્તિના રાગાદિનો ત્યાગ ન કરે તો સ્વરૂપનું સેવન શી રીતે કરશે? આહાહા..! અરે! સમજાણું કાંઈ? સમજ્યા તે સમાઈ ગયા. આવે છે ને શ્રીમદ્‌માં? એ અંદરમાં સમાઈ ગયા એ આરાધક સેવન છે. આહાહા..! અહીં તો દેવ-ગુરુની ભક્તિનો ભાવ એ પણ પરતફનો ભાવ વિષયકષાય છે. વિષય પર છે અને એનો એ કષાયભાવ છે. આહાહા..!

મુમુશ્રુ :- ઈન્દ્રિયનો વિષય.

ઉત્તર :- ઈન્દ્રિય તરફ પરતરફનું વલણ છે ને. સ્વવિષય એમાં ન આવ્યો. દેવ, ગુરુ શ્રદ્ધાનના વિષયમાં પરવસ્તુ વિષય છે. આહાહા..! એને છોડીને સ્વરૂપનો જે આરાધક થતો નથી એ આત્માનું કેમ સેવન કરશે? કહે છે. આહાહા..! આકરી વાતું પડે એમાં. કાંઈક આધાર જોઈએ, કાંઈક ટેકો જોઈએ. ઓલો છોટાલાલજી કહેતા. ગુજરી ગયા. ઈંદોરના બ્રહ્મચારી નહિ. છોટેલાલજી.

પહેલા ફરી ગયા ત્યારે કહેતા. વ્યવહાર છે એ વિશ્રામ છે. વિશ્રામ લે તો જરી એને પછી અંદરમાં જવાનું અનુકૂળ પડે. એમ કહેતા હતા. છાપામાં આવ્યું હતું. પછી તો ફરી ગયા બિચારા આવ્યા અહીં. બધું ખોટું, બધું ખોટું. મેં કીધું બાપુ! પહેલા ઠીક હતું, વચમાં અઠીક થઈ ગયું હતું. કારણ કે ત્યાં ગયા ત્યાં અહીંની માન્યતાની વાત કરી હતી. અહીંના રોટલા નહિ ખાવા બહાર જાવ. હવે રોટલા માટે પછી, ભાઈ વાત સાચી તમારી જાવ. વ્યવહારથી થાય. પછી આવ્યા હોં. મારી ભૂલ છે બધી.

અરે! રોટલા માટે આ વ્યવહાર માટે તિલાંજલી દેવી સત્યના ભાવને. દુનિયા હો, ન હો. માનો, ન માનો, રોટલા દે ન દે ભિખારી એકલો હોય નહિ. આહાહા..! એની સાથે સંબંધ શું છે? વ્યવહારથી અને પરની ભક્તિથી આત્મામાં કલ્યાણ થાય નહિ એ વાત એના હૃદયમાંથી ખસવી ન જોઈએ. એ અહીં કહે છે. '**સ્વરૂપ કો વહી આરાધતા હૈ, જિસકે વિષય કષાય કા પ્રસંગ ન હો,...**' જોયું! આહાહા..! સ્વવિષયને બનાવીને ધ્યાનનો વિષય બનાવીને ધ્યેયને, પરના વિષયનો ત્યાગ કરતો નથી એ આરાધક નહિ થઈ શકે.

'**જિસકે વિષય કષાય કા પ્રસંગ ન હો, સબ દોષોં સે રહિત...**' એમ બતાવવું છે ને અહીં તો મુનિપણું એકદમ. '**જો નિજ પરમાત્મા ઉનકી આરાધના કે ઘાતક.**' નિજપરમાત્મા એનો સ્વભાવ જ અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતદર્શન. એ ચતુષ્ટય સ્વરૂપ જ એનું ત્રિકાળ છે. એવો નિજપરમાત્મા અનંત સ્વભાવ જેનો આનંદનો, જ્ઞાનનો, એવો જે નિજ પરમાત્મા. આહાહા..! એની '**ઉનકી આરાધના કે ઘાતક.**' આહાહા..! '**વિષય કષાય કે સિવાય દૂસરા કોઈ ભી નહીં હૈ.**' આહાહા..! સ્વવિષયમાં જવાને પરવિષય ઘાતક છે. આહાહા..! સ્વવલણવાળાને પરતરફનું વલણ ચાહે તો શુભ હો તો એ ઘાતક છે કહે. આહાહા..! આવું છે. હવે અહીં તો રાગ તરફનો, જે વ્યવહાર તરફ જાય છે લક્ષ એ પણ કષાય છે. એને છોડીને, એને છોડ તો અહીં સેવન થશે. ત્યારે ઓલા કહે કે વ્યવહારથી આ થાશે.

મુમુક્ષુ :- વ્યવહાર પરાશ્રિતભાવ છે.

ઉત્તર :- આ તો વ્યવહાર પરાશ્રિત અને આ તો પરનો નિષેધ કરે એટલે એનો આશ્રય છોડે તો અંદરમાં જાય એમ કહે છે. એનાથી જવાય છે કે એનો આશ્રય છોડે તો જવાય છે? ઘાતક છે આ તો. આહા..! બહુ આકરુ કામ. સાધુને આકરું પડે છે. ભાઈ! તારા માટે કાંઈ નથી આ વાત. આ તો વસ્તુની સ્થિતિ આવી છે. અને તું પણ એને કબુલ તો તને ગુણનું કારણ છે. આહાહા..! તારા આત્માની શાંતિનું કારણ છે, ભાઈ! ઓલું તો દુઃખનું કારણ ભાઈ એ દુઃખનું વેદન કઠણ પડશે. આહાહા..! શ્રદ્ધામાં જ જ્યાં પરતરફના વલણવાળા ભાવથી સ્વતરફનું વલણ થશે એ શ્રદ્ધા જ મિથ્યાત્વ છે. આહાહા..! લ્યો!

'**વિષય કષાય કે સિવાય દૂસરા કોઈ ભી નહીં હૈ. વિષય કષાયકી નિવૃત્તિરૂપ...** ' આહાહા..! '**શુદ્ધાત્માકી અનુભૂતિ વહ વૈરાગ્ય સે હી દેખી જાતી હૈ.**' આહાહા..! શું કીધું

એ? વિષય કષાયની નિવૃત્તિ પરતરફના અને શુદ્ધાત્માની અનુભૂતિ એ શુદ્ધાત્માનો અનુભવ અને વૈરાગ્ય ત્યાં બેય દેખાય છે. પૂર્ણાનંદની પ્રતીતિરૂપી અનુભૂતિ અને રાગથી રહિત વૈરાગ્ય. નિર્જરા અધિકારમાં આવ્યું છે ને. એ વાત લીધી છે. જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ જ્ઞાનીને, ધર્મીને હોય છે. નિર્જરા અધિકાર. એટલે? જ્ઞાન એટલે કે આત્મા પરિપૂર્ણ વસ્તુ છે તે જ્ઞાન. એનું જ્ઞાન. એ અસ્તિનું જ્ઞાન અને આ બાજુ રાગનો અભાવ એ વૈરાગ્ય. આહાહા..! એ જ્ઞાન એને વૈરાગ્ય બે શક્તિ જ્ઞાનીને સાથે હોય છે. અહીં વિશેષ વૈરાગ્ય લીધો છે. મુનિને લાયકની દશા. ઓલી નિર્જરામાં સાધારણ સમ્યગ્દૃષ્ટિને પણ જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ તો હોય જ છે. એમ જ્યાં સ્વની પરિપૂર્ણતાની પ્રતીતિ કરી ત્યાં રાગના અભાવનો વૈરાગ્ય તો ભેગો હોય છે. અસ્તિની જ્યાં શ્રદ્ધા કરી ત્યાં રાગ અને નાસ્તિની શ્રદ્ધા ભેગી આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો વિશેષ લે છે. '**વિષય કષાયકી નિવૃત્તિરૂપ શુદ્ધાત્માકી અનુભૂતિ...** ' એ વિષયકષાય પરતરફના અભાવસ્વરૂપ તે શુદ્ધાત્માની અનુભૂતિ. આહાહા..! '**વહ વૈરાગ્ય સે હી દેખી જાતી હૈ.**' પરતરફના ઉદાસભાવથી અને રાગના અભાવથી દેખાય છે. આહાહા..! આ વસ્તુ છે એની હજી એને ખબર જ્યાં નથી. એને ધર્મ શી રીતે થાય ભાઈ! બહારના બધા.. આહાહા..! ઓલાને કૂતરાને ધર્મનિષ્ઠ ઠરાવ્યો. તો તો બધા સાથે છે તો એ તો બધા ધર્મનિષ્ઠ થઈ ગયા. અરે! બાપુ! ભગવાન છેતરાઈ જાય છે ભાઈ! એ એનું પરિણામ આવશે ત્યારે ખબર પણ નહિ પડે. આહાહા..! મૂઢ છે.

બાપુ! ચૈતન્ય જાગતી જ્યોત પરમાત્મા પોતે અંદર છે. એના વલણવાળો ભાવ કર્યો નહિ અને પરના વલણથી આત્માનું વલણ થશે એ તો શત્રુ છો કહે છે. આહાહા..! વ્યવહાર છે તે નિશ્ચયનો શત્રુ છે. આહાહા..! તેથી તેનો નિષેધ કરવામાં, પરાશ્રિત નિષેધ, સ્વઆશ્રયનો પ્રતિષેધક. સ્વઆશ્રય તેને પ્રતિષેધ કરે છે કે નહિ આ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો કહે એકલી નિશ્ચયની વાતું કરે એમાં વ્યવહાર સાધન છે તો ઉડાવી દે છે એમ કહે છે. ભાઈ! એ વ્યવહાર સાધન નથી. વ્યવહારના લક્ષને છોડી, સ્વમાં જા તે સાધક છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વસ્તુ તો નહોતી ને એટલે લોકોને નવી લાગે. આ નવી અનાદિની વીતરાગ માર્ગ બાપુ આ જ પંથ ચાલે છે.

શું કીધું એ? '**વિષય કષાયની નિવૃત્તિરૂપ...**' પરતરફના વલણના વિકલ્પથી છૂટવારૂપ '**શુદ્ધાત્માકી અનુભૂતિ...**' એટલે ત્રિકાળી ભગવાનનો અનુભવ અને પરથી વૈરાગ્ય. '**વહ વૈરાગ્યસે હી દેખી જાતી હૈ.**' આહાહા..! છે એમાં? છે ને? '**ઈસલિયે ધ્યાન કા મુખ્ય કારણ વૈરાગ્ય હૈ.**' ઓલો વિષયકષાયનો અભાવ કીધો ને? એ વૈરાગ્ય. વિષયકષાયનો અભાવ એ વૈરાગ્ય. પોતાનો જે સ્વભાવ છે તેનો સંવેગ, સમ્યક્ પ્રકારનો વેગ ઉલ્લસિત વીર્યથી જે પકડ્યો છે ભગવાનને એમાં રાગના અભાવરૂપ વૈરાગ્ય સાથે હોય છે. એ જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ સાથે દેખાય છે. દેખાય છે એમ કહ્યું ને? '**ઈસલિયે ધ્યાન કા મુખ્ય કારણ વૈરાગ્ય હૈ.**' પરતરફથી ખસીને ઠરવું એ એનું

કારણ મૂળ વૈરાગ્ય છે. આહાહા..! એ રાગના વ્યવહારના રાગથી પણ ખસવું એ વૈરાગ્ય તે ધ્યાનનું કારણ છે. એ રાગ તે ધ્યાનનું કારણ નથી. આહાહા..! ખસી જાવું.

ઓલાએ કહ્યું હતું ને ભાઈ એક નહોતા? ક્ષુલ્લક હતા ને ક્ષુલ્લક. શું નામ? આદિ.

મુમુક્ષુ :- આદિસાગર.

ઉત્તર :- આદિસાગર. અહીં બિચારા આવતા. અહીં આવતા. પછી સાંભળે, પણ મગજ બહુ થોડુ એટલે, બહુ પુસ્તકો લઈ જાય, વંચાવે, વાંચે, પછી ટૂંકો એક શબ્દ કર્યો એણે કે 'પરથી ખસ, સ્વમાં વશ, ટૂંકૂ ટચ એટલું બસ.' પરથી ખસ આ વૈરાગ્ય. સ્વમાં વશ અનુભૂતિ. એટલું બસ એ ટૂંકું ટચ. એની આ બધી વ્યાખ્યા બાર અંગની છે. એમ બિચારા કહેતા એ. બુદ્ધિ બહુ નહોતી પણ એને પ્રેમ હતો કે માર્ગ તો આ કહે છે. ક્ષુલ્લક હતા, પણ માર્ગ તો આ છે એમ કહેતા.

ભવ્યસાગર છે એક સાધુ આપણા દિગંબર નહિ? કર્ણાટક. ૧૮-૧૯ વર્ષની દીક્ષા છે. કવિ છે. આસુકવિ. એના પત્રો દસ આવ્યા અહીંયાં. ઓહોહો..! આ માર્ગ તો ૨૦૦ વર્ષમાં નહોતો એવો માર્ગ તમારો છે કહે. એમ બિચારા કાગળમાં લખે છે. ભાઈ! માર્ગ તો આ છે બાપુ! દસ કાગળ આવ્યા હતા. આવવું છે એમ લખે છે. પાંચસો ગ્રાહક આત્મધર્મના કરું પછી આવીશ. ૨૦૦-૨૦૦. ૨૦૦ ને? ૫૦૦. ઠીક છે. આહાહા..! અહીં તો કહે છે કે અહીં આ રાગથી ખસીને અહીં (અંદરમાં) જા ત્યારે આરાધક થઈશ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. જોયું!

'**જબ વૈરાગ્ય હો તબ તત્ત્વજ્ઞાન નિર્મલ હો,...**' એ તો અપેક્ષાથી વાત કરી. તત્ત્વજ્ઞાન એટલે વસ્તુમાં ઠરવાની નિર્મળતા હોય એમ. રાગથી ખસે તો વસ્તુમાં ઠરે તો તત્ત્વ એટલે આત્માથી નિર્મળ થાય. મોક્ષમાર્ગપ્રકાશકમાં એ લીધું છે કે શાસ્ત્ર ભણે તો આત્માનું તત્ત્વજ્ઞાન નિર્મળ થાય. એ પરના લક્ષવાળું જ્ઞાન નિર્મળ થાય. આહાહા..! એમાં એ છે. શાસ્ત્રનું વિશેષ ભણે. વાત એ કે પરના લક્ષવાળું જ્ઞાન વિશેષ થાય. આહાહા..! શૈલી એવી છે ને. ઊંચા પ્રકારની.

મુમુક્ષુ :- હિતરૂપ છે.

ઉત્તર :- હા હિતરૂપ છે એ. આહાહા..! કારણ કે ઇન્દ્રિય તરફથી જાણીને જ્ઞાન કરવું એ જ્ઞાન પહેલા કરતા વિશેષ નિર્મળ થાય પણ એ નિર્મળ શું? પરલક્ષી જ્ઞાન નિર્મળ થાય. સ્વલક્ષી જ્ઞાન એનાથી નિર્મળ થાય એમ નથી. અને તેથી કહ્યું છે ને ઓલું પરમાર્થ વચનિકા? કે પરસત્તાવલંબી જ્ઞાનને મોક્ષમાર્ગ જ્ઞાની કહેતા નથી. આહાહા..! છે? પરમાર્થવચનિકા. પરસત્તાવલંબી. જેટલું પરલક્ષવાળું જ્ઞાન સૂત્રથી કહ્યું, સવારે જે કહ્યું શબ્દશ્રુત જ્ઞાન. તે કાંઈ મોક્ષમાર્ગ નથી. આહાહા..! આવી વાતું. છે એમાં એ. પરસત્તાવલંબી જ્ઞાનને ધર્મી મોક્ષમાર્ગ કહેતા નથી. હોય છે પરસત્તાવલંબી. જ્યાં સુધી પૂર્ણ નથી એને એટલું હો ભલે. પણ એ કોઈ મોક્ષમાર્ગમાં નથી. આહાહા..! ત્યાં મોક્ષમાર્ગમાં એમ કહ્યું જેટલું ભણશે વિશેષ એટલું નિર્મળ જ્ઞાન થશે. કઈ અપેક્ષા છે?

મુમુક્ષુ :- અપેક્ષા ફેર.

ઉત્તર :- અપેક્ષા ફેર છે એ જાણવું જોઈએ એણે. આહાહા..!

‘**જબ વૈરાગ્ય હો તબ તત્ત્વજ્ઞાન નિર્મલ હો, સો વૈરાગ્ય ઔર તત્ત્વજ્ઞાન યે દોનોં પરસ્પર મેં મિત્ર હૈ.**’ એટલે આ. વસ્તુના પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન, પ્રતીતિ, સ્વઆશ્રય અને રાગથી ખસીને વૈરાગ્ય બેની મૈત્રી છે. એ કળશ આવે છે ને સમયસારનો પાછળ. વ્યવહાર અને નિશ્ચયની મૈત્રી છે એમ અર્થ કર્યો ભાઈ જયચંદ પંડિતે. પણ રાજમલે એવો અર્થ કર્યો કે વસ્તુનું સ્વરૂપનું જ્ઞાન, ભાન, પ્રતીત અને અશુદ્ધતાનો અભાવ એને મૈત્રી છે. આહાહા..! જયચંદપંડિતે એમ કર્યો અર્થ. બેનું હોય છે ને નિમિત્તરૂપે, નિમિત્તથી નિમિત્તરૂપે. અને અહીંયાં તો કહ્યું કે વસ્તુના સ્વભાવનું ભાન અને રાગના અશુદ્ધતાના ભાવનો અભાવ એ બેને મૈત્રી છે. ઓલું વ્યવહારથી જરી કહ્યું છે કે એ વખતે આવું હોય એને. ભિન્ન સાધ્યસાધન કહ્યું છે ને? એનો અર્થ કે જે સાધ્ય પ્રગટ્યું છે એને આવું નિમિત્તપણું આવું જ એને રાગની મંદતા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એવો એને ભાવ હોય. એનું એને જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ?

નહિંતર નિશ્ચયથી કહ્યો તેનો આ વિરોધ વ્યવહારથી તો પાછો વિરોધ થયો. વિરોધ વાક્ય હોય વીતરાગમાર્ગમાં? પૂર્વાપરવિરોધ ક્યાંય ન હોય. આહાહા..! હવે એની ચર્ચા કરે પછી આ. આમાં કહ્યું સાધન, આમાં કહ્યું સાધન. કઈ નયનું કથન છે? અને વ્યવહારનયનું કથન છે તો એનો અર્થ કે એ તો અભૂતાર્થનયનું કથન છે. એમ નથી પણ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. છે ને મોક્ષમાર્ગપ્રકાશકમાં. વ્યવહારથી, નિશ્ચયથી કહ્યું ત્યાં યથાર્થ છે, વ્યવહારથી કહ્યું ત્યાં એમ નથી પણ નિમિત્ત કેવું છે એનું જ્ઞાન કરાવ્યું છે. આવો તો ખુલાસો ટોડરમલ કરે છે લ્યો. આહાહા..! હવે એને ઉડાડવા. ટોડરમલ અને બનારસીદાસ અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. અરે! પ્રભુ! આહાહા..! અધ્યાત્મથી ગાંડા થઈ ગયા છે એમ કહે. આહા..! પ્રભુ! એ તો ડાહ્યા હતા. એને ગાંડા કહેવા બાપુ તને (ખબર નથી). આહાહા..! વસ્તુ બીજી બેઠી હોય ને એટલે એને આ વ્યવહારથી થાય, આથી થાય એ વાત જ કરતા નથી અને વ્યવહારને ઉથાપે છે. એમ. આહાહા..! અભિપ્રાય ઉપર ઘા પડે છે ને. આત્મા ઉપર ઘા પડે છે. અભિપ્રાય છે એ આત્મા થઈ ગયો એને. એટલે શું થાય એને બિચારાને. માર્ગ તો આ છે બાપુ! આહાહા..!

છે? ‘**દોનોં પરસ્પરમેં મિત્ર હૈં.**’ કોણ? એ શુદ્ધસ્વરૂપ તરફની દૃષ્ટિ અને જ્ઞાન અને આ બાજુ અશુદ્ધતાનો અભાવ, વિષયકષાયના પરતરફના પરિણામનો અભાવ એ વૈરાગ્ય, બેને મૈત્રી છે. સાથે હોય છે. આહાહા..! ત્યાં ઓલા વળી એવો અર્થ કરે છે, નિમિત્તનો અર્થ કરે છે. નિમિત્ત કર્યું છે ને અર્થ, નિ-વિશેષ, મિ-મિત્ર. એ મિત્ર તરીકે સહાય કરે છે. નિમિત્તનો એવો અર્થ કર્યો છે. ઓલામાં કર્યો છે. ખાણિયા ચર્ચામાં. સહાય કરે છે એનો અર્થ કે છે. આત્મા ગતિ કરે ત્યારે ધર્માસ્તિ નિમિત્ત છે. બસ. એટલી જ વાત છે. નિમિત્ત ગતિ કરાવે છે એમ છે? એ ત્યારે અનુકૂળને કેમ નિમિત્ત કીધું? બધાને કેમ ન કહ્યું? પણ એ અનુકૂળ હોય તેને જ નિમિત્ત કહેવાય. જે ગતિમાં

નિમિત્ત થવાને લાયક હોય તેને અહીંયાં નિમિત્ત કહેવાય. તે ધર્માસ્તિ નિમિત્ત એને ગતિ કરાવે છે? જો ગતિ કરાવે તો ધર્માસ્તિ સદાય છે તો ગતિ જ કરે. તો સ્થિર થાય જ નહિ. અને અધર્માસ્તિ સ્થિર કરાવે છે? એ ગતિ કરવાની પરિણતિમાં ઓલા નિમિત્ત ધર્માસ્તિ છે. એમ ગતિ કરતું તત્ત્વ સ્થિર થાય તેને અધર્માસ્તિ નિમિત્ત છે. એને આ તત્ત્વ ગતિ જ કરાવે, આ તત્ત્વ સ્થિર કરાવે એવું એમાં ક્યાં છે? આહાહા..! આ બેને મૈત્રી કહેવાય. સમજાણું?

વ્યવહારના રાગ અને નિશ્ચયના પરિણામને એ મૈત્રી એ તો વ્યવહારથી કથન. પણ ખરેખર તો ભગવાનઆત્મા પૂર્ણ ધ્રુવ શુદ્ધ ચૈતન્યઆત્મા, એની દૃષ્ટિ જે જ્ઞાન, એની દૃષ્ટિ ને જ્ઞાન એની સાથે રાગના અશુદ્ધતાનો અભાવ, વૈરાગ્ય એ બેની મૈત્રી છે. આહાહા..! એ ધ્યાનને કારણ છે. સ્વભાવની દૃષ્ટિ અને રાગનો અભાવ એ એક ધ્યાનનું કારણ છે. વિષયકષાયનો વિકલ્પ જે છે એ ધ્યાનનું કારણ છે એમ નથી. ધ્યાન એટલે સ્વરૂપમાં એકાગ્ર થવામાં રાગ કારણ છે એમ નથી. પણ રાગનો અભાવ અને સ્વભાવની પ્રતીતિ બે થઈને મૈત્રી એ વૈરાગ્યનું કારણ છે. ધ્યાનનું એ કારણ છે. આહાહા..! વસ્તુ તો આવી છે જુઓને.

મુમુક્ષુ :- સ્પષ્ટ વાત છે.

ઉત્તર :- સ્પષ્ટ વાત આમાં સંદેહને સ્થાન ક્યાં છે? એ વાત તો જ્યાં એને ગોઠે નહિ અને વ્યવહારની વાત આવે એને ગોઠે એ તો અનાદિથી છે એ કાંઈ નવી વાત નથી. આહાહા..!

છે? '**ઔર બાહ્યાભ્યંતર પરિગ્રહ કે ત્યાગરૂપ...**' હવે મુનિની વાત લે છે વિશેષ. '**બાહ્યાભ્યંતર પરિગ્રહ કે ત્યાગરૂપ નિર્ગ્રંથપના વહ ધ્યાન કા કારણ હૈ.**' બાહ્ય વસ્ત્ર-પાત્ર પણ છૂટી ગયા છે અને અંદરમાં રાગથી છૂટ્યો છે એ ધ્યાનનું કારણ મુનિને છે. આહાહા..! ઓલી મૂળ વાત તો પડી રહી. રહી ગઈ આ બહારની. રાગની કરીએ, પંચમહાવ્રત પાળીએ છીએ. અહીં તો કહે છે કે એનો અભાવ. બાહ્ય અને અભ્યંતર એવો જે રાગ, અભ્યંતર રાગ અને બાહ્યમાં રાગના નિમિત્તો એ બેયનો ત્યાગ, એનું નામ નિર્ગ્રંથપણું '**વહ ધ્યાન કા કારણ હૈ.**' આહાહા..!

જેણે ત્રણકષાયનો નાશ કર્યો છે, પરતરફના વલણની જેને નાસ્તિ થઈ છે અને સ્વરૂપની પરિપૂર્ણતાની જેને અસ્તિ થઈ છે એ બે થઈને મૈત્રી એ ધ્યાનનું કારણ છે. આહાહા..! પકડવું અજાણ્યાને તો કઠણ લાગે. નવા માણસને શું આવો ધર્મ! આવી વાતું શું કરે છે? કેમ દયા પાળવી, કેમ વ્રત પાળવા, કેમ અપવાસ કરવા એ તો વાતું કરતા નથી. આ જ દયા છે. એ પંચાધ્યાયીમાં આવ્યું છે. સ્વકૃપા. જેવો છે તેવી દૃષ્ટિ, જ્ઞાનને ઠરવું એ જ એની સ્વકૃપા છે, સ્વદયા છે. આહાહા..! જેવડો જેમ છે તેને તેમ ન માનવો તે હિંસા છે. આહાહા..! પોતાની હિંસા છે હોં. આહાહા..!

શ્રીમદ્‌માં આવ્યું નહિ? 'ભાવમરણે કાં અહો રાચી રહો?' બહુ પુણ્યકેરામાં આવે છે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો'. ક્ષણે ક્ષણે રાગ અને પરની એકતાબુદ્ધિમાં ભાવમરણ ચૈતન્યની જાગૃતિનો ત્યાં અભાવ થાય છે, એવું ભાવમરણ ક્ષણે ક્ષણે કરી રહ્યો ત્યાં કેમ રાચી રહ્યો છો? ૧૬ વર્ષે કહે છે. ક્ષણ ક્ષણ ભયંકર, ભયંકર ભાવમરણ. એ વિકલ્પની એકતા અને એનાથી

લાભ એ ભયંકર ભાવમરણ છે. કહો, ..ભાઈ! એમ આવે છે કે નહિ આ? વળી પછી કહે કે પરની ભક્તિથી ધર્મ ન માને તે એકાંત છે. અરે! ભાઈ! હોય છે. પૂર્ણ ન હોય ત્યાં શુભભાવ હોય. પાપથી બચવા એ હોય, પણ એ કોઈ ધર્મનું કારણ છે અને ધર્મરૂપ છે એમ નથી. આહાહા..!

'**બાહ્યાંભ્યંતર પરિગ્રહ કે ત્યાગરૂપ નિર્ગ્રંથપના વહ ધ્યાન કા કારણ હૈ. નિશ્ચિત આત્માનુભૂતિ હી હૈ સ્વરૂપ જિસકા ઐસે જો મન કા વશ હોના,...**' એ ધ્યાનનું કારણ છે. આ ધ્યાનના કારણ આપે છે. '**નિશ્ચિત આત્માનુભૂતિ હી હૈ સ્વરૂપ જિસકા ઐસે જો મનકા વશ હોના,...**' એ ધ્યાનનું કારણ છે. '**વહ વીતરાગ નિર્વિકલ્પસમાધિ કા સહકારી...**' આહાહા..! '**ઔર બાઈસ પરિષહોં કો જીતના, વહ ભી ધ્યાન કા કારણ હૈ.**' નિમિત્તરૂપે. પરતરફનું વલણ પરિષહ સહન કરવો. પરિષહ સહનમાં એ પાછી વ્યાખ્યા ફેરવે છે. કે જ્યારે પ્રતિકુળતા આવે એટલે વિકલ્પ તો આવે કે આ છે. પછી વિકલ્પને છોડવો એમ નહિ. એ આવે તે તરફનું વલણ જ નથી જ્યાં.

મુમુક્ષુ :- આત્મા તરફ વલણ.

ઉત્તર :- આત્મા તરફ એનું નામ પરિષહ સમસ્ત પ્રકારે સહન કરવું એટલે જ્ઞાતાદ્દષ્ટાપણે રહેવું. એમાં વ્યાખ્યા ફેર કરે છે. શું થાય પણ હવે. જેને જે વાત બેસે એ વાત કરે. પણ વસ્તુ તો આમ છે. આહાહા..!

'**યે પાંચ ધ્યાન કે કારણ જાનકર ધ્યાન કરના ચાહિયે.**' લ્યો આ રીતે રાગના ત્યાગનો ભાવ જે કીધો, મનવશ કર્મો વગેરે એ પાંચેય અંતરમાં વલણ માટે છે એ વાત. આહાહા..! બીજે ઠેકાણે કહ્યું. '**સંસાર શરીરભોંગો સે વિરક્તતા, તત્ત્વવિજ્ઞાન, સકલ પરિષહ કા ત્યાગ,...**' શ્લોક છે એ. '**મનકા વશ કરના, ઔર બાઈસ પરિષહોં કા જીતના-યે પાંચ આત્મ-ધ્યાન કે કારણ હૈં.**' પહેલું કહી ગયા એનો શ્લોક આપ્યો છે. અંતરમાં વલણ માટે આ પાંચ કારણ છે. બહારના વલણ છોડવા માટે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૧૯૩

अथ–

३२४) परम-समाहि धरेवि मुणि जे परबंभु ण जंति।
ते भव-दुक्खइँ बहुविहइँ कालु अणंतु सहंति।।१९३।।
परमसमाधिं धृत्वापि मुनयः ये परब्रह्म न यान्ति।
ते भवदुःखानि बहुविधानि कालं अनन्तं सहन्ते।।१९३।।

जे ये केचन मुणि मुनयः ण जंति न गच्छन्ति। कं कर्मतापन्नम्। परबंभु परमब्रह्म परब्रह्मशब्दवाच्यं निजदेहस्थं केवलज्ञानाधनन्तगुणस्वभावं परमात्मस्वरुपम्। किं कृत्वा पूर्वम्। परम-समाहि धरेवि वीतरागतात्त्विकचिदानन्दैकानुभूतिरुपं

परमसमाधिं धृत्वा ते पूर्वोक्तशुद्धात्मभावनारहिताः पुरुषाः सहंति सहन्ते। कानि कर्मतापन्नानि। भव-दुक्खइँ वीतरागपरमाह्लादरुपात् पारमार्थिकसुखात् प्रतिपक्षभूतानि नरनारकादिभवदुःखानि। कतिसंख्योपेतानि। बहुविहइं शारीरमानसादिभेदेन बहुविधानि। कियन्तं कालम्। कालु अणंतु अनन्तकालपर्यन्तमिति। अत्रेदं ज्ञात्वा निजशुद्धात्मनि स्थित्वा रागद्वेषादिसमस्तविभावत्यागेन भावना कर्तव्येति तात्पर्यम्।।१९३।।

---

आगे परमसमाधिकी महिमा कहते हैं-

गाथा-१९३

अन्वयार्थः- [ये मुनयः] जो कोई मुनि [परमसमाधिं] परमसमाधिको [धृत्वापि] धारण करके भी [परब्रह्म] निज देहमें ठहरे हुए केवलएज्ञानादि अनंतगुणरुप निज आत्माको [न यांति] नहीं जानते हैं, [ते] वे शुद्धात्मभावनासे रहित पुरुष [बहुविधानि] अनेक प्रकारके [भवदुःखानि] नारकादि भवदुःख आधि व्याधिरुप [अनंतं कालं] अनंतकालतक [सहंते] भोगते हैं।

भावार्थः- मनके दुःखको आधि कहते हैं, और तनुसंबंधी दुःखोंको व्याधि कहते हैं, नाना प्रकारके दुःखोंको अज्ञानी जीव भोगता है। ये दुःख वीतराग परम आह्लादरुप जो पारमार्थिक-सुख उससे विमुख हैं। यह जीव अनन्तकाल एक निजस्वरुपके ज्ञान बिना चारों गतियोंके नाना प्रकारके दुःख भोग रहा है। ऐसा व्याख्यान जानकर निज शुद्धात्ममें स्थिर होके राग द्वेषादि समस्त विभावोंका त्यागकर निज स्वरुपकी ही भावना करनी चाहिये।।१९३।।

---

વળી (હવે પરમસમાધિનો મહિમા કહે છે) :-

ભાવાર્થઃ- જે કોઈ મુનિઓ એક વીતરાગ તાત્ત્વિક ચિદાનંદમય અનુભૂતિરૂપ પરમસમાધિને ધારણ કરીને પરમ બ્રહ્મને-'પરબ્રહ્મ' શબ્દથી વાચ્ય એવા, નિજદેહમાં રહેલા, કેવળજ્ઞાનાદિ અનંતગુણસ્વભાવવાળા પરમાત્મસ્વરૂપને-પામતા નથી (જાણતા નથી) તેઓ પૂર્વોક્ત શુદ્ધ આત્માની ભાવનાથી રહિત પુરુષો-વીતરાગ પરમ આહ્લાદરૂપ પારમાર્થિક સુખથી પ્રતિપક્ષભૂત, શારીરિક, માનસિક આદિ અનેક પ્રકારનાં ભવદુઃખોને સહે છે.

અહીં, આ વ્યાખ્યાન જાણીને નિજ શુદ્ધ આત્મામાં સ્થિત થઈને રાગદ્વેષાદિ સમસ્ત વિભાવના ત્યાગ વડે (આત્મ) ભાવના કરવી જોઈએ, એવું તાત્પર્ય છે. ૧૯૩.

## વીર સંવત ૨૫૦૨, ચૈત્ર વદ ૮, સોમવાર
## તા. ૧૧-૦૪-૧૯૭૭, ગાથા-૧૯૩, પ્રવચન નં. ૨૩૩

પરમાત્મપ્રકાશ. ૧૯૩ ગાથા. '**આગે પરમસમાધિકી મહિમા કહતે હૈં–**' એટલે શું? શું કહે છે? ૧૯૩. આ આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત પરમસમાધિ એટલે કે આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત. અર્થ કરશે નીચે. શરીરની વ્યાધિ એનાથી ભગવાનઆત્મા ભિન્ન છે. આ ઉપાધિ બહારના ધંધા એનાથી આત્મા ભિન્ન છે. આધિ-મનમાં થતા શુભ-અશુભ વિકલ્પો રાગ એ આધિ છે. વ્યાધિ શરીર, આધિ એ ઉપાધિ આ બધું. એનાથી રહિત આત્મા તે સમાધિસ્વરૂપ છે. લોગસ્સમાં આવે છે. 'સમાહિવરમંતુ' કોને ખબર છે શું એનો અર્થ? ગડિયો હાંકે. 'સમાહિવરમંતુ' આવે છે? ચંદુભાઈ! કર્યું છે લોગસ્સ? ઠીક. સમાહીવર.. હે નાથ! તું મને સમાધિ ફળ આપો વર. એ તો ભગવાનની પ્રાર્થના છે. ભગવાન કાંઈ આપતા નથી. મળે છે અહીંથી (અંતરથી). આહાહા..!

જેટલા વેપાર, ધંધા આદિના વિકલ્પો બધા પાપ. આહાહા..! એ આધિ છે. આત્મામાં શાંતિ સિવાય એ બધી આધિ. વ્યાધિ, ઉપાધિથી રહિત સમાધિ. આહાહા..! જેને શાંતિ જોઈતી હોય, સમ્યગ્દર્શન એ સમાધિ છે. સમ્યગ્દર્શન એ સમાધિ છે. શ્વેતાંબરમાં આવે છે ચિત્ત સમાધિ હોય દસ બોલે. ચિત્તસમાધિ.. પણ એમાં આ સ્પષ્ટીકરણ નહિ. કે આત્મા આનંદમૂર્તિ પ્રભુ, ત્રિકાળ અનાકુળ શાંતરસનો કંદ એની અનુભૂતિ થવી, એનું નામ સમાધિ અને ધર્મ છે. આહાહા..! એ સમાધિથી એ પરમસમાધિનો મહિમા કહે છે. ગાથા.

३२४) परम-समाहि धरेवि मुणि जे परबंभु ण जंति।
ते भव-दुक्खइँ बहुविहइँ कालु अणंतु सहंति।।१९३।।

'**જો કોઈ મુનિ...**' નામ ધરાવીને, અહીંયાં ઉત્કૃષ્ટ વાત છે ને? '**પરમસમાધિકો...**' એટલે સાધુપણું ગ્રહણ કરતાં '**ધારણ કરકે ભી નિજ દેહ મેં ઠહરે હુએ...**' નિજ દેહ મેં ઠહરે હુએ. આહાહા..! '**કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ નિજ આત્માઓં કો નહીં જાનતે હૈં,...**' આહાહા..! ભગવાનઆત્મા કેવળ એક જ્ઞાનમૂર્તિ, આનંદમૂર્તિ, શાંતમૂર્તિ, દર્શનસ્વરૂપ એવું જે અનંતચતુષ્ટયસ્વરૂપ ભગવાનઆત્મા એને જે નથી જાણતો, અને પરમસમાધિ નામ મુનિપણું ગ્રહણ કરીને માને છે કે અમે સાધુ છીએ એ ધર્મનો આરાધક નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**જો કોઈ મુનિ પરમસમાધિ કો ધારણ કરકે...**' એટલે મુનિપણું ધારે બહારથી. '**નિજ દેહ મેં ઠહરે હુએ...**' ભગવાનઆત્મા આ દેહમાં રહ્યો છે પ્રભુ. અનંતશાંત અને આનંદરસથી ભરેલો છે આ. આહાહા..! એવા નિજદેહમાં ઠરેલો છે. '**ઠહરે હુએ કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ...**' આહાહા..! જેમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવલઆનંદ, અનંતશાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એવી અનંત શક્તિઓ, એક એક શક્તિની અનંત મહિમા એવો શક્તિવાન પરમાત્મા

પોતે. આહાહા..! એને નથી જાણતો. અને ક્રિયાકાંડ બધી કરે દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને. સમજાણું કાંઈ? એ ઠેકાણે ત્યાં જાય. અહીં તો હજી પાપ આડે નવરો ક્યાં છે?

સવારમાં કહ્યું હતું ને? કે એક તો સંસારી જ્ઞાન જેટલું આ વકીલાતનું ને તમારા જજનું આ ડોક્ટરનું. એ બધું કુજ્ઞાન, પાપજ્ઞાન. બરાબર હશે?

મુમુક્ષુ :- બીજાને ન્યાય કરે તોપણ પાપ?

ઉત્તર :- ન્યાય કરે ન્યાય ત્યાં ક્યાં હતો? આ ઝવેરાતના ધંધા, હીરા-માણેકના ધંધા. શું તમારે કીધું?

મુમુક્ષુ :- ખજુર ને ખારેક.

ઉત્તર :- મોટા અરબસ્તાનમાંથી ઉતારે. વહાણના વહાણ ઉતારે છે મુંબઈ.

મુમુક્ષુ :- એટલે એમાં ભેગું સોનું પણ આવે.

ઉત્તર :- આહાહા..! એ બધાની કળા જે છે જાણપણું એ તો એકલું પાપ. આહાહા..! અહીંયાં તો એથી આગળ જઈને. સવારે તો ઘણું કહ્યું હતું. શાસ્ત્રજ્ઞાન કરે, વાંચે, વણે અંદર શાસ્ત્રનું એ પુણ્યજ્ઞાન છે, ધર્મજ્ઞાન નહિ. આહાહા..! ધર્મજ્ઞાન તો દેહમાં ઠરે એ કેવળજ્ઞાનાદિ અનંતગુણ નિજાત્મા. આહાહા..! એ આત્માનું જ્ઞાન કરવું. એ આત્મા અનંત કેવળજ્ઞાનાદિ ગુણનો ભંડાર, અનંતશક્તિનો સાહેબો એ છે પ્રભુ. આહાહા..! એનો અંશ, જ્ઞેય બનાવીને એને જ્ઞેય બનાવીને જ્ઞાન કરવું એને ધ્યેય બનાવીને શ્રદ્ધા કરવી અને ધ્યેયમાં ઠરવું એવું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જેને શુદ્ધોપયોગ કહે છે. સમાધિનો અર્થ ત્યાં શુદ્ધોપયોગ છે. સમજાણું કાંઈ?

આ બાજુ છે. ૯૪ છે ને? એમાં છે જુઓ. પરમસમાધિ. ૯૪માં છે ને? '**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ શુદ્ધોપયોગ જિસકા લક્ષણ હૈ, ઐસી પરમસમાધિ...**' છે ને ડાહ્યાભાઈ! એટલે શું? કે શુભ-અશુભ વિકલ્પો જે છે પાપ અને પુણ્ય બેય. એ બેય અધર્મ છે. એનાથી ભિન્ન પડી અને આત્મા આનંદ જ્ઞાયક ચૈતન્યબિંબ પ્રભુ, નિર્મળ વિજ્ઞાનઘન, એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એની રમણતા એવો જે નિશ્ચય સત્ય મોક્ષમાર્ગ તે શુદ્ધોપયોગ તે સમાધિ છે. ઓલા બાવા ચડાવી દે સમાધિ ફમાધિ એ નથી અહીં. અન્યમતિમાં કહે છે ને બાવાની સમાધિ લગાવીને. ધૂળેય નથી ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ જિનેશ્વરદેવે જે અંદર આનંદનો દળ પ્રભુ અનાકુળ શાંતરસનો કંદ આત્મા એનું જ્ઞાન, દર્શન, પ્રતીતિ, સ્થિરતા એવો જે શુદ્ધોપયોગ પુણ્ય અને પાપના અશુદ્ધ ઉપયોગથી રહિત અને સ્વભાવના ઉપયોગથી સહિત એને સમાધિ, એને દર્શન-જ્ઞાન-ચારિત્ર છે ને? એ સમ્યગ્દર્શનરૂપી સમાધિ. સમ્યગ્જ્ઞાનરૂપી સમાધિ, ચારિત્રરૂપી શુદ્ધઉપયોગ જેનું લક્ષણ એ સમાધિ. આહાહા..!

.. જેને નથી એને આત્મા જાણવામાં નથી, એના બધા પુણ્ય અને પાપના ભાવ ચાર ગતિમાં દુઃખના રસ્તા છે. આહાહા..! સમજાણું કાંઈ? પછી ભલે અહીં કરોડોપતિ અને અબજોપતિના બહારમાં કહેવાતા બાદશાહ લક્ષ્મીનો. આહાહા..! ધૂળમાંય નથી કાંઈ. નહોતું કહ્યું હમણા એ?

મણિભાઈના મકાનમાં આહાર કરવા ગયા મુંબઈ. મણિભાઈ. રસિકભાઈના બનેવી. પાંચ લાખનું તો ફર્નિચર. રેશમ ગાદલા પાથરે રેશમ. શું કહેવાય મખમલ. મખમલ પાથરેલા. પાંચ કરોડ, છ કરોડ રૂપિયા છે. આ બહેનના બનેવી છે ને? રાજકોટ રસીકભાઈ એના બનેવી છે. આહાર કરવા ગયા હતા.

મુમુક્ષુ :- બહુ સુખી છે.

ઉત્તર :- દુનિયા એમ કહે. મને એમ થયું કે અરેરે! આમાંથી નીકળવું મુશ્કેલ પડશે.

મુમુક્ષુ :- આપ ઘણે ઠેકાણે એમ કહો છે.

ઉત્તર :- લીલાધરભાઈને એમ કહ્યું'તું રાજકોટ. એ બધા પાપ. લાકડા, બાકડા શું કહેવાય તમારે? પોલીશ. નિસરણીમાં એ લાકડા ને એ બધા એ આપણે અહીં એ છે ને નાનુભાઈને. અમરેલી. ખારા ખારા. એને બધા. સાફ સુફ પોલીશ. ઓલો પૈસાવાળો વધારે. લાકડું વધારે બહાર પૈસા દઈને. બધું સાફસુફ. જોઈને કીધું અરેરે! આને નીકળવું મુશ્કેલ પડશે. અને પાછું ઓલું ટેબલ હોય ને ટેબલ? એને લૂગડું પાથર્યું હોય અને ચારેકોર ખુરશી હોય, ચા પીવા બેસે. એમાં બિસ્કુટ. આહાહા..! આ બધું તૈયાર કરેલું. અરેરે! કીધું નીકળવું મુશ્કેલ. ક્યાં સલવાઈ ગયો.

અહીં તો એનાથી રહિત અંદર વિકલ્પમાં સલવાઈ ગયા છે. તો બહારની એકાગ્રતામાં ગયો. આહાહા..! અહીં તો કહે છે મુનિપણું લીધું, નગ્નપણું લીધું, હજારો રાણીને છોડી, પણ અંદરમાં મનમાંથી વિકલ્પ છોડીને સમ્યગ્દર્શનની સમાધિ શુદ્ધોપયોગ એ પ્રગટ કર્યો નહિ, તો કાંઈ કર્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, મનસુખભાઈ! આ પૈસા બૈસા ભેગા કર્યા અને પછી ચાર ભાઈઓએ વહેંચી લીધા. ધૂળમાંય કાંઈ નથી ત્યાં કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- આપ તો એમ જ કહો છો.

ઉત્તર :- આહાહા..! એ તો અહીં કહે છે જુઓને. નિજદેહ પરમબ્રહ્મ. પરમબ્રહ્મ ભગવાનઆત્મા. આહાહા..! પરમ ઉત્કૃષ્ટ તો આનંદકંદ, પરમબ્રહ્મ શબ્દ છે ને? ડાહ્યાભાઈ! પરમબ્રહ્મ. કહ્યું હતું એકવાર એ બહેનને. દસ વર્ષની ઉંમર હતી. ૭૭ વર્ષ પહેલાંની છે. જોડે પાડોશી હતા એક બ્રાહ્મણ. એ અમારા બાના મોસાળના હતા એટલે મામા કહેતા એને. મુળજીમામા. એ નાહીને પછી બોલે. અબોટીયું પહેરે જરી નાહીને. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.' સમજે નહિ કાંઈ ભાષા. પણ ૭૭ વર્ષ પહેલાંની વાત આ યાદ છે. આહાહા..! એ આ પરમબ્રહ્મ. છે?

મુમુક્ષુ :- પરમબ્રહ્મ એટલે ભગવાન.

ઉત્તર :- એ તો એ ભગવાન ઈશ્વર પરમબ્રહ્મ. આ તો નિજદેહમાં રહેલો પરમબ્રહ્મ. નિજદેહમાં ઠરે કેવળજ્ઞાનાદિ. આહાહા..! એવો જે ભગવાનઆત્મા. ભાઈ! એના સ્વભાવની મહિમા એને નથી આવતી. એની એક સમયની વર્તમાન પ્રગટ અવસ્થા પર્યાયમાં રોકાઈ ગયો છે અને ત્યાં એની આખી રમતું છે. આહાહા..! બહુ તો દયા, દાન ને વ્રત ને મુનિપણું પાળે મહાવ્રત,

એ બધી મહા શુભરાગની રમતુંમાં રમે છે. ધર્મ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- એમ કરતા કરતા થાય ને.

ઉત્તર :- લસણ ખાતા ખાતા ઓડકાર આવે ને કસ્તુરીનો? આહાહા..! આવતો હશે? એ તો એમ કહે છે પરમબ્રહ્મ. આહાહા..!

'**નિજ દેહ મેં ઠહરે હુએ કેવલજ્ઞાનાદિ...**' નિજાત્મા જોયું! પરમબ્રહ્મની વ્યાખ્યા. નિજ આત્મા. કેવો? કે અનંત કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ નિજાત્મા. એને અહીં પરમબ્રહ્મ કહ્યો છે. ભગવાન પરમબ્રહ્મ થઈ ગયા એ તો એના ઘરે રહ્યા. એ કાંઈ અહીંયાં આવતા નથી અને એને કાંઈ દેતા નથી. સમજાણું કાંઈ? આહાહા..! પરમબ્રહ્મ ન જાણ્યો. આહાહા..! એ મુનિપણું ધારણ કર્યું, નગ્નપણું ધારણ કર્યું, પંચમહાવ્રત કદાચિત પાળ્યા, પણ આ પરમબ્રહ્મ ભગવાન કેવળજ્ઞાનની મૂર્તિ પ્રભુ, અનંતસુખની સાહેબીનો સાહેબો પ્રભુ, એને જેણે અંતરમાં જાણ્યો નહિ. શુદ્ધોપયોગથી એને પકડ્યો નહિ. આહાહા..! એને સમ્યગ્દર્શન-જ્ઞાન નથી, એને શુદ્ધઉપયોગ નથી તેથી તેને શાંતિ અને સમાધિ નથી. સમજાણું કાંઈ? માર્ગ એવો બાપુ ઝીણો છે. આહાહા..! લોકોએ તો બહારમાં આ વ્રત કરવા, દયા પાળવી, બ્રહ્મચર્ય પાળવું એમાં ને એમાં રોકાઈ ગયા. આ બધી વિકલ્પની લાગણીઓ તો રાગની વૃત્તિઓ છે. આહાહા..! એને પરમબ્રહ્મ કહેતા નથી. એ રાગથી ભિન્ન પડેલી ચીજ અસ્તિ છે, મોજુદગી છે, મહા ચૈતન્ય પરમબ્રહ્મ સત્તા છે. હોવાપણે ભગવાન પરમાનંદ સ્વરૂપ છે એને જેણે અંતર સન્મુખ થઈ અને ન જાણ્યો, ન માન્યો, ન ઓળખ્યો, ન ઠર્યો એ બધા અજ્ઞાની ચાર ગતિમાં રખડવાના છે. એ કહે છે ને જુઓ.

'**વે શુદ્ધાત્મભાવનાસે રહિત...**' આહાહા..! શુદ્ધાત્મા પવિત્ર અંતર્મુખ થવાની દશાવાળો ભગવાન, બહિર્મુખથી મળે એવો નથી. આહાહા..! આ બધા વાંધા ઉઠ્યા છે ને કે વ્યવહાર કરતા કરતા થાય, વ્રત પાળે પહેલો અને પહેલું પગથિયું એ છે. પછી બીજું શુદ્ધનું પગથિયું આવે. તદ્દન જૂઠી વાત છે. આહાહા..! જેને જન્મ-મરણના દુઃખથી દુઃખી થયેલા જીવને, આહાહા..! બાય રાંડે ત્યારે નથી કહેતા કે આ દુઃખાણી છે. ધૂળમાંય નથી ત્યાં દુઃખાણી. એણે માન્યું છે. આ તો દુઃખાણો છે આત્મા. જેણે ચૈતન્યને ધણી નથી કર્યો, આનંદના નાથને જેણે સ્વામીપણે ધણીપતું નથી કર્યું એ બધા રાગ અને પુણ્યની ક્રિયામાં માનનારા, રાંડેલા દુઃખી છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**નહીં જાનતે હૈં, વે શુદ્ધાત્મભાવના સે રહિત...**' શુદ્ધાત્મભાવના કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, શુદ્ધ ઉપયોગ કહો, વીતરાગી દશા કહો, અખંડ આત્મા તરફની શુદ્ધપરિણતિ કહો એ બધી શુદ્ધાત્માની ભાવનાની વ્યાખ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? એનાથી રહિત પુરુષ.. '**बहुविधानि**' '**અનેક પ્રકાર કે નારકાદિ ભવદુઃખ...**' આહાહા..! એક હમણા ગોળો આવ્યો હતો ભાઈ. નાળિયેરનો. કાલે કોક મૂકી ગયું છે. .. કાઢીને. પણ એમાં એ દેખાડ્યું જાણે આમાં બતાવ્યું હતું નહિ? બે આંખું ને મોઢું એકેન્દ્રિય જીવ. આહાહા..! એ એકેન્દ્રિય જીવ હોય છે ને. જીવ આ તો ગોટો થયો ગોટો. એવો હતો બધો દેખાવ. આહાહા..! અરે! જીવ ક્યાં ગયો?

ઓહોહો..! એને આ ઇન્દ્રિયો નથી આંખની. નાક નથી. છતાં અંદરની આકૃતિ એ જાતની દેખાડવામાં આવી. આહાહા..! આ ગોટા નથી કાઢતા નાળિયેર? ગડગડીયું. ગડગડીયું. કોક મૂકી ગયું હતું. આહાહા..! પ્રભુ કહે છે કે તારી પ્રભુતા કેવળજ્ઞાન અને આનંદની છે એ જો તે ન અનુભવી, એને ન જાણ્યો, એમાં ન રમ્યો તો નરકાદિ દુઃખમાં રમવું પડશે પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :- નરકની બીક શું કરવા બતાવી?

ઉત્તર :- આ લખ્યું છે ને.

'**નારકાદિ...**' સ્વર્ગ પણ દુઃખ છે. આ કરોડોપતિ, અબજોપતિ શેઠિયાઓ કહેવાય એ દુઃખી છે બિચારા. ભિખારા, ભિખારા, અનંત આનંદની લક્ષ્મીને નહિ સ્વીકાર કરતાં, ધૂળની લક્ષ્મીને સ્વીકાર કરનારા ભિખારા રાંકા, વરાંકા એમ શાસ્ત્રમાં પાઠ છે. મનસુખભાઈ! અહીં તો જુદી વાત છે. આહાહા..! જેને એક દિવસના પાંચ-પાંચ ... દસ લાખની પેદાશ. આહાહા..! છે ને ઓલો એક રાજા.

મુમુક્ષુ :- ઈરાક.

ઉત્તર :- રાજા. એવું કાંઈક છે નહિ? એક કલાકની દોઢ લાખની પેદાશ. એક કલાકમાં દોઢ લાખની પેદાશ. ચોવીસ દુ છત્રીસ એમ નહિ. અડધો અબજ છે હોં. પચાસ. અડધી અબજની પેદાશ એક દિ'ની. છે અત્યારે. એને ગાદીએ હતો એને મારી નાખ્યો એના પોતાએ. મારી નાખીને પોતે બેઠો. એ બધા જવાના નરકે. આહાહા..! ફાટેલા પ્યાલા, એના દીકરાઓ નીકળે દસ-દસ લાખની મોટરુમાં તો સામે કોઈ મરી જાય તો એ .. નહિ. રાજકુમાર નીકળ્યા છે તમે કેમ ધ્યાન ન રાખ્યું. વચ્ચે છોકરાઓ આવે, બાળક આવે કચડાઈ જાય. મોટર ઊભી ન રહે. તમે કેમ ધ્યાન ન રાખ્યું? દરબારો રાજકુમાર નીકળે છે. અરે! મારી નાખ્યા. આહાહા..! આ બધા નરકની ગતિની પાર્લામેન્ટ ભરાય છે ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો નરકાદિ ચારેય ગતિ લીધી છે. છે? નરકાદિ છે ને? નીચે નારકી છે એના દુઃખ. આહાહા..! એ વાદીરાજ કહે છે મુનિ. કોઢ થયો હતો ને કોઢ. શરીરમાં. મુનિ હતા ધર્માત્મા. વીતરાગ શાંતિ. શરીરમાં કોઢ થયો. આહાહા..! પછી તો એને શ્રાવકથી કહેવાઈ ગયું રાજાને. સાહેબ અમારા મુનિ આવા છે. કોઢ છે .. સાંભળ્યું છે. કહે ના ના. એ .. મહારાજ! હું ત્યાં રાજ પાસે આમ કહી ગયો છું. ભગવાન... ભગવાન... ભગવાનને પછી પ્રાર્થે છે. હે નાથ! માતાના હૃદયમાં જ્યારે તમે આવો છો પ્રભુ! ત્યારે સોનાના ગઢ ને રૂપાના કાંગરા એવા તો નગર વસે. પ્રભુ તમે મારા હૃદયમાં આવો અને આ શરીર આવું રહે. એ ઓલું રાજમાં કહેવાઈ ગયું હતું ને. એ પ્રાર્થના કરતા... કરતા.. કરતા... કરતા... કરતા... કોઢ ખસી ગયો. છતાં ઓલો રાજા ખોટો ન પડે એટલે જરી રાખ્યો કોઢ. એટલે ભાઈ આ રાજાએ કહ્યું હતો તો કોઢ. હવે આ રીતે અત્યારે શરીર કોઢરહિત થઈ ગયું છે.

પણ એ પોતે કહે છે મુનિરાજ, વીતરાગ શાંતિને વેદનારા હોં! પ્રભુ! ગયા ભવના દુઃખને યાદ કરું. નરકના દુઃખો, એકેન્દ્રિય નિગોદના દુઃખો. ઈયળું, કીડી, મકોડા. આહાહા..! અગ્નિમાં હોમે.

હળ.. હળ.. હળ.. હળ બળી જાય. અને સાધારણ કીડી, મકોડા તો મરતા હોય. પ્રભુ! મેં એવા દુઃખ સહન કર્યા છે. એ દુઃખને યાદ કરું છું. આયુધની જેમ ઘા વાગે છે. મુનિ કહે છે. આહાહા..! એ નરકના એકેન્દ્રિયના, બે ઇન્દ્રિયના, ત્રણ ઇન્દ્રિયના આહાહા..! એ ડુંગળી ને લસણ, એક એક કટકીમાં અનંતા જીવ, એ જ્યારે અગ્નિમાં શેકે, નાખે. આહાહા..!

આ તો ઠીક પણ એકવાર મેં જોયું હતું મુંબઈમાં. માલ લેવા ગયેલ પાલેજથી. આ તો ૬૫-૬૬ની વાત હશે ૧૯૦૦. એમાં એક કંદોઈ હતો. તો કુકડાના બચ્ચા આટલા... આટલા... આટલા... ૨૫-૫૦ એને ચણાના લોટમાં નાખીને તળતો હતો તેલમાં. નજરે જોયું હતું. બજારમાં નીકળ્યા. માલ લેવા જતાં હતા ને પાલેજથી મુંબઈ. કુકડાના બચ્ચાના ભજીયા કરતા હતા. જીવતા-જીવતા. આમ ફરે ને ચણાના લોટ રાખેલો. નજરે હજી તરે છે. તેલનું કડાયું. ચણાના લોટમાં બોળીને જીવતું જીવતું. તેલ. આહાહા..! બાપુ! એ પિડાથી નરકગતિની દસ હજાર વર્ષની સ્થિતિ જે દુઃખ છે એ અનંતગુણું છે. આહાહા..! સાહેબ ભૂલી ગયો. બહારની જરી સગવડતા મળી શરીરની અપેક્ષા આબરૂ, કીર્તિ, બાયડી, છોકરા. આહાહા..! મનસુખભાઈ! આવી વાતું છે બાપા! અહીં તો મુનિ એમ કહે છે. હે નાથ! હું ગયા કાળના મારા દુઃખને એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય એને હું યાદ કરું છું તો આયુધના ઘા વાગે છે. આહાહા..! એવા આત્માના ભાન વિના નરકાદિ મહાદુઃખ છે ને? સાધારણ દુઃખ નથી કીધું. આહાહા..! ૯૩ છે ને? નારકાદિ છે. **'पारमार्थिकसुखात् प्रतिपक्षभूतानि नरनारकादिभवदुःखानि '** આહાહા..! **'बहुविधानि'** ઘણા પ્રકારના દુઃખો. ઓહોહો..! એ લસણ ને ડુંગળી અનંતા જીવ. એ તેલ ધગધગતું નાખે, એમાં એક ક્ષણમાં બધા ખલાસ થઈ જાય. બાપુ! એ અસ્તિ છે, ગોળો છે. આહાહા..!

શ્રીમદ્ તો એકવાર એમ કહેતા, કોઈ લીલોતરીને કાપે છે તો અમારાથી જોવાતું નથી. આત્મા છે, બાપુ! તું અસ્તિમાં અને શ્રદ્ધામાં લે. એ અનંત નિગોદના લસણના, ડુંગળીના જીવો અનંત છે. એને ક્ષણે ક્ષણે એની અંતરમાં હીણીદશાના દુઃખથી વેદાઈ ગયા છે. આહાહા..! જેને અંતર્મુહૂર્તમાં અઢાર ભવ કરે છે એવા દુઃખમાં. આહાહા..! એ દુઃખની પરા.. ભ્રમણામાં ફેરવ્યા કરે છે. આહાહા..! બાયુને જેમ દસ-પંદર જાતના સાડલા હોય, શું કહેવાય? ટંક ટંક. ટંકમાં. (બેગમાં) દસ-પંદર જાતના. દિશાએ જાય તો બીજો, રાંધે ત્યારે બીજો સાડલો. બાયુની સાથે ભેગા થાય તો બીજો, બહાર કોક મરી જાય રોવા જાય તો બીજો. સાડલો ફેરવો, બધા ફેરવ્યા ફેરવ. એ એમ તીવ્રતા ..ની બતાવે છે. ...

મુમુક્ષુ :- સવારનો જુદો, બપોરને જુદો, સાંજનો જુદો.

ઉત્તર :- બધા જુદી જાતના. અરે.. ખાસડા જુદી જાતના. ઘરમાં રહે એનું ચપ્પલ જુદું, બહાર જાય એના ચપ્પલ જુદા. ભાવનગર દરબાર નીકળ્યા તો મરી ગયા તો ૩૦૦ જોડ નીકળી બહાર. જોડાની ૩૦૦ જોડ. ઓલા તો માણસ મોટા રાજા ભાવનગર. અરેરે! શું કર્યું બાપુ! ફર ફર ફરીને. એ જેમ ફેરવ્યા કરે છે અનાદિથી નિગોદના જીવો ભવને ફેરવ્યા ફેરવ, ફેરવ્યા ફેરવ. આહાહા..! એક

અંતર્મુહૂર્તમાં તો અઢારભવ એવા તો અનંતાભવ કર્યા. એ આત્માના આનંદના ભાન વગર. સમજાણું કાંઈ? આહાહા..! કરવા જેવું કર્યું નહિ, ન કરવા જેવાના પથારા મોટા પાથર્યા. આહાહા..! આ કર્યું ને મેં આ કર્યું ને મેં આ કર્યું. બાપા! શું કર બાપુ તું? એક રજકણની અવસ્થા પણ કરી શકે નહિ. આહાહા..! ઓલામાં નહોતું આવ્યું? હુકમચંદજી. ઈશ્વર છે તે એક કર્તા છે જગતનો એમ માને છે અજ્ઞાની. આ એમ કહે કે હું રજકણનું કરું, બીજા આત્માનું કાંઈક કરું એ તો અનંતા દ્રવ્યનો કર્તા થાય છે. આહાહા..! ઓલો તો ઈશ્વર તો એક કર્તા માને છે અજ્ઞાની. અજ્ઞાની માને છે એને ઈશ્વર. આને શરીરને કરું, વાણીને કરું, બીજાને સુખ આપું, બીજાને દુઃખ દઉં, બીજાને અનુકૂળતા આપું, સગવડતા આપું, અગવડતા અપાવું. આહાહા..! કેટલું તને કહે છે કે આ કર્યું તમારું? કેટલાનો કર્તા? અનંતનો કર્તા. આહાહા..! ઓલો એક કર્તા છે જુદું છે.

બે-પાંચ હજાર મળે દિવસના ત્યાં આમ રાજી રાજી થઈ જાય. આહાહા..! લાખ, બે લાખની પેદાશ હોય દિવસની તો કોણ જાણે આકાશને મારતો હશે પાટુ. આહાહા..! પ્રભુ તું ક્યાં છો? પ્રભુ તું શું કરે છો? આહાહા..! કહે છે કે તારી જાતને જાણ્યા વિના આવા નરકના દુઃખો તે અનંત વેઠ્યા. એ કર્તાપણાની બુદ્ધિઓ મિથ્યાત્વની. આહા..! હું કરું હું કરું એ જ અજ્ઞાન છે. દુકાનની વ્યવસ્થામાં પોતે બેસે જ્યારે થડે ત્યારે આ બધી વ્યવસ્થા હું કરું છું. અમારે કુંવરજીભાઈને બહુ હતું એવું. આહાહા..! અઢી રૂપિયાનો, ત્રણ રૂપિયાનો મહિનો મળતો ઓલાનો બક્સો ઓલાનો. શું કહેવાય? લગેજ. એ એને મળતે બે લાખની પેદાશ વર્ષની. પ્યાલો ફાટી ગયો. મેં આ કર્યું, મેં આ કર્યું છે, દુકાન મેં સાચવી છે.

મુમુક્ષુ :- એ વાત સાચી છે. બીજાથી દુકાન નહોતી ચાલતી.

ઉત્તર :- એ તો પુણ્યના રજકણોને લઈને છે. એનાથી શું હતું ધૂળમાં? આહાહા..! ૬૬ની સાલમાં કહ્યું હતું મેં એને. ૬૬-૬૬. કેટલા વર્ષ થયા? ૬૭ વર્ષ થયા. ૬૭ વર્ષ પહેલાં કહ્યું હતું ભાઈ! એય! કુંવરજીભાઈ! તમારી આ .. દેખીને મને એવું થાય છે. હું તો ભગત જ કહેવાતો ને નાની ઉંમરથી. ૨૦ વર્ષની ઉંમરની વાત છે. ૬૭ વર્ષ પહેલાં. ભાઈ! તમને દેખીને મને એવું થાય છે કે તમે ઢોરમાં જશો હોં. ડાહ્યાભાઈ! કારણ કે આ તમારા લક્ષણ કાંઈ નરકમાં જવાના આપણા નથી. આપણે વાણિયા છીએ, માંસ દારૂ ખાતા નથી એટલે નરકમાં તો નહિ જઈએ. દેવ જવાના લક્ષણ નથી કીધું. કે માણસ થાઓ મરીને એ મને લાગતું નથી. એક ગતિ તમારે માટે ઢોરની રહી. આહાહા..! દુકાને બેઠા હતા આમ થડે. દુકાન ચાલતી હતી. તે દિ' તો વર્ષની પાંચ હજારની પેદાશ. પછી વધારે થઈ ગઈ. વધી ગઈ. આ બધું જોયું હતું ને તમારું? એને કહ્યું હો ભાઈ! પણ બોલે નહિ હોં. ભાઈ સામે બોલે નહિ. ભગત છે. ભગત બોલે. એની સામું મશ્કરી ન થાય, એની સામું .. ન થાય. ભાઈ! એમ લાગે છે હોં. આપણે બધા ભેગા થઈએ છીએ અહીંયાં .. ૩૦ માણસ છીએ આપણે. બે દુકાનમાં. હું ખાવા આવ્યો છું મારે .. તમને દેખીને તો આવું થાય છે. અરેરે! ભાઈ! તારે ક્યાં જાવું છે? તું ક્યાંનો છો? ક્યાં રખડે છો? આહાહા..!

અનાકુળ આનંદનો નાથ પરમ સમાધિ સ્વરૂપ, એની દર્શન અને જ્ઞાનની સમાધિ ન કરી. આહાહા..! એણે શું કર્યું? એણે કર્યું નરકાદિ દુઃખ. આહાહા..! છે? મહા દુઃખ આદિ '**વ્યાધિરૂપ...**' એને વ્યાધિ કીધી જોયું! '**અનંતકાલ તક ભોગતે હૈં.**' આહાહા..! થોડું પણ સત્ય જોઈએ બાપુ! ખોટું લાંબુ... લાંબુ... લાંબુ... કરીને સત્ય હાથ ન આવે. આહાહા..!

'**ભાવાર્થઃ- મન કે દુઃખકો આધિ કહતે હૈં,...**' જોયું! મનમાં સંકલ્પ-વિકલ્પ કરવા. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ અને આ રળવાના, ભોગના, વિષયના, આબરૂના ભાવ એ બધા '**મન કે દુઃખ કો આધિ...**' એ આધિ ચડી આધિ. ભગવાન આનંદના નાથ ઉપર આધિ ચડી આ તો. આધિ નથી કહેતા? અંધારું થઈ જાય. શું કહેવાય વરસાદ. ઝાકળ આવે. ઝાકળ ઝાકળ. બહુ ઝાકળ એવી આવે ને. જોડે માણસ ઊભો હોય એ ન દેખાય. જોયું ને અમારે તો .. આવે ને. જોડે ધુમ્મસ-ધુમ્મસ. એટલી ધુમ્મસ હોય કે સાથે ચાલતા અહીં માણસ હોય તો દેખાય નહિ. એટલી. પોરબંદર તો બહુ ધુમ્મસ. એક ફેરી પોરબંદર જાતા હતા એમાં દેખ્યું રસ્તામાં. એક કોર ઉઘાડે પગે હોઈએ એમાં પથરા મોટા અને એમાં આ ધુમ્મસ. આહાહા..! અને એ વખતે તો યુવાન અવસ્થા એટલે કાંઈ... આહાહા..!

અહીં કહે છે કે '**મન કે દુઃખકો આધિ...**' આધિ ચડી નથી કહેતા? એમ કહે છે કાંઈક. આધિ ચડી એમ કહે છે કાંઈક. એમ આ સંકલ્પ-વિકલ્પ જે ચડ્યા એ આધિ ચડી મોટી. આહાહા..! એના રહિત ભગવાનને જો એણે સમ્યગ્દર્શન ન કર્યું... આહાહા..! આવા આધિમાં વેદાય છે. આહાહા..! આત્માની શાંતિ વેદાતી નથી. '**ઔર તનુસંબંધી દુઃખોં કો વ્યાધિ કહતે હૈં,...**' લ્યો આવ્યું ને? ઉપાધિ નથી લીધી અહીં. '**નાના પ્રકાર કે દુઃખોં કો અજ્ઞાની...**' નરકાદિની ઉપાધિ છે ને બહારની? એ ઉપાધિ. '**જીવ ભોગતા હૈ.**' આહાહા..! નાના એટલે અનેક. અનેક પ્રકારના દુઃખોને અજ્ઞાની ભોગવે છે. આહાહા..!

'**યે દુઃખ વીતરાગ પરમ આહ્લાદરૂપ જો પારમાર્થિક સુખ ઉસસે વિમુખ હૈ.**' કહે છે કે એ દુઃખ છે કેવું? આહાહા..! '**વીતરાગ પરમ આહ્લાદરૂપ જો પારમાર્થિક સુખ ઉસસે વિમુખ હૈ.**' ઊલટું છે. આહાહા..! આત્મા વીતરાગી પરમ આનંદસ્વરૂપ પ્રભુ છે. અરે! કેમ બેસે? એક છાણનો પોદળો આ છોડ્યું નીકળે ને, અને મોટી ભેંસ હોય અને એક પોદળો... આહાહા..! અનંત અનંત અવતાર કર્યા બાપુ. એક આત્મામાં આનંદના જ્ઞાન વિના, સમ્યગ્દર્શન વિના એ બધું આચરણ કર્યું એનું ફળ ચાર ગતિ છે. સ્વર્ગમાં પણ દુઃખ છે. ચારેય ગતિ લીધી છે ને.

દુઃખ કોને કહીએ? સંયોગી ચીજ દુઃખ નહિ એમ કહે છે. પ્રતિકુળ સંયોગ આવે, રોગ આવે, નિર્ધનતા એ દુઃખ નહિ. આત્મા વીતરાગી પરમ આનંદ સુખસ્વરૂપ છે, એનાથી ઊલટું. છે? '**પારમાર્થિક સુખ...**' પરમ આર્થિક સુખ. જેના આનંદના સ્વાદના સ્વાદિયા આગળ જેને દુઃખ એવું લાગે છે કહે છે. આહાહા..! શુભભાવ પણ દુઃખ છે. મનનું કહ્યું ને? મનને દુઃખ આધિ. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ દુઃખ છે. અશુભભાવ તો તીવ્ર દુઃખ છે. આ દુઃખ છે.

કેમકે પરમ વીતરાગી આનંદ પારમાર્થિક આનંદ સુખ ભગવાન એનો જે પરમ આનંદ જોઈએ એનાથી આ દુઃખ છે તે વિમુખ નામ ઊલટું છે. આહાહા..! દુઃખ સંયોગને દુઃખ નથી કહ્યું અહીંયાં. આહાહા..! નારકીને એમ કે સંયોગ છે માટે દુઃખ એ નહિ. આનંદથી ઊલટું જે વિકાર કરે છે તે દુઃખ શુભ-અશુભભાવ. આહાહા..! સ્વભાવની વિમુખતાના પરિણામ તે દુઃખ. સ્વભાવની સન્મુખતાના પરિણામ તે સુખ. આ વ્યાખ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? આ માણસ એવું કહે કે આવો તે માર્ગ! સાધારણને અમારે શું સમજવું? અમે કાંઈ સમજતા ન હોય. ધંધો કરવો આખો દિ'. મરી જાય છે હવે આખો દિ' કરીને શું કરતો હતો? આ સમજ્યા વિના મરી જઈશ ચોર્યાસીના અવતારમાં. પત્તો નહિ લાગે. ભાઈ આહાહા..! તારા દેહનો કટકો નહિ રહે સાથે. પૈસા તો ક્યાંય રહી ગયા ધૂળ. આહાહા..!

'**પારમાર્થિક સુખ ઉસસે વિમુખ હૈં. યહ જીવ અનંતકાલ એક નિજસ્વરૂપ કે જ્ઞાન બિના...**' આહાહા..! ચારેય ગતિ પાછી લીધી હોં. સ્વર્ગમાં અનંતવાર ગયો. આ શેઠાઈમાં તો અનંતવાર આવ્યો. અબજો રૂપિયાની પેદાશ એવો શેઠ અનંતવાર થયો. દુઃખી છે એ પ્રાણી બિચારો. આહાહા..! પરમાનંદ પ્રભુ આત્મા, એનાથી વિરૂદ્ધભાવ એ દુઃખ છે. એટલે કોઈ શેઠ્યાને પૈસાવાળા સુખી કહેતા હોય તો મૂઢ છે. આહા..!

મુમુક્ષુ :- આખી દુનિયા એમ કહે છે.

ઉત્તર :- આખી દુનિયા પાગલ છે. પાગલ પાગલને વખાણે. આ પૈસાવાળા છે, આ સામગ્રી છે. આપણે એને દીકરી આપો તો સુખી થશે. આવા ને આવા. ગાંડાના ગામ કાંઈ જુદા હોય છે? ગાંડાના ગામ ભર્યા છે આખા. પાગલના. વીતરાગ પરમાત્મા કહે છે પ્રભુ! આ વીતરાગી પરમ આનંદ પરમ સુખ એનાથી વિકલ્પો બધા જે શુભ-અશુભ છે એ દુઃખરૂપ છે. આહાહા..! હવે કોઈ એમ કહે કે પરમાત્માની ભક્તિ કરતા કરતા કલ્યાણ થાય તો પરમાત્માની ભક્તિનો રાગ એ દુઃખ છે.

મુમુક્ષુ :- પરસન્મુખનો ભાવ દુઃખ જ હોય.

ઉત્તર :- પરદ્રવ્ય તરફનું વલણ છે એ દુઃખ જ છે. આહાહા..! બહુ વાત. લોકોને સત્ય મળી નથી બિચારા શું કરે? આહાહા..!

અહીંયાં તો સમ્યગ્દર્શન એ સમાધિ અને એ સમ્યગ્દર્શનનો ભેદ દ્રવ્ય એમાં સુખની પ્રાપ્તિ થાય છે, એના સમ્યગ્દર્શનની સુખની પ્રાપ્તિ, એનાથી પુણ્ય અને પાપના વિકલ્પો તે દુઃખ છે એકલું. આહાહા..! સમજાણું કાંઈ? એ '**અનંતકાલ એક નિજસ્વરૂપ કે જ્ઞાન બિના...**' આત્મજ્ઞાન નહિ, ચૈતન્યનું જ્ઞાન નહિ, આનંદનું જ્ઞાન નહિ. જેણે વર્તમાન જ્ઞાનની દશામાં પૂર્ણાનંદના નાથને જ્ઞેય બનાવ્યો નથી. આહાહા..! આ વાત કેવી આ બધી!

વર્તમાન જ્ઞાનની એક સમયની પર્યાય એમાં ત્રિકાળી ભગવાનનું જ્ઞાન આવ્યું નહિ. આહાહા..! એ જ્ઞાન ક્યાંથી? એને જ્ઞાન શું કહેવું? જ્ઞાની ભગવાનઆત્મા એનું જ્ઞાન પર્યાયમાં આવે, ત્યારે તે સમાધિ અને તે સમકિત છે. એના વિરૂદ્ધનું જેટલું આ જ્ઞાન શાસ્ત્રનું કે બીજું, આહાહા..! એ

દુઃખરૂપ છે. ઓલામાં નથી આવતું પરમાર્થવચનિકામાં? પરસત્તાવલંબી જ્ઞાન તેને મોક્ષમાર્ગ કહેતા નથી. પરમાર્થવચનિકા. મોક્ષમાર્ગમાં આવે છે પાછળ. આહાહા..! ધર્મી જીવ જેટલું જ્ઞાન પરસત્તાવલંબી લક્ષમાં આવે શાસ્ત્રનું એ પણ મોક્ષમાર્ગ નહિ. આહાહા..! ચિઠ્ઠી છે ને પરમાર્થવચનિકા? આહા..! પરસત્તાવલંબી, સ્વસત્તાવલંબી એવું જ્ઞાન. આહાહા..!

ભગવાનની સત્તા પ્રભુ આત્માની વીતરાગી નિરાકુળ આનંદની જેની સત્તા છે. એટલે કે જેનું હોવાપણું તે છે. આહાહા..! આવો ઉપદેશ કરે છે. આહાહા..! અરિહંત દેવ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે. એમાં છે ક્યાંક. પછીમાં છે. કેવળી ભગવાન છે ને. ૯૪ છે. '**ઐસા કેવલી ભગવાન કહતે હૈં.**' ૧૯૪માં છે. ૧૯૪-૧૯૪માં છે? આહાહા..! '**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ શુદ્ધોપયોગ જિસકા લક્ષણ હૈ, ઐસી પરમસમાધિ ઈસ જીવ કે નહીં હો સકતી ઐસા કેવલી ભગવાન કહતે હૈં.**' એ શુભાદિ ક્રિયાના કાંડમાં રોકાયેલો તેને સમાધિ સંવર નહિ થાય. એમ કેવળી ભગવાન કહે છે. આહાહા..! ઓલા કહે કે કેવળી ભગવંતો ધમ્મો શરણં. શું? આ પરની દયા પાળવી ને એ. મારી નાખ્યા બિચારાને. એને ભાન નથી કહેનારને, સાંભળનારને નથી. જય નારાયણ. જય જય.. જય.. ઓલા હોંકારો આપે ને પછી ઓલા. આહાહા..!

અહીં કેવળી ભગવાન એમ કહે છે. માથે શુભાશુભ શબ્દ છે. શબ્દ છે અંદર હો એ. જુઓ. શુભાશુભ છે ને? '**સકલ વિકલ્પજાલ સે રહિત જો પરમાત્મા ઉસસે વિપરીત શુભાશુભ પરિણામ...**' અંદર ૧૯૪માં છે. સકલ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત ભગવાનની શુદ્ધપરિણતિ ઉપયોગ એનાથી શુભભાવ આદિ તે વિપરીત છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? છે માથે? એમ આવશે. '**શુભાશુભ પરિણામ દૂર ન હોં-મિટેં નહીં, તબતક રાગાદિ વિકલ્પ રહિત શુદ્ધ ચિત્ત મેં સમ્યગ્દર્શન જ્ઞાન ...**' આહાહા..! એ પુણ્યના વિકલ્પો પણ મટે નહિ ત્યાં સુધી તેને અંતરમાં સમ્યગ્દર્શન નહિ થાય એમ કહે છે. આહાહા..! માર્ગ ભારે ભાઈ! આવી યુવાન અવસ્થા હોય ૨૦-૨૫-૩૦ વર્ષની ઉંમર. એમાં પાંચ-સાત હજારની પેદાશ હોય મહિનાની. બાયડી એવી મળી હોય, છોકરા એવા હોય આહાહા..! હું પહોળોને શેરી સાંકડી. અમે જાણે કંઈક છીએ. ધૂળેય નથી સાંભળને. શુભાશુભ વિકલ્પથી રહિત પરમાનંદના નાથને પરખ્યો નહિ, સ્પર્શ્યો નહિ, વેદ્યો નહિ, જાણ્યો નહિ. આહાહા..! એ બધા દુઃખી છે. સમજાણું કાંઈ?

'**નિજ સ્વરૂપ કે જ્ઞાન બિના ચારોં ગતિયોં કે નાના પ્રકાર કે દુઃખ...**' આહાહા..! ચારેય ગતિનું દુઃખ અહીં તો વર્ણવ્યું છે. પ્રતિકુળતા નરકમાં માટે તે દુઃખ અને સ્વર્ગમાં અનુકૂળતા માટે સુખ એમ છે નહિ. સ્વર્ગમાં પણ રાગનું દુઃખ જ છે. આહાહા..! ત્યાં તો અશુભરાગ છે ઘણો. અહીં તો શુભરાગ હોય તો દુઃખ છે કહે છે.

મુમુક્ષુ :- મંદકષાય દુઃખ?

ઉત્તર :- દુઃખ છે. આહાહા..! મંદ. એ છે ટીકામાં છે. અભવિને પણ મંદ મિથ્યાત્વ અને મંદ અનંતાનુબંધી આ છે. બંધ અધિકારની આ ગાથાઓ ચાલે છે. મંદ મિથ્યાત્વ અને મંદ અનંતાનુબંધી

એ કાંઈ વસ્તુ નથી. આહાહા..! એમાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા ન હોય અને શાસ્ત્રનું જ્ઞાન હોય, છ કાયની દયાના ભાવ હોય એ બધો મંદ કષાય પણ એ કાંઈ ધર્મ નથી. આહાહા..! ભગવાનઆત્મા અકષાય સ્વરૂપ એને કષાયના વિકલ્પથી જરીયે લાભ થાય એમ ત્રણકાળમાં બને નહિ. એને વર્તમાન વિકલ્પથી રહિત એવી દશા વિના. છે ને?

'**નિજસ્વરૂપ કે જ્ઞાન બિના ચારોં ગતિયોં કે નાના પ્રકાર કે દુઃખ ભોગ રહા હૈ.**' આહાહા..! આ દુનિયામાં તો એમ કહે છે ને કે પહેલું સુખ તે જાતે નર્યા. લોકો એવી વાત કરે છે ને પાગલો. પહેલું સુખ જાતે નર્યા. શરીર નિરોગી એ સુખ. બીજું સુખ ચાર દીકરા. ઉપાડાનારા જોઈએ ને ઠાઠડીને. ત્રીજું સુખ સુકુળની નાર. સારા ઘરની નાર. ચોથું સુખ કોઠીએ જાર. ગાંડા પણ. લ્યો મનસુખભાઈ! આ સુખ. દુઃખ છે એકલા દુઃખના દરિયા છે. આનંદનો નાથ આનંદથી ભરેલો પ્રભુ, ત્યાં તો તારી નજરું નથી. એ નિધાનને પરખ્યા નહિ અને આ રાગમાં સુખ માનીને પડ્યો. આહાહા..! ચાર ગતિના દુઃખ સહ્યા પ્રભુ. સ્વર્ગમાં જશે તો ત્યાંથી પાછો ઢોરમાં જઈને નરકમાં જશે. જેને સમ્યગ્દર્શન નથી, ભવના અભાવની દૃષ્ટિ કરી નથી. આહાહા..! એ ચારેય ગતિના દુઃખો ભોગવે છે. '**ઐસા વ્યાખ્યાન જાનકર...**' આવું સાંભળીને એમ કહે છે. આવું પ્રવચન સાંભળીને. '**નિજશુદ્ધાત્મા મેં સ્થિર હોકે...**' આહાહા..! ભગવાનઆત્મા પોતાનો હોં પાછો એ. વીતરાગમાં અને મંદિરમાં એ નહિ એ તો શુભભાવ છે. અશુભથી ટળવા માટે શુભ હો, પણ એ વસ્તુ નથી. ધર્મ નહિ.

'**નિજ શુદ્ધાત્મા મેં સ્થિર હોકે...**' લ્યો! પોતાનો નિજઆત્મા પવિત્ર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એમાં '**સ્થિર હોકે રાગ દ્વેષાદિ સમસ્ત વિભાવોં કા ત્યાગ કર...**' જુઓ શુભાશુભ વિકલ્પનો ત્યાગ કરીને. '**નિજસ્વરૂપકી હી ભાવના કરની ચાહિયે.**' નિજસ્વરૂપ જે શુદ્ધચૈતન્ય એની સન્મુખ થઈને એકાગ્રતા કરવી જોઈએ એમ કહે છે. આહાહા..! આ છે વાત. પણ એ લોકો પાસે એમ કહે કે પણ એ નિશ્ચય બરાબર છે. અગાસમાં ગયા ને. વાત સાંભળી કલાક વ્યાખ્યાન. પણ એનું સાધન? એમ પૂછે. આ સાધન શું? આ વાંચન ને.

મુમુક્ષુ :- પરસન્મુખના સાધનથી ધર્મ થાય?

ઉત્તર :- ભાઈ! સાધન બાપુ અહીં નિષેધ રાગ છે. એને સાધન કહેવાય? આહાહા..! એ રાગથી ભિન્ન પડીને પ્રજ્ઞાબ્રહ્મ ભગવાનઆત્માની એકાગ્રતા એ સાધન છે. સમજાણું કાંઈ? પણ એ લોકોમાં એ આવે છે ખરું ને. 'નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવા સોહી' એમાં એ આવે છે. સાધન એટલે વિકલ્પ. લોકો સાધારણ માણસ. અહીં તો સાધન ભગવાન પુણ્ય-પાપના વિકલ્પથી રહિત નિજસ્વરૂપની શ્રદ્ધા જ્ઞાન ને સાધન એ સાધન છે. સાધનના પણ વાંધા.

'**સમસ્ત વિભાવોં કો ત્યાગકર નિજ સ્વરૂપકી હી...** ' જુઓ! આ તો એકાંત કરી નાખ્યું. નિજસ્વરૂપની જ '**ભાવના કરની ચાહિયે.**' ૧૯૩ થઈ. આ સરવાળો નિજસ્વરૂપની ભાવના કરવી એ છે. આહાહા..! ભાવના શબ્દે સન્મુખતા, એકાગ્રતા. એ કરવા જેવું છે. પરસન્મુખમાં

જેટલો વિકલ્પ જાય છે એ બધો દુઃખરૂપ છે. અને એને સાધન માનીને અંદરમાં આવશે, જશે માન્યતા મિથ્યા ભ્રમ છે. આહાહા..! બહારથી છોડી નહિ શકે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૧૯૪

अथ-

३२५) जामु सुहासुह-भावडा णवि सयल वि तुट्टंति।
परम-समाहि ण तामुमणि केवलि एहु भणंति।।१९४।।
यावत् शुभाशुभभावाः नैव सकला अपि त्रुटयन्ति।
परमसमाधिर्न तावत् मनसि केवलिन एवं भणन्ति।।१९४।।

जामु इत्यादि। जामु यावत्कालं णवि तुट्टंति नैव नश्यन्ति। के कर्तारः। सुहासुह-भावडा शुभाशुभविकल्पजालरहितात् परमात्मद्रव्याद्विपरीताः शुभाशुभभावाः। परिणामा कतिसंख्योपेता अपि। सयल वि समस्ता अपि तामु ण तावत्कालं न। कोडसौ। परम-समाहि शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुचरणरुपः शुद्धोपयोगलक्षणः परमसमाधिः। क्व। मणि रागादिविकल्पत्वेन शुद्धचेतसि केवलि एहु भणंति केवलिनो वीतरागसर्वज्ञा एवं कथयन्तीति भावार्थः।।१९४।। इति चतुर्विंशतिसूत्रमितमहास्थलमध्ये परमसमाधिप्रतिपादकसूत्रषट्केन प्रथममन्तरस्थलं गतम्।

आगे यह कहते हैं, कि जब तक इस जीवके शुभाशुभ भाव सब दूर न हों, तब तक परमसमाधि नहीं हो सकती-

गाथा-१९४

अन्वयार्थः- [यावत्] जब तक [सकला अपि] समस्त [शुभाशुभभावाः] सकल विकल्प-जालसे रहित जो परमात्मा उससे विपरीत शुभाशुभ परिणाम [नैव त्रुट्यंति] दूर न हों-मिटें नहीं, [तावत्] तब तक [मनसि] रागादि विकल्प रहित शुद्ध चित्तमें [परमसमाधिः न] सम्यग्दर्शन ज्ञान चारित्ररुप शुद्धोपयोग जिसका लक्षण है, ऐसी परमसमाधि इस जीवके नहीं हो सकती [एवं] ऐसा [केवलीनः] केवलीभगवान् [भणंति] कहते हैं।

भावार्थः- शुभाशुभ विकल्प जब मिटें, तभी परमसमाधि होवे, ऐसी जिनेश्वरदेवकी आज्ञा है।।१९४।।

इसप्रकार चौबीस दोहोंके महास्थलमें परमसमाधिके कथनरुप छह दोहोंका अंतरस्थल समाप्त हुआ।

**વળી (હવે એમ કહે છે કે જ્યાં સુધી આ જીવના બધા શુભાશુભ ભાવો દૂર ન થાય ત્યાં સુધી પરમસમાધિ થઈ શકતી નથી.) :-**

**ભાવાર્થઃ- જ્યાં સુધી શુભાશુભ વિકલ્પજાળરહિત એવા પરમાત્મદ્રવ્યથી વિપરીત સમસ્ત શુભાશુભ પરિણામો નાશ પામતા નથી, ત્યાં સુધી રાગાદિ વિકલ્પથી રહિત એવા શુદ્ધ ચિત્તમાં શુદ્ધ આત્માનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુચરણરૂપ શુદ્ધોપયોગલક્ષણવાળી પરમ સમાધિ થતી નથી એમ કેવળી વીતરાગ સર્વજ્ઞ કહે છે, એવો ભાવાર્થ છે. ૧૯૪.**

**એ પ્રમાણે ચોવીસ સૂત્રોના મહાસ્થળમાં પરમસમાધિના પ્રતિપાદક છ સૂત્રોથી પ્રથમ અન્તરસ્થળ સમાપ્ત થયું.**

## વીર સંવત ૨૫૦૨, વૈશાખ વદ ૮, મંગળવાર
## તા. ૧૦-૦૫-૧૯૭૭, ગાથા-૧૯૪, પ્રવચન નં. ૨૩૪

આ પરમાત્મપ્રકાશ. ૧૯૪ ગાથા. ૧૯૩ ચાલી ગઈ ત્યારે છેલ્લા. છેલ્લા હોય છે ને ત્રણ. એની ચાલી ગઈ. અહીં ૧૯૪. પરમાત્મપ્રકાશ છે. યોગીન્દ્રદેવ દિગંબર સંત મુનિ ભાવલિંગી પ્રચુર તો અતીન્દ્રિય આનંદનું જેને વેદન છે, મુનિને પ્રચુર આનંદ અતીન્દ્રિય આનંદનું વેદન હોય છે. એમાં એને વિકલ્પ આવ્યો પ્રભાકરભટ્ટ એમના એક શિષ્ય હતા એને ઉદ્દેશીને આ શાસ્ત્ર બનાવ્યું છે. એમાં આ સમાધિ અધિકાર ચાલે છે. ૧૯૪.

**'આગે યહ કહતે હૈં કિ જબ તક ઈસ જીવ કે શુભાશુભ ભાવ સબ દૂર ન હોં, તબ તક સમાધિ નહીં હો સકતી–'** સમાધિના ત્રણ પ્રકાર છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. ત્રણે સમાધિ છે. સમાધિ એટલે? આધિ, વ્યાધિ, ઉપાધિરહિત તે સમાધિ. ઉપાધિ નામ સંયોગોની ચીજ છે એ ઉપાધિ છે એનાથી રહિત. પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે છે એ આધિ છે. મનની આધિ. અને શરીરમાં રોગ છે એ વ્યાધિ. આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત તે આત્માની સમાધિ. એ સમ્યગ્દર્શન એ સમાધિ છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેમાં સમાધિ એટલે અતીન્દ્રિય આનંદનો સ્વાદ અનુભવમાં એને અહીંયાં સમાધિ કહે છે. એ સમાધિ શુભાશુભભાવના વિકલ્પથી રહિત હોય છે. કેમકે શુભ-અશુભભાવ બેય રાગ છે. રાગ છે એ દુઃખ છે. દુઃખ છે એ અસમાધિ છે. એનાથી રહિત, એ કહ્યું ને?

**'જબ તક ઈસ જીવ કે શુભાશુભ ભાવ સબ દૂર ન હોં,...'** શુભ અને અશુભભાવ અંતરથી દૂર ન હો અને સ્વભાવ સન્મુખ ન હોય **'તબતક પરમસમાધિ નહીં હો સકતી.'** અહીં ત્રણ ભેગું લેવું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. ૧૯૪.

३२५) जामु सुहासुह-भावडा णवि सयल वि तुट्टंति।
परम-समाहि ण तामुमणि केवलि एहु भणंति।।१९४।।

આહાહા..! '**અન્વયાર્થ :- જબતક સમસ્ત સકલ વિકલ્પજાલ સે રહિત...**' પરમાત્મપ્રકાશ છે ને આ? પરમાત્મા તો અંદર નિર્વિકલ્પ આનંદસ્વરૂપ 'જિન સોહી એ આત્મા.' એ પરમાત્મસ્વરૂપ એ જ આત્મા. એનું દ્રવ્યસ્વરૂપ દ્રવ્યદૃષ્ટિનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય પરમાત્મસ્વરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- કાલે આપ કહેતા હતા ધ્રુવ સ્વભાવ છે.

ઉત્તર :- એ તો એનું એ થયું. પરમાત્મસ્વભાવ કહો, ધ્રુવસ્વભાવ કહો, સામાન્ય સ્વભાવ કહો, એકરૂપ સ્વભાવ કહો, સદૃશ કહો, નિત્ય કહો, અભેદ કહો એના અનેક નામો છે. આ તો પરમાત્મપ્રકાશ છે ને. એટલે પરમાત્માને જ મુખ્ય લીધો છે પોતે. વસ્તુ પોતે પુણ્ય અને પાપના વિકલ્પ રહિત કેમકે પુણ્ય અને પાપ એ તત્ત્વ નવમાં, પુણ્ય અને પાપ તત્ત્વ ભિન્ન છે. અને આત્મ તત્ત્વ એ જ્ઞાયકસ્વરૂપ એ તો પુણ્ય-પાપતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે. આહાહા..!

એવો જે ભાવ '**જબતક સમસ્ત સકલ વિકલ્પજાલ સે રહિત...**' આહાહા..! સમ્યગ્દર્શન એ નિર્વિકલ્પ સમાધિ છે. નિર્વિકલ્પ સ્વરૂપ પોતે છે રાગ વિનાનું આનંદસ્વરૂપ ભગવાન. એ આનંદમાં વિકલ્પથી રહિત થઈને નિર્વિકલ્પ આનંદની દશાનું વેદન થવું એની પ્રતીતિ એનું નામ સમકિત છે. આહાહા..! માર્ગ બહુ ઝીણો બાપુ! અને તે પણ ત્રિકાળી સ્વરૂપ નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ જ છે. જે કાંઈ દશાના નામ આવે એ સ્વરૂપે ત્રિકાળ વસ્તુ છે. પ્રાયશ્ચિત આવે છે ને નિયમસારમાં? પ્રાયશ્ચિત. નિર્વિકલ્પ વીતરાગી દશા થવી એનું નામ પર્યાયનું પ્રાયશ્ચિત છે. પણ એ પોતે પ્રાયશ્ચિત સ્વરૂપ છે આત્મા. એમ કીધું છે ત્યાં. પ્રાય એટલે બહોળતાએ, વિશેષે, ચિત્ત એટલે જ્ઞાન. એકલો જ્ઞાનનો પિંડ છે એ તો. એટલે એ વસ્તુને જ પ્રાયશ્ચિત કીધી છે અને એ પ્રાયશ્ચિતને અવલંબે પ્રાયશ્ચિત દશા સત્ય પ્રાયશ્ચિત દશા પ્રગટ થાય છે. અરેરે..!

એમ અહીંયાં પરમસમાધિ જે કહે છે એ આત્મા પરમસમાધિ સ્વરૂપ જ છે. તદ્દન નિત્ય ધ્રુવ. જે સમ્યગ્દર્શનનું ધ્યેય, સમ્યગ્દર્શનનું જેના ઉપર લક્ષ છે. લક્ષ તો જ્ઞાન છે, પણ એ શ્રદ્ધા જેના તરફ વળી છે, એ પોતે પરમાત્મસ્વરૂપ અને ધ્રુવ સમાધિસ્વરૂપ જ છે. આહાહા..! આવી વાતું પણ ઝીણી પડે માણસને. શું થાય? કહેશે '**केवलि एहु भणंति**' કેવળી પરમાત્માએ આમ કહ્યું છે.

કહે છે '**જબ તક સમસ્ત સકલ વિકલ્પજાલ સે રહિત જો પરમાત્મા...**' આ પહેલી વ્યાખ્યા કરી જોયું પરમાત્માની. આ પરમાત્મા આ પોતે. ત્રિકાળ. આહાહા..! એ શૈલી છે પરમાત્મપ્રકાશની. સમસ્ત શુભ-અશુભ ચાહે તો ગુણગુણીના ભેદનો વિકલ્પ ઉઠે એ પણ રાગ અને દુઃખરૂપ છે. તો જે સ્થુળ શુભ છે બાહ્યનો આ દયા, દાન, વ્રત ને ભક્તિ, પૂજા એ તો દુઃખરૂપ, આકુળતારૂપ અસમાધિરૂપ એનાથી રહિત '**સકલ વિકલ્પજાલ સે રહિત જો પરમાત્મા...**' જો એનું નામ. પરમાત્મપ્રકાશ છે તો પરમાત્મા લીધો પહેલો. પરમ આત્મા, પરમસ્વરૂપ એ ૩૨૦ ગાથામાં એ આવ્યું હતું, જયસેનાચાર્યની ટીકામાં. આ પરમાત્મપ્રકાશની ગાથા હતી ૬૮. ૬૮ ગાથા

છે આની. 'ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ।'

મુમુક્ષુ :- આધારરૂપે આપે છે.

ઉત્તર :- આધારરૂપે આપ્યું છે. આમાં છે. ત્યાં આપ્યું છે. આ હમણાં વ્યાખ્યાન ઘણાં થઈ ગયા છે ત્યાં. ૬૮-૬૮ છે આમાં. આધાર આપ્યો છે. ૨૦ની ટીકા છે ને જયસેનાચાર્યની. ૬૮. 'ण वि उप्पज्जइ ण वि मरइ' ૬૮ ગાથા છે. જે પરમાત્મસ્વરૂપ જે નિત્ય ધ્રુવ છે એ તો પર્યાયમાં આવતો પણ નથી કહે છે. એ જન્મતો નથી તેમ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પણ ઊપજાવતો નથી. આહાહા..! આકરું કામ. છે? 'ण वि उप्पज्जइ ण वि मरइ' જન્મ-મરણ તો નથી મરતા એને પણ વ્યય એમાં નથી. ત્રિકાળી જે પરમાત્મસ્વરૂપ કહીએ તેમાં ઉત્પાદ-વ્યય છે જ નહિ. 'उप्पज्जइ' ઉત્પાદ છે અને 'मरइ' એ વ્યય છે. આહાહા..! 'उप्पज्जइ' આહાહા..! આવું આકરું કામ છે. શું થાય? અનંતકાળથી એણે રજળવાની રીત એણે છોડી નથી. અને રજળવાની રીત વિનાનો પરમાત્મા પોતે 'ण बंधु ण मोक्खु करेइ' જેને અમે કહીએ છીએ આત્મા નિશ્ચયથી કહીએ છીએ એ તો બંધને પણ કરતો નથી અને મોક્ષને પણ કરતો નથી. આહાહા..! છે? 'बंधु ण मोक्खु करेइ' જીવો. એને અમે જીવ પરમાત્મા અને આત્મા કહીએ છીએ. 'जिउ परमत्थेँ जोइया' હે યોગી! जिणवरु एउँ भणेइ।' જિનવર આમ ફરમાવે છે. આહાહા..! એમ અહીંયાં 'केवली एहु भणंति' કીધું છે.

જે અહીંયાં આત્મા નિશ્ચયથી આત્મા એને કહ્યો છે કે જેમાં ઉત્પાદ-વ્યય, સંસારનો ઉત્પાદ અને સંસારનો વ્યય પણ નથી અને મોક્ષનો ઉત્પાદ અને મોક્ષના માર્ગની ઉત્પત્તિ જેમાં નથી. કેમકે એ તો બધી પર્યાયોમાં છે. મોક્ષનો માર્ગ, મોક્ષ, બંધનો માર્ગ અને બંધ એ બધી અવસ્થાઓમાં પલટતી દશામાં છે. વસ્તુ છે ત્રિકાળ એમાં એ છે જ નહિ. આહાહા..! જે વસ્તુ છે ત્રિકાળ એને આ જીવ જિનવર એને જીવ કહે છે. અરેરે! આવી વાત છે. જિનવર એને જીવ કહે છે. એમ અહીં કેવળી એને સમાધિ કહે છે. અહીં પર્યાયથી વાત લીધી છે. પણ પર્યાય સમાધિ જે થાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સમાધિ છે એ આનંદ જ છે ત્રણેમાં. એ એનું સ્વરૂપ જ પરમસમાધિ એટલે પહેલું લીધું. જુઓ છે ને અહીંયાં? '**સકલ વિકલ્પજાલ સે રહિત જો પરમાત્મા...**' આહાહા..! ભગવાન પોતે તો સકલ-વિકલ્પથી રહિત જ વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પરમાત્મા એને કીધો.

'**ઉસસે વિપરીત...**' એ પરમાત્મા જે સ્વરૂપ જે નિત્યાનંદ પ્રભુ જેને ૬૮ ગાથામાં જીવ કહ્યો એ જીવ તો મોક્ષ અને મોક્ષના માર્ગને પણ કરે નહિ. એ તો ધ્રુવ છે. અને એ ધ્રુવ તે સમકિત દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન-મોક્ષમાર્ગનો વિષય એ છે. મોક્ષમાર્ગનો વિષય મોક્ષમાર્ગ પોતે નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે જે '**સકલ વિકલ્પજાલ સે રહિત...**' બધા વિકલ્પો એટલે? અશુભ વિકલ્પ તો રહિત જ પણ શુભ ઉપયોગ છે જેટલા અસંખ્ય પ્રકાર તેનાથી પરમાત્મા પોતે રહિત જ છે. કેમકે રહિત થાય છે તે રહિત હોય તો રહિત થાય છે. સમજાણું કાંઈ? રહિત પુણ્ય

અને પાપના શુભ-અશુભભાવથી રહિત હોય તો રહિત થાય પર્યાયમાં. વસ્તુમાં જો હોય તો રહિત થવાનો પ્રસંગ જ નથી એને. આહાહા..! અને જે સમ્યગ્દર્શનનો જે વિષય એ આ '**સકલ વિકલ્પ જાલસે રહિત જો પરમાત્મા.**' પરમ આત્મા, પરમાત્મા, પરમસ્વરૂપ એમ. ત્રિકાળી પરમપારિણામિક સ્વભાવ. પરમ પારિણામિક એટલે? સહજસ્વરૂપ. જેને કર્મના નિમિત્તની અપેક્ષા નથી. રાગ કરે જીવ, પણ એમાં કર્મનો નિમિત્ત છે અને ક્ષયોપશમ ને ક્ષાયિક પર્યાય કરે જીવ, પોતાથી. પણ એમાં કર્મના નિમિત્તનો અભાવ છે. એટલો એકમાં નિમિત્ત અને નિમિત્તનો અભાવ, એવી અપેક્ષાવાળાને પર્યાય કહીએ. પણ જેને એ અપેક્ષા જ નથી એવું ત્રિકાળી ચીજ જે છે, એને અહીંયાં પરમાત્મા અને એને નિશ્ચય આત્મા, નિશ્ચય જીવ આહાહા..! એ સમ્યગ્દર્શનનું ધ્યેય છે માટે પર્યાયનું ધ્યેય ઉડાવીને એને દ્રવ્યના ધ્યેયની દૃષ્ટિમાં એને સમકિત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ૩૨૦ ગાથામાં જયસેનાચાર્યની ટીકામાં ઘણું લખ્યું, ઘણું આવ્યું. ઓહોહો..!

ત્યાં તો ત્યાં સુધી કહ્યું કે આ બધું જાણીને જાણવાને કહ્યું શું અમે? માટે એમ જાણવામાં આવે છે કે, એમ છે એમાં શબ્દો. કે પરમસ્વભાવભાવ નિત્યાનંદ ધ્રુવ તે ધ્યેય છે. અને તે ધ્યેયને લક્ષે જે સમાધિ આ થાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે. એ પર્યાયના ૫૯ નામ તો દ્રવ્યસંગ્રહમાં છે. એ બધા વંચાઈ ગયા છે. ત્યાં વંચાણા. કારણ કે ઓલું જ્ઞાનચક્ષુમાં આવ્યું છે ને એ. નહિતર તો ન વાંચુ પણ સામે સૌની પાસે જ્ઞાનચક્ષુ હતું. એ ત્રણ દિ' ચાલ્યું. આપ પુણ્ય અને પાપના વિકલ્પરહિત જે અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તેને અનેક નામે બોલાવ્યા છે હજારો નામે. હજારો નામે. પર્યાયને હોં. અહીંયાં સમાધિ નામે કીધું છે.

'**વિપરીત શુભાશુભ પરિણામ દૂર ન હોં-...**' એને ત્રુટે નહિ. આહાહા..! એટલે કે શુદ્ધ પરમાત્મસ્વભાવ ઉપર દૃષ્ટિ ન જાય ત્યાં સુધી શુભ-અશુભ વિકલ્પ તૂટે નહિ. ઝીણું તો છે પ્રભુ બહુ બાપુ વીતરાગનો માર્ગ એવો ઝીણો છે. લોકોને મળ્યો નથી. મળ્યો છે એટલો બધો વ્યવહાર અને પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં તો છઠ્ઠી ગાથામાં તો એમ કહ્યું કે કથન તો વ્યવહારથી આવશે બધાં પણ વ્યવહારને જે માને છે એ તો ઉપદેશને લાયક નથી. ધર્મને લાયક તો નથી. આહાહા..! પુરુષાર્થસિદ્ધિ ઉપાય છઠ્ઠી ગાથા. સમજાણું કાંઈ? કારણ કે કથન તો નિમિત્તના ઘણા આવે.

એ ૧૧મી ગાથામાં આવી ગયું છે ભાવાર્થમાં. શુદ્ધનય ધ્યેય છે એને સમજાવવામાં પ્રકાર તો ઘણા આવે ભેદ પાડીને અને ત્રિકાળી જે વિષય તો એ જ છે એક જ છે સમ્યગ્દર્શનનો. પણ ભેદના અનેક પ્રકાર આવે, એવું કથન તો જિનવાણીમાં પણ હસ્તાવલંબ સહાયક એટલે સાથે દેખીને ઘણું કથન છે, પણ એનું ફળ સંસાર છે. છે એમાં. ૧૧મી ગાથા. સમયસાર. ત્રણેનું ફળ સંસાર. એટલે? ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો જીવોને અનાદિનો છે. એક. ૧૧મી ગાથા સમયસાર. ભાવાર્થ. જયચંદ્ર પંડિત. પાઠમાં લખ્યું છે. કારણ કે પાઠમાં ભૂતાર્થ છે ને એકલો? ત્રિકાળ વસ્તુ તેનો આશ્રય તે સમકિતદર્શન, અને પર્યાય માત્ર અસત્ય જૂઠી છે એમ કીધી. એ કેમ? કે સમ્યગ્દર્શનનું પ્રયોજન સિદ્ધ કરવા ત્રિકાળી ભૂતાર્થ, સત્યાર્થ આ જે પરમાત્મા કહીએ છીએ એ જ મુખ્ય અને સત્ય છે

માટે તે નિત્ય છે અને પર્યાયમાત્ર છે એ ગૌણ કરીને, વ્યવહાર કહીને અસત્ય છે એમ કહેવામાં આવ્યું છે. અભાવ કરીને નથી એમ નહિ. સમજાણું કાંઈ? '**ववहारोऽभूदत्थो**' પર્યાયમાત્ર જૂઠી છે. કેવળજ્ઞાન, મોક્ષનો માર્ગ જૂઠો છે. ત્યાં તો એમ આવ્યું. કેમકે મોક્ષના માર્ગનો ધ્યેય કરવાનો નથી. ધ્યેય તો ત્રિકાળીનું કરવાનું છે. એ અપેક્ષાએ પર્યાયને ગૌણ કરીને, ગૌણ કરીને વ્યવહાર કહીને એને અસત્ય કહ્યો છે અને ત્રિકાળી ભૂતાર્થ છે, સત્યાર્થ પરમાત્મા છે એને સત્ય કહીને, મુખ્ય કરીને નિશ્ચય કહ્યો છે. આહાહા..! આવું છે ભાઈ!

એમાં એમ કહ્યું છે કે જે વ્યવહારના પક્ષને પકડશે એ ધર્મને સાંભળવાને લાયક નથી એમ છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય નથી અહીં. નથી. સમજાણું કાંઈ? છે કોઈના હાથમાં નહિ હોય. છઠ્ઠી ગાથા છે. '**अबुधस्य बोधनार्थं**' '**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्।**' વ્યવહારે કહે છે. **देशना नास्ति।।**' લ્યો આવ્યું અહીં. ગાથા એ આવી છઠ્ઠી. '**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्।**' અભૂતાર્થથી, વ્યવહારથી વાત કરે સંતો, પણ '**व्यवहारमेव केवलमवैति**' વ્યવહારને જે પકડીને બેસે એ '**यस्तस्य देशना नास्ति।।**' એ સાંભળવાને લાયક નથી. ધર્મને લાયક તો નથી. કારણ કે વ્યવહારની વાત આવશે તો પકડશે. લ્યો તમે ન કહ્યું?

કાલે પ્રશ્ન થયો હતો રાતે ઓલો. શુદ્ધાત્મા, શુદ્ધાત્મા તે જ્ઞાન છે. એમ કે શુદ્ધાત્મા તે જ્ઞાન છે, શુદ્ધાત્મા તે જ્ઞાન છે એમ ભેદ પડી ગયો ને? રાત્રે પ્રશ્ન થયો હતો. એમ નથી ત્યાં કહેવું. એ તો શુદ્ધાત્મા જે ત્રિકાળ છે તેની દશા જે થઈ તે જ્ઞાન છે, તે નિશ્ચય છે. આ બાજુનો વ્યવહાર છે તે રાગ છે, એમાં આ નિમિત્ત છે. આ બાજુમાં સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાય છે એ નિશ્ચય છે, એનો વિષય છે એ ભલે પરિપૂર્ણ હોય, પણ એનો આશ્રય કરવો નથી. એ આશ્રય એટલે લક્ષ જાય છે એટલું. એટલે '**भूदत्थमस्सिदो खलु**' એમ આવ્યું છે. એ બાજુ લક્ષ જાય છે, પણ એ પર્યાયમાં એ દ્રવ્ય આવતું નથી, પણ પર્યાયમાં દ્રવ્યનું સ્વરૂપ જેવડું છે તેવું જ્ઞાન અને પ્રતીતમાં આવી જાય છે. આહાહા..! તો તેને નિશ્ચય કહ્યો. મોક્ષમાર્ગની વાત છે ને. ઓલું તો પરમનિશ્ચય તો ત્રિકાળ છે. પરમ ભૂતાર્થ જે છે આ જે પરમાત્મા અહીં કહેવાય છે.

અહીં કહે છે કે વ્યવહારના લખાણ શાસ્ત્રમાં બહુ આવશે. નિમિત્ત અને નિમિત્તનું જ્ઞાન કરાવવા શુદ્ધનયના ઉપદેશનો વ્યવહાર હસ્તાવલંબ (સહાયક) અર્થ સહચારી સાથમાં દેખીને કથન ઘણું આવ્યું છે. પણ એ ત્રણેય, ભેદનો વ્યવહારનો પક્ષ અનાદિનો છે. માંહોમાંહે એ વાત કરે છે માણસો. ભેદ અને વ્યવહારની વાત કરે તો સામાને સારી લાગે અને પોતાને એમ લાગે કે હું કાંઈક અનેકાંતમાં છું. બે. અને ત્રીજું ભેદનો, વ્યવહારનો ઉપદેશ હસ્તાવલંબ જાણી જૈનદર્શનમાં, જૈનવાણીમાં ઘણો કર્યો છે. પણ એ ત્રણેનું ફળ સંસાર છે. છે એમાં. ૧૧મી ગાથા. આહાહા..! હવે આ શું કરવું? જિનવાણીમાં લખાણ ઝાઝું આવે એ જ્યાં હોય ત્યાં કાઢે. પણ એ કઈ નયનું વચન છે? આહાહા..! સમજાણું કાંઈ?

એમ અહીંયાં કહે છે '**સકલ વિકલ્પજાલ સે રહિત પરમાત્મા...**' આ પરમાત્મા એટલે

ત્રિકાળી વસ્તુ. જેમાં પર્યાય પણ ન આવે. સમજાણું કાંઈ? આહાહા..! એની શ્રદ્ધા-જ્ઞાન કરે એ પર્યાય. સમજાણું કાંઈ? આહાહા..! '**પરમાત્મા ઉસસે વિપરીત શુભાશુભ પરિણામ...**' શુભ અને અશુભ પરિણામ એ પરમાત્માથી વિપરીત છે. આહાહા..! સંસ્કૃતમાં છે જુઓ! '**शुभाशुभविकल्पजालहितात् परमात्मद्रव्यद्विपरीताः शुभाशुभभावाः। परिणामा**' આહાહા..! એવા જે શુભાશુભ વિપરીત પરિણામ દૂર ન હો. અંતરમાંથી વિકલ્પનું લક્ષ છૂટે નહિ અને અંતરમાં પરમાત્મસ્વરૂપમાં જાય નહિ. આહાહા..! ત્યાં સુધી એને રાગાદિરહિત વિકલ્પરહિત '**ચિત્તમેં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ શુદ્ધોપયોગ જિસકા લક્ષણ હૈ, ઐસી પરમસમાધિ ઈસ જીવકે નહીં હો સકતી...**' આહાહા..! સમ્યગ્દર્શન પણ શુદ્ધઉપયોગમાં હોય છે. આહાહા..! એના નામ આપ્યા છે આમાં. શુદ્ધાત્મઅભિમુખ પરિણામ કહો, શુદ્ધોપયોગ કહો, એ ૩૨૦ ગાથા સંસ્કૃત ટીકા. ૧૮ વ્યાખ્યાન ચાલ્યા ત્યાં. ઘણું બે પાના છે. છપાણા. ઘણાં હજારો છપાવ્યા છે ત્યાં. સભામાં દેવા માટે. એ સંસ્કૃત ટીકાના.

અહીં કહે છે કે આહાહા..! પરમાત્મા કોને કહીએ? કે બધા જેટલા મહાવ્રતાદિના વિકલ્પો એ તો સ્થૂળ છે. એ તો ત્યાં કહ્યું પુણ્યપાપના અધિકારમાં સામાયિકની પ્રતિજ્ઞા લઈને પણ મોક્ષની ઈચ્છાવાળો જીવ અતિસ્થૂળ સંકલેશ પરિણામને છોડે છે, પણ અતિસ્થૂળ વિશુદ્ધ પરિણામને છોડતો નથી. જે વ્રત, તપ, શીલ, દાન, દયા, એ શુભકર્મ એટલે શુભ પરિણામ છે. એમાં શબ્દ છે બધા. ૧૫૫, ૧૫૪ બેય. એવા શુભરાગને છોડતો નથી. એને આત્મા પ્રાપ્ત થતો નથી. એને પુણ્ય પરિણામને અત્યંત સ્થૂળ કીધા છે પાઠ. અત્યંત સ્થૂળ.

ભગવાનઆત્માની પર્યાય સૂક્ષ્મ અને એનું દ્રવ્યસ્વભાવ તો સૂક્ષ્માતિસૂક્ષ્મ. આહાહા..! એને એ દ્રવ્યને પરમાત્મા એ શુભાશુભ વિકલ્પથી રહિત છે. છે? પરિણામ '**વિકલ્પજાલ સે રહિત જો પરમાત્મા ઉસસે વિપરીત...**' ત્રણ બોલ કરે છે. એ જયચંદ્ર પંડિતની શૈલી એવી છે કે એક તો શુભાશુભ વિકલ્પથી રહિત પરમાત્મા, એનાથી વિપરીત એ શુભાશુભભાવ. એમ. છે ને? સમસ્ત શુભાશુભ '**વિકલ્પજાલ સે રહિત જો પરમાત્મા...**' એ એક વાત કીધી. બીજી વાત. એ જે વિપરીત જાલથી રહિત કીધું હતું '**ઉસસે વિપરીત શુભાશુભ પરિણામ...**' આહાહા..! શું કહ્યું એ? વિકલ્પની જાલ ચાહે તો. હું શુદ્ધ છું (એવો વિકલ્પ).

સમયસાર ત્યાં સુધી આવી ગયું કે વ્યવહારનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ. ૧૪૩-૧૪૪ કર્તાકર્મ અધિકાર. પણ અંદર આત્મા હું શુદ્ધ છું, અભેદ છું, અખંડ છું, એક છું, પરમાત્મા છું. એવો જે વિકલ્પ છે એ પણ દુઃખરૂપ છે અને છોડવા જેવો છે. નયાતિક્રાંત કહે છે ને જે ૧૪૪. સમ્યગ્દર્શન જ હજી હોં એ તો સમ્યગ્દર્શન જ એની વ્યાખ્યા છે. ૧૪૪માં એને સમ્યગ્દર્શન જ્ઞાન વ્યપદેશ. એને તો સમ્યગ્દર્શન નામ અપાય છે. વ્યપદેશ એમ શબ્દ છે પાઠ ૧૪૪. કોને? કે જે આત્મા મહાવ્રતાદિના, વ્રતાદિના વિકલ્પો જે છે એને તો અમે છોડાવતા આવ્યા છીએ એ તો પહેલેથી. હવે અહીંયાં વ્યવહારનયનો પક્ષ કરે કે હું બંધવાળો છું, અનેક છું, એવો બંધના વિકલ્પનો

અમે નિષેધ કરતા આવ્યા છીએ, પણ હવે તો અબંધસ્વરૂપ જે ભગવાનઆત્મા, આ પરમાત્મા સ્વરૂપ છે. એનો પણ નયપક્ષ રહેશે કે હું શુદ્ધ છું, એક છું, અભેદ છું, પરિપૂર્ણ છું, અબંધ છું, એવો નયપક્ષ રહેશે તો એમ કહ્યું છે ૧૪૨ ગાથામાં અમૃતચંદ્રાચાર્યે. તેથી શું? અહીં સુધી આવ્યો તેથી શું? એને આત્માને શું લાભ છે? તેથી શું? પાઠ છે. સમજાણું કાંઈ?

હું અબદ્ધ છું, નિશ્ચય છું, પરમાત્મા છું, એકરૂપ છું, સચ્ચિદાનંદ સ્વરૂપ પરમસમાધિસ્વરૂપ પરમ વીતરાગમૂર્તિ છું, એવી જે વૃત્તિ ઊઠે છે વિકલ્પ-વિકલ્પ એથી શું? આહાહા..! છે? તે સમયસારમાં છે. સમયસારમાં છે. ૧૪૨ ગાથાની ઉપર. એવો પક્ષ આવ્યો તો શું કહે છે? ૧૪૧. ૧૪૨. '**પણ તેથી શું?**' પાઠમાં એ છે. '**किम्**' '**ततः किम्**' એવો શબ્દ સંસ્કૃતનો છે. એ સંસ્કૃતના પ્રોફેસર છે. જયપુરમાં. અહીં સુધી આવ્યો તેથી શું? કહે છે. એ કોઈ વસ્તુ નથી. આહાહા..! '**પણ તેથી શું? જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે,...**' આહાહા..! વ્યવહારપક્ષની તો વાત જ શું કરવી? એ તો અમે છોડાવતા આવ્યા છીએ એમ પહેલા કહ્યું છે. આહાહા..! પણ નિશ્ચયનો પક્ષ. વિકલ્પ વૃત્તિ ઊઠે છે કે હું આવો છું, પૂર્ણ છું, પરમાત્મા છું એવો આંગણે ઊભો, વિકલ્પને રાગને કરે તેથી શું? તેથી આત્માને લાભ શું? આહાહા..! આવી વાત છે.

તે પણ વિકલ્પને અહીં કહે છે એમ છોડે. જુઓ! ત્યાં પણ એમ કીધું ને એને છોડે. છે ને? ૧૪૪ જુઓ. '**અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે...**' પરમાત્મા ત્રિકાળીને. '**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે...**' તે કાળે તે શ્રદ્ધાય છે. '**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે) અને જણાય છે તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.**' હજી તો અહીં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. આહાહા..! સમજાણું કાંઈ? આ ત્યાં ચાલ્યું હતું. ૧૪૪.

અહીંયાં તો કહે છે, પ્રભુ! માર્ગ તો એવો છે ભાઈ! આહાહા..! અરે! એને લક્ષમાં પણ ન આવે, સાંભળવામાં ન આવે, હજી એના નિશ્ચયના પક્ષમાં, આવો છું એવો વ્યવહારના પક્ષ છોડીને અહીં ન આવે તો એને તો આગળ જવાનું છે જ ક્યાં? આહાહા..! અહીં એ કહે છે કે પરમાત્મા શુભાશુભ વિકલ્પથી રહિત છે. એક વાત કરી. આમથી લીધી. ફરીને. '**ઉસસે વિપરીત શુભાશુભ પરિણામ...**' એ '**नैव त्रुट्यंति**' એ વિકલ્પ તૂટે નહિ અને અંતરમાં નિર્વિકલ્પ અનુભવ થાય નહિ. આહાહા..! '**તબ તક રાગાદિ વિકલ્પ રહિત...**' એ વિકલ્પ અને રાગની દુઃખની દશા છે. ચાહે તો એ મહા તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ ભાવ દુઃખરૂપ છે. રાગ છે, બંધન ધર્મથી ન હોય. બંધન ધર્મથી ન હોય. બંધન ધર્મથી વિપરીતભાવથી હોય. પછી મીઠી ભાષાએ કહો તો પુણ્ય, બીજી ભાષાએ કહીએ તો અધર્મ.

મુમુક્ષુ :- અધર્મ એ મીઠી ભાષા છે?

ઉત્તર :- કડક ભાષા છે અધર્મ એમ કીધું. મીઠી ભાષામાં પુણ્ય છે. કડકભાષા એ અધર્મ છે.

અહીં કહ્યું હતું ને ૮૫ની સાલમાં. ઘણા વર્ષ થઈ ગયા. પોષ મહિનો હતો. બોટાદમાં નામ તો અમારું પ્રસિદ્ધ હતું ને પહેલેથી. હજારો પંદર સો માણસ વ્યાખ્યાનમાં આવે. ત્રણસો ઘર ખરા ને. શેઠિયાઓ પૈસાવાળા બધા. આ અમારે હસમુખ ત્યાંના છે બોટાદના. ગાંધી. માણસ ખીચોખીચ ભરાયેલું. ૮૫ના પોષ સુદ. કેટલા વર્ષ થયા? ૪૮ થયા. તે દિ' કહ્યું વ્યાખ્યાનમાં. ઘણી સભા. પંદરસો માણસ. જે વિકલ્પથી તીર્થંકરગોત્ર બંધાય એ ધર્મ નહિ. એ અધર્મ છે. અને લોકો પ્રસિદ્ધિ તો હતી એટલે અમારી સામું કોઈ બોલી શકે નહિ. આ તો ૪૮ વર્ષ પહેલાંની વાત છે. બોટાદ સંપ્રદાયમાં. મુહપતિ હતી ને. ત્યાં સુધી તો એમ ને આપણા મહારાજ છે.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ, ધર્મથી બંધન હોય નહિ, નિશ્ચય મોક્ષમાર્ગ છે એનાથી છૂટકારો રાગનો હોય, બંધન ન હોય. બંધન જે ભાવે હોય તે ધર્મ નહિ. એ એક વાત કહી હતી. અને બીજી એક સહેજ કરી હતી હળવેક દઈને. આ તો ૪૮ વર્ષ પહેલાંની વાત છે હોં. પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ છે, એ ધર્મ નથી, પુણ્ય છે, આસ્રવ છે. સભા સાંભળતી હતી. એક જણો બેઠો હતો સાધુ. એ એમ વોસરે વોસરે. આ શ્રદ્ધા? કોણ સાંભળતું હતું ત્યાં? તે દિ' તો મુહપતિ હતી ને સામે માણસ. કે આ વોસરે વોસરે. જગજીવનજી હતા જગજીવન. જૂના માણસ જાણે, નવા ન જાણે. જગજીવનજી. ખીમચંદભાઈ જાણે. વોસરે વોસરે એટલે આ શ્રદ્ધા ન જોઈએ અમારે. એમ. પછી ઊઠી ગયા. પછી પૂરું થયા પછી કીધું. બેસવું હતું ને તમારે. ન માનો તો કાંઈ નહિ. પણ ઉઠી ગયા એમાં તમારું માન્યું કોઈએ કહ્યું? તમારું સાંભળ્યું કોઈએ? કારણ કે અહીં છીએ ત્યાં સુધી લોકો એમ માને છે કે આપણા મહારાજ છે ને. સમજાણું કાંઈ? અરે! ભગવાન શું કરે છે તું? આહાહા..!

પંચમહાવ્રતના પરિણામ તે આસ્રવ છે. તત્ત્વાર્થસૂત્રમાં એને આસ્રવના અધિકારમાં નાખ્યું છે. છઠ્ઠો અધ્યાય. અને આ તીર્થંકરગોત્ર સોળ કારણે રાજી થઈ જાય આમ અંદર રાજી થઈ જાય. સોળ કારણે છે આ બધું. એ સોળ કારણ રાગ છે અને પ્રકૃતિ તે જડ છે. પ્રકૃતિ જડ છે અને એને વિષના ફળ કહ્યા છે. ૧૪૮ પ્રકૃતિને વિષજાળ, વિષના ફળ કહ્યા છે, પ્રભુ! તને અમૃતનો સાગર અંદર છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પરમાત્માથી તો વિપરીત શુભાશુભ પરિણામ છે. આહાહા..! ચાહે તો એ તીર્થંકરગોત્રનો ભાવ હોય તોપણ એ પરમાત્મસ્વરૂપથી તો વિપરીત છે. માણસને આકરું પડે જગતને.

'**દૂર ન હોં-મિટેં નહીં, તબતક રાગાદિ વિકલ્પ રહિત શુદ્ધ ચિત્તમેં,...**' શુદ્ધ મન, શુદ્ધ જ્ઞાન. ચિત્ત એ જ્ઞાન. શુદ્ધ જ્ઞાન ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ ભગવાન, એમાં '**परमसमाधिः न**' એટલે કે સમ્યગ્દર્શન એને નહિ. એને સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર શુદ્ધઉપયોગ લક્ષણ એ એને નથી. અહીંયાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણને શુદ્ધઉપયોગ કહ્યો છે. લોકો અત્યારે એમ કહે છે કે શુદ્ધઉપયોગ તો સાતમે થાય, ફલાણે થાય ને ઢીંકણે થાય. ચોથેથી શુદ્ધઉપયોગમાં સમ્યગ્દર્શન વખતે શુદ્ધોપયોગ વિના સમ્યગ્દર્શન થાય જ નહિ. એ અહીં કહે છે. અંતર સ્વરૂપ આનંદનો નાથ ભગવાન, શુભના

પરિણામ તો દુઃખરૂપ છે અને શુદ્ધઉપયોગ તો સુખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવું વાક્ય બહુ આકરું પડે. શું થાય ભાઈ! ત્રણલોકના નાથ પરમાત્મા તીર્થંકરોની હાજરી ન મળે, ભરતક્ષેત્રમાં પરમાત્માના વિરહ પડ્યા, એમ કેવળજ્ઞાન, અવધિ કે મનઃપર્યય પણ નહિ. એટલે આ બધા ઝઘડા ઊભા થયા. માર્ગ તો આ છે, પ્રભુ! પરમાત્મા તો એ કહે છે. આહાહા..!

એ '**परमसमाधिः न**' વિકલ્પ તૂટે નહિ ત્યાં સુધી એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય નહિ. આહાહા..! કેમકે વિકલ્પ છે એ તો રાગ ને દુઃખ છે. પંચમહાવ્રતના પરિણામ પણ દુઃખ છે. એ તો છ ઢાળામાં પણ આવે છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો. મુનિવ્રત ધારણ કર્યા, મુનિવ્રત લીધા, પંચમહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ, 'પણ લેશ સુખ ન પાયો.' આનંદ ન મળ્યો એમાં. એટલે એ તો દુઃખ છે. આહાહા..! 'પણ લેશ સુખ ન પાયો.' અંશે પણ ઓલા અશુભ ટળીને શુભ થયો તો કાંઈક તો ખરું ને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક.' અનંતબૈર તો એ સાધન ન થયું તો અત્યારે સાધન શુભોપયોગ થઈ જાય? એ નવમી ગ્રૈવેયક ગયો ત્યારે શુભ ઉપયોગ હતો એવો તો અત્યારે શુભ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનો શુદ્ધ ઉપયોગ હોઈ શકે, પણ એ નવમી ગ્રૈવેયક ગયો હતો એવો જે શુભઉપયોગ એવો તો અત્યારે નથી.

અહીં તો કહે છે કે એ શુભઉપયોગ પણ રાગાદિ વિકલ્પરહિત ન હોય તો શુદ્ધજ્ઞાનમાં '**मनसि**' છે ને '**मनसि**'? '**मनसि**'નો અર્થ શુદ્ધ ચિત્ત કર્યું, શુદ્ધ જ્ઞાન કર્યું. શુદ્ધ જ્ઞાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર... આહાહા..! સત્યદર્શન, સમ્યક્ સત્ય એટલે સત્યદર્શન. સમ્યક્ સત્યદર્શન. કોઈ ઠેકાણે પ્રશસ્ત દર્શન એવો અર્થ કર્યો છે સમ્યગ્દર્શનનો. એટલે? એ ત્રિકાળી વસ્તુ છે એ જ પ્રશસ્ત છે અને એ જ સત્ય છે. આહાહા..! પર્યાયને તો વ્યવહારનયે અભૂતાર્થ કીધી ગૌણ કરીને ભલે. ૧૧મી ગાથા. ત્રિકાળ વસ્તુ આનંદદળ, શુદ્ધપરમાત્મા એ સમ્યક્ એની સાચી શ્રદ્ધા, સત્યની સાચી શ્રદ્ધા, એ સત્ય ત્રિકાળી સત્ય છે તેની સત્યદર્શન. અવ્વલદોમની વાતું છે. બધી ખબર છે ને દુનિયાની તો બધી વાત. બાપુ! માર્ગ તો આ છે ભાઈ! એ કહેશે.

'**परमसमाधिः न**' પછી કેવળીનું કહેશે ત્યારે તો સર્વ વિકલ્પ તૂટી જશે. અહીંયાં વિકલ્પ તૂટ્યા છે પણ અબુદ્ધિપૂર્વક રહ્યા છે. હજી ભલે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે થાય મુનિને છઠ્ઠે. અબુદ્ધિપૂર્વક વિકલ્પ, છઠ્ઠે સુધી હજી બુદ્ધિપૂર્વક વિકલ્પ છે. પણ અહીં તૂટી ગયા છે એમાં વિકલ્પ નથી. વિકલ્પથી તૂટીને સ્વરૂપની દૃષ્ટિ જ્ઞાન થઈ છે એમાં વિકલ્પ નથી. પછી એમ કહેશે કે જે ઓલો વિકલ્પ છે થોડો, એ તોડશે એને કેવળ થાશે. એ પછી કહેશે. સમજાણું કાંઈ? '**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ શુદ્ધોપયોગ...**' દેખો ત્રણેને શુદ્ધઉપયોગ કીધો છે. આહાહા..! અને છ ઢાળામાં ત્રણેને મોક્ષમાર્ગી કીધા છે. સમ્યગ્દર્શન હો કે મુનિ હો કે શ્રાવક હો ત્રણે શિવમગચારી. આહાહા..! ત્રણે અતીન્દ્રિય આનંદના અનુભવીઓ છે. આહાહા..! મુનિને અતીન્દ્રિય આનંદ વિશેષ છે. ચોથે અતીન્દ્રિય આનંદનો નમૂનો આવ્યો છે થોડો. પાંચમે શ્રાવક સાચા હોય એને વધારે આનંદ હોય છે

અતીન્દ્રિય. મુનિને પ્રચુર આનંદ છે એ પાંચમી ગાથામાં છે. કુંદકુંદાચાર્યના અધિકારે. પ્રચુર સ્વસંવેદન છે એ મારા નિજવૈભવથી કહીશ. એમ કહ્યું છે પાંચમી ગાથામાં. આવે છે ને પાંચમી? આ ત્રણેને શુદ્ધઉપયોગ કીધો.

હવે અત્યારે એવું ચાલે છે. એક આર્જિકા છે, ૨૫ લાખનું જંબુદ્વીપ કરાવ્યું, ઢીંકણું. કાલે જ આવ્યું છે લખાણ. મુનિને પંચમહાવ્રતાદિ મૂળગુણો પહેલાં હોય, શુભઉપયોગ હોય એમાંથી શુદ્ધ ઉપયોગ થાય. કાલે જ આવ્યું છે. ભાઈએ વંચાવ્યું હતું રાત્રે. સમ્યગ્જ્ઞાન આવે છે. ચારેય અનુયોગની વાત આવે છે ચારેય અનુયોગની. ગપ્પા બધાય. આહાહા..!

અહીં તો કહે છે કે પ્રથમ સમ્યગ્દર્શન એ દર્શન છે એ તો શ્રદ્ધાની પર્યાય છે. એના વિષયમાં ભેદ હોય નહિ. તે પોતે જ નિર્ભેદ નિર્વિકલ્પ છે એટલે એનો વિષય તો અભેદ ત્રિકાળી વસ્તુ. પણ તેની સાથે થયેલું જ્ઞાન એ ત્રિકાળને જાણે અને વર્તમાન પર્યાય અપૂર્ણ આદિ હોય એને જાણે. જાણવામાં કાંઈ જ્ઞાનનો નિષેધ નથી. તે કાળે તે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહાર આવે ખરો, પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી. તો એને જાણેલો પ્રયોજનવાન છે. એ ૧૨મી ગાથામાં કહ્યું. આદરેલો પ્રયોજનવાન છે એમ નહિ. સંસ્કૃતમાં તો એવો શબ્દ છે તદાત્વે. તદાઆયતે. તે સમય. એમાં પણ વિશેષતા છે. જે સમયે સમ્યક્ અનુભવ આદિ થયો, તે સમયે પર્યાયમાં જેટલી અશુદ્ધતા છે અને શુદ્ધતા છે તેને જાણેલો પ્રયોજનવાન. તે સમયે. બીજે સમયે પાછી શુદ્ધતા વધે છે અને અશુદ્ધતા ઘટે છે તે સમયે તે જાણેલો પ્રયોજનવાન. ત્રીજે સમયે શુદ્ધતા વધે અને અશુદ્ધતા ઘટે તે સમયે તે જાણેલો પ્રયોજનવાન છે. એમ લેવાય છે. તદાત્વે શબ્દ પડ્યો છે. તદાત્વે શબ્દ છે. તે કાળે છે બસ. તે તે સમયે. આહાહા..!

‘**જિસકા લક્ષણ હૈ, ઐસી પરમસમાધિ ઇસ જીવકે નહીં હો સકતી...**’ કોણ કહે છે આ? ‘**ઐસા કેવલીભગવાન...**’ ‘**भणंति**’ આહાહા..! એ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરો અને કેવળીઓ આમ કહે છે. આહાહા..! ઓલી ગાથામાં ૬૮માં એ આવ્યું હતું. ‘**जिणवरु एउँ भणेइ**’ જીવ એને અમે કહીએ, નિશ્ચય જીવ એટલે નિશ્ચય આત્મા. જિનવર એમ કહે છે કે નિશ્ચય આત્મા છે એ મોક્ષને કરતો નથી અને મોક્ષના માર્ગને પણ કરતો નથી. બંધને કરતો નથી અને બંધના કારણને પણ કરતો નથી. એમ જિનવર એમ કહે છે. એને જીવ અમે કહીએ. આહાહા..! ભારે કામ ભાઈ! પર્યાય જીવ છે પણ એ વ્યવહાર જીવ છે. મોક્ષમાર્ગનો પર્યાય છે ને નિર્વિકલ્પ પર્યાય છે. એ પર્યાય છે અને પર્યાય છે તે વ્યવહાર છે. ત્રિકાળી તે નિશ્ચય છે. એ તો રાગને મોક્ષમાર્ગ કહેવો હોય ત્યારે વ્યવહારથી કહે એટલે નથી એને કહેવું એથી અહીં છે એને કહેવું એને નિશ્ચય કહેવાય. એ તો ઓલા રાગની અપેક્ષાએ. બાકી નિશ્ચયમોક્ષમાર્ગ તો પર્યાય છે. આહાહા..! પર્યાય એટલે વ્યવહાર છે. પંચાધ્યાયીકારે પર્યાયને જ વ્યવહાર કહ્યો. દ્રવ્યને નિશ્ચય કહ્યો. અને પરમાર્થવચનિકામાં એમ કહ્યું છે. બનારસીદાસે. દ્રવ્ય તે નિશ્ચય છે અને નિશ્ચય મોક્ષમાર્ગ તે વ્યવહાર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા લખ્યું છે એણે. બહારના માનનારાઓને આને માન્યતાનો અભાવ છે.

ખરેખર તો આત્માને શુદ્ધ આત્માને એ બપોરે કહ્યું કાલે જ્ઞાન-દર્શન-ચારિત્ર. એ પર્યાય પોતે જ વ્યવહાર છે. પર્યાય છે ને? ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય છે. પરમાર્થવચનિકામાં બનારસીદાસ. પહેલાના પંડિતો પણ બહુ મુનિઓની તો શું વાત કરવી? આચાર્યોની શું વાત કરવી? કેવળીનું તો શું કહેવું? પંડિતોએ પણ પરંપરા સત્યને જાળવી રાખી છે. આહાહા..! ટોડરમલ, બનારસીદાસ, દોલતરામ. પણ એના અર્થ કરવામાં અને ફલટનમાં આ શાસ્ત્ર પરિષદે તો એમ કહ્યું કે અધ્યાત્મની ભાંગ પીને ટોડરમલ અને બનારસીદાસ નાચ્યા છે. અધ્યાત્મની ભાંગ પીધી છે. અરે! પ્રભુ! શું કહે છે ભાઈ? અરેરે! વીતરાગના વિરહ પડ્યા. કોઈ સાચું સત્ય શું એની સાક્ષી કોને દેવી? વિરહ પડ્યા પરમાત્માના. અવધિ જ્ઞાની મનઃપર્યયના વિરહ પડ્યા. આહાહા..!

અહીં કહે છે કે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શુદ્ધઉપયોગ છે. ત્યારે અત્યારે કેટલાક કહે શુદ્ધ ઉપયોગ તો આઠમે થાય. વળી બહુ બહુ લે તો સાતમે થાય એમ કહે છે. કોઈ વખતે એમ કહે છે. પણ સાતમે થાય તો છઠ્ઠું હોય એને સાતમું હોય. છઠ્ઠું હોય જેને એને સાતમું હોય અને સાતમું શુદ્ધ ઉપયોગ આવે તો પાછું બીજે ક્ષણે છઠ્ઠું આવે એટલે વિકલ્પ આવે જ તે. તો છઠ્ઠું-સાતમું એક હજારોવાર અંતર્મુહૂર્તમાં આવે એનું નામ મુનિપણું છે. આહાહા..!

કહે છે '**શુદ્ધોપયોગ જિસકા લક્ષણ હૈ, ઐસી પરમસમાધિ...** ' શાંતિ... શાંતિ... શાંતિ... જેમાં કષાયનો કણ નથી, જેમાં સમાધિની શાંતિ, ઝળહળ જ્યોતિએ પ્રગટ થઈ છે. આહાહા..! એને શુદ્ધ ઉપયોગી મુનિ કહીએ એને. મોક્ષમાર્ગપ્રકાશકમાં તો પહેલા અધ્યાયમાં એમ જ લીધું છે કે મુનિએ આચાર્ય, ઉપાધ્યાય, સાધુએ શુદ્ધઉપયોગપણું ગ્રહણ કર્યું છે, મહાવ્રત ગ્રહણ કર્યા છે એમ નથી લીધું. મોક્ષમાર્ગપ્રકાશક પહેલી શરૂઆત. આચાર્ય, ઉપાધ્યાય, સાધુનું સ્વરૂપ. જે વીરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધઉપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી. પંચમહાવ્રત અંગીકાર કરી અને અઠ્યાવીશ મૂળગુણ એમ નથી લખ્યું. એ આ બોલ પ્રવચનસારની પહેલી પાંચ ગાથાનો છે. પાંચ ગાથા છે ને ભાઈ પહેલી? પરમ શુદ્ધઉપયોગ ત્રણ પદવીને હોય છે. પાંચ ગાથાઓ પ્રવચનસારની પહેલી છે એમાં છે. એ આમાં પંડિતો ઘરનું કાંઈ નાખતા નથી. શાસ્ત્રમાં હતું એને જરી ખોલ્યું છે. ખીલવ્યું. બાકી વસ્તુ અક્ષરે અક્ષર આચાર્યોની છે. છે? સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધઉપયોગરૂપ મુનિપણું. શુદ્ધઉપયોગરૂપ મુનિધર્મ. આહાહા..! અંગીકાર કરી. અહીં તો કહે શુદ્ધઉપયોગ હોય નહિ અત્યારે. આહાહા..! અરે! ભગવાન!

અહીં એ કહે છે. '**શુદ્ધ ઉપયોગ જિસકા લક્ષણ હૈ, ઐસી પરમસમાધિ ઈસ જીવકે નહીં હો સકતી...**' વિકલ્પવાળાને વિકલ્પ તોડતો નથી અને અંતરમાં જતો નથી એને. '**ઐસા કેવલીભગવાન કહતે હૈં.**' '**ભાવાર્થઃ- શુભાશુભ વિકલ્પ જબ મિટેં, તભી પરમસમાધિ હોવે, ઐસી જિનેશ્વરદેવકી આજ્ઞા હૈ.**' આહાહા..! લ્યો એ સમાધિનો અધિકાર કર્યો. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૧૯૫

तदनन्तरमर्हत्पदमिति भावमोक्ष इति जीवन्मोक्ष इति केवलज्ञानोत्पत्तिरित्येकोऽर्थः तस्य चतुर्विधनामाभिधेयस्यार्हत्पदस्य प्रतिपादनमुख्यत्वेन सूत्रत्रयपर्यन्तं व्याख्यानं करोति। तधथा-

३२६) सयल-वियप्पहँ तुट्टाहँ सिव-पय-मग्गि वसंतु।
कम्म-चउक्कइ विलउ गइ अप्पा हुइ अरहंतु।।१९५।।
सकलविकल्पानां त्रुटयतां शिवपदमार्गे वसन्।
कर्मचतुष्के विलयं गते आत्मा भवति अर्हन्।।१९५।।

हुइ भवति। कोऽसौ। अप्पा आत्मा। कथंभूतो भवति। अरहंतु अरिर्मोहनीयं कर्म तस्य हननाद् रजसी ज्ञानदृगावरणे तयोरपि हननाद् सहस्यशब्देनान्तरायस्तदभावच्च देवेन्द्रादिविनिर्मितामतिशयवतीं पूजामर्हतीत्यर्हन्। कस्मिन् सति। कम्म-चउक्कइ विलउ गइ घातिकर्मचतुष्के विलयं गते सति। किं कुर्वन् सन् पूर्वम्। सिव-पय-मग्गि वसंतु शिवशब्दवाच्यं यन्मोक्षपदं तस्य योऽसौ सम्यग्दर्शनज्ञानचारित्रत्रितयैकलक्षणो मार्गस्तस्मिन् वसन् सन्। केषां सताम्। सयल-वियप्पहं तुट्टाहं समस्तविकल्पानां नष्टानां समस्तरागादिविकल्पविनाशादनन्तरं भवतीति भावार्थः।।१९५।।

---

आगे तीन दोहोंमें अरहंतपदका व्याख्यान करते हैं, अरहंतपद कहो या भावमोक्ष कहो, अथवा जीवन्मोक्ष कहो, या केवलज्ञानकी उत्पत्ति कहो-

ये चारों अर्थ एकको ही सूचित करते हैं, अर्थात् चारों शब्दोंका अर्थ एक ही है-

गाथा-१९५

अन्वयार्थः- [कर्मचतुष्के विलयं गते] ज्ञानावरणी, दर्शनावरणी, मोहनी, और अन्तराय इन चार घातियाकर्मोंके नाश होनेसे [आत्मा] यह जीव [अर्हन् भवति] अर्हंत होता है, अर्थात् जब घातियाकर्म विलय हो जाते हैं, तब अरहंतपद पाता है, देवेंद्रादिकर पूजाके योग्य हो वह अरहंत है, क्योंकि पूजायोग्यको ही अर्हंत कहते हैं। पहले तो महामुनि हुआ [शिवपदमार्गे वसन्] मोक्षपदके मार्गरुप सम्यग्दर्शन ज्ञान चारित्रमें ठहरता हुआ [सकलविकल्पानां] समस्त रागादि विकल्पोंका [त्रुट्यतां] नाश करता है, अर्थात् जब समस्त रागादि वकल्पोंका नाश हो जावे, तब निर्विकल्प ध्यानके प्रसादसे केवलज्ञान होता है। केवलज्ञानीका नाम अर्हंत है, चाहे उसी जीवन्मुक्त कहो। जब अरहंत हुआ, तब भावमोक्ष हुआ, पीछे चार अघातियाकर्मोंको नाशकर सिद्ध हो जाता है। सिद्धको विदेहमोक्ष कहते हैं। यही मोक्ष होनेका उपाय है।।१९५।।

**ત્યાર પછી અર્હંતપદ કહો, ભાવમોક્ષ કહો, જીવન્મોક્ષ કહો, કેવળજ્ઞાનોત્પત્તિ કહો :-**

**એ ચારે શબ્દનો અર્થ એક જ છે. એ ચાર પ્રકારના નામ જેના છે તે અર્હંતપદના પ્રતિપાદનની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્ર સુધી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણેઃ-**

**ભાવાર્થઃ- 'શિવ' શબ્દથી વાચ્ય એવું જે મોક્ષપદ તેનો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણેયની એકતારૂપ લક્ષણવાળો જે માર્ગ તેમાં વસતા થકા આત્મા, પૂર્વે સમસ્તવિકલ્પોનો નાશ થતાં અર્થાત્ સમસ્ત રાગાદિ વિકલ્પોનો નાશ થયા પછી ચાર ઘાતિકર્મનો વિલય થતાં અર્હંત થાય છે. અરિ અર્થાત્ મોહનીય કર્મ તેનો નાશ થવાથી, રજસી અર્થાત્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ બન્નેયનો નાશ થવાથી અને રહસ્ય શબ્દથી અન્તરાય સમજવો. અન્તરાયકર્મનો નાશ થવાથી દેવેન્દ્રાદિ રચિત, અતિશયવાન (સાતિશય) પૂજાને યોગ્ય છે તે અર્હંત છે, એ ભાવાર્થ છે. ૧૯૫.**

## વીર સંવત ૨૫૦૨, વૈશાખ વદ ૯, બુધવાર
## તા. ૧૧-૦૫-૧૯૭૭, ગાથા-૧૯૫-૧૯૬, પ્રવચન નં. ૨૩૫

પરમાત્મપ્રકાશ. ૧૯૫ ગાથા. ૯૪ થઈ ગઈ. **'આગે તીન દોહોં મેં અરહંતપદ કા વ્યાખ્યાન કરતે હૈં, ૧૯૫. અરહંતપદ કહો...'** પહેલા પદની વ્યાખ્યા છે. નમો અરિહંતાણં. **'અરહંતપદ કહો, ભાવમોક્ષ કહો અથવા જીવનમોક્ષ કહો, યા કેવલજ્ઞાનકી ઉત્પત્તિ કહો—'** બધું એક છે ચારેય. 'યહ ચારો અર્થ એક કો સૂચિત કરતા હૈ.' 'ચારોં શબ્દો કા અર્થ એક હી હૈ.' ૧૯૫. ઓલામાં વિકલ્પ તૂટતા હતા. સકલ વિકલ્પ તૂટતા એટલી વાત લીધી.

३२६) सयल-वियप्पहँ तुट्टाहँ सिव-पय-मग्गि वसंतु।
कम्म-चउक्कइ विलउ गइ अप्पा हुइ अरहंतु।।१९५।।

**'અન્વયાર્થ :- જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહનીય, ઔર અંતરાય ઈન ચાર ઘાતિયાકર્મોં કા નાશ હોને સે...'** ઘાતિકર્મ બે પ્રકારના છે. એક જડઘાતિકર્મ દ્રવ્ય અને ભાવ ઘાતિકર્મ. ૧૬મી ગાથા પ્રવચનસાર. એ ભાવઘાતિકર્મ પોતે કરેલા, એનો નાશ કર્યો એટલે દ્રવ્યઘાતિકર્મ એની મેળાએ નાશ થઈ જાય. એનો નાશ થવાનો એનો ક્રમ જ હતો.

મુમુક્ષુ :- આ પણ ક્રમ હતો પર્યાયનો.

ઉત્તર :- આ પણ ક્રમ હતો પણ એ ક્રમમાં આ બાજુ પુરુષાર્થ હતો. ભાવઘાતિ એ અરૂપી છે. દ્રવ્યઘાતિ એ જડ છે. એટલે જેણે આત્મા અનંતચતુષ્ટય, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એવું અનંતચતુષ્ટય સંપન્ન સ્વરૂપ ભગવાનઆત્મા એનો જેણે ઉગ્ર આશ્રય લીધો.

પહેલામાં હતું સાધારણ વિકલ્પ તૂટીને મોક્ષમાર્ગ પ્રગટ કરે અને અહીં તો એકદમ સર્વ વિકલ્પ તૂટીને કેવળજ્ઞાન લે એ વાત છે.

એ ભાવઘાતિ એટલે જ્ઞાન, દર્શન, આનંદ એટલે કે સુખ, વીર્ય જે અટકેલું છે વિકારમાં એ પોતાના પુરુષાર્થથી અટકેલું છે. આહાહા..! સમજાણું કાંઈ? એને ભાવઘાતિ કહે છે. એ જેણે ભાવસ્વભાવ ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ, એનો આશ્રય લઈને એ ભાવઘાતિની ઉત્પત્તિ ન થઈ એને ભાવઘાતિ નાશ કર્યો એમ કહેવામાં આવે છે. અને તે કાળે દ્રવ્યઘાતિકર્મ પોતાની યોગ્યતાથી જ તેને નાશ થવાનો ક્રમ હતો તો નાશ થાય છે. સમજાણું કાંઈ? આ ચાર ઘાતિકર્મમાં આ છે. ટૂંકી ભાષા કરી છે અહીં તો. લાંબી લાંબી ભાષા કરે તો તો કાંઈ લાંબુ ચાલે નહિ. નહિતર વાત તો આ છે. એ ૧૬મી ગાથામાં સ્વયંભૂ. પ્રવચનસાર. સ્વયંભૂ, સ્વયં પોતે પરમાત્મદશા અને ભૂ નામ પ્રાપ્ત કરી. આહાહા..!

અનંતકેવળજ્ઞાન, અનંતદર્શન, આનંદ વીર્ય એ સ્વયં ભૂ પોતે પોતાથી થયો. પોતાના સ્વભાવના પુરુષાર્થથી થયા. ત્યારે ભાવઘાતિ જે વિકારીદશા હતી એ ઉત્પન્ન ન થઈ તેને નાશ કરી એમ કહેવામાં આવે છે. નાશ કરું એમ કાંઈ કયાં છે? પર્યાયનો નાશ કરું ત્યાં પર ઉપર લક્ષ છે? આહાહા..! બહુ ફેર. કથનશૈલીમાં અત્યારે એટલો ફેર પડી ગયો છે, વાસ્તવિક તત્ત્વની સ્થિતિની એટલી વિપરીતતા કરી નાખી છે. ક્યાંય જિનવરનું રહસ્ય શું છે એ હાથ જ આવે એવું નથી. કર્મ નાશ કરે... કર્મ નાશ કરે... કર્મ નાશ કરે... કર્મ તો જડ છે. જડની પર્યાયને નાશ કરી શકે આત્મા? પરદ્રવ્યની પર્યાયને? સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

'**ઈન ચાર ઘાતિયાકર્મોં કે નાશ હોને સે યહ જીવ અર્હંત હોતા હૈ,...**' અરિહંત હોતા હૈ એમ ન લેતા અર્હંત લેવું છે. પૂજાને યોગ્ય કહેવું છે ને? એટલે. અને ૮૦મી ગાથામાં કહ્યું છે, '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' જેકોઈ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એ તો વ્યવહાર છે. પણ જાણીને પોતાના આત્મા સાથે એને મેળવે કે એમની પર્યાયમાં તો સર્વજ્ઞ છે. મારી પર્યાયમાં સર્વજ્ઞ નથી. તો મારો સ્વભાવ સર્વજ્ઞ છે એને પ્રગટ થઈ ગયો છે. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞ સ્વભાવના આશ્રયે પર્યાયમાં સર્વજ્ઞદશા પ્રગટ થાય. જેણે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણ્યા એ આમ મેળવે તો થાય. કેમકે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય કહેવાનો આશય ચારેય અનુયોગનો કહેવાનો આશય વીતરાગતા. પંચાસ્તિકાય. ૧૭૨ ગાથા. ચારેય અનુયોગનો સાર ૧૭૨ ગાથામાં કહ્યું વીતરાગતા છે. વીતરાગતા ક્યારે થાય? ચારેય અનુયોગ. આખી જિનવાણી. એનો સાર વીતરાગતા ૧૭૨ ગાથા પંચાસ્તિકાયમાં કહ્યું. પણ ક્યારે થાય વીતરાગતા? ત્રિકાળી જ્ઞાયકભાવ જે પૂર્ણ વીતરાગ સુખથી ભરેલો છે એનો આશ્રય લે તો વીતરાગતા થાય. આહાહા..! એ ચારેય અનુયોગને આ કહેવું છે. ચંદુભાઈ! આહાહા..! વળી કોઈ ચરણાનુયોગમાં બીજું કહેવું છે અને કરણાનુયોગમાં બીજું કહેવું છે. એવું કહે છે અત્યારે લોકો કંઈક ગપ્પા મારે છે આડાઅવળા. વીતરાગની વાણીને ચુંથી નાખી છે. પોતાની કલ્પનાથી.

બાકી તો ભગવાન તો એમ કહે છે ચારેય અનુયોગનું તાત્પર્ય, રહસ્ય તો વીતરાગતા છે. વીતરાગતા પ્રગટ કરવી તો સમ્યગ્દર્શન પણ વીતરાગતા છે. નિશ્ચય સમ્યગ્દર્શન પણ વીતરાગતા છે. અને એ વીતરાગતા પ્રગટ કરવા માટે ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરે તો થાય એ એનો આખો સાર છે. આહાહા..! સમજાણું કાંઈ? બાકી તો કથન વ્યવહારના અનેક હોય છે. એનું ફળ સંસાર છે એ વાત કહેવાઈ ગઈ છે. ૧૧મી ગાથા. વ્યવહારનયના કથનોનો પાર ન મળે. કારણ કે ભેદથી સમજાવવું છે એટલે બીજો ઉપાય ન મળે. પણ બધું એના પરિણામ...

મુમુક્ષુ :- આ એક જ ઉપાય.

ઉત્તર :- સંસાર છે. વીતરાગની વાણી જે વ્યવહારે કીધી છે. એનું પણ ફળ સંસાર છે. આહાહા..! અહીંયાં તો વીતરાગે કહ્યું એનો ફળ તો વીતરાગતા છે. તો આ અરિહંતને આ રીતે જાણે. આહાહા..! છે? **‘अर्हन् भवति’ ‘ઘાતિયા કર્મ વિલય હો જાતે હૈં, તબ અરહંતપદ પાતા હૈ, દેવેંદ્રાદિકર પૂજા કે યોગ્ય હો વહ અરહંત હૈ, ક્યોંકિ પૂજાયોગ્ય કો હી અર્હંત કહતે હૈં...’** આહાહા..! હવે એ કહે છે કે એ અર્હંત થયા કેમ? એ અરિહંતની પૂજા પણ ભવોભવ અનંતવાર કરી છે. એ પહેલાં આવી ગયું છે આમાં પરમાત્મપ્રકાશ. ભવોભવ પૂજિયો. ભવોભવ, અનંતભવ. મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો ને ત્યાં ભગવાનના તો વિરહ કોઈ દિ' છે નહિ. સમવસરણમાં અનંતવાર ગયો, ભગવાનની પૂજા અનંતવાર કરી છે. આગળ આવી ગયું છે. છે? કયે પાને છે? ભવોભવ પૂજ્યો. યાદ હોય. ભાવ યાદ હોય, કાંઈ પાના યાદ છે? પહેલાં આવી ગયું છે. પહેલા ભાગમાં હશે. વાત કહેવાઈ ગઈ છે.

મુમુક્ષુ :- ૧૪૩ ગાથા.

ઉત્તર :- ૧૪૩ પાનું. ગાથા? બીજા ભાગની ૧૪૩ ગાથા એમ ને? **‘भवि भवि जिण पुज्जिउ वेदिउ’** ઐસા શાસ્ત્ર કા વચન હૈ. વચમાં છે. ૨૮૮ પાનું. ૧૪૩ ગાથાનો અર્થ. દોલતરામ. છે? વચમાં છે. ભાવાર્થ છે ને ત્યાં? કાળ, જીવ, સંસાર ત્રણેય અનાદિ. ‘અનાદિકાલ સે ભટકે જીવને મિથ્યાત્વ ઔર રાગાદિવશ હોકર શુદ્ધાત્મસ્વરૂપ અપના ન દેખા, ન જાના, સંસારી જીવ અનાદિકાલ સે આત્મજ્ઞાનકી ભાવના સે રહિત હૈ. ઇસ જીવને સ્વર્ગ, નરક, રાજ્ય આદિ સબ પાયે હૈં. પરંતુ દો વસ્તુ ન મિલી. એક સમ્યગ્દર્શન પાયા ઔર દૂસરી જિનરાજસ્વામી.’ હવે એનો અર્થ કરે છે. એક સમ્યગ્દર્શન નહિ અને એક જિનરાજ સ્વામી. ‘યહ જીવ અનાદિ કા મિથ્યાદૃષ્ટિ શુદ્ધ દેવો કા ઉપાસક હૈ, જિનરાજ, ભગવાનકી ભક્તિ ઇસકે કભી નહીં હુઈ. અન્ય દેવોં કા ઉપાસક હુઆ, સમ્યગ્દર્શન નહીં હુઆ. યહા કોઈ પ્રશ્ન કરે કિ અનાદિ કા મિથ્યાત્વ હોને સે સમકિત નહીં ઉત્પન્ન હુઆ યહ તો ઠીક હૈ, પરંતુ જિનરાજ સ્વામી ન પાયે ઐસા નહીં હો સકતા.’ વીતરાગ નથી મળ્યા ને, જિનરાજ નથી મળ્યા. પ્રશ્ન કર્તા પ્રશ્ન કરે છે.

ઉસકા સમાધાન. ‘ભાવભક્તિ ઇસકે કભી ન હુઈ.’ આહાહા..! આમ તો અનંતવાર જિનરાજ મળ્યા, પૂજાઓ કરી સમવસરણમાં અનંતવાર. મણિરત્નના દીવા ને હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલ,

સાક્ષાત્ તીર્થંકર સમવસરણમાં હોં. જુઓ એ કહે છે. 'પરંતુ જિનરાજ સ્વામી ન પાયે ઐસા નહીં હો સકતા. ક્યોંકિ ભવે ભવે જિન પૂજિયો ઐસા શાસ્ત્ર કા વચન હૈ.' જુઓ! 'ભવ ભવ મેં જિનને જિનવર પૂજે ગુરુ વંદે. પરંતુ તુમ કહતે હો કિ ઈસ જીવને ભવ ભવ વંદતે જિનરાજ સ્વામી નહીં પાયા. ઉસકા સમાધાન. ભાવભક્તિ ઉસકે કભી નહીં હુઈ. ભાવભક્તિ તો સમ્યગ્દષ્ટિ કો હી હોતી હૈ.' આહાહા..! જેને આત્મા વીતરાગ સ્વરૂપી ધ્રુવ જેને ધ્યાનમાં લીધું નથી. પૂર્ણ સ્વરૂપ જેને ધ્યેય બનાવ્યું નથી. એને સમ્યગ્દર્શન કદી હોતું નથી. અને સમ્યગ્દર્શન વિના ભાવભક્તિ વીતરાગની કદી હોતી નથી. આહાહા..!

સમંતભદ્ર સ્વામી કહે છે ચોવીસ સ્તુતિમાં. ચોવીસ સ્તુતિ કરી છે ને ભગવાને. પ્રભુ! અભવિ આપને નહીં વંદે. એમાં એમ લખ્યું છે સ્તુતિમાં. કેમકે અભવિ રાગનો માનનારો છે. રાગનો માનનારો રાગથી લાભ માનનારો અભવિ એ વીતરાગને નહિ પૂજે. આહાહા..! એ તો પૂજા કરે છે બધી રાગની. આહાહા..! સમજાણું કાંઈ? ચીમનભાઈ! એમ કહ્યું. લ્યો અભવિ આપને નહિ પૂજે કારણ કે રાગનો માનનારો છે. એમ જે મિથ્યાદૃષ્ટિ છે એ પુણ્યનો માનનારો, રાગનો. રાગથી લાભ માનનારો વીતરાગને પૂજી શકશે નહિ. ભાવથી નહિ પૂજે. વ્યવહારથી કરશે અનંતવાર એવું પણ કર્યું છે. આહાહા..! ઘણી લાંબી વાત છે એમાં.

'ભાવભક્તિ કો સમ્યગ્દષ્ટિકો હોતી હૈ. બાહ્ય લૌકિક ભક્તિ ઈસકે સંસાર કે પ્રયોજનકે લીએ હુઈ, વહ ગિનતી મેં નહીં. ઉપરકી સબ બાતેં થોથી હૈ. ભાવ હી કારણ હૈ.' આહાહા..! 'ભાવભક્તિ મિથ્યાદષ્ટિ કો નહીં હોતી. જ્ઞાનીજીવ જિનરાજ કે દાસ હૈ સો સમકિત બિના ભાવભક્તિ કે અભાવ સે જિનરાજ સ્વામી નહીં પાયે.' આમ તો ભવે ભવે પૂજિયો કીધું અહીંયાં. સમજાણું કાંઈ? આહાહા..! એ અરિહંત '**પૂજાયોગ્યકો હી અર્હંત કહતે હૈં. પહલે તો મહામુનિ હુઆ...**' હવે કહે છે કે અરિહંત હુઆ શી રીતે? કેવળી પરમાત્મા અરિહંતપદને પ્રાપ્ત કેમ થયા? કે '**शिवपदमार्गे वसन्**' આહાહા..! '**મોક્ષપદ કે માર્ગરૂપ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર મેં ઠહરતા હુઆ...** ' નિશ્ચય આત્માકા શુદ્ધ સ્વરૂપ આનંદકંદ પ્રભુ, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એમાં રમણતા નિર્વિકલ્પ મોક્ષમાર્ગમાં ઠર્યા ત્યારે એ અરિહંત પદ પામ્યા છે. વ્યવહાર કરતા પામ્યા છે એમ નથી એમ કહે છે. આહાહા..! છે? '**शिवपदमार्गे वसन्**' એમ શબ્દ છે. '**शिवपदमार्गे वसन्**' આહાહા..!

'**પહલે તો મહામુનિ હુઆ...**' '**शिवपदमार्गे वसन्**' શિવના માર્ગે '**મોક્ષપદકે માર્ગરૂપ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર મેં ઠહરતા હુઆ...**' નિશ્ચય હોં નિશ્ચય. વ્યવહાર તો બંધનું કારણ છે. વ્યવહાર મોક્ષમાર્ગ એ તો આપણે બંધ અધિકારમાં ચાલ્યું. ભાઈએ પ્રશ્ન નહોતો કર્યો. ભાઈ! બંધમાર્ગમાં નિશ્ચય અને વ્યવહાર કેમ લીધો? અધિકાર તો બંધનો છે. એ પ્રશ્ન પહેલાં ચાલી ગયા છે. એ તો ઘણીવાર ચાલ્યા. અહીં તો ૪૨ વર્ષ થયા. કે વ્યવહાર છે એ બંધનું કારણ છે એ સિદ્ધ કરવા આ બંધ અધિકારમાં એને લીધો છે. આહાહા..! સમજાણું કાંઈ? અને નિશ્ચય છે તે

અબંધસ્વરૂપ છે એની સામે છે. આહાહા..!

શુદ્ધચૈતન્યઘન સ્વભાવભાવ તેને જેણે ધ્યેય બનાવ્યું છે. પોતાની ધ્યાનની પર્યાયમાં તેને ધ્યેય બનાવ્યું તેને સમ્યક્ થાય છે. બાકી ત્રણકાળ ત્રણલોકમાં બીજી રીતે છે નહિ. આહાહા..! અનંત જિનવર અને તીર્થંકરોનો આ ઉપદેશ છે. વીતરાગ થયા તે વીતરાગ થવાનો ઉપદેશ છે એમનો. રાગની વાત કરે, આવે એને જણાવે વ્યવહાર. પણ તાત્પર્ય તો વીતરાગતા પ્રગટ કરવી એ છે. એથી કહે છે એ પોતે પહેલાં '**મોક્ષપદ કે માર્ગરૂપ સમ્યગ્દર્શન...**' નિશ્ચય હોં સમ્યગ્દર્શન. આત્માનું દર્શન.

૧૪૪માં આવ્યું ને. ચારેય પૂર્ણાનંદને વિકલ્પરહિત થઈને જ્યારે દેખે છે ત્યારે જ દેખવામાં આવે અને શ્રદ્ધવામાં આવે છે. એ વિના શ્રદ્ધવામાં આત્મા આવતો નથી. આહાહા..! આવો ફેર મોટો ઉગમણો-આથમણો ફેર છે. ૧૪૪માં એ કહ્યું છે. તે વખતે જ દેખાય છે એટલે કે તે વખતે જ શ્રદ્ધાય છે. તે વખતે એટલે? નિશ્ચયનો શુદ્ધ વિકલ્પ છે કે હું શુદ્ધ છું, પવિત્ર છું, એક. એ વિકલ્પ તોડીને જ્યારે આત્મા નિર્વિકલ્પ અનુભવે ત્યારે જ તેની પ્રતીતિ, દેખવામાં અને શ્રદ્ધવામાં આત્મા આવે છે. આહાહા..! અને ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાનની જ વ્યાખ્યા, ત્યાં ચારિત્રની વ્યાખ્યા નથી. ૧૪૪ ગાથામાં મૂળ પાઠ જ છે.

'**सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं।**' ત્યારે તેનું નામ પડે છે એમ છે પાઠ. ૧૪૪ ગાથા. ચારિત્રની વ્યાખ્યા ત્યાં છે નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન બેની જ છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે તો એને સમ્યગ્દર્શન વ્યપદેશ. સંજ્ઞા નામ ત્યારે પડે છે. જ્યારે એ આત્મા નિર્વિકલ્પ વસ્તુને શુદ્ધ ધ્રુવને જ્યારે દેખે છે, માને છે, જાણે છે અનુભવે છે ત્યારે તેને સમ્યગ્દર્શન નામ પડે છે. આહાહા..! એવો પાઠ ૧૪૪ છે. વ્યપદેશ છે. અને એ શૈલી ભાઈએ લીધી છે ટોડરમલ. કે વ્યવહારમાં કાંઈ છે નહિ. નિશ્ચય સમ્યગ્દર્શનનું ત્યારે જ નામ પડે છે એમાં એમ છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. આહાહા..! આ પહેલાંના પંડિતો તો આચાર્યોના શબ્દોને વળગીને જ અર્થ કર્યા છે. સામાન્યનું વિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે. ઘરનું કાંઈ નહિ. આહાહા..! બનારસીદાસ, ટોડરમલ બધા થઈ ગયા એ.

અહીંયાં કહે છે કે શિવ પામ્યા કેમ અરિહંત પદ? '**મોક્ષપદ કે માર્ગરૂપ...**' મોક્ષપદ એનો માર્ગ. '**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર...**' આહાહા..! અંતર ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ. એની ૩૨૦ ગાથામાં એમ કહ્યું છે. ત્યાં વંચાઈ ગયું. ધ્યાતા પુરુષ, કોનું ધ્યાન કરે? ખંડખંડ જ્ઞાનની ક્ષયોપશદશાનું પણ નહિ. નવલચંદભાઈ! હતા? છેલ્લું છે. છે ને આમાં છે. નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ ક્ષયોપશમિક જ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે. શું કીધું? કે જે મોક્ષનો માર્ગ છે એ ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ ત્રણ ભાવે છે. એને એકને ત્રણ ન હોય. કોઈને ઉપશમભાવ, કોઈને ક્ષયોમશમભાવ, કોઈને ક્ષાયિક. એ ત્રણે ક્ષયોપશમજ્ઞાન છે એમાં. ત્રણેમાં જ્ઞાન ક્ષયોપશમ છે. દર્શનની અપેક્ષાએ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક છે, પણ જ્ઞાન ત્રણેમાં ક્ષયોપશમ છે. આહાહા..!

ક્ષયોપશમિક જ્ઞાન હોવાથી જોકે એકદેશ વ્યક્તિ રૂપ છે. એક અંશ પ્રગટરૂપ છે. નિશ્ચયમોક્ષમાર્ગ

હોં. તોપણ ધ્યાતાપુરુષ એમ ભાવે છે. પણ સમકિતી ધ્યાન કરનાર એમ ભાવે છે કે જે સકળ નિરાવરણ. હું તો ત્રિકાળ નિરાવરણ વસ્તુ છું એનું એ ધ્યાન કરે છે. ત્યાં એની દૃષ્ટિ છે. આહાહા..! 'સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર' બધી ગાથા મોટી વ્યાખ્યા છે. શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. સમકિતી એમ માને છે હું સમકિતી પર્યાય છું એમ નહિ. આહાહા..! નિજપરમાત્મદ્રવ્ય, જુઓ નિજ પાછું હોં. ભગવાન ભગવાન પાસે રહી ગયા. આહાહા..! સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય. જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ જણાય જાય છે એમ કહે છે. જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા પ્રત્યક્ષ આવે છે.

મુમુક્ષુ :- અનુભવ પ્રત્યક્ષ છે.

ઉત્તર :- પ્રત્યક્ષ છે. નહિ નહિ અહીંયાં પર્યાયમાં પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ પ્રતિભાસ થઈ ગયો જોયું! ભાષા કેવી છે! આમ ભાસ થઈ ગયો છે. જ્ઞાનની પર્યાયમાં સમ્યગ્જ્ઞાનીને આખો આત્મા પ્રતિભાસમય છે. આખો આત્મભાસ થઈ જાય છે. આત્મા એમાં આવતો નથી. પર્યાયમાં આત્મા આવતો નથી પણ પર્યાયમાં એનો પ્રતિભાસ થાય છે. આહાહા..! આવી વાતું ભારે માણસને. વીતરાગનું ખરું રહસ્ય તો આ છે. બાકી બધા થોથા વાતું કરે અને દુનિયા રાજી થાય. આહાહા..!

'સકળ નિરાવરણ...' ત્રિકાળ નિરાવરણ બસ. 'અખંડ એક...' વસ્તુ હોં ત્રિકાળી. બે ભેદે નહિ. દ્રવ્ય પર્યાય નહિ. 'પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર...' કદી નાશ નહિ. પલટે નહિ એવું ધ્રુવ. શુદ્ધ પારિણામિકભાવ પરમભાવ લક્ષણ. શુદ્ધ પારિણામિક સહજ પરમભાવ ત્રિકાળી એ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું. એમ ધ્યાતા પુરુષ ધ્યાવે છે. સમકિતી આવા આત્માનું ધ્યાન કરે છે. આહાહા..! છે પોતે ક્ષયોપશમજ્ઞાન. છે પોતે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ભાવની પર્યાય. પર્યાય. છતાં એનું ધ્યાન નહિ. આહાહા..! આ આખા બાર અંગનો સાર છે. 'નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું.' નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું. પર્યાય એમ કહે છે ધ્યાતા. આહાહા..! હું પર્યાય છું ને હું સમકિત છું એમ પણ નહિ. આહાહા..!

'પરંતુ એમ ભાવતો નથી કે ખંડજ્ઞાનરૂપ હું છું.' અસ્તિ-નાસ્તિ આ અનેકાંત કર્યું. ક્ષયોપશમ જ્ઞાનની પર્યાય છે, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ છે. એને ભાવતો નથી. એનું એને ધ્યાન નથી. ધ્યાન ત્રિકાળનું છે. આહાહા..! ટીકા છે સંસ્કૃતની જયસેનાચાર્યની. ઘણો અર્થ છે. ત્યાં તો ૧૮ વ્યાખ્યાન થયા હતા.

અહીં કહે છે એ મુનિ અરિહંત કેમ થયા? કે આ રીતે થયા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું ધ્યેય શું? કે જે અખંડ કીધું એ. આહાહા..! અખંડ સકળ નિરાવરણ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય વસ્તુ. નિજપરમાત્મદ્રવ્ય તે હું એ સમ્યગ્દૃષ્ટિનું ધ્યાન છે ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? એ '**મોક્ષપદ કે માર્ગરૂપ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર મેં ઠહરતા હુઆ...**' પર્યાય છે. એમાં 'ઠહરતા હુઆ...' બીજી ગાથામાં કહ્યું છે ને સમયસાર? '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण**' બીજી ગાથા. જીવ પોતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં

સ્થિર થાય તેને આત્મા કહીએ. જે કોઈ પુણ્ય અને પાપના ભાવમાં સ્થિર થાય તેને અનાત્મા જડ કહીએ. એ બીજી ગાથા છે. '**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।** ' આહાહા..! સમજાણું કાંઈ?

'**મોક્ષપદ કે...**' આ અરિહંત કેમ થયા અનંત અરિહંતો. અત્યારે પણ ભગવાન લાખો કેવળીઓ બિરાજે છે. તીર્થંકરો ૨૦ બિરાજે છે મહાવિદેહમાં. એ કેમ થયા? '**शिवपदमार्गे वसन्**' શિવ એટલે મોક્ષના પદના માર્ગરૂપ '**સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર મેં ઠહરતા હુઆ..** ' હવે '**सकलविकल्पानां त्रुटच्चतां**' '**સમસ્ત રાગાદિ વિકલ્પોં કા નાશ કરતા હૈ,...**' વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે રાગ એનો નાશ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**सकलविकल्पानां त्रुटच्चतां**' '**નાશ કરતા હૈ, અર્થાત્ જબ સમસ્ત રાગાદિ વિકલ્પોં કા નાશ હો જાવે,...**' આહાહા..! એ પણ નાસ્તિથી કથન છે. '**વિકલ્પ નાશ હો જાવે,...**' એનો અર્થ? અહીંયાં સ્વરૂપમાં ઠરે છે જ્યારે ત્યારે વિકલ્પ ઉત્પન્ન થતાં નથી એ વિકલ્પોનો નાશ થાય છે એમ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું. લખાણ કાંઈક અને અર્થ કાંઈક. એ ટૂંકું લખાણ એવું જ હોય શાસ્ત્રનું. આહાહા..! વિકલ્પને તોડું એમ છે ત્યાં? આ બાજુ ઠરે છે ત્યાં વિકલ્પ ઉત્પન્ન થતો નથી અને સર્વવિકલ્પને તોડે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! વાતે વાતે ફેર છે.

પરમાત્મપ્રકાશ છે. અહીંનું મળ્યું? અહીંનું છે ને? આહાહા..! અહીં છે. ત્યાં હશે તમારે નાઈરોબી. નાઈરોબીવાળાએ ભાઈ ત્યાં જામનગરમાં ભાગ લીધો હતો ઘણો આ લોકોએ. બહુ છેટેથી આવ્યા છે. નાઈરોબીથી આવ્યા છે. એ લોકો બધા પૂંજાભાઈ, રાયચંદભાઈ, હીરાભાઈ, જેઠાભાઈ, ઓલા કરમણભાઈ બિચારા બહુ ઠેઠ આવ્યા ત્યાંથી. બધાએ પૈસા ખર્ચ્યા હતા ખૂબ. પૈસાનું આ કરવાનું છે. પૂંજાભાઈ! પૈસા તો ઠીક એ તો જડ છે. એ જડ તો જ્યાં જવાના તે એની ક્રિયાવતી શક્તિ છે એમાં. એ કોઈ કહે કે પૈસા હું અહીંયાં આપુ એ માન્યતા મિથ્યાત્વ છે. આહાહા..! એ પરમાણુની તે સમયે ક્રિયાવતી શક્તિથી જ્યાં જવાનું હોય છે ત્યાં એને કારણે જાય છે અને એને કારણે રહે. આવી વાત છે. બોલાય વ્યવહારથી બોલાય. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- વ્યવહાર તો બધો ઊંધો જ લાગે. વ્યવહાર એટલે ઊંધુ કથન.

ઉત્તર :- વ્યવહારે શૈલી. કહેવાય. એમ બોલાય ભાષાથી. પદ્મનંદી આચાર્યે એમ ન કહ્યું? મહામુનિ વનવાસી સંત કે, હે જીવ! કાગડાને એંઠુ શું કહેવાય એ? ઉકડિયા એ કાગડાને ખીચડીને ચોખા ઉકડીયા મળે એ ખીચડી તો ખાધા ઓલાએ, પણ ઉકડિયા હોય એ મળે એ કાગડો એકલો ન ખાય. જ્યારે અશુભભાવ ટાળવાની શુભભાવની વાત કરવી હોય ત્યારે તો એ કરે ને. છે ભલે બંધનું કારણ. આહાહા..! ત્યારે એમ કહ્યું કે એ કાગડો એકલો ન ખાય ઉકડિયા મળ્યા એ. એમ તને પૂર્વના પુણ્ય તો દાજેલા હતા. ભાવ જે શુભ કરેલો એ શાંતિ દાઝી હતી. એમાં તને શુભભાવ થયેલો, પદ્મનંદી પંચવિંશતિમાં છે. એ શુભભાવથી પુણ્ય બંધાણું અને એનાથી ધૂળ મળી તને પાંચ-પચ્ચીસ લાખ. જો એકલો ખાઈશ તો કાગડામાંથી જાઈશ એમ ત્યાં કીધું છે. એ મુનિને ક્યાં પડી

છે દુનિયાની? એમાં રાગ ઘટાડજે. શુભભાવ ત્યાં હોય છે. હોય છે એ જણાવે ખરા. આહાહા..! છે બંધનું કારણ એ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે **'सकलविकल्पानां'** **'સમસ્ત રાગાદિ વિકલ્પોં કા નાશ કરતા હૈ, અર્થાત્ જબ સમસ્ત રાગાદિ વિકલ્પોં કા નાશ હો જાવે, તબ નિર્વિકલ્પ ધ્યાન કે પ્રસાદ સે...'** લ્યો આ પ્રસાદ. **'નિર્વિકલ્પ ધ્યાન કે પ્રસાદ સે...'** આહાહા..! **'કેવલજ્ઞાન હોતા હૈ.'** વ્યવહારથી કેવળજ્ઞાન થાય છે. એમ નહિ. એ તો બંધનું કારણ છે. આહાહા..! કેમકે પ્રભુ પોતે અબંધસ્વરૂપ છે આત્મા. અબદ્ધ કહો, મોક્ષસ્વરૂપ જ છે એ. સ્વરૂપ શક્તિએ તો મોક્ષસ્વરૂપ જ છે. એના અવલંબે પરિણામ થાય તે અબંધ પરિણામ થાય. અબંધ સ્વરૂપને આશ્રયે અબંધ પરિણામ થાય, અને પરને આશ્રયે થાય એ બંધ પરિણામ થાય. ચાહે તો ત્રણલોકનો નાથ કહો. **'परदव्वादो दुग्गइ'** ભગવાન એમ કહે કે અમે તારાથી પરદ્રવ્ય છીએ અને અમારા ઉપર લક્ષ જતાં તારી દુર્ગતિ છે. આહાહા..! મોક્ષપાહુડ ૧૬મી ગાથા. મોક્ષપાહુડની ૧૬મી ગાથા. **'परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ'** આહાહા..! એ વીતરાગ એમ કહે બીજો કોઈ કહે નહિ હોં એ. વીતરાગના અનુયાયી કહે. આહાહા..! **'परदव्वादो दुग्गइ'** દુર્ગતિ એટલે એ ચૈતન્યની ગતિ નથી. શુભભાવ એ ચૈતન્યનો ભાવ નથી એમ કહે છે. આહાહા..! શુભભાવ છે. હોય છે. અશુભથી બચવા આવે. પણ છે બંધનું કારણ. રાયચંદભાઈ! એ ત્યાં એ વાત બધી કરી ચોખ્ખી. પછી એણે ૫૦ હજાર ખર્ચ્યા છે. નક્કી કર્યું છે. અત્યારે નક્કી ક્યાં કરવું છે હવે?

મુમુક્ષુ :- આપ કહો છો કે ખરચે.

ઉત્તર :- કોણ ખરચે અને કોણ મૂકે? આ મકાન કોણ બનાવે? કોઈએ બનાવ્યું છે? પરમાણુના પરિણમનના પ્રવાહના કાળે ક્રમમાં આવેલી દશા તેનાથી આ બનેલું છે. બીજો કોઈ કહે કે મેં બનાવ્યું છે તે અભિમાન છે, અજ્ઞાન છે. એવી વાતું બધી. ચીમનભાઈ! અહીં તો ભાઈ બધાને ચોખ્ખી વાત કરી છે. આપણા શાંતિભાઈ નહિ ચીમનભાઈના? શાંતિભાઈએ એક લાખ રૂપિયા આપ્યા આમાં હમણાં ભાવનગર. સત્ સાહિત્યમાં. ચીમનભાઈના દિકરા શાંતિભાઈ ઝવેરી. એક લાખ ત્યાં આપ્યા. વાત એ કે રૂપિયા બુપિયામાં તમારો રાગ મંદ કરો તો પુણ્ય છે. પૈસા દીધા માટે ધર્મ થાય ને પુણ્ય થાય એમ પણ નથી. અહીં તો ચોખ્ખી વાત છે. રાગ એ વખતે મંદ કરો પ્રસિદ્ધિ માટે નહિ, દુનિયામાં હું કાંઈ દેખાવ થાય. મને કાંઈક ગણે. એવા ભાવ હોય તો પાપ છે. આહાહા..! અહીં તો કહે છે કે ભગવાને કાંઈક સંકલ્પ-વિકલ્પને તોડી નાખ્યા. આહાહા..!

**'સમસ્ત રાગાદિ વિકલ્પોં કા નાશ હો જાવે, તબ નિર્વિકલ્પ ધ્યાન કે પ્રસાદ સે કેવલજ્ઞાન હોતા હૈ.'** લ્યો! આ મોક્ષનો માર્ગ. નિર્વિકલ્પ ધ્યાન તે મોક્ષનો માર્ગ. આહાહા..! **'કેવલજ્ઞાનીકા નામ અર્હંત હૈ,...'** લ્યો! કેવળજ્ઞાની પરમાત્મા એને અર્હંત શબ્દેથી પણ કહીએ. આહાહા..! **'ચાહે ઉસે જીવનમુક્ત કહો.'** આહાહા..! **'જબ અર્હંત હુઆ, તબ ભાવમોક્ષ હુઆ,...'** ચાર બાકી છે. દ્રવ્યમોક્ષ તો સિદ્ધને, ભાવમોક્ષ અરિહંતને. **'પીછે ચાર અઘાતિયાકર્મોં**

**કા નાશ કર સિદ્ધ હો જાતા હૈ. સિદ્ધ કો વિદેહ મોક્ષ કહતે હૈં.**' અરિહંતને જીવનમુક્ત કહે છે. આહાહા..! એક પદને પણ એક જ ભાવને પણ યથાર્થ રીતે જાણે તો બધા ભાવને યથાર્થ જાણે અને એક જ ભાવને... શ્રીમદ્ કહે છે જ્ઞાનીના એક વચનમાં અનંત આગમ રહ્યા છે. આહાહા..! કેટલા બધા પડખાં એમાં સમાણા છે એમ કહે. શ્રીમદ્ પોતે. એક આગમમાં, એક વચનમાં, અનંત આગમ, અનંત આગમ. આહાહા..! એને અસ્તિ, નાસ્તિ, એક, અનેક, ભાવ, અભાવ આદિના પડખેથી લ્યો તો એક એક મોક્ષની પર્યાયમાં અનંતી સપ્તભંગી ઊભી થાય છે. આહાહા..! એવો વીતરાગનો વિસ્તાર વિશાળ માર્ગ છે.

'**યહી મોક્ષ હોને કા ઉપાય હૈ.**' છેલ્લો. આ જ મોક્ષ થવાનો ઉપાય છે. આત્માનું નિર્વિકલ્પ ધ્યાન, નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિર્વિકલ્પ છે. જેમાં રાગનો અંશ નથી. વીતરાગી પર્યાય ત્રણે છે. સમ્યગ્દર્શન એ વીતરાગી. કોઈ કહે કે ચોથે ગુણસ્થાને સરાગ સમકિત હોય, સાતમે, આઠમે વીતરાગ સમકિત હોય, એ તો રાગનો, ચારિત્રનો દોષ છે એ બતાવીને કહ્યું છે. બાકી સમકિત તો વીતરાગ જ હોય, સમકિત તો વીતરાગ દર્શનનો નાશ થયો ત્યાં વીતરાગી જ પર્યાય છે. એ તો રાગ ચારિત્રનો જોડે છે એમ બતાવીને કહે છે. આહાહા..! આ ત્રણે કહ્યું ને? ત્રણે તે વીતરાગનો માર્ગ અને '**યહી મોક્ષ હોને કા ઉપાય હૈ.**' એ મોક્ષનો ઉપાય એક જ છે. બીજું કથન કર્યું છે બે. મોક્ષમાર્ગનું કથન બે પ્રકારે. નિરૂપણ. સાતમા અધ્યાયમાં કહ્યું છે. પણ મોક્ષમાર્ગ એક જ છે. બે મોક્ષમાર્ગ માને એ ભ્રમણાવાળો છે મિથ્યાદષ્ટિ. એમ લખ્યું છે.

ત્યારે વળી અત્યારે એક બીજો પંડિત છે એ એમ કહે છે કે બે ન માને એ ભ્રમણામાં છે. જગત છે ને સ્વતંત્ર. એના પરિણામની સ્વતંત્રતા છે ભાઈ! જેને જેટલી દશા હશે આગળ જવાની કે રહેવાની એવી થાશે. એમાં શું? આહાહા..! 'જામે જિતની બુદ્ધિ હૈ ઉતનો દીયે બતાય, વાંકો બુરો ન માનીયે ઓર કહાં સે લાય?' બીજું ક્યાંથી લાવે? એને બેઠું એ કહે. આહાહા..! રતનચંદજી એમ કહે છે. બે મોક્ષમાર્ગ ન માને એ મિથ્યાદષ્ટિ છે. ટોડરમલ કહે છે કે બે માને તે ભ્રમમાં પડ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- એ જ કહે છે...

ઉત્તર :- એ તો એ જ કહે છે ભાઈ. બીજો કહે તોપણ એને.. એ એમ કહે છે. બે નથી માનતા એ ભ્રમમાં પડ્યા છે એ એમ કહે છે. બે તો કથનની શૈલી છે. વસ્તુ ક્યાં છે? એ તો મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું છે નહિ? મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી, પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. કથન બે પ્રકારે છે. વસ્તુ બે પ્રકારે નથી. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો તે નિશ્ચય મોક્ષમાર્ગ. જ્યાં મોક્ષમાર્ગ તો નથી. વ્યવહાર છે એ. પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે. નિમિત્ત એને કહીએ કે કરે નહિ કાંઈ તેને નિમિત્ત કહીએ. આહાહા..! હમણા ભાઈએ અર્થ કર્યો છે. કૈલાસચંદજીએ. ભાઈ આ નિમિત્ત માનતા નથી એમ નહિ, પણ એ લોકો કહે નિમિત્તથી પરમાં કાંઈ થાય નહિ એમ માને છે. એ વાત બરાબર છે. થાય શું ધૂળ? એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયમાં થાય શું?

(કરે શું?) આહાહા..! છે?

મોક્ષ નિમિત્ત છે, સહચારી છે, તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ એટલે વ્યવહાર મોક્ષમાર્ગ છે. કારણ? હવે આખો સિદ્ધાંત લે છે આખા બાર અંગનો. નિશ્ચય વ્યવહારનું સર્વત્ર એવું લક્ષણ છે. નિશ્ચય અને વ્યવહારનું સર્વત્ર આ જ લક્ષણ છે. સાચું નિરૂપણ તે નિશ્ચય અને વ્યવહારનું નિરૂપણ તે વ્યવહાર. આહાહા..! સર્વત્ર. જ્યાં હોય ત્યાં બારેય અંગમાં લખાણ હોય. આવી વાત છે. ૧૯૫ થઈ.

## ગાથા-૧૯૬

अथ-

३२७) केवल-णाणिं अणवरउ लोयालोउ मुणंतु।
णियमेँ परमाणंदमउ अप्पा हुइ अरहंतु।।१९६।।
केवलज्ञानेनानवरतं लोकालोकं मन्यानः।
नियमेन परमानन्दमयः आत्मा भवति अर्हन्।।१९६।।

हुइ भवति। कोऽसौ। अप्पा आत्मा। कथंभूतो भवति। अरहंतु पूर्वोक्तलक्षणो अर्हन्। किं कुर्वन्। लोयालोउ मुणंतु क्रमकरणव्यवधानरहितत्वेन कालत्रयविषयं लोकालोकं वस्तु वस्तुरुपेण युगपत् जानन् सन्। केन। केवल-णाणि लोकालोकप्रकाशक-सकलविमलकेवलज्ञानेन। कथम्। अणवरउ निरन्तरम्। किं विशिष्टो भवति भगवान्। परमाणंदमउ वीतरागपरमसमरसीभावलक्षणतात्त्विकपरमानन्दमयः। केन। णियमें निश्चयेन अत्र संदेहो न कर्तव्य इत्यभिप्रायः।।१९६।।

अब केवलज्ञानकी ही महिमा कहते हैं-

## गाथा-१९६

अन्वयार्थः- [केवलज्ञानेन] केवलज्ञानसे [लोकालोकं] लोक-अलोकको [अनवरतं] निरन्तर [जानन्] जानता हुआ [नियमेन] निश्चयसे [परमानंदमयः] परम आनंदमयी [आत्मा] यह आत्मा ही रत्नत्रयके प्रसादसे [अर्हन्] अरहंत [भवति] होता है।

भावार्थः- समस्त लोकालोकको एक ही समयमें केवलज्ञानसे जानता हुआ अरहंत कहलाता है। जिसका ज्ञान जाननेके क्रमसे रहित है। एक ही समयमें समस्त लोकालोकको प्रत्यक्ष जानता है, आगे पीछे नहीं जानता। सब क्षेत्र, सब काल, सब भावको निरंतर प्रत्यक्ष जानता है। जो केवलीभगवान् परम आनंदमयी हैं। वीतराग परमसमरसीभावरुप जो परम आनंद अतीन्द्रिय अविनाशी सुख वही जिसका लक्षण है। निश्चयसे ज्ञानानंदस्वरुप है, इसमें संदेह नहीं है।।१९६।।

**વળી (હવે કેવળજ્ઞાનનો મહિમા કહે છે) :-**

**ભાવાર્થઃ- લોકાલોકપ્રકાશક સકળ વિમળ કેવળજ્ઞાનથી ક્રમ, કરણ, વ્યવધાન રહિતપણે ત્રણકાળના વિષયોને, લોકાલોકના પદાર્થોને વસ્તુસ્વરૂપે નિરંતર યુગપત્ જાણતો થકો, આત્મા નિશ્ચયથી વીતરાગપરમસમરસી ભાવ સ્વરૂપ તાત્ત્વિક પરમાનંદમય લક્ષણવાળો અર્હંત થાય છે એમાં સંદેહ ન કરવો જોઈએ, એ અભિપ્રાય છે. ૧૯૬.**

**ગાથા-૧૯૬ ઉપર પ્રવચન**

૧૯૬. '**અબ કેવલજ્ઞાનકી મહિમા કહતે હૈં—**' હવે કેવળજ્ઞાનની મહિમા. એક સમયમાં અનંતગુણમાંથી એક જ ગુણની એક જ પર્યાય. આહાહા..! આ દ્રવ્ય એના અનંતગુણ એમાં એક જ્ઞાનગુણની એક પર્યાય કેવલ. એક ગુણની એક પર્યાય, અનંતી પર્યાય ભલે જોડે રહી. આહાહા..! કેવળજ્ઞાનની જે પર્યાય છે એક, કેવળજ્ઞાનની હોં એ. એની મહિમા કરે છે.

**૩૨૭) केवल-णाणिं अणवरउ लोयालोउ मुणंतु।**
**णियमेँ परमाणंदमउ अप्पा हुइ अरहंतु।।१९६।।**

'**અન્વયાર્થ :- કેવલજ્ઞાન સે લોક-અલોકકો નિરંતર જાનતા હુઆ...**' ભાષા દેખો. ભગવાન અરિહંત કેવળજ્ઞાનથી લોકાલોકને નિરંતર, એક એક સમયમાં નિરંતર જાણે છે. ભૂત, ભવિષ્યની પર્યાય ત્યાં થવાની એને પણ વર્તમાન પ્રત્યક્ષ જાણે. કેટલાક કહે છે કે ભવિષ્યની પર્યાય અત્યારે થઈ નથી. એ તો થાશે ત્યારે જાણે. નહિતર નિશ્ચય થઈ જાય છે. કારણ કે જ્યાં જ્યાં પર્યાય અનંતી છે જે સમયે જ્યાં જ્યાં એને ભગવાન જાણે છે એ તો ક્રમબદ્ધ થઈ ગયું. આડીઅવળી ક્યાંય પર્યાય છે જ નહિ. આહાહા..!

'**કેવલજ્ઞાન સે લોક-અલોકકો નિરંતર જાનતા હુઆ...**' '**अनवरतं**' શબ્દ પડ્યો છે. નિરંતર. આહાહા..! એક લોકાલોક અનંત સિદ્ધ, અનંત કેવળીઓ. અનંત દ્રવ્યો, એને એક જ્ઞાનગુણની, એક સમયની એક પર્યાય. બીજા ગુણોની પર્યાય અનંતી ભલે રહી સાથે. પણ એક પર્યાય નિરંતર લોકાલોકને... આહાહા..! '**નિરંતર જાનતા હુઆ...**' ભવિષ્યની પર્યાય જે દ્રવ્યમાં જ્યારે જે સમયે થશે તે વર્તમાનમાં જાણે છે. પ્રત્યક્ષ જાણે છે. એમ કે થઈ નથી એને શી રીતે જાણે? એ તો છદ્મસ્થને માટે વાત છે. થઈ, થાય ને થશે. બધી વર્તમાન એક સમયમાં પ્રત્યક્ષ ભાળે છે આમાં. આહાહા..! એક બોલ પણ યથાર્થ સમજે ને તો એમાં ઘણા બોલોનો નિકાલ થઈ જાય. પણ એકેય બોલમાં ઠેકાણા ન મળે.

'**કેવલજ્ઞાન સે લોક-અલોક કો નિરંતર જાનતા હુઆ...**' હવે એમ કહે છે કે નિરંતર જાણે છે, તો બધું જાણવું આટલું બધું એમાં કાંઈ દુઃખ નથી? '**નિશ્ચય સે પરમ આનંદમયી યહ આત્મા...**' આહાહા..! એ તો પરમ આનંદમય છે પ્રભુ. આહાહા..! એક સમયમાં ત્રણકાળ

ત્રણલોક પ્રત્યક્ષ જાણે છતાં વર્તમાન પરમ આનંદમય છે. આહાહા..! જે દ્રવ્યની જે કાળે જે પ્રકારે જે અવસરે થવાની ૯૯ ગાથામાં છે પ્રવચનસાર. પોત પોતના અવસરે પર્યાય થશે, આડીઅવળી નહિ થાય. પ્રવચનસાર ૯૯. એની ૧૦૨ ગાથા. દરેક દ્રવ્યનો નિજક્ષણ છે. જન્મક્ષણ છે. જે દ્રવ્યની જ્યાં પર્યાય ઉત્પન્ન થવાની તે જન્મક્ષણ છે. ઉત્પત્તિનો એનો કાળ એ છે. આહાહા..! ભારે વાત! ત્યારે તો પછી થાય, ભગવાને જોયું એમ થાય ત્યારે પુરુષાર્થ કરવો ક્યાં રહ્યો? અરે! સાંભળ તો ખરો. એ પ્રશ્ન તો અમારે બહુ થઈ ગયેલો ૭૬. ૭૬. દામોદર શેઠ. ૭૬ની સાલ. કેટલા વર્ષ થયા? એ કહે લ્યો ભગવાને દીઠું એમ થાય તો તો પછી પુરુષાર્થ ક્યાં કરવો રહ્યો? એમ. પુરુષાર્થ તો હાથમાં રહ્યો નહિ. ભાઈ! કીધું ભગવાન સર્વજ્ઞ જગતમાં છે એવી એક સમયની પર્યાયમાં આટલી તાકાત છે, એની સત્તાનો જ્યાં સ્વીકાર કરવા જાય છે ત્યારે તેની દૃષ્ટિ જ્ઞાયક ઉપર જાય છે. એ પુરુષાર્થ છે. આ તો ૭૬ની વાત છે. ૨૪ ને ૩૩, ૫૭ વર્ષ થયા. મોટો પ્રશ્ન હતો દામોદર શેઠ છે. પૈસાવાળા હતા. આટલામાં પૈસાવાળા એ એક જ હતા. હવે પૈસા થયા છે બધા. એની પાસે દસ લાખ તે દિ' ૬૦ વર્ષ પહેલાં હોં. આહાહા..!

ભગવાન સર્વજ્ઞ એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક પ્રત્યક્ષ દેખે છે. એવી એક સમયની પર્યાયની હોવાપણાની સત્તાનો જ્યાં સ્વીકાર છે એમ સ્વીકાર કરવા જાય છે ત્યારે તેની પર્યાય ઉપર દૃષ્ટિ રહેતી નથી. આહાહા..! એની દૃષ્ટિ દ્રવ્ય ધ્રુવ ઉપર જાય છે, જ્ઞાયક ઉપર જાય છે. ત્યારે તેનો નિર્ણય યથાર્થ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**લોક-અલોક કો નિરંતર જાનતા હુઆ નિશ્ચય સે પરમ આનંદમય યહ આત્મા હી રત્નત્રય કે પ્રસાદસે...**' દેખો! આહાહા..! ઓલામાં એ આવ્યું હતું. નિર્વિકલ્પ ધ્યાન કે પ્રસાદ સે આવ્યું હતું ને? '**યહ આત્મા હી...**' શાસ્ત્રમાં આવે વ્યવહારના લક્ષણ ઘણા આવે. એ ૧૧મી ગાથામાં કહ્યું છે. પણ એનું ફળ તો બંધન છે, સંસાર છે. ૧૧મી ગાથામાં કીધું છે. જયચંદ પંડિતે. વ્યવહારના લક્ષણ ઘણાં આવે. કારણ કે સમજાવવું છે એને ભેદથી. દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ હંમેશા પ્રાપ્ત થાય તે આત્મા. એ વ્યવહાર છે. ભેદથી કહ્યું છે ને. તેથી ત્યાં કહ્યું છે કે અમે ભેદથી કહીએ છીએ પણ સાંભળનારને, કહેનારને ભેદ અનુસરવો નહિ. ત્યાં કહ્યું છે ટીકા ૮મી ગાથા. કથન આવે બધા. વ્યવહારના કથન તો ઘણા આવે શાસ્ત્રના. એનું ફળ સંસાર છે, બંધન છે. સમજાણું કાંઈ? ૧૧મી ગાથા છે. જયચંદ પંડિતના અર્થમાં છે.

'**યહ આત્મા હી...**' એમ શબ્દ છે. શું કીધું? કે બધાને જાણે છતાં પરમ આનંદમય છે. ઝાઝું જાણે માટે દુઃખી છે. આહાહા..! એ તો લોકાલોકને જાણે કહેવું એ વ્યવહાર છે. પોતાની પર્યાયની પૂર્ણતાને જ જાણે છે એ. લોકાલોક તો પર છે. પરને જાણે એ તો અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આવું છે. પરમ આનંદમય છે પ્રભુ તો. આહાહા..! '**યહ આત્મા હી રત્નત્રય કે પ્રસાદ સે...**' એ આત્મા જ પોતે રત્નત્રયના પ્રસાદથી. નિશ્ચયથી હોં. '**અરહંત હોતા હૈ.**' લ્યો! આહાહા..!

‘**ભાવાર્થઃ- સમસ્ત લોકાલોકકો એક હી સમય મેં કેવલજ્ઞાન સે જાનતા હુઆ અરહંત કહલાતા હૈ. જિસકા જ્ઞાન જાનને કે ક્રમ સે રહિત હૈ.**’ ભગવાનનું જ્ઞાન ક્રમથી ન જાણે, પહેલો ભૂતકાળ જાણે, પછી ભવિષ્ય જાણે અને પછી વર્તમાન. એમ નથી. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક એક સમયમાં પ્રત્યક્ષ વર્તમાન ભાસે. ત્યાં પર્યાય થઈ નથી એને વર્તમાનમાં પ્રત્યક્ષ ભાસે. આહાહા..! એક વાત બેસે તો કેટલી વાત બેસી જાય એને. આહાહા..! કેવળજ્ઞાન જે પર્યાય જ્યાં જ્યાં જે પ્રકારે થવાની, જે ક્ષેત્રે, જે કાળે, જે સમયે એનો જન્મક્ષણ છે ૧૦૨ ગાથા. દરેક દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ, ઉત્પત્તિનો એનો સમય તે સમયે તે જ ઉત્પન્ન થાય. એવી અનંતી અનાદિ. એવી પર્યાયને કેવળજ્ઞાની તો એક સમય પ્રત્યક્ષ જાણે. એ છે માટે જાણે છે એમ પણ નહિ. પોતાની પર્યાયનું સામર્થ્ય જ એટલું છે કે જેને પરની અપેક્ષા નથી, એટલું એ પોતાનું સામર્થ્ય છે કે પોતે સ્વને, પરને, પોતાના સામર્થ્યથી, પોતામાં પોતાને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**ક્રમસે રહિત હૈ.**’ ક્રમથી ન જાણે ભગવાન. એક સાથે અક્રમબદ્ધને જાણે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

अथ–

३२८) जो जिणु केवल-णाणमउ परमाणंद-सहाउ।
सो परमप्पउ परम-सो जिय अप्प-सहाउ।।१९७।।
यः जिनः केवलज्ञानमयः परमानन्दस्वभावः।
सः परमात्मा परमपरः स जीव आत्मस्वभावः।।१९७।।

जो इत्यादि। जो यः जिणु अनेकभवगहनव्यसनप्रापणहेतून् कर्मारातीन् जयतीति जिनः। कथंभूत। केवल-णाणमउ केवलज्ञानाविनाभूतानन्तगुणमयः। पुनरपि कथंभूतः। परमाणंद-सहाउ इन्द्रियविषयातीतः स्वात्मोत्थः रागादिविकल्परहितः परमानन्दस्वभावः सो परमप्पउ स पूर्वोक्तोऽर्हन्नेव परमात्मा परम-परु प्रकृष्टानन्तज्ञानादिगुणरुपा मा लक्ष्मीर्यस्य स भवति परमः संसारिभ्यः पर उत्कृष्टः इत्युच्यते परमश्चासौ परश्च परमपरः सो स पूर्वोक्तो वीतरागः सर्वज्ञः जिय हे जीव अप्प-सहाउ आत्मस्वभाव इति। अत्र योऽसौ पूर्वोक्तभणितो भगवान् स एव संसारावस्थायां निश्चयनयेन शक्तिरुपेण जिन इत्युच्यते। केवलज्ञानावस्थायां व्यक्तिरुपेण च। तथैव च परमब्रह्मादिशब्दवाच्यः स एव तदग्रे स्वयमेव कथयति। निश्चयनयेन सर्वे जीवा जिनस्वरुपाः जिनोऽपि सर्वजीवस्वरुप इति भावार्थः। तथा चोक्तम्-''जीवा जिणवर जो मुणइ जिणवर जीव मुणेइ। सो समभावि परिट्ठयउ लहु णिव्वाणु लहेइ।।'' ।।१९७।। एवं चतुर्विंशतिसूत्रप्रमितमहास्थलमध्ये अर्हदवस्थाकथनमुख्यत्वेन सूत्रत्रयेण द्वितीयमन्तरस्थलं गतम्।

आगे ऐसा कहते हैं, कि केवलज्ञान ही आत्माका निजस्वभाव है, और केवलीको ही परमात्मा कहते हैं–

गाथा–१९७

अन्वयार्थः– [यः जिनः] जो अनंत संसारीरुपी वनके भ्रमणके कारण ज्ञानावरणादि आठ कर्मरुपी बैरी उनका जीतनेवाला वह [केवलज्ञानमयः] केवलज्ञानादि अनंत गुणमयी है [परमानंदस्वभावः] और इंद्रिय विषयसे रहित आत्मीक रागादि विकल्पोंसे रहित परमानंद ही जिसका स्वभाव है, ऐसा जिनेश्वर केवलज्ञानमयी अरहंतदेव [सः] वही [परमात्मा] उत्कृष्ट अनंत ज्ञानादि गुणरुप लक्ष्मीवाला आत्मा परमात्मा है। उसीको वीतराग सर्वज्ञ कहते हैं, [जीव] हे जीव, वही [परमपरः] संसारीयोंसे उत्कृष्ट है, ऐसा जो भगवान् वह तो व्यक्तिरुप है, और [स आत्मस्वभावः] वह आत्माका ही स्वभाव है।

भावार्थः– संसार अवस्थामें निश्चयनयकर शक्तिरुप विराजमान है, इसलिये संसारीको शक्तिरुप जिन कहते हैं, और केवलीको व्यक्तिरुप कहते हैं। द्रव्यार्थिकनयकर जैसे भगवान् हैं, वैसे ही सब जीव हैं, इस तरह निश्चयनयकर जीवको परब्रह्म कहो, परमशिव कहो, जितने भगवान्के नाम हैं, उतने ही निश्चयनयकर विचारो तो सब जीवोंके हैं, सभी जीव जिनसमान हैं, और जिनराज भी जीवोंके समान हैं, ऐसा जानना। ऐसा दूसरी जगह भी कहा है। जो सम्यग्दृष्टि जीवोंको जिनवर जाने, और जिनेश्वरको जीव जाने, जो जीवोंकी जाति है, वही जिनवरकी जाति है, और जो जिनवरकी जाति है, वही जीवोंकी जाति है, ऐसे महामुनि द्रव्यार्थिकनयकर जीव और जिनवरमें जातिभेद नहीं मानते, वे मोक्ष पाते हैं।।१९७।।

इसप्रकार चौबीस दोहोंके महास्थलमें अरहंतदेवके कथनकी मुख्यतासे तीन दोहोंमें दूसरा अंतरस्थल कहा।

---

વળી (હવે એમ કહે છે કે કેવળજ્ઞાન જ આત્માનો નિજસ્વભાવ છે અને કેવળીને જ પરમાત્મા કહે) :-

ભાવાર્થઃ- જે ભવવનમાં અનેક દુઃખોની પ્રાપ્તિના હેતુભૂત કર્મરૂપી શત્રુને જીતે છે તે જિન છે. તે જિન કેવળજ્ઞાનની સાથે અવિનાભાવી અનંતગુણમય છે. ઇન્દ્રિયના વિષયોથી રહિત, સ્વ-આત્માથી ઉત્પન્ન, રાગાદિ વિકલ્પ રહિત, પરમાનંદ સ્વભાવી છે, તે પૂર્વોક્ત અર્હંત જ પરમાત્મા છે, પરમેશ્વર છે. પરમ-ઉત્કૃષ્ટ અનંતજ્ઞાનાદિ ગુણરૂપ મા અર્થાત્ લક્ષ્મી જેને છે તે પરમ છે, સંસારીઓથી પર એટલે ઉત્કૃષ્ટ છે. આવા જે પરમ પર તે પરમ છે, તે-પૂર્વોક્ત વીતરાગ સર્વજ્ઞ છે. હે જીવ! તે

૧ જુઓ ષટ્પ્રાભૃત ટીકા પૃ. ૩૪૨.

આત્મસ્વભાવ છે.

અહીં, પૂર્વોક્ત કથિત ભગવાન તે જ સંસાર-અવસ્થામાં નિશ્ચયનયથી શક્તિરૂપે 'જિન' કહેવાય અને કેવળજ્ઞાન-અવસ્થામાં વ્યક્તિરૂપે 'જિન' છે. તે જ પ્રમાણે પરમ-બ્રહ્માદિ શબ્દથી વાચ્ય એવા તેને જ આગળ સ્વયમેવ કથન કરશે.-નિશ્ચયનયથી સર્વજીવો જિનસ્વરૂપ છે, જિનેશ્વર સર્વજીવ સ્વરૂપ છે, એ ભાવાર્થ છે. વળી કહ્યું પણ છે કે-[1]''जीवा जिणवर जो मुणइ जिणवर जीव मुणेइ। सो समभावि परिट्ठियउ लहु णिव्वाणु लहेइ।।'' (અર્થઃ-જે જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે તે સમભાવમાં સ્થિત થઈને શીઘ્ર નિર્વાણને પામે છે.) ૧૯૭.

એ પ્રમાણે ચોવીસ સૂત્રોના મહાસ્થળમાં અર્હંત-અવસ્થાના કથનની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્રોથી બીજું અન્તરસ્થળ સમાપ્ત થયું.

## વીર સંવત ૨૫૦૨, વૈશાખ વદ ૧૦, ગુરુવાર
## તા. ૧૨-૦૫-૧૯૭૭, ગાથા-૧૯૭, પ્રવચન નં. ૨૩૬

૧૯૭. બહુ ગાથા સરસ છે. '**આગે ઐસા કહતે હૈં, કિ કેવલજ્ઞાન હી આત્માકા નિજસ્વભાવ હૈ,...**' દરેક આત્માને કેવળજ્ઞાન જ સ્વભાવ છે, શાશ્વત સ્વભાવ છે. આહાહા..! શરીર, વાણી, મન તો નહિ, કર્મ નહિ, રાગ નહિ, અલ્પજ્ઞપણું હિ. આહાહા..! દરેક, છે ને? '**કેવલજ્ઞાન હી આત્માકા નિજસ્વભાવ હૈ, ઔર કેવલીકો હી પરમાત્મા કહતે હૈં.**' શક્તિરૂપે દરેક કેવળજ્ઞાનસ્વભાવી ભગવાન જ છે. ત્યાં એની દૃષ્ટિ દેવી પડશે. આખો બાર અંગ ને શાસ્ત્રનો સાર આ છે. કહ્યું કે, ભૂતાર્થ ત્રિકાળ. આત્મા શક્તિરૂપે સ્વભાવરૂપે કેવળજ્ઞાનમય જ છે, પરમાત્મા જ છે. આહાહા..! પ્રત્યેક આત્મા. આહાહા..! એને પર્યાયબુદ્ધિ ઉડાવીને દ્રવ્યબુદ્ધિ કરાવે છે. કરાવે છે એનો અર્થ કે એવો એનો સ્વભાવ છે. આહાહા..! કેવળજ્ઞાન, એનો નિજ સ્વભાવ છે.

મુમુક્ષુ :- સ્વભાવ હોય તો ત્રણે કાળે રહેવો જોઈએ.

ઉત્તર :- ત્રણે કાળે છે. ત્રણે કાળે જ છે. કેવળ એકલું જ્ઞાનસ્વરૂપ, એની સાથે આનંદ લેશે. બહુ ગાથા સારી છે. આહા..!

તું પરમાત્મા જ છો. આ પરમાત્મપ્રકાશ છે. એમ કહે છે. દરેક આત્મા અભવિ અને ભવિ, અનંતેકાળે સિદ્ધ નહિ થાય એવા જીવો પણ પરમાત્મસ્વરૂપ જ છે, એમ કહે છે. આહાહા..! વસ્તુ એવી છે, વસ્તુ એવી છે. દ્રવ્યદૃષ્ટિનો અર્થ દ્રવ્ય એટલે વસ્તુ. સ્વભાવ જ એવો છે. આહાહા..! એમાં અલ્પજ્ઞપણું જ્યાં નથી ત્યાં રાગ, પુણ્ય ને વ્યવહાર ને નિમિત્ત તો ક્યાં રહ્યા. એવી વાત છે.

'**કેવલજ્ઞાન હી...**' એમ શબ્દ છે ને? કેવળજ્ઞાન જ '**આત્માકા નિજસ્વભાવ હૈ,...**'

આત્માનો નિજ સ્વભાવ જ એવો છે. આહાહા..! કેટલી દૃષ્ટિને ક્યાંય બધે બહારથી ખેંચીને અંદર લઈ જવી પડશે. આહાહા..! આખી દુનિયા એને એક બાજુ રાખી, રાગ પણ એક બાજુ રાખી અને પ્રગટ વર્તમાન વ્યક્ત પર્યાય છે, એને પણ એક બાજુ રાખ. આહાહા..! એક સમયની અવસ્થા પ્રગટ છે, અસ્તિ છે, એની અસ્તિની રુચિ છોડી દે. આહાહા..! આવું સ્વરૂપ છે. લોકોને આ પરમાર્થ બેસવો કઠણ પડે. વ્યવહારના વચન શાસ્ત્રમાં બહુ આવે. આ વ્યવહાર લખ્યો. બધું લખ્યું, બાપા! બધું કહ્યું છે. અલ્પજ્ઞ પણ કહ્યો છે, નિગોદના જીવને અક્ષરના અનંતમા ભાગે પણ ઉઘાડ કહ્યો છે. એ તો પર્યાયની વર્તમાન અવસ્થાની વાતું છે. આહાહા..! છે, ભલે હો. એને ઓળંગી જઈને. ત્રિકાળ જ્ઞાનસ્વભાવ, કેવળ જ્ઞાન એકલો જ્ઞાનસ્વભાવ એટલે કે પરમાત્મસ્વભાવ જ આત્મા છે. આહાહા..! અને 'કેવલીકો હી **परमात्मा कहते हैं.**' વ્યક્ત છે. કેવળજ્ઞાની વ્યક્ત પર્યાયમાં છે. બીજા બધા આત્માઓ શક્તિરૂપે સ્વભાવરૂપે પરમાત્મા છે. આહાહા..!

૩૨૮) जो जिणु केवल-णाणमउ परमाणंद-सहाउ।
सो परमप्पउ परम-सो जिय अप्प-सहाउ।।१९७।।

એ જીવનો પોતાનો સ્વભાવ જ છે, છેલ્લા પદમાં એમ કહ્યું. આહાહા..!

**અન્વયાર્થ :-** '**જો અનંત સંસારરૂપી વનકે ભ્રમણકે કારણ...**' 'यः जिनः' '**જો અનંત સંસારરૂપી વનકે ભ્રમણકે કારણ જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપી વૈરી...**' એ નિમિત્તથી કથન છે. વેરી તો એનો પોતાનો અશુદ્ધ વિપરીત પરિણામ તે વેરી છે. પણ ટૂંકું કહેવામાં એનું નિમિત્ત છે તેને વેરી કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એ નિમિત્ત કાંઈ આત્માને ઊલટી દશા કરાવતું નથી. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ.. આહાહા..! સમ્યગ્દર્શન, એનો વિષય જે ત્રિકાળ એ તો પરમાત્મસ્વરૂપ જ છે, એમ કહે છે. આહાહા..! અને કેવળીએ કર્યું શું? કહે છે. શક્તિરૂપે તો એ ભગવાન પોતે હતા. હવે પર્યાયમાં કેમ આવ્યા? પ્રાપ્તની પ્રાપ્તિ. જે ચીજ હતી એ દશામાં આવી. પરમાત્મરૂપ હતું એ શક્તિરૂપે સ્વભાવરૂપે એના સત્ત્વરૂપે ધ્રુવ હતું.

જ્ઞાનાવરણાદિ ભવભ્રમણના કારણરૂપ. તેને જીતનાર. 'यः जिनः' જિનની વ્યાખ્યા છે ને? એમણે જીત્યા. કર્મને જીત્યા એ કહેવું તો તદ્દન અસદ્ભૂત વ્યવહાર છે. પણ અશુદ્ધતાને જીત્યા એ પણ એક અશુદ્ધનયનું વ્યવહારનયનું કથન છે. જિન શબ્દ છે એટલે એનો અર્થ જીતવું. આહાહા..! બાકી તો પરમાત્મસ્વરૂપ છે તેમાં જ્યાં ઠરે છે, પરમાત્મસ્વરૂપ પોતે છે, તેનું સમ્યગ્દર્શન કરી અને એમાં ઠરે છે, ત્યારે વિકારની પર્યાય ઉત્પન્ન થતી નથી અને ઉત્પન્ન સર્વજ્ઞપણું થાય છે, એથી એણે અશુદ્ધતારૂપી ભાવકર્મને જીત્યા, ત્યારે જડ કર્મને જીત્યા એવો અસદ્ભૂત વ્યવહાર લાગુ પડ્યો. આહાહા..! સમજાણું કાંઈ? જિન શબ્દ છે ને? જિન. જિન સો હી આત્મા, એમ અહીં સિદ્ધ કરવું છે. બધા ભગવાન જિનસ્વરૂપે છે. અને કેવળી થયા એ શી રીતે જિન થયા? એમના કેવળજ્ઞાન સ્વભાવથી વિરૂદ્ધ ભાવ જે પર્યાયમાં હતો, અલ્પજ્ઞ માનતો હતો, રાગવાળો માનતો હતો, મલિન છું એમ માનતો હતો, અપૂર્ણ છું એવી જે માન્યતા હતી, એને પૂર્ણ છું, અખંડ છું, અભેદ છું, એવો

વિકલ્પ નહિ, પણ એ રીતે શ્રદ્ધા-જ્ઞાન કરી અને અંદર ઠર્યા, ત્યારે ભાવકર્મની અશુદ્ધતાનો જે ભાવ હતો એ ઉત્પન્ન થયો નહિ એટલે એનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. ત્યારે એનું નિમિત્ત જે કર્મ હતું એ તો નાશ એને થવાને કાળે એને કારણે થયું છે. સમજાણું કાંઈ? કાંઈ પરદ્રવ્યનો આત્મા સ્વામી નથી કે એને બાંધે અને એને તોડે. સમજાણું કાંઈ? આહાહા..!

'ઉનકા જિતનેવાલા વહ...' '**केवलज्ञानमयः**' 'કેવલજ્ઞાનાદિ...' પાઠમાં એકલું કેવળજ્ઞાનય છે. '**કેવલજ્ઞાનાદિ અનંત ગુણમયી હૈ...**' જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિઓનો સમૂહ છે. ક્ષેત્ર ભલે થોડું હો, અસંખ્યપ્રદેશી અને શરીર પ્રમાણે પણ એની અંદર શક્તિઓ જે છે, જ્ઞાન, દર્શન આદિ એ તો અનંત અને અપાર ને અપરિમિત છે, સંખ્યાએ અને સ્વભાવે. સમજાણું કાંઈ? સંખ્યાએ પણ અનંત છે અને એ શક્તિનો સ્વભાવ વર્તમાન પણ અનંત અને અપરિમિત છે. આહાહા..! આવો ઉપદેશ એટલે માણસને (કઠણ લાગે). ઓલું વ્રત પાળવાનું કહે, દયાનું કહે, વ્યવહારમાં કર્મ નડે છે ને આ કર્મ નડે છે ગોમ્મટસારમાં આવે ને? જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને હણે. એવી વાતું લોકોને સારી લાગે. બાકી હણે કોને?

અસ્તિ સ્વરૂપ મહાપ્રભુ અનંત બેહદ જ્ઞાન ને અનંત આનંદ, એમ ભેગો આનંદ લીધો છે. અહીંયા કેવળજ્ઞાનમય એમ લીધું છે. અને પરમાનંદ સ્વભાવ. આહાહા..! આ બહારના ભભકા તો ભૂલી જા. પણ અંદરની અલ્પજ્ઞ પર્યાય જેટલો પણ ભૂલી જા. આહાહા..! અને શુભરત્નત્રયનો રાગ જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત, બાર વ્રતાદિના વિકલ્પો કે શાસ્ત્રનું ભણતર.. એ બધું ભૂલી જા. આહાહા..! ભગવાનને યાદ કરવા હોય તો એ બધું ભૂલી જા. ચાર જ્ઞાનની દશા પ્રગટ થઈ હોય તોપણ તેને ભૂલી જા અને ત્રિકાળી છે ત્યાં દૃષ્ટિને રાખ. દૃષ્ટિ તો ત્યાં છે જ એની. આહાહા..! આવો માર્ગ.

'**કેવલજ્ઞાનાદિ અનંત ગુણમયી હૈ...**' ગુણમયી કીધો છે, ગુણવાળો પણ નહિ. ગુણમય. અભેદ છે. એમ કીધું છે ને? છે ને? '**કેવલજ્ઞાનાદિ અનંત ગુણમયી...**' અનંત ગુણવાળો એમ નહિ. અનંતગુણવાળો તો ભેદ પડી જાય છે. અનંતગુણમય છે. આહાહા..! આવો જે ભગવાન આત્મા,.. આહાહા..! શરીરના સંસર્ગથી ઉત્પન્ન થતો વિકલ્પ એ પણ ભૂલી જા, ભાઈ! સંસર્ગ તેં કર્યો જ નથી. એક દેહ બીજા દેહને સંસર્ગ અડતો પણ નથી. પણ અહીંયા તો ભગવાન જ્ઞાનમય કીધો. અનંત જ્ઞાનમય આદિ અનંત શક્તિઓ, એ રાગને અડતી નથી અને વર્તમાન એક સમયની પર્યાયને પણ એ ત્રિકાળી જ્ઞાનમય, જ્ઞાનમય છે, એ એક સમયની પર્યાયને અડતો નથી. ચીમનભાઈ! આવું સ્વરૂપ છે. આહાહા..! આવો વીતરાગમાર્ગ.

અને તે પણ એમ કહ્યું કે અનંત જ્ઞાનમય અને પરમાનંદ સ્વભાવ. પ્રભુ! તારો પરમઆનંદ સ્વભાવ છે. આહાહા..! તારા આનંદની શું વાત કરવી! આહાહા..! કાલે આવ્યું હતું ઓલામાં. પણ કોક'નું લઈને ઉધારે. જૈન પ્રકાશમાં. પેલો અમરચંદ છે ને? આત્મા તો અમૃતનો સાગર ઉછળે છે. પણ પ્રભુ! ક્યાંથી તું લાવ્યો આ?

મુમુક્ષુ : દિગંબરમાંથી.

ઉત્તર :- ક્યાં હતું? બાપુ! આહાહા..! અને વળી પાછો ત્યાં ને ત્યાં એમ કહે કે ગૃહસ્થ લિંગે પણ મોક્ષ થાય. વેષ ગૃહસ્થનો હોય તોપણ મોક્ષ થાય. વળી ન્યાં એમ કહે. કાંઈ મેળ (ખરો)?

મુમુક્ષુ : વસ્ત્ર સહિત થયું.

ઉત્તર :- હા, લખ્યું છે. ભાઈએ વાંચ્યું. ચેતનજીએ. મેં પહેલું વાંચ્યું. ગૃહસ્થલિંગે, અન્ય લિંગે મોક્ષ થાય. અરે! પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ : શ્વેતાંબરમાં છે.

ઉત્તર :- શ્વેતાંબરમાં પંદર ભેદે થાય છે. એ ખોટી વાત છે.

જેને પૂર્ણાનંદનો નાથ જ્યાં અંદર દૃષ્ટિમાં આવ્યો અને જેમાં જેની રમણતાની જમવટ જામી, આહાહા..! અનંત જ્ઞાન આદિ અનંત ગુણમય અને પરમાનંદ, પરમ અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન જ્યાં, આહાહા..! એમાં જેની રમઝટ વાગી આહાહા..! એને લિંગ તો નગ્ન જ હોય. એને બીજું લિંગ હોય નહિ. ભાઈ! એ લિંગ કંઈ કેવળજ્ઞાન પમાડતું નથી. પણ નિમિત્ત તરીકે હોય તો ઈ. નિમિત્ત તરીકે હોય એનો અર્થ નિમિત્ત છે પણ નિમિત્ત કરતું નથી ત્યારે એને નિમિત્ત કહેવાય છે. આહાહા..! નગ્નપણું નિમિત્ત હો, પણ નિમિત્તની વ્યાખ્યા આ. પોતે હો. પણ પરને કાંઈ કરી શકે, એ નિમિત્ત ન કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ.

પરમાનંદ '**ઔર ઈન્દ્રિય વિષયસે રહિત...**' આહાહા..! પાંચે ઈન્દ્રિયો. સ્પર્શઈન્દ્રિય, જિહ્વાઈન્દ્રિય, નાક, કાન, આંખ એ પાંચે સ્પર્શ આદિ ઈન્દ્રિયોના વિષયોથી રહિત. આહા..! વિષયોથી રહિત. આહાહા..! જેના શરીરના સ્પર્શથી બીજાના સ્પર્શની સાથે અડી શકતો નથી, પણ એને એમ માને છે કે હું પર શરીર ને માંસને સ્પર્શું છું અને એને ભોગવું છું, એમ માને છે. એ માન્યતા જૂઠી છે અને જે ભાવ છે તે ઝેરનો પ્યાલો છે. આહાહા..! આ કેમ બેસે? આમ અનુકૂળ લાગે, વિષયો અનુકૂળ લાગે, માંસ, હાડકા, ચામડા સુંવાળા, રૂપાળા અને જુવાની ફૂટડી ફાટેલી, પચીસ-ત્રીસ વર્ષની ઉંમર હોય, ચીમનભાઈ! એને એમ કહેવું, બાપુ! એ તારા પાંચ ઈન્દ્રિયના વિષય તરફનો જે ભાવ છે એ ઝેર છે. એ દુઃખ છે. એ આનંદને ગાળી નાખીને શાંતિને દઝાડે છે. આહાહા..!

એ કેવળજ્ઞાનમય તો છે પણ પરમ આનંદ સ્વભાવ છે જેનો. ભાષા જોઈ? પરમઆનંદ એનો સ્વભાવ છે. જેમ કેવળજ્ઞાન સ્વભાવ છે, એમ પરમઆનંદ સ્વભાવ છે. બે વાત જ જ્યાં હોય ત્યાં લ્યે છે. જ્ઞાન ને આનંદ, જ્ઞાન ને આનંદ. બસ! પછી બીજા બધા સાથે આવી જાય. અરે! એને પલટો કેટલો મારવો પડે, ભાઈ! પરમ કેવળજ્ઞાનમય ભગવાન અને પરમઆનંદ જેનો સ્વભાવ.

'**ઈન્દ્રિય વિષયસે રહિત આત્મીક રાગાદિ વિકલ્પોંસે રહિત...**' આહાહા..! એમાં થતો વિકલ્પ જે રાગ, ચાહે તો શુભરાગ હો. આત્મીક કેમ કહ્યું? કે એની પર્યાયમાં થાય છે ને. '**રાગાદિ વિકલ્પોંસે રહિત પરમાનંદ હી જિસકા સ્વભાવ હૈ,...** ' આહાહા..! આ તો અરિહંતની વ્યાખ્યા કરે છે. પણ એ રીતે આત્માનો સ્વભાવ એવો જ છે. જેટલા વિશેષણો કેવળીને લાગુ પડે

એટલા જ વિશેષણો આત્મસ્વભાવ ભગવાનને લાગુ પડે છે. આહાહા..! કહે છે કે પરના સંસર્ગમાં રહેવું એ તો તને શોભે નહિ પણ રાગના સંસર્ગમાં રહેવું એ શોભે નહિ. એક પર્યાયના અંશના પ્રગટ પર્યાયના પ્રેમમાં રહેવું એ તને શોભે નહિ. આહાહા..! બાપુ! તારી શોભા પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદમય છો. અરિહંત એવા છે. અહીં તો અત્યારે ચાલે છે. પછી કહેશે કે તું જ એવડો છો. આહાહા..!

એવું અરિહંતપદ કેવળજ્ઞાનમય અને પરમાનંદ સ્વભાવ પ્રગટ્યો ક્યાંથી પણ? કાંઈ બહારથી આવે છે? આહાહા..! પરમાનંદ સ્વભાવ '**આત્મીક રાગાદિ વિકલ્પોંસે રહિત પરમાનંદ હી જિસકા સ્વભાવ હૈ, ઐસા જિનેશ્વર કેવલજ્ઞાનમયી અરહંતદેવ...**' એમ કહીને કહ્યું છે કે કોઈ જિનેશ્વર, જિન એવો કોઈ સંપ્રદાય નથી કંઈ. એ તો વસ્તુએ કેવળજ્ઞાન અને આનંદસ્વરૂપ છે. એમાં અંદર લીનતાની રમઝટ માંડી છે. આહાહા..! એમાંથી એણે રાગ ને દ્વેષની ઉત્પત્તિ છોડી દીધી અને એને જીત્યા એમ કહીને એ જિનેશ્વર વસ્તુનું સ્વરૂપ છે. આ તો વસ્તુનો સ્વભાવ છે. જિનમાર્ગ કોઈ એક છે અને અનેરો ઈશ્વરનો કોઈ બીજો માર્ગ છે એમ નથી. સમજાણું કાંઈ?

'**ઐસા જિનેશ્વર...**' જિન ઈશ્વર. જિનમાં ઈશ્વરતા જેને પ્રગટી છે. '**કેવલજ્ઞાનમયી અરહંતદેવ વહી...**' પરમ પરમ આત્મા. પરમ, પરમ. '**ઉત્કૃષ્ટ અનંત જ્ઞાનાદિ ગુણરૂપ લક્ષ્મીવાલા...**' પરમઆત્માની વ્યાખ્યા કરી. આહા..! અરિહંતદેવ જિનેશ્વરદેવ કેવા છે? પરમાત્મા ણમો અરિહંતાણં. એ અરિહંતપદ કેવું છે એનું આ વર્ણન છે. જેને પરમ કેવળજ્ઞાન પ્રગટ્યું છે અને જેને પરમ અતીન્દ્રિય આનંદ (પ્રગટ થયો છે). આહાહા..! તે કેવા (છે)? '**ઉત્કૃષ્ટ અનંત જ્ઞાનાદિ ગુણરૂપ લક્ષ્મીવાલા...**' છે. એમની પાસે લક્ષ્મી છે. આ ધૂળની લક્ષ્મીવાળા જે શેઠિયાઓ કહેવાય છે, આ પાંચ-પચીસ લાખ ધૂળ હોય ને માટી? પૈસા, એના શેઠિયા કહેવાય ઈ. માટીના, ધૂળના.. ધૂળના. ધૂળના ધણી! આ કેવળજ્ઞાન લક્ષ્મીના ધણી આત્મા છે, એમ કહે છે. આહાહા..! અરિહંત પરમેશ્વર ણમો લોએ સવ્વ અરિહંતાણં. ટૂંકું કર્યું છે, ણમો અરિહંતાણં. છે શબ્દ ણમો લોએ સવ્વ અરિહંતાણં. ણમો લોએ સવ્વ ત્રિકાળ અરિહંતાણં. આહાહા..! એવા ભગવાનનું સ્વરૂપ એકલું જ્ઞાન અને અનંત આનંદ. આહા..! એવા કેવળજ્ઞાનરૂપી અરિહંતદેવ એ પરમાત્મા છે. એનું નામ પરમ આત્મા એટલે પરમાત્મા (છે). પરમાત્મા એટલે પરમઉત્કૃષ્ટ આત્મા છે. આહાહા..! જેની દશામાં અનંતજ્ઞાન, કેવળજ્ઞાન, આનંદ આદિ પ્રગટ થયો એ પરમઉત્કૃષ્ટ આત્મા છે. આહાહા..! એને અહીંયા અરિહંતપદમાં કહેવામાં આવ્યા છે. એને ણમો અરિહંતાણં કહે છે. આ તો ઓળખીને છે. સમજ્યા વિના એમ ને એમ કીધા કરે, ણમો અરિહંતાણં.. અનંતવાર.

એ તો જ્ઞાનાદિ અનંત ગુણરૂપ લક્ષ્મી.. ગુણ શબ્દે અહીં પર્યાય છે. જ્ઞાનાદિ અનંત ગુણરૂપ ઉત્કૃષ્ટ પરમ એટલે ઉત્કૃષ્ટ લક્ષ્મીવાળા આત્મા પરમાત્મા છે. '**ઉસીકો વીતરાગ સર્વજ્ઞ કહતે હૈં,...**' એને વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે. જે ભગવાન બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં વર્તમાન સીમંધર ભગવાન આદિ તીર્થંકરો બિરાજે છે. વર્તમાન મનુષ્યપણે. લાખો કેવળીઓ અત્યારે મનુષ્યપણે બિરાજે છે.

આહાહા..! અરે! જેના ભરતક્ષેત્રમાં વિરહ પડ્યા. કોઈ કેવળી નહિ, કોઈ તીર્થંકર નહિ. કોઈને કેવળ ઉત્પન્ન થાય એવી લાયકાત નહિ. ત્યાં તો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એવા આત્માઓ સેંકડો છે. ઉત્પન્ન થાય એવા, હોં! થયેલા તો લાખો છે. આહાહા..! એ આત્માની શક્તિની જે પ્રગટ દશા કરી એને અનંત લક્ષ્મી આવી. એને અંતર આત્મામાં લક્ષ્મી ભરી હતી એ પ્રગટ દશામાં અનંત લક્ષ્મી પ્રગટ કરી. એવા લક્ષ્મીવાળા આત્મા તે પરમાત્મા (છે). એને વીતરાગ સર્વજ્ઞ (કહે છે).

'હે જીવ,...' હવે કહે છે. '**વહી સંસારીયોંસે ઉત્કૃષ્ટ હૈં,...**' સંસારીપ્રાણીઓથી આ પરમાત્મા, પરમ આત્મા, પરમ નામ ઉત્કૃષ્ટ આત્મા અરિહંત છે. સંસારી પ્રાણીઓ અલ્પજ્ઞ અને વિપરીત જ્ઞાનવાળા કેટલાક (છે). કેટલાક ભલે અલ્પજ્ઞ અને ચાર જ્ઞાનવાળા હો. પણ એ સંસારીથી આ આત્માઓ પરમ આત્મા ઉત્કૃષ્ટ આત્મા છે. આહાહા..! '**ઐસા જો ભગવાન વહ તો વ્યક્તિરૂપ હૈ,...**' શું કહે છે? એવા પરમાત્માઓ લાખો, અનંતસિદ્ધો વ્યક્તિ(રૂપ છે). અનંત સિદ્ધો હો, સિદ્ધાંત. અનંતસિદ્ધ છે. અરિહંત અનંત ન હોય. અરિહંત વીસ તીર્થંકર તરીકે (હોય), કેવળી તરીકે લાખો હોય. મહાવિદેહમાં. એ બધા વ્યક્તિરૂપ પરમાત્મા છે, કહે છે. વ્યક્તિ એટલે પ્રગટરૂપ. આહાહા..!

હવે કહે છે, '**ઔર...**' '**स आत्मस्वभावः**' '**વહ આત્માકા હી સ્વભાવ હૈ.**' શક્તિરૂપે બધા આત્મા ભગવાન જ છે, કહે છે. આહાહા..! જો શક્તિરૂપે ભગવાન પોતે ન હોય તો વ્યક્તિરૂપે ભગવાનપણું આવે ક્યાંથી? કાંઈ બહારથી આવે એવું છે? આહાહા..! પ્રાપ્તની પ્રાપ્તિ છે. જે હોય તે આવે. તો દરેક આત્માઓ પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા..! કેમ બેસે? એક સારું શાક તેલમાં તળીને, ઘીમાં તળીને (કર્યું) હોય અને એમાં એની સાથે પુરણપોળી કે બરફી કે ચૂરમું હોય ને ખાતો હોય તો જાણે. આહાહા..! શું જાણે મજા આવતી હોય એમ લાગે. ઝેર છે એકલું. રાગના ઝેરના પ્યાલા પીવે છે.

મુમુક્ષુ : એ તો પરપદાર્થ છે, એને ક્યાં પીવે છે?

ઉત્તર :- એના ઉપર રાગ થાય છે. એની સાથે ક્યાં છે? એનો રાગ થાય એનો પ્યાલો ઈ પીવે છે. પરપદાર્થને તો અડે છે ક્યાં? આહાહા..! મેસૂબને કાંઈ અડે છે? સ્ત્રીનું શરીર માંસ, હાડકા, ચામડા છે. આને અડે છે જીવ? આ તો માટી, જડ છે. ફક્ત એને અડતાં એ માને છે કે આ ઠીક છે, એવી માન્યતામાં જે રાગ ઉભો કરે છે એ રાગને અનુભવે છે. શરીરને નહિ. આ તો માટી છે, આ તો માંસના હાડકા, ચામડા છે. આહાહા..! સ્ત્રીનું શરીર કંઈ આત્મા ભોગવી શકે ત્રણકાળમાં, ત્રણકાળમાં નહિ. તેમ પુરુષના શરીરને ભોગવી શકે એ ત્રણકાળમાં નહિ. ફક્ત રાગ ઉત્પન્ન કરી 'આ ઠીક છે' એવી રાગની વૃત્તિઓ વિકારની ઉત્પન્ન કરી અને તેને ભોગવે એ ઝેરના અનુભવ છે. આહાહા..! એ આત્માના સ્વભાવમાં નથી, કહે છે. તારા સ્વભાવમાં એ નથી, એમ કહે છે. ભગવાનને તો નથી (પણ તારા સ્વભાવમાં નથી). આહાહા..! છેલ્લા ઈ શબ્દ છે. '**स आत्मस्वभावः**' '**વહ આત્માકા હી સ્વભાવ હૈ.**' ઈ કહેવું છે, હોં! છેલ્લા પદમાં. જેવા સર્વજ્ઞ વીતરાગ વ્યક્તિરૂપે પ્રગટરૂપે થયા, એવા

બધા આત્માઓ શક્તિરૂપે એવા જ છે. આહાહા..!

પરમાનંદ અને પરમ કેવળજ્ઞાનમય પ્રભુ આત્મા (છે). અંતરમાં જેનો સ્વભાવ એકલો જ્ઞાન અને એકલો આનંદ, અતીન્દ્રિય, એવું જેનું દરેક આત્માનું વાસ્તવિક સ્વરૂપ અને સ્વભાવ જ આ છે. એને ન બેસે એટલે કંઈ વસ્તુ વઈ જાય છે? આહાહા..! ઉપરટપકે જોનારા એ રાગને અને પર્યાયને જોવે છે. આહાહા..! પાણીમાં ઉપર તેલના ટપકા પડ્યા હોય, તેલના બિંદુ, એને જોનારા તેલને જોવે છે પણ પાણીનું દળ છે એને જોતા નથી. એ પાણીના દળમાં તો તેલના ટીપાએ પ્રવેશ પણ કર્યો નથી. આહાહા..! એમ ભગવાન આત્મા અંતર જ્ઞાન ને આનંદમય, પાણી જેમ છે, એમ આનંદમય સ્વભાવ જેનો છે. એમાં શરીર, વાણી, મન તો ઉપર ઉપર ટપકે (છે). ક્યાંય આ તો જડ, માટી ધૂળ છે. પણ એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, વિષયભોગ વાસના, એ બધા વિકારો ઉપર ઉપર છે, અંદરમાં નથી. એના સ્વભાવમાં નથી. આહાહા..!

નીકળી જાય એ એનો સ્વભાવ નહિ, રહે એ એનો સ્વભાવ. શુભ અને અશુભભાવ તો નીકળી જાય છે. સિદ્ધભગવાન થાય એને એ હોતા નથી. એનો સ્વભાવ જે છે જ્ઞાન, આનંદ તે રહી જાય છે. આહાહા..! આહાહા..! આવો ધર્મનો ઉપદેશ. આવી વાત છે. વીતરાગમાર્ગ, બાપુ! વીતરાગ જિનેશ્વર એમ ફરમાવે છે, તું પણ જિન છો ને, નાથ! આહાહા..! તારો સ્વભાવ, કીધું ને, '**स आत्मस्वभावः**' તારું સ્વરૂપ જ ભગવાન, તું પરમાત્મસ્વરૂપ જ અંદર છો. અરે! કેમ બેસે? એમ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ એની દિવ્યધ્વનિમાં અવાજ-ઉપદેશમાં વાણીમાં એ આવ્યું (કે) તું આત્મસ્વભાવ છો, પ્રભુ! જેમ મને પૂર્ણ પ્રગટ દશા થયેલી છે, એવો જ તારો અંદર પૂર્ણ સ્વભાવ છે. મારા સ્વભાવમાં અને તારા સ્વભાવમાં જરીયે આંતરો નથી. આહાહા..! સમજાણું કાંઈ? છેલ્લા શબ્દમાં એમ કહે છે. વ્યક્તરૂપે પ્રગટ દશા મને થઈ, અરિહંતપદ કેવળજ્ઞાન, પરમઆનંદ, પણ પ્રભુ! તું તે જ છો, તેવો જ છો, મારાથી કમી અને ઓછો નહિ. આહાહા..! ભાઈ! તારા સામર્થ્યની તને ખબર નથી. ભગવાન તને ભગવાન તરીકે બોલાવે છે. આહાહા..! તારા અંતરના સ્વભાવનું સામર્થ્ય શું છે, એની તને ખબરું નથી. અને ખબરું વિના ધર્મ ક્યાંય થઈ જાય, ત્રણકાલમાં થાતો નથી. આહાહા..! કહો, રાયચંદભાઈ! શું આ પૈસાની કિંમત છે કે શેની આ કિંમત છે આ બધી? આહાહા..! કરોડો, અબજો રૂપિયા આપે દાનમાં, તો કહે છે કે રાગ જો ઘટાડે કદાચિત્ તો પુણ્ય થાય, ધર્મ નહિ. આહાહા..! કેમકે ધર્મ તો જ્ઞાન, આનંદ તો આત્માના સ્વભાવમાં પડેલો છે. એની દૃષ્ટિ ને રુચિ ને એને ઝીલે, વર્તમાન દશામાં પરમાત્માને ઝીલે, પરમાત્મસ્વરૂપ મારું એવી દૃષ્ટિ પોતે કબુલે. આહાહા...! એ આ સમ્યગ્દૃષ્ટિ, સમકિત. સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ એટલે સત્ય દૃષ્ટિ. સત્ય દૃષ્ટિ એટલે જે પૂર્ણ જ્ઞાન ને આનંદમય પરમસત્ય, સત્યસ્વરૂપ છે, છતો પદાર્થ છે, ભૂતાર્થ વસ્તુ છે, યથાર્થ ચીજ છે, એવો આત્મસ્વભાવ જેવો સર્વજ્ઞ પરમાત્માને પ્રગટ્યો, એવો જ તારામાં છે. આહાહા..! એવા સત્યને સત્યદૃષ્ટિએ કબુલે, આહાહા..! ત્યારે તો એને ધર્મની પહેલી એકડાની શરૂઆત થાય. આહાહા..! હજી ચારિત્ર ને એ તો ક્યાંય રહી ગયા. સમજાણું કાંઈ?

ભાવાર્થઃ- '**સંસાર અવસ્થામેં નિશ્ચયનયકર...**' સંસારદશામાં નિશ્ચય નામ સત્ય, સાચી, સત્ય દૃષ્ટિથી જોઈએ તો સંસારદશામાં પણ જીવો જે અનંત છે. આહાહા..! લસણની એક કળીમાં અનંતજીવ. ડુંગળીની એક કળીમાં, એક કણીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતજીવ, એ બધા જીવ ભગવાનસ્વરૂપે છે. આહા..! કોણ માને? એ અહીં કહે છે. શક્તિરૂપે ભગવાનસ્વરૂપ જ છે. વ્યક્તરૂપે એનલાર્જ નથી. એનલાર્જ સર્વજ્ઞ થાય એને થાય. આહાહા..! આ નાનું ચિત્ર હોય છે ને? પછી લોકો એનલાર્જ કરે છે ને? એમ આ ભગવાન આત્મા દરેક અનંત, આહાહા..! સંસારદશામાં નિશ્ચય એટલે સાચી દૃષ્ટિથી જોઈએ તો '**શક્તિરૂપ બિરાજમાન હૈ,...**' આહાહા..! ગાથા બહુ સરસ છે. આહાહા..!

તારે જ્યાં દૃષ્ટિ દેવી છે તે ભગવાન પૂર્ણાનંદ અંદર પડ્યો છે, કહે છે. આહાહા..! તારે જ્યાં પરમ સત્ય વસ્તુ છે તેનો સ્વીકાર કરવો છે એ પરમ સત્ય અંદર બિરાજે છે. આહાહા..! એ ક્યાં જાય? કોને જોવે? ક્યાં નવરાશ ન મળે. આહાહા..! ભાઈ! તારે સત્ય કબુલવું હોય, સમ્યગ્દર્શન, સમ્યક્ એટલે સત્યદૃષ્ટિ, સત્યદૃષ્ટિ, સત્ય સમ્યક્ દેખવું. એ સમ્યગ્દર્શન અને સમ્યક્ દેખવું હોય તો એ ભગવાન પૂર્ણઆનંદ અને જ્ઞાનથી ભરેલો પદાર્થ છે ઈ સત્ય છે, એનો સ્વીકાર કર અને એની સન્મુખમાં જા. આહાહા..! આવી વાત. ઓલા તો ઈચ્છામી પડિકમણા.. થઈ ગયું, જાઓ! સામાયિક થઈ ગઈ, લ્યો. ભાઈ! સામાયિકના મોઢા મોટા છે, બાપુ! આહાહા..!

જે પરમાનંદના નાથને, કેવળજ્ઞાનમય પ્રભુને દૃષ્ટિ, સત્યની દૃષ્ટિએ સત્યને સ્વીકાર અને પછી આનંદમાં લીન થાય, અતીન્દ્રિય આનંદ શક્તિરૂપે છે તે વ્યક્તરૂપે અતીન્દ્રિય આનંદ આવે ત્યારે એને સામાયિક કહેવામાં આવે છે. વીતરાગદેવ એને સામાયિક કહે છે. આ તો કાંઈ ઠેકાણા ન મળે ને ખબરું ન મળે. વેઠ કરી બે ઘડી બેસીને ચાલી નીકળ્યા, જાઓ! દુકાને જાવું પહેલું.

કહે છે, સંસારદશામાં દ્રવ્ય તો દ્રવ્ય છે. એની સંસાર અવસ્થામાં એમ કહે છે. આ જીવની સંસારપર્યાયમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષની આદિની દશાને કાળે, પણ... આહાહા..! નિશ્ચય એટલે સત્યદૃષ્ટિથી જોઈએ તો જેવું એનું વાસ્તવિક સ્વરૂપ છે તે રીતે દૃષ્ટિથી જોઈએ તો શક્તિરૂપે બિરાજમાન છે. શક્તિરૂપે ભગવાન જિનસ્વરૂપે બિરાજમાન છે. આહાહા..! 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યે હી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ' ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વર કેવળી તીર્થંકર, એની વાણીનો સાર જાણવો હોય તો આ છે, કહે છે. આહાહા..! 'જિન સો હી હૈ આત્મા...' જિન સો હી આત્મા, અન્ય કર્મ. પુણ્ય અને પાપ આદિ બધું બીજી ચીજ છે, આત્મા નહિ. આહાહા..! એ કહે છે, શક્તિરૂપે બિરાજમાન છે.

'**ઈસલિયે સંસારીકો શક્તિરૂપ જિન કહતે હૈં,...**' જુઓ! સંસાર અવસ્થામાં પણ એની શક્તિ—સામર્થ્ય છે. લીંડીપીપરની અવસ્થામાં તીખાશ થોડી હોય અને રંગે કાળી હોય, પણ તે કાળે પણ એની શક્તિ છે એ ચોસઠ પહોરી તીખાશ અંદર ભરી છે. ચોસઠ પહોરી એટલે રૂપિયો. ચોસઠ પૈસા, સોળ આના, રૂપિયો. આટલી પીપરમાં સોળ આના, રૂપિયો ચોસઠ પહોરી તીખાશ, તીખો રસ

અને લીલો રંગ અંદર પડ્યો છે. એમ આ સંસાર વિકારી દશાના કાળમાં પણ ભગવાનઆત્મામાં, આહાહા..! શક્તિરૂપે પરમાત્મા બિરાજે છે, કહે છે. આહા..! આવી વાત કરવી.

છતી વસ્તુ છે તેને એણે અછતી કરી છે અને એક સમયની પર્યાય અને રાગ એ અછતી નાશવાન છે. એને એણે છતી ને નિત્ય બનાવી છે. ચીમનભાઈ! આહાહા..! ભગવાન! માર્ગ આવો છે. તીર્થંકર અરિહંત પરમેશ્વર સત્યને આ રીતે ફરમાવે છે. લોકોને બિચારાને મળતું નથી. કાને સાચી વાત પડતી નથી. એમ ને એમ જિંદગીયું ચાલી જાય છે. આહાહા..!

અહીં કહે છે, શક્તિરૂપે સર્વ '**સંસારીકો જિન કહતે હૈં,...**' એને જિન કહીએ. ચોસઠ પહોરી તીખા રસવાળી લીંડીપીપર, ભલે બહાર ચોસઠ પહોરી ન આવી હોય પણ અંદરમાં ચોસઠ પહોરી શક્તિ તો છે. ચોસઠ એટલે રૂપિયો, સોળ આના. એમ આત્મામાં બહારમાં અજ્ઞાનીને રાગ, દ્વેષ અને મિથ્યા ભ્રાંતિ હો પણ અંદર શક્તિમાં તો પૂર્ણઆનંદ ને પૂર્ણજ્ઞાનરૂપી શક્તિ પડી છે. આહાહા..! દિશા પલટવાની વાતું છે આ તો, બાપુ! જે દશા પર ઉપર વળેલી છે, રાગ ને દ્વેષ ને દયા ને દાન ને વ્રત ને ભક્તિ એ બધી બહારની વાતું. એ દશાને અંતરમાં વાળ, પ્રભુ બિરાજે છે અંદર. આહાહા..! અરિહંતપદ તારામાં ભરેલું છે. સિદ્ધપદ તારામાં ભરેલું છે. પાંચે પદ તારા સ્વરૂપમાં છે. આહાહા..!

'**સંસારીકો શક્તિરૂપ જિન કહતે હૈં, ઔર કેવલીકો વ્યક્તિરૂપ કહતે હૈં.** ' અરિહંત પરમાત્મા પ્રગટ થયા એ વ્યક્તિ એટલે પ્રગટ દશા થઈ અને બીજા બધા છે એ અંદર શક્તિરૂપે ભગવાન છે. આહાહા..! વાત તો બહુ મીઠી છે. અરે! કોઈને સાંભળવા મળે નહિ આવી વાત. અરે! એને જીવનમાં જાવું ક્યાં? મનુષ્યપણા મળ્યા હોય, ભલે પાંચ-પચીસ લાખ રૂપિયા ધૂળ મળી હોય. આહાહા..! એ સત્યને આ રીતે સમજ્યા વિના, સાંભળવા મળે એ સમજે ક્યારે? એ મરીને ઢોરમાં પશુમાં જવાના. માણસપણું ગુમાવી ઢોરમાં જાશે. એમ પરમાત્માનું ફરમાન છે. જેવી સત્ય વસ્તુ છે એવી ન માનતા એણે આડોડાઈ બહુ કરી છે. એ રાગ છે ને પુણ્ય છે ને એ હું છું ને મને લાભ છે, અલ્પજ્ઞ છું અને એ જ મારું સ્વરૂપ છે. એ આડોડાઈમાં મરીને આડા તિર્યંચ થાશે. માણસ ઉભા છે. ગાય, ભેંસ, ઢોર. ખીસકોલી, નોળ, કોળ આમ આડા છે. વાણિયા માંસ, દારૂ ખાતા ન હોય એટલે નરકે તો ન જાય. આહા..! એવી વાતું છે.

અહીં પરમાત્મા એમ કહે છે કે, પરમાત્મા હું છું, તેવો જ તારો સ્વભાવ અંદર પરમાત્મા છે. આહાહા..! સર્વ જીવોનો. લસણ, ડુંગળીના જીવો પણ પરમાત્મા શક્તિએ છે. કેમ બેસે? હજી તો એને જીવ છે કે નહિ માનવું મુશ્કેલ પડે. એક ફેરી કહ્યું નહોતું? કારણ કે એણે મનુષ્યપણું પામીને કે ઢોરપણું પામીને આત્માને આળ બહુ આપેલા. આળ આપેલા. એટલે? ઈ મોટો નહિ. હું તો પુણ્યવાળો છું ને પાપવાળો છું ને મૂર્ખ છું, પંડિત છું, તિર્યંચ છું ને માણસ છું ને.. એવી જે માન્યતા જીવની એની હતી, આહાહા..! એ માન્યતાએ એને ત્યાં રોકી રાખ્યો. અંદર વસ્તુસ્વરૂપ છે ત્યાં જવા ન દીધો. આહાહા..! અવતાર થાય. પશુ થાય બિચારા. આહાહા..! આત્મા ક્યાં નાશ થાય એવો છે. અહીં મોટા કરોડોપતિ શેઠિયા દેખાતા હોય. દસ-દસ લાખની પેદાશ. અરે! દેહ છૂટીને ભાઈ! જેને

આવો આત્મા શું છે એની ખબરું ન મળે, એની શક્તિના સામર્થ્યની પ્રતીતિ ન મળે અને અલ્પજ્ઞ ને રાગ ને એના ફળ તરીકે, પુણ્ય તરીકે ધૂળ મળે, પાંચ-પચીસ લાખ પુણ્યના ફળની એની કિંમત. કાંઈક હું વધ્યો છું. માંગીલાલજી! આ બધાને લાગુ પડતું હશે કે નહિ? જુવાન, વૃદ્ધ બધાને.

જેવા અમે એવો તું. આહાહા..! કીધું ને? '**સંસારીકો શક્તિરૂપ જિન કહતે હૈં,...**' છે? '**કેવલીકો વ્યક્તિરૂપ કહતે હૈં. દ્રવ્યાર્થિકનયકર જૈસે ભગવાન હૈં,...**' જુઓ! શું કહે છે! જુઓ હવે. દ્રવ્ય એટલે વસ્તુ, શક્તિ ત્રિકાળી. ત્રિકાળી શક્તિની દૃષ્ટિથી જોઈએ તો, વર્તમાન અવસ્થા અને રાગની દૃષ્ટિથી ન જોઈએ તો, આહાહા..! સમજાય એવું છે, હોં! ન સમજાય એવું નથી. ભાષા તો બહુ સાદી છે, ભાવ ભલે ઊંચા હોય. પણ આ તો વસ્તુ છે. ભગવાન ત્રણલોકના નાથ કેવળી જિનેશ્વર એમ ફરમાવે છે, ભાઈ! આહાહા..! ઓલા લોકોને મળે નહિ. બિચારા.. ઈરિયા.. તસ્સ મિચ્છામી દુક્કડમ્. જાઓ, થઈ ગયું. તસ્સૂતરી કરણેન.. થઈ ગઈ સામાયિક. અરે! ભગવાન! બાપુ! એ કાંઈ ધર્મ પણ નથી અને એ સામાયિક પણ નથી. તને ખબર નથી, ભાઈ! એ તો બધી રાગની ક્રિયાઓ છે. એમાં તું માને છો તો એમાં મિથ્યાભ્રાંતિ છે. આહાહા..!

અહીં તો કહે છે, કેવળજ્ઞાન. દ્રવ્યાર્થિકનય એટલે? દ્રવ્ય એટલે વસ્તુ. એનો અર્થ એટલે પ્રયોજન. જે જ્ઞાનનું પ્રયોજન ત્રિકાળી વસ્તુને જોવાનું છે, જે જ્ઞાનની દશાને ત્રિકાળી વસ્તુ જોવાની છે, તે નયથી જુઓ તો '**જૈસે ભગવાન હૈં, વૈસે સબ જીવ હૈં,...**' આહાહા..! 'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય' આવે છે ને? શ્રીમદ્‌માં આવે છે. આત્મસિદ્ધિ સર્વ જીવ છે સિદ્ધસમ. પરમાત્મશક્તિએ પડ્યો છે, બાપુ! તને ખબર નથી. આહાહા..! છે?

દ્રવ્યાર્થિક એટલે દ્રવ્ય એટલે વસ્તુ. વસ્તુનો સ્વભાવ. અસલી કાયમી ચીજ. એ કાયમી ચીજને જોનારી દૃષ્ટિથી જો કહીએ તો જેવા ભગવાન કેવળી છે, '**વૈસે હી સબ જીવ હૈં,...**' આહાહા..! એ તો પર્યાયમાં, અવસ્સ્થમાં, હાલતમાં ફેર છે. વસ્તુ તો વસ્તુ છે. 'ઈસ તરહ **નિશ્ચયનયકર જીવકો પરમબ્રહ્મ કહો,...**' એ રીતે સાચી, નિશ્ચય એટલે સત્ય. સત્ય દૃષ્ટિથી જો જોઈએ તો જીવને પરમબ્રહ્મ કહો, એ પરમબ્રહ્મ આત્મા છે. પરમબ્રહ્મ કોઈ બીજો ઈશ્વર કર્તા છે, એ કોઈ નથી. '**પરમશિવ કહો, જિતને ભગવાન કે નામ હૈં, ઉતને હી નિશ્ચયનયકર વિચારો તો...** ' આહાહા..! જેટલા પરમાત્માના અનંત નામ પડે છે. કેવળી તીર્થંકરને. આદિપુરાણમાં હજાર નામ તો આપ્યા છે. ઈન્દ્ર જ્યારે સમવસરણમાં પરમાત્માની પ્રભુની સ્તુતિ કરે છે (ત્યારે) હજાર નામે બોલાવે છે, હજાર નામે. એક હજાર નામ છે. અરિહંત પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. ઈન્દ્રો ત્યાં જાય છે. સીમંધર ભગવાન મનુષ્યપણે બિરાજે છે. હજાર નામ. પણ કહે છે કે અનંત નામ હોય, હજાર શું? જેટલા ભગવાનના તેટલા '**નિશ્ચયનયકર વિચારો તો સબ જીવોંકે હૈં,...**' આહાહા..! '**સભી જીવ જિનસમાન હૈં,...**' ભારે ગાથા, ભાઈ! '**ઔર જિનરાજ ભી જીવોંકે સમાન હૈં,..**' '**સભી જીવ જિનસમાન હૈં ઔર જિનરાજ ભી જીવોંકે સમાન હૈં,...** ' પરસ્પર '**ઐસા જાનના.**' વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, વૈશાખ વદ ૧૧, શુક્રવાર
## તા. ૧૩-૦૫-૧૯૭૭, ગાથા-૧૯૭ થી ૧૯૯, પ્રવચન નં. ૨૩૭

પરમાત્મપ્રકાશ ૧૯૭-ગાથા. 'ઇસ તરહ **નિશ્ચયનયકર જીવકો પરબ્રહ્મ કહો,...**' શું કહે છે? નિશ્ચય એટલે સત્યદૃષ્ટિથી જુઓ તો દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા..! જીવ અને જિનવરમાં ફેર નથી.

શ્રોતા : કઈ અપેક્ષાએ?

ઉત્તર :- વસ્તુ-વસ્તુ. વસ્તુ છે કે અવસ્તુ છે? પરમાત્મસ્વરૂપ જ છે. ચાહે તો એકેન્દ્રિય હોય કે ચાહે તો પંચેન્દ્રિય હોય, મનુષ્ય હો કે દેવ હો. એ તો પર્યાયમાં ફેર છે. સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ તો પર્યાય છે. વસ્તુ તરીકે તો મુક્તસ્વરૂપ જ છે. આહાહા..! જેની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસી અને જેની દૃષ્ટિ દ્રવ્યવસ્તુ ઉપર થઈ છે, વસ્તુ-વસ્તુ, આત્મા પદાર્થ, એ તો પોતાને પરમાત્મસ્વરૂપ જોવે છે. એ દૃષ્ટિએ દ્રવ્યાર્થિકનયે દરેક જીવો જિન સમાન છે એમ દેખે છે. આહાહા..! વસ્તુમાં કાંઈ ફેર નથી. એ કહે છે ને?

'**નિશ્ચયનયકર વિચારો...**' નિશ્ચય એટલે સત્યદૃષ્ટિ. વસ્તુના વાસ્તવિક સત્ય સ્વરૂપથી જુઓ તો '**સબ જીવોંકે હૈં, સભી જીવ જિન સમાન હૈં,...**' આહાહા..! બધા જીવો જિન સમાન છે. આ સમભાવ થવાની વિધિ છે. આહાહા..! '**ઔર જિનરાજ ભી જીવોંકે સમાન હૈં,...**' જિનરાજની પર્યાયમાં પ્રગટ દશા થઈ છે. પણ એ દશા પ્રગટ થઈ ક્યાંથી? હતી એમાંથી. એ તો હતો એ જિનરાજ સ્વભાવ છે. જે સ્વભાવ છે એ જિનસ્વભાવ છે એનો. '**ઐસા જાનના**' કાલે અહીં સુધી આવ્યું હતું.

'**ઐસા દૂસરી જગહ ભી કહા હૈ.**' એ ષટ્ પ્રાભૃતની ટીકા છે. ૩૪૨ પાનું. ટીકા છે ને ષટ્ પ્રાભૃતની? પૃષ્ઠ-૩૪૨. ષટ્પ્રાભૃત. અષ્ટપ્રાભૃત નહિ. અષ્ટપ્રાભૃત માં ટીકા નથી. ષટ્પ્રાભૃતની ટીકા છે ને આ? ષટ્પ્રાભૃતની. આઠની ટીકા નથી કાંઈ. ૩૪૨ પાને આ ગાથા ત્યાં મૂકી છે. શું (કહે છે)? '**સમ્યગ્દૃષ્ટિ...**' આહાહા..! સત્યદૃષ્ટિ. જેનો સ્વભાવ જિનવર જેવો એવો જીવનો સ્વભાવ, એવો જેણે દૃષ્ટિમાં લીધો છે એ સત્યદૃષ્ટિ (છે). આહાહા..! '**જિનરાજ ભી જીવોંકે સમાન હૈં, ઐસા જાનના.**' '**સમ્યગ્દૃષ્ટિ જીવોંકો જિનવર જાને,...**' સમ્યગ્દૃષ્ટિ. એટલી વાત. '**સમ્યગ્દૃષ્ટિ જીવોંકો જિનવર જાને,...**' એમ લેવું. આહાહા..! સમ્યક્સત્યદૃષ્ટિ એ જીવોને જિનવર જાણે.

'**ઔર જિનેશ્વરકો જીવ જાને,...**' સમ્યગ્દૃષ્ટિ ત્યાં લેવું. પાઠમાં છે ને એ? '**जीव जिणवर जो मुणइ जिणवर जीव मुणेइ। सो समभावि परिट्ठयउ लहु णिव्वाणु लहेइ।।**' ટીકા છે. આહાહા..! જે છતી ચીજ છે એને અનાદિથી અછતી કરી છે. અને જે આ પુણ્ય-પાપ, શરીર ને રાગ

ને અલ્પજ્ઞપણું એ કાંઈ ત્રિકાળ નથી, છતું ત્રિકાળ નથી, એ અછતાને છતું માન્યું છે. આહાહા..! અને છતી ચીજને એણે અછતી માની છે. છતી એટલે ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છતી ચીજ છે, મહાસત્તા સ્વરૂપ છે, મહા હોવાપણે છે, અનંતચતુષ્ટયપણે, સ્વભાવપણે-શક્તિપણે ત્રિકાળ છે. આહાહા..! મુખ્ય ચતુષ્ટય, હોં! અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય. એ અનંત ચતુષ્ટયપણે તો ત્રિકાળ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

'સમ્યગ્દૃષ્ટિ...' એમ લેવું. એ ગાથા.. એણે પણ ક્યાંકથી આધાર આપ્યો છે. ટીકામાં પણ ક્યાંકથી આધાર આપ્યો છે. 'ઉક્તં' છે એમ કહીને. તેં મગાવ્યું હતું ને? સેઠીએ મગાવ્યું હતું. આહાહા..! **'સમ્યગ્દૃષ્ટિ જીવોંકો જિનવર જાને,...'** બધા જીવને જિનવર જાણે. આહાહા..! **'ઔર જિનેશ્વરકો જીવ જાને,...'** આહાહા..! જિનવરને જીવ જાણે. **'જો જીવોંકી જાતિ હૈ, વહી જિનવરકી જાતિ હૈ,...'** આહાહા..! કેટલી વિશાળ દૃષ્ટિ છે! જેને આ વાત બેસે એને તો પર્યાયબુદ્ધિ ઊડી જાય. આહાહા..! સમજાણું કાંઈ? અત્યારે વાતું તો કરનારા ઘણા નીકળ્યા છે. અહીંની વાતું નીકળી, શાસ્ત્ર લખાણા, વાંચી વાંચીને ઘણા (નીકળ્યા) પણ અંદરમાં એને બેસવું (જોઈએ). આહાહા..!

કાલે રાડ આવી છે ડાહ્યાભાઈની. રામજીભાઈ ઉપર. કે વાંચનારાઓ પૈસા લે છે એ લોકો વાંચવાને લાયક નથી. એ તો ઘણા વખતથી મેં પણ એકવાર કહ્યું હતું. એ તો એક રળવાની રીત કીધી. એ કાંઈ ધર્મની વ્યાખ્યા નથી. પૈસા લે છે ને. વાંચવાના પૈસા લે. આહાહા..! એ લોકોએ વાંચવાનું બંધ કરી દેવું જોઈએ. જે લોકો પૈસા લે છે એ લોકો વાંચવાને લાયક નથી. એણે બધે વાંચવું બંધ કરી દેવું જોઈએ. મુમુક્ષુ મંડળમાં એ વાંચી શકશે નહિ. ડાહ્યાભાઈનું કાલે બહુ આવ્યું છે. ડાહ્યાભાઈ વકીલ. એ તો નિસ્પૃહી માણસ છે ને.

શ્રોતા : જજ.

ઉત્તર :- જજ જજ. રામજીભાઈ ઉપર આવ્યું છે. પછી મને ભાઈએ વંચાવ્યું. ચંદુભાઈએ. આપણને કાંઈ ખબર નહિ કે પૈસા લે છે. પણ માળા પૈસા લે છે ખાનગી. વળી પાછું કહે એવી રીતે કે ફલાણે ગયો હતો ત્યાં મને આમ આપ્યું હતું અને આપે છે. એમ કરીને માગે. એ તો મોટો માગણ છે. ફલાણે ગયા તો મને આમ આપ્યું હતું, ફલાણે ગયા તો મને આમ આપ્યું હતું. એટલે શું કે તમે પણ આપો. રાડ મોટી આવી છે. રાડ કાલ. એવા જીવો વ્યાખ્યાન વાંચવાને લાયક નથી. પોતે ધર્મ સમજવાને લાયક નથી, તેમ વાંચવાને લાયક નથી. એટલું સમજવું.

શ્રોતા : ઘણું સમજવાનું આપ કહો તો કેટલું અમારે સમજવું?

ઉત્તર :- અહીં જ્યાં આવી વાત ચાલે. આહાહા..! એ પછી રળવાની રીત કરી નાખી. મહિનો-બે મહિના વાંચે, પંદર દિ' વાંચે ક્યાંક અને પૈસા લે. આમ પૈસા ભલે માગે નહિ પણ એ માગવાની રીત જ ઈ છે. અમને ફલાણે આપ્યા હતા, બીજે ઠેકાણે આમ આપ્યા હતા. એ તો માગણ છે, ભિખારી છે. એ ધર્મને લાયક નથી, એ વાંચવાને લાયક નથી. અત્યારથી મંડળમાં જાહેર થાય છે, એવા

જીવોએ વ્યાખ્યાન બંધ કરવું, ક્યાંય જઈને વાંચવું નહિ. અહીંના રામજીભાઈના ઓલા વિના. રામજીભાઈને પૂછીને અહીંથી જે દસલક્ષણી પર્વમાં જાય છે એ અહીં પૂછીને જાય છે. લખે એને. એ સિવાય આડા અવળા દિવસે જ્યાં ત્યાં વાંચવું અને પૈસા લેવા એની બહાર બહુ નિંદા થઈ છે. બહાર કાલે બહુ નિંદા આવી છે. સમાજમાં, મંડળમાં .. બહુ થઈ છે. સમજાણું?

શ્રોતા : સાંભળે તો લાભ થાય છે.

ઉત્તર :- પણ આ જે પૈસા લે છે એમાં લાભ ક્યાંથી? એને આપ્યા એની પાસે લાભ જ ન હોય.

શ્રોતા : બીજાઓ સાંભળનારને લાભ થાય.

ઉત્તર :- એને શું લાભ થાય? કહેનાર જ ખોટો છે ત્યાં. પૈસાના લોભે તો વાંચે છે. એય! કાંતિભાઈ! એમ અહીં ચાલે એવું નથી તમારું વેપારીપણું. અંદર એવું ન ચાલે. અને જે પૈસા લે છે એ તો જરીએ લાયક જ નથી. એના સાટુ થાય કે હું અહીં કાંઈક ધર્મ કરું અને બતાવું.

શ્રોતા : મંડળવાળા ભેટ આપે એ રાખવી કે ન રાખવી.

ઉત્તર :- પણ એ ભેટમાં લોભ થાય છે. એ ભેટમાં એમ થાય કે આણે આપ્યું પછી બીજાને એમ કહે કે મને આણે આપ્યું હતું. એમ કરીને પૈસા માગે. અને ખરેખર હજારો રૂપિયા લે છે એમ કીધું હતું. તમારે માથે આ બધું આવ્યું છે. કાલે નિંદાનું આવ્યું બહુ. નામ-ઠામ નથી આપતા. બાકી ખબર છે બધાની. બે-બે હજાર રૂપિયા લે વાંચીને. એ શું? એ તે કાંઈ લાયકાત લૌકિક સજ્જનતાની નથી. સમજાણું કાંઈ? કાલે મને ભાઈએ વંચાવ્યું. ચંદુભાઈએ કાગળ. હજી બીજુ એને ઘણું કહેવું છે અંદર. તમારા મનેજમેન્ટ માટે પણ કાંઈક કહેવું છે. મેનેજમેન્ટ શું કહેવાય ભાઈ એ?

શ્રોતા : વહીવટ. મેનેજમેન્ટ અંગ્રેજી શબ્દ છે, વહીવટ ગુજરાતી.

ઉત્તર :- વહીવટ હશે ભાઈ. એવી ભાષા આપણે બહુ જાણીએ નહિ. એમાં લખ્યું છે જરી. મારે જે કહેવું છે હું રૂબરૂમાં કહીશ. આ તો ખાસ લખું છું રામજીભાઈને. કારણ કે એ પોતે વાંચવા જાય છે ને. એ તો નિઃસ્પૃહી માણસ છે. એને કાંઈ લેવાની વાત નહિ. અને બીજાએ તો આ એક રળવાનો ધંધો માંડ્યો. બીજી નોકરી-ધંધો કરતા આ એક રળવાનો ધંધો માંડ્યો. પૈસા લેવા અને વાંચવું. આહાહા..! એ માણસ તો ખરેખર એની પાસે સાંભળવાને પણ લાયક નથી. એની પાસે સાંભળવું ન જોઈએ. મંડળે એવો નિર્ણય કરી લેવો જોઈએ. કાલે આવ્યું બહુ ત્યારે વાત જરી. બાબુભાઈ જેવા વાંચે. એ માણસ ... એક કોર લાલચંદભાઈ, પ્રવીણભાઈ એક છે અહીં આપણે. રાજકોટ. કેવા હોંશિયાર! કેટલું મગજ. ટાઢા માણસ. એક ચંદુભાઈ ડોક્ટર.

શ્રોતા : શશીભાઈ

ઉત્તર :- અમારા શશીભાઈ. સાચી વાત છે.

શ્રોતા : ખીમચંદભાઈ.

ઉત્તર :- એવા તો ઘણાય છે.

પૈસા લેવાનું ન હોય કદાચિત્ છતાં માન માટે કરે તોપણ એ લાયક નથી. લેવાનો પ્રશ્ન પછી છે.

એને માન ગોઠે છે. અમે તો બધાને ઘણા જોયા છે ને. કાંઈ નામ ફાડીને ન કહેવાય, બાપા! પણ આ તો કાલે આવ્યું છે એટલે હવે જરી, એને વાંચીને પોતાને માન ગોઠે છે. ખુશી થાય છે કે આ.. એ પણ લાયક નથી. માન શેનું? બાપા! આહાહા..! જ્યાં આખો વીતરાગમાર્ગ, વિકલ્પને મારી નાખવો છે જ્યાં. આહાહા..! બાપુ! અનંતસાગર જિનરાજસ્વરૂપ પ્રભુ અંદર (બિરાજે છે). આહાહા..!

અમૃતનો સાગર જ્યાં ઉછળે છે એની પાસે જાવું છે, બાપુ! એમાં બહુ પાત્રતા જોઈએ, ભાઈ! એ વાતે વડા નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? પંડિતજી! કાલે આવ્યું એટલે વિચાર આવ્યા બહુ. કાલે આપણને તો કાંઈ ખબર પણ નથી એવા વિષયની. આપણે પડતા પણ નથી પણ ભાઈનું આવ્યું કે આ બધા મુંબઈમાં વાંચે છે એ પૈસા લે છે, એ બધી નિંદા થાય છે, સમાજમાં અવહેલના થાય છે. આવા વાંચનારાઓ પોતે વાંચવાને લાયક નથી એ વાંચીને જગત પાસેથી પૈસા લે. આહાહા..! શું કાંતિભાઈ! એમ છે. ત્યાં ધંધો કરવો અને ત્યાં સાંભળવું. બે કામ કરવા ને એની સાથે. અને અહીં તો ધંધો છોડીને આવવું પડે. શાંતિભાઈ! ત્યાં તો ધંધો પણ ચાલે અને કલાક સાંભળવાનું મળે. બેય કામ થાય. આહાહા..!

એક જણો તો કહેતો હતો કે હવે તો તળાવે પાણી પીવા આવવું હોય એ આવશે. જેને ગરજ હશે એ આવશે. એમ કહેતો હતો એક જણો. ઘણા કહે છે. રામજીભાઈ તો ઘણા વખતથી કહે છે. બહાર નીકળવું નહિ. આવવું હશે એ આવશે, જેને ગરજ હશે એ. ભાઈ! આ ક્યાં બાપા! આ વસ્તુ તો.. શરીરની સ્થિતિ... આહાહા..! આ તો ભાઈ જજનો કાગળ બહુ ઓલો આવ્યો છે. શું કહેવાય?

શ્રોતા : વાંચનારને કમાવું ન જોઈએ.

ઉત્તર :- વાંચનારને માન ન જોઈએ, પૈસો ન જોઈએ. ફક્ત નિઃસ્પૃહપણે.. ઓલામાં આવ્યું છે. આ નથી ઓલી સ્તુતિ? ઓલી સ્તુતિ બનારસીદાસની. બનારસીદાસની સ્તુતિ છે ને? એમાં એ આવ્યું છે. 'જિનવાણી જિનવાણી સુનહી જે જીવ, જે આગમ રુચિ ધરે જે પ્રતીતિ મનમા આણી, અવધારે જે પુરુષ સમર્થ પદ અર્થ જાનહિ, જે હિત હેતુ બનારસી દેઈ ધર્મ ઉપદેશ.' હિતને હેતુ. કોઈ કામ ન હોય બીજું. આ બનારસીદાસ (કહે છે). 'જે હિત હેતુ બનારસી દેઈ ધર્મ ઉપદેશ, તે સબ પાવહી પરમ સુખ .. સંસાર ક્લેશ.' આહાહા..!

અહીં તો બે વર્ષની દીક્ષાએ લોકો રાડું પાડતા. બે વર્ષની દીક્ષાએ. (સંવત) ૧૯૭૦માં દીક્ષા. ૧૯૭૨થી રાડું પાડતા. કાનજીસ્વામી વાંચે... કાનજીસ્વામી વાંચે.. કાનજીમુનિ વાંચે. એકવાર ગુરુએ કહ્યું. બહુ શાંત ગુરુ હતા. સંપ્રદાયની દૃષ્ટિમાં એના જેવા (કોઈ દેખાતા નહોતા) લૌકિક સજ્જન બહુ. ધર્મ દૃષ્ટિ તો હતી જ નહિ, એ તો ખોટું. આમ સજ્જન બહુ માણસ. એકવાર કહ્યું. બહુ લોકો કહે કાનજીમુનિ વાંચે... કાનજીમુનિ વાંચે.. મહારાજે કહ્યું, ભાઈ! આ લોકો રાડું પાડે છે કે વાંચે. આ તમે વાંચતા નથી. તને વાંચતા એમ થશે કે એકલા બેસતા વાંચતા મને લાભ થાય. પણ વાંચતા તને તર્ક ઊઠશે. ભાઈ! એમ કીધું એણે. તને તર્ક ઊઠશે અને વધારે થાશે. (મેં કહ્યું), મહારાજ! હું વાંચવા નીકળ્યો નથી. હું તો મારું કરવા નીકળ્યો છું, મહારાજ! મને વાંચવાનું કહેશો નહિ. આહાહા..!

શ્રોતા : વાંચવાનું આવી પડ્યું.

ઉત્તર :- પછી એ કુદરતી આવી પડ્યું. હીરાજી મહારાજ ગુરુ ગુજરી ગયા અને લોકો ભેગા થઈ અને કહે, હવે કાનજીમુનિથી ના નહિ પડાય. એમણે જ વાંચવું પડશે. એમના શરીરને ઠીક ન હોય ને કોઈ વાંચે પણ અત્યારે તો એ હક્ક જાવજીવ એમને આપીએ છીએ. એમ સંઘે ભેગા થઈને કહ્યું. આહાહા..! આ માથે આવી પડ્યું.

બહુ રાડ આવી છે કાલે. ભાઈએ શું નામ કીધું? ડાહ્યાભાઈ. બહુ રાડ આવી છે. પૈસા લોકો લે છે, મુંબઈમાં વાંચીને લે છે. એવાઓ વાંચવાને લાયક નથી. જ્યાં-ત્યાં તમે વાંચવાને માટે મોકલો છો. અને એ પણ વાંચે છે અને એને માનનો રસ પડે છે અને પૈસા લેવાનો. કાલે ઘણી રાડ આવી છે. એના ઉપર સુધારો ઘણો જ કરવો પડશે. આહાહા..! અને સાધારણ માણસ હોય, રળી શકતો ન હોય, ધંધો બંધ કર્યો હોય એટલે પછી કાંઈક એવે ધંધે ચડીને પૈસા ભેગા થાય. ગરીબ માણસ છું, બ્રહ્મચારી છું. એમ ધારીને લોકો આપે અને સુખેથી લે. અરે! એ તે કાંઈ વસ્તુ છે? અરે! આવો મારગ પ્રભુનો. એ વાત આ માંગણ-ભિખારી જેવી વાત. ભિખારા છે એ તો માંગણ છે. ધર્મને સાંભળવાને લાયક નથી. ઓલામાં ન કહ્યું? વ્યવહારના જે પક્ષમાં છે, માન્યતા. આ બહારનો વ્યવહાર કેટલો માન્યો. પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમાં નથી? છઠ્ઠી ગાથા. વ્યવહાર .. તે દેશનાને લાયક નથી.

શ્રોતા : '**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम्...**'

ઉત્તર :- બાપુ! મારગડા જુદા નાથ! શું થાય? આહાહા..!

એને ઠેકાણે વ્યવહારને જે માને દયા, દાન, વ્રત એ ધર્મ. એ પણ સાંભળવાને લાયક નથી. આ તો પૈસા લઈને ધર્મની વાતું કરે અને મોક્ષમાર્ગમાં તો.. ભાઈએ કહ્યું છે કે શાસ્ત્રને બહાને કરે તો શું વાંધો? એ ચલાવ્યું છે એણે. કહે ના ના. છે ને એમાં લખાણ? એવી રીતે લે તો શું વાંધો? કહે નહિ, નહિ. એ ધર્મને નામે લે અને એના લાભથી લે કે આનાથી મળશે તો એ માણસ લાયક જ નથી. સજ્જન નથી. લૌકિક લાઈન નથી. નૈતિકમાં એ જીવ લાયક નથી. એક જ વાત છે. આહાહા..! દુનિયામાં ચાલો, ન ચાલો. ઓલો કહે બહુ મારગ ચાલશે અને બહુ પ્રવચન ચાલશે. આ 'કાંતિભાઈ' જેવા એમ કહે. બહાર અમારે વાંચવાનું મળે. કાંતિભાઈ! એ.. હિંમતભાઈ! આહાહા..!

આ જુઓને વાત... આહાહા..! જીવ તે જિનવર અને જિનવર તે જીવ. પ્રભુ! અહીં સુધી જાવું છે જેને. આહાહા..! બાપુ! એની લાયકાત કેટલી જોઈએ, ભાઈ! એ ડાહ્યાભાઈ તો ઓલામાં પણ વિરુદ્ધ છે, ભાઈ! આ શું કહેવાય પૈસાના? કરવેરો. ઈન્કમટેકસ. ઈન્કમટેક્સમાં ચોરી કરે એવા પૈસા શું કહેવાય બગડા? બે નંબરના. કોણ જાણે તમારી વાતું નવી છે. અમારા વખતમાં કાંઈ હતું નહિ. સીધો ધંધો અને સીધો વેપાર. કાંઈ આડી અવળી વાત નહોતી. આ બધું પચાસ વર્ષમાં કોણ જાણે શું થઈ ગયું છે. આખો ફેરફાર થઈ ગયો છે. આહાહા..! એ પૈસા બે નંબરના હોય અને તમને દાનમાં આપે અને એના નામ બહાર પડે અને પ્રસિદ્ધિ થાય ને.. આ તે કાંઈ ધર્મને માટે લાયક છે? આવું લખાણ છે. એય! એને કર ને બીજું શું કહેવાય? દાણચોરી કરે. એવી આપણે અહીં વાતું અમારે તો

કહેવાની હોય નહિ. કારણ કે એ તો સાધારણ એવી લાયકાત તો હોય જ તે. આહાહા..!

શ્રીમદ્‌માં કહ્યું નથી? 'દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ વૈરાગ્ય હોય મુમુક્ષુ ઘટ વિશે.' એ તો મુમુક્ષુ સાધારણની લાયકાતમાં હોય. હિંમતભાઈ! છે એમાં? 'દયા, શાંતિ, ક્ષમા, સમતા,...' એને આત્માનું કામ હોય. મારે બીજું કામ શું છે? દુનિયા માને, ન માને. દુનિયા પ્રસિદ્ધિ કરે ન કરે. એની સાથે શું કામ છે? આહા..! એ કાંઈ માન.. આહાહા..! ઘરેણે મુકાવા જાય એવું છે? કે મારું બહુ માન હતું માટે અમારી ગતિ સુધરે. આહાહા..! આ તો લખાણ આવું આવ્યું. જુઓ તો ખરા. આહાહા..!

**'સમ્યગ્દૃષ્ટિ જીવોંકો જિનવર જાને,...'** આહાહા..! શ્રીમદ્‌માં પણ આવે છે ને? 'સર્વ જીવ છે સિદ્ધ સમ.' સિદ્ધ સ્વરૂપી. આહાહા..! આવી કબુલાત એને કેટલા ગઢ ઓળંગીને જાવું હોય એ જઈ શકે છે. રોકનારા ગઢના પાર ન મળે. આહાહા..! એને અહીં સુધી જાવું. આહાહા..! વાતું કરતા તો આવડે. એ તો ઓલો નથી બોલતો? શું કહેવાય આ? રેકોર્ડિંગ બોલે એમ એ બોલે. બીજું એમાં કાંઈ ન મળે. અંદરમાં પાત્રતા ન મળે અને આ બહારમાં ભાષા મોટી મોટી થાય. આહાહા..! અહીં વ્યવહારનો તો એવો ઉપદેશ અપાતો નથી એટલે જાણે કાંઈ વાંધો નહિ હોય એમ હશે?

અહીં તો એટલી લાયકાત તો એનામાં હોય જ તે, એમ જાણીને અહીં ઉપદેશ કહેવાય છે, બાપા! આવા ગોટા હોય એની તો આપણને ખબરેય નથી. એનું ધ્યાન કોણ રાખવા જાય છે. આ તો એનો કાગળ આવ્યો કાલે રામજીભાઈ ઉપર. બીજું પણ અમારે કહેવું છે પણ ત્યાં આવીને કહીશ એમ કીધું. મેનેજમેન્ટ વહીવટનો. એને કાંઈક ખામી દેખાઈ હશે. અરેરે! આહાહા..!

જ્યાં હું જિનવર જેવો છું એવા વિકલ્પને પણ જ્યાં અવકાશ નથી. આહાહા..! જ્યાં હું પરમાત્મા સ્વરૂપ શુદ્ધ (છું)... એ આપણે ત્યાં આવી ગયું છે, ભાઈ! રાજકોટ. ૧૪૪ ગાથામાં. હું નિશ્ચયથી શુદ્ધ છું, પરમાત્મા છું, અભેદ છું, અનંત આનંદનો સાગર છું એવો પણ એક વિકલ્પ ઊઠે છે તેથી શું? એમ કહ્યું છે. ત્યાં ૧૪૨ની શરૂઆત કરતા. તેથી શું? અહીં સુધી આવ્યો તેથી શું? બાપુ! કાંઈ તારા આત્માને લાભ ન મળે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં થોડુંઘણું જ્યાં આવડી જાય એટલે જાણે આભે પાટુ. ઓહો...! જાણે શીખ્યા ઘણું. બાપુ! આહાહા..!

અહીં તો કહે છે, આ વર્તમાન પર્યાયમાં અલ્પતા અને વિકારતા હોવા છતાં એને અછતી કરીને, છતી ચીજ જે છે, એ અછતી છે તેને છતી કરવી, બાપુ! એમાં પુરુષાર્થ કેટલો (જોઈ.) આહાહા..! સમજાણું કાંઈ? આ શ્લોક આપ્યો છે ભાઈએ. એ હમણા જોયું મેં, હોં! આમાં છે ને. લખ્યું હતું તે દિ'. જોયું એમાં તો એણે 'ઉક્તં' કર્યું છે. એટલે એનું નથી, ક્યાંકનું છે. ટીકાકાર.

**'સમ્યગ્દૃષ્ટિજીવ...'** ત્યાં એમ લેવું. **'જીવોં કો જિનવર જાને,..'** આહાહા..! જીવોને જિનવર જાણે. આહાહા..! સ્ત્રીના રૂપાળા દેહ જુવાન ફાટેલ ફૂટડી (હોય), એ ન દેખ, કહે છે. આહાહા..! એનો અંદરમાં રાગ થાય એને ન દેખ તું. આહાહા..! એ તો જિનવર છે. આહાહા..! પૂંજાભાઈ! આવો મારગ છે. આહાહા..! શરીર સુંદર અને રૂપાળું અને ભાષા મીઠી ને એ બધું ન જો,

પ્રભુ! એ કાંઈ આત્મા નથી, એ આત્માના નથી, ભાઈ! આહાહા..! એ વાણી-વાણી બધી જડની જડને કાળે નીકળે. ભાઈ! તારે કારણે નહિ, બાપુ! તું એ નહિ. અંદરમાં વિકલ્પ ઊઠે એ તું નહિ. આહાહા..!

જિન તે જિનવર અને જિનવર તે જિન. આહાહા..! શ્રીમદ્દે પણ કહ્યું ને. 'જિન સો હી હૈ આત્મા અન્ય સો હિ હૈ કર્મ.' ત્યાં બીજું પદ છે પછીનું. પણ અહીં તો એનું જોડી દીધું. 'એહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' બાર અંગનો સાર, દિવ્યધ્વનિનો સાર દૃષ્ટિમાં જિનવર જેવો આત્મા છે તે લેવો અને તે રીતે બધા ભગવાન જિનવર જેવા છે. આહાહા..! એવી સમતા ધારણ થાય. છે ને? એ સમભાવી લખ્યું છે ને? જુઓને! સો સમભાવી. સંસ્કૃતમાં સમભાવી છે એનું પછી અહીં અર્થમાં સમ્યગ્દષ્ટિ કર્યું.

**'સમ્યગ્દષ્ટિ જીવોંકો જિનવર જાને, ઔર જિનેશ્વરકો જીવ જાને, જો જીવોંકી જાતિ હૈ, વહી જિનવરકી જાતિ હૈ,...'** આહાહા..! ગડિયા તો હાંક્યા હતા. અગિયાર (અંગ) સુધી ભણ્યો. અગિયાર અંગમાં બધું બહુ (આવ્યું હતું). એવું તો અત્યારે છે ક્યાં? સમજાણું કાંઈ? નવ પૂર્વની લબ્ધિ પ્રગટી હતી ત્યાં આવા શબ્દો નહોતા સાંભળ્યા? કંઠસ્થ કર્યા હતા. આહાહા..! અને આમ વ્યાખ્યાન આપે તો ધારાવાહી આપે. લોકોને તો એમ થઈ જાય કે, આહાહા..! એથી શું? ૧૪૨ ગાથામાં કહ્યું. કે અહીં સુધી આવ્યો. વ્યવહારનો તો અમે નિષેધ કરતા આવ્યા છીએ પણ વ્યવહારે બંધ છે અને વ્યવહારે અનેક છે એનો પણ નિષેધ કરતા આવ્યા છીએ. પણ નિશ્ચયથી અબદ્ધ છે ને એકરૂપ છે ને શુદ્ધ છે, અભેદ છે એના વિકલ્પમાં આવ્યો, આહાહા..! તેથી શું? તેથી તને શું લાભ થયો? આહાહા..! છે ને? ૧૪૨માં છે. તેથી શું? નિશ્ચયમાં અભેદ છું, એક છું, શુદ્ધ છું, અખંડ છું. છે એવો પણ વિકલ્પમાં આવ્યો છે કે આવો છું અને આવો છું. આહાહા..! તેથી ચૈતન્યને શું લાભ છે? આહાહા..! એ તો વિકલ્પને ઓળંગી જઈ જિનવરસ્વરૂપે ભગવાન છે એનો એને અનુભવ થાય, આહાહા..! અને એ અનુભવની મહોરછાપ-ટ્રેડમાર્ક અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. આહાહા..! આ વસ્તુ છે. બાકી બધી વાતું છે. એ વાતું તો અનંતવાર ઘણી કરી હશે. આહાહા..!

**'વહી જિનવરકી જાતિ હૈ, ઔર જો જિનવરકી જાતિ હૈ,...'** આહાહા..! અરે! લીલ-ફુગમાં અનંતા જીવો (છે). લસણ અને ડુંગળીની એક કટકીમાં, રાય જેટલી કટકીમાં અસંખ્ય શરીર, એમાં એક (શરીરમાં) અનંત જીવ, અરે! આટલી બધી અસ્તિત્વતાની માન્યતા હોય છતાં હું એક પૂર્ણાનંદ અખંડ જિનવર સમાન છું એવી સ્વમાં દૃષ્ટિ ન આવે ત્યાં સુધી આત્માને શું? એમ કહે છે. એણે માન્યા છ જીવને. આવ્યું નહિ? છ જીવનિકાય ચારિત્રનું નિમિત્ત છે. લ્યો! માન્યું ત્યારે દયાનો ભાવ આવ્યો છે ને. આહાહા..! પણ એ છ જીવનિકાય એ કાંઈ જીવ નહિ. પંચાસ્તિકાયમાં આવે છે ને એ? આહાહા..! છ જીવનિકાય એ જીવ નથી. એમાં જ્ઞાનસ્વરૂપી ભગવાન પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ભગવાન ત્રિકાળ એકલો જ્ઞાનરસ કંદ તે જીવ છે. એ જીવ જિનવર જેવો છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઔર જો જિનવરકી જાતિ હૈ, વહી જીવોંકી જાતિ હૈ,...'** આહાહા..! પરમાત્મપ્રકાશ છે ને? છેલ્લી ગાથાઓ છે હવે. હવે પરમાત્માનું જ વર્ણન કરશે. આહાહા..! **'ઐસે મહામુનિ દ્રવ્યાર્થિકનયકર જીવ ઔર જિનવરમેં જાતિભેદ નહીં માનતે,...'** આહાહા..! મહામુનિ અથવા સમ્યગ્દૃષ્ટિ જીવ... મહામુનિ એટલે ઉત્કૃષ્ટ વાત છે ને? **'ઐસે મહામુનિ દ્રવ્યાર્થિકનય...'** દ્રવ્ય એટલે વસ્તુ, શક્તિ, સત્ત્વ ત્રિકાળી. જે જ્ઞાનનું પ્રયોજન દ્રવ્ય છે, અર્થી છે, વસ્તુનો અર્થી-પ્રયોજન એ છે. જે નય જ્ઞાનનો નય એટલે ભાગ. વ્યવહારનય પણ એક નયનો અંશ છે પણ એ તો વર્તમાનને જાણનાર છે અને આ એક નય દ્રવ્યાર્થિક દ્રવ્ય જેનું પ્રયોજન એવું જે જ્ઞાન, એનાથી જીવ જે છે,આહાહા..! **'જીવ ઔર જિનવરમેં જાતિભેદ નહીં માનતે,...'** આહાહા..! અને ઓલા એક જ જીવ છે એમ કહે છે. સર્વવ્યાપક. અહીં કહે કે અનંતા અનંતા જીવો બધા ભગવાનસ્વરૂપે છે, પ્રભુ! આહાહા..! એવી દૃષ્ટિ થતાં તને ભગવાનપણું પ્રગટ ભાસશે. આહાહા..! એટલે? કે વસ્તુમાં જે પરમાત્મપણું, અનંતચતુષ્ટયપણું છે એ જિનવર છે, પરમાત્મા છે એવી દૃષ્ટિ થતાં તને તેની શ્રદ્ધા થશે. અને ત્યારે જ તને એ દેખાશે કે આ આત્મા છે. ૧૪૪માં કહ્યું છે ને એ? ૧૪૪ ગાથા. ત્યારે તને દેખાશે, શ્રદ્ધાશે. આહાહા..! આ આત્મા પરમાત્મા સ્વરૂપ જ પૂર્ણ શક્તિ, પૂર્ણ સ્વભાવના સામર્થ્યવાળો પરમાત્મા જ છે. એ શબ્દ ત્યાં ૧૪૪માં લીધા છે. પરમાત્મા કહો, આત્મા કહો. પ્રત્યક્ષ આત્મા કહો, જ્ઞાન આત્મા કહો. આહાહા..! દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે! એક એક ગાથાના ભાવ જુઓ તો, આહાહા..! એવી વાત બીજે ક્યાંય છે નહિ.

**'મહામુનિ દ્રવ્ય...'** એટલે વસ્તુ. એવું જેને પ્રયોજન છે. વસ્તુની દૃષ્ટિ કરવી એ એનું પ્રયોજન છે. વસ્તુને જાણવી એનું જેને પ્રયોજન છે એ જીવ જિનવરમાં અને જીવમાં જાતિભેદ નથી માનતા. 'વે મોક્ષ પાતે હૈં.' લ્યો! એ મોક્ષ જશે. આહાહા..! સમજાણું કાંઈ? **'ઈસ પ્રકાર ચૌબીસ દોહોંકે મહાસ્થલમેં અરહંતદેવકે કથનકી મુખ્યતાસે તીન દોહોંમેં દૂસરા અંતરસ્થલ કહા.'** **'આગે પરમાત્મપ્રકાશ...'** હવે આ નામ પરમાત્મ છે ને આનું?

---

तधथा-

३२९) सयलहँ कम्महँ दोसहँ वि जो जिणु देउ विभिण्णु।
सो परमप्प-पयासु तुहुँ जोइय णियमेँ मण्णु।।१९८।।
सकलेभ्यः कर्मभ्यः दोषेभ्यः अपि यो जिनः देवः विभिन्नः।
तं परमात्मप्रकाशं त्वं योगिन् नियमेन मन्यस्व।।१९८।।

सो तं परमप्प-पयासु परमात्मप्रकाशसंज्ञं तुहुँ त्वं कर्ता मण्णु मन्यस्व जानीहि जोइय हे योगिन् णियमें निश्चयेन। स कः। जो जिणु देउ यो जिनदेवः। किंविशिष्टः। विभिण्णु विशेषेण भिन्नः। केभ्यः। सयलहं कम्महं रागादिरहितचिदानन्दैकस्वभावपरमात्मनो यानि भिन्नानि सर्वकर्माणि तेभ्यः। न केवलं कर्मभ्यो भिन्नः। दोसहं वि टङ्कोत्कीर्ण-

ज्ञायकैकस्वभावस्य परमात्मनो येऽनन्तज्ञानसुखादिगुणास्तत्प्रच्छादका ये दोषास्तेभ्योऽपि भिन्न इत्यभिप्रायः।।१९८।।

आगे परमात्मप्रकाश शब्दके अर्थके कथनकी मुख्यतासे तीन दोहा कहते हैं–

गाथा–१९८

अन्वयार्थः– [सकलेभ्यः कर्मभ्यः] ज्ञानावरणादि अष्टकर्मोंसे [दोषेभ्यः अपि] और सब क्षुधादि अठारह दोषोंसे [विभिन्नः] रहित [यः जिनदेवः] जो जिनेश्वरदेव हैं, [तं] उसको [योगिन् त्वं] हे योगी, तू [परमात्मप्रकाशं] परमात्मप्रकाश [नियमेन] निश्चयसे [मन्यस्व] मान। अर्थात् जो निर्दोष जिनेन्द्रदेव हैं, वही परमात्मप्रकाश हैं।

भावार्थः– रागादि रहित चिदानंदस्वभाव परमात्मासे भिन्न जो सब कर्म वे ही संसारके मूल हैं। जगतके जीव तो कर्मोंकर सहित हैं, और भगवान् जिनराज इनसे मुक्त हैं, और सब दोषोंसे रहित हैं। वे दोष सब संसारी–जीवोंके लग रहे हैं, ज्ञायकस्वभाव आत्माके अनंतज्ञान सुखादि गुणोंके आच्छादक हैं। उन दोषोंसे रहित जो सर्वज्ञ वही परमात्मप्रकाश हैं, योगीश्वरोंके मनमें ऐसा ही निश्चय है। श्रीगुरु शिष्यसे कहते हैं कि हे योगिन्, तू निश्चयसे ऐसा ही मान वही सत्पुरुषोंका अभिप्राय है।।१९८।।

આના પછી પરમાત્મપ્રકાશ શબ્દના અર્થના કથનની મુખ્યતાથી ત્રણ દોહાસૂત્ર સુધી વ્યાખ્યાન કરે છે તે આ પ્રમાણે :-

ભાવાર્થઃ- રાગાદિ રહિત ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માથી ભિન્ન જે સર્વ કર્મો છે તેનાથી અને ટંકોત્કીર્ણ જ્ઞાયક જ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માના જે અનંતજ્ઞાનસુખાદિ ગુણો છે તેમને આચ્છાદાન કરનારા જે દોષો છે તેનાથી પણ ભિન્ન જે જિનદેવ છે હે યોગી! તું નિશ્ચયથી પરમાત્મપ્રકાશ જાણ (પરમાત્મપ્રકાશ સંજ્ઞાવાળો પરમાત્મા જાણ.) એ અભિપ્રાય છે. ૧૯૮.

**ગાથા-૧૯૮ ઉપર પ્રવચન**

'શબ્દકે અર્થકે કથનકી મુખ્યતાસે તીન દોહા કહતે હૈં' ત્રણ દોહા (કહે છે).

३२९) सयलहँ कम्महँ दोसहँ वि जो जिणु देउ विभिण्णु।
सो परमप्प-पयासु तुहुँ जोइय णियमेँ मण्णु।।१९८।।

'**જ્ઞાનાવરણાદિ અષ્ટકર્મોસે ઔર સબ ક્ષુધાદિ અઠાહર દોષોંસે...**' ભાવદોષ અને કર્મ નિમિત્ત છે જડ. એનાથી '**રહિત...**' આહાહા..! પરમેશ્વરને ક્ષુધા નથી, તૃષા નથી, આનંદ છે, અતીન્દ્રિય આનંદ છે. રોગ નથી. જન્મવું નથી, મરવું નથી. મરણ તો એને કહીએ કે ફરીને અવતાર લેવો પડે. આહાહા..! એવા જિનવર પરમેશ્વર સર્વ દોષોથી રહિત છે. આહાહા..! એને ભૂખ લાગે ને તૃષા લાગે ને પાણી પીવે ને આહાર કરે, એ નથી.

શ્રોતા : દવા લે.

ઉત્તર :- દવા-બવા કોણ દે અને કોણ લે? આહાહા..! રોગ આવે ને દવા લે, બાપુ! શું થાય? કાળ એવો આવ્યો. વસ્તુનો ફેરફાર (થઈ ગયો). સત્ય વસ્તુ આવે ત્યારે (એમ કહે), એમ નહિ, એમ નહિ, એમ નહિ, એકાંત છે, એકાંત છે. ઠીક, પ્રભુ! બાપુ! તું પણ ભગવાન છો, ભાઈ! એક સમયની ભૂલ અને આખો ભગવાન. એક સમયની ભૂલ ને બાકી આખો ભગવાન. આહાહા..!

'**જો જિનેશ્વરદેવ હૈં,...**' આહાહા..! '**ઉસકો હે યોગી,...**' પોતાના શિષ્યને કહે છે. પ્રભાકરભટ્ટ શિષ્યને. '**તૂં પરમાત્મપ્રકાશ નિશ્ચયસે માન.**' આહાહા..! આને તું પરમાત્મપ્રકાશ માન. કોઈ જગતનો કર્તા ઈશ્વર છે અને ઈશ્વરે આ બનાવ્યું છે ને હજાર હાથવાળો છે. ભગવાન હજાર હાથવાળો છે. અનંતગુણવાળો છે એ બરાબર છે. હાથ-બાથ તો નથી. આહાહા..! એને '**હે યોગી, તૂં પરમાત્મપ્રકાશ નિશ્ચયસે માન. અર્થાત્ જો નિર્દોષ જિનેન્દ્રદેવ હૈં,...**' નિર્દોષ જિનેન્દ્રદેવ છે. આહાહા..! આમ તો ઘણા કહેવરાવે એમ કે જિન છીએ અમે એમ કહે. પણ નિર્દોષ જિનેન્દ્રદેવ જે છે '**વહી પરમાત્મપ્રકાશ હૈં.**' એ પરમાત્મપ્રકાશ છે. આહાહા..!

'**ભાવાર્થઃ- રાગાદિ રહિત ચિદાનંદસ્વભાવ પરમાત્માસે ભિન્ન...**' એ ટીકાકારનો એવી રીતે શબ્દ છે. પહેલેથી એમ લે છે. '**રાગાદિ રહિત ચિદાનંદસ્વભાવ...**' એવો જે પરમાત્મા, એનાથી ભિન્ન. એવી શૈલી લે છે એ. રાગ-દ્વેષાદિ રહિત પુણ્ય-પાપના વિકલ્પો, એનાથી રહિત ચિદાનંદસ્વભાવ પરમાત્મા. કેવા છે પરમાત્મા? કે ચિદાનંદસ્વભાવ. ચિદ્ જ્ઞાનાનંદ સ્વભાવ પરમાત્મા. આહાહા..! જ્ઞાનાનંદ સ્વભાવ પરમાત્મા. એ દોષથી રહિત ચિદાનંદસ્વભાવ પરમાત્મા. હવે કહે છે એનાથી ભિન્ન. '**જો સબ કર્મ વે હી સંસારકે મૂલ હૈ.**' ભગવાન તો મોક્ષનું મૂળ છે અને જોડે કર્મ છે એ સંસારનું મૂળ છે. આહાહા..!

'**જગતકે જીવ તો કર્મોકર સહિત હૈં,...**' એ પર્યાયથી કર્મ સહિત એમ લેવું. વસ્તુ તરીકે જિનવર છે. આહાહા..! પણ પર્યાયનયે, વ્યવહારનયે '**કર્મોકર સહિત હૈં,...**' જગતના જીવ. '**ઔર ભગવાન જિનરાજ ઈનસે મુક્ત હૈ,...**' જિનેશ્વરદેવ અરિહંત પરમાત્મા. આમ તો સૌ એમ કહે, ણમો અરિહંતાણં. પણ એનો ભાવ અંદર સમજ્યા વિના ગોખણી છે એકલી. આહાહા..! '**ભગવાન જિનરાજ ઈનસે મુક્ત હૈ, ઔર સબ દોષોંસે રહિત હૈં.**' બધા દોષથી રહિત પરમાત્મા એને પરમાત્મા કહીએ એમ કહે છે. આહાહા..! કોઈ ઈશ્વર કર્તા છે, બ્રહ્મા છે, વિષ્ણુ છે, મહેશ છે, આ છે ને તે છે. આહાહા..! બ્રહ્માએ ઉત્પન્ન કર્યું, વિષ્ણુ રક્ષા કરે અને શંકર સંહાર કરે.

ઉત્પાદ-વ્યય ને ધ્રુવ લગાવી દીધા ત્યાં. વસ્તુના સ્વરૂપમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. નવી અવસ્થાથી ઊપજે, જૂનીથી વ્યય થાય અને ધ્રુવ રહે. ત્યારે ઓલાએ એમ ઠરાવ્યું કે બ્રહ્માથી આ બધું જગત ઉત્પન્ન થયું. વિષ્ણુ તેનો રક્ષક છે. ઉત્પાદ. ઓલો શંકર તેનો નાશક છે. વ્યય. એ ઉતાર્યું છે બનારસીદાસે. બનારસી વિલાસમાં. લોકો આમ માને છે પણ એમ નથી આમ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં લગાડી દીધા. બનારસી વિલાસ છે એમાં નાખ્યું છે.

'**વે દોષ સબ સંસારી-જીવોંકે લગ રહે હૈં,...**' ભગવાનની પાસે એકેય દોષ નથી. વસ્તુએ તો જિનવર છે એ બધા. પણ પર્યાયમાં સંસારી જીવોને બધા દોષ લાગે છે. આહાહા..! જિનવરને એકેય દોષ નથી ત્યારે આને બધા દોષ લાગે છે. '**જ્ઞાયકસ્વભાવ આત્માકે અનંતજ્ઞાન સુખાદિ ગુણોંકે આચ્છાદક હૈં.**' લ્યો! જ્ઞાયકસ્વભાવ જે ભગવાનઆત્મા, એકલો ચૈતન્યનેત્ર જેના, એકલો જ્ઞાયક, જાણક સ્વભાવ, એવા આત્માને '**અનંતજ્ઞાન સુખાદિ ગુણોંકે આચ્છાદક હૈં.**' દોષો તેને ઢાંકનારા છે, એમ કહે છે.

'**ઉન દોષોંસે રહિત જો સર્વજ્ઞ વહી પરમાત્મપ્રકાશ હૈ,...**' એ દોષથી રહિત '**સર્વજ્ઞ વહી પરમાત્મપ્રકાશ હૈ,...**' આહાહા..! '**યોગીશ્વરોંકે મનમેં ઐસા હી નિશ્ચય હૈ.**' ... આહાહા..! આને તું પરમાત્મા જાણ. કોઈ બીજો પરમાત્મા નથી. જગતનો કર્તા છે ને એ જન્મ આપે, એને જીવાડી દે, એને મારી દે. ઈશ્વરની કૃપા હોય તો આ બધું બને. એ બધી અજ્ઞાનીઓની માન્યતાઓની જાળ છે. '**હે યોગિન, તૂં નિશ્ચયસે ઐસા હી માન વહી સત્પુરુષોંકા અભિપ્રાય હૈ.** ' આહાહા..! જ્ઞાનીપુરુષોનો આ અભિપ્રાય છે. એટલે? સર્વ પર્યાયના દોષોથી રહિત. વસ્તુ તો જિનવર છે દરેક જીવ. પણ આ જિનવર જે સાચા પરમાત્મા, એની પર્યાયમાં સર્વ દોષથી રહિત છે. પૂર્ણ આનંદ અને પૂર્ણ ગુણની દશાની પ્રાપ્તિ (થઈ છે), એમ યોગીઓનો જ્ઞાનમાં નિશ્ચય છે. એને પરમાત્મા કહીએ. બાકી કોઈ પરમાત્મા (છે નહિ). રાખે એમ રહેવું, એમ કહે છે ને માણસો? ભગવાન રાખે એમ રહેવું, બાપુ! ઈશ્વરની મરજી. ઈશ્વરને હજી મરજી! ઈશ્વરની મરજી હોય એમ થાય. બાપુ! એ બધી કલ્પનાઓ છે, બાપુ! એ અહીં કહે છે. સંતોના હૃદયમાં, સંતોના જ્ઞાનમાં તો આવો નિશ્ચય છે. આવા નિર્દોષ પરમાત્મા, દોષરહિત તે પરમાત્મા છે. એ સિવાય કોઈ પરમાત્મા હોઈ શકે નહિ. આહાહા..! એ સત્પુરુષનો અભિપ્રાય છે.

---

अथ–

३३०) केवल-दंसणु णाणु सुहु वीरिउ जो जि अणंतु।
सो जिण-देउ वि परम-मुणि परम-पयासु मुणंतु।।१९९।।
केवलदर्शनं ज्ञानं सुखं वीर्यं य एव अनन्तम्।
स जिनदेवोऽपि परममुनिः परमप्रकाशं मन्यमानः।।१९९।।

सो जिण-देउ वि स जिनदेवोऽपि एवं भवति। न केवलं जिनदेवो भवति। परम-मुणि

परम उत्कृष्टो मुनिः प्रत्यक्षज्ञानी। किं कुर्वन् सन्। मुणंतु मन्यमानो जानन् सन्। कम् परम-पयासु परममुत्कृष्टं लोकालोकप्रकाशकं केवलज्ञानं यस्य स भवति परमप्रकाशस्तं परमप्रकाशम्। स कः। केवल-दंसणु णाणु सुहु वीरिउ जो जि केवलज्ञानदर्शनसुववीर्यस्वरुपं य एव। कथंभूतं तत् केवलज्ञानादिचतुष्टयम्। अणंतु युगपदनन्तद्रव्यक्षेत्रकालभाव परिच्छेदकत्वादविनश्वरत्वाच्चानन्तमिति भावार्थः।।१९९।।

---

फिर भी इसी कथनको दृढ़ करते हैं-

गाथा-१९९

अन्वयार्थः- [केवलदर्शनं ज्ञानं सुखं वीर्यं] केवलदर्शन, केवलज्ञान, अनंतसुख, अनंतवीर्य [यदेव अनंतम्] ये अनंतचतुष्टय जिसके हों [स जिनदेवः] वही जिनदेव है, [परममुनिः] वही परममुनि अर्थात् प्रत्यक्ष ज्ञानी है। क्या करता संता। [परमप्रकाशं जानन्] उत्कृष्ट लोकालोकका प्रकाशक जो केवलज्ञान वही जिसके परमप्रकाश है, उससे सकल द्रव्य, क्षेत्र, काल, भव, भावको जाना हुआ परमप्रकाशक है। ये केवलज्ञानादि अनंतचतुष्टय एक ही समयमें अनंतद्रव्य, अनंतक्षेत्र, अनंतकाल और अनंतभावोंको जानते हैं, इसलिये अनंत हैं, अविनश्वर हैं, इनका अंत नहीं है, ऐसा जानना।।१९९।।

---

ફરીને પણ આ કથનને દ્દઢ કરે છે :-

ભાવાર્થઃ- ઉત્કૃષ્ટ લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાન જેને છે તે પરમ પ્રકાશક છે. તે પરમપ્રકાશને જાણતો થકો યુગપત્ અનંત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના પરિચ્છેદક હોવાથી તેમ જ અવિનશ્વર હોવાથી અનંત છે એવા કેવળજ્ઞાન, કેવળદર્શન, સુખ અને વીર્યસ્વરૂપ જે છે તે જ જિનદેવ છે, તેમ જ ઉત્કૃષ્ટ મુનિ-પ્રત્યક્ષ જ્ઞાની -છે, એ ભાવાર્થ છે. ૧૯૯.

---

## ગાથા-૧૯૯ ઉપર પ્રવચન

'ફિર ભી ઈસી કથનકો દ્દઢ કરતે હૈં'

३३०) केवल-दंसणु णाणु सुहु वीरिउ जो जि अणंतु।
सो जिण-देउ वि परम-मुणि परम-पयासु मुणंतु।।१९९।।

આહાહા..! 'કેવલદર્શન,...' જેને શક્તિમાંથી પ્રગટ દશા થઈ છે. શક્તિમાં તો કેવળજ્ઞાન છે અનંતચતુષ્ટયથી ભરેલું તત્ત્વ દરેક ભગવાન છે પણ જેને પ્રગટ કેવળજ્ઞાન થયું છે, કેવળદર્શન થયું છે,

અનંત આનંદ થયો છે. આહાહા..! આનંદ એટલે અતીન્દ્રિય અનંત આનંદ. જેને ઇન્દ્રિયો અને પર પદાર્થની કોઈ અપેક્ષા નથી. જેના જાણવામાં પર પદાર્થ છે માટે જાણે છે એટલી પણ અપેક્ષા નથી. તો પછી એના સુખને માટે પરની અપેક્ષા ક્યાંથી હોય? આહાહા..! એવું જેને અનંતસુખ છે. અનંતવીર્ય છે-અનંતબળ છે. આહાહા..! અનંતગુણની પૂર્ણ પર્યાયને રચે એવું અનંતવીર્ય જેને પ્રગટ થયું છે. આત્મબળ. આહાહા..! એને અહીંયાં... કહ્યું?

**'અનંતચતુષ્ટય જિસકે હોં વહી જિનદેવ હૈ,...'** એને પરમેશ્વર કહીએ. આહાહા..! **'વહી પરમમુનિ અર્થાત્ પ્રત્યક્ષ જ્ઞાની હૈ.'** એ જ મુનિ છે. મુનિ એટલે જ્ઞાની. એને પ્રત્યક્ષ જ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..! **'ક્યા કરતા સંતા.'** આહાહા..! **'પરમપ્રકાશં જાનન્.'** **'ઉત્કૃષ્ટ લોકાલોકકા પ્રકાશક જો કેવલજ્ઞાન વહી જિસકે પરમપ્રકાશ હૈ, ઉસસે સકલ દ્રવ્ય,...'** ત્રણકાળના જેટલા દ્રવ્યો છે તેટલા. **'ક્ષેત્ર,...'** ત્રણકાળ, અનંત **'ભવ,...'** અનંત **'ભાવોં કો જાના હુઆ...'** આહાહા..! ભગવાન તો ભવ, ભાવ બધું જાણે છે. આહાહા..! **'પરમપ્રકાશક હૈ.'** લ્યો! વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, વૈશાખ વદ ૧૨, શનિવાર
## તા. ૧૪-૦૫-૧૯૭૭, ગાથા-૧૯૯ થી ૨૦૧, પ્રવચન નં. ૨૩૮

પરમાત્મપ્રકાશ. ૧૯૯. છેલ્લી બે લીટી છે. પરમાત્મપ્રકાશ. પરમાત્મપ્રકાશ એટલે કે આત્મા. પ્રગટ થયેલો કે શક્તિરૂપે. પ્રગટ થયેલા આત્મા કેવા છે એની વાત છે. **'કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટય એક હી સમય મેં...'** આહાહા..! **'અનંતદ્રવ્ય, અનંતક્ષેત્ર, અનંતકાલ ઔર અનંતભાવોં કો જાનતે હૈં,...'** એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેની (એક) સમયની પર્યાય, જેના દ્રવ્યની અનંતતા, ક્ષેત્રની અનંતતા, કાળની અનંતતા, ભાવની અનંતતા એ બધાને એક સમયમાં જાણી લે. કેટલું એનું માહાત્મ્ય! એક ગુણની એક પર્યાય. એવા તો અનંતગુણ.

જે ગુણની જ્ઞાનની એક સમયની પર્યાય પોતાને જાણે, પોતાની અનંતી પર્યાયને જાણે, અનંતા ગુણને જાણે, દ્રવ્યને જાણે, ત્રણકાળના લોકના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે. એવી એક સમયની તાકાત. સાંભળ્યું ઘણીવાર હોય પણ એને આ વાત અંતરમાં બેસવી એવી કઠણ વાત છે, બાપુ! આહાહા..! આ કાંઈ વાત નથી. આ ધારેલી વાત માટે આવડી ગયું, એમ નથી. એક સમયમાં એક સેકન્ડના અસંખ્યમો ભાગ હો. એમાં અનંતદ્રવ્ય, એના અનંતાભાવો, ગુણો એની અનંતીકાળની પર્યાયો અને અનંતુંક્ષેત્ર. આહાહા..! એક સમયમાં જાણે **'ઇસલિયે અનંત હૈં,...'** આહાહા..! એ માટે એક સમયની પર્યાય અનંત છે. આ રીતે. અનંતને જાણવાની તાકાત, અનંત ચીજ છે

એની પણ જેને અપેક્ષા નથી. આહાહા..! એવી એક ગુણની એક પર્યાય અનંત છે. અવિનશ્વર છે.

મુમુક્ષુ :- પર્યાય તો વિનશ્વર.

ઉત્તર :- અવિનશ્વર છે પર્યાયો. કઈ અપેક્ષાએ? એ પર્યાય એવી ને એવી રહેવાની છે એ અપેક્ષાએ. આમ તો બદલતી છે. તેથી તો પંચાસ્તિકાયમાં એને કૂટસ્થ કહ્યું. કેવળજ્ઞાન એ કૂટસ્થ. કૂટસ્થ એટલે? ભલે પલટતી છે, પણ સરખી રહેવી એ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન. પંચાસ્તિકાયમાં આવે ને ભાઈ! કૂટસ્થ લ્યો! છે તો પરિણતિ. આહાહા..! ગુણ તો ત્રિકાળી અવિનાશી છે અને પર્યાય સાદિ અનંત અવિનાશી છે. આહાહા..! દ્રવ્ય અનાદિ અનંત છે. એના ગુણો અને આ જ્ઞાનગુણ એ અનાદિ અનંત છે. પણ એની એક સમયની પર્યાય સાદિ-અનંત છે એથી એને અવિનશ્વર કીધી છે. આહાહા..! એનો વિશ્વાસ આવવો એ અંતરના સ્વભાવની શક્તિનું અનંતું સામર્થ્ય છે એવી અંતરમાં પ્રતીતિ આવે ત્યારે આની પ્રતીતિ વ્યવહારે આવે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અનંતગુણ એ પર્યાય છે એવી તો અનંતી પર્યાયનો એક ગુણ, એવા તો અનંતાગુણો. કારણ કે શ્રદ્ધામાં પણ એવી અનંતી પર્યાયો છે એવી શ્રદ્ધામાં પણ આવે છે. શ્રદ્ધામાં પણ અનંતી શ્રદ્ધા થઈ ગઈ. સ્થિરતામાં પણ અનંતી સ્થિરતા થઈ ગઈ. કેમ? કે અનંતી અનંતી પર્યાયને જાણનાર અને દેખનાર, શ્રદ્ધનાર, એમાં ઠરનાર. આહાહા..! એ પણ અનંતી સ્થિરતા થઈ ગઈ. એનું મૂળસ્વરૂપ છે એ તો ત્રિકાળી સ્થિર જ છે ધ્રુવ. એના ધ્યાને, એના ધ્યેયે. આહાહા..! બધું ભૂલી જઈને ત્રિકાળીના ધ્યેય ધ્યાનમાં ધખશ લગાવતા જે દશા પ્રગટ થાય એ અનંતું કેવળજ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- કેવળજ્ઞાનની પર્યાય શુદ્ધ ને શુદ્ધ જ થયા કરે ને?

ઉત્તર :- એ શું કહે છે?

મુમુક્ષુ :- કેવળજ્ઞાનની પર્યાય તો શુદ્ધ ને શુદ્ધ જ થયા કરે ને?

ઉત્તર :- કીધું ને આ શું કીધું? અવિનશ્વર એવી ને એવી રહે છે માટે અવિનશ્વર કીધી. એવી ને એવી એટલે અનંતશુદ્ધ છે તેવી ને તેવી રહે છે માટે અવિનશ્વર છે. નહિંતર તો પલટતી ચીજ નાશવાન છે. ૩૮ ગાથામાં કેવળજ્ઞાનને નાશવાન કીધું. નિયમસારની ૩૮ ગાથામાં સંવર, નિર્જરા અને મોક્ષને નાશવાન કહ્યું. કારણ કે એક સમયની પર્યાય છે બદલે એ અપેક્ષાએ. અહીંયાં એવી ને એવી રહે છે સદશ માટે અવિનશ્વર કહ્યું. અપેક્ષાથી વાત છે ને. આહાહા..! એક, એક પણ ભાવ જેવડો જેવો છે, જેવા ભાવને ભરોસે આવવું એ મોટી વાતું છે બાપુ! આહાહા..! આમ તો અગિયાર અંગ ભણી ગયો અનંતવાર. એમાં આ વાત નહોતી આવી? નવપૂર્વ ભણ્યો.

મુમુક્ષુ :- આત્માને ભણ્યો નહિ ને?

ઉત્તર :- અહીં ભણ્યો નહિ અંદરમાં. મારી પર્યાય પરિપૂર્ણ જે થાય એ અવિનશ્વર રહે એની વ્યવહાર કારણ તરીકે કહો તો દ્રવ્ય એટલે ગુણ છે. નિશ્ચયથી તો એ પર્યાય પર્યાયનું જ કારણ છે.

આહાહા..! જેને એના દ્રવ્ય અને ગુણની પણ અપેક્ષા નથી એવો કેવળજ્ઞાનનો પર્યાય, પોતાથી પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે અનંતી પર્યાય પ્રગટી છે કહે છે. આહાહા..! એને અવિનશ્વર કહીએ.

'**ઇનકા અંત નહીં હૈ,...**' કેવલ થયું હવે એનો અંત નહિ. બસ એ કેવળ પર્યાય એમ સાદિ અનંત. આહાહા..! 'સાદી અનંત અનંત સમાધિ સુખમાં.' શ્રીમદ્‌માં આવે છે ને એ? 'અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો.' જેની સિદ્ધ પર્યાય સાદી નામ શરૂઆત થઈ પણ હવે અનંત... અનંત.. અનંત... અનંત... ક્યાંય જેમ કાળનો અંત અને છેડો નથી તેમ તેની પર્યાયનો અંત અને છેડો નથી. આહાહા..! આવો ભાવ જેને બેસે એની તૃષ્ણા કેટલી તૂટી જાય? આહાહા..! અનંતાનુબંધીનો, સ્થિરતાનો નાશ થઈ જાય.

---

## ગાથા-૨૦૦

अथ-

३३१) जो परमप्पउ परम-पउ हरि हरु बंभु वि बुद्धु।
परम पयासु भणंति मुणि सो जिण-देउ विसुद्धु।।२००।।
यः परमात्मा परमपदः हरिः हरः ब्रह्मापि बुद्ध।
परमप्रकाशः भणन्ति मुनयः स जिनदेवो विशुद्धः।।२००।।

भणंति कथयन्ति। के ते मुणि मुनयः प्रत्यक्षज्ञानिनः। कथंभूतं भणन्ति परमपयासु परमप्रकाशः। यः कथंभूतः। जो परमप्पउ यः परमात्मा। पुनरपि कथंभूतः। परम-पउ परमानन्तज्ञानादिगुणाधारत्वेन परमपदस्वभावः। किंविशिष्टः। हरि हरिसंज्ञः हरु महेश्वराभिधानः बंभु वि परमब्रह्माभिधानोऽपि बुद्धः सुगतसंज्ञ सो जिण-देउ स एव पूर्वोक्तः परमात्मा जिनदेवः। किंविशिष्टः। विसुद्धु समस्तरागादिदोषपरिहारेण शुद्ध इति। अत्र य एव परमात्मसंज्ञो निर्दोषिपरमात्मा व्याख्यातः स एव परमात्मा, स एव परमपदः, स एव विष्णुसंज्ञः, स एवेश्वराभिधानः, स एव ब्रह्मशब्दवाच्यः, स एव सुगतशब्दाभिधेयः, स एव जिनेश्वरः, स एव विशुद्ध इत्याघष्टाधिकसहस्रनामाभिधेयो भवति। नानारुचीनां जनानां तु कस्यापि केनापि विविक्षितेन नाम्नाराध्यः स्यादिति भावार्थः। तथा चोक्तम्- ''नामाष्टकसहस्रेण युक्तं मोक्षपुरेश्वरम्'' इत्यादि।।२००।। एवं चतुर्विंशतिसूत्रप्रमितमहास्थलमध्ये परमात्माप्रकाशशब्दार्थकथनमुख्यत्वेन सूत्रत्रयेण तृतीयमन्तरस्थलं गतम्।

---

आगे जिनदेवके ही अनेक नाम हैं, ऐसा निश्चय करते हैं-

गाथा-२००

अन्वयार्थः- [यः] जिस [परमात्मा] परमात्माको [मुनयः] मुनि [परमपदः] परमपद [हरिः हरः ब्रह्मा अपि] हरि महादेव ब्रह्मा [बुद्धः परमप्रकाशः भणंति] बुद्ध और परमप्रकाश नामसे कहते हैं, [सः] वह [विशुद्धः जिनदेवः] रागादि रहित शुद्ध जिनदेव ही हैं, उसीके ये सब नाम हैं।।

भावार्थः- प्रत्यक्षज्ञानी उसे परमानंद ज्ञानादि गुणोंका आधार होनेसे परमपद कहते हैं। वही विष्णु है, वही महादेव है, उसीका नाम परब्रह्म है, सबका ज्ञायक होनेसे बुद्ध है, सबमें व्यापक ऐसा जिनदेव देवाधिदेव परमात्मा अनेक नामोंसे गाया जाता है। समस्त रागादिक दोषके न होनेसे निर्मल है, ऐसा जो अरहंतदेव वही परमात्म परमपद, वही विष्णु, वही ईश्वर, वही ब्रह्म, वही शिव, वही सुगत, वही जिनेश्वर, और वही विशुद्ध-इत्यादि एक हजार आठ नामोंसे गाया जाता है। नाना रुचिके धारक ये संसारी जीव वे नाना प्रकारके नामोंसे जिनराजको आराधते हैं। ये नाम जिनराजके सिवाय दूसरेके नहीं हैं। ऐसा ही दूसरे ग्रंथोंमें भी कहा है-एक हजार आठ नामों सहित वह मोक्षपुरका स्वामी उसकी आराधना सब करते हैं। उसके अनंत नाम और अनंतरुप हैं। वास्तवमें नामसे रहित रुपसे रहित ऐसे भगवान् देवको हे प्राणियो, तुम आराधो।।२००।।

इसप्रकार चौबीस दोहोंके महास्थलमें परमात्मप्रकाश शब्दके अर्थकी मुख्यतासे तीन दोहोंमें तीसरा अन्तरस्थल कहा।

---

વળી, હવે જિનદેવનાં અનેક નામ છે, એમ નક્કી કરે છે :-

વિસ્તાર :- જે પરમપ્રકાશ નામનો પરમાત્મા છે તે જ પરમાત્મા, જ્ઞાનાદિ અનંત ગુણોના આધાર હોવાથી પરમપદસ્વભાવ હરિ, મહેશ્વર નામનો હર, પરમબ્રહ્મ નામનો બ્રહ્મા, સુગત નામનો બુદ્ધ, સમસ્ત રાગાદિ દોષના ત્યાગ વડે શુદ્ધ જિનદેવ છે એમ મુનિઓ-પ્રત્યક્ષ જ્ઞાનીઓ-કહે છે.

ભાવાર્થઃ- અહીં પરમાત્મપ્રકાશ નામના જે નિર્દોષ પરમાત્માનું વ્યાખ્યાન કર્યું છે, તે જે પરમાત્મા છે, તે જ પરમપદ છે, તેનું નામ જ વિષ્ણુ છે, તેનું નામ જ મહેશ્વર છે, તે જ 'બ્રહ્મ' શબ્દથી વાચ્ય છે, તે જ 'સુગત' શબ્દથી અભિધેય છે, તે જ જિનેશ્વર છે, તે જ વિશુદ્ધ છે ઈત્યાદિ એક હજાર આઠ નામવાળા છે એમ પ્રત્યક્ષ જ્ઞાનીઓ કહે છે.

જુદી જુદી રુચિવાળા જીવોને તે કોઈ એક વિવક્ષિત નામથી આરાધ્ય છે, એવો

ભાવાર્થ છે. કહ્યું પણ છે કે ''नामाष्टकसहस्रेण युक्तं मोक्षपुरेश्वरम्'' इत्यादि (અર્થઃ-એક હજાર આઠ નામોથી યુક્ત મોક્ષપુરના ઈશ્વર (સ્વામી) છે (તે જિનદેવને સર્વ આરાધે છે) ૨૦૦.

એ પ્રમાણે ચોવીશ સૂત્રોના મહાસ્થળમાં પરમાત્મપ્રકાશ શબ્દના અર્થની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્રથી ત્રીજું અન્તરસ્થળ સમાપ્ત થયું.

---

## ગાથા-૨૦૦ ઉપર પ્રવચન

૨૦૦ ગાથા હવે. 'આગે જિનદેવ કે હી અનેક નામ હૈં, ઐસા નિશ્ચય કરતે હૈં—' ૨૦૦.

૩૩૧) जो परमप्पउ परम-पउ हरि हरु बंभु वि बुद्धु।
परम पयासु भणंति मुणि सो जिण-देउ विसुद्धु।।२००।।

ઓહોહો..! જિનેશ્વરદેવ કેવા? આમ તો વાડામાં રહીને અનંતવાર એણે નવકાર પણ ગણ્યા ભગવાનની પૂજાઓ કરીને. આહાહા..! પણ એ ભાવ જે છે એને ભાવભાસન ન કર્યું. ભાવનું ભાસન એટલે એનું જ્ઞાન ન કર્યું. આહાહા..! એ ત્રિકાળી ભગવાનઆત્મા એનો એક ગુણ અને એની એક સમયની પર્યાય આવડી. આહાહા..! તો એના એક ગુણનું માહાત્મ્ય શું? અને એવા અનંતગુણું એકરૂપ એનું માહાત્મ્ય કેટલું? આહાહા..! એની દૃષ્ટિ થતાં એની પર્યાયમાં આનંદ અને સ્થિરતાનો અંશ જાગે. અનંતાનુંબંધીનો અભાવ છે ને એટલી શાંતિ જાગે. આહાહા..! અને એ શાંતિમાં આનંદના સુખનું વેદન સાથે હોય ત્યારે આ વાત એને બેઠી એમ કહેવામાં આવે. આહાહા..! સમજાણું કાંઈ?

૨૦૦. 'અન્વયાર્થ :- જિસ પરમાત્મા કો મુનિ પરમપદ...' એને મુનિ પણ કહેવાય. આહાહા..! કેવળજ્ઞાન છે તેને મુનિ જાણે છે માટે મુનિ પણ કહેવાય. જાણવું, મુણવું, મુણવું. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે તેથી તે જ્ઞાનની પર્યાયને મુનિ પણ મુણે માટે મુનિ કહીએ. આહાહા..! એને પરમપદ કહીએ. એ પરમપદ ઈશ્વર છે. કોઈ બીજો ઈશ્વર આ જગતમાં હજાર હાથવાળો અને આ કર્તા, એના વિના પાંદડુ ફરે નહિ.

એકફેરી ગઢડામાં ૬૯ની સાલ છે. ગયા હતા અંદર જોવા સ્વામિનારાયણનું. ત્યાં બાવા ધોતા હતા લૂગડા. હું ને નરસિંહભાઈ. નરસિંહ ગોવળિયા. બે જણા હતા. એટલે એ બધા અમને દેખીને એ ખબર ને આ. તે દિ' તો નાનું શરીર, રૂપાળુ શરીર એને ખ્યાલ બહાર આવી ગયો હતો ને આ દીક્ષા લેવાના છે. એટલે એ એક બાવો બોલ્યો ધોતો ધોતો. હુશિયાર હતો એ આમ. ઈશ્વર વિના એક પાંદડુ ફરે નહિ કહે. ગઢડાના સ્વામિનારાયણ મંદિરમાં એમ કહે છે. આ શું બિચારા કીધું. ઈશ્વર પાંદડું ફેરવતો હશે જડનું. ઈશ્વર આ બધા કષાયખાના કરતો હશે. હજારો ગાયોને કાપે. આહાહા..!

એ ઈશ્વર કર્તા હશે.

મુમુક્ષુ :- ઈશ્વર કરે પરનું?

ઉત્તર :- એ કાંઈ ખબર ન મળે શું કરે બિચારા? વાડામાં બંધાઈ ગયેલા. આ તો એક સમયની પર્યાય જેને મુનિ કહીએ, પરમપદ કહીએ. એ પરમપદ છે. આહાહા..! પર્યાયની વાત છે હો આ. પરમાત્મપ્રકાશ છે ને આનું નામ. આહાહા..! એ પર્યાયનું પરમાત્મપ્રકાશ જેને મુનિ કહીએ, તેને પરમ પદ કહીએ. આહાહા..! એને હરિ કહીએ. હર તે ઈતિ હરિ. જેણે રાગને દ્વેષને હરિ નાખ્યા છે. અને જેણે વીતરાગતા પૂર્ણ, ભાઈ! એ વીતરાગ શબ્દ સહેલો લાગે. અને વીતરાગતા એટલે શું ભાઈ! આહાહા..! એમાં રાગનો કણ નહિ, વીતરાગતાની અપૂર્ણતા નહિ. એવી વીતરાગદશા. આહાહા..! એને અરિહંતપદ અને જિનપદ એને કહેવામાં આવે છે. છે? એને હરિ કહીએ.

પંચાધ્યાયીમાં લીધું છે. હરિ નામ લીધું છે. પંચાધ્યાયી પાઠ ગાથા. હરતિ ઈતિ હરિ. જે ત્રણલોકનો નાથ ભગવાન પોતે. આહાહા..! જેના પૂર્ણ સ્વભાવના વિશ્વાસ અને આશ્રયથી અજ્ઞાન અને રાગદ્વેષ હણી નાખ્યા છે એને હરિ કહીએ. આહાહા..! આ જિનપદને હરિ કહીએ એમ કહે છે. આહાહા..! એને મહાદેવ કહીએ. એ મહાદેવ, મોટા દેવ એ દેવ. આ શંકર ને બંકર ને એ બધા મહાદેવ કહેવાય એ વસ્તુ નથી. જેને અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ એટલે ચારિત્ર, અનંત સ્વચ્છતાની એક સમયની પર્યાયની અમાપતા, અપરિમિતતા બેહદ જેનો સ્વભાવ પર્યાયમાં પ્રગટ થયો છે. એવા ભગવાનને મહા દિવ્યશક્તિવાન દેવ કહેવામાં આવે છે. એ મહાદેવ છે.

એને બ્રહ્મા કહીએ. લ્યો છે? '**હરિ મહાદેવ બ્રહ્મા...**' હર એટલે મહાદેવ. હરિહર બ્રહ્મા ત્રણ આવે છે ને? હરિહર બ્રહ્મા. હરિ હર એટલે મહાદેવ. હરિ વિષ્ણુ, બ્રહ્મા. આહાહા..! એ જિનપદ વીતરાગ, આહાહા..! જેને અનંતી વીતરાગતા ઉત્પન્ન થઈ છે એ બ્રહ્મા. ઓલો બ્રહ્મા જગતને ઉત્પન્ન કરે છે એ બ્રહ્મા નહિ. મહાદેવ સંહાર કરે છે એ નહિ. આ તો મહાપ્રભુ. સર્વજ્ઞની શક્તિથી પ્રગટતા. દિવ્યતા જેને પ્રગટ થઈ છે. એ મહાદેવ, એ હરિ એ બ્રહ્મા. આહાહા..!

એ '**બુદ્ધ...**' ઓલા બુદ્ધ કહે છે ને બુદ્ધ ભગવાન. આ તો બુદ્ધતે બોધઃ પોતાના કેવળજ્ઞાનથી ત્રણકાળ ત્રણલોક એટલે પર્યાયને પૂર્ણ જાણે. ત્રણકાળ ત્રણલોક તો વ્યવહારથી કથન છે. પૂર્ણ પર્યાયને જાણે તે બુદ્ધ. એ એને બુદ્ધ કહીએ. એને પરમપ્રકાશ કહીએ. આહાહા..! ઝળહળ જ્યોતિ ચૈતન્ય પ્રકાશનો પૂંજ પ્રભુ, એની પર્યાયમાં ઝળહળ જ્યોતિ ચૈતન્ય પ્રકાશ. પ્રકાશ પ્રગટ્યો આખો આમ. આહાહા..! જેમાં અંધકારનો, અજ્ઞાનનો અંશ નથી, પૂર્ણ પ્રકાશ પ્રગટ્યો. આહાહા..! એને પરમપ્રકાશ કહીએ. આહાહા..! એવા '**नाम से कहते हैं,...**' લ્યો! આવા નામથી પરમાત્માને કહેવામાં આવે છે. અરિહંત પરમેશ્વર જિનેશ્વરદેવ જેને કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટ થયું છે, એવા પરમાત્મા અરિહંતદેવ. આહાહા..! એને હરિ કહીએ. એને બ્રહ્મા કહીએ, એને વિષ્ણુ કહીએ એને બુદ્ધ કહીએ એને મહાદેવ કહીએ. જગતના હરિ બ્રહ્મ અને મહાદેવ કલ્પનાના કર્યા એ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

જેને ભગવાન પરમેશ્વરપદ અરિહંતપદ. એટલે શું બાપુ! એ કાંઈ વાત સાધારણ નથી. ભાષા ભલે ગોખી જાય સાધારણ. જેને અજ્ઞાન અને રાગ-દ્વેષને પૂરા હરિ નામ હરિ નાખ્યા, નાશ કર્યા છે. આહાહા..! અને જેના સ્થાનમાં જેણે સર્વજ્ઞ પરમેશ્વરે જિનેશ્વરદેવે અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, એવી દશા જેની પ્રગટ થઈ છે તેને અહીંયાં હરિ કહેવામાં આવે છે. આહાહા..! એને મહાદેવ કહેવામાં આવે છે. ઓલા મહાદેવ આ શંકર નહિ. આહાહા..! એને બુદ્ધ કહેવામાં આવે છે. આહાહા..! એને પરમ પ્રકાશ કહેવામાં આવે છે. આહાહા..! ચૈતન્યના નૂરનું પૂર જે ભર્યું છે અંદર. આત્મામાં તો ચૈતન્યના નૂરના તેજના પૂર ભર્યા છે ભાઈ! એને ખબર નથી. પ્રભુ આત્મા ચૈતન્યના પ્રકાશનું પૂર છે. એમાંથી જેણે પ્રકાશ પ્રગટ કર્યો છે અરિહંતે. આહાહા..! અંતરના ધ્યાનમાંથી જેણે પરમપ્રકાશ જે શક્તિ અને સ્વભાવરૂપે હતો તે પ્રગટ કર્યો છે. એ ભગવાનને પરમપ્રકાશ કહીએ. બીજી બધી વાતું કરનારા આમ થયું, પછી ધ્યાન કરે ત્યાં પ્રકાશ દેખાય છે એને. એ તો બધા જડ છે. સમજાણું કાંઈ? કે આંખ મીંચીયે તો આમ થાય, ધોળું દેખાય પ્રકાશ. એ તો બધું જડ છે. આહાહા..! આમ પરમપ્રકાશ તો ભગવાન ચૈતન્યનો પ્રકાશનો પૂર ભર્યું છે. એક એક આત્મા ચૈતન્યના પ્રકાશથી પૂર્ણ ભર્યો છે. આહાહા..! એમાં એનો વિશ્વાસ, અનુભવ કરીને એનું સમ્યગ્દર્શન જેવું જેવડું છે તેવડી તેની સત્ય પ્રતીતિ દર્શન કરીને, તેમાં સ્થિરતા કરીને જેણે પ્રકાશ પ્રગટ કર્યો, એવા અરિહંત જિનેશ્વરને પરમપ્રકાશ કહીએ. બીજાને કોઈને પરમપ્રકાશ છે નહિ. આહાહા..! આવું સ્વરૂપ છે. એવા નામથી કહે છે. '**વહ...**' કેવા છે ભગવાન! પરમેશ્વર અરિહંત જિનેશ્વરદેવ. '**રાગાદિ રહિત શુદ્ધ જિનદેવ હી હૈં,...**' એ આ બધા રાગાદિરહિત શુદ્ધ જિનદેવ હી હૈ. બીજા કોઈ બ્રહ્મા ને હરિ ને શંકર છે. નથી એમ. આહાહા..! '**ઉસી કે યે સબ નામ હૈ.**' આહાહા..!

'**ભાવાર્થઃ- પ્રત્યક્ષજ્ઞાની ઉસે પરમાનંદ જ્ઞાનાદિ ગુણોં કા આધાર હોને સે પરમપદ કહતે હૈં.**' '**પ્રત્યક્ષજ્ઞાની ઉસે પરમાનંદ જ્ઞાનાદિ ગુણોં કા આધાર હોને સે...**' આહાહા..! પરમ અતીન્દ્રિય આનંદ, પરમેશ્વર અરિહંતને પરમ અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો છે. સમ્યગ્દૃષ્ટિ છે, ધર્મની પહેલી શરૂઆતવાળો એને પણ અતીન્દ્રિય આનંદનો અંશ પ્રગટ્યો હોય છે. આહાહા..! ત્યારે તો તેને સત્યદર્શન થયું, સમ્યગ્દર્શન કહો કે સત્યદર્શન કહો. આહાહા..! આ તો પરમેશ્વર તેરમે ગુણસ્થાને કેવળજ્ઞાની. આહાહા..! લાખો કેવળીઓ બિરાજે છે મહાવિદેહમાં. શરીરસહિત જિવનમુક્ત. સિદ્ધ ભગવાન તો શરીરરહિત નમો સિદ્ધાણં. આ નમો અરિહંતાણં. લાખો કેવળીઓ, વીસ તીર્થંકરો મહાવિદેહમાં મોજુદ છે, મોજુદ છે. હયાતી અત્યારે છે. એ બધાને આ પરમપદ કહેવામાં આવે છે એમ કહે છે.

'**પ્રત્યક્ષજ્ઞાની ઉસે પરમાનંદ જ્ઞાનાદિ ગુણોં કા આધાર...**' કોણ? એ આત્મા. આહાહા..! એની પર્યાય પ્રગટેલી પરમ આનંદ અને જ્ઞાનગુણનો આધાર છે. એને પરમપદ કહે છે. આહાહા..! હવે આવા ભગવાનને મૂકીને દેવ-દેવલાને, ઓલા શાસનદેવને પૂજો, ક્ષેત્રપાળને પૂજો, ભૂતડા ભવનપતિને આદિ પૂર્ણ ભદ્ર ને ફલાણા ભદ્ર ને. અરે! ત્રણલોકના નાથ આગળ કોઈ દેવ પૂજવા

લાયક છે નહિ. આહાહા..!

**મુમુક્ષુ :- મનુષ્યથી દેવ તો હલકા થઈ ગયા. મનુષ્ય તો કેવળજ્ઞાન પામી શકે છે.**

ઉત્તર :- મનુષ્ય પણ એ દેવ ક્યાં છે એ? ભૂતડા છે. દેવ તો આ પરમેશ્વર સર્વજ્ઞદેવ. આહાહા..! દેવાધિદેવ જેની દિવ્ય શક્તિઓ જે આત્માની છે એ શક્તિઓની વ્યક્તતા જેને પ્રગટ થઈ ગઈ છે. શક્તિની વ્યક્તતા થઈ છે. એને પરમેશ્વર કહીએ, એને જિનદેવ કહીએ. આહાહા..!

શંકરનું દેવળ છે ને તમારે નહિ? દામનગર. તળાવને કાંઠે. ઓલું ખૂણે તળાવ. ત્યાં ગયા હતા. હું જાતો ને પહેલા. સમયસાર લઈને ત્યાં એ શંકરનું દેવળ છે ને નીચે ખાડો છે. લાખો મણ ધૂળ કાઢેલું. શંકરનું દેવળ આમ છે અને આ બાજુ ખાડો છે. ત્યાં હું જાતો ને તે દિ' અંદર. ચાર-ચાર, પાંચ-પાંચ, છ કલાક ત્યાં રહેતો. વ્યાખ્યાન દઈને ચાલ્યો જતો એ સાંજે આવે. અપવાસ હોય ને તે દિ'. એ શંકરનું દેવળ છે અને તળાવ છે અને આમ નીચે ખાડો મોટો છે. લાખો મણ ધૂળ કાઢેલો. એ નીચે. આહાહા..! આ સમયસાર ત્યાં વાંચેલું. ૭૮માં. ૭૮ની સાલની વાત છે. ૫૫ વર્ષ થયા. આહાહા..!

અહીં કહે છે કે કેવળજ્ઞાની પરમાત્મા '**પ્રત્યક્ષજ્ઞાની ઉસે પરમાનંદ જ્ઞાનાદિ ગુણોં કા આધાર હોને સે પરમપદ કહતે હૈં.**' કેવળજ્ઞાની આને પરમપદ કહે છે. એમ કહે છે. પ્રત્યક્ષજ્ઞાની જે સર્વજ્ઞ ભગવાન એ આવા પરમ-આનંદ ને જ્ઞાનાદિ ગુણોનો આધાર હોવાથી એને પરમપદ એને પરમાત્મા પરમપદ કહે છે. બાકી બધા પરમપદ નથી કે મોટા દેવ થાય ને દેવલા થાય. વૈમાનિક દેવ થાય. એ નહિ. આહાહા..! એને વિષ્ણુ કહીએ. આવી દશાવંત જેને પરમાત્મ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ જિનેશ્વરદેવ દશામાં જેને પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ જ્ઞાન આનંદનો આધાર દશા જેને પ્રગટી છે તેને અહીંયાં વિષ્ણુ કહીએ, એને મહાદેવ કહીએ. '**ઉસીકા નામ પરબ્રહ્મ હૈ,...**' આહાહા..! પરમબ્રહ્મ એ છે. બીજો કોઈ પરમબ્રહ્મ કર્તા જગતનો છે ને એને આધીન ઈશ્વરે સૃષ્ટિ બનાવી છે એ બધું ગપ છે. આહાહા..! પરમબ્રહ્મ એ ભગવાન પરમાત્મા પોતે પરમબ્રહ્મ છે. સર્વજ્ઞ કેવળજ્ઞાની પરમાત્મા. છે?

'**સબકા જ્ઞાયક હોને સે બુદ્ધ હૈ.**' ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં પોતાની પર્યાયની અવસ્થાના સામર્થ્યને જાણે માટે તેને બુદ્ધ કહેવામાં આવે છે. આહાહા..! '**સબમેં વ્યાપક ઐસા જિનદેવ દેવાધિદેવ પરમાત્મા...**' વ્યાપકનો અર્થ જાણનાર. કોઈને કાંઈ વ્યાપક ગરી જતો નથી ભગવાન પરને જાણતો. બધે લોકાલોકમાં વ્યાપક એટલે લોકાલોકને જાણે. જાણવાની અપેક્ષાએ તેને વ્યાપક કહેવામાં આવ્યા છે. લોકાલોકને '**સબમેં વ્યાપક ઐસા જિનદેવ દેવાધિદેવ પરમાત્મા અનેક નામોં સે ગાયા જાતા હૈ.**' આહાહા..!

'**સમસ્ત રાગાદિક દોષકે ન હોને સે...**' પરમેશ્વરને તો રાગનો અંશ પણ નથી. તો વીતરાગ મૂર્તિ પરમાત્મસ્વરૂપ, એને લઈને એ નિર્મળ છે. પરમાત્મા નિર્મળ છે. રાગ ને પુણ્યની વિકલ્પ દયા, દાનનો વિકલ્પ પણ મેલ છે એ પણ એને નથી. આહાહા..! એ તો નિર્મળાનંદ

ભગવાન પરમાત્મા છે. '**ઐસા જો અરહંતદેવ વહી પરમાત્મ પરમપદ, વહી વિષ્ણુ, વહી ઈશ્વર,...**' લ્યો એ ઈશ્વર. 'સૃષ્ટિવાદી કહે.. ' ઈશ્વર સૃષ્ટિનો કર્તા કોક છે. કર્તા વિના કાંઈ બને આવું? કર્તા આવું બનાવે કષાયખાના? બોકડાને કાપે ને ગાયુને કાપે એવું બનાવે કર્તા? કોઈ કર્તા ફર્તા છે નહિ. આ જ ઈશ્વર. જિનદેવ તે ઈશ્વર છે. કે જે ત્રણકાળ ત્રણલોકને જાણે અને વીતરાગતામાં પરિપૂર્ણ પરમ આનંદનો આધાર. આહાહા..!

'**વહી બ્રહ્મ, વહી શિવ, વહી સુગત,...**' સુગત એટલે બુદ્ધ. '**વહી જિનેશ્વર, ઔર વહી વિશુદ્ધ-ઈત્યાદિ એક હજાર આઠ નામોં સે ગાયા જાતા હૈ.**' સમવસરણમાં ભગવાનને જ્યારે કેવળજ્ઞાન થાય છે, ઈન્દ્રો આવીને એક હજાર નામથી ભગવાનના ગાણા ગાય છે. એક હજાર. આહાહા..! પ્રભુ તો વીતરાગ છે. એને કાંઈ સાંભળવું નથી એ તો ત્રણકાળ ત્રણલોકને જાણે છે. પણ ઈન્દ્ર આવીને સ્તુતિ કરે. એક હજાર નામથી સ્તુતિ કરે છે. આહાહા..! '**એક હજાર આઠ નામોં સે ગાયા જાતા હૈ.**' ગાય એટલે કહેવામાં આવે છે.

'**નાના રુચિ કે ધારક યે સંસારી જીવ...**' અનેક રુચિના ધરનારા સંસારી '**વે નાના પ્રકાર કે નામોં સે જિનરાજ કો આરાધતે હૈં.**' ગમે તે નામે આરાધો-સેવો. આહાહા..! પણ વસ્તુ આ જોઈએ. '**યે નામ જિનરાજ કે સિવાય દૂસરે કે નહીં હૈં.**' જિનરાજ વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની સિવાય આ વાત બીજે ક્યાંય હોતી નથી. આહાહા..! '**ઐસા હી દૂસરે ગ્રંથોમેં ભી કહા હૈ-એક હજાર આઠ નામોં સહિત વહ મોક્ષપુરકા સ્વામી...**' પદ જોઈએ. મોક્ષપદ કા. ના મોક્ષપુર. પુર છે. લીટી કરી છે. '**મોક્ષપુરકા સ્વામી...**' ભગવાન અરિહંતદેવ, સર્વજ્ઞદેવ એક હજાર નામથી બોલાવાય છે કહે છે. અને મોક્ષપુરના સ્વામી '**ઉસકી આરાધના સબ કરતે હૈં.**' એ દેવની આરાધના દેવાધિદેવની કરે છે. બાકી બધા દેવો બધા ફોગટ છે. આહાહા..! કયો દેવ છે તમારે દામનગરમાં? ત્રણ ગાઉ છેટે. દામનગર પાસે એકલીયા. એકલિયા નહિ.

મુમુક્ષુ :- ભુરખિયા.

ઉત્તર :- તમારાથી ત્રણ ગાઉ છેટે.

મુમુક્ષુ :- ભુરખિયા.

ઉત્તર :- ભુરખિયા ભુરખિયા. ભુરખિયો. ભુરખિયો. ભુરખિયો. ખબર છે ને. લાઠીની વચ્ચે આવે છે. ભુરખિયો ભુરખિયો બધા માનતા ભુરખિયાને તે. દામનગરવાળા ઘણા. ભાન વિનાના ભુરખિયાને માને. અક્કલના બારદાન નામ કહેવાય જૈન અને માને ભુરખિયાને.

મુમુક્ષુ :- જૈનો જ બધા છે.

ઉત્તર :- ખબર છે ને બધી ખબર છે. દામોદર શેઠને વા બહુ થયો હતો તે દિ' ભુરખિયાને માન્યો હતો એની માએ. ખબર છે બધી. આ તો ઘણા વર્ષ થયા. ઘણાં વર્ષ થયો હતો ને બહુ. રાડ દુઃખ બહુ હતુ. આહાહા..! ભુરખિયા ને આવા ને આવા ભુરખિયા હનુમાન. દુનિયાની ભ્રમણા, ભ્રમણા, ભ્રમણા, ભ્રમણા. આહાહા..!

અહીંયાં તો જિનરાજદેવ મોક્ષપુરના સ્વામી '**ઉસકે અનંત નામ ઔર અનંત રૂપ હૈં.**' એ સર્વજ્ઞ પરમેશ્વર નમો અરિહંતાણં જિનેશ્વરદેવ, એના અનંતનામ અને અનંતરૂપ, એને બધી રીતે ઓળખાવામાં આવે છે. એ સિવાય કોઈ બીજી રીત છે નહિ. આહાહા..! તમારે ત્યાં બહુ હોય છે ત્યાં મહાજનનો નહિ ઓલો બળદ એક છે. જીવરાજજીને ખબર નથી. બળદ નહિ કોક? બળદ બળદનો છે એ બાજુ. ચેલા પાસે છે એક. તેને તે માનવા જાય.

મુમુક્ષુ :- પડાણા

ઉત્તર :- પડાણા પાસે. જૈનના વાડામાં કાંઈ ભાન ન મળે. આહાહા..!

'**વાસ્તવ મેં નામસે રહિત રૂપ સે રહિત ઐસે ભગવાનદેવ કો હે પ્રાણિયો, તુમ આરાધો.**' આહાહા..! જેને આત્મદશા પૂર્ણ પ્રગટ થઈ છે. જાતિએ તો જિનવરને જીવ જાતિ બે એક જ છે. જેવા જિનવર છે તેવા બધા જીવો છે. એનો શક્તિ અને સ્વભાવ તો જિનવરની જાતનો છે એ. પણ એ શક્તિરૂપે છે બીજા. ભગવાનને વ્યક્તિરૂપે પ્રગટ થઈ ગઈ છે. બાકી કાલે આવ્યું હતું નહિ? જિનવર અને જીવની જાતિ એક છે. આહાહા..!

ઘઉંના દાણા લાખ હોય, કરોડ હોય, બધા એક જાતના છે. કોકનો લોટ થયો હોય અને કોકના આખા દાણા હોય. અને શક્તિએ તો બધા સરખા છે. એમ ભગવાનઆત્મા બધા શક્તિએ પરમાત્મા જ છે. પરમેશ્વરને તો એ શક્તિમાંથી વ્યક્તતા (પૂરી) પ્રગટ થઈ ગઈ, પૂર્ણાનંદ દશા થઈ ગઈ છે. એટલો બેયમાં ફેર છે. આહાહા..! ૨૦૦ ગાથા થઈ.

'**ઈસ પ્રકાર ચૌબીસ દોહોં કે મહાસ્થલ મેં પરમાત્મપ્રકાશ શબ્દ કે અર્થકી મુખ્યતા સે તીન દોહોં મેં તીસરા અંતરસ્થલ કહા.**'

---

तदनन्तरं सिद्धस्वरुपकथनमुख्यत्वेन सूत्रत्रयपर्यन्तं व्याख्यानं करोति तद्यथा-

३३२) झाणेँ कम्मक्खउ करिवि मुक्कउ होइ अणंतु।
जिणवरदेवइँ सो जि जिय पभणिउ सिद्ध महंतु।।२०१।।

ध्यानेन कर्मक्षयं कृत्वा मुक्तो भवति अनन्तः।
जिनवरदेवेन स एव जीव प्रभणितः सिद्धो महान्।।२०१।।

पभणिउ प्रभणितः कथितः। केन कर्तृभूतेन। जिणवरदेवइं जिनवरदेवेन। कोऽसौ भणितः। सिद्ध सिद्धः। कथंभूतः। महंतु महापुरुषाराधितत्वात् केवलज्ञानादिमहागुणाधारत्वाच्च महान्। क एव। सो जि स एव। स कः योऽसौ मुक्कउ होइ ज्ञानावरणादिभिः कर्मभिमुक्तो रहितः सम्यक्त्वघष्टगुणसहितश्च जिय हे जीव। कथंभूतः। अणंतु न विघतेऽन्तो विनाशो यस्य स भवत्यनन्तः। किं कृत्वा पूर्वं मुक्तो भवति। कम्मक्खउ करिवि विशुद्धज्ञानदर्शनस्वभावादात्मद्रव्याद्विलक्षणं यदार्तरौद्रध्यानद्वयं तेनोपार्जितं यत्कर्म तस्य

क्षयः कर्मक्षयस्तं कृत्वा। केन झाणें रागादिविकल्परहितस्वसंवेदनज्ञानलक्षणेन ध्यानेनेति तात्पर्यम्।।२०१।।

---

आगे सिद्धस्वरुपके कथनकी मुख्यतासे तीन दोहोंमें व्याख्यान करते हैं-

गाथा-२०१

अन्वयार्थः- [ध्यानेन] शुक्लध्यानसे [कर्मक्षयं] कर्मोंका क्षय [कृत्वा] करके [मुक्तः भवति] जो मुक्त होता है, [अनंतः] और अविनाशी है, [जीव] हे जीव, [स एव] उसे ही [जिनवरदेवेन] जिनवरदेवने [महान् सिद्धः प्रभणितः] सबसे महान् सिद्ध भगवान् कहा है।।

भावार्थः- अरहंतपरमेष्ठी सकल सिद्धान्तोंके प्रकाशक हैं, वे सिद्ध परमात्माको सिद्धपरमेष्ठी कहते हैं, जिसे सब संत पुरुष आराधते हैं। केवलज्ञानादि महान् अनंतगुणोंके धारण करनेसे वह महान् अर्थात् सबमें बड़े हैं। जो सिद्धभगवान् ज्ञानावरणादि आठों ही कर्मोंसे रहित हैं, और सम्यक्त्वादि आठ गुण सहित हैं। ज्ञायकसम्यक्त्व, केवलज्ञान, केवलदर्शन, अनंतवीर्य, सूक्ष्म, अवगाहन, अगुरुलघु, अव्याबाध-इन आठ गुणोंसे मंडित हैं, और जिसका अन्त नहीं ऐसा निरंजनदेव विशुद्धज्ञान दर्शन स्वभाव जो आत्मद्रव्य उससे विपरीत जो आर्त रौद्र खोटे ध्यान उनसे उत्पन्न हुए जो शुभ-अशुभ कर्म उनका स्वसंवेदनज्ञानरुप शुक्लध्यानसे क्षय करके अक्षय पद पा लिया है। कैसा है शुक्लध्यान? रागादि समस्त विकल्पोंसे रहित परम निराकुलतारुप है। यही ध्यान मोक्षका मूल है, इसीसे अनन्त सिद्ध हुए और होंगे।।२०१।।

---

તેના પછી સિદ્ધસ્વરૂપના કથનની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્ર સુધી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણે :-

ભાવાર્થઃ- રાગાદિવિકલ્પ રહિત સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ ધ્યાનથી વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધ દર્શનસ્વભાવવાળા આત્મદ્રવ્યથી વિલક્ષણ જે આર્ત અને રૌદ્રરૂપ બે ધ્યાન છે તેનાથી ઉપાર્જિત જે કર્મ છે તેનો ક્ષય કરીને જે જ્ઞાનાવરણાદિ કર્મથી રહિત અને સમ્યક્ત્વાદિ આઠ ગુણ સહિત થાય છે અને જે અવિનાશી છે તેને જ જિનવરદેવે સિદ્ધ કહ્યા છે- કે જે સિદ્ધ ભગવાન મહાપુરુષોથી આરાધિત હોવાથી અને કેવળજ્ઞાનાદિ મહાગુણોના આધાર હોવાથી મહાન છે, એ તાત્પર્ય છે. ૨૦૧.

---

## ગાથા-૨૦૧ ઉપર પ્રવચન

'**આગે સિદ્ધસ્વરૂપ કે કથનકી મુખ્યતા સે તીન દોહોં મેં વ્યાખ્યાન કરતે હૈં—**' આ અરિહંતની મુખ્યતાથી વ્યાખ્યા કરી. હવે સિદ્ધ ભગવાન. નમો સિદ્ધાણં. આ પહેલું અત્યાર સુધી નમો અરિહંતાણંનું કહ્યું. એના અનંતનામો, અનંતગુણો, અનંતીપર્યાયથી એને કહેવાય. કેવળજ્ઞાની પરમાત્મા જિનેશ્વરને. હવે '**સિદ્ધસ્વરૂપ કે કથનકી મુખ્યતાસે તીન દોહોં મેં વ્યાખ્યાન કરતે હૈં--**'

३३२) झाणेँ कम्मक्खउ करिवि मुक्कउ होइ अणंतु।
जिणवरदेवइँ सो जि जिय पभणिउ सिद्ध महंतु।।२०१।।

'**અન્વયાર્થ :- શુક્લધ્યાન સે કર્મોં કા ક્ષય કરકે...**' અરિહંત ભગવાનને હજી ચાર કર્મ બાકી હોય છે. ચાર કર્મ નાશ થયા હોય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય ચારનો નાશ. પણ આ ચાર બાકી હોય છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. તેથી અરિહંતપદે બિરાજમાન છે. અને સિદ્ધ ભગવાનને આઠેય કર્મનો નાશ થયો માટે તે અશરીરી સિદ્ધ ભગવાન ઉપર બિરાજે છે. આહાહા..! '**કર્મોં કા ક્ષય કરકે જો મુક્ત હોતા હૈ,...**' સમુચ્ચય વાત લેવાની છે ને. આમ તો સિદ્ધ છે એ અનાદિકાળથી છે. પણ એક એક જીવ લ્યો તો કર્મ હતા એનો નાશ કરીને સિદ્ધ થયા છે.

'**ઔર અવિનાશી હૈ,...**' સિદ્ધપદ પ્રગટ્યું એ પ્રગટ્યું હવે ફરીને એને અવતાર હોતો નથી. પછી મોક્ષમાંથી હવે અહીં ભક્તોની ભીડ ભાંગવા અવતાર ધારણ કરે છે. એવું હોતું નથી. આહાહા..! '**કર્મોં કા ક્ષય કરકે જો મુક્ત હોતા હૈ, ઔર અવિનાશી હુઆ,...**' આહાહા..! '**હે જીવ! ઉસે હી જિનવરદેવને સબસે મહાન સિદ્ધ ભગવાન કહા હૈ.**' સૌથી મહાન સિદ્ધ ભગવાન કહ્યા છે. અરિહંત કરતા પણ એ પરમસિદ્ધ તો પૂર્ણપવિત્ર છે. અરિહંતમાં જે ચાર કર્મ બાકી છે તેટલી અપૂર્ણતા છે. સિદ્ધને તો આઠેય કર્મરહિત છે. લોકને અગ્રે મુક્તિ શીલા ઉપર અનંતા સિદ્ધો બિરાજે છે. એને ભગવાને સર્વોત્કૃષ્ટ '**મહાન સિદ્ધ ભગવાન કહા હૈ.**' આહાહા..!

'**ભાવાર્થઃ- અરહંત પરમેષ્ઠી સકલ સિદ્ધાંતો કે પ્રકાશક હૈં,...**' કારણ કે એને હજી વાણી હોય છે. પરમેશ્વરને અરિહંત છે એને વાણી હોય છે. ॐ ધ્વનિ ઉઠે. 'મુખ ઓંકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે.' એ ભગવાનને આવી વાણી ન હોય. વીતરાગ છે ને સર્વજ્ઞ છે. એને હોઠ બંધ હોય, કંઠ ચાલે નહિ. આખા શરીરમાંથી ॐ ધ્વનિ ઉઠે. ભાષા એમ કહેવાય 'મુખ ઓંકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે.' પંચાસ્તિકાયમાં આવે છે ને. 'મુખ વયણં' ભાષાથી વ્યવહાર વાત બાકી એને મોઢેથી ભાષા હોય નહિ એને. આખા શરીરમાંથી ઈચ્છા વિના પરમાત્મા તો વીતરાગ છે, કેવળી છે. ઈચ્છા વિના ॐ એવો ધ્વનિ ઉઠે. પંચપરમેષ્ઠીનું સ્વરૂપ. એમાંથી બધું બહાર સંતો, ગણધરો, મુનિઓ બાર અંગની રચના કરે છે. 'ॐ કાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે

ભવિક જીવ સંશય નિવારે.' આહાહા..! ભવ્ય જીવો સંશય નિવારે એ આગમને સાંભળીને. આહાહા..! એવા '**અરહંત પરમેષ્ઠી સકલ સિદ્ધાંતો કે પ્રકાશક હૈં,...**' જોયું! વાણીની વાત છે ને એટલે.

'**વે સિદ્ધ પરમાત્મા કો સિદ્ધપરમેષ્ઠી કહતે હૈં,...** ' એ અરિહંત, સિદ્ધને પરમેષ્ઠી પરમાત્મા એમ કહે છે. આહાહા..! '**સકલ સિદ્ધાંતો કે પ્રકાશક હૈં, વે સિદ્ધ પરમાત્મા કો સિદ્ધપરમેષ્ઠી કહતે હૈં, જિસે સબ સંતપુરુષ આરાધતે હૈં.**' સંતપુરુષો ધર્માત્મા સમકિતી જ્ઞાનીઓ એવા સિદ્ધ ભગવાનને આરાધે છે. '**કેવલજ્ઞાનાદિ મહાન અનંતગુણો કે ધારણ કરને સે વહ મહાન અર્થાત્ સબમેં બડે હૈં.**' કેમ સિદ્ધ મોટા છે કહે છે? કેવલજ્ઞાનાદિ અનંતગુણ ધારણ કરેલા છે, તેથી તેને મહાન સૌથી મોટા કહેવામાં આવે છે. દેવની પદવી મળે ને મોટા કરોડો-અબજોપતિ થાય, મોટા કહેવાય એ મોટા નથી બધા એ તો ભિખારા. ખોટા છે બધા રાંકા છે. આ મહાન લક્ષ્મીવાળા છે. આહાહા..!

જેને અનંત આનંદ પ્રગટ્યો છે, પૂર્ણાનંદ સ્વભાવ એ સિદ્ધ ભગવાન જ મોટામાં મોટા મહાન બડા કહેવાય છે. '**સબમેં બડે હૈં.**' અહીં તો કાંઈક પાંચ પચ્ચીસ લાખ હોય ધૂળ, કોકનું કાંઈ મોટું આબરૂ હોય, લાખ બે લાખનો વર્ષે નોકરી મળતી હોય, મોટો કહેવાય. એ બધા સંસારમાં રખડવાના મોટા. આહાહા..! આ તો મોટા બડા મહાન ગુણમાં મોટા પ્રભુ. આહાહા..! એમાં જેની દશા પ્રગટી છે એવી દશા કોઈ પ્રાણીની હોતી નથી. એવા એ મહાન પ્રભુ છે સિદ્ધ ભગવાન. આહાહા..!

'**જો સિદ્ધભગવાન જ્ઞાનાવરણાદિ આઠોં હી કર્મોં સે રહિત હૈં,...**' આઠેય કર્મથી રહિત ભગવાન સિદ્ધ છે. '**ઔર સમ્યકત્વ આદિ આઠ ગુણ સહિત હૈં.**' વ્યવહારથી. નિશ્ચયથી તો અનંતગુણ છે બધા પણ આ પ્રગટ થયેલા આઠ. આહાહા..! ક્ષાયિક સમકિત. સિદ્ધ ભગવાનને ક્ષાયિક સમકિત હોય છે. જે આત્માનું (સ્વરૂપ) સમ્યક્ સત્ય પૂર્ણ અનુભવમાં આવ્યું હતું, પ્રતીતમાં, એ પ્રતીત ક્ષાયિક છે એ પ્રતીત સિદ્ધમાં રહે છે. આહાહા..! જેમ શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી. નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું. નરકમાં ગયા છે અત્યારે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ છે, પણ ક્ષાયિક સમકિતી છે. ત્યાંથી નીકળીને પહેલા તીર્થંકર થવાના. પહેલી નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ. અઢીહજાર ગયા. સાડી એક્યાશી રહેશે હજી. આહાહા..! ક્ષાયિક સમકિતી. અને સમયે સમયે તીર્થંકરગોત્ર બાંધે ત્યાં પણ. પણ નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું. નરકમાં છે અત્યારે. ક્ષાયિક સમકિતી બહાર નીકળશે લઈને તો ક્ષાયિક સમકિત લઈને આવશે અહીં. કેવળજ્ઞાન પામશે તો એ ક્ષાયિક સમકિત સાથે, સિદ્ધમાં પણ એ સમકિત સાથે છે. ત્યારે મોક્ષ પધારશે. આવતી ચોવીસીમાં પહેલાં તીર્થંકર શ્રેણિક રાજા. આહાહા..!

'**ક્ષાયિકસમ્યક્ત્વ, કેવલજ્ઞાન,...**' સિદ્ધ ભગવાનને કેવળજ્ઞાન હોય છે. આઠ ગુણ ગણવા છે ને? '**કેવલદર્શન,...**' પૂર્ણદર્શન, પૂર્ણજ્ઞાન. પર્યાયમાં હોં. શક્તિદેવમાં જુદી આ તો અવસ્થા

પર્યાય આવડી થઈ છે. આહાહા..! 'અનંતવીર્ય,...' ભગવાનને અનંતબળ પ્રગટ્યું છે. શેનું? અનંતા ગુણની પર્યાયની નિર્મળતા રચવાનું. આહાહા..! એવું અનંત વીર્ય પ્રગટે છે. એક જણો પૂછતો હતો કે ત્યાં સિદ્ધ ભગવાનને આટલી શક્તિ પ્રગટી તે શું કરે? મેં કીધું કાંઈ ન કરે કોઈનું. કોણ હતું નહિ? તેજીશાહ લ્યો! તમારા વઢવાણવાળો. તેજીશાહ હતા ને ગુજરી ગયા. તેજીશાહ હતા વઢવાણવાળા. કાંઈ દીકરો નથી. એક દીકરી હતી એ ક્રિશ્ચયનને પરણી છે. ત્યાં મકાન છે ત્યાં મુંબઈમાં. એક લાખ રૂપિયાનું કાંઈક.

મુમુક્ષુ :- ક્રિશ્ચિયનને...

ઉત્તર :- ક્રિશ્ચિયનની સાથે પરણી ગઈ છે. છોકરી હતી તે ક્રિશ્ચિયનને પરણી ગઈ છે. એની હયાતીમાં. કાંઈ ઠેકાણા નહોતા. અહીંયાં આવતો. એણે પ્રશ્ન કર્યો હતો હીરાભાઈના મકાનમાં. કે સિદ્ધ ભગવાન શું કરે? મેં કીધું સિદ્ધ ભગવાન અનંત આનંદ અને અનંત જ્ઞાનને અનુભવે. બીજાનું કાંઈ ન કરે? અમે કરીએ છીએ આવા સાધારણ માણસ. અરે! શું ધૂળ કરો તમે? શું કરે કોકનું? રાગ ને દ્વેષ કરો છો. આ ૯૨-૯૩ની વાત છે. હીરાભાઈના મકાનની વાત છે. એ બધા વાણિયા જૈનમાં જન્મ્યા એને પણ ભાન ન મળે કાંઈ. સિદ્ધ ભગવાન જાણે કાંઈ કરે. બહુ શક્તિ પ્રગટીને એની. અનંતવીર્ય પ્રગટ્યું છે તો કંઈકનું કરી દે સારું. દુઃખી ને સુખી કરી દે. ધૂળેય કરે નહિ કીધું. આ કરે કોણ? એ તો પોતાની આનંદની દશા પૂર્ણ, વીતરાગદશા પ્રગટી એને અનુભવે છે. બસ. આહાહા..! આવા આવા તેજી શાહ. વઢવાણાવાળા હોય તો ઓળખે તેજીશાહને નહિ? તમારે તેજી શાહ જાણો કે નહિ?

કોઈનું કરે એને સિદ્ધ? કીધું ના. કાંઈ ન કરે. કોઈ પ્રાણી દુઃખી મરી જતો હોય તો એ સિદ્ધ ભગવાન કાંઈ ન કરે. બસ! અમે આટલા કાંઈક કરી દઈએ પાંચ-પચ્ચીસ માણસનું સારું અને એ કાંઈ ન કરે? ધૂળેય કરતા નથી, અભિમાન છે તમારું. પરદ્રવ્યનું કોણ કરે? સ્વતંત્ર જગતની ચીજ છે એ એની અવસ્થા એનાથી થાય છે. એમાં તું શું એનું કરી દે? સુખી કરી દે, ફલાણું કરી દે, આમ કરી દે. અભિમાન મિથ્યાત્વના છે કીધું ભાઈ! એને બેસે નહિ. એ બધા સુધરેલ પંક્તિવાળા. નામ ધરાવે જૈન સ્થાનકવાસી. રાણપરના હતા. રાણપરના હતા ને? વઢવાણના? તેજી શાહ.

મુમુક્ષુ :- વઢવાણ.

ઉત્તર :- વઢવાણના નહિ?

ભગવાનને તો અનંતવીર્ય પ્રગટ્યું છે, પણ એ પોતાના અનંતગુણના સામર્થ્યનું વીર્ય, બાકી કાંઈ પરનું હરામ કાંઈ કરે તો. અમથું આ આત્મા પણ બીજાનું શું કરી શકે છે? કાંઈ કરી શકે છે? શરીર, વાણી, મન આ તો જડ છે. આહાહા..! જડને શું કરી શકે? બીજા આત્માનું ભલું કરી શકે. અનંતવીર્ય પ્રગટ્યું. સૂક્ષ્મ છે. પ્રભુને સૂક્ષ્મતા પ્રગટી છે. સૂક્ષ્મ છે ને? 'અવગાહન,...' છે. પોતામાં અવગાહન રહેલા છે. 'અગુરુલઘુ,...' છે. નાનું-મોટું કાંઈ રહ્યું નથી. પૂર્ણ થઈ ગયું છે. 'અવ્યાબાધ...' વેદનીય ટળી ગયો છે.

**'ઇન આઠ ગુણોં સે મંડિત હૈં, ઔર જિસકા અંત નહીં ઐસા નિરંજનદેવ વિશુદ્ધજ્ઞાન દર્શન સ્વભાવ જો આત્મદ્રવ્ય...'** આહાહા..! પરમાત્મપ્રકાશની છેલ્લી ગાથાઓ છે ને. **'ઉસસે વિપરીત જો આર્ત રૌદ્ર ખોટે ધ્યાન...'** શું કહ્યું? **'આઠ ગુણોં સે મંડિત હૈ, ઓર જિસકા અંત નહીં ઐસા નિરંજનદેવ વિશુદ્ધજ્ઞાન દર્શન સ્વભાવ જો આત્મદ્રવ્ય...'** ભગવાનઆત્મા તો વિશુદ્ધ દર્શન, જ્ઞાન સ્વભાવથી ભરેલો. **'ઉસસે વિપરીત જો આર્ત રૌદ્ર ખોટે ધ્યાન...'** આહાહા..! **'ઉસસે ઉત્પન્ન હુએ જો શુભ-અશુભ કર્મ...'** આર્ત અને રૌદ્ર ધ્યાનથી તો આર્ત શુભ અને અશુભ કર્મ થાય. આહાહા..!

**'ઉનકા સ્વસંવેદનજ્ઞાનરૂપ શુક્લધ્યાન સે ક્ષય કરકે... '** લ્યો! એ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો સ્વસંવેદન જ્ઞાનરૂપ. આહાહા..! પોતાના આત્માનું જ્ઞાન સ્વ, પોતાનું સં પ્રત્યક્ષ વેદન. આનંદના જ્ઞાનનું વેદન કરીને જેણે કર્મનો ક્ષય કર્યો છે. કોઈ આ ક્રિયાકાંડ કરીને, વ્રત ને નિયમ ને અપવાસ કરીને કર્મ ક્ષય થયા છે એમ નથી. એ તો બધું પુણ્યબંધનું કારણ છે. આહાહા..! **'સ્વસંવેદનજ્ઞાનરૂપ શુક્લધ્યાન...'** શુક્લધ્યાનની વ્યાખ્યા કરી. સ્વસંવેદનજ્ઞાન. આ જ્ઞાનસ્વરૂપ ભગવાન એ જ્ઞાનનું અંતર વેદન, રાગરહિત જ્ઞાનસ્વભાવનું વેદન, પ્રત્યક્ષ આનંદનું વેદન એવા વેદન દ્વારા એણે કર્મનો નાશ કર્યો છે. એ શુક્લધ્યાન દ્વારા નાશ કર્યો.

**'અક્ષયપદ પા લિયા હૈ.'** આહાહા..! **'કૈસા હૈ શુક્લધ્યાન? રાગાદિ સમસ્ત વિકલ્પોં સે રહિત...'** રાગ, પુણ્ય, દયા, દાનના વિકલ્પ પણ જેમાં નથી. એવું શુક્લ નામ ધોળું એટલે ઉજળું, ધોળો રંગ નહિ. ઉજળું અંદર ચૈતન્યના પ્રકાશના પુરની એકાગ્રતા. એવા ઉજળા ધ્યાનથી. આહાહા..! **'અક્ષયપદ પા લિયા હૈ.'** આહાહા..! **'પરમ નિરાકુલતારૂપ હૈ.'** આનંદસ્વરૂપ છે એ શુક્લધ્યાન. **'યહી ધ્યાન મોક્ષ કા મૂલ હૈ,...'** લ્યો! એ મોક્ષનું કારણ તો આ શુક્લધ્યાન છે. **'ઈસીસે અનંત સિદ્ધ હુએ ઔર હોંગે.'** કોઈ વ્યવહારની ક્રિયા કરી કરીને થયો છે, મુક્ત થયા છે એમ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)

---

## ગાથા-૨૦૨

अथ-

३३३) अण्णु वि बंधु वि तिहुयणहँ सासय-सुक्ख-सहाउ।
तित्थु जि सयलु वि कालु जिय णिवसइ लद्ध-सहाउ।।२०२।।
अन्यदपि बन्धुरपि त्रिभुवनस्य शाश्वतसौख्यस्वभावः।
तत्रैव सकलमपि कालं जीव निवसति लब्धस्वभावः।।२०२।।

अण्णु वि इत्यादि। अण्णु वि अन्यदपि पुनरपि स पूर्वोक्तः सिद्धः। कथंभूतः। बंधु वि बन्धुरेव। कस्य। तिहुयणहं त्रिभुवनस्थभव्यजनस्य। पुनरपि किं विशिष्टः। सासय-

सुक्ख-सहाउ रागादिरहितव्याबाधशाश्वतसुखस्वभावः। एवंगुणविशिष्टः सन्। किं करोति स भगवान्। तित्थु जि तत्रैव मोक्षपदे णिवसइ निवसति। कथंभूतः सन्। लद्ध-सहाउ लब्धशुद्धात्मस्वभावः कियत्कालं निवसति। सयलु वि कालु समस्तमप्यनन्तानन्तकालपर्यन्तं जिय हे जीव इति। अत्रानेन समस्तकालग्रहणेन विमुक्तं भवति। ये केचन वदन्ति मुक्तानां पुनरपि संसारे पतनं भवति तन्मतं निरस्तमिति भावार्थः।।२०२।।

आगे फिर भी सिद्धोंकी महिमा कहते हैं-

गाथा-२०१

अन्वयार्थः- [अन्यदपि] फिर वे सिद्धभगवान् [त्रिभुवनस्य] तीन लोकके प्राणियोंका [बंधुरपि] हित करनेवाले हैं, [शाश्वतसुखस्वभावः] और जिनका स्वभाव अविनाशी सुख है, और [तत्रैव] उसी शुद्ध क्षेत्रमें [लब्धस्वभावः] निजस्वभावको पाकर [जीव] हे जीव, [सकलमपि कालं] सदा काल [निवसति] निवास करते हैं, फिर चतुर्गतिमें नहीं आवेंगे।

भावार्थः- सिद्धपरमेष्ठी तीनलोकके नाथ हैं, और जिनका भव्यजीव ध्यान करके भवसागरसे पार होते हैं, इसलिये भव्योंके बंधु हैं, हितकारी हैं। जिनका रागादि रहित अव्याबाध अविनाशी सुख स्वभाव है। ऐसे अनन्त गुणरुप वे भगवान् उस मोक्ष पदमें सदा काल विराजते हैं। जिन्होंने शुद्ध आत्मस्वभाव पा लिया है। अनन्तकाल बीत गये, और अनन्तकाल आवेंगे, परंतु वे प्रभु सदाकाल सिद्धक्षेत्रमें बस रहे हैं। समस्त काल रहते हैं, इसके कहनेका प्रयोजन यह है, कि जो कोई ऐसा कहते हैं, कि मुक्त-जीवोंका भी संसारमें पतन होता है, सो उनका कहना खंडित किया गया।।२०२।।

હવે, ફરી પણ સિદ્ધોનો મહિમા કહે છે :-

ભાવાર્થઃ- વળી તે પૂર્વોક્ત સિદ્ધ ભગવાન ત્રણલોકમાં રહેલા ભવ્ય જનને બંધુ જ છે. રાગાદિ રહિત અવ્યાબાધ શાશ્વત સુખસ્વભાવ જેનો છે એવા ગુણવિશિષ્ટ તે ભગવાન શુદ્ધ આત્મસ્વભાવને પામીને મોક્ષપદમાં સમસ્ત કાળ સુધી-અનંતાનંત કાળ સુધી વસે છે.

અહીં, 'સમસ્ત કાળ વિમુક્ત રહે છે' એ કથનથી જે કોઈ કહે છે કે મુક્ત જીવોનું ફરીથી સંસારમાં પતન થાય છે' તેના મતનું ખંડન કર્યું છે, એવો ભાવાર્થ છે. ૨૦૨.

## વીર સંવત ૨૫૦૨, વૈશાખ વદ ૧૩, રવિવાર
## તા. ૧૫-૦૫-૧૯૭૭, ગાથા-૨૦૨-૨૦૩, પ્રવચન નં. ૨૩૯

પરમાત્મપ્રકાશ. ૨૦૨ ગાથા. ૨૦૧ થઈ ગઈ. 'आगे फिर भी सिद्धोंकी महिमा करते हैं.'

૩૩૩) अण्णु वि बंधु वि तिहुयणहँ सासय-सुक्ख-सहाउ।
तित्थु जि सयलु वि कालु जिय णिवसइ लद्ध-सहाउ।।२०२।।

સિદ્ધ ભગવાન. સિદ્ધ જેવો આત્માનો સ્વભાવ છે. શક્તિરૂપે. સિદ્ધને પ્રગટ છે. એટલે સિદ્ધનું ધ્યાન કરીને. આવે છે ને પહેલી ગાથામાં? '**वंदित्तु सव्व सिद्धे**' સમયસારની પહેલી ગાથામાં. સિદ્ધ છે એ પ્રતિઘાતને સ્થાને હે પ્રભુ! તમે સિદ્ધ છો તો સામે અવાજ કે હે પ્રભુ! તું સિદ્ધ છો. અંદર એનો સ્વભાવ જ સિદ્ધ ચૈતન્ય આનંદ, અતીન્દ્રિય અપરિમિત અનેકગુણની સંપદાની લક્ષ્મીથી ભરેલો પદાર્થ તત્ત્વ છે. જેમ સિદ્ધને અનંત લક્ષ્મી સંપદા પર્યાયમાં પ્રગટ થઈ છે, એવો જ આ ભગવાનઆત્મા અનંત અપરિમિત શક્તિઓની લક્ષ્મીનો ભંડાર છે. અહીં સિદ્ધના ગુણ ગાતા તું એવો છો એમ ધ્યાન કર એમ કહે છે. આહાહા..!

કેવા છે? '**फिर भी...**' એમ કહે છે ને. પહેલાં એક ગાથામાં આવી ગયા છે ગુણ. એટલે '**फिर वे सिद्धभगवान तीन लोंक के प्राणीओं का...**' આહાહા..! બંધુ છે. ત્રણલોકના જીવોને બંધુ. પાઠમાં બંધુ શબ્દ છે ને. '**बंधुरपि**' એમ કેમ છે? '**बंधुरपि**' એટલે બંધુ પણ. અહીંયાં તો '**हित करनेवाले हैं,...**' '**बंधुरपि**' ત્રણલોકના પ્રાણીને ભાઈ બંધુ જેવા છે. '**रपि**' શબ્દે બંધુ જેવા. ભાઈ જેવા છે. આહાહા..! જે કોઈ સિદ્ધ ભગવાનને ઓળખીને અંતરમાં પોતાના આત્માને સિદ્ધ સમાજ જે ધ્યાવે છે એને એ સિદ્ધ ભગવાન બંધુ સમાન છે. આહાહા..! ભાઈ જેમ કામમાં મદદ કરે મદદ, એમ ભગવાન તો એનું ધ્યાન કરે તે મદદ કરે છે એ. પોતાનો સ્વભાવ આનંદ અપૂર્ણ નહિ, વિકાર પણ નહિ, એને ક્યાં અપૂર્ણતા છે સિદ્ધમાં? વિકાર પણ ક્યાં છે? તો એવું જે સ્વરૂપ હતું એવું એને પ્રગટ્યું. એવો જે ભગવાનઆત્મા સિદ્ધને બંધુ કહ્યા. આહાહા..! એક માતાના ઉદરેથી જન્મે તેને ભાઈ કહીએ. આ એક શક્તિથી જન્મેલા એ પોતે છે એમ આ એક શક્તિ પોતાની એનાથી ઉત્પન્ન થવાને લાયક આત્મા છે. આહાહા..! આવો ભગવાન છે. આહાહા..!

'**तीन लोक के प्राणीयों का...**' એનો અર્થ એ છે. આમ તો એકેન્દ્રિયને તો ખબર પણ નથી. અહીં તો જે પ્રાણી ત્રણલોકમાં વાસ્તવિક સિદ્ધ સ્વરૂપને જાણનાર છે એને એ બંધુ સમાન છે. બીજા બધાને બંધુ સમાન એને ખબર નથી એટલે શું કરવું? અહીં તો ત્રણલોકના પ્રાણી બધાને બંધુ સમાન કીધા. નિગોદના જીવને બંધુ સમાન કીધા. એને ખબર નથી એટલે શું? અહીં તો જેને સિદ્ધ ભગવાન જેની પર્યાયમાં એક સમયની દશામાં જ્ઞાનની એક સમયની દશામાં અનંતગુણ તો ભિન્ન રહ્યા, અનંત પર્યાય ભિન્ન રહી, એક સમયની પર્યાયમાં પોતાનું દ્રવ્ય, ગુણ અને અનંતી

પર્યાયો અને લોકાલોક. એક સમયની અવસ્થામાં જાણે એની તાકાત કેટલી? એ એક સમયની અવસ્થાનું મૂળ કેટલું? આહાહા..! જેની કિંમત કરી શકાય નહિ એવી એ ચીજ છે. આહાહા..!

એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં. એ કહે છે લ્યો. સુખ લેશે. ત્રણલોકના પ્રાણીને બંધુ છે એ તો. હિતકર છે. જે એને હિતકર થાય એને હિતકર છે. એને ઓળખીને એવો જ હું છું. વર્તમાનમાં આમ કહ્યું છે ને સંસારીને સિદ્ધ સમાન કહ્યા છે ને નિયમસારમાં. બધા સંસારી સિદ્ધ સમાન છે. કાંઈ પર્યાય છે સિદ્ધને એવી એને નથી કાંઈ. પણ સિદ્ધની શક્તિ સમાન બધા શક્તિ સમાન છે. એટલે વસ્તુ તરીકે બધા સિદ્ધ સમાન છે. સિદ્ધને જેમ આઠ ગુણ પ્રગટ થયા છે એવું આને પ્રગટ નથી. પણ એની શક્તિમાં પ્રગટ થવાની લાયકાત છે એવો જ આ ભગવાનઆત્મા છે. આહાહા..! એની શું ભાઈ વાત. પોતાની પોતાને કિંમત નથી. હું કેવડો અને કેટલો છું? મારી એક જ્ઞાનની દશામાં ભલે શ્રુતજ્ઞાનની દશા હોય, છ દ્રવ્ય, એના ગુણો, એની પર્યાયો ત્રિકાળી અંત વિનાની અને આ પોતે પણ અંત વિનાની પર્યાયવાળો છે. એકને ન જાણે પૂરાને તો ત્રણકાળને તો ક્યાંથી જાણે? કારણ કે એક પોતે ત્રિકાળી છે. ૪૮માં આવે છે ને. પ્રવચનસાર. એક પોતે જ અનાદિ અનંત, એની પર્યાયો અને ગુણો પણ અનાદિ અનંત. પર્યાયે પ્રગટરૂપે એક પછી એક અનાદિ-અનંત. ગુણ અનાદિ-અનંત શક્તિરૂપે, દ્રવ્ય અનાદિ અનંત વસ્તુ તરીકે. આહાહા..! એવું જેને ભાન થાય છે તો એમ કહે કે હું સિદ્ધ સમાન જ છું. પર્યાયમાં ભલે ન હો. પણ વસ્તુ તરીકે છું તો પર્યાયમાં પ્રગટ થશે જ. આહાહા..!

હું અલ્પકાળમાં સિદ્ધની નાતનો, જાતનો એ તો આવી ગયું છે આપણે. જીવની જાત અને જિનરાજની જાત બધી એક છે. જાતમાં કાંઈ ફેર નથી. પણ એનો વિશ્વાસ આવવો, ભારે આકરું કામ. આહાહા..! જગતની બધી ચીજો જ્ઞેયો એની વિશેષતાઓ ન ભાસે. જે જ્ઞાનમાં જણાવાયોગ્ય ચીજો એની વિશેષતા, આશ્રયતા, અધિકતા ન ભાસે ત્યારે એને આત્મા અધિક છે આનંદથી એમ ભાસે. સમજાણું કાંઈ? આહાહા..! ચૌદ .. દ્રવ્ય, ગુણ અને પર્યાયો. વિકૃત કે અવિકૃત, રૂપાળા કે બગાડ. બધી ચીજોની જેને કાંઈ વિશેષતા જ લાગતી નથી. અથવા મારી શક્તિથી કોઈ અધિકવાળી ચીજ છે દુનિયામાં, કોઈ છે જ નહિ. આહાહા..! એવો હું સિદ્ધ છું, એવું જેને ભાન થાય તેને સિદ્ધ ભગવાન બંધુ છે. સમજાણું કાંઈ? આહાહા..! અને શાશ્વત સુખસ્વભાવ છે. લ્યો. સુખ પ્રગટ્યું છે સિદ્ધ ભગવાનને એ આનંદ અતીન્દ્રિય પ્રગટ્યો છે ઈ શાશ્વત છે ભાવ પર્યાય. અહીંયાં આનંદ છે એ ગુણરૂપે શાશ્વત છે. આત્મામાં. અને સિદ્ધને પર્યાય પ્રગટી છે એ પ્રગટરૂપે સાદી અનંત શાશ્વત છે. આહાહા..! એક વાત.

**'ઔર જિનકા સ્વભાવ અવિનાશી સુખ હૈ, ઔર...'** **'तत्रैव'** હવે ક્ષેત્ર કહે છે ક્ષેત્ર. એ ભાવ લીધો. **'तत्रैव'** **'तित्थु'** છે ને? **'तित्थु'** પાઠમાં **'तित्थु'** શબ્દ છે. **'तित्थु'** એટલે **'तत्रैव'**. **'तत्रैव'** એટલે જે ક્ષેત્રમાં છે તે ક્ષેત્ર. આહાહા..! **'ઉસી શુદ્ધ ક્ષેત્રમેં...'** સિદ્ધ ભગવાન શુદ્ધ ક્ષેત્રમાં રહે છે. પોતે પોતાનું શુદ્ધ ક્ષેત્ર થયું છે ને એમાં રહે છે. જ્યાં સિદ્ધ છે ત્યાં તો નિગોદ પણ

છે. સિદ્ધ ભગવાન જ્યાં રહે છે ત્યાં નિગોદ પણ છે. છે ને? અનંત નિગોદ છે ત્યાં. નિગોદ પોતાના દુઃખને અનુભવે છે. સિદ્ધ પોતાના આનંદને અનુભવે છે. ક્ષેત્ર એક છે. આહાહા..! બેયના ભાવ ભિન્ન છે. એક ક્ષેત્રે નિગોદના જીવ અનંતા પડ્યા છે ત્યાં. આહાહા..! સિદ્ધની સંખ્યા કરતા અનંતગુણા જીવ એના સિદ્ધના ક્ષેત્રમાં રહ્યા છે. એથી શું? આહાહા..!

આ તો કહે છે કે '**ઉસી શુદ્ધ ક્ષેત્રમેં...**' એનો અસંખ્ય પ્રદેશ જે શુદ્ધ નિર્મળ થયા છે એ ક્ષેત્રમાં એ છે. એને એ સિદ્ધક્ષેત્ર ત્યારે કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા..! જેનો ભાવ શાશ્વત સુખ અને જેનું ક્ષેત્ર શુદ્ધ. અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર છે પવિત્ર પૂર્ણ પ્રગટ થઈ ગયા છે પર્યાયે. એવા એ શુદ્ધ ક્ષેત્રમાં ભગવાન બિરાજે છે. એવો આ ભગવાનઆત્મા પણ અસંખ્ય પ્રદેશી શુદ્ધ છે ત્યાં તેનો નિવાસ છે. રાગાદિમાં એ કાંઈ આત્મા નહિ. આહાહા..!

મુમુક્ષુ :- સોનગઢમાં રહે છે એમ નહિ?

ઉત્તર :- સોનગઢમાં ક્યાં રહે છે? શરીરમાં ક્યાં રહે છે? કર્મમાં ક્યા રહે છે? રાગમાં પણ ક્યાં રહે છે? અસંખ્ય શુદ્ધ ક્ષેત્ર પ્રદેશ છે પોતાના. એમ કીધું ને ત્યાં શુદ્ધક્ષેત્ર. શુદ્ધક્ષેત્ર એ સિદ્ધ છે પોતે. ત્યાં તો નિગોદના પણ જીવ છે. છતાં સિદ્ધ ક્ષેત્રને શુદ્ધ કહેવું એ એની પોતાના અસંખ્ય પ્રદેશની નિર્મળતાના ક્ષેત્રમાં રહ્યો એ અપેક્ષાએ કહેવાય છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. એમ અહીં ભગવાનઆત્મા ભલે અહીંયાં મનુષ્યગતિમાં દેખાય, શરીરમાં એમ સંયોગે એ તો છે. ગતિ તેની હજી પર્યાયમાં છે. શરીર તો સંયોગે છે. વિકારી ભાવ પણ ત્યાં સંયોગે છે. સ્વભાવમાં નથી. પણ એનો સ્વભાવ અસંખ્ય પ્રદેશી શુદ્ધ છે. એ ક્ષેત્રમાં આત્મા રહેલો છે. ભગવાન એ શુદ્ધ ક્ષેત્રમાં રહ્યા છે, આ પણ શુદ્ધ ક્ષેત્રમાં રહ્યો છે. આહાહા..! એ ક્ષેત્ર કીધું. '**तत्रैव**' છે ને '**तित्थु**' '**तित्थु**' એટલે '**तत्रैव**' ત્યાં. ત્યાં.

હવે '**लब्धस्वभावः**' જેટલી શક્તિઓ છે એ બધી લબ્ધ પ્રાપ્ત થઈ ગઈ છે. લબ્ધ સ્વભાવ. શક્તિ જે હતી અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ પૂર્ણ એ બધી શક્તિઓ લબ્ધ, પ્રાપ્ત થઈ ગઈ છે. બધી લબ્ધિ થઈ ગઈ છે બધી. લબ્ધની લબ્ધિ થઈ ગઈ. હતી એની પ્રાપ્તિ થઈ ગઈ છે પૂરી પરમાત્માને. આહાહા..! '**નિજસ્વભાવ કો પાકર હે જીવ,...**' જીવ શબ્દ પડ્યો છે ને? હવે કહે છે કે એ સદાકાળ રહે છે પાછા એમ. ભાવ લીધું, ક્ષેત્ર લીધું અને હવે કાળ. આહાહા..! સિદ્ધ ભગવાન, એનો ભાવ સદા સુખરૂપ છે. એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી શુદ્ધ ક્ષેત્રમાં રહે છે એ. અને કાળ સદાકાળ ત્યાં છે. ઓલા બીજાઓ કેટલાક કહે અમુક ભક્તોની ભીડ માટે મોક્ષમાંથી પણ પાછો અવતાર ધારણ કરે. એમ નથી. એ સદાકાળ. આહાહા..! જ્યારથી દશા પ્રગટી તે સદાકાળ. આ આત્મા પ્રગટ્યો ત્યારે પ્રગટશે ત્યારે થશે. પણ વસ્તુ તરીકે ત્રિકાળ સદાકાળ સ્વભાવમાં ભરેલો છે. આહાહા..!

કાળના પણ બે ભેદ પાડ્યા છે ને. ભગવાનઆત્મા એ ત્રિકાળ જે શુદ્ધ ક્ષેત્ર છે, ત્રિકાળ શુદ્ધકાળ છે એ સ્વકાળ છે અને એની નિર્મળ પર્યાયનો વર્તમાનકાળ છે એ પરકાળ છે. કેમકે એક

સમયની સ્થિતિ છે. આહાહા..! એનું જે ક્ષેત્ર પોતે છે શુદ્ધ અને એનો જે કાળ છે એ ત્રિકાળ છે. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ. એમાં સ્વકાળ એને લેવાય છે કે ત્રિકાળી વસ્તુ જે છે એ સ્વકાળ છે. આહાહા..! અનંત અનંત આનંદ, જ્ઞાન, શાંતિ, અનંત ઈશ્વરતાની શક્તિઓનો પિંડ પ્રભુ એ એનો ત્રિકાળ છે એ એનો સ્વકાળ છે. અને એક સમયની એની પર્યાય છે નિર્મળ, એ ત્રિકાળની અપેક્ષાએ એને પરકાળ કહે છે. સિદ્ધ ભગવાન સદાય સ્વકાળમાં રહે છે એમ કહે છે. એ તો ભલે એક સમયની પર્યાય પણ એ ત્રિકાળ સ્વકાળમાં જ છે એ તો. જેવો ત્રિકાળમાં છે એવી પર્યાય પ્રગટ થઈ ગઈ છે. આહાહા..!

આ તો સિદ્ધને આવી રીતે ઓળખવા પડશે. નમો અરિહંતાણં અને નમો સિદ્ધાણં ગોખે જાય છે એમ ને એમ. આહાહા..! સિદ્ધ એટલે શું? પરમાત્મશક્તિએ જેટલી શક્તિઓ હતી એ બધી જેને વ્યક્ત થઈ ગઈ છે. એ આવે છે ને રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. ચોથે ગુણસ્થાને એક દેશ જ્ઞાનાદિ પ્રગટ થયા છે. શું કીધું? સમ્યગ્દર્શનમાં પૂર્ણ વસ્તુ છે એની પ્રતીતિ અનુભવ થતાં જેટલી શક્તિઓ છે તેની એક દેશ વ્યક્ત પ્રગટ થઈ છે અને સિદ્ધોને સર્વદેશ પ્રગટ થઈ ગયું છે. પૂર્ણ દરેક પર્યાય દરેક પૂર્ણ થઈ ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં સમ્યગ્દર્શનમાં સર્વગુણાંશ તે સમકિત. એ શ્રીમદ્‌નું વાક્ય છે. આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીનું આ વાક્ય છે. ટોડરમલ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આપણે છપાઈ ગયું છે. એ જેટલો શક્તિનો સંગ્રહ છે આત્મામાં. એ બધી શક્તિઓને જ્યાં દ્રવ્યરૂપે પ્રતીત કરી, આ વસ્તુ આ છે, આવી છે, આ છે. એવી જ્યાં પ્રતીત જ્ઞાનની પર્યાયમાં તે વસ્તુને જ્ઞેય બનાવીને, જાણીને પ્રતીત કરી. જાણ્યા વિના કોની પ્રતીત? સમજાણું કાંઈ? આહાહા..! એવી પ્રતીત થઈ કે જેમાં અનંતાગુણોની જેટલી સંખ્યા છે એ બધા ગુણોનો એક અંશ વ્યક્ત પ્રગટ થઈ ગયો. આહાહા..! વીર્ય પ્રગટ થયું સ્વરૂપનું જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન આદિ શક્તિઓ હતી એ એની બધી પર્યાય એક અંશ આવી ગઈ. આહાહા..!

સિદ્ધ ભગવાનને એમાં છે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. કેવળજ્ઞાનીને બધી પર્યાયો પૂર્ણ પ્રગટ થઈ ગઈ. આ એક દેશ પ્રગટ થયું છે. એ સાધક છે. પણ એ સાધક પણ પોતાના સ્વભાવને સિદ્ધ સમાન જાણે છે. સમજાણું કાંઈ? આ બીજી જાત છે, પૂંજાભાઈ! તમારા નાઈરોબીની જાત નહિ. ત્યાં તો પૈસા મળે રળે ને. આહાહા..! ભગવાનઆત્મા જેમ ક્ષેત્રમાં (ખેતરમાં) લીલાછમ જ્યારે ઝાડ થાય છે. પાક પાક થાય ત્યારે. કપાસ પાકે કે વગેરે, તલ, બાજરો લીલાછમ આમ. ૨૫-૨૫ કેટલા ક્ષેત્રો હોય. શેઠ! છે ને આપણો એક કૃષિકાર, કૃષિપંડિત. ક્યું ગામ? ખુરઈ, ખુરઈ. ખુરઈમાં કૃષિપંડિત. કૃષિપંડિત શું કીધું? શેઠિયો છે કરોડોપતિ. ઘણો કરોડોપતિ. ઘરે મોટા બંગલા ને મોટા. ત્યાં ઉતર્યા હતા ને ગયા હતા તો. નરમ માણસ છે. એની વહુ તો અહીંયાં આવે છે બિચારા બહુ. ૧૫-૧૫ દિ' મહિનો રહે પણ કાંઈ ખબર ન પડે કે છે કે નહિ. બહુ સાદા. ઘણા કરોડોપતિ છે. કેટલી જમીન છે, એટલી જમીન છે, રાજ એટલી જમીન. દીકરો નથી. બાયડી-ભાયડો બે છે. એટલી જમીન

કહે દસ-દસ લાખ રૂપિયાના તો કપાસ પાકે, એટલા ઘઉં પાકે, એટલા બાજરો પાકે, એટલા.. આહાહા..! એના ખેતર જ્યારે હોય એ બે-પાંચ વીઘા ન હોય, પચાસ, સો વીઘા, મોટા બસ્સો વીઘા, પાંચસો, વીઘા, હજાર વીઘા. લીલું છમ થઈ ગયું હોય આમ. પણ આ ભગવાન અસંખ્ય પ્રદેશી અનંતગુણ જ્યાં પ્રગટે ત્યાં લીલોછમ થઈ જાય. રાયચંદભાઈ! આ તમારે ખેડુતનો દાખલો આપ્યો. લીલાછમ અંકુરા ફૂટે ને અંદરથી? આહાહા..! પહેલા વરસાદે અંકુરા ફૂટે પછી પૂરું થાય. પહેલું સમ્યગ્દર્શન થતાં અંકુરા ફૂટે. આહાહા..! સિદ્ધ ભગવાનની સાથે મેળવે છે ને અંદર? ત્યારે અંકુરા ફૂટે. અનંત જેટલા ગુણો છે તેના અંશ પ્રગટે અને જ્યારે પૂરું ક્ષેત્ર પાકી જાય જ્યારે બાજરાના ડુંડા મોટા આવડા આવડા હોય.

ઓલું ખેતર નથી કેવું? અલિયાબાળા. અલિયાબાળા ને? અલિયાબાળા. ત્યાં એવી જમીન છે ને એવા ડુંડા પાકે છે બાજરાના. આવડા આવડા ડુંડા. અને એનું શું કહેવાય એ? બધી લાકડી છે ને લાકડી એની હોય ને અંદરની રાડુ. રાડુ બહુ નાનું. આટલું જ રાડું હોય મોઢા આગળ ખાલું. ખુલ્લી ખુલ્લું આટલું. અને આટલું એકલું બાજરાથી ભરેલું. અલિયાબારામાં છે. બહુ પાક, ઘણો પાક છે ત્યાં. ત્યાં એક ફેરી ગયા હતા ને જામનગરથી આવ્યા ત્યારે સ્પેશ્યલ. એટલો બાજરો એવો પાકે. ઓહોહો..! રાડું નાનું ને બાજરો મોટો. ઢગલો બાજરાનો આમ અંદર. એમ આ ક્ષેત્ર નાનું ને ગુણ મોટા. ક્ષેત્ર આવડું છે. અરે! આનું ક્યાં? એક નિગોદનું, લ્યો ને. આહાહા..! એ બધાનો વિશ્વાસ, અસ્તિ વિશ્વાસ આવવો જોઈએ ભાઈ એ અદ્ધરથી વાત થાય એમ નહિ. આનો વિશ્વાસ. આહાહા..! એ નિગોદના જીવ પણ અસંખ્ય શરીરમાં એક એકમાં અનંત આત્માઓ. એ આખી શક્તિનો ભંડાર ભગવાન છે. જિનરાજની જાત છે એ પોતે. આહાહા..! એનું ભાન થતાં એને અંકુરા ફૂટે પહેલાં. પહેલે વરસાદે અંકુરા ફૂટે. તરત પહેલે વરસાદે પાધરા ઝાડ ન થાય. આહાહા..! એમ ભગવાનઆત્મા અનંતગુણની રાશિ-રાશિ અનંતગુણનું ભર, અનંતગુણનું ભરોટું. એમ જ્યાં અંતર્મુખ સિદ્ધ જેવો છું એમ ભાન થતાં, પર્યાયમાં અનંતા ગુણના અંકુર ફૂટે. આહાહા..! અને આગળ વધીને તો પછી પૂર્ણ થઈ જાય. બીજ ઊગે એટલે પૂનમ થયા વિના રહે જ નહિ. આહાહા..!

જેણે આવા સિદ્ધ ભગવાન.. ત્રણ બોલ આવ્યા. એક તો એના ગુણની ભાવની દશા, અને ત્રિભુવન પ્રાણીને બંધુ તરીકે અને તે પોતાના શુદ્ધ ક્ષેત્રમાં રહ્યા છે અને ત્રીજું ત્રણેકાળ ત્રિકાળ આમાં નિવાસ કરે છે. એ ત્રણે કાળ ભગવાન પોતાના પર્યાયમાં નિવાસ છે, પોતાને જે દશા પ્રગટી છે સિદ્ધ ભગવાન. નમો સિદ્ધાણં. આમ તો સૌ બોલે જાય, પણ કોને ખબર નહિ કાંઈ. શું શક્તિ ને શું ગુણ ને શું વ્યક્તતા? નવરાશ ન મળે આ દુનિયાના ધર્મ પાપ આડે. બરાબર છે? આહાહા..!

અંતર આનંદનો નાથ પ્રભુ સિદ્ધ સમાન વસ્તુ છે આ. એને જ્યાં મેળવવા જાય છે ત્યાં એકાગ્ર થઈ જાય છે એમ કહે છે. અને એકાગ્ર થતાં એને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. અંકુરા ફૂટે છે એમાં, આનંદના અંકુરા ફૂટે. આહાહા..! ત્યારે તો તેને ધર્મની શરૂઆત કહેવામાં આવે. પછી પૂરા જ્યાં

આખું પાકી જાય.. આહાહા..! ક્ષેત્ર. હજાર, હજાર, બબ્બે હજાર વીઘા જમીન હોય છે ને. ગરાસિયાઓને.

આને ઘણી જમીન, મોટી જમીન, મોટો રાજા છે. ખુરઈ. ખુરઈ. અહીંયાં આવ્યા છે નહિ? આવ્યા હતા કે નહિ? અહીં આવી ગયા છે. મોટો રાજા જેવો. એટલી જમીન અને એટલો પાક. ઘરના મોટા મોટા તો પાંચ-પાંચ દસ લાખના તો મંદિરો, મોટા રહેવાના મકાનો, પણ આ વસ્તુમાં ખબર ન મળે કાંઈ. આમ પ્રેમ બતાવે પ્રેમ. આ વસ્તુ શું છે બાપુ એ વિના થોથા બધા. એ અબજોપતિ હોય કે મોટા રાજા એ મરીને ઢોરમાં જવાના સાધારણ માણસ છે ને. માંસ ને દારૂ ખાતા ન હોય, વાણિયાને એ ન હોય. ત્યારે ધર્મનું ભાન ન મળે ધર્મ શું કહેવું એને. આહાહા..! અને આવી વાતું સાંભળવાના વખત ન મળે. આવું બે-ચાર કલાક સાંભળે તો તેને પુણ્ય તો થાય. આહાહા..!

ધર્મ તો ચીજ બીજી છે પ્રભુ! ધર્મ તો કોઈ અલૌકિક વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એ ચીજ ધર્મ તો અલૌકિક છે. ધર્મ પ્રગટે એને તો આનંદના અંકુરા પ્રગટ્યા, અને એને હવે થોડે કાળે પૂર્ણ પાક થઈ જશે. સિદ્ધની સાથે જેને મેળવ્યો ભગવાનઆત્માને. આહાહા..! એની જાતનો હું છું. સિદ્ધની જાતનો પણ હું છું. આહાહા..! કેમ બેસે? આહાહા..! બે બીડી સરખી પીવે ત્યારે ભાઈને તરત કામ થાય. મગજમાં તરત થાય. દોઢ પાશેર પાણીનો પ્યાલો પીને આવે ચા, તો મગજ ઠેકાણે રહે સાંભળવામાં. નહિતર મગજ કામ કરતું નથી. આવા તો અપલક્ષણ. હવે એને આવી વાતું કરવી. પ્રભુ! તું આત્મા અનંત આનંદનો કંદ છો નાથ! તું કોણ છો તને ખબર નથી બાપુ!

અહીં સિદ્ધની સાથે મેળવ્યા છે ને આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. આહાહા..! સમજાણું કાંઈ? એ તો નિવાસ ભગવાન સિદ્ધ પરમાત્મા પોતાની દશાના કાળમાં ત્રણેકાળ નિવાસ કરે છે. પોતાના ક્ષેત્રમાં નિવાસ કરે છે, પોતાના ભાવમાં અને પોતાના કાળમાં. આહાહા..! સિદ્ધ તો પોતે વસ્તુ. આહાહા..!

'**ફિર ચતુર્ગતિમેં નહીં આવેંગે.**' એ ભગવાન પરમાત્મા સિદ્ધ થયા એ ફરીને અવતાર એને હોય નહિ. એને જન્મ-મરણ હોય નહિ. કે ભાઈ બહુ જૈન ધર્મને નુકસાન પહોંચાડનારા જાગ્યા છે કે વિરોધ કરનાર માટે લાવને અવતાર લઉં. એવું ત્યાં હોતું નથી. એ તો પૂર્ણાનંદનો નાથ પૂર્ણ આનંદનો અનુભવ કરે, દુનિયામાં હલચલ ગમે તે થાઓ એ તો પહેલેથી જાણવામાં છે. આહાહા..! એ સિદ્ધ ભગવાન '**ચતુર્ગતિ મેં નહીં આવેંગે.**' ફરીને અવતાર નહિ ધારણ કરે, એને મનુષ્યપણું નહિ હોય. આહાહા..! અન્યમતિ કહે છે ને કે, વસંતભાઈ! 'યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિ ભવતિ ભારતઃ' ધર્મમાં ગ્લાનિ થાય ત્યારે અવતાર ધારણ કરે. એનો અહીં નિષેધ છે. આહાહા..!

'**ભાવાર્થઃ- સિદ્ધપરમેષ્ઠી તીનલોક કે નાથ હૈં,...**' આહાહા..! નાથનો અર્થ? જે તેને ઓળખે, તેની ગુણની પર્યાય તો રક્ષા થાય અને નથી પર્યાય મળી એને મળે એ એના સિદ્ધ જેવું ધ્યાન કરે તો. સમજાણું કાંઈ? ત્રણલોકના નાથ છે આ રીતે. '**જિનકા ભવ્યજીવ ધ્યાન કરકે...**' જોયું! આહાહા..! ભવ્યજીવ પણ લાયકજીવ. આહાહા..! અલાયક, અભવિજીવ આદિ એનું ધ્યાન

નહિ કરી શકે. આહાહા..! એવી પૂર્ણ પવિત્રતા જેને પ્રગટ થઈ પરમાત્મા સિદ્ધ ભગવાન, અને તે પવિત્રતા સાદી અનંતકાળ રહેવાની, ફરીને અવતાર નથી. એવા સિદ્ધ ભગવાન '**ભવ્ય જીવ ધ્યાન કરકે ભવસાગર સે પાર હોતે હૈં,...**' આહાહા..!

ઓલો દાખલો આપ્યો નથી કાંઈક? પાણીમાં પવન ભરેલું હોય એ. આવે છે. પવન ભરેલું હોય ને શું કહેવાય તમારે ઉપરનું? બતકું પાણી ભરે એ આવે છે દાખલો ક્યાંક. પાણી ઉપર તરે એ. બૂડે નહિ અંદર. દાખલો છે. ભક્તિમાં ક્યાંક દાખલો છે. છે ભક્તિમાં છે. હે નાથ! પાણી ઉપર જેમ એ પવનથી ભરેલી ઓલી હોય એ બૂડે નહિ એ. એમ હે નાથ! તારું ધ્યાન કરે તે બૂડે નહિ, ચોર્યાસીના અવતારમાં ન જાય એ. એ આવે છે એમાં. ભક્તિમાં આવે છે ક્યાંક. આહાહા..! નામ શું એનું કહેવાય એ પાણી ભરેલું માથે. મચક. મચક ને? મશક. હા એ મશક મશક. પાણી ભરેલી મશક એ બૂડે નહિ. આહાહા..! એ ઉપર ઉપર આમ તરતી જાય. એમ જેને વાસ્તવિક સિદ્ધ ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ જેના જ્ઞાનમાં આવે છે એ તરતો જાય. એ બૂડે નહિ, એને ભવભ્રમણ હોય નહિ. આહાહા..! હસમુખભાઈ! આવી વાતું છે આ. સવારમાં પૂછયું હતું છોકરાને કે આપ નવરા થઈને આવ્યા? કે હા હમણા નિવૃત્તિ લીધી મારા બાપાએ. નિવૃત્તિમાં અહીં રહી જાય છે. ભાઈઓને સોંપી દીધું. આમાં તો આ કરવાનું છે હવે ઓલી પાપ કરી કરીને તો. આહાહા..!

કહે છે ભવ્યજીવ, લાયક જીવ છે એ. આહાહા..! એનું ધ્યાન કરી પરમાત્મા સિદ્ધ ભગવાનને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે ઓળખી અને એના જેવો હું છું તેમ અંતરમાં ધ્યાન કરે એ ભવસાગરથી તરી જાય છે. એ ચોર્યાસીના અવતાર. આ મરી ગયો ચોર્યાસીના અવતાર કરી કરીને. કીડાના, કાગડાના, કૂતરાના, માણસનો ભવ તો કોક દિ' મળે અનંતે કાળે. બાકી તો કીડા, કાગડા, કૂતરા નરક. આહાહા..! આ દુનિયા પણ પાછા નામ કેવા આપે? કૂતરા પા ઉતર્યા વળી એ એમ કહે. કૂતરા પાર ઉતર્યા ઠીક! મારા મોટી કીધું આ ભારે. અને ઓલા કાગડાને કાગઋષિ કહે. પૂરણ નાખે ને પૂરણ? કાગઋષિ એને કહે. પોપટને પોપટરાણા કહે, પોપટને રાણી કહે. પોપટરાણા! એ કાંઈક પોપટરાણા નહિ બીજું નામ એનું. કેવું નામ છે મોટું. એવું નામ આપે. પોપટને એવી રીતે બોલાવે. આહાહા..! બધા ભિખારા છે ઢોરના અવતાર. કૂતરાના ને એવા અવતાર કરીને બાપુ અનંતા અવતાર કર્યા છે. એ આ જો આત્મજ્ઞાન નહિ કરે અને ધર્મ નહિ કરે તો એ પાછા ત્યાં ને ત્યાં છે. આહાહા..!

અહીંયાં તો કહે છે કે ભવસાગર તરી જશે. સિદ્ધનું જેણે ધ્યાન કર્યું. આહાહા..! એને ભવસાગર હોય નહિ. '**ઈસલિયે ભવ્યોંકે બંધુ હૈં,...**' એમ. બંધુ કહ્યું ને એની વ્યાખ્યા કરી. આ કારણે ભવ્યના બંધુ કહેવાય. એનું ધ્યાન કરીને આનંદ સ્વરૂપ પૂર્ણ છું, શાંતિનો સાગર છું, દુઃખના અભાવ, સ્વભાવરૂપ છું, સુખના પૂરથી ભરેલો મોટો દરિયો છું. આહાહા..! અતીન્દ્રિય આનંદના સુખનો સાગર છું. એમ જેણે આત્માને ધ્યાનમાં લીધો. આહાહા..! એને આ ભગવાન બંધુ કહેવાય છે સિદ્ધ ભગવાન. લ્યો ઠીક! હીતકારી છે એ. આહાહા..!

'**જિનકા રાગાદિ રહિત અવ્યાબાધ અવિનાશી સુખ સ્વભાવ હૈ.**' સિદ્ધ ભગવાનનો

તો રાગ, પુણ્ય, વિકલ્પ, આહાહા..! દયા, દાન, વ્રત, તપ ને ભક્તિ એ તો શુભરાગ છે. એ રાગરહિત પરમાત્મા છે. સિદ્ધને રાગ નથી. એમ અહીં પણ આત્માનો સ્વભાવ રાગ નથી. એ રાગ આવે એ તો બંધનું કારણ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ ભાવ એ બધો રાગ છે વિકલ્પ છે. તો અહીં કહે છે કે રાગાદિ રહિત ભગવાન છે. સિદ્ધ. આ ગુણ હોય તો તો સાથે રહેવું જોઈએ. એ તો દોષ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો એ તો વિકલ્પ છે, રાગ છે. રાગાદિથી તો રહિત થઈ ગયા છે ભગવાન. ગુણ હોય તો તો સાથે રહેવું જોઈએ. એ તો દોષ હતો છૂટી ગયો. આહાહા..! એમ પહેલી એને શ્રદ્ધામાં નક્કી કરવું પડશે. જેટલો દયા, દાન, વ્રત, પરિણામ, કામ, ક્રોધના પરિણામ તો પાપ જ છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ પુણ્ય અને દોષ છે. આહાહા..! તેથી રાગાદિરહિત સ્થિત થઈ ગયા છે.

અવ્યાબાધ અવિનાશી સુખસ્વભાવ. આહાહા..! જેનો અવ્યાબાધ, જેને કોઈ વિઘ્ન નથી હવે એટલું સુખ પ્રગટ્યું પ્રભુને. અવિનાશી–નાશ ન થાય એવું સુખ સ્વભાવ જેને છે. આહાહા..! એવો જ મારો નાથ આત્મા છે. એમ જેણે આત્મામાં અંદરમાં ધ્યાન કરે એને મુક્તિ થયા વિના, ધર્મ થયા વિના રહે નહિ. આહાહા..! આમ છે. આ લોકો રાડું પાડે ને. એ અહીંયાં ઉથાપાઈ જાય છે, આ બધો વ્યવહાર, પણ વ્યવહાર બાપુ જો હોય આત્માનો તો સિદ્ધમાં રહેવો જોઈએ. દયા, દાન, ભક્તિ, પૂજા પાપથી બચવા માટે આવે ખરો. જ્ઞાનીને પણ આવે. પણ એ કાંઈ ધર્મ નથી. એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ હોય તો સિદ્ધમાં રહેવો જોઈએ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણ કરતું હતું? આવ્યા વિના રહેશે નહિ. જે કાળે એ ભાવ આવે એ આવ્યા વિના રહે નહિ. પણ છે બંધનું કારણ એમ એણે જાણવું જોઈએ. આહાહા..! બહુ ફેર, માર્ગનો બહુ ફેર.

અહીં તો કહે છે '**રાગાદિરહિત અવ્યાબાધ અવિનાશી સુખ સ્વભાવ હૈ. ઐસે અનંતગુણરૂપભગવાન,...**' ઐસે અનંતગુણ. ગુણ એટલે પર્યાય મૂળ તો. '**ઉસ મોક્ષપદ મેં સદા કાલ બિરાજતે હૈં.**' આહાહા..! સિદ્ધ ભગવાન તો જ્યાં થયા ત્યાંથી તો અનંતકાળ... અનંતકાળ... અનંતકાળ... અનંતકાળ... પોતાની દશા આનંદમાં રહે છે ત્યાં. આહાહા..! આત્મભાનથી તો સંસારનો અંત થયો, પણ મોક્ષની સાદી થઈ પણ અંત નથી હવે. એવી આનંદદશા જેને પ્રગટ થાય છે. અનંતકાળ, અનંતકાળ. કાળનો ક્યાંય છેડો છે કે હવે ભવિષ્યકાળ નહિ રહે? એટલો ભવિષ્યકાળમાં ભગવાન સિદ્ધ પરમાત્મા આનંદમાં સુખમાં રહેશે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ એ કહે છે. '**બિરાજતે હૈં.**'

'**જિન્હોંને શુદ્ધ આત્મસ્વભાવ પા લિયા હૈ.**' જેણે ભગવાનઆત્માનો સ્વભાવ પવિત્ર આનંદ શુદ્ધ છે એ પ્રગટ કર્યો. '**પા લિયા હૈ.**' એટલે પામ્યા. '**અનંતકાલ બીત ગયે,...**' અનંતકાળ ગયો. છતાં સિદ્ધ ભગવાન તો પોતાના આનંદમાં જ છે. '**અનંતકાલ આવેંગે,...**' આહાહા..! '**પરંતુ વે પ્રભુ સદાકાલ સિદ્ધક્ષેત્ર મેં બસ રહે હૈં.**' 'तित्थु' કીધું હતું ને? 'तित्थु'

એટલે '**तत्रैव**' ત્યાં. '**સદાકાલ સિદ્ધક્ષેત્ર મેં બસ રહે હૈં.**' આહાહા..! સમસ્ત કાલ રહતે હૈં. પરમાત્મા આત્માનું ધ્યાન કરીને ધ્યાનથી મોક્ષપદ જે પ્રાપ્ત થયું એ સિદ્ધપણું તો સદાકાળ ત્યાં રહે છે.

'**ઇસકે કહને કા પ્રયોજન યહ હૈં, કિ કોઈ ઐસા કહતે હૈં, કિ મુક્ત-જીવોં કા ભી સંસાર મેં પતન હોતા હૈ,...**' મોક્ષ થયા પછી પણ કોઈ પ્રાણી અવતાર ધારણ કરે. એમ કહે છે. એ ખોટી વાત છે. ચણો શેકાઈ ગયા પછી એ ચણ્યો ઊગે નહિ. કાચો ચણો ઊગે. પાકો ચણો મીઠાશ આપે, તુરાશ જાય, વાવ્યો ઊગે નહિ. એમ ભગવાનઆત્મા પોતાના આનંદસ્વરૂપનું ભાન કરે અને અજ્ઞાનને ટાળે અને પૂર્ણ સુખની પ્રાપ્તિ કરે એને આનંદની મીઠાશ આવે, કચાશનું અજ્ઞાન ટળે, અવતાર ધારણ કરે નહિ. આહાહા..! કાચો ચણો, ચણા નથી ચણા? તુરાશ આપે, મીઠાશ છે અંદર. ચણામાં મીઠાશ છે. શેકે મીઠાશ ક્યાંથી આવે છે? અગ્નિથી આવે છે? લાકડાને શેકે, કોલસાને શેકે ને આવે? તો એ ચણામાં મીઠાશ છે. એ મીઠાશ બહાર આવે, દાળિયા દાળિયા થાય છે ને મીઠા. કચાશ ટળે, મીઠાશ આવે, વાવ્યા ઉગે નહિ. કાચો ચણો મીઠાશ આપે નહિ, તુરાશ આપે, વાવ્યો ઊગે. એમ સ્વરૂપનું જેને ભાન નથી એવા અજ્ઞાનીઓ આનંદની મીઠાશ નથી, દુઃખમાં પડ્યા છે અને ચારગતિમાં ઊગે છે એટલે અવતાર ધારણ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**મુક્ત-જીવોં કા ભી સંસાર મેં પતન હોતા હૈ.**' ફરીને વળી અવતાર ધારણ કરે છે. અહીં બધા જીવ ખૂટી જાય પછી શું કરવું? પણ જીવ એટલા છે કે ખૂટે નહિ. ભૂતકાળના સમય કરતા જીવની સંખ્યા અનંતગુણી છે. ગયો કાળ છે ને ગયો કાળ? એના સમય લઈએ ક માં અસંખ્ય સમય. એના જે સમય છે ભૂતકાળના એથી અનંતગુણા જીવ છે. તો ભૂતકાળ કોઈ દિ' ભવિષ્ય થઈ જશે? ભૂતકાળ... ભૂતકાળ... ભૂતકાળ... ભૂતકાળ... રહેશે અને અનંતગુણા અનંતગુણા જીવ રહેશે. ગમે તેટલા મોક્ષ જાય તો અનંતગુણા જીવ સંસારમાં રખડતા રહેશે. આહાહા..!

'**સો ઉનકા કહના ખંડિત કિયા ગયા.**' લ્યો!

---

**ગાથા-૨૦૩**

अथ-

३३४) जम्मण-मरण-विवज्जियउ चउ-गइ-दुक्ख विमुक्कु।
केवल-दंसण-णाणमउ णंदइ तित्थु जि मुक्कु।।२०३।।
जन्ममरणविवर्जितः चतुर्गतिदुःखविमुक्तः।
केवलदर्शनज्ञानमयः नन्दति तत्रैव मुक्तः।।२०३।।

पुनरपि कथंभूतः स भगवान्। जम्मण-मरण-विवज्जियउ जन्ममरणविवर्जितः। पुनरपि किंविशिष्टः। चउ-गइ-दुक्ख विमुक्कु सहजशुद्धपरमानन्दैकस्वभावं यदात्मसुखं तस्माद्विपरीतं

यच्चतुर्गतिदुःखंतेनविमुक्तोरहितः। पुनरपि किंस्वरुपः। केवल-दंसण-णाणमउ क्रमकरणव्यवधानरहितत्वेन जगत्रयकालत्रयवर्तिपदार्थानां प्रकाशककेवलदर्शनज्ञानाभ्यां निर्वृतः केवलदर्शनज्ञानमयः। एवंगुणविशिष्टः सन् किं करोति। णंदइ स्वकीयस्वाभाविकानन्तज्ञानादिगुणैः सह नन्दति वृद्धिं गच्छति। क्व। तित्थु जि तत्रैव मोक्षपदे। पुनरपि किंविशिष्टः सन्। मुक्कु ज्ञानावरणाघष्टकर्मनिर्मुक्तो रहितः अव्याबाधाघनन्तगुणैः सहितश्चेति भावार्थः।।२०३।। एवं चतुर्विंशतिसूत्र प्रमितमहास्थलमध्ये सिद्धपरमेष्ठिव्याख्यानमुख्यत्वेन सूत्रत्रयेण चतुर्थमन्तरस्थलं गतम्।

---

आगे फिर भी सिद्धोंका ही वर्णन करते हैं-

गाथा-२०३

अन्वयार्थः- [जन्ममरणविवर्जितः] वे भगवान् सिद्धपरमेष्ठी जन्म और मरणकर रहित हैं, [चतुर्गतिदुःखविमुक्तः] चारों गतियोंके दुःखोंसे रहित हैं, [केवलदर्शनज्ञानमयः] और केवलदर्शन केवलज्ञानमयी हैं, ऐसे [मुक्तः] कर्म रहित हुए [तत्रैव] अनंतकाल तक उसी सिद्धक्षेत्रमें [नंदति] अपने स्वभावमें आनंदरुप विराजते हैं।

भावार्थः- सहज शुद्ध परमानंद एक अखंड स्वभावरुप जो आत्मसुख उससे विपरीत जो चतुर्गतिके दुःख उनसे रहित हैं, जन्म-मरणरुपरोगोंसे रहित हैं, अविनश्वरपुरमें सदा काल रहते हैं। जिनका ज्ञान संसारी जीवोंकी तरह विचाररुप नहीं है, कि किसीको पहले जानें, किसीको पीछे जानें, उनका केवलज्ञान और केवलदर्शन एक ही समयमें सब द्रव्य, सब क्षेत्र, सब काल, और सब भावोंको जानता है। लोकालोक प्रकाशी आत्मा निज भाव अनंतज्ञान, अनंतदर्शन, अनंतसुख और अनंतवीर्यमयी है। ऐसे अनेक गुणोंके सागर भगवान् सिद्धपरमेष्ठी स्वद्रव्य, स्वक्षेत्र, स्वकाल, स्वभावरुप चतुष्टयमें निवास करते हुए सदा आनंदरुप लोकके शिखर पर विराज रहे हैं, जिसका कभी अंत नहीं, उसी सिद्धपदमें सदा काल विराजते हैं, केवलज्ञान दर्शन कर घट-घटमें व्यापक हैं। सकल कर्मोपाधि रहित महा निरुपाधि निराबाधपना आदि अनंतगुणों सहित मोक्षमें आनंद विलास करते हैं।।२०३।।

इस तरह चौबीस दोहोंवाले महास्थलमें सिद्धपरमेष्ठीके व्याख्यानकी मुख्यताकर तीन दोहोंमें चौथा अंतरस्थल कहा।

---

હવે, ફરી સિદ્ધોનું જ વર્ણન કરે છે :-

ભાવાર્થ:- વળી તે સિદ્ધ ભગવાન કેવા છે? તે સિદ્ધભગવાન જન્મ-મરણથી રહિત છે, સહજ શુદ્ધ પરમાનંદ જ જેનો એક સ્વભાવ છે એવું જે આત્મસુખ તેનાથી

વિપરીત જે ચાર ગતિનાં દુઃખ તેનાથી રહિત છે, કેવળદર્શનજ્ઞાનમય છે, ક્રમકરણવ્યવધાનરહિતપણે ત્રણ જગતના ત્રણકાળવર્તી પદાર્થોના પ્રકાશક કેવળદર્શન અને કેવળજ્ઞાનથી રચાયેલ છે. આવા ગુણવાળા સિદ્ધ ભગવાન શું કરે છે? આવા ગુણવિશિષ્ટ સિદ્ધ ભગવાન જ્ઞાનાવરણાદિ આઠ કર્મથી રહિત અને અવ્યાબાધાદિ અનંતગુણોથી સહિત થયા થકા, પોતાના સ્વાભાવિક અનંતજ્ઞાનાદિ ગુણો સાથે વૃદ્ધિને પામે છે, એ ભાવાર્થ છે. ૨૦૩.

એ પ્રમાણે ચોવીસ સૂત્રોના મહાસ્થળમાં સિદ્ધપરમેષ્ઠીના વ્યાખ્યાનની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્રોથી ચોથું અન્તરસ્થળ સમાપ્ત થયું.

---

## ગાથા-૨૦૩ ઉપર પ્રવચન

'આગે ફિરભી સિદ્ધોં કા હી વર્ણન કરતે હૈં-' છેલ્લી ગાથાઓ છે ને. પરમાત્મપ્રકાશનું વર્ણન છે.

૩૩૪) जम्मण-मरण-विवज्जियउ चउ-गइ-दुक्ख विमुक्कु।
केवल-दंसण-णाणमउ णंदइ तित्थु जि मुक्कु।।२०३।।

'**जन्ममरणविवर्जितः**' સિદ્ધ ભગવાન '**સિદ્ધપરમેષ્ઠી જન્મ ઔર મરણકર રહિત હૈં,...**' એમ આ ભગવાનઆત્માનો સ્વભાવ પણ જન્મ-મરણરહિત છે. એનો સ્વભાવ એવો છે. ભગવાનને પ્રગટ્યો છે, આને સ્વભાવ છે એવો. આહાહા..! '**चतुर्गतिदुःखविमुक्तः**' 'ચારોં ગતિયોં કે દુઃખોં સે રહિત હૈં,...' અહીં તો દેવગતિને દુઃખમાં નાખ્યું. ચાર ગતિ લીધી ને? મનુષ્યને દુઃખમાં મોટા અબજોપતિ, કરોડોપતિ હોય એ બધા દુઃખી છે. ચતુર્ગતિ નાખી છે ને? કાંઈ ઢોર અને નરક બે દુઃખી છે અને મનુષ્ય ને સ્વર્ગ સુખી છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બધા દુઃખી જ છે એકલા ધૂળના. કીધું શું?

'**चतुर्गतिदुःखविमुक्तः**' છે. 'ચારોં ગતિયોં કે દુઃખોં સે...' સિદ્ધ ભગવાન રહિત છે. એનો અર્થ કે ચારેય ગતિમાં દુઃખ છે. ભલે સર્વાર્થસિદ્ધનો ભવ હોય પણ ત્યાં રાગ છે એ દુઃખ છે. હજી રાગ છે કે નહિ? એકાવતારી છે. ક્ષાયિક સમકિતી છે. પણ જેટલો હજી રાગ એટલું હજી દુઃખ છે એને. આહાહા..! સમકિતી, ક્ષાયિક સમકિતી. આહાહા..! તીર્થંકર ભગવાન લ્યો આ શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી નરકમાં છે. તીર્થંકર થવાના ત્યાંથી. વર્તમાન પણ ત્યાં જેટલો રાગ છે એ દુઃખ છે. આહા..! ક્ષાયિક સમકિતી છે. સમયે સમયે તીર્થંકરગોત્ર બાંધે છે અત્યારે. ચોર્યાસી હજાર વર્ષ સ્થિતિએ છે. અઢી હજાર વર્ષ ગયા છે. છતાં હજી રાગ છે એટલું દુઃખ છે. આ ગતિમાં દુઃખ જ છે. આહાહા..! આ સ્વર્ગની વાત કરી અને આ નરકની બે બધે દુઃખ છે. આ પૈસાવાળા કહેવાય એ બધા દુઃખી છે. પૈસા ધૂળ છે એ મારા એ મમતા એ દુઃખ છે મોટું. આહાહા..! ચારેય ગતિના

દુઃખથી સિદ્ધ ભગવાન મુક્ત છે. એમ કે સ્વર્ગમાં રહેવું હોય તો ઘણો કાળ રહેવાય ત્યાં. કહે ના. એ દુઃખ છે. આહાહા..! એમ ભગવાનઆત્મા પણ ચારેય ગતિના દુઃખથી સ્વરૂપ એનું રહિત જ છે. આહાહા..!

સમ્યગ્દર્શનનો વિષય જે ભગવાનઆત્મા એમાં તો ચાર ગતિનું દુઃખ પણ એમાં નથી. એને જન્મ-મરણ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે. એ તો નાસ્તિથી (વાત) કરી. છે શું? **'કેવલદર્શન કેવલજ્ઞાનમયી હૈં,...'** આહાહા..! એકલું દેખવું ને જાણવું એવી જેની શક્તિની વ્યક્તતા પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે. દેખવું અને જાણવું. દેખવામાં અભેદ તરીકે કંઈપણ ભેદ પાડ્યા વિના અને જ્ઞાનમાં દરેકને ભિન્ન ભિન્ન પાડીને જાણે એવો જેનો કેવળદર્શન અને જ્ઞાનસ્વભાવ છે સિદ્ધ ભગવાનનો. અહીં આત્માનો એવો સ્વભાવ છે. એકલો દર્શન અને જ્ઞાન. કેવળ દર્શન અને કેવળજ્ઞાન, એકલું દર્શન અને એકલો સ્વભાવ, જ્ઞાન એવો આત્માનો સ્વભાવ છે.

**'ઐસે કર્મ રહિત હુએ...'** મુક્ત થઈ ગયા ભગવાન લ્યો. **'तत्रैव' 'तित्थु'** છે ને ત્યાં પણ? **'तित्थु'** એટલે ત્યાં. **'અનંતકાલ તક ઉસી સિદ્ધક્ષેત્ર મેં...'** એ સિદ્ધ ભગવાન અનંતકાળ સુધી **'ઉસી ક્ષેત્ર...'** નામ પોતાના ક્ષેત્ર **'नंदति' 'અપને સ્વભાવ મેં આનંદરૂપ વિરાજતે હૈં.'** આહાહા..! આ સિદ્ધ ભગવાનની આવી વ્યાખ્યા કરીને આ પરમાત્મપ્રકાશ વર્ણવે છે. તારું સ્વરૂપ જ એવું છે અંદર. એની દૃષ્ટિ કર, રાગ ને પુણ્ય ને પરિણામ ને અલ્પજ્ઞની એની દૃષ્ટિ છોડી દે, વસ્તુની દૃષ્ટિ કર. તો તને સમ્યક્ સત્ય થશે અને સત્યનો સ્વીકાર થશે. આહાહા..! એ માટે આ સિદ્ધનું વર્ણન કરે છે.

**'ભાવાર્થઃ- સહજ શુદ્ધ પરમાનંદ એક અખંડ સ્વભાવરૂપ જો આત્મસુખ ઉસસે વિપરીત જો ચતુર્ગતિ કે દુઃખ ઉનસે રહિત હૈં,... '** આહાહા..! સ્વભાવિક શુદ્ધ પરમ આનંદ આત્મા એકરૂપ અખંડ સ્વભાવ જેનો. એવું રૂપ, એવું આત્મસુખ **'ઉસસે વિપરીત...'** એ સ્વર્ગનું દુઃખ એનાથી વિપરીત છે. આહાહા..! અનંત સહજ પરમાનંદ જે સુખ એનાથી વિપરીત આ અબજોપતિ એનાથી વિપરીત દુઃખમાં પડ્યા છે એમ કહે છે. સ્વર્ગના જીવો દુઃખમાં પડ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી પૈસા. માને છે. માને એટલે થઈ ગયું કાંઈ? સનેપાત છે. સનેપાતમાં દાંત કાઢે છે માળો ગાંડો પાગલ છે. આહાહા..!

**'જન્મ-મરણરૂપરોગોં સે રહિત હૈં,...'** પ્રભુ તો જન્મ-મરણથી રહિત છે. આહાહા..! **'અવિનશ્વરપુરમેં સદા કાલ રહતે હૈં.'** એનું પૂર શું છે? અવિનશ્વરપૂર નગર. અવિનશ્વરનગર સિદ્ધ ભગવાન. આહાહા..! એમાં રહે છે. એવો જીવનો સ્વભાવ છે. અવિનશ્વરનગરપૂર જ એનું ભર્યું છે. એની દૃષ્ટિ કરવી, એ તરફ જુકવું એ એનો સાર અને ભાવાર્થ છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૫૦૨, વૈશાખ વદ ૧૪, સોમવાર
## તા. ૧૬-૦૫-૧૯૭૭, ગાથા-૨૦૩-૨૦૪, પ્રવચન નં. ૨૪૦

પરમાત્મપ્રકાશ. ૨૦૩ ગાથા. ફરીને ભાવાર્થ. ત્યાં પરમાત્માની વ્યાખ્યા છે. પણ પ્રગટ પરમાત્મા સિદ્ધ સ્વભાવમાં બિરાજે છે એનું સ્વરૂપ જેવું આનું સ્વરૂપ છે. વર્તમાનમાં સિદ્ધ ભગવાન લોકને અગ્રે બિરાજમાન છે. એનું જેવું સ્વરૂપ પ્રગટ થયું છે. એવું જ ભગવાનઆત્માનું સ્વરૂપ જ બધાનું એવું છે. આહાહા..! જેને ધર્મ કરવો છે એટલે કે હિત કરવું હોય એણે પોતાનો પૂર્ણ સ્વભાવ છે ત્યાં દૃષ્ટિ દેવી પડશે. કેમકે જેને પૂર્ણ સ્વભાવ પ્રગટ થયો એનું ધ્યાન કરે સિદ્ધનું તો પોતે સિદ્ધ સમાન છે એમ અંદર ભાસે એ શુદ્ધચૈતન્યઘન આનંદ એ વસ્તુ જ પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાનદર્શનથી ભરેલી ચીજ છે. એને એ પ્રગટ સિદ્ધ પરમાત્માના વખાણ કરીને એના આત્મા તરફ દોરવા માગે છે. ભાઈ! તું આત્મા પણ એવો જ છો અંદર. બધેથી દૃષ્ટિ ફેરવી નાખ. આહાહા..! જ્યાં પોતે અનંત જ્ઞાન, દર્શન સ્વભાવિક સુખસ્વરૂપ છે ત્યાં દૃષ્ટિ આપ, એનો આદર કર. અને સંયોગ અને રાગ-દ્વેષ એનો આદર છોડ. આ કહેવું છે. આહાહા..!

વર્તમાન વાત સિદ્ધની લે છે. કેવા છે સિદ્ધ ભગવાન? '**સહજ...**' ભાવાર્થ. ત્રીજી ગાથા. '**શુદ્ધ પરમાનંદ...**' પવિત્ર પરમાનંદની મૂર્તિ પ્રભુ સિદ્ધ તો થયા છે. '**એક અખંડ...**' એકરૂપ છે જેની દશા. જેની વર્તમાન હાલત, જેની વર્તમાન પર્યાય જૈન એકરૂપ જેને ભેદ નથી. આહાહા..! અખંડ છે. ખંડ નથી. '**સ્વભાવરૂપ જો આત્મિક સુખ...**' સ્વભાવિક આત્માનો જે આનંદ સુખ '**ઉસસે વિપરીત...**' એવા સુખથી ભરેલ છે. પણ '**ઉસસે વિપરીત ચતુર્ગતિ કે દુઃખ ઉનસે રહિત હૈં,...**' એમ સિદ્ધ કરવું હતું. સિદ્ધ ભગવાન ચાર ગતિના દુઃખથી રહિત છે. નમો સિદ્ધાણં. એની વ્યાખ્યા છે. આમ તો ઘણીવાર બોલે છે નમો સિદ્ધાણં, નમો સિદ્ધાણં, પણ એનું સ્વરૂપ શું છે અને એ સ્વરૂપ મારી જાતનું જ છે. એમ પોતાની જાતમાં એને મેળવતો નથી, ભેળવતો નથી. આહાહા..!

બીજી રીતે કહીએ તો બહુર્મુખ દૃષ્ટિ છોડી અંતર્મુખ દૃષ્ટિ કરતો નથી. અને કરવાનું તો એ છે. આહાહા..! '**એક અખંડ...**' ચતુર્ગતિના દુઃખથી રહિત છે. આહાહા..! સિદ્ધ ભગવાન. આ આત્મા એ વસ્તુનો સ્વભાવ જ એવો છે એનો. સ્વભાવિક શુદ્ધ પરમાનંદ એક અખંડ સ્વભાવ અને ચાર ગતિના દુઃખથી પર્યાયમાં દુઃખ છે એનાથી વસ્તુ તો દુઃખરહિત છે. આહાહા..! આવો વીતરાગનો ધર્મ. જિનેશ્વર, પરમેશ્વર ઈન્દ્રોની વચ્ચે આમ કહેતા હતા. એ વાત છે આ. આહા..! જે એક ભવે મોક્ષ જનારા ઈન્દ્રો કેટલાક. આહાહા..! એને કહેતા હતા સિદ્ધ ભગવાન આવા છે. એ અવિનશ્વર નગરમાં વસે છે. આ તમારું નગર ફગર આ નાશવાન નગર.

'**અવિનશ્વરપૂર મેં...**' છે? આહાહા..! '**જન્મ-મરણરૂપરોગોં સે રહિત હૈં,...**' સિદ્ધ

ભગવાન છે પરમાત્મા. '**અવિનશ્વરપૂર...**' નગર નાશવાન ન થાય એવા નગરમાં વસે છે ભગવાન. પોતાના અસંખ્ય પ્રદેશ, એ પોતાનું સ્વદેશ નગર છે. આહાહા..! '**સદાકાલ રહતે હૈં. જિનકા જ્ઞાન સંસારી જીવોંકી તરહ વિચારરૂપ નહીં હૈ,...**' શું કહે છે? સિદ્ધ ભગવાનનું જ્ઞાન સંસારી પ્રાણી ક્રમસર વિચાર કરે છે એક પછી એક. એવું જ્ઞાન એમને નથી. એમને તો પૂર્ણ જ્ઞાન છે. વિચારનો ક્રમ પડે ને પહેલું આ જાણે અને પછી આ જાણે એવું સિદ્ધમાં નથી. આહાહા..! સિદ્ધ ભગવાન તો એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સાથે ત્રણકાળ ત્રણલોકને સમયમાં જાણે છે. એને ક્રમ હોતો નથી.

'**કિ કિસીકો પહલે જાનેં, કિસીકો પીછે જાનેં,...** ' એવું સિદ્ધ ભગવાનને નથી. આહાહા..! '**ઉનકા કેવલજ્ઞાન ઔર કેવલદર્શન...**' ભગવાન સિદ્ધ પરમાત્માને એ થયા ક્યાંથી એમ કહેવું છે. એવો આનો સ્વભાવ આત્માનો છે એમાંથી થયા છે. કાંઈ બહારથી આવ્યા નથી. સિદ્ધપદ કાંઈ બહારથી નથી આવતું. આહાહા..! જેટલા ગુણો સિદ્ધ ભગવાનને પર્યાયમાં પ્રગટ થયા, અને જેટલા કહેવાય છે એ બધી શક્તિઓની વ્યક્તિ એને આવી ક્યાંથી? એમાં શક્તિ છે પ્રભુ એમ આ આત્મામાં એ શક્તિઓ પડી છે. આહાહા..! પણ એને અનાદિથી બહિર્મુખ, પોતાના તત્ત્વ સિવાય બહિર્તત્ત્વની જ જેને મહિમા છે અનાદિથી. અંતરતત્ત્વની મહિમા આવતી નથી એને. બહારની મહિમા. કાંઈક પાંચ-પચ્ચીસ લાખ ધૂળ મળી હોય કાં શરીર ને આબરૂ કાંઈક ઠીક હોય, બાયડી મળી હોય છોકરા, અરે! ત્યાગી થાય, રાગ સંસારનો બહાર બાયડી છોકરાનો. ત્યાગી થાય એટલે જાણે આપણે થઈ ગયા ત્યાગી. એ પણ મિથ્યાત્વ અભિમાન છે. આહાહા..!

બહારની એને મહિમા છે. અંતર ભગવાન બિરાજે છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આવે છે ને છ ઢાળામાં. આવે છે. 'ચેતનરૂપ અનુપ અમૂરત...' સમયસાર નાટકમાં આવે છે. 'ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' સદા પદ મેરો. સિદ્ધ જેવો જ મારું સ્વરૂપ છે સદાય. આહાહા..! 'મોહ મહાતમ આતમ અંગ...' પણ પોતાના સ્વભાવનું માહાત્મ્ય છોડીને એ શુભ-અશુભ રાગ અને એના ફળના માહાત્મ્યમાં, મોહમાહાત્મ્ય, મોહનું માહાત્મ્ય આવી ગયું. આહાહા..! 'મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો.' અજ્ઞાનમાં ઘેરાઈ ગયો. આહાહા..! ભગવાન અંદર આનંદનો નાથ પ્રભુ, એને ભૂલીને અજ્ઞાનમાં ઘેરાઈ ગયો. આ બાયડી મારી, છોકરા મારા, ધંધો મારો, શરીર મારું. અરે! અંદર દયા, દાનના પરિણામ થાય એ મારા. એ બધી ભ્રમણા અજ્ઞાન છે. આહાહા..! આકરી વાત છે, બાપુ!

વીતરાગમાર્ગ જૈન પરમેશ્વર ત્રિલોકનાથ જેને ત્રણકાળ ત્રણલોક જોયા જાણ્યા એ સિદ્ધ થયા ને એમ કહે છે. આહાહા..! ત્યારે સિદ્ધને તો વાણી નથી, પણ જ્યારે અરિહંત હતા અને ત્રણકાળનું જ્ઞાન હતું ત્યારે વાણી હતી. ત્યારે વાણીમાં ઉપદેશ આવ્યો. સિદ્ધને કાંઈ વાણી નથી એ તો અશરીરી છે. અરિહંતને તો હજી શરીર છે. ચાર કર્મ બાકી હોય, ચાર કર્મ ટાળ્યા હોય છે. પરમાત્મા બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. સીમંધર ભગવાન. ચાર કર્મ બાકી છે એટલે વાણી છે. ચાર કર્મનો નાશ થયો

છે એટલે કેવળજ્ઞાન છે. આહાહા..! એમની વાણીમાં આવ્યું આ એ કહે છે.

સિદ્ધ ભગવાન '**કેવલજ્ઞાન ઔર કેવલદર્શન એક હી સમય મેં...**' આહાહા..! શું વાત છે? ક બોલે એમાં અસંખ્ય સમય જાય. એનો એક સમય, કાળનું નાનું માપ, એના પછી બે ભાગ નહિ. એવો એક સમય જેમાં ક બોલતા અસંખ્ય સમય જાય. એનો એક સમય. એ એક સમયમાં '**સબ દ્રવ્ય, સબ ક્ષેત્ર, સબ કાલ ઔર સબ ભાવોં કો જાનતા હૈ.** ' આહાહા..! બધા ત્રણકાળના દ્રવ્યો એટલે પદાર્થો, તેનું ક્ષેત્ર ત્રણકાળ ત્રણલોક ક્ષેત્ર આખું. આકાશ જેનું અનંત છે અનંત. એને પણ સિદ્ધ ભગવાન તો જાણે છે. એનો જીવનો સ્વભાવ જાણવાનો છે. જીવનો સ્વભાવ કોઈ પુણ્ય-પાપને કરવું અને એના ફળને ભોગવવું એ એનો સ્વભાવ નથી. આહાહા..! જો એ સ્વભાવ હોય તો સિદ્ધમાં રહેવો જોઈએ. સિદ્ધમાં છે નહિ. દયા, દાન, વ્રત, ભક્તિ નથી. એ તો વિકલ્પ રાગ હતો. આહાહા..! આ તો ત્રણકાળ ત્રણલોકને '**સબ દ્રવ્ય,...**' કોઈ દ્રવ્ય બાકી રહ્યું? એક સમયમાં બધા તત્ત્વો પૂર્ણ. અનંત આત્માઓ, અનંત રજકણો. ઓહોહો..! અનંતગુણા આકાશના પ્રદેશો. એથી અનંતગુણા એક જીવના ગુણો. આહાહા..! એ '**સબ દ્રવ્ય, સબ ક્ષેત્ર, સબ કાલ...**' ત્રણકાળ કોને કહેવો ત્રણકાળ? ભાષા ભલે આવે સર્વકાળ. જેનો અંત નથી કાળનો. જેની શરૂઆત નથી, જેનો અંત નથી. ભવિષ્ય પૂર્ણ કે દિ' થશે. આહાહા..! એ બધા કાળને પણ સિદ્ધ ભગવાન એક સમયમાં જાણે છે. એવું જ તારું સ્વરૂપ છે. એમ બતાવવું છે. આહાહા..!

રાંકો થઈને બેઠો ભિખારી થઈને. પૈસા હોય તો ઠીક પડે, બાયડી હોય તો ઠીક પડે, કાંઈક આબરૂ બાબરૂ જગતમાં વધે તો ઠીક પડે. ભિખારી છે ભિખારી. પોતાની અનંત લક્ષ્મીની એને ખબર નથી. આહાહા..! બહારથી માગે છે કે આ લાવ... આ લાવ... આ લાવ... ધર્મી જીવને અંતરમાંથી માગે છે બધી. આહાહા..! ધર્મીને 'રિદ્ધિ, સિદ્ધિ, વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા.' અજ્ઞાનીને રિદ્ધિ સિદ્ધિ વિદ્ધિ દિસે બહારમાં બધું ધૂળમાં. રમણીકભાઈ! હજાર, બે હજારનો પગાર થાય મહિને. બસ ખુશી થાય જાણે ઓહોહો..! .. જાણીએ. પાંચ હજારનો, દસ હજારનો થઈ જાય. શું ધૂળ છે? આહાહા..! એ તો ઋદ્ધિ બધી ધૂળની છે.

અહીં 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે...' આહાહા..! ચૈતન્યસ્વભાવી ભગવાન જેનું ભાન થતાં જેની રિદ્ધિ અંતરમાં ભાસે, રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ અને શુદ્ધની વૃદ્ધિ અંતરમાં થાય. બહારમાં બધી બાયડી, છોકરા વધ્યા, ધૂળ વધી. ધૂળ એટલે આ પૈસા. ધૂળ છે ને એ માટી છે. કાંકરા છે. આહાહા..! બરાબર હશે મનસુખ? ઓળખશ કે નહિ? અહી નહોતા આપણે શું નામ તારા દાદા? ભૂલી ગયા નામ.

મુમુક્ષુ :- ત્રિભુવન વસ્તા

ઉત્તર :- ત્રિભુવન વસ્તા એના દિકરાનો દિકરો છે. એના દિકરાનો દિકરો છે ને. આપણે પહેલા હતો ને આમાં. મુંબઈ દુકાન છે. દુકાને આવ્યા હતા નહિ? અહીં પહેલાં પાઠશાળા ખોલી એમાં તું હતો ને પહેલો નહિ? પાઠશાળા. ત્રણ ત્રણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ જ કહું છું. ત્રિભુવન વસ્તા પહેલા ડોસા બહુ આવતા અહીં વ્યાખ્યાનમાં. આહાહા..!

અહીં કહે છે સર્વકાળ. આહાહા..! શબ્દ તો સર્વકાળ બહુ ચાર અક્ષર છે. પણ સિદ્ધ ભગવાનનું જ્ઞાન ત્રણકાળ ત્રણલોકને જાણે. આહાહા..! અને પ્રભુ! તારો સ્વભાવ જ ત્રણકાળ ત્રણલોકને જાણવાનો છે. ત્રણકાળ ત્રણલોકની કોઈ ચીજને માનવાનો તારો સ્વભાવ નથી. આહાહા..! તારી ચીજ સિવાય રાગથી માંડીને બીજી ચીજો આખો લોકાલોક, કે કાળ આ દિવસ ને રાત્રી ને વર્ષ ને છ મહિના. એવી કોઈ ચીજને પોતાની છે એ માનવાનો એનો સ્વભાવ નથી. આહાહા..! એ આવે છે સમયસાર નાટકમાં. આ મારો દિ' છે ને આ મારી રાત્રી છે ને આ મારો પહોર છે એવું આવે છે. ધૂળમાંય નથી. આહાહા..! રાયચંદભાઈ! આહાહા..! પૈસા કાંઈક થાય ત્યાં ૨૦, ૨૫ લાખ, ૫૦ લાખ થાય ત્યાં. આહાહા..! જાણે ફાટ્યા. આભે પાટુ મારે.

મુમુક્ષુ :- આભમાં પાટુ મારે એ તો પોતાને મારે છે.

ઉત્તર :- ત્યાં ક્યાં આભે અડે એવું છે. આહાહા..! પ્રભુ! તું ભૂલી ગયો છો. ભગવાન પરમાત્મા જિનેશ્વરદેવ તારી ચીજ સિદ્ધ સમાન કહે છે. ભાઈ તને ખબર નથી. અનાદિથી ખબરું વિનાનો બેખબરો રખડી રહ્યો ચાર ગતિમાં. આહાહા..! એને આત્મા શું વસ્તુ છે અંદર? નજરે નિધાન જોયા નહિ, નિધાનમાં નજરું કરી નહિ અને જે ચીજ એની અને એનામાં નથી ત્યાં નજરું નાખીને રોકાઈ ગયો છે. આહાહા..! આવો છે ઉપદેશ બાપુ અહીં તો. આહાહા..! બહારની આ તો કહે ભક્તિ કરો, પૂજા કરો, દયા કરો, વ્રત પાળો, જાત્રા કરો, એ બધી ક્રિયાઓ તો રાગની છે ભાઈ તને ખબર નથી. એ કાંઈ ધર્મ નથી. એ તો પાપથી બચવા માટે એક પુણ્ય છે. પુણ્ય છે એ પાછો સંયોગ. સ્વભાવને તો પુણ્ય વિઘ્ન કરનાર છે. આહાહા..!

ત્રણકાળ '**સબ ભાવોં કો જાનતા હૈં,...**' સિદ્ધ ભગવાન તો સર્વભાવ. શુભ-અશુભ અને શુદ્ધ. એક બીજા જડના ભાવો. છ દ્રવ્ય ભગવાને જોયા છે. ભગવાને કેવળી પરમાત્મા પરમેશ્વર. છ દ્રવ્યના જેટલા ભાવ છે શક્તિઓ એ બધાને ભગવાન જાણે છે. આહાહા..! '**લોકાલોક પ્રકાશી આત્મા...**' લોક આ ચૌદ બ્રહ્માંડ અને ખાલી અલોકભાગ. એનો તો પ્રકાશી છે. આ પરમાત્મપ્રકાશ છે ને? પરમાત્મપ્રકાશ છે એટલે એને... આહાહા..! અજાણી વાતું એને ગમ્ય ન લાગે, કોઈ દિ' સાંભળ્યું નથી તત્ત્વને સત્ય શું છે એ. એમ ને એમ જગતની મજૂરી કરી, મજૂર મોટા બધા છે આખા આખો દિ'. બરાબર હશે? આ બે-પાંચ કરોડો રૂપિયા થાય એ મોટા મજૂર છે મજૂરિયો છે મારા. વજુભાઈ! ઓલા મજૂર તો આઠ કલાક કામ કરે ખબર છે. સવારે ૮ થી ૧૨, બપોરે ૨ થી ૬. તમારે? સવારે ૬ થી રાતના ૧૦.

હું ત્યાં કહેતો અમારી દુકાને પાલેજમાં. અમારે કુંવરજીભાઈ ત્યાં ગામમાં સાધુ આવે તો સામું ન જોવે અને ૮ વાગે નવરા થાય નામુ લખીને. મોટા મજૂર છો કીધું મોટા. આ તો ૬૫-૬૬ની વાત

છે. નાની ઉંમરમાં ભગત કહેવાતો હતો ને હું તો. મારી રુચિ તો આખી પહેલેથી. દુકાન હતી, દુકાન ચલાવતા. કીધું આ આખો દિ' મજૂરી કરો શું છે આ? આહાહા..! બીડીયું વાળવીને પછી ઓલું શું કહેવાય? તમાકુની ગુડ.. તમાકુ ગોટો આવો ન હોય?

મુમુક્ષુ :- ગડાકુ, ગડાકુ.

ઉત્તર :- ગડાકુ. હા ગડાકુ. એના ઓલા કરે. પછી તો પૈસા થયા પછી તો છોડી દીધું. પહેલા શરૂઆતમાં કરતા એ બધું. પૈસા માટે. આહાહા..! ગડાકુ ગડાકુ. નામ પણ ભૂલી જઈએ. આહાહા..! મજુરી કરો છો કીધું આખો દિ'. આ શું કરો છો તમે? નહિ શાસ્ત્ર વાંચવા, નહિ સાંભળવા, નહિ સમાગમ કરવો, એ તો જાણે કાંઈ કિંમત જ નહિ અને અમે બેઠા અને રળ્યા જાણે. બાર મહિને લાખ મળ્યા, બે લાખ મળ્યા. આહાહા..! જે ઝાડમાં લાખ થાય ને એ ઝાડ બળી જાય. લાખ લાખ. અને જેને લાખ થાય એ મારા લાખ છે એ મરી જવાના એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કેમ આપણે આવે છે નહિ? ૭૪ ગાથા. ૭૪ ગાથામાં આવે છે. જે ઝાડમાં લાખ થાય એ ઝાડ બળી જાય. લાખ એ ઝાડનું સ્વરૂપ નથી. એમ ભગવાનનું પુણ્ય અને પાપનું આ રાગ લાખ એ એનું સ્વરૂપ નથી. આહાહા..! ૭૪ ગાથા સમયસાર. બધા શાસ્ત્રમાં દાખલા પડ્યા છે બધા. લ્યો એ દાખલો. જેમ વૃક્ષને પીપરનું ઝાડ હોય પીપરનું. એને લાખ આવે ઊડી જાય. બધી પીપર સળગી જાય. ઘણીવાર કીધું ને ભાવનગરમાં. ઓલો ગુજરી ગયો આખી લાઈન પીપરની હતી. આ તો ૬૫-૬૬ની વાત છે. ૧૯૬૫-૬૬. દુકાન, દેશમાંથી દુકાન, દુકાન. દેશમાં આવેલ, ભાવનગર એક વર્ષે ગયેલા. ૬૫-૬૬ની વાત છે. દીક્ષા તો ૭૦માં થઈ ને. ૬૪ વર્ષ તો દીક્ષા થયા. એના પહેલા ૭૦ વર્ષ પહેલાંની વાતું છે. આખી પીપરનું ઝાડ હતું આખી લાઈન. એ લાખ આવી ભાવનગર ગુજરીનું જે તળાવ છે ને ઓલું? એની આ બાજુ આખી લાઈન હતી. આ તો ૭૦ વર્ષ પહેલાંની વાત છે. ખલાસ થઈ ગયું. મેં પૂછ્યું કોઈને કે એલા હતું ને આ? કહે લાખ આવી હતી. એક ઝાડ ન રહ્યું. આને લાખ આવે ત્યારે શું રહેશે એને?

મુમુક્ષુ :- સલવાઈ જવાય.

ઉત્તર :- સલવાઈ જવાના એ. આ લાખ ને પાંચ લાખ ને દસ લાખ ને કરોડ ને.

મુમુક્ષુ :- તમે લાખ

ઉત્તર :- લાખની કિંમત. પહેલાના એક લાખ અને અત્યારના ૨૫ લાખ. ભાવ ઘટ્યાને. બધા ભાવ વધી ગયા માલના તો આના ઘટી ગયો ભાવ. પહેલાના ૨૫-૩૦ એક લાખ હોય પહેલાંના અને અત્યારે ૩૦ લાખ બેય સરખા કહેવાય. એમાં પણ ધૂળમાં શું છે? અહીં તો કહે છે તારામાં.. આહાહા..! શું કીધું? આલોક-પરલોકનો પ્રકાશી છો તું તો. આહાહા..! કોઈ ચીજનો મારું છે એમ માનનારો તું નથી. તારું સ્વરૂપ નથી. આહાહા..! તું તો લોક અને અલોકનો પ્રકાશક છો. આહાહા..! કેમ બેસે? આ મારી મોહની મોટી ધૂણી ધખાવીને બેઠો છે ને. મોહની ધૂણી.

અહીં કહે છે કે ભગવાન તો લોકાલોકના પ્રકાશક છે. એવો '**નિજ ભાવ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ ઔર અનંતવીર્યમયી હૈ.**' સિદ્ધભગવાન તો. આહાહા..! એમ આ ભગવાન પણ અંદર અનંત જ્ઞાન, દર્શન, સુખમય જ વસ્તુ છે. એને દૃષ્ટિમાં એની ખબર નથી. નિજ પુંજ શું છે નિજસંપદા અંદર? નિજસંપદાની એને ખબર નથી. એને આ પુણ્ય ને પાપ ને એના ફળ આપદાની એને ખબર છે. એ બધી આપદાઓ છે. આહાહા..!

અહીં કહે છે કે આ સુખ. આહાહા..! '**ઐસે અનંત ગુણોં કે સાગર...**' એવા અનંત ગુણના સાગર '**ભગવાન સિદ્ધ પરમેષ્ઠી...**' આહાહા..! '**સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવરૂપ ચતુષ્ટય મેં નિવાસ કરતે...**' સિદ્ધ ભગવાન પોતામાં વસે છે ત્યાં. અનંતજ્ઞાન, બેહદ આનંદ, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય એ પોતે સિદ્ધ પરમાત્મા પોતાના ગુણમાં વસે છે. કાંઈ બીજે છે નહિ. છે? '**ચતુષ્ટય મેં નિવાસ કરતે હુએ સદા આનંદરૂપ લોકકે શિખર પર વિરાજ રહે હૈં,...**' લોકના શિખર ઉપર નમો સિદ્ધાણં. મુક્તિશીલાઓ ઉપર. અરિહંત પરમાત્મા આદિ તો મહાવિદેહમાં બિરાજે છે. સિદ્ધ ભગવાન લોકને અગ્રે બિરાજે છે. આહાહા..! એનું કેટલું સામર્થ્ય છે અને એ સામર્થ્યની સાથે પોતાના સામર્થ્યને મેળવવું એ વાત છે. આહાહા..! બહારની વાતું તો બધી ઠીક થોથા મરીને ચાલ્યા જશે. આહાહા..!

૪૦-૪૦ લાખના બંગલામાં બાયડી પડી હતી નહિ ઓલી શાંતિલાલ ખુશાલ ગોવાવાળા. પાણસણાવાળા આપણા દશાશ્રીમાળી. ગોવા ગોવામાં. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા હતા. ચાલીસ લાખનું તો એક મકાન હતું એનું. દોઢ વર્ષ સુધી અસાધ્ય પડી. શું કહેવાય એ? હેમરેજ. હેમરેજ થયું હેમરેજ. આહાહા..! ભાન ન મળે કાંઈ. પૈસા જુઓ તો બે અબજ ચાલીસ કરોડ. ચાલીસ લાખનો બંગલો, બે દસ દસ લાખના બીજા. પડી ગઈ તે હાડકા ભાંગ્યા. એને પણ ખબર નહિ. બે શુદ્ધ થઈ ગયેલી ને. એ મરી ગઈ લ્યો ચાલી ગઈ. અહીં ઢોર જેવા અવતાર એ મરીને ઢોરમાં જાય બિચારા ક્યાંય. આહાહા..! વાણિયા એટલે માંસ, દારૂ તો ખાય નહિ કાંઈ ઈંડા કે. ધર્મ તો હોય નહિ, પુણ્ય પણ ન મળે. આહાહા..! અરે! આ સંસાર આવો.

કહે છે કે સિદ્ધ ભગવાન તો અનંતસુખમાં બિરાજમાન છે. એવું તારું સ્વરૂપ છે. આહાહા..! કીધું ને છે? '**જિસકા કભી અંત નહીં, ઉસી સિદ્ધપદ મેં સદા કાલ વિરાજતે હૈં, કેવલજ્ઞાન દર્શન ઘટ-ઘટ મેં વ્યાપક હૈં.**' આહાહા..! ભગવાનનું જ્ઞાન ને દર્શન એ તો દરેક ઘટ એટલે દરેક આત્માને તો એ જાણે છે. બીજા બધાને જાણે છે એ અપેક્ષાએ એ વ્યાપક છે એમ કહેવામાં આવે છે. ઘટ ઘટમાં વ્યાપક. વ્યાપક અને એનું જ્ઞાન કાંઈ ઘટમાં અહીં આવી જતું નથી. પણ એના જ્ઞાનમાં આખી દુનિયા જણાય જાય છે એથી ભગવાનના જ્ઞાન ઘટ ઘટમાં વ્યાપક છે એમ કહેવામાં આવે છે. આવી વાતું હવે. વીતરાગ માર્ગ આવો હશે! ભાઈ અમે તો કાંઈ આવું સાંભળતા નહોતા. દયાઓ પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા કરવી, ભક્તિ કરવી, ચોવિહાર કરવો લ્યો એવું સાંભળીએ. બાપુ એ બધી ક્રિયાઓ તો રાગની છે ભાઈ તને ખબર નથી. શુભરાગ છે

જો હોય તો રાગ શુભ. અને એ તો એ ક્રિયા અને અભિમાન હોય તો પાપ હોય. આહાહા..!

અહીં તો કહે છે '**લોકકે શિખર પર...**' આહાહા..! '**કેવલજ્ઞાન દર્શન ઘટ-ઘટ મેં વ્યાપક હૈં.**' એટલે કે બધાને જાણે. કોઈ જાણ્યા વિનાની વાત સિદ્ધ ભગવાનના જ્ઞાનમાં બધા ત્રણકાળ ત્રણલોક, એનું વસ્તુ, એનું ક્ષેત્ર, એની દશા અને એનો ભાવ. બધું પૂર્ણ પરમાત્મા જાણે છે. આહાહા..! '**સકલ કર્મોપાધિ રહિત સદા નિરૂપાધિ...**' એને ઉપાધિ ક્યાં છે? આહાહા..! આને તો ઉપાધિનો પાર ન મળે. મોટા પૂંછડા બાયડી, છોકરા, પૈસા, આબરૂ, મકાન ને. આહાહા..! મરીને જાવા એકલા પાછા. એ બધા મૂકીને મમતા સાથે લઈને. તો પરમાત્મા કહે છે કે તું સિદ્ધ સમાન છો ને પ્રભુ! એને તું જોને અને માનને અંદર. આહાહા..! એ ઉપાધિથી ઉત્પન્ન થયેલા ભાવ એ તું નહિ. તારું સ્વરૂપ તો એ ઉપાધિથી રહિત છે. નિરૂપાધિ આનંદનો નાથ પ્રભુ છો. આહાહા..! સહજાનંદ સ્વરૂપ છો. સહજાનંદ ઓલા સ્વામિનારાયણ નહિ હોં. સ્વભાવિક આનંદનું સ્વરૂપ છે તારું પ્રભુ. આહાહા..! ક્યાં જોવે પણ. આહાહા..!

બહારની ચીજો અનંતી એ અનંતી જોવામાં રોકાય કે આ તો એકને જોવા આવે અંદર? આહાહા..! લ્યો! '**નિરાબાધપના...**' કોઈ બાધા જ નથી સિદ્ધ ભગવાનને. '**અનંતગુણોં સહિત મોક્ષમેં આનંદ વિલાસ કરતે હૈં.**' આહાહા..! લ્યો એ સિદ્ધ ભગવાનની વ્યાખ્યા કરી. એ સિદ્ધ ભગવાનની વ્યાખ્યા કરતા સિદ્ધ થયા તો જો ઉપાધિભાવ રાગ ને દ્વેષ એનો હોય તો એ રહિત કેમ થયા? રાગ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ રાગ છે. હિંસા,જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ, વેપાર, ધંધો, વ્યાજ ઉપજાવવા એ પાપભાવ છે. બેય ભાવ જો આત્માની જાતના હોય તો સિદ્ધમાં કેમ ન જાય સાથે? એ તો સિદ્ધમાં છે નહિ. એટલે વર્તમાનમાં પણ એ ભાવ તારું સ્વરૂપ નથી. આહાહા..! કેમ બેસે? મારી નાખ્યા બહારમાં. બહારનો મોહ એટલે પરમાં સાવધાની. મોહનો અર્થ સાવધાની થાય. અને પોતાની સાવધાની ભૂલી ગયો. હું કોણ ને ક્યાં છું? કેટલો છું? આહાહા..! એ ૨૦૩ ગાથા થઈ.

---

अथानन्तरं परमात्मप्रकाशभावनारतपुरुषाणां फलं दर्शयन् सूत्रत्रयपर्यन्तं व्याख्यानं करोति। तथाहि–

३३५) जे परमप्प-पयासु मुणि भाविं भावहिँ सत्थु।
मोहु जिणेविणु सयलु जिय ते बुज्झहिँ परमत्थु।।२०४।।

ये परमात्मप्रकाशं मुनयः भावेन भावयन्ति शास्त्रम्।
मोहं जित्वा सकलं जीव ते बुध्यन्ति परमार्थम्।।२०४।।

भावहिं भावयन्ति ध्यायन्ति। के मुणि मुनयः जे ये केचन। किं भावयन्ति। सत्थु शास्त्रम्। परमप्प-पयासु परमात्मस्वभावप्रकाशत्वात्परमात्मप्रकाशसंज्ञम्। केन भावयन्ति। भाविं समस्तरागाधपध्यानरहितशुद्धभावेन। किं कृत्वा पूर्वम्। जिणेविणु जित्वा। कम् मोहु निर्मोहपरमात्मतत्त्वाद्विलक्षणं मोहम्। कतिसंख्योपेतम्। सयलु समस्तं निरवशेषं जिय

हे जीवेति ते त एवंगुणविशिष्टास्तपोधनाः बुज्झहिं बुध्यन्ति। कम्। परमत्थु परमार्थशब्दवाच्यं चिदानन्दैकस्वभावं परमात्मानमिति भावार्थः।।२०४।।

---

आगे तीन दोहोंमें परमात्मप्रकाशकी भावनामें लीन पुरुषोंके फलको दिखाते हुए व्याख्यान करते हैं–

गाथा–२०४

अन्वयार्थः– [ये मुनयः] जो मुनि [भावेन] भावोंसे [परमात्मप्रकाशं शास्त्रम्] इस परमात्मप्रकाशनामा शास्त्रका [भावयंति] चिंतवन करते हैं, सदैव इसीका अभ्यास करते हैं, [जीव] हे जीव, [ते] वे [सकलं मोहं] समस्त मोहको [जित्वा] जीतकर [परमार्थम् बुध्यंति] परमतत्त्वको जानते हैं।।

भावार्थः– जो कोई सब परिग्रहके त्यागी साधु परमात्मस्वभावके प्रकाशक इस परमात्मप्रकाशकनामा ग्रंथको समस्त रागादि खोटे ध्यानरहित जो शुद्धभाव उससे निरंतर विचारते हैं, वे निर्मोह परमात्मतत्त्वसे विपरीत जो मोहनामा कर्म उसकी समस्त प्रकृतियोंको मूलसे उखाड़ देते हैं, मिथ्यात्व रागादिकोंको जीतकर निर्मोह निराकुल चिदानंद स्वभाव जो परमात्मा उसको अच्छी तरह जानते हैं।।२०४।।

---

ત્યાર પછી ત્રણ સૂત્રો સુધી પરમાત્મપ્રકાશની ભાવનામાં રત પુરુષોને જે ફળ થાય છે તે દર્શાવતું, વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણે :-

ભાવાર્થઃ- જે કોઈ મુનિઓ નિર્મોહ પરમાત્મતત્ત્વથી વિલક્ષણ મોહને જીતીને સમસ્ત રાગાદિ અપધ્યાન રહિત શુદ્ધ ભાવથી પરમાત્મસ્વભાવનો પ્રકાશક હોવાથી જે પરમાત્મપ્રકાશ છે એવા પરમાત્મપ્રકાશ નામના શાસ્ત્રને ધ્યાવે છે તે તપોધનો પરમાર્થશબ્દથી વાચ્ય, ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માને જાણે છે, એ ભાવાર્થ છે. ૨૦૪.

---

**ગાથા-૨૦૪ ઉપર પ્રવચન**

'આગે તીન દોહોં મેં પરમાત્મપ્રકાશકી ભાવનામેં લીન પુરુષોં કો ફલકો દિખાતે હુએ વ્યાખ્યાન કરતે હૈં-' પરમાત્મપ્રકાશની છેલ્લી ગાથાઓ છે ને? આ ગ્રંથનું નામ પરમાત્મપ્રકાશ છે. પરમાત્મા પોતે પરમસ્વરૂપ ભગવાનઆત્મા, એનો પ્રકાશ. કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ પ્રકાશ થાય છે. એવું એનું સ્વરૂપ છે. એ આ પરમાત્મપ્રકાશમાં બતાવ્યું છે. આહાહા..! ૨૦૪.

३३५) जे परमप्प-पयासु मुणि भाविं भावहिँ सत्थु।
मोहु जिणेविणु सयलु जिय ते बुज्झहिँ परमत्थु।।२०४।।

જુઓ પ્રકાશ લીધો હોં! પરમાત્મપ્રકાશ શબ્દ આવી ગયો જોયું ને.

આહાહા..! '**જો મુનિ...**' અહીંયાં તો ઊંચી વાત લે છે ને. મુનિ એને કહીએ કે જેને સર્વ કુટુંબ, પરિવારનો ત્યાગ અને જેને વસ્ત્રનો ત્યાગ, જેને પાત્રનો ત્યાગ, નગ્નમુનિ દિગંબર જંગલમાં વસે એને દ્રવ્ય મુનિ બાહ્યથી કહીએ. અને અંદરમાં જેને વીતરાગતા પ્રગટ થઈ હોય છે. સમજાણું કાંઈ? એ અહીં મુનિને ઉદ્દેશીને વાત છે. જૈનદર્શનમાં મુનિને નગ્નપણું કહ્યું છે. વસ્ત્રવાળાને મુનિ જૈનદર્શનમાં કહ્યા નથી. એ જે કહ્યા છે તે જૈનદર્શન નથી. સમજાણું કાંઈ? આવી વાતું આકરી. મુનિ. જેને અંતર આનંદના નાથ ઉછર્યા છે અંદર. આહાહા..! પ્રચુર સ્વસંવેદન. જે આ આત્મા અંતર અતીન્દ્રિય આનંદનો રસ સચ્ચિદાનંદ પ્રભુ છે, સત્ચિદાનંદ સત્ છે ચિદ્ નામ જ્ઞાન અને આનંદ, એવું એનું પૂર્ણ સ્વરૂપ છે ભગવાનઆત્માનું. દરેકનું. એવા સચ્ચિદાનંદ પ્રભુને જેણે અનુભવ્યા છે અને જેની દશામાં પ્રચુર સ્વસંવેદન સ્વ નામ પોતાનું પ્રત્યક્ષ આનંદનું વેદન વર્તે છે એને અહીંયાં મુનિ કહેવામાં આવે છે. આહાહા..!

એ તો એ કહે છે '**જો મુનિ ભાવોં સે ઈસ પરમાત્મપ્રકાશનામા શાસ્ત્ર કા...**' આ પરમાત્મપ્રકાશ શાસ્ત્ર પૂરું થાય છે. '**ઈસ પરમાત્મપ્રકાશનામા શાસ્ત્ર કા ચિંતવન કરતે હૈં,...**' આહાહા..! આમાં કહેલા ભાવોને અંતરમાં વિચારે છે, ચિંતવે છે, અભ્યાસે છે, સ્વસન્મુખતામાં લીન કરતા થાય છે. આહાહા..! એણે પરમાત્મપ્રકાશને જાણ્યો એમ કહેવામાં આવે છે. એકલા પાના વાંચે અને પાના ભણી જાય, માટે પરમાત્મપ્રકાશ થાય એમ નથી. આહાહા..! જેને જાણી જે પરમાત્મપ્રકાશનું ચિંતવન કરે છે '**સદૈવ ઈસીકા અભ્યાસ કરતે હૈં,...**' આહાહા..! અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયઆનંદ પ્રભુ આત્મા, એનું જે ધ્યાન કરે ધ્યાન. વર્તમાન ધ્યાનની દશામાં જેને ધ્યેય બનાવી ધ્રુવને ધ્યાનમાં ધ્યેય બનાવી ધ્રુવનું ધ્યાન કરે તેને વર્તમાનમાં પરમાત્મપ્રકાશ પ્રગટ થાય છે. આહાહા..! આવો કઈ જાતનો ઉપદેશ આવો? વાત જઓલી તો વાત જ ભગવાન કરો નમો અરિહંતાણ કરો લ્યો. પાંચ નમો અરિહંતાણં. બાપુ! મારગડા જુદા ભાઈ! ત્યાં આનુપૂર્વી ગણવી હંમેશા લ્યો સામાયિક કરી. આનુપૂર્વી, નમો અરિહંતાણં, નમો ઉવજયાણં, નમો લોએ સવ્વ સાહુણં, નમો આઈરિયાણં. આડા હોય ને.. થઈ ગઈ સામાયિક લ્યો. અરે ભગવાન! સામાયિક ક્યાં હતી, હજી તને ધર્મ કોને કહેવો એ ભાન ક્યાં છે? આહાહા..!

અહીં તો પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ભણીને પરમાત્મસ્વરૂપનો પ્રકાશ પ્રગટ કરે તેને પરમાત્મપ્રકાશ જાણ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને? '**હે જીવ, તે સમસ્ત મોહ કો જીતકર...**' જુઓ! ભગવાનઆત્મા પરમાત્મસ્વરૂપ જ છે એની શક્તિનું સત્વ, એનું જે ધ્યાન કરે છે એની સન્મુખતાનું અને રાગાદિ દયા, દાનના પરિણામથી પણ જે વિમુખ થાય છે અને સ્વભાવની સન્મુખના ધ્યાન કરે છે. આહાહા..! એ '**સમસ્ત મોહ કો જીતકર...**' એને મિથ્યાત્વ અને રાગદ્વેષ રહેતા નથી. આહાહા..! પોતે પરમાત્મ સ્વરૂપ છે એવી પ્રતીતિ કરતા એને મિથ્યાત્વ રહેતું નથી. અને પોતે પરમાત્મસ્વરૂપમાં સ્થિરતા કરતા એને રાગ-દ્વેષ રહેતો નથી. આવી વાતું છે.

નાઈરોબીમાં તો આવું કાંઈ મળે એવું નથી ત્યાં પુંજાભાઈ! પૈસા, પૈસા, પૈસા, પૈસા. એવું સાંભળ્યું. એક મહાજન પાસે પચ્ચીસ કરોડ રૂપિયા છે કાંઈક. સાંભળ્યું છે. પચ્ચીસ કરોડ. કોક છે મહાજન. બે નામ આપતું હતું કોક. બેચરભાઈને ખબર છે કે નહિ? કોક દેરાવાસી છે શ્વેતાંબર. કોક કહેતું હતું. ધૂળમાં. આહાહા..! એમાં બે-પાંચ દસ લાખ ખર્ચે મંદિરમાં જાવ ધર્મ થઈ ગયો. ધૂળેય નથી ધર્મ સાંભળને. તારા કરોડ આપી દે તો ધર્મ ત્યાં ક્યાં પૈસામાં ધર્મ હતો? આહાહા..!

ભગવાનઆત્મા તો એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે. એનું ધ્યાન કરતા મોહનો નાશ થાય છે. સમજાણું કાંઈ? '**સમસ્ત મોહ કો જીતકર...**' '**परमार्थम् बुध्यंति**' '**પરમતત્ત્વ કો જાનતે હૈં.**' જે કોઈ પરમાત્મ આ શાસ્ત્ર છે તેને વાંચે, ભણે, અભ્યાસે. અભ્યાસીને અંદર પરમાત્મસ્વરૂપ છે તેને જાણે અને અનુભવે. એને મોહ નાશ થઈ જાય અને પરમાત્મપ્રકાશ થાય છે. પરમાત્મા પોતે સ્વરૂપ છે એનો પ્રકાશ પર્યાયમાં પરમાત્માનો પ્રકાશ આવે છે. આહાહા..! આ પરમાત્મપ્રકાશ આવ્યું છેલ્લું હવે. છેલ્લી ગાથાઓ છે ને? આહાહા..! એ '**પરમતત્ત્વ કો જાનતે હૈં.**' ઉત્કૃષ્ટ વાત લીધી છે ને.

જુઓ! '**ભાવાર્થઃ- જો કોઈ સબ પરિગ્રહકો ત્યાગી...** ' છે? જૈનદર્શનમાં અનાદિ સનાતનમાં વસ્ત્ર ને પાત્ર વિના નગ્નપણું તે મુનિપણું હતું. અનાદિ વીતરાગી સનાતન જૈનદર્શન. અનાદિનો એ માર્ગ હતો. એ માર્ગની આ વાત કરે છે. પછી એમાંથી આ ફાંટા પડી ગયા બધા જુદા જુદા. '**સબ પરિગ્રહ કે ત્યાગી...**' મુનિ જૈન વીતરાગમાર્ગમાં તો સબ પરિગ્રહનો ત્યાગ. જેને વસ્ત્રનો ધાગો ન હોય. પાત્રાનો કટકો પાત્રી ન હોય. એક મોરપીંછી અને કમંડળ બે હોય. આહાહા..! એ અપવાદિક. '**સબ પરિગ્રહ કે ત્યાગી...**' જેને વિકલ્પ ઉઠે છે પંચમહાવ્રતનો એનો પણ જે ત્યાગી થઈને અંદરમાં ધ્યાનમાં જાય છે. આહાહા..! આરે! આવી વાતું.

'**પરમાત્મભાવ કે પ્રકાશક...**' છે લ્યો! '**સબ પરિગ્રહકે ત્યાગી...**' સાધુ '**પરમાત્મસ્વભાવ કે પ્રકાશક...**' પરમાત્મસ્વભાવને પ્રકાશ કરનારું આ શાસ્ત્ર. '**ઈસ પરમાત્મપ્રકાશનામા ગ્રંથ કો સમસ્ત રાગાદિ ખોટે ધ્યાનરહિત...**' આહાહા..! પરની દયાનો ભાવ કરવો એ પણ એક રાગ છે. એ પણ એક હિંસા છે, એ રાગાદિ રહિત કહેવામાં આવે છે અહીં. સમજાય છે કાંઈ? મુનિ એને કહેવામાં આવે છે વીતરાગમાર્ગમાં, કે જેને વસ્ત્રનો ધાગો ન હોય. નગ્નદશા જેવી માએ જન્મ્યો એવો હોય. આહાહા..! અને જેની દશામાં અંદર પરમ અતીન્દ્રિય આનંદ ઉછળતો હોય, જેમ દરિયામાં પાણીની ભરતી આવે એમ મુનિને આનંદની ભરતી આવે દશામાં. ઝીણી વાતું બાપુ! વીતરાગ માર્ગ બહુ જુદી જાતનો છે ભાઈ! આહાહા..!

એવા મુનિઓ જે પરમાત્મા પોતે એનું ધ્યાન કરે, પોતે પરમાત્મસ્વરૂપ જ છે અંદર. શક્તિએ પરમાત્મા જ છે આત્મા. શક્તિએ પરમાત્મા ન હોય તો વ્યક્તિએ પ્રગટતા આવશે ક્યાંથી? કાંઈ બહારથી આવે એવી છે? કૂવામાં હોય એ અવેડામાં આવશે. એમ પ્રાપ્તની પ્રાપ્તિ. આત્માનો સ્વભાવ જ અંદર શુદ્ધ પરમાત્મા જ છે. આહાહા..! કેમ બેસે? પર્યાયની અવસ્થામાં રાંકાઈ ને પામરતા ને

મિથ્યાભ્રમ ભલે હો. પણ એનું વસ્તુનું સ્વરૂપ છે એ તો પરમાત્મસ્વરૂપ જ ત્રિકાળ છે. શક્તિરૂપે, સ્વભાવરૂપે, સામર્થ્યરૂપે, તત્ત્વરૂપે, ભાવરૂપે. આહાહા..! એવા પરમાત્મપ્રકાશ નામના ગ્રંથને. જે પરમાત્મપ્રકાશ પ્રકાશક છે એમ કહે છે. ગ્રંથ કેવો છે આ? કે પરમાત્મ પ્રકાશ કરે એવો આ પરમાત્મપ્રકાશ ગ્રંથ છે. આહાહા..!

**'શુદ્ધભાવ ઉસસે નિરંતર વિચારતે હૈં,...'** શુદ્ધ ભગવાન પુણ્ય અને પાપના ભાવ જે રાગ છે તે આર્તધ્યાન છે. આહાહા..! એનાથી રહિત આત્મા પ્રભુ, શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ પરમેશ્વર જિનેશ્વરે જોયો એવો આત્મા અંતર છે એનું જે ધ્યાન કરે છે એ શુદ્ધભાવથી નિરંતર વિચાર. જોયું! શુદ્ધભાવથી વિચારે છે, શુભથી નહિ. આહાહા..! દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા એ બધો શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ. શુદ્ધભાવ તે ધર્મ છે. શુભ અને અશુભ બેયભાવ અશુદ્ધ છે. એનાથી રહિત આત્મા શુદ્ધચૈતન્ય પ્રભુ છે એને શુદ્ધભાવથી નિરંતર વિચારે છે. આહાહા..! એક એક બોલ આકરા લાગે એવું છે. વીતરાગ માર્ગ પરમેશ્વરનો ભાઈ! જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા એવા વીતરાગ પરમેશ્વર, જિનેશ્વર બિરાજે છે, મહાવિદેહક્ષેત્રમાં પ્રભુ બિરાજે છે સીમંધર ભગવાન. ગણધરો છે, સંતો છે, લાખો કેવળીઓ છે. મહાવિદેહક્ષેત્ર છે મહાવિદેહક્ષેત્ર. જમીન ઉપર હોં, મોક્ષમાં નહિ. મહાવિદેહક્ષેત્ર છે. ત્યાં એના બધા વિમાન બિમાન ત્યાં ન જઈ શકે આ. કહે છે ને આ તમારા શું ચંદ્ર સુધી ગયો. રોકેટ. ત્યાં જઈ શકે નહિ રોકેટ ફોકેટ. મહાવિદેહક્ષેત્ર છે. ભગવાન બિરાજે છે સીમંધર ભગવાન. આ સામાયિક વખતે નથી આજ્ઞા લેતા પ્રભુની આમ. ભગવાન બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડપૂર્વનું આયુષ્ય છે, એવા વીસ તીર્થંકરો બિરાજે છે. ત્યાં પણ જોવાની નવરાશ ક્યાં છે? એ ભગવાન એમ કહે છે કે.. આહાહા..! તું પરમાત્મપ્રકાશ એવો આત્મા એનો શુદ્ધભાવથી વિચાર કર. આહાહા..! આકરું કામ. એક તો ધંધા આડે નવરો થાય નહિ, સાત-આઠ કલાક ધંધામાં જાય, છ-સાત કલાક ઊંઘમાં જાય, થોડાક ખાવામાં જાય, થોડાક ભોગમાં જાય, થોડુંક છોકરા ને બાયડી રાજી કરવામાં જાય. એમાં વખત ક્યાં મળે બિચારાને. આહાહા..! વખત ક્યાં મળે એમાં? આહાહા..! અને વખત મળે તો બે કલાક સાંભળવા જાય તો આ બહારની ક્રિયાકાંડમાં ધર્મ મનાવીને જિંદગી કાઢી નાખે છે. આહાહા..!

અહીં તો પરમાત્મા પરમેશ્વર જિનેશ્વરદેવ ત્રિલોકનાથ એમ ફરમાવે છે કે આ પરમાત્મપ્રકાશ વાંચીને તું પરમાત્મ તારો સ્વભાવ છે તેનો અનુભવ અંદર કર. આહાહા..! પાનામાં કાંઈ ભગવાન નથી. આ તો પાના છે. સાકર શબ્દમાં કાંઈ સાકર નથી. સાકર તો જુદી છે, સાકર શબ્દ જુદો છે. એમ આ પાનામાં ભગવાન નથી કાંઈ. આ ભગવાન તો અહીં અંદર બિરાજે છે ચૈતન્ય સ્વરૂપ. ત્યાં શબ્દો નથી અને શબ્દોમાં એ આત્મા નથી. આહાહા..! એવું ચૈતન્યપ્રકાશનું નૂરનું પૂર પ્રભુ છે. આહાહા..! એને શુદ્ધભાવથી વિચાર. શુભ-અશુભ નહિ. આહાહા..! શુદ્ધ. જેમાં રાગનો વિકલ્પ નહિ. એવી નિર્વિકલ્પદૃષ્ટિથી વિચારણાથી અંદરનો વિચાર ભગવાન પરમાત્મશક્તિએ બિરાજમાન વસ્તુ છે, જિનરાજઅને જીવની જાત એક છે. એક જ જાતના જીવ છે એ. આહાહા..! જિનરાજને

દશામાં વીતરાગતા પ્રગટી છે. તારા સ્વભાવમાં વીતરાગતા ભરી છે શક્તિમાં એટલો ફેર છે. ભારે વાતું ભાઈ આવી. આહાહા..! બાપુ! મનુષ્યપણું પામીને જુઓ આ વીતરાગ કહે છે એ આત્મતત્ત્વને ન જાણ્યું, આત્મતત્ત્વનું જ્ઞાન ન કર્યું. આહાહા..! એ બધા એકડા વિનાના મિંડા સરવાળા આવશે. આહાહા..! એ દેહ છોડીને ચાલ્યો જાશે ક્યાંક રખડવા ચોર્યાસીના અવતારમાં.

ભાઈ! તને મનુષ્યપણું મળ્યું, જિનવાણી સાંભળવાની મળી, આટલે સુધી આવ્યો અને હવે આ જાવું છે ક્યાં? અંતર વસ્તુ ચિદાનંદ સ્વરૂપ છે પ્રભુ. આનંદકંદ છે, જ્ઞાનાનંદ સ્વરૂપ છે. પરમાત્મા અરિહંતને અનંત જ્ઞાન, દર્શન, આનંદ પ્રગટ્યા એ ક્યાંથી પ્રગટ્યા? કાંઈ બહારથી આવે છે? આહાહા..! એ અંદરમાં છે શક્તિ એમાંથી આવ્યા છે. એ શક્તિ તારામાં પણ પડી છે પ્રભુ! આહાહા..! પૂર્ણ શક્તિ. પૂર્ણ આનંદ, પૂર્ણ વીતરાગતા, પૂર્ણ અનાકુળ સુખ અને પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન. એનાથી પ્રભુ તું ભરેલો ભગવાન છો, તારી દશામાં ભૂલ છે, વસ્તુ તો ભગવાન છે. આહાહા..! જો ભગવાન વસ્તુ ન હોય તો ભગવાન દશામાં આવશે ક્યાંથી? બહારથી ભગવાન આવશે ક્યાંયથી? આહાહા..! રમણીકભાઈ! આવો માર્ગ છે બાપા! કોકને તો માંડ બિચારાને જિંદગીમાં સાંભળવા પણ મળ્યો ન હોય. આહાહા..!

એ અહીં કહે છે. જુઓ! '**શુદ્ધભાવ ઉસસે નિરંતર વિચારતે હૈં,...**' શુદ્ધ શુદ્ધ. પાપના ભાવ તે અશુદ્ધ પાપ છે, પુણ્યના ભાવ તે અશુદ્ધ પુણ્ય છે, બેય અશુદ્ધ છે. બેયના ભાવ રહિત ભગવાનઆત્મા સચ્ચિદાનંદ શુદ્ધસ્વરૂપ છે, પરમેશ્વર સર્વજ્ઞે જોયો હોં. બીજાઓએ જોયો નથી. પરમેશ્વરે જોયો છે આત્મા કેવળીએ. ત્રણકાળ ત્રણલોક એવો જે આત્મા અંદર આનંદનો નાથ પ્રભુ એને જે વિચારે છે. આહાહા..!

'**વે નિર્મોહ પરમાત્મતત્ત્વ...** ' એ પરમાત્મતત્ત્વ નિર્મોહ છે. એનાથી '**વિપરીત જો મોહનામા કર્મ ઉસકી સમસ્ત પ્રકૃતિયોં કો મૂલ સે ઉખાડ દેતે હૈં,...** ' આહાહા..! આ ગધેડા હોય ને એ ઘાસ ખાય એ મૂળમાંથી ઉખેડે. ગાયુ ઘાસ ખાય એ ઉપરથી ચરે, ગો, ચર કહેવાય એ. ઉપરથી ખાય. એના મૂળિયા રાખે. અને ગધેડા ખાય એ.. એમ અહીં જ્ઞાની છે એ મૂળમાંથી મોહને નાશ કરે. એમ કહે છે. આત્માનું ધ્યાન કરીને મૂળમાંથી નાશ કરે. અજ્ઞાની રાગની મંદતા કરીને ઉપરથી રાગ રાખે, અંદરમાં રાગના મૂળિયા રાખે. સમજાણું કાંઈ? એ '**મૂલ સે ઉખાડ દેતે હૈં, મિથ્યાત્વ રાગાદિકોં કો જીતકર...**' ભ્રમણા, પુણ્યમાં ધર્મ છે અને પાપમાં મજા છે, આ વિષયમાં સુખ છે એ બધી ભ્રમણા અજ્ઞાનીઓની. મિથ્યાત્વભાવ ભ્રમણા મોટી ,પાપનું પાપ છે. આહાહા..! એને તોડી નાખી આત્માના આનંદના સ્વાદમાં રહેતો '**મિથ્યાત્વ રાગાદિકોં કો જીતકર નિર્મોહ નિરાકુલ ચિદાનંદ સ્વભાવ...** ' જ્ઞાનાનંદ સ્વભાવ '**જો પરમાત્મા ઉસકો અચ્છી તરહ જાનતે હૈં.**' લ્યો! એ જાણે છે બરાબર પછી. આ આત્મા પરમાત્મા છે. એમાં જાણીને પછી ઠરે છે ત્યારે એ પરમાત્મા પ્રગટ થઈને અરિહંત થાય છે અને ચાર કર્મ બાકી હોય એ ટળે પછી સિદ્ધ થાય છે. અરિહંતને ચાર કર્મ બાકી હોય છે અને ચાર કર્મ નાશ થયા હોય છે. સિદ્ધને

આઠેય કર્મનો અભાવ થાય છે. એ સિદ્ધ થાય છે એમ કહેશે પછી.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

अथ-

३३६) अण्णु वि भत्तिए जे मुणहिँ इहु परमप्प-पयासु।
लोयालोय-पयासयरु पावहिँ ते वि पयासु।।२०५।।
अन्यदपि भक्त्या ये मन्यन्ते इमं परमात्मप्रकाशम्।
लोकालोकप्रकाशकरं प्राप्नुवन्ति तेऽपि प्रकाशम्।।२०५।।

अण्णु वि इत्यादि। अण्णु वि अन्यदपि विशेषफलं कथ्यते। भत्तिए जे मुणहिं भक्त्या ये मन्यन्ते जानन्ति। कम्। इहु परमप्पपयासु इमं प्रत्यक्षीभूतं परमात्मप्रकाश-ग्रन्थमर्थतस्तु परमात्मप्रकाशशब्दवाच्यं परमात्मतत्त्वं पावहिं प्राप्नुवन्ति ते वि तेऽपि। कम्। पयासु प्रकाशशब्दवाच्यं केवलज्ञानं तदाधारपरमात्मानं वा। कथंभूतं परमात्मप्रकाशम्। लोयालोयपयासयरु अनन्तगुणपर्यायसहितत्रिकालविषयलोकालोक-प्रकाशकमिति तात्पर्यम्।।२०५।।

---

आगे फिर भी परमात्मप्रकाशके अभ्यासका फल कहते हैं-

गाथा-२०५

अन्वयार्थः- [अन्यदपि] और भी कहते हैं, [ये] जो कोई भव्यजीव [भक्त्या] भक्तिसे [इमं परमात्मप्रकाशम्] इस परमात्मप्रकाश शास्त्रको [जानन्ति] पढ़ें, सुनें, इसका अर्थ जानें, [तेऽपि] वे भी [लोकालोकप्रकाशकरं] लोकालोकको प्रकाशनेवाले [प्रकाशम्] केवलज्ञान तथा उसके आधारभूत परमात्मतत्त्वको शीघ्र ही पा सकेंगे। अर्थात् परमात्मप्रकाश नाम परमात्मतत्त्वका भी है, और इस ग्रंथका भी है, सो परमात्मप्रकाश ग्रंथके पढ़नेवाले दोनों ही को पावेंगे। प्रकाश ऐसा केवलज्ञानका नाम है, उसका आधार जो शुद्ध परमात्मा अनंत गुण पर्याय सहित तीनकालका जाननेवाला लोकालोकका प्रकाशक ऐसा आत्मद्रव्य उसे तुरंत ही पावेंगे।।२०५।।

---

હવે, ફરી પરમાત્મપ્રકાશના અભ્યાસનું ફળ કહે છે :-

ભાવાર્થઃ- વળી બીજું વિશેષ ફળ કહે છે કે જેઓ આ પ્રત્યક્ષ પરમાત્મપ્રકાશ ગ્રંથને અર્થથી પણ પરમાત્મશબ્દથી વાચ્ય એવા પરમાત્મતત્ત્વને ભક્તિથી જાણે છે તેઓ અનંત ગુણપર્યાયસહિત ત્રણકાળના લોકાલોકના પ્રકાશક, પ્રકાશ શબ્દથી વાચ્ય એવા કેવળજ્ઞાન તથા તેમના આધારભૂત પરમાત્મપ્રકાશને-પરમાત્મતત્ત્વને પામે છે, એ તાત્પર્ય છે. ૨૦૫.

## વીર સંવત ૨૫૦૨, જેઠ સુદ ૧, બુધવાર
## તા. ૧૮-૦૫-૧૯૭૭, ગાથા-૨૦૫-૨૦૬, પ્રવચન નં. ૨૪૧

૨૦૪ થઈ. '**આગે ફિરભી પરમાત્મપ્રકાશ કે અભ્યાસ કા ફલ કહતે હૈં**-' છેલ્લી ગાથાઓ છે ને? આ પરમાત્મપ્રકાશ તો શાસ્ત્ર છે. એનો અભ્યાસ કરી અને પરમાત્મ પોતાનું સ્વરૂપ છે. પુણ્ય-પાપના વિકલ્પો રહિત, પરિપૂર્ણપણું એને જાણે એ આ પરમાત્મપ્રકાશને સાંભળવાનું અને જાણવાનું એ ફળ છે. એ કહે છે. ૨૦૫મી.

३३६) अण्णु वि भत्तिए जे मुणहिँ इहु परमप्प-पयासु।
लोयालोय-पयासयरु पावहिँ ते वि पयासु।।२०५।।

'**અન્વયાર્થ :- ઔર ભી કહતે હૈં, જો કોઈ ભવ્યજીવ...** ' અહીં તો લાયકજીવ, ભવ્યજીવ લીધો છે. જેને મોક્ષ થવાને લાયક છે. એ જીવ લીધો છે. '**જો કોઈ ભવ્યજીવ ભક્તિ સે...**' આમ તો પરમાત્મપ્રકાશ સાંભળવું જોઈએ એમ કરીને સાંભળે, ગામમાં હોય ત્યાં આવવું જોઈએ. એ રીતે સાંભળે એમ નહિ. ભક્તિથી સાંભળે. એમ કહે છે. બહુમાન કરીને કે, ઓહો..! મારી ચીજનો પ્રકાશ આ શાસ્ત્ર છે. આ વસ્તુ જે છે એને પ્રકાશનારું વાચક આ શબ્દો એના છે. અને એ મારું સ્વરૂપ જે છે તેને બતાવે છે. એવો જેને ભક્તિથી ભાવ હોય એની વાત છે. આમ ગામમાં હોય તો સાંભળવું જોઈએ, ટાઈમ થાય એટલે ત્યાં જાવું જોઈએ. એ કાંઈ ભક્તિથી નથી. એ તો એક વેઠ તરીકે કરે છે.

અહીં એ શબ્દ વાપર્યો છે ભક્તિથી, વિનયથી પરમાત્મપ્રકાશને બહુ માનથી. શું કહેવા માગે છે? એનું ફળ શું છે? એ કઈ ચીજ ક્યાં છે એમ જેની દૃષ્ટિ હોય છે એવા ભક્તિથી '**ઈસ પરમાત્મપ્રકાશ શાસ્ત્ર કો...**' પાઠમાં એ છે. 'जानन्ति' 'मुणहिं' પાઠ. એનો અર્થ કર્યો છે કે જે કોઈ પઢે. આ શાસ્ત્રને કોઈ ભણે. પાઠ 'मुणहिं' છે. 'जानन्ति'. આહાહા..! પણ આ શાસ્ત્રને જે કોઈ પઢે, સાંભળે અને '**ઈસકા અર્થ જાનેં,...**' એ છેલ્લો અર્થ એ છે. એનું પ્રયોજન શું? અર્થ શું છે એ જાણે.

'तेडपि' 'लोकालोकप्रकाशकरं' '**લોકાલોક કો પ્રકાશનેવાલે...**' એવું પ્રકાશ '**કેવલજ્ઞાન...**' કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે. કારણ કે એમાં બતાવ્યું છે પરમાત્મપ્રકાશ. એ કેવળજ્ઞાનનો પિંડ પ્રભુ, પરમાત્મસ્વરૂપ જ છે શક્તિએ. એનો સ્વભાવ જ પરમાત્મસ્વરૂપ જ છે, પરમાત્મ પ્રકાશ જ છે. પર્યાયમાં હીનતા અને વિપરીતતા એ તો વર્તમાનદશામાં, વસ્તુમાં કાંઈ હીનતા કે વિપરીતતા નથી. પૂર્ણતા અને અવિકારતા એવો આત્માનો સ્વભાવ એને અહીંયાં પરમાત્મપ્રકાશ કહે છે. આહાહા..! આણે આટલી દયા પાળવી ને આટલા વ્રત કરવા એમ નથી અહીંયાં કહ્યું. આ તો આને જાણે અને સાંભળે ને સમજે. છે ને?

એ '**લોકાલોક પ્રકાશનેવાલે કેવલજ્ઞાન તથા ઉસકે આધારભૂત પરમાત્મતત્ત્વ કો...**' બેય કહ્યું. એક તો પ્રકાશ કેવળજ્ઞાન અને એનો આધાર તો આત્મ પરમાત્મતત્ત્વ દ્રવ્ય છે. બેયને એ પામે. આહાહા..! અહીં તો આને ભક્તિથી જાણે તો આમ પામે એમ કીધું છે. કોઈ કરવાથી પામે કે આ વ્રત કરવાથી, તપ કરવાથી. ભગવાન આનંદસ્વરૂપ અંદર ચૈતન્યઘન કેવળજ્ઞાન પ્રકાશનો પિંડ પ્રભુ એને જે અંદર ભક્તિથી, પ્રેમથી, વિનયથી એના સિવાયની બીજી ચીજોની હીનતા દેખીને અધિક આને દેખે એમ જે જાણે અધિક પોતાની ચીજને. આહાહા..! તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે અને કેવળજ્ઞાનનો આધાર એવું તત્ત્વ દ્રવ્ય એને પ્રાપ્ત કરે. એમ કહે છે. આહાહા..!

પરમાત્મપ્રકાશ શબ્દ છે ને એટલે પ્રકાશનો અર્થ કર્યો. મોક્ષ પામે છે એમ ન લેતા પ્રકાશને પામે, કેવળજ્ઞાનને પામે છે. અને પરમાત્મ એ તો દ્રવ્ય. પરમાત્મપ્રકાશ. પ્રકાશ એ કેવળજ્ઞાન. અને પરમાત્મા એનો આધાર તત્ત્વ દ્રવ્ય. આહાહા..! થોડા શબ્દોમાં ઘણું પરમાત્મપ્રકાશ છે આનું નામ. અને એમાં પરમાત્મપ્રકાશની જે શૈલી અને પ્રરૂપણા છે. એનું જ કથન છે. વાચક એના જ શબ્દો છે. એ જે બરાબર અંતર સાંભળે ભક્તિથી, પ્રેમથી, વિનયથી વિચારે અને અંતરમાં બરાબર એ ચીજ છે એવી જાણવામાં એ લે તો તેને પરમાત્મપ્રકાશ પ્રગટ થાય છે. એટલે કેવળજ્ઞાન અને આત્મદ્રવ્ય બે પ્રગટ થાય. આહાહા..! પરમાત્મપ્રકાશ શબ્દ છે ને? એ બે અર્થ કર્યા એના. એ પ્રકાશને પ્રાપ્ત કરે અને એનો આધાર આત્મતત્ત્વ, પરમાત્મતત્ત્વ એને પ્રાપ્ત કરે. આહાહા..! એટલે મોક્ષને કરે એમ ન લેતા પરમાત્મપ્રકાશ શબ્દ છે ને. એનો શબ્દાર્થ કર્યો.

આમ કરે તેને સ્વર્ગમાં જાય અને એ ભગવાન પાસે જાય. એવું કાંઈ ન લીધું આમાં. કે આવું કરે પછી ભગવાન પાસે જાય, ભગવાન પાસે પછી જાય, જાણે. એમ કેટલાક કહે છે ને કે ભાઈ અત્યારે આમ કરો, પછી સ્વર્ગમાં જાવ, ત્યાંથી ભગવાન પાસે જાવ, ત્યાં સમકિત પામશો પછી. એ ત્યાં જઈને પણ આ પરમાત્મપ્રકાશને સમજે તો એ પામે બાકી વાત કાંઈ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય ભેગું. આ તો એનો અર્થ કર્યો. દ્રવ્ય અને દ્રવ્યનો પ્રકાશ બેયને પામે એમ કહે છે. વસ્તુ જે છે અનંતગુણનો પિંડ એ દ્રવ્ય. અને પ્રકાશ તે કેવળજ્ઞાન એક લીધું. પ્રકાશમાં કેવળજ્ઞાન લીધું. દ્રવ્યમાં આખું તત્ત્વ અનંતગુણનો પિંડ દ્રવ્ય લીધું. આહાહા..! લ્યો આ પરમાત્મપ્રકાશને સાંભળે તો આ પામે એમ કહે છે. પ્રેમથી પણ એની... આહાહા..! એને પુણ્ય બંધાય અને એમાંથી સ્વર્ગમાં જાય ત્યાંથી પછી આગળ જઈને પામે એ વાત અહીંયાં લીધી નથી. આહાહા..!

'**ઉસકે આધારભૂત પરમાત્મતત્ત્વ કો શીઘ્ર હી પા સકેંગે.**' એટલો શબ્દ છે. લ્યો! વધારે પડતા અંશે નાખ્યું છે. એવું પરમાત્મતત્ત્વ. સચ્ચિદાનંદ સ્વરૂપ જ્ઞાનનો પ્રકાશ અને પૂર્ણ શક્તિઓનો ભંડાર તત્ત્વ ત્યારે ઓલા પ્રકાશમાં તો એક જ્ઞાનગુણની પર્યાય આવી. પ્રકાશ ખરું ને નામે? અહીં તત્ત્વમાં તો અનંત શક્તિ આવી. તત્ત્વ આખું દ્રવ્ય આવ્યું. આહાહા..! '**અર્થાત્ પરમાત્મપ્રકાશ નામ પરમાત્મતત્ત્વકા ભી હૈ,...**' પરમાત્મપ્રકાશ નામ પરમાત્મતત્ત્વ કા ભી હૈ, અને આ ગ્રંથનું

પણ નામ છે બે. પરમાત્મપ્રકાશ આત્મા ભગવાન પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એવું પરમાત્મસ્વરૂપ એને પણ પરમાત્મપ્રકાશ કહીએ અને આ વચનોને પણ પરમાત્મપ્રકાશ ગ્રંથને પણ કહેવાય. નામ છે ને.

'**સો પરમાત્મપ્રકાશ ગ્રંથ કે પઢનેવાલે દોનોં હી કો પાવેંગે.**' પરમાત્મપ્રકાશ શબ્દોને પણ પામે અને એના ભાવને પણ એમ કહે છે. ગ્રંથને પણ જાણે અને ગ્રંથે કહેલો આત્મા એને પણ જાણે. આહાહા..! '**દોનોં હી કો પાવેંગે. પ્રકાશ ઐસા કેવલજ્ઞાન કા નામ હૈ, ઉસકા આધાર જો શુદ્ધ પરમાત્મા...**' જોયું હવે ખુલાસો કરે છે. કે ભાઈ આ ભાઈ પ્રકાશ અને આ તત્ત્વમાં ફેર શું? કેવળજ્ઞાનનો પ્રકાશ અને પરમાત્મતત્ત્વ. બેમાં ફેર શું? '**પ્રકાશ ઐસા કેવલજ્ઞાન કા નામ હૈ, ઉસકા આધાર જો શુદ્ધ પરમાત્મા અનંત ગુણ પર્યાય સહિત...**' જોયું! તત્ત્વ લીધું આખું. પરમાત્મતત્ત્વ એ અનંતગુણ સહિત તત્ત્વ આત્મા તેને અહીંયાં પરમાત્મા કહે છે. અનંતગુણ સ્વરૂપ ભગવાનઆત્મા.

'**અનંત ગુણ પર્યાય સહિત...**' પાછું ઓલામાં તો કેવળજ્ઞાનની પર્યાય એકલી લીધી હતી, એક ગુણની એક જ પર્યાય આવી હતી. '**શુદ્ધ પરમાત્મા અનંત ગુણ પર્યાય સહિત...**' આહાહા..! એની સામું જોતા એ શું ચીજ છે એનું જ્ઞાન થાય કેવળજ્ઞાન અને એ તત્ત્વ જણાઈ જાય. એ આખું પરમાત્મતત્ત્વ. અનંતગુણ અને અનંતગુણની પર્યાય. '**સહિત તીનકાલકા જાનને વાલા,** આહાહા..! **લોકાલોકકા પ્રકાશક ઐસા આત્મદ્રવ્ય...**' લ્યો! '**ઉસે તુરંત હી પાવેંગે.**' પ્રકાશ અને દ્રવ્યની વ્યાખ્યા બે જુદી પાડી. પરમાત્મપ્રકાશ. પ્રકાશમાં તો એકલું કેવળજ્ઞાનની પર્યાયને લીધી. અને પરમાત્મતત્ત્વમાં અનંતગુણ અને અનંતી પર્યાયવાળું તત્ત્વ લીધું. આહાહા..! અહીં તો જાણવું... જાણવું... જાણવાની વાત છે. જાણવું એ કરવું છે. બીજું કાંઈ કરવું નથી એમાં. રાગ કરવો કે આ કરવું એ કાંઈ વસ્તુના સ્વરૂપમાં નથી.

'**ઐસા આત્મદ્રવ્ય ઉસે તુરંત હી પાવેંગે.**' અર્થમાં આવ્યું હતું ને શીઘ્ર? એનો અર્થ થયો. ૨૦૫ થઈ.

---

## ગાથા-૨૦૬

अथ–

३३७) जे परमप्प-पयासयहं अणुदिणु णाउ लयंति।
तुट्टइ मोहु तडत्ति तहँ तिहुयण-णाह हवंति।।२०६।।
ये परमात्मप्रकाशस्य अनुदिनं नामं गृह्णन्ति।
त्रुट्यति मोहः झटिति तेषां त्रिभुवननाथा भवन्ति।।२०६।।

लयंति गृह्णन्ति जे ये विवेकिनः णाउ नाम। कस्य। परमप्प-पयासयहं व्यवहारेण परमात्मप्रकाशाभिधानग्रन्थस्य निश्चयेन तु परमात्मप्रकाशशब्दवाच्यस्य केवलज्ञानाद्यनन्त–

गुणस्वरुपस्य परमात्मपदार्थस्य। कथम्। अणुदिणु अनवरतम्। तेषां कि फलं भवति। तुट्टइ नश्यति। कोऽसौ। मोहु निर्मोहात्मद्रव्याद्विलक्षणो मोहः तडत्ति झटिति तहं तेषाम्। न केवलं मोहो नश्यति तिहुयण-णाह हवंति तेन पूर्वोक्तेन निर्मोहशुद्धात्मतत्त्वभावनाफलेन पूर्वं देवेन्द्रचक्रवर्त्यादिविभूतिविशेषं लब्धवा पश्चाज्जिनदीक्षां गृहीत्वा च केवलज्ञानमुत्पाद्य त्रिभुवननाथा भवन्तीति भावार्थः।।२०६।। एवं चतुर्विंशतिसूत्रप्रमितमहास्थलमध्ये परमात्मप्रकाशभावनाफलकथनमुख्यत्वेन सूत्रत्रयेम पञ्चमं स्थलं गतम्।

---

आगे फिर भी परमात्मप्रकाशके पढ़नेका फल कहते हैं-

गाथा-२०६

अन्वयार्थः- [ये] जो कोई भव्यजीव [परमात्मप्रकाशकस्य] व्यवहारनयसे परमात्माके प्रकाश करनेवाले इस ग्रंथका तथा निश्चयनयसे केवलज्ञानादि अनंतगुण सहित परमात्मपदार्थका [अनुदिनं] सदैव [नामं गृह्णन्ति] नाम लेते हैं, सदा उसीका स्मरण करते हैं, [तेषां] उनका [मोहः] निर्मोह आत्मद्रव्यसे विलक्षण जो मोहनामा कर्म [झटिति त्रुट्यति] शीघ्र ही टूट जाता है, और वे [त्रिभुवननाथा भवंति] शुद्धात्मतत्त्वकी भावनाके फलसे पूर्व देवेंद्र चक्रवर्त्यादिकी महान् विभूति पाकर चक्रवर्तीपदको छोड़कर जिनदीक्षा ग्रहण करके केवलज्ञानको उत्पन्न कराके तीन भुवनके नाथ होते हैं, यह सारांश हैं।।२०६।।

इसप्रकार चौबीस दोहोंके महास्थलमें परमात्मप्रकाशकी भावनाके फलके कथनकी मुख्यतासे तीन दोहोंमें पाँचवाँ अंतरस्थल कहा।

---

વળી (હવે ફરી પરમાત્મપ્રકાશના અભ્યાસનું ફળ કહે છે) :-

ભાવાર્થઃ- જે કોઈ વિવેકી જીવો વ્યવહારથી પરમાત્મપ્રકાશ નામના ગ્રંથનું અને નિશ્ચયથી પરમાત્મ શબ્દથી વાચ્ય એવા કેવળજ્ઞાનાદિ અનંતગુણસ્વરૂપ પરમાત્મપદાર્થનું સતત નામ લે છે તેમનો નિર્મોહ-આત્મદ્રવ્યથી વિલક્ષણ મોહ શીઘ્ર નાશ પામે છે. કેવળ મોહ જ નાશ પામે છે એટલું જ નહિ પણ તે પૂર્વોક્ત નિર્મોહ-શુદ્ધ આત્મતત્ત્વની ભાવનાના ફળથી પહેલાં દેવેન્દ્ર, ચક્રવર્તી આદિ વિભૂતિવિશેષને પામીને અને પછી જિનદીક્ષા ગ્રહીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરીને ત્રણ ભુવનના નાથ થાય છે, એ ભાવાર્થ છે. ૨૦૬.

એ પ્રમાણે ચોવીશ સૂત્રોના મહાસ્થળમાં પરમાત્મપ્રકાશની ભાવનાના ફળના કથનની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્રોથી પાંચમું સ્થળ સમાપ્ત થયું.

## ગાથા-૨૦૬ ઉપર પ્રવચન

'આગે ફિર ભી પરમાત્મપ્રકાશકે પઢને કા ફલ કહતે હૈં-' ૨૦૬.

३३७) जे परमप्प-पयासयहं अणुदिणु णाउ लयंति।
तुट्टइ मोहु तडत्ति तहँ तिहुयण-णाह हवंति।।२०६।।

'**અન્વયાર્થ :- જો કોઈ ભવ્યજીવ વ્યવહારનય સે પરમાત્મ પ્રકાશ કરનેવાલે ઈસ ગ્રંથ...**' આ વ્યવહારનય છે. શાસ્ત્ર છે એ તો વ્યવહારનયથી સાંભળવાનું છે. આહાહા..! '**વ્યવહારનય સે પરમાત્મ પ્રકાશ કરનેવાલે ઈસ ગ્રંથ કા તથા નિશ્ચયનયસે કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત પરમાત્મપદાર્થ...**' આ આત્મા જ અનંતગુણસહિત પરમાત્મપદાર્થ વસ્તુ છે. દ્રવ્યદષ્ટિએ, વસ્તુદષ્ટિએ, તત્ત્વદષ્ટિએ એનાથી ત્રિકાળી સ્વભાવ દષ્ટિએ તો પરમાત્મસ્વરૂપ જ છે તે. આહાહા..! એવડી મોટી ચીજને મોટી પ્રતીતના વિશ્વાસમાં અંતર લેવો કે જે અનંત અનંતગુણને પર્યાયનો પિંડ એને પ્રતીતમાં લેવો, એટલે એ પ્રતીતમાં એવડી ચીજ આવે નહિ. એ ચીજ ન આવે પ્રતીતમાં. પણ એ ચીજનું જેટલું સામર્થ્ય છે, જેટલી શક્તિઓનું એ સત્ત્વ છે એ શ્રદ્ધામાં એનું જ્ઞાન આવે અને એની પ્રતીત આવે. જ્ઞાનમાં જ્ઞાન આવે અને શ્રદ્ધામાં પ્રતીત આવે, શ્રદ્ધા અને જ્ઞાનમાં એ વસ્તુ ન આવે. સમજાણું કાંઈ? આરે! આવી વાતું છે.

એને ભરોસે ભગવાન આવે, પણ ભગવાન ભરોસામાં આવે નહિ. શું કહ્યું એ? સમ્યગ્દર્શનરૂપી ભરોસો-પ્રતીત એમાં ત્રિકાળી ભગવાન અનંતગુણનો પિંડ પ્રભુ, એની પ્રતીતિ આવે, આવડી ચીજ છે એવી પ્રતીતિ આવે, પણ એ વસ્તુ એમાં ન આવે. વસ્તુ એમાં આવી જાય તો પર્યાય અને દ્રવ્ય બે એક થઈ જાય. આહાહા..! આવો માર્ગ છે. સવારમાં બહુ મોડા આવે છે ચીમનભાઈ. બપોરે વહેલા આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**નિશ્ચયનય સે કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત પરમાત્મપદાર્થ...**' આહાહા..! હવે એ કહે છે '**अनुदिनं**' નિરંતર. '**अनुदिनं**' નિરંતર '**सदैव...**' આહાહા..! એવો જે ભગવાન પરમાત્મસ્વરૂપ એને નિરંતર '**अनुदिनं**' સમયના વિરહ વિના નિરંતર '**सदैव...**' '**नामं गृह्णन्ति**' એનું નામ લે એટલે કે એનું સ્મરણ કરે. સ્મરણ ક્યારે કરે? એ વસ્તુ એના જ્ઞાનમાં આવી હોય તો સ્મરણ કરે. જે ચીજ જ્ઞાનમાં આવી નથી, એની ધારણામાં આવી નથી એનું સ્મરણ શું કરે? એ શું કહ્યું? '**સદા ઉસીકા સ્મરણ કરતે હૈં,...**' એની વર્તમાન પર્યાયમાં નિરંતર એ વસ્તુ પૂર્ણાનંદનો નાથ ભગવાનઆત્મા છે, એની પર્યાયમાં વારંવાર યાદ આવે, વારંવાર સ્મરણ આવે જે વસ્તુને અવગ્રહ ,ઈયા, અવાય કરીને ધારણામાં જે લીધી હતી.

શું કહ્યું એ? એ વસ્તુ છે ભગવાનઆત્મા પૂર્ણ આનંદકંદ અનંતગુણનો પિંડ એને જે પર્યાયમાં અવગ્રહ-વિચારણા, અવાય-નિર્ણય અને ધારણા. અનુભવ કરીને ધારણામાં આ વસ્તુ આવી છે. સમજાણું કાંઈ? જે ભગવાનઆત્મા.. આ બીજી જાતની વાતું છે બધી આ. સાધારણ વાડાવાળાને

જાણે આમાં શું કહે છે એમ લાગે. માર્ગ એવો છે બાપા એ. આહાહા..! એ વસ્તુને જેણે અવગ્રહ કરીને જ્ઞાનમાં પકડી લીધી એનો વિચાર કર્યો હતો, એનો નિર્ણય કર્યો હતો અને નિર્ણય કરીને ધારણા થઈ હતી કે વસ્તુ આવી અખંડ પૂર્ણ છે. સમજાણું કાંઈ? એને ધારણામાંથી વારંવાર યાદ કરે, સ્મરણ કરે. જાતિસ્મરણ થાય છે ને? એ આ જાતિનું સ્મરણ. ઓલી જાતિ ભવનું સ્મરણ આવે. ભવ ભવ. ભવ કર્યા એનું સ્મરણ આવે. આ જાતિ છે તે જાણી છે તેનું સ્મરણ આવે. એમ કહે છે. આહાહા..!

એ ચૈતન્યની જે જાત છે અનંતગુણનો પિંડ ચિદ્દ્ઘન, સ્કંધ એવી જે ચીજ છે એને એણે મતિજ્ઞાનમાં .. ધારણા અનુભવી, જાણીને ધારણા કરી હતી કે આ વસ્તુ આવી છે. એને વારંવાર સ્મરણમાં લે. આહાહા..! સમજાય છે કાંઈ? એવી વાતું છે આ તો બધી જાતની. આહાહા..! એ **'સદા ઉસીકા સ્મરણ કરતે હૈં,...'** આહાહા..! જેના જ્ઞાનમાં અને શ્રદ્ધામાં પરમાત્મસ્વરૂપ તત્ત્વ જે આવ્યું છે જાણવામાં અને માનવામાં, એમાં જાણવામાં અવગ્રહ, ઈહા, અવાય, ધારણા થઈ ગઈ છે કે આ વસ્તુ આવી છે. પૂર્ણઆનંદસ્વરૂપ, પૂર્ણજ્ઞાનસ્વરૂપ અતીન્દ્રિય અનંત શક્તિઓનો ભંડાર સાગર એવો આત્મા જે પ્રતીતિમાં અને જ્ઞાનમાં આવ્યો છે એને વારંવાર સ્મરણમાં લે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ બધી જૂની વાતું કરતા બધી નવી એવી લાગે કે આ કઈ જાતની છે આ? ક્યાંની વાત હશે આ? આ પરમાત્મા પ્રકાશની વાત છે. આહાહા..! હજી સાધક લેવો છે ને સ્મરણ કરે છે એટલે.

એકલો જ્ઞાન અને આનંદ આદિ અનંત શક્તિઓનો પિંડ પ્રભુ પરમાત્મતત્ત્વ. એની જેને શ્રદ્ધા અને જ્ઞાન સ્વસન્મુખ થઈને થઈ છે. પરનું વિમુખપણું જેમાં થઈને અને જે એને જ્ઞાન અને શ્રદ્ધામાં એ ચીજ જે આત્મા છે એ ખ્યાલમાં, શ્રદ્ધામાં આવ્યો છે. ખ્યાલમાં શ્રદ્ધામાં આવ્યો છે, વસ્તુ આવી નથી. એને વારંવાર સ્મરણ કરવું. **'अनुदिनं'** શબ્દ છે ને? **'अनुदिनं' 'अनुदिनं'** એટલે દિન પ્રતિદિન પ્રતિદિન હરસમયે. આહાહા..! **'सदैव...'** આહાહા..! કોઈ ગાળ આપી હોય ને પછી સ્મરણ કરે છે કે નહિ યાદ કરે છે ફલાણી ગાળ આપી ખરે ટાણે. એમ આ ગુણનો ધરનાર ભગવાન, આહાહા..! એને વારંવાર અંદર યાદ કરે, સ્મરણ કરે. લ્યો આ જાતિસ્મરણ. આત્માની જાત છે તેનું સ્મરણ. અને આ બીજું જે જાતિસ્મરણ છે એ ભવની જાતનું સ્મરણ. ભવ. ભવ. ભવ થયા હોય એનું સ્મરણ. એ પણ ધારણામાં તો આવ્યું હોય ને પહેલું? ધારણામાંથી સ્મરણ.

એમ આ ભગવાનઆત્મા પહેલો એને ધારણામાં આવી ગયો છે. સમજાણું કાંઈ? પૂર્ણઆનંદ અને જ્ઞાનસ્વરૂપી પરમાત્મતત્ત્વ. એનું જેટલું, જેવડું સામર્થ્ય અને જેટલા ક્ષેત્રમાં જેવડો ભાવથી ભરેલો છે એવું એને પ્રતીત અને જ્ઞાનની ધારણામાં આવી ગયું છે. આહાહા..! એને વારંવાર સ્મરે.

મુમુક્ષુ :- ધારણાનો વિષય આત્મા નથી.

ઉત્તર :- ધારણાનો વિષય આત્મા છે મતિજ્ઞાનમાં. ધારણા એટલે આ ધારણા બહારની. બહારની ધારણાનો વિષય નથી, મતિજ્ઞાનનો ધારણાનો વિષય આત્મા છે.

મુમુક્ષુ :- અનુભવ કરવા માટે.

ઉત્તર :- અનુભવ કરવા માટે એ ધારણા છે ને અંદર? મતિજ્ઞાનપૂર્વક શ્રુત છે ને? મતિજ્ઞાનપૂર્વક શ્રુત છે ને. મતિજ્ઞાનની ધારણામાં છે એના પૂર્વક શ્રુતની-સમાધિ આવે છે. ધારણા એટલે આ ધારણા બહારની એકલી ધારણા એ ક્યાં ધારણા છે? આ તો વસ્તુની ધારણા કીધી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો ધારણાના અર્થમાં એ ચીજ છે એવું જ્ઞાન થયું છે અંદર. આમ બહારનું જ્ઞાન બહારથી થયું શાસ્ત્રથી ને, એમ નહિ. એ જ્ઞાન ક્યાં છે? એકલું શાસ્ત્ર સાંભળવાથી થાય એ વાત અહીં છે જ નહિ. આહાહા..! આમ ધારી રાખે કે આત્મા આવો છે એ નહિ. એ જાણ્યા વિના ધાર્યું છે. આ તો જાણીને ધાર્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? મોટો ફેર એક એક શબ્દમાં. મતિજ્ઞાન એ બોલ છે ને? મતિજ્ઞાનમાં તો ત્યાં સુધી લીધું છે આચાર્યે તો કે આ ભવિ છે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્યાં સુધી પકડ્યું મતિજ્ઞાનથી એવી તાકાત છે. પરની હોં. પોતાની તો છે. આહાહા..! મતિજ્ઞાનમાં અવગ્રહ, ઈહા, અવાય, ધારણા લીધી છે. એ પરની અપેક્ષાએ લીધી છે એ ત્યાં. આહાહા..! પરનું નક્કી કરી લે એ. કે આ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે માટે ભવી છે. આટલું તો મતિજ્ઞાનનો પરતરફના લક્ષવાળો નિર્ણય છે. આહાહા..! આ તો ભગવાન પોતાને ધારે છે અહીં. મતિજ્ઞાનમાં આવી છે કે નહિ વસ્તુ?

તેથી કહ્યું નહિ ભાઈ ૧૪૪મી (ગાથા સમયસાર)માં ન કહ્યું? મતિજ્ઞાનની બુદ્ધિને આત્મામાં વાળીને. આહાહા..! આવ્યું હતું ને ભાઈ? અહીં નહોતા. ત્યાં રાજકોટ આવ્યું હતું. પહેલું એ લીધું, પછી શ્રુતમાં લીધું છે. કારણ કે શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક હોય છે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનની ઉત્તર તર્કણા છે. ઉત્તર તર્કણા એટલે પછીના તર્કો છે એ. પણ મતિજ્ઞાન પહેલું છે. ઝીણી વાત થોડી આવી ગઈ છે ભાઈ! આહાહા..! આ તો ઓલું સ્મરણ છે ને એ શબ્દ માટે આવી ગયું છે આ. આહાહા..! ભગવાન તારું સ્વરૂપ જે છે, ભગવાનનો અર્થ એક ઠેકાણે તો જ્ઞાન જ કર્યો છે. ભગવાન એટલે જ્ઞાન. પણ અહીં તો ભગવાન એટલે અનંતગુણસ્વરૂપ. ફક્ત અહીંયાં પરમાત્મપ્રકાશ છે ને, પ્રકાશમાં એકલો જ્ઞાનનો પ્રકાશ લેવો છે. તત્ત્વમાં આખું લેવું છે. બેયનું જ્ઞાન થાય છે. આહાહા..! માર્ગ એવો ઝીણો પ્રભુ. આહાહા..! અનંતકાળ, અનંત અનંત કાળ પરિભ્રમણ કરી કરીને દુઃખી થઈ ગયો છે, દુઃખી. આહાહા..! બે-પાંચ-દસ વર્ષ જ્યાં એક રોગ ચાલે ત્યાં આમ કાયર થઈ જાય. હાય.. હાય.. મટતું નથી. એગ રોટ મટે ત્યાં બીજો, બીજો મટે ત્યાં ત્રીજો, ત્રીજો મટે ત્યાં ચોથો. હવે એ તો હજી તો કેટલા રોગ. એક અંગુલમાં ૯૬ રોગ. એક તસુમાં ૯૬ રોગ એવા આખા શરીરમાં કેટલા હશે? એમ શબ્દ કર્યો છે. કુંદકુંદાચાર્યે. કેટલા હશે? એમ પૂછ્યું. એવો શબ્દ છે. આહાહા..! વેદનાની મૂર્તિ છે આ તો દુઃખની દુઃખ. રોગની મૂર્તિ. પ્રભુ તો આનંદની મૂર્તિ છે આત્મા. બે સામે સામી. આહાહા..!

આચાર્યને આમ કહેવું છે, વારંવાર સ્મરણ કરે એટલે એનો અર્થ કે એને તો ધાર્યું છે, જાણ્યું

તો છે. એ જાણેલું વારંવાર યાદ કર્યા કરે છે, સ્મરણ કરે છે. આહાહા..! બીજા બધાનું સ્મરણ છોડી દઈને આનું સ્મરણ કરે છે. ભગવાનનું સ્મરણ એમ પણ વાત લીધી નથી અહીંયાં. આહાહા..!

મુમુક્ષુ :- સ્મરણ થાય તે જ નિર્વિકલ્પતા.

ઉત્તર :- શું કીધું?

મુમુક્ષુ :- સ્મરણ થાય એટલે નિર્વિકલ્પ દશા થઈ જાય.

ઉત્તર :- એ સ્મરણ યાદગીરી એ જ નિર્વિકલ્પ છે. એનું સ્મરણ એટલે જ્ઞાન થાવું એમ કહેવું છે. રાગ થાવું એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- તો આ સ્મરણ નિર્વિકલ્પ

ઉત્તર :- હા.

'**ઉનકા મોહ ટૂટ જાતા હૈ.**' ભાષા દેખો ને. વિકલ્પવાળું હોય તો મોહ તૂટે? છે ને એમાં? એ તો આચાર્યોના શબ્દો છે અને એ દિગંબર સંતો કેવળજ્ઞાનની પાટે બેઠેલા છે એ તો. આહાહા..! કેવળજ્ઞાનનો વારસો મેળવ્યો છે. એક એક શબ્દો અને એક એક ભાવ. આહાહા..! અલૌકિક વાતું છે. આઠ આઠ વર્ષના છોકરાઓ અને ચક્રવર્તી હાલી નીકળતા હશે એ શું? આહાહા..! જેને ઘરે છન્નું કરોડ તો પાયદળ.

મુમુક્ષુ :- .. ગરીબને...

ઉત્તર :- ગરીબને શું પણ એમ કે આવા હોય આઠ વર્ષના છોકરા એ આ સાંભળે ને જ્યાં.. આહાહા..! અમે અમારા આત્માના શોધકમાં જાશું હવે. અમને અહીં ક્યાંય રુચિ જામતી નથી. અમને ક્યાંય ઠીક લાગતું નથી. જ્યાં અમને ઠીક લાગે ત્યાં અમે જવા માગીએ છીએ. આહાહા..! ગરીબ હોય તો શું? ગરીબની તો વાત જ શું કરવી? પણ આ તો ચક્રવર્તીના આવે છે નથી ઓલા? શું નામ નહિ?

મુમુક્ષુ :- જયકુમાર.

ઉત્તર :- જયકુમાર તો એનો સેનાપતિ. ઓલા ૧૦૮ છોકરા નહિ રમતા હતા. રમતા હતા ને ભગવાન પાસે વયા ગયા. ૧૦૮. નામ ભૂલી ગયા. ભરતેશવૈભવમાં આવે છે.

મુમુક્ષુ :- રવિકીર્તિ.

ઉત્તર :- રવિકીર્તિ આદિ છે. ૧૦૦ રાજકુમાર ગેદીદડે રમતા હતા. સોનાની ગેડી, સાથે એક માણસ મોકલેલો એની માએ. રમે છે છોકરા. એમાંથી સેનાપતિ જય, કેવો? જયકુમાર. એણે સાંભળ્યું કે જયકુમારે દીક્ષા લીધી. ઓલા રમતા હતા છોકરા ૧૫-૧૫ વર્ષના, ૧૬-૧૬ વર્ષના, ૨૦-૨૦ વર્ષના જુવાન. આહાહા..! સોનાની આમ ગેડીએ રમે. ત્યાં માણસ નીકળ્યા કે શું છે? કે આપનો સેનાપતિ છન્નું કરોડ પાયદળનો સ્વામી જયકુમારે ભગવાન પાસે દીક્ષા લીધી. ઓહોહો..! ધન્ય ધન્ય અવતાર, ધન્ય કાળ, ધન્ય.. પોલીસને કહે, સાથે માણસને માણસને. ચાલો આપણે આમ જઈએ, ભગવાન પાસે જઈએ. એમ કરતા.. કરતા.. કરતા... ઓલાને ખબર નહિ કે શું થશે

આ? દીક્ષા લીધી છે. આહાહા..! જતાં જતાં ભગવાન પાસે ગયા. પ્રભુ! દીક્ષા આપો. આહાહા..! એ સોએ જણા દીક્ષીત થઈ ગયા અને એનો જે માણસ હતો એ તો રોવે.. રોવે.. રોવે... અરેરે! એમની માએ મને સાચવવા મોકલ્યો. આ દીક્ષીત થયા હું જવાબ શું આપીશ? કહો. એ પણ .. છે ને એક? આહાહા..! જેને આત્મા સાંભળ્યો કે આત્માએ દીક્ષા લીધી આણે. અમારો સેનાપતિ મોટો. એની સ્ત્રી શું કીધું સુલોચ? સુલોચના. આહાહા..! એ પોતાના અતીન્દ્રિય આનંદમાં રમવા માટે દીક્ષીત થયા એ. આહા..! આ રમતું શું તને માંડી એ તે? એમ થઈ ગયું. ગેડીદડે રમતા હતા ને? આહાહા..!

અંતરનો ભગવાન જ્યાં જાણવામાં તો આવ્યો હતો કહે છે. આ વાત જ્યાં સાંભળી ત્યાં એકદમ પ્રફુલ્લિત અસંખ્ય પ્રદેશમાં રોમ રોમ અંદર આંતર ઉલ્લસિત થઈ ગયો. ઓહોહો..! આનંદને સાધવા માટે મુનિ થયા. આ રમતુંમાં પાપ અને આ શું? એણે રમત માંડી એ ખરી. દીક્ષીત ભગવાન પાસે થઈ ગયા લ્યો. આહાહા..!

અહીં શું કહેવું છે કે જે ચીજને જેણે જાણી છે, શ્રદ્ધી છે, અનુભવી છે એને સ્મરણમાં આવતા પૂર્ણ થવાને એને હવે વાર નથી એને. સમજાણું? એનું ફળ બતાવે છે ને અહીં? આહાહા..! એનું વારંવાર સ્મરણ. આહાહા..! રજાની વાત આવે ત્યારે નથી આવતું? પ્રવચનસાર. માગે ત્યારે હે સ્ત્રી! રાજકુમાર હોય મોટા, અબજો રૂપિયાના મકાનોમાં, અબજો રૂપિયાના દાગીના શરીર ઉપર જ્યાં અંદરમાં વૈરાગ્ય આવે છે એટલે કહે છે હે સ્ત્રી! તું એ શરીરને રમાડનારી હોં મને નહિ. મારો નાથ રમે તારી સાથે નહિ. આહાહા..! હું તો મારી અનાદિની અનુભૂતિરૂપી સ્ત્રી એની પાસે જવા માગું છું. ત્રિકાળી હોં. મારો નાથ અનુભૂતિ આનંદનો અનુભવ કરનારો ત્રિકાળ છે. એની પાસે એ અનુભૂતિ પાસે જવા માગું છું. આહા..! માતા! રજા દે. આહાહા..! એ કેવો પ્રસંગ હશે! આહાહા..!

ઓલું નહોતું કહ્યું દાખલો? ભર્તુહરિનો દાખલો નહોતો આપ્યો? નાટક જોયું છે હોં મેં બધા ભર્તુહરિના ને. ઘરની દુકાન સ્વતંત્ર એટલે પિતાજી સાંજને કહે ગામમાં આવ્યું હોય નાટક. જાવ. પૈસા લઈ જાવ, જાવ નાટક જોવા સાંજના. પણ એ તો ૬૦, ૬૧, ૬૨, ૬૩ની વાત છે હો. એમાં એ આવે છે ને શું કીધું? ભર્તુહરિ ભર્તુહરિ. આહાહા..! રાણીને આપે છે ફળ આવ્યું છે ને ઊંચું. મોટું ફળ આવ્યું છે તે દરબારને આપ્યું. એ દરબારે આપ્યું પીંગળાને. પોતાની રાણીને. પીંગળાએ આપ્યું એનો રાખેલો હતો અશ્વપાળ. ઘોડાનો રક્ષક. આહાહા..! એણે આપ્યું વેશ્યાને, એણે લાવીને પાછું આપ્યું દરબારને. અરે! આ શું? આ ફળ અહીં ક્યાંથી? વેશ્યાને કહે તારી પાસે ક્યાંથી? આ અમૃતફળ મેં આપ્યું હતું. અન્નદાતા! મને તો અશ્વપાળે આપ્યું છે. અશ્વપાળને બોલાવ્યો ક્યાંથી ભાઈ તને? મને પીંગળાએ આપ્યું છે. આહાહા..! દૃષ્ટિની તો ખબર નથી. પણ વૈરાગ્યમાં એકદમ, દેખ્યા નહિ કુછ સાર જગત મેં દેખ્યા નહિ કુછ સાર. પ્યારી નારી પીંગળા રાણી એ અશ્વપાળ કો યાર, એને હું એક મોટો માળવાનો અધિપતિ, બાણુ લાખ માળવાનો હું અધિપતિ એની રાણીએ અશ્વપાળ. આહાહા..! દીક્ષીત થાય છે. આહાહા..!

ગુરુ કહે છે કે ત્યાં ભોજન લેવા જા. અરે! સ્વામી એમ પીંગળા પાસે જા. પીંગળા પાસે જાય છે. માતા! આહાહા..! ગાયન છે બધું સાંભળેલું બધું. માતા મને ન કહો રાજા! મને મા ન કહો. અરે! માતા! ભિક્ષા દે ઝટ, નહિતર મારી શું કહેવાય? જમાત જમાત. જમાત ચાલી જાય છે. ગુરુએ મને આજ્ઞા આપી છે. પ્રભુ! મારી પાસે આજે કાંઈ નથી, હું તો શોકમાં છું, કાંઈ રાંધ્યું નથી. ક્ષણવાર ઊભા રહો તો ખીર કરી દઉં. એ ગાયન આવે બધું હોં. તે દિ' તો બધું કરેલું ને? એક ક્ષણમાં ઊભા રહો તો દૂધ છે દૂધ, ખીર કરી દઉં. ઊભા રહેવાનો અવકાશ નથી. માતા! તૈયાર હોય એ દે નહિતર હું ચાલ્યો જાઉં. આહાહા..! આ તો દૃષ્ટિ વિનાનો વૈરાગ્ય છે અને જેને જોયો છે આત્મા. આહાહા..! એના સ્મરણ કરવા માટે જ્યારે એ જોગ છોડે છે. આહાહા..! આખી દુનિયા તુચ્છ. ભગવાન એક પરમ રત્ન દેખાય છે એને. આહાહા..! નાટકમાં બહુ આવે એવું ઘણું. ચોપડીયું લેતા ને તે દિ તે. વાંચતા. બધું મોઢે થઈ ગયેલું. ઘણાં વર્ષની વાતું. પોણો સો વર્ષ પહેલાની વાતું બધી.

ખીર રે બનાવું ક્ષણ એકમાં. જમતા જાઓ જોગી રાજ. એવું ગાય આવે છે. સ્ત્રી પીંગળા કહે છે. ખીર બનાવું એક ક્ષણમાં. માતા! એક ક્ષણ પણ ઊભો નહિ રહી શકું. તારી પાસે જે કાંઈ હોય એ આપ. પ્રભુ! મારી પાસે કાંઈ નથી આજે. મેં કાંઈ રાંધ્યું નથી. આપ દીક્ષીત થવાના એ સાંભળી હું તો શોકમાં છું. ચાલ્યા ગયા. આહાહા..! ત્યારે જ્યાં આત્મજ્ઞાન થયું, ભાન થયું એને જ્યારે વૈરાગ્ય થાય એની વસ્તુ એ તો. આહાહા..! એ તો એને વારંવાર પ્રભુ! પ્રભુ! યાદ આવે છે. આનંદનો સાગર મારો, મારે ને એને વિરહ પડ્યા અનાદિના. આહાહા..! હવે એ વિરહ તૂટ્યા, હવે વારંવાર એનું સ્મરણ કરતા. આ '**अनुदिनं**' નો અર્થ ચાલે છે આ. સમજાણું કાંઈ? આહાહા..!

'**स्मरण करते हैं, उनका निर्मोह आत्मद्रव्य से विलक्षण जो मोहनामा कर्म शीघ्र ही टूट जाता है,...**' નવલચંદભાઈ! વિકલ્પવાળો સ્મરણ હોય તો એ વાત નહિ. આહાહા..! અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદ એની માળા ફરે ત્યાં. વિકલ્પ વિનાની હોં. આહાહા..! માર્ગ બહુ ઝીણા બાપુ! વીતરાગ માર્ગ. શ્રદ્ધામાં સાચું લેવું એ મહામુશ્કેલ છે. એની રમણતાની વાતું તો શું કરવી? અરે! પ્રભુ! માંડ આવ્યું છે બહાર હોં હવે આ. અને લોકો વિરોધ કરે છે. પ્રભુ! શું કરે છે ભાઈ!

'**उनका निर्मोह आत्मद्रव्य...**' મોહ ટૂટશે મોહ ટૂટશે. પણ મોહની વ્યાખ્યા કરે છે હવે. કે મોહ કોણ છે? કે નિર્મોહ એવું જે આત્મદ્રવ્ય. એમ હજી મોહની વ્યાખ્યા કરે છે. નિર્મોહ એવું જે આત્મદ્રવ્ય એનાથી વિલક્ષણ. એનાથી વિપરીત. આહાહા..! '**जो मोहनामा कर्म...**' '**अनुदिनं नामं गृह्णन्ति**' એ નામમાંથી કાઢ્યું છે આ. ઓલામાં નથી આવતું ભાઈ નામ, શું કહેવાય? ભાઈ પ્રવચનસાર. નામ પણ એ નામનો અર્થ એ નામ છે આનું એટલે અંદર ભેગુ વસ્તુ ઉત્પન્ન થઈ જાય છે. આહાહા..! જેનું નામ પણ અર્થે છે એમ કાંઈક પાઠ.

મુમુક્ષુ :- નામ ગ્રહણ

ઉત્તર :- હા નામ ગ્રહણ .. પાંચ ગાથા છે. પ્રવચનસારની પહેલી. આહાહા..! એ આ નામ

લેવું. .. યાદ આવે છે. ભાષા ભાષામાં રહી જાય છે. સમજાણું કાંઈ? જેમ સાકર શબ્દ છે એમાં કાંઈ સાકર નથી. પણ સાકર શબ્દથી યાદ આવી જાય છે સાકર. આહાહા..! એમ નામ સ્મરણમાંથી યાદ આવી જાય છે આ ભગવાન. આહાહા..!

'**अनुदिनं नामं गृह्णन्ति**' એનો અર્થ કોઈ કરે કે આમાં તો નામગ્રહણ મોહ તૂટે એમ કહ્યું છે. પાઠ એવો છે ને. પણ એનો અર્થ એ. તેથી ખુલાસો કરવો પડ્યો ને? '**સ્મરણ કરતે હૈં,...**' '**ઉસીકા સ્મરણ કરતે હૈં,...**' એનું નામ યાદ કરે છે એનો અર્થ સ્મરણ કરે છે, સ્મરણ કરે છે એનો અર્થ કે વસ્તુ એના જ્ઞાનમાં આવી છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**ઉનકા નિર્મોહ આત્મદ્રવ્યસે વિલક્ષણો જો મોહનામા કર્મ...**' '**झटिति त्रुट्यति**' આહાહા..! લ્યો એ તૂટી જાય છે. '**શીઘ્ર હી ટૂટ જાતા હૈ,...**' આહાહા..! અતીન્દ્રિય આનંદના નાથને સ્મરણ કરતાં બીજું બધું વિસ્મરણ થઈ જાય છે. ત્યારે જે મોહ, નિર્મોહ એવો જે ભગવાનઆત્મા એનાથી વિલક્ષણ, વિપરીત લક્ષણવાળો મોહ એ તૂટી જાય છે. આહાહા..! મધ્યસ્થથી સાંભળે ને કોઈ બે, ચાર, દિ' આઠ દિ' તો એને ખબર પડે કે આ શું કહે છે. બાપા! આ ઘરની વાત નથી બાપુ! આ વસ્તુનું સ્વરૂપ છે આ તો. આ સોનગઢ કલ્પનાથી કરે છે અને એના .. અરે! પ્રભુ શું કરે છે? બાપુ! કોઈ પૂછનાર નથી અત્યારે. આહાહા..!

મુમુક્ષુ :- એનો આત્મા પૂછનાર છે.

ઉત્તર :- એનો આત્મા એને બિચારાને ખબર નથી શું કરે? એની ખબર નથી. શું કરું છું?

ઓલી બાઈનું નથી આવતું. મોટી બાઈ હતી કોક. એના દેશ. એનું સાસરું હતું એના બીજા ઓલામાં. મોટી ગૃહસ્થ મોટી રાજાની રાણી હતી. પછી એને લોકોને એમ લાગ્યું કે આ દેશની વિરોધી છે. કારણ કે એનું પિયર બીજે એટલે વિરોધી નથી. પછી લોઢાના કટકા ભેગા કરી પાંચસો હજાર મણ. બેસાડી ઉપર. સળગાવ્યું. બહુ નામ આવે છે. ઈતિહાસમાં મોટી રાણી મોટી બાઈ હતી. એ એમ બોલે છેલ્લે. પ્રભુ! આ શું કરે છે? કોને કરે છે? પ્રભુ! એને માફ કરજે. એને ખબર નથી. હું તો આ દેશની છું છતાં આ દેશનો વિરોધી છે એમ કહીને આ લોઢાના ઓલા સળગાવે છે. મરી જાય છે બાઈ. આહાહા..! પ્રભુ! આ કોને કરે છે? શું કરે છે એની એને ખબર નથી. પ્રભુ એને ક્ષમા આપજે. આહાહા..!

અહીંયાં વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા કહે છે એ વાત છે. એની ખબર નથી. વ્યવહારથી એકલું થાય એમ કહે છે. વ્યવહારનો લોપ કરે છે. ઉઘાડે ચોકે વાત કરે છે. અહીં ઉઘાડે ચોકે વાત કરીએ છીએ. વ્યવહારથી નિશ્ચય બિલકુલ ત્રણકાળ ત્રણલોકમાં ન થાય. આહાહા..! અહીં શું કહે છે? વસ્તુનું સ્મરણ નિર્વિકલ્પ વસ્તુ છે તેના સ્મરણથી મોહ તૂટે છે. કે વ્યવહારથી તૂટે છે?

મુમુક્ષુ :- એ તો રાગ છે.

ઉત્તર :- વિપરીત છે. આહાહા..! એ તો કીધું નહિ? મોહ છે એ નિર્મોહ આત્મદ્રવ્યથી વિપરીત છે. આહાહા..! એ વિકલ્પ જે છે વ્યવહારનો પ્રભુ! એ તો રાગ છે અને પરસન્મુખની દશા છે,

એનાથી સ્વસન્મુખની દશા થાય, ભાઈ! આ તો બે ને બે ચાર જેવી સીધી વાત છે. પણ નહોતી ને આવી એટલે લોકોને સોનગઢની છે એ. એમ કહે છે લ્યો.

મુમુક્ષુ :- એકાંત છે.

ઉત્તર :- એકાંત છે. કાલે બહુ આવ્યું હતું. ઘણું આવ્યું હતું.

મુમુક્ષુ :- મખનલાલજીનું.

ઉત્તર :- મખનલાલજીનું. એમ કે મેં બહુ વાંચ્યું નથી એનું. ઓલા કરુણદીપમાં થોડું મખનલાલજીનું આવ્યું છે. છે એને બેઠું એ કરે બિચારા શું કરે ભાઈ!

અહીંયાં તો વ્યવહાર જે છે એ રાગ છે. અને એ રાગ આત્મદ્રવ્યથી ભિન્ન છે. અહીંયાં એમ કહ્યું ને? કે મોહ છે એ નિર્મોહ એવો જે આત્મદ્રવ્ય એનાથી ભિન્ન છે. એ મોહને તોડે છે. એનો અર્થ એ કે વ્યવહાર છે એ આત્મદ્રવ્યથી ભિન્ન છે. અને એ ભિન્ન છે તેનાથી વ્યવહાર તૂટે છે. વ્યવહારથી નિશ્ચય થાય છે એમ નહિ પણ એનાથી વ્યવહાર તૂટે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**त्रिभुवननाथा भवंति**' આહાહા..! '**शुद्धात्मतत्त्वकी भावनाके फल से...**' ભાષા દેખો. એમ કીધું છે. કોઈ વ્યવહારથી કરવાથી આમ થાય છે એને. '**शुद्धात्मतत्त्वकी भावना के फल से पूर्वे देवेंद्र चक्रवर्त्यादिकी महान विभूति पाकर...**' પહેલી મળે. આહાહા..! એમ કે આ પંચમકાળ છે ને એ અપેક્ષાએ બતાવે છે. આ ભવે અત્યારે મોક્ષ નથી એટલે એ શૈલીથી અહીંયાં વાત કરે છે વર્તમાનમાં. સમજાણું કાંઈ? જાણે અત્યારે કેવળ નથી. એમ. એ '**शुद्धात्मतत्त्वकी भावनाके फल से...**' પહેલે દેવેન્દ્ર થાય, ચક્રવર્તી થાય, તીર્થંકરાદિ થાય. '**महान विभूति पाकर चक्रवर्ती पदको छोडकर...**' આહાહા..! છન્નું હજાર સ્ત્રી પદમણી જેવી એ બળખો છોડે એમ છોડી દે છે. મારી વસ્તુ નથી, હું એમાં નથી. જ્યાં હું છું ત્યાં એ આનંદ છે, એ જ્યાં છે ત્યાં લક્ષ કરવું તે દુઃખ છે. આહાહા..! એ છોડી દેશે.

'**जिनदीक्षा ग्रहण करके केवलज्ञानको उत्पन्न कराके तीन भुवनके नाथ होते है,...**' લ્યો! ત્રણલોકનો નાથ સિદ્ધ ભગવાન એ થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૨૦૭

अथ परमात्मप्रकाशशब्दवाच्यो योऽसौ परमात्मा तदाराधकपुरुषलक्षणज्ञापनार्थं सूत्रत्रयेण व्याख्यानं करोति। तधथा–

३३८) जे भव-दुक्खहँ बीहिया पउ इच्छहिँ णिव्वाणु।
इह परमप्प-पयासयहँ ते पर जोग्ग वियाणु।।२०७।।

ये भवदुःखेभ्यः भीताः पदं इच्छन्ति निर्वाणम्।
इह परमात्मप्रकाशकस्य ते परं योग्या विजानीहि।।२०७।।

ते पर त एव जोग्ग वियाणु योग्या भवन्तीति विजानीहि। कस्य। इह परमप्प-पयासयहं व्यवहारेणास्य परमात्मप्रकाशाभिधानग्रन्थस्य, परमार्थेन तु परमात्मप्रकाशशब्द-वाच्यस्य निर्दोषिपरमात्मनः। ते के। जे बीहिया ये भीताः। केषाम्। भव-दुक्खहं रागादिविकल्परहितपरमाह्लादरुपशुद्धात्मभावनोत्थपारमार्थिकसुखविलक्षणानां नारकादिभवदुःखानाम्। पुनरपि किं कुर्वन्ति। जे इच्छहिं ये इच्छन्ति। किम्। पउ पदं स्थानम्। णिव्वाणु निर्वृतिगतपरमात्माधारभूतं निर्वाणशब्दवाच्यं मुक्तिस्थानमित्यभिप्रायः।।२०७।।

---

आगे परमात्मप्रकाश शब्दसे कहा गया जो प्रकाशरुप शुद्ध परमात्मा उसकी आराधनाके करनेवाले महापुरुषोंके लक्षण जाननेके लिये तीन दोहोंमें व्याख्यान करते हैं-

गाथा-२०७

अन्वयार्थः- [ते परं] वे ही महापुरुष [अस्य परमात्मप्रकाशकस्य] इस परमात्मप्रकाश ग्रंथके अभ्यास करनेके [योग्याः विजानीहि] योग्य जानो, [ये] जो [भवदुःखेभ्यः] चतुर्गतिरुप संसारके दुःखोंसे [भीताः] डर गये हैं, और [निर्वाणम् पदं] मोक्षपदको [इच्छंति] चाहते हैं।

भावार्थः- व्यवहारनयकर परमात्मप्रकाशनामा ग्रंथकी और निश्चयनयकर निर्दोष परमात्मतत्त्वकी भावनाके योग्य वे ही हैं, जो रागादि विकल्प रहित परम आनंदरुप शुद्धात्मतत्त्वकी भावनासे उत्पन्न हुए अतीन्द्रिय अविनश्वर सुखसे विपरीत जो नरकादि संसारके दुःख उनसे डर गये हैं, जिनको चतुर्गतिके भ्रमणका डर है, और जो सिद्धपरमेष्ठीके निवास मोक्षपदको चाहते हैं।।२०७।।

---

હવે, પરમાત્મપ્રકાશ શબ્દથી વાચ્ય એવો જે પરમાત્મા, તેના આરાધક પુરુષોનાં લક્ષણ જાણવા માટે ગાથાસૂત્રથી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણે :-

ભાવાર્થઃ- તેઓ જ વ્યવહારથી આ પરમાત્મપ્રકાશ નામના ગ્રંથને અને પરમાર્થથી પરમાત્મપ્રકાશ શબ્દથી વાચ્ય એવા નિર્દોષ પરમાત્માને યોગ્ય છે, એમ જાણો-કે જેઓ રાગાદિ વિકલ્પોથી રહિત પરમ આહ્‌લાદરૂપ શુદ્ધ આત્માની ભાવનાથી ઉત્પન્ન પારમાર્થિક સુખથી વિલક્ષણ નારકાદિ ભવદુઃખોથી ભયભીત છે અને જેઓ નિર્વૃતિગત (મોક્ષપ્રાપ્ત) પરમાત્માના આધારભૂત 'નિર્વાણ' શબ્દથી વાચ્ય એવા મુકતિસ્થાનને ઈચ્છે છે, એ અભિપ્રાય છે. ૨૦૭.

**વીર સંવત ૨૫૦૨, જેઠ સુદ ૨, ગુરુવાર**
**તા. ૧૯-૦૫-૧૯૭૭, ગાથા-૨૦૭-૨૦૮, પ્રવચન નં. ૨૪૨**

પરમાત્મપ્રકાશ. ૨૦૭ ગાથા. ૨૦૬ ગાથા થઈ ગઈ. **'આગે પરમાત્મપ્રકાશ શબ્દ સે કહા ગયા જો પ્રકાશરૂપ...'** પરમાત્મપ્રકાશ એનો અર્થ કર્યો. પરમાત્મપ્રકાશ શબ્દથી **'કહા ગયા જો પ્રકાશરૂપ શુદ્ધ પરમાત્મા...'** પ્રકાશ પરમાત્મા, પરમાત્મપ્રકાશ એમ. **'પ્રકાશરૂપ શુદ્ધ પરમાત્મા ઉસકી આરાધનાકે કરનેવાલે...'** એવો જે પ્રકાશરૂપ પરમાત્મતત્ત્વ આત્મા એની આરાધના, સેવા કરનાર **'મહાપુરુષોં કે લક્ષણ જાનને કે લિયે...'** જાણવા માટે **'તીન દોહોં મેં વ્યાખ્યાન કરતે હૈં–'** પરમાત્મપ્રકાશ સમજવાને લાયક કોણ છે? એની કેટલી લાયકાત હોય એ અહીં બતાવી છે. ૨૦૭.

૩૩૮) जे भव-दुक्खहँ बीहिया पउ इच्छहिँ णिव्वाणु।
इह परमप्प-पयासयहँ ते पर जोग्ग वियाणु।।२०७।।

**'વે હી મહાપુરુષ...' 'अस्य परमात्मप्रकाशकस्य' 'ઈસ પરમાત્મપ્રકાશ ગ્રંથકે અભ્યાસ કરનેકે યોગ્ય જાનો,...'** આહાહા..! કોણ? **'भवदुःखेभ्यः भीताः' 'ચતુર્ગતિરૂપ સંસાર કે દુઃખોં સે ડર ગયે હૈં,...'** આ એની શરત પહેલી છે. ચાર ગતિમાં રખડવા મનુષ્યપણું હો કે નરક હો કે પશુ હો કે દેવ હો. એ ચારેય ગતિ દુઃખ છે દુઃખ. એ દુઃખથી જેને ભય લાગ્યો છે. ચાર ગતિના દુઃખથી જેને ડર લાગ્યો છે. આહાહા..! આ એની શરત પહેલી. ચોર્યાસી લાખ ભવમાં ભ્રમણ કરવું એ મહાદુઃખ છે. એનો જેને ડર લાગ્યો છે. આહાહા..! એની ચતુર્ગતિરૂપ સંસારના દુઃખો. અહીં તો ચારેય ગતિને દુઃખ કીધું. દેવમાં સુખ છે, મનુષ્યપણામાં શેઠાઈમાં સુખ છે, રાજાપણામાં સુખ છે એમ કહ્યું નથી અહીં. આહાહા..! ચારેયગતિ દુઃખના ભાવથી ભરેલી છે. આહાહા..! કેમકે ભગવાનઆત્મા જ આનંદથી ભરેલો છે.

આ આત્મા છે એ અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. એનાથી વિરૂદ્ધ ચાર ગતિ દુઃખથી ભરેલી છે. આહાહા..! કંઈક ભવ કરીએ અને જગતનો ઉદ્ધાર થાય ને, ભવ કરીએ ને કંઈક જગતને સુખના સાધન આપીએ, સગવડતા દઈએ, ભલે ભવ કરવો પડે. આવો જેનો ભાવ છે તે તો મિથ્યાદૃષ્ટિ ભવથી ડર્યો નથી. આહાહા..! એવું ચાલે છે ને? કે ભલે એકાદ ભવ કરવો પડે પણ ભવ કરીને મનુષ્યોને સગવડતા સુખના સાધન આપીને સુખી કરીએ. એ ભવથી બીનો (ડર્યો) નથી. જે ભવ કરવાથી દુઃખ થાય છે એને ઠેકાણે ભવ કરવાથી સુખના સાધન બીજાને આપું એ દૃષ્ટિ જ વિપરીત છે, મિથ્યાત્વ છે. આહાહા..! એમ કે દુનિયાની અનુકૂળ માટે ભલે એકાદ ભવ અમારે કરવો પડે, કાંઈ વાંધો નથી. એવી જેને ભવના ભયનો ડર નથી. એને ભવ કરવામાં હોંશ છે. આહાહા..!

**'भवदुःखेभ्यः भीताः'** આહાહા..! હવે ત્યાંથી ડર્યા હવે ક્યા પદની ભાવના? **'निर्वाणम् पदं**

**इच्छंति**' ફક્ત જેને મોક્ષની જ ઇચ્છા છે. ચાર ગતિના ભયથી બી ને પરમપદ એવું જે મોક્ષપદ, પરમપદ જ એ છે. પાઠ એ છે ને? '**निर्वाणम् पदं**' પાઠમાં એ છે '**पउ इच्छहिँ णिव्वाणु**' નિર્વાણપદ તે જ ઉત્કૃષ્ટ પદ છે. આત્માને સંસારના ભાવોનું ઠરી જવું, શાંત થઈ જવું અને વીતરાગ પરમાનંદનું પ્રગટ થવું એ જ પરમપદ છે. આહાહા..! અહીં તો સર્વાર્થસિદ્ધના ભવને પરમપદ ન કીધું. દુઃખ કીધું દુઃખ. કષાય છે ને ત્યાં એ? ભલે એકાવતારી છે. પણ ત્યાં એ કષાય છે. ત્રણ કષાયનું દુઃખ છે અને મનુષ્યપણે અવતરશે ત્યાં પણ કષાય છે એને દુઃખ છે. આહાહા..!

એટલે જેને ભવભ્રમણથી જેને ત્રાસ છે. આહાહા..! આ તો દુનિયાના સુખની હોંશુ અને આમ થનગનાટ થઈ ગયો જેને. સંસારના સુખ માટે, શરીરના સ્ત્રીના, પૈસાના, આબરૂના, ભોગના, ખાવા, પીવાના, હરવા, ફરવાના, બાગ, બગીચાના. આહાહા..! જેને એ હરખ અને હોંશ છે એ ભવથી ડર્યા નથી. એ ભવથી ભ્રમણથી ડર્યા નથી. આહાહા..! એને ચાર ગતિમાં અનુકૂળતા હો કે પ્રતિકૂળતા હો બધા કષાયનો ભાવ દુઃખ છે. એનાથી ડર પામીને પદને નિર્વાણને ઇચ્છે છે, તદ્દન શાંત... શાંત... શાંત... વીતરાગી શાંતિ, વીતરાગી અતીન્દ્રિય આનંદ, એવું જે નિર્વાણપદને ઇચ્છે તે મોક્ષશાસ્ત્રને પરમાત્મપ્રકાશને લાયક છે. આહાહા..! છે ને? '**મોક્ષપદ કો ચાહતે હૈં.**'

'**ભાવાર્થ :- વ્યવહારનયકર પરમાત્મપ્રકાશનામા ગ્રંથ...**' આનો અભ્યાસ વ્યવહારથી. એ વિકલ્પ છે. સાર, પરમાત્મપ્રકાશનો અભ્યાસ સાંભળવું, વાંચવું, એનું વિચારવું એ બધો વિકલ્પ છે. વ્યવહારનયથી પણ. આહાહા..! '**પરમાત્મપ્રકાશનામા ગ્રંથકો ઔર નિશ્ચયનયકર નિર્દોષ પરમાત્મતત્ત્વકી ભાવના કે યોગ્ય...**' નિશ્ચયથી પરમાત્મતત્ત્વને નિર્દોષ પરમાત્મતત્ત્વને. ચાર ગતિ સદોષ છે. આહાહા..! અહીં તો એમ પણ કહ્યું કે તીર્થંકર પ્રકૃતિ બાંધીને તીર્થંકર થવું, (શ્રોતા :- એ અપરાધ છે) આહાહા..! એમ કે તીર્થંકર થશે તો મોક્ષ થશે ને. પણ તીર્થંકરનો ભવ છે એ રાગવાળો, કષાયવાળો, દુઃખવાળો છે. આહાહા..! જેને ચાર ગતિના ભવથી ડર લાગ્યો છે.

૨૦૭ ગાથા છે. એનો ભાવાર્થ ચાલે છે. ૨૦૭ ગાથા એનો ભાવાર્થ. આ પુસ્તકનું નામ પરમાત્મપ્રકાશ છે. ભાવાર્થ-ભાવાર્થ નીચે. '**વ્યવહારનયકર પરમાત્મપ્રકાશનામા ગ્રંથકો...**' લાયકાતવાળા કોણ છે? આને સાંભળવાને લાયકાતવાળા. આહાહા..! '**ઔર નિશ્ચનયકર નિર્દોષ પરમાત્મતત્ત્વકી ભાવના...**' આ આત્મા છે વસ્તુ અંદર એ નિર્દોષ આનંદકંદ છે. ૨૦૭નો ભાવાર્થ. છે કે નહિ બલુભાઈ? એ છે ને. ભાવના પરમાત્મતત્ત્વ એવું જે આ ભગવાનઆત્મા. આહાહા..! જેમાં પુણ્ય અને પાપના વિકલ્પો જે છે એ વિકાર અને દોષ છે. શુભ અને અશુભભાવ, આ રળવાનો, ભોગનો, વિષયનો, ધંધાનો, નોકરીનો એ ભાવ પાપ છે તદ્દન. અને દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો ભાવ એ પુણ્ય છે. બેય દોષરૂપ છે. આહાહા..! બેય દુઃખરૂપ છે.

મુમુક્ષુ :- દુઃખરૂપ છે પુણ્ય?

ઉત્તર :- દોષ કહો કે દુઃખ કહો બધું એક જ છે. આ અબજોપતિ ને કરોડોપતિ બિચારા ભિખારી દુઃખી છે. કેમકે એની તૃષ્ણા, પર ઉપર જાય છે. આ લાવો, આ લાવો, જે એ એમાં નથી,

એ ચીજને લાવો લાવોમાં તૃષ્ણા છે એ તૃષ્ણા મહાદુઃખ છે. આહાહા..! મહાપાપ છે, મહા દુઃખ છે અને મહા પરિભ્રમણનું કારણ છે. ચોર્યાસીના અવતારમાં અવતરવા કાગડા, કૂતરામાં એના એ બધા ભાવ છે. બલુભાઈ! આ બધા પૈસાવાળાને સુખી કહે આ ગાંડા માણસો. ગાંડા સમજ્યા ને આ બધા પાગલ છે. પાગલ બધા હોય ને. બે-પાંચ કરોડ રૂપિયા હોય ને દસ કરોડ હોય ને તો સુખી છે, સુખી છે, ધૂળમાંય નથી સાંભળને.

મુમુક્ષુ :- બે-પાંચ લાખ તો...

ઉત્તર :- આ તો બે-પાંચ કરોડ કીધા. આ અત્યારે કરોડોપતિ ઘણા છે ને. પાંચ, દસ કરોડ એવા રૂપિયા તો ઘણા પાસે છે અત્યારે. ૨૫-૨૫ કરોડ રૂપિયાવાળા છે. આપણા વાણિયામાં છે.

મુમુક્ષુ :- બધાને સુખ મળે કે નહિ?

ઉત્તર :- દુઃખ છે કીધું ને પાપી છે મોટો? આહાહા..! જેને આત્મા આનંદનો નાથ પ્રભુ છે અંદર, સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરદેવ અતીન્દ્રિય આનંદની ખાણ તો આ આત્મા છે. એની સન્મુખતા અને એની જેને રુચિ નથી એને પરસન્મુખતા અને પરની રુચિ બધા પ્રાણી દુઃખી છે. આહાહા..! સમજાણું કાંઈ? વાત આવી છે. દુનિયાથી જુદી જાત છે. ભાઈ! દુનિયા તો આ પાગલો બધા ભેગા થયેલા હોય તો પાગલના વખાણ કરે. બે-પાંચ દસ કરોડ ભેગા થયા હોય અને પાછો ખરચતો હોય બે-પાંચ લાખ. દસ લાખ, વીસ લાખ, કરોડ આપી દે તોપણ ધર્મ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે આ ગ્રંથને અને આ શાસ્ત્રના ભાવને લાયક કોણ? કે એક તો નિર્દોષ પરમાત્મા પોતે સ્વરૂપ છે જેનું અંદર. આહાહા..! આ આત્મા નિર્દોષ પરમાત્મસ્વરૂપ જ એનું છે. જો એનું સ્વરૂપ નિર્દોષ પરમાત્મા ન હોય તો મોક્ષ થતાં જે પરમાત્મ નિર્દોષ દશા થાય છે એ ક્યાંથી આવશે? કાંઈ બહારથી આવવાની છે? અંદરમાં આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ ચિદાનંદ, સત્ છે ચિદ્ નામ જ્ઞાન અને આનંદ નામ અતીન્દ્રિય સુખ એનો એ સાગર છે પ્રભુ. ક્યાં ભાન છે અહીં બહારથી ફાંફા મારે મારો. મૂર્ખ થઈને. અહીં સુખ છે, અહીં સુખ છે, અહીં સુખ છે. બાયડીમાં સુખ છે, પૈસામાં સુખ છે, મકાન મોટા, બે-પાંચ પચાસ લાખના મકાન હોય હજીરો. હજીરો સમજાય છે? ઓલા વ્હોરા મરે એને હજીરામાં દાટે છે. આ મુલ્લા મુલ્લા નથી? જામનગર બહુ છે હજીરા બહાર નદીને કાંઠે.

મુમુક્ષુ :- જામનગરમાં હજીરો છે.

ઉત્તર :- એ હજીરા છે મોટા બહાર. નદીને કાંઠે. અમે ગયા હતા. અમે તો દિશાએ જઈએ ને તો. હજીરા ત્યાં એમ દાટે. એમ આ હજીરામાં દટાઈ ગયેલા પડ્યા છે મોટા. પૈસા ને આબરૂ ને કીર્તિ ને ધૂળની. આનંદના નાથને અંદર શું છે એની સામું જોતો નથી. સચ્ચિદાનંદ પ્રભુ છે ભગવાનઆત્મા, એ અતીન્દ્રિય આનંદનો ભંડાર, અતીન્દ્રિય આનંદ જે પરમાત્મ મોક્ષમાં થાય છે એ ક્યાંથી આવે છે? એ અંદરમાં છે. બાપુ એને ખબર નથી. ધર્મને બહાને પણ એ દયા ને દાન ને વ્રત ને તપ ને

ભક્તિ કરે માને કે ધર્મ છે. એ ધર્મ નથી. એ રાગ છે, પુણ્ય છે, વિકાર છે, દુઃખ છે. આહાહા..! એનાથી રહિત ભગવાનઆત્મા અંદર સદોષતાના ભાવથી રહિત છે. એ સદોષ ભાવ છે પુણ્ય અને પાપ બેય. આહાહા..!

'**નિર્દોષ પરમાત્મતત્ત્વકી ભાવનાકે...**' છે? શું કહે છે એમાં? આ તો ટૂંકા શબ્દોમાં ગંભીરતા ભરી છે બહુ. છે? '**નિશ્ચયનયકર...**' એટલે સાચી દૃષ્ટિથી જોઈએ તો, નિશ્ચય નામ સત્યદૃષ્ટિથી જોઈએ તો. '**નિર્દોષ પરમાત્મતત્ત્વ...**' જે આ નિર્દોષ પરમાત્મસ્વરૂપ અંદર છે તે. એની '**ભાવના કે યોગ્ય વે હી હૈં,...**' એની ભાવના એટલે? એ ચૈતન્ય ભગવાનની સન્મુખ થઈને રાગાદિ બાહ્યના ક્રિયાકાંડના વિકારથી વિમુખ થઈને સ્વભાવનો સાગર ભગવાન છે તેની સન્મુખ થવું તે તેની ભાવના કહેવામાં આવે છે. આહાહા..! આ પરમાત્મતત્ત્વ છે એ ભાવ છે, વસ્તુ. એ ટૂંકા શબ્દોમાં કથા નથી, આ કથા નથી આ તો અધ્યાત્મ છે. પરમાત્માની વાત છે આ તો. નિર્દોષ પરમાત્મતત્ત્વ, એ વસ્તુ આત્મા ત્રિકાળી. એની ભાવના. એની એકાગ્રતા, એની સન્મુખની લીનતા '**યોગ્ય વે હી હૈં,...**' એને લાયક એ જીવ છે કે '**જો રાગાદિ વિકલ્પ રહિત પરમ આનંદરૂપ શુદ્ધાત્મતત્ત્વ...**' દેખો! કેવો છે ભગવાનઆત્મા અંદર? રાગ નામ પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત. આહાહા..! શુભ-અશુભ ભાવના વિકલ્પ નામ રાગથી રહિત પરમ આનંદરૂપ છે. કોણ? પ્રભુ આ આત્મા. આહાહા..!

મુમુક્ષુ :- પ્રભુ આત્મા કે ભગવાનઆત્મા?

ઉત્તર :- ભગવાનઆત્મા તો થઈ ગયા. એ નમો અરિહંતાણં, નમો સિદ્ધાણંમાં ગયા. આ તો નમો અરિહંતાણં આ થવાને લાયક આ આત્મા કેવો છે એની વાત ચાલે છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે એ રાગાદિ વિકલ્પરહિત પ્રભુ છે અંદર. એ તો જો એનામાં રાગસહિત હોય તો રાગ ટળીને કોઈ દિ' પરમાત્મદશા મોક્ષ થાય નહિ. આહાહા..! તો જેટલા ભાવો દયા, દાન, વ્રત, તપના છે એ બધાય રાગ છે. એને દુનિયા અત્યારે ધર્મ માને છે. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ રાગાદિ એ પાપ છે. અને દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, શાસ્ત્ર શ્રવણ, શાસ્ત્ર કથન કરવા વગેરે ભાવ પુણ્ય છે એ પણ બંધન છે. આહાહા..! એ સદોષદશા છે. એ સદોષદશારહિત અંદર પરમાત્મા પોતે આત્મા તે નિર્દોષ પરમાત્મતત્ત્વ છે. આહાહા..!

એ '**પરમ આનંદરૂપ...**' એ પરમ અતીન્દ્રિય આનંદરૂપ છે. કેમ બેસે? આહાહા..! અહીં જરી પાંચ હજાર પેદા થાય જ્યાં દિવસના. કરો આજે લાપસી પેદા થયા છે પાંચ હજાર. બલુભાઈ! શું છે? પાંચ હજાર પેદા થયા અડધા કલાકના. ધૂળમાં શું થયું પણ તને? થયું શું આ? કહે છે પરમ આનંદરૂપ તો અહીં છે આ. આહાહા..! દેખાતો નથી તે દેખાય છે. દેખાતો નથી એમ કોણ જાણે છે? લોજિકથી ન્યાય સમજવો પડશે ને. દેખાતો નથી તે જ દેખાતો નથી એમ જાણે છે. દેખાતો નથી તે જાણે છે કે દેખાવ છું. આહાહા..! કોઈ દિ' પણ ક્યાં નવરાશ ન મળે ને આ પાપ આડે

દુનિયાની. આહાહા..! હવે વળી નવરા થયા નહિતર મોટા લાકડામાં ગરી ગયા નહોતા? દવાનું મોટું ૭૦ લાખનું દવાખાનું. ૭૦ લાખ એમાં. પૈસા બીજા કોકના હશે અને પોતાના થોડા હશે. સલવાઈ ગયા હતા એમાં. આહાહા..!

અહીં કહે છે કે ત્રણલોકનો નાથ આ અંદર બિરાજે છે, પ્રભુ તને ખબર નથી. આહાહા..! એ નિર્દોષ પરમાત્મતત્ત્વ એ તત્ત્વની અંદરમાં તો પુણ્ય અને પાપના વિકલ્પો પણ જેમાં નથી. કારણ કે એ પુણ્ય અને પાપ એ નવતત્ત્વમાં તો પુણ્ય અને પાપનું તત્ત્વ જુદું છે અને ભગવાનઆત્મા તો એનાથી રહિત જ્ઞાયકતત્ત્વ, પરમાત્મતત્ત્વ ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા નિર્દોષ પરમાત્મતત્ત્વ એ પરમ આનંદરૂપ શુદ્ધાત્મતત્ત્વ. આહાહા..! એ તો પરમ આનંદ અતીન્દ્રિય આનંદ, આ ધૂળના આનંદ જે માન્યા છે એ તો દુઃખ છે અને મૂઢ થઈને માન્યો છે મારો. સમજાણું કાંઈ? સનેપાતીયો દાંત કાઢે છે એ દુઃખની દશા વધી ગઈ છે એટલે દાંત કાઢે છે. સનેપાતીયો નથી થાતો આ? વાત, પિત્ત અને કફનું વકરી જવું. વાત, પિત્ત અને કફનું ત્રણનું વકરી જવું. વધી જવું એનું નામ સનેપાત. ત્રણનો મેળાપ થઈ જવો. એમાં પાગલ થઈ જાય પછી દાંત કાઢે. સુખી છે? દુઃખી છે. એમ આ બાયડી, છોકરા ને પૈસા બધા મળે ત્યાં સુખી અમે. સનેપાતીયાના દાંત જેવું છે. પાગલ થઈ ગયો છે પાગલ મારો. આહાહા..! વસંતભાઈ! અહીં તો વાત આવી છે. આહાહા..!

મુમુક્ષુ :- અહીં તો વાત આવી છે.

ઉત્તર :- હા, એટલે કે દુનિયાની વાતમાં અત્યારે તો ફેરફાર બહુ થઈ ગયો છે. ધર્મને નામે પણ ભગવાનની ભક્તિ ને દયા, દાન, નામસ્મરણ, સ્મરણ કરવું એ બધું ધર્મ મનાવે છે. એ ધર્મ નથી. એ વિકલ્પની વૃત્તિનું ઉત્થાન છે. રાગ ઉઠે છે એ. આહાહા..! સમજાણું કાંઈ? પાપથી બચવા માટે એવો ભાવ હો, પણ એ ધર્મ નથી. આહાહા..! ધર્મ તો આ નિર્દોષ પરમાનંદરૂપ શુદ્ધાત્મતત્ત્વ, એની ભાવના. આહાહા..! દેહ, હાડકા, ચામડા છે આ જુદા. અંદર કર્મ છે પરમાણુ માટી, પુણ્ય અને પાપના રજકણો કે જે પુણ્યનું ફળ આવતા ધૂળ દેખાય, પૈસા દેખાય ધૂળ એટલે, અને પાપનું ફળ આવતા નિર્ધનતા દેખાય, એ બધા પુણ્ય-પાપના રજકણો પૂર્વે કરેલા, બાંધેલા પડ્યા છે. એ બધા જડ છે. આ શરીર જડ, માટી, ધૂળ છે આ. એમ એ કર્મ માટી સૂક્ષ્મ જડ છે. અને અંદર પુણ્ય અને પાપના ભાવ થાય એ અરૂપી જડ છે. અચેતન છે એ. એનાથી ભિન્ન ભગવાન શુદ્ધાત્મ ચૈતન્યસ્વરૂપ, ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર એવો જે ભગવાન પરમાત્મતત્ત્વ એ પરમ આનંદરૂપ છે. આહાહા..! ક્યાંથી સાંભળે નહિ એને બિચારાને બેસે ક્યારે? અને રખડતો રહે ક્યારે? એ રખડતા રામ. ચાર ગતિમાં કીડા ને કાગડા ને કૂતરા ને મરી મરીને અવતાર. આહાહા..! ઘણા મધ્યમ વાતના જીવો માંસ ને દારૂ તો ખાતા ન હોય બિચારા, તેમ ધર્મ હોય નહિ, તેમ પુણ્ય પણ હોય નહિ, બે-ચાર કલાક સાંભળવું દરરોજ કે આ વિચારવું એ પુણ્ય છે. એ હોય નહિ. એ મરીને ઢોરની ગતિ છે એક, એ લોકોની. આહાહા..!

આ પરમાનંદ તત્ત્વ ભગવાનઆત્મા અંદર છે એની ભાવના. છે? એની ભાવના એટલે

અંદરની એકાગ્રતાથી ઉત્પન્ન થયું. અતીન્દ્રિય અવિનશ્વર સુખ. આહાહા..! અતીન્દ્રિય અવિનશ્વર સુખ. આહાહા..! અહીં તો હજી વિપરીત લેશે પાછું. આહાહા..! ભગવાન અંદર પરમાનંદસ્વરૂપ, અતીન્દ્રિય પરમાત્મતત્ત્વ, એની ભાવનાથી એટલે એકાગ્રતાથી ઉત્પન્ન થયેલ. છે? અતીન્દ્રિય અવિનશ્વર, અતીન્દ્રિય આનંદ જેને ઉત્પન્ન થાય એને અવિનશ્વર એ આનંદ નાશ ન થાય. એ સુખ જે આત્માનું એનાથી વિપરીત નરક મનુષ્યની ગતિ, ચાર ગતિ. નરક આદિ છે ને? એ નરક ગતિ છે નીચે. મોટા માંસ, દારૂ ખાય છે, માછલીઓ ખાય આ મોટા મીલના માલિકો અબજોપતિ એ મોટા ધંધા એ બધા પાર્લામેન્ટ ભરાય ત્યાં નરકમાં. એ બધા નરકમાં જનારા નીચે, પાપી. આહાહા..! માંસ ખાય, માછલા ખાય. મોટા ધંધા હોય એવા બધા પાણીના હોજ બધા ભર્યા હોય ઊના, મોટા મીલમાં મીંદડા પડે, કાગડા પડે મરે. આહાહા..! આવા પાપીઓ મરીને નરકમાં જાય. આહાહા..!

બીજું નરક આદિ છે ને? પછી પશુ. આદિમાં પશુ લેવા. ગાય, ભેંસ, નોળ, કોળ. એણે શું કરેલું હોય? પશુ થાય એ? આડોડાઈ બહુ કરી હોય. આ માંસ, દારૂ આદિ ખાય એ મરીને નરકે જાય અને આ પશુ કોણ થાય ઢોર? ખીસકોલી, ગાય, ભેંસ આમ આડા છે ને? આ માણસ આમ છે અને ગાય, ભેંસ, ઘોડા, ખિસકોલી, નોળ, કોળ આમ આડા છે. પૂર્વે આડોડાઈ બહુ કરેલી તિર્યંચમાં જવાની. માયા, કપટ, કપીલ, દંભ, જેના કાળજા હાથ ન આવે એવા ઊંડા માયા કરનારા, કપટ કરનારા એ બધા મરીને ઢોર થવાના. આડોડાઈ કરી એટલે શરીર પણ જેના આડા થઈ ગયા છે આમ. સમજાણું કાંઈ? એ બીજી ગતિ કીધી. નરક આદિ છે ને. નરક પછી તિર્યંચ એ બે. પછી મનુષ્ય. આ મનુષ્ય થાય છે. એ કાંઈ રાગની મંદતા કે હોય છે તો મનુષ્ય થાય છે. પણ છે બધું દુઃખ. અને આદિમાં એક દેવ પાછો લેવો ચોથો. ચાર ગતિ છે. નરકની, પશુની, મનુષ્યની અને દેવની. કોઈ પુણ્યાદિ કર્યા હોય તો સ્વર્ગમાં જાય, પણ એ બધા બિચારા દુઃખી છે ત્યાં. દેવના ભવમાં પણ રાગના લોભિયા દુઃખી છે એ. આહાહા..! દુનિયાથી બીજી ચીજ છે. આહાહા..!

'**નરકાદિ સંસાર કે દુઃખ...**' છે? એ ચારેય ગતિ દુઃખરૂપ છે. શેઠિયાઓ જે કહેવાય કરોડોપતિ, અબજોપતિ એ બિચારા દુઃખી છે, વિકારમાં દુઃખી છે. કષાયથી બળ્યા છે. ભાન ન મળે એને. આહાહા..! અને ચૂડામાં એ કંદોઈ ગાંઠિયા કરતો હશે. કુંવરજીભાઈએ કહ્યું. અમારે અહીંયાં આવતા આપણે. આવતા અહીં. પ્રેમી હતા. ગુજરી ગયા. તેલનું કડાયું ગાંઠિયા કે કાંઈક ભજીયા કરતા હશે. એનો ધુવાડો લાગ્યો એટલો બધો. ઉપર એક સર્પ જાતો હતો. એ સર્પ પડ્યો એમાં અડધો, અડધો પડ્યો એમાં, અડધો રહી ગયો બહાર. આ તો વાણિયા બિચારા. જૈન તરીકે. મૂળ તો શ્વેતાંબર છે. અહીં આવતા. એને ઓલા તાવેથો હોય ને તાવેથો? એને ઓલો અડધો પડ્યો આ, અડધો બહાર કાઢ્યો આમ બહાર. બહાર કાઢ્યો એવો ચુલમાં ગરી ગયો. એ જાણે કે અહીં બળતરા ઘણી ને એટલે બળતરાથી મૂકાવાનો કયો રસ્તો એ કાંઈ ખબર ન મળે એટલે બહુ બળ્યો એટલે એ જેવો બહાર કાઢ્યો એવો ચૂલમાં ગરી ગયો. બળીને રાખ.

એમ આ અજ્ઞાનીઓ સુખને ઇચ્છે છે, પણ દુઃખરૂપી અગ્નિમાં શેકાઈ જાય છે અંદર. આહાહા..! ભાન નથી એને. અડધા બળ્યા, અડધું બળ્યું સુખી કરવા એ જે છે ત્યાં જાય છે અગ્નિમાં પેસીને. આહાહા..! ઊંડો ઊંડો જાય છે દુઃખમાં અરેરે! આહાહા..! એ ક્રોધ, માન, માયા, લોભ, ક્રોધ ને માન ને દ્વેષ કહીએ અને કપટ ને લોભને રાગ કહીએ, રાગ અને દ્વેષના એ ચાર ભાગ છે. ક્રોધ, માન, માયા, લોભ. એ ચારમાં બળ્યા ગળ્યા છે જીવો જગતના. આહાહા..!

એ '**સંસાર કે દુઃખ ઉનસે ડર ગયે હૈં,...**' આહાહા..! જેને એ ચાર ગતિના દુઃખનો ડર લાગ્યો છે એ આ ધર્મને સાંભળવાને લાયક છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! સંસારના દુઃખનો ડર લાગ્યો છે એને. આહાહા..! પણ દુઃખ ભાસે ત્યારે ને? મઝા દેખાય ત્યાં. આહાહા..! મેસુબ ઉગતા હોય, અળવીના પાનના પતરવેલિયા ઘીમાં તળેલા ઉડે, એમાં રસગુલ્લા હોય, આહાહા..! જાણે અમે મજા કરીએ છીએ. કષાયની અગ્નિમાં જેમ ઓલો ગરી ગયો ને સર્પ? એમ કષાયની અગ્નિમાં ગરી જાય છે ઊંડો. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનવરદેવ આમ હુકમ કરે છે. જગતના પ્રાણીઓ ચાર ગતિમાં દુઃખમાં ઊંડા ઉતરી ગયા છે. એ આ પરમાત્મપ્રકાશ ... આહાહા..!

જેને ભવ કરવાના ભાવ છે, આહાહા..! એટલે કે જેને ડર જ નથી ભવનો કે, અરે! હું ક્યાં જઈશ? હું તો અનાદિ અનંત આત્મા છું. દેહ તો છૂટીને રાખ થાશે. કાંઈ હું નાશ થાય નહિ થાવ ભેગો. તો મારુ રહેવું ક્યાં થશે? આહાહા..! એમ જેને ચાર ગતિના પરિભ્રમણનો ડર લાગ્યો છે. આહાહા..! એ શેઠનો અને રાજાનો દેવનો ભવ કરવો એનો પણ ડર લાગ્યો છે એમ કહે છે. આહાહા..!

'**જિનકો ચતુર્ગતિ કે ભ્રમણ કા ડર હૈ,...**' એ ચાર ગતિમાં રખડવાનો ડર છે, અરે! હું ક્યાં જઈશ? આત્મા તો અનાદિ-અનંત છે. દેહની સ્થિતિ પૂરી થશે ત્યાં આત્માની સ્થિતિ પૂરી થશે? આની ૫૦, ૬૦, ૭૦, ૮૦, ૯૦, ૧૦૦ આની સ્થિતિ દેહની છે એ તો. એ પૂરી થાય એટલે ઓલો આત્મા કાંઈ એની સાથે ભેગો પૂરો થાય એવું છે? એ તો અનાદિ-અનંત નિત્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં જુવાન શરીર હોય, ૨૫, ૩૦, ૪૦ વર્ષનું. એમાં પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ રૂપિયા હોય, બાયડી સારી હોય, છોકરા આઠ-દસ હોય અને એક એક છોકરો હુશિયાર બબ્બે લાખની પેદાશવાળો થયો હોય. મહિને. જુઓ હું પહોળો અને શેરી સાંકડી થઈ જાય. આપણે જાણે વધી ગયા બધાથી. શેમાં? રખડવામાં. આહાહા..!

અત્યારે તો કોઈ નથી લાગતું બહુ. આપણે કરોડપતિ તો ઘણા બેઠા જ હોય, અત્યારે નથી કોઈ. આહાહા..! આવો જેને ડર છે એ '**ઔર જો સિદ્ધપરમેષ્ઠીકે નિવાસ મોક્ષપદકો ચાહતે હૈં.**' આહાહા..! એક જ વાત મારી દશા પરમાનંદરૂપી મોક્ષદશા એ મારે જોઈએ છે. અને સંસારના ચાર ભવનો, ચાર ગતિનો ડર છે તે આ પરમાત્મપ્રકાશ સાંભળવાને અને અંતરમાં ઉતરવાને એ લાયક છે. સમજાણું કાંઈ? એ ૨૦૭ થઈ.

ગાથા-૨૦૮

अथ-

३३९) जे परमप्पहँ भत्तियर विसय ण जे वि रमंति।
ते परमप्प-पयासयहँ मुणिवर जोग्ग हवंति।।२०८।।
ये परमात्मनो भक्तिपराः विषयान् न येऽपि रमन्ते।
ते परमात्मप्रकाशकस्य मुनिवरा योग्या भवन्ति।।२०८।।

हवंति भवन्ति जोग्ग योग्याः। के ते मुणिवर मुनिप्रधानाः। के। ते ते पूर्वोक्ताः। कस्य योग्या भवन्ति। परमप्प-पयासयहं व्यवहारेण परमात्मप्रकाशसंज्ञग्रन्थस्य परमार्थेन तु परमात्मप्रकाशशब्दवाच्यस्य शुद्धात्मस्वभावस्य। कथंभूतो ये। जे परमप्पहं भत्तियर ये परमात्मनो भक्तिपराः। पुनरपि किं कुर्वन्ति ये। विसय ण जे वि रमंति निर्विषयपरमात्मतत्त्वानुभूतिसमुत्पन्नातीन्द्रियपरमानन्दसुखरसास्वादतृप्ताः सन्तः सुलभान्मनोहरानपि विषयान्न रमन्त इत्यभिप्रायः।।२०८।।

---

आगे फिर भी उन्हीं पुरुषोंकी महिमा कहते हैं-

गाथा-२०८

अन्वयार्थः- [ये] जो [परमात्मनः भक्तिपराः] परमात्माकी भक्ति करनेवाले [ये] जो मुनि [विषयान् न अपि रमंते] विषयकषायोंमें नहीं रमते हैं, [ते मुनिवराः] वे ही मुनिश्वर [परमात्मप्रकाशस्य योग्याः ] परमात्मप्रकाशके अभ्यासके योग्य [भवंति] हैं।

भावार्थः- व्यवहारनयकर परमात्मप्रकाश नामका ग्रंथ जो निश्चयनयकर निजशुद्धात्मस्वरुप परमात्मा उसकी भक्तिमें जो तत्पर हैं, वे विषय रहित जो परमात्मतत्त्वकी अनुभूति उससे उपार्जन किया जो अतीन्द्रिय परमानंदसुख उसके रसके आस्वादसे तृप्त हुए विषयोंमें नहीं रमते हैं। जिनको मनोहर विषय आकर प्राप्त हुए हैं, तो भी वे उनमें नहीं रमते।।२०८।।

---

વળી, ફરી તે પુરુષોનો મહિમા કહે છે :-

ભાવાર્થઃ- તે પૂર્વોક્ત મુનિવરો વ્યવહારથી પરમાત્મપ્રકાશ નામના ગ્રંથને અને પરમાત્મપ્રકાશ શબ્દથી વાચ્ય શુદ્ધ આત્મસ્વભાવને યોગ્ય છે-કે જેઓ પરમાત્માની ભક્તિમાં પરાયણ હોય અને નિર્વિષય પરમાત્મતત્ત્વની અનુભૂતિથી ઉત્પન્ન અતીન્દ્રિય પરમાનંદમય સુખરસના આસ્વાદથી તૃપ્ત થઈને સુલભ અને મનોહર એવા વિષયોમાં પણ રમતા ન હોય, એ અભિપ્રાય છે. ૨૦૮.

## ગાથા-૨૦૮ ઉપર પ્રવચન

૨૦૮.

'આગે ફિર ભી ઉન્હીં પુરુષોંકી મહિમા કહતે હૈં-' ૨૦૮.

३३९) जे परमप्पहँ भत्तियर विसय ण जे वि रमंति।
तो परमप्प-पयासयहँ मुणिवर जोग्ग हवंति।।२०८।।

આહાહા..! **'જો પરમાત્માકી ભક્તિ કરનેવાલે જો મુનિ...'** મુખ્યપણું મુનિનું લીધું છે ને વિશેષ તો? પરમાત્માની ભક્તિ એટલે? આ પરમાત્મા પોતે જ છે તેમાં લીનતા થવી તે ભક્તિ છે. બહારમાં ભગવાનની મૂર્તિ અને ભગવાનની ભક્તિ એ શુભભાવ પુણ્ય છે. આહાહા..! હોય છે, પાપથી બચવા માટે. ૨૬ લાખનું તો મકાન છે આ આરસપહાણનું. ૨૬ લાખ. એ બધો ભક્તિનો ભાવ હોય છે શુભ પુણ્ય છે. એનાથી ધર્મ થાય અને જન્મ-મરણ મટે એ ચીજ નહિ.

મુમુક્ષુ :- આપ તો એમ કહો છો કે તે બેકાર છે.

ઉત્તર :- એ નકામું એટલે અશુભથી બચવામાં નિમિત્ત છે. નિમિત્ત, તે કરે શુભભાવ તો. એનાથી શુભભાવ થાય તે નહિ. સિદ્ધાંતો બહુ આકરા છે બાપા. કારણ કે એના ઉપર તો ચકલી-ચકલા પણ બેસે. જો એનાથી ભાવ સારો થતો હોય ત્યાં તો ચકલા-ચકલી ઇયળું ખાઈને બેસે ભગવાનની માથે તો. જે કાંઈ શુભભાવ પુણ્ય કરે એને અહીંયાં નિમિત્ત કહેવામાં આવે. પાપથી બચવા હો. પણ એ ધર્મ છે કે જન્મ-મરણ મટાડશે, એ ભવ ઘટાડશે એ વાતમાં કાંઈ માલ નથી. આહાહા..! કહો, માણેકલાલજી! આવું છે સ્વરૂપ. આહાહા..!

**'જો પરમાત્માકી ભક્તિ કરનેવાલે મુનિ...'** ભક્તિનો અર્થ આ હોં. પરમેશ્વર વીતરાગની ભક્તિ છે એ તો શુભભાવ છે. આહાહા..! આની ભક્તિ અંદરમાં પરમાત્મસ્વરૂપની. નિયમસારમાં આવે છે ને. શ્રાવક ને મુનિ ત્રણે ભક્તિ આત્માની કરે છે. નિયમસારમાં આવે છે. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માની એ જ ભક્તિ. પૂર્ણાનંદનો નાથ ભગવાનઆત્મા એને પૂર્ણ સ્વરૂપે જેમ છે તેમ તેને સ્વીકારીને તેનું જ્ઞાન કરીને, તેમાં પ્રતીત કરવી અને તેમાં રમણતા કરવી એ આત્માની ભક્તિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા કહો કે આ પરમાત્મા કહો. આહાહા..!

**'જો પરમાત્માકી ભક્તિ કરનેવાલે મુનિ...'** 'विषयान् न अपि रमंते' **'વિષયકષાયોં મેં નહીં રમતે હૈં,...'** આહાહા..! એક તો ધર્મ પામતા સમ્યગ્દષ્ટિ જીવ થાય શરૂઆતનો, એ પણ પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ એની ઊડી જાય. પણ અસ્થિરતાની બુદ્ધિ એને હોય આસક્તિની. શું કહ્યું? કે આ આત્મા શુદ્ધચૈતન્યઘન આનંદકંદ છે. સર્વજ્ઞ જિનેશ્વર, પરમેશ્વરે જે આત્મા કહ્યો, બીજાઓએ આત્મા જાણ્યો નથી અને કહ્યો છે એ બધો ખોટો. પરમેશ્વર કેવળજ્ઞાની જિનેશ્વરદેવે જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોક જોયા, એણે જે આત્મા અંદર જોયો, પવિત્ર

આનંદકંદ છે. આહાહા..! એવા આત્માની અંદર જે ભક્તિ કરે છે. આહાહા..! એને પાંચ ઈન્દ્રિયના વિષયો સમકિતરૂપી ભક્તિ કરે, તો એને પાંચ ઈન્દ્રિયના વિષયમાં ઈન્દ્રના ભોગ હોય તોપણ તેને સડેલા કૂતરા જેવા લાગે. ધર્મી જીવની શરૂઆતવાળો, જેને અતીન્દ્રિય આનંદ સ્વરૂપ ભગવાનઆત્માની દૃષ્ટિ થઈ છે, એને પાંચ ઈન્દ્રિયના વિષયો જોવો તો સગવડતાનો પાર ન હોય. આહાહા..! છતાં તેમાં વિષયની સુખબુદ્ધિ સમકિતીને ઊડી જાય છે. આસક્તિ રહે છે. આસક્તિ રહે છે પણ એમાંથી સુખ છે એ બુદ્ધિ ઊડી જાય છે અને અહીં તો મુનિની વ્યાખ્યા ચાલે છે.

સુખબુદ્ધિ તો ઊડી છે પણ આસક્તિ પણ ટળી ગઈ છે. સમજાય છે કાંઈ? અરે! આવી વાતું છે. બધી ભાષા અજાણી જાણે. ગ્રીક, લેટિન જેવું લાગે, શું કરે પણ પ્રભુ માર્ગ બાપા એવો છે ભાઈ! અત્યારે વિખાઈ ગયો છે બહુ માર્ગ. આહાહા..! કહે છે વિષયોમાં જેની રમતું ઊડી ગઈ છે. **'न रमंते'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવની શરૂઆતવાળાને પણ, આહાહા..! અતીન્દ્રિય આનંદનો રસ આવ્યો છે એથી પાંચ ઈન્દ્રિયના વિષયો અબજોપતિ હોય અને ઈન્દ્રાણીના સુખો જેને ઈન્દ્રને હો. એ ઈન્દ્ર છે એ અત્યારે સમકિતી છે. એની સ્ત્રી પણ સમકિતી છે મુખ્ય છે એ. બીજી સ્ત્રીઓ ઘણી છે હજારો. પણ એને ઈન્દ્રિયના સુખમાં સુખ છે એ બુદ્ધિ ઊડી ગઈ છે. ફક્ત આસક્તિનો ભાવ છે રાગ. મુનિ છે તેને તો આસક્તિ બુદ્ધિ ઊડી જાય છે. તેને અહીં લીધા છે. સમજાણું કાંઈ?

વિષયમાં સુખ છે એ માન્યતા મિથ્યાભ્રમ છે. સુખ તો ભગવાનઆત્મામાં છે. સચ્ચિદાનંદ પ્રભુ પોતે છે. આહાહા..! એને ઠેકાણે પાંચ ઈન્દ્રિયના વિષયોના ભોગમાં મીઠાશ લાગે, મજા લાગે, ઠીક લાગે, એ ઝેરને ઠીક લાગે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. એને ધર્મની શરૂઆતની પણ ખબર નથી. આહાહા..! અહીંયાં તો વિશેષ વાત લીધી છે. છેલ્લી ગાથાઓ છે ને. કે જેને **'विषयान् न अपि रमंते'** વિષયોમાં કષાયોમાં વિષય અને કષાય, ક્રોધ, માન, માયામાં **'नहीं रमते हैं, वे ही मुनिश्वर...'** આહાહા..! મુનિ તો અલૌકિક દશા કહેવાય બાપુ. લૂગડા ફેરવ્યા, બધું કામ, દુકાન છોડી, ધંધા છોડ્યા, બાયડી છોડી માટે મુનિ થયો લ્યો. એ તો એવા વેશ અનંતવાર લીધા છે. આહાહા..! અંદરમાં આનંદના નાથને સંભાળીને જેણે પુણ્ય અને પાપમાંથી પ્રેમ જેનો રુચિ ખસી ગઈ છે. અને આગળ જતાં તેની આસક્તિ ટળીને વસ્તુમાં રમણતા વધી ગઈ છે. આનંદ સ્વરૂપ ભગવાનમાં રમતા રમતા રામ, રમણતા વધી ગઈ છે. એને મુનિ કહેવામાં આવે છે. અરેરે! મુનિની વ્યાખ્યા જુદી.

મુમુક્ષુ :- મુનિની વ્યાખ્યા જુદી હોય છે.

ઉત્તર :- અહીંયાં તો વ્યાખ્યા આવી છે. બાયુ, છોકરા છોડ્યા, દુકાન છોડી, ધંધા છોડીને બેઠા માટે ત્યાગી થઈ ગયો મુનિ. ધૂળમાંય નથી. એવા ભેખ તો અનંતવાર ભાન વિનાના ભેખ અનંતવાર લીધા. આહાહા..!

અહીંયાં તો કહે છે કે એ ઈન્દ્રિયોના વિષયમાં સુખબુદ્ધિ તો ઊડી ગઈ છે, પણ પાંચ ઈન્દ્રિયમાં

જેની આબરૂ સાંભળતા પણ જેને પ્રેમ આવતો નથી. પાંચેય ઇન્દ્રિયના વિષયોની આસક્તિ ઊડી ગઈ છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? એ વિસામાનું વાક્ય છે. સમજાણું કાંઈ? એમ. સમજાય જાય તો તો કલ્યાણ થઈ જાય પણ કાંઈ એટલે કઈ પદ્ધતિથી કહેવાય છે એની ગંધ આવે છે? એનું નામ સમજાય છે કાંઈ. સમજાણું? આહાહા..! અરેરે! સત્ય વાત સાંભળવા મળે નહિ એના આરા કે દિ' આવે? આહાહા..! અને સાંભળીને પણ જ્યાં અંતર રુચિ ન કરે એના આરા કે દિ' આવે ભાઈ! આહાહા..!

અહીં તો રુચિ છોડીને પણ આસક્તિ છોડે છે પછી. આહાહા..! પરમાનંદરૂપી ભગવાનઆત્મા તેની ભક્તિસહિતમાં લીન થતાં જેને વિષયની રમણતા અંતરથી છૂટી ગઈ છે. આહાહા..! તે આ પરમાત્મપ્રકાશ શાસ્ત્રને સાંભળવા અને સમજવાને લાયક છે. સાંભળવામાં અહીં તો સમકિતી હોય છે, પણ આ તો તદ્દન ઊંચી દશા લેવી છે ને એકદમ? છેલ્લી ગાથાઓ છે ને. આહાહા..! મોક્ષ નિર્વાણદશા. 'સિદ્ધા સિદ્ધિ નમો દિસંતુ.' આવે છે લોગસ્સમાં. મોઢે કર્યું હોય એને આવડે. સિદ્ધા હે ભગવાન! સિદ્ધ પરમાત્મા શરીરરહિત એ મને જોઈએ છે. એ દેખાડો. દેખાડો એટલે હું થાઉં તો દેખાય એમ. આહાહા..!

'**વે હી મુનિશ્વર પરમાત્મપ્રકાશકે અભ્યાસ કે યોગ્ય હૈ.**' લ્યો! ઠીક. આહાહા..! જેને આત્માના પ્રેમ સિવાય પરમાં પ્રેમની રુચિ પડી છે, પોષાણ જેને પરવસ્તુનું છે, એને સ્વવસ્તુનું પોષાણ નહિ સમજી શકે. પોષાણ નહિ એને બેસે. પોષાસે નહિ ભગવાન અંદર. પરનું પોસાણ પડ્યું છે. આહાહા..! આ વાણિયા પણ પોસાણનો માલ લે કે નહિ. પોસાતો હોય એ માલ લે કે નહિ? સાડા ચાર રૂપિયે ત્યાંથી લે અને અહીંયાં સાડા પાંચ ઊપજતા હોય તો માલ લે, પણ ત્યાં સાડા ચાર બેસે અને અહીંયાં સાડા ત્રણ ઊપજતા હોય તો એ માલ લે? વસંતભાઈ! ભલે ચાર આના મળતા હોય તોપણ ત્યાં સાડા ચારે લઈને અહીં પોણા પાંચ મળતા હોય તો તો લે માલ. પોષાતો હોય તો લે. એમાં પોસાતો હોય આત્મા તો આ પરવસ્તુના ભાવનો પ્રેમ એને પોસાય નહિ એમ કહે છે. આહાહા..! અરે! આવી વાતું છે. ભગવાન! તારી જાત બહુ જુદી છે, પ્રભુ! આહાહા..! તને ભગવાન તરીકે બોલાવે છે પ્રભુ તો. ભગવાન પરમાત્મા તો ભગવાન તરીકે બોલાવે છે. આહાહા..! કેમકે તું ભગવાન થવાને અંતર લાયક છો. આહાહા..!

કહે છે કે આવા જીવો પરમાત્મપ્રકાશના અભ્યાસને યોગ્ય છે. જોયું! આહાહા..! એને એ વાત બેસશે. બીજાને નહિ બેસે. શું કહે છે આ મોટી મોટી વાતું કરે છે. એમ કહીને કાઢી નાખશે. આ તો એલ.એલ.બી. જેવી વાતું છે પણ એમાં એકડા પહેલા શું? પણ આ એલ.એલ.બી. નથી. આ એકડાની પહેલી વાત છે સાંભળને. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થઃ- વ્યવહારનયકર પરમાત્મપ્રકાશ નામકા ગ્રંથ જો નિશ્ચયનયકર...** ' નિશ્ચય એટલે સત્યદૃષ્ટિથી જોઈએ તો '**નિજશુદ્ધાત્મસ્વરૂપ પરમાત્મા ઉસકી ભક્તિમેં જો તત્પર હૈં,...**' આહાહા..! નિશ્ચય સત્ય જ્ઞાનની દૃષ્ટિથી. નય એટલે જ્ઞાન, નિશ્ચય એટલે સત્ય. સત્ય

જ્ઞાનની દૃષ્ટિથી જોઈએ તો નિજશુદ્ધાત્મસ્વરૂપ જે ભગવાનઆત્મા '**ઉસકી ભક્તિ મેં જો તત્પર હૈં,...**' આહાહા..! પરમાત્મા અતીન્દ્રિય આનંદનો ગંજ પ્રભુ છે. આહાહા..! એ અતીન્દ્રિય આનંદનો ભર છે. આ ભર નથી ભરાતું? ગાડામાં ભર ભરે છે ને આ કણબીઓ. ૨૫-૨૫ મણથી. એ ભર જુદું અને આ ભર જુદું. આ અતીન્દ્રિય આનંદનો ભર ભગવાન છે. જુઓ!

એ '**નિશ્ચયનયકર નિજશુદ્ધાત્મસ્વરૂપ પરમાત્મા...** ' આહાહા..! '**ઉસકી ભક્તિ...**' આ નિજશુદ્ધાત્મ સ્વરૂપ પરમાત્મા નિજશુદ્ધાત્માથી ભરેલો છે એ. આહાહા..! '**ઉસકી ભક્તિ મેં જો તત્પર હૈં, વે વિષય રહિત જો પરમાત્મતત્ત્વકી અનુભૂતિ ઉસસે ઉપાર્જન કિયા...**' આહાહા..! પાંચ ઇન્દ્રિયના વિષયરહિત પરમાત્મતત્ત્વનો અનુભવ આત્માનો. '**ઉસસે ઉપાર્જન કિયા જો અતીન્દ્રિય પરમાનંદસુખ...**' આહાહા..! '**ઉસકે રસકે આસ્વાદસે તૃપ્ત હુએ...**' ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપના આનંદના રસમાં તત્પર થયો. આહાહા..! આત્માના રસના '**આસ્વાદ સે તૃપ્ત હુએ વિષયોમેં નહીં રમતે હૈં. આહાહા..! જિનકો મનોહર વિષય આકર પ્રાપ્ત હુએ હૈં,...**' આહાહા..! જેને અનુકૂળતાની સામગ્રીના ગંજ આવ્યા હોય કહે છે. છતાં ધર્મી એને કહીએ કે જેને અતીન્દ્રિય આનંદનો રસ છે એને એ અનુકૂળતાની સામગ્રીમાં રસ જેને આવતો નથી. આહાહા..!

'**જિનકો મનોહર વિષય આકર પ્રાપ્ત હુએ હૈં,...** ' આહાહા..! પોર ઉતર્યા હતા ને મુંબઈમાં નહિ એ મકાન ૭૦ લાખનું મકાન હતું. એક મકાન ૭૦ લાખનું. આમોદવાળા છે ને રમણિકભાઈ. પાલેજ પાસે આમોદ છે ને. પાલેજ નહિ અમે રહીએ ત્યાં. પાલેજમાં દુકાન છે. આમોદ. અમારી દુકાન પાલેજમાં છે ને. હું ત્યાં નવ વર્ષ રહ્યો હતો. પાલેજ દુકાન છે ને. અત્યારે દુકાન ચાલે છે. ત્યાં આમોદ જોડે છે. એના વાણિયા છે રમણિકભાઈ. પાંચ કરોડ રૂપિયા, છ કરોડ રૂપિયા. એણે બહુ આગ્રહ કર્યો હતો ને ૮૭ વર્ષ બેઠું ને પોર શરીરને. તો ત્યાં એને ઘરે રાખ્યો હતો મહોત્સવ. એ ૭૦ લાખનું તો એક મકાન છે. હવે એ આમ લાગે મકાન હા હો.. હા હો... હવે ધૂળેય નથી કીધું આમાં કાંઈ. અને એની પાસે સામગ્રી તો થોડી હતી. ઓલેપણે ગયા હતા નહિ? મણિભાઈને ઘરે આહાર કરવા ગયા હતા મુંબઈ. મણિભાઈ નહિ? આ રસીકભાઈના બનેવી.

મુમુક્ષુ :- મખમલ પાથર્યું હતું ત્યાં.

ઉત્તર :- હા એ. ત્યાં પાંચ લાખની તો સામગ્રી હતી ઘરમાં. મખમલ ને મખમલ ને પાંચ લાખ ઘરવખરી. ઓહોહો..! પાંચ કરોડ રૂપિયા. ત્યાંથી નીકળવું મુશ્કેલ પડશે કીધું આને.

મુમુક્ષુ :- સજાવટ ખૂબ કરી છે.

ઉત્તર :- પગલા કરાવ્યા હતા ને બધે. હતા તમે? પછી ઓલા વિજય માટે ગયા હતા. એક છોકરો નહોતો એને વ્યાધિ થઈ. કિરીટ. શું કહેવાય એ? કિડની. ત્યાં ગયા નહિ અમે. મરી ગયો બિચારો. બહુ હુશિયાર છોકરો. નાની ઉંમર. ગુજરી ગયો. ..વર્ષની ઉંમર. આહાહા..!

'**જિનકો મનોહર વિષય આકર પ્રાપ્ત હુએ હૈં, તો ભી વે ઉનમેં નહીં રમતે.**'

આહાહા..! એ આત્માની રમણતા કરવા માટે લાયક છે. એ આત્માને સમજવા માટે અને પ્રાપ્ત કરવાને લાયક છે એમ કહે છે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૨૦૯

अथ-

३४०) णाण-वियक्खणु सुद्ध-मणु जो जणु एहउ कोइ।
सो परमप्प-पयासयहँ जोग्गु भणंति जि जोइ।।२०९।।
ज्ञानविचक्षणः शुद्धमना यो जन ईदृशः कश्चिदपि।
तं परमात्मप्रकाशकस्य योग्यं भणन्ति ये योगिनः।।२०९।।

भणंति कथयन्ति जि जोइ ये परमयोगिनः। कं भणन्ति। जोग्गु योग्यम्। कस्य। परमप्प-पयासयहं व्यवहारनयेन परमात्मप्रकाशाभिधानशास्त्रस्य निश्चयेन तु परमात्मप्रकाश-शब्दवाच्यस्य शुद्धात्मस्वरुपस्य। कं पुरुषं योग्यं भणन्ति। सो तम्। तं कम्। जो जणु एहउ कोइ यो जनः इत्थंभूतः कश्चित्। कथंभूतः। णाण-वियक्खणु स्वसंवेदनज्ञानविचक्षणः। पुनरपि कथंभूतः। सुद्धमणुपरमात्मानुभूतिविलक्षणरागद्वेषमोहस्वरुपसमस्तविकल्प-जालपरिहारेण शुद्धात्मा इत्यभिप्रायः।।२०९।। एवं चतुर्विंशतिसूत्रप्रमितमहास्थलमध्ये परमाराधकपुरुषलक्षणकथनरुपेण सूत्रत्रयेण षष्ठमन्तरस्थलं गतम्।

---

आगे फिर भी यही कथन करते हैं-

गाथा-२०९

अन्वयार्थः- [यः जनः] जो प्राणी [ज्ञानविचक्षणः] स्वसंवेदनज्ञानकर विचक्षण (बुद्धिमान) हैं, और [शुद्धमनाः] जिसका मन परमात्माकी अनुभूतिसे विपरीत जो राग द्वेष मोहरुप समस्त विकल्प-जाल उनके त्यागसे शुद्ध है, [कश्चिदपि ईदृशः] ऐसा कोई भी सत्पुरुष हो, [तं] उसे [ये योगिनः] योगीश्वर हैं, वे [परमात्मप्रकाशकस्य योग्यं] परमात्मप्रकाशके आराधक योग्य [भणंते] कहते हैं।

भावार्थः- व्यवहारनयकर यह परमात्मप्रकाशनामा द्रव्यसूत्र और निश्चयनयकर शुद्धात्मस्वभावसूत्रके आराधनेको वे ही पुरुष योग्य हैं, जो कि आत्मज्ञानके प्रभावसे महा प्रवीण हैं, और जिनके मिथ्यात्व राग द्वेषादि मलकर रहित शुद्ध भाव हैं, ऐसे पुरुषोंके सिवाय दूसरा कोई भी परमात्मप्रकाशके आराधने योग्य नहीं है।।२०९।।

इसप्रकार चौबीस दोहोंके महास्थलमें आराधक पुरुषके लक्षण तीन दोहोंमें कहके छट्ठा अंतरस्थल समाप्त हुआ।

હવે, ફરી પણ એ જ કથન કરે છે :-

ભાવાર્થ:- જે યોગીઓ છે તેઓ, સ્વસંવેદનજ્ઞાનમાં વિચક્ષણ હોય અને પરમાત્માની અનુભૂતિથી વિલક્ષણ એવા રાગદ્વેષ-મોહસ્વરૂપ સમસ્તવિકલ્પજાળોના ત્યાગથી શુદ્ધ આત્મા હોય આવો જે કોઈ જન હોય-તેને વ્યવહારનયથી પરમાત્મપ્રકાશ નામના શાસ્ત્રને અને નિશ્ચયનયથી પરમાત્મપ્રકાશ શબ્દથી વાચ્ય એવા શુદ્ધાત્મસ્વરૂપને યોગ્ય કહે છે, એ અભિપ્રાય છે. ૨૦૯.

એ પ્રમાણે ચોવીસ સૂત્રોના મહાસ્થળમાં પરમ આરાધક પુરુષના લક્ષણના કથનરૂપે ત્રણ સૂત્રોથી છઠ્ઠું અન્તરસ્થળ સમાપ્ત થયું.

---

**વીર સંવત ૨૫૦૨, જેઠ સુદ ૩, શુક્રવાર**
**તા. ૨૦-૦૫-૧૯૭૭, ગાથા-૨૦૯-૨૧૦, પ્રવચન નં. ૨૪૩**

પરમાત્મપ્રકાશ. ૨૦૯ ગાથા. ૨૦૮ સુધી ચાલી છે. '**આગે ફિરભી યહી કથન કરતે હૈં-**' ૨૦૯.

૩૪૦) णाण-वियक्खणु सुद्ध-मणु जो जणु एहउ कोइ।
सो परमप्प-पयासयहँ जोग्गु भणंति जि जोइ।।२०९।।

'**જો પ્રાણી...**' એટલે આત્મા '**ज्ञानविचक्षणः**' આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ છે. એમાં જ્ઞાનમાં સ્વસંવેદનથી જ્ઞાનમાં વિચિક્ષણ થયો છે. આ એનો ઉપાય છે. આહાહા..! જે કોઈ જીવ '**ज्ञानविचक्षणः**' સ્વસંવેદન. આત્મા આનંદસ્વરૂપ એનું સ્વરૂપ જ જ્ઞાન અને આનંદ છે. એનું સ્વ જ્ઞાનનું, સં-પ્રત્યક્ષ, મન અને રાગની અપેક્ષા વિના પોતાના આત્માનું પ્રત્યક્ષ વેદન એવો જે બુદ્ધિમાન જીવ. એને અહીંયાં વિચિક્ષણ અને બુદ્ધિમાન કહે છે. દુનિયાના ડહાપણ ગમે તેટલા આવડતા હોય એ તો આત્માને નુકસાન કરનાર છે.

જે કોઈ જ્ઞાનવિચિક્ષણ એમ કહ્યું છે. બીજી બહાર જગતના પદાર્થ પદાર્થમાં રહ્યા. પરમાત્મા છે પૂર્ણ શુદ્ધ છે નિર્મળ, એ તે એની દશામાં રહ્યા. એ કાંઈ અહીં આપતા નથી અને અહીં કંઈ આવતા નથી. અહીંયાં જે રહેલું તત્ત્વ આત્મા એ જ્ઞાન, જાણક સ્વભાવથી ભરેલું અને અતીન્દ્રિય આનંદ જેનું સ્વરૂપ એવા આત્માના જ્ઞાનનું વિચિક્ષણ જે છે. આહાહા..! એવી વાત છે. એવું જે સ્વરૂપ આત્માનું જે ત્રિકાળી અવિનાશી, એના સ્વરૂપમાં, જ્ઞાનમાં વિચિક્ષણ. એનું જે જ્ઞાન છે તેના સ્વસંવેદન થઈને સ્વસન્મુખ થઈને, સ્વસંવેદન થઈ જે વિચિક્ષણ થયો. લ્યો! વજુભાઈ! આ બધા તમારા ડહાપણ બહાપણ સંસારના બધા રખડવાના છે. આહાહા..! શાસ્ત્રજ્ઞાન પણ અહીં તો કામ કરતું નથી એમ કહે છે.

આત્મા અંદર વસ્તુ છે કે નહિ પદાર્થ? તો એ સ્વતત્ત્વનું સ્વરૂપ જ્ઞાન ને આનંદ એવા સ્વરૂપનું જે સ્વસંવેદનરૂપી જ્ઞાન, પોતે પોતાને જાણીને, વેદીને પ્રગટ કરે એને વિચિક્ષણ અને એને બુદ્ધિમાન કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- બાકી રહ્યાં એ નહિ.

ઉત્તર :- બાકી રહ્યા એ બધા પાગલ. એ બધા દસ-દસ હજારના પગાર ને કરોડો રૂપિયા, દસ દસ લાખની મહિને મહિને પેદાશ એ બધા પાગલો છે. મૂરખ છે એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ પણ મૂરખ હતા આત્માનું જ્ઞાન નહોતું ત્યાં. આહાહા..! નિજસત્તાથી હોવાપણે આત્મા છે ને. નિજસત્તા જે જ્ઞાન ને આનંદ એની સત્તા છે. આત્માનું હોવાપણું નિજનું જાણવું, જાણવું એટલે આ શાસ્ત્ર એ નહિ, જાણવું એનો સ્વભાવ. જ્ઞાન એનો સ્વભાવ અને અતીન્દ્રિય આનંદ એનું સ્વરૂપ અને સ્વભાવ. આહાહા..! એને જેણે સ્વસંવેદન થઈને પોતાના જ્ઞાનનું વેદન કરીને જ્ઞાનની વિચિક્ષણતા સ્વસંવેદન પ્રગટ કર્યું છે. તેને અહીંયાં ધર્મી કહે છે, તેને અહીંયાં બુદ્ધિવંત કહે છે. તેને અહીંયાં વિચિક્ષણ કહે છે. દુનિયાના ડાહ્યા અને સંસારના સમજુ એ બધા રખડનારા ચાર ગતિમાં છે.

જે બુદ્ધિ ચાર ગતિમાં રખડાવે એ બુદ્ધિ એનું શસ્ત્ર શું કામનું? હાથમાં શસ્ત્ર હોય અને માથુ કાપે એ શસ્ત્ર શું કામનું? એમ જગતના ડહાપણ એ બધા ચાર ગતિમાં રખડવાના રસ્તા છે. એ બુદ્ધિ શું કામની? આહાહા..! બુદ્ધિવંત તો એને અહીંયાં કહે છે કે જે સ્વસંવેદન કરીને વિચિક્ષણ થયો. આહાહા..! આત્મા વસ્તુ છે ને. જગતથી નિરાળી છે અને પોતાથી આખું જગત નિરાળું જુદી ચીજ છે. એવું જેણે સ્વ નામ પોતાના આત્માનું સં-પ્રત્યક્ષ વેદન કરી. આહાહા..! અને વિચિક્ષણ થયો. છે ને? '**સ્વસંવેદનજ્ઞાનકર વિચિક્ષણ...**' એમ છે. એટલા શબ્દમાં આવું ભર્યું છે અંદર. આહાહા..! મોટા એલ.એલ.બી.ના પૂંછડા વળગાડે આ વકીલો, ડોક્ટરો એમ.એ. એ શું કહેવાય? એ બધા ચાર ગતિમાં રખડવાના. પોતાની જાતની જેણે કિંમત કરી નથી. પોતાની જાત કેવડી કેટલી છે? એટલી એની મોટપ જેને દૃષ્ટિમાં આવી નથી. એ પરની મોટપથી ખસતો નથી. આહાહા..! કાં બાહ્યની સામગ્રીઓ અને કાં અંદરના જાણપણાનો પરપદાર્થના જાણપણાનો ભાવ, એની એને મોટપમાં ભગવાનની મોટપ અંદર એને આવતી નથી. આહાહા..!

પોતે કોણ છે અંદર શું છે? આહાહા..! એણે અંતરમાં જોવાનો પોતાને જોવાનો, જાણવાનો પ્રયત્ન કર્યો નથી. આમ દુનિયાની પારખ્યું બધું ઘણી કરી. 'પરખ્યા માણેક મોતીડા, પરખ્યા હેમ કપુર અને એક ન પરખ્યો આત્મા.' કોણ છે પણ આ શું ચીજ છે? વસ્તુ છે અનાદિ-અનંત છે. સત્ છે. દેહથી જાણનાર તત્ત્વ તદ્દન ભિન્ન છે. એવા ભિન્ન તત્ત્વનું જેણે સ્વસંવેદન કર્યું એટલે કે એને જાણ્યું અને વેદન કર્યું કે આ આત્મા તો આનંદ છે. આ આત્મા તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. એ આત્મામાં જે સ્વસંવેદન જ્ઞાન થાય એ દ્વારા આત્મા પૂર્ણ જ્ઞાનમય છે એવું જે જ્ઞાન થાય

તેને અહીંયાં સ્વસંવેદન વિચિક્ષણતા કહેવામાં આવે છે. એ વિચિક્ષણ છે. દુનિયાના ડાહ્યા અને વિચિક્ષણ, દુનિયા પાગલ કરે. આહાહા..!

'**સ્વસંવેદનજ્ઞાનકર...**' ભાષા તો અહીંથી ઉપાડી છે. '**વિચિક્ષણ હૈં, ઔર...**' '**શુદ્ધમનાઃ**' '**જિસકા મન પરમાત્માકી અનુભૂતિસે...**' પરમાત્મા પોતે પરમ સ્વરૂપ છે આનંદ, એવો જે પરમાત્મા એનાથી વિપરીત ધર્માત્માની અનુભૂતિ અનુભવથી '**વિપરીત જો રાગ દ્વેષ મોહરૂપ સમસ્ત વિકલ્પ-જાલ ઉનકે ત્યાગ સે શુદ્ધ હૈ,...**' આહાહા..! ત્રણ વાર વાત કરી. એક તો શુદ્ધ પોતે છે એનાથી વિપરીત મોહ, રાગ-દ્વેષ એનાથી રહિત આત્મા શુદ્ધ છે. આહાહા..! એટલે શું કહ્યું? આ તો ભાઈ આત્મજ્ઞાનની અપૂર્વ વિદ્યા છે. વિદ્યા એને કહીએ કે જે વિદ્યમાન તત્ત્વને સમજે, જાણે એને વિદ્યા કહીએ. વિદ્યમાન તત્ત્વ જે ત્રિકાળી ભગવાનઆત્મા એને જાણે એને વિદ્યા, બાકી બધાને અવિદ્યા કુવિદ્યા કહીએ. આહાહા..! અરે! એણે પોતાને જાણવાની, પોતે કોણ છે? કેવડો છે? ક્યાં છે?

શ્રીમદ્દે કહ્યું ને સોળ વર્ષે? શ્રીમદ્ રાજચંદ્ર. ઘણા ભવનું જાતિસ્મરણ હતું. પછી સોળ વર્ષે એ કહે છે. મોક્ષમાળા બનાવી. સોળ વર્ષની ઉંમરે. હમણાં જ દેહ છૂટ્યો ૫૭માં. એમાં એમ કહે કે 'હું કોણ છું ક્યાંથી થયો?' હું કોણ છું? આ બધું છે તે છે આ? પણ હું કોણ છું? હું કાંઈક છું કે નહિ? 'હું કોણ છું ક્યાંથી થયો?' છું તો એની ક્યારથી સ્થિતિ છે? એ તો અનાદિની છે. છે એને અનાદિ હોય, છે એનો આદિ હોઈ શકે નહિ. 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' હોં આમ. આમ તો પુણ્ય, પાપ, દયા, દાન,વ્રત, ભક્તિ આદિ પરિણામ તો છે દશામાં. પણ એ કાંઈ એનું મૂળસ્વરૂપ નથી. 'શું સ્વરૂપ છે મારું ખરું.' ખરું સ્વરૂપ તો આ શુદ્ધચૈતન્ય રાગ, દ્વેષ, પુણ્ય, પાપ રહિત.

ત્રણ વાર વાત કરી આમાં. જુઓ શું કીધું? કે '**જિસકા મન પરમાત્માકી અનુભૂતિ...**' ભગવાનઆત્માનો જે અનુભવ, આત્માને અનુસરીને જે આનંદ અને જ્ઞાનની અનુભૂતિ-અનુભવ થાય એ '**અનુભૂતિ સે વિપરીત રાગ દ્વેષ...**' પર્યાય. પર્યાયની વાત લીધી જોયું! વસ્તુથી વિપરીત નહિ પણ એની અનુભૂતિથી વિપરીત. એમ લીધું. પર્યાયની વાત કીધી. શું કહ્યું એ? જેનું મન પરમાત્મા તો ત્રિકાળી છે. એનું સ્વરૂપ છે આત્માનું તો અવિનાશી ત્રિકાળી પરમાત્મતત્ત્વ. એની અનુભૂતિ એ વર્તમાનદશા. આહાહા..! ત્રિકાળી ભગવાન પરમાત્મસ્વરૂપ, એની અનુભૂતિ, એને અનુસરીને અનુભવ થવો, એનાથી વિપરીત, એ અનુભૂતિથી વિપરીત, આત્માથી વિપરીત એમ ન લેતાં પર્યાયમાં અનુભૂતિ હોવી જોઈએ. કારણ કે એ પરમાત્મસ્વરૂપ જ છે આત્મા. સચ્ચિદાનંદ પ્રભુ. એવા પરમાત્મતત્ત્વની અનુભૂતિ એટલે વર્તમાન નિર્મળ, પવિત્ર, અરાગી નિર્દોષી દશા એનાથી વિપરીત. છે ને?

'**રાગ દ્વેષ મોહરૂપ સમસ્ત વિકલ્પ-જાલ...**' આહાહા..! એ વિકલ્પની વૃત્તિઓની જાળ બધી. આવો છું, તેવો છું, ફલાણો છું, ઢીકણો છું. એ રાગની જાળથી રહિત '**ઉનકે ત્યાગ સે શુદ્ધ**

હૈ,...' આહાહા..! એ પરમાત્મતત્ત્વ જે ત્રિકાળી વસ્તુ, એની વર્તમાનદશા તો અનુભૂતિ, આનંદ અને જ્ઞાન જોઈએ. એ અનુભૂતિથી વિપરીત, મોહ, રાગ અને દ્વેષ. એનાથી રહિત એનું નામ મોહ અને રાગ, દ્વેષના ત્યાગથી થયેલી શુદ્ધતા. એનું મન શુદ્ધ છે એમ કહે છે. આહાહા..! તદ્દન અજાણ્યા માણસને... મૂળ આ ધર્મની વાત જ અત્યારે લોપ થઈ ગઈ. જ્યાં હોય ત્યાં કાં તો ભક્તિ કરો, કાં પ્રભુનું સ્મરણ કરો, ઈશ્વરની ભક્તિ કરો. ઈશ્વરની માળા ગણો. બધું થોથે થોથાં. વિકાર, રાગ. જે સ્વરૂપની અનુભૂતિથી વિપરીતભાવ એમ કહ્યો અહીંયાં. પરમાત્મસ્વરૂપ, એનો અનુભવ દશા, એનાથી વિપરીત વિકાર, એના ત્યાગથી થયેલું મન શુદ્ધ. આહાહા..! બધું આવી ગયું અંદર. આહાહા..! છે કે નહિ એમાં?

**'ત્યાગ સે શુદ્ધ હૈ, ઐસા કોઈ ભી સત્પુરુષ હો,...'** આહાહા..! **'कश्चिदपि ईदृशः'** એમ. એવા કોઈ સત્પુરુષ ધર્માત્મા. એને ધર્માત્મા કહીએ, એને મુનિ કહીએ, એને જ્ઞાની કહીએ. જેને સ્વસ્વભાવ, ચૈતન્ય આનંદ અને જ્ઞાનના સ્વભાવવંત એની અનુભૂતિ એનાથી વિપરીત રાગ, દ્વેષ, મોહની વિકલ્પજાળ તેના અભાવથી થયેલું શુદ્ધપણું એવા જે કોઈ ધર્માત્મા. આહાહા..! લોકોને ધર્મ એટલે નવરાશ ન મળે. ૨૦-૨૨ કલાક જાય રળવા, બાયડી, છોકરામાં. હવે કલાક મળે એમાંથી કોઈ કાંઈક માળા ગણીએ કાં અંદર ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... ૐ... એ તો વિકલ્પ છે, રાગ છે. સમજાણું કાંઈ? ૐ તો ચૈતન્યનું મૂળસ્વરૂપ છે. 'ૐકાર વિશુદ્ધ યાતે ઉભયરૂપ એક આત્મિકભાવ એક પુદ્ગલ કો.' એ ૐ... ૐ... જે શબ્દ વિકલ્પ ઉઠે જાળ એ તો પુદ્ગલ છે, જડ છે. એનાથી રહિત ૐ સ્વરૂપ જ ભગવાનઆત્મા આનંદસ્વરૂપ. એને અહીંયાં ૐ સ્વરૂપ કહે છે. એની અનુભૂતિથી વિપરીત વિકાર, એના ત્યાગથી થયેલું જેનું મન શુદ્ધ, એવો કોઈ સત્પુરુષ નામ ધર્માત્મા, એને ધર્માત્મા કહીએ. બાકી બાવા ને યોગી ઘણા ફરે છે બધા ભાન વિનાના. પોતે જટાઓ ધરાવે ને આ ને તે. સમજાણું કાંઈ? જૈનમાં પણ સાધુ થઈને ફરે નગ્ન આદિ, પણ આ વસ્તુના ભાન વિના એ જ્ઞાની નથી, સાધુ નથી. આહાહા..!

**'ઐસા કોઈ ભી સત્પુરુષ હો, ઉસે યોગીશ્વર હૈં,...'** યોગીન્દ્રદેવ સંત, મુનિ છે, વીતરાગી આનંદમાં ઝૂલનારા, ફક્ત વિકલ્પ ઉઠ્યો છે ત્યાં શાસ્ત્ર રચના થઈ જાય છે એ પોતાના શિષ્યને સંબોધે છે, હે યોગીશ્વર! **'વે પરમાત્મપ્રકાશકે આરાધક યોગ્ય કહતે હૈં.'** આહાહા..! આ પરમાત્મપ્રકાશને આરાધને યોગ્ય તો એ પુરુષ છે. આહાહા..! જેણે ભગવંત આત્મસ્વરૂપ જે પરમાત્મસ્વરૂપ જ એનું છે. એની વર્તમાન અનુભવદશા થવી જોઈએ. ઓલામાં આવ્યું છે ને કર્તાકર્મમાં (૬૯-૭૦ ગાથામાં) નહિ? ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરીને. અવસ્થા ક્યાં હતી? એ પ્રગટ કરી નથી એમ આ અનુભૂતિથી વિપરીત જણાવે છે. અનુભૂતિ થઈ છે ક્યાં એને? આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મનો ઉપદેશ માણસને. સવારમાં નાહી ધોઈને એક કલાક બેસે માળા ગણવા ત્યાં થઈ ગયો ધર્મ જાવ. એ ૨૩ કલાક પાપ. પુણ્યમાં પણ ન મળે. બલુભાઈ! એ દવા ને એ બાટલા ને.

આવો જે પુરુષ છે એ પરમાત્મપ્રકાશ એવો જે આત્મા, એને સેવવાને, આરાધવાને યોગ્ય કહેવામાં આવે છે. આહાહા..! યોગીન્દ્રદેવ એમ કહે છે. જે અંતરમાં પૂર્ણાનંદના નાથની સન્મુખ થયો છે અને વિકલ્પની જાળથી રહિત થયો છે. સ્વભાવ પરિપૂર્ણ આનંદ છે તેમાં સન્મુખ થયો છે અને વિકલ્પજાળથી રહિત થયો છે તે આ પરમાત્મપ્રકાશને આરાધવાને, સેવવાને લાયક છે. આહાહા..! આમાં કાંઈ એમ ન કહ્યું વ્યવહાર આવો કરે એ લાયક છે. આહાહા..! હજી દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા કરે, નવ તત્ત્વને જુદી જુદી રીતે જાણે. શાસ્ત્રની માન્યતા કરે તો તે આ પરમાત્મપ્રકાશને આરાધવાને યોગ્ય છે એમ કહ્યું નથી. આ વાંધા મોટા અત્યારે પંડિતો સાથે વાંધા આ છે અને ભણ્યા બધા બનારસમાં. વ્યવહારથી થાય એ બધું ભક્તિ બક્તિ કરતા કરતા. જાપ, ભક્તિ કરતા કરતા, દાન, દયા, વ્રત પાળતા પાળતા અપવાસ કરતા કરતા આત્મામાં જવાય. આત્મા જાણે. એ અહીં ના પાડે છે. એનાથી રહિત થાય તો જવાય. આહાહા..! સમજાણું કાંઈ? આને માટે નવરાશ ન મળે. એમાં કાંઈક પદવી હોય બે-પાંચ હજાર પગારની. એ આખો દિ'. હમણા કાંઈક નોકરી ફરી છે કહે છે નહિ ..ભાઈની? કેવી?

મુમુક્ષુ :- બીજી.

ઉત્તર :- બીજી પણ પહેલાં ઓલામાં ત્યાં ને ત્યાં સલવાણા છે સવારથી સાંજ સુધી. આહાર કરવા આવે એક આહાર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો અહીં આવે છે. ૧૫-૧૫ દિ'. .. એકવાર ત્યાં ત્યાં. ત્યાં તો કહે એની નોકરી એવી છે કે સવારથી સાંજ સુધી ત્યાં રહેવું પડે. એ ફક્ત આહાર કરવા આવે લ્યો. સાંજે છૂટે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે જાવું પડે.

પરમાત્મપ્રકાશમાં તો એમ કહ્યું કે ઓલા ઢોરને, ઢોરને જ્યારે ખીલે બાંધે છે અને સાંજે છોડે જ્યારે બહાર પાણી પાવા તો રાજી થાય છે. ખીલે ખીલો બાંધે ને. આખો દિ' બાંધે અને સાંજે પછી પાણી પાવા આવે. ગામડામાં તો હવે, ત્યાં નળ થઈ ગયા અહીંયાં શહેરમાં. અને ગામડામાં તો છોડે સાંજે. છોડીને જ્યાં બહાર કૂવો ને વેડ હોય ત્યાં પાણી પાવા જાય. છોડે ત્યારે રાજી થાય. ખુલે. આહાહા..! બાર કલાકના બંધાયેલા ખીલેથી. અહીં ભગવાન કહે છે કે અરે! અનંતકાળથી અજ્ઞાનમાં બંધાયેલો. અમે તને છૂટવાની વાત કરીએ તો રાજી ન થા તો તું ઢોરમાંથી તું જા એવો છો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો માણસ આર્ય માણસ નરકે ન જાય. આર્ય માણસને માંસ ને દારૂ ન હોય. એમ પરમાત્મપ્રકાશમાં. આ પરમાત્મપ્રકાશ છે લ્યો આમાં કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ભાવાર્થઃ- વ્યવહારનયકર યહ પરમાત્મપ્રકાશનામા...**' આ સૂત્ર શાસ્ત્ર આ તો પાના.

વ્યવહાર એટલે પરવસ્તુ છે ને આ? એટલે આને વ્યવહારનયથી આનું ભણતર કહેવામાં આવે. પરને ભણવું સમજવું એ વ્યવહાર છે. વ્યવહાર એટલે પરાશ્રિતભાવ થયો એ. એટલે '**વ્યવહારનયકર યહ પરમાત્મપ્રકાશનામા દ્રવ્યસૂત્ર ઔર નિશ્ચયનયકર શુદ્ધાત્મસ્વભાવસૂત્ર કે...**' જે સૂત્રમાં કહેવા માગે છે પરમાત્મતત્ત્વ. એમ કહેવું ત્યાં. શુદ્ધાત્મ ભાવ એવું આરાધન એવું. એ સૂત્રમાં કહેલો આ ભાવ એમ કહે છે. શબ્દમાં ફેર છે જરી અંદર. પરમાત્મપ્રકાશ શબ્દ વાચક છે. એમ છે. સંસ્કૃતમાં એ છે અંદર. ત્રીજી લીટીમાં છે. પરમાત્મપ્રકાશ શબ્દ વાચક એનાથી શબ્દથી કહેલું વાચ્ય શુદ્ધાત્મસ્વરૂપ. એમ. સંસ્કૃતમાં એમ છે. ત્રીજી લીટી છે.

શું કહ્યું એ? આ શાસ્ત્ર છે એ તો પાના છે. આ તો જડ છે. એનું ભણતર, એના તરફનું. એ તો એક શુભવિકલ્પ છે. પણ એ શાસ્ત્રમાં કહેલો ભાવ જે આ પરમાત્મતત્ત્વ વસ્તુ, વસ્તુ એ પરમાત્મતત્ત્વ એ '**આરાધનેકો વે હી પુરુષ યોગ્ય હૈં,...**' આહાહા..! '**જો કિ આત્મજ્ઞાન કે પ્રભાવસે...**' અહીં તો નિજ ભગવાન આત્મજ્ઞાન. હિન્દુસ્તાનની એક મૂળ વિદ્યા હતી. આત્મજ્ઞાન એ હિન્દુસ્તાનની વિદ્યા હતી. એ વિદ્યા આખી વઈ ગઈ. અને બધી બહારની વિદ્યા આ મોટા કેળવણીના. આહાહા..!

'**આત્મજ્ઞાન કે પ્રભાવસે...**' આહાહા..! ભગવાનઆત્મા વસ્તુ છે એનું જ્ઞાન, આત્મજ્ઞાન. શાસ્ત્રજ્ઞાન એ નહિ, વ્યવહાર છે એનું પણ જ્ઞાન નહિ. શાસ્ત્રના ભણતરમાં આવે દેવ-ગુરુ-શાસ્ત્ર એનું પણ જ્ઞાન નહિ. આહાહા..! '**આત્મજ્ઞાન કે પ્રભાવસે મહા પ્રવીણ...**' ઓલામાં વિચિક્ષણ શબ્દ હતો ને? એનો અર્થ એ કર્યો. વિચિક્ષણનો અર્થ એ કર્યો. '**મહા પ્રવીણ હૈં,...**' આહાહા..! '**આત્મજ્ઞાન કે પ્રભાવસે મહા પ્રવીણ હૈં,...**' આત્મતત્ત્વ જેમાં અનંતજ્ઞાન અને અનંતઆનંદ છે. એ સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ એનું સત્ત્વ જ્ઞાન અને આનંદ આદિ અનંત શક્તિઓ તે એનું સત્ત્વ છે. એવો જે આત્મા તેનું જ્ઞાન, એનું જ્ઞાન. એની પર્યાયનું પણ નહિ, વ્યવહારનું પણ નહિ, નિમિત્તનું પણ નહિ. આત્મજ્ઞાન. વસ્તુ જે ત્રિકાળી છે તેનું જ્ઞાન. આહાહા..!

'**આત્મજ્ઞાન કે પ્રભાવસે મહા પ્રવીણ હૈં,...**' બુદ્ધિમાન છે, વિચિક્ષણ છે. આહાહા..! '**ઔર જિનકે મિથ્યાત્વ રાગ દ્વેષાદિ મલકર રહિત શુદ્ધ ભાવ હૈં,...**' જેને અંદર ભ્રમણા નથી. કે આ હું દયા, દાન ને વ્રતના પરિણામ કરું છું તો એનાથી મને મોક્ષ થશે, ધર્મ થશે. એવી ભ્રમણા જેને નથી. એવી ભ્રમણા જેણે ટાળી છે. આહાહા..! મિથ્યાત્વ એટલે વિપરીત માન્યતા. પુણ્યના ભાવમાં પણ ધર્મ, પાપના ભાવમાં મજા, પુણ્યના ફળમાં અનુકૂળતામાં રાજીપો એવો જે મિથ્યાત્વભાવ સત્યથી વિપરીતભાવ, એને મિથ્યાત્વ કહે છે. અને એ સિવાય '**રાગ દ્વેષાદિ...**' અનુકૂળતા એને માનીને રાગ થાય, પ્રતિકુળતા માનીને દ્વેષ અણગમો થાય, એવા '**મિથ્યાત્વ રાગ દ્વેષાદિ મલકર રહિત શુદ્ધ ભાવ હૈં,...**' આહાહા..! આટલી તો વાત અહીંયાં ચોખ્ખી કરે છે પણ બધા રાડું પાડે છે. વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહારથી નિશ્ચય થાય. હવે તો ગમે ત્યાંથી ગોત્યું છે કાંઈક કરો મહારાજ કરો. એના મોટા પંડિતો પણ એમ કહે હવે અનેકાંત કહેવા માંડ્યા છે. એમ.

એવું લખે છે.

એ અત્યાર સુધી અનેકાંત નહોતું, હવે અનેકાંત અમારું સાચું છે અનેકાંત હવે સમજવા લાગ્યા. અમારું અનેકાંત હવે સમજવા લાગ્યા છે. આ હુકમચંદજી એ બધી ઓલી વાત કરે ને વ્યવહારની નાખે ને વ્યવહાર છે. વ્યવહાર છે નહિ એમ કોણે કહ્યું? પહેલેથી એ તો ચાલે છે. વ્યવહારથી અંદર આત્માનો સ્વભાવ છે એ પકડાય નહિ. આહાહા..! પુણ્ય છે, રાગ છે અને રાગથી ભગવાન તો પરમાત્મસ્વરૂપ વીતરાગ મૂર્તિ છે આત્મા. એ રાગ વડે પકડાય નહિ. રાગના અભાવ સ્વભાવથી તેનો અનુભવ થઈ શકે એવું એનું સ્વરૂપ છે. આહાહા..! અનંતકાળ થયો, અનંતકાળથી આજ આ પહેલાં ભવ, આ પહેલાં ભવ, એ પહેલાં ભવ એ પહેલાં ભવ એમ ભવ ભવ કરતા કરતા અનંતભવ થયા છે. અનંતકાળથી અનંતભવ થયા છે. જેની આદિ નથી એટલા અનંત ભવ થયા કે એણે વિચાર કે દિ' કર્યો છે? આહાહા..! એવા અનંત અનંત ભવમાં કોઈ દિ' એણે આત્મજ્ઞાન કર્યું નથી. જો આત્મજ્ઞાન કર્યું હોય તો ભવ રહે નહિ. આહાહા..! તો એ ચીજ કેવી હોય? આહાહા..! અનંતવાર બાયડી, છોકરા, કુટુંબ, ધંધો છોડી સાધુ થયો, તોપણ આત્મજ્ઞાન નહોતું કર્યું. એ ક્રિયાકાંડ, એમાં માનીને આપણે ત્યાગીને બાવા થઈ ગયા સાધુ. આહાહા..!

એ **'આત્મજ્ઞાનકે પ્રભાવસે મહા પ્રવીણ હૈં,** આહા..! **ઔર જિનકે મિથ્યાત્વ રાગ દ્વેષાદિ મલકર રહિત શુદ્ધ ભાવ હૈં,...'** આહાહા..! **'ઐસે પુરુષોં કે સિવાય...'** છે? **'દૂસરા કોઈ ભી પરમાત્મપ્રકાશ કે આરાધને યોગ્ય નહીં હૈ.'** આ અનેકાંત કર્યું. અંદરમાં આત્મા પુણ્ય અને પાપના રાગથી રહિત થઈ અને શુદ્ધ સ્વરૂપને આરાધે, સેવે એને આત્માનું આરાધન કહેવાય છે. એ સિવાય બીજો કોઈ પુરુષ વ્યવહારની ક્રિયાકાંડવાળો આ આને આત્માને પહોંચી શકે એ ત્રણકાળમાં છે નહિ. ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન.. ભગવાન... એ તો વિકલ્પ છે, રાગ છે. વૃત્તિનું ઉત્થાન છે. એમાં આત્મા ક્યાં આવ્યો? આહાહા..!

**'ઐસે પુરુષોં કે સિવાય...'** છે? આહાહા..! પોતે ખુલાસો કરે છે. **'ઐસે પુરુષોં કે સિવાય દૂસરા કોઈ ભી...'** ગમે તેટલી તપસ્યાઓ કરે, અપવાસ કરે એ બધી ક્રિયાઓ ગમે તે હોય, પણ એ દ્વારા આત્મા પ્રાપ્ત થાય એમ કોઈ દિ' ત્રણકાળમાં બને નહિ. આહાહા..! એ કર્મકાંડ છે બધા. એ આત્માનું જ્ઞાનકાંડ નથી. આહાહા..! એ ત્રણકાળમાં ન થાય. ગરીબાઈ સેવતા સેવતા શ્રીમંતાઈ થાય. એને મૂકીને થાય?.. વ્યવહારથી કથન છે. આહાહા..! **'ઐસે પુરુષોં કે સિવાય દૂસરા કોઈ ભી પરમાત્મપ્રકાશ કે આરાધને યોગ્ય નહીં હૈ.'** આહાહા..!

**'ઈસપ્રકાર ચૌબીસ દોહોં કે મહાસ્થળ મેં આરાધક પુરુષ કે લક્ષણ...'** એટલે આત્માનું આરાધન નામ સેવન નામ તે સન્મુખની ધર્મદશા કરનારો, એના લક્ષણ વર્ણવ્યા. બાકી બીજું બધું .. **'લક્ષણ તીન દોહોંમેં કહકે છઠ્ઠા અંતરસ્થલ સમાપ્ત હુઆ.'** એના ભાગ પાડ્યા છે.

ગાથા-૨૧૦

अथ शास्त्रफलकथनमुख्यत्वेन सूत्रमेकं तदनन्तरमौद्धत्यपरिहारेण च सूत्रद्वयपर्यन्तं व्याख्यानं करोति। तधथा-

३४१) लक्खण-छंद-विवज्जियउ एहु परमप्प-पयासु।
कुणइ सुहावहँ भावियउ चउ-गइ-दुक्ख-विणासु।।२१०।।
लक्षणछन्दोविवर्जितः एष परमात्मप्रकाशः।
करोति सुभावेन भावितः चतुर्गतिदुःखविनाशम्।।२१०।।

लक्खण इत्यादि। लक्खण-छंद-विवज्जियउ लक्षणछन्दोविवर्जितोडयम्। अयं कः एहु परमप्पपयासु एष परमात्मप्रकाशः। एवंगुणविशिष्टोडयं किं करोति। कुणइ करोति। कम्। चउ-गइ-दुक्ख-विणासु चतुर्गतिदुःखविनाशम्। कथंभूतः सन्। भावियउ भावितः। केन। सुहावइं शुद्धभावेनेति। तथाहि। यधप्ययं परमात्मप्रकाश-ग्रन्थः शास्त्रक्रमव्यवहारेण दोहकछन्दसा प्राकृतलक्षणेन च युक्तः, तथापि निश्चयेन परमात्मप्रकाशशब्दवाच्यशुद्धात्मस्वरुपापेक्षया लक्षणछन्दोविवर्जितः। एवंभूतः सन्नयं किं करोति। शुद्धभावनया भावितः सन् शुद्धात्मसंवित्तिसमुत्पन्नरागादिविकल्परहित-परमानन्दैकलक्षणसुखविपरीतानां चतुर्गतिदुःखानां विनाशं करोतीति भावार्थः।।२९०।।

---

आगे शास्त्रके फलके कथनकी मुख्यताकर एक दोहा और उद्धतपनेके त्यागकी मुख्यताकर दो दोहे, इस तरह तीन दोहोंमें व्याख्यान करते हैं-

गाथा-२१०

अन्वयार्थः- [एष परमात्मप्रकाशः] यह परमात्मप्रकाश [सुभावेन भावितः] शुद्ध भावोंकर भाया हुआ [चतुर्गतिदुःखविनाशम्] चारों गतिके दुखोंका विनाश [करोति] करता है। जो परमात्मप्रकाश [लक्षणछंदोविवर्जितः] यधपि व्यवहारनयकर प्राकृतरुप दोहा छंदोकर सहित है, और अनेक लक्षणोंकर सहित हैं, तो भी निश्चयनयकर परमात्मप्रकाश जो शुद्धात्मस्वरुप वह लक्षण और छंदोकर रहित है।

भावार्थः- शुभ लक्षण और प्रबंध ये दोनों परमात्मामें नहीं हैं। परमात्मा शुभाशुभ लक्षणोंकर रहित है, और जिसके कोई प्रबंध नहीं, अनंतरुप है, उपयोगलक्षणमय परमानंद लक्षणस्वरुप है, सो भावोंसे उसको आराधो, वही चतुर्गतिके दुःखोंका नाश करनेवाला है। शुद्ध परमात्मा तो व्यवहार लक्षण और श्रुतरुप छंदोसे रहित है, इनसे भिन्न निज लक्षणमयी है, और यह परमात्मप्रकाशनामा अध्यात्म-ग्रंथ यधपि दोहेके छंदरुप है, और प्राकृत लक्षणरुप है, परंतु इसमें स्वसंवेदनज्ञानकी मुख्यता है, छंद अलंकारादिकी मुख्यता नहीं है।।२१०।।

હવે, શાસ્ત્રના ફળકથનની મુખ્યતાથી એક ગાથાસૂત્ર અને ત્યાર પછી ઉદ્ધતાઈના ત્યાગની મુખ્યતાથી બે ગાથાસૂત્રો સુધી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણે :-

ભાવાર્થઃ- જોકે આ પરમાત્મપ્રકાશગ્રંથ શાસ્ત્રક્રમના વ્યવહારથી દોહાછંદથી અને પ્રાકૃતલક્ષણથી યુક્ત છે તોપણ નિશ્ચયથી 'પરમાત્મપ્રકાશ' શબ્દથી વાચ્ય એવા શુદ્ધાત્મસ્વરૂપની અપેક્ષાએ લક્ષણ અને છંદથી રહિત છે એવો આ પરમાત્મપ્રકાશ શુદ્ધભાવનાથી ભાવવામાં આવતો થકો, શુદ્ધાત્મસંવિત્તિથી ઉત્પન્ન રાગાદિ વિકલ્પ રહિત પરમાનંદ જેનું એક લક્ષણ છે એવા સુખથી વિપરીત ચાર ગતિનાં દુઃખોનો વિનાશ કરે છે, એ ભાવાર્થ છે. ૨૧૦.

---

## ગાથા-૨૧૦ ઉપર પ્રવચન

૨૧૦મી. 'આગે શાસ્ત્ર કે ફલકે કથનકી મુખ્યતાકર એક દોહા ઔર ઉદ્ધતપનેકે ત્યાગકી મુખ્યતાકર દો દોહે, ઈસ તરહ તીન દોહોં મેં વ્યાખ્યાન કરતે હૈં-' ૨૧૦.

३४१) लक्खण-छंद-विवज्जियउ एहु परमप्प-पयासु।
कुणइ सुहावहँ भावियउ चउ-गइ-दुक्ख-विणासु।।२१०।।

નીચે અર્થ. 'एष परमात्मप्रकाशः' 'યહ પરમાત્મપ્રકાશ...' 'सुभावेन भावितः' 'શુદ્ધ ભાવોંકર ભાયા હુઆ...' અંતરની પવિત્ર ભાવનાથી ભાવના કરતા થકા આત્મા પ્રાપ્ત થાય છે. આહાહા..! એ કોઈ શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા આદિ કામ, ક્રોધ એનાથી પ્રાપ્ત ન થાય. લ્યો અહીં તો એમ કહ્યું. 'શુદ્ધ ભાવોંકર ભાયા હુઆ...' શુદ્ધ હોં, શુભ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભ છે, પુણ્ય છે, રાગ છે, વિકાર છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ અશુભ છે, પાપ છે, ઝેર છે, રાગ છે, વિકાર છે. તીવ્ર અશુભરાગ છે. આહાહા..! એનાથી રહિત 'શુદ્ધ ભાવોંકર ભાયા હુઆ...' પુણ્ય અને પાપના શુભ-અશુભભાવથી રહિત થઈ અને શુદ્ધભાવથી આત્માની ભાવના કરવાથી.. આહાહા..! 'ચારોં ગતિ કે દુઃખોં કા વિનાશ કરતા હૈ.' આહાહા..! ચાર ગતિના ભવભ્રમણ કરે તે દુઃખી છે. એનો એ નાશ કરે છે. કહ્યું ને એ?

'પરમાત્મપ્રકાશ શુદ્ધ ભાવોંકર ભાયા હુઆ...' શુદ્ધ. એ શુભ-અશુભ વિકલ્પથી રહિત, ત્રિકાળી આનંદ નાથ પ્રભુ એને શુદ્ધભાવમાં એકાગ્ર થઈને જે કાંઈ ભાવના એ કરે છે એ 'ચારોં ગતિ કે દુઃખોં કા વિનાશ કરતા હૈ.' આ ચાર ગતિમાં જન્મવું માણસપણે, ઢોરપણે, નારકીપણે કે દેવપણે. ચાર ગતિ છે. ચોર્યાસી લાખ યોનિ છે. ચોર્યાસી લાખ ભવ ઉત્પન્ન થવાના સ્થાન છે. ચોર્યાસી લાખ. એને ચોર્યાસી લાખ યોનિ કહે છે. યોનિ એટલે ઉત્પત્તિ સ્થાન. એવી ચોર્યાસી લાખ યોનિ ચાર ગતિ એ આ આત્માની શુદ્ધભાવના ભાવવાથી તે ચાર ગતિનો નાશ છે. આહાહા..!

'**દુઃખોં કા વિનાશ કરતા હૈ. જો પરમાત્મપ્રકાશ યદ્યપિ વ્યવહારનયકર પ્રાકૃતરૂપ દોહા છંદોકર સહિત હૈ,...**' આ શાસ્ત્ર. આ સૂત્ર છે ને એ પાઠ છે. સંસ્કૃત છે ને. એ '**વ્યવહારનયકર પ્રાકૃતરૂપ દોહા છંદોકર સહિત હૈ, ઔર અનેક લક્ષણોંકર સહિત હૈં,...**' સંસ્કૃત ને વ્યાકરણ બધા હોય ને સ્કંધો એ બધા સહિત છે આ શબ્દો. '**તો ભી નિશ્ચયનયકર પરમાત્મપ્રકાશ જો શુદ્ધાત્મસ્વરૂપ વહ લક્ષણ ઔર છંદોકર રહિત હૈ.**' પણ ભગવાન જે આત્મા પરમાત્મસ્વરૂપ, એમાં આ છંદ અને લક્ષણોથી રહિત એ તો પુરુષ છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધાત્મસ્વરૂપ વહ લક્ષણ ઔર છંદોકર રહિત હૈ.**' આહાહા..! આ શાસ્ત્ર ભાષામાં તો વ્યાકરણ હોય, વિભક્તિ, એકવચન, બહુવચન આદિ ઘણા પ્રકાર અને ઘણાં લક્ષણો આદિ હોય. આ તો પાના છે, આ તો જડ છે, આ કાંઈ આત્મા નથી. જેમ સાકર શબ્દમાં કાંઈ સાકર ગાંગડો નથી. સાકર ગાંગડામાં કાંઈ સાકર શબ્દ નથી. એમ આ પરમાત્મપ્રકાશમાં બધા લક્ષણ ને સ્કંધ ને વસ્તુ છે એ કાંઈ આત્મામાં નથી. આહાહા..! વાણીમાં બધું ગમે તે હોય પણ કાંઈ વાણી આત્મામાં નથી. આત્મા તો અરૂપી જ્ઞાનઘન છે એમાં વાણી કેવી? આ તો શાસ્ત્રના પાના તો જડ છે. ભલે પરમાત્મપ્રકાશ આનું નામ આપ્યું, પણ પરમાત્મપ્રકાશ આ શબ્દો છે એમાં સ્કંધ અને લક્ષણ સહિત છે. પણ આ પરમાત્મ જે અંદર છે, વસ્તુ છે વાચ્ય એ વાચક છે એ બતાવે છે વાચ્યને. એમાં આ લક્ષણ અને સ્કંધ આ દોહા, ફલાણું શું કહે બધી ગણી જાતના દોહરા. શાર્દૂલ, ઉપજાતિ ને ફલાણું ઢીંકણું. કવિ કવિ એમાં હોય ને. આ શાર્દૂલ છે ને આ ઉપજાતિ છે અને આ ફલાણું છે. .. એ બધાથી રહિત ભગવાન તો છે. ભલે શબ્દોમાં હોય બધું આ. આહાહા..!

સ્કંધ અને લક્ષણો બધું આમાં ભર્યું છે. વસ્તુ જે અહીંયાં આત્મા એ બતાવે છે જે આત્મા એમાં તો આ સ્કંધ અને લક્ષણ તો કાંઈ નથી. એ તો અતીન્દ્રિય આનંદનો નાથ છે. આહાહા..! એને અહીંયાં આત્મા કહીએ અને એનો આત્માનો અનુભવ તેને ધર્મ કહીએ. આહાહા..! અને એનું કોઈ સાધન હશે કે નહિ પહેલું કોઈ સાધન આવું? એમ લોકો કહે છે. પાધરું જ એવું છે. એને પરના સાધનની અપેક્ષા જ નથી. આહાહા..! એની ખબર નથી. એનો સ્વભાવ જ પ્રત્યક્ષ જ્ઞાતા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા એનું સ્વરૂપ જ છે. આહાહા..! અલિંગગ્રહણમાં છઠ્ઠો બોલ. અલિંગગ્રહણ છે ને ૨૦ બોલ. પ્રવચનસાર ૧૭૨ ગાથા. અલિંગગ્રહણના ૨૦ અર્થ છે મોટા. એમાં છઠ્ઠો એ બોલ છે. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એને કોઈ બહાર વિકલ્પ ને નિમિત્તને કોઈ .. સાધારણ થાય, મોક્ષપાહુડમાં તો પ્રણિત મૌલિ પ્રભાના એ પ્રાપ્ત થાય આત્મા એવો નથી. ભક્તામ્બર ગાય છે ને સવારમાં? વેપાર ચાલે સરખો. ભક્તામ્બર ગાય. બાબુભાઈ! એ વાણિયા આવું કરે છે નવરા. એ ગાય. નોકરી સારી ચાલે, પૈસા થશે, બાયડી-છોકરા ઠીક રહે. ધૂળમાંય ઠીક એ તો રહેતું રહે છે. એનાથી કોઈ આત્મા મળે એવો નથી કહે છે એવા લાખ તારા ભક્તામ્બર ગણ તું. ગણાય છે ને ગણે છે એ.

એ બહુ ગયા હતા ત્યાં કાલાવડ, કાલાવડ. આ કાલાવડ નથી કાલાવડ. કાલાવડ. જામનગર પાસે નથી કાલાવડ.

મુમુક્ષુ :- જામનગર પાસે છે.

ઉત્તર :- હા પાસે છે એ. એક ફેરી એક મહિનો અને ચાર દિ' રહ્યા હતા. કાલાવડમાં એક. બહુ .. તે દિ' દરબાર ગુજરી ગયા હતા. રણજીતસિંહ. એ દરબાર ગુજરી ગયા. એનો અત્યારે.. એ ગુજરી ગયા. આ હું ત્યારે હતો ને. દિગ્વીજય. એ તો ગયા હતા દિગ્વીજય પાસે. એ બધા ખુંચાઈ ગયેલા ધૂળમાં. એને તો કહ્યું હતું એક ફેરી દરબારને. એની રાણી છે નહિ ઓલી ગુલાબરાણી. બહુ કરોડો રૂપિયા ભેગા કર્યા છે. વેપાર કરે છે મોટો.

મુમુક્ષ :- ઓફીસમાં બેસે છે ને...

ઉત્તર :- કહો. આહાહા..! લ્યો ઠીક. એક ફેરી અમે ત્યાં હતા ને કે કહેવરાવ્યું હતું કે મહારાજ દર્શન આપે. દરબારને આંખને ઠીક નથી. આંખમાં કાંઈક હતું. આવડો મોટો. હું દિશાએ જતો ત્યાં એના બંગલા પાસે પાંચ મિનિટના રસ્તે. એને ખબર પડી કે મહારાજ અહીંયાં જંગલ આવે છે. મહારાજ અહીંયાં દર્શન દેવા આવો ને. ગયા હતા અમે. પા કલાક ગયા હતા. પછી કહ્યું હતું આ રાજ નહિ ધૂળનું કીધું. આ અનંતગુણનો નાથ અંદર છે આત્મા, એનું સામ્રાજ્ય એ રાજ્ય છે. આ અમારે ક્યાં એની પાસેથી પૈસા બૈસા લેવા હતા. રાણી કહે હા સાચી વાત મહારાજ. એક હજાર રૂપિયા મૂક્યા પછી જ્ઞાન ખાતે. જ્ઞાન ખાતે એક હજાર મૂક્યા. પા કલાક બેઠા હતા. .. મરી ગયો એ તો. આહાહા..! બહારમાં જાણે કરોડનો તાલુકો. એ શું થયું પણ એમાં ધૂળમાં. આ આત્માના જ્ઞાન વિના બધાય ચાર ગતિમાં રખડવાના છે. એ ઢોર ને નરક ને કાગડા ને કૂતરા ને પારેવા થવાના બધા. અહીંયાં જેને આત્મજ્ઞાન થયું. છે ને? એ '**ચારોં ગતિકે દુઃખોં કા વિનાશ કરતા હૈ.** ' આહાહા..! લ્યો!

'**ભાવાર્થઃ- શુભ લક્ષણ ઔર પ્રબંધ યે દોનોં પરમાત્મા મેં નહીં હૈ.**' આ છંદ બંદ દેશી ને દેશી ફલાણું આવે ને. આ મૂળ શ્લોક છે ને દેશીને એને એના લક્ષણો '**યે દોનોં પરમાત્મા મેં નહીં હૈ.**' પરમાત્મા તો અંદર જ્ઞાતા-દ્રષ્ટા જ્ઞાન અને આનંદ સ્વરૂપ. વિકારરહિત નિર્વિકારી ચૈતન્યનો પિંડ પ્રભુ આત્મા એને આત્મા કહીએ. એ આત્મામાં આ પરમાત્મશબ્દમાં જે લક્ષણો ને છંદો છે એ એમાં નથી આત્મામાં. એ તો બધી વાણી જડમાં છે. આહાહા..! એ તો જડના લક્ષણ છે. પ્રભુ આત્માના લક્ષણમાં એ દોહા ને છંદ ને લક્ષણ નથી અંદર. આહાહા..!

'**પરમાત્મા શુભાશુભ લક્ષણોંકર રહિત હૈ,...**' લ્યો! શુભ લક્ષણ અને અશુભ લક્ષણથી પણ રહિત આત્મા તો છે અંદર. કે ભાઈ આ શુભ આચરણ કરે છે સદાચરણ. ઈશ્વર ભક્તિ કરે, નામ સ્મરણ કરે, માળા ગણે, બ્રહ્મચર્ય શરીરથી પાળે, નૈતિક જીવન ગાળે એ બધું શુભ આચરણ એ કાંઈ આત્મામાં નથી. આહાહા..! આવી વાતું! એ શુભ અને અશુભ '**લક્ષણોંકર રહિત હૈ, જિસકે કોઈ પ્રબંધ નહીં,...** ' રચના શબ્દોની એમાં કોઈ છે નહિ. '**અનંતરૂપ હૈ,...** '

આહાહા..! જેનો આનંદ અને જ્ઞાનસ્વભાવ સ્વભાવ છે તેને હદ શી? પ્રભુ આત્માનો સ્વભાવ તો આનંદ અને જ્ઞાન, એને હદ શી? એને મર્યાદા શી? મર્યાદા હતી તેનું જ્ઞાન અને આનંદ એનું સ્વરૂપ છે. આહાહા..! ભલે શરીર પ્રમાણે હો, પણ એનો સ્વભાવ અને ભાવ અનંત છે. શક્તિથી અનંત. અનંતકાળ રહે એ જુદી વસ્તુ છે. પણ વર્તમાન એનો સ્વભાવ જ અનંત, અમાપ, અપરિમિત શક્તિ છે. આહાહા..!

'**ઉપયોગલક્ષણમય પરમાનંદ લક્ષણસ્વરૂપ હૈ,...**' લ્યો! ઓલા લક્ષણ શુભાદિ નથી, પણ આ લક્ષણ છે. શું? આહાહા..! '**ઉપયોગલક્ષણમય...**' જાણવા-દેખવાના ભાવ એવો જે ઉપયોગ, જાણવું-દેખવું બસ, જ્ઞાતા-દૃષ્ટાપણાના લક્ષણવાળું એ તત્ત્વ છે. લક્ષણમય. પાછું લક્ષણવાળું એમ નથી કીધું. આહાહા..! '**પરમાનંદ લક્ષણસ્વરૂપ હૈ,...**' '**ઉપયોગલક્ષણમય પરમાનંદ લક્ષણસ્વરૂપ હૈ,...**' આહાહા..! એટલે મૂળ બે લક્ષણ મોટા છે. જ્ઞાન અને આનંદ. આહાહા..! એવો આત્મા છે એ સાંભળ્યું નથી લોકોએ. બહારની વાતું આડે નવરો થતો નથી. અને ઉપદેશકો પણ એવા એને મળ્યા. આમ મળી જશે, આમ મળી જશે, આમ થઈ જશે. જાવ.

અહીં તો કહે છે કે ભગવાનઆત્મા, જેના '**ઉપયોગલક્ષણમય પરમાનંદ લક્ષણસ્વરૂપ હૈ, સો ભાવોં સે ઉસકો આરાધો,...**' આ ભાવથી એનું આરાધન કરો. જ્ઞાન અને આનંદના ભાવથી એનું સેવન કરો. રાગથી અને વિકલ્પથી નહિ. આહાહા..! છેલ્લી ગાથાઓ છે ને? '**વહી ચતુર્ગતિ કે દુઃખોં કા નાશ કરનેવાલા હૈ.**' જેનું ભવભ્રમણ નાશ થઈ જાય એવું આ આત્માનું આરાધન છે. આહાહા..! કોઈ દેવ ને દેવલાને આરાધે છે ને? એ દેવ-દેવલા બધા રખડનારા છે, તું આ તારો આત્મા છે એને આરાધને એમ કહે છે. આહાહા..!

'**ચતુર્ગતિ કે દુઃખોં કા નાશ કરનેવાલા હૈ. શુદ્ધ પરમાત્મા તો વ્યવહાર લક્ષણ ઔર શ્રુતરૂપ છંદો સે રહિત હૈ,...**' ભગવાનઆત્મા જે શુદ્ધ પરમાત્મા છે પોતે એ તો વ્યવહાર લક્ષણો શ્રુતરૂપ છંદો અને શ્રુતના છંદથી રહિત છે. આહાહા..! બહારના કોઈ લક્ષણે જણાય એવી એ ચીજ નથી એમ કહે છે. શુભભાવથી જણાય એવું એનું સ્વરૂપ નથી. આહાહા..! '**ઈનસે ભિન્ન નિજ લક્ષણમયી હૈ,...**' પોતાનું નિજલક્ષણ જે આનંદ અને જ્ઞાન, તેનાથી તે જણાય એવું છે.

'**ઔર યહ પરમાત્મપ્રકાશનામા અધ્યાત્મ-ગ્રંથ યદ્યપિ દોહે કે છંદરૂપ હૈ,...** ' દોહા કે છંદ સે '**ઔર પ્રાકૃત લક્ષણરૂપ હૈ, પરંતુ ઈસ મેં સ્વસંવેદનજ્ઞાનકી મુખ્યતા હૈ,...**' મૂળ તો અંદર સ્વસંવેદન આત્માના આનંદનું વેદન કરવું એની મુખ્યતા ત્યાં તે કરી છે. આ શબ્દોની અને એની કાંઈ મુખ્યતા છે નહિ. આહાહા..! '**ઈસમેં...**' સ્વ નામ પોતાનું, સં-પ્રત્યક્ષ જ્ઞાનનું જ્ઞાનથી વેદન, એની મુખ્યતા છે. '**છંદ અલંકારાદિકી મુખ્યતા નહીં હૈ.**' લ્યો! એમાં છંદ આવા બોલ્યા, દેશી આવે, એવું બોલે કંઠ મીઠો હોય. આહાહા..!

નહોતું ત્યાં રાજકોટમાં ગાતા નહિ જગજીવનની દીકરી. હતો ને ઉતારો ત્યાં. આપણે જગજીવન કામદાર, એની દીકરી. એવું દેશી છે, એવો કંઠ છે એનો. ગઢડાવાળા હરજીવન. એ આ કુંડલામાં

હતી. ઉતારા હતા ઓલામાં. એ ગાતા હતા દરરોજ. કંઠ તે કંઠ છે એનો કોઈ. પણ એ તો કંઠ જડના છે કહે છે. એ કાંઈ આત્મામાં છે નહિ. આત્માનું આરાધન તો જ્ઞાન અને આનંદથી થાય એવું છે. બીજાથી થાય એવું નથી. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૨૧૧

अथ श्रीयोगन्द्रदेव औद्धत्यं परिहरति–

३४२) इत्थु ण लेवउ पंडियहिँ गुण-दोसु वि पुणरुत्तु।
भट्ट-पभायर-कारणइँ मइँ पुणु पुणु वि पउत्तु।।२११।।
अत्र न ग्राह्यः पण्डितैः गुणो दोषोऽपि पुनरुक्तः।
भट्टप्रभाकरकारणेन मया पुनः पुनरपि प्रोक्तम्।।२११।।

इत्थु इत्यादि। इत्थु अत्र ग्रन्थे ण लेवउ न ग्राह्यः। कैः। पंडियहिँ पणिडतैर्विवेकिभिः। कोऽसौ। गुण-दोसु वि गुणो दोषोऽपि। कथंभूतः। पुणरुत्तु पुनरुक्तः। कस्मान्न ग्राह्यः। यतः मइँ पुणु पुणु वि पउत्तु मया पुनः पुनः प्रोक्तम्। किं तत्। वीतरागपरमात्मतत्त्वम्। किमर्थम्। भट्ट-पभायर-कारणाइँ प्रभाकरभट्टनिमित्तेनेति। अत्र भावनाग्रन्थे समाधिशतकादिवत् पुनरुक्तदुषणं नास्ति इति। तदपि कस्मादिति चेत्। अर्थं पुनःपुनश्चिन्तनलक्षणमिति वचनादिति मत्वा प्रभाकरभट्टव्याजेन समस्तजनानां सुखबोधार्थं बहिरन्तःपरमात्मभेदेन तु त्रिविधात्मतत्त्वं बहुधाप्युक्तमिति भावार्थः। ।।२११।।

आगे श्रीयोगींद्रदेव उद्धतपनेका त्याग दिखलाते हैं–

## गाथा-२११

अन्वयार्थः- [यत्र] श्री योगींद्रदेव कहते हैं, अहो भव्यजीवो, इस ग्रंथमें [पुनरुक्तः] पुनरुक्तिका [गुणो दोषोऽपि] दोष भी [पंडितैः] आप पंडितजन [न ग्राह्यः] ग्रहण नहीं करें, और कवि-कलाका गुण भी न लें, क्योंकि [मया] मैंने [भट्टप्रभाकरकारणेन] प्रभाकरभट्टके संबोधनके लिए [पुनः पुनरपि प्रोक्तम्] वीतराग परमानंदरुप परमात्मतत्त्वका कथन बार-बार किया है।।

भावार्थः- इस शुद्धात्म-भावनाके ग्रंथमें पुनरुक्तका दोष नहीं लगता। समाधितंत्र ग्रंथकी तरह इस ग्रंथमें भी बार बार शुद्ध स्वरुपका ही कथन किया है, बारम्बार उसी अर्थका चिंतवन है, ऐसा जानकर इसका रहस्य (अभीप्राय) बार बार चिंतवना। प्रभाकरभट्टकी मुख्यताकर समस्त जीवोंको सुखसे प्रतिबोध होनेके लिये इस ग्रंथमें बार-बार बहिरात्मा अंतरात्मा और परमात्माका कथन किया है, ऐसा जानना।।२११।।

હવે, શ્રી યોગીન્દ્રદેવ ઉદ્ધતપણાનો પરિહાર કરે છેઃ-

ભાવાર્થઃ- (શુદ્ધ આત્માની) ભાવનાના આ ગ્રંથમાં, સમાધિશતક આદિ ગ્રંથની જેમ, પુનરુક્તિનો દોષ આવતો નથી, કારણ કે અર્થ વારંવાર ચિંતનસ્વરૂપ છે. '(અર્થનું ચિંતન વારંવાર કરવા યોગ્ય છે.)' એવું આગમનું વચન છે એમ જાણીને પ્રભાકરભટ્ટના બહાને સમસ્ત જનોને સુખથી બોધ થાય એ હેતુથી બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્માના ભેદથી ત્રણ પ્રકારના આત્મતત્ત્વનું અનેક પ્રકારે પણ કથન કરવામાં આવ્યું છે, એમ ભાવાર્થ છે. ૨૧૧.

**વીર સંવત ૨૫૦૨, જેઠ સુદ ૪, શનિવાર**
**તા. ૨૧-૦૫-૧૯૭૭, ગાથા-૨૧૧ થી ૨૧૩, પ્રવચન નં. ૨૪૪**

પરમાત્મપ્રકાશ. ૨૧૧ ગાથા. '**આગે શ્રી યોગીન્દ્રદેવ ઉદ્ધતપને કા ત્યાગ દિખલાતે હૈં-**' ૨૧૦ થઈ ગઈ છે કાલે.

३४२) इत्थु ण लेवउ पंडियहिँ गुण-दोसु वि पुणरुत्तु।
भट्ट-पभायर-कारणइँ मइँ पुणु पुणु वि पउत्तु।।२११।।

'**શ્રી યોગીન્દ્રદેવ કહતે હૈં, અહો ભવ્યજીવો, ઈસ ગ્રંથ મેં** '**पुनरुक्तः**' ફરી ફરીને કહ્યું હોય એ દોષ ન ગ્રહણ કરવો. ભાવનાનો ગ્રંથ છે. વારંવાર પરમાત્મપ્રકાશની વાત કરી છે, વારંવાર તો એવો પુનરુક્તપણે જે કહ્યું હોય ગુણ અને એની દોષ ન ગ્રહણ કરવો. '**આપ પંડિતજન ગ્રહણ નહીં કરેં,...**' પુનરુક્તના ગુણનું વારંવાર વર્ણન કર્યું, એનો દોષ પંડિત જ્ઞાનીજન ગ્રહણ નહિ કરે. '**ઔર કવિ-કલાકા ગુણ ભી ન લેં,...**' કવિ-કલાનો કોઈ ફેર હોય અંદર એ પણ વાત ન લક્ષમાં લે. '**મૈંને પ્રભાકરભટ્ટ કે સંબોધન કે લિયે...**' આ ગ્રંથ પ્રભાકર ભટ્ટ એમના શિષ્ય હતા, એમને સમજાવવા માટે. શું?

'**વીતરાગ પરમાનંદરૂપ પરમાત્મતત્ત્વકા...**' આ સમજાવું છે. આહાહા..! આ આત્મા વીતરાગ પરમાનંદરૂપ પરમાત્મતત્ત્વ છે. એનો સ્વભાવ જ પરમાત્મસ્વરૂપ છે. કેવો? કે '**વીતરાગ પરમાનંદરૂપ...**' રાગરહિત અને પરમાનંદસહિત એવું આ ચૈતન્યનું સ્વરૂપ છે. એને અહીંયાં પરમાત્મા કહેવામાં આવ્યું છે. આહાહા..! '**વીતરાગ પરમાનંદરૂપ પરમાત્મતત્ત્વ કા કથન બાર-બાર કિયા હૈ.**' ઘણીવાર આવ્યું.

'**ભાવાર્થ :- ઈસ શુદ્ધાત્મ-ભાવનાકે ગ્રંથ મેં...**' આ તો શુદ્ધાત્માની ભાવનાનો ગ્રંથ છે. આ કોઈ કથા-વાર્તા વાત નથી. ભગવાનઆત્મા શુદ્ધ આનંદઘન છે, એની વારંવાર ભાવના કરવી એવો આ ગ્રંથ છે. વારંવાર શુદ્ધ આત્મા પવિત્ર ભગવાન સ્વરૂપ, પૂર્ણાનંદ સ્વરૂપ, એને વારંવાર

એની ભાવના એ તરફની સન્મુખતાની એકાગ્રતા. એનો આ ગ્રંથ છે. આહાહા..! સારમાં સાર આ કહ્યું છે. અને કરવાનું હોય તો એ પુનરુક્ત દોષથી ભલે હો ભાષા પુનરુક્તિ પણ એ શુદ્ધાત્મતત્ત્વ, પરમાત્મતત્ત્વ, એની વારંવાર, એનું ચિંતવન થાય, એના તરફ લક્ષ જાય, એની ભાવના થાય, એનું વારંવાર સ્મરણ થાય એ માટે પરમાત્મપ્રકાશના વર્ણનમાં વારંવાર એ વાત આવી છે. આહાહા..! કરવાનું એ છે. બાકી બધી વાતું લાખ, કરોડ ગમે તે હો. 'લાખ વાતની વાત...' આવે છે ને છ ઢાળામાં. 'નિશ્ચય ઉર આણો. છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' દ્વંદ્વ નામ દ્વૈતને પણ છોડી દઈને, સંયોગી ચીજને છોડી દઈને, સંયોગી ભાવને પણ છોડી દઈને અને ગુણગુણીના ભેદના ભાવને પણ છોડી દઈને. આહાહા..!

નિજસ્વરૂપ ભગવાન વીતરાગ પરમાનંદ મૂર્તિ પ્રભુ છે. એની વારંવાર ભાવનાને માટે '**પુનરુક્તકા દોષ નહીં લગતા.**' વારંવાર ભાવનામાં એને પુનરુક્ત ફરી ફરીને કહેવું એ દોષ લાગતો નથી. કોની પેઠે? '**સમાધિતંત્ર ગ્રંથકી તરહ...**' સમાધિ છે ને તંત્ર? સમાધિશતક. એમાં એ થોડા શ્લોકો પણ વારંવાર આત્મા આત્મા પરમાત્મા એનું જ એમાં વર્ણન છે. તો એની પેઠે ભાવનાનો આ ગ્રંથ છે. '**બાર બાર શુદ્ધ સ્વરૂપ કા હી કથન કિયા હૈ,...**' કેમકે ગમે તેટલું સાંભળે, ગમે તેટલું જાણે પણ કરવાનું જે છે એ તો ત્રિકાળી શુદ્ધ ભગવાન સન્મુખ થવું છે. એ એનું કર્તવ્ય છે. એ કાર્ય કરવાનું છે. આહાહા..!

'**શુદ્ધ સ્વરૂપ કા કથન કિયા હૈ, બારમ્બાર ઉસી અર્થ કા ચિંતવન હૈ,...**' એ પદાર્થનું વારંવાર ચિંતવન, આનંદકંદ છે, જ્ઞાનકંદ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ, પૂર્ણ સ્વરૂપ. એનું વારંવાર ચિંતવન કરવા માટે વારંવાર કથન કરવામાં આવ્યું છે. '**ઐસા જાનકર ઈસકા અભિપ્રાય રહસ્ય બાર બાર ચિંતવના.**' આહાહા..! એનું રહસ્ય વારંવાર આ છે. એનો અભિપ્રાય વારંવાર જે કહ્યું છે એનો અર્થ એ ભગવાન શુદ્ધાત્મ સન્મુખ થવું. અને એનામાં લીન થવું એ માટે આ અભિપ્રાયથી આ રહસ્ય માટે આ વાત કરી છે. આહાહા..! લોકો કહે છે ને કે અમારે પહેલું શું કરવું? કે પહેલું પણ આ અને પછી પણ આ. કરવાનું આ છે. આહાહા..! રાગ અને દ્વેષાદિ હો, પણ કરવાનું તો આ છે. ઉપદેશનો પણ વિકલ્પ આવે, પણ એ કાંઈ કર્તવ્ય તરીકે એ મુખ્ય નથી. એ તો આવે તે અંદરથી. આહાહા..! સમજાણું? એનું કર્તવ્ય તો શુદ્ધચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદ એ પરમાત્મસ્વરૂપ જ છે. તેની ભાવના, એની ચિંતવના, એની સન્મુખતા એ કર્તવ્ય છે. લ્યો! દુનિયાને સમજાવતા આવડે માટે શીખવું. દુનિયાને સમજાવતા આવડે માટે કાંઈક ધારવી વાત. શાસ્ત્રને ધારી રાખવી જેથી કહેતા આવડે જગતને. એવું કોઈ રહસ્ય અહીંયાં છે નહિ કહે છે. આહાહા..! એવો અભિપ્રાય અહીં નથી. આહાહા..!

'**પ્રભાકર ભટ્ટકી મુખ્યતાકર...**' એમના શિષ્યની મુખ્યતા લઈને '**સમસ્ત સુખ સે પ્રતિબોધ હોને કે લિયે...**' સહજપણે સરળપણે જેવી રીતે ઝટ સમજાય એ રીતે '**સુખ સે પ્રતિબોધ હોને કે લિયે...**' એને સ્વરૂપ સન્મુખ થવાય એવી સીધી વાત સરળપણે વાત કરી છે.

આહાહા..! દુનિયા માનતા આવડે કે ન આવડે દુનિયાને મનાવતા. એની વ્યાખ્યા કરતા આવડે કે ન આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..!

'**ઈસ ગ્રંથ મેં બાર-બાર બહિરાત્મા અંતરાત્મા ઔર પરમાત્માકા કથન કિયા હૈ,...**' લ્યો. શરૂઆત કરી હતી એ પૂરું કર્યું. વારંવાર બહિરાત્મા, એટલે કે જે આત્માના વાસ્તવિક ત્રિકાળી અસલી સ્વભાવમાં પુણ્ય અને પાપ અને તેના ફળ એ વસ્તુમાં નથી. એને પોતાના માનવા એ બહિરાત્મા છે. શુભ અને અશુભભાવ અને એના ફળ તરીકે મળેલી અનુકૂળ-પ્રતિકુળ સામગ્રી એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! એથી જે સ્વરૂપમાં નથી તેને પોતાનું માનવું, અહીં તો કહે છે કે પુણ્ય પરિણામ પણ સ્વરૂપમાં નથી, એને પોતાના માનવા એ બહિરાત્મા છે એમ કહે છે અહીં તો. લ્યો! શાસ્ત્રમાં ક્યાંક એવું આવે વ્યવહાર સાધન છે, વ્યવહાર કારણ છે. એટલે એ આવે ક્યાંય કથન ભલે. આહાહા..! પણ એ રાગ છે એ મારી ચીજ છે, જેની ચીજમાં નથી એ જ મારી ચીજ છે, વ્યવહારનો વિકલ્પ રાગ એ તો સ્વરૂપમાં છે નહિ. આહાહા..!

જે સ્વરૂપમાં નથી તેને પોતાનું માનવું એનું નામ બહિરાત્મા, બાહ્યની ચીજ જે અંદરમાં નથી એને પોતાની માનવી એનું નામ બહિરાત્મા. આહાહા..! આમાં તો વ્યવહારને પોતાનો માનવો એ બહિરાત્મા એમ લખે છે. આહાહા..! વ્યવહાર ક્યો? આ બાયડી, છોકરા ને કુટુંબ એ વ્યવહારની વાત નથી અહીં. આહાહા..! અહીંયાં તો અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ અને ગુણ ગુણી ભેદનો વિકલ્પ ઉઠે એ વ્યવહાર સ્વરૂપમાં નથી. સ્વરૂપ તો ચિદ્‌ઘન, જ્ઞાન રસકંદ, નિત્યાનંદ, અનાદિ અનંત શાશ્વત વસ્તુ એમાં એ ચીજ નથી એને પોતાની માનવી બહિરાત્મા. જેવી ચીજ છે તેવી માનવી એનું નામ અંતરાત્મા. આહાહા..! અને જેવી ચીજ છે તેવી પર્યાયમાં પ્રગટ થવી એ પરમાત્મા. આ ત્રણની વ્યાખ્યા આ. આહાહા..! જે ભગવાનઆત્માના સ્વરૂપમાં શુભ-અશુભ વિકલ્પો નથી, કર્મ નથી, શરીર નથી, પરવસ્તુ, દેશ નથી, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ નથી એની ચીજમાં તો. આહાહા..! જે નથી તે બહિર્ છે. અને એ બહિર્ ચીજને અંતરાત્મામાં માનવી એનું નામ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. અને જે અંતરાત્મા જેમાં ચીજ છે જ્ઞાન, આનંદ, શાંતિ આદિ વસ્તુ છે. પુણ્ય-પાપ નથી એ રીતે અંતરમાં જે ચીજ છે તેને તે રીતે સ્વીકારવી, અનુમોદવી એનું નામ અંતરાત્મા સાધકજીવ કહેવામાં આવે છે. બહિરાત્મા બાધક જીવ, રખડાનારો કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને પરમાત્મા. એની શક્તિ પરમાત્મ સ્વરૂપ છે. એની પ્રગટદશા પરમાત્માને બતાવવા માટે આ બધી વાત છે. આહાહા..! એનું કથન કર્યું. '**ઐસા જાનના.**' એ એવું આ જાણવું ત્રણનું.

હવે આમાં તો વ્યવહાર છે એ પોતાનો માનવો એ તો બહિરાત્મા છે એમ કીધું આમાં. ચેતનજી! બધા વ્યવહારથી થાય મોટી તકરાર વાંધા એ છે પંડિતોમાં. સોનગઢની સામે. અહીં તો કહે છે કે જે ચીજ તારામાં નથી અને જે ચીજ નીકળી જાય છે એ તારામાં નથી. નીકળી જાય એને પોતાની માનવી એનું નામ જ બહિરાત્મા અને મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! નીકળી જાય છે, તેને પોતાની ન માનવી અને જે નીકળી જાતું નથી એવું સ્વરૂપ એનું ત્રિકાળી છે. એવું એને માનવું

અંતરમાં અનુભવવું એનું નામ અંતરાત્મા છે. વાત તો સાદી ભાષામાં છે. આહાહા..! અને જેવું એનું અંતર સ્વરૂપ છે વિકાર વિનાનું અને પૂર્ણ એવું એની દશામાં પ્રગટ થઈ જવું એનું નામ પરમાત્મા છે. પ્રવિણભાઈ! આ તો સીધી વાત છે. હિંમતભાઈ નથી આવ્યા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. ઠીક. રાતે બધા ભેગા થયા છે. ... ઘણા ગયા છે. રમેશભાઈને એ બધા ગયા છે.

---

ગાથા-૨૧૨

अथ–

३४३) जं मइँ किं पि विजंपियउ जुत्ताजुत्तु वि इत्थु।
तं वर–णाणि खमंतु महु जे बुज्झहिँ परमत्थु।।२१२।।

यन्मया किमपि विजल्पितं युक्तायुक्तमपि अत्र।
तद् वरज्ञानिनः क्षाम्यन्तु मम ये बुध्यन्ते परमार्थम्।।२१२।।

जं इत्यादि। मइं कि पि विजंपियउ यन्मया किमपि जल्पितम्। किं जुत्ताजुत्तु वि शब्दविषये अर्थविषये वा युक्तायुक्तमपि इत्थु अत्र परमात्मप्रकाशभिधानग्रन्थे खमंतु क्षमां कुर्वन्तु। किं तत्। पूर्वोक्तदूषणम्। के। वर–णाणि वीतरागनिर्विकल्पस्वसंवेदन–ज्ञानयुक्ता विशिष्टज्ञानिनः। कस्य। महु मम योगीन्द्रदेवाभिधानस्य। कथंभूता ये ज्ञानिनः जे बुज्झहिं ये केचन बुध्यन्ते जानन्ति। कम्। परमत्थु रागादिदोषरहितमनन्तज्ञानदर्शन–सुखवीर्यसहितं च परमार्थशब्दवाच्यं शुद्धात्मानमिति भावार्थः।।२१२।। इति सूत्रत्रयेण सप्तममन्तरस्थलं गतम्। एवंसप्तभिरन्तस्थलैश्चतुर्विंशतिसूत्रप्रमितं महास्थलं समाप्तम्।

---

आगे श्रीयोगीन्द्राचार्य ज्ञानीजनोंसे प्रार्थना करते हैं, कि मैंने जो किसी जगह छंद अलंकारादिमें युक्त–अयुक्त कहा हो, तो उसे पंडितजन परमार्थके जाननेवाले मुझ पर क्षमा करें–

गाथा–२१२

अन्वयार्थः– [अत्र] इस ग्रंथमें [यत्] जो [मया] मैंने [किमपि] कुछ भी [युक्तायुक्तमपि विजल्पितं] युक्त अथवा अयुक्त शब्द कहा होवे, तो [तत्] उसे [ये वरज्ञानिनः] जो महान् ज्ञानके धारक [परमार्थम्] परम अर्थको [बुध्यंते] जानते हैं, वे पंडितजन [मम क्षाम्यंतु] मेरे ऊपर क्षमा करें।

भावार्थः– मेरी छद्मस्थकी बुद्धि है, जो कदाचित् मैंने शब्दमें, अर्थमें, तथा छंद अलंकारमें, अयुक्त कहा हो, वह मेरा दोष क्षमा करो, सुधार लो, जो विवेकी परम अर्थको अच्छी तरह जानते हैं, वे मुझ पर कृपा करो, मेरा दोष न लो। यह प्रार्थना

योगीन्द्राचार्यने महामुनियोंसे की। जो महामुनि अपने शुद्ध स्वरुपको अच्छी तरह अपनेमें जानते हैं। जो निजस्वरुप रागादि देष रहित अनंतदर्शन, अनंतसुख, अनंतवीर्यकर सहित हैं, ऐसे अपने स्वरुपको अपनेमें ही देखते हैं, जानते हैं, और अनुभवते हैं, वे ही इस ग्रंथके सुननेके योग्य हैं, और सुधारनेके योग्य हैं।।२१२।।

इसप्रकार तीन दोहोंमें सातवाँ अंतरस्थल कहा। इस तरह चौबीस दोहोंका महास्थल पूर्ण हुआ।

---

વળી, હવે શ્રી યોગીન્દ્રાચાર્ય જ્ઞાની જનોને પ્રાર્થના કરે છે કે મેં કોઈ જગ્યાએ છંદ, અલંકાર આદિમાં યોગ્ય, અયોગ્ય કહ્યું હોય તો તેના-પરમાર્થના જાણનાર પંડિતજન મને ક્ષમા કરે :-

ભાવાર્થઃ- પરમાત્મપ્રકાશ નામના ગ્રંથમાં શબ્દના વિષયમાં કે અર્થના વિષયમાં જે કાંઈ મારાથી યુક્ત કે અયુક્ત કહેવાયું હોય તે પૂર્વોક્ત દોષની, વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપજ્ઞાનથી યુક્ત વિશિષ્ટ જ્ઞાનીઓ-કે જેઓ રાગાદિ દોષ રહિત અને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યથી યુક્ત, 'પરમાર્થ' શબ્દથી વાચ્ય એવા શુદ્ધ આત્માને જાણે છે તેઓ-યોગીન્દ્રદેવ જેનું નામ છે એવા મને ક્ષમા કરે, એ ભાવાર્થ છે. ૨૧૨.

એ પ્રમાણે ત્રણ ગાથાસૂત્રથી સાતમું અન્તરસ્થળ સમાપ્ત થયું. એ પ્રમાણે સાત અન્તરસ્થળોથી ચોવીસ સૂત્રોનું મહાસ્થળ સમાપ્ત થયું.

---

## ગાથા-૨૧૨ ઉપર પ્રવચન

'આગે શ્રી યોગીન્દ્રાચાર્ય જ્ઞાનીજનોં સે પ્રાર્થના કરતે હૈં,...' ૨૧૨.

३४३) जं मइँ किं पि विजंपियउ जुत्ताजुत्तु वि इत्थु।
तं वर-णाणि खमंतु महु जे बुज्झहिँ परमत्थु।।२१२।।

આહાહા..! કહે છે '**કિ મૈંને જો કિસી જગહ છંદ અલંકારાદિ મેં યુક્ત-અયુક્ત કહા હો,...**' યુક્ત અને અયુક્ત કહ્યું હોય. કોઈ છંદ અલંકારાદિનો ફેર પડ્યો હોય લ્યો. એમ અહીં કહે છે ને કુંદકુંદાચાર્ય. '**छलं न धेतव्य**' વ્યાકરણની વિધિની રીતમાં કોઈ ક્યાંય ફેર તને લાગતો હોય તું જાણતો હો તો પણ એ ગ્રહણ ન કરવું. અંતર સ્વરૂપ શું છે એને પચાવવું, એને અંતર ગ્રહણ કરવું એ વાત મુખ્ય છે. અલંકાર ને કવિના એના ઘણા હોય બાપુ! હવે એ કાંઈ જ્ઞાનનો પાર નથી.

'**તો ઉસે પંડિતજન પરમાર્થ કે જાનનેવાલે...**' પણ એ હો. પંડિતજન. પરમાર્થના જાણવાવાળા '**મુજ પર ક્ષમા કરે.**' આહાહા..! આટલું કહીને એટલું કહે મને ક્ષમા કર બાપુ! આહાહા..! વિકલ્પમાં કોઈ અલંકારમાં, વિભક્તિ આદિમાં, સંસ્કૃત, વ્યાકરણમાં, કવિ-કળાના

શબ્દોમાં એના ફેરફાર કોઈ હોય તો પંડિતજનો, જ્ઞાની જનો ક્ષમા કરજો. હું છદ્મસ્થ છું એવું કોઈ કવિ આદિ કે વિભક્તિ કે વ્યાકરણના નિયમમાં છદ્મસ્થ છું, ફેરફાર આવી જાય. આહાહા..! મૂળ તત્ત્વમાં નહિ. આવી વાતમાં આવે તો ક્ષમા કરજો. છોડી દેજો. વિશેષ તમને જ્ઞાન હોય, તો એમ તમને લાગે કે આ કવિતમાં આટલા અક્ષર જોઈએ અને એ અક્ષરમાં કાનોમાત્ર આટલા જોઈએ. એમાં ક્યાંય કાનો માત્ર વધી ગયો હોય તો માફ કરજો. પંડિતજનો માફ કરજો હોં. સાધારણ અજ્ઞાનીની અહીં વાત નહિ. આહાહા..!

'**અન્વયાર્થ :- ઈસ ગ્રંથમેં જો મૈનેં કુછ ભી યુક્ત અથવા અયુક્ત શબ્દ કહા હોવે,...**' હવે આમાંથી પણ પાછા કોઈ દોષ કાઢે. કોઈ એમ કહે કે આત્મા તો કાંઈ શબ્દ કહી શકતો નથી અને આ તો એમ કહે છે કે યુક્ત-અયુક્ત મેં કહ્યું. જુઓ કાઢે છે ને એ 'વોચ્છામી સમયપાહુડં' કુંદકુંદાચાર્ય એમ કહે છે કે હું સમયપ્રાભૃત કહીશ. તમે કહો કે આત્મા ભાષા કરી શકે નહિ. ભાઈ! એ તો કઈ અપેક્ષાએ કહે છે. અસદ્‌ભૂતવ્યવહારનયથી કથન છે. અસદ્‌ભૂતવ્યવહારનયનું કથન છે. એમ આ યુક્ત-અયુક્ત મેં કહ્યું છે એ પણ અસદ્‌ભૂતવ્યવહારનયનું કથન છે. કહ્યું છે એ ઉપર જોર નથી, અંદરમાં કોઈ ફેરફાર કવિત, કળા કે અક્ષર માત્રામાં ફેર હોય તો એ જતું કરજો એ વાત છે. આહાહા..!

'**યુક્ત અથવા અયુક્ત શબ્દ કહા હોવે,...**' એમ છે ને? '**युक्तायुक्तमपि विजल्पितं**' એમ છે. એમ ભાષા અથવા એવો કોઈ ભાવ આવી ગયો હોય વ્યાકરણ, સંસ્કૃત આદિનો એમ. '**તો ઉસે જો મહાન જ્ઞાનકે ધારક...**' '**वरज्ञानिनः**' સાધારણ નહિ. મહાનજ્ઞાનને ધરનારા '**પરમ અર્થ કો જાનતે હૈં,...**' જે કોઈ પરમ પદાર્થ ભગવાનઆત્માને જાણે છે એને માટે. આહાહા..! '**परमार्थम्**' '**પરમ અર્થ કો જાનતે હૈં, વે પંડિતજન**' '**मम क्षाम्यंतु**' '**મેરે ઊપર ક્ષમા કરેં.**' આહાહા..!

'**ભાવાર્થ:- મેરી છદ્મસ્થકી બુદ્ધિ હૈ,...**' આખું પરમાત્મપ્રકાશ કહીને નિર્માનતા બતાવે છે. આહાહા..! '**મેરી છદ્મસ્થકી બુદ્ધિ હૈ, જો કદાચિત્ મૈંને શબ્દ મેં,...** ' છે? '**શબ્દ મેં,...**' હોં. એના '**અર્થ મેં, છંદ અલંકાર મેં, અયુક્ત કહા હો, વહ મેરા દોષ ક્ષમા કરો, સુધાર લો,...**' આહાહા..! અહીં તો અનુભવની પ્રધાનતા છે, શબ્દોની શૈલીની પ્રધાનતા નથી. આહાહા..! કેમ બહુ આમ લડાવતા આવડ્યું ભાષા ને શાર્દૂલ ને ઊપજાતિ ને કવિત ને એની કાંઈ આમાં મુખ્યતા નથી. અંદર ભગવાનઆત્મા અજાણ્યો અનાદિ(થી) રહ્યો છે એને જાણીતો કરીને અનુભવવો. પરના જાણપણામાં રોકાઈ ને પોતાનું જાણપણું કર્યું નથી. પર જે વસ્તુ છે જે તારામાં નથી અને તને સંબંધ પણ નથી તેના જ્ઞાનમાં રોકાઈને અને જે તારું સ્વરૂપ છે તેનું જ્ઞાન તે કર્યું નથી. એ જ્ઞાન કરાવવાને માટે આ બધી વાત છે. શબ્દોની અંદરમાં ફેરફારો હોય એની અહીંયાં મુખ્યતા નથી. આહાહા..!

'**સુધાર લો,...**' ભૂલ ક્ષમા કરો અને સુધારી લ્યો. આહાહા..! કોઈ ભાષામાં અક્ષર. ગદ્ય છે

ને આ પદ્ય પદ્ય. ગાથાઓના કોઈ અક્ષરમાં. આહાહા..! '**જો વિવેકી પરમ અર્થ કો અચ્છી તરહ જાનતે હૈં,...**' પણ આ બે શબ્દનું વજન છે. એક તો વિવેકી છે, રાગથી ભિન્ન પડેલો છે અને પરમ અર્થને જાણનારો છે. આહાહા..! એવા વિવેકીએ સુધારી લેવું એના માટે વાત કરી. અજ્ઞાનીઓ જેને આત્માની ખબર નથી અને પછી વ્યાકરણ આદિના ભણેલા એ દોષ કાઢે, તો એના માટે અમે કહેતા નથી. આહાહા..!

'**વિવેકી પરમ અર્થ કો અચ્છીતરહ જાનતે હૈં,...**' પરમ પદાર્થ પ્રભુ આત્મા, આનંદની મૂર્તિ પ્રભુ અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એવું જેને જ્ઞાન છે, પરમાર્થને પરમપદાર્થને જાણે છે. એવા જ્ઞાનીઓ '**વે મુજ પર કૃપા કરો,...**' આહાહા..! '**વે મુજ પર કૃપા કરો.**' આહાહા..! પદ્મનંદીમાં પણ કહ્યું ને. બ્રહ્મચર્યની વ્યાખ્યા બહુ કરી પદ્મનંદી આચાર્યે. બ્રહ્મા નામ બ્રહ્મ ભગવાનઆત્મા. બ્રહ્મસ્વરૂપ આનંદ એમાં ચરવું, રમવું એ બ્રહ્મચર્ય છે. આ બધા વિષય, વાસનાના વિકલ્પો ને ઝેર જેવા દુઃખની ખાણ. આહાહા..! એને છોડ. આત્મા આનંદનો નાથ પ્રભુ એમાં ચરને, રમને એવી ઘણી વ્યાખ્યા કરી.

પછી છેલ્લે કહ્યું, હે યુવાનો! તમારા શરીર યુવાન ફાટેલા દેખાય, અલમસ્ત ખાવે પીવે ને દેખાય. આહાહા..! ચાલતા જમીન ધ્રુજે ધમ... ધમ... ધમ.. ધમ... યુવાન હોય તો. એવા યુવાનોને આ વાત ન રુચે કદાચિત. તો હું તો મુનિ છું, મને ક્ષમા કરજો. આહાહા..! કારણ કે તમારા શરીર યુવાન ફાટલા, ફાટેલા હોય, શેર શેર મેસુબ ચડાવી જતા હોય, આહાહા..! ઓ.... એમ ખાઈ-પીને ઉઠે ને જાણે કે ઓહોહો..! સાંઢડા જેવા શરીર યુવાન ૨૫ ૩૦-૩૦ વર્ષની ઉંમરું અને આ બ્રહ્મચર્યની વાત કરી મેં. એ બ્રહ્મચર્ય શરીરથી પાળવું એ નહિ. બ્રહ્મ નામ આનંદનો નાથ ભગવાનઆત્મા બ્રહ્મ સ્વરૂપ પ્રભુ આનંદ સ્વરૂપમાં ચરવું, અંદર રમવું. એને અમે બ્રહ્મચર્ય, ધર્માત્મા, આનંદ આત્મા એને કહીએ છીએ. આહા! એવી બ્રહ્મચર્યની વાત અમે અંતરમાં સ્વરૂપમાં રમવાની વાત કરી તેને બ્રહ્મચર્ય કહીએ. એ હે જુવાનો! તમારી જુવાન અવસ્થામાં ફાટલા શરીર, પાંચ, પચ્ચીસ લાખની મૂડી હોય, બાપને એકનો એક દીકરો હોય અને ફુલીફાલીને કરતો હોય અને તમને આ ન રુચે અમારી વાત. આહાહા..! ક્ષમા કરજો. આહાહા..! મુનિરાજ એમ કહે છે. ભાવલિંગી સંત આનંદમાં ઝૂલનારા. આહાહા..! પ્રભુ! સત્ય તો આ છે, એ ક્ષમા કરજો અંદર નોંધુ છે. આહાહા..! પછી વિશેષ શું કહીએ? આહાહા..!

જેને આમ મોક્ષ તો આમ હથેળીમાં છે અલ્પકાળમાં. આહાહા..! એવા અતીન્દ્રિય આનંદમાં રમનારાઓ અંદરમાં એ કહે છે કે અમે બ્રહ્મચર્યની વ્યાખ્યાઓ કરી, પ્રભુ! જુવાનોને ન ગોઠે તો અમે તો મુનિ છીએ ક્ષમા કરજો. આ યોગીન્દ્રદેવ કહે છે કે અમે તો આત્માના આનંદની વાત કરી છે બાપુ. આત્મા આનંદસ્વરૂપ છે તેમાં રમવું એની પરમાત્મપ્રકાશ તો એનું નામ છે. આહાહા..! એ વાત અમે ઘણીવાર કરી. એ તમને વારંવાર વાત કરી ન ગોઠતી હોય તો પંડિતજનો તે સુધારીને કરજો. કોઈ વ્યાકરણ આદિના ફેરફાર હોય તો ફેરવી લેજો, મારા ઉપર ક્ષમા કરજો. આહાહા..! હું

છદ્મસ્થ છું એમ કહે છે. આહાહા..!

મારી છદ્મસ્થની બુદ્ધિ છે. એમ લખ્યું ને? 'મેરી છદ્મસ્થકી બુદ્ધિ હૈ.' આહાહા..! માટે '**યહ પ્રાર્થના યોગીન્દ્રાચાર્યને મહામુનિયોં સે કી.**' પછી એમ કહે છે જુઓ સાધારણ અજ્ઞાની જાણતો હોય તો એમ કહ્યું વાતું વાતું. એને માટે વાત નથી. આહાહા..! મહામુનિયોને. '**જો મહામુનિ અપને શુદ્ધ સ્વરૂપ કો અચ્છી તરહ અપને મેં જાનતે હૈં.**' મુનિ તો એને કહીએ કે આનંદનો નાથ પ્રભુ અંદર અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાનઆત્મા અંદર ભર્યો છે આ પ્રભુ. એને ઇન્દ્રિયના સુખ છે એ તો ઝેર જેવા છે. આહાહા..! કડવી દવા જેમ પીવે અને જેમ મોઢું સરખું ન રહે. આમ ચડી જાય. બહુ કડવું. બહુ કડવું. એક દવા એવી આવે છે આ કમળા ઉપર. કમળો થાય છે ને કમળો. એમાં એક દવા એવી આવે છે દેશી. કે કૂતરાની વિષ્ટા ગંધાય એથી પણ ગંધાય. એવી દવા આવે છે. દેશી દવા હોં. એવી ગંધાય.. એવી ગંધાય... કૂતરાની વિષ્ટા ગંધાય એથી વધારે. એમ ઓલા કમળો હોય એને તો દેવી પડે. પણ એ ઝેર પીતા જેવું એને લાગે. આહાહા..! વૈદ બતાવે દેશી વૈદ્ય. દેશી વૈદ બતાવે એ કે આ દવા છે. અને એ દવા આવે ત્યાં ગંધ મારે. કૂતરાની વિષ્ટા જેવી. પ્રેમથી પીવે છે એ? આહાહા..! એમ કહે છે કે જેને આત્માના આનંદના રસ આવ્યા છે, જેને બ્રહ્મરસ ચડ્યો છે જેને. આહાહા..! એને આ વિષયના રસ એ કૂતરાની વિષ્ટાની ગંધ મારે એથી વધારે ગંધ મારે એવી ચીજ છે. આહાહા..!

તો અમારો અહીંયાં અભિપ્રાય તો પરમાનંદ પ્રભુ આત્મા છે તેમાં લઈ જવાને ભાવના કરવાનો ગ્રંથ છે આ તો. બીજી આડીઅવળી વાત કોઈ વધારે કહેવાઈ ગઈ હોય અને જે છે મૂળ વાત એ પણ બહુવાર કહેવાણી હોય, તો ક્ષમા કરજે. આહાહા..! છેલ્લી ગાથાઓ છે ને? આહાહા..! જુઓ આ દિગંબર સંતો! આહાહા..! વનના વાઘ જેમ પડ્યા હોય અંદરમાં, આનંદની થાપુ મારીને રાગને તોડી નાખે અંદરથી. આહાહા..! છદ્મસ્થ હોવા છતાં એ આનંદના કંદમાં પ્રભુ ઝૂલે છે. એ એને પરમાત્મપ્રકાશ કહ્યો. કેટલી ગાથાઓ થઈ નહિ? ૨૧૪ તો આ છે. અને પહેલી? પહેલી કેટલી છે? પહેલા અધ્યાયની. ૧૨૩ થોડીક અંદર છે બીજી નાખેલી. ૧૨૩ અને આ ૨૧૪ કેટલી થઈ? ૩૩૮ થઈ. આહાહા..! એ આમાં લખ્યું હશે પાછળ. લખ્યું છે જુઓ. '**ત્રણ પ્રેક્ષક સહિત (૧૨૬) દોહા**' ત્રણ પ્રેક્ષક કરીને ૧૨૬ છે. '**એકસો ચોદહ ૧૧૪ તથા ૫ પ્રક્ષેપક સહિત ૧૧૧ દોહોં મેં દૂસરા મહાઅધિકાર કહા.**' ૧૧૪ નહિ ૨૧૪ જોઈએ. અને '**એકસો સાત ૧૦૭ દોહોં મેં તીસરા મહા અધિકાર કહા. પ્રક્ષેપક ઔર અંત કે દો છંદ ઉન સહિત તીનસૌ પૈંતાલીસ ૩૪૫...**' લ્યો! ૩૪૫ દોહા કીધા પરમાત્મપ્રકાશ છે ને છેલ્લે?

'**મહામુનિ અપને શુદ્ધસ્વરૂપ કો અચ્છી તરહ અપને મેં જાનતે હૈં.**' આ મુનિ. એવા મુનિને અહીં પ્રાર્થના કરે છે. જેને આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય. એનું જેને સ્વજ્ઞેયનું જ્ઞાન અને સ્વજ્ઞેયના આનંદનું વેદન. આહાહા..! એવી જેની દશા છે તેને અહીંયાં મુનિ કહે છે. અહીંયાં તો બહારમાં ફેરફાર ઘણો થઈ ગયો. '**જો નિજસ્વરૂપ રાગાદિ દ્વેષ રહિત...** ' આહાહા..!

**'અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્યકર સહિત હૈં,...'** એવું જે ભગવાનઆત્માનું વાસ્તવિક સ્વરૂપ જેમ એ આત્મા અનાદિ અનંત શાશ્વત છે તેમ તેની શક્તિઓ સ્વભાવ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંતસુખ, અનંતવીર્ય શાશ્વત છે. એવો એ ભગવાનઆત્મા છે અંદર. આહાહા..!

**'ઐસે અપને સ્વરૂપ કો અપનેમેં હી દેખતે હૈં,...'** એવું પોતાનું જે સ્વરૂપ છે એ પોતામાં જ દેખે છે. પોતાનું સ્વરૂપ પોતામાં દેખે છે એમ કહે છે. આહાહા..! પરને જાણે દેખવા મૂકવાની વાત પડી રહી. આહાહા..! જે અનંત જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્ય પ્રભુ બળ એવું જે સ્વરૂપ પોતાનું આ આત્માનું છે. જે કોઈ પોતે એને પોતામાં પોતાને દેખે અને જાણે છે, પોતાને પોતામાં એવા સ્વરૂપને દેખે અને જાણે છે. આહાહા..! **'અપનેમેં હી દેખતા હૈં, જાનતે હૈં, ઔર અનુભવતે હૈં,...'** ત્રણ લઈ લીધું.

**'વે હી ઈસ ગ્રંથકે સુનને કે યોગ્ય હૈં,...'** આહાહા..! મૂળ તો કહેવું છે કે **'ઔર સુધારને કે યોગ્ય હૈં.'** આ ગ્રંથને સુધારવાને એ યોગ્ય છે એમ કહ્યું. સાંભળવાને લાયક તો ન કહેવાય. છે ને અંદર? આ ગ્રંથમાં કોઈ ભૂલ હોય તો આવા જ્ઞાનીઓ **'સુધારને કે યોગ્ય હૈં.'** આહાહા..! ૨૧૨ થઈ.

---

## ગાથા-૨૧૩

अथैकवृत्तेन प्रोत्साहनार्थं पुनरपि फलं दर्शयति-

३४४) जं तत्तं णाण-रुवं परम-मुणि-गणा णिच्च झायंति चित्ते
जं तत्तं देह-चत्तं णिवसइ भुवणे सव्व-देहीण देहे।
जं तत्तं दिव्व-देहं तिहुविण-गुरुगं सिज्झए संत-जीवे।
जं तत्तं जस्स सुद्धं फुरइ णिय-मणे पावए सो हि सिद्धिं।।२१३।।

यत् तत्त्वं ज्ञानरुपं परममुनिगणा नित्यं ध्यायन्ति चित्ते
यत् तत्त्वं देहत्यक्तं निवसति भुवने सर्वदेहिनां देहे।
यत् तत्त्वं दिव्यदेहं त्रिभुवनगुरुकं सिध्यति शान्तजीवे
तत् तत्त्वं यस्य शुद्धं स्फुरति निजमनसि प्राप्नोति स हि सिद्धिम्।।२१३।।

पावए सो प्राप्नोति स हि स्फुटम्। काम्। सिद्धिं मुक्तिम्। यस्य किम्। जस्स णिय-मणे फुरइ यस्य निजमनसि स्फुरति प्रतिभाति। किं कर्मतापन्नम्। तं तत्तं तत्तत्त्वम्। कथंभूतम्। शुद्धं रागादिरहितम्। पुनरपि कथंभूतं यत्। जं तत्तं णाण-रुवं यदात्मतत्त्वं ज्ञानरुपम्। पुनरपि किंविशिष्टं यत्। णिच्च झायंति नित्यं ध्यायन्ति। क्व चित्त मनसि। के ध्यायन्ति। परम-मुणि-गणा परममुनिसमूहाः। पुनरपि किंविशिष्टं यत्। जं तत्तं देह-चत्तं यत्परमात्मतत्त्वं देहत्यक्तं देहाद्भिन्नम्। पुनरपि कथंभूतं यत्। णिवसइ निवसति। क्व। भुवणे सव्व-देहीण देहे त्रिभुवने सर्वदेहिनां संसारिणां देहे। पुनरपि कीदृशं यत्। जं तत्ते

दिव्व-देहं यत् शुद्धात्मतत्त्वं दिव्यदेहं दिव्यं केवलज्ञानादिशरीरम्। शरीरमिति कोऽर्थः। स्वरुपम्। पुनश्च कीदृशं यत्। तिहुयण-गुरुगं अव्याबाधानन्तसुखादिगुणेन त्रिभुवनादपि गुरुं पूज्यमिति त्रिभुवनगुरुकम्। पुनरपि किंरुपं यत्। सिज्झए सिद्धयति निष्पत्तिं याति। क्व। संत-जीवे ख्यातिपूजालाभादिसमस्तमनोरथविकल्पजालरहितत्वेन परमोपशान्त जीवस्वरुपे इत्यभिप्रायः।।२१३।।

आगे एक स्त्रग्धरा नामके छंदमें फिर भी इस ग्रंथके पढ़नेका फल कहते हैं-

गाथा-२१३

अन्वयार्थः- [तत्] वह [तत्त्वं] निज आत्म-तत्त्व [यस्य निजमनसि] जिसके मनमें [स्फुरति] प्रकाशमान हो जाता है, [स हि] वह ही साधु [सिद्धिम् प्राप्नोति] सिद्धिको पाता है। कैसा है, वह तत्त्व? जो कि [शुद्धं] रागादि मल रहित है, [ज्ञानरुपं] और ज्ञानरुप है, जिसको [परममुनिगणाः] परममुनिश्वर [नित्यं] सदा [चित्ते ध्यायंति] अपने चित्तमें ध्याते हैं, [यत् तत्त्वं] जो तत्त्व [भुवने] इस लोकमें [सर्वदेहिनां देहे] सब प्राणियोंके शरीरमें [निवसति] मौजूद है, [देहत्यक्तं] और आप देहसे रहित है, [यत् तत्त्वं] जो तत्त्व [दिव्यदेहं] केवलज्ञान और आनंदरुप अनुपम देहको धारण करता है, [त्रिभुवनगुरुकं] तीन भुवनमें श्रेष्ठ है, [शांतजीवे सिध्यति] जिसको आराधकर शांतपरिणामी संतपुरुष सिद्धपद पाते हैं।

भावार्थः- ऐसा वह चैतन्यतत्त्व जिसके चित्तमें प्रगट हुआ है, वही साधु सिद्धिको पाता है। अव्याबाध अनंतसुख आदि गुणोंकर वह तत्त्व तीन लोकका गुरु है, संतपुरुषोंके ही हृदयमें वह तत्त्व सिद्ध होता है। कैसे हैं संत? जो अपनी बड़ाई, अपनी प्रतिष्ठा और लाभादि समस्त मनोरथों और विकल्पजालोंसे रहित हैं, जिन्होंने अपना स्वरुप परमशांतभावरुप पा लिया है।।२१३।।

હવે, એક સ્ત્રગ્ધરા નામના છંદથી પ્રોત્સાહન અર્થે ફરીને પણ (આ ગ્રંથને ભણવાનું) ફળ કહે છે :-

ભાવાર્થઃ- જે આત્મતત્ત્વ જ્ઞાનરૂપ છે, જેનું પરમમુનિગણો ચિત્તમાં નિરંતર ધ્યાન કરે છે, જે પરમાત્મતત્ત્વ દેહથી ભિન્ન છે અને ત્રણલોકમાં સર્વ સંસારી પ્રાણીઓના દેહમાં રહે છે, જે શુદ્ધાત્મતત્ત્વ દિવ્યદેહ છે-કેવલજ્ઞાનાદિ શરીર છે-દિવ્ય અર્થાત્ કેવળજ્ઞાનાદિ, શરીર અર્થાત્ સ્વરૂપ છે, જે તત્ત્વ અવ્યાબાધ, અનંત સુખાદિ ગુણોથી ત્રણ લોકથી પણ ગુરુ છે-પૂજ્ય છે અને જે તત્ત્વ ખ્યાતિ, પૂજા, લાભ આદિથી માંડીને સમસ્ત મનોરથરૂપ વિકલ્પજાળથી રહિત હોવાને લીધે પરમશાંતજીવસ્વરૂપમાં સિદ્ધ થાય છે અર્થાત્ નિષ્પત્તિને પામે છે તે મુક્તિને પામે છે, એ અભિપ્રાય છે. ૨૧૩.

## ગાથા-૨૧૩ ઉપર પ્રવચન

**'ઈસ પ્રકાર તીન દોહોં મેં સાતવાં અંતરસ્થલ કહા ઈસતરહ ચૌબીસ દોહોં કા મહાફલ કહા. આગે એક સ્રગ્ધરા નામ કે છંદ મેં ફિર ભી ઈસ ગ્રંથ કે પઢને કા ફલ કહતે હૈં-'** ૨૧૩.

३४४) जं तत्तं णाण-रुवं परम-मुणि-गणा णिच्च झायंति चित्ते
जं तत्तं देह-चत्तं णिवसइ भुवणे सव्व-देहीण देहे।
जं तत्तं दिव्व-देहं तिहुविण-गुरुगं सिज्झए संत-जीवे।
जं तत्तं जस्स सुद्धं फुरइ णियं-मणे पावए सो हि सिद्धिं।।२१३।।

ચાર છે. ચાર પદની એક ગાથા છે. '**વહ નિજ આત્મ-તત્ત્વ...**' આહાહા..! એ ભગવાનઆત્મા આ શરીર, વાણી, મનથી જુદું અને પુણ્ય અને પાપના વિકલ્પની લાગણીથી, વૃત્તિથી તે જુદું તત્ત્વ અંદર છે. જે એક સમયની પર્યાયમાં પણ આખું તત્ત્વ કદી આવતું નથી. એવું જે પરમતત્ત્વ આત્મા અંદર. આહાહા..! શું હશે આ? વાતું આત્માની મૂકીને બીજી બધી વાતું. દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. વર વિનાની જાન. એ જાન ન કહેવાય એ. માણસના ટોળા કહેવાય. વર હોય તો જાન કહેવાય. એમ આત્માનું ભાન નિશ્ચયનું હોય તો પછી વિકલ્પ આદિ હોય એ વ્યવહાર કહેવાય. વ્યવહાર હોય છે. પણ એ વ્યવહાર નિશ્ચયનું કારણ છે એમ નથી, તેમ વ્યવહાર વીતરાગ થયા પહેલા આવ્યા વિના રહેતો નથી. આહાહા..!

અહીં તો કહે છે '**પઢને કા ફલ કહતે હૈં.**' '**નિજ આત્મ-તત્ત્વ...**' એમ. નિજ આત્મતત્ત્વ. એમ કેમ કહ્યું? પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવ છે એ પણ તત્ત્વ તો છે પરમાત્મા. પણ એ તો પરતત્ત્વ છે. આ તો નિજતત્ત્વ ભગવાન અંદર ચૈતન્ય ચમત્કાર પ્રભુ પડ્યો છે. આહાહા..! ચૈતન્યના ચમત્કારના સ્વભાવથી ભરેલો ભગવાન ચમત્કૃતિ ચીજ છે એ. આહાહા..! બહારના ચમત્કાર જગત જોવા જાય છે, પણ અંદરના ચૈતન્યના ચમત્કારની એને ખબરું નથી. આહાહા..! જેને અહીંયાં જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકની હયાતી છે માટે એ જાણે એમ નહિ. એવી એની શક્તિ છે. આહાહા..! એવો જે પરમતત્ત્વ આત્મા '**यस्य निजमनसि**' '**જિનકે મન મેં પ્રકાશમાન હો જાતા હૈ,...**' આહાહા..!

મન શબ્દે જેની જ્ઞાનની પર્યાયમાં નિજતત્ત્વ આનંદકંદ પ્રભુ, જેની વર્તમાન જ્ઞાનની દશામાં '**પ્રકાશમાન હો જાતા હૈ,...**' આહાહા..! એ નિજ પર્યાયમાં અનાદિથી પરનો પ્રકાશ અને પરનું જાણવું એકલું. એ એકલું એકાંત મિથ્યાત્વ છે. આહાહા..! જે જ્ઞાનના પર્યાયમાં, અવસ્થામાં નિજ પ્રકાશ આત્માનો આવે છે. આહાહા..! આવો ઉપદેશ એટલે માણસને.. વાડામાં સાંભળ્યું તો હોય નહિ એકેય શબ્દ આ. હવે આ કઈ જાતનો ધર્મ હશે આ? જૈનધર્મ હશે આવો? નવો. કેટલાક એમ કહે કે નવો કાઢ્યો છે. બાપુ! તે સાંભળ્યો નથી એથી તને નવો લાગે. વીતરાગ પરમેશ્વર જિનેશ્વરનું

તત્ત્વ જ આવું છે. જે તત્ત્વ આ પોતે જિનસ્વરૂપી જ આત્મા તત્ત્વ છે.

એ જેની જ્ઞાનપર્યાયમાં '**પ્રકાશમાન હો જાતા હૈ,...**' આહાહા..! '**વહી સાધુ સિદ્ધિ કો પાતા હૈ.**' જુઓ આમ આવ્યું. .. હોય તો .. પ્રાપ્ત થાય એમ ન આવ્યું આમાં. આહાહા..! આ તો કહે એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા બસ એ સાધન છે. અને એનાથી સાધ્ય આત્મા પ્રગટશે. એમ કહે છે. એવા લખાણ પણ છે ને શાસ્ત્રમાં. ભિન્ન સાધ્યસાધનના લક્ષણ છે. એ તો જ્ઞાન કરાવવા. નિમિત્તથી તે સાધકપણામાં પરમતત્ત્વને જાણ્યું છે એવી દશામાં પૂર્ણ દશા નથી તેથી રાગનું કેટલા પ્રમાણમાં રાગ હોય છે એનું એ જ્ઞાન કરાવવા એ વાત કરી છે. આહાહા..! હવે આટલો બધો ફેરફાર. ભિન્ન સાધ્યસાધન શાસ્ત્ર પાઠ લ્યો.

મુમુક્ષુ :- નિમિત્ત સિદ્ધ

ઉત્તર :- એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. નિમિત્તનું જ્ઞાન કરાવે છે. નિમિત્ત કરે નહિ કાંઈ. આહાહા..! વાંધા આ છે ને અત્યારે. કાલે આવ્યું છે ને છાપામાં. સોનગઢવાળા ઉપાદાનને જ માને છે અને કાર્ય ઉપાદાન અને નિમિત્ત બે થઈને મિશ્ર કાર્ય થાય છે. અરે! ભાઈ તને ખબર નથી બાપુ! જે ચીજ છે આત્મા કે જડ જે ક્ષણે તેની જે દશા થવાની છે તેનો સમય છે તે. એ પોતાનું કાર્ય છે, નિમિત્તનું નહિ. નિમિત્તથી નહિ. નિમિત્ત હો, જાણવા માટે બીજી ચીજ છે, પણ બીજી ચીજથી અહીં કાર્ય થાય છે એમાં, આ મોટા પંડિતો સાથે વાંધા છે.

શાસ્ત્ર પરિષદ. અને એ વિદ્વત્ પરિષદમાં તો કેટલાક કાંઈક કૈલાશચંદ, જગનમોહનલાલજી એમ જરી ફેરફાર છે. એ લોકો કહે કે કરો આપણે ચર્ચા, વાત આપણી સાચી એમ કહે છે. બાબુભાઈનું લખાણ. પણ આ ચર્ચા કરે પાર આવે નહિ. શાસ્ત્રમાં લખાણ વ્યવહારના એટલા બધા. આવી નહિ ૧૧મી ગાથામાં? વ્યવહારના એટલા બધા લખાણ કે ઝાઝા લખાણ વ્યવહારના. પણ એનું પણ એનું ફળ સંસાર છે. હવે શું કરવું? લખાણ તો નિમિત્તના કથનો, ભેદના કથનો, સંયોગના કે એ સંયોગી (ચીજ) કેવી હોય એનું વર્ણન તો આવે. પણ એ પરલક્ષી સંયોગીચીજમાં કે પરલક્ષી ભાવનું ફળ તો સંસાર છે. ભગવાને કહેલો વ્યવહાર પરલક્ષી. આહાહા..! એનું ફળ પણ સંસાર છે. હવે કેમ બેસે આ વાત?

જેની જ્ઞાનની પર્યાયમાં '**નિજ આત્મ-તત્ત્વ જિસકે મનમેં પ્રકાશમાન હો જાતા હૈ,...**' એ આમ વાત છે. પરમેશ્વર પ્રકાશમાન થાય અને અરિહંતને એ વાત નથી લીધી. જેના નિજતત્ત્વ ભગવાન જે જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એની વર્તમાન પર્યાયમાં નિજતત્ત્વ પ્રકાશમાન આવે છે તે સિદ્ધિને પ્રાપ્ત થાય છે, તે મુક્તિને પ્રાપ્ત તે થાય છે. એની પર્યાયમાં ભગવાન આવે કે દેવ-ગુરુ-શાસ્ત્ર આવે તો એ આવે તો રાગ છે એ કાંઈ એનાથી સિદ્ધિ અને પ્રાપ્તિ છે નહિ. આહાહા..! છે કે નહિ એમાં અંદર? એય! માંગીલાલજી! ત્યાં તો એમ કહ્યું. આ જ્ઞાનની પર્યાયમાં આત્મા પ્રકાશે પોતાનો, એ સિદ્ધિને પ્રાપ્ત થાય એમ કહ્યું. આહાહા..!

કેટલા અર્થને ફેરવશો? વળી એમ કહે છે એ. પણ તમે કેટલા અર્થને ફેરવશો? એમ કહે ને.

એ પણ આત્મા છે ને ભાઈ! એને આત્માને પોતાને ઠીક થાય એમ તો કરવું છે પણ ઠીક કેમ થાય એની ખબર ન મળે. દુઃખી કોઈ દુઃખી દુઃખના પંથમાં જવા માગે કોઈ? પણ ખબરું ન મળે કે આ દુઃખનો પંથ છે કે સુખનો પંથ. આહાહા..! વિપરીત માન્યતાથી પોતાનું સત્ય છે એમ માને પણ બાપુ એના ફળ પ્રતિકુળ દુઃખ થશે, ભાઈ! આહાહા..! જેને નિગોદમાં અનંતા દુઃખો. આહાહા..!

ભગવાન કુંદકુંદાચાર્ય તો એમ કહે, વસ્ત્રનો એક ધાગો રાખીને અમે મુનિ છીએ એમ મનાવે, માને નિગોદ જશે. અરરર! તો જેને ઘણા તત્ત્વોની વિપરીતતા છે જેને. આહાહા..! નિજતત્ત્વ જેવું છે તેવું જ્ઞાનમાં આવ્યું નથી અને નિજ અને પરની વિપરીતતાના ભાવો જેને જ્ઞાનમાં ભાસ્યા છે. એના ફળ તરીકે તો બાપુ... આહાહા..! નિગોદ છે. એ એક શરીરમાં અનંતા જીવ. અરેરે! આહાહા..! એક શરીરમાં અનંતા જીવ. શરીર એક અને અનંત જીવ.

ઓલો એક કાગળ આવ્યો છે અમારે ખાનગી. ઠક્કરનો છે મુંબઈથી. લુહાણો હશે કોઈક. રૂમ એક છે ઘરનું, માણસો વધી ગયા છીએ, શું કરવું? જોડે કોઈપણ મકાન લઈએ તો અત્યારે પાઘડી બહુ દેવી પડે છે એવું તો નથી એમાં લખ્યું પણ, એમ કે અશક્ય જ છે. જગ્યા મળી શકતી જ નથી. તો આપ આશીર્વાદ કાંઈક કરો એમ. કહો, એ. આહાહા..! આવા પણ કાગળ આવે. આહાહા..!

અહીં તો બીજું કહેવું છે કે એને હજી એટલા રૂમમાં એટલા માણસ ગોઠતા નથી. અહીં તો એક શરીરમાં અનંત આત્મા. આહાહા..! ત્યાં કેમ એ પડ્યા હશે? અરેરે! આહાહા..! એક શરીરમાં અનંતા, આ લસણની કળી, લસણની કળી, ડુંગળી એક આટલી કટકી હોય તો અસંખ્ય તો શરીર છે. આ મોટું શરીર છે, એ નાનું એને. અસંખ્ય શરીરમાં અનંતા જીવ છે એક એકમાં. અરેરે! એને ક્ષેત્ર ફેર કરવું કઠણ પડે. ભાવફેર તો ક્યાંથી થાય? આહાહા..! ઝાઝા માણસ વધી ગયા છીએ, રૂમ એક જ છે. શું કરવું અમારે આમાં? જગ્યો મળે એવી નથી મુંબઈમાં. અશક્ય જ છે. એટલા બધા પૈસા ક્યાંથી લાવવા એમ. ભાઈ અહીં બધું મોટું નામ ખરું ને. મોટા કરોડોપતિ અહીં આવે, એને કોકને ભલામણ કરે કાંઈક એમ. શેની કરે ભાઈ? અહીં તો મોક્ષમાર્ગની વાત થાય છે. અહીં તો પુણ્ય કરવાની વાતમાં પણ બંધનું કારણ. આહાહા..! વ્યવહાર આવે ખરો પણ એ બંધનું કારણ છે. નિજતત્ત્વ જ્ઞાનમાં પૂર્ણ પ્રકાશે તે મુક્તિનું કારણ છે. આહાહા..! કહો, પંડિતજી! આ બધા પંડિતો સામા કરે એમાં શું કરો છો તમે? સંસ્કૃતના પંડિત છે મોટા. આહાહા..!

**'નિજ આત્મ-તત્ત્વ...' 'यस्य निजमनसि'** આહાહા..! **'वह ही साधु सिद्धि को पाता है. कैसा है, वह तत्त्व?'** કેવું છે તત્ત્વ? કે **'रागादि मल रहित है,...'** પ્રભુ અંદરમાં તો પુણ્ય-પાપના વિકલ્પથી તો રહિત તત્ત્વ છે. કેમકે નવતત્ત્વમાં જીવતત્ત્વ ભિન્ન છે, પુણ્ય-પાપ તત્ત્વ ભિન્ન છે. આહાહા..! તો અંદર આ અજીવતત્ત્વ જે શરીર અને કર્મ એનાથી તો ભગવાન ભિન્ન જ છે આત્મા, પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે રાગ, એનાથી તત્ત્વ ભિન્ન છે. રાગ છે એ પુણ્ય તત્ત્વ છે અને આત્મા આત્મતત્ત્વ છે. આહાહા..! એવા આત્મતત્ત્વને જે અંદરમાં જાણે એ રાગરહિત છે. આહાહા..! છે?

'રાગાદિ મલ રહિત હૈ,...' એ તો રહિત કીધું. આમ તો શુદ્ધ છે એમ કીધું. **'ઔર જ્ઞાનરૂપ હૈ,..'** એ જ્ઞાનસ્વરૂપ જ ભગવાન છે. એકલું જાણક... જાણક... જાણવું... જાણવું... જાણવાના સ્વભાવથી જ ભરેલો છે. એ સિવાય કોઈ કરવું કાંઈ રાગ કરવો કે કોઈને દેવું-લેવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહાહા..! **'ઔર જ્ઞાનરૂપ હૈ, જિસકો...'** 'परममुनिगणाः' **'પરમમુનિશ્વર...'** 'परममुनिगणाः' ઈશ્વર લીધું એમે. 'સદા...' 'चित्ते ध्यायंति' એવા સ્વરૂપને નિત્ય જે ધ્યાવે છે. પોતાના ચિત્તમાં એનું ધ્યાન. સ્વસ્વરૂપને ધ્યાનમાં લઈને ધ્યાવે છે. સ્વસ્વરૂપને લક્ષમાં લઈને અનુભવે છે. આહાહા..!

**'જો તત્ત્વ ઈસ લોક મેં સબ પ્રાણિયોં કે શરીર મેં મૌજૂદ હૈ,...'** આહાહા..! બધા ભગવાન શરીરોમાં આત્મા બિરાજમાન છે. એવડો આત્મા અહીં છે. એક સમયની વર્તમાન પર્યાયની પાછળ એ ભગવાન આખો પડ્યો છે એ. બધા શરીરોમાં રહેલો છે. આહાહા..! **'મૌજૂદ હૈ, ઔર આપ દેહ સે રહિત હૈ,...'** આહાહા..! **'જો તત્ત્વ કેવલજ્ઞાન ઔર આનંદરૂપ અનુપમ...'** 'दिव्यदेहं' કેવું છે આ તત્ત્વ જેને દિવ્યદેહ છે. આ દેહ નહિ. કાર્મણ નહિ, તેજસ નહિ, ઔદારિક નહિ. દિવ્યદેહ. **'કેવલજ્ઞાન ઔર આનંદરૂપ અનુપમ દેહકો ધારણ કરતા હૈ,...'** આહાહા..! લ્યો! એ એનો દેહ છે. એ કેવળજ્ઞાન અને આનંદ એ એનો દેહ એટલે સ્વરૂપ છે. આહાહા..! આ તો માટીનો દેહ, જડનો, ધૂળનો. આહાહા..! **'દેહકો ધારણ કરતા હૈ, તીન ભુવન મેં શ્રેષ્ઠ હૈ,...'** આહાહા..! ત્રણલોકમાં ઉત્કૃષ્ટ છે.

'शांतजीवे सिध्यति' **'જિસકો આરાધકર શાંતપરિણામી સંતપુરુષ સિદ્ધપદ પાતે હૈં.'** જેનું શાંત પરિણામી આરાધન કરીને **'સંતપુરુષ સિદ્ધપદ પાતે હૈં.'** લ્યો! અહીં આનું આરાધન કરીને મુક્તિ થાય છે. વ્યવહાર કરીને થાય છે એવું આમાં આવતું નથી કાંઈ. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વીર સંવત ૨૫૦૨, જેઠ સુદ ૫, રવિવાર
## તા. ૨૨-૦૫-૧૯૭૭, ગાથા-૨૧૩ થી ૨૧૪, પ્રવચન નં. ૨૪૫

પરમાત્મપ્રકાશ. ૨૧૩ ગાથા. છે ને છેલ્લી? એનો ભાવાર્થ છે. સરવાળો છેલ્લો હતો. છેલ્લી ગાથાઓ છે ને. આ દેહમાં રહેલું આત્મતત્ત્વ કેવું છે. ૨૧૩. એનો ભાવાર્થ. જરી અભ્યાસ નહિ એટલે જરી મોંઘુ પડે એને. વસ્તુ એવી છે સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે જે આ જોયો આ આત્મા એ આત્મા અંદર કેવો છે? એ કહે છે.

**'ભાવાર્થઃ- ઐસા વહ ચૈતન્યતત્ત્વ જિસકે ચિત્તમેં પ્રગટ હુઆ હૈ,...'** છે મણિભાઈ? ટીકા ભાવાર્થ. ૨૧૩નો ભાવાર્થ. આ ચૈતન્ય તત્ત્વ કેવું છે આ છેલ્લો સરવાળો આ ગાથામાં છે. કે **'જિસકે ચિત્તમેં પ્રગટ હુઆ હૈ,..'** જેની જ્ઞાનની દશામાં એ ચિત્ત વસ્તુ છે એ પ્રગટ થઈ, વસ્તુ

તો ત્રિકાળી નિત્યાનંદ ધ્રુવ સ્વરૂપ છે. આત્મા નિત્ય ધ્રુવ અવિનાશી વસ્તુ, પણ જેની વર્તમાનદશામાં પ્રગટ થઈ કે આ ચીજ આવી છે એને ખબર પડી કે આ ચીજ આ તત્ત્વ છે. ઝીણી વાત છે. '**તત્ત્વ જિસકે ચિત્તમેં પ્રગટ હુઆ હૈ, વહી સાધુ સિદ્ધિ કો પાતા હૈ.**' જેની જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પૂર્ણ વસ્તુ પ્રગટ થઈ. એટલે પૂર્ણ વસ્તુ જાણવામાં, અનુભવમાં આવી. પૂર્ણ વસ્તુ છે ચૈતન્ય અનાદિ-અનંત અવિનાશી તત્ત્વ છે ને? અને અનંત અનંત તો એમાં ગુણ છે. જે અનંતગુણનું શક્તિરૂપ પિંડ એક તત્ત્વ દ્રવ્ય એ જેની વર્તમાન જ્ઞાનની પર્યાય એની સન્મુખ કરીને જેણે પ્રગટ કર્યો આત્મા, એને મુક્તિ થાય છે. આહાહા..! છે?

'**વહી સાધુ સિદ્ધિકો પાતા હૈ.**' આહાહા..! આ ક્રિયાકાંડ કરે પંચમહાવ્રત, ફલાણું, સમિતિ ને ગુપ્તિ એ બધા વિકલ્પો અને રાગ છે. એનાથી કોઈ મુક્તિ પામતા નથી. ઝીણી વાત બહુ. આહાહા..! સમજાય છે કાંઈ? '**અવ્યાબાધ અનંતસુખ આદિ ગુણોંકર વહ તત્ત્વ તીન લોકકા ગુરુ હૈ,...**' આહાહા..! કેવું છે એ સ્વરૂપ આત્મા અંદર? કે અવ્યાબાધ. જેને કોઈ વિઘ્ન નથી, એવું અનંત સુખસ્વરૂપ પ્રભુ છે. આત્મા અનંત આનંદ અને સુખસ્વરૂપ છે. જે વસ્તુ પોતે અનાદિ છે, અનંતકાળ રહે છે. તો એમાં અનાદિ અનંત આનંદ પણ અનાદિ અનંત છે. આહાહા..! ભગવાને પ્રગટ કર્યો પણ એ કર્યો ક્યાંથી? એમાં અંદર છે અનાદિ અનંત. અનાદિ અનંત આનંદ '**અનંત સુખ આદિ ગુણોંકર વહ તત્ત્વ તીન લોકકા ગુરુ હૈ,...**' આહાહા..! ત્રણલોકમાં એ ગુરુ એ મહાન પદાર્થ જ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સંતુપુરુષોંકે હી હૃદય મેં વહ તત્ત્વ સિદ્ધ હોતા હૈ.**' ધર્માત્માના જ્ઞાનની દશામાં એ વસ્તુ પ્રગટ સિદ્ધ થાય છે. અજ્ઞાનીને અને રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના કરનારને એ વસ્તુ સિદ્ધિ પ્રાપ્તિ નથી થતી. આહાહા..! આવી વાત છે. '**કૈસે હૈ સંત?**' કેવા હોય છે મુનિઓ? ધર્માત્મા જેના જ્ઞાનમાં આત્મા ભાસ્યો અને અનુભવ્યો. '**જો અપની બડાઈ,...**' આહાહા..! બહારની બડાઈ છોડી દીધી છે જેણે કે હું મોટો છું, આચાર્ય છું, ઉપાધ્યાય છું. આહાહા..! '**અપની બડાઈ, અપની પ્રતિષ્ઠા...**' મોટી આબરૂ હોય, મોટી પ્રતિષ્ઠા હોય, મોટું પદ હોય '**ઔર લાભાદિ સમસ્ત મનોરથોં...**' શિષ્યોનો લાભ, આબરૂનો લાભ આદિ '**સમસ્ત મનોરથોં ઔર વિકલ્પજાલોંસે રહિત હૈં,...**' આહાહા..! અંતરમાં તો જેને આવા વિકલ્પની વૃત્તિઓ રાગ છે, એનાથી જે રહિત છે તેને એ આત્મા પ્રાપ્ત થાય છે. આહાહા..! તેને સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં, સમ્યક્ ચારિત્રમાં એ આત્મા પ્રાપ્ત થાય છે. આહાહા..!

'**જિન્હોંને અપના સ્વરૂપ પરમશાંતભાવરૂપ પા લિયા હૈ.** ' આહાહા..! શુભ અને અશુભ રાગ વિકલ્પ છે એ તો કષાય છે, અશાંતિ છે. એ અશાંતિથી રહિત ચિદ્ઘન આત્મા શાંત ઉપશમરસનો કંદ પ્રભુ, જેણે જ્ઞાનની દશામાં સ્વરૂપ સન્મુખ થઈને વીતરાગભાવે શાંતરસ શાંત પામ્યો. આહાહા..! વ્યવહારથી વાતું બધું ઊલટી છે. કહો, જયંતિભાઈ! આ કરવું આ સિદ્ધચક્ર, આ પૂજા, ફલાણું, ઢીંકણું, આ વ્રત ને તપ ને એ તો બધી વિકલ્પની જાળું છે કહે છે. આહાહા..!

એનાથી રહિત 'અપના સ્વરૂપ પરમશાંતભાવરૂપ...' અંતરમાં પામ્યા. આહાહા..! આનંદના ભાનસહિત, આનંદના વેદનસહિત પોતાનો આત્મા આવો છે એવો શાંતરસને પ્રાપ્ત થયા. બહુ ટૂંકું અને ઘણું. છેલ્લી (ગાથા).

## ગાથા-૨૧૪

अथ ग्रन्थस्यावसाने मङ्गलार्थमाशीर्वादरुपेण नमस्कारं करोति–

३४५) परम–पय–गयाणं भासओ दिव्व–काओ
मणसि मुणिवराणं मुक्खदो दिव्व–जोओ।
विसय–सुह–रयाणं दुल्लहो जो हु लोए
जयउ सिव–सरुवो केवलो को वि बोहो।।२१४।।

परमपदगतानां भासको दिव्यकायः
मनसि मुनिवराणां मोक्षदो दिव्ययोगः।
विषयसुखरतानां दुर्लभो यो हि लोके
जयतु शिवस्वरुपः केवलः कोऽपि बोधः।।२१४।।

जयउ सर्वोत्कर्षेण वुद्धिं गच्छतु। कोऽसौ। दिव्व–काओ परमौदारिकशरीराभिधान–दिव्यकायस्तदाधारो भगवान् कथंभूतः। भासओ दिवाकरसहस्रादप्यधिकतेजस्त्वाद्भासकः प्रकाशकः। केषां कायः। परम–पय–गयाणं परमानन्तज्ञानादिगुणास्पदं यदर्हत्पदं तत्रगतानाम्। न केवलं दिव्यकायो जयतु। दिव्व–जोओ द्वितीयशुक्लध्यानाभिधानो वीतरागनिर्विकल्पसमाधिरुपो दिव्ययोगः। कथंभूतः। मोक्खदो मोक्षप्रदायकः। क्व जयतु। मणसि मनसि। केषाम्। मुणिवराणं मुनिपुङ्गवानाम्। न केवलं योगो जयतु। केवलो को वि बोहो केवलज्ञानाभिधानः कोऽप्यपूर्वो बोधः। कथंभूतः सिव–सरुवो शिवशब्दवाच्यं यदनन्तसुखं तत्स्वरुपः। पुनरपि कथंभूतः दुल्लहो जो हु लोए दुर्लभो दुष्प्राप्यः यः स्फुटम्। क्व। लोके। केषां दुर्लभः। विसय–सुह–रयाणं विषयसुखातीतपरमात्मभावनोत्पन्न–परमानन्दैकरुपसुखास्वादरहितत्वेन पञ्चेन्द्रियविषयासक्तानामिति भावार्थः।।२१४।।

इति 'परु जाणंतु वि परममुणि परसंसग्गु चयंति' इत्याद्येकाशीतिसूत्रपर्यन्तं सामान्यभेदभावना तदनन्तरं 'परमसमाहि' इत्यादि चतुर्विंशतिसूत्रपर्यन्तं महास्थलं, तदनन्तरं वृत्तद्वयं चेति सर्वसमुदायेन सप्ताधिकसूत्रशतेन द्वितीयमहाधिकारे चूलिका गतेति।। एवमत्र परमात्मप्रकाशाभिधानग्रन्थेन प्रथमस्तावत् 'जे जाया झाणग्गियए' इत्यादि त्रयोविंशत्यधिकसूत्रशतेन प्रक्षेपकत्रयसहितेन प्रथममहाधिकारो गतः। तदनन्तरं चतुर्दशाधिकशतद्वयेन प्रक्षेपक पञ्चकसहितेन द्वितीयोऽपि महाधिकारो गतः। एवं पञ्चाधिकचत्वारिंशत्सहितशतत्रय प्रमितश्रीयोगीन्द्रदेवविरिचितदोहकसूत्राणांविवरणभूता

परमात्मप्रकाशवृत्तिः समाप्ता।।

आगे ग्रंथके अन्तमंगलके लिये आशीर्वादरुप नमस्कार करते हैं–

गाथा–२१४

अन्वयार्थः– [दिव्यकायः] जिसका ज्ञान आनंदरुप शरीर है, अथवा [परमपदगतानां भासकः] अरहंतपदको प्राप्त हुए जीवोंका प्रकाशमान परमौदारिकशरीर है, ऐसा परमात्मतत्त्व [जयतु] सर्वोत्कर्षपनेसे वृद्धिको प्राप्त होवे। जो परमौदारिकशरीर ऐसा है, कि जिसका तेज हजारों सूर्योंसे अधिक है, अर्थात् सकल प्रकाशी है। जो परमपदको प्राप्त हुए केवली हैं, उनको तो साक्षात् दिव्यकाय पुरुषाकार भासता है, [मुनिवराणां] और जो महामुनि हैं, उनके [मनसि] मनमें [दिव्ययोगः] द्वितीय शुक्लध्यानरुप वीतराग निर्विकल्पसमाधिरुप भास रहा है, [मोक्षदः] और मोक्षका देनेवाला है। [केवलः कोऽपि बोधः] जिसका केवलज्ञान स्वभाव है, ऐसी अपूर्व ज्ञानज्योति [शिवस्वरूपः] सदा कल्याणरुप है। [लोके] लोकमें [विषयसुखरतानां] शिवस्वरुप अनन्त परमात्माकी भावनासे उत्पन्न जो परमानन्द अतीन्द्रियसुख उससे विपरीत जो पाँच इन्द्रियोंके विषय उनमें जो आसक्त हैं, उनको [यः हि] जो परमात्मतत्त्व [दुर्लभः] महा दुर्लभ है।

भावार्थः– इस लोकमें विषयी जीव जिसको नहीं पा सकते, ऐसा वह परमात्मतत्त्व जयवंत होवे।।२१४।।

इसप्रकार परमात्मप्रकाश ग्रंथमें पहले 'जे जाया झाणग्गियए' इत्यादि एकसौ तेबीस दोहे तीन प्रक्षेपकों सहित ऐसे १२६ दोहोंमें पहला अधिकार समाप्त हुआ। एकसौ चौदह ११४ दोहे तथा ५ प्रक्षेपक सहित ११९ दोहोंमें दूसरा महाधिकार कहा। और 'परु जाणंतु वि' इत्यादि एकसौ सात १०७ दोहोंमें तीसरा महाधिकार कहा। प्रक्षेपक और अन्तके दो छन्द उन सहित तीनसौ पैंतालीस ३४५ दोहोंमें परमात्मप्रकाशका व्याख्यान ब्रह्मदेवकृत टीका सहित समाप्त हुआ।

હવે, ગ્રંથના અંતે મંગળાર્થે આશીર્વાદરૂપે નમસ્કાર કરે છે :-

ભાવાર્થઃ- (૧) પરમ અનંત જ્ઞાનાદિગુણનું જે સ્થાન છે એવા અર્હંતપદને પ્રાપ્ત જીવોનું હજારો સૂર્યથી પણ અધિક તેજથી પ્રકાશક એવા, પરમ ઔદારિક શરીર નામનું જે દિવ્યકાય અને તેના આધારભૂત ભગવાન જયવંત વર્તો—સર્વોત્કર્ષથી વૃદ્ધિ પામો. (૨) મુનિપુંગવોના મનમાં મોક્ષદાયક બીજા શુક્લધ્યાન નામનો વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ દિવ્યયોગ જયવંત વર્તો. (૩) વિષયસુખથી રહિત એવા પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન પરમાનંદ જેનું એક રૂપ છે એવા સુખના આસ્વાદથી રહિત એવા પંચેન્દ્રિય વિષયોમાં આસક્ત જીવોને લોકમાં ખરેખર જે દુષ્પ્રાપ્ય છે એવો, 'શિવ'

શબ્દથી વાચ્ય એવું જે અનંતસુખ તે સ્વરૂપ કેવળજ્ઞાન નામનો કોઈ અપૂર્વ બોધ છે તે લોકમાં જયવંત વર્તો. ૨૧૪.

એ પ્રમાણે 'परु जाणंतु वि परममुणि परसंसग्गु चयंति' ઈત્યાદિ ૮૧ સૂત્ર સુધી સામાન્યભેદભાવના, તેના પછી 'परमसमाहि' ઈત્યાદિ ૨૪ સૂત્ર સુધી મહાસ્થળ, તેના પછી બે છંદ એમ સર્વ મળી ૧૦૭ સૂત્રથી બીજા મહાધિકરણમાં ચૂલિકા સમાપ્ત થઈ.

એ પ્રમાણે આ પરમાત્મપ્રકાશ નામના ગ્રંથમાં પ્રથમ તો 'जे जाया झाणग्गियए' ઈત્યાદિ ૧૨૩ ત્રણ પ્રક્ષેપક સહિત (૧૨૬) દોહાસૂત્રથી પહેલો મહાધિકાર સમાપ્ત થયો. ત્યાર પછી ૨૧૪ પાંચ પ્રક્ષેપક સહિત (૨૧૯) દોહાસૂત્રથી બીજો મહાધિકાર સમાપ્ત થયો.

એ પ્રમાણે શ્રીયોગીન્દ્રદેવ વિરચિત ૩૪૫ દોહાસૂત્રોની વિવરણરૂપ પરમાત્મપ્રકાશની વૃત્તિ (શ્રી બ્રહ્મદેવકૃત ટીકા સહિત) સમાપ્ત થઈ.

---

## ગાથા-૨૧૪ ઉપર પ્રવચન

'આગે ગ્રંથકે અંતમંગલકે લિયે આશીર્વાદરૂપ નમસ્કાર કરતે હૈં- '

३४५) परम-पय-गयाणं भासओ दिव्व-काओ
मणसि मुणिवराणं मुक्खदो दिव्व-जोओ।
विसय-सुह-रयाणं दुल्लहो जो हु लोए
जयउ सिव-सरुवो केवलो को वि बोहो।।२१४।।

'**અન્વયાર્થ :- જિસકા જ્ઞાન આનંદરૂપ શરીર હૈ,...**' શું કહે છે? આ ભગવાન જે આત્મા અંદર છે એનું દિવ્ય શરીર શું? આ તો માટીનું શરીર છે. આહાહા..! એનું શરીર તો જ્ઞાન અને આનંદરૂપ છે. વજુભાઈ! એ અંદર.. આહાહા..! જ્ઞાન અને આનંદ જેનું શરીર એટલે સ્વરૂપ છે. પુણ્ય-પાપના વિકલ્પો જે થાય વ્યવહારરત્નત્રય આદિ રાગ એ પણ એનું સ્વરૂપ નથી. એ વિકાર છે. આહાહા..! '**અથવા**' '**परमपदगतानां भासकः**' અહીં અરિહંતને લેવા છે ને હવે. '**અરહંતપદકો પ્રાપ્ત હુએ જીવોં કા પ્રકાશમાન પરમૌદારિકશરીર હૈ,...** ' આહાહા..! શું કહે છે? જેને અરિહંત પરમેશ્વરને એ આત્મા વિકલ્પની જાળથી રહિત નિર્વિકલ્પ જેનું શરીર, જ્ઞાન અને આનંદ જેનું રૂપ એ પ્રાપ્ત પરમાત્મા અને અરિહંતને થયું. એ અરિહંતનું શરીર કેવું હોય હવે એમ કહે છે. એનો ડાબલો કેવો હોય? વસ્તુ તો વસ્તુ, પણ હવે કેસર ડબ્બામાં રહે, કેસર કોથળે ન રહે. સમજાણું કાંઈ? આ શણના કોથળામાં કેસર રહે? ડબામાં કે શું કહેવાય? બરણી-બરણી, બરણી કે ડબ્બા. ભૂલી જઈએ તમારા નામ. એ કોથળે ન રહે. જરી ઝીણી વાત છે.

અહીં કહે છે કે જેણે અંતરમાં આનંદનો નાથ ભગવાન જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનું જેનું

ત્રિકાળી ધ્રુવરૂપ શાશ્વત છે એ જેણે વર્તમાનદશામાં અરિહંતે પ્રાપ્ત કર્યું. આહાહા..! એનું શરીર પરમ ઔદારિક હોય છે. આહાહા..! છે? '**પરમૌદારિકશરીર હૈ,...**' એને રોગ ન હોય. અરિહંતના શરીરને રોગ ન હોય. એને વ્યાધિ ન હોય, એને દવા ન હોય એમ કહે છે. આહાહા..! તીર્થંકર ભગવાન જે છે એ તો જન્મે ત્યારથી એને તો પરમૌદારિક શરીર હોય, જન્મે ત્યારથી એને આહાર, પાણી હોય, પણ વિષ્ટા અને પેશાબ ન હોય. આહાહા..! એવું તો તીર્થંકરનું જન્મથી શરીર હોય એવું. આ તો અરિહંત થયા પછી આવું શરીર હોય એમ કહે છે. જે અરિહંત થાય એ કાંઈ બધા તીર્થંકર ન હોય. બીજા પણ અરિહંત થાય છે. પોતાના આનંદસ્વરૂપને અંતર અનુભવી અને દશામાં અરિહંતપદ પ્રાપ્ત વાણિયો કરી શકે, ક્ષત્રિય કરી શકે. વૈશ્ય હોય ને, ક્ષત્રિય અને બ્રાહ્મણ ત્રણ ન હોય એ કરી શકે છે અંદર. પણ કહે છે કે એનું શરીર કેવું હોય છે એને? આહાહા..!

જેને પરમ આનંદની દશા અરિહંતપદની પ્રાપ્ત થઈ એનું શરીર પરમ ઔદારિક શરીર છે. આહાહા..! જેના શરીરમાં રોગ ન હોય, દવા ન હોય એને ન હોય. ઝીણી વાત છે. મહાવીરને રોગ થયો હતો અને દવા લીધી હતી આવે છે ને. લોહીખંડ જાડો છ મહિના. એ વસ્તુ કલ્પિત છે બધી. આહાહા..! જેને અરિહંત પદ પ્રગટ્યું જેને અનંત આનંદનો નાથ પૂર્ણ અનંત, જ્ઞાન, આનંદ, શાંતિ વીરતા, વીર્ય એનું શરીર પરમ ઔદારિક જેના શરીરમાં રોગ નહિ, ક્ષુધા નહિ, તૃષા નહિ. આહાહા..! જેના શરીરની છાયાં એવી લાગે. આહાહા..! એમાં નજર કરતા સાત ભવ ભાળે. જોનાર હોય એવું તો એની શરીર હોય છે. એના અંતરની વાત તો શું કરવી કહે છે? આહાહા..!

'**પરમૌદારિકશરીર...**' '**भासकः**' શબ્દ છે ને? '**परमपदगतानां भासकः**' '**ઐસા પરમાત્મતત્ત્વ સર્વોત્કૃષ્ટપનેસે વૃદ્ધિકો પ્રાપ્ત હોવે.**' એ રીતે પરમાત્મ પામો. પામેલા છે તે રહો અને ન પામેલા તે પામો એમ કહે છે. આહાહા..! '**જો પરમૌદારિકશરીર ઐસા હૈ, કિ ઉસકા તેજ હજારોં સૂર્યો સે અધિક હૈ,...**' ભગવાન અરિહંતનું શરીર એવું હોય છે, કેવળજ્ઞાન અને કેવળદર્શન પૂર્ણ હોય તો એની તો શું વાત કરવી? પણ જેના શરીરમાં હજારો સૂર્યના તેજથી પણ તેજ વધારે હોય છે. આહાહા..! છે? '**તેજ હજારોં સૂર્યો સે અધિક હૈ, અર્થાત્ સકલ પ્રકાશી હૈ.**' એ તો શરીરમાં જ પ્રકાશની મૂર્તિ આમ દેખાય છે. આહાહા..! અંદર તો ચૈતન્યમૂર્તિ કેવળજ્ઞાન, કેવળદર્શન છે, પણ હજારો શરીરના પ્રકાશથી પણ પ્રકાશમાન હોય છે. આહાહા..!

'**જો પરમપદકો પ્રાપ્ત હુએ કેવલી હૈં, ઉનકો તો સાક્ષાત્ દિવ્યકાય પુરુષાકાર ભાસતા હૈ,...**' શરીર આત્મા આખો. '**ઔર જો મહામુનિ હૈં, ઉનકે મનમેં દ્વિતીય શુક્લધ્યાનરૂપ ભાસ રહા હૈ,...**' એ ધ્યાન નિર્વિકલ્પમાં એ ભાસે છે. કેવળજ્ઞાનીને તો પૂર્ણ જ્ઞાનમાં ભાસે છે. મુનિવરોને નિર્વિકલ્પ શુક્લધ્યાન થાય છે. તો આખું પદ એને ભાસે છે. આખો આત્મા પૂર્ણ વસ્તુ એને. આહાહા..! '**ઔર મોક્ષકા દેનેવાલા હૈ.**' એ શુક્લધ્યાનની દશા મુનિઓને અંતરમાં, ધ્યાનમાં જામી જતા અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન ધ્રુવ નિત્ય, એમાં લીન, લીનની જમવટ થતાં એને સિદ્ધપદ થઈ જાય છે. એનાથી એને સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

આહાહા..! કોઈ આ ક્રિયાકાંડથી વ્રત, નિયમ ને તપ ને એનાથી થતું નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ઉત્તમ સંહનન વિના થાય નહિ.

ઉત્તર :- એની અપેક્ષા નથી. હો ભલે નિમિત્ત. પોતાના સ્વભાવમાંથી થાય છે. આહાહા..!

'**જિસકા કેવલજ્ઞાન સ્વભાવ હૈ, ઐસી અપૂર્વ જ્ઞાનજ્યોતિ સદા કલ્યાણરૂપ હૈ.** ' આહાહા..! સદા કલ્યાણરૂપ હૈ. મૂર્તિ અંદર નમોત્થુણંમા આવે છે. શિવમયમરુ નમોત્થુણં કર્યું છે કે નહિ? નમોત્થુણં નથી આવતું? નમોત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં. એમાં આવે છે છેલ્લે. શિવમય.. નમોત્થુણંમાં છેલ્લુ આવે છે. સામાયિકનો છેલ્લો પાઠ હોય છે ને. પહેલો પાઠ નમો અરિહંતાણં. બીજું તિકખુતો ત્રીજું ઈચ્છામી, ચોથું લોગસ્સ તત્સુતરી, પાંચમું લોગસ્સ, છઠ્ઠું કરેમીભંતે સાતમું નમોત્થુણં સામાયિકમાં હોય છે. એ ક્યાં અત્યારે? આહાહા..! જયંતિભાઈ! આહાહા..!

'**જિસકા કેવલજ્ઞાન સ્વભાવ હે, ઐસી અપૂર્વ જ્ઞાનજ્યોતિ સદા કલ્યાણરૂપ હૈ.** ' આહાહા..! એ તો ત્રિકાળ કલ્યાણમૂર્તિ જ ઉપદ્રવ રહિત આનંદમૂર્તિ પ્રભુ છે આત્મા. એની દશામાં વર્તમાન પર્યાયમાં સંસાર અને વિકાર છે. વસ્તુસ્વરૂપ તો સદા કલ્યાણસ્વરૂપ જ છે. આહાહા..! જો કલ્યાણસ્વરૂપ ન હોય તો એની દશામાં કલ્યાણસ્વરૂપ આવશે ક્યાંથી? કાંઈ બહારથી આવે એવું છે? ઝીણી વાત છે બાપુ! આ વીતરાગનો માર્ગ ઝીણો બહુ. લોકો તો અન્યને જૈનધર્મ માનીને બેઠા છે. જૈનધર્મ બહુ સૂક્ષ્મ છે. વીતરાગ, પરમેશ્વર કેવળી. આહાહા..! કહે છે.. આહાહા..! '**ઐસી અપૂર્વ જ્ઞાનજ્યોતિ સદા કલ્યાણરૂપ હૈ.** '

'**લોકમેં શિવસ્વરૂપ અનંત પરમાત્માકી ભાવના સે ઉત્પન્ન જો પરમાનંદ એક અતીન્દ્રિયસુખ...**' શું કહે છે? શિવસ્વરૂપ અનંત. શિવ એટલે નિરુપદ્રવ. ઉપદ્રવરહિત શિવનો અર્થ થાય. નમોત્થુણંમાં એ આવે છે. શિવમ અયમ્ ... નમોત્થુણં તો કર્યું હશે કે નહિ લાલજીભાઈએ? લાલજીભાઈ! નમોત્થુણં કર્યું હતું કે નહિ? સામાયિકમાં નહિ કર્યું હોય? કર્યું હશે શેઠિયા ત્યાં મોઢા આગળ હતા. એ અર્થ બર્થ ન આવડે કાંઈ. આહાહા..! કહે છે કે '**શિવસ્વરૂપ અનંત પરમાત્માકી ભાવના સે ઉત્પન્ન...**' એ કેવું સિદ્ધપદ કેમ પ્રાપ્ત થયું? કે પરમાત્મસ્વરૂપ શું આનંદ છે એની ભાવના, એની એકાગ્રતાથી પરમાત્મપદ પ્રાપ્ત થાય છે. આહાહા..! છેલ્લા શ્લોક છે ને એટલે એકદમ સાર.

એક '**અતીન્દ્રિયસુખ...**' એક શબ્દ પડ્યો રહ્યો છે. એક પડ્યો જ રહે છે બધે. '**શિવસ્વરૂપ અનંત પરમાત્માકી ભાવના સે ઉત્પન્ન જો પરમાનંદ એક અતીન્દ્રિય સુખ ઉસસે વિપરીત જો પાંચ ઈન્દ્રિયોં કે વિષય...**' આહાહા..! પરમાનંદ પ્રભુ આત્મા એનાથી વિપરીત પાંચ ઈન્દ્રિયના વિષયો, શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ. એ વિપરીત વિષયો છે, વિકારના કારણ છે. આહાહા..! એવા '**પાંચ ઈન્દ્રિયોં કે વિષય ઉનમેં જો આસક્ત હૈં, ઉનકો જો પરમાત્મતત્ત્વ મહા દુર્લભ હૈ.**' આહાહા..! એમ શું કહેવા માગે છે એ? કે આત્મા અતીન્દ્રિય સ્વરૂપ છે તો

અતીન્દ્રિય દૃષ્ટિથી અને અતીન્દ્રિય જ્ઞાનથી પ્રાપ્ત થઈ શકે, પણ જેને પાંચ ઇન્દ્રિયના વિષયનો પ્રેમ છે એ અતીન્દ્રિય આત્માને પામી નહિ શકે. આહાહા..!

જે પાંચેય ઇન્દ્રિયના વિષયના લોલુપી ગૃદ્ધિ. આહાહા..! જે આનંદસ્વરૂપ ભગવાન એનાથી ઊલટું વિષયનું સુખ, એમાં જેને મજા અને ઠીક લાગે છે એવા વિષયોના પ્રેમીઓને આ વસ્તુ દુર્લભ છે. આહાહા..!

મુમુક્ષુ :- .. એને મળી શકે

ઉત્તર :- મળી શકે. મળી શકે પણ એ વિષય છોડે ત્યારે મળે. એ વિષયની રુચિ અને પ્રેમ છોડે તે દિ' મળે. આહાહા..! એકલા વિષય છોડે અને સાધુ થઈ ગયો એટલે કાંઈ મળે એમ કાંઈ છે નહિ. અંદરમાં પર તરફના વલણવાળા પુણ્ય-પાપના ભાવ, એને છોડે તો એને વિષય છોડ્યા કહેવાય. આમ તો બાયડી, છોકરા છોડીને અનંતવાર સાધુ થયો, દાળિયા શું થયા એમાં? આહાહા..! અંતરમાં પુણ્ય અને પાપની મીઠાશ, વિષયસુખનું, સ્ત્રીનું, આબરૂનું, કીર્તિનું, ખાવા-પીવાનું, અભિનંદનનું, પ્રશંસાનું, વખાણ કોઈ કરે તેનું. એમાં જેનો પ્રેમ છે એવા વિષય લોલુપીઓને આવો આત્મા પ્રાપ્ત થવો દુર્લભ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! જે અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગે કહ્યો. આહાહા..! એવું આ સ્વરૂપ જ છે અંદર. અતીન્દ્રિય આનંદનું કંદ દળ છે. આહાહા..!

શક્કરિયાનો દાખલો નહોતો આપ્યો? શક્કરિયાની લાલ છાલ છે એ છોડી દ્યો તો આખો એ શક્કરકંદ છે એ. શક્કરીયું એટલે શક્કર એટલે સાકરની મીઠાશનો પિંડ છે. આ શક્કરિયા. આહાહા..! અધશેર, પોણોશેર કટકો હોય એ છાલ લાલ લક્ષ છોડી દ્યો તો એ અંદરનો એકલી શક્કરકંદ છે. શક્કરકંદ એટલે સાકરની મીઠાશનો પિંડ છે. એમ આ ભગવાનઆત્મા પુણ્ય અને પાપના વિકલ્પની છાલનું લક્ષ છોડી દે તો અંદરમાં એ અતીન્દ્રિય આનંદનો રસકંદ પડ્યો છે એ. અરેરે! શું કરે? એ ચીજ શું છે એ સાંભળવા મળી નથી. પરમાત્મા ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ એ આત્માને આવો કહે છે.

ઓલામાં નહોતું આવ્યું? 'પ્રભુ તુમ જાણગ રીતી, પ્રભુ તુમ જાણગ રીતી, સૌ જગ દેખતા હો લાલ.' સર્વજ્ઞ પ્રભુને કહે છે. 'પ્રભુ તુમ જાણગ રીતી, સર્વ જગ દેખતા હો લાલ. નિજસત્તાએ સુખ સૌને પેખતા હો લાલ.' હે નાથ! અમારા આત્માને તો નિજસત્તા પોતાનું હોવાપણું આનંદસ્વરૂપ શુદ્ધ શુદ્ધ એવા આત્માને તમે આત્મા જોયો. આહાહા..! 'નિજસત્તાએ શુદ્ધ સૌને પેખતા.' એવી નિજસત્તા શુદ્ધ અંતરમાં જે નજર નાખીને જોવે અને એમાં ઠરે એને પર્યાયમાં અરિહંતપદ પ્રાપ્ત થાય. આહાહા..! જયંતિભાઈ! આવો માર્ગ છે. આહાહા..!

**'પાંચ ઇન્દ્રિયોકે વિષય ઉનમેં જો આસક્ત હૈં, ઉનકો જો પરમાત્મતત્ત્વ મહા દુર્લભ હૈ' 'ઇસ લોક મેં વિષયી જીવ જિસકો નહીં પા સકતે,...'** આ જગતમાં પાંચઇન્દ્રિય તરફના વલણવાળા જીવો અતીન્દ્રિયને પ્રાપ્ત થતા નથી. આહાહા..! એ તો અતીન્દ્રિય જ્ઞાનનો વિષય છે.

ઝીણી વાતું છે. આ તો સામાયિક કરી ને પડિક્કમણા કર્યા, પોષા કર્યા ને થઈ ગયું. ભાન ન મળે કાંઈ. આહાહા..! કહે છે '**વિષયી જીવ જિસકો નહીં પા સકતે,...**' વિષયના લોભીઓ. '**ઐસા વહ પરમાત્મતત્ત્વ જયવંત હોવે.**' છેલ્લો શબ્દ છે. એવું પરમાત્મતત્ત્વ આ જગતમાં જયવંત હો.

---

[ टीकाकारस्यान्तिमकथनम् ]

अत्र ग्रन्थे प्रचुरणे पदानां सन्धिर्न कृतः, वाक्यानि च भिन्नभिन्नानि कृतानि सुखबोधर्थम् किं च परिभाषसूत्रं पदयोः संधिर्विवक्षितो न समासान्तरं तयोः तेन कारणेन लिङ्गवचनक्रियाकारकसंधिसमासविशेष्यविशेषणवाक.यसमाप्त्यादिकं दूषणमत्र न ग्राह्यं विद्विद्भिरिति।

इदं परमात्मप्रकाशवृत्तेर्व्याख्यानं ज्ञात्वा किं कर्तव्यं भव्यजनैः। सहजशुद्धज्ञानानन्दैक-स्वभावोडहं, निर्विकल्पोडहं, उदासीनोडहं, निजनिरञ्जनशुद्धात्मसम्यक् श्रद्धान ज्ञानानुष्ठानरुप निश्चयरत्नत्रयात्मनिर्विकल्पसमाधि संजातवीतरागसहजानन्दरुपसुखानुभूति-मात्रलक्षणेन स्वसंवेदनज्ञानेन स्वसंवेधो गम्यः प्राप्यो भरितावस्थोडहं, रागद्वेषमोह-क्रोधमानमायालोभपंञ्चेन्द्रियविषय व्यापारमनवचनकायव्यापारभावकर्मद्रव्यकर्मनो-कर्मख्यातिपूजालाभद्दष्टश्रुतानुभूतभोगाकांक्षारुप निदान्मायामिथ्याशल्यत्रयादिसर्वविभाव-परिणामरहितशून्योडहं, जगत्त्रये कालत्रयेडपि मनवचनकायैः कृतकारितानुमतैश्च शुद्ध-निश्चयनयेन। तथा सर्वेडपि जीवाः, इति निरन्तरं भावना कर्तव्येति।। ग्रन्थसंख्या।।४०००।।

पांडवरामहिं णरवरहिं पुज्जिउ भत्तिभरेण।
सिरिसासणु जिणभासियउ णंदउ सुक्खसएहिं।।१।।
[पाण्डवरामैः नरवरैः पूजितं भक्तिभरेण।
श्रीशासनं जिनभाषितं नन्दतु सुखशतैः।।१।।]

।। इति श्रीब्रह्मदेवविरचिता परमात्मप्रकाशवृत्तिः समाप्ता ।।

---

[ टीकाकारका अंतिम कथन। ]

इस ग्रंथमें बहुधा पदोंकी संधि नहीं की, और वचन भी जुदे-जुदे सुखसे समझनेके लिये रक्खे गये हैं, समझनेके लिये कठिन संस्कृत नहीं रक्खी, इसलिये यहाँ लिंग, वचन, क्रिया, कारक, संधि, समास, विशेष्य, विशेषणके दोष न लेना। जो पंडितजन विशेषज्ञ हैं, वे ऐसा समझें, कि यह ग्रंथ बालबुद्धियोंके समझानेके लिये सुगम किया है। इस परमात्मप्रकाशकी टीकाका व्याख्यान जानकर भव्यजीवोंको ऐसा विचार करना चाहिये, कि मैं सहज शुद्ध ज्ञानानंद स्वभाव निर्विकल्प हूँ, उदासीन हूँ, निजानंद निरंजन शुद्धात्म सम्यग्दर्शन, सम्यग्ज्ञान और सम्यक् चारित्ररुप निश्चयरत्नत्रयमयी

निर्विकल्पसमाधिसे उत्पन्न वीतराग सहजानंदरुप आनंदानुभूतिमात्र जो स्वसंवेदनज्ञान उससे गम्य हूँ, अन्य उपायोंसे गम्य नहीं हूँ। निर्विकल्प निजानंद ज्ञानकर ही मेरी प्राप्ति है, पूर्ण हूँ। राग, द्वेष, मोह, क्रोध, मान, माया, लोभ, पाँचो इन्द्रियोंके विषय व्यापार, मन, वचन, काय, द्रव्यकर्म, भावकर्म, नोकर्म, ख्याति पूजा लाभ, देखे, सुने और अनुभवे भोगोंकी वाँछारुप निदानबंध, माया मिथ्या ये तीन शल्यें इत्यादि विभाव परिणामोंसे रहित सब प्रपंचोंसे रहित मैं हूँ। तीन लोक, तीन कालमें, मन वचन कायकर, कृत कारित अनुमोदनाकर, शुद्ध निश्चयसे मैं आत्माराम ऐसा हूँ। तथा सभी जीव ऐसे हैं। ऐसी सदैव भावना करनी चाहिये। अब टीकाकारके अंतके श्लोकका अर्थ कहते हैं-युधिष्ठिर राजाको आदि लेकर पाँच भाई पांडव और श्रीरामचंद्र तथा अन्य भी विवेकी राजा हैं, उनसे अत्यन्त भक्तिकर यह जिनशासन पूजनीक है, जिसको सुर नाग भी पूजते हैं, ऐसा श्रीजिनभाषित शासन सैंकड़ों सुखोंके वृद्धिको प्राप्त होवे। यह परमात्मप्रकाश ग्रंथका व्याख्यान प्रभाकरभट्टके सम्बोधनके लिये श्रीयोगीन्द्रदेवने किया, उस पर श्रीब्रह्मदेवने संस्कृतटीका की। श्रीयोगीन्द्रदेवने प्रभाकरभट्टको समझानेके लिये तीनसौ पैंतालीस दोहे रचे, उसपर श्रीब्रह्मदेवने संस्कृतटीका पाँच हजार चार ५००४ प्रमाण की। और उस पर दौलतरामने भाषावचनिकाके श्लोक अड़सठिसौ नब्बै ६८९० संख्याप्रमाण बनाये।

इस प्रकार श्री योगींद्राचार्यविरचित परमात्मप्रकाशकी पं० दौलतरामकृत भाषाटीका समाप्त हुई।

---

[ ટીકાકારનું અંતિમ કથન ]

સહેલાઈથી સમજાય તે માટે આ ગ્રંથમાં ઘણું કરીને પદોની સંધિ કરી નથી, અને વાક્યો જુદાં-જુદાં કર્યાં છે. વળી સૂત્રની પરિભાષામાં પદોની સંધિ તેના સમાસની વચ્ચે વિવક્ષીત નથી તેથી લીંગ, વચન, ક્રિયા, કારક, સંધિ, સમાસ, વિશેષણ, વાક્યસમાપ્તિ આદિના દોષ વિદ્વાનોએ ન ગ્રહવા.

આ પરમાત્મપ્રકાશ વૃત્તિનું વ્યાખ્યાન જાણીને ભવ્યજનોએ શું કરવું? તો આ પરમાત્મપ્રકાશની વૃત્તિનું વ્યાખ્યાન જાણીને ભવ્યજનોએ એવો વિચાર કરવો જોઈએ કે ''શુદ્ધનિશ્ચયનયથી હું એક (કેવળ) ત્રણલોકમાં, ત્રણકાળમાં મનવચનકાયાથી અને કૃત-કારિત-અનુમોદનથી ઉદાસીન છું. નિજ નિરંજન શુદ્ધ આત્માના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુષ્ઠાનરૂપ નિશ્ચયરત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ સુખાનુભૂતિમાત્ર લક્ષણવાળા સ્વસંવેદનજ્ઞાનથી સ્વસંવેદ્ય, ગમ્ય, પ્રાપ્ય એવો પરિપૂર્ણ હું છું. રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પાંચ

ઇન્દ્રિયોના વિષયવ્યાપાર, મનવચનકાયાના વ્યાપાર, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ, ખ્યાતિ, પૂજા, લાભ, દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાન, માયા, મિથ્યાત્વ, એ ત્રણે શલ્ય આદિ સર્વ વિભાવપરિણામોથી રહિત-શૂન્ય હું છું. સર્વ જીવો પણ આવા જ છે, એવી નિરંતર ભાવના કરવી. ૪૦૦૦

હવે, ટીકાકાર અંતિમ શ્લોક કહે છે :—

पांडवरामहिं णरवरहिं पुज्जिउ भत्तिभरेण।
सिरिसासणु जिणभासियउ णंदउ सुक्खसएहिं।।१।।
[पाण्डवरामैः नरवरैः पूजितं भक्तिभरेण।
श्रीशासनं जिनभाषितं नन्दतु सुखशतैः।।१।।]

એ પ્રમાણે શ્રી બ્રહ્મદેવવિરચિત પરમાત્મપ્રકાશની વૃત્તિ સમાપ્ત થઈ.

અર્થઃ-શ્રી રામચંદ્ર, પાંચ પાંડવો અને અન્ય નરવરોથી આ જિનશાસન અત્યંત ભક્તિથી પૂજિત છે એવું શ્રીજિનભાષિત શાસન સેંકડો સુખોથી સમૃદ્ધ વર્તો.

(આ પરમાત્મપ્રકાશ ગ્રંથનું વ્યાખ્યાન પ્રભાકરભટ્ટના સંબોધન માટે શ્રીયોગીન્દ્રદેવે કર્યું. તેના પર શ્રીબ્રહ્મદેવે સંસ્કૃત ટીકા કરી. શ્રીયોગીન્દ્રદેવે પ્રભાકરભટ્ટને સમજાવવા માટે ૩૪૫ દોહા રચ્યા, તેના પર શ્રી બ્રહ્મદેવે સંસ્કૃતટીકા ૫૦૦૪ શ્લોક પ્રમાણની કરી.)

આ પ્રકારે શ્રી યોગીન્દ્રાચાર્ય વિરચિત પરમાત્મપ્રકાશની શ્રીમદ્ બ્રહ્મદેવ વિરચિત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

---

હવે થોડું આ બાજુનું લઈ લઈએ. વખત છે ને? આ બાજુ છે ને? ટીકાકારના અંતિમ વચન. છે આ બાજુ? **'ઇસ ગ્રંથોમેં બહુધા પદોકી સંધિ નહીં કી, ઔર વચન ભી જુદે-જુદે સુખસે સમજને કે લિયે રકખે ગયે હૈં,...'** છે ત્યાં ભાઈ? હા એ. **'સમજને કે લિયે કઠિન સંસ્કૃત નહીં રકખી, ઇસલિયે યહાં લિંગ, વચન, ક્રિયા, કારક, સંધિ, સમાસ, વિશેષ્ય, વિશેષણકે દોષ ન લેના. જો પંડિતજન વિશેષજ્ઞ હૈં, ઐસા સમજેં, કિ યહ ગ્રંથ બાલબુદ્ધિયોં કે સમજાને કે લિયે સુગમ કિયા હૈ.'** સાધારણ પ્રાણીને સમજાવવા માટે સહેલું સહેલું કર્યું છે.

**'ઇસ પરમાત્મપ્રકાશકી ટીકા કા વ્યાખ્યાન જાનકર ભવ્યજીવોં કો ઐસા વિચાર કરના ચાહિયે,...'** લ્યો એ બંધ અધિકારના સમયસારમાં આવે છે અને અહીંયાં આ આવે છે. આ શાસ્ત્ર સાંભળીને જીવોએ આ કરવું જોઈએ કહે છે. શું? **'કિ મૈં સહજ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ નિર્વિકલ્પ હૂં,...'** આહાહા..! સ્વભાવિક, હું સ્વભાવિક ચીજ છું. કોઈએ મને બનાવી છે, મારો કોઈ કર્તા છે એમ છે નહિ. સહજ છું. અનાદિ સત્ છે. **'સહજ શુદ્ધ જ્ઞાનાનંદ...'** આહાહા..! એવો સ્વભાવ મારો એ નિર્વિકલ્પ, નિર્વિકલ્પ છે. જેમાં ભેદ નથી, જેમાં રાગની વૃત્તિનો

વિકલ્પ નથી એવો પણ હું છું. આ ભાવના કરવા જેવી છે કહે છે. આહાહા..!

**'ઉદાસીન હૂં,...'** આહાહા..! કહ્યું હતું તે દિ' એકફેરી નહિ ઓલું નાટકનું. વડોદરામાં નાટક એક ફેરી જોવા ગયા હતા. માલ લેવા જતા ને. પાલેજથી જોડે અઢાર ગાઉ માઈલ છે. માલ લેવા જતાં હવે નાની ઉંમરની વાત છે. ૬૪ની સાલ. ૧૮ વર્ષની ઉંમર હશે. અત્યારે ૮૮ થયા એટલે ૭૦ વર્ષ પહેલાંની વાત છે. એ નાટક જોવા ગયેલા એમાં અનસુયા બાઈ હતી એક. એ અનસુયા બાઈને દીકરો નહોતો. કુંવારી હતી. સ્વર્ગમાં જાતી હતી. મોટું નાટક હતું. ૬૪ની સાલમાં. પછી સ્વર્ગમાંથી નકાર આવ્યો કે પુત્ર ન હોય એને ગતિ ન મળે. એ લોકોમાં એવું આવે છે ને અન્યમતિમાં. અપુત્રસ્ય ગતિનાસ્તિ. પુત્ર ન હોય એને ગતિ નહિ મળે. કારણ કે કરવું શું? કે નીચે પડ એને વર. ત્યારે નીચે આંધળા બ્રાહ્મણને પરણી. મોટું નાટક હતું. અનસુયાનું નાટક આવે છે. એક ભરૂચને કાંઠે નર્મદા છે ને નદી અને અનસુયા બે બહેનો હતા. એના નામ છે. ત્યાં બહુ ઈતિહાસ છે. ત્યાં પાલેજ રહેતા ને અમે તો ભરૂચની પાસે.

એને પછી છોકરો થાય છે. અને એ છોકરાને સુવડાવતી હતી. તે દિ' હોં નાટકમાં. આ શબ્દો હતા. મણિભાઈ! એ બાઈ એમ બોલતી બેટા! તું નિર્વિકલ્પ છો, તું ઉદાસીન છો, તું શુદ્ધો છો. એમ કહેતી હતી. એવું તો નાટકમાં આવતું હતું. અહીં તો તમારે હવે બહારમાં ઠેકાણા ન મળે. નાટક પણ એવા બધા થઈ ગયા ખરાબ. આહાહા..! ફિલ્મો મારીને બધું બગાડ. એ છોકરાના ગાંઠીયા તો ૧૮ વર્ષની ઉંમરની વાત છે. આહાહા..! તે દિ'. તે દિ'. આ નિર્વિકલ્પો છું. બેટા! તું નિર્વિકલ્પ છો. એટલે કે રાગ વિનાની ચીજ તારી ચીજ અંદર છે. એવું નાટકમાં અનસુયાનું નાટક આવતું. ઉદાસીન છો. તું પરથી ઉદાસ છો. આખી દુનિયાથી તું જુદી ચીજ છો. આહાહા..! મણિભાઈ નાટકમાં એમ કહેતા હતા તે દિ'. વર્ષ થઈ ગયા ઘણાં. ૭૦ વર્ષ પહેલાંની વાત છે. અત્યારે તો કાંઈ નાટકમાં ઠેકાણા ન મળે. ઘરમાં સંપ્રદાયમાં પૂછે છે કોણ કે તું કોણ છો? કે ઉદાસીન છું, નિર્વિકલ્પ છું એ ક્યાં આવે છે? આહાહા..!

**'નિજાનંદ, નિરંજન શુદ્ધાત્મ સમ્યગ્દર્શન,...'** જોયું! કેવો છું હું? નિજાનંદ. મારો જે નિજ આનંદ એવો નિરંજન, શુદ્ધાત્મતત્ત્વ, એનું સમ્યગ્દર્શન. એની માન્યતા સમ્યગ્દર્શન એ. છે? **'નિજાનંદ, નિરંજન શુદ્ધાત્મ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઔર સમ્યક્ચારિત્રરૂપ નિશ્ચયરત્નત્રયમયી નિર્વિકલ્પસમાધિ સે ઉત્પન્ન...'** એવું અંતરમાં શુદ્ધ આનંદસ્વરૂપ ભગવાન ત્રિકાળ, એનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર નિશ્ચયરત્નત્રય વ્યવહાર નહિ. એનાથી ઉત્પન્ન થયેલા... આહાહા..! છે? **'વીતરાગ સહજાનંદરૂપ...'** રાગરહિત સ્વભાવિક આનંદદશા પ્રગટી એવો **'આનંદાભૂતિમાત્ર...'** આનંદનો અનુભવ. એ માત્ર જરી શબ્દ પડ્યો રહ્યો છે ત્યાં લક્ષણ એમ જોઈએ. ભાઈ ત્યાં લક્ષણ શબ્દ જોઈએ. **'आनंदानुभूतिमात्र लक्षणेन'** એમ જોઈએ. લક્ષણ જોઈએ. ઝીણી વાત છે હોં આ શું કહે છે. આનંદના અનુભૂતિની લક્ષણથી આત્મા પ્રાપ્ત થાય એવો છે. આહાહા..! છે? આનંદની અનુભૂતિના લક્ષણથી ભગવાન પ્રાપ્ત થાય એવો છે. એ વ્યવહારના

વિકલ્પ અને દયા, દાન એનાથી પ્રાપ્ત થાય એવો નથી એ તો વિકાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જો સ્વસંવેદનજ્ઞાન ઉસસે ગમ્ય હૂં,...'** કેવો છે ભગવાન અંદર આત્મા? સ્વ નામ પોતાનું પ્રત્યક્ષ વેદન. પ્રત્યક્ષ વેદન જેને મન અને રાગની અપેક્ષા નથી. એવા સ્વસંવેદનજ્ઞાનગમ્ય છે. પોતાના આનંદના અનુભવના ગમ્ય આત્મા છે. આહાહા..! આ તો આખો સરવાળો લીધો છે. **'અન્ય ઉપાયોં સે ગમ્ય નહીં હૂં.'** એ ટીકામાં શબ્દ નથી પણ સિદ્ધિ કરી છે. બીજો કોઈ ઉપાય વડે આત્મા પ્રાપ્ત થાય, ભગવાનની ભક્તિ ને વ્રત ને તપ ને જાત્રા ને ગીરનાર ને સમ્મેદશિખર ને શેત્રુંજય એ બધો વિકલ્પ શુભરાગ છે. અશુભથી બચવા માટે શુભરાગ હોય. આહાહા..! પણ પ્રાપ્ત આત્મા અંતરના નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનગમ્ય છે. આહાહા..!

**'અન્ય ઉપાયોં સે ગમ્ય નહીં હૂં.'** એ અર્થકારે ખુલાસો કર્યો છે. બીજા ઉપાયથી આત્મા પ્રાપ્ત થાય એ વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! વ્યવહારરત્નત્રયથી પણ આત્મા પ્રાપ્ત થાય એવો એ આત્મા નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ શાસ્ત્રનું જ્ઞાન એ તો બધો વિકલ્પ છે, રાગ છે. એનાથી આત્મા પ્રાપ્ત થાય એવો નથી. ઠીક આવી ગયા છે આ બધા ભાવનગર આવ્યા ત્યારે આવ્યું ઝીણું આ. જયંતિભાઈ! આહાહા..! સરવાળો છે આ તો આખા શાસ્ત્રનો. આહાહા..!

**'નિર્વિકલ્પ નિજાનંદ જ્ઞાનકર હી મેરી પ્રાપ્તિ હૈ,...'** શું કીધું? નિર્વિકલ્પ નિજાનંદ જ્ઞાન. રાગ વિનાનું આનંદસહિતવાળું જ્ઞાન અતીન્દ્રિય એનાથી મારી પ્રાપ્તિ છે. આહાહા..! છે ને સામે પડ્યું છે પુસ્તક. અને સમયસારમાં પણ એ જ આવે છે બંધ અધિકારમાં આઠ બોલ. સંસ્કૃતમાં આવે છે. આ જ શબ્દ છે સમયસાર. જયસેનાચાર્યની ટીકામાં. આમાં છે એ ત્યાં છે. જુઓ આવ્યું જુઓ. એ જ શબ્દ સંસ્કૃત આ જ તે. સમયસારમાં છે. આ પરમાત્મપ્રકાશ. **'सहजशुद्धज्ञानानन्दैकस्वभावोऽहं, निर्विकल्पोऽहं, उदासीनोऽहं, निजनिरञ्जनशुद्धात्म-सम्यक्‌श्रद्धान ज्ञानानुष्ठानरुप निश्चयरत्नत्रयात्मकनिर्विकल्पसमाधि संजातवीतराग-सहजानन्दरुपसुखानुभूतिमात्रलक्षणेन स्वसंवेदनज्ञानेन स्वसंवेधो गम्यः'** છે ને એ શબ્દ છે એ શબ્દ છે. શબ્દે શબ્દ છે. **'प्राप्य भरितावस्थोऽहं,'** આહાહા..! અંતર ભગવાન જેમ આ કળશો ભર્યો હોય ને અમૃતથી. કળશો. એમ આ કળશો છે આ કાશીઘાટનો. એમ ભગવાન અંદર અમૃતથી ભરેલો કળશો છે.

અતીન્દ્રિય આનંદના નિજાનંદસુખથી ભરેલો પ્રભુ ભગવાન છે. અરે! કેમ બેસે? રાંકો થઈને રખડે એને આ પ્રભુતાની પ્રેમ પ્રભુતાનો કેમ આવે? લ્યો! આહાહા..! આ સમયસાર છે. બંધ અધિકારમાં છે. આ પરમાત્મપ્રકાશ છે. બેય એક જ ભાષા છે. આહાહા..! **'નિર્વિકલ્પ નિજાનંદ જ્ઞાનકર હી મેરી પ્રાપ્તિ હૈ,...'** **'જ્ઞાનકર હી...'** એમ કહ્યું જોયું! એકાંત થઈ ગયું ત્યાં. અનેકાંત ન આવ્યું. વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય એમ ન આવ્યું.

મુમુક્ષુ :- વ્યવહારથી ન થાય એમ પણ ન આવ્યું.

ઉત્તર :- એ તો આવ્યું ને વ્યવહારથી ન થાય. આહાહા..! એ તો પહેલું આવ્યું ને અન્ય

ઉપાયથી ગમ્ય નથી. આહાહા..! આકરો માર્ગ બાપુ વીતરાગનો. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર. આત્મા અંદર શુદ્ધચૈતન્યઘન એ તો અંતરની નિર્મળ જ્ઞાન વિકલ્પ વિનાની દશા દ્વારા જ પ્રાપ્ત થાય એવો છે. જેણે પ્રાપ્ત કર્યો એણે આ રીતે કર્યો છે. આહાહા..! એવો એ ભગવાનઆત્મા અંદર બિરાજે છે. પણ એની એને કિંમત નથી. બહારની ચીજની અધિકતાની કિંમતમાં સ્વની કિંમત ભૂલી ગયો. કાંઈક પૈસા મળે, કાંઈક બાયડી સારી હોય, કાંઈક છોકરા ઠીક હોય, આબરૂ કાંઈક, બંગલા બંગલા ઠીક મળ્યા, બહારના પૂંછડા કાંઈક વધાર્યા, પદવી મળી લ્યો ને. પાંચ હજાર ને દસ હજાર ને પગાર. એ બહારની મોટપમાં પ્રભુની મોટપ ભૂલી ગયો એ. મણિભાઈ! આ મિલમાલિક છે, ફલાણા માલિક છે ને ઢીકણા. આહાહા..! એ કહે છે જુઓ! આહાહા..!

'**નિર્વિકલ્પ નિજાનંદ જ્ઞાનકર હી મેરી પ્રાપ્તિ હૈ, પૂર્ણ હૂં.** ' '**भरितावस्था**' છે ને. '**भरितावस्था**' અવસ્થા અહીં પર્યાય નથી લેવી. અવસ્થ. પૂર્ણ ભરેલો છું. જેમ એ કળશો પાણીથી ભરેલો એમ આ શરીરરૂપી કળશમાં ભગવાન આનંદથી ભરેલું તત્ત્વ છે. આહાહા..! અરેરે! આવી વાતું સાંભળવા કોક દિ' મળે. ઝીણી પડે શું થાય? માર્ગ એવો ભાઈ! એણે અનંતકાળમાં એ કર્યું નથી એણે. અપૂર્વ એટલે પૂર્વે કોઈ દિ' નથી કર્યું એ અપૂર્વની વાત છે. આહાહા..!

કહે છે કે હું પૂર્ણ છું. અંતર ભગવાન સ્વરૂપી પ્રભુ આત્મા અનંત શક્તિથી પૂર્ણ ભરેલું તત્ત્વ છે. વિકલ્પ નથી અને અપૂર્ણ નથી, એવું મારું સ્વરૂપ છે પૂર્ણ. એમ ધર્મીએ ભાવના કરવી એમ કહેવામાં આવે છે. આહાહા..! '**રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પાંચો ઇન્દ્રિયોં કે વિષય વ્યાપાર,...**' થી રહિત છે. ભગવાન તો પાંચઈન્દ્રિયના વિષય અને ક્રોધ, માન, માયા, લોભથી રહિત છે અંદર. શક્તિવાળું તત્ત્વ ચૈતન્યતત્ત્વ, વસ્તુતત્ત્વ એ તો વિકાર અને ઈન્દ્રિયના વિષય વિનાનું તત્ત્વ છે. આહાહા..! કેમકે વિકાર તત્ત્વ તો પુણ્ય-પાપમાં જાય છે. આહાહા..! અને અપૂર્ણ છે એ તો પર્યાયમાં જાય છે. વસ્તુ તો વિકાર વિનાની અને પૂર્ણ વસ્તુ છે. સમજાણું કાંઈ? આહાહા..! શરીર અને કર્મ એ અજીવમાં જાય છે. નવ તત્ત્વ છે ને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ. તો કર્મ અને શરીર અજીવમાં જાય છે. પાપના હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાના પરિણામ પાપમાં જાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ ને એમ ભગવાનનું સ્મરણ એ પરિણામ પુણ્યમાં જાય છે. આહાહા..! એટલે એ પુણ્ય-પાપના વિકાર વિનાનું, શરીર અને કર્મ વિનાનું અને એક સમયની જે પર્યાય છે વર્તમાન એ અલ્પજ્ઞ છે, અલ્પ છે. એ વ્યવહાર આત્મા છે. એને પણ છોડીને પૂર્ણ છું તેને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા હવે. આહા..! સમાજને એક તો નવરાશ ન મળે ધંધા આડે. જેને જે ધંધો એ કર્યા જ કરે આઠ, દસ કલાક આખો દિ' પાપનો. પાપનો ને? લોઢાનો બધો ધંધો. લોઢાનો છે ને? હિંમતભાઈને, પ્રવિણભાઈ. આહાહા..!

મુમુક્ષુ :- લોઢામાંથી તો સોનું થાય.

ઉત્તર :- એ લોઢામાંથી સોના થાય નહિ. આહાહા..!

ભગવાનઆત્મા. અહીં શું કહે છે? ભાઈ! તારે જો આત્માની પ્રાપ્તિ કરવી હોય અને મોક્ષ કરવો હોય, સુખી થવું હોય, દુઃખનો નાશ કરવો હોય તો હું એ ભરિત અવસ્થ પૂર્ણ સ્વરૂપ છું એમ ભાવના કર. હું વિકારી પણ નહિ, અલ્પજ્ઞ પણ નહિ, શરીર પણ નહિ અને કર્મ પણ નહિ. આહાહા..! છે?

'**પૂર્ણ હૂં. રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પાંચો ઈન્દ્રિયોં કે વિષય...**'થી રહિત છું. '**મન, વચન, કાય,...**' એનાથી રહિત છું. એ મન, વાણી અને દેહથી રહિત છું. આહાહા..! ક્યારે? અત્યારે. અંદર જુદી ચીજ છે પ્રભુ. આહાહા..! '**દ્રવ્યકર્મ,...**' જડ આઠ કર્મ એનાથી જુદો છું. '**ભાવકર્મ,...**' પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભ યોગ એનાથી જુદો છું. '**નોકર્મ,...**' વાણી અને શરીર એનાથી જુદો છું. '**ખ્યાતિ પૂજા લાભ,...**' એ દુનિયાની પ્રસિદ્ધિ. એ દુનિયા મોટો પૂજ્ય માને અને લાભ મળે શિષ્યોનો કે પૈસાનો કે આબરૂનો. એ બધી સ્થિતિથી હું તો રહિત છું. આહાહા..! આ પરમાત્મપ્રકાશ પૂરું થાય છે આ. કાલથી તો કળશ ટીકા લેવાય છે. શ્રુતપંચમી છે ને કાલે? કળશ ટીકા.

'**દેખે, સુને ઔર અનુભવે ભોગોંકી વાંછારૂપ...**' જેટલું દેખ્યું જગતની બાહ્ય ચીજો. જગતને સાંભર્યું બધાનું અને અનુભવ્યું જગતના ભાવ રાગને. એવા '**ભોગોંકી વાંછારૂપ નિદાનબંધ,...**' એનાથી હું રહિત છું. '**માયા, મિથ્યા યે તીન શલ્યોં ઈત્યાદિ વિભાવ પરિણામોં સે રહિત...**' છું. ત્રણ શલ્ય છે ને? તસુત્તરીમાં આવે છે વિશલ્લી કરણેન. અર્થ ક્યાં આવડે પણ એના. તસ્સઉતરી તસ્સઉતરી આવડે ને તસ્સઉતરી કરણેણં, પ્રાયશ્ચિત કરણેણં, વિસાહી કરણેણં. વિશલી શલ્ય શલ્ય. મિથ્યાશલ્ય, માયા શલ્ય અને નિદાન શલ્ય, ત્રણથી હું રહિત છું. અર્થ પણ ન મળે. એમ ને એમ ગાડા હાંક્યા. આહાહા..!

'**તીન શલ્યોં ઈત્યાદિ વિભાવ પરિણામોં સે રહિત સબ પ્રપંચોંસે રહિત મૈં હૂં.** ' આહાહા..! વિકલ્પની માત્ર લાગણીઓ માત્ર પ્રપંચ એનાથી બધાથી પ્રભુ મારું સ્વરૂપ ભિન્ન છે. આહાહા..! એવી શ્રદ્ધાવંત સમકિતીએ આમ આત્માની ભાવના કરવી. આહાહા..! ચંદુભાઈએ આ બધું મોઢે કર્યું છે ભાઈ. બોલી ગયા હમણાં ક્યાંક. તારાચંદ છે ને ડોક્ટર નહિ? ડોક્ટર ત્યાં. રાજકોટ. બહુ વાંચન. મોટી દુકાન છે. પણ વાંચન સખત ચાર ચાર કલાક વાંચે. ઘણું વાંચન. પ્રશ્ન રાતનો પોણો કલાક ઝીણામાં ઝીણા બહુ ઝીણા. સાધારણ સભા સમજે નહિ પણ પ્રશ્નો કરે એવા. બેસે બધા રાતના પોણો કલાક. એ આ ત્યાં .. આહાહા..!

'**સબ પ્રપચોંસે રહિત મેં હૂ. તીન લોક, તીન કાલ...**' આહાહા..! અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક એ ત્રણે લોકથી રહિત હું છું. ત્રણકાળથી રહિત છું. ભૂતકાળ, ભવિષ્યકાલ અને વર્તમાનકાળ ઓલો લોક હતો ક્ષેત્ર આ કાળ. એનાથી પણ હું રહિત છું. આહાહા..! '**મન વચન કાયાકર, કૃત કારિત અનુમોદનાકર,...**' મનથી, વચનથી અને કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું. એ '**શુદ્ધનિશ્ચય સે મૈં આત્મારામ ઐસા હૂં.**' આહાહા..! આત્મારામ મનથી પણ

અનુમોદન કરવાલાયક, વાણીથી અનુમોદવા લાયક, દેહથી અનુમોદવા લાયક કે કરવાલાયક એ હોય તો આ ચીજ છે. આહાહા..! કેમ બેસે? અહીં જરી અડદની દાળ સદડી ન હોય ત્યાં ઢીંચણીયું ઊડે. અડદની દાળ સદડી છે ને સદડી. છાશ, .. છૂટા પડે તો ભાઈને ક્રોધ આવે. અરે! કોણે કર્યું? બાપુ! સાંભળ તો ખરો, ભગવાન તું ત્રણલોકનો નાથ. તને આવી ચીજમાં શેના તને અણગમા આવ્યા? તારો પ્રભુ અંદર બિરાજે છે આનંદનો નાથ. આહાહા..! એના ખોરાક ભોજન લે ને. તારો સંસાર તરી જશે અને પરમાત્મા થઈ જઈશ તું. આહાહા..! લ્યો, છે?

'**શુદ્ધ નિશ્ચયસે મૈં આત્મારામ...**' આતમરામ રમતા ભગવાન. દરેકનો આત્મા એવો છે એમ કહેશે એમાં. બધા ભગવાન એવા છે. એની શક્તિ અને એનું સ્વરૂપ જ પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા..! છે? '**તીન લોક, તીન કાલ મેં , મન વચન કાયકર,...**' '**તથા સભી જીવ ઐસે હૈં.**' છે? બધા જીવ એવા છે. અભવિ હો કે ભવિ હો. એ નિગોદના જીવ હોય કે લીંબડાના જીવ હોય. પણ એનો સ્વભાવ છે તો આવો પરિપૂર્ણ પ્રભુ, એની દશામાં પર્યાયમાં ભૂલ છે. વસ્તુ તો વસ્તુ ભગવાન બધા છે. આહાહા..! સમજાણું કાંઈ? છે?

'**સભી જીવ ઐસે હૈં.**' આહાહા..! '**ઐસી સદૈવ ભાવના કરની ચાહિયે.**' ઠીક! આ લખ્યું છે ને. આવી ભાવના અંદર. આહાહા..! 'દાન શીલ તપ ભાવના' ચાર ભાવના એ તો બધો વિકલ્પ છે, રાગ છે. સદા આત્મારામ. ત્રિકાળ આનંદનો નાથ પરિપૂર્ણ અવસ્થા એટલે શક્તિથી ભરેલો એવા બધા જીવો છે. આહાહા..! તને સમભાવ થશે. કોઈ જીવ ઉપર વેર અને મૈત્રીપણું નહિ રહે. બધા જીવો ભગવાન છે. આહાહા..! '**સભી જીવ ઐસે હૈં. ઐસી સદેવ ભાવના કરની ચાહિયે.**' મન, વચન અને કાયા, કરવું, કરાવવું ને અનુમોદનમાં આ આત્મારામ આવો છે એમ જાણવું જોઈએ. આહાહા..! એ સમ્યગ્દ્રષ્ટિની આવી ભાવના હોય. સમ્યક્ નામ વસ્તુનું સ્વરૂપ શું? ચૈતન્ય નિરંજન નિરાકાર આનંદ એની દૃષ્ટિ થઈ એને આવી ભાવના હોય કે હું તો પરિપૂર્ણ છું. વર્તમાનમાં ભલે અપૂર્ણતા હો પણ શક્તિએ તો પરિપૂર્ણ ભરેલો છું. આહાહા..!

'**ઐસી સદૈવ ભાવના કરની ચાહિયે. અબ ટીકાકારકે અંતકે શ્લોક કા અર્થ કહતે હૈં-યુધિષ્ઠિર રાજાકો આદિ લેકર પાંચ ભાઈ પાંડવ...**' ધર્મરાજા, ભીમ, અર્જુન, સહદેવ, નકુલ પાંચ ભાઈ. '**ઔર શ્રીરામચંદ્ર તથા અન્ય ભી વિવેકી રાજા હૈં, ઉનસે અત્યંત ભક્તિકર યહ જિનશાસન પૂજનીક હૈ,...**' આવું સ્વરૂપ જે છે એ જૈનશાસનમાં છે. બીજે ક્યાંય છે નહિ. વીતરાગ પરમાત્માના ભાવમાં શાસનમાં આવી ચીજ છે કે આત્મા તો આવો છે એવી ચીજ સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. એવું જૈન શાસન. આહાહા..! છે?

'**યુધિષ્ઠિર રાજાકો આદિ લેકર પાંચ ભાઈ પાંડવ ઔર રામચંદ્ર તથા અન્ય ભી વિવેકી રાજા હૈં, ઉનસે અત્યંત ભક્તિકર...**' એ ભક્તિ કરનારા, આવા શાસ્ત્રની એણે ભક્તિ કરી છે. રામચંદ્રજીએ, યુધિષ્ઠિરે બીજા વિવેકી રાજાઓએ. આહાહા..! એકલા આમાં ગરીબ અને સાધારણ જ હતા એમ નહિ એમ કહે છે. મોટા મોટા રાજાઓ ભીમ જેવા, અર્જુન જેવા આવા

જૈનશાસનની ભક્તિ કરતા હતા. આહાહા..! સમજાણું કાંઈ? અહીં શેત્રુંજયથી ત્રણ મોક્ષ ગયા છે. બે સર્વાર્થસિદ્ધમાં ગયા છે. પાંચ પાંડવમાં ત્રણ તો મોક્ષ પધાર્યા છે શેત્રુંજયથી ઉપરથી એ વખતે માથે. જે ઠેકાણે મોક્ષ પધાર્યા તે ઠેકાણે જ ઉપર છે માથે. કારણ કે સીધા જાય આમ. એ એને બે સહદેવ અને નકુલ હજી સર્વાર્થસિદ્ધમાં છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. આહાહા..! એ પાંચેય પાંડવોએ આવા આત્માના જૈનશાસનની ભક્તિ કરી છે. આવો આત્મા એ જૈનશાસન છે. આહાહા..! આવા આત્માનો અનુભવ કરવો એને જૈનશાસન કહે છે. આહાહા..! કહો ભગવાને આ શીખામણ આપી છે. આહાહા..!

'**યહ જિનશાસન પૂજનિક હૈ, જિસકો સૂર નાગભી પૂજતે હૈં,...**' ભવનપતિ અને નાગદેવ. આવે છે ને અસુરકુમાર અને નાગકુમાર નીચે વ્યંતર, જ્યોતિષી વૈમાનિક, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક ચાર પ્રકારના દેવ છે. આ જ્યોતિષ ચંદ્ર, સૂર્ય, ઉપર સ્વર્ગ સુધર્મ આદિ, નીચે ભવનપતિ અને વ્યંતર. એ સુર અને નાગ પણ ભગવાનને પૂજે છે. '**ઐસા શ્રી જિનભાષિત શાસન સેંકડો સુખોં કે વૃદ્ધિ કો પ્રાપ્ત હોવે.** ' આહાહા..! છે ને? '**શ્રી જિનભાષિત શાસન સેંકડો સુખોં કે વૃદ્ધિ કો પ્રાપ્ત હોવે.**' આહાહા..! જૈનશાસનમાં જ આત્માને પરિપૂર્ણ આનંદ અને સુખથી ભરેલો કીધો છે. એ ભગવાનને જે આનંદ પ્રાપ્ત થાય છે કેવળજ્ઞાન એ ક્યાંથી આવે છે? બહારથી આવે છે કાંઈ? આહાહા..! એવું શક્તિથી ભરેલું ભગવાન સ્વરૂપ બધા જીવો. દેહને ન દેખો, સ્ત્રીનો, પુરુષનો, નપુંસકનો, ઢોરનો, નારકીનો. હવે એના રાગને ન દેખો. આહાહા..! તો ભગવાન બધા જીવો આવા ભરેલા છે. આહાહા..!

ઓલો કહે એક ઈશ્વર જ છે જગતનો. આ તો કહે બધા પરમાત્માસ્વરૂપ જ બધા છે. એ જૈનશાસનમાં તો એમ કહ્યું છે. ઓલો કહે એક ઈશ્વર છે અને એને હજાર હાથ અને એને આ બધું બનાવ્યું. આ બધા કષાયખાના એણે બનાવ્યા ગાયને કાપનારા? વસ્તુ તો અનાદિની આવી છે. આત્મા અનાદિનો એવો ભરેલો ભગવાન છે પરિપૂર્ણ. સ્ત્રીનું, પુરુષનું, ઢોરનું શરીર ન જુઓ. એને પુણ્ય-પાપની દશામાં વિકાર છે એ ન જુઓ. એ એની શક્તિનું સત્વ છે એને જુઓ તો પરિપૂર્ણ ભગવાન ભરેલો છે. આહાહા..! બહુ સારો અધિકાર હતો. ટાંકણે આ રવિવારને દિ'. આહાહા..! રવિવાર. સાથે રવિવાર છે આજે. આહાહા..!

'**યહ પરમાત્મપ્રકાશ ગ્રંથ કા વ્યાખ્યાન પ્રભાકરભટ્ટ કે સંબોધન કે લિયે...** ' એનો શિષ્ય પ્રભાકર ભટ્ટ હતા ને શિષ્ય? એને '**યોગીન્દ્રદેવને કિયા, ઉસ પર શ્રીબ્રહ્મદેવને સંસ્કૃતટીકા કી. શ્રી યોગીન્દ્રદેવને પ્રભાકરભટ્ટ કો સમજાને કે લિયે તીનસૌ પૈંતાલીસ દોહે રચે, ઉસપર બ્રહ્મદેવને સંસ્કૃતટીકા પાંચ હજાર ચાર ૫૦૦૪ પ્રમાણકી. ઔર ઉસપર દૌલતરામને ભાષાવચનિકાકે શ્લોક અડસઠિસો નબ્બૈ ૬૮૯૦ સંખ્યાપ્રમાણ બનાયે.**' એ પ્રમાણે આ પરમાત્મપ્રકાશ પૂરું થાય છે લ્યો. કાલે હવે પ્રકરણ ચાલશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## પાઠકોની નોંધ માટે